
# પરમ-પારિણામિકભાવ

## (અલગથી ઉપલબ્ધ પ્રવચનો)


## ભાગ - ૨



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદ આચાર્ય દેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



શ્રી કાનજીસ્વામી

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમપારિણામિકભાવ

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
વિભિન્ન ગાથાઓ ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

विक्रम संवत ૨૦૭૯ | वीर संवत ૨૫૪૯ | ઈ. સન ૨૦૨૩

**પ્રકાશન તિથિ**

વૈશાખ સુદ-૨, તા. ૨૧-૪-૨૦૨૩
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૪મો જન્મમહોત્સવ

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

(૨) શ્રી પ્રશમ મોદી,
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



भरतक्षेत्रके महासमर्थ आचार्य श्री कुंदकुंदाचार्य देव

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

અહીં આ પ્રવચન-શાસ્ત્રમાં મોટા ભાગના પ્રવચનો રાજકોટમાં થયેલા છે તથા કેટલાક પ્રવચનો સોનગઢમાં થયેલા છે. આખા નિયમસારમાંથી મૂળ-મૂળ ગાથાઓ તથા કળશો ઉપર પ્રવચનો કરેલા છે, જેમાં મુખ્યત્વે 'શુદ્ધભાવ અધિકારની' ગાથાઓ ઉપર પ્રવચનો છે. આ ઉપરાંત નિયમસારમાં જે કાર્ય-કારણની પ્રરૂપણા કરવામાં આવી છે તેમાં જીવ અધિકારની ગાથા-૧૦ થી ગાથા-૧૫ સુધીમાં જે સહજજ્ઞાન-સ્વાભાવિકજ્ઞાનપરિણતિ-કારણશુદ્ધપર્યાયનું વર્ણન કર્યું છે તે કોઈ અલૌકિક અને અપૂર્વ છે. મોટા-મોટા વિદ્વાનો પણ આ કારણશુદ્ધપર્યાયને સમજી શક્યા નથી અને જેને ફક્ત ત્રિકાળી દ્રવ્ય-ગુણની 'ઉપમા'સૂચક શબ્દ જ સમજે છે, તેઓને આ પ્રવચનોના માધ્યમથી સમજી શકાશે કે જેમ પ્રમાણના દ્રવ્યમાં એક ત્રિકાળી દ્રવ્યાંશ છે, એક ગુણાંશ છે અને એક વર્તમાન પ્રગટ ઉત્પાદ-વ્યય સહિતનો પર્યાયાંશ છે, તેવી જ રીતે એક વર્તમાન એક સમયમાં ઉત્પાદ-વ્યયરહિતનો પર્યાયાંશ પણ છે કે જે વર્તમાન કાર્યનું કારણ છે કે જેને મુનિભગવંતે પંચમભાવની ''પૂજિત પરિણતિ'' કહી છે, કે જે ફક્ત 'ઉપમા' નથી પણ વસ્તુનો એક અંશ છે.

કોઈ એમ કહે કે મૂળ ગાથામાં આચાર્ય ભગવાને આવી 'કારણશુદ્ધપર્યાય'નો ઉલ્લેખ નથી કર્યો, પણ મુનિરાજે પોતાની વાત ઉપમાના સ્વરૂપે લખી છે; તો એમ બિલકુલ નથી. પૂજ્ય


ગુરુદેવશ્રીએ આ જ 'કારણશુદ્ધ-પર્યાય'નો ઉલ્લેખ શ્રી સમયસારની ગાથા-૯૦, ૧૮૧-૧૮૩, ૩૨૦ અને કળશ-૧૩૮ તથા શ્રી નિયમસારની ગાથા-૧૦ થી ૧૫ અને ૧૫૯ના પ્રવચનોમાં કરેલ છે. આ ઉપરાંત 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃતમાં પણ આ 'કારણશુદ્ધ-પર્યાય'નો ઉલ્લેખ છે એમ આપણને ગુરુદેવશ્રી ફરમાવે છે. આ રીતે, આ વિષય અહીં સ્પષ્ટ થશે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ ૭૨ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રીમતિ આશાબેન મહેતા, મુંબઈ તથા શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**



અધ્યાત્મયુગપ્રવર્તક પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન–દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૃહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ

બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી

મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-

પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦00ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો

પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ

'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ, ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી!

ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના

અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને

પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કુતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા

એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો

સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા
જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર

સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા
જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## પરમપારિણામિકભાવ ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

૮૧, ૦૦૦/- સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા
સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા
હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા
શ્રીમતી કલાબેન એન. ઘીયા
શ્રી નિમીષ એન. ઘીયા
શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા
અન્વી એન. ઘીયા અને
પ્રાચી એન. ઘીયા

# અનુક્રમણિકા



| ક્રમ નંબર | પ્રવચન નંબર | ગાથા નંબર | શ્લોક નંબર | તારીખ | પૃ.સં. |
|---|---|---|---|---|---|
| ૩૭ | ૪૧૮ | ૫૧ થી ૫૫ | – | – | ૦૦૧ |
| ૩૮ | ૪૧૯ | ૧૦ | ૧૭ | ૪–૧૦–૧૯૫૧ | ૦૧૬ |
| ૩૯ | ૪૨૦ | ૧૧, ૧૨ | – | ૫–૧૦–૧૯૫૧ | ૦૩૦ |
| ૪૦ | ૪૨૧ | ૧૩, ૧૪ | ૨૩ થી ૨૬ | ૭–૧૦–૧૯૫૧ | ૦૪૪ |
| ૪૧ | ૪૨૨ | ૧૫ | – | ૯–૧૦–૧૯૫૧ | ૦૬૦ |
| ૪૨ | ૪૨૩ | ૧૩૫ | ૨૨૦ | ૩૧–૧–૧૯૫૨ | ૦૭૩ |
| ૪૩ | ૪૨૪ | ૧૮૬ | – | ૨૬–૪–૧૯૫૨ | ૦૯૦ |
| ૪૪ | ૪૨૫ | | ૩૦૬, ૩૦૭ | ૨૭–૪–૧૯૫૨ | ૧૦૪ |
| ૪૫ | ૪૨૬ | ૧૮૭ | – | ૨૮–૪–૧૯૫૨ | ૧૨૦ |
| ૪૬ | ૪૨૭ | ૫૧ થી ૫૬ | ૭૫ | ૨૯–૭–૧૯૫૯ | ૧૩૮ |
| ૪૭ | ૪૨૮ | | ૭૧ | – | ૧૫૧ |
| ૪૮ | ૭૩૭ | – | ૨૪, ૨૫ | ૨૯–૭–૧૯૭૧ | ૧૬૨ |
| ૪૯ | ૭૩૮ | – | ૨૬, ૨૭ | ૩૦–૭–૧૯૭૧ | ૧૭૪ |
| ૫૦ | ૭૩૯ | – | ૨૭, ૩૪ | ૨–૮–૧૯૭૧ | ૧૮૬ |
| ૫૧ | ૭૪૦ | – | ૩૫ | ૩–૮–૧૯૭૧ | ૧૯૭ |
| ૫૨ | ૭૪૧ | ૩૮ | – | ૨૪–૩–૧૯૬૯ | ૨૦૭ |
| ૫૩ | ૭૪૨ | ૩૮ | – | ૨૫–૩–૧૯૬૯ | ૨૨૦ |
| ૫૪ | ૭૪૩ | ૩૮ | – | ૪–૩–૧૯૭૨ | ૨૨૯ |
| ૫૫ | ૭૪૪ | ૩૯ | ૫૫ | ૫–૩–૧૯૭૨ | ૨૪૧ |
| ૫૬ | ૭૪૫ | ૪૧ | ૫૫ થી ૫૭ | ૪–૫–૧૯૭૧ | ૨૫૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૭ | ૭૪૭ | | ૫૮, ૭૨ | ૭–૩–૧૯૬૩ | ૨૬૯ |
| ૫૮ | ૭૪૮ | ૪૧ | – | – | ૨૮૨ |
| ૫૯ | ૭૪૯ | ૪૧ | ૫૮, ૫૯ | ૧૨–૩–૧૯૬૩ | ૨૯૬ |
| ૬૦ | ૭૫૦ | – | ૬૯ | – | ૩૧૦ |
| ૬૧ | ૭૫૧ | ૪૯ | ૭૨ | ૭–૫–૧૯૭૧ | ૩૨૧ |
| ૬૨ | ૭૫૨ | ૪૯, ૫૦ | – | ૮–૫–૧૯૭૧ | ૩૩૫ |
| ૬૩ | ૭૫૩ | ૫૦ | – | ૯–૫–૧૯૭૧ | ૩૪૮ |
| ૬૪ | ૭૫૪ | ૫૦ | ૧૧૯ | ૧૦–૫–૧૯૭૧ | ૩૬૦ |
| ૬૫ | ૭૫૫ | ૫૦ | – | ૨૬–૩–૧૯૬૯ | ૩૭૧ |
| ૬૬ | ૭૫૬ | ૭૭ થી ૮૧ | – | ૧૮–૪–૧૯૭૪ | ૩૮૩ |
| ૬૭ | ૭૫૭ | ૭૭ થી ૮૧ | ૧૦૯ | ૧૯–૪–૧૯૭૪ | ૩૯૮ |
| ૬૮ | ૭૫૮ | – | ૧૧૯ થી ૧૨૧ | ૧૧–૫–૧૯૭૧ | ૪૧૪ |
| ૬૯ | ૭૫૯ | ૧૦૫, ૧૦૭ | – | ૧૧–૫–૧૯૭૧ | ૪૨૭ |
| ૭૦ | ૭૬૦ | ૧૦૫ | – | ૧૩–૫–૧૯૭૧ | ૪૪૧ |
| ૭૧ | ૭૬૧ | ૧૦૭ | ૨૦૮, ૨૦૯ | ૧૩–૫–૧૯૭૧ | ૪૫૫ |
| ૭૨ | ૭૬૨ | – | – | – | ૪૬૭ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# પરમપારિણામિકભાવ

ભાગ–૨

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## ગાથા-૫૧ થી ૫૫, પ્રવચન નં. ૪૧૮

સમ્યક્ચારિત્ર એ કોને કહેવાય એનું એમાં સ્વરૂપ છે. રત્નત્રય એટલે મોક્ષનો માર્ગ. આત્માની પૂર્ણ શુદ્ધદશા એ નિર્મળદશા એનું નામ મોક્ષ. એનું કારણ એવી આત્માની અંદરની જે નિર્મળ વીતરાગી પર્યાય તે નિશ્ચયમોક્ષમાર્ગ છે અને એમાં શુભરાગરૂપ વ્યવહારરત્નત્રયનો ભાવ એ બંધરૂપ છે, પણ એને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. એમાં ૧૦૯ પાને.

**'આમ ભેદોપચાર રત્નત્રયપરિણતિ છે.'** ત્રણ બોલ આવી ગયા છે. ભગવાન આત્મા અંતર સ્વરૂપની શ્રદ્ધા જ્ઞાનની રમણતા કરતા છતાં એની અધૂરી દશા જ્યાં સુધી હોય છે ત્યાં સુધી એને શુભરાગ હોય છે શુભરાગ. એ શુભરાગમાં પંચપરમેષ્ઠીની ભક્તિ હોય છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવા પંચપરમેષ્ઠીની પરંપરા ભક્તિ, પંચ પરમેષ્ઠીની શ્રદ્ધા એ આત્માને રાગનું કારણ, શુભરાગનું નિમિત્ત છે. એને વ્યવહારશ્રદ્ધા કીધી છે. કહો, સમજાણું?

પંચપરમેષ્ઠી—સર્વજ્ઞ ભગવાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પાંચની શ્રદ્ધાને અહીંયાં વ્યવહારશ્રદ્ધા કીધી છે. કેમકે એ શુભરાગ છે. અને સંશય, વિમોહ અને વિભ્રમરહિત જ્ઞાન, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે કહેલું જે જ્ઞાન એમાં સંશય, વિપરીતતા અને અજ્ઞાનતાનો ત્યાગ થઈને જે કાંઈ વ્યવહારુ સમ્યગ્જ્ઞાન થાય એને વ્યવહાર સમ્યક્ રત્નત્રય કહે છે, સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે? અને પાપના પરિણામથી મુનિને અશુભના ભાવથી નિવૃત્તિ એને શુભરૂપ વ્યવહારચારિત્ર કહે છે. એ વાત આવી ગઈ છે.

**'આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.'** ૧૦૯ પાને પહેલી લીટી. **'આમ ભેદોપચાર-...'** ભેદરૂપ વ્યવહાર. રત્નત્રય એટલે મોક્ષના વ્યવહાર નિમિત્તરૂપ કારણ, એની પરિણતિ નામ શુભરાગરૂપ અવસ્થા છે તેને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. ખરેખર એ મોક્ષમાર્ગ છે નહિ, પણ એ વિકલ્પ છે એને ઉપચારથી (મોક્ષમાર્ગ) કહે છે. સમજાણું કાંઈ?

**'તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.'** બીજી લીટી. તેમાં ભગવાન સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવે છાંડવાયોગ્ય ભાવ પુણ્ય-પાપ આદિ કહ્યા અને ઉપાદેય ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદસ્વરૂપ છે એ ઉપાદેય છે. એવું જે વિકલ્પવાળું, રાગવાળું તત્ત્વોનું જ્ઞાન તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે. ભાઈ! એ વ્યવહારસમ્યગ્જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? હજી તો વ્યવહાર એટલે વિકલ્પ શુભરાગ. આત્મામાં સર્વજ્ઞ ભગવાન આદિ પંચપરમેષ્ઠીની શ્રદ્ધા યથાર્થ થવી, એનાથી વિરુદ્ધ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ કે બીજાઓએ કહેલા તત્ત્વોની વિરુદ્ધ માન્યતા ટળવી એનું નામ વ્યવહારશ્રદ્ધાનો શુભરાગ છે; અને ભગવાને કહેલા શાસ્ત્રોમાંથી સંશય, વમોહ અને વિભ્રમ ટાળીને જે જ્ઞાન કરવું અને હેય-ઉપાદેયનું વિવેકવાળું વ્યવહારું સમ્યગ્જ્ઞાન એને વ્યવહાર સમ્યક્ રત્ન કહે છે. કહો, સમજાય છે કાંઈ? નિશ્ચયની વાત પછી આવશે.

**'આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારીકારણ...'** 'આ' શબ્દ અંદર છે તો નિશ્ચય સમ્યક્. આત્માનું નિશ્ચય અંદર નિશ્ચય પછી કહેશે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદસ્વભાવ આત્મા છે એની અખંડ સ્વભાવની પ્રતીતિરૂપ નિર્વિકલ્પ સમ્યક્ એવા સમકિતરૂપ પરિણામ, પરિણામ નામ એ સમકિત પર્યાય છે. આત્મા ત્રિકાળ શુદ્ધ ધ્રુવ જ્ઞાયક કારણશક્તિથી ભરેલો ભગવાન છે. એવી અંતરમાં નિર્વિકલ્પ રાગરહિત સમ્યક્ પ્રતીતિ એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શનરૂપ પરિણામ છે, એ મોક્ષનો માર્ગ છે. એ પરિણામનું બાહ્ય સહકારીકારણ, બાહ્ય સહકારી નામ સાથરૂપ નિમિત્ત કારણ **'વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.'** આત્માના ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીત થવામાં નિમિત્તરૂપે હોય તો વીતરાગ સર્વજ્ઞ ભગવાન એના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ, ભગવાનની વાણી બધા પદાર્થને કથન કરવામાં સમર્થ છે **'એવું દ્રવ્યશ્રુત...'** વીતરાગની વાણી. એ તત્ત્વજ્ઞાન જ આત્માના સમ્યગ્દર્શન પરિણામને વીતરાગી વાણી જ તત્ત્વજ્ઞાનરૂપ નિમિત્ત છે, એ સિવાય બીજાની વાણી નિમિત્તરૂપ હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? વજુભાઈ!

આત્મા... જેને મુક્તિ કરવી હોય એની વાત છે. જેને વર્તમાન સંસારનો પર્યાય દુઃખરૂપ ગોઠતો હોય એની વાત નથી. વર્તમાન પર્યાયમાં વિકાર પુણ્ય-પાપનો, દયા, દાન, કામ, ક્રોધનો બધો દુઃખદાયક વિકાર છે. એ વિનાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ છે એની રુચિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષનો માર્ગ છે, એ પ્રગટ કરવો હોય એને શું હોય એનું અહીંયાં

જ્ઞાન કરાવે છે. એ સમ્યગ્દર્શન આત્માના જે વિકારરહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રતીતિરૂપ પરિણામ એ પરિણામ છે. સમ્યગ્દર્શન એ ત્રિકાળ ગુણ નથી. એ પરિણામરૂપી પર્યાયને નિમિત્ત કારણ બાહ્ય, સહકારી-સાથે હોય તે વીતરાગ સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલા શાસ્ત્રો કે જે પૂર્વાપર વિરોધરહિત હોય છે અને આત્માના કલ્યાણમાં નિમિત્તરૂપે કહેવાય છે. એ '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' તે બાહ્ય સહકારીકારણ છે. કહો, સમજાણું? પણ એ વાણી કોના પાસેથી મળે પહેલી એની વ્યાખ્યા કરે છે.

'**જે મુમુક્ષુઓ છે...**' જે ધર્માત્માઓ છે, જે ધર્માત્માઓ છે. અહીં મુમુક્ષુ લીધા છે, ભાઈ! નિમિત્તમાં કેવળી આદિ નથી લીધા. '**જે મુમુક્ષુઓ છે...**' સમ્યગ્દર્શન પ્રગટ કરનાર નહિ, પ્રગટ કરનાર પરિણામને નિમિત્ત કોણ છે એની વ્યાખ્યા છે. '**જે મુમુક્ષુઓ છે...**' એટલે આત્માના મોક્ષના કામી સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા છે તેમને પણ, એવા ધર્માત્માને પણ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' સમ્યગ્દૃષ્ટિને આત્માના સ્વભાવના નિર્ણયમાં એ મુમુક્ષુ જેને પોતાને મોક્ષની અભિલાષા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ છે, એ જીવો ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને ઉપચારથી પદાર્થના નિર્ણયના હેતુપણાને લીધે ધર્મી જીવના સમ્યગ્દર્શનના પરિણામમાં એ નિમિત્તરૂપ મુમુક્ષુજીવો ધર્મી જે પોતે સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની આદિ ચારિત્ર છે તે. એ ધર્મી જીવને પદાર્થ નિર્ણયના નિમિત્તપણાને લઈને '**અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન છે એની નિર્મળ પ્રતીતિમાં મુમુક્ષુજીવને અંતરંગ હેતુ તરીકે ઉપચારથી કહ્યા છે. કારણ કે એ તો પરચીજ છે. એટલે ઉપચાર અને વ્યવહાર જ છે. પણ એને મુખ્યપણું વીતરાગની વાણી અને વાણી એ મુમુક્ષુ ધર્માત્માની વાણી કરતા એના આત્માને અંતરંગ હેતુપણે કહ્યો છે. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું? વાણી તો પહેલી કહી, પણ એ વાણી ધર્માત્મા પણ બોલે પોતે ભલે કહે, પણ એ વાણી તો બાહ્ય સહકારી કારણરૂપે સમ્યગ્દર્શનને છે. પણ ધર્માત્માનો આત્મા, મુમુક્ષુઓ પોતે ધર્માત્મા એનો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો આત્મા એ ધર્મી જે ધર્મ પ્રગટ કરવા, આત્મામાંથી પર્યાય પ્રગટ કરવા માગે છે એને એ મુમુક્ષુ પદાર્થ યથાર્થ આત્મા શું? પુણ્ય શું? વ્યવહાર શું? નિમિત્ત શું? એના નિર્ણય કરવામાં હેતુરૂપપણાને લીધે અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? વજુભાઈ!

એ કીધુંને, વાણી કર્તા એનો અભિપ્રાય એ લક્ષમાં ઓલો લે છે એથી ઉપચારથી અંતરંગહેતુ કહ્યો છે. એ તો છે તો પર આત્મા. સમ્યગ્દૃષ્ટિ જીવને આત્મસ્વભાવની પ્રાપ્તિની પ્રતીતના પરિણામમાં નિમિત્ત, અંતરંગ નિમિત્તરૂપે, છે તો બાહ્ય તેથી તો કહ્યું ઉપચારથી, પણ એ ખાસ એ આત્મા શું કહે છે એનો અભિપ્રાય શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ તરફ વાળાવાનો શું

છે, પુણ્ય-પાપ વિકલ્પ રાગ છે નિમિત્ત એ પર છે, સ્વભાવ તરફ વાળવાનો એનો અભિપ્રાય શું છે? એ અભિપ્રાયને પકડે છે ઓલો, એથી અભિપ્રાયવાળો સામે જે જીવ છે એને સમ્યગ્દર્શનને પામવાના પરિણામમાં ઉપચાર તરીકે અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત!

વસ્તુ તો આત્મા પોતે જ કારણ છે. અહીં તો નિમિત્તની વાત ચાલે છે. અખંડ જ્ઞાયક ચૈતન્યજ્યોત નિર્મળ સ્વરૂપ છે એ જ પોતાના સમ્યગ્દર્શનનું કારણ છે, પણ એ વખતે નિમિત્ત કેવું હોય એની વ્યાખ્યા ચાલે છે. કારણ કે વ્યવહારની વ્યાખ્યા કરી ગયા અને આ નિમિત્તની બધી એક સાથે વ્યાખ્યા કરી અને પછી નિશ્ચયની વ્યાખ્યા કરે છે. આત્મા જે શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ અખંડ આનંદ છે એવી પ્રતીત કરનારને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ વ્યવહાર છે, હેય-ઉપાદેય અને સંશય, વિમોહ, વિભ્રમરહિતનું જ્ઞાન એ નિમિત્ત છે અને મુનિને અશુભ પરિણામની નિવૃત્તિરૂપ શુભરાગ એ રૂપ ચારિત્ર પંચમહાવ્રતનું તે અંતર સ્વરૂપના ચારિત્રમાં નિમિત્ત છે. એ વાત કરતાં ભેગા આ નિમિત્તની પણ સાથે વાત કરે છે કે ધર્મી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનને પામનાર જીવને વીતરાગ સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી તે નિમિત્ત છે અને એ વાણીને સમજનાર... કહો, સમજાણું? ધર્મી જીવો છે તે સમ્યગ્દૃષ્ટિ જીવને ઉપચારથી, વ્યવહારથી, અંતરંગહેતુ કહ્યા છે. કેમકે એનો અભિપ્રાય ઓલો પકડે છે એથી એને અંતરંગનિમિત્ત તરીકે કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આ કીધુંને, બાહ્ય બીજી ચીજ છેને. અંતરંગ હેતુ તો નિમિત્ત છે. અંતરંગહેતુ એટલે અંતરંગનિમિત્ત, અંતરંગનિમિત્ત. અંતરંગનિમિત્ત પણ કેમ પરને અંતરંગનિમિત્ત કીધું? છે તો પર. મુમુક્ષુ ધર્માત્મા છે તો પર. એ ધર્મી જીવને પર કેમ અંતરંગ હેતુ કહ્યા? કે ઉપચારથી. પણ વાણીના વજન આપવા કરતા એના આત્માનું વજન આપવા એને અંતરંગ હેતુ કહ્યો છે. શું કહ્યું સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા** :- વાણી બાહ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બેય બાહ્ય છે, બેય બાહ્ય છે.

આત્મા આમ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ અખંડ આનંદકંદ શુદ્ધ છે એવી અંતરમાં રાગરહિત સ્વભાવની પ્રતીતિના પરિણામ તેને સમ્યગ્દર્શન કહે છે. તે સમ્યગ્દર્શનના પરિણામને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ શુભરાગને નિમિત્ત કહ્યો છે, નિમિત્ત છે, સ્વભાવનો અંતર આદર કરે તો. એ વખતે વીતરાગની વાણીને નિમિત્ત કહ્યું છે બાહ્ય સહકારી નિમિત્ત. એ વખતે ધર્માત્મા સમકિતિનો આત્મા, જે વાણી છે એ તો બાહ્ય સહકારી નિમિત્ત કીધું, પણ એનો આત્મા એ ઉપચારથી અંતરંગહેતુ, અંતરંગનું નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અટપટી વાત છે ભાઈ જરી. શું કીધું? વીરજીભાઈ!

**શ્રોતા :-** ઉપાદાન હેતુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદાન ક્યાં હતું? એ તો નિમિત્ત છે, હેતુ છે, નિમિત્ત છે.

આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ અખંડ આનંદકંદ કારણપરમાત્મા છે. એક સમયમાં શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ સામાન્ય ધ્રુવસ્વભાવ એનો એક સમયનો પર્યાય નહિ, પુણ્ય વિકલ્પ નહિ અને નિમિત્ત નહિ. ત્રિકાળી આનંદકંદ ધ્રુવ જે દ્રવ્ય છે એમાંથી પર્યાય નવી પ્રગટે છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી, પુણ્યમાંથી પર્યાય આવતી નથી, નિમિત્તમાંથી કાંઈ નવી પર્યાય આવતી નથી. એ પર્યાયનું કારણ ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકમૂર્તિ કારણદ્રવ્યસ્વભાવ એની પ્રતીત કરનાર જીવને એ પ્રતીત તે સમ્યગ્દર્શન પરિણામ છે, એ સમ્યગ્દર્શન પરિણામ એ મોક્ષનું કારણ છે, પણ તે પરિણામને નિમિત્તરૂપ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કહ્યો, સમ્યગ્દર્શન પરિણામ નિમિત્ત. સમ્યગ્જ્ઞાનને વ્યવહારસમ્યગ્જ્ઞાનનું પરિણામ નિમિત્ત, નિશ્ચયચારિત્રને વ્યવહારચારિત્રના શુભ પરિણામ નિમિત્ત, પણ એ ઉપરાંત વ્યવહાર સાથે આ વ્યવહાર નાખે છે. વીતરાગની વાણી. કારણ કે એ વખતે સર્વજ્ઞ જે વાણી કરે છે એ વાણી. પણ એ વાણી અહીં તો મુમુક્ષુ પાસેથી મળે છે એ વાત લેવી છે, ભાઈ! કારણ કે અહીં કેવળી નથી લેવા હવે પાછળથી.

**'જે મુમુક્ષુઓ છે તેમને પણ...'** ધર્મી જીવ જેને આત્માના સ્વભાવનું ભાન કરવું છે તેને. એ બીજા ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની જીવ છે તે ઉપચારથી, વ્યવહારથી સહકારી કારણ અપેક્ષાએ **'પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...'** ભગવાન આત્મા કેવો છે એ પદાર્થનો નિર્ણય આત્મા કરે ત્યારે તેના હેતુપણાને લીધે ધર્માત્મા બીજો જીવ એને અંતરંગ હેતુઓ કહ્યા છે. અંતરંગ નિમિત્તકારણ તરીકે ધર્મી જીવને બીજો ધર્મી જીવ પરિણામ સમકિત પામે એને ધર્મી જીવ નિમિત્ત છે એમ કહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? ભારે ભાઈ! અભ્યાસ આ તો જરી કરવો પડે માણસને.

'કારણ કે **તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.'** કેમકે જે ધર્મી જીવ બીજા ધર્મ પામનારને જે નિમિત્તરૂપે આત્મા થાય છે તે આત્માને દર્શનમોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ હોય છે. માટે બીજા ધર્મ પામનાર જીવને અંતરંગનિમિત્ત તરીકે કહેવામાં આવે છે. નવરંગભાઈ! ઝીણી વાત છે જરી બરાબર. પોતે ઉપાદાન પછી આવે છે. અહીં તો હજી નિમિત્તની વ્યાખ્યા કરે છે. પોતાને નિમિત્ત કે દિ' હતું? પોતે તો ઉપાદાન ત્રિકાળ સ્વભાવ છે, ઉપાદાન છે. લે છે હવે. કહો, સમજાય છે કાંઈ? મોહનભાઈ! ભારે ઝીણું. ઓહો..હો..! ધર્મ.

આ આત્મા વસ્તુ છે આખો આ મન, વાણી, દેહના પરમાણુથી જુદો, આઠ કર્મની ધૂળ અંદર છે પરમાણુ માટીથી જુદો, એક સમયનો આ દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધનો વિકલ્પ ઉઠે છે એક સમય, એક સમય એ વિકાર એ તો એક સમયનો છે. એથી ત્રિકાળ ભિન્ન જ્ઞાયક ચૈતન્ય ભગવાન એવા જ્ઞાયક એકરૂપ ધ્રુવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એની પ્રતીતિરૂપી

પરિણામને આ નિમિત્ત કહેવામાં આવે છે. આ બધો વ્યવહાર કહ્યો એ નિમિત્ત કહ્યો છે. કહો, સમજાય છે કાંઈ? હવે એ નિમિત્ત કોને થાય? આ નિશ્ચય હોય એને થાય, માટે નિશ્ચયની વ્યાખ્યા હવે કરે છે.

હવે નિશ્ચયમોક્ષમાર્ગ, ખરો મોક્ષમાર્ગ. '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...**' અભેદ આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છું એની અંતર સ્વભાવસન્મુખની શ્રદ્ધા, સ્વભાવ સન્મુખનું જ્ઞાન, સ્વભાવસન્મુખની રમણતા એને અભેદ કહે છે. અનુપચાર એટલે નિશ્ચય. એને ઉપચાર છે નહિ, વ્યવહાર નથી. અભેદ અનુપચાર. ભગવાન જ્ઞાયક ચૈતન્યજ્યોત જેની દ્રવ્યની ખાણમાંથી મોક્ષમાર્ગ વહે છે. એ વર્તમાન પર્યાયમાંથી મોક્ષમાર્ગ થાતો નથી, પુણ્યમાંથી થતો નથી, નિમિત્તમાંથી થતો નથી. ત્રિકાળ જ્ઞાયક વસ્તુ આદિ-અંત વિનાનો આત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન છે. આદિ પણ નથી અને જેનો અંત પણ નથી. એવો જે ધ્રુવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, કારણપરમાત્મા, કારણશુદ્ધજીવ એની અંતરમાં સ્વભાવની અભેદતા, અભેદતા, એકતા, અનુપચાર-ઉપચાર વિનાની યથાર્થતા એવા રત્નત્રયપરિણતિવાળા જીવને. રત્નત્રય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ રત્નત્રય. પરિણતિ એટલે પર્યાય. પર્યાય એટલે અવસ્થા એવાવાળા જીવને. હવે સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે.

'**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...**' આ સમ્યગ્દર્શન, આ નિશ્ચય. '**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**' ભગવાન જ્ઞાયક મૂર્તિ એક સમયમાં પરિપૂર્ણ સ્વભાવથી ભર્યો છે. સમજાય છે કાંઈ? જુઓ આ સમ્યગ્દર્શન, મોક્ષનું કારણ આ બીજ. ત્યારે ઓલા બધાને નિમિત્ત કહેવાય છે. ટંકોત્કીર્ણ એટલે એવો ને એવો શાશ્વત ચૈતન્યજ્યોત પડ્યો છે અંદર. એક સમયનો પર્યાય અને એક સમયના વિકારનું લક્ષ છોડી દ્યો તો ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ-ધ્રુવ નિત્ય ટંકોત્કીર્ણ એવો ને એવો શાશ્વત પરમાત્મા પોતે-પોતે. એવો જ્ઞાયક જાણનાર, દૃષ્ટા, જ્ઞાયક, ત્રિકાળ જ્ઞાનમૂર્તિ દરેકનો આત્મા '**જેનો એક સ્વભાવ છે...**' જેનો એકરૂપ ભેદ વિના, પ્રકાર વિના, અનેકતા વિના, સંયોગ વિના, નિમિત્તતા વિના, વિવિધતા વિના એકરૂપ સામાન્ય દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... સામાન્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સામાન્ય એકરૂપ જ્ઞાયકમૂર્તિ સામાન્ય એકરૂપ સ્વભાવ છે. એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા. કહો, સમજાણું? એવું જે નિજપરમતત્ત્વ આત્મા, એની શ્રદ્ધાને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું? શું કહે છે?

એ વડે અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે એમ કહેશે. આ વડે અનંતકાળમાં નહિ થયેલી એવી સિદ્ધપર્યાય, મોક્ષપર્યાય, કલ્યાણની પરિપૂર્ણરૂપ પર્યાય પ્રગટ થાય છે. ક્યા વડે? જુઓ, ઓલા વ્યવહાર વડે નહોતું કહ્યું ક્યાંય. માટે વ્યવહાર સમજાવ્યો હતો કે પંચપરમેષ્ઠીની ભક્તિરૂપ શુભરાગ, સંશય, વિમોહ, વિભ્રમરહિત જ્ઞાન અને અશુભ પરિણામરહિત શુભભાવરૂપ પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણરૂપ શુભભાવ એને વ્યવહાર કહ્યો હતો અને આ પણ વ્યવહાર

બીજો (કહ્યો), વીતરાગની વાણી અને મુમુક્ષુ પુરુષો નિમિત્ત કહ્યા હતા એ ઓળખાણ આપી છે. એને મોક્ષનું કારણ તરીકે એમ કહ્યું નહોતું. સમજાય છે કાંઈ? આ મોક્ષના કારણ તરીકે.

જુઓ, આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. સમ્યગ્દર્શન એ કોઈ વાડાની ચીજ નથી. કોઈ પુણ્ય પરિણામ વ્યવહારરત્નત્રય દયા, દાન, ભક્તિનો વિકલ્પ વૃત્તિ ઉઠે એની એ ચીજ નથી, એ નિમિત્તની ચીજ નથી, એ કર્મમાંથી મળતી નથી, કર્મના અભાવમાંથી મળતી નથી. એ તો જ્ઞાયક એક સમયમાં ચૈતન્યમૂર્તિ ભગવાન ધ્રુવ સ્વભાવની સન્મુખ પ્રતીત કરતાં જે તત્ત્વની શ્રદ્ધા થઈ એને સમ્યગ્દર્શન કહે છે. નિજપરમતત્ત્વની શ્રદ્ધા. કોની? '**નિજપરમતત્ત્વની શ્રદ્ધા...**' સમજાય છે કાંઈ? ભાઈ! આ તો અભ્યાસ કરે તો સમજાય એવું છે. એમ ઉપરટપકે કાંઈ હાથ આવે એવું નથી. એય..! મોહનભાઈ! .. આ રૂપિયા પણ જ્યાં ત્યાંથી રખડીને લાવ્યા છો એ પણ કાંઈ આત્મા લાવ્યો નથી. એ તો પુણ્ય હોય તો આવે અને નહિતર એક રાતી પાઈ આવે નહિ. આ તો પુરુષાર્થ વિના સમજાય એવું નથી. સમજાણું કાંઈ? ઓલો વ્યવહાર કહ્યો હતો, પણ એ કોને વ્યવહાર હોય? કોને એ નિમિત્ત કહેવાય? કોને વીતરાગની વાણી સહકારી કહેવાય? કોને અંતરંગ હેતુ ધર્માત્મા મુમુક્ષુ પુરુષો અંતરંગ નિમિત્ત તરીકે ઉપચારથી કહેવાય? કે જેને અંતર ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વભાવથી હું એકરૂપ ભર્યો છું. સમય સમયની જે પર્યાય મોક્ષમાર્ગની કે રાગની એ એક સમયનો વિકાર અને પર્યાય છે. ભગવાન ત્રિકાળ સ્વરૂપ એક સમયમાં દ્રવ્ય શક્તિથી ભરેલો, સ્વભાવથી ભરેલો ટંકોત્કીર્ણ નામ શાશ્વત એકરૂપ રહેનારો જ્ઞાયક જેનો સ્વભાવ, જ્ઞાયક જેનો સ્વભાવ (છે). ભેદરૂપ જેનો સ્વભાવ નથી. પુણ્ય પરિણામ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષના પરિણામ એ રૂપ પણ જેનો સ્વભાવ નથી. શું કહ્યું સમજાણું?

વ્યવહારત્નત્રય તો રાગ છે, પુણ્ય છે એ રૂપ તો એનો સ્વભાવ નથી પણ નિશ્ચયરત્નત્રય જે મોક્ષનો માર્ગ જે આ પરમતત્ત્વની શ્રદ્ધા, શ્રદ્ધા એ પણ ભેદ છે. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવમાં એકરૂપ વસ્તુ ત્રિકાળ નિત્યાનંદ પડી છે એની શ્રદ્ધા વડે સિદ્ધની પર્યાય થાય છે. એ વડે મુક્તિની પર્યાય પ્રગટે છે. નથી વ્યવહારરત્નત્રય, પંચમહાવ્રત, બાર વ્રતના વિકલ્પથી મુક્તિ થતી, નથી પંચપરમેષ્ઠીની ભક્તિના વ્યવહારશ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એનાથી મુક્તિ થતી, તેમ હેય-ઉપાદેયનું વ્યવહારું જ્ઞાન સંશય, વિમોહ અને વિભ્રમરહિત જ્ઞાન એનાથી પણ મુક્તિ થતી નથી. કહો, સમજાય છે કાંઈ?

'**નિજપરમતત્ત્વ...**'ની વ્યાખ્યા કે '**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવો નિજપરમતત્ત્વ...**' નિજપરમતત્ત્વ. પાછું બીજાનો ભગવાનનો નહિ આત્મા. ભગવાનનો આત્મા કાંઈ આત્માને તારતો નથી. રાગ હોય છે ત્યારે તેમાં નિમિત્તનું લક્ષ જાય છે, સમજાય છે? પણ એ નિમિત્ત અને રાગ એ બંધનું કારણ રાગ છે, પણ નીચલી દશામાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે શુભરાગ હોય છે એટલે વ્યવહારરત્નત્રયનું વર્ણન કર્યું છે, પણ તે મુક્તિનું

કારણ નથી.

સિદ્ધ પર્યાય અને મોક્ષની પર્યાય એટલે સિદ્ધદશા આત્માની પરમ શુદ્ધ પવિત્રદશા એને મોક્ષદશા કહે છે. એનું કારણ તો નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે... જમુભાઈ! સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! પૈસા વડે મળે નહિ કહે છે આ તો. વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા કરે તો રાગ, એ વડે મુક્તિ મળે નહિ. ભાઈ! આ તો અંતરંગના હેતુ વડે મળે એમ કીધું. વીરજીભાઈ! નિમિત્તની વ્યાખ્યા કરી એ તો. એ તો બધા વ્યવહારરત્નત્રય સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને પર તરફના સન્મુખથી શ્રદ્ધા કરે ત્યારે તો શુભરાગ એ નિજપરમતત્ત્વની શ્રદ્ધા કરે ત્યારે તે રાગ અને નિમિત્તને વ્યવહાર કહેવાય છે, નહિતર વ્યવહાર પણ કહેવાતો નથી. કહો, સમજાય છે કાંઈ? આ તો સમજવા જેવું છે, ભાઈ! કાંતિભાઈ! જરી ઝીણું છે ભાઈ! એમ ઉપરટપકે બે દિ' આવો એમ નથી પકડાય એવું આ. જરી ઝીણું શાંતિથી ધીરેથી સમજે તો પકડાય એવી વાત છે. પણ આત્માનું કલ્યાણ કરવાની ધગશ થઈ હોય તો સમજાય એવું છે આ.

કહો, '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...**' પહેલું અભેદ તો કહ્યું, ભાઈ! એને ત્રણ કેવા હોય છે? કે એવા નિજ પરમતત્ત્વ ભગવાન જ્ઞાયકમૂર્તિ છું. એક સમયનો પર્યાય છેને પ્રગટ વ્યક્ત, વ્યક્ત-વ્યક્ત ભલે ક્ષયોપશમ હો, ગમે તે હો, એક સમયનો વ્યક્ત પ્રગટ પર્યાય એ નિજ પરમતત્ત્વ નથી. સમજાય છે કાંઈ? એ પુણ્ય વિકલ્પ, દયા, દાન, ભક્તિનો વિકલ્પ ઉઠે કે હિંસા, જૂઠાનો વિકલ્પ ઉઠે એ નિજપરમતત્ત્વ નથી. નિજપરમતત્ત્વ તો જ્ઞાયક ધ્રુવ સામાન્ય એકરૂપ દ્રવ્યસ્વભાવ જેમાંથી મોક્ષમાર્ગની પર્યાય પ્રણમે, વહે ને થાય એવો જે કારણપરમાત્મા એકરૂપ ભગવાન આત્મા એને નિજ તત્ત્વ કહે છે. એવા '**નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...**' સિદ્ધની પર્યાય થાય છે, મુક્તિની પર્યાય થાય છે. કહો, સમજાય છે કાંઈ?

હવે જ્ઞાન જ્ઞાન. '**તદ્જ્ઞાનમાત્ર (-તે નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે...**' હવે સમ્યગ્જ્ઞાન કોને કહે છે મોક્ષનું કારણ. શાસ્ત્ર-બાસ્ત્રનું જ્ઞાન એ મોક્ષનું કારણ નથી. શાસ્ત્રજ્ઞાન એ પરજ્ઞાન છે એ પહેલી વાત આવી ગઈ. સંશય, વિમોહ અને વિભ્રમરહિત અને હેય, ઉપાદાયના ત્યાગવાયોગ્ય કોણ અને આદરવાયોગ્ય કોણ, એવું જે રાગવાળું, વિકલ્પવાળું જ્ઞાન એ મોક્ષનું કારણ નથી. શાસ્ત્રજ્ઞાન મોક્ષનું કારણ નથી. એ પરતરફનું વલણ છે. એ નિમિત્તરૂપે હોય છે. પણ કોને? કે '**તદ્જ્ઞાનમાત્ર...**' તદ્-તદ્. તે નિજપરમતત્ત્વ કહ્યું માથે એ. એક ટંકોત્કીર્ણ શાશ્વત ધ્રુવ જ્ઞાયક જેનો એક સ્વભાવ એવો ભગવાન પોતે આત્મા એવા નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્ર. એનું જ જ્ઞાન. શાસ્ત્રનું નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું નહિ. એ શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પમાં જાય, રાગમાં જાય. કોને? કે ત્રિકાળ ચૈતન્યનું અવલંબન લઈને નિજપરમતત્ત્વનું જ્ઞાનમાત્ર સ્વરૂપ એવા અંતર્મુખ પરમબોધ વડે, અંતર્મુખ ત્રિકાળ ચૈતન્ય ભગવાન

એકરૂપ ધ્રુવસ્વભાવ છે એમાં અંતર્મુખ થઈને જે બોધ પ્રગટ્યો એવા પરમબોધ વડે મુક્તિ થાય છે, એને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે એમ કહેવાય છે. વજુભાઈ! શાસ્ત્રજ્ઞાન શાસ્ત્ર પરવસ્તુ છે.

ભગવાન આત્મા જ્ઞાયક જેની જ્ઞાનની ખાણ, શક્તિનો ભંડાર ભર્યો છે. ધ્રુવ સામાન્ય જ્ઞાયકમૂર્તિ એનું નિજપરમતત્ત્વનું જ્ઞાન '**એવા અંતર્મુખ પરમબોધ વડે...**' સિદ્ધની પર્યાય પ્રગટે છે. આવા પરમબોધ વડે મુક્તિની દશા પ્રગટે છે. બીજા કોઈ જ્ઞાન વડે મુક્તિની દશા પ્રગટતી નથી. સમજાય છે કાંઈ? '**તદ્‌જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમ બોધ વડે...**' એમ. એકલું અંતર્મુખ. જે શાસ્ત્રનું જ્ઞાન કહ્યું સંશય, વિમોહ, વિભ્રમરહિત કે હેય-ઉપાદેયરહિત એ તો પર તરફના વલણવાળો વિકલ્પ અને શુભરાગ છે, એ કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો તદ્‌જ્ઞાનમાત્ર. ચિદાનંદ ભગવાન જ્ઞાયકમાત્ર સ્વભાવ ધ્રુવ, અંતર્મુખ વલણ થતાં જે સમ્યગ્જ્ઞાન થયું એવા પરમબોધ વડે સિદ્ધની પર્યાય, અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે. અનંતકાળમાં જે મોક્ષની પર્યાય ન પ્રગટી એવી પર્યાય નામ આત્માનંદ દશા આવા પરમબોધ વડે થાય છે. માટે એને સમ્યગ્જ્ઞાનરત્ન કહ્યું. સમ્યગ્જ્ઞાનરત્ન. પહેલું પરમતત્ત્વની શ્રદ્ધા, એ શ્રદ્ધા સમ્યગ્દર્શનરત્ન.

માણસ માલ લેવા જાય તો રત્ન કાંઈક વસ્તુ લઈને જાયને. એમ કહે છે કે આત્માનો પરમાનંદ મુક્તદશારૂપી માલ જેને જોતો હોય એણે ત્રણ રત્ન મેળવવા જોઈએ. એ રત્ન ક્યાંથી મળે? દેહ-વાણી નહિ, મન નહિ, શુભાશુભ વિકલ્પ દયા, દાન, કામ, ક્રોધ, વ્રતાદિની વૃત્તિ ઉઠે એ વિકલ્પ ઉત્થાન બધો વિકાર. એક સમયનો ક્ષયોપશમ જ્ઞાનનો પર્યાય, ઉઘાડ એક સમયનો ક્ષયોપશમ, ઉપશમ વગેરે એ સમયના પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે એક સમયના પર્યાય વિનાનું ત્રિકાળ દ્રવ્ય શુદ્ધસ્વભાવ ધ્રુવ એનું તદ્‌જ્ઞાનમાત્ર અંતર્મુખના એકાકાર થઈને પ્રગટેલું જે સમ્યગ્જ્ઞાન, એ જ્ઞાન વડે કરી આત્માની મુક્ત પર્યાય અભૂતપૂર્વ અનંતકાળમાં નહિ થયેલી મોક્ષદશા થાય છે. એ સિવાય કોઈ ઉપાયથી થતી નથી. કહો, સમજાય છે કાંઈ?

હવે ચારિત્ર. ત્રીજું ચારિત્ર. ચારિત્ર કોને કહેવું? '**અને તે-રૂપે અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...**' ભગવાન જ્ઞાયકસ્વરૂપ, ભગવાન એકરૂપ ચૈતન્ય જ્યોત એના એક સમયના મહાવ્રતના અને પંચમહાવ્રતના વિકલ્પ વિનાનો અને પંચમહાવ્રતના સ્થાનમાં એક સમયમાં ક્ષયોપશમ જ્ઞાન આદિ પર્યાય વિનાનો જે ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ છે તે '**(અર્થાત્ નિજપરમતત્ત્વરૂપે) અવિચળપણે...**' નિજપરમજ્ઞાન ટંકોત્કીર્ણ સ્વભાવમાં અવિચળપણે, ચળે નહિ એમાં સ્થિત સ્વરૂપ નિત્યાનંદમાં સ્થિત, ચિદાનંદમાં સ્થિત, ધ્રુવ સ્વભાવમાં સ્થિત. ત્રિકાળ જ્ઞાયક પરમતત્ત્વમાં '**સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...**' લ્યો, આનું નામ ચારિત્ર. આ ચારિત્ર મુક્તિનું કારણ છે.

**શ્રોતા :-** પ્રાપ્તની પ્રાપ્તિ આવીને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અંદર પ્રાપ્ત છે એમાંથી એકાગ્ર થયો ત્યારે પર્યાય પ્રગટ થાય છે. અંદરમાંથી આવે છે. કોઈ પંચમહાવ્રતના અને કષાય મંદના એવા પાપની નિવૃત્તિરૂપ અશુભભાવથી છૂટ્યો અને શુભભાવ કર્યો એ વડે કરીને ચારિત્ર આવતું નથી. કહો, સમજાય છે કાંઈ? નવા માણસને તો આ ભારે વાત લાગે એવી છે, પણ શું કહે છે આ? મોહનભાઈ?

અંતર '**તે-રૂપે અવિચળપણે...**' તે-રૂપે એટલે? એક સમયનો પર્યાય છે અવસ્થા એ રૂપે નહિ, એક સમયનો વિકાર, વિકલ્પ જે દયા, દાન, પંચમહાવ્રતનો એ રૂપે નહિ, નિમિત્તનો નહિ. અંતર નિજપરમતત્ત્વ જ્ઞાયકસ્વભાવ એકરૂપ ત્રિકાળ પરમસ્વભાવ છે તે રૂપે અવિચળરૂપી સ્થિત, અવચિળપણે સ્થિત '**થવારૂપ સહજચારિત્ર વડે...**' એવા સ્વભાવિક અંતર્મુખના વલણવાળો વીતરાગી પર્યાય, દ્રવ્યના આશ્રયે અંતરમાં લીન થયેલો વીતરાગી પર્યાય એ વડે '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' અભૂતપૂર્વ નામ પૂર્વે નહિ કદી થયેલો અપૂર્વ આવા ત્રણ સમ્યક્‌રત્નત્રય વડે, એ સમ્યક્‌રત્નત્રય વડે અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે. અને જે વડે સિદ્ધ પર્યાય થાય એ નિજપરમતત્ત્વ વડે થાય છે. સમજાણું કાંઈ?

આત્માની મુક્ત પરમ સિદ્ધદશા જે અનંતકાળે નહિ થયેલી એવી નિર્મળ વીતરાગી એક સમયનો પર્યાય છે, સિદ્ધ પણ એક સમયનો જ પર્યાય છે, બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો. પર્યાય છે એટલે પર્યાય પરિણમતો નવો-નવો પરિણમે છે. એવી સિદ્ધની વીતરાગી પૂર્ણ શુદ્ધપર્યાય. પર્યાય સિદ્ધ પણ એક પર્યાય છે, કાંઈ ગુણ નથી તેમ દ્રવ્ય નથી. દ્રવ્ય તો ત્રિકાળ છે અને ગુણ પણ ત્રિકાળ છે. એનો સિદ્ધ પર્યાય છે, સંસાર પણ એક સમયનો પર્યાય છે. સંસાર એ આત્માનો પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન વિકલ્પ ઉઠે વૃત્તિ વિકાર 'એ મારો' એવો મિથ્યાત્વ અને રાગ એ સંસાર (છે). સંસાર એક સમયનો વિકાર આત્મામાં છે. સંસાર કોઈ બે સમય આત્મામાં રહેતો નથી. એ સંસારનો નાશ કરવો પડતો નથી કહે છે. નિજ પરમતત્ત્વનું અવલંબન લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પર્યાય પ્રગટ્યો એ વડે સિદ્ધપર્યાય છે, આ સંસાર પર્યાયનો વ્યય થઈ જાય છે, નાશ થઈ જાય છે. કહો, સમજાય છે કાંઈ? નવરંગભાઈ! લ્યો, આ મોક્ષનો માર્ગ. આ તો નિશ્ચય અને વ્યવહાર બેય કહ્યા. શુદ્ધ ઉપાદાન અને નિમિત્ત બેયનું કથન કર્યું. સમજાણું આમાં?

પહેલા-પછીનું વર્ણન છે આમાં હોં! પહેલા-પછી સ્વરૂપમાં નથી. એટલે કે પહેલો વ્યવહાર આવે અને પછી નિશ્ચય આવે એમ આમાં નથી. વસ્તુ તો ત્રિકાળ જ્ઞાયક પરમતત્ત્વ ચૈતન્ય જ્યોત એકરૂપ સ્વભાવ ધ્રુવ જ્ઞાયક, જેમાંથી પર્યાય પ્રગટે, પર્યાય એટલે અવસ્થા. અવસ્થામાંથી અવસ્થા ન થાય. માટે અવસ્થા આદરણીય છે નહિ. ત્રિકાળ અવસ્થાવાન સ્વભાવ સામાન્ય ચૈતન્ય એવું નિજપરમતત્ત્વ એની શ્રદ્ધા, એનું તદ્‌માત્ર સમ્યગ્જ્ઞાન અને તદ્‌માત્ર ચૈતન્ય પરમતત્ત્વમાં અવિચળપણે સ્થિત સહજ નિર્મળ વીતરાગ ચારિત્ર એ વડે અનંતકાળે નહિ પ્રગટેલી

એવી મોક્ષની દશા આત્માને થાય છે. વ્યવહારથી થતી નથી, પુણ્યથી અને વ્યવહારરત્નત્રયથી અને નિમિત્તથી થતી નથી. એમાં એ વાત આવી જાય છે. સમજાણું?

હવે જરી મુનિની વાત લઈને સમજાવે છે. '**જે પરમજિનયોગીશ્વર...**' પરમજિનયોગીશ્વર એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો એને પ્રગટ્યું છે. પરમજિન નામ વીરતાગી યોગીશ્વર. યોગના ઈશ્વર. અખંડ ચૈતન્ય પરમતત્ત્વ ધ્રુવસ્વભાવ દ્રવ્યસ્વભાવ છે, જેમાંથી પર્યાય વહે, પ્રગટે છે એવા સ્વભાવમાં જેણે એકાગ્રતા કરી એને યોગી કહે છે. આવા ભાન વિનાના જીવને યોગી કહેતા નથી. યોગી-બોગી તો બીજા અન્યમાં પણ ઘણા કહેવાય છે. એમ નહિ. જેવો સર્વજ્ઞ ભગવાને અનંતા આત્માઓ, અનંતગુણના પિંડને, અનંતી એક સમયમાં અનંતા ગુણોની પર્યાય એવો જે એક આત્મા નિત્ય-નિત્યાનંદ સ્વરૂપ, નિજપરમતત્ત્વ એવા તત્ત્વની અંદર એકાકાર લીનતા (કરે છે) એને યોગ કહે છે. એ યોગનો પણ ઈશ્વર યોગીશ્વર, પરમજિનયોગીશ્વર. પરમ નામ ઉત્કૃષ્ટ જિન નામ વીતરાગી યોગશ્વર. લાલનજી! ઓલો ચિત્ત નિરોધ ને ફિરોધનું ક્યાંય ઉડી ગયું અહીં તો કહે છે. ચિત્તનિરોધ. ચિત્તનિરોધ યોગ:. એ નહિ. અહીં તો ત્રિકાળ પરમ ચૈતન્ય અનંતગુણનો પિંડ સામાન્ય સ્વભાવરૂપ ધ્રુવ નિત્યાનંદ જેવો સર્વજ્ઞે જોયો, જાણ્યો અને કહ્યો એવા ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ સ્વભાવમાં એકાગ્રતારૂપ યોગ એને મુનિ અને જિનયોગીશ્વર કહે છે.

**શ્રોતા :-** નિરોધ-બિરોધ કાંઈ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરોધ શેનો હોય પણ? એ તો નાસ્તિથી વાત છે. કહો, સમજાય છે? ચિત્તનો નિરોધ કરવો તો નાસ્તિ થઈ. અસ્તિ ત્રિકાળ કોણ છે? ત્રિકાળ ચૈતન્યજ્યોત જ્ઞાયક ધ્રુવ સ્વભાવની અંતરમાં દૃષ્ટિની એકાગ્રતાનો યોગ એને અહીંયાં યોગી કહે છે.

એવા '**પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' છઠ્ઠા ગુણસ્થાનની વ્યાખ્યા છે. અંતર દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર તો પ્રગટ્યું છે, પણ જ્યાં સુધી છઠ્ઠી ભૂમિકાએ મુનિ આત્માના અંતરના નિત્ય પરમતત્ત્વને અવલંબે સમ્યગ્દર્શન અને જ્ઞાન રમણતા પ્રગટ કરી છે, અખંડાનંદ ધ્રુવસ્વભાવનું અવલંબન લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને રમણતા વીતરાગતા પ્રગટ કરી છે, પણ હજી છઠ્ઠે ગુણસ્થાને મુનિદશા, પ્રમત્તદશામાં વર્તતો હોય છે ત્યારે એને શુભરાગ હોય છે. તેથી એ પહેલાં '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' તેથી છઠ્ઠા ગુણસ્થાનમાં જે અશુભ રાગ છૂટી અને પંચમહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણ જે મુનિઓના વિકલ્પો છે એમાં વર્તે છે. એ અપેક્ષાએ તે વ્યવહારચારિત્રમાં વર્તે છે એમ કહ્યું છે. ભાઈ! સમજાણું કાંઈ? 'પહેલા' શબ્દ વાપર્યો એટલે? હજી સાતમું ગુણસ્થાન આવ્યું નથી. તે પહેલાંના (દ્રવ્યલિંગરૂપ) છઠ્ઠા ગુણસ્થાનમાં આત્મ નિજપરમતત્ત્વના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પ્રગટ્યું છે. અહીં ચારિત્રની વ્યાખ્યા કરવી છે.

‘**પરમજિનયોગીશ્વર...**’ પોતાના આનંદકંદ ધ્રુવસ્વભાવીના અવલંબે પડ્યો છે પણ હજી વિકલ્પ ઉઠે છે જરી શુભરાગનો. અઠ્યાવીશ મૂળગુણ મુનિઓના, જે નગ્ન દિગંબરદશા બાહ્યથી અને અભ્યંતરથી હોય છે એને અભ્યંતરમાં એક અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ, શુભરાગની લાગણી ઉઠે છે. પંચમહાવ્રત આદિની એ બધી લાગણીઓ છે, શુભ છે, વિકાર છે. એ વિકારમાં અશુભરાગનો નિવૃત્તભાવ થયો છે, શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ અને લીનતામાં એકાકાર છે, પણ ચારિત્રની રમણતામાં નિર્વિકલ્પ ચારિત્ર જે સાતમા ગુણસ્થાને જોઈએ એ હજી થયું નથી. કહો, સમજાય છે કાંઈ? એવા સ્વભાવના રમણતા ચૈતન્ય જ્ઞાનમૂર્તિની એકાકારમાં રમતા વિકલ્પ ઉઠ્યો છે જે... શુભભાવમાં રહે છે એને વ્યવહારચારિત્ર કહે છે. એને વ્યવહાર મુનિ કહે છે, ભાઈ! એને વ્યવહારમુનિ (કહે છે). વ્યવહાર મુનિ એટલે નિશ્ચયનું ભાન નથી ત્યાં એને વ્યવહાર-ફ્યવહારની વાત પણ નથી. કહો, સમજાણું?

‘**તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**’ તપસ્યા એટલે મુનિપણું. એને વ્યવહારનય ગોચર, વ્યવહારનયગમ્ય મુનિપણું હોય છે. એટલે કે જ્યાં સુધી મુનિને સ્વભાવનું ભાન છે, નિશ્ચય અવલંબન તો ચૈતન્યનું જ પડ્યું છે, અખંડાનંદ નિત્ય ધ્રુવને આશ્રયે જ મારો પર્યાય પ્રગટ થાય છે એમ ભાન છે. પણ સ્થિર અવલંબીને પડ્યો નથી, જ્યાં સુધી વીતરાગી ચારિત્રમાં સ્થિર નથી થયો ત્યાં સુધી છઠ્ઠા ગુણસ્થાન મુનિને જે શુભરાગ વિકલ્પ ઉઠે છે એ અશુભભાવથી નિવર્ત્યો એથી એને વ્યવહારચારિત્ર, વ્યવહારતપસ્યા એટલે વ્યવહાર મુનિપણું, વ્યવહારી તપસ્યાવાળો અને વ્યવહારી મુનિપણું એને કહે છે. કહો, સમજાય છે? વ્યવહાર એટલે પુણ્યનું કારણ. વ્યવહાર એટલે પુણ્યનું કારણ.

હવે નિશ્ચયતપસ્યા. ત્યાંથી આઘો જઈને ઠરે છે આત્મામાં. ‘**સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...**’ લ્યો, તપસ્યાની વ્યાખ્યા. કેવો છે ભગવાન આત્મા? સહજ નિશ્ચયનયસ્વરૂપ ભગવાન જ્ઞાયક જ્યોત આનંદકંદ જેમાંથી આનંદના ઝરણા વહે છે, જેમાંથી પરમસિદ્ધના જેવા આનંદના ઝરણા, પર્યાયમાં ઝરણા વહે છે. આનંદના ઝરણા પર્યાયમાં આનંદ વહે છે એવો જે ત્રિકાળ આનંદકંદમૂર્તિ આત્મા, આનંદનો પર્વત ધ્રુવસ્વભાવ એ સહજ નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા એવો જે પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા નામ આત્મા એમાં પ્રતપન—એમાં લીન થઈ જવું. પ્ર નામ વિશેષે તપન એવા આત્માને ઓપવો, શોભવો એવી જે અંતરની વીતરાગી દશાની ઉજ્જ્વળતા થવી તેને વીતરાગ ત્રિલોકનાથ તપ કહે છે. તપસ્યાની વ્યાખ્યા પણ બીજી. દર્શનની વ્યાખ્યા બીજી, જ્ઞાનની વ્યાખ્યા બીજી, ચારિત્રની બીજી, હવે તપની ભાઈ બાકી રહી હતી. કહો, ..ભાઈ! આ તપ હોં! આ રોટલા ન ખાવા, ફલાણું (ન ખાવું એ તપ નહિ). કોણ રોટલો ખાતો હતો ધૂળ? રોટલા તો જડ માટી છે. રોટલો લેવો, ન લેવો એ તો જડની પર્યાય સ્વતંત્ર છે. કોઈની પર્યાય કોઈથી થાય તો કર્તા પરનો થાય છે, વસ્તુ કોઈ રીતે સ્વતંત્ર રહેતી નથી.

સ્વતંત્ર પદાર્થ જે ત્રિકાળ તેનું વર્તમાન ત્રિકાળને આશ્રયે વર્તમાન થાય તે તેનું વર્તમાન બીજાથી થાય એમ કોઈ દિ' બને નહિ. તો એનું વર્તમાન ત્રિકાળનું વર્તમાન રહેતું નથી.

જે પદાર્થો આવે, જાય, ટળે એ તો પદાર્થની પર્યાયને કાળે થાય છે. આત્મા એનો ધણી નથી, આત્મા એને પરિણમાવી શકતો નથી. આત્મા પર તરફનો આ મૂકું, લઉં એવું અભિમાન કરે તે મિથ્યાત્વભાવ છે. મેં આહાર છોડ્યો, મેં આહાર લીધો, તો પરપદાર્થને છોડવું-ગ્રહવું એ ચૈતન્યનો સ્વામી થાય છે. એ ચૈતન્ય જડનો સ્વામી થાય અને ચૈતન્યનો એ ધણી થઈ જાય જડ. સમજાય છે કાંઈ? એના હાથે આવે અને જાય. આત્મા ન હોય તો થાય નહિ—એમ બને નહિ. ચૈતન્યનો ધણી જડ નથી અને જડનો ધણી ચૈતન્ય નથી. એટલે ચૈતન્યને લાભ ક્યારે થાય? કે આહાર ન હોય ત્યારે. એટલે ચૈતન્યનો ધણી જડ થઈ ગયો. અને આહાર ક્યારે ન આવે? કે આત્મા ન લે ત્યારે. એટલે આત્મા જડનો સ્વામી થઈ ગયો. શું કહ્યું સમજાય છે કાંઈ? આહાર ન આવે તો જીવને લાભ થાય એટલે જીવના લાભનો સ્વામી આહાર. અને આહાર લેવો, ન લેવો એ જીવને આધીન એટલે જડનો ચૈતન્ય સ્વામી થયો. એ વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ, એમ ત્રણકાળમાં છે નહિ. જડનું આવવું કે જવું જડને આધારે છે. ચૈતન્યમાં રાગ થવો, વિકાર થવો એ પોતાના અપરાધને કારણે છે. વિકલ્પ ઉઠે કે આ મૂકું એ પણ નહિ. એ પણ તપસ્યા નથી.

તપસ્યા વીતરાગદેવ કોને કહે છે? કે સહજ નિશ્ચયસ્વભાવ. નિશ્ચયનયાત્મક, નિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક આનંદકંદ છે. સહજાનંદમાં અંતર એકાગ્ર થઈ જાય છે અને વૃત્તિનું ઉત્થાન, ઈચ્છા ઉત્પન્ન થતી નથી અને આત્માની પર્યાય નિર્મળ પ્રત્તપન વિશેષ તપે છે, શોભે છે, ઓપે છે, વધે છે, ઉગ્રપણે વૃદ્ધિ શુદ્ધિની થાય છે તેને ભગવાન તપ છે એમ કહે છે. ભારે વાત, ભાઈ! તપની વ્યાખ્યા કેવી આ? આ તો વર્ષીતપ કરે છે અને ફલાણું કરે છે ભાઈ એને તપ કહે માણસ તો. રોટલા ન ખાધા, એક અપવાસ કર્યો, અઠમ કર્યો. અરે! પણ તપ તે તને તારામાં રહેતો હશે? અને તપ તે તારાથી થતો હશે કે તપ તે પરથી થાતો હશે? પરથી થાય તો પર તારો સ્વામી થઈ ગયો. તારી સ્વતંત્રતા ધર્મ કરવાની રહેતી નથી. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ એક સમયમાં એકરૂપ સ્વભાવ, દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ પડ્યો છે એવો જે પરમાત્મા પોતાનો આત્મા એમાં પ્રતપન, એમાં લીન થઈ જવું. પ્ર નામ વિશેષે તપવું. તપવું એટલે એકાગ્ર થવું, એમાં લીન થઈ જવું એને ભગવાન તપસ્યા કહે છે અને એને નિર્જરા કહે છે. બીજાને બાળતપ અને બાળવ્રત કહે છે. કહો, સમજાણું?

**શ્રોતા** :- બાળતપ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બાળતપ એટલે અજ્ઞાનીની મૂર્ખાઈનો તપ. એ મૂર્ખાઈ ભરેલો

તપ. મૂર્ખાઈ ભરેલો તપ, નહિતર સંસારમાં રખડે શી રીતે? મૂર્ખાઈ ભરેલો તપ ન હોય તો રખડે શી રીતે? કહો, સમજાય છે કાંઈ?

હવે કહે છે કે એવા તપવાળાને ચારિત્ર હોય છે એમ કહ્યું ભાઈ! આવી જે શુદ્ધ જ્ઞાયકમૂર્તિમાં લપેટપણે અંદર પડ્યો છે. જ્ઞાયક ધ્રુવ ટંકોત્કીર્ણ શાશ્વત ભગવાન, એક સમયની પર્યાયબુદ્ધિ છોડીને, એક સમયનો પર્યાય એ બુદ્ધિ છોડીને, વિકલ્પ નામ શુભરાગની બુદ્ધિ છોડીને એક સમયનો પર્યાય અંશબુદ્ધિ છોડીને ત્રિકાળ અંશી, ત્રિકાળ ધ્રુવસ્વભાવની બુદ્ધિ કરીને અંદર લીન થયો છે એને તપ હોય છે. અને '**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.**' કોઈ કહે કે ભાઈ, આ બહાર પંચમહાવ્રત લઈ લેવા અને બાયડી, છોકરા છોડીને સાધુ થઈ ગયો નગ્ન મુનિ દિગંબર માટે ચારિત્રી થયો. એ ચારિત્ર કહેવાતું નથી. કહો, સમજાય છે કાંઈ? '**નિજસ્વરૂપમાં...**' અંતર આનંદકંદમાં અવિચળ નામ ન ચળે એવી રીતે '**સ્થિતિરૂપ...**' વર્તમાન પર્યાયની વાત છે. ..

નવું કાંઈક કરવા માગે છેને તો જે પર્યાય છે એ તો એક સમયની છે. શરીર, વાણી, મન તો જડમાં જાય, પરમાં છે. તો એક સમયનો પર્યાય બીજે સમયે આવતો નથી. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા, દશા એટલે અંશ. તો જેને નવું કાંઈક આત્મકલ્યાણ કરવું એ પર્યાય પ્રગટ કરવાનું સ્થાન તો નિત્યાનંદ ધ્રુવસ્વભાવ છે. એવા સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં લીન થઈ જાય એવા તપવાળાને આવા તપથી ચારિત્ર હોય છે, બીજાથી ચારિત્ર હોતું નથી. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? વજુભાઈ!

જુઓ, ચારેય વ્યાખ્યા જુદી. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. પહેલાં વ્યવહારરત્નત્રયની વ્યાખ્યા કહી. પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ ન હોય ત્યાં સુધી ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને મુનિઓ આદિને શુભરાગ, પંચપરમેષ્ઠીની ભક્તિનો શુભરાગ એની શ્રદ્ધા, ભક્તિ એટલે શ્રદ્ધા. પંચપરમેષ્ઠીની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામ અને શાસ્ત્ર તરફનું હેય-ઉપાદેય તરફનું જ્ઞાન એવો વિકલ્પ અને શુભરાગ હોય છે. એ વાત કરી. કારણ કે પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે એ હોય છે. પણ એ હોય છે એ તો જાણવા જેવી વસ્તુ છે, એ આદરણીય નથી. આદરણીય તો ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યવસ્તુ જેમાંથી પર્યાય વહે (તે વસ્તુ છે). પર્યાયમાંથી પર્યાય ન થાય. સોનું છે એનું કુંડળ છે, તો નવું કડું કરવું હોય તો કુંડળમાંથી કડું ન થાય. કુંડળનો અભાવ અને કડાની નવી ઉત્પત્તિ, એ ઉત્પત્તિના ઉત્પાદનું કારણ તો સોનું ત્રિકાળ છે. કારણ કે ઓલી પર્યાયનો પહેલીનો તો અભાવ થઈ જાય છે. અભાવમાંથી ભાવ ન આવે. જે ભાવ નવો થાય એ ત્રિકાળ ધ્રુવ સ્વભાવ સોનું... સોનું... સોનું... એને અવલંબને થાય છે. એમ...

એ સોનાનો દાખલો સમજાશે. શાંતિભાઈ! સોનાનું સમજાય છે કે નહિ? એક કડું હોય કડું એનું કુંડળ કરવું હોય. કુંડળ કરવું હોય. કડું તો અંદરમાં હોય, કોણ ભાળે? કે ભાઈ

કોક દેખે આપણું સોનું પાંચ રૂપિયાભાર, દસ રૂપિયાભાર છે એ. તો કડું તો અંદર સલવાઈ જાય છે ઓલા પહેરણમાં. તો આપણે કુંડળ કરવા છે. તો કડાના કુંડળ કરે તો કડાની વર્તમાન પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા એ દશા રાખીને નવું થાય? એ દશામાંથી નવું થાય? એ દશામાંથી કડું નવું થાય? શેમાંથી થાય? સોનામાંથી થાય. કારણ કે જે કડાની પર્યાય નામ વર્તમાન અવસ્થા તે અભાવરૂપ થઈ, સોનું જે ત્રિકાળભાવરૂપ છે એમાંથી નવી અવસ્થા થાય છે. વાત સમજાય છે આ? કાંઈ કડું રાખીને કુંડળ થાય એમ કોઈ દિ' બને નહિ અને કડાનો અભાવ થયો એમાંથી ભાવ થાય એમ કોઈ દિ' બને નહિ.

એમ ભગવાન આત્મા એની એક સમયની જે પર્યાય નામ અવસ્થા વર્તમાન વર્તતી હોય તે, એ વર્તમાન અવસ્થા બીજે ક્ષણે અભાવ થઈ જાય છે. તો બીજે ક્ષણે અભાવ થાય એ બીજી અવસ્થાનું કારણ હોઈ શકે નહિ. એ તો ઉપચારથી કથન છે. વ્યય તે ઉત્પાદનું કારણ એ ઉપચાર છે. પણ નવો પર્યાય એક સમયનો જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગપણું પ્રગટવું છે એ તો ત્રિકાળધ્રુવ સોના સ્વભાવે, જેમ આત્મા એકરૂપ સ્વભાવ છે. કહો, આ સમજાય છે કે નહિ? દાખલો સમજાય છે કે નહિ? દાખલામાંથી આ સિદ્ધાંત પાછો સમજવા જેવો છે. દાખલા તો હા પાડે. કેમ રતિભાઈ!

લોટ છે એ લોટને એમ ને એમ રાખીને રોટલી થાય? એમની પર્યાય જે છે ગોરણું કે એમ રોટલી થાય? તો એ પર્યાયનો અભાવ, નવી પર્યાયનો ઉત્પાદ, તે અભાવમાંથી ઉત્પાદ આવ્યો? અભાવમાંથી ભાવ આવે નહિ. ભાવ એ લોટના કણિયાની તાકાત છે કે પરિણતિ જૂની પર્યાયનો વ્યય કરી અને નવી અવસ્થાના ઉત્પાદપણે પરિણમે છે.

એમ આત્મા એક સમયનો જે પર્યાય વર્તમાન ક્ષયોપશમ જ્ઞાન કે રાગ કે પુણ્ય કે વિકલ્પ જે સમયનો છે તે પર્યાય છે, એને અવલંબે કલ્યાણ-બલ્યાણ થતું નથી. માટે પર્યાયબુદ્ધિ છોડાવી, અંશબુદ્ધિ છોડાવી ત્રિકાળ જે જ્ઞાયક ધ્રુવસ્વભાવે જે પરિણતો એનું અવલંબન કરીને જે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે અને એમાં તપવું એકાગ્રતા થાય એને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ હોય છે, બીજાને હોતું નથી. બીજાને શુભરાગ આદિ થાય. રાગનું મંદ પુણ્યબંધન થઈને સ્વર્ગાદિ જાય, પણ એ અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૪, ગુરુવાર તા. ૦૪-૧૦-૧૯૫૧, ગાથા-૧૦, કળશ-૧૭, પ્રવચન નં. ૪૧૯

આ ૧૦મી ગાથા ચાલે છે. ૯મી ગાથામાં જીવાદિ છ દ્રવ્યનો અધિકાર કહ્યો. ૯મીમાં. એમાં જીવના છ બોલ ઉતાર્યા. એક જીવ અનાદિ-અનંત સંસારી જીવ દસ પ્રાણ વડે કરીને જીવે છે એનો સંગ્રહનય કરીને બધા જીવો એમ જીવે છે જે સંસારભાવે એવા એક જીવની વ્યાખ્યા કરી. એ જીવો વ્યવહારનયે દ્રવ્યપ્રાણે જીવે છે એમ નય ઉતાર્યો. જીવ વ્યવહારનયે પાંચ ઈન્દ્રિયો, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એવા જડના નિમિત્તપ્રાણથી જીવે છે એને વ્યવહાર કહેવાય છે, એમ એ ઉતાર્યું. એમ કરીને જીવની ઓળખાણ આપી. અને તે જ જીવ નિશ્ચય ભાવપ્રાણે નિમિત્ત જડ વિનાના પોતાના સ્વભાવભાવથી પણ એ જીવી રહ્યો છે તેને નિશ્ચયથી જીવ કહ્યો. એમ કરીને એ ત્રણ વર્ણન કર્યું.

ચોથું વર્ણન એમ કર્યું કે આત્મા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયે કેવળજ્ઞાનાદિ ગુણોનો આધાર હોવાથી કાર્યશુદ્ધજીવ છે. કાર્યશુદ્ધજીવ. જીવની કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ અને વીર્ય દશા પ્રગટે એને કાર્યશુદ્ધજીવ કહે છે. વ્યવહાર, શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. કારણ કે પર્યાય નિર્મળ છે, પોતાની છે અને વ્યવહાર એટલે ત્રિકાળ આત્મામાંથી પ્રગટેલી છે એટલે વ્યવહારરૂપ છે, એ કાંઈ ત્રિકાળ નથી. એટલે કેવળજ્ઞાનાદિ પ્રગટેલી દશા જીવને કાર્યશુદ્ધજીવ તરીકે કહ્યો છે. અને વચમાં પછી કહ્યું કે મતિજ્ઞાનાદિ વિભાવગુણો જ્યાં પ્રગટ્યા છે, હજી પૂર્ણ કેવળજ્ઞાનાદિ પ્રગટ્યા નથી એવાને અશુદ્ધજીવ કહ્યો એ અશુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી. અશુદ્ધજીવ કહ્યો, કારણ કે એ સાધક છે. હજી સ્વરૂપનું પૂર્ણ સાધન કરી રહ્યો છે પણ પૂર્ણ કર્યું નથી. પૂર્ણ કર્યું હોય તો કાર્યશુદ્ધજીવમાં જાય છે. અને સ્વભાવનું ભાન કરીને હજી મતિજ્ઞાનાદિ ગુણો પ્રગટ્યા છે પણ એને વિભાવગુણો ગણીને, કેમકે એમાં કર્મના નિમિત્તની હજી અપેક્ષા છે અને જ્ઞાનની પૂર્ણ દશા ઉઘડી નથી માટે એને અશુદ્ધજીવ ગણ્યો છે. કારણ કે મોક્ષમાર્ગી જીવ પણ જીવના વ્યાખ્યાનમાં આવી જવો જોઈએને? ..ભાઈ! જીવ કીધો એમાં બધું આવી જવું જોઈએને.

સંસારી મિથ્યાદષ્ટિ અનાદિ-અનંત રખડનારા, શુદ્ધદશા પ્રગટી એવા કાર્યશુદ્ધજીવ, શુદ્ધદશા પ્રગટી છે પણ હજી પૂર્ણ થઈ નથી એવા અશુદ્ધજીવ અને એના કારણરૂપ જે દ્રવ્ય કારણશુદ્ધજીવ જે અનાદિ-અનંત જીવની સામાન્ય સ્વભાવ શક્તિ ધ્રુવ. કહો, સમજાય છે? ધ્રુવ સદશ્ય શુદ્ધ ચૈતન્યસ્વભાવ એ શક્તિરૂપ જીવ એને કારણશુદ્ધજીવ કહે છે. જીવના આટલા પ્રકાર. એ કારણશુદ્ધ જીવને આશ્રયે કાર્યશુદ્ધજીવ થાય છે. શક્તિરૂપ જે કારણ ત્રિકાળ શુદ્ધ ચૈત્યમૂર્તિ પરમપારિણામિક સ્વભાવભાવરૂપ ચૈતન્ય છે એનું અવલંબન લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને

કાર્ય પૂર્ણશુદ્ધદશા થાય છે. માટે કારણશુદ્ધજીવ ત્રિકાળ શક્તિ સ્વભાવને કહ્યો છે. કાર્યશુદ્ધ જીવ એની પર્યાય પ્રગટી તેને કહ્યો છે. અશુદ્ધ જીવ હજી મતિજ્ઞાનાદિ થોડા પ્રગટ્યા અને પૂર્ણ પ્રગટ્યું નથી એને કહ્યો છે અને અનાદિ મિથ્યાદૃષ્ટિ દસ પ્રાણે જીવન જીવ્યા, જીવે અને જીવશે એની પણ ઓળખાણ આપીને એને બે નયે તો ઓળખાવ્યા. નિમિત્તથી જીવે તો વ્યવહાર, પણ એ વખતે પણ એ નિમિત્તથી નહિ પણ ચૈતન્યથી પણ જીવી રહ્યા છે એનું નામ નિશ્ચય. એમ કરીને એક જીવની વ્યાખ્યા છ બોલે કરીને કરી છે.

પછી તો પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળનું સામાન્ય વર્ણન કર્યું. કારણ કે એનું વર્ણન અજીવ અધિકારમાં ખરેખર આવશે. આમાં તો એક નામમાત્ર (કહ્યું). આ અધિકાર તો જીવ અધિકાર છે. હવે, આ દસમી ગાથામાં જીવનું લક્ષણ ઉપયોગ છે. એ ઉપયોગનું અહીંયાં વર્ણન ચાલે છે. કારણ કે પહેલેથી ઉપયોગ ઉપાડ્યો અહીંથી. જીવ તે આત્મા કહો કે જીવ કહો. એનો જે ઉપયોગમય છે જીવ. ઉપયોગમય છે. એની પર્યાયમય છે. એવા જીવની વ્યાખ્યા અહીંયાં કરે છે. ૧૦મી ગાથા.

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति।।१०।।**
**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

'**અન્વયાર્થ :- જીવ ઉપયોગમય છે.**' એ '**ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે : સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન.**' દર્શનની વ્યાખ્યા પછી આવશે.

'**ટીકા :- અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.**' ઉપયોગનું લક્ષણ કહ્યું છે. આ ઉપયોગના લક્ષણમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન અને ત્રિકાળી જ્ઞાન અને દર્શનનો સ્વભાવ-ઉપયોગ એવા ચૌદનું આમાં લક્ષણ છે. કહો, સમજાય છે કાંઈ? આત્મામાં આ ઉપયોગના ચૌદ ભેદ છે. એક ત્રિકાળી જ્ઞાનસ્વભાવ-ઉપયોગ, એક ત્રિકાળી દર્શનસ્વભાવ-ઉપયોગ અને એક પર્યાયરૂપ ઉત્પાદ-વ્યયવાળો બાર ઉપયોગ. એ ચૌદે ઉપયોગનું લક્ષણ વર્ણવે છે. વ્યાખ્યા જુઓ હવે આ વ્યાખ્યા અલૌકિક. '**અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.**' આ પર્યાયની વ્યાખ્યા છે હોં. આ દ્રવ્ય અને દ્રવ્યનો ત્રિકાળી સ્વભાવ, ધ્રુવ સ્વભાવ ગુણ એની વ્યાખ્યા નથી. આ વ્યાખ્યા પર્યાયની છે. પર્યાયની છે, અવસ્થાની છે.

અહીંયાં જ્ઞાન અને દર્શનના પર્યાયરૂપ, ઉપયોગરૂપ એની વ્યાખ્યા છે. ૧૫(ગાથા)માં આવશે એ શુદ્ધકારણપર્યાય એ તો બધા ગુણોની શુદ્ધ વર્તમાન પર્યાયની વ્યાખ્યા છે. અહીં તો જ્ઞાન અને દર્શનરૂપના ઉપયોગની પર્યાયની જ વ્યાખ્યા છે. આમાં હજી ભેદની વ્યાખ્યા છે. પછી કોને કહેવો પ્રત્યક્ષ અને કોને કહેવો પરોક્ષ ઉપયોગ એ વ્યાખ્યા (પછી કરશે). કોઈને પ્રશ્ન થાય તો કાલે વાત કરી હતી કે ૧૧-૧૨માં સ્વરૂપપ્રત્યક્ષ જે કહેશે, સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ

જ્ઞાનનો ત્રિકાળી એક સમયનો એ જ આ વાત છે. અહીંયાં પ્રત્યક્ષ અને પરોક્ષની વ્યાખ્યા નથી. અહીંયાં તો એના ઉપયોગના ભેદની વ્યાખ્યા છે. પછી ભેદમાં પ્રત્યક્ષ અને પરોક્ષ કોને કહેવા એ ૧૧-૧૨મી ગાથામાં આવશે.

હવે એના ઉપયોગના લક્ષણની વ્યાખ્યા. '**આત્માનો...**' આત્મા વસ્તુ. એનો '**ચૈતન્ય...**' જાણવા-દેખવાનો સ્વભાવ. એ એક જ વાત અત્યારે ઉપયોગાં લીધી છે. ચૈતન્ય સિવાયના બીજા ગુણોની પછી વ્યાખ્યા કરશે. '**આત્માનો ચૈતન્ય-**' જે સ્વભાવ. એને '**અનુવર્તી...**' એને અનુસરીને વર્તનારો '**પરિણામ તે ઉપયોગ છે.**' આ ચૌદેય ઉપયોગની વ્યાખ્યા છે, ભાઈ! હિંમતભાઈ! સમજાય છે કાંઈ? જરી નવી વાત છે. '**આત્માનો ચૈતન્ય...**' જે સ્વભાવ શુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવ ધ્રુવ, ધ્રુવ-ધ્રુવ સામાન્ય-સામાન્ય એને અનુવર્તી, એને અનુસરીને વર્તનારો પરિણામ પર્યાય તે ઉપયોગ છે. એ ચૌદેય ઉપયોગની વ્યાખ્યા એમાં આવી જાય છે. કહો, સમજાણું? આત્માનો જે ત્રિકાળી પરમસ્વભાવમાં રહેલો નિરૂપાધિ સહજજ્ઞાનોપયોગ, સહજજ્ઞાનોપયોગ જે ધ્રુવરૂપ પર્યાય એ પણ ચૈતન્યને અનુસરીને વર્તનારો ધ્રુવ પર્યાય છે. સમજાય છે? અને દર્શનોપયોગ જે એક સમયનો જે પર્યાય એ પણ ત્રિકાળ ચૈતન્યસ્વભાવ તેને અનુસરીને વર્તનારો એક સમયનો ધ્રુવપર્યાયરૂપ ઉપયોગ છે. કારણસ્વભાવરૂપ જ્ઞાન અને કારણસ્વભાવરૂપ દર્શનોપયોગ. એ પણ ચૈતન્યને અનુસરીને વર્તનારો એક-એક સમયનો ત્રિકાળી ઉપયોગ છે. એ ધ્રુવ છે. એને ઉત્પાદ અને વ્યય એમાં નથી. અને કેવળજ્ઞાનાદિ જે બાર ઉપયોગ છે એ પણ ચૈતન્યને અનુસરીને વર્તનારા બાર પર્યાયો છે. એ ત્રિકાળી પર્યાય કે સ્વભાવ ત્રિકાળ ધ્રુવ એને અનુસરીને વર્તનારા બાર પર્યાય છે. એટલે લક્ષણ ચૌદેનું આમાં આવી જાય છે.

'**ઉપયોગ ધર્મ છે,...**' બીજામાં ભાઈ એમ કહ્યું. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. ..ભાઈ! ચૈતન્ય અનુવિધાયી પરિણામ. અહીં ચૈતન્યને વર્તનારો એવી ભાષા લીધી છે. '**ઉપયોગ ધર્મ છે,...**' ધર્મ એટલે કે સ્વભાવ છે કે જે જીવ તેને ધારે છે. સમજાય છે? '**ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે.**' જીવ ત્રિકાળ તેનો ધરનારો ધર્મી છે. ધર્મ છે એટલે? આ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એની અહીં વ્યાખ્યા નથી. અહીં તો ધર્મ નામ એનો એ પર્યાય છે. ઉપયોગ તે પર્યાય છે. પર્યાય નામ અવસ્થા છે. અવસ્થા નામ એક ધ્રુવ પર્યાય અને એક ઉત્પાદવ્યયવાળી પર્યાય ઉપયોગની, જ્ઞાનદર્શનની, બેય એ જીવની પર્યાયરૂપ ધર્મ છે. એટલે કે જીવે તેને ધારી રાખ્યો છે. એ બાર ઉપયોગ અને ત્રિકાળી દર્શન-જ્ઞાનોપયોગ એ જીવે ધાર્યો છે. એ કર્મને લઈને કે કર્મના અભાવને લઈને કે સંયોગને લઈને એ છે નહિ.

'**ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે.**' એ જાણવા-દેખવાની પર્યાયનો ધરનાર તે જીવ ધર્મી છે. દૃષ્ટાંત—'**દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.**' દીપક તે ધર્મી છે અને પ્રકાશ તે તેનો ધર્મ છે. એવો એનો સંબંધ છે. એ દીવો પ્રકાશ વિનાનો હોય નહિ.

પ્રકાશ દીવા વિનાનો હોય નહિ. એમ આત્મા ચૌદ ઉપયોગ વિનાનો હોય નહિ. ચૌદમાંથી ગમે તે (હોય). અને ચૌદમાંથી બે તો કાયમ હોય. દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ એ ત્રિકાળી તો કાયમ બધા જીવને હોય. હવે બારમાં ફેર છે. અમુક કોઈને એની યોગ્યતા પ્રમાણે કાર્યશુદ્ધ અને એકલો કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય, નીચામાં અશુદ્ધને ચાર જ્ઞાન આદિ હોય, અજ્ઞાનીને ત્રણ અજ્ઞાન હોય, દર્શનમાં પૂર્ણ અને કેવળદર્શન અને નીચેમાં કોઈને ચક્ષુ-અચક્ષુ બે હોય, અને કોઈને ચક્ષુ, અચક્ષુ અને અવધિ એમ ત્રણ હોય. પણ એ ઉપયોગ જે છે એ વિનાનો જીવ ન હોય, જે ઉપયોગ હોય તે અને એ જીવ વિનાનો એ ઉપયોગ હોય નહિ. એવો એનો સંબંધ છે. '**દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.**' એટલે બાર ઉપયોગ અને બે જે ત્રિકાળી કોઈને કારણે થયા નથી, કોઈને કારણે રહ્યા નથી, કોઈને કારણે એ વધતા નથી. એ ચૈતન્યને જ ચૈતન્યે ધારી રાખ્યા છે. કહો, સમજાય છે કાંઈ? '**દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.**' ઓહો..હો..! પદ્મપ્રભમલધારીદેવે ટીકા પણ અલૌકિક કરી નાખી છે, જુઓ!

'**જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે...**' પહેલી વ્યાખ્યા સાધારણ ઉપયોગની કરી. ચૈતન્યને અનુવર્તી, અનુસરીને વર્તનારો પરિણામ એને ઉપયોગ કહે છે. એ સામાન્ય એક પ્રકાર કહ્યો. હવે એના બે પ્રકાર. '**જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે (અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ). આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે...**' હવે જ્ઞાનનો જે પર્યાય ઉપયોગરૂપ એના પણ એક સ્વભાવ 'ઉપયોગ અને એક વિભાવ' ઉપયોગ. એમ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે. જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે. '**તેમાં સ્વભાવજ્ઞાન...**' સ્વભાવજ્ઞાન. એના ભેદ પછી પાડશે. હજી તો અહીં જ્ઞાનોપોયગના બે પ્રકાર—એક સ્વભાવ- જ્ઞાનોપયોગ, એક વિભાવજ્ઞાનોપયોગ.

હવે, '**તેમાં સ્વભાવજ્ઞાન...**'ના ભેદ પછી પાડશે. પણ એનું પહેલું લક્ષણ જ વર્ણવી નાખે છે. '**તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત,...**' છે. '**અવ્યાબાધ,...**' વિઘ્ન વિનાનું છે, '**અતીન્દ્રિય...**' ઇન્દ્રિયના અવલંબન વિનાનું છે. '**અવિનાશી છે;...**' નાશ ન થાય એવું છે. સ્વભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ. '**તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે...**' હવે ઝીણી વાત આવી. હવે સ્વભાવજ્ઞાનનો પર્યાય ચૈતન્યને અનુસરીને વર્તનારી પર્યાય એના પણ બે પ્રકાર છે. એક કાર્યરૂપ સ્વભાવ-ઉપયોગ, એ કારણરૂપ સ્વભાવ-ઉપયોગ. કહો, સમજાણું? '**(અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન).**' પહેલાં ઉપયોગ કહ્યો પછી એના બે ભેદ જ્ઞાન અને દર્શન કહ્યા, પછી જ્ઞાનના બે ભેદ પાડ્યા—સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. પછી સ્વભાવજ્ઞાનના બે ભેદ--કારણસ્વભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન. આ બધી પર્યાયની વાત ચાલે છે. આ બધા

ઉપયોગરૂપ પરિણમનની વાત ચાલે છે. આ ત્રિકાળી દ્રવ્ય અને ગુણ જે છે શક્તિ એની વાત નથી. સમજાય છે?

આત્મા અને આત્માની ત્રિકાળી જ્ઞાન-દર્શન શક્તિઓ. જ્ઞાન, દર્શન ત્રિકાળી શક્તિઓ, એમ નહિ. એ શક્તિ જે ગુણ છે તેને અનુસરીને વર્તમાન જે ધ્રુવ જ્ઞાન ને દર્શનનો કારણસ્વભાવરૂપ કે દર્શનસ્વભાવરૂપ જે ઉપયોગ અને બાહ્ય બાર ઉપયોગ. દર્શનના ચાર અને જ્ઞાનના આઠ. સમજાય છે? એમાં કહે છે કે સ્વભાવજ્ઞાન જે છે એના બે પ્રકાર છે. કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન. કાર્યસ્વભાવજ્ઞાન એ તો અમૂર્ત છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ વગેરે. અહીં તો કેવળજ્ઞાનની વ્યાખ્યા લેવી છેને એકલી. કેવળજ્ઞાન એ પણ અમૂર્ત છે, અવ્યાબાધ છે, વિઘ્ન વિનાનું છે, અતીન્દ્રિય છે, અવિનાશી છે. અને જે ત્રિકાળી જ્ઞાન આત્માને જ્ઞાનગુણનો વર્તમાન પર્યાયરૂપ સ્વભાવ કારણ-ઉપયોગ, સ્વભાવ કારણ-ઉપયોગ એ પણ અમૂર્ત છે, અવ્યાબાધ-જેને કોઈ વિઘ્ન છે નહિ, અતીન્દ્રિય છે અને અવિનાશી છે. કહો, સર્વજ્ઞ સિવાય આ જીવનું આવું સ્વરૂપ ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય હોઈ શકે નહિ. તેથી આ વ્યવહારસમકિતીને વ્યવહારજ્ઞાન કરાવવા વાત કરે છે. આવું જેને વ્યવહારે પણ જ્ઞાનની 'હા' નથી એને સમ્યક્ નિશ્ચય થતું નથી. કહો, સમજાય છે કાંઈ?

આ જીવ તો કહે, પણ આત્મા એનો વળી જાણવા-દેખવાનો ગુણ, એનો વળી જાણવા-દેખવાનો ઉપયોગ, એ જાણવા-દેખવાના ઉપયોગના પણ બે ભેદ, સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. સ્વભાવજ્ઞાનના પણ બે ભેદ કારણસ્વભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન. આ વ્યાખ્યા આ પૂરા સ્વરૂપ વિના જીવ પૂરો થાતો નથી. કહો, સમજાય છે? આવો જીવ જ્યાં સુધી એના લક્ષમાં અને જ્ઞાનમાં વ્યવહારે પણ શાસ્ત્ર જે કહે છે એ વાત એના ખ્યાલમાં આવો જીવ છે એમ ન આવે તો એનું વ્યવહારજ્ઞાન પણ સાચું થાતું નથી. એટલે આ તો વ્યવહાર સમકિતની વ્યાખ્યામાં આ વાત લીધી છે. વ્યવહારસમકિતની વ્યાખ્યામાં. આપ્તપુરુષની શ્રદ્ધા. આપ્ત નામ સર્વજ્ઞ વગેરે ભગવાન, એમના કહેલી વાણી દિવ્યધ્વનિરૂપ આગમની શ્રદ્ધા અને આગમે કહેલા તત્ત્વાર્થોની શ્રદ્ધા એનું નામ વ્યવહારસમકિત એટલે પુણ્ય પરિણામનું કારણ કહ્યું છે. હજી એ ધર્મ નહિ.

એ તત્ત્વાર્થના ભેદમાં જીવ તત્ત્વાર્થની વ્યાખ્યા લીધી છે. એ તત્ત્વાર્થમાં જીવતત્ત્વ. પદ્મપ્રભમલધારીદેવે તત્ત્વાર્થના ટીકામાં તો સાત તત્ત્વો અને નવ પદાર્થ લીધા છે. કુંદકુંદાચાર્યે તો તત્ત્વાર્થના ભેદમાં છ દ્રવ્ય લીધા છે. એમાં એ સાત તત્ત્વ અને નવ એમાં સમાઈ જાય છે. સાત તત્ત્વ અને નવ પદાર્થ એમાં સમાઈ જાય છે. અહીંયાં છ દ્રવ્યને તત્ત્વાર્થ કહ્યા છે. એમાં એક જીવ પોતે તે તત્ત્વાર્થ છે. તત્ત્વ નામ ભાવવાળો એ પદાર્થ છે. જીવતત્ત્વ નામ ભાવવાળો એ અર્થ નામ પદાર્થ છે. એ ભાવવાળો જે અર્થ નામ પદાર્થ છે એમાં જે ત્રિકાળી જે ભાવો છે જ્ઞાન, દર્શન, આદિ એ ગુણ છે અને તત્ત્વાર્થનું વર્તમાન જ્ઞાન

અને દર્શનનો જે વર્તમાન કારણસ્વભાવ જે ત્રિકાળ ઉપયોગ છે એ પણ જીવનો તત્ત્વ ભાવ છે, એ જીવનો તત્ત્વરૂપ ભાવ છે. એ તત્ત્વનો ભાવ પૂરો ન થાય તે અર્થ નામ જીવ પૂરો થાતો નથી. કહો, સમજાય છે કાંઈ?

એટલે કહ્યું કે જીવ એનો જે ઉપયોગ. ઓલામાં તો જીવનું વર્ણન હતું. હવે એનો ઉપયોગ, એનો સ્વભાવ. ઉપયોગના ભેદ પાડીને જ્ઞાનના ઉપયોગના ભેદ (કહે છે). સ્વભાવજ્ઞાનપર્યાય, વિભાવજ્ઞાનોપયોગપર્યાય, સ્વભાવજ્ઞાનપર્યાયના બે ભેદ—એક કારણસ્વભાવ જ્ઞાનોપયોગ પર્યાય, એક કાર્યસ્વભાવજ્ઞાનોપયોગરૂપી પર્યાય. અહીં જ્ઞાન, દર્શનની પર્યાયનું વર્ણન ચાલે છે. આગળ શુદ્ધ કારણપર્યાયમાં તો બધા ગુણોની પર્યાય લેશે. અહીં તો ઉપયોગની પર્યાયની વ્યાખ્યા છે. કહો, સમજાય છે કાંઈ? કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન.

**'કાર્ય તો સકળવિમળ કેવળજ્ઞાન છે...'** ભગવાન આત્મા એને જે કેવળજ્ઞાન છે... અહીં તો છે-છેની જ વાત લીધી છે. કેવળજ્ઞાન જે હોય એ ચૈતન્યને અનુસરીને વર્તનારો પરિણામ છે. એ કેવળજ્ઞાન કોઈ નિમિત્તને લઈને થયું નથી. નિમિત્ત નામ સંહનન સારું હતું, મનુષ્યનો દેહ હતો, વીતરાગની વાણી સાંભળતો માટે કેવળજ્ઞાન છે એમ છે નહિ. એ કેવળજ્ઞાન ચૈતન્ય-અનુવર્તી પરિણામ છે. એ ચૈતન્ય નામ સામાન્ય ત્રિકાળ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ, શક્તિ, જ્ઞાન-દર્શન કાયમ એનો જે જ્ઞાનશક્તિગુણ કાયમ એને અનુસરીને વર્તતો કારણસ્વભાવ ઉપયોગ, એને અનુસરીને વર્તતો કાર્યસ્વભાવ ઉપયોગ. કહો, સમજાય છે કાંઈ? લ્યો, અહીં તો કેવળજ્ઞાન થાય એમ કહ્યું. સકળવિમળ કેવળજ્ઞાન છે. એ કેવળજ્ઞાનની વ્યાખ્યા માથેથી લઈ લેવી. ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે કેવળજ્ઞાનોપયોગ છે. એ કેવળજ્ઞાન કોઈ નિમિત્તથી થયું નથી, નિમિત્તને લઈને વર્તતું નથી. એ કેવળજ્ઞાન કોઈ રાગને લઈને વર્તતું નથી. એ કેવળજ્ઞાન પૂર્વની પર્યાયને લઈને ચાર જ્ઞાનનો અભાવ થયો માટે વર્તમાન છે એમ પણ વર્તતું નથી. એ કેવળજ્ઞાનની જે એક એક સમયની પર્યાય એને લઈને બીજા સમયની પર્યાય વર્તતી નથી. હિંમતભાઈ! ભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ? અહીં વ્યાખ્યા શું બાંધી છે પહેલી?

**'આત્માનો ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે.'** કેવળજ્ઞાન એક-એક સમયના કાર્ય-ઉપયોગની અત્યારે વ્યાખ્યા ચાલે છે. સ્વભાવરૂપ કાર્ય-ઉપયોગ. જીવનો સ્વભાવરૂપ ઉત્પાદ, જેમાં પર્યાય નવી-નવી થાય છે એવા સ્વભાવરૂપ કાર્યઉપયોગ એની વ્યાખ્યા, ચૈતન્ય-અનુવર્તી પરિણામ. એ ત્રિકાળ જ્ઞાનને અનુસરીને વર્તતો કેવળજ્ઞાનોપયોગ છે. એ કેવળજ્ઞાનોપયોગ કેવળજ્ઞાનને અનુસરીને પણ વર્તતો છે નહિ. કહો, સમજાય છે કાંઈ? છોટાભાઈ!

અહીં તો ઉપયોગની વ્યાખ્યા કરવી છેને. કેવળજ્ઞાનરૂપી વેપાર, આત્માનો ઉપ નામ સમીપનો જે વેપાર એ કેવળજ્ઞાન વર્તમાનમાં ત્રિકાળી જ્ઞાનને, ત્રિકાળી જ્ઞાનગુણ અને ત્રિકાળી જ્ઞાનસ્વભાવ કારણરૂપ ઉપયોગ એને અનુસરીને તે પરિણામ વર્તી રહ્યા છે. નિમિત્તને લઈને નહિ, વિકારને લઈને નહિ, પૂર્વની પર્યાય ચાર જ્ઞાનનો નાશ થયો માટે કેવળ થયું એમ પણ નહિ. અને

હવે કેવળજ્ઞાન સમયે સમયે વર્તી રહ્યું છે એ પણ પૂર્વનું કેવળજ્ઞાન છે માટે વર્તી રહ્યું છે એમ પણ નથી. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- કારણને... ગુણને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ ગુણને કારણપર્યાયને અનુસરીને વર્તી રહ્યું છે. ત્રિકાળ ગુણ અને ત્રિકાળ જે કારણ સ્વભાવોપયોગ એને અનુસરીને વર્તી રહ્યું છે. કેવળજ્ઞાન એને અનુસરીને વર્તી રહ્યું છે. ..ભાઈ! કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ગુણને નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુણ અને પર્યાય બેય લેશે. કહો, સમજાય છે?

અહીં કાર્યઉપયોગ, કાર્ય જે ઉપયોગ છે એ ત્રિકાળી ચૈતન્યને અનુવર્તીને વર્તનારો જ્ઞાનસ્વભાવરૂપ કારણ-ઉપયોગ છે અને એને એ બેયને અનુસરીને વર્તનારો કેવળજ્ઞાનોપયોગ છે. કારણ કે એમાંથી-એમાંથી વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... સામાન્ય વિશેષ... સામાન્ય વિશેષ... એમાંથી નીકળતો કેવળજ્ઞાન પર્યાય વર્તી રહ્યો છે. પૂર્વની પર્યાય કેવળજ્ઞાન તેમાંથી બીજો સમય વર્તી રહ્યો છે એમ પણ છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે અત્યારે અહીંયાં. .. રાત્રે આથી વધારે. કહો શું? કહો, સમજાય છે કાંઈ?

એ પર્યાય જ્ઞાનગુણ અને જ્ઞાન કારણધ્રુવપર્યાયની કારણપર્યાયમાંથી પ્રગટેલી પર્યાય છે. ત્રિકાળ ધ્રુવ કારણપર્યાય અને ધ્રુવગુણ એમાંથી પ્રગટેલી આ કાર્યકેવળજ્ઞાનરૂપી પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય થાય નહિ એ બીજો પ્રશ્ન છે. આ તો ત્રિકાળી કારણરૂપ જે સ્વભાવ કારણ-ઉપયોગ ત્રિકાળ એક સમયનો છે એમાંથી પ્રગટેલો કાર્ય-ઉપયોગ છે, એ તો ધ્રુવ છે. એ કારણ-ઉપયોગ અને ત્રિકાળી જ્ઞાન-દર્શન શક્તિ બેય થઈને ધ્રુવ છે. એટલે કે બેય થઈને સામાન્ય-વિશેષ ઉપયોગ, સામાન્ય-વિશેષ એ જ્ઞાન-દર્શન એ ત્રિકાળ છે. સમજાય છે? એમાં વિશેષ તેને અહીંયાં ઉપયોગ, કારણસ્વભાવ-ઉપયોગ કહે છે અને એમાંથી પ્રગટેલા કેવળજ્ઞાન અને કાર્યસ્વભાવોપયોગ કહે છે. ઓહો..હો..!

**શ્રોતા** :- પ્રગટેલી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રગટેલી. અહીં કેવળજ્ઞાનની વાત ચાલે છેને. કહો, સમજાય છે કાંઈ? જુઓ, આવો જીવ હજી તો જાણે ત્યારે એ જીવનું એને જ્ઞાન વ્યવહારે સાચું થયું કહેવાય. આ જીવમાંથી આડોઅવળો માને તો જીવ છે એમ એની જ્ઞાનમાં, પ્રતીતમાં વ્યવહારે પણ આવતું નથી. જુઓ, આ વસ્તુનો સ્વભાવ. જીવરૂપી તત્ત્વાર્થ, જીવરૂપી તત્ત્વાર્થ. જીવરૂપી અર્થ નામ પદાર્થનું તત્ત્વ. એ તત્ત્વનો જ્ઞાનગુણ પણ એનું તત્ત્વ, એનો કારણસ્વભાવરૂપ

ઉપયોગરૂપી પણ તત્ત્વ, પ્રગટેલો કાર્ય-ઉપયોગ પણ એનું તત્ત્વ છે. આ સહિત આત્મા સિદ્ધને ઓળખવા હોય તો આ રીતે ઓળખવા જોઈએ. એમાંથી એક પણ ઓછું હોય તો એ સિદ્ધને ઓળખતો નથી. કહો, સમજાય છે કાંઈ?

સિદ્ધદેવ-સિદ્ધદેવ, સિદ્ધ ભગવાન એ કેવા છે? કે જે ત્રિકાળ એનો આત્મા, એની ત્રિકાળી જ્ઞાન-દર્શનશક્તિ, એની એક સમયની ધ્રુવ કારણસ્વભાવરૂપ ઉપયોગની પર્યાય એમાંથી પ્રગટેલો કાર્યસ્વભાવરૂપ કેવળજ્ઞાનોપયોગ. આ કબુલે ત્યારે એ સિદ્ધને કબુલ્યો કહેવાય. સિદ્ધને કબુલ્યો અને દેવનો જીવ આવો હોય એને કબુલ્યો કહેવાય. જીવના દ્રવ્ય, ગુણ અને પર્યાય. તેથી પ્રવચનસારમાં કહ્યુંને,

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

ભગવાન અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય જેણે બરાબર જાણ્યા એના પોતાના જ્ઞાન સન્મુખ થઈને વળે અને એનો મોહ નાશ થયા વિના રહે નહિ. કહો, સમજાય છે?

અહીંયાં તો કાર્યસ્વભાવજ્ઞાનની વ્યાખ્યા ચાલે છે. '**કાર્ય તો સકળવિમળ કેવળજ્ઞાન** છે...' પણ એ કેવળજ્ઞાન ચૈતન્યને અનુસરીને વર્તનારા પરિણામ છે. ચૈતન્યને અનુસરીને વર્તનારો. સમજાય છે? તો એમાં એ ચૈતન્ય જ્ઞાન પણ આવ્યું અને ચૈતન્યની વર્તમાન પર્યાયને અનુસરીને કેવળજ્ઞાન વર્તી રહ્યું છે. કહો, સમજાય છે? '**અને તેનું કારણ...**' કાર્ય કેવળજ્ઞાન. જુઓ, અરિહંતનું કેવળજ્ઞાન કે સિદ્ધ ભગવાનનું કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાનને કાર્યસ્વભાવ ઉપયોગરૂપી પર્યાય વર્ણવી છે. એનું કારણ કોણ? એનું કારણ તો પર્યાય લે છે અહીંયાં. ભાઈ! એ પર્યાયનું કારણ ઓલો ગુણ છે અને આ કાર્યનું કારણ પર્યાય છે.

'**તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળ નિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.**' કેવળજ્ઞાનરૂપી જે કાર્ય, સ્વભાવ ઉપયોગ જે થયો એનું કારણ પરમપારિણામિકભાવે રહેલું. જુઓ, ઓલો પર્યાય જે છે કારણસ્વભાવજ્ઞાનોપયોગ એ પરમપારિણામિક સ્વભાવે રહેલો છે, કોઈ ઉદય, ઉપશમ, ક્ષાયિકની એને અપેક્ષા નથી. કર્મના ઉદયની એને અપેક્ષા નથી, કર્મના ક્ષયની એને અપેક્ષા નથી, કર્મના ઉપશમ કે ક્ષયોપશમની એને અપેક્ષા નથી. કોને? કારણસ્વભાવરૂપી ઉપયોગ જ્ઞાનની પર્યાયને. સમજાય છે કાંઈ? '**તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું...**' પરમપારિણામિકભાવે રહેલું '**ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન** છે.' કહો, કેવળજ્ઞાનનું, કેવળજ્ઞાનરૂપી ઉપયોગ સ્વભાવ કાર્ય વેપાર વર્તતો તેનું કારણ પરમ પારિણામિકભાવે '**પરમપારિણામિકભાવે રહેલું...**' કોણ? ઓલું કારણસ્વભાવજ્ઞાનોપયોગ. કારણસ્વભાવજ્ઞાનોપયોગરૂપી પર્યાય. ઓહો..હો..! કેમ મોહનલાલજી! આવી વાત ક્યાંય સાંભળી નહિ હોય. નથી સાંભળી. ક્યાંય આવી વ્યાખ્યા નથી.

નિયમસારમાં આવી સ્પષ્ટ વ્યાખ્યા છે. પદ્મપ્રભમલધારી મુનિએ એની સ્પષ્ટ વ્યાખ્યા કરી

છે. જ્યારે લોકો સમજી શક્યા નહિ ત્યારે કહે કે તેણે ટીકા કઠણ કરી છે. એમણે સમુકી ટીકા સ્પષ્ટ કરી છે. વસ્તુનો તત્ત્વાર્થ ભાવ પદાર્થ અને તત્ત્વ જે છે એનું જે સ્વરૂપ છે એને સ્પષ્ટ કરી નાખ્યું છે. સમજનારને સમજતા ન આવડે માટે 'એણે કઠણ કર્યું' એમ આરોપ દેવો એ અપાત્રતાના લક્ષણ છે. પણ શું કહેવા માગે છે એ અમારા ખ્યાલમાં વાત આવતી નથી. એમ શી રીતે... મારા પોતાના જ્ઞાનમાં પાત્રતાની લાયકાત ઓછી છે માટે સમજાતું નથી. માટે, એમણે તો જે કહ્યું સ્પષ્ટ તત્ત્વાર્થને વ્યક્ત પ્રગટ કરી નાખ્યું છે.

જીવ તત્ત્વાર્થ કેવો હોય? જીવરૂપી તત્ત્વ એટલે કે અર્થ, પદાર્થ અને એનો જે તત્ત્વ ભાવ કેવો હોય એને પ્રગટ કરી નાખ્યો છે. આવો જીવ જે તત્ત્વાર્થરૂપ છે એને માને, જાણે ત્યારે એ વ્યવહારજ્ઞાન થયું કહેવાય. ત્રિકાળ ચૈતન્યનું અવલંબન લઈને પ્રગટ પર્યાય કરે ત્યારે સમ્યગ્દર્શન ધર્મ થાય. કહો, હજી તો જીવ કેવો એની પણ એને ખબર ન મળે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય આ બધા જીવ. અને પર્યાપ્ત અને અપર્યાપ્ત એ તો ક્યાંય નથી. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એવા તો ઘણાં લાકડા પડ્યા છે અંદર. નીકળી જાય ત્યારે આ સમજાય એવું છે, નહિતર સમજાય એવું નથી. કહો, સમજાય છે કાંઈ?

એ કેવળજ્ઞાન જેનો એક સમયનો ઉપયોગ ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ જાણવારૂપી કાર્ય એ સ્વભાવકાર્ય-ઉપયોગ. એ કેમ પ્રગટ્યો? કહે છે. કે ત્રિકાળ જે કારણ પારિણામિકસ્વભાવભાવે રહેલો કારણપર્યાય-ઉપયોગ એનાથી એ કાર્યસ્વભાવ-ઉપયોગ પ્રગટ્યો છે. કહો, ઓલું તો વર્તતું કીધું અને હવે એને કારણે, તેના કારણની વાત છે. એને કારણે એ વર્તી રહ્યું છે.

ત્રિકાળ આત્મા વસ્તુ એનો જ્ઞાન, દર્શન, ત્રિકાળ ગુણ એની એક સમયની નિરૂપાધિક પારિણામિકભાવે રહેલી, કારણસ્વભાવજ્ઞાનોપયોગરૂપી પર્યાય એનાથી આ કાર્યસ્વભાવરૂપ ઉપયોગ પર્યાય વર્તી રહી છે. લ્યો, કોક કહે કે ભાઈ! કાળને લઈને વર્તી રહી છે. હિંમતભાઈ! કાળ ન હોય તો પરિણમન ન હોય. અહીં તો કાળને સંભાર્યું નથી. આ તો સ્વતંત્ર વાત કરે છે. કાળ હોય તો પરિણમન થાય, નહિતર પરિણમન થાય નહિ. એ તો નિમિત્તને સાબિત કરવાની વ્યાખ્યા છે. શું કોઈના પરિણમનની પર્યાય કોઈને લઈને છે? એના પોતાના નિશ્ચય કેવળજ્ઞાનની પર્યાયને લઈને પણ કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ વર્તતો નથી. એનું વર્તમાને વર્તમાન જે વર્તે છે વસ્તુ અનંતગુણનો પિંડ એમાં જ્ઞાન, દર્શન જે શક્તિ ત્રિકાળ એનો જ્ઞાન જે ઉપયોગ વર્તમાન ધ્રુવ ત્રિકાળ એની સાથેનો કાર્ય-ઉપયોગ વર્તી રહ્યો છે. વર્તમાને વર્તમાન વર્તી રહ્યા છે.

**શ્રોતા** :- વર્તમાન એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વર્તમાને. પણ વસ્તુ તે વસ્તુ તે વર્તમાન હોય કે વસ્તુ તે ભૂતની

પર્યાય ગઈ હવે અભાવની વાતને સંબંધ શો? કહો, સમજાય છે કાંઈ?

કેવળજ્ઞાન જે કાર્યસ્વભાવજ્ઞાન છે એવું જ આ કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળ નિરૂપાધિરૂપ, ત્રિકાળ નિરૂપાધિરૂપ. લ્યો! છે એક સમયનો પર્યાય કારણસ્વભાવજ્ઞાન, પણ એ રીતે ત્રિકાળ. એવો ને એવો નિગોદથી સિદ્ધમાં આદિ બધાયને. નિગોદના જીવથી સિદ્ધને બધાયને. કારણસ્વભાવ ચૈતન્યનો ઉપયોગરૂપ ધ્રુવપર્યાય, પરમપારિણામિકભાવે રહેલી એ ત્રિકાળ નિરૂપાધિરૂપ સહજજ્ઞાન છે. એને કોઈ કર્મની અપેક્ષા કે કર્મના ભાવની અપેક્ષા રહેતી નથી. કર્મની અપેક્ષાનો ઉદય અને કર્મના અભાવનો ક્ષાયિક અને કર્મની કાંઈક મંદતા અમુક જાતની એનો ઉપશમ, અને ક્ષયોપશમની અપેક્ષા આમાં આવતી નથી. કહો, સમજાય છે કાંઈ? ઓહો..હો..! જીવ જુઓ તો ખરા. એક જીવ. છ દ્રવ્યમાંથી જીવદ્રવ્ય આવું. નવ તત્ત્વમાંથી જીવતત્ત્વ આવો. આવો જીવતત્ત્વ હજી એને જાણવામાં ન આવે એને ઓલા આઠ તત્ત્વો પુણ્ય-પાપ આદિ કે અજીવ આદિ બરાબર સમજવામાં આવે નહિ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહ્યું કે જે કેવળજ્ઞાન સકળવિમળ સર્વથા. ઓહો..હો..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ પ્રત્યક્ષ સકળપ્રત્યક્ષરૂપે જાણે. '**તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.**' આ જ્ઞાન ત્રિકાળ નિરુપાધિ એટલે ઉપયોગરૂપી પર્યાયનું વર્ણન ચાલે છે. જેને ૧૧-૧૨મી ગાથામાં સ્વરૂપપ્રત્યક્ષ કહેશે. અહીંયાં જે આ શબ્દ વાપર્યો છે એને જ આગળ ૧૧-૧૨મી ગાથામાં સ્વરૂપપ્રત્યક્ષ (કહેશે). અહીંયાં ફક્ત જ્ઞાનનો કારણસ્વભાવ-ઉપયોગરૂપી ભેદ પાડીને સમજાવ્યું છે. પછીની ગાથામાં એ સ્વરૂપપ્રત્યક્ષ એટલે જે વર્તમાન સ્વભાવ કારણપર્યાય-ઉપયોગ છે એ આખા સ્વરૂપે પ્રત્યક્ષ કરનારી શક્તિવાળું છે. એટલે સ્વરૂપપ્રત્યક્ષ જ છે. જાણવું નવું એ તો કેવળજ્ઞાનમાં છે. આ તો ત્રિકાળ સ્વરૂપ પ્રત્યક્ષરૂપે એ પર્યાય પડ્યો છે. ઓહો..હો..! આ વળી સ્વરૂપ પ્રત્યક્ષ! કેવળજ્ઞાન નહિ હોં. કેવળજ્ઞાન તો સકળપ્રત્યક્ષમાં લેશે. આ પર્યાયને ત્રિકાળ નિરુપાધિરૂપ, વસ્તુ આત્મા, એનો જ્ઞાનદર્શનગુણ, એની સાથે અનંતા ગુણોની પર્યાય. અને એનો જે જ્ઞાનગુણ એનો વર્તમાન કારણસ્વભાવપર્યાય ઉપયોગ એ સ્વરૂપપ્રત્યક્ષ છે. આખા સ્વરૂપને પ્રત્યક્ષવાળું જ એ .. છે. કોઈ દિ' પરોક્ષ કે ભેદ એમાં છે નહિ. આવો ભગવાન ચૈતન્ય પરમપારિણામિકભાવે બિરાજી રહ્યો છે.

લ્યો, આ જરી વેદાંત જેવું લોકોને લાગે. આ વસ્તુ એવી અખંડ છે અને છતાં એનામાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકરૂપ પર્યાય છે તે સંસાર, મોક્ષ અને મોક્ષનો માર્ગ છે. આ વાત વેદાંતમાં હોઈ શકે નહિ. કહો, સમજાય છે? તેમ આ વસ્તુને અનંતાગુણો અને જ્ઞાન અને ગુણ ને એનો વર્તમાન ધ્રુવપર્યાય એ પણ એમાં હોઈ શકે નહિ. અને જે આ તે જ્ઞાનગુણનો સ્વભાવ કારણ-ઉપયોગ એક સમયનો પર્યાય ત્યાં જો ન હોય તો, તે જ્ઞાનગુણવાળું દ્રવ્ય અને જ્ઞાનગુણનો ગુણ એવી એની એક સમયની ધ્રુવ કારણ કાયમની

પર્યાય જો ન હોય તો એ ગુણનો અભેદ અને ગુણ પારિણામિકભાવે વિશેષ અને સામાન્યરૂપે અખંડ સાબિત થતો નથી. સમજાય છે? એમાં કેવળજ્ઞાન ને મતિજ્ઞાન ને એ બધા ભેદો તો અપેક્ષિત છે, એકરૂપ નથી. એકરૂપ પર્યાય આમાં જો સાબિત ન થાય તો જ્ઞાનગુણ આખો સાબિત થતો નથી. જ્ઞાનગુણ સાબિત ન થતાં જીવદ્રવ્ય સાબિત થતું નથી. કહો, સમજાય છે કાંઈ? ભારે ઝીણો વિષય. પ્રેમચંદભાઈ!

જુઓ, આ વસ્તુસ્થિતિ આ સર્વજ્ઞના ઘરની. જે વસ્તુ સમજણ અને જ્ઞાનથી જે માપ અને જ્ઞેય થઈ શકે એને બીજા વડે કરીને માપ કરવા માગે છે એ માપ થઈ શકે એવું નથી. એ જ્ઞાન વડે જ જ્ઞેય પોતાનું તત્ત્વાર્થ કેવું છે એ જાણી શકાય છે. બાકી બીજા કોઈ વિકલ્પથી કે નિમિત્તથી કે સંયોગથી જાણી શકાય એવું તત્ત્વ નથી. કહો, સમજાય છે કાંઈ?

કેવળજ્ઞાનરૂપી કાર્યસ્વભાવજ્ઞાન એનું કારણ પરમપારિણામિકભાવે રહેલું. ઓહો..હો..! જુઓ, પદ્મપ્રભમલધારિદેવને પણ એ વખતે જંગલમાં આનંદમાં મશગુલ રહીને જે વિકલ્પ ઉઠ્યો ટીકા કરવાનો, આ ટીકાની તરફ પરમાગમની પુષ્ટી થાય એ તરફ અમારો વિકલ્પ રહ્યા કરે છે. એમ પહેલું આવ્યું હતું. અમારો વિકલ્પ હમણાં એ તરફ રહ્યા કરે છે. કાંઈ અમે એના કર્તા-ફર્તા નથી, પણ વિકલ્પની લાગણી જ આ તરફ વળ્યા કરે છે તો અમે જાણીએ છીએ કે આ કાંઈક ટીકા થવાની લાગે છે. અમે એના કર્તા નથી. કહો, સમજાણું કાંઈ? એ તો પરમાણુના પુદ્ગલનો જે પર્યાયનો કાળ હતો તે ટાણે આ ટીકા રચાઈ ગઈ છે. એનો વિકલ્પ પણ કર્તા નથી અને વિકલ્પનો કર્તા આત્માનો સ્વભાવ પણ નથી. એમાં આ વાત લખાઈ ગઈ છે. ઓહો..હો..!

અહીંયાં તો હજી આમ કરીએ તો આમ થાય, આ દયા પાળીએ તો આમ થાય અને આવા આહાર-પાણી ખાઈએ તો આમ થાય. ભગવાન ક્યાં અટક્યો હજી તો. હજી તો એને આમ વળવાનું ઠીક છે એ બેસતું નથી. હજી તો આમ વળવું બહારમાં તો ઠીક પડે એમ બેઠું છે. એને સ્વભાવકારણ-ઉપયોગ, સ્વભાવકાર્ય-ઉપયોગ, એ સ્વભાવકાર્ય-ઉપયોગ સ્વભાવકારણ-ઉપયોગથી પ્રગટે, એ વ્યવહાર ને નિમિત્તથી અને કોઈથી પ્રગટે નહિ એ વાત એને રુચવાને કેટલો પુરુષાર્થ જોઈએ છે, એ વિના સમજાય એવું નથી. સમજાય છે કાંઈ?

**'તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.'** કોઈ અપેક્ષા જ નથી જેને. એવો જ્ઞાનરૂપ ધ્રુવ ઉપયોગ પર્યાય ત્રિકાળ ઉપાધિ વિનાનો એકરૂપ પરિણામ વર્ત્યા કરે છે. એને કારણસ્વભાવ-ઉપયોગ કહે છે. લ્યો, અહીં સુધી તો વાત કાલે આવી હતી. **'કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે :'** કેવળ વિભાવરૂપ જ્ઞાન એમ ભાષા વાપરી છે. કારણ કે ઓલા સમ્યક્ વિભાવ કહેશે. સમ્યગ્જ્ઞાનરૂપી વિભાવ. આ તો કેવળ વિભાવ એટલે મિથ્યાદષ્ટિના. તે **'જ્ઞાનો ત્રણ છે : કુમતિ, કુશ્રુત અને વિભંગ.'** એની દૃષ્ટિ ફેર છે. લક્ષણ તો એક છે ચૈતન્યને અનુસરીને વર્તનાર પરિણામ છે. રુચિમાં ફેર છે

કે આ રાગ તે હું. બાકી એનો પર્યાય તો સ્વને અનુસરી થાય છે. માને છે કે પરને અનુસરીને થાય છે. એ માન્યતા ફેર છે. કહો, સમજાણું?

**'કેવળ વિભાવરૂપ જ્ઞાનો...'** જ્ઞાન શબ્દે અહીંયાં પર્યાય લીધી છે. સમજ્યાને? કેવળ વિભાવ ઉપયોગરૂપી પર્યાય એ ત્રણ છે—કુમતિ, એ છે તો ચૈતન્યને અનુસરીને વર્તનારો પરિણામ, છતાં એને નિમિત્ત ને પૂર્વ રાગ કાંઈક પર્યાય હતી તો પ્રગટી એમ એની પર્યાયબુદ્ધિ છે. કાંઈ નિમિત્ત હતું તો થયું, આ વિકલ્પ ઉઠ્યો તો થયું, પૂર્વે કાંઈક ભણ્યા હતા થોડાઘણાં શાસ્ત્રો તો એને વર્તમાન પર્યાય પ્રગટ થાય છે એમ એને વર્તમાન સ્વતંત્રતાની સાબિતી ન કરતા પરને લઈને, રાગને લઈને, પુણ્યને લઈને આદિ થાય છે એમ માને, માટે તે જ્ઞાનને કુમતિ ઉપયોગ, કુશ્રુત ઉપયોગ અને વિભંગજ્ઞાનોપયોગ મિથ્યાદષ્ટિના ત્રણ ઉપયોગ વર્ણવ્યા છે.

જૈન દ્રવ્યલિંગી મુનિ નવમી ગ્રૈવેયકે જાય. મહા અઠ્ઠાવીશ મૂળગુણ પાળે, માસ માસ ખમણના પારણા હોય એની દૃષ્ટિ આમ પર ઉપર એકલી છે. આ ક્રિયા થાય છે, આ રાગ થાય છે, રાગ મંદ પડે છે, કલ્યાણ થશે. વર્તમાન પર્યાય ત્રિકાળ ચૈતન્યને અનુસરીને થાય એનું અવલંબન એ લેતો નથી. માટે એવી ક્રિયાકાંડ નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી જૈન દિગંબર, દ્રવ્યલિંગી જૈન દિગંબર, દિગંબર એ દ્રવ્યલિંગી હોય, એ સિવાય દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ. દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ. સમજાય છે? એ દિગંબર દ્રવ્યલિંગી જે સ્વભાવના ભાન વિનાનો એકલો વ્યવહારરત્નત્રય પણ પાળતો હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ વગેરે ક્રિયાકાંડમાં એના ઉપયોગને વારંવાર જોડતો હોય, પણ ચૈતન્ય ત્રિકાળ કારણસ્વભાવ-ઉપયોગ શું છે આ એની સાથે જોડતો નથી. માટે તેના ભણેલા અગિયાર અંગને કુમતિ, કુશ્રુત કહે છે અને કાંઈક વિકાસ થતાં જડાદિ પદાર્થનો ખ્યાલ આવે તો એને વિભંગ જ્ઞાન કહે છે. વિભંગ એટલે ઊલટું. કહો, સમજાણું કાંઈ? લ્યો પાટણીજી! તમારે આવી ગયું થોડું-થોડું નવું. ...

**'આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો,...'** આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો. શું કહ્યું? આ જ્ઞાનરૂપી ઉપયોગ કારણ કે કાર્ય એના ભેદો. **'હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા જાણવા.'** હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા એના ભેદો જાણવાં. ૧૧ અને ૧૨ ગાથા છે. હજી ભાવાર્થ છે. બધી ભાવાર્થની વાત તો આવી ગઈ છે હોં. ભાઈ! ભાવાર્થની વાત તો આવી ગઈ છે બધી. શબ્દે શબ્દ આવી ગયા છે. કોઈ વાત બાકી નથી રહી ગઈ. કહો, સમજાણું? વિસ્તારમાં આવી ગયું છે. વિસ્તાર તો એના માટે કર્યોને, ન સમજાય માટે. ઓલામાં સમ્યક્‌વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો. સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદ અને મિથ્યાજ્ઞાન વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદ. એટલો વિસ્તાર કર્યો છે. બાકી બધી વાત આવી ગઈ છે. કહો, સમજાણું કાંઈ?

'(હવે, **દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** શ્લોક કહે છે :)'

**अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा**
**परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।**
**सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।१७।।**

નીચે જરી નોટમાં ખુલાસો કર્યો એ આપણે આવી ગયો છે. '**સહજજ્ઞાનોપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત છે...**' પર્યાય હોં, પર્યાયની વાત છે આ ઉપયોગની. '**તેમ જ ત્રણે કાળે ઉપાધિરહિત છે;...**' ત્રિકાળ નિરુપાધિ આવી ગયું હતુંને? '**તેમાંથી (સર્વને જાણનારો) કેવળજ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે, સહજજ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે. આમ, હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળજ્ઞાનોપયોગને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે.**' એ તો વસ્તુના સ્વરૂપમાં સમજાવ્યું. લખાણ હોય એમાં તો એમ જ આવેને. સમજાવીને બધી વાત આપણે આવી ગઈ છે.

'**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને...**' લ્યો! જુઓ, વીતરાગ જિનેન્દ્ર. જિનના ગણધરો એના પણ ઇન્દ્ર સર્વજ્ઞદેવ, દેવાધિદેવ એણે કહેલા સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને. જ્ઞાનના ભેદો જાણવા તો જોઈએને. બાર ઉપયોગ, કારણસ્વભાવ, કાર્યસ્વભાવ અથવા કારણસ્વભાવજ્ઞાન વગેરે. અજ્ઞાનના ભેદની વ્યાખ્યા છે. '**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરિ...**' પરભાવોને પરિહરિ. એ તો સમજાવવાની રીત છે. '**પરભાવોને પરિહરિ નિજસ્વરૂપમાં...**' લીન થાય એનો સમયભેદ હોતો નથી. પરભાવો ઉપરનું લક્ષ છોડી '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...**' નિજ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ ભગવાન પરમેશ્વર પોતાના જ્ઞાન-દર્શનના સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ છે. એવા '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—**' શું કહે છે? **વર્તમાન પર્યાય અવસ્થા જે બહાર ભમે છે, પર્યાય નામ અવસ્થા, અવસ્થા નામ દશા જે** બાહ્ય રાગ વિકલ્પ અને નિમિત્ત તરફ ભમે છે એ આ સ્વરૂપને જાણી '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...**' એ તરફ અંતરમાં વળે એ '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...**' ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ સ્વભાવ, ત્રિકાળ સ્વભાવ એમાં પેસી જાય છે. એટલે વર્તમાન પર્યાય અંતર ડૂબકી મારી દે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ. વળી આ કઈ જાતનો ધર્મ?

'**જિનેન્દ્રકથિત...**' વીતરાગના પણ ઇન્દ્રો. બારમા ગુણસ્થાનના વીતરાગ એના પણ ઇન્દ્રો. તેરમા ગુણસ્થાનવાળા કેવળીઓ. એમના કહેલા '**ભેદોને જાણીને...**' બીજામાં આ

જ્ઞાનના ભેદ અને આવું સ્વરૂપ ત્રણકાળમાં હોઈ શકે નહિ. બધા મેળવણી બીજા સાથે કરે એ બધી ચીથરવેલનું માપ છે. અમૃત સાથે ચીથરવેલને મેળવાય નહિ. ચીથરવેલ સમજો છો? એ ચીથરા હોય છેને ચીથરા? ચીથરાને શું કહે છે? કપડાના કટકા. હીરા સાથે ચીથરાને મેળવે એ કાંઈ મેળ ખાય નહિ. એમ જિનેન્દ્ર સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા એણે કહેલા તત્ત્વોની સાથે બીજાને મેળવે, મેળ ક્યાંય ખાય એવો છે નહિ. અત્યારે તો સંપ્રદાયમાં એ જરી મુશ્કેલી બધી થઈ પડી છે. વાસ્તવિક તત્ત્વ જ જાણે ગુમરૂપે થઈ ગયું હોય અને બહારથી જ બધી માંડી બેઠા હોય એવી વાત થઈ પડી છે.

અહીં તો કહે છે કે જે સ્વરૂપ... આ જાણવું તો જોઈએ કે નહિ એને? કે જ્ઞાનના આઠ પર્યાયો ઉપયોગ છે. પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન. ત્રિકાળ એક ઉપયોગરૂપ પર્યાય છે, એક ત્રિકાળ જ્ઞાનગુણ છે. ત્રિકાળજ્ઞાન ગુણ, ત્રિકાળ જ્ઞાનની પર્યાય અને પાંચ જ્ઞાન અને ત્રણ જ્ઞાનની પર્યાય. આ જ્ઞાનના ભેદો આટલા છે. કેટલા ભેદ થયા? પાંચ ને ત્રણ આઠ ને એક નવ ને એક દસ. એક જ્ઞાનના દસ ભેદ થયા. સમજાણું? આ જ્ઞાનના ભેદોની વાત કરીને? તો જ્ઞાનના કેટલા ભેદ થયા? એક આત્મા એનો જ્ઞાનગુણ ત્રિકાળ. એક એનો ત્રિકાળ નિરુપાધિ સ્વભાવકારણ-ઉપયોગ બે, અને પાંચ જ્ઞાનની પર્યાય એટલે એક કાર્યસ્વભાવ જ્ઞાનોપયોગ, એક સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ ચાર, અને એક મિથ્યાજ્ઞાનોપયોગ ત્રણ. એવા જ્ઞાનના દસ ભેદને જાણીને. દસ ભેદ થયાને? ..ભાઈ!

'**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઉતરી જાય છે,...**' સમજાય છે? '**विशति**' '**विशति**'નો અર્થ એ. પ્રવેશ કરે છે. કહે છે કે ભાઈ! આ માણસનું આ મકાન. એમ જાણીને પછી મકાનમાં પ્રવેશ કરે એ પ્રવેશ કરી શકે. ઓલું ડામાડોળ (થાય કે) કોનું મકાન? કોનું મકાન? કોનું મકાન? આ મકાન આનું જ છે એમ પ્રવેશ કરે છે. એમ ચૈતન્યનો આ જ પ્રકાર સ્વભાવ છે આઠ એને જાણીને પછી અંદર પ્રવેશ કરે છે. એ ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં. જુઓ, શીઘ્ર શબ્દ વાપર્યો છે. સંસાર રખડવાને જોઈએ એટલો કાળ સ્થિર થવાને જોતો નથી. '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઉતરી જાય છે,...**' અંદરમાં જાય છે. '**તે પુરુષ...**' તે આત્મા '**પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...**' પરમશ્રીરૂપી—પરમ મુક્તરૂપી લક્ષ્મી, મુક્તરૂપી સુંદરી એનો એ પતિ એટલે કે એની પર્યાયનો ધણી થાય છે. મુક્તરૂપ દશાની પર્યાયનો પતિ થાય છે એટલે કે મુક્તદશા પ્રગટ થાય છે. આ સમજીને અંતરમાં ઉતરે તે. આ સમજ્યા વિના વીતરાગમાર્ગ વિના અને વીતરાગમાર્ગ પણ આ રીતે જાણ્યા વિના એ વીતરાગમાર્ગ જાણ્યો કહેવાય નહિ. આ રીતે ચૈતન્યચમત્કારને જાણે અને અંદરમાં એકાગ્ર ઉતરે તો મુક્તિ પર્યાય થયા વિના રહે નહિ. એમ છેલ્લું ફળ પણ બતાવ્યું. ૧૧મી-૧૨મી લેશે. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૫, શુક્રવાર તા. ૦૫-૧૦-૧૯૫૧, ગાથા-૧૧-૧૨, પ્રવચન નં. ૪૨૦

આ ૧૧મી અને ૧૨મી ગાથા છે.

केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।
सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं।।११।।
सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव।।१२।।

**અસહાય, ઇન્દ્રિવિહિન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન--એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**
**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય--ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત--એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

અન્વયાર્થ. જુઓ, અહીંયાં અધિકાર ચાલે છે જ્ઞાનના ભેદો. આત્મા જે જ્ઞાનસ્વભાવ છે એના ભેદ પ્રકારનું વર્ણન ચાલે છે. એનું વર્ણન કર્યું અને હવે આમાં જરી પ્રત્યક્ષ-પરોક્ષની વ્યાખ્યા કરશે આમાં તો. જે જ્ઞાનમાં કોઈની સહાય નથી અને જે જ્ઞાનમાં કોઈની નિમિત્તરૂપે સહાય છે એવી અપેક્ષાનું આમાં કથન છે. નિમિત્તરૂપ સહાય એટલે નિમિત્તની જેમાં એક ઉપસ્થિતિ છે અને એકમાં નિમિત્તની અપેક્ષા જ નથી. એવા જ્ઞાનના ભેદોનું વર્ણન અને સમ્યગ્જ્ઞાનના વિભાવરૂપ ભેદ અને તદ્દન કેવળ વિભાવરૂપ ભેદ એની વ્યાખ્યા આ ગાથામાં છે.

'**અન્વયાર્થ :- જે (જ્ઞાન) કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવજ્ઞાન છે; સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતા, વિભાવજ્ઞાન બે પ્રકારનું છે.**' આ તો એક જાણવાની વાત છે આ ગાથાઓમાં તો. '**સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે : મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) મતિ આદિના ભેદથી ત્રણ ભેદવાળું છે.**' આ ભેદ વર્ણવ્યા.

'**ટીકા :- અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.**' પહેલી વાત વર્ણવે છે હવે. અસહાય કાર્યસ્વભાવજ્ઞાનનું વર્ણન લે છે. અસહાય કાર્યસ્વભાવજ્ઞાન એટલે કે કેવળજ્ઞાન. એક સમયમાં કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને બધાને જાણે એવું અસહાય કેવળજ્ઞાન કેવું છે કાર્યસ્વભાવજ્ઞાન? કે '**જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ છે,...**' કેવળજ્ઞાન કેવું છે? જુઓ, આ વ્યાખ્યા જીવની ચાલે છે. એના જીવના ઉપયોગવાળો જીવ કેવો એની વાત ચાલે છે અને એ ઉપયોગના ભેદો પ્રત્યક્ષ-પરોક્ષ કેવી રીતે એની વાત ચાલે છે. એ

બધું આખું સ્વરૂપ બરાબર જાણે ત્યારે એણે જીવ જાણ્યો કહેવાય. નહિતર જીવ જાણ્યો કહેવાય નહિ. '**જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ...**' એકલું નિર્ભેળ અને શુદ્ધ છે એવું કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એકલું છે. એની સાથે કોઈ નિમિત્તની અપેક્ષાનો ભેળસેળ નથી. શુદ્ધ છે.

'**આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી...**' એ કેવળજ્ઞાનમાં કોઈ જાતનું આવરણ છે નહિ. એના કારણે '**ક્રમ, ઈન્દ્રિય અને (દેશ-કાળાદિ) વ્યવધાનરહિત છે,...**' કેવું છે કેવળજ્ઞાન? એ કેવળજ્ઞાન ક્રમે-ક્રમે જાણતું નથી. બીજા જ્ઞાનો ક્રમે જાણે એમ આ ક્રમે-ક્રમે જાણતું નથી. તેને ઈન્દ્રિયની અપેક્ષા નથી. ઈન્દ્રિયનો એને આડો પડદો, અંતરાય કે વિઘ્ન નિમિત્તરૂપ નથી. અને દેશ-કાળ એટલે ક્ષેત્ર થોડું જાણે, કાળ થોડું જાણે અથવા ભૂતકાળ ઘણો આઘો છે અને ક્ષેત્ર ઘણું આઘું છે માટે એને ન જાણે એવું આમાં છે નહિ. '**(દેશ-કાળાદિ) વ્યવધાન...**' અંતરાય નથી જેમાં, આડો પડદો નથી. બધું ત્રણકાળ, ત્રણલોકનું કેવળજ્ઞાન જાણે છે. જુઓ, આ આત્માના કાર્યસ્વભાવજ્ઞાનનું વર્ણન ચાલે છે. એ કાર્યસ્વભાવજ્ઞાન જ્યાં સુધી ન હોય ત્યાં સુધી એની અધૂરી દશા અને વિકાર એ બધો હેયમાં જાણવા જેવો છે. અને ત્રિકાળ ચૈતન્યસ્વભાવ જે છે એને ઉપાદેય માનતા, ઉપાદેય એટલે અંગીકાર કરી, શ્રદ્ધા કરીને એકાગ્ર થતાં આ કેવળજ્ઞાન કાર્યસ્વભાવરૂપ દશા પ્રગટ થાય છે. એ માટે આ વર્ણવે છે. કેવળજ્ઞાનને કોઈ ક્રમ નથી, ઈન્દ્રિય અને દેશકાળાદિનો કોઈ અંતરાય નથી.

'**એક એક વસ્તુમાં નહિ વ્યાપ્યું હોવાથી...**' એ કેવળજ્ઞાન કાંઈ જ્ઞેયને એક એક જ્ઞેયને જાણે અને પછી બીજાને જાણે એવું જ્ઞેયમાં પણ, અહીં જ્ઞાન તરફમાં ક્રમ નથી અને જ્ઞેય તરફમાં એક-એક જ્ઞેયને જાણે એવું એ છે નહિ. '**એક એક વસ્તુમાં નહિ વ્યાપ્યું હોવાથી (-સમસ્ત વસ્તુઓમાં વ્યાપ્યું હોવાથી)...**' એટલે બધી ચીજને એક સમયમાં જાણતું હોવાથી '**અસહાય છે,...**' કેવળજ્ઞાન અસહાય છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ જે જ્ઞાન જાણે છે તેને અસહાય કાર્યસ્વભાવજ્ઞાન કહે છે. કાર્યસ્વભાવજ્ઞાન સમજાય છે? એ પર્યાયરૂપ પ્રગટ્યું. પર્યાયરૂપ પ્રગટ્યું. પ્રગટ્યું માટે એને કાર્ય કહે છે. માટે તે અસહાય, તે કાર્યસ્વભાવજ્ઞાન છે.

'**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' હવે એ કેવળજ્ઞાન પ્રગટ થવાનું કારણરૂપ જે કારણજ્ઞાનસ્વરૂપપ્રત્યક્ષ. આગળ કહેશે. સમજાય છે? એ ત્રિકાળ ચૈતન્યના જ્ઞાનોપયોગરૂપ પર્યાય, જ્ઞાનોપયોગરૂપ પરિણતિ, જ્ઞાનોપયોગરૂપ પરિણતિ એ ત્રિકાળસ્વરૂપપ્રત્યક્ષ છે. ઝીણી વાત ભારે, ભાઈ! કહો, તે '**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' શાથી? '**નિજપરમાત્મામાં રહેલાં...**' નિજ આત્મા જે પરમ આત્મા, પરમશક્તિસ્વભાવરૂપ સહજદર્શન, સ્વભાવિક જે દર્શન, સ્વભાવિક અંતરનું ચારિત્ર, અંતરનો સ્વભાવિક આનંદ અને સુખ અને સહજ પરમચિત્શક્તિરૂપ, સહજપરમચિત્શક્તિ જ્ઞાનનું વીર્ય અને જ્ઞાનની શક્તિ. સ્વભાવિક પરમ ચિત્શક્તિરૂપ નિજકારણસમયસારના, નિજકારણરૂપ સમયસારના સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી.

લ્યો! ભાઈ! આ તો ત્રિકાળી જ્ઞાન. વળી કેવળજ્ઞાન તો ત્રિકાળી યુગપદ્ જાણે, આ વળી ત્રિકાળ! ભાઈ! અહીંયાં કારણરૂપ જ્ઞાન છે. નિજકારણસમયસારના સ્વરૂપોને. જે ત્રિકાળ સ્વભાવ સહજદર્શન, '**સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજકારણસમયસારનાં સ્વરૂપોને...**' સ્વભાવિક ત્રિકાળ પરમચિત્ જ્ઞાનશક્તિરૂપ નિજ કારણસમયસાર એટલે આત્મસ્વભાવને, એના સ્વરૂપોને યુગ્પદ જાણવાને સમર્થ હોવાથી. ત્રિકાળ જ્ઞાનસ્વરૂપપ્રત્યક્ષ. કહો, સમજાય છે કાંઈ? એમાં ભેદ પડતો નથી. શું કહ્યું? કેવળજ્ઞાનની વાત ચાલે છે? નહીં.

કેવળજ્ઞાનનું કારણ જે અંદર શુદ્ધ એ એકરૂપ સહજ સર્વ સ્વભાવિકદર્શન-જ્ઞાન-સુખ અને ચિત્શક્તિ, ત્રિકાળ શક્તિ સ્વભાવજ્ઞાન એવો જે નિજકારણસમયસાર પરમાત્મા આત્મા એના સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. ક્યાં વ્યાખ્યા આવે? ...ભાઈ! શું આ (કહે છે)? '**યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.**' જેવું કેવળજ્ઞાન એક સમયમાં અસહાય બધાને જાણે છે એમ કારણસ્વભાવસ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન એ આત્માના સહજદર્શન ચિત્શક્તિરૂપ સ્વભાવ એને એક સમયમાં જાણવાને '**યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.**' આ શક્તિરૂપની વાત છે, આ સ્વભાવરૂપની વાત છે. અત્યારે સ્વભાવરૂપની વાત છે. સ્વભાવરૂપ કહો કે શક્તિરૂપ. સમજાય છે કાંઈ? આ પ્રગટરૂપની વાત નથી, પ્રગટરૂપ કેવળજ્ઞાનની વાત તો ઉપર આવી ગઈ. સમજાય છે? ત્યારે કોઈ એમ અપેક્ષા લે, ભાઈ! કે કેવળજ્ઞાન અને ચાર જ્ઞાન અને ત્રણ જ્ઞાન તો અપેક્ષાના લઈને ક્ષાયિક, ક્ષયોપશમ વગેરે કહેવાય, પણ એની પરિણતિ આ બાજુની અપેક્ષાને લઈને પારિણામિકભાવની પર્યાય કહેવાય. આ બાજુની અપેક્ષા લઈને. શું? આ બાજુ લઈને. એવું અહીં લે તો? એ વાત નથી. શું કહ્યું સમજાણું કાંઈ? જરી આ તો વિષય ભાઈ! ઝીણો છે જુઓ.

આત્મા છે એના ત્રણ જ્ઞાન, ચાર જ્ઞાન અને કેવળજ્ઞાન. એની અપેક્ષા લઈએ ત્યારે કહે નિમિત્તની અપેક્ષાથી એ પર્યાયનો ભેદ પડે છે, પણ પારિણામિકભાવનો પર્યાય લઈએ આ બાજુનો, પારિણામિકભાવનો પર્યાય લઈએ એને એ પર્યાયને નિમિત્તની અપેક્ષાએ ક્ષયોપશમ, ક્ષાયિક કહેવાય અને નિમિત્તની અપેક્ષા વિના એને પારિણામિકભાવની પર્યાય એને ને એને કહેવાય. એ તો આ નથીને? કે એ આ નથી. એથી આ સ્પષ્ટ કરવું પડે છે. ચંદુભાઈ! નારણભાઈ! વાત સમજાય છે કાંઈ? કેટલીક વાર એમ કહેવાય છે કે ભાઈ! આ ઈન્દ્રિય નિમિત્ત છે, છતાં જ્ઞાન તો પ્રત્યક્ષ જ છે, સ્વપ્રત્યક્ષ જ છે, ઈન્દ્રિય તો નિમિત્તમાત્ર છે. એની અપેક્ષાએ પરોક્ષ કહેવાય. એના એ જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ કહેવાય. એ તો આ નથીને? ભાઈ! ખુલાસો તો કરવો પડેને. એક પર્યાયને બે પડખાથી જોવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? હવે જરી આ આવ્યું તો એમાં નાખવું હતુંને થોડું? એ ઘણીવાર કહીએ છીએ કે જ્ઞાન તો સદાય પ્રત્યક્ષ જ છે, સદાય પ્રત્યક્ષ.

**શ્રોતા :-** આત્માથી થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માથી થાય છે માટે. પછી શ્રુત હો, મતિ હો, અવધિ હો, મનઃપર્યય હો કે કેવળ બધા પ્રત્યક્ષ જ છે, પણ એને પરોક્ષ જે કીધા મતિ-શ્રુતને એ તો નિમિત્તપણાની ઉપસ્થિતિ જોડે છે એ અપેક્ષા લઈને પરોક્ષ કહ્યા. તો એ અપેક્ષાએ જ્ઞાનની પરિણતિ બધી પ્રત્યક્ષ થઈ જાય છે. એ તો આ નથીને? કે આ એ નથી. કહો, સમજાય છે કાંઈ? એ વાત આવે છેને એ અપેક્ષાએ. આ વસ્તુ અગમ્ય વાત જરી આ પદ્મપ્રભમલધારીએ નાખી છે. નારણભાઈ! એ તો નારણભાઈ તે દિ' જરી બોલી ગયા હતા. પાછું નારણભાઈ બોલી ગયા સરખું. તે દિ' બોલી ગયા હતા સરખું આ. આ વંચાણું હતું તે દિ'.

આ કારણ જે છે પરમસ્વભાવરૂપ જે ભાવ, એનો વિશેષ પર્યાય ત્રિકાળ એકરૂપ જો તેના જેવો ન હોય તો એ આખું દ્રવ્ય સાબિત થતું નથી. નારણભાઈ! પરમ પારિણામિકભાવ જ એવો છે કે એને અપેક્ષિત ભાવ કેવળજ્ઞાનની વાત એ તો અપેક્ષિત થઈ ગઈ. એને અને એને પારિણામિકભાવની પર્યાયની પરિણતિ કહેવાય. એ તો નિમિત્તની અપેક્ષા વિનાની પરિણતિ એને કહેવાય, પણ અહીંયાં તો એનું પોતાનું જે જ્ઞાન ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષરૂપ જે ભાવ, પર્યાય એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું છે. જરી ઝીણી વાત છે, ભાઈ! આ વાત બીજા શાસ્ત્રોમાં ક્યાંય આવતી નથી. કહો, સમજાય છે કાંઈ?

આત્માનો કેવળજ્ઞાન એક સમયનો જે પર્યાય એ તો અસહાય પ્રત્યક્ષ. અહીં તો હજી ભેદ પાડીને (કહે છે), પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ પછી કહેશે. ઓલો અસહાય શબ્દ પડ્યો છેને તેથી. ઓલો તો '**केवलमिंदियरहियं**' એટલી વાત છે. એની વ્યાખ્યા કરી, પછી અસહાય. એટલે કહે છે,... જુઓ, અસહાય તો નાખ્યું. પણ અસહાયની વ્યાખ્યાનું પછી પ્રત્યક્ષ સ્વરૂપ કહેશે. આત્માનો કેવળજ્ઞાન પર્યાય ક્રમરહિત, ઈન્દ્રિય અવલંબનરહિત સર્વ દેશકાળના વ્યવધાન અંતરાયરહિત એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે તે પર્યાયને કાર્યસ્વભાવજ્ઞાન કહે છે. તે પર્યાયને કાર્યસ્વભાવજ્ઞાન કહે છે અને તેનું કારણ નિજપરમાત્મામાં પોતે ચિદાનંદ ભગવાન એનું જે સહજદર્શન, સહજચારિત્ર, સહજ આનંદ ત્રિકાળી અને પરમચિત્શક્તિરૂપ, પરમચિત્શક્તિ, પરમજ્ઞાનશક્તિરૂપ નિજકારણસમયસારના સ્વરૂપોને... તદ્દન બીજી વાત છે, ભાઈ! એ સ્વભાવિક પરમજ્ઞાન ત્રિકાળ શક્તિ એવો જે નિજકારણસમયસાર. નિજકારણ ત્રિકાળ ભાવસ્વભાવરૂપ ભગવાન એના સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ. એક સમયમાં એ બધા ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી સુખ, ત્રિકાળી ચારિત્ર, ત્રિકાળી દર્શન પોતાના-પોતાના.

'**પરમચિત્શક્તિ...**' પાછી ચિત્શક્તિ જ લીધી છે, ભાઈ! જ્ઞાનશક્તિને આ જ્ઞાન યુગપદ્ જાણે છે. લે. શું કહ્યું સમજાય છે કાંઈ? તદ્દન વિષય અગમ્ય વિષય મૂક્યો છે. ભગવાન અહીંયાં સ્વભાવિક અસહાય જ્ઞાનના બે ભેદ પાડ્યા. એક કાર્યસ્વભાવરૂપ જ્ઞાન અને એક કારણસ્વભાવરૂપ જ્ઞાન. કાર્યસ્વભાવરૂપ કેવળજ્ઞાન અને કારણસ્વભાવરૂપ જ્ઞાન એના પણ એ કારણસ્વભાવરૂપ જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે? કારણસ્વભાવરૂપ જ્ઞાનનું. જે ત્રિકાળ ચૈતન્યની

એક સમયની પર્યાય સ્વરૂપપ્રત્યક્ષપણે વર્તી રહી છે. ત્રિકાળ નિગોદ અને સિદ્ધ બધાય. સ્વરૂપ પ્રત્યક્ષ જ આત્મા છે ત્રિકાળ. સ્વરૂપની અપેક્ષાએ ત્રિકાળ પ્રત્યક્ષ જ છે. એવો જે ભગવાન આત્મા. જુઓ, હજી આવો જીવ માન્યા વિના... આ તો હજી વ્યવહારની વાત કરે છે. આવું જીવનું જ્ઞાન કરે ત્યારે વ્યવહારજ્ઞાન થાય, એ હજી ધર્મ નહિ, હજી ધર્મ નહિ.

આવો જીવ છે એનો ઉપયોગ આવા પ્રકારના બાર છે અને એમાં જ્ઞાન અને દર્શનની પર્યાય ત્રિકાળ જે છે એ પર્યાય અંદરના ચિત્શક્તિરૂપ નિજકારણસયમસાર એના સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી. ...ભાઈ! વળી ચિત્શક્તિરૂપ પોતે નિજસમયસાર. કાયમનો સ્વભાવિકદર્શન સ્વભાવિકચારિત્ર, સ્વભાવિકસુખ અને સહજપરમચિત્શક્તિ. એ સ્વભાવ કહો કે શક્તિ કહો. બેય એક અર્થમાં છે એટલે ત્યાં સ્પષ્ટ કરવું પડ્યું છે, ભાઈ! કેમકે સ્વભાવને જ અહીં... એ શક્તિ જ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ ચૈતન્યની પડી છે. આનંદરૂપ, ચારિત્રરૂપ, દર્શનરૂપ અને પરમચિત્શક્તિસ્વભાવ જ્ઞાનાનંદ જ્ઞાનસ્વભાવરૂપ ત્રિકાળ એવો જે નિજકારણસમયસાર, એવો જે નિજકારણસ્વરૂપ સમયસાર આત્મા એને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી કારણજ્ઞાન પણ એવું જ છે. એ કારણજ્ઞાન પણ તે કાર્યજ્ઞાન જેવું છે. કાર્યજ્ઞાન જ્યારે બધું જાણે છે તો કારણજ્ઞાન અંતરના ત્રિકાળી પોતાના સ્વભાવને યુગપદ્ જાણવાને સમર્થવાળું છે. ઓહો..હો..! ઘણો વિષય ભાઈ જરી ઝીણો છે!

એ '**જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.**' જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. કહો, એ સમર્થ છે. એ જાણવાની તાકાતવાળું છે માટે જાણે જ છે. શું? એ જાણવાનું કામ એ સમર્થ છે એટલે જાણવાના કામની પરિણતિની તાકાતવાળું વર્ણન છે એટલે જાણે જ છે. જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. જેવું કેવળજ્ઞાન જાણે છે તેવું આની જાણવાની તાકાત છે, માટે જાણે છે એમ કહેવાય છે. કહો, સમજાણું? '**યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' જાણવાને સમર્થ હોવાથી કહેવું છે. એ તો શક્તિનું વર્ણન કર્યું છે. ત્રિકાળ જ્ઞાન, આનંદ, ચારિત્ર અને દર્શન એવો નિજકારણપરમાત્મા એને આ કારણસ્વભાવજ્ઞાન જાણવાને સમર્થવાળું છે. એ ઉત્પાદ-વ્યયવાળું નથી એટલે કરીને આમ કાર્ય થાય છે. તો તો પછી કાર્ય થઈ જાય. તો તો કેવળજ્ઞાન કાર્ય છે. આ કાર્ય નથી. આ તો ત્રિકાળ કારણસ્વભાવ સામર્થ્ય છે. એનું એ જાણવાનું સામર્થ્ય જ છે. ન જાણી શકે એવું એનામાં છે નહિ. એમાં ભેદ જ નથી. એમાં ભેદ નથી.

એકરૂપ ભગવાન જ્ઞાતા ચૈતન્ય જે ત્રિકાળ સ્વભાવભાવનો પિંડ, જ્ઞાનાદિનો પિંડ એને પણ વર્તમાન પર્યાય બધાને યુગપદ્ જાણવાને સમર્થ છે એ જેવું કેવળજ્ઞાન છે, તેવું જ કારણજ્ઞાન છે. આ સામર્થ્યવાળું છે. જરી વિષય (સૂક્ષ્મ છે). નિગોદ-નિગોદમાં પણ આમ છે. કારણજ્ઞાન તો નિગોદના જીવમાં પણ એવું જ ત્રિકાળ પડ્યું છે. જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત એના સહજસ્વભાવિક આનંદ, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર અને ચિત્શક્તિ જે જ્ઞાનરૂપ

સ્વભાવ એને એક સમયમાં યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તે તેવું જ છે. કહો, સમજાણું? '**આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.**' લાલનજી! જુઓ, ઝીણી વાત છે, બીજી જાત છે આ.

**શ્રોતા :-** ... જેવું જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એ વાત નથી. એ બધી પૂર્વેના મીંડા મૂક્યા વિના નવી સમજાય એવી નથી. ના. ના એ વાત નથી. જે તમે કહો એકેય વાત નથી. આ તો બધા મીંડા મૂકીને બીજી વાત છે. સ્વરૂપ..ની પર્યાય તો ઉત્પાદ-વ્યયવાળી છે. એ આ વાત છે નહિ. પકડી નથી શકતા.

આ તો ત્રિકાળ ચૈતન્ય સ્વભાવભાવ એકલો આનંદકંદ જ્ઞાનાનંદ દર્શનરૂપ અને ચારિત્રરૂપ એવો ત્રિકાળ કારણસયમસારસ્વભાવ જે છે નિજકારણસમયસાર એને આ કારણ-ઉપયોગ જે છે સ્વરૂપપ્રત્યક્ષ, કારણસમયસારના સ્વરૂપોને આ કારણજ્ઞાન જાણવાને સમર્થ છે. બે વાત આવી કે નહિ? શું? આત્મા જે છે.. આ કેવળજ્ઞાનની વાત નથી, ચાર મતિજ્ઞાનની વાત નથી, ત્રણ અજ્ઞાનની વાત નથી. એ તો પર્યાય છે. હજી તો વસ્તુ અંદર ત્રિકાળ કેવી છે? ભગવાન આત્મા ચૈતન્યદ્રવ્ય કોને કહેવું? વસ્તુ કોને કહેવી? છ દ્રવ્યમાં ભગવાન આત્મા કોને કહે છે એ હજી આત્મા જાણ્યા વિના, આવો જાણ્યા વિના તો હજી વ્યવહારે જ્ઞાન એને છે નહિ. આ તો વ્યવહાર જ્ઞાન શ્રદ્ધાની વ્યાખ્યા ચાલે છે. વ્યવહારી શ્રદ્ધા, વ્યવહારુ શ્રદ્ધા જે અનંતવાર કરી, નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે. ત્યારે એના ખ્યાલમાં આ વાત આવી હતી. સમજાય છે? પણ એ સિવાય ચૈતન્ય ત્રિકાળ આનંદકંદ અખંડાનંદ શુદ્ધ ધ્રુવસ્વરૂપ છું એનું અવલંબન લે તો ધર્મ થાય એ વાત બેઠી નથી. ત્રણકાળ, ત્રણલોકમાં અનંતકાળ ગયો પણ એને એ બેઠી જ નથી. આ વાત તો બીજી જ છે. શું કહ્યું સમજાય છે કાંઈ?

જુઓ, શું કહ્યું? આ કાર્યસ્વભાવજ્ઞાન તો કેવળજ્ઞાન કહ્યું. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ જાણે. હજી એ વાત પણ જગતને બેસવી કઠણ પડે. ત્યારે કેવળજ્ઞાન જાણે તો એ પ્રમાણે લોકાલોક તો થઈ ગયા, ફેરફાર તો થાય નહિ. કરવું શું? કેમકે કેવળજ્ઞાને જાણ્યું તો હવે બધું થઈ ગયું, પરિણમી ગયું છે, ફેરફાર થાય નહિ ત્રણકાળમાં ક્યાંય. જેટલા જીવો અને જડ છે એની અવસ્થા એનું કાર્ય તો કેવળજ્ઞાને જેવું જાણ્યું એવું થયા કરે છે. એનો ફેરફાર કોઈ કરી શકે નહિ. ત્યારે હવે આમાં કરવું શું? એ કેવળજ્ઞાનનો નિર્ણય ચૈતન્યના અંતર્મુખમાં થઈને કરે ત્યારે કેવળજ્ઞાનનો નિર્ણય થાય અને એને ધર્મ થાય. એને કરવાનું આ છે, બાકી કાંઈ કરવાનું રહેતું નથી.

અહીં તો બીજી વાત લીધી છે કે નિજપરમાત્મામાં રહેલા પરમસ્વભાવ, પરમાત્મા, એમાં રહેલા સ્વભાવિક ત્રિકાળ જ્ઞાનાદિ સ્વરૂપ એવો નિજકારણસમયસાર, નિજકારણસમયસાર, નિજ

કારણપરમાત્મા એને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી. નિજકારણપરમાત્માને જાણનારું, નિજકારણપર્યાય તેને અહીંયાં કારણસ્વભાવજ્ઞાન કહે છે. કહો, સમજાય છે કાંઈ? .. એ ત્રિકાળ કારણ, કારણપરમાત્મા, કારણપરમાત્મા એટલે પોતે. ત્રિકાળ કારણસમયસાર કહો કે કારણપરમાત્મા કહો, આ જુઓ કારણસમયસાર એટલે કાંઈ મોક્ષમાર્ગ નથી. ત્રિકાળ કારણસમયસાર ચૈતન્ય ભગવાન સ્વભાવિકદર્શન-ચારિત્ર-આનંદ અને જ્ઞાનસ્વરૂપ એવો નિજ કારણપરમાત્મા એના સ્વરૂપને યુગપદ્ જાણનારું કારણજ્ઞાન છે. કારણપરમાત્માને જાણનારું કારણજ્ઞાન છે. દલીચંદભાઈ! સમજાણું કાંઈ?

આ વિષય તદ્દન ૯ થી તે ૧૫ સુધી ગાથા નવી આખી જાતની ઢબ છે. એ બ્રહ્મજ્ઞાનની છે આગળ કહેશે. એ બ્રહ્મ ઉપદેશ મેં કર્યો છે એમ કહેશે. અહો! આ ઉપન્યાસથી મેં બ્રહ્મ ઉપદેશ કર્યો છે. બ્રહ્માનંદ આત્મા ભગવાન આનંદકંદ શુદ્ધ ચિદાનંદનું ભાન મેં આમાં કરાવ્યું છે. જુઓ! એ બાર ગાથા સુધી તો એમ કહેશે. બ્રહ્મ ઉપદેશ કર્યો છે. સમજાય છે? ૧૨ ગાથાની. છેને? ૩૦મે પાને છે. જુઓ, **'આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.'** આ સંસારરૂપી વેલડીનું મૂળ છેદવાને દાતરડું. દાતરડું સમજો છો? એ દાતરડું નથી હોતું ઘાસ કાપવાનું? **'દાતરડારૂપ આ ઉપન્યાસથી,...'** સૂચનથી, કથનથી, .. પ્રસ્તાવના બાર ગાથા દ્વારા કરી છે. બાર ગાથા દ્વારા જેમ સમયસારમાં પણ કરી છેને બાર ગાથા દ્વારા પ્રસ્તાવના. આખું તત્ત્વ રહસ્ય સમયસારમાં બાર ગાથા દ્વારા કહી છે. પછી એનો વિસ્તાર છે. એમ અહીંયાં બાર ગાથામાં બ્રહ્મોપદેશ કર્યો છે. બ્રહ્મ નામ આનંદકંદ ચિદાનંદ ભગવાન, એનું દ્રવ્ય શું? એના ગુણ શું? એની પર્યાય શું? અને પ્રગટ પર્યાય શું એનો ઉપદેશ આ બાર ગાથામાં કર્યો છે. કહો, સમજાય છે?

**'આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.'** કહો, આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. જે જીવને ભગવાન વીતરાગ શું છે? વીતરાગે કહેલા સર્વજ્ઞની દિવ્યધ્વનિની વાણી શું છે અને દિવ્યધ્વનિમાં ભગવાને કહેલા તત્ત્વાર્થો કેવા છે? એને જાણે તો વ્યવહારસમકિત એટલે પુણ્ય થાય, ધર્મ નહિ. એની વ્યાખ્યા ચાલે છે. આટલી પણ જેને શ્રદ્ધાની ખબર નથી એને તો કોઈ રીતે વ્યવહાર પણ જૈન કહેવામાં આવતો નથી. એ નિશ્ચય સ્વરૂપ તો આ જે કહે છે,... વ્યવહારની જણાવવામાં વાત કરતાં નિશ્ચયનું સ્વરૂપ શું છે એ તો જણાવી દીધું ભેગું કે કેવળજ્ઞાન, મોક્ષદશા કેમ પ્રગટે? કે નિજકારણસમયસાર સ્વભાવરૂપ જે છે એને જાણનારું નિજકારણ જે સ્વભાવજ્ઞાન છે એની અંદર એકાગ્રતા થવાથી ધર્મ થાય છે, નહિતર ધર્મ-ફર્મ થાતો નથી. ભેગી વાત પણ કહી દે છે.

કઠણ વાત તો કહી કે આ નિયમસાર તો કોઈ સમયસાર કરતા પણ અલૌકિક ચીજ કેટલીક વાત છે કે જે અત્યારે ચાલતી નથી. આ તો સર્વજ્ઞનો, આત્માનો સ્વભાવ સર્વજ્ઞે જીવદ્રવ્ય કેવો જોયો એ રીતે હજી વર્ણન કરે છે.

કારણપરમાત્મા કારણસમયસાર સ્વભાવિકદર્શન-જ્ઞાન-આનંદ અને ચારિત્ર સ્વરૂપ ત્રિકાળ ધ્રુવ છે એને કારણસ્વભાવજ્ઞાન જાણવાની તાકાતવાળું છે. એ આવો થાય ત્યારે તેનો પારિણામિકભાવ પૂરો થાય છે અને કેવળજ્ઞાન અને આ જે ચાર જ્ઞાન આદિ એ તો અપેક્ષિત વાત છે, એ વ્યવહારનયનો વિષય છે. આ જે કારણસ્વભાવજ્ઞાન, કારણસમયસાર અને કારણજ્ઞાન એ નિશ્ચયનયનો વિષય છે. એ બે નયનો વિષય થઈને પ્રમાણજ્ઞાન થાય છે. ઝીણી વાત છે, ભાઈ!

આ વાત વીતરાગ સર્વજ્ઞદેવ શું કહે છે? સર્વજ્ઞે ભગવાને જીવદ્રવ્ય કેવડો કેવો જોયો છે? આમ તો બધા કહે કે ભાઈ! બધા જીવ કહે છે અને બધા આત્મા કહે છે. સાંખ્ય કહે છે ને વેદાંત કહે છે ને ફલાણા કહે છે. ક્યાંય વાત ન મળે આ જીવની, આ વ્યાખ્યાની. આવું જીવસ્વરૂપ છે. હજી તો જીવ કેવડો? કે એ પોતે અનંત-અનંતગુણનો પિંડ વસ્તુ એના જે જ્ઞાનરૂપ જે કારણપર્યાય, કારણસ્વભાવજ્ઞાન એની તાકાત ત્રિકાળને જાણવાની સામર્થ્યરૂપ સ્વભાવ છે. એ પ્રતીત ક્યારે કરી? કે પર્યાયમાં જ્યારે ભાન આવ્યું કે અહો..! જીવ આવો છે ત્યારે એ કાર્યજ્ઞાન અંશે પ્રગટ્યું. પૂર્ણ કાર્યજ્ઞાન તો કેવળજ્ઞાન છે. સમજાય છે? પણ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થતાં શુદ્ધ ચૈતન્યનો કારણપર્યાય એ ત્રિકાળ બધા સ્વભાવને જાણવાની તાકાતવાળું છે અને એ જ્ઞાનને આશ્રયે ધર્મ થાય છે અને એને આશ્રયે પછી કેવળજ્ઞાન થાય છે. કોઈ બીજા ક્રિયાકાંડ કરવાથી બહારની વર્તન વ્રત ને નિયમ કરવાથી ત્રણકાળ, ત્રણલોકમાં જ્ઞાનીઓ કોઈ કહેતા હોય કે એનાથી શરૂઆત ધર્મની થાય અને પછી થાય એ વીતરાગમાર્ગને વિષે છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

એ માટે બ્રહ્મ-ઉપદેશ ભગવાન આચાર્યને કરવો પડ્યો છે. બ્રહ્મ-ઉપદેશ કહ્યો જુઓ, બ્રહ્મ ઉપદેશ. આનંદકંદ ચૈતન્યબ્રહ્મનો આ ઉપદેશ છે. ઓલા બ્રહ્મ જે વેદાંત કહે છે એ નહિ. વેદાંત કહે છે એ નહિ. નારણભાઈ! ઓલા વેદાંત બ્રહ્મ કહે છેને, આ બ્રહ્મ જેવું થઈ જાય છે. ઓહો..! આ તો ત્રિકાળી એક કારણ એ તો બધું એક થઈને એકરૂપ બ્રહ્મરૂપ થઈ ગયો. ભગવાન પરમાત્મા ત્રિકાળ સ્વભાવ અને એનું કાર્ય તો એકલો પરમાત્મ પરિણામ એવો ને એવો છે સદાય. એવો ને એવો. વેદાંત કહે છે એવો ને એવો. અરે! એવો નથી. એ તો સ્વભાવના બે પડખા પાડી, ત્રિકાળ અને વર્તમાન, વર્તમાન, વર્તમાનનું ત્રિકાળ એ રૂપે વસ્તુનું સ્વરૂપ વર્ણવી અને એની પર્યાયમાં ભાન થાય તે અપેક્ષિત છે એ વાત વેદાંતમાં ક્યાંય હોઈ શકે નહિ. અને ..બે ક્યાં હતા? કે વળી ચિત્શક્તિરૂપ કારણસમયસારના સ્વરૂપને યુગપદ્, .. વ્યાખ્યા જ ક્યાં છે? શેઠિયાજી! આત્મામાં ત્રિકાળ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને સુખ ત્રિકાળ એને જાણવાનું જે કારણજ્ઞાન, એને જાણવાનું જે કારણ એ જ્ઞાનમાં સામર્થ્ય છે એટલું. ત્રિકાળને જાણવાનું સામર્થ્ય છે અને એવી પ્રતીત કરી અને પછી કાર્ય કેવળજ્ઞાન થયું ત્યારે લોકાલોકને ઉત્પાદપણે જાણવાનું સામર્થ્ય છે. કહો, સમજાણું?

**'આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.'** લ્યો, આ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. શુદ્ધ જ્ઞાનનું કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન એ વાત શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. ..ભાઈ! પ્રશ્ન સમજાણોને? ઓલું કોઈને એમ અપેક્ષા થાય કે ઓલો પારિણામિકભાવનો પર્યાય ત્રિકાળ સ્વની અપેક્ષાએ લઈએ તો આમ પર્યાય થાય અને નિમિત્તની અપેક્ષાએ આમ થાય. એની એ પર્યાયને પણ કહેવાય છે. જેમ આત્મામાં કેવળજ્ઞાન થયું એ નિમિત્તની અપેક્ષાએ ક્ષાયિક કહેવાય, પણ પારણામિકભાવની અપેક્ષાએ એ પારિણામિકની પર્યાય છે. ભાઈ! સમજાય છે કાંઈ? એમ કર્મના નિમિત્તના ક્ષયોપશમની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાનને ક્ષયોપશમ કહેવાય, પણ આમાં અપેક્ષાએ પારિણામિકભાવની એને પર્યાય કહેવાય. એમ નિમિત્તની અપેક્ષાએ ક્રોધને ઉદયભાવ કહેવાય, પણ પારિણામિકભાવની અપેક્ષાએ ક્રોધને પારિણામિકભાવની પર્યાય ક્રોધને કહેવાય છે. સમજાય છે કાંઈ? સમજાણું આમાં કાંઈ? સમજાય છે?

આત્મા ત્રિકાળ પરમસ્વભાવભાવ છે એની પર્યાયમાં વિકાર હો, ઉપશમ હો, ક્ષયોપશમ હો, ક્ષાયિક હો, એ બધી પારિણામિકભાવની પર્યાય સ્વની અપેક્ષાએ છે. એ તો નિમિત્તની અપેક્ષાએ એને ક્રોધ, રાગ, દ્વેષ, દયા, દાન, વિકાર છે અને ઉદયભાવ છે એ નિમિત્તની અપેક્ષાએ કહેવાય છે. પોતાના પારિણામિક ત્રિકાળ સ્વભાવનું વર્તમાન પરિણમન આમ થાય છે એ અપેક્ષાએ તો પારિણામિકની જે પર્યાય ત્રિકાળ ભાવનો પર્યાય છે એમ કહેવામાં આવે છે, એને સ્વભાવ કહેવામાં આવે છે. વિકાર પણ સ્વભાવ છે. કેમકે એમાં પારિણામિકનો અટકેલો વિકાર છે અને ક્ષયોપશમ પણ એનો જ પારિણામિકનો પર્યાય છે. એ વાત નથી આ. ..ભાઈ! એટલે આ જરી (સ્પષ્ટતા કરી). એ વાત આ નથી. આગળ પણ કહેશે, ભાઈ! સિદ્ધ જેવા બધા સંસારી જીવ છે. આગળ કહેશે. જેવા સિદ્ધ ભગવાન છે એવા જ ભવલીન-ભવમાં રહેલા સિદ્ધ બધા જીવો છે. એ કાંઈ સિદ્ધની પર્યાય પ્રગટરૂપે છે એ અપેક્ષાએ નથી. નિમિત્તની અપેક્ષાનો જે રાગ અને પર્યાયને લક્ષમાં ન લેતા સ્વભાવ તરફના અભેદને લક્ષમાં લેતા ત્રિકાળ સિદ્ધ સમાન છે એમ ત્યાં કહી દીધું છે. એ વાત આ નથી. ચંદુભાઈ! સમજાય છે? આગળ લેશે ૪૭ ગાથામાં. ૪૭ ગાથા આવે છેને. ૪૭ છે ઘણું કરીને. ૪૭ છે જુઓ,

जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।
जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।।४७।।

૪૭ ગાથા છેને. જેવા સિદ્ધ ભગવાનો છે તેવા સંસારી જીવો છે ભવલીન. ભવલીન પાછા ભાષા છે લીન. પર્યાય તો છે, મલિન તો છે. સંસારી જીવની નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધી પર્યાય તો લીન છે, ભાઈ! છેને. **'જેથી** (તે **સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક**) **જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.'** લ્યો! આઠ ગુણોથી અલંકૃત છે, પ્રગટરૂપ છે, વળી મલિન-લીન છે અને વળી પાંચ ગુણો

અલંકૃત છે. એ તો કર્મના નિમિત્તની અપેક્ષા ન લેતા ભગવાન એવો ને એવો છે. આઠ ગુણ પ્રગટ નથી પણ પ્રગટ છે એવી અપેક્ષા લઈને વાત કરી છે. આ વાત એથી બીજી છે. એથી આ જરી વાત (કરે છે). સમજાય છે કાંઈ?

અહીં તો શુદ્ધ જ્ઞાન જે છે, જે આત્માનું શુદ્ધ જ્ઞાનના બે પ્રકાર—સ્વભાવજ્ઞાન કહો, અસહાય જ્ઞાન કહો, શુદ્ધજ્ઞાન કહો એના બે પ્રકાર. એક કાર્યસ્વભાવજ્ઞાન, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવું કેવળજ્ઞાન. એનું કારણસ્વભાવજ્ઞાન અંતરમાં ત્રિકાળ પોતાના ત્રિકાળ સ્વભાવને જાણવાના સામર્થ્યવાળું, નિજકારણપરમાત્માને જાણવાના સામર્થ્યવાળું, નિજ સમયસાર પરમાત્મ ભગવાનને જાણવાના સામર્થ્યવાળું જે જ્ઞાન કારણરૂપ પર્યાય છે એને અહીંયાં શુદ્ધકારણજ્ઞાન કહેવામાં આવે છે. ભારે વાત સમજવા માટે પણ કેટલીક વાત જોઈએ! વસ્તુ છે એને જાણે નહિ અને જાણ્યા વિના માણસને ધર્મ કરવો. હવે એ જાણવું, એ જાણવાના પ્રયત્ન કરવાની દરકાર નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં બીજું કાંઈ છે નહિ. જેટલું દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો વિકલ્પ ઉઠે એ બધો વિકાર છે, એ વિકારને સહારે કોઈ દિ' ત્રણકાળમાં ધર્મ-બર્મ થાતો નથી. અજ્ઞાનીઓએ એમાં મનાવી દીધો છે. વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી માટે. અહીં ભગવાન કહે છે, આ શુદ્ધ જ્ઞાનના સ્વરૂપના પ્રકાર વર્ણવ્યા. લ્યો, ભાઈ! ઓલાને શુદ્ધ કીધું, કેવળજ્ઞાનને શુદ્ધ કીધું. અને આ પણ ત્રિકાળ પર્યાય છે એ પણ શુદ્ધ કહ્યું છે.

હવે શુદ્ધાશુદ્ધનું સ્વરૂપ કહે છે. '**હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે :**' જરી વાત આ... '**ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા અવગ્રહાદિ ભેદથી અથવા બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.**' લ્યો, આ મતિજ્ઞાન અનેક ભેદવાળું છે. કાંઈક શુદ્ધ છે અને કાંઈક અશુદ્ધ છે. અંશે પ્રગટેલું છે. બાકી છે અશુદ્ધ. કેવું છે? મતિજ્ઞાન ત્રણ પ્રકારનું—સમ્યક્ મતિજ્ઞાન. ધર્મી જીવને સમ્યક્ મતિજ્ઞાન થાય એના ત્રણ પ્રકાર છે—એક ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. '**મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ તે ઉપલબ્ધિ છે;...**' પદાર્થને જાણવાની અંદર શક્તિ ઉઘડી તેને ઉપલબ્ધિ કહે છે. બીજી ભાષાએ તેને લબ્ધિ કહે છે. આ સમ્યક્ મતિજ્ઞાન. 'હું ચિદાનંદ જ્ઞાતા છું, આનંદ છું' એવું ભાન થઈને જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું, જેમાં પદાર્થને ગ્રહણ કરવાની તાકાત છે એવી અંદર લબ્ધિને ઉપલબ્ધિ મતિનો ભેદ કહે છે. મતિજ્ઞાનનો ઉપલબ્ધિ (ભેદ) છે.

'**જાણેલા પદાર્થ પ્રત્યે ફરી ફરીને ચિંતન તે ભાવના છે; 'આ કાળું છે', 'આ પીળું છે' ઈત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર તે ઉપયોગ છે.**' જુઓ, ભાવનાની વ્યાખ્યા કરી. જાણેલો પદાર્થ તેમાં વારંવાર એકાગ્ર થવું તેને ભાવના-મતિજ્ઞાન કહે છે અને પછી આ કાળું છે, આ પીળું છે, આ ભગવાન છે વગેરે અર્થગ્રહણવ્યાપાર—પદાર્થના જાણવાનો

વ્યાપાર તે વર્તમાન ઉપયોગરૂપ મતિજ્ઞાનનું સ્વરૂપ છે. લ્યો, મતિજ્ઞાનના ત્રણ ભેદ—ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. લબ્ધિ, તેની ભાવના અને પ્રગટ વ્યાપારરૂપ જે પરને જાણવાનો વ્યાપાર એને અહીંયા ઉપયોગ કહે છે. સ્વને જાણવાનો વ્યાપાર એમાં પણ ઉપયોગ આવી જાય છે.

'**અવગ્રહાદિ ભેદથી અથવા...**' '**મતિજ્ઞાન ચાર ભેદવાળું છે :...**' અહીં તો બધી વ્યાખ્યા ન હોય. '**અવગ્રહ, ઈહા (-વિચારણા), અવાય (-નિર્ણય) અને ધારણા. (વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.)**' ચાર પ્રકારનું એ છે. અવગ્રહ, ઈહા (આદિ). મતિજ્ઞાનમાં કંઈપણ પહેલું પકડાય તે અવગ્રહ કહેવાય છે, પછી એનો વિચાર થાય, પછી એને નિર્ણય થાય, પછી એને ટકાવીને ધારણા થાય, એવા મતિજ્ઞાનના ભેદ ચાર છે. પહેલાં ત્રણ કહ્યા, આ ચાર છે. '**અથવા બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.**' એ મતિજ્ઞાનના બીજા બાર ભેદ છે. '**મતિજ્ઞાન બાર ભેદવાળું છે : બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ. (વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.)**' એ જાણવાની વાત છે વિશેષ. કહો, સમજાણું?

'**લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.** ' લ્યો લબ્ધિ અને ભાવના. શ્રુતજ્ઞાન. આત્માને પકડવામાં અને પરને જાણવામાં અંદરનો ઉઘાડદશા જે સ્વભાવને આશ્રયે ઉઘડેલી દશાને લબ્ધિ કહે છે અને એની અંદરની પકડ દશા, એકાગ્ર થવાની દશાને ભાવના કહે છે. શ્રુતજ્ઞાનના બે પ્રકાર લીધા છે. એ ઉપયોગને એની ભાવનામાં સમાડી દીધો છે. નથી, જુદું નથી આમાં પાડ્યું. ભાવનાના ભેદ કીધા છેને. એ ભાવનામાં ઉપયોગને સમાડી દીધો. અવધિજ્ઞાન '**દેશ, સર્વ અને પરમના ભેદથી અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે.** ' ભગવાન ત્રિલોકનાથે અવધિજ્ઞાન, અંદરની દશા ઉઘડતા જરી સ્વર્ગ અને નરક અંદર જ્ઞાનની પર્યાયમાં જણાય, જ્ઞાનની પર્યાયમાં સ્વર્ગ-નરક અંદરમાં ઉપયોગ મૂકતા જણાય. અંદરમાં ઉપયોગમાં મૂકતા. એવા અવધિ મર્યાદિત જ્ઞાનનો વિકાસ એ વિકાસના ત્રણ પ્રકાર. એકદેશ નામ દેશાવધિ, એક સર્વ નામ સર્વાવધિ અને પરમાવધિ એવા ત્રણ ભેદ છે. એ '**અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે. ૠજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.** ' ૠજુમતિ- સર્વને જાણવાનું જ્ઞાન અને વક્રને સર્વ પ્રકારે જાણવાનું એવું એક જ્ઞાન મનઃપર્યયજ્ઞાન થાય છે, જે મુનિઓ અને સંતોને હોય છે કોઈને. છઠ્ઠા ગુણસ્થાનવાળા કોઈ મુનિ હોય, નગ્ન દિગંબર સંતો એવા મુનિને કોઈને અંદરની દશા ઉઘડે છે એને આ મનઃપર્યયજ્ઞાન થાય છે.

'**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે.**' લ્યો! હવે સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા કરી. '**પરમભાવમાં સ્થિત...**' સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મી ચોથા ગુણસ્થાનથી

માંડીને પાંચમું-છઠ્ઠું વગેરે. કેવો ધર્મી હોય? '**પરમભાવમાં સ્થિત...**' ચૈતન્ય જ્ઞાનાનંદ અખંડ છું તેવા ભાવની અંતરમાં એકાગ્ર. એ પુણ્યથી ધર્મ સ્વીકારે નહિ, નિમિત્તથી સ્વીકારે નહિ, નિમિત્તથી ધર્મ પ્રરૂપે નહિ, બાહ્ય ક્રિયાકાંડથી ધર્મ પ્રરૂપે નહિ. અંદરનો એક સમયનો પર્યાય ઉઘડેલો એમાં પણ એ સ્થિત નથી. એ પર્યાય પરમભાવમાં સ્થિત છે. 'ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ ધ્રુવ છું' એવા પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે. '**સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરો—વિશિષ્ટસંયમધરોને હોય છે.**' બધા મુનિઓને હોતું નથી. જુઓ, અહીંયાં વધારે સિદ્ધ કર્યું કે સમ્યક્ ચોથું ગુણસ્થાન હો, પાંચમું હો કે મુનિની દશા હો, એ ત્રણેય પરમભાવમાં સ્થિત હોય તો જ્ઞાની છે, નહિતર જ્ઞાની છે નહિ.

ચોથા ગુણસ્થાનવાળો સંસારી હો, શ્રેણિકરાજા. એમ ભરત ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી હતી, શ્રેણિક રાજાને હજારો સ્ત્રી હતી, પણ સમ્યગ્દૃષ્ટિ હતાં. એ પરમભાવમાં સ્થિત (હતા). હું જ્ઞાનાનંદ ચિદાનંદ અખંડ આનંદકંદ શુદ્ધ છું એવી અંતર દૃષ્ટિમાં સ્થિર હતા. તો એ સમકિત કહેવાય, નહિતર સમકિત કહેવાય નહિ. કહો, સમજાય છે કાંઈ? અને શ્રાવક પણ પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિ. એ વિના શ્રાવક-બાવક કહેવાય નહિ. એકલા બાર વ્રત અને વ્રતની ક્રિયાકાંડ કરવી એ કાંઈ શ્રાવક કહેવાતા નથી. ભગવાનના માર્ગમાં એને શ્રાવક કહેતા નથી.

'**પરમભાવમાં સ્થિત...**' ભગવાન જ્ઞાનાનંદ (એમાં સ્થિત). નિમિત્તની અપેક્ષા નહિ, સંકલ્પ, વિકલ્પ, દયા, દાન, વ્રતના વિકલ્પની અપેક્ષા નહિ, એ રાગ છે. વર્તમાન એક સમયની પર્યાય ઉઘડેલી એની અપેક્ષા નહિ. ત્રિકાળ પરમભાવ સ્વભાવમાં સ્થિત રહે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. ત્રિલોકનાથ ભગવાન એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. નહિતર ધર્મની શરૂઆત થાતી નથી. માટે એણે આ જ્ઞાન કરવું જોઈએ કે આ આત્મા ત્રિકાળ શું છે? પર્યાય શું છે? ઉઘડેલી દશા શું છે? વિકાર શું છે? સંયોગ શું છે? એનું જ્ઞાન કરાવવા આ જીવનું જ્ઞાન કરાવ્યું છે. જુઓ, આ જીવદ્રવ્યની વ્યાખ્યા ચાલે છે. જીવદ્રવ્યના ઉપયોગની વ્યાખ્યા કરતાં આવો આખો થાય ત્યારે જીવ આખો ગણાય છે.

'**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને...**' લ્યો, અહીં તો એક જ વ્યાખ્યા મૂકી દીધી. ભગવાન જ્ઞાનસ્વરૂપી છે. એ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. પર્યાય પણ નહિ, વર્તમાન પર્યાય પણ નહિ. એટલો પણ નહિ, પુણ્ય-પાપની દયા એ નહિ, નિમિત્ત અને સંયોગ અને દેહની ક્રિયા નહિ. એકલો ત્રિકાળ ચિદાનંદ આનંદકંદનો ગાંગડો છે. એકલો જ્ઞાનાનંદસ્વરૂપ છે એમાં સ્થિત એની રુચિથી સ્થિત, એની સ્થિરતાના અંશથી સ્થિત, એની વિશેષ સ્થિરતાના અંશથી સ્થિત એવા સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે. સુમતિજ્ઞાન અને સુશ્રુતજ્ઞાન, પરમભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક ત્રિકાળ જે કીધો સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજ

પરમચિત્શક્તિરૂપ નિજકારણસમયસારને એવા યુગપદ્ જાણવાને કારણસમયસાર જ્ઞાન એમાં જે સ્થિત છે એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. હજી તો કાને શબ્દ પડ્યા નહિ. આ પરમસ્વભાવભાવ, ત્રિકાળ શુદ્ધ અને વળી એનું કારણસમયજ્ઞાન, કારણસમય, કારણસ્વભાવજ્ઞાન. એ કારણ સ્વભાવજ્ઞાનસહિત આખો આત્મા એમાં જે એકાગ્ર થઈ અને શ્રદ્ધા-જ્ઞાન કરે એને સમ્યક્ શ્રુત અને સમ્યક્ મતિજ્ઞાન થાય છે. ગુજરાતી ભાષા. ધ્યાન તો બહુ રાખે છે. ધ્યાન તો બહુ રાખે છે. એ ભાષા અમારી ગુજરાતી છેને અહીંયાં. સમજાય છે?

ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એ શાસ્ત્ર દ્વારા, ધ્વનિ દ્વારા કહે છે એનું મુનિઓએ (શાસ્ત્રમાં વર્ણન કર્યું છે). નિર્ગ્રંથ મુનિ સંત હતા, એ જંગલમાં વસતા હતા. મુનિઓની દશા નગ્ન ત્રિકાળ હોય છે. ત્રણકાળ, ત્રણલોકમાં નગ્ન હોય તે મુનિ, ભાવસહિત. નહિતર મુનિપણું ત્રણકાળ, ત્રણલોકમાં જૈનદર્શનમાં ગણ્યું નથી. વીતરાગમાર્ગમાં મુનિપણું ગણ્યું નથી. એ આત્માના આનંદકંદમાં ઝૂલતા ક્ષણે ને પળે છઠ્ઠું ને સાતમું ગુણસ્થાન જેને હજારો વાર આવે. સાતમું ગુણસ્થાન આનંદકંદ અંદર પરમાત્મા જેવો અંદર આનંદમાં ડૂબકી મારી જાય. વળી ક્ષણમાં છઠ્ઠું વિકલ્પ ઉઠે, વળી ક્ષણમાં સાતમું. એવી દશા સંત મુનિઓની સાતમા-છઠ્ઠા ગુણસ્થાનમાં ઝૂલતા ભાવલિંગી સંત એને શરીરની નગ્ન દશા સહજ થઈ જાય છે. એ સિવાય મુનિપણું, સાધુપણું વીતરાગમાર્ગમાં કહેવાતું નથી. બીજી રીતે માને તો એને ભગવાન મિથ્યાદૃષ્ટિ કહે છે. એને સમ્યગ્દૃષ્ટિ નહિ અને એની શ્રદ્ધા પણ સાચી કહેવાતી નથી. એવા સમ્યગ્દૃષ્ટિને સ્વરૂપમાં રમણ કરતાં-કરતાં ચાર જ્ઞાન કોઈને થઈ જાય, કોઈને મતિશ્રુત હોય છે, કોઈને અવધિ હોય છે, કોઈને મનઃપર્યય હોય છે. કહો, સમજાણું કાંઈ?

કેટલી વાત લીધી? જુઓ, પાછી વ્યાખ્યા તો કરી નાખે છે બધી. એના જ્ઞાનમાં જણાવે છે કે પરમભાવસ્થિત હોય તે સમ્યગ્દૃષ્ટિ છે, ચોથું, પાંચમું અને છઠ્ઠું ગુણસ્થાન. બહારની ક્રિયાકાંડ ઉપર કાંઈ ગુણસ્થાન છે નહિ. એ તો અંતરના સ્વભાવનું ભાન અને આશ્રયે છે. એવો વીતરાગમાર્ગ અને કેવળજ્ઞાન પોકાર કરી ગયા છે. મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એટલે કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન એવા નામાંતરોને પામે છે. જેની શ્રદ્ધા ઊંધી છે, જે દયા, દાન, વ્રતના પરિણામથી ધર્મ માને છે, જે નિમિત્તની ક્રિયાથી ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિઓના જ્ઞાનને કુમતિજ્ઞાન કહે છે. તેના ભણતરને કુશ્રુતજ્ઞાન કહે છે અને એને વિશેષ ઉઘડેલું જ્ઞાન હોય કાંઈક પરપદાર્થને જાણવાનું તો તે વિભંગજ્ઞાન કહે છે. એવા નામાંતરોને પામે છે.

**'અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન,...'** જુઓ, હવે આવ્યું. ઓલું કારણ સ્વભાવજ્ઞાન જે કહ્યું હતું. હવે એને પ્રત્યક્ષ અને પરોક્ષની વ્યાખ્યા આપે છે. એમાં અસહાય શબ્દ વાપર્યો હતો એને હવે સ્પષ્ટ કરી નાખે છે. **'(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી,...'** લ્યો! શુદ્ધ-અંતઃતત્ત્વ જે શુદ્ધ

અંતઃતત્ત્વ જે આત્માનો અંતઃસ્વભાવભાવ, ત્રિકાળ અંતઃસ્વભાવભાવ એવું જે પરમતત્ત્વ એમાં '**વ્યાપક હોવાથી...**' પર્યાયમાં વ્યાપક હોવાથી બહારનું નહિ આ. સમજાય છે કાંઈ? જે '**સહજજ્ઞાન,...**' જુઓ, આ કારણસ્વભાવજ્ઞાનની વ્યાખ્યા છે અને કારણસ્વભાવજ્ઞાનને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષ કહે છે.

'**(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન,...**' જે માથે આ કહ્યું એ. કારણજ્ઞાન તે. હવે એને પ્રત્યક્ષ શબ્દ વાપરે છે. '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...**' ત્રિકાળ અંતઃસ્વભાવસ્વરૂપ, શુદ્ધ અંતઃસ્વભાવસ્વરૂપ. તત્ત્વ છેને અનંદર ભાવ? શુદ્ધ અંતઃભાવરૂપ પરમતત્ત્વ, એનું નામ પરમતત્ત્વ છે ત્રિકાળ. એમાં વ્યાપક હોવાથી. એ કારણસ્વભાવજ્ઞાન પર્યાય ત્રિકાળ અંતઃતત્ત્વસ્વભાવભાવ પરમતત્ત્વ, એમાં વ્યાપક હોવાથી તે કારણસ્વભાવને સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન કહે છે. '**સ્વરૂપપ્રત્યક્ષ...**' નીચે '**સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ.**' કહો, આ વાત તદ્દન નવી છે. કોઈ શાસ્ત્રમાં આ રીતની વાત આવતી નથી. દિગંબર શાસ્ત્રોમાં પણ આ વાત અહીંયાં સ્પષ્ટ કરી છે, બીજે ઠેકાણે તો આ વાત છે નહિ. સાચી વાત છે. આ શબ્દો કાને નહોતા પડ્યા. કેશવલાલભાઈ! વાત સાચી. આ શબ્દો, આ વસ્તુ શું છે?

સર્વજ્ઞ ભગવાને કહેલું એક ત્રિકાળ સહજજ્ઞાનસ્વરૂપ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ. અંતઃતત્ત્વરૂપ હોં, અંતઃભાવરૂપ, તત્ત્વ એટલે અંતરભાવરૂપ. દ્રવ્ય તો આત્મા વસ્તુ એનું અંતઃ અંતઃતત્ત્વ અંતરભાવરૂપ, આત્માનું અંતર શુદ્ધભાવરૂપ એવું જે પરમતત્ત્વ એમાં વ્યાપક હોવાથી. એમાં ત્રિકાળ વ્યાપક એટલે પર્યાયમાં કોઈ ઠેકાણે એનો વિરહ છે નહિ. આ સ્વરૂપપ્રત્યક્ષનો ક્યાંય વિરહ છે નહિ. એવું કારણસ્વભાવજ્ઞાન એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન કહે છે. મોહનભાઈ! કાંઈ મોં-માથું હાથ આવે એવું નથી એમાં હો! આમાં તો એવું જ છે. આ ગાથાઓ જ એવી છે. ૯ થી ૧૫ નિયમસારની. તદ્દન અલૌકિક રીતે પદ્મપ્રભમલધારી સંત મુનિ જંગલમાં રહી અને જે ભગવાનનું અંદર અધ્યાત્મ હતું એને ખેંચીને કાઢીને દોહીને મૂક્યું છે. કહો, સમજાય છે કાંઈ?

એ તો હવે પ્રત્યક્ષ અને પરોક્ષના... ઓલામાં તો ભેદ પાડ્યા હતા ૧૦મામાં. નામ પાડ્યા હતા. અને અહીંયાં તો અસહાય શબ્દ જે પડ્યો છે એમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષ કાઢ્યું છે, ભાઈ! અસહાય શબ્દ પડ્યો છે એમાંથી હવે પ્રત્યક્ષ અને પરોક્ષ (કાઢે છે). તો પ્રત્યક્ષ આત્મામાં ત્રિકાળી જ્ઞાન એક સમયનું છે એ સ્વરૂપપ્રત્યક્ષ છે કે જે સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળ, સહજ, જ્ઞાન, દર્શન, આનંદને જાણવાને સામર્થ્યવાળું છે, એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન કહે છે. ઓહો..હો..! કેવડો જીવ! આ કેવળજ્ઞાનની વ્યાખ્યા નથી, કેવળજ્ઞાનની વ્યાખ્યા નથી. આ ચાર જ્ઞાનની વ્યાખ્યા નથી, આ ત્રણ જ્ઞાનની વ્યાખ્યા નથી. સ્વરૂપ-સ્વરૂપ ક્યું? શુદ્ધ અંતઃતત્ત્વ સહજજ્ઞાન. અહીં સહજજ્ઞાન કે જે સ્વરૂપપ્રત્યક્ષ છે. જે સહજજ્ઞાન કે જે સ્વરૂપપ્રત્યક્ષ

છે એ કેવું છે?

'**શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં** વ્યાપક...' ક્યાંય એનો વિરહ નથી. કેવળજ્ઞાન તો નવું થાય છે, એ કાંઈ વ્યાપક નથી. માટે એને સ્વરૂપપ્રત્યક્ષ નહિ કહે. કેવળજ્ઞાન એ સ્વરૂપપ્રત્યક્ષ નથી. કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે. એ તો સંપૂર્ણ પ્રત્યક્ષ છે. સકળપ્રત્યક્ષ પ્રગટરૂપ કાર્ય છે, તો કાર્યજ્ઞાન છે. એમાં ત્રણકાળ, ત્રણલોક સકળપ્રત્યક્ષ વર્તમાન ઉત્પાદ પર્યાયમાં વર્તી રહ્યા છે, જણાઈ રહ્યા છે. ઓલું તો સામર્થ્યરૂપની વાત છે. સામર્થ્ય .. જાણી રહ્યું છે... જાણવું ને જાણવાનું નથી જાણવું એ બે ભેદ એમાં નથી. જાણવાનું સામર્થ્ય એકરૂપ પડ્યું છે. હિંમતભાઈ કહે પણ હું આમાં સમજતો નથી એમ કહે છે. ભાઈ હવે આટલી વાત તો થાય છે, એ તો પકડે તો એને જ પકડાય એવું છે. નારણભાઈ! પણ આ બધું પકડાતું નથી. આ વળી ત્રિકાળ સ્વભાવ અને એનો વળી પર્યાય, વળી એ પર્યાય ત્રિકાળમાં વ્યાપક.

જુઓ, ભાઈ! આ ઉપયોગની વ્યાખ્યા છે. ઉપયોગ એ જ્ઞાન-દર્શનનો વ્યાપાર છે. તો જ્ઞાન-દર્શન જેવો એનો ત્રિકાળ ગુણ છે એવો એકસરખો એવો પર્યાય એનો જ્યાં વ્યાપક સરખો ન હોય તો એ જ્ઞાન, દર્શનનું પરમપારિણામિકભાવનું આખું રૂપ સાબિત થતું નથી. નારણભાઈ! ઓલી કારણશક્તિ એમાં તો પછી બીજું આવશે. બધા પર્યાયો આવશે. આમાં તો ઉપયોગની વ્યાખ્યા છે. આત્મા વસ્તુ છે, એનો જ્ઞાન-દર્શન જે ગુણ છે એની પ્રગટ પર્યાયો જે છે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એમાં તો ઓછા-વત્તાની અપેક્ષા આવે છે. પણ જેવું ધર્માસ્તિકાય એકરૂપ પર્યાયરૂપે છે પરમપારિણામિકસ્વભાવે ધર્માસ્તિકાય (સ્થિત છે). પરમપારિણામિકસ્વભાવ છે ધર્માસ્તિનો. ધર્માસ્તિ છેને? ધર્માસ્તિ હોય છેને. .. પર્યાયનો આખો ભાગ ગણી અને આખો પરમપારિણામિક સ્વભાવ જ્ઞાન-દર્શન પૂરા કહ્યા છે. ત્યારે પૂરો થાય છે. ત્યારે એનો પરમપારિણામિકભાવ દ્રવ્યદૃષ્ટિએ નિર્ણય કરવા એ પૂરો થાય છે, નહિરત પૂરો થાતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો સુદ ૭, રવિવાર તા. ૦૭-૧૦-૧૯૫૧, ગાથા-૧૩-૧૪, કળશ-૨૩ થી ૨૬, પ્રવચન નં. ૪૨૧

૧૩મી ચાલે છે. આ ૧૩મી ગાથામાં '**દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.**' છતાં એમાં કારણદૃષ્ટિરૂપ સ્વરૂપ શ્રદ્ધાનમાત્રની પણ વ્યાખ્યા આવી છે. કારણદૃષ્ટિ. આમ તો દર્શનોપયોગની વ્યાખ્યા છે. કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ એવા સ્વભાવના બે ભેદ

છે. સ્વભાવદર્શનોપયોગના બે પ્રકાર છે. જે ચૈતન્યને અનુસરીને થતા પરિણામ એવો જે દર્શનોપયોગ એના બે ભેદ—એક સ્વભાવ અને એક વિભાવ. એના સ્વભાવના બે ભેદ અહીંયાં ચાલે છે. એમાં એક કારણદષ્ટિ. આ મુનિએ પાછું શ્રદ્ધાને પણ એમાં નાખી દીધું છે. કારણદષ્ટિ કહો કે સમ્યગ્દર્શનરૂપ શુદ્ધ પર્યાય ત્રિકાળી એકરૂપ કહો, તેને સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કહ્યું છે. જે આત્મા ચાર વિભાવસ્વભાવથી અગોચર છે, સ્વભાવિક પરમપારિણામિકભાવસ્વરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે એ વગેરે નિજસ્વસત્તા, સ્વભાવસત્તા માત્ર છે. અને પરમ ચૈતન્ય સામાન્યસ્વરૂપ એવો જે આત્મા '**અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ** છે...' ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ એવો આત્મા. કેવો છે એ આત્મા? આ વાત થોડી રહી ગઈ છે.

'**જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ** છે...' જુઓ, શું કહ્યું? કેવો છે આત્મા? એ પછી ઓલી કહે છે કારણદષ્ટિસ્વરૂપ શ્રદ્ધાનમાત્ર આવા આત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર તેને કારણદષ્ટિ કહે છે અથવા એવા આત્મામાં રહેલો ત્રિકાળી એક ચૈતન્યપરિણામ દર્શનોપયોગ એને સ્વભાવકારણદર્શનોપયોગ કહે છે. જુઓ, કેવો છે આત્મા? કે '**સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર**...' એ વીર કોણ? પોતાની ને પોતાની ઊંધી વિકારી પર્યાય. એવા '**દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ** છે...' એ દુશ્મનોની સેના એની ધજા. પાપોરૂપ વીર એવો જે દુશ્મન એની જે સેના, એની સાથે રહેલા રાગ-દ્વેષ વગેરે એની ધજાના નાશનું કારણ છે. લ્યો, આત્મા એવો છે. પાપરૂપી વીર સેનાની ધજાને લૂંટનારો છે.

'**એવા આત્માના ખરેખર સ્વરૂશ્રદ્ધાનમાત્ર**...' તે કારણદષ્ટિ છે. એ ત્રિકાળ ચૈતન્યની અંતર હોં, આ પર્યાયની વાત નથી. પ્રગટ પર્યાય જે સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ એની વાત નથી. ત્રિકાળ ચૈતન્ય જે આત્મા આવો કહ્યો એની સ્વરૂપશ્રદ્ધાન અંદર જે નિર્મળ ત્રિકાળી શ્રદ્ધાની પર્યાય તેને અહીંયાં સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કહે છે. વ્યાખ્યા આવી બહુ બીજી જાતની છે આ. અને તે આત્મામાં જે આત્માને દેખનારો કારણસ્વભાવદર્શનરૂપ ઉપયોગ જે કારણસ્વરૂપ ત્રિકાળ આત્માને દેખનારો સામર્થ્ય એવો જે સ્વભાવકારણદર્શનોપયોગની પર્યાય એને કારણ સ્વભાવદર્શનોપયોગ કહે છે. એ વાત આવી ગઈ.

હવે બજી કાર્યદષ્ટિ. એ કાર્યદષ્ટિમાં કાર્યદર્શનોપયોગની પણ વ્યાખ્યા સમાડી દેવામાં આવે છે. દર્શનોપયોગ જે ભગવાન તીર્થંકરને કેવળજ્ઞાનની સાથે કાર્યદર્શનોપયોગ જે સ્વભાવિક પ્રગટ થાય છે અને એની સાથે પરમ અવગાઢ સમ્યક્દર્શનરૂપ કાર્યદષ્ટિ જે પ્રગટ થાય છે, બેયની વ્યાખ્યામાં સમાડી દે છે. હિંમતભાઈ! .. એવું કાંઈક રાખ્યું છે. કહો, સમજાણું? આ વ્યાખ્યા તો દર્શનોપયોગની છે, પણ એમાં ઓલા કારણદષ્ટિ અને કાર્યદષ્ટિ એવી સમકિતની પણ વાત સમાડી દીધી છે. કારણ કે આ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર એ દર્શનની સમકિતની અપેક્ષાએ વાત છે.

જે ત્રિકાળ આત્મા જે આવો કહ્યો, એવા આત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર એને અહીંયાં કારણદૃષ્ટિ કહે છે અથવા એવો જે આત્મા એને જે દર્શનોપયોગ જે ત્રિકાળી સ્વભાવકારણપર્યાયરૂપ એ જે ત્રિકાળી આત્માને દેખવાના સામર્થ્યરૂપ પર્યાય એને કારણસ્વભાવર્શનોપયોગ કહે છે. કહો, આ સમજવામાં અટપટું લાગે એટલે જરી એમ લાગે. પણ આ તો એનું સ્પષ્ટ કર્યુ છે. વસ્તુને સ્પષ્ટ સમજાવી છે કે આત્મા આવો જે માથે કહ્યો એવો ચાર ભાવથી પણ અગોચર-અગમ્ય અને પરમપારિણામિકભાવ પરમસ્વભાવરૂપ જેનો ભાવ છે એની જે સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ત્રિકાળી સમ્યક્, ત્રિકાળી સમ્યગ્દર્શનની અંદર જે સ્વરૂપશ્રદ્ધાન પર્યાય, એને અહીંયાં કારણદૃષ્ટિ કહી અને કારણદર્શનોપયોગની વ્યાખ્યા પણ એમાં સમાવી દીધી છે. કહો, વજુભાઈ! બહુ જુદી જાતની વાત ભાઈ આ.

હવે બીજી કાર્યદૃષ્ટિ. અહીં વીતરાગ સર્વજ્ઞને એ સમ્યગ્દર્શનરૂપ કાર્યદૃષ્ટિ પ્રગટ થાય અથવા કાર્યદર્શનોપયોગ સ્વભાવિક ઉત્પન્ન થાય, બેયની વ્યાખ્યા આમાં સમાઈ જાય છે. કેવી છે કાર્યદૃષ્ટિ? '**દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.**' લ્યો, આ તો કાર્યદૃષ્ટિ ઉત્પન્ન થાય છે, ઓલી કારણદૃષ્ટિ તો ત્રિકાળ છે, એ કાંઈ ઉત્પન્ન થતી નથી. '**આ ક્ષાયિક જીવને—જેણે સકળવિમળ કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...**' એ જ્ઞાનની વ્યાખ્યા. એની સાથે વર્ણવે છેને બધા ગુણો? '**જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...**' એટલે ત્રણલોક અને ત્રણકાળ.

'**નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે,...**' પહેલી જ્ઞાનની વ્યાખ્યા કરી, હવે આનંદની વ્યાખ્યા કરે છે. કેવા છે ભગવાન? કાર્યદૃષ્ટિસંપન્ન, કાર્યદર્શનોપયોગ સંપન્ન ભગવાન કેવળજ્ઞાની તીર્થંકરદેવ. અહીં તીર્થંકરદેવની મુખ્યથી વ્યાખ્યા કરી છે કે '**નિજ આત્માથી ઉત્પન્ન થતા...**' ચૈતન્ય ભગવાન ત્રિકાળ શુદ્ધ આનંદ એનાથી ઉત્પન્ન થતા '**પરમવીતરાગસુખામૃત...**' પરમવીતરાગસુખામૃતનો જે દરિયો છે વર્તમાન પર્યાય, વર્તમાન પર્યાય. કાર્યદૃષ્ટિસંપન્ન વીતરાગ સર્વજ્ઞ અથવા સ્વભાવકાર્યદર્શનોપયોગ સંપન્ન વીતરાગ ભગવાન એ પોતાના પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર એનાથી સહિત છે.

ત્રીજી વાત. પહેલી જ્ઞાનની વ્યાખ્યા કરી, બીજી આનંદની કરી, ત્રીજી ચારિત્રની કરે છે. '**જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...** ' જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે. કોણ? એ સર્વજ્ઞ વીતરાગ જે કાર્યદૃષ્ટિસંપન્ન અથવા સ્વભાવ કાર્યદર્શનોપયોગસંપન્ન (છે) એ ભગવાન યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે. ત્રિકાળ કારણ અંદર યથાખ્યાતચારિત્રરૂપ ત્રિકાળ કારણરૂપ એક પર્યાય છે. એ તો અંદર નિજ કારણપરમાત્મામાં એ સમાય છે. કહો, સમજાણું? એમાં એ આવી ગયું હતું. '**અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' માથે કારણ નાખ્યું. એવો

આત્મા એ માથે આવી ગયું. એ કારણમાં આવી ગયું હતું. અહીંયાં તો યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ સર્વજ્ઞ, કાર્યસ્વભાવદર્શનોપયોગી ભગવાન આવા યથાખ્યાત ચારિત્રસ્વરૂપ છે.

વિશેષ બીજી વાત. '**જે સાદિ-અનંત...**' કેવા છે વીતરાગ તીર્થંકરદેવ? કે જે આ દર્શનોપયોગ પ્રગટ્યો... સમજાય છે? એ કેવળજ્ઞાન અને કેવળદર્શન જે સાથે છે એ બેય કેવા છે? '**સાદિ-અનંત અમૂર્ત...**' એ કાર્યદૃષ્ટિ. '**અતીન્દ્રિયસ્વભાવવાળા...**' લ્યો, ભગવાન અતીન્દ્રિય સ્વભાવવાળા. '**શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયાત્મક છે,...**' ભગવાન શુદ્ધ-સદ્‌ભૂતવ્યવહારનયાત્મક છે. લ્યો! નીચે. '**તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયસ્વરૂપ છે કે જે શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય સાદિ-અનંત, અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવવાળો છે.**' લ્યો, ભગવાન તીર્થંકરને પણ એ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયવાળા કહ્યા છે. એ એને નય નથી, પણ નીચલો જીવ જે સાધકપણે વિચાર કરે છે એ ત્યાં નય લાગુ પાડે છે. ભગવાનને નય હોતી નથી. કહો, નારણભાઈ! અહીં ભગવાનને નય કહ્યો જુઓ, તીર્થંકર પરમદેવ એને કેવળજ્ઞાનની માફક આવો શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયાત્મક '**જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...**' ભગવાન કેવા છે? કે જે ત્રણલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે. અહીં તીર્થંકર લીધા છે, સિદ્ધ નથી લીધા. સિદ્ધ તો પરોક્ષ વંદનયોગ્ય છે. સમજાય છે? તેથી 'પ્રત્યક્ષ' શબ્દ વાપર્યો છે. ભગવાન સાક્ષાત્ જે સમવસરણમાં તીર્થંકરપણે બિરાજે છે '**જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...**' સિદ્ધ ભગવાન તો પરોક્ષ વંદનિક થઈ ગયા છે અને એ કાંઈ વર્તમાન અંદર દેખાતા નથી.

પણ આ તીર્થંકરદેવ '**એવા તીર્થંકરપરમદેવને—કેવળજ્ઞાનની માફક આ (કાર્યદૃષ્ટિ)...**' એટલે કાર્યદર્શનોપયોગ '**પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.**' બેય વાત ભેગી કરી નાખી. કાર્યદૃષ્ટિને કાર્યસ્વભાવદર્શનોપયોગ કહો તો યુગપદ્ લોકાલોકને દેખવાની એનામાં તાકાત છે અને સમ્યગ્દર્શનરૂપી કાર્યદૃષ્ટિ કહો તો આખા ત્રિકાળ આત્માને પ્રતીત કરવાની જેનામાં તાકાત છે એવી પરમ અવગાઢ કાર્ય સમ્યગ્દૃષ્ટિ કાર્ય પ્રગટ દશા થઈ છે. જુઓ, આ ભગવાન તીર્થંકર પરમદેવને શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયસ્વરૂપ કહ્યા. વજુભાઈ! કેવળીને તો પમાનંદસ્વરૂપ છે. કેવળીને નય નથી. કેવળીને નય ન હોય. નય તો જે સાધક હોય એને હોય અથવા નય તો શ્રુતજ્ઞાનસંપન્ન જે હોય, શ્રુતજ્ઞાનનો ભાગ તે નય છે. શું કહ્યું સમજાણું કાંઈ? એ વાત કહેવાણી છે એક વાર. શ્રુતજ્ઞાન જે ત્રિકાળનો વિષય કરે એનો ભેદ તે નય છે. અહીં તો કેવળજ્ઞાનીને નય કીધો છે. કહો, માસ્તર! તો કેવળજ્ઞાનમાં નય પડતો હશે કે નહિ? એ કેવળજ્ઞાનીને માટે વાત નથી. એ તો પોતે વિચારે છે કે મારું ત્રિકાળ સ્વરૂપ એકરૂપ નિશ્ચય આનંદકંદ છે. એમાંથી જે પર્યાયો પ્રગટ થાય છે એને શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય લાગુ પડે છે. એ દૃષ્ટિએ તીર્થંકરને પણ આ નયથી સાધકજીવ જોવે છે. કારણ કે આત્માની પ્રગટ પર્યાય કેવળજ્ઞાન છે એ કાંઈ ત્રિકાળી નહોતી. એ ત્રિકાળીનો આશ્રય લેવા માટે નયનો,

ત્રિકાળી નિશ્ચયનો આશ્રય લેવા એ કેવળજ્ઞાન પણ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનું સ્વરૂપ છે, માટે એ પણ આશ્રય કરવા જેવું નથી. એ માટે તીર્થંકરને શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયસ્વરૂપ કહ્યા છે. કહો, સમજાણું? કહો, છે આમાં કાંઈ પ્રશ્ન? વીરજીભાઈ!

એને સમકિત પ્રગટ્યું પરમઅવગાઢ એ પણ શુદ્ધ વ્યવહારનયસ્વરૂપ છે. શુદ્ધસદ્‌ભુત વ્યવહારનયસ્વરૂપ છે. ત્રિકાળ ભગવાન આત્મા આનંદકંદસ્વરૂપ છે એ એકરૂપની દૃષ્ટિએ ત્રિકાળ નિશ્ચય છે, ત્રિકાળની દૃષ્ટિ અને જે એક સમયનો જે નવો પર્યાય પ્રગટ્યો, નવો પ્રગટ્યો એને શુદ્ધસદ્‌ભુતવ્યવહાર કહે છે. ત્રિકાળ આત્માની અંદર સ્વરૂપશ્રદ્ધાન જે પ્રગટ થયા વિનાની, ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધાન છે એ તો નિશ્ચય છે. અને પ્રગટ પર્યાય પરમઅવગાઢ સમકિત કેવળીને થયું એ પણ વ્યવહારનયનો વિષય છે. કેમકે ભેદ છે. ત્રિકાળ આત્મામાં તે ભેદ છે અને ઓલી સ્વરૂપશ્રદ્ધાન કીધી એ તો ત્રિકાળ નિશ્ચયનયનો વિષય કહ્યો, સ્વરૂપશ્રદ્ધાન કહ્યું એ. સમજાણું? એનો અર્થ આવી ગયો એ કે ત્રિકાળ કારણદર્શનોપયોગ જે આત્માનો છે એ શુદ્ધ નિશ્ચયનો વિષય છે, ભાઈ! સમજાય છે કાંઈ? શું?

આત્મામાં ત્રિકાળ આત્મા જે કહ્યો માથે વર્ણવ્યો એવાની સ્વરૂપની શ્રદ્ધા અને એવા આત્માનો કારણસ્વભાવદર્શનોપયોગ એ તો નિશ્ચયનયનો વિષય છે. પણ જે પરમ અવગાઢ શ્રદ્ધા સર્વજ્ઞને પ્રગટી અને કાર્યદર્શનસ્વભાવઉપયોગ પ્રગટ્યો એ શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનય ભેદનો વિષય છે. એમ સાધક જીવ પોતાના સ્વભાવનો ત્રિકાળનો આશ્રય લેવા માટે એ વ્યવહારનો આશ્રય લેવા માગતો નથી માટે એને વ્યવહાર જાણે છે. તીર્થંકરને કોઈ વ્યવહાર કે નિશ્ચય એવા નયો કે શ્રુતજ્ઞાન એ હોતા નથી. શ્રુતજ્ઞાન જ નથી તો શ્રુતજ્ઞાનનો ભેદ એને હોતા નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ તો ઘણો અભ્યાસ કરવો જોઈએ. આ કાંઈ એમને એમ સમજાય એવું નથી. બેસી જાય એકદમ. કેમ? બેચરભાઈ! ઓલા દુકાનના ધંધા તો વળી ચાર-છ મહિના અનાદિના કરેલા હોય તો વળી અહીંયાંથી સ્ફુરી આવે ઊંધી બુદ્ધિ અને ઓલો વેપારનો ભાવ. મોહનભાઈ! એ વેપારનું તો ઊંધું છેને બધું? સંસારનું. આ શું કહે છે પણ આ?

વળી દર્શનોપયોગ, વળી ઉપયોગ એ ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. એ ચેતન એનો ગુણ એની પરિણતિ તેને ઉપયોગ કહે છે અને એ ઉપયોગના વળી આટલા પ્રકાર. એક ત્રિકાળ દર્શનોપયોગ, એક ત્રિકાળ જ્ઞાનોપયોગ, એક વર્તમાન કાર્યસ્વભાવદર્શનોપયોગ, એક વર્તમાન કારણદર્શનોપયોગ અને વળી બીજા અશુદ્ધના લેશે એ જુદાં. કહો, સમજાણું કાંઈ? આમાં બેય સમાડી દીધી છે વાત. વ્યાખ્યા તો દર્શનોપયોગની છે, પણ એમાં દૃષ્ટિ પણ સમાડી દીધી છે આમ.

ત્રિકાળ આત્માનો સ્વભાવ જે છે તેની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જે ત્રિકાળી પર્યાય છે એ નિશ્ચયનયનો વિષય છે. અને એમાંથી પ્રગટતી પરમ અવગાઢ સમ્યગ્દર્શન પર્યાય એ વ્યવહારનયનો

વિષય છે. ત્રિકાળ કારણસ્વભાવદર્શનોપયોગ જે પરમ કારણપરમાત્માને દેખવાના સામર્થ્યરૂપ ઉપયોગ છે એ નિશ્ચયનયનો વિષય છે અને તેના આશ્રયે સ્વભાવકાર્યદર્શનોપયોગ જે પ્રગટ્યો તે શુદ્ધસદ્ભુતવ્યવહારનયનો વિષય છે કે જે આશ્રય કરવા જેવો નથી. લ્યો, કેવળજ્ઞાનોપયોગ અને કેવળદર્શનોપયોગ. પર્યાય નવી પ્રગટી માટે તે અવલંબન કરવા જેવું નથી. ત્રિકાળ ચિદાનંદ ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ એકાકાર છે એનું અવલંબન કરવા જેવું છે. એ સમજાવવા માટે આ વાત છે. કહો, સમજાણું? કહો, કેવળજ્ઞાનનો આશરો નહિ. આત્મામાંથી પ્રગટેલી પરમાત્માદશા એનું પણ અવલંબન નહિ. કેમકે એ તો કાર્યપરમાત્મા છે અને એની ગુણની પર્યાય તો કાર્યદર્શનોપયોગ વગેરે છે. ત્રિકાળ કારણ વસ્તુ એકરૂપ છે એનો આશ્રય લેવા જેવો છે. તે જ ધર્મનું અને મોક્ષનું કારણ છે.

**'આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો.'** લ્યો જુઓ, ઓલી કારણદૃષ્ટિ અને કાર્યદૃષ્ટિ કીધી પણ કહે છે કે અમે તો કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો. સ્વરૂપશ્રદ્ધાન પણ કહ્યું હતું. પણ એની મુખ્યતા આ દર્શનોપયોગની હતી માટે એ વ્યાખ્યા કરી છે. મૂંઝવણમાં નથી નાખ્યા હોં, વિસ્તાર કર્યો છે. અહીં તો દર્શનોપયોગ સાથે સ્વરૂપશ્રદ્ધાની વ્યાખ્યા કરી એમાં શું છે? ગમે તે રીતે વ્યાખ્યા થાય. જે વસ્તુનું સ્વરૂપ છે એને વર્ણવવામાં એકમાં બીજું પણ વર્ણવી નાખે. એથી કરીને મૂંઝવણ છે નહિ. ઓલા મૂંઝાય કે આ ચાલે છે સ્વભાવદર્શનોપયોગ અને એમાં નાખી વળી સ્વરૂપશ્રદ્ધાન. એ દર્શનોપયોગથી સ્વરૂપશ્રદ્ધાનનું લક્ષણ જ ભિન્ન છે. લક્ષણ ભિન્ન પણ સામાન્યની અપેક્ષાએ બેને એકમાં વર્ણવી નાખ્યા.

**મુમુક્ષુ :-** ઘરે બેઠા મૂંઝવણ થાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઘરે બેસે તો મૂંઝાય નહિ અંદર. ઘરે બેસીને જો વાંચે, આત્માના ઘરમાં (તો મૂંઝાઈ નહિ). ..ભાઈ!

આ સ્વભાવદર્શનોપયોગની વ્યાખ્યા થઈ. સમજાય છે કાંઈ? આત્મામાં એક દર્શનોપયોગનું વર્ણન કરવું હતું અહીંયાં. એ દર્શનોપયોગના બે ભેદ પાડ્યા—એક સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગના બે ભેદ પાડ્યા—એક કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ. એ કારણસ્વભાવદર્શનોપયોગ એ ત્રિકાળી છે અને કાર્યસ્વભાવદર્શનોપયોગ સાદિઅનંત છે. આ રીતે વર્ણન કર્યું. જુઓ, આ જીવના ઉપયોગનું વર્ણન ચાલે છે કે જે જીવ ઉપયોગમય છે. એ વ્યાખ્યા આવી ગઈ છે. ઉપયોગમય છે આવી ગઈ છેને? જુઓ, પહેલો શબ્દ '**જીવો ઉવઓગમઓ**' ૧૦મી ગાથા. જીવ ઉપયોગમય છે. જે-જે સમયે જે-જે બહારની પર્યાય કે અંદરની પર્યાય તે વખતે તે આત્મા ઉપયોગમય છે. ઉપયોગનો વ્યાપાર, ચૈતન્યના પરિણામનો, ચૈતન્યને અનુસરીને અનુવિધાયી જે પરિણામ થાય તેને અહીંયાં ઉપયોગ કહે છે. ચેતના એ ત્રિકાળ ગુણ છે, આત્મા એ ત્રિકાળ દ્રવ્ય છે અને તેનો ઉપયોગ એ

ચૈતન્યપરિણામ છે. તેના આટલા ભેદ આ સ્વભાવના પાડ્યા.

હવે વિભાવના. '**વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.**' '(**હવે ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ** શ્લોક કહે છે :)'

(इन्द्रवज्रा)

दृग्ज्ञप्तिवृत्यात्मकमेकमेव
चैतन्यसाामन्यनिजात्मतत्त्वम्।
मुक्तिस्पृहाणामयनं तदुच्चै-
रेतेन मार्गेण विना न मोक्षः।।२३।।

'**દશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' લ્યો, એ દર્શન, જ્ઞાન અને વૃત્તિ ચારિત્રરૂપ '**એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને પ્રસિદ્ધ માર્ગ છે;...**' કહો, સમજાણું? સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ સ્વરૂપ પર્યાયવાળો અભેદ આત્મા અથવા દર્શન, જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ. ત્રણ થઈને એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ ત્રિકાળી જે આત્મતત્ત્વ એક તે મોક્ષેચ્છુઓને-આત્માની પરમાનંદદશાના અભિલાષીને એ મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી. '**આ માર્ગ વિના મોક્ષ નથી.**' અંતર ત્રિકાળી ચૈતન્ય ભગવાન દર્શન-જ્ઞાન-ચારિત્રસંપન્ન ત્રિકાળ છે અને એની વર્તમાન શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની પર્યાયવાળો આત્મા. કહો, સમજાય છે? એ જ મોક્ષનો માર્ગ છે. એ સિવાય કોઈ મોક્ષનો માર્ગ છે નહિ. પુણ્ય ને નિમિત્ત ને વ્યવહાર ને વિકલ્પ ને એ કોઈ મોક્ષનો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ?

એ ૧૩મી ગાથામાં સમ્યગ્દશી શબ્દ આવ્યો, સમ્યગ્દર્શન છે. જ્ઞાન શબ્દે સમ્યગ્જ્ઞાન છે અને વૃત્તિસ્વરૂપ એવું પરિણમતું એવું જે ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ એવું ત્રિકાળી આત્માનું શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરતાં જે પરિણતિ ઊભી થઈ, એવો જે નિજ આત્મતત્ત્વ તે મોક્ષેચ્છુને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. આ માર્ગ વિના કોઈ કાળે ત્રણકાળમાં આત્માની શાંતિ નથી. ૧૪મી ગાથા.

चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहावदिट्ठि त्ति।
पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो।।१४।।
ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ--એ બે ભેદ છે પર્યાયના. ૧૪.

'**અન્વયાર્થ :- ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યા છે.**' એનો અર્થ આવશે. '**પર્યાય દ્વિવિધ છે :**' અવસ્થા બે પ્રકારની છે. એક સ્વપર

અપેક્ષાવાળી. એક સ્વ અને પર અપેક્ષાવાળી '**અને નિરપેક્ષ.**' પર્યાય છે. એ પર્યાયના બે ભેદ છે. આમાં નિરપેક્ષને સાધારણ રીતે સ્વભાવની અર્થપર્યાયનું વર્ણન કરશે આ ૧૪મી ગાથામાં.

'**ટીકા :- આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.**' ૧૪મી ગાથામાં અશુદ્ધ દર્શનોપયોગ અને શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાની સૂચના છે. '**જેમ...**' હવે ઉપમા આપે છે. '**મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી...**' એટલે ઉઘાડથી. '(જીવ) **મૂર્ત વસ્તુને જાણે છે,...**' મૂર્ત વસ્તુને જાણે છે. '**તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **મૂર્ત વસ્તુને દેખે છે.**' '**દેખવું = સામાન્યપણે અવલોકવું; સામાન્ય પ્રતિભાસ થવો.**' અહીંયાં સામાન્ય પરપદાર્થની અપેક્ષાના ક્ષયોપશમની વ્યાખ્યા લીધી છે. સમજાય છે? ભાઈ! મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી મૂર્ત વસ્તુને દેખે છે એ લીધું છે. અંતર સ્વસંવેદન તરફ આત્મા વળે એ વાતને અહીંયાં લીધી નથી. એટલે આમાં વ્યાખ્યા, ઓલા દર્શનની વ્યાખ્યા મૂર્તને દેખે છે એટલી લેવી છે એટલે એના ઉપમામાં પણ મતિજ્ઞાનાવરણીય કર્મના ઉઘાડથી મૂર્ત વસ્તુને જાણે એટલી વાત લીધી છે. જ્યાં જે લીધી છે તેમ વાતને સમજવી. એકાંતે આગ્રહ કરે મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી જે મૂર્તને જાણે અને એના ક્ષયોપશમથી આત્માનો સ્વપ્રત્યક્ષ દેખાય એ વાત આમાં ગૌણ રહી જાય છે. ત્યારે સમ્યક્‌મતિ અને શ્રુતજ્ઞાન થાય એ આત્માને પ્રત્યક્ષ કરે છે. પણ પરને જાણતા તે મૂર્તને જાણે છે એટલી વાત લેવી છે. નહિતર તો મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ મનથી જાણતા મૂર્ત-અમૂર્તને પણ જાણે છે. ભાઈ! અત્યારે તો મૂર્તની અપેક્ષાનું સાદશ્યપણું બતાવવું છે. કહો, સમજાય છે કાંઈ?

સમ્યક્ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમમાં ત્રણ પ્રકાર આવે છે. સ્વને પ્રત્યક્ષ કરે, મૂર્ત-અમૂર્તને બેયને જાણે. એક જ મૂર્તને જાણે એવું છે નહિ. પણ અહીંયાં જે લેવામાં વાત આવી છે કે '**જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **મૂર્ત વસ્તુને જાણે છે,...**' એટલી અપેક્ષાનો ભાગ લેવો. '**તેમ ચક્ષુદર્શનાવર્ણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **મૂર્ત વસ્તુને દેખે છે.**' એ તો કઈ કથનશૈલી છે, કઈ અપેક્ષા ચાલે છે એ વાતને સમજવી જોઈએ. એમ જ પકડીને બેસે કે ..આમાં વ્યાખ્યા આવી જાય છે તો એમ વસ્તુ હોઈ શકે નહિ. કહો, સમજાણું? મતિ તો મૂર્ત-અમૂર્ત બેયને જાણે છે. જાણે છે કે નહિ? ધર્માસ્તિ, અધર્માસ્તિ, અમૂર્ત એ બધું મતિથી જણાય છે, નથી જણાતું એમ નહિ. અત્યારે મૂર્ત પૂરતાના ક્ષયોપશમની સાદશ્યતાની સાથે વર્ણન કર્યું છે. જોકે એ તો દર્શનોપયોગ અહીં લેવો છે અંદર, બહારથી દેખવું નથી કાંઈ, પણ દર્શનોપયોગમાં મૂર્ત સાથેના વર્ણનને કરીને આટલું વર્ણન લેવું છે.

'**જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા**

**મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...**' જુઓ, આમાં બેય નાખ્યું. '**જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા...**' પણ ઓલો ઉઘાડથી જાણે છે હોં. '**શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા...**' પોતાના ભાવશ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે શાસ્ત્રે કહેલા '**મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...**' ત્યાં શબ્દ મૂક્યો. પ્રત્યક્ષ અને અપરોક્ષ શબ્દમાં .. નાખ્યું. ઓલામાં ન નાખ્યું. સમજાણું? '**મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે, તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય...**' તેને તેને યોગ્ય '**વિષયોને દેખે છે.**' એટલી વાત અચક્ષુદર્શનાવરણીયનું વર્ણવ્યું, પણ એમાં એક મન પણ ભેગું આવે છે એ વાતને ગૌણ રાખી, ભાઈ! હવે અચક્ષુદર્શનમાં તો આંખ સિવાયની ચાર ઈન્દ્રિયો અને મન પણ આવે છે, પણ આમાં આટલી અપેક્ષાથી વાત કરી છે. સાધારણ વ્યાખ્યા કરી નાખવી છે. ચક્ષુ-અચક્ષુને બહુ વજન આપવું નથી. વજન તો ઓલું કારણસ્વભાવ અને કાર્યસ્વભાવનું આપ્યું છે એટલે આ વાતને સાધરણ કરી નાખવી છે. બહુ એના .. સમજાણું કે નહિ? સાધારણ વ્યાખ્યા કીધું. સાધારણ છે, સાધારણ છે. એટલે અમુક જાણે છે એમ.

'**અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી...**' ચાર ઈન્દ્રિયો એટલે ચક્ષુ સિવાયની ચાર ઈન્દ્રિયો દ્વારા. '**તેને તેને યોગ્ય વિષયોને દેખે છે.**' એટલે મનથી પણ ચક્ષુદર્શનાવરણીય થાય છે. પણ એ બહુ હલકું બતાવવા કારણસ્વભાવનું ત્રિકાળપણાનું માહાત્મ્ય બતાવવા આ વાતને સાધારણ રીતે વર્ણવી છે. '**જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **શુદ્ધપુદ્‌ગલપર્યંત...**' શુદ્ધપુદ્‌ગલ, લ્યો! એક પરમાણુને શુદ્ધ પુદ્‌ગલ કહે છે. શુદ્ધ પુદ્‌ગલપર્યંત. ત્યાં સુધી. બીજું તો જાણે છે એમ કહે છે. પણ એક પરમાણુ સુધીના મૂર્તદ્રવ્યને જાણે છે. '**તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી** (જીવ) **સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.**' એ બધા વિભાવદર્શનોપયોગની વ્યાખ્યા છે. કહો, સમજાણું? વિભાવદર્શનોપયોગ એટલે ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ક્ષયોપશ દશાનો, થોડા ઉઘાડનો ઉપયોગ છે માટે એને વિભાવદર્શનોપયોગ કહ્યો છે. ભગવાનનો જે કેવળજ્ઞાનની સાથે રહેલો કાર્યસ્વભાવદર્શનોપયોગ તો સ્વભાવ છે. અને ત્રિકાળ તો દર્શન.. કારણ છે એ સ્વભાવ છે અને વિભાવ ઓછી અવસ્થા છે માટે વિભાવ કહ્યો. એમાં નિમિત્તની અપેક્ષા આવે છે. કહો, સમજાણું? પુદ્‌ગલ એક પરમાણુ સુધીની વાત લીધી. અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પરમાણુ સુધીની વાત લીધી છે. નહિતર અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તો ઉદયને અને ક્ષયોપશમને જાણવાની તાકાતવાળો છે. પણ અહીંયાં આટલી સ્થૂળતાથી વર્ણન કર્યું છે. બધાનું સ્થૂળતાથી વર્ણન કર્યું છે.

'(ઉપર પ્રમાણે) **ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે :**' જુઓ, અશુદ્ધ દર્શનની વ્યાખ્યા થઈ ગઈ. અશુદ્ધ એટલે વિભાવદર્શનની વ્યાખ્યા

થઈ ગઈ. હવે પર્યાયનું સ્વરૂપ કહે છે. એમાં જે નિરપેક્ષ પર્યાય જે બીજો બોલ છે એની વ્યાખ્યા પહેલી કરે છે. કહો, સમજાણું? '**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः।**' ધન્નાલાલજી! પર્યાયની વ્યાખ્યા. '**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः।** '**અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.**' જુઓ, આ પર્યાયની વ્યાખ્યા. આ પર્યાયની વ્યાખ્યા શુદ્ધકારણપર્યાયને પણ લાગુ પડશે. એ ત્રિકાળ સામાન્યમાંથી એક અંશ ભદે પડે છે એ શુદ્ધકારણપર્યાય છે. એક સમયનો પર્યાય હોં, છતાં એ છે દ્રવ્યાર્થિકનો વિષય. વિશેષ છે પણ એ ત્રિકાળનો વિષય છે, એ વ્યવહારનો વિષય નથી, પણ સામાન્ય સાથે એકરૂપ પર્યાય શુદ્ધકારણ છે.

જુઓ, અહીંથી ઉપાડે છે. '**તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે,...**' એ નિરપેક્ષ પર્યાયની વ્યાખ્યા કરે છે. ઓલી સ્વપર અપેક્ષાની વ્યાખ્યા એ વ્યંજનપર્યાયમાં નાખી દેશે આમાં તો. '**તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને...**' આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. સાધારણ છે. બધામાં સરખી છે. બધામાં છે એ '**અર્થપર્યાય છે,...**' એને અર્થપર્યાય કહે છે. '**વાણી અને મનને અગોચર છે,...**' છએ દ્રવ્યમાં આવી એક નિરપેક્ષ પર્યાય એ છએ દ્રવ્યને વિષે રહેલી છે, જે '**વાણી અને મનને અગોચર છે, અગમ્ય છે. અતિ સૂક્ષ્મ છે,...**' ઘણી સૂક્ષ્મ પર્યાય છે. '**આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય...**' ભગવાનના આગમપ્રમાણથી તે સ્વીકારવાયોગ્ય છે.

'**તેમ જ છ હાનિવૃદ્ધિના ભેદો સહિત છે...**' છ હાનિ અને છ વૃદ્ધિ એના પ્રકાર સહિત એ વસ્તુ છે. '**અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.**' એ ષટ્ગુણવૃદ્ધિહાનિ જેને કહે છે. આ એને શુદ્ધસ્વભાવઅર્થપર્યાય નિરપેક્ષ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? નિરપેક્ષ છે એને કોઈ અપેક્ષા છે નહિ. છએ દ્રવ્યમાં એવી પર્યાય વર્તી રહી છે. એ કોઈ આગમપ્રમાણ સૂક્ષ્મ સ્વભાવ એક સમયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ વર્તી રહ્યો છે એવો સ્વભાવઅર્થપર્યાયરૂપે તેને નિરપેક્ષ પર્યાય કહેવામાં આવે છે.

હવે ઓલું સ્વપર અપેક્ષિત હતુંને? સ્વપર અપેક્ષ. એને એક જ ટૂકડામાં સમાડી દે છે. '**અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.**' લ્યો, એટલી જ વાત લીધી. કહો, સમજાણું? વિશેષ હજી આગળ આવશે. સ્વભાવપર્યાય, વિભાવપર્યાયનું કથન. આટલું આમાં લીધું. અશુદ્ધપર્યાય મનુષ્ય, નારકી, દેવ અને ઢોર એનો વ્યંજનપર્યાય જે આકૃતિનો પર્યાય, પ્રદેશત્વગુણને લઈને વિભાવરૂપ પર્યાય એને અહીંયાં વ્યંજનપર્યાય કહ્યો છે. એ સ્વ અને પરની એમાં અપેક્ષા છે. એકલા સ્વની નથી, એકલી નિમિત્તની પણ નથી. આત્માના પ્રદેશગુણમાં વિકારપણે સ્વ પરિણમે છે આકારપણે ત્યારે એ કર્મનું એમાં નિમિત્ત છે. એવા સ્વપરના

અપેક્ષાવાળી પર્યાયને અશુદ્ધ પર્યાય, વ્યંજનપર્યાય કહે છે. ઓલી શુદ્ધપર્યાયની વ્યાખ્યા. અહીં વ્યંજનપર્યાયની શુદ્ધની વ્યાખ્યા લેતા નથી એવી આચાર્યની, મુનિની ઢબ છે. શુદ્ધવ્યંજનપર્યાય તે સિદ્ધમાં છે. એની વાતને ગૌણ કરી નાખે છે. કહો, સમજાણું કાંઈ?

'(**હવે ૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :**)' લ્યો, હવે ત્રણ શ્લોક કહે છે.

(मालिनी)

**अथ सति परभावे शुद्धमात्मानमेकं**
**सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।**
**भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।२४।।**

હવે ધર્મીને ભલામણ કરે છે. અહો..! આત્મામાં '**પરભાવ હોવા છતાં,...**' એ વિકારી પર્યાય વ્યંજન કે વિકારી દર્શનોપયોગ એવો હોવા છતાં કે વિકારી જ્ઞાનની પર્યાય મતિજ્ઞાનાદિ હોવા છતાં અને રાગ-દ્વેષના પરિણામ પણ હોવા છતાં '**સહજગુણમણિની ખાણરૂપ...**' સહજગુણમણિની ખાણરૂપ. કેવો આત્મા? કેવો છે આત્મા? સ્વભાવગુણમણિની ખાણ છે. જેમાં સ્વભાવિક ગુણની મણિઓ ભરી છે. સ્વભાવગુણમણિની ખાણ ભગવાન ચિદાનંદ ત્રિકાળ આત્મા છે. '**અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને...**' જ્ઞાનને જુદું પાડ્યું. ઓલામાં બધા સમાણા હતા. જ્ઞાનવિશેષ... '**સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને...**' પૂર્ણ જ્ઞાનવાળા, શુદ્ધ ત્રિકાળી પૂર્ણ જ્ઞાન. કહો, સમજાણું? પૂર્ણ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એકરૂપ ચૈતન્યસ્વભાવભાવ છે. એવા '**શુદ્ધ આત્માને એકને...**' એ એવા એકને '**જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદષ્ટિ પુરુષ ભજે છે,...**' તીક્ષ્ણ બુદ્ધિ આને કીધી કે જે ત્રિકાળ શુદ્ધ જ્ઞાનની ખાણ છે, અનંતા ગુણમણિની ખાણ છે અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. એને એકને તીક્ષ્ણબુદ્ધિવાળો સ્વભાવ તરફ ઢળીને ત્રિકાળ ચૈતન્યમૂર્તિમાં અંતર વલણ કરીને '**તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદષ્ટિ પુરુષ...**' સમ્યક્. શુદ્ધ દષ્ટિ એટલે સમ્યક્દષ્ટિપુરુષ ભજે છે. એટલે સ્વરૂપની સેવા કરે છે, એનું ભજન કરે છે. ભજન એટલે 'ચિદાનંદ અખંડાનંદનો કંદ ગુણમણિની ખાણ ત્રિકાળ છું.' એવા અંતરમાં એકાગ્ર થાય તેને અહીંયાં ભજે છે એમ કહેવાય છે. ભજન નામ કાંઈ માળા ગણવાની વાત નથી, તેમ વિકલ્પ ઉઠાવવો એ પણ નથી. કહો, સમજાણું?

'**આ એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી...**' પરમશ્રી એટલે મુક્તિરૂપી લક્ષ્મી એવી જે '**કામિની...**' એવી સ્ત્રી એનો '**વલ્લભ બને છે.**' કહો, સમજાય છે કાંઈ? '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ બને છે.**' જુઓ, આચાર્યે સ્ત્રીની ઉપમા આપીને મુક્તિની સાથેનો મેળ કર્યો છે. આ ચામડાવાળી સ્ત્રી એમાં

જે મોહી પડ્યા છો એ નહિ, પણ આ શુદ્ધસ્વભાવરૂપી પરિણતિ આનંદ-મુક્તિસુંદરી આ એનો એ વલ્લભ બને છે એટલે કે એમાંથી પર્યાય આત્મામાં પ્રગટ્યા જ કરે એવી દશાવાળો બને છે. બહુ ઉપમા આપી આમાં. કહો, સમજાણું? મુક્તિસુંદરીનો વલ્લભ કહે છે. બીજી સ્ત્રીઓનો વ્હાલો થવા જા છો, એ કરતાં અહીંયાં ઘરમાં ત્રિકાળ સ્વભાવ આત્મા પડ્યો છે, પૂર્ણ જ્ઞાનસ્વભાવ છે, સહજગુણમણિની ખાણ છે એનું ભજન કર તો મુક્તિસુંદરી પ્રગટ થયા વિના રહે નહિ અને એ પાછી એવી વલ્લભ થાય કે તારી પર્યાયમાંથી ખસે નહિ. ઓલી તો .. વળી મરી જાય કાં તો આના આ ભવમાં એની સાથે વિરોધ થઈ જાય તો છૂટી જાય. આ તો એનો વલ્લભ બને છે. જે અંદર દશા પ્રગટી એ પર્યાય અનંતકાળ રહે છે. એ પર્યાયથી દ્રવ્ય કોઈ દિ' છૂટું પડે નહિ. એમ વર્ણન કરે છે. સાદિ-અનંત. ઓલાનો વલ્લભ તો ઘડીક માને, વળી પ્રતિકૂળતા ક્ષયરોગ થયો, શરીરમાં સત્ત્વ ન રહ્યું તો વળી પૈસા-બૈસા ન હોય તો છોડી દે અથવા ન છોડે તો મરતા વખતે પણ છૂટી જાય ગમે તેવી વ્હાલી સ્ત્રી હોય ઈ. તો એ સ્ત્રીનો ખરેખર વલ્લભ કહેવાય નહિ.

આ તો કહે છે વિકાર એક સમયનો હોવા છતાં ત્રિકાળ સહજગુણમણિની ખાણને પૂર્ણ જ્ઞાનસ્વરૂપનું જે ભજન કરે છે એકાગ્ર થઈને, જે સૂક્ષ્મબુદ્ધિ, તીક્ષ્ણ બુદ્ધિ કરીને એકાગ્ર થાય છે તે '**પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે.**' એટલે કે પ્રગટેલી પર્યાય કોઈ દિ' એનો વિરહ થતો નથી. અંદરથી પ્રગટેલી પર્યાયનો કોઈ દિ' વિરહ પડતો નથી. જગતની સ્ત્રીઓનો તો વિરહ મોટા ઈન્દ્રોની ઈન્દ્રાણીઓ પણ એની હયાતીમાં મરી જાય અને છેવટે પાછળની ઈન્દ્રાણીઓ હોય તો ઈન્દ્ર પણ મરી જાય અને એક-બીજાના વિરહ પડે. એ વલ્લભ કહેવાય નહિ. જુઓ, એવી રીતે વાત લે છે હોં. કહો, સમજાણું? અહીં તો સ્ત્રીનું વર્ણન એનું વધારે કર્યું છે કહે છે. માસ્તર કહે કે એ વખતે ૭૦૦ વર્ષ વખતે ઓલો ઈતિહાસમાં આવે છેને બહુ. ૭૦૦ વર્ષ પહેલાં થયા છેને આ આચાર્ય આ મુનિ. એ વખતે ઈતિહાસની ઓલી બધી લડાઈઓ આવેને. સ્ત્રીઓની લડાઈઓ નહોતી આવતી બે-ચાર? કોનું કોનું કીધું માસ્તર? એ સ્ત્રીઓ માટે થાતું એટલે મુનિએ એને ગોઠવી દીધું છે કહે છે. વાત જરીક મેળમાં મગજમાં આવી ગઈ હતી. ઓલા સ્ત્રીઓ માટે મરી જાવ છો તમે રાજાઓ! એ વખતના ઈતિહાસમાં એ વાત હતી વધારે કહે છે. સમજ્યાને? એટલે કહે છે કે આ તારી આત્માની અંદર મુક્તસુંદરી જે પ્રગટે એ તારા વિરહ વિના રહે નહિ. તારી સાથે ને સાથે રહે એને તું વર. મરી જાય ત્યાં માથા ફોડીને મરી જાઓ ત્યાં એમાં કાંઈ વળે એવું નથી. ઈતિહાસ એક જાતનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પણ આવી જાય છેને અંદર? સમજાણું કાંઈ? ઓલા માટે ઓલા મરી ગયા. ચારો કોર કહે છે એ સ્ત્રી માટે બધા.

અહીં કહે છે કે ભાઈ! તારો આત્મા જુઓ, એવો છે કે વિકારની પર્યાય મોજૂદ હોવા છતાં આ ત્રિકાળના સ્વભાવનો જો આશ્રય લે તો એવી મુક્ત પર્યાય તને પ્રગટે કે એ લક્ષ્મી

તારાથી કોઈ દિ' જુદી પડે નહિ. એનો વલ્લભ થયો કહેવાય, એનો વ્હાલો કહેવાય કે જેના વિયોગ પડે નહિ. જેના વિયોગ પડે એને વ્હાલો કહેવાય નહિ. કહો, સમજાણું કાંઈ? જુઓ, આ પદ્મપ્રભમલધારિદેવ વારંવાર વર્ણવે છે. એને એકદમ આક્ષેપ કરી નાખવા કે આ મુનિ આમ કેમ કહે છે? આગળ તો ઘણું કહેશે હજી. સ્ત્રીનું વર્ણન કરી મુક્તિસુંદરી, આત્માની દીક્ષા, એના વખાણ અને આનંદના વખાણ કરવામાં સ્ત્રીની ઉપમા ઘણી આપશે. શબ્દો ઓછા લાગે છે એમાં ઉપમા અલંકારમાં એ આવી જાય છે અને આ વર્તમાન એના ઈતિહાસના લક્ષમાં પણ સ્ત્રી માટે મરી જાવ છો એ કરતા મુક્તિસુંદરી સ્ત્રી અહીં તારા આત્મામાં પડી છે એને તું વર. એનો વલ્લભ થા, તો કોઈ દિ' વરહ પડે નહિ. આ તો બધા વિરહ પડીને મરી જશે એ અને તું બેય. અનંતે કાળે પાછા ક્યાંયા ભેગા થાય એવું નથી અને આ અનંતે કાળે કોઈ દિ' જુદાં પડે એવું નથી. કહો, સમજાણું? નારણભાઈ! આ વાત માસ્તરની કાંઈક ઠીક લાગી કીધું આ. એ વખતે ઈતિહાસમાં લગભગ એવું આવે છે ૭૦૦ વર્ષ પહેલાં. કહો, સમજાણું?

ઘણે ઠેકાણે એ નાખ્યું છે જુઓને. એ જ કહ્યુંને. '**स भवति परमश्रीकामिनीकामरूपः**' ઘણે ઠેકાણે એ નાખે છે. ભાઈ! પરમશ્રી કામિની. આ તારી કામિનીની જે ઈચ્છા કરે છે એ કાંઈ પરમ છે નહિ અને એ તારું વલ્લભપણું અને એનું વલ્લભપણું કાયમ રહેશે નહિ. આત્મા આનંદકંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અંદર પરિપૂર્ણ સ્વભાવ એની રુચિ, જ્ઞાન અને રમણતા કર કે જે મુક્તદશા પ્રગટે એ વલ્લભ કામિનીનો વલ્લભ બને છે. એ મુક્ત પર્યાયનો વ્હાલો બને એટલે પર્યાય એક ક્ષણ પણ જુદી રહે નહિ. નવી... નવી... નવી... નવી... નવી... સાદિ-અનંત થયા કરે. કહો, સમજાણું કાંઈ? એ માસ્તરે રાતે કીધું એનો વિસ્તાર થયો આમાં થોડો. જુઓ, વલ્લભ બને એની વ્યાખ્યા થઈ. કહો, સમજાણું? ૨૫મો શ્લોક.

(मालिनी)

इति परगुणपर्यायेषु सत्सूत्तमानां
हृदयसरसिजाते राजते कारणात्मा।
सपदि समयसारं तं परं ब्रह्मरूपं
भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।

'**શ્લોકાર્થ :- એ રીતે પરગુણપર્યાયો હોવા છતાં,...**' શું કહે છે? હે આત્મા! જુઓ અહીંયાં અપેક્ષા વર્ણવી છે. તું અખંડાનંદ ત્રિકાળ ગુણનો સંપન્ન આનંદકંદ છો. એ પરગુણપર્યાયો-મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને વ્યંજનાદિ પર્યાયો વિભાવ એવા હોવા છતાં, એ વિકારી પર્યાય પરગુણપર્યાય, પરગુણપર્યાય. પરગુણની પર્યાય. કાંઈ ગુણો ક્યાં ગરી જાય છે અહીંયાં. એ વિકારી બધી પર્યાય, મતિજ્ઞાનાદિ ગુણો બધા એને ગુણપર્યાયો વિકારીને ગણ્યા છે. '**એ રીતે પરગુણપર્યાયો હોવા છતાં,...**' મતિજ્ઞાનનો ઉઘાડ ઓછો, વિભાવરૂપ

વગેરે. ચક્ષુ, અચક્ષુનો જે વિભાવરૂપ, અવધિદર્શનનો પણ વિભાવરૂપ અને રાગ-દ્વેષાદિના પરિણામ કે આત્માના પ્રદેશગુણની વિકારી પર્યાય. એવું **'હોવા છતાં, ઉત્તમ પુરુષોને હૃદય કમળમાં...'** ઉત્તમ પુરુષોના હૃદય કમળમાં **'કારણ-આત્મા બિરાજે છે.'** કારણ નામ ત્રિકાળ ભગવાન ચિદાનંદસ્વભાવસંપન્ન બિરાજે છે. જુઓ, બે વાત કરી. સાધક છે માટે. સાધક છે માટે. આ સિદ્ધની વ્યાખ્યા નથી.

**'પરગુણપર્યાયો હોવા છતાં,...'** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનનો ઉઘાડ ઓછો હોવા છતાં, ચક્ષુ-અચક્ષુનો વિભાવગુણ હોવા છતાં આદિ વગેરે અને વ્યંજનપર્યાય વિકારી હોવા છતાં. એ પર્યાય તો છે, બાધકપણું તો છે. એની વ્યાખ્યા ચાલે છે. **'ઉત્તમ પુરુષોને હૃદય કમળમાં...'** દૃષ્ટિના વિષયમાં કારણઆત્મા બિરાજે છે. બે વાત કરી. વિકાર અને અલ્પ પર્યાય સમયની હોવા છતાં હૃદય કમળમાં દૃષ્ટિનો વિષય કારણ-આત્મા બિરાજે છે. દૃષ્ટિ ત્રિકાળ કારણ-આત્મા તરફ વળેલી છે. એટલે સાધકપણું પણ કહ્યું અને વચ્ચે બાધકપણાનો ભાવ પણ ઊભો છે એ પણ જણાવ્યો. બાધકપણું છે છતાં કાંઈ સાધકપણું વયું જાતું નથી અને સાધકપણાનું ધ્યેય કોણ છે એ પણ ભેગું વર્ણવ્યું. એટલે **'ઉત્તમ પુરુષોને હૃદય કમળમાં કારણ-આત્મા બિરાજે છે.'** લ્યો! આ કારણ-આત્મા. ઓલો કારણશુદ્ધજીવ કહ્યો હતોને. ૯મી ગાથામાં કારણશુદ્ધજીવ (કહ્યો હતો) એને અહીંયાં કારણ આત્મા કહ્યો છે. કારણ શુદ્ધજીવ શક્તિરૂપે ત્રિકાળ. પરમાનંદ જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિનો ભંડાર. કાર્ય આત્મા તો કેવળજ્ઞાની છે. કાર્ય આત્મા, શુદ્ધ કાર્ય-આત્મા કેવળજ્ઞાની સિદ્ધ. અહીં કારણ આત્મા જે કહ્યો હતો એ. ત્રિકાળ ચૈતન્યમૂર્તિ શક્તિનો ભંડાર છે એ દૃષ્ટિના વિષયમાં બિરાજે છે, એને બાધકભાવ પણ હોય છે. જુઓ, સાધકની વ્યાખ્યા કરી.

**'પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—'** પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને. પર્યાય પ્રગટ થઈ ઈ. **'પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—'** એ નવી પર્યાય ઉત્પન્ન થઈ એ સ્વભાવ તરફ વળેલી છે એટલે એને ભજે છે એમ કહે છે. **'પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે તેને—'** અથવા ત્રિકાળ સ્વરૂપ આત્મા પોતાથી જ છે. કાંઈ કોઈથી ઉત્પન્ન થયેલો નથી. એવા પરમબ્રહ્મસ્વરૂપ સમયસાર ત્રિકાળ કે જેને તું ભજી રહ્યો છે, જેને તું સેવી રહ્યો છે. જુઓ, પોતાની વ્યાખ્યા કરે છે. ત્રિકાળ ચૈતન્ય પરમબ્રહ્મસ્વરૂપ પોતાથી ઉત્પન્ન છે. ઉત્પન્ન એટલે? એમ ને એમ છે. સમજાણું? ત્રિકાળ પરમબ્રહ્મસ્વરૂપ કારણપરમાત્મા આનંદકંદ શુદ્ધ એવો ને એવો છે. કોઈએ એને ઊપજાવ્યો નથી.

**'એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—'** પરમબ્રહ્મ-પરમ આનંદસ્વરૂપ, પરમબ્રહ્મ. એવા સમયસાર ત્રિકાળ **'કે જેને તું ભજી રહ્યો છે...'** જુઓ, હવે મુનિ પોતે કહે જેને તું

ભજી રહ્યો છે, સેવી રહ્યો છે **'તેને—હે ભવ્યશાર્દુલ...'** હે ભવ્યશાર્દુલ! હે ભવ્યમાં શાર્દુલ સિંહ સમાન ઉત્તમ. જુઓ, ભવ્યશાર્દુલ સિંહ **'તું શીઘ્ર ભજ;...'** ભજી રહ્યો તેને શીઘ્ર ભજ. ઉતાવળ કરાવે છે, ઉગ્રતા કરે છે. ભજી રહ્યો તો છે, પણ હવે એને તું શીઘ્ર ભજ, ઉગ્રતા કર. બેપણું બતાવે છે. ભજી તો રહ્યો છે. સ્વભાવ તરફ એકાગ્ર તો છે, પણ હવે તું શીઘ્ર ભજ. સ્વભાવની એકાગ્રતામાં ઉતાવળ કર. એટલે ઉગ્રતા કર, ઉગ્રતા કર. આ **'તું તે છે.'** બીજો કોઈ નથી. **'તું શીઘ્ર ભજ; તું તે છે.'** બીજો કોઈ છે નહિ. ત્રિકાળ આનંદસ્વભાવભાવ અખંડાનંદ પરમમૂર્તિ ચૈતન્ય પરમબ્રહ્મસ્વરૂપ ભગવાન એ તું તે છે. બીજો કોઈ છે નહિ. **'તું તે છે.'** બીજો કોઈ છે નહિ. બીજો કોઈ ભગવાન લક્ષમાં લેવા જેવો નથી. આવા ભગવાનને જે તું સેવી રહ્યો છો એને તું શીઘ્ર એટલું વિશેષણ આપ્યું. હવે ઉગ્રપણે તું સેવ. જે સ્વભાવની એકાગ્રતા કરે છો એમાં વિશેષ એકાગ્રતા કર. એમ પોતાના આત્માને પણ સંબોધન કર્યું છે. કહો, સમજાણું? ૨૬મો શ્લોક.

(પૃથ્વી)

**क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा।।२६।।**

કેવો છે આત્મા? જુઓ, ત્યાં આત્મા શબ્દ વર્ણવ્યો, અહીંયાં જીવ વર્ણવ્યો. કારણ કે કોઈ વળી ફેર ન માને કે આત્મા અને જીવ જુદો હશે. સમજાય છે? એ તો એને ને એને આત્મા કહેવાય અને એને ને એને જીવ કહેવાય. સિદ્ધને જીવ પણ કહેવાય અને સિદ્ધને આત્મા પણ કહેવાય. નિગોદના જીવને જીવ પણ કહેવાય, નિગોદના જીવને આત્મા કહેવાય. એમાં ભેદ પાડે છે એવું કાંઈ છે નહિ.

**'જીવતત્ત્વ ક્વચિત્ સદ્ગુણોસહિત વિલસે છે—દેખાય છે,...'** સમજાય છે? વર્તમાન નિર્મળપર્યાયસહિત દેખાય છે. **'ક્વચિત્ સદ્ગુણોસહિત...'** નિર્મળ સત્ગુણોની પર્યાયસહિત દેખાય છે. **'દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.'** પ્રગટ થાય છે નવી પર્યાય. ક્વચિત્ જીવતત્ત્વ નવી નિર્મળ પર્યાયથી દેખાય એ સાધકની વ્યાખ્યા છે. **'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણોસહિત વિલસે છે,...'** એ પર્યાય. અશુદ્ધ વિકારીપર્યાયસહિત પણ જરી પ્રગટ આવિર્ભૂત દેખાય છે. અશુદ્ધરૂપ ગુણ, ગુણ એટલે વિકારી પર્યાય. મતિજ્ઞાનાદિ એનાથી પણ દેખાય છે. **'ક્વચિત્ સહજપર્યાયોસહિત વિલસે છે...'** કદાચિત્ સહજ સ્વભાવિક નિર્મળ પર્યાયસહિત વિલસે છે નામ અમુભવ કરે છે અને પ્રગટ થાય છે. સહજ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે.

**'ક્વચિત્ અશુદ્ધ પર્યાયોસહિત વિલસે છે.'** કદાચિત્ અશુદ્ધ. ઓલામાં ગુણ હતા અને પર્યાયોસહિત વિલસે છે. સ્વભાવિકપર્યાયસહિત વિલસે છે. નિર્ણળ વિશેષ પર્યાય લેવી. **'ક્વચિત્ અશુદ્ધ પર્યાયોસહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં...'** આ બધાથી સહિત હોવા છતાં, પર્યાયદષ્ટિએ આ બધાથી સહિત હોવા છતાં. શું બધાથી? કે ક્વચિત્ સદ્‌ગુણોની પર્યાય વિલસે છે, ક્વચિત્ અશુદ્ધ ગુણોની પર્યાય દેખાય છે, કદાચિત્ સહજપર્યાયસહિત વિલસે છે અને કદાચિત્ અશુદ્ધ પર્યાયસહિત દેખાય છે. **'એ બધાથી સહિત હોવા છતાં પણ જે બધાથી રહિત છે...'** એ બધી પર્યાયથી રહિત છે. ત્રિકાળ-ત્રિકાળ. ઓલી પર્યાયો પ્રગટ થઈ એથી પણ રહિત છે, અશુદ્ધથી પણ રહિત અને પ્રગટ પર્યાય (એનાથી પણ રહિત છે). જુઓ, **'ક્વચિત્ સહજપર્યાયસહિત વિલસે'** એનાથી પણ રહિત. લ્યો, સહજ પર્યાયો પ્રગટ થઈ છે નિર્મળ થોડી એ બધાથી રહિત છે.

**'એવા આ જીવતત્ત્વને...'** ત્રિકાળ. ત્રિકાળી તત્ત્વ લીધું પાછું ફેરવીને. ઓલામાં પરભાવ પરગુણો હોવા છતાં કીધું, એની પછી વ્યાખ્યા કહી અહીંયાં. પરગુણો શું આવા આવા. સમજ્યાને? ક્વચિત્ સહજપર્યાય નિર્મળ પર્યાય ઉઘડેલી એનાથી પણ રહિત છે. કહો, અશુદ્ધ ગુણથી તો રહિત છે, ક્વચિત્ સદ્‌ગુણની પર્યાયથી પ્રગટ થઈ એનાથી રહિત છે. **'એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું.'** લ્યો! ભલે પ્રગટ પર્યાયમાં અશુદ્ધતા હો, કોઈ પ્રગટ પર્યાયમાં શુદ્ધતા હો, કોઈ ગુણનો વિશેષ નિર્મળ પર્યાય ઓછો હોય અને વધારે હોય, પણ છતાં એ બધાથી સહિત હોવા છતાં, વર્તમાન પર્યાયમાં એ હોવા છતાં, એ બધાથી ત્રિકાળ દ્રવ્ય રહિત છે. લ્યો, સહિત છે અને તે જ રહિત છે. ભાષા. પર્યાયે સહિત છે તો વસ્તુદષ્ટિએ એ પર્યાય એવા ભંગથી રહિત છે. **'એ બધાથી રહિત એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** સકળ પ્રયોજનની સિદ્ધિ, સકળ મોક્ષની સિદ્ધિને માટે **'સદા નમું છું,...'** વળું છું, એવા આત્માને હું **'ભાવું છું.'** કે જે મુક્તિનું કારણ થાય છે. એમ કરીને ૧૪મી ગાથા કરી લ્યો.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૯, મંગળવાર તા. ૦૯-૧૦-૧૯૫૧, ગાથા-૧૫, પ્રવચન નં. ૪૨૨

ગાથા ૧૫. નિયમસારની ગાથા ૧૫. જુઓ, અધિકાર આમાં સૂક્ષ્મ છે જરી.

णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।
कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।
તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

'**ટીકા :- આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.**' એમાં એનો અન્વયાર્થ. જુઓ, આ પર્યાયની વ્યાખ્યા છે, અવસ્થાની વ્યાખ્યા છે. '**મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિરહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.**' હવે એ સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોમાં '**ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે :...**' જુઓ, જરી ઝીણો વિષય છે, શાંતિથી સાંભળવા જેવો છે. '**પ્રથમ સ્વભાવપર્યાય...**' જુઓ, પર્યાયનો અધિકાર છે આ. ગુણનો અધિકાર નથી, દ્રવ્યનો અધિકાર નથી. આ અધિકાર પર્યાય નામ અવસ્થાનો છે. '**સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોની મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' એક આત્મામાં ત્રિકાળ કારણશુદ્ધપર્યાય છે અને એક પ્રગટ થયેલી કેવળજ્ઞાનાદિ કાર્યશુદ્ધપર્યાય (છે) એની વ્યાખ્યા ચાલે છે.

હવે કહે છે કે કારણશુદ્ધપર્યાય કોને કહેવી? કારણશુદ્ધપર્યાય હોં. પર્યાય એટલે અવસ્થા, પર્યાય એટલે અવસ્થા. એ કારણ અવસ્થા, કારણશુદ્ધદશા કોને કહેવી? એ વ્યાખ્યા છે. જુઓ, અહીં પદ્મપ્રભમલધારી મુનિએ એવી રીતે વાત લીધી છે કે જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ જેમ દ્રવ્યે-ગુણે અખંડ છે અને એની પર્યાય પણ પ્રવાહિત અખંડ એક ધારાએ પર્યાય પણ અખંડ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળમાં એની પર્યાયમાં ક્યાંય વિષમતા નથી, એકરૂપ પર્યાય છે. એમ આત્મામાં વસ્તુ પોતે અનંત સ્વભાવગુણનો પિંડ છે એનો જે એક-એક સમયનો પ્રગટ જે પર્યાય છે અનાદિ-અનંત સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ પર્યાયમાં તો અનેકતા આવે છે. સંસારની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય અને મોક્ષ એમાં એકરૂપતા નથી આવતી, અનેકતા આવે છે. એટલે આત્મા જ્ઞાનદર્શન આદિ સ્વભાવ જે શક્તિરૂપ છે, જે સામાન્ય છે એની એક એક સમયની વિશેષ પરિણતિ જે ધ્રુવસ્વભાવની

સાથે ધ્રુવરૂપ રહેનારી, વ્યક્તરૂપ ઉત્પાદ-વ્યયરૂપ નહિ પણ અવ્યક્તરૂપ જેમ સામાન્ય ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે એમ એક એક સમયનો પરિણતિરૂપ પર્યાય પણ અનાદિ-અનંત એકરૂપ છે એવો એ પારિણામિકભાવ અખંડ થાય છે. કહો, સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

જેમ ધર્માસ્તિ આદિ એ દ્રવ્ય, ગુણ અને પર્યાય એની છે, ધર્માસ્તિમાં પર્યાય ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... પણ એક પારિણામિકભાવે એક ધારાવાહી પારિણામિકભાવે (રહી છે). ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળમાં પરમપારિણામિક સ્વભાવભાવની એની ઉત્પાદ-વ્યયની પર્યાય એકરૂપ છે. પુદ્‌ગલમાં એકરૂપ નથી. પુદ્‌ગલ ખંડ-ખંડ અને ભંગરૂપ છે. એથી એક પરમાણુ છૂટો રહે તોપણ એમાં એકગુણ ચીકાશ, અનંતગુણ ચીકશ વગેરે વિષમતાઓ થાય છે. પણ ચૈતન્ય ભગવાન અખંડ અભેદ સ્વરૂપે વર્ણવવાનું સ્વરૂપ છે અત્યારે અને એ વસ્તુનું સ્વરૂપ છે.

એનામાં સંસારપર્યાય જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ અસંખ્ય પ્રકાર... એવો જ એનો પરિણતિરૂપ પર્યાય પણ ત્રિકાળ એકરૂપ છે. નારણભાઈ! શું કહ્યું સમજાણું? જેમ ધર્માસ્તિ-અધર્માસ્તિનો પર્યાય એકરૂપ ત્રિકાળ છે એમ વસ્તુ ચૈતન્યમૂર્તિ આત્મા એનો પર્યાય પણ પ્રગટરૂપની અવસ્થા સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ વિષમ છે, એકધારા નથી, અનાદિ-અનંત એકધારા એ પર્યાય નથી, એ વખતે એક અવ્યક્ત પર્યાય એટલે પ્રગટરૂપ પર્યાય બાહ્ય ઉત્પાદના વ્યયના અનુભવરૂપ નહિ એવો એક શુદ્ધકારણરૂપ પર્યાય આત્મામાં અનાદિ-અનંત છે કે જે આખા સ્વભાવ ત્રિકાળ અને વર્તમાન વિશેષ પરિણતિ એમ થઈને એ પારિણામિક પદાર્થ પૂરો થાય છે. અને આ વ્યવહારનયનો વિષય—સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ વ્યવહારનયનો વિષય છે અને શુદ્ધ નિશ્ચયનયનો વિષય એ ત્રિકાળ સ્વભાવ અને એની પરિણતિ છે. એ પરિણતિની વ્યાખ્યા ચાલે છે.

'**અહીં સહજશુદ્ધનિશ્ચયથી,...**' જુઓ, હવે અહીંયાં આ નિશ્ચય સ્વભાવ એનો ત્રિકાળ વર્ણવાય છે. '**અહીં સહજશુદ્ધનિશ્ચય...**' એ વાત પહેલી લીધી છે. આત્મામાં '**સહજશુદ્ધનિશ્ચયથી,...**' એટલી વાત. '**અનાદિ-અનંત,...**' એક આત્મામાં અનાદિ-આદિ નહિ અને અંત નહિ એવી પર્યાય. પર્યાય આ લે છે સ્વચતુષ્ટય, એની સાથે એક એવી ને એવી પર્યાય છે. '**અહીં સહજશુદ્ધનિશ્ચયથી, અનાદિ-અનંત,...**' સ્વભાવચતુષ્ટય લેશે. સ્વભાવચતુષ્ટય અનાદિ-અનંત. આત્માનો સ્વભાવચતુષ્ટય—જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય એ ત્રિકાળ સ્વભાવચતુષ્ટય. એ '**સહજશુદ્ધનિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત,...**' જેમાં મૂર્તપણું નથી. સ્વભાવ ચતુષ્ટય ત્રિકાળ. '**અતીન્દ્રિયસ્વભાવવાળાં...**' જે આત્માનો સ્વભાવ ચતુષ્ટય અતીન્દ્રિય સ્વભાવ છે. અતીન્દ્રિય સ્વભાવવાળા '**અને શુદ્ધ એવાં...**' ઓલું તો '**સહજશુદ્ધનિશ્ચયથી...**' વર્ણન કર્યું હતું. સહજશુદ્ધનિશ્ચય દૃષ્ટિથી અને આ '**અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા અને શુદ્ધ એવાં સહજજ્ઞાન...**' એ પોતે જ્ઞાન અંદર

જે ત્રિકાળ. **'શુદ્ધ એવાં જે સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક...'** આ ચાર બોલ લીધા. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ એમાં લીધો. કહો, સમજાણું? એવું જે **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** આત્મા વસ્તુનો એક સમયનો પર્યાય સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એને ગૌણ કરીને ત્રિકાળ વસ્તુ જે છે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ, ત્રિકાળ જે જ્ઞાન, દર્શન, આનંદ અને ચારિત્ર.. સમજાણું? આમાં એમ લીધું છે. ઓલામાં લેશે વીર્ય. પ્રગટમાં, ભાઈ! સમજાણું?

એવો **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** આત્માનું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. **'જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** જે આત્માનો ત્રિકાળ સ્વભાવઅનંતચતુષ્ટય સહજજ્ઞાન-દર્શન-ચારિત્ર, સહજ પરમવીતરાગ સુખ આનંદસ્વરૂપ **'સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** આત્મામાં ત્રિકાળ સ્વભાવ ગુણરૂપે. **'તેની સાથેની જે...'** એવા ત્રિકાળ સ્વભાવની સાથેની જે **'પૂજિત પંચમભાવપરિણતિ...'** ત્યાં સ-અંચિત પંચમભાવ પરિણતિ એમ શબ્દ છે. કહો **'તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...'** લ્યો, આ પર્યાય છે. આત્મા દ્રવ્ય, આ સહજ આદિ જે અનંતચતુષ્ટય કહ્યા એ ગુણો અને એની સાથેની પૂજિત, **'(-તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ)'** પરિણતિ એટલે અવસ્થા, પરિણતિ એટલે દશા, પરિણતિ એટલે પર્યાય. **'તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.'** જુઓ, આ વાત જરી ઝીણી છે.

વસ્તુ એવી છે કે ચૈતન્યપિંડ એનો સ્વભાવ અને સ્વભાવ સાથેની પરિણતિરૂપ સ્વભાવ. સ્વભાવ સાથેની પરિણતિરૂપ સ્વભાવ. એ નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધા આત્મામાં શુદ્ધ કારણપર્યાય એકધારાએ વહી રહી છે. એમાં ક્યાંય ભેદ નથી. કહો, સમજાય છે? એ શુદ્ધનિશ્ચયથી, સહજશુદ્ધનિશ્ચયથી, સહજશુદ્ધનિશ્ચયથી કારણશુદ્ધપર્યાય. વ્યવહારથી કાર્ય પર્યાય બીજી આવશે. કહો, સમજાય છે કાંઈ? ઝીણું છે આ, મોહનભાઈ! બહુ ઝીણું. વળી આ ઉત્પાદ-વ્યયની પર્યાય સંસારમાં અલ્પજ્ઞાન કે જ્ઞાન કે રાગ-દ્વેષ કે મોક્ષમાર્ગ કે મોક્ષ એ બધી પર્યાય વિષમરૂપ છે એટલે કે એકધારા ત્રણકાળ, એક ધારા ત્રણકાળની એ પર્યાય નથી. એટલે પદ્મપ્રભમલધારીદેવ અંદરથી કર્મ ઉપાધિ વિવર્જિતમાંથી કાઢ્યું છે. કર્મની ઉપાધિથી વિવર્જિત (અર્થાત્) જેમાં કર્મની ઉપાધિ નથી એવી પર્યાય. એ પર્યાયના બે પ્રકાર કહ્યાં. એમ આને તો કર્મના નિમિત્તની જ અપેક્ષા નથી. જે આ શુદ્ધ કારણપર્યાય જે છે એમાં તો કર્મનો અભાવ એવા નિમિત્તની અપેક્ષા પણ નથી.

કાર્યશુદ્ધપર્યાય એમાં તો હજી કર્મના ઉપાધિરહિત એવી નિમિત્તના અભાવની પણ અપેક્ષા છે. પાઠ તો એક જ છે એમાંથી બે કાઢ્યું છે. કર્મોપાધિ વિવર્જિત પર્યાય. એમ કહ્યુંને? **'पर्यायाः'** પર્યાયો છે. આ આત્માની આ રીતે પરમપારિણામિકસ્વભાવ વસ્તુનો સ્વભાવ અને એની પરિણતિ એકરૂપ અભેદ, એકરૂપ અખંડ, એકધારાવાહી પરિણતિ અંદર વહી રહી છે.

કહો, સમજાય છે કાંઈ? જેવો સામાન્ય શક્તિરૂપ સ્વભાવ છે એવો એનો પરિણતિરૂપ પણ એનો સ્વભાવ છે. સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... ધ્રુવ એવો એનો પરિણતિ નામ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... એ પારિણામિકનું વર્તમાન, ત્રિકાળ પારિણામિક સ્વભાવનું વર્તમાન-વર્તમાનરૂપી પરિણતિ એ પણ એકધારાએ શુદ્ધ છે. આ એની વર્તમાનની અંતર એકાગ્રતા કરતાં એ મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. કહો, સમજાણું?

જુઓ, નીચે છે. '**સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયુક્ત...**' ત્રિકાળ. '**કારણશુદ્ધપર્યાયમાંથી...**' એવી કારણશુદ્ધ નિર્મળ એકધારાની અવસ્થામાંથી '**કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.**' જુઓ, આ પર્યાયના બે ભેદ. આ શુદ્ધ કારણપર્યાયમાં ઉત્પાદ-વ્યય નથી. સમજાય છે? એનો ઉત્પાદ-વ્યય જે નવો-નવો ઉત્પાદ થાય અને જૂની પર્યાય વ્યય થાય એવું આ શુદ્ધ કારણપર્યાયમાં નથી. કારણ કે જો એનો અનુભવ પ્રગટ હોય તો કોઈને સંસાર હોય નહિ, તો વ્યવહારનય જ ન હોય. જેવો એનો ત્રિકાળી સ્વભાવ છે એની પરિણતિ પ્રગટ જો હોય એકધારા તો સંસાર, મોક્ષ, મોક્ષમાર્ગ, નવ તત્ત્વ, છ દ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર કાંઈ રહેતા નથી. અને આ રીતે જો પરિણતિ સામાન્ય સાથેની કારણરૂપ એકધારા ન હોય... સમજાય છે? કારણશુદ્ધપર્યાય અપેક્ષા વિનાની જેને કર્મનું નિમિત્ત કે નિમિત્તના અભાવની અપેક્ષા કોઈ નથી એવી એકધારા શુદ્ધકારણપર્યાય જો ન હોય તો સ્વભાવ પારિણામિકભાવ એક અભેદરૂપ સામાન્ય અને વિશેષ, ત્રિકાળ શક્તિ અને વર્તમાન બેનું એક અભેદપણારૂપ પારિણામિકભાવ સાબિત થતો નથી. કહો, સમજાય છે કાંઈ?

ત્રિકાળ પારિણામિક. આ પ્રગટ નથી હોં. પાછા કોઈ એમ કહે કે એની પર્યાય એમાં પ્રગટરૂપે વર્તે છે અને વળી વિષમતાની પર્યાય પણ સંસાર અને મોક્ષમાર્ગ પણ સાથે સાથે વર્તે છે એમ નથી. પણ પ્રગટ થવાનું એ સાધન કારણ છે. શુદ્ધ આત્માનો મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાયના અનુભવનું વેદન એના કારણરૂપે વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તી રહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? એ સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ જે ત્રિકાળ છે એની સાથેની '**પૂજિત પંચમભાવપરિણતિ તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' કહો, આ વાત તો સ્પષ્ટ આ ઠેકાણે જ નીકળી છે. આ સિવાય બીજે આવી ચોખ્ખી સ્પષ્ટ વાત કરી નથી. પદ્મપ્રભમલધારીદેવે અંદરથી કાઢ્યું છે અને એ વસ્તુનું સ્વરૂપ છે. એ પંચમપારિણામિકભાવ ત્રિકાળ એકધારાએ પરિણતિરૂપ રહે એ વસ્તુનો સ્વભાવ છે. એને અહીંયાં વ્યક્ત પ્રગટ કરીને બહાર મૂક્યો છે.

સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ તો નિમિત્તની અપેક્ષાવાળો વ્યવહારનય છે એટલે એનો આશ્રય કરવા જેવો નથી. ત્રિકાળ જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ એની સાથે એકધારાવાહી,

જેટલી વિષમ પર્યાયો છે એની બધી અવિષમ એક પરિણતિધારા અનાદિ-અનંત વર્તી રહી છે. કહો, સમજાણું? કહો, આ કારણશુદ્ધપર્યાય ગુણ નથી. આ કારણશુદ્ધપર્યાય ધ્રુવ ત્રિકાળી સામાન્ય એકરૂપે નથી. સામાન્યની સાથેનું વર્તમાન, વર્તમાન પરિણતિરૂપ ભાવ એ આ કારણશુદ્ધપર્યાય છે. એનો પ્રગટ અનુભવ કોઈને હોતો નથી. પ્રગટ અનુભવમાં એ આખું એક સમયમાં આવી જાય તો એ પર્યાય પાછી પારિણામિકભાવે કારણરૂપે રહેતી નથી. કહો, સમજાય છે કાંઈ? નારણભાઈ! શું કહ્યું? શું આ પર્યાય કે ગુણ?

**શ્રોતા :-** પર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો પર્યાય કેવી? આ ઉત્પાદ-વ્યયવાળી કે નહિ? ઉત્પાદ-વ્યય વગરની પર્યાય, વળી પરિણતિ. એ કઈ જાતની વ્યાખ્યા? ઉત્પાદ-વ્યય નવા નવા સમયે ઉત્પન્ન થાય, જૂનાનો વ્યય થાય એ તો પર્યાયની વ્યાખ્યા હોય છે, પણ આ કઈ જાતની વળી? કહ્યુંને કે એકધારા અખંડ પરમસ્વભાવ જેવો સામાન્ય છે તેવો વિશેષ, જેવો ત્રિકાળ છે તેવો વર્તમાન એકધારાએ પરમપારિણામિક ભગવાન બિરાજે રહ્યો છે. એવી ને એવી પંચમભાવની પરિણતિથી શોભિત, પૂજિત, સંચિત એવો ને એવો બિરાજી રહ્યો છે. એમાં ક્યાંય ખંડ, ખૂંપણ કાંઈ આવ્યું નથી. એવો પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન ગુણે તો છે પણ પરિણતિએ પરિપૂર્ણ ભગવાન અનાદિ-અનંત એકધારાએ વહી રહ્યો છે. કહો, સમજાય છે કાંઈ?

સત્ છે. ઉત્પાદ-વ્યય સત્ છે. સત્ તો ઉત્પાદ-વ્યય પણ સત્ છે. સત્ તો બધું સત્ છે. દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, કારણપર્યાય સત્ છે, આ ઉત્પાદ-વ્યય પણ સત્ છે, ઉત્પાદ સત્ છે, વ્યય સત્ છે. સત્ તો બધું છે, પણ આ એકરૂપ સત્ છે. સદૃશ એકરૂપ સત્ છે. ત્રિકાળ સ્વભાવ અને કારણરૂપ પર્યાય સદૃશ એકભાવરૂપ એકભાવરૂપ સત્ છે. ઉત્પાદ-વ્યય એ પણ સત્ તો છે. જેવો ઉત્પાદ નવી પર્યાયનો ઉત્પાદ થાય એ પણ સત્ છે અને વ્યય પણ અભાવરૂપ પણ સત્ છે. વ્યય અભાવરૂપ પણ અભાવ એનું સ્વરૂપ છે. એમ આ કારણશુદ્ધપર્યાય ભાવરૂપ સત્ છે, એમાં અભાવરૂપ આવતું નથી. કહો, સમજાય છે કાંઈ?

જેવો આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વભાવ ગુણરૂપે સત્ છે, એવી કારણશુદ્ધપરિણતિ પણ પર્યાયરૂપ સત્ છે. એમાં અસત્નો કે વ્યયનું અભાવરૂપ સ્વરૂપ છે નહિ. અને સમય સમયનો જે પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય એ છે તો બેય સત્, પણ એ ઉત્પાદ એક સમયના ભાવના સત્રૂપ, ઉત્પાદ એક સમયના ભાવના અસ્તિરૂપ સત્ છે અને વ્યય એક સમયના અભાવસ્વરૂપ સત્ છે. અભાવ પણ સ્વરૂપ છે. કેમકે અભાવ એ સ્વરૂપ છે. એ બિલકુલ તુચ્છ છે એમ છે નહિ. એમ ઉત્પાદ એક સમયનું સત્સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય જો સ્વરૂપ છે તો એની વાણી છે અને સ્વરૂપ છે તેનું જ્ઞાન પણ છે. એમ શુદ્ધ ત્રિકાળ સ્વભાવ

અને પરિણતિ એ સ્વરૂપ છે આ એનું જ્ઞાન પણ છે અને એની વાણી પણ છે. શું કહ્યું સમજાણું કાંઈ?

ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વભાવ એકરૂપ. અહીં તો કહ્યું કે '**સહજશુદ્ધનિશ્ચયથી...**' પાછું એકલા નિશ્ચયથી પણ નહિ. સહજશુદ્ધનિશ્ચયથી. એટલી વાત. '**અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં...**' વાળા '**અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક...**' એટલી ભાષા વાપરી છે. સ્વભાવિક પરમવીતરાગ એ પ્રગટેલાની વાત નથી, આ તો ત્રિકાળ ગુણની વાત છે. '**સહજપરમવીતરાગ...**' આમ શબ્દ કહો તો વીતરાગ છે. રાગનો અભાવ બતાવે છે. એમ નથી. અહીં તો અસ્તિપણું જ એકલું બતાવવું છે. ભાષા તો એમ છે, ભાઈ! વીતરાગ. એમ નથી લેવું અહીંયાં. '**સહજપરમવીતરાગસુખાત્મક શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' ત્રિકાળ શક્તિનો કંદ ભગવાન, સ્વભાવનો કંદ ભગવાન, જે સ્વભાવ અનંતચતુષ્ટય છે એના સ્વરૂપની સાથે બિરાજી રહેલી ભગવાનની પરિણતિ, ભગવાનની પરિણતિ એની સાથે બિરાજી રહી છે. ભગવાન ચૈતન્યની પરિણતિ વિનાનો એક સમય પણ રહ્યો નથી. કહો, સમજાણું?

સહજ સમય સદશ્ય પરિપૂર્ણ એકરૂપભાવ. જેવો સ્વભાવ છે ત્રિકાળ એવો જ પરિણતિનો પર્યાય એકરૂપ સદશ્ય એક અભેદરૂપ અખંડ, જેવો સામાન્ય એવું વર્તમાન, જેવો સામાન્ય એવો વિશેષ, જેવો સ્વભાવ ત્રિકાળ એવો એક સમયનો પર્યાય, એ અભેદ ધારાવાહી ચૈતન્યમાં વહી રહ્યો છે. તેને અહીંયાં ભગવાન કારણશુદ્ધપર્યાય કહે છે. ઓહો..હો..! ઝીણું આ તો જરી છે હોં! બેચરભાઈને ઝીણું લાગે. હવે પણ આ અભ્યાસ કરે અને આમાં જરી ઉતરે તો કે આ વસ્તુ છે, વસ્તુ છે. તો એના પોતાના એનો પર્યાય જે છે, એનો એક પર્યાય છે એના સ્વસ્વભાવના અપેક્ષાથી અભેદરૂપ ધારાવાહી પર્યાય હોવી જોઈએ. પરની અપેક્ષાવાળી સંસાર મોક્ષની તો ભેદનો વિષય થઈ ગયો. મોક્ષ પણ ભેદ અને વ્યવહારનો વિષય થઈ ગયો. મોક્ષ પણ ભેદ અને વ્યવહારનો વિષય થઈ ગયો. સહજશુદ્ધનિશ્ચયનો વિષય. સહજશુદ્ધનિશ્ચય. એ તો ત્રિકાળ જેવો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ધ્રુવ સામાન્ય, સામાન્ય, શક્તિરૂપ, સ્વભાવ અનંતચતુષ્ટયુક્ત જે સ્વરૂપ તેની સાથે જે બિરાજી રહેલી. એ પૂજિત શબ્દ વાપર્યો. અંચિત શબ્દનો અર્થ કર્યો. ઓલામાં બિરાજીત કર્યું હતું. આમાં પૂજિત મહાપૂજનિક પરિણતિ છે કહે છે. કહો, સમજાય છે? આ ભગવાન ત્રિલોકનાથ કરતાં અને મોક્ષમાર્ગ કર્તા અને મોક્ષ પણ કરતાં એ પંચમભાવની પરિણતિ તે પૂજનિક છે. ભાઈ! ...ભાઈ! આ હિંમતભાઈએ પૂજિત અર્થ કર્યો છે સંચિતનો અર્થ. ઓલામાં બિરાજિત હતું. કહો, સમજાય છે કાંઈ?

જે વર્તમાનમાં વર્તમાન જે ચૈતન્યનો અંદર શુદ્ધ પરિણતિ કારણપર્યાય એ પૂજિત છે, પૂજવાયોગ્ય છે, આદરણીય છે, એના તરફનું વલણ કરીને એકાગ્રતા કરવા જેવી છે કે જે

વર્તમાનમાંથી જે મોક્ષનો માર્ગ પ્રગટીને મોક્ષ થાય છે. માટે મોક્ષ, મોક્ષનો માર્ગ કે મોક્ષ થયેલા ભગવાન બીજા એ બધા કરતાં પણ આ પંચમભાવની પરિણતિ તે પૂજનિક છે. કહો, સમજાય છે કાંઈ? દાખલો તે દિ' આપ્યો હતો. ઉતારી લીધો હતો.

દરિયાનો દાખલો આપ્યો હતો દરિયાનો. પાણી છેને પાણી? દરિયાનું પાણી. દળ-દળ, પાણીનું દળ. એ પાણીનું દળ છે એવી જ એની એકરૂપ માથે સપાટી છે. શું કહ્યું સમજાણું? પાણીનું જેમ દળ છેને? એવી એકરૂપ એકધારાવાહી એની સપાટી છે આમ સપાટી. એના ઉપર પછી વિષમતા (છે). પાણીના લોટ ઉઠે નાના-મોટા મેલવાળા, કોઈ મેલવાળા નાના-મોટા લોટ ઉઠે એ ઉપરમાં છે. પાણીનું દળ અને એકરૂપ સપાટીની ધારા, એમ ચૈતન્યનું સામાન્ય દળ એકરૂપ છે અને એનો એક એક સમયનો શુદ્ધ કારણપરિણતિરૂપ પર્યાય સપાટીની માફક વર્તમાન... વર્તમાન... ત્રિકાળ કારણરૂપ પર્યાય વર્તી રહી છે. અને એના ઉપરમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચાર પ્રકારની પર્યાયો એ ઉપર ઉત્પાદ-વ્યયવાળી વર્તી રહી છે. કહો, સમજાય છે કાંઈ? તે દિ' દાખલો આપ્યો હતો. ઓલામાં લખાણો છે. શું કહેવાય એ? બ્લોકમાં. કહો, સમજાણું? છેને ઓલો લીલો બ્લોક. શું કહેવાય એ? નક્શો. કહો, સમજાય છે કાંઈ? માથે છે માથે.

ખરેખર તો ભગવાન આત્માની આ વ્યાખ્યા અલૌકિક વ્યાખ્યા કરી છે! વસ્તુ જેવી સામાન્ય છે એવો વિશેષ વર્તમાન જેની ભૂમિ નકોર... નકોર... નકોર નક્કર નિબડ વજ્રભૂમિ જેવો જેનો વિશેષ શુદ્ધ કારણપર્યાયરૂપ પરિણતિ ત્રિકાળ એકધારાએ વર્તી રહી છે. જેની એકાગ્રતાથી મોક્ષમાર્ગ થાય અને મોક્ષ થાય, પણ એ પરિણતિ તો એકધારા જ છે. એ પરિણતિમાં ક્યાંય ઓછપ, ખંડપ, ભેદ, ભંગ કાંઈ થાતો નથી. કહો, સમજાણું કાંઈ? કોઈને આ પારિણામિક સ્વભાવ ત્રિકાળ અને વર્તમાન પર્યાય એ એકરૂપ છે એમાં વેદાંત જેવો ભાસ થઈ જાય એવું છે. આ શું? એકરૂપ ત્રિકાળ એવી પરિણતિ એકરૂપ એકધારાવાહી. તો એક જ રૂપ થઈ ગયું. ખલાસ. અનાદિ-અનંત મુક્ત જ છે, એમાં બીજું છે નહિ.

**શ્રોતા** :- કૂટસ્થ જેવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એક જેવો કૂટસ્થ. જેવો સામાન્ય કૂટસ્થ છે એવો એનો કારણરૂપ પર્યાય પણ એક ધારાવાહી કૂટસ્થ થઈ ગયું. આ તો વેદાંત જેવું થાય છે એમ કેટલાકને લાગે. વાત ઈ છે કે એ આવું છે એવું જાણ્યું કોણે? એ કાર્યપર્યાયમાં એટલે મોક્ષમાર્ગમાં જણાય છે. અહીં કાર્યપર્યાય તો પૂર્ણને લીધી છે. આવો અખંડ પરમસ્વભાવભાવ સામાન્ય અને તેનું વર્તમાન વિશેષ વર્તતું... વર્તતું... વર્તતું... સમજાય છે? પર્યાયદૃષ્ટિએ પર્યાયદૃષ્ટિએ આ વિષય નથી, આ તો દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. નિશ્ચયનય શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. જે ત્રિકાળ એકધારાએ એની પરિણતિ પરિણમી રહી છે.

આવો જો પારિણામિક સ્વભાવ સામાન્ય અને વિશેષ, ધ્રુવ ત્રિકાળ અને વર્તમાન એમ

એકરૂપ સ્વરૂપ જો ન હોય તો ધર્માસ્તિ આદિ જે જડ પદાર્થો એની ઉત્પાદ-વ્યયની એકધારાવાહી પર્યાય અને ભગવાન ઉત્તમ પદાર્થ જેનો જાણનાર બધાનો એનામાં એકધારાવાહી પર્યાય ન હોય તે દ્રવ્યદષ્ટિનો નિશ્ચયનો વિષય તે પૂરો થતો નથી. કહો, સમજાય છે કાંઈ? જ્યારે એક જડ જેવો પદાર્થ કે એને ખબર પણ નથી કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળને અમે તત્ત્વો છીએ કે નહિ. એનો જાણનાર તો આત્મા છે. એને જાહેર કરે છે આત્મા કે આ જગતના તત્ત્વો છે. ભલે એમાં પ્રમેયત્વ છે, પણ પ્રમાણત્વ નથી. તો પ્રમેયત્વના જ એકલા ગુણને વિશે પણ એકધારાવાહી પર્યાય સરખી વહી રહી છે તો ભગવાન આત્મા વીતરાગ છે. વીતરાગ જેનો ત્રિકાળ સ્વભાવ છે તો એની પરિણતિ પણ વીતરાગધારાએ શુદ્ધ કારણપર્યાય એકધારા વર્તી રહી છે. એમાં વીતરાગપણું જેવો સ્વભાવ છે શુદ્ધ શક્તિ સામાન્ય એવો એની પરિણતિ એકધારા વીતરાગ (વર્તી રહી છે). વિષમતા ઓછી-વત્તી હોય તો વિષમ થઈ જાય. ત્રિકાળ એક કારણપર્યાયરૂપ પરિણતિ છે કે જેમાં એકાગ્ર થવાથી વર્તમાન-વર્તમાનમાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટીને પૂર્ણ પર્યાય થાય છે. કહો, સમજાણું કાંઈ?

માણસ કહે છે કે શું કરવું? તો આ શું કરવું આવે છે કે નહિ આમાં? આવી ચીજ સત્તા સ્વભાવનો સાગર દરિયો અંદર ભર્યો છે એની સપાટી પણ એકધારા દરિયાની વહી રહી છે. એમ ચૈતન્ય ત્રિકાળમાં એની પરિણતિ પણ એકરૂપ વહી રહી છે. પરિણતિ. એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કરવું એનું નામ મોક્ષમાર્ગ છે. એ સમ્યગ્દર્શનનો વિષય સ્વભાવ ચતુષ્ટયસહિત અને પરિણતિસહિત બેય ભેગું તે શુદ્ધનિશ્ચયનો વિષય છે. એ બેયને થઈને પારિણામિકભાવ અહીંયાં કહેવામાં આવે છે. પારિણામિક કહેતા '**परिणामी भवः पारिणामिक**'. એ પરિણામ એટલે એને કોઈ અપેક્ષા નથી. સ્વભાવભાવ જ વર્તી રહ્યો છે, સ્વભાવભાવ જ વર્તી રહ્યો છે. અપેક્ષા કોઈ નથી. જેમ સામાન્યને અપેક્ષા નથી, એમ એની પરિણતિને પણ કોઈ અપેક્ષા નથી. એ પણ સ્વભાવભાવરૂપે પરિણમી રહી છે. કહો, સમજાય છે કાંઈ?

જુઓ, ભાઈ! આ વિષય જરી નવો છે. પંડિતોને પણ જરી સમજવું મુશ્કેલ પડે છે. તેથી કહે છે, આ શું કારણશુદ્ધપર્યાય? પણ હવે અંદર લખાણ છે એટલે પછી કાંઈ ના તો પાડે નહિ. મેળવી શકવામાં વાંધો આવે, પણ આ લખાણ છે કે અહીં શુદ્ધનિશ્ચયથી આ સ્વભાવ સાથેની એક પરિણતિ શુદ્ધ નિશ્ચયથી છે. વ્યવહારથી એ વાત બીજી આવશે. એટલે આ પરિણતિ વ્યવહારના ભંગની નથી. કારણ કે કાર્યશુદ્ધપર્યાય મોક્ષની તો પછી આવે છે. અને જો આને ગુણ વર્ણવે તો અહીં તો પર્યાય છે. ગુણ તો સાથે વર્ણવ્યા. સહજ જ્ઞાન-દર્શન-આનંદ-ચારિત્ર અને પરમસ્વભાવ વીતરાગસુખાત્મક એવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. જોયું! શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. જેમ દળ હોય છેને. આ સાર-સાર નથી કહેતા? લાકડાનો સાર નથી (હોતો) સાર? કેવું આવે કાળું? સીસમ-સીસમ. સીસમનો સાર હોયને અંદર કસ કસ.

એમ ચૈતન્યનો અંદરનો શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ કસ એવી સ્વભાવ અનંતચતુષ્ટય એની સાથે બિરાજી રહેલી શોભીત પરિણતિ ધારા, ભગવાન અને ભગવાનની પરિણતિ બે સાથે રહ્યા છે. કોઈ દિ' એનો વિરહ એક સમયનો છે નહિ.

પરિપૂર્ણ સમયે સમયે પરિણતિ પરિપૂર્ણ છે. તારે ક્યાંય ગોતવા જાવું પડે એવું નથી. નથી નિમિત્તની અપેક્ષા, નથી રાગની અપેક્ષા, નથી વર્તમાન પ્રગટેલી પર્યાય તેની અપેક્ષા. એવો ત્રિકાળ સ્વભાવની પરિણતિની અપેક્ષા કરતાં—આશ્રય લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. એ સિવાય એનો બીજો કોઈ ઉપાય પણ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

અધ્યાત્મ અને આગમ પદ્ધતિના વ્યાખ્યાનમાં પણ એ વાત આવી છે. સાંભળી છે? હતા? આગમ અને અધ્યાત્મની પદ્ધતિની વાત કરી. હમણાં હજી આપણે તો ચાલી. એમાં પણ સંસાર અવસ્થાને વિષે, સંસાર અવસ્થાને વિષે દ્રવ્યભાવરૂપ કર્મનો પર્યાય અને દ્રવ્યભાવરૂપ ચૈતન્યનો પર્યાય એ સંસાર અવસ્થા વિષે ત્રિકાળ વર્તી રહ્યો છે. એ આગમ પદ્ધતિ અધ્યાત્મ પદ્ધતિમાં બનારસીદાસે પરમાર્થ વચનિકામાં એ નાખ્યું છે. સાંભળ્યું છે કે નહિ? નારણભાઈ! સંસારદશાને વિષે ત્રિકાળવર્તી ચાર બોલ વર્ણવ્યા છે. સંસારદશાને વિષે ત્રિકાળવર્તી ચાર બોલ વર્ણવ્યા. એક દ્રવ્યરૂપ કર્મનો પર્યાય, દ્રવ્યરૂપ કર્મનો પર્યાય એ સંસારમાં ત્રિકાળ છે. સંસારમાં. એક ભાવરૂપ વિકાર પર્યાય એ પણ સંસારમાં ત્રિકાળ છે. એ બે. જુઓ, એ ત્યાં દ્રવ્યરૂપ અને ભાવરૂપ કહેતા પણ પર્યાય લીધી છે. દ્રવ્યરૂપ કર્મપુદ્ગલનો ઉદયભાવ પર્યાય અને ભાવરૂપ કર્મના નિમિત્તના આશ્રયે પોતાનો અશુદ્ધ આકાર-વિકાર તેને ભાવરૂપ કર્મપદ્ધતિની વાત લીધી છે. આગમપદ્ધતિમાં બે બોલ લીધા. સમજાય છે? એક દ્રવ્યરૂપ અને ભાવરૂપ. દ્રવ્યરૂપ કર્મનો ઉદયભાવ એ પર્યાય અને ભાવરૂપ તેને આકારે વિકારની પર્યાય. બે.

અને આત્મામાં શુદ્ધ ચેતના પદ્ધતિના બે બોલ. શુદ્ધ ચેતનાપદ્ધતિના બે બોલ. એવા બે પર્યાય અહીંયાં. શુદ્ધચેતના પદ્ધતિ. શુદ્ધચેતનાની અભેદરૂપ એક જીવત્વ પરિણામ, દ્રવ્યરૂપ પરિણામ. છે તો પરિણામ. જીવત્વ પરિણામ. આખાનું એકરૂપ અભેદ ગણીને જીવત્વ પરિણામ લીધું છે. એ જીવત્વ પરિણામ પણ સંસારમાં ત્રિકાળ વર્તે છે. અને એક જ્ઞાનદર્શન આદિ ભાવરૂપ પરિણામ એ પણ સંસાર અવસ્થા વિષે ત્રિકાળ વર્તે છે. વીરજીભાઈ ધ્યાન રાખે છે. એ તો આગમપદ્ધતિનું વંચાઈ ગયું છેને. સાંભળ્યું છે કે નહિ? કહો, સમજાય છે કાંઈ?

જુઓ, એ ચારેય પર્યાયો સંસારમાં ત્રિકાળ સંસારપર્યાયમાં વર્તે છે. મોક્ષમાં કર્મના નિમિત્તનું અને નિમિત્તના તરફનો આકાર-વિકાર એ મોક્ષમાં નથી. માટે આ ચાર પ્રકારનું વર્ણન સંસાર અવસ્થા વિષે કર્યું છે. એટલે એમ લખ્યું કે દ્રવ્ય અને ભાવ એ સંસાર વિષે સદાય જાણવું. એ આમાં,.. એમાં જે ભાવરૂપ લીધું છે, ભાવરૂપ શુદ્ધચેતના પદ્ધતિ. સમજાય છે? એમાં વાત સમાઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

આમ વસ્તુ જે છે એ ત્રિકાળ શક્તિરૂપ એનું જે વર્તમાન-વર્તમાન ભાવરૂપ એટલે પર્યાય

હોં. ઓલો ભાવ ત્રિકાળ નહિ. એનો એક સમયનો પર્યાય... પર્યાય.. પર્યાય... પરિણતિ એ ત્રિકાળ વર્તી રહી છે. ભગવાન અખંડાનંદ પરિપૂર્ણ પર્યાય અને ગુણે બિરાજી રહ્યો છે. આવા ભગવાન આત્માની પ્રતીત, જ્ઞાન અને રમણતા એનું નામ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. કહો, સમજાણું? લ્યો, એ કારણશુદ્ધપર્યાયનું આટલું આવ્યું.

એવો નિધિથી ભરેલો ભગવાન કે જેની પરિણતિમાં કોઈ દિ' ઓછપ થઈ નથી. આ ઓછો માને એ ઓછો રહેવાનો છે એમ કહે છે. પણ વર્તમાન તે વર્તમાન પરિપૂર્ણ ભગવાન છે. એ ખાણ ઉપર જ અંદર ભર્યું છે. ત્રિકાળ તો ભર્યું છે શક્તિ તો. એની વર્તમાન પણ પરિપૂર્ણતા ભરી છે. એકાગ્રતાની જેટલી તારી કચાશ એટલો અંદર પ્રગટવામાં અભાવ. પરિપૂર્ણ પર્યાયે ભર્યો છે. સિદ્ધ પર્યાય પ્રગટી તો એ શુદ્ધ કારણપર્યાય તો ત્યાં એમ ને એમ પડી છે. ભાઈ! સિદ્ધદશા પ્રગટી તો ત્યાં પરિણતિમાં કાંઈ ઓછપ થઈ કે નહિ? એવો આત્મા પોતાના ત્રિકાળ સ્વભાવચતુષ્ટય જે અનંતચતુષ્ટય એના સ્વરૂપની સાથેની પરિણતિ બિરાજિત, શોભિત, પૂજિત, પંચમભાવની અવસ્થા એને ભગવાન આચાર્ય અથવા મુનિ કારણશુદ્ધપર્યાય છે એવું કહે છે. કહો, કારણશુદ્ધપર્યાય ઈતિ અર્થ. ઈતિ અર્થ. એવો એનો અર્થ છે.

હવે કાર્યશુદ્ધપર્યાય. કહો, સમજાણું? જુઓ, વીરજીભાઈ! વીરજીભાઈ કહે આ દશેરાનો દિવસ છે તે... આ તો કુદરતે આપણે ૧૫મી આવી છે. દશેરા તો હજી લોકોને કાલે છે.

**શ્રોતા** :- હથિયાર બધા સજાવીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સજાવીને. આ હથિયાર સજાવીને તૈયાર આ છે. તૈયાર પડ્યા છે ઓલા. કહે છેને કે પાંડવો ઓલા ખીજડામાં હથિયાર હતા તે તૈયાર કર્યા. રામચંદ્રજી આજે દશેરાને દિ' જીતીને અયોધ્યા આવ્યા અને ભરત ચક્રવર્તી પણ દશેરાને દિવસે પણ વિજય કરવા નીકળ્યા. એમ કહે છેને? તેથી વિજયાદશમી કહેવાય છે આ. આસો મહિનાનું નામ વિજયમાસ-વિજયમાસ કહેવાય છે. આસો મહિનાનું નામ જ વિજયમાસ છે. એટલે એનું નામ દશેરા. પણ એ તો સમજવા જેવી વાતું છે. આ તૈયાર કહે છે કે જેમ ઓલો હથિયાર પડ્યા હતા, એમ ચૈતન્ય ભગવાનની પરિણતિમાં તૈયાર સજેલી પરિણતિ હથિયાર પડ્યા છે.

અંદર પડ્યા જ છે. વસ્તુ અંદર એકધારાએ પડી છે. એને ખ્યાલમાં અને શ્રદ્ધામાં આવે ત્યારે એને વ્યક્ત દેખાય, બાકી વસ્તુ તો એમ ને એમ પડી છે. કહો, સમજાણું કાંઈ? એનો બાપ મૂડી મૂકી ગયો પણ એને જ્યાં સુધી ખ્યાલમાં કે અધિપણામાં ન આવે ત્યાં સુધી તો બીજા કામ કરતાં. જે હોય એને ખ્યાલ હોય કે હા, હવે હું અધિપતિ. એમ ચૈતન્યસ્વભાવ, વસ્તુનો સ્વભાવ આ ગાણા જુઓ આ સમજવા જેવા છે એય..! મોહનભાઈ! કહે છે કે પૈસા નહિ, બાયડી, છોકરા નહિ, શરીર નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપ નહિ, વર્તમાન પ્રગટેલી પર્યાય નહિ. એ બધાય બહારનું. એકરૂપ ધારાવાહી, એકરૂપ સપાટી ચૈતન્ય ત્રિકાળ

બિરાજી રહ્યો (છે). એકરૂપ સપાટી દરિયાની, (એમ) ભગવાન જ્ઞાન, આનંદના દરિયાની એકરૂપ સપાટી એકધારા વહી રહી છે. પૂજનિક એને કહેવામાં આવે છે. પૂજિત, આ પૂજિત તે પૂજ્ય છે, તો પછી બીજું બધું વ્યવહારે પૂજનિક કહેવાય છે. નિશ્ચયે તો આ પૂજનિક છે, કે જેને આધારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ કાર્ય ફળરૂપ કાર્ય પર્યાય પ્રગટ થાય છે. ફળરૂપ કાર્યપર્યાય પ્રગટ થાય છે. આ ફળરૂપ નથી. આ તો વસ્તુરૂપ કાયમ છે. ફળરૂપની હવે વ્યાખ્યા કરે છે.

'**સાદિ-અનંત,...**' જુઓ, એ ફળની વ્યાખ્યા. કેવળજ્ઞાનાદિ તો સાદિ શરૂઆત થયેલી છે. આ કારણપર્યાય શરૂ જ છે અને એ તો અનાદિ-અનંત એકધારાવાહી છે. સાદિ. કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય જે અનંત ચતુષ્ટય છે એની શરૂઆત થાય છે, પણ અનંત છે. પછી એનો અંત આવતો નથી. એ કાળ બતાવે છે. ઓલામાં પણ હતું કે અનાદિ-અનંત. એ કાળ બતાવતો. કારણશુદ્ધપર્યાય અનાદિ-અનંત એ કાળ બતાવતું હતું અને શુદ્ધનિશ્ચય તે એનો નય બતાવ્યો હતો. અહીં નય પછી આવશે. ..ભાઈ! નય પછી આવશે આમાં. '**સાદિ-અનંત, અમૂર્ત,...**' એ અનંતચતુષ્ટય ફળરૂપ કાર્યપર્યાય પણ અમૂર્ત છે. એને કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. વિશેષણ ઓલું અનાદિ અને સાદિ એટલું ફર્યું છે. '**અતીન્દ્રિયસ્વભાવવાળા...**' આ કેવળજ્ઞાનાદિ જે ફળરૂપ પ્રગટ થાય છે એ અતીન્દ્રિય સ્વભાવ છે, એ પણ અતીન્દ્રિય સ્વભાવ છે, એ પણ કર્મ ઉપાધિરહિત છે. ભલે નિમિત્ત હતું અને કહ્યું, પણ એ કર્મોપાધિ નથી અને ઓલી કારણશુદ્ધપર્યાય ત્રિકાળ કર્મોપાધિ નથી. કારણશુદ્ધપર્યાયને ત્રિકાળ કર્મોપાધિ નથી અને કાર્યશુદ્ધપર્યાયને વર્તમાન કર્મોપાધિનું નિમિત્તપણું નથી. એટલો બેમાં ફેર છે.

'**અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી,...**' આ નય લીધી. ઓલામાં સહજશુદ્ધનિશ્ચયથી લીધું હતું. પહેલું લીધું હતું. આ પછી લીધું છે. '**શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી,...**' શુદ્ધ પર્યાય છે, સદ્‌ભૂત પોતાનો પર્યાય છે અને વ્યવહાર ત્રિકાળનો એક ભેદ છે. ત્રિકાળનો એ શુદ્ધસદ્‌ભૂત પોતાનો પર્યાય છે અને વ્યવહાર નામ ત્રિકાળમાંથી એ ભેદ છે. કારણપર્યાય ત્રિકાળી છે અને આ જે કેવળજ્ઞાન, કેવળદર્શનાદિ એ પ્રગટેલી નવી છે માટે એને વ્યવહાર કહ્યો છે. '**કેવળજ્ઞાન...**' શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી '**સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા,...**' '**કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત...**' આમાં વીર્ય લીધું. ઓલામાં ચારિત્ર અને આનંદ લીધું હતું. સમજાય છે? ત્રિકાળમાં. અહીંયાં કેવળ શક્તિયુક્ત એટલે વીર્ય. વીર્ય પ્રગટ્યું. પ્રગટેલાની કાર્યની વાત છે. એવા '**કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...**' એ ફળરૂપ જે પ્રગટ્યું છે. અનંતચતુષ્ટય સાથેની '**(અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ...**' એટલે કે બધી પર્યાયો જે ક્ષાયિક થઈ ગઈ છે એનું અભેદરૂપ એકધારાવાહી, એકધારાવાહી. '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**' કહો, એમાં જેટલા

બધાય ગુણો શુદ્ધ ક્ષાયિક થઈ ગયા એને અભેદ વર્ણવીને એક શુદ્ધ ક્ષાયિકભાવની પરિણતિ કહીને તેને કાર્યશુદ્ધપર્યાય કહે છે. કહો, સમજાણું કાંઈ? મુનિએ કેટલી વાત કાઢી છે! જંગલમાં રહી અને આમ સિદ્ધની સાથે ગમ્મત કરતાં. સિદ્ધ એટલે આત્મા હોં. અંદર રમતા-રમતા આનંદ સાથે રમતું માંડી બહાર. બહાર મૂક્યું બહાર કે જો ભાઈ! આ ભગવાન તું આવો છો.

**શ્રોતા :-** કેવળજ્ઞાન.. એની સાથે રહેલી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કેવળજ્ઞાનનું કારણ શુદ્ધકારણ પરિણતિ ત્રિકાળ એકરૂપ પરિણતિ છેને. ભગવાન અને ભગવાનની રાણી બેય એકસાથે બિરાજી રહ્યા છે, ક્યાંય વિરહ એને નથી. કેવળજ્ઞાન પછી.. કેવળજ્ઞાન.. ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્માની શુદ્ધ કારણપરિણતિરૂપ રાણી, શુદ્ધ સ્વભાવ ત્રિકાળ રાજા અને એની પરિણતિરૂપ રાણી ત્રિકાળ પરિણમી રહ્યા છે. ત્રિકાળ એકધારાવાહી છે. (પ્રવચનસારમાં) ચરણાનુયોગમાં તો કહ્યું કે ભાઈ! સ્ત્રી તું નહિ. મારી શુદ્ધ અનુભૂતિરૂપી સ્ત્રી છે. એ તો પ્રગટેલી પરિણતિની સ્ત્રીની વાત કરી. ચરણાનુયોગમાં. હે સ્ત્રી! તું શરીરને રમાડનાર છો. જ્યારે આજ્ઞા માગે છે. મારી પરિણતિને તું રમાડનાર નથી. મારી શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી પ્રગટ થઈ છે. માટે રજા આપ. અમે દિક્ષીત થઈએ. સમજાય છે?

અહીં કહે છે કે એ પરિણતિ તો પ્રગટેલી છે. આ તો ત્રિકાળ શુદ્ધ પરિણતિ વિનાનો હું એક સમય પણ રહ્યો નથી. એવા કારણપરિણતિની એકાગ્રતાનું ભાન થતાં પૂર્ણ જ્યાં દશા પ્રગટી એને અહીંયાં ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ કહે છે. આનું નામ કાર્યશુદ્ધપર્યાય છે. કહો, ચતુષ્ટય લીધા, ચાર તો લીધા, પણ એ સિવાયની બધી જેટલી પર્યાય પ્રગટી એને અભેદ ગણીને, અભેદ ગણીને '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ...**'

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, તે આ મૂળ વસ્તુ છે. અનંતચતુષ્ટય મૂળ છેને એ વર્ણવ્યું છે બેયમાં.

**શ્રોતા :-** ... પર્યાય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ગુણો લીધા છે. ના, પર્યાય નહિ, પર્યાય નહિ. એ ગુણ છે. અંતઃતત્ત્વસ્વરૂપ છે ત્રિકાળ. ત્રિકાળ અંતઃતત્ત્વસ્વરૂપ છે તત્ત્વ. એની સાથેની પર્યાય. પછી એનો પર્યાય પાછો લેવો એક સમયનો. ઓલાનો. એ તો ભેગો આવી ગયોને. પણ ઓલું તો અંતઃતત્ત્વસ્વરૂપ ત્રિકાળ સ્વરૂપ એની સાથેની જે પૂજિત પરિણતિ. ઓલી શક્તિરૂપ જે ચાર ગણ્યા. અહીં તો અનંતચતુષ્ટયની વાત કરી છે બેયમાં અનંતચતુષ્ટયની પ્રધાનતા વર્ણવવા. અંતર અનંતચતુષ્ટયની સાથે રહેલી, પણ એનો એક એક સમયનો પર્યાય તો પાછો પરિણતિમાં અભેદમાં આવી જાય છે. કારણશુદ્ધપર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો એક એક સમયનો પર્યાય અભેદમાં આવી જાય છે. અહીં તો અભેદ વર્ણન કરીને કારણશુદ્ધપર્યાયમાં બધાની પર્યાય

ભેળવી નાખી છે.

અહીં પણ ચાર લીધા એની સાથે પણ બીજી બધી પર્યાય સાથે રહેલી ગણી લેવી. ચારની સાથે વળી બીજી લીધીને પાછી. ઓલી તો છે પણ એ સિવાય '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**' જુઓ, આ સ્વભાવપર્યાયના બે ભેદ. કહો, સમજાણું? પર્યાયના બે ભેદ—એક સ્વભાવપર્યાય અને એક વિભાવપર્યાય. સ્વભાવપર્યાયના બે ભેદ—એક કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય. એમાં કારણશુદ્ધપર્યાય ત્રિકાળી છે. કાર્યશુદ્ધપર્યાય સાદિઅનંત છે. કારણશુદ્ધપર્યાય શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. કાર્યશુદ્ધપર્યાય શુદ્ધસદ્ભૂતવ્યવહારનયનો વિષય છે. કહો, સમજાણું? વસ્તુ છે તો એના જ્ઞાનમાં આવે છે અને વાણી પણ એવી થાય છે.

એથી અહીં કહ્યું કે આ સ્વભાવપર્યાયના જે બે ભેદ લીધા હતા એ માયલા આ રીતે બે પૂરા કર્યા. એક બીજો સ્વભાવનો પર્યાય હજી, સ્વભાવપર્યાયનો ભેદ છેને હજી ત્રીજો એ, એ ત્રીજો લેશે. પણ આ રીતે જે બે ભેદ કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય કહ્યું હતું એ પૂરું કર્યું. ઓલાને કારણ કે કાર્ય કાંઈ લાગુ પડશે નહિ. એ તો ત્રિકાળી હવે કહેશે એ. એને કારણશુદ્ધપર્યાય કે કાર્યશુદ્ધ એમ નહિ. એ તો પહેલી આવી ગઈ છે એની એ વાત અર્થપર્યાયની લે છે કે ત્રિકાળ એકરૂપ છે. પણ આ જે સ્વભાવના કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય કહ્યા એની વ્યાખ્યા અહીં પૂરી થાય છે. કહો, સમજાણું?

'**અથવા પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના...**' પૂર્વ સૂત્ર ક્યા? પરિસમંતાત આવ્યું હતુંને? પરિસંમતાત... આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ અર્થપર્યાય એટલે તે. એ પણ સ્વભાવપર્યાય છે, પણ એને કારણ-કાર્ય કાંઈ લાગુ પડતું નથી. એમ છએ દ્રવ્યને સાધારણ છે. '**પૂર્વ સૂત્રમાં કહેલા...**' ત્યાં નય નહોતો વાપર્યો. '**સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રયાથી...**' એટલે એક એક સમયના પર્યાયને લક્ષમાં લેનારો ઋજુસૂત્રનય. '**છ દ્રવ્યોને સાધારણ...**' જુઓ, અહીં નય ઉતારી છે. ઓલામાં નય નહોતી ઉતારી. સાધારણ વાત કરી હતી. વાણી અગોચર એટલી એ સાધારણ વાત કરી હતી. આમાં ત્રણમાં નય ઉતારી. પહેલામાં નય ઉતારી સહજશુદ્ધનિશ્ચય કારણશુદ્ધપર્યાયમાં. બીજામાં ઉતારી શુદ્ધ સદ્ભૂત વ્યવહાર, ત્યારે ત્રીજામાં ઉતારી '**સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી...**' ભાઈ! ત્રણમાં નય ઉતારી આમાં. પહેલી તો પહેલી કહી ગયા છે એ વાત. પણ વર્તમાન... વર્તમાન... વર્તમાન... એક એવી આગમગમ્ય સૂક્ષ્મ વાત કોઈ છે અર્થપર્યાય કે જે '**છએ દ્રવ્યોને સાધારણ છે...**' આ પહેલી વાત કરી એ તો જીવની વાત થઈ. કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધ તો જીવમાં છે. અને આ જે છે એ '**છએ દ્રવ્યોને સાધારણ...**' એટલે બધાને છે. આ તો સંસાર જીવમાં પણ છે, સંસારના વિકારી વ્યંજનપર્યાય વખતે પણ છે, સંસારી બીજી અર્થપર્યાય વિકારી એ વખતે પણ આ છે અને ત્રિકાળ સિદ્ધમાં પણ છે અને પરમાણુમાં પણ એક

પરમાણુ વખતે અને સ્કંધ વખતે પણ છે.

'**છએ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા.**' લ્યો! ઓલા સ્વભાવપર્યાયનો એક ભેદ આ પણ જાણવો. આત્માની અપેક્ષાએ કારણ અને કાર્યપર્યાય લેવી. છ દ્રવ્યની સાધારણ અપેક્ષાએ આ અર્થપર્યાયોને શુદ્ધ જાણવા. '**(અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે).**' છ દ્રવ્યને માટે સાધારણ છે. જીવને માટે ઓલી છે. કહો, સમજાણું? મૂળ તો ઓલા નરક-નારકીથી ઉપાડ્યું છે. જીવનો અધિકાર છેને. ભાઈ! મૂળ તો જીવ અધિકાર છે એટલે જીવમાંથી કારણ-કાર્યશુદ્ધ કરી અને પછી સાધારણ એક વ્યાખ્યા કરી નાખી. બાકી અધિકાર મૂળ જીવનો છે એટલે કારણ અને કાર્ય કહ્યા પછી કહ્યું કે છએ દ્રવ્યને એક સાધારણ અર્થપર્યાય છે જે આગમગમ્ય છે, ષટ્ગુણહાનિવૃદ્ધિયોગ્ય છે એને પણ શુદ્ધ અર્થપર્યાય કહેવામાં આવે છે.

'**(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.**' લ્યો! પૂરું થયું. કલાક પણ પૂરો થયો તમારો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા સુદ ૫, ગુરુવાર તા. ૩૧-૦૧-૧૯૫૨, કળશ-૨૨૦, ગાથા-૧૩૫, પ્રવચન નં. ૪૨૩

'**(શ્રાવિકાશ્રમનાં ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રાવિકાશ્રમમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)** '

૧૩૪મી ગાથા ચાલે છે. આ પરમભક્તિનો અધિકાર છે. નિયમસારની પરમભક્તિનો અધિકાર છે. કોઈ કહે કે ભક્તિ ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી એ તો શુભભાવ છે. ગુજરાતી સમજો છો? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી એ તો શુભભાવ છે. કેમકે એ પરપદાર્થ છે અને પોતાનો નિજપદાર્થ જે ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છે એની અંતર શ્રદ્ધા, રમણતા અને અંદર જ્ઞાન સમ્યક્ નિર્વિકલ્પ કરવું આ એનું નામ સાચી ભક્તિ છે. એ ભક્તિનો વિષય છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ નિયમસારને વિષે પરમભક્તિનો અધિકાર વર્ણવીને એમ કહે છે કે ભક્તિ આનું નામ છે. બીજાની ભક્તિ કરવી એ શુભભાવ છે. પંડિતજી! શુભભાવ છે, પુણ્યાસ્રવ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી એ પુણ્યાસ્રવ છે, એ ધર્મ નથી. ધર્મ તો પોતાનો આત્મા ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા અનંતગુણનો જે પિંડ છે એના સ્વભાવની દૃષ્ટિ કરીને, સ્વસંવેદનજ્ઞાન કરીને પુણ્ય-પાપ રાગરહિત સ્વભાવની લીનતા થવી એનું નામ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ભક્તિ કહે છે. એને ભક્તિ કહે છે, બીજાને ભક્તિ કહેતા નથી. એ ભક્તિનો ૧૩૪મી ગાથા

આવી ગઈ. એમાં કળશ છે ૨૨૦મો એ આજે ચાલશે. ૨૨૦મો કળશ.

(मंदाक्रांता)

सम्यक्त्वेऽस्मिन् भवभयहरे शुद्धबोधे चरित्रे
भक्तिं कुर्यादनिशमतुलां यो भवच्छेददक्षाम्।
कामक्रोधाद्यखिलदुरघव्रातनिर्मुक्तचेताः
भक्तो भक्तो भवति सततं श्रावकः संयमी वा।।२२०।।

ભગવાન કુંદકુંદાચાર્યદેવની ૧૩૪મી ગાથાની પદ્મપ્રભ નિર્ગ્રંથ સંત મુનિ એમણે ટીકા કરી. બેય મુનિઓ ભગવાન કુંદકુંદાચાર્ય એ પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલનારા મુનિ હતા ભાવલિંગી ભાવલિંગી સંત. એ છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન હોય છેને. એમ અંતરમાં આનંદમાં ઝૂલતા નિર્વિકારી જેવો સિદ્ધનો આનંદ છે એવા આનંદમાં-અમૃતમાં અનુભવ કરતાં-કરતાં જે વિકલ્પ ઉઠ્યો તો શુભભાવ થઈ ગયો અને શાસ્ત્ર બની ગયું. શાસ્ત્રની ભાષાથી શાસ્ત્ર બન્યું, શાસ્ત્રનો કર્તા આત્મા નથી. એ તો જડની પર્યાય છે. જડની પર્યાય થઈ ગઈ અને પોતાની નબળાઈને લઈને જરી શુભભાવ આવ્યો એનો પણ જ્ઞાની કર્તા નથી. ધર્મી મુનિ સંત છે એ તો રાગના પણ કર્તા નથી. હું તો જ્ઞાત છું, દૃષ્ટા છું, આનંદ છું. સહજાનંદ ચૈતન્યમૂર્તિ જેવો સિદ્ધનો સ્વભાવ છે એવો મારો સ્વભાવ છે. એવા સ્વભાવમાં ગાથા બની ગઈ. બની ગઈ એ વિકલ્પથી, શાસ્ત્રની પર્યાયથી, એના કર્તા જ્ઞાની છે નહિ.

એની ટીકા, પદ્મપ્રભમલધારી મુનિ થઈ ગયા. મોટા નિર્ગ્રંથ મુનિ, વીતરાગી સંત જેની છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની અંદરની દશા હતી. એવા પદ્મપ્રભમલધારીદેવ આજથી પહેલાં લગભગ ૮૦૦ વર્ષ પહેલાં એ ભરતક્ષેત્રમાં ટીકા કરતાં ભાવલિંગી સંત દિગંબર જેની દેહની દશા પણ દિગંબર હતી અને અંતરની દશા આનંદકંદ સચ્ચિદાનંદ આત્માના અમૃતમાં એકાગ્ર થઈને અમૃતનો અનુભવ કરતાં હતા એમાં એ ટીકા બની ગઈ. ટીકા બની ગઈ, ટીકા કરતાં નથી. ટીકાના જે અક્ષરો છે એ અક્ષર તો અનંત પરમાણુનો પિંડ છે. એક અક્ષર સમજ્યા? અક્ષર. અક્ષર સમજ્યાને? એક અક્ષર અનંત પરમાણુનો પિંડ છે, એ સ્કંધ છે એની પર્યાય જડથી થાય છે, આત્માથી થતી નથી. એ ટીકા થઈ ગઈ.

એમાં એ ભગવાન પદ્મપ્રભમલધારીદેવ મુનિએ કળશ બનાવ્યા. મુનિ પણ પરમેષ્ઠી છેને. પરમેષ્ઠી છેને. પંચપરમેષ્ઠી છેને. નમો અરિહંતાણં એ પણ પરમેષ્ઠી છે, નમો સિદ્ધાણં એ પણ પરમેષ્ઠી છે, નમો આઈરિયાણં પણ પરમેષ્ઠી છે, નમો ઉવજ્ઝાયાણં પણ પરમેષ્ઠી છે અને નમો લોએ સવ્વસાહુણં (પણ પરમેષ્ઠી છે). આત્માનું નિજાનંદ પદ પ્રાપ્ત થયું તેને અહીંયાં પરમેષ્ઠી કહે છે. તો ભાવલિંગી સંત હતા એણે એ શ્લોક બનાવ્યા છે. એ શ્લોકમાં શું ભાવ છે એ વાત ચાલે છે.

જુઓ, ૨૨૦માં કળશની નીચે અર્થ છે નીચે અનુવાદ. 'જે જીવ...' છેને શ્લોકાર્થ? **'જે જીવ ભવભયના હરનારા...'** કેવા છે જીવ? શ્રાવક અને મુનિ, શ્રાવક અને મુનિ. એને ભગવાન શ્રાવક અને મુનિ કહે છે. શ્રાવકની વાત ચાલે છે. શ્રાવકની ભક્તિ. શ્રાવક કોને કહે છે? વાડાના સંપ્રદાયના શ્રાવક નહિ, એ તો નામમાત્ર છે. આ તો વસ્તુસ્વભાવ છે. સર્વજ્ઞ ભગવાને જે કહ્યું એવા સંતો, મુનિઓ, ગણધર જે કુંદકુંદાચાર્ય આદિ થયા એમને અનુભવમાં મુનિપણું આવ્યું. જેવું આવ્યું એવું કહ્યું કે આવું વસ્તુનું સ્વરૂપ છે. એ ભગવાન કુંદકુંદાચાર્ય અને પદ્મપ્રભમલધારિદેવ મુનિ કહે છે 'જે જીવ...' શ્રાવક અને મુનિ **'ભવભયના હરનારા...'** ભવભયના હરનારા. સમજ્યા? ભવભયના હરનારા જે આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યક્. ચિદાનંદ હું નિર્વિકલ્પ શુદ્ધ આનંદ છું, અભેદ છું. મારામાં ભેદ પણ નથી અને ગુણી અને ગુણનો ભેદ એ પણ વ્યવહાર છે. હું ત્રિકાળી આનંદકંદ છું એવો મારો સ્વભાવ જ્ઞાનાનંદ છે, એ સ્વભાવવાન અને સ્વભાવ, ગુણી અને ગુણ એ ભેદ છે. ભેદ પણ વ્યવહાર છે. એ હું નથી, એ વ્યવહાર પણ હું નથી. હું તો અખંડ ગુણ-ગુણીનો પિંડ ચૈતન્યમૂર્તિ હું છું. એવી અંતર સમ્યગ્દૃષ્ટિ થવી એનું નામ સમ્યક્ત્વ છે. એ સમ્યક્ત્વની ભક્તિ શ્રાવક અને મુનિ આવું ભાન કરીને કરે તો એને ભક્તિ કહે છે. નહિતર ભક્તિ કહેતા નથી.

**'જે જીવ ભયભયના હરનારા...'** જુઓ, શું કહ્યું? આત્મામાં જે રાગ થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ થાય છે, એ ભવભયને હરનાર નથી, એ તો રાગ છે, એ તો પુણ્યાસ્રવ છે, એનાથી તો ભવંબધ થાય છે. હો, નીચલી ભૂમિકામાં શુભભાવ આવે છે, જરૂર આવે છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુભભાવ આવે છે અશુભથી બચવા. પંડિતજી! અશુભથી બચવા અશુભ ન હોય તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય એવો શુભભાવ આવે જ છે. પણ આવે છે એ આસ્રવ છે. એ ધર્મીએ સમજવું જોઈએ. એ યથાર્થ ભક્તિ નથી, એ યથાર્થ ભક્તિ નથી. એ શુભરાગ છે. યથાર્થ ભક્તિ શ્રાવક અને મુનિ કોની કરે છે? અને ભગવાન પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે કોની ભક્તિ કરવાથી તે ભક્ત થાય છે? ભગવાનનો ભક્ત ક્યા કારણે થાય છે?

કે **'જે જીવ ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવચ્છેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે,...'** એમાં બધું આવ્યું. જુઓ, અજ્ઞાની કહે છે કે નિમિત્તથી આત્માને લાભ થાય છે. એ પણ મિથ્યાદૃષ્ટિ છે. અને આત્મામાં જે શુભરાગ થાય છે એનાથી આત્માને લાભ થાય છે એમ માનવું એ પણ મિથ્યાત્વ છે અને ગુણ-ગુણીનો ભેદ છે, આવે છે ખરો, ભેદનો વિકલ્પ આવે છે ખરો, પણ ભેદથી અભેદ થવાતું નથી. ભેદનું લક્ષ છોડીને 'હું ચિદાનંદ જ્ઞાતા અખંડ પરિપૂર્ણ સ્વભાવ છું' એવી દૃષ્ટિ કરે તો ભેદને વ્યવહાર કહે છે, રાગને વ્યવહાર કહે છે અને નિમિત્તને વ્યવહાર કહે છે, જો અભેદ ભક્તિ કરે તો. સમજાણું કાંઈ?

શ્રાવક અને મુનિ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માના માર્ગને વિષે દેવાધિદેવ કેવળજ્ઞાની સંતો અને મુનિઓના માર્ગને વિષે ભગવાને એને ભક્તિ કીધી છે. એને સમજ્યા? ઈસકો. એને ભક્તિ કહી છે કે જેને સમ્યગ્દર્શન (થયું છે કે) હું ચિદાનંદ છું, અખંડાનંદ છું. રાગ પણ નહિ, પર્યાય જેટલો મારો સ્વભાવ નથી, એક સમયની પર્યાય છે એ તો એક સમયનો કાળ છે અને હું તો ત્રિકાળી આનંદ, ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ સદશ સ્વભાવ છું. એમ અંતર્મુખ થઈને જે સમ્યગ્દર્શન કરે છે અને અંતર્મુખ થઈને શુદ્ધજ્ઞાન કરે છે. શાસ્ત્રનું જ્ઞાન તો વ્યવહારજ્ઞાન છે, એ યથાર્થ જ્ઞાન નથી. યથાર્થ નામ એ પુણ્યબંધનું કારણ છે. એ છે યથાર્થ વ્યવહાર પણ એ પુણ્યબંધનું કારણ છે. આત્મામાં સ્વસંવેદન અખંડ જ્ઞાતા-દૃષ્ટા છું એવો રાગ છોડીને, સ્વને જ્ઞેય બનાવીને, સ્વને જ્ઞેય બનાવીને, સ્વને જ્ઞેય બનાવીને પોતાનું જ્ઞાન સ્વ-આશ્રિત થવું એનું નામ શુદ્ધજ્ઞાનની ભક્તિ કહે છે. એ શ્રાવક અને મુનિ એવી ભક્તિ કરે છે. એ ભક્તિ મોક્ષનું કારણ છે. બીજી કોઈ ભક્તિ મોક્ષનું કારણ છે નહિ. ..લાલજી! કોની?

જીવ. એ જીવમાં શ્રાવક અને મુનિ આવી ગયા. પાઠમાં છેને. 'श्रावकः संयमी वा' ગૃહસ્થાશ્રમ હો કે મુનિ હો, એ આ સમ્યક્ત્વની ભક્તિ કરે છે અને શુદ્ધજ્ઞાનની. હું ત્રિકાળજ્ઞાનાનંદ છું એવા સમ્યગ્જ્ઞાનની અને ચારિત્રની. ચારિત્ર શું? શ્રાવકને પણ ચારિત્રનો અંશ હોય છે. પંચમ ગુણસ્થાનમાં આત્માના સમ્યગ્દર્શન ભાનપૂર્વક અંશે રાગરહિત જે સ્વરૂપની શાંતિ હોય છે, જેવો સિદ્ધને આનંદ હોય છે એવો આનંદ હોય છે, એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એ અંતરમાં ચારિત્ર જે સ્વભાવના આશ્રયે થયું એની જે ભક્તિ, ભજન નામ લીનતા કરે છે એને ભક્તિ કહે છે. બીજાને યથાર્થ ભક્તિ કહેતા નથી. કેવી ભક્તિ છે?

'ભવછેદક...' ભવનો નાશ કરવાની. કેમકે આત્મામાં ભવ જ નથી. ચિદાનંદ ભગવાન આત્મામાં ભવ જ નથી, તો ભવરહિત ભગવાન આત્મા એની પ્રતીતિ, જ્ઞાન, રમણતા જે કરે છે એ ભવછેદક ભક્તિ છે. કેમકે એમાં ભવ જ નથી. ભવ તો પોતાની પર્યાયમાં છે પર્યાયમાં. એક સમયની પર્યાયમાં સંસાર છે અને સંસારનો કાળ એક સમયનો જ છે. સમજાણું કાંઈ? સંસાર કોને કહે છે? બાયડી, છોકરાને સંસાર નથી કહેતા. સંસાર પોતાની પર્યાયમાં જે વિકારભાવ થાય છે એને ભગવાન સંસાર કહે છે. એ વિકાર એક સમયનો હોય છે. બીજા સમયનો બીજો અને ત્રીજા સમયનો ત્રીજો. એ એક સમયનો જે વિકાર કે હું શરીર છું, વાણી છું, સ્ત્રી છું, કુટુંબ છું, રાગ-દ્વેષ છું, પુણ્ય છું, હું એક સમયની પર્યાય જેટલો છું—એવી માન્યતા એ મિથ્યાત્વ એ સંસાર છે. એ મિથ્યાત્વરૂપી ભવ એનો છેદ કરનારી ભક્તિ એ 'ચિદાનંદ હું જ્ઞાતા-દૃષ્ટા છું' એમાં લીન થવું એ ભવછેદક ભક્તિ છે. એનું નામ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા ભવને છેદનારી ભક્તિ કહે છે.

અતુલ ભક્તિ. વળી એક શબ્દ લીધો. પદ્મપ્રભમલધારી મુનિએ. મુનિ પણ પરમેષ્ઠી છેને.

પાંચે પરમેષ્ઠી છે. જેને ગણધરદેવ નમો લોએ સવ્વસાહુણં નમસ્કાર કરે છે. જે મુનિ છે ભાવલિંગી મુનિ. અંતરમાં ચિદાનંદનું ભાન થયું. એક રાગનો પણ કર્તા નથી, દેહની ક્રિયાનો કર્તા નથી, હું જ્ઞાતા એવી છઠ્ઠી-સાતમી ભૂમિકા જેને થઈ તેને ગણધરદેવ કહે છે કે નમો લોઓ સવ્વસાહુણં. હે સંત! તારા ચરણમાં મારા નમસ્કાર છે! કારણ કે બહારમાં તો નાના સાધુને નમસ્કાર નથી કરતાં, પણ પંચ નવકારનું સ્મરણ કરે છે એમાં સર્વ ભાવલિંગી સાધુ આવી જાય છે. એના નમસ્કારમાં, એના નમસ્કારમાં. આવે છે કે નહિ? નમો લોએ સવ્વ સાહુણં. હું નમસ્કાર કરું છું. પણ કેવા સાધુ હોવા જોઈએ? દેહની ક્રિયા હું કરું છું અને વ્યવહારથી ધર્મ થાય (એમ માને છે એ) તો મિથ્યાદૃષ્ટિ છે, એ દ્રવ્યલિંગી છે, એને જૈનશાસનમાં સાધુ નથી કહેતા.

પોતાની ચિદાનંદ ભક્તિ આનંદ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાનની રમણતા કરે છે એને ભગવાન કહે છે કે ગણધરદેવ એને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ? એ પંચ નવકાર (બોલે), શાસ્ત્ર રચે છેને. ભગવાન ગણધર શાસ્ત્ર રચે છે. દ્વાદશાંગી બાર અંગને રચે છે એક અંતર્મુહૂર્તમાં તો એમાં નમો લોએ સવ્વસાહુણં આવે છે કે નહિ? તો મુનિને પણ નમસ્કાર કરે છે. ભાવલિંગીને મારા નમસ્કાર છે. દ્રવ્યલિંગી તો મિથ્યાદૃષ્ટિ છે એને મારા નમસ્કાર નથી. તો કહે છે કે ભવછેદક ભક્તિ જે મુનિ અને શ્રાવક કરે છે (એ) અતુલ, '**અતુલ ભક્તિ...**' જેની કોઈ ઉપમા નથી. શું કહ્યું? અતુલ-જેની તુલના નથી. જે ભક્તિને કોઈ તુલના નથી. શું? દેહની ભક્તિ આમ ભગવાન સાથે હાથ જોડવા, જાત્રા એ તો દેહની ક્રિયા છે, જડ છે. એનાથી તો પુણ્ય પણ નથી થતું, એનાથી તો પુણ્ય પણ નથી થતું. પોતાની કષાયની મંદતાથી જે પરિણામમાં શુભભાવ થાય એ પુણ્ય થાય છે. દેહની ક્રિયાથી નહિ. જડની ક્રિયા આમ થાય અને પોતાના પરિણામમાં કષાય તીવ્ર હોય તો તો પાપ થાય છે. પંડિતજી! કેમ રમેશચંદ્રજી! સમજાણું કાંઈ? રમેશચંદ્રજી!

પોતાના દેહની ક્રિયા છેને આમ આમ થાય એ તો જડની પર્યાય છે. એનાથી તો પુણ્ય પણ નથી થાતું અને પાપ પણ નથી થાતું. જડથી તો કાંઈ થાતું જ નથી. પોતાના તીવ્ર કષાયના પરિણામથી પાપ થાય છે, પોતાની કષાયની મંદતાથી પુણ્ય થાય છે અને આત્મા ચિદાનંદ પુણ્ય-પાપ નિમિત્તથી રહિત છે એના ભાન અને લીનતાથી ધર્મ થાય છે. ધર્મ કોઈ બીજી ચીજ નથી.

ભગવાન આચાર્ય કહે છે શ્રાવક અને મુનિ અતુલ ભક્તિ, અતુલ ભક્તિ. શું કહ્યું? જેની ભક્તિની કોઈ ઉપમા નથી. ..લાલજી! ઉપમા નથી. શું ઉપમા આપે? 'આત્મા જ્ઞાતા છે, દૃષ્ટા છે, એ રજકણની ક્રિયાથી પાર છે અને પુણ્ય-પાપનો વિકલ્પ એ પણ મારો સ્વભાવ નથી' એવા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા કરે છે એ ભક્તિ અતુલ છે, જેની કોઈ તુલના નથી. જેને કોઈ ઉપમા દઈ શકતા નથી. શું ઉપમા આપે? કેમકે એ તો અરાગી ભક્તિ

છે. આત્માની વીતરાગી ભક્તિ કરે છે એને કોઈ ઉપમા અને તુલના દઈ શકાતી નથી. સમજાણું કાંઈ?

**'ભવછેદક...'** આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને આત્માના અવલંબને જે નિર્વિકલ્પ વીતરાગી ચારિત્ર દશા જે થઈ એની જે ભક્તિ કરે છે, કેવી ભક્તિ? એક તો ભવછેદક, બીજી અતુલ અને ત્રીજી નિરંતર. ત્રણ વિશેષણ દીધા. નિરંતરમાં શું કહ્યું? એક સમય પણ નિશ્ચયની મુખ્યતા એને ખસતી નથી. ખસતી નથી શું? છૂટતું નથી. તમારી બરાબર હિન્દી નથી આવડતી. એક સમય પણ નિશ્ચયની મુખ્યતા છૂટતી નથી. હું ચિદાનંદ અખંડાનંદ છું. એ પુણ્ય-પાપનો વિકલ્પ આવે, ભલે આવો, નિમિત્તનું લક્ષ જાઓ, આત્માની પર્યાયમાં એક સમયની પર્યાય હો, એની મુખ્યતા સમ્યગ્દૃષ્ટિને કદી નથી થતી. સમ્યગ્દૃષ્ટિની મુખ્યતા ચિદાનંદ ધ્રુવ ત્રિકાળ દ્રવ્યસ્વભાવની થાય છે. તો નિરંતર એ શબ્દ લગાવ્યો છે. નિરંતર એક સમયનું પણ એમાં અંતર નથી પડતું. કોઈ વખતે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ વ્યવહાર મુખ્યથી ધર્મ થાય એમ માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. 'નિશ્ચયમાં મારો સ્વભાવ અખંડાનંદ અભેદ છું' એવી દૃષ્ટિ નિરંતર રહે છે એને ભવછેદક અતુલ નિરંતર ભક્તિ કહે છે. પંડિતજી! સમજાણું કાંઈ?

આ ત્રણ શબ્દ પડ્યા છે, બહુ સારા છે. એ તો મહા સંત મુનિ હતા. એક એક શબ્દમાં ઘણું વાચ્ય મૂક્યું છે. એ પદ્મપ્રભમલધારી મુનિ મહા અધ્યાત્મમૂર્તિ અમૃતના કંદ હતા. અમૃતના કંદની અંદર અનુભવ કરતા હતા. એ કેવળજ્ઞાન લેવાની તૈયારી. એ પંચમકાળ હતો. દેહ છૂટી ગયો. સ્વર્ગમાં છે. એ પદ્મપ્રભમલધારી મુનિ અને કુંદકુંદાચાર્ય સ્વર્ગમાં છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જશે. મોક્ષ થઈ જશે એવા મુનિનું આ કથન છે. સમજાણું કાંઈ? એ ભગવાનની ભક્તિ કોને કહે છે? કે આ ભગવાન, પોતાનો ભગવાન. સમજ્યા? પોતાનો ભગવાન જે ચિદાનંદ, પૂર્ણાનંદ, પરમાત્મા અનંત સ્વભાવ શક્તિનો પિંડ છે એની નિરંતર ભક્તિ કરે છે. નિરંતર. નિરંતર કહીને એમ કહે છે કે જેમાં દ્રવ્યની મુખ્યતા એક સમય પણ છૂટતી નથી. અંતર નથી પડતું, એક સમય પણ. શ્રાવક હોય, શ્રાવક હોય, તો પણ એને ગૃહસ્થાશ્રમમાં ભલે રાગ આવે અશુભ, શુભરાગ પણ આવે, પણ એની દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા નિરંતર છૂટતી નથી. જો દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા છૂટી તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન પદ્મપ્રભમલધારીદેવ સંતોએ પરમાત્માએ કહેલી વાતને નગારા પીટીને વાત કરી છે. નગારા સમજ્યા? ઢોલ પીટીને વાત કરી છે કે આવું સત્ય છે. સમજો, વિચારો, શ્રદ્ધો, ઓળખાણ કરો, એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. નિરંતર ભક્તિ કરે છે, ભાઈ! શ્રાવકને નિરંતર આવ્યું. ...ભાઈ! શું છે? શું કહે છે ભગવાન? કે શ્રાવક હોય પંચમ ગુણસ્થાનમાં ગૃહસ્થાશ્રમમાં. ભલે હજારો સ્ત્રી હોય, રાજપાટ હોય, ચક્રવર્તી પદ હોય. તીર્થંકર હતા શાંતિનાથ,

કુંથુનાથ, અરનાથ. ગૃહસ્થાશ્રમમાં છન્નું-છન્નું હજાર સ્ત્રી હતીને, છન્નું કરોડ પાયદળ હતું. .. બધું હોય, મારું નથી. મારે એની સાથે કાંઈ સંબંધ નથી. એની નબળાઈને કારણે અશુભરાગ આવતો હતો એને પણ હેય સમજતા હતા અને શુભરાગ આવતો હતો તેને પણ હેય સમજતા હતા. એક સમય પણ ગૃહસ્થાશ્રમમાં સમકિતને 'ચિદાનંદ, દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ અખંડ છું' એવી મુખ્યતાની દૃષ્ટિ છૂટતી નથી. જો દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા છૂટીને વ્યવહાર મુખ્ય થઈ જાય અને નિમિત્ત મુખ્ય થઈ જાય અને પર્યાય મુખ્ય થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. કહો, સમજાય છે કાંઈ?

જુઓ, ભગવાન પદ્મપ્રભમલધારીદેવની આ ભક્તિ! જુઓ આ મંગળિકમાં ભક્તિ આવી છે. શેઠ ક્યાં ગયા? આ તમારા મકાનમાં મંગળિક આવું આવે છે. આ મંગળિકનો અર્થ આવે છે. એનું નામ મંગળિક છે. એ તો નિમિત્તથી કથન છેને. કોઈનું ક્યાં છે! એ તો બોલવામાં આવે છે. એ તો કહ્યુંને કે બાલાય છે, કાંઈ છે નહિ. ઘીનો ઘડો કહેવામાં આવે છે. ઘડો ઘીનો નથી, ઘડો તો માટીનો છે. એમ વસ્તુ તો જેની છે એની છે, પણ નિમિત્તથી કથન છે તો લોકો પકડી લે છે કે જુઓ આ! શું થયું? આ તો જડની ભાષા છે.

અહીંયાં ભગવાન પદ્મપ્રભમલધારીદેવ કહે છે કે ભાઈ! ભગવાન! જુઓ, હવે ભગવાન કોને કહીએ છીએ? આત્માને. બધા આત્મા તો ભગવાન છે. બધા ભગવાન છેને. હે ભગવાન! તું ચિદાનંદ પૂર્ણાનંદ નિર્મળાનંદ શુદ્ધ ધ્રુવ સદૃશ્ય નિત્યાનંદ છો. એની મુખ્યતા દૃષ્ટિ કરવી અને વ્યવહાર પર્યાય અને નિમિત્તને ગૌણ કરવા એનું નામ ભગવાન ભક્તિ કહે છે. શ્રાવક તો ભગવાન પાસે ભક્તિ તો કરે છેને. કરે છે કે નહિ? ઈન્દ્ર પણ ભક્તિ કરે છે. ઈન્દ્ર એકાવતારી છે એકભવતારી. શક્રેન્દ્ર સુધર્મ છેને. પતિ-પત્ની-શચી ઈન્દ્રાણી બેય એકાવતારી છે, એકભવતારી છે. ભગવાનનો જન્મ થાય, દીક્ષા હોય તો ભગવાન પાસે આવે છે અને નંદીશ્વરદ્વીપમાં પણ અષ્ટાહ્નિકા મહોત્સવમાં જાય છે. સમકિતી એકભવતારી એ પણ નાચી ઉઠે છે. ભગવાન પાસે આમ નાચી ઉઠે છે. થનગનાટ ભક્તિ કરે છે. પણ અંતરદૃષ્ટિમાં ભાસ છે અને દેહની ક્રિયા જડની છે અને મારામાં શુભભાવ આવે છે એ હેય છે. હું અખંડાનંદ શુદ્ધ છું એની દૃષ્ટિ નિરંતર છૂટતી નથી. એનું નામ ભક્તિ છે. આમ નાચી ઉઠે. ઈન્દ્ર કોને કહે છે? શક્રેન્દ્ર પહેલા દેવલોકનો સ્વામી. શક્રેન્દ્ર. જે સુધર્મદેવલોક છેને. એમાં ૩૨ લાખ તો વિમાન છે એનો એ સ્વામી છે. અને એની શચી ઈન્દ્રાણી એકભવતારી છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષ થઈ જશે. એ પણ ભગવાન પાસે અને નંદશ્વરદ્વીપમાં જ્યાં શાશ્વત પ્રતિમા છે એની પાસે જઈને નાચી ઉઠે છે. આમ નાચ-નાચ કરે છે. અને ઘુઘરા બાંધીને હોં! પણ સમજે છે કે એ જડની પર્યાય જડથી થાય છે મારામાં નથી. મારી નબળાઈને લઈને શુભભાવ આવ્યો એ પુણ્યાસ્રવ છે અને હું ત્રિકાળી અખંડાનંદ શુદ્ધ છું. એવી દૃષ્ટિની નિરંતરતા મુખ્યતા છૂટતી નથી. એનું નામ ભગવાન સાચી

ભક્તિ કહે છે. તો પછી રાગ આવ્યો એને વ્યવહારભક્તિ કહે છે. એ નિશ્ચયની સાથે જે રાગ આવ્યો એને વ્યવહારભક્તિ કહે છે. આવે તો છે, જરૂર આવે છે. વીતરાગને નથી આવતો. પૂર્ણ વીતરાગ હોય એને શુભભાવ નથી આવતો, પણ નીચે આવે છે જરૂર, પણ જ્ઞાની એને ધર્મ નથી માનતા. એને પરમભક્તિ સ્વીકારતા નથી.

'**નિરંતર...**' શ્રાવક અને મુનિ. ભક્તિ સમજ્યા? ભક્તિ નામ ભજન-ભજન. ચિદાનંદ પરમાત્મા છે એની એકાગ્રતા ધ્યેય માનવું ત્રાટક-ત્રાટક. ત્રાટક સમજો છો? આમ કોઈ ચીજ ઉપર લક્ષ નથી કરતાં? એકાગ્ર થઈ જાય છેને? એમ ધર્મીનું ત્રાટક અંતરમાં છે. અંદર ચિદાનંદ ધ્રુવ સદૃશ્ય એક સમયમાં પરિપૂર્ણ પરમાત્મા હું છું. એવું જે દૃષ્ટિમાં ત્રાટક અંતરમાં લગાવ્યું, એ ભક્તિ ભગવાનની કરો, વિષય વખતે પણ શ્રાવક પંચમ ગુણસ્થાનવાળો છે, એ પણ વિષય લે છેને, જરી અશુભરાગ આવે છે. પંચમ ગુણસ્થાનવર્તી ધર્માત્માને અશુભરાગ આવે છેને સ્ત્રીનો વિષય, રાજનો; પણ અશુભ વખતે પણ એની દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ આનંદ છે એના ઉપર પડી છે, એમાં અંતર પરિણમન થયું, નિરંતર એક સમય પણ વિરહ પડતો નથી. પંડિતજી! સમજાણું? એક સમય પણ સમકિતીને નિશ્ચયની મુખ્યતા છૂટતી નથી. બોલવામાં ગમે તે બોલે છે. વ્યવહાર કરે છે, 'અમે આમ કરીએ છીએ. આવું અમે કરીએ છીએ.' એ તો કથનની શૈલી. અંતરની દૃષ્ટિમાં 'હું ચિદાનંદ અખંડ અભેદ છું' એવી દૃષ્ટિ નિરંતર રહે છે. એનું નામ ભગવાન ભક્તિ કહે છે.

કેવી છે ભક્તિ? એ અંતરની ભક્તિ કેવી છે? '**તે કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપમસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ—**' જુઓ શું કહે છે? એ અંતરની ભક્તિ, દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રની અને કામ પર તરફની કામ જે ઇચ્છા, ક્રોધ-જે કાંઈ અણગમો. અણગમો સમજ્યાને? અણગમાને શું કહે છે? અરુચિ. અણગમો થાય છેને અણગમો? દ્વેષ જરી કલુષિતતા. એ કામ અને ક્રોધ આદિ '**સમસ્ત દુષ્ટ પાપસમૂહથી...**' પાપ નામ પુણ્ય અને પાપ બેય પાપ જ છે. આત્માના સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ પુણ્ય-પાપ બેય આત્મામાં અધર્મ છે. ધર્મ તો આત્મા અખંડ નિર્વિકલ્પ શુદ્ધદૃષ્ટિ કરીને જે વીતરાગી પર્યાય પ્રગટ કરે એ ધર્મ છે. પુણ્ય અને પાપનો જેટલો રાગ આવે છે એ બેય અધર્મ છે. પણ એ આત્માની દૃષ્ટિ-જ્ઞાન કરે તો શુભરાગને વ્યવહારધર્મનો આરોપ આવે છે, ખરેખર તો અધર્મ છે. કારણ કે રાગ એ તો અધર્મ જ છે.

તો ભગવાન કહે છે કે જેને આત્માની અતુલ, અનુપમ અને નિરંતર ચિદાનંદની ભક્તિ પ્રગટ થઈ તે પુણ્ય અને પાપથી મુક્ત ચિત્તવાળો થયો. એને પુણ્ય-પાપની રુચિ ખસી ગઈ. પુણ્ય-પાપની રુચિ હટી ગઈ, નિમિત્તની રુચિ હટી ગઈ, સંયોગની રુચિ હટી ગઈ, ભલે સંસારમાં હો, ભલે શ્રાવક હો, ભલે ગૃહસ્થાશ્રમમાં હોય, પણ એ નિમિત્ત નામ સંયોગ વિષયોમાં સુખ છે એવી બુદ્ધિ હટી ગઈ છે. શ્રાવકની, સમકિતીની વિષયમાં સુખ છે એ બુદ્ધિ છૂટી

ગઈ છે. પોતાની નબળાઈને લઈને અશુભભાવ આવે છે, પણ એમાં સુખ માનતા નથી અને ભગવાનની ભક્તિ કરતાં શુભભાવ આવે છે, પણ એમાં ધર્મ નથી માનતા. એવા ભગવાન ચૈતન્યની ભક્તિ કરે છે તેને '**કામક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો...**' જેના ચિત્તમાં પુણ્ય-પાપ નથી રહેતા અને સ્વભાવનું અવલંબન થાય છે એવો '**જીવ—શ્રાવક હો કે સંયમી હો—**' શ્રાવક હો કે સંયમી હો, શ્રાવક હો કે મુનિ હો '**નિરંતર ભક્ત છે, ભક્ત છે.**' એમ કહે છે. પોકાર કરે છે કે એનું નામ અમે ભક્ત કહીએ છીએ. ભગવાન આત્મા અખંડાનંદ ... પાર, વાણીથી પાર, વિકારથી પાર એવી આત્માની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે છે એ શ્રાવક હો કે મુનિ હો, ભગવાન કહે છે કે નિરંતર એ ભક્ત છે, ભક્ત છે. બે વાર કહ્યું. સમજાણું કાંઈ?

એમ બે વાર નિરંતર ભાઈ લીધું. ઓલામાં કીધું '**ભવછેદક અતુલ ભક્તિ નિરંતર કરે છે,...**' '**તે નિરંતર ભક્ત છે, ભક્ત છે.**' બે વાર લીધું. નિરંતર નામ એ શ્રાવક હોય કે મુનિ હોય, અંતર સ્વભાવની દૃષ્ટિ છૂટતી નથી. મુખ્યતા પર્યાય, વિકલ્પ નિમિત્તને દેતા નથી અને નિશ્ચયની મુખ્યતા છૂટતી નથી, એ નિરંતર ભક્ત છે. નિરંતર ભક્ત સૂતો હોય, જાગતો હોય, એ ગમે તે વિષયમાં હોય જરી ક્રોધ પણ આવી જતો હોય. સમકિતી પંચમ ગુણસ્થાન છે તો ક્રોધ પણ આવે. વીતરાગને ક્રોધ નથી. આવે તો છે, માન પણ આવે છે, જરી માયા પણ આવે છે, લોભ પણ આવે છે, હાસ્ય પણ આવે છે. આવો, 'મંદ પર્યાય કષાયની મારી નથી. હું તો ચિદાનંદ અખંડ છું' એવી નિરંતર જેની દૃષ્ટિ અંતરમાં પડી છે, નિરંતર ભક્ત છે, ભક્ત છે. એ ગમે તે વખતે પણ ક્રોધ કદાચિત્ કરતો હોય અને લડાઈમાં પણ ઊભો હોય. ચોથા ગુણસ્થાનવાળો સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં પણ હોય, તોપણ પોતાની દૃષ્ટિ, અંતર દૃષ્ટિમાં પરમાત્મશક્તિ અંતરમાં પડી છે તો નિરંતર ભક્ત છે, ભક્ત છે એને ભક્ત કહે છે. એકલી બાહ્યક્રિયાને ભક્ત કહેતા નથી. એ ૨૨૦મા કળશની અર્થ ટીકા થઈ. ૨૨૦મો કળશ ભગવાન પદ્મપ્રભમલધારી મુનિએ કહ્યો.

હવે, ૧૩૫મી ગાથા. ૧૩૫મી ગાથા ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે.

**मोक्खंगयपुरिसाणं गुणभेदं जाणिऊण तेसिं पि।**
**जो कुणदि परमभत्तिं ववहारणयेण परिकहियं।।१३५।।**
**વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની**
**જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.**

'**અન્વયાર્થ :-**' જુઓ, નિશ્ચયની ભક્તિ વર્ણવી, હવે વ્યવહારભક્તિ વર્ણવે છે. વ્યવહારભક્તિ કહે છે. નિશ્ચયભક્તિ જેને અંતર ઊગી, ઉત્પન્ન થઈ તેને જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી શુભભાવ આવે છે, તો શુભભાવમાં સિદ્ધ ભગવાનનું સ્મરણ કરે છે. સિદ્ધ ભગવાનનું સ્મરણ કરે છે. તો શુભભાવ આવે છે એ વ્યવહારભક્તિ છે. એ વ્યવહાર

છે, પણ જો નિશ્ચય હોય તો. નિશ્ચય જો ન હોય તો વ્યવહાર હોતો નથી. માટે નિશ્ચયની ગાથા કહીને અને ૧૩૫માં ભગવાન, ભગવંત કુંદકુંદાચાર્ય ૧૩૫માં શ્લોકમાં સિદ્ધ ભક્તિની વ્યાખ્યા કરે છે. એ સિદ્ધભક્તિ આવે છેને? સિદ્ધભક્તિ તો પર છે, પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ થાય કે આવા આવા સિદ્ધ, તો વિકલ્પનું ઉત્થાન થાય છે. આત્મામાં વિકલ્પ નામ શુભરાગનું ઉત્થાન થાય છે તો શુભરાગને વ્યવહારભક્તિ કહે છે. એ પુણ્યબંધનું કારણ છે.

**'જે જીવ મોક્ષગત પુરુષોનો...'** મોક્ષ પ્રાપ્ત પુરુષોનો. પુરુષ એટલે આત્મા. **'જે જીવ મોક્ષગત...'** મોક્ષગત એટલે કોઈ સિદ્ધશીલા ઉપર જવું એ કાંઈ નથી. એ તો આત્માની નિર્મળ પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટે એનું નામ મોક્ષ છે. આત્માની નિર્વિકારી પૂર્ણ શુદ્ધ પર્યાયનું પ્રગટવું એનું નામ મોક્ષ છે અને આત્મામાં વિકારી પર્યાયનું પ્રગટવું એનું નામ સંસાર છે. સંસાર મોક્ષ કોઈ આત્માની પર્યાયથી દૂર નથી રહેતા. સમજાય છે કાંઈ? સંસારપર્યાય ઉદયભાવ છે. ઉદયભાવ જે આત્માની પર્યાયમાં વિકાર, મિથ્યાત્વ, અજ્ઞાન, પ્રમાદ, અવ્રત વિકલ્પ જે થાય છે એ સંસાર છે. અને મોક્ષ, આત્માના સ્વભાવના અવલંબે પૂર્ણ નિર્મળ શુદ્ધ પર્યાયનું પ્રગટવું એનું નામ મોક્ષ છે.

એ **'મોક્ષગત પુરુષોનો...'** એવી પરમપર્યાય નિર્મળ પૂર્ણ શુદ્ધ થઈ મોક્ષગત એ પૂર્ણ પર્યાય પ્રાપ્ત થઈ એવા પુરુષોનો **'ગુણભેદ જાણીને...'** એના ગુણનું જ્ઞાન કરીને. એ સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, અનંતચતુષ્ટય પ્રગટ થયા છે, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. અનંતચતુષ્ટય આવે છેને. અનંતચતુષ્ટય વ્યક્ત પ્રગટ એક સમયમાં થઈ ગયા છે એવા અનંતા સિદ્ધ પરમાત્મા બિરાજે છે. કરોડો કેવળીઓ વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. કરોડો કેવળીઓ બિરાજે છે વર્તમાન જમીન ઉપર. મનુષ્ય છેને. ભગવાન જ્યાં બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ પરમાત્મા શ્રી સીમંધર ભગવાન આદિ તીર્થંકર બિરાજે છે મનુષ્યપણે. એની પાસે કરોડો કેવળી બિરાજે છે. એ પણ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. એવા સિદ્ધ અને કેવળીના જે ગુણભેદ જાણીને, એના ગુણની ઓળખાણ કરીને. કે જેવા સિદ્ધ એવો હું, જેવો હું એવા સિદ્ધ. પર્યાયમાં જરી મલિનતા છે એટલો આંતરો છે, બીજો કોઈ આંતરો નથી. સમજાણું કાંઈ? એક પર્યાયમાં જરી વિકાર છે અને એની પર્યાયમાં વિકાર નથી, એટલો ફેર છે, વસ્તુમાં ફેર નથી.

એવો **'ગુણભેદ જાણીને તેમની પણ પરમભક્તિ કરે છે,... '** તેમની નામ સિદ્ધસ્વરૂપને યાદ કરે છે કે જેવા સિદ્ધ એવો હું, જેવો હું એવા સિદ્ધ. પણ એ વિકલ્પ છે. એટલો પણ શુભરાગ છે. તો શુભરાગને અહીંયાં વ્યવહારભક્તિ કહે છે. એ **'તે જીવને વ્યવહારનયે નિર્વાણભક્તિ કહી છે.'** તે જીવને વ્યવહારથી નિર્વાણભક્તિ કહે છે. વ્યવહારથી કહે છે. એ આત્માની ભક્તિ નિશ્ચયથી છે, આ વિકલ્પ ઉઠ્યો એને વ્યવહાર કહે છે. નિશ્ચય વિના વ્યવહાર હોતો નથી.

**'ટીકા :- આ, વ્યવહારનયપ્રધાન...'** વ્યવહારનયની મુખ્યતાથી. મુખ્યતાથી કથન હોં! વ્યવહારનયની મુખ્યતાથી કથન છે. વ્યવહારનયની મુખ્યતા દૃષ્ટિમાં નથી. એ સમજવાની મોટી વાત છે. સદાય શ્રદ્ધામાં નિશ્ચયની મુખ્યતા છે અને વ્યવહારને ગૌણ કરે છે. બિલકુલ વ્યવહાર ન હોય તો કેવળ થઈ જાય છે અને વ્યવહારથી નિશ્ચય માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. બે વાત છે. ભાઈ! પ્રધાન શબ્દ આવ્યો છે. **'વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.'** પ્રધાનનયથી કથન છે, પણ એ પ્રધાનનયથી મોક્ષમાર્ગ નથી, એમ સમજવું જોઈએ. એ મોટી ગડબડ થઈ ગઈ વર્તમાનમાં. આવું કરે છે. વીતરાગદર્શન શું છે અને વસ્તુ શું છે એને ભૂલીને પોતાની કલ્પનાથી બધું ખતવી લે છે. શું? કલ્પના કરી લે છે, ખતવી લે છે કે આમ છે ને આમ છે. પણ એવી ચીજ છે નહિ. આ વ્યવહારનય પ્રધાન એટલે કે સિદ્ધ ભગવાન કેવા છે? સિદ્ધભક્તિ, શેઠ! જુઓ, સિદ્ધભક્તિ પણ આવી અને આત્માની ભક્તિ બેય આવી. સિદ્ધભક્તિ નથી આવતી? કેમ ગીરધરલાલજી! સિદ્ધભક્તિ આવે છેને? તો સિદ્ધભક્તિ, મુનિ પણ સંત ભાવલિંગી છે એ સિદ્ધભક્તિ કરે છે. શુભરાગ આવે છે. આવે છે, વીતરાગ નથી, પણ સમજે છે કે એ વ્યવહાર છે, હું સ્વરૂપમાં રોકાઈ શકતો નથી, લીન થઈ શકતો નથી તો મારી પર્યાયમાં આવો રાગ મારા અપરાધથી આવે છે. થઈ જાય છે. બસ એટલું. આવે છે જરૂર, સમજે છે જરૂર કે એ મુખ્ય નથી, મુખ્ય તો મારો ત્રિકાળી સ્વભાવ છે. હું વ્યવહારનયની મુખ્યતાથી કથન કરું છું.

**'વ્યવહારનયપ્રધાન...'** પ્રધાન નામ મુખ્યતાથી **'સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.'** હવે જુઓ, ન્યાય આપે છે. એ સિદ્ધ પરમાત્મા ક્યા ઉપાયથી થયા? એવી પહેલી દૃષ્ટિ બતાવીને પછી ભક્તિ કરશે. પહેલાં ખ્યાલ આવે છે શ્રાવક અને મુનિને કે સિદ્ધ ક્યા ઉપાયે? ક્યા ઉપાયે સમજ્યાને? ક્યા ઉપાયથી? ક્યા સાધને? ક્યા કારણે? શું કરવાથી સિદ્ધ થયા? એવો જેને અંતરમાં ખ્યાલ છે, દૃષ્ટિ છે એ સિદ્ધની ભક્તિ કરે તો વ્યવહારભક્તિ કહે છે. શું ખ્યાલ છે? **'જે પુરાણપુરુષો...'** જે પુરાણપુરુષો. પુરાણ નામ આજ પહેલાં જૂના પુરુષો. જૂના ગયા ગયા. અનંત મુનિઓ, અનંત સંતો અનંત થઈ ગયા, અનંત થઈ ગયાને? અનંત મહાવિદેહક્ષેત્રમાં તો અનંત તીર્થંકરો ક્રમસર થતા આવે છે. ત્યાં તો વિરહ પડતો જ નથી. અહીંયાં ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાં વિરહ પડે છે. ત્યાં સદાય ભગવાન શાશ્વત વિહરમાન પરમાત્મા બિરાજે છે. એ અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત ગણધરો, અનંત સંતો, મુનિઓ, પુરાણપુરુષ, પુરાણ નામ જૂના પુરુષ, અનાદિ સનાતન પુરુષો જે થયા સર્વજ્ઞના માર્ગને વિષે, જિનમાર્ગને વિષે. જિનમાર્ગ કહો, સર્વજ્ઞમાર્ગ કહો, વસ્તુમાર્ગ કહો, બીજી કોઈ ચીજ નથી.

**'જે પુરાણપુરુષો...'** જુઓ, શું કહે છે? આ શબ્દ શું કામ મૂક્યો? ભાઈ! કેટલાક એમ વર્તમાનમાં કહે કે અમને તો ભાઈ અમારા મહારાજ અને અમારા સાધુ એમ કહે છે

કે એ વ્યવહારની ક્રિયા કરતાં-કરતાં ધર્મ થઈ જશે અને એમાં મોક્ષ થઈ જશે. તો ભગવાન પદ્મપ્રભમલધારિદેવ ટીકા કરે છે કે ભાઈ! એ તારા જૂના પુરુષ અનંતા મહાપુરુષો થઈ ગયા એ પુરાણપુરુષ મોટા. ઈન્દરલાલજી! શું કરીએ અમારી પરંપરા એવી ચાલી ગઈ. તો પરંપરાને માનવી કે આત્માની યથાર્થતાને માનવી? સમજ્યા? શું કરવું લોકો પોકાર કરે છે. શું કરવું ભાઈ અમારે પરંપરા આવી થઈ ગઈ કે વ્યવહારથી ધર્મ થાય છે, નિમિત્ત વિના કર્ય થતું નથી. એમ બધા કહે છે. અમે શું કરીએ? નવું કરે તો નવો પંથ થઈ જાય છે. ઈન્દરલાલજી! એમ કહે છેને? તો ભગવાન પદ્મપ્રભમલધારિદેવ ખુલાસો કરે છે કે તારી પરંપરા સાચી કે અનંતા સંતો પુરાણપુરુષો થઈ ગયા એની પરંપરા સાચી? સમજાણું કાંઈ?

**'જે પુરાણપુરુષો...'** મહા અનંતા કેવળીઓ, તીર્થંકરો, મુનિઓ જે ઉપાય વડે કરીને સિદ્ધપદને પામ્યા છે એ પરંપરા માર્ગ છે. એમાં ગડબડ ખોસે એ પરંપરા માર્ગ છે જ નહિ. પંડિતજી! સમજાણું? કે શું કરીએ અમારા ગુરુ આમ કહે છે. ગુરુ કેવા? વસ્તુના સ્વરૂપનો ખ્યાલ નથી તો ગુરુ કેવા? સર્વજ્ઞને જ સમજતા નથી, આત્માને સમજતા નથી. નિશ્ચય-વ્યવહાર કોને કહે છે? નિમિત્ત-ઉપાદાન સ્વતંત્ર કોને કહે છે? અને ગડબડી મચાવે એ પરંપરા છે જ નહિ. એ પરંપરા નથી, કુપરંપરા છે. ભગવાન પદ્મપ્રભમલધારીદેવ પોકાર કરે છે. **'જે પુરાણપુરુષો...'** સનાતન પુરુષો, અનંતા કેવળીઓ જે થયા, અનંતા મુનિઓએ પરમાત્મપદ સિદ્ધ અનંતચતુષ્ટય પદ પ્રગટ કર્યું એ ક્યા ઉપાયથી કર્યું?

**'સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત...'** જુઓ, પુરુષોએ શું કર્યું? અનંત મુનિઓ, અનંતા કેવળીઓ, અનંતા સંતોએ શું કર્યું? **'સમસ્તકર્મક્ષયના ઉપાય..'** આઠેય કર્મના નાશનો ઉપાય. ઉપાય નામ કારણ, એના **'હેતુભૂત કારણપરમાત્માને...'** એ આવ્યું. જુઓ, અનંતા મુનિઓએ પરમાત્પદ કેમ લીધું છે? કેમ લીધું સમજાય છે? કે કારણપરમાત્માને, કારણપરમાત્મા કોને કહે છે? કે આત્માની પર્યાયમાં જે સિદ્ધપદ પ્રાપ્ત થાય એ તો કાર્યપરમાત્મા છે, એ પર્યાય પ્રગટી એ કાર્યપરમાત્મા છે અને પર્યાય ત્રિકાળ દ્રવ્યમાંથી પ્રગટી એ દ્રવ્યને કારણપરમાત્મા કહે છે. સમજાણું કાંઈ? એ દ્રવ્ય ત્રિકાળી દ્રવ્ય છેને ધ્રુવ એક સમયમાં સદશ્ય. સદશ્ય જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... દર્શન... દર્શન... દર્શન... દર્શન... આનંદ... આનંદ... આનંદ... એકરૂપ સદશ્ય નિત્યાનંદ ધ્રુવ એક સમયની પર્યાય અને વિકલ્પ અને નિમિત્તને ગૌણ કરીને જે ત્રિકાળી પદાર્થ છે તેને અહીંયાં કારણપરમાત્મા કહે છે. સમજાય છે કાંઈ?

અનંત પુરાણ પુરુષોએ કોની ભક્તિ કરી અને કયા પ્રકારનો ઉપાય કર્યો? કે **'કારણપરમાત્માને...'** કેવો કારણપરમાત્મા? કારણ કેમ લીધું? કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ પર્યાય નિર્વિકલ્પ છે એ પણ આત્માના દ્રવ્યમાંથી આવે છે અને મોક્ષની પર્યાય પણ આત્માના દ્રવ્યમાંથી આવે છે. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગ છે. **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** એ કારણ તો ખરેખર કારણ નથી. કેમકે મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થાય છે,

મોક્ષની પર્યાયનો ઉત્પાદ થાય છે, તો મોક્ષની પર્યાયનો ઉત્પાદ વ્યયમાંથી નથી આવતો, એ ઉત્પાદ દ્રવ્યમાંથી આવે છે, તો દ્રવ્યને કારણપરમાત્મા કહ્યો છે. થોડું સમજવાની વાત છે. આ યથાર્થ વાત જગતને સત્ય જોવે એને સમજવાની વાત છે. એ સમજ્યા વિના માથા ફોડે તો કાંઈ મળતું નથી. સમજાણું? ત્રણકાળ, ત્રણલોકમાં સર્વજ્ઞ, ઇન્દ્ર અહીંયાં નરેન્દ્ર અને નીચે અસુરેન્દ્ર અને મુનિના સાધુના જે ઇન્દ્ર ગણધર અને ગણધરના ઇન્દ્ર તીર્થંકર એ ત્રણલોકમાં આ માર્ગ કહી રહ્યા છે. એ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે નહિ.

કહે છે કારણપરમાત્મા. એ શબ્દ નિયમસારમાં કારણપરમાત્મા તો બહુ ઠેકાણે આવે છે. કારણપરમાત્મા, કારણપરમાત્મા. કોને કારણપરમાત્મા કહે છે? એને શા માટે કારણ કહ્યું? એમ કહે છે કે જે નિમિત્ત આવે છે જડની પર્યાય મનુષ્યદેહમાં મોક્ષ થાય છે એમ કહે છે. નહિ, એ કારણ નથી, એ કારણ નથી. પોતામાં જો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે એ પણ મોક્ષનું કારણ નથી. પોતામાં નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થાય છે, **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** જે પર્યાય છે. પર્યાય હોં! ગુણ નથી. મોક્ષમાર્ગ એ ગુણ નથી, પર્યાય છે. ગુણ તો ત્રિકાળી છે, ગુણ ત્રિકાળી છે અને પર્યાય નવી પ્રગટે છે. નવી પ્રગટે એને પર્યાય કહે છે અને જે પર્યાયનો વ્યય થાય છે એને પર્યાય કહે છે અને ત્રણે કાળે એક સમાન રહે તેને ગુણ કહે છે. ધ્રુવપિંડ!

તો ભગવાન કહે છે કે જે કારણપર્યાય જે મોક્ષનો માર્ગ છે એ પર્યાયનો વ્યય થઈને મોક્ષ થાય છે તો એ ખરેખર કારણ નથી. ખરેખર મોક્ષની ઉત્પાદની પર્યાયનું કારણ તો દ્રવ્ય કારણપરમાત્મા છે. એ ત્રિકાળી દ્રવ્યમાંથી મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય થઈને, મોક્ષની પર્યાયનો ઉત્પાદ એ ધ્રુવના અવલંબને થાય છે, તો ભગવાન ધ્રુવને કારણપરમાત્મા કહે છે. જરી સૂક્ષ્મ વાત છે. પંડિતજી! આ જૈનદર્શનનો મર્મ છે મર્મ. સમજાણું? એનું રહસ્ય છે. મોક્ષમાર્ગ ક્યાંથી આવે છે? કોનું અવલંબન લેવાથી આવે છે? કારણપરમાત્મા. કારણપરમાત્મા પોતાનો હોં. બીજો નહિ. જે સિદ્ધ થયા એ તો કાર્યપરમાત્મા અને એનું દ્રવ્ય એનો કારણપરમાત્મા, એનું દ્રવ્ય એનો કારણપરમાત્મા, એની પર્યાય એનો કાર્યપરમાત્મા. પોતાનું દ્રવ્ય ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ એ કારણપરમાત્મા અને એમાંથી વીતરાગ સિદ્ધ પર્યાય અલ્પકાળમાં થશે એ કાર્યપરમાત્મા. સમજાય છે?

અહીં કહે છે કે '**કારણપરમાત્માને...**' જુઓ, મોક્ષમાર્ગનો ઉપાય. કારણપરમાત્મા. અહીં તો ઉપાયના હેતુભૂત (કહે છે), ભાઈ! કર્મક્ષયના ઉપાય એનો હેતુ, એનું કારણ કારણપરમાત્મા. અહો..! શક્તિ... શક્તિ... શક્તિ... સ્વભાવનો પિંડ. એક સમયની.. જુઓ, શું કહે છે? પર્યાયબુદ્ધિ છોડાવે છે. પર્યાયબુદ્ધિ છોડાવે છે, વ્યવહારબુદ્ધિ છોડાવે છે, નિમિત્તબુદ્ધિ છોડાવે છે. નિમિત્ત હોય, વ્યવહાર હોય, પર્યાય હોય, પણ એને આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટતો નથી, એના આશ્રયે મોક્ષ થતો નથી. આવું જેને સાંભળવામાં ન આવ્યું એને મોક્ષમાર્ગ ક્યાંથી

પ્રગટે? સમજાણું? સાંભળવા મળ્યું નથી. શું છે માર્ગ? એ કરો ભાઈ! વ્યવહાર પણ છે, નિશ્ચય પણ છે. અનેકાંત માર્ગ છેને. શું અનેકાંત છે? કોને અનેકાંત કહે છે? ભાઈ! નિમિત્ત છે, ઉપાદાન છે. એક કાર્યમાં બે કારણ હોય છે કે નહિ? ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ. તો નિમિત્તથી કાંઈ ન થયું તો કારણ કેમ થયું? ભાઈ! થાય શું? પોતાની ઉપાદાનની પર્યાયથી જે કાર્ય થાય ત્યારે નિમિત્ત હાજર હોય તેને નિમિત્ત નામ વ્યવહાર કહે છે. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય તો બેય એક થઈ જાય છે. વ્યવહારથી થતું નથી અને નિશ્ચયથી થાય છે તેનું નામ અનેકાંત કહે છે. એવી અનેકાંતદૃષ્ટિ જેને સાંભળવા નથી મળી, વિચારમાં નથી આવ્યું, એ દૃષ્ટિથી વાંચવામાં નથી આવ્યું. સમજાણું કાંઈ? શું? એ દૃષ્ટિથી વાંચ્યું પણ નથી તો ક્યાંથી માર્ગ હાથ આવે? માર્ગ બહારથી તો આવતો નથી.

ભગવાન કહે છે પદ્મપ્રભમલધારિદેવ, કારણપરમાત્મા, આ જેટલા અત્યાર સુધી સિદ્ધ થાય અત્યાર સુધી સિદ્ધ થયાને? છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિએ જાય છે નિરંતર. અવશ્ય-જરૂર છ માસ અને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્ત થાય છે. વર્તમાન ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્રમાંથી સિદ્ધમાં નથી જતા, મહાવિદેહક્ષેત્રમાં જાય છે. મહાવિદેહ પંચ છેને પંચ. તો છ માસ અને આઠ સમયમાં ૬૦૮ પરમાત્મા સિદ્ધ થાય છે. તો નિરંતર જેટલો કાળ ગયો એમાં છ માસ અને આઠ સમય ૬૦૮. ૬૦૮ એટલું સમજવું. તો કહે છે જેટલા અત્યાર સુધી પરમાત્મા થયા એ ક્યા ઉપાયે થયા? એ ભક્તિ કરનાર ક્યા ઉપાયથી સિદ્ધ થયા એનો ખ્યાલ કરીને સિદ્ધની ભક્તિ કરે છે. ઓળખાણ કરીને ભક્તિ કરે છે. ઓળખાણ વિના ભક્તિ નથી. શું ઓળખાણ કરે છે?

'**જે પુરાણપુરુષો સમસ્તકર્મક્ષયના ઉપાયના હેતુભૂત કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્‌પણે આરાધીને સિદ્ધ થયા...**' આ સિદ્ધ થયા. કઈ રીતે? '**કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિ...**'નું એ વિશેષણ છે. ભાઈ! હિંમતભાઈ! ત્રિકાળ ચૈતન્યમૂર્તિ હું અખંડ દ્રવ્યસ્વભાવ એક સમયમાં પરિપૂર્ણ છું. એક સમયનો પર્યાય છે એ આત્માના અવલંબને જે સંવર-નિર્જરા પ્રગટી એ સંવર-નિર્જરાનો કાળ તો એક સમય જ છે અને સિદ્ધની પર્યાયનો કાળ પણ એક સમય જ છે. એક સમયમાં પર્યાય જે ઉત્પન્ન થઈ, બીજે સમયે વ્યય થાય છે. કેવળજ્ઞાન પણ એક સમયનો જ પર્યાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન છેને કેવળજ્ઞાન એ એક સમયની પર્યાય છે. ગુણ તો ત્રિકાળ જ્ઞાન છે અને પર્યાય કેવળજ્ઞાન પ્રગટ્યું. પ્રગટ્યું એ પર્યાય છે. તો પ્રગટ થયું તો એક સમયની પર્યાય ઉત્પન્ન થઈ અને બીજે સમયે એ કેવળજ્ઞાનની પર્યાયનો વ્યય થાય છે. બીજે સમયે નવી કેવળજ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે. એમ સાદિ-અનંત સિદ્ધને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા કરે છે. સમજાણું? એવી રીતે કેવળદર્શન, એમ અનંતઆનંદ, એમ અનંતવીર્ય; ક્યાંથી આવ્યું? કે કારણપરમાત્માની ભક્તિ કરી. કેવી ભક્તિ? અભેદ અભેદ ભક્તિ. વ્યવહારરત્નત્રય થાય

છે એ ભેદરત્નત્રય છે. ભેદરત્નત્રયથી મુક્તિ થતી નથી. નિમિત્તથી તો મુક્તિ થતી નથી, પણ ભેદરત્નત્રયથી મુક્તિ થતી નથી.

અભેદ ભગવાન અખંડ છું એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ ન થવો, એક સમયમાં નિર્વિકલ્પ થવું અભેદ-અનુપચાર-ઉપચાર નથી. એ અભેદમાં ઉપચાર લાગુ પડતો નથી. સમજાય છે? નિર્વિકલ્પ સ્થિરતા થઈ ગઈ. અંતરમાં ભાવના કરતાં હતા પહેલાં, પણ ભાવના કરતાં-કરતાં એકાગ્ર થઈ ગયો. સ્વરૂપમાં વીતરાગતાની જે શ્રદ્ધ-જ્ઞાનરમણતા થઈ ગઈ એનું નામ ઉપચારહિત, આરોપરહિત (કહે છે). એ વ્યવહારરત્નત્રય ઉપચાર છે. ઉપચારથી પુણ્યબંધાય છે. ષોડશકારણભાવના આવે છે કે નહિ? ષોડશકારણભાવના આવે છેને? એ પણ પુણ્યાસ્રવ છે, એ પણ ભેદરત્નત્રય છે, એ પણ વ્યવહાર ઉપચાર છે, એ પણ મુક્તિનું કારણ નથી. પણ એવો પંથ ચાલી ગયો કે આમ કરો તો.. શું હજી સમ્યગ્દર્શન વિના ષોડશકારણભાવના હોતી નથી. કેમકે દર્શનશુદ્ધિ વિના ષોડશકારણભાવના નથી હોતી. તો એની ભાવના કરો, પૂજા કરો, તીર્થંકરગોત્ર થઈ જશે. મોટી મિથ્યાત્વભાવના છે. એને યથાર્થતત્ત્વ શું છે એની ખબર નથી.

ભગવાન પદ્મપ્રભમલધારીદેવ ૧૩૫માં કળશની ટીકા કરતાં ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે શ્રાવક અને મુનિ સિદ્ધની ભક્તિ કરે છે. કેવી રીતે? કે સિદ્ધપદ કેમ પામ્યા એના ભાનસહિત ભક્તિ કરે છે, તો સિદ્ધપદ કેમ પામ્યા? કે '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિથી સમ્યક્પણે આરાધીને...**' સમ્યક્પણે આરાધવું નામ સેવન કરવું. આરાધન-સેવન કરવું. આરાધન સેવન. રાગ સેવન છે. આ મર્યાદા ઉપસર્ગ છે. રાધ સેવન કરવું અથવા રાધ કૃપા થવી, આત્માની કૃપા થવી. આત્માની કૃપા. પંડિતજી! આત્માની કૃપા. રાધનો અર્થ કૃપા થાય છે, રાધનો અર્થ સેવન થાય છે, કૃપા થાય છે. કૃપા. ભગવાનની કૃપા નહિ, સિદ્ધની કૃપા નહિ. પોતાના ચિદાનંદની કૃપા થવી. અંતરમાં એકાગ્રતા થતાં વીતરાગ એનું નામ ભગવાન આત્માની કૃપા, આત્માની આરાધના, આત્માની ભક્તિ, એનું નામ આત્માની પ્રસન્નતા અને આરાધના કહે છે. કહો, સમજાય છે કાંઈ?

એ '**કારણપરમાત્માને અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિ...**' પરિણતિ શું? પર્યાય. એ પર્યાય છે. મોક્ષમાર્ગ એ પર્યાય છે, પરિણતિ છે, અવસ્થા છે. એક સમયની હાલત છે. સમજ્યા? હાલત નામ દશા. એક સમયની હાલત છે. મોક્ષમાર્ગની પર્યાય કોઈ ગુણ નથી. ગુણ તો ઉપચારથી કહ્યું છે કે સમ્યગ્દર્શન ગુણ. સિદ્ધ ભગવાનને આઠ ગુણ પ્રગટ્યા. એ તો પર્યાય અભેદ થઈ એ અપેક્ષાએ કહ્યું છે. ગુણ પ્રગટ થતો જ નથી. ઉપચાર કર્યો છે. પર્યાયમાં ગુણનો ઉપચાર કરીને અષ્ટગુણ ઉત્પન્ન થયા એમ કહ્યું. અષ્ટ ગુણ (ઉત્પન્ન) નથી થતા. ગુણ ત્રિકાળ હોય છે અને પર્યાય નવી પ્રગટે છે. ગુણનો કાળ અનાદિ-અનંત છે અને પર્યાયનો કાળ એક સમય છે. એ નવી પ્રગટે એને ગુણ કહ્યો તો ઉપચારથી કથન

છે. સમજાય છે?

ભગવાન આચાર્યદેવ કહેવા માગે છે, શ્રાવક અને મુનિ સિદ્ધ ભગવાનની ભક્તિ કરે છે તો સમજે છે કે સિદ્ધ ભગવાન કારણપરમાત્માને અવલંબીને જે અભેદ-અનુપચાર-રત્નત્રય. સમ્યગ્દર્શન-જ્ઞાન એ રત્નત્રય છે. ત્રય-ત્રય. રત્નત્રય રત્નત્રય. મોક્ષ લેવા માટે રત્નત્રય. કોઈ ચીજ લેવા જાય છે તો પૈસા લઈને જાય છેને. પોતાની મહાન મોક્ષપર્યાય પ્રગટ થવા માટે રત્નત્રય પરિણતિ-પરિણતિ પરિ-સમસ્ત પ્રકારે સ્વભાવ તરફ ણતિ-ઢલણ, વલણ થઈ ગયું છે. અંતર તરફ વલણ થઈ ગયું છે. એ વિકલ્પ અને નિમિત્તનું વલણ છૂટી ગયું છે. જેટલો પોતાનો આત્મા નિર્વિકલ્પ શાંત વીતરાગી છે એમાં પરિણતિ, પરિણતિ. અંદર **નમન... નમન... નમન...** જુકી ગયો છે. એની વીતરાગી પરિણતિથી એ બધું થયું છે. વીતરાગી પરિણતિથી બધા સિદ્ધ થયા છે. બીજા કોઈ ઉપાયે સિદ્ધ થયા નથી. એવું જેને શ્રદ્ધાન છે, એવું જેને સમ્યગ્જ્ઞાન છે, એવું જેને અંશે ચારિત્ર થયું એ સિદ્ધભક્તિ વ્યવહારથી કરી શકે છે. શુભભાવ આવ્યો તો વ્યવહારથી સિદ્ધભક્તિ કરે છે એમ કહેવામાં આવે છે.

**'સમ્યક્પણે આરાધીને...'** એક શબ્દ મૂક્યો છે. કેમ સમ્યક્પણે? બિલકુલ અખંડ આરાધન કરે છે. એમાં કાંઈ પણ દોષ લાગતો નથી. એવી આત્માની રત્નત્રયપરિણતિ આરાધીને સિદ્ધ થયા. અનંતા ભગવાન એ સિદ્ધ થયા. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ. એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' સમજાય છે? 'પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સંમત.' એ મનન કરવામાં વિકલ્પ આવે છે અને ભેદ આવે છે એને વ્યવહાર કહે છે. એને વ્યવહાર કહે છે. પણ એનો અભાવ કરીને નિશ્ચય થાય તો તેને વ્યવહાર કહે છે. **'તેમના...'** આવા કારણપરમાત્માની ભક્તિ કરી. ભગવાન ત્રિકાળી ચૈતન્યમૂર્તિના સ્વભાવના... દૃષ્ટાંત દર વખતે આપીએ છીએ અમે. લીંડીપીપર આવે છેને? છોટીપીપર કહે છેને? લીંડીપીપર કહે છે. એ તીખી પીપર નથી આવતી? ચોસઠ પહોરી તીખાશ હોય છે કે નહિ? તીખાશ ચોસઠ પહોરી નહિ બહુ તીખાશ. એ તીખાશ ક્યાંથી આવે છે? એ પત્થરમાંથી આવે છે?-નહિ. એ લીંડીપીપરમાં જરી મેલ હોય મેલ એ મેલમાંથી આવે છે?-નહિ. એ લીંડીપીપરને સીધી ખાવ તો તીખાશ નથી દેખાતી. તીખાશ અંદર અવ્યક્ત પડી છે. અવ્યક્ત તીખાશ છે એ વ્યક્ત ચોસઠ પહોરી થઈ જાય. ચોસઠ પહોરી સમજો છો? ચોસઠ પહોરી કહે છેને. ચોસઠ પહોરી ઘસે છે. તો એમાંથી ચોસઠ પહોરી આવે છે. એ પત્થરમાંથી નહિ, મેલમાંથી નહિ, એ સીધી પર્યાયમાંથી નહિ, એની શક્તિમાંથી વ્યક્ત પર્યાય આવે છે. એક પહોરી, બે પહોરી, ત્રણ પહોરી, ચાર પહોરી ક્યાંથી આવી? એક પહોરમાંથી બે પહોરી આવે છે? એક પહોરનો વ્યય થયો તો બે પહોરી ક્યાંથી આવી? અને ત્રેસઠ પહોરીમાંથી ચોસઠ પહોરી આવી? ક્યાંથી આવી? ત્રેસઠમાં ચોસઠ હતી?-નહોતી. ત્રેસઠ પહોરીમાં ચોસઠ પહોરી નહોતી. પણ ચોસઠ પહોરી શક્તિમાં હતી. દ્રવ્યમાં હતી. એ વાત સિદ્ધ કરવી છે. સમજાય છે કાંઈ?

એમ આત્મા લીંડીપીપર જેવો છે. દરેક આત્મા. દરેક સમજ્યાને? પ્રત્યેક આત્મા લીંડીપીપર જેવા છે. લીંડી તો ઉંદરની હોય એને પણ કહે છે. ઉંદરની લીંડી હોય છેને. ચુહા-ચુહા. ઉંદરની લીંડીને ઘસે તો? શું એમાં છે? એમ શરીર ઘસી નાખે અપવાસ કરી કરીને તો શું એમાં ધર્મ છે? શરીર ઘસીને અપવાસ કરી, આઠમ કરી લે. શરીર બહુ ઝીર્ણ થઈ ગયું. શું છે? ઉંદરની લીંડી છે. એ ઉંદરની લીંડી છે. ઉંદરની લીંડી ઘસવાથી કોઈ લીંડીપીપર થતી નથી. સમજાય છે? સિદ્ધાંત સમજાય છે? ઉંદરની લીંડી હોય એને ઘસે તો શું તીખાશ નીકળે છે. લીંડી તો એવી જ દેખાય છે. જેમ લીંડીપીપર ચોસઠ પહોરી છે એવી એ લીંડી છે.

**શ્રોતા** :- સામાન્યમાંથી આવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, સામાન્યમાંથી. વિશેષમાં લક્ષણથી લક્ષનું ધ્યાન કરો તો લીંડીપીપરમાં ચોસઠ પહોરી તાકાતનું લક્ષ થાય છે.

એમ ભગવાન આત્મા ચોસઠ પહોરી તીખાશ... સિદ્ધ ભગવાન ચોસઠ પહોરી તીખાશ છે. એ તીખાશ આત્મામાંથી નીકળે છે, અંતરમાંથી આવી છે. એ વિકલ્પથી નહિ, નિમિત્તથી નહિ, પર્યાયમાંથી નહિ. સમજાય છે? એવું જેણે સ્વભાવનું આરાધન કર્યું અને અંતરના સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન લીનતા કરી એનાથી સિદ્ધ થયા. તેને બધું સિદ્ધ... અનંતા જેટલા સિદ્ધ થયા એટલા થયા. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થાય છે એ આ ઉપાયથી થાય છે. ભવિષ્યમાં અનંત સિદ્ધ થશે એ પણ આ ઉપાયથી જ થશે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' કોઈ બીજો પંથ નથી. સમજવાની વાત છે. શું કરવું? પંડિતજી રાતે પૂછતા હતાને, શું કરવું? પ્રશ્ન તો બરાબર હતો? પ્રશ્ન તો બરાબર હતો. હવે અમારે કરવું શું? સાચું સમજવું.

કોઈપણ દુકાને માલ લેવા જાય તો એની જાણકારી મેળવે છે કે નહિ? કે શું લેવું છે? ચોખા લેવા છે, ખાંડ લેવી છે, શાક લેવા જાય છે તોપણ પૂછે છે કે નહિ? નહિતર ત્યાં જઈને એમ પૂછે કે શાક આપો. મૂર્ખો લાગે છે કહેશે. શાક પણ ક્યુ શાક? શાક તો ૨૫-૩૦ છે. મને શાક આપો, મારા પિતાજી કહે છે કે બાર આનાનું શાક લાવજે. લ્યો, ભાઈ! આ બાર આના. પણ ક્યું શાક? એ મને ખબર નથી. મૂર્ખ છે? ક્યુ શાક? શું દૂધી લેવી છે? કારેલા લેવા છે? ઘીસોડા લેવા છે? શું લેવું છે? મને ખબર નથી. તો ખબર લીધા વિના પણ શાક મળતું નથી તો આત્મા શું છે? કઈ રીતે પ્રાપ્ત થાય? એની ખબર વિના ધર્મ થઈ જાય? એની (શાકની) કિંમત છે અને આની (આત્માની) કિંમત નથી. કેમ છોટાભાઈ! કેમ પંડિતજી! કપડું લેવા જાય તો એમ કહે છે કે ભાઈ! કપડા આપો ભાઈ! હું પચ્ચીસ રૂપિયા લઈને આવ્યો છું. પણ ક્યુ કપડું? મને ખબર નથી. પણ પહેરણ કરવું છે કે બાયડીનો ઘાઘરો કરવો છે કે કપડું કરવું છે? મને કાંઈ ખબર નથી, મને કાંઈ ખબર નથી. મૂર્ખો લાગે છે, કોણે મોકલ્યો ગાંડાને? કેમ? લક્ષ્મીનારાયણજી! એમ અમારે ધર્મ કરવો છે. ક્યાંથી

ધર્મ નીકળે છે? અમને તો ખબર નથી, ભાઈ! અમે તો ક્રિયા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ, જાત્રા કરીએ છીએ, પૂજા કરીએ છીએ, દયા-દાન-વ્રત પાળો, પડિમા પાળો, મહાવ્રત પાળો. અરે! એ તો ક્રિયા છે. એમાંથી નીકળે છે? ધર્મ ક્યાંથી પ્રગટ થાય એની પણ ખબર નથી.

તો ભગવાન કહે છે કે સિદ્ધભક્તિ કરનાર શ્રાવક અને મુનિ એને દૃષ્ટિમાં ખ્યાલ છે કે કારણપરમાત્માની દૃષ્ટિ કરો, જ્ઞાન કરો તો એમાંથી સિદ્ધપદ થાય છે. એવા સિદ્ધની ભક્તિ કરે તો એને વ્યવહારસિદ્ધભક્તિ કહે છે. **'તેમના કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણોના ભેદને જાણીને...'** જુઓ, પછી કહ્યું કે આવા જે સિદ્ધ થયા એના કેવળજ્ઞાનાદિ. જેવા એમના ગુણ છે એવા મારા છે. હું અલ્પજ્ઞ છું, તો અલ્પજ્ઞ સર્વજ્ઞની અંતર શક્તિમાં આશ્રય કરવાથી અલ્પજ્ઞ છૂટી જશે અને સર્વજ્ઞ પ્રગટ થઈ જશે. એવી જે કેવળજ્ઞાનાદિ ગુણભેદની ભક્તિ કરે છે એ નિર્વાણની પરંપરા હેતુભૂત. મોક્ષની પરંપરા હેતુભૂત. મૂળ કારણ તો અંદર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ સુદ ૨, શનિવાર તા. ૨૬-૦૪-૧૯૫૨, ગાથા-૧૮૬, પ્રવચન નં. ૪૨૪

આ નિયમસારની ૧૮૬મી ગાથા છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ છેલ્લી શિખામણ કરે છે, શિખામણ આપે છે. જુઓ, ગાથા.

ईसाभावेण पुणो केई णिंदंति सुंदरं मग्गं।
तेसिं वयणं सोच्चाङभत्तिं मा कुणह जिणमग्गे।।१८६।।

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.

**અન્વયાર્થ :- 'પરંતુ ઈર્ષાભાવથી કોઈ લોકો સુંદર માર્ગને નિંદે છે તેમનાં વચન સાંભળીને જિનમાર્ગ પ્રત્યે અભક્તિ ન કરજો.'** જુઓ, આ ભલામણ છે અહીંયાં. શું ભલામણ કરે છે?

**'ટીકા :- અહીં ભવ્યને શિખામણ દીધી છે.'** જુઓ, નિયમસાર પૂરું થતાં છેલ્લો સાર કહીને એ શિખામણ આપે છે કે જો ભાઈ! વીતરાગ જિનમાર્ગ તો એવો છે અને વસ્તુસ્વરૂપ એવું છે. એ તો આત્મા... જુઓ, અહીંયાં કહે છે. **'કોઈ મંદબુદ્ધિઓ,...'** આવો જે વીતરાગમાર્ગ છે એને ન સમજીને, ઈર્ષા કરીને વિપરીત નિંદા કરે કે આવો તે

માર્ગ હોય? તો એવા વચનો સાંભળીને શ્રદ્ધાવંત જીવોએ ધર્મની અભક્તિ ન કરવી, પણ શ્રદ્ધા કરવી. ભક્તિ કરવી એટલે શ્રદ્ધા કરવી. માર્ગ દુર્લભ અને અનંતકાળથી નહિ સમજાયેલો એ દુર્લભ અને અશક્ય નથી, પણ દુર્લભ તો છે. તો એ વાત જેને કાને પડી નથી એને તો એમ થઈ જાય કે આ શું કહે છે? જુઓ, અહીં તો નિશ્ચયનો અધિકાર, યથાર્થ તત્ત્વનો અધિકાર કહ્યો માટે આ ભલામણ કરે છે.

'**કોઈ મંદબુદ્ધિઓ...**' જુઓ, બે વાત સાથે-સાથે લે છે. આ આત્મા '**ત્રિકાળ-નિરાવરણ,...**' છે. વસ્તુ-વસ્તુ-વસ્તુ. એની એક સમયની પર્યાયમાં વિકાર છે અને કર્મનું નિમિત્ત આવરણ છે નિમિત્ત, પણ એ નિમિત્ત આવરણ અને એક સમયનો વિકાર ત્રિકાળ વસ્તુમાં નથી. એવા '**ત્રિકાળ-નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે...**' નિત્યાનંદ, નિત્યાનંદ, સચ્ચિદાનંદ અનાકુળ આનંદ જેનું લક્ષણ નામ સ્વરૂપ છે. એવો ત્રિકાળી દ્રવ્ય ચૈતન્ય ધ્રુવ આનંદસ્વભાવ '**એવા નિર્વિકલ્પ નિજકારણપરમાત્મતત્ત્વનાં...**' જુઓ, વ્યાખ્યા સાથે કરે છે. આવો માર્ગ છે એને અમે કહ્યો છે, એનાથી કોઈ વિરુદ્ધ કહે તો તું અશ્રદ્ધા કરીશ નહિ કે આવો વીતરાગમાર્ગ?

કેવો વીતરાગમાર્ગ છે? કે ત્રિકાળ નિરારવણ જે આ આત્મા.. આવરણ નથી. વસ્તુને આરવણ ન હોય, વસ્તુને આવરણ હોય તો વસ્તુ અભાવ થઈ જાય. શું કહ્યું સમજાણું કાંઈ? વસ્તુ જે ત્રિકાળ નિત્ય વસ્તુ છે, નિત્યને આવરણ થાય તો નિત્યનો અભાવ થાય. આવરણ તો વિકારની પર્યાયમાં નિમિત્તરૂપે આવરણ હોય છે. પર્યાયમાં નિમિત્તરૂપે. પર્યાય એટલે અવસ્થા રાગ-દ્વેષ અને અજ્ઞાન ઉત્પન્ન કરે એ ભાવઆવરણ છે અને તેમાં નિમિત્તરૂપે જડઆવરણ કહેવાય છે. પણ અહીંયાં જૈનમાર્ગ શું છે એ બતાવે છે. વીતરાગમાર્ગ કહો, જૈનમાર્ગ કહો, વસ્તુમાર્ગ કહો, અનાદિ મોક્ષના માર્ગના કારણરૂપ વસ્તુસ્વભાવ કહો, એ શું છે? એ ત્રિકાળ નિરાવરણ જે ચિદાનંદ નિત્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વસ્તુ. પર્યાયમાં વિકાર અને નિમિત્તમાં આવરણ છે એ વાત પણ વ્યવહારની જાહેરાત કરાવે છે. પણ એનો આદર ન કરતાં ત્રિકાળ નિરાવરણ નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે. નિત્ય આનંદ... આનંદ... આનંદ.

શરીર, વાણી, મન એ તો દુઃખ નથી, પણ પુણ્ય-પાપના વિકારો થાય એક ક્ષણિક એક સમયનું દુઃખ છે. એ પર્યાયબુદ્ધિ છોડાવવી એ જૈનદર્શનનું તત્ત્વ છે. સમજાય છે? પર્યાય નામ અવસ્થામાં વિકાર છે. વિકારમાં નિમિત્ત ચીજ છે, પણ નિમિત્ત અને વિકાર ને એક સમયની પર્યાયની બુદ્ધિ છોડાવી અને ત્રિકાળ વસ્તુની બુદ્ધિ, શ્રદ્ધા અને રમણતા કરાવવી એ જૈનમાર્ગને વસ્તુનું રહસ્ય અને મર્મ છે. એ રહસ્ય એવું કે ત્રિકાળ નિત્યાનંદ જેનું લક્ષણ એવું '**નિર્વિકલ્પ નિજકારણપરમાત્મતત્ત્વ...**' કારણપરમાત્મા બીજા નહિ, એક આત્મા પોતાનો. ત્રિકાળ નિત્યાનંદ કારણપરમાત્મતત્ત્વ નિર્વિકલ્પ ભેદ નથી. નિમિત્તથી તો

લાભ નથી, પુણ્યથી લાભ નથી, પણ વર્તમાન એક સમયની પર્યાય પણ વસ્તુમાં નથી. વસ્તુ ત્રિકાળ નિત્ય શુદ્ધ જ્ઞાયક આનંદકંદ છે એ નિર્વિકલ્પ નામ અભેદ છે, અભેદ છે. એકાકાર વસ્તુ. નિજકારણ પાછો શબ્દ વાપર્યો છે.

'**નિજકારણપરમાત્મતત્ત્વ...**' સર્વજ્ઞને માનવા એ તો હજી પર છે, એ તો શુભરાગ છે, એ તો પુણ્ય છે. સર્વજ્ઞનું સ્મરણ અને ધ્યાન કરવું એ પણ હજી રાગ અને પુણ્ય છે. નિજકારણપરમાત્મા. સમજાય છે કાંઈ? ત્રિકાળ જે શક્તિ આનંદરૂપ એક સમયનો પર્યાયબુદ્ધિ છોડી, પર્યાય નામ અંશબુદ્ધિ મૂકી અને મૂકી એટલે છોડીને ત્રિકાળ નિત્યાનંદ નિજ લક્ષણ જેનું નિર્વિકલ્પ નિજકારણપરમાતત્ત્વ, એની સમ્યક્શ્રદ્ધા એનું નામ સમકિત છે. આ એનું નિર્વિકલ્પ નિજકારણપરમાતત્ત્વનું જ્ઞાન, અંતર સ્વસંવેદનજ્ઞાન એ મોક્ષના માર્ગનું જ્ઞાન છે અને નિજકારણપરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન. અનુષ્ઠાન—આચરણ. દેહની ક્રિયા નહિ. દયા, દાન, ભક્તિનો વિકલ્પ ઉઠે એ પુણ્ય નહિ.

ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ આનંદકંદ ધ્રુવ નિત્યાનંદ ભગવાન આત્મા શક્તિનો ભંડાર છે, સ્વભાવનો સાગર છે, ગુણની નિધિ છે. ત્રિકાળ જે આનંદકંદ એક વસ્તુસ્વભાવ નિત્ય છે એનું અંદર અનુષ્ઠાન, એમાં લીન થવું તે અનુષ્ઠાન છે, એનું નામ આચરણ છે, એનું નામ ચારિત્ર છે. કહો, સમજાય છે કાંઈ? એ શુદ્ધરત્નત્રય છે. એને ભગવાન શુદ્ધરત્નત્રય કહે છે. એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધરત્નત્રય મોક્ષનો માર્ગ. એ સિવાય કોઈ મોક્ષનો માર્ગ નથી. આ વાત સાંભળીને... સમજાય છે કાંઈ? આવો જે નિજકારણપરમાત્મા. શું આ તમે વારંવાર માંડી છે કહે છે. કાંઈક દયા પાળવી, વ્રત પાળવા, ક્રિયા કરવી, આ કરવું, પૂજા, ભક્તિ કરવી અને આગળ વધાય એ વાત તો આમાં આવતી નથી. એમ છે જ નહિ. નિજકારણપરમાત્મશક્તિરૂપ ચિદાનંદ ધ્રુવ નિર્વિકલ્પ અભેદ, નિત્યાનંદ જેનું લક્ષણ છે એની અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા, સ્વસંવેદન અંતરનું જ્ઞાન અને એ આત્માના રાગ વિનાનું, પરદ્રવ્યના અવલંબન વિનાનું, મનના અવલંબન વિનાનું અને પુણ્યના આશ્રય વિનાનું અંતરના સ્વરૂપનું અનુષ્ઠાન અને આચરણ એને ભગવાન ચારિત્ર કહે છે.

આવા '**શુદ્ધરત્નત્રયથી...**' મોક્ષમાર્ગ છે. ધ્યાન રાખજો. આ વાત ઘણા અધિકારમાં આવી ગઈ છે, ભાઈ! સમજાય છે? આ અધિકાર તો છેલ્લો ૧૨મો અધિકાર છે. પહેલા અધિકારમાં જીવ, પછી અજીવ, પછી શુદ્ધભાવ અધિકાર, પછી વ્યવહારનો ચારિત્ર આદિનો વ્યવહાર હોય છે એનો અધિકાર, નિશ્ચયપ્રતિક્રમણ અધિકાર. પણ એ બધું નિર્વિકલ્પ. આ કારણપરમાત્માની શ્રદ્ધા, જ્ઞાનમાં રમણતા તે નિશ્ચયપ્રતિક્રમણ છે. બાકી આ રાગનું પ્રતિક્રમણ અને વ્યવહારનું પ્રતિક્રમણ એ ખરેખર નિશ્ચયપ્રતિક્રમણ નથી અને એ ધર્મનું કારણ નથી. એટલે નિશ્ચય પ્રતિક્રમણમાં પણ આત્મા નિજ કારણપરમાત્માનું અવલંબન લેવું એમ કહ્યું હતું. નિશ્ચયપ્રત્યાખ્યાનમાં પણ નિજકારણપરમાત્માનું અવલંબન લઈને ઠરવું એમ કહ્યું હતું.

નિશ્ચય આલોચના સંવરમાં પણ એ કહ્યું હતું. સંવર-સંવર. આત્મા નિજકારણપરમાત્મા શુદ્ધ ધ્રુવ છે, એને ઓળખો, સત્સમાગમથી પરિચય કરીને જાણો અને અંતર જાણીને એમાં લીન થાઓ તે પ્રતિક્રમણ, તે પ્રત્યાખ્યાન અને તે સંવર છે. તેનું નામ નિશ્ચયપ્રાયશ્ચિત છે. પ્રાયશ્ચિત .. કોઈ બીજી ચીજ નથી. એ અખંડ ચિદાનંદના સ્વરૂપની લીનતા થવી તેને પ્રાયશ્ચિત કહે છે, એને પરમસમાધિ કહે છે, એને પરમભક્તિ કહે છે, એને સામાયિક કહે છે, એને તીર્થંકરોની સ્તુતિ ત્રિકાળ ચિદાનંદમાં લીનતા થવી, ભાન, શ્રદ્ધા જ્ઞાન કરીને એને તીર્થંકરની સ્તુતિ કહે છે, એને તીર્થંકર અને ગુરુની વંદના કહે છે. કોને? કે ત્રિકાળ નિત્યાનંદ લક્ષણ કારણપરમાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અંતર લીનતા એને ગુરુ અને દેવની વંદના કહે છે. એને પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ કહે છે, એને આત્મામાં સ્વરૂપનું આવું ભાન કરીને ઠરવું તેને યોગ કહે છે. અજ્ઞાનીઓ જે યોગ-બોગ કરે છે એ વસ્તુ સાચી નથી. સમજાય છે કાંઈ?

એવો ત્રિકાળ કારણપરમાત્મા એક સમયનો પર્યાય, વિકલ્પ અને નિમિત્તનું લક્ષ છોડી અને ત્રિકાળ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે એને ... અને મોક્ષમાર્ગ કહે છે. આ વાત સાંભળીને એથી વિરુદ્ધ કહેનારા કોઈ હોય કે અરે! આવો તે માર્ગ હોય કાંઈ? કાંઈ આમાં તો કાંઈ ક્રિયા, વ્રત, નિયમ, પૂજા, ભક્તિ આ તો બધું ઉથાપાઈ જાય છે. એવી અજ્ઞાનીઓની વાત સાંભળીને, કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અમે માર્ગ જે કહ્યો એમાં અશ્રદ્ધા ન કરીશ, અશ્રદ્ધા ન કરીશ, અભક્તિ ન કરીશ અને આવા કારણપરમાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુષ્ઠાન મૂકીને બીજી રીતે ધર્મ મનાવતા હોય (એની) શ્રદ્ધા કરીશ નહિ, ભક્તિ કરીશ નહિ, રુચિ કરીશ નહિ. કહો, સમજાય છે કાંઈ? જુઓ, આ છેલ્લી ભલામણ. જ્યારે છેલ્લામાં છેલ્લી મા-બાપ દીકરાને ભલામણ કરતાં હોય, એમ આ મોક્ષમાર્ગ અધિકાર પૂરો કરી ભગવાન કુંદકુંદાચાર્ય ભવ્યને શિખામણ દે છે. અભવ્યને તો આ લાગુ પડે નહિ. જેને આત્માનો મોક્ષમાર્ગ રુચતો નથી, અંતરતત્ત્વ જ્ઞાયકમૂર્તિ જ્ઞાનાનંદ, ચિદાનંદ એની રુચિ, જ્ઞાન અને રમણતા મોક્ષમાર્ગ જેને રુચતો નથી એવા અભવિને કહે છે કે અમે શિખામણ આપતા નથી. ભવ્યને શિખામણ આપીએ છીએ. પ્રેમચંદભાઈ!

જુઓ તો ખરા. શું કરવા કહ્યું? ભાઈ! આટલી વાત કરી ગયા છે કે એકદમ આત્મા જ્ઞાયક... એક સમયનો પર્યાય છે, પુણ્ય-પાપના પરિણામ પણ હોય છે, નિમિત્ત પણ નિમિત્તને કારણે હોય છે, પણ બધાને ઉડાવીને અમે એક વીતરાગમાર્ગ કહો, જૈનદર્શન કહો, આત્મવસ્તુ કહો, મોક્ષનો માર્ગ કહો, ક્રમબદ્ધપર્યાયનો નિયમ કહો, દ્રવ્યદૃષ્ટિ કહો એ એક જ માર્ગ છે. એ માર્ગને જુઓ પાઠમાં શબ્દ વાપર્યો છે 'जिणमग्गे' જિનમાર્ગ તો એ જ છે. એ સિવાય જિનમાર્ગ કોઈ છે નહિ. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ સિવાય તો એ માર્ગ બીજે ક્યાંય છે નહિ, પણ સર્વજ્ઞના માર્ગમાં પણ આ માર્ગ સિવાય કોઈ બીજી રીતે કહે ત્યાં પણ જૈનમાર્ગ નથી.

જૈનમાર્ગ તો એ આત્મા અખંડ જ્ઞાયકની મૂર્તિ એક સમયનો વિકાર, એક સમયનો પર્યાય હોય છે, નિમિત્ત હોય છે, હોવા છતાં તેનો આદર નહિ અને ત્રિકાળ સ્વભાવનો આદર એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા આ એક જ ધર્મ અને મોક્ષમાર્ગ અને જૈનમાર્ગ છે. એને નહિ સમજનારા, જુઓ, '**શુદ્ધરત્નત્રયથી પ્રતિપક્ષ...**' આ માર્ગને આ રીતે નહિ સમજનારા, વિરોધ કરનારા '**મિથ્યાત્વકર્મોદયના સામર્થ્ય વડે...**' લ્યો! ઉંધા મિથ્યાત્વ નામનું કર્મ છે જડ, એના ઉદયમાં જોડાવાથી આત્માનો જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ છે એને ભૂલવાથી જે અજ્ઞાનીઓ અજ્ઞાનના બળ વડે મિથ્યાદર્શન ઉંધી શ્રદ્ધા, પોકાર કરી રહ્યા છે બધા અત્યાર સુધી કે વ્યવહાર કરો રે વ્યવહાર કરો તો ધર્મ થશે. મિથ્યાદર્શનનું કથન છે એ, એ વીતરાગમાર્ગનું કથન નથી. કહો, સમજાય છે કાંઈ? એવા અજ્ઞાનીઓના કથન સાંભળીને હે ભવ્યજીવ! તને અંતરમાં માર્ગ ઝટ ન થાય તોપણ શ્રદ્ધા છોડીશ નહિ. કહો, સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાયકવસ્તુ ચૈતન્ય દ્રવ્ય છે એ વસ્તુ આનંદકંદ અને નિત્ય શુદ્ધ છે, એનું અંતર અવલંબન લીધે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. બીજી જેટલી કથની હોય એ બધી જાણવાની છે. એવા જાણવાના માર્ગને કોઈ આદરવાનો માર્ગ સ્થાપે અને એ ચીજ ચૈતન્યના આવા માર્ગની કોઈ નિંદા કરે. સંખ્યાની જરૂર નથી. સત્‌ને સંખ્યાની જરૂર નથી કે સત્‌ની સંખ્યા ઝાઝી હોય તો જ આ માર્ગ હોય. એ તો કીડીયુંના નગરા જગતમાં ઘણા હોય છે. એથી કરીને કીડીયુંના નગરા કાંઈ માણસની સંખ્યામાં ગણાય નહિ. ભાઈ! આટલો આવો માર્ગ એ થોડામાં લઈને બેઠા છે. પણ માર્ગ જ આ એક ત્રિકાળનો છે. સનાતન કુંદકુંદાચાર્યદેવે સર્વજ્ઞ ભગવાનના મુખથી નીકળેલો, અહીંયાં સર્વજ્ઞ ભગવાન, મહાવીર ભગવાને કહેલી પરંપરાનો માર્ગ મુનિને અંતર હૃદયમાં આવ્યો અને કંઈ બાકી હતું એ ભગવાન સીમંધર ભગવાન પાસે જઈ એ કુંદકુંદાચાર્ય આઠ દિવસ રહી, ત્યાંથી આવીને આ માર્ગની રચના શાસ્ત્રની કરી છે. ત્રણે કાળ, ત્રણલોકમાં 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આ વીતરાગમાર્ગ જે અહીંયાં કહેવાય છે અને એમ છે એવું આત્મતત્ત્વ છે, એનાથી કોઈ વિરુદ્ધ કહે તો એ સાંભળીને તું અભક્તિ ન કરીશ. કહો, મોહનભાઈ! સમજાય છે કાંઈ?

એ કર્મોદયના નિમિત્તમાં જોડાઈને અજ્ઞાનીને ખબર નથી. મશ્કરી કરે. શું આ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે? શું આ લાકડી આત્માથી ઊંચી ન થાય? આત્માથી ઊંચી થાય એમ કહેનારા મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે એને વસ્તુની સ્વતંત્રતાની ખબર નથી. અજ્ઞાનીઓને પત્તો નથી કે પદાર્થની વર્તમાન એક-એક સમયની પર્યાય સ્વતંત્ર કામ કરી રહી છે. એની જેને ખબર નથી એવા અજ્ઞાનીઓ કોઈ નિંદા કરે અને વિરોધ કરે. કહો, નેમિદાસભાઈ! કહે છેને ઘણા? લ્યો, પરની દયા પાળી શકાય નહિ. સમજાય છે? કોઈની હિંસા કરી શકાય નહિ અને પછી કોઈ પરનો ભોગ કરી શકાય નહિ. હવે પછી ભોગવો આપણે પરનો ભોગ તો કરી શકાતો નથી. ભાઈ! શાંત થા, ધીરો થા, ભગવાન! પરની વસ્તુ તો ભોગવાતી નથી

અજ્ઞાનીને અને જ્ઞાનીને ત્રણકાળ, ત્રણલોકમાં. અજ્ઞાની એ વિકારને ભોગવે, જ્ઞાની આત્માની શાંતિને ભોગવે, બાકી પરનો અનુભવ જડનો કોઈને ત્રણકાળમાં હોય નહિ અને પરની હિંસા કે દયા કોઈ ત્રણકાળ, ત્રણલોકમાં પાળી શકતું નથી. મૂઢ જીવોએ તત્ત્વને વિરુદ્ધ કરીને મિથ્યાદર્શનને કારણે એ સત્યમાર્ગની નિંદાઓ જે કરી છે અને અસત્યનું પોષણ આપ્યું છે એવાઓ શુદ્ધરત્નત્રયથી વિરુદ્ધ મિથ્યાદર્શન નામ ઉંધી શ્રદ્ધાને લઈને, ઉંધા જ્ઞાનને લઈને અને ઉંધા ચારિત્રપરાયણ. ઉંધું ચારિત્ર. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, પંચમહાવ્રતની ક્રિયા કરે અને માને કે ચારિત્ર છે. એ ચારિત્ર નથી. એ આત્માના સર્વજ્ઞે કહેલા આત્માના ભાન વિના અને અંતરની દૃષ્ટિના વેદન વિના, અંતરની લીનતા વિના મોક્ષનો માર્ગ ક્યાંય હોઈ શકે નહિ. એવા અજ્ઞાની મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રમાં પરાયણ છે.

એવા '**વર્તતા થકા ઈર્ષાભાવથી અર્થાત્ મત્સરયુક્ત...**' થઈને નિંદા કરે છે. લ્યો! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે નહિ. આ હાથ આત્મા ઊંચો કરી શકે નહિ. સાંભળજો. આ હાથ આત્માથી ઊંચો થતો નથી. અજ્ઞાની મૂઢ જીવો, પાપી મિથ્યાદૃષ્ટિએ માનેલી વાત છે (કે હાથ મારાથી ઉંચો થાય છે). જડનો પર્યાય જડથી ઊંચો થાય, આત્માથી થાય નહિ. પણ એ વાત અજ્ઞાનીએ સાંભળેલી નથી. ઝીણું પડે એવું જરી, ચંદુભાઈ! તમારા બનેવીને કહું છું. જરી ઝીણું પડે એવું છે, પણ કહો, સમજાય છે કાંઈ?

જડના પદાર્થો ભિન્ન-ભિન્ન કામ કરી રહ્યા છે. એક-એક પરમાણુ સ્વતંત્ર જડની પર્યાયથી કામ કરી રહ્યા છે અને આત્મામાં પણ વિકાર પોતે કરે તો થાય છે, કર્મ કાંઈ કરાવતું નથી. અને દયા, દાન, ભક્તિના પરિણામ તે પુણ્ય છે, તે ધર્મ નથી. ધર્મ એ ત્રિકાળ કારણપરમાત્માને અવલંબને થતી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર તે ધર્મદશા છે. આથી ઊંધી વાત સાંભળીને, આથી ઊંધી વાત કહેનારના પક્ષમાં ઊભા રહીને જેટલા ઊંધાના પોષણ કરે છે અને સત્ય માર્ગની નિંદા કરે છે, તો હે ભવ્યજીવ! હે ભવ્યજીવ! એવી વાત સાંભળીને '**મત્સરયુક્ત પરિણામથી...**' એવા જીવો '**સુંદર માર્ગને—**' મહાસુંદર નિર્વિકલ્પ વીતરાગ અંતરનો માર્ગ છે. ભલે નિમિત્તરૂપે નિમિત્ત વીતરાગ હોય છે, સર્વજ્ઞ હોય છે, સંતો, મુનિઓ, જ્ઞાની પણ નિમિત્ત હોય છે અને એ વખતે શુભરાગ પણ હોય છે. પણ રાગ અને નિમિત્ત એ ધર્મ નથી, ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ ભગવાન નિજઆનંદકંદ નિત્યાનંદ કારણપરમાત્મા તે છે. એ અંતરનું સ્વભાવનું અવલંબન, રુચિ અને રમણતા એને જ કારણે અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ, અનંતા મુનિઓ, અનંતા સમકિતી ધર્મ પામ્યા. સમજાય છે? અને વર્તમાન પણ એ રસ્તે અંતરના કારણપરમાત્માને અવલંબે પમાય છે, ભવિષ્યમાં પણ અનંતા એ જ રસ્તે ચાલશે. બીજો કોઈ માર્ગ ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ. એ માર્ગને ન સમજીને, સુંદર માર્ગ છે. કેવો માર્ગ છે? સુંદર માર્ગ (એને નહિ સમજીને).

'**પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે...**' સમજાણું? '**सुन्दरं मार्गं सर्वज्ञवीतरागस्य**

**मार्गं पापक्रियानिवृत्तिलक्षणं**' એમાં તો નિવૃત્તિ જેનું લક્ષણ છે, ભાઈ! નિવૃત્તિ એટલે ચૈતન્ય જ્ઞાનસ્વભાવમાં અંતર જ્ઞાનની જ્યોતમાં લીન રહેવું અને પુણ્ય-પાપ અને નિમિત્તની નિવૃત્તિ કરી, લક્ષ છોડીને સ્વભાવમાં રહેવું એ માર્ગ છે. વીતરાગ જૈન તીર્થંકર સર્વજ્ઞ દેવાધિદેવ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો આ માર્ગ છે. હે ભવ્ય! આ માર્ગ તને ઝટ ન અંદર સમજાય તોપણ રુચિ કરજે, શ્રદ્ધા કરજે. એથી વિરોધ કહે એની વાત સાંભળીને, આવા તે માર્ગ હોય? લ્યો પાંચ-પચ્ચીસ માને, આ હજાર-બે હજાર માર્ગ માને એટલામાં માર્ગ થઈ ગયો? તો આ બધા માર્ગ ખોટા હશે? લાખો કરોડો માનનારા હશે એ બધા માર્ગ કુધર્મ હશે? એમ અજ્ઞાનીઓ કહીને સત્યની નિંદા અને સત્યનો અનાદર કરે છે. મોહનભાઈ! તો એ વાત સાંભળીને... કેવો છે ભગવાનનો માર્ગ?

'**સુંદર માર્ગને—પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય, ભાઈ! પુણ્ય અને પાપના પરિણામથી નિવૃત્તિ અને ચૈતન્યસ્વભાવની પ્રવૃત્તિ એ જે સુંદર વીતરાગમાર્ગનું લક્ષણ છે. એ સિવાય જાપ કરવા અને ભક્તિ કરવી અને વ્રત શુભ હોય છે. શુભ છે, ધર્મ નથી, ધર્મ નથી. એને કારણે લાખ કરોડ મરી જાય કરીને. 'નવ લાખ જપંતા નરક નિવારે' એમ માણસો કહે છે. નવ લાખ શું તારા અનંતા ગણીને મરી ગયો અનંતા ભવમાં, પણ એ વડે જન્મ-મરણનો અંત આવે નહિ. એ રાગ છે, પુણ્ય છે, વિકલ્પ છે, ઝેર છે. અશુભ ન હોય ત્યારે એ રાગ હોય છે, પણ એ રાગથી કોઈ ધર્મ મનાવતા હોય... અને ધર્મ આત્માને અવલંબે વીતરાગ સ્વભાવને કારણે થાય છે. આ એવું સાંભળીને કોઈ સુંદર માર્ગની વિપરીત નિંદા કરતાં હોય તો હે ભવ્યજીવ! શાંત થજે. માર્ગ દુર્ઘટ છે, દુષ્કર છે. સમજાય છે? મહા સંતો, દિગંબર મુનિઓ કુંદકુંદાચાર્ય આદિ જેને એક વસ્ત્રનો તાણો પણ નહોતો, એક લંગોટી ન હતી, એક મોરપીંછી અને કમંડળ એ અનાદિ સનાતન વીતરાગ જૈનદર્શન કેવળજ્ઞાનીનો જે પંથ અનાદિ ધોખ માર્ગ એ ચાલ્યો આવે છે. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં એ જ માર્ગ પ્રવર્તી રહ્યો છે, બીજો માર્ગ છે નહિ. અહીંયાં પણ એ જ માર્ગ ભગવાન મહાવીરથી ૬૦૦વર્ષ સુધી માર્ગ ચાલ્યો, પછી ફાંટા પડીને વિપરીત માર્ગ થઈ ગયા.

જે સંતોનો માર્ગ નિર્ગ્રંથ વીતરાગ દિગંબર સંતદશા હતી. અંતરમાં ત્રણ કષાયનો નાશ થઈ અને આત્માના આનંદના કંદે ઝૂલતા હતા એમાં એક પણ વિકલ્પનો વસ્ત્રાદિનો કે પાત્ર લેવાનો રાગ (હોય) ત્યાં આગળ મુનિપણું ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? એવા નગ્ન મુનિઓની જે સનાતનદશા વીતરાગના ઘરની છે એનાથી કોઈ વિરુદ્ધ કહે એવા નાગા જગતમાં ફરે, જગતમાં શરમ નથી એવી વાતું કરનારા મિથ્યાદષ્ટિઓ, અજ્ઞાનીઓ, અનંત સંસારના વધારનારાઓ, એના વચનો સાંભળીને હે ભવ્યજીવ! આવા નિર્ગ્રંથમાર્ગનો જે પંથ છે એમાં અશ્રદ્ધા કરીશ નહિ. ...ભાઈ! જુઓ, આ છેલ્લી ભલામણ કરે છે. સમજાણું

કાંઈ?

'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એ મુનિમાર્ગ પણ નિર્ગ્રંથદશા. અંતરનું જ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન, સ્વરૂપનું ભાન, સ્વરૂપની લીનતા એ દશા થતા રાગ એટલો છૂટી જાય કે જેને વસ્ત્રનો તાણો, વાણો એના શરીર ઉપર ન રહે, એવી દશા તેને મુનિદશા કહે છે. અંતરના ભાન વિનાના નગ્ન થાય તે પણ મુનિદશા નથી. સમજાય છે? અને અંતરનું ભાન થઈને જ્યારે વીતરાગદશા અંતરમાં થાય છે ત્યારે તેવી મુનિદશા સહજ નિર્ગ્રંથ દિગંબરદશા થયા વિના રહેતી નથી. એવા નગ્ન મુનિઓએ કહેલો સંતોનો, કેવળીઓનો અપ્રતિહત માર્ગ જે છે તેને ધર્મના થાંભલા તરીકે ધર્મને થંભાવી રાખ્યો છે.

એ કુંદકુંદાચાર્ય ભલામણ કરે છે કે હે ભવ્યજીવો! અમે સર્વજ્ઞના ઘરની વાત પરમસત્યની વાત ત્રણકાળ, ત્રણલોકમાં ન ફરે એ અફર માર્ગની વાત જે કહી છે, કહેવાઈ છે અને કહેશું... સમજાય છે? એનાથી વિપરીત માનનાર હોય અને નિંદા કરે. 'લ્યો! આત્મા કોઈનું કરી શકે નહિ. ત્યારે આ બધી પાંજરાપોળ બંધ કરવી પડશે હવે.' વાહ! શું તારે કહેવું છે? નિંદા કરવી છે? કોણ પાંજરાપોળ ચલાવી શકતું હતું? કોણ પાંજરાપોળને બનાવી શકે છે? જગતના જે તત્ત્વો અને પદાર્થો તે તેના પરિણમનને કાળે પર્યાય થઈ રહી છે. એને કોઈ બીજો કરે એ વાત જૈનમાર્ગમાં નથી અને વસ્તુમાં નથી. વસ્તુમાં નથી. જૈનમાર્ગ વાડો નથી. વાત સમજાય છે કાંઈ?

કેટલાક કહે, લ્યો આવા માર્ગ! એક વસ્ત્ર રાખે ત્યાં મુનિપણું નહિ? અરે! મુનિપણું તો નહિ, પણ વસ્ત્ર રાખી સાધુપદનું નામ ધરાવે, ભગવાન કહે છે કે તત્ત્વનો વિરોધ કરનારા નિગોદમાં જનારા છે. આ રીતથી વિપરીત વાત સાંભળીને કોઈ જીવોએ આ સત્યની રુચિ છોડવી નહિ. પણ લાંબો કાળ હોય તો સમજાય એવું છે. આ તો બધું નિયમસાર હવે પૂરું કર્યા પછી ભલામણ કરે છે. આ તો સાડા સાત મહિનાથી ચાલે છે. ભાદરવા સુદ ૧૪થી ચાલે છે, ભાઈ! કરતાં-કરતાં તો જુઓને આ સાડા સાત ઉપરથી થઈ ગયું. સમજાય છે? ઘણી વાત નિયમસારમાં જેટલી ક્રિયાકાંડની જગતની છે એટલી આત્મામાં સમાડી દીધી છે. એ ક્રિયાકાંડ તું કહે એ નહિ. તું કહે એ નહિ. અમે કહીએ એવો આત્મા ચૈતન્યને જાણી, શ્રદ્ધા કરી, એમાં ઠરે એ પડિક્કમણું, સ્વરૂપમાં રહે તે પ્રત્યાખ્યાન, સ્વરૂપમાં નિર્વિકલ્પ શાંતિમાં રહે તે સંવર, નિશ્ચયમાં આત્માના આનંદમાં રહે તે નિશ્ચયપ્રાયશ્ચિત. એ અતંરમાં આવું આત્માનું ભાન કરીને ઠરે તે સમાધિ. લોકો સમાધિ આમ થઈ જાય છે. શું ધૂળ સમાધિ થાય? અજ્ઞાનીને સમાધિ હોય નહિ. આવા માર્ગ સમજ્યા વિના કંઈકમાં અન્યમાં કેટલાક સમાધિ ચડાવી ગયા. શું ધૂળ સમાધિ ચડાવે? એ તો અભ્યાસ કષાય મંદતાનો થઈ ગયેલો એટલે આમ દેહથી જાણે હું જુદો છું એવું ઘોલન એને કષાય મંદતામાં લાગે, લાગે, હોય નહિ તત્ત્વ કાંઈ. સમજાય છે કાંઈ? જુઓ, તેથી સમાધિનો અધિકાર લીધો છે એમાં. સમાધિનો અધિકાર.

સમાધિ લોકો કહે એ નહિ.

આત્મા અખંડ આનંદ અનંત ગુણનો પિંડ છે, અનંતગુણની એક એક સમયમાં અનંતી પર્યાયો, એક એક ગુણની એક એવી અનંતી છે, એવા અનંત આત્મા છે, એવા અનંતાઅનંત ગુણા પુદ્ગલો છે, અસંખ્ય કાળાણું, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ છ દ્રવ્યો છે. એનું ભાન કર્યા પછી જે આત્મામાં ઠરે એને સાચી સમાધિ થાય છે. બીજાને સમાધો-બમાધો થાતો નથી. બીજાને સમાધિ થઈને જડ થઈ જાય છે. કહો, સમજાય છે કાંઈ? એથી કુંદકુંદાચાર્ય મહારાજ ભલામણ કરે છે. એક વીતરાગ સર્વજ્ઞનો પરમસત્ય માર્ગ એ આત્મા ત્રિકાળ કારણપરમાત્મા એવા અનંત આત્માઓ છે. પણ બીજા આત્માઓ આત્માને કાંઈ સાલ નાખે એવા નથી. ...ભાઈ! કહો, ભગવાનનું સ્મરણ કરે તો શું થાય? રાગ થાય રાગ. સાહેબ! લ્યો, બરાબર છે.

અહીં કહે છે કે નિજકારણ (પરમાત્માને) ઓળખો, શ્રદ્ધા કરો, મહિમા કરો, ઉત્સાહ કહો, આ વિચારને લક્ષમાં લ્યો, આનાથી વિરુદ્ધ વાતને આદર ન આપો એ સર્વજ્ઞનો સનાતન માર્ગનો ઢંઢેરો છે. આ માર્ગ જ્યારે સમજશે ત્યારે તેનું કલ્યાણ થશે. એ સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં કોઈનું કલ્યાણ છે નહિ. સંખ્યાની વાત નથી. ૨૫ માણસ અને ૫૦ માણસ કે ૧૦૦ થાય એની વાત નથી. એક સિંહ વનનો હોય પણ વનને માટે રાજા એક જ કહેવાય છે. એમ સત્ય તો એક જ હોય છે. સત્યના પડખાં બીજા હોતા નથી. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પણ માણસને ગલગલિયા (થાય). ઝાઝા માણસ પાંચ-દસ હજાર માણસ એમાં ભાષણ આપતા હોય અને ઝપટ બોલાતી હોય (તો એમ થાય કે) આ પણ કાંઈક માર્ગ હશેને, બાપુ! ...ભાઈ! ..ભાઈ! એમ અજ્ઞાનીને જગતમાં ભ્રમણાની અંદર ગલગલિયા થઈ જાય છે. એક માર્ગ ત્રિકાળ આત્મા, અનંતા આત્માઓ છે, અનંતા પ્રભુ છે. કેવા છે આત્માઓ? એ અનંતા પ્રભુ છે. અનંતા આત્માઓ પોતે પ્રભુ સ્વતંત્ર એનો કોઈ બીજો પ્રભુ છે જ નહિ. એનો બીજો કોઈ પ્રભુ કર્તા-ફર્તા નથી. આ છે એનો કર્તા ન હોય અને ન હોય એનો કર્તા ન હોય. હોય તેને કોણ કરે? ત્રિકાળ છે. ન હોય તેને કોણ કરે? નથી તેને? છે અનંત આત્મા અનંતી પ્રભુત્વ શક્તિથી ભરેલા પડ્યા છે. પરમાણુ પણ પ્રભુ છે. લ્યો! શું કહ્યું? એ જડ પ્રભુ છે, એ જડેશ્વર છે, જડેશ્વર છે. જડમાં જડની શક્તિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શની શક્તિ, એનાથી પણ ભગવાન એને પ્રભુ કહે છે. પ્રભુ નામ જડની શક્તિના ધરનારા, જડના સામર્થ્યના ધરનારા પદાર્થો તેને જડેશ્વર કહે છે. એ જડ આત્માથી કાંઈ ફેરફાર થાય નહિ. કેમ એ પરમાણુનો જે ઈશ્વરતા, એની સામર્થ્યતા, એની પ્રભુતા, એની શક્તિ, એનું બળ, એનું વીર્ય, એને કાળે જે પર્યાય જડની થાય, બીજો આત્મા તીર્થંકર પણ કરી શકે નહિ. એટલે પરમાણુ એક એક પણ જડ પ્રભુ, જડ પ્રભુ, જડ પ્રભુ (છે). એની એને ખબર નથી. કોણ છે? આ શરીર કોણ છે એની એને ખબર નથી. ચૈતન્ય આનંદકંદ

પ્રભુ શુદ્ધ ચિદાનંદ હું છું એવું ભાન તે આનંદકંદ પ્રભુ. જડ પ્રભુ અને પુણ્ય-પાપ મારા, વિકાર મારો અને ચિદાનંદ મારું નહિ એ વિભાવના પ્રભુ. સમજાય છે કાંઈ? એક સ્વભાવના પ્રભુ, એક વિભાવના પ્રભુ અને એક જડના પ્રભુ. આ દરેક પ્રભુ છે જગતમાં બધા પ્રભુ છે. ભારે વાત, ભાઈ! ..ભાઈ! બધા ભગવાન છે.

એક એક આત્મા સ્વભાવનું આવું ભાન કરે તો સ્વભાવનો પ્રભુ છે. આનો સ્વીકાર ન કરે અને પુણ્ય-પાપનો સ્વીકાર કરે તો વિભાવનો પ્રભુ છે. વિભાવનો પ્રભુ કરીને ચાર ગતિમાં રખડે છે. અને જડ જડનો પ્રભુ છે. આ પરમાણુની આ પર્યાયની તાકાત કોઈ કેવળીની નથી કે આ પરમાણુની આ ચામડી જે થઈ પરિણમી એ કોઈ આત્મા કરી શકે. ત્રણકાળ, ત્રણલોકમાં કરી શકે નહિ. જે પરમાણુ માટી, ધૂળ, જડ છે એનો જે પર્યાય જે કાળે બનવાનો તે તાકાત જડની છે. એ પર્યાયને કેવળી ઈશ્વર પણ ફેરવી શકે નહિ. એવો એ જડ ઈશ્વર છે. ભાન નથી કોણ છું એ. અજ્ઞાનતત્ત્વ છે. એમાં જ્ઞાન નથી, આનંદ નથી, ચારિત્ર નથી, શાંતિ નથી, પણ એ જગતના તત્ત્વો છે. એ પ્રભુ જડ તે જડથી કામ કરી રહ્યા છે. એ વિભાવના માનનારા, પુણ્યથી ધર્મ માનનારા, વિકારથી ધર્મ માનનારા એ વિકારને પ્રભુત્વ આપી રહ્યા છે. સમજાય છે કાંઈ આમાં?

આ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ જે પરિણામ થાય એ પુણ્ય છે. એ પુણ્યથી મારી પ્રભુતા ખીલશે એમ માનનારા પુણ્યના, વિભાવના, મિથ્યાત્વના પ્રભુ છે. સમજાય છે કાંઈ? અને એના વિનાનો આત્મા જે કહેવાય છે તે નિજકારણપરમાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ સ્વભાવનો પ્રભુ છે. આ વાત સાંભળીને આનાથી ઊંધી કોઈ કહેતા હોય તો એ ઈર્ષા અને મત્સરભાવથી કહે છે, વાસ્તવિક તત્ત્વને એ સમજ્યા નથી. વખત લાગે ભાઈ! સમજવા માટે વખત જોઈએ. અનંતકાળ ગયો છે, અનંતા અનંતા અવતાર થયા છે. અનંતકાળમાં અનંતવાર મનુષ્યપણું મળ્યું છે, અનંતવાર સ્વર્ગનો દેવ થયો, અનંતવાર જૈનના સંપ્રદાયમાં આવીને દ્રવ્યલિંગી જૈન સાધુ થયો છે. સમજાય છે કાંઈ? દ્રવ્યલિંગી સાધુ. જૈન સાધુ એટલે નગ્ન દિગંબર એને દ્રવ્યલિંગી કહીએ હોં! આ બીજા દ્રવ્યલિંગી નહિ. ધ્યાન રાખજો કડક પડે તો, પણ સમજ્યે છૂટકો છે જગતને. નગ્ન દિગંબર મુનિને આત્માનું જે ભાન ન હોય એને દ્રવ્યલિંગી કહેવાય, બીજાને દ્રવ્યલિંગી પણ કહેવાતા નથી. એવા દ્રવ્યલિંગ પણ આત્માના ભાન વિના દરેક પ્રાણી અનંતવાર ધારણ કર્યા, પણ આત્મા શું આ જે કહેવાય એ વાતની રુચિ ન થઈ. કાંઈક વિકાર જોઈએ, કાંઈક પુણ્ય જોઈએ, કાંઈક રાગ જોઈએ.

શું હતું? રાતે કાંઈક હતુંને? વ્યવહાર શું હતું? ભાઈ! પાછળ હતુંને ઓલા ..પાછળ હતું ખરું. હતું હતું તમે નહોતા. વાંધો નહિ હવે, એ નહિ મૂંઝાઈ હવે. હતો એ વ્યવહાર હતો કે વ્યવહાર આમ હોય તો ફલાણું આમ હોય. સમજ્યાને? આ ભાવનું શુભભાવનું.

આગળ વધતા જાય એમ શુભભાવ વધતો જાય. હવે શુભભાવ વધે એટલે રાગ વધે, પણ રાગ એ આત્માનું કર્તવ્ય નથી. રાગ હો, રાગ નથી? શું નથી? જુઓ, આ થાય છે એમાં રાગ તો શુભ નથી? આ બધું થાય છે જડને લઈને પણ જીવોનો રાગ તો છે કે નહિ? વ્યવહારધર્મનો પ્રેમ છે કે નહિ? વ્યવહારધર્મના પ્રેમની જાહેરાત દેખાય છે કે નહિ? લાખો રૂપિયા ખર્ચે છે કે આ માનસ્થંભના નામ પડ્યા ત્યાં લાખોના ... એ દેખાય. આ તો ક્રિયા જડની છે, પરની છે, એ કોઈ કરવા સમર્થ નથી, પણ એની પાછળ વ્યવહારધર્મનો પ્રેમ જે શુભરાગ એ છે કે નહિ? દેખાય છે કે નહિ આ શું થાય છે? પણ છતાં તે રાગ ધર્મ નથી. સમજાય છે કાંઈ? છતાં તે રાગ ધર્મ નથી, છતાં તે રાગ આવ્યા રહે નહિ, ભારે વાત, ભાઈ!

ધર્મી જીવને જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન હોય ત્યાં સુધી ઉત્સાહ, ધર્મ, પ્રેમ જાહેર થયા વિના રહે નહિ. ધર્મપ્રેમ, ધર્મપ્રેમ એટલે ધર્મરાગ, પણ ધર્મપ્રેમ જાહેરાત થાય અહીંયાં. આમ પ્રભાવના ધર્મની, ભક્તિ... સમજાય છે? ઉત્સાહ વગેરે વગેરે અનેક પ્રકારે ધર્મપ્રેમી... ઈન્દ્રો ભગવાન જન્મે ત્યારે આવીને આમ નાચી ઉઠે. તાંડવ નાચ એ કરે છે. શાસ્ત્રમાં તાંડવ નાચ આવે છે. તાંડવ નૃત્ય કરે. ઈન્દ્ર હોં! જે એકાવતારી છે. પહેલા દેવલોકના ઈન્દ્ર અને ઈન્દ્રાણી શચી અને શચીપતિ. સમજાય છે? એકભવતારી છે-એક ભવે મુક્તિ જનારા છે. ક્ષાયિકસમકિતી આત્માનું ભાન છે. મારી પ્રભુતા મારે લઈને છે. રાગને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ, એવા પણ પ્રભુત્વને સમજનારા, રાગ જ્યારે શુભ ભક્તિનો હોય છે એ ભગવાન પાસે નાચી ઉઠે. થનગનાટ. સ્ત્રી નાચે જેમ એમ ઈન્દ્ર નાચે. ૩૨ લાખ વિમાનનો લાડો. સમજાય છે? અસંખ્ય દેવનો સ્વામી અને જેને એક ભવ કરીને મુક્તિ જાવી છે. એને પણ જ્યારે રાગ આવે એટલે ભગવાન પાસે આમ નાચી ઉઠે, થનગનાટ કરે આમ. પ્રભુ! અમે તો બાળક તમારા, એમ નાચે. અજ્ઞાનીને એમ થાય કે આ શું? સાંભળ! જડની ક્રિયા જડથી થાય છે. પાછળ રાગ તે ધર્મનો પ્રેમ છે, પાછળ રાગનો નિષેધ કરતો દૃષ્ટિમાં વર્તે છે. સમજાય છે કાંઈ? જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આત્મા છું એને અવલંબે મને લાભ એ ભાન વર્તે છે. છતાં રાગની ભૂમિકા છે તો રાગ થાય છે, છતાં એ રાગને કારણે ધર્મ છે એમ માનતો નથી. બેય પ્રકારની વાત જેમ છે એમ ન સમજે તો આડુઅવળું ભરડી નાખે છે અનાદિકાળનું.

અહીં કહે છે કે હે ભવ્યજીવ! તમે જે માર્ગ કહ્યો, એનાથી વિરુદ્ધ કોઈ કહેનારા નીકળે, તો બધા એમ કહેશે. અમે કહ્યો એનાથી વિરુદ્ધ કહેનાર નીકળે તો બધા એમ કહે. દલીચંદભાઈ! બાપુ! શાંતિથી સાંભળજો. તુલના કરો માર્ગનો. હવે તો ઘણા પુસ્તકો, શાસ્ત્રો, યુક્તિ, ન્યાયથી અનેક વાત બહાર આવી છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલો ત્રણકાળ, ત્રણલોકમાં ન ફરે એવો અફર માર્ગ છે આ. એ માર્ગને સમજ્યે બાળગોપાળને છૂટકો છે. એ સિવાય કોઈ બીજો પંથ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. સર્વજ્ઞ ભગવાન મહાવિદેહક્ષેત્રમાં કહી રહ્યા છે. ઈન્દ્રો જેની ભક્તિ

કરી રહ્યા છે, ગણધરો આરાધી રહ્યા છે. સમકિતીઓ અતંર દૃષ્ટિ કરીને એ ભાવની ભાવના કરી રહ્યા છે. એક જ માર્ગ છે.

એ માર્ગને અહીં કહે છે જિનમાર્ગ છે એ તો. શબ્દ છેને ભાઈ જિનમાર્ગ. વીતરાગ માર્ગ છે. જે રાગ ઉઠે અને વિકલ્પ ઉઠે ખરો. સમજાય છે? વળી એક જણ કહે, ત્યારે આપણે કાંઈ હવે કરવું નહિ. કોણ કરી શકે છે આ બહારની ચીજ? ધર્મીને રાગ આવ્યા વિના રહે નહિ. ભક્તિનો, પ્રતિમાનો, પૂજાનો, વંદનનો અને દેવ પ્રત્યે ભક્તિ, શાસ્ત્ર પ્રત્યે ભક્તિ આવ્યા વિના રહે નહિ. છતાં ધર્મી સમજે છે કે મારી ભૂમિકા નીચલી છે અને મારો માર્ગ તો રાગરહિત ચિદાનંદ કારણ નિર્વિકલ્પ પરમાત્માને અવલંબે મોક્ષમાર્ગ છે. આથી વિરુદ્ધ કોઈ માર્ગ કહે અને સત્યની કોઈ નિંદા કરતાં હોય તો હે જીવ! એ '**પાપક્રિયાથી નિવૃત્તિ જેનું લક્ષણ છે એવા...**' સુંદર માર્ગ છે. '**એવા ભેદોપચાર-રત્નત્રયાત્મક...**' જુઓ, નાખ્યું ભાઈ! લ્યો આવ્યું જુઓ, '**ભેદોપચાર-રત્નત્રયાત્મક...**' પાછું નાખ્યું. ઓલી વસ્તુ તો એ છે. પહેલી કહી ઈ. શુદ્ધ રત્નત્રય કારણ નિજ ભગવાન આત્માને અવલંબે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ છે. પણ વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યારે ભેદોપચાર રત્નત્રયાત્મક. ભેદોપચાર એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આવે તે ભેદરત્નત્રય છે. છે પુણ્ય છે, છે રાગ છે, છે વિકાર છે, પણ એ આવ્યા વિના રહેતો નથી. અને ભેદોપચાર રત્નત્રયમાં જ્ઞાન પણ શાસ્ત્રનું કરે. શાસ્ત્ર શું કહે છે? ગણધરદેવ જેવા પણ સાંભળે. ગણધરદેવ અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની રચના કરે. ગણધરદેવ જે ચૌદ પૂર્વની અંતર્મુહૂર્તમાં રચના કરે એ પણ તીર્થંકરની દિવ્યધ્વનિ સમવસરણમાં સાંભળે. છતાં આ શ્રદ્ધા અને જ્ઞાનમાં જોર વર્તે છે. જ્ઞાનનો કુંડ પરમાત્મ સિદ્ધ સમાન દરિયો તો અંદરમાં છે. એ ભરતી આવે ત્યારે જ્ઞાન થાય છે. એ બહારના પાણી પડીને મને જ્ઞાન થાતું નથી. કહો, સમજાય છે કાંઈ? અંતરનું જ્ઞાન વર્તે છે છતાં સમ્યગ્જ્ઞાનમાં વ્યવહારજ્ઞાન શાસ્ત્ર ને શ્રવણ, વાંચન, મનન, સ્વાધ્યાય પણ કરે છે. એ સમજે છે કે આ રાગ છે. એ ભેદરત્નત્રય આવ્યા વિના રહેતું નથી.

ત્રીજું મહાવ્રત. પંચમહાવ્રત એ ભેદરત્નત્રય રાગ છે, ચારિત્ર છે. એ વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એ શુભરાગ મુનિને, પાંચમા ગુણસ્થાને શ્રાવકને અને ચોથા ગુણસ્થાનવાળાને પણ અમુક ભક્તિ આદિ આવ્યા વિના રહેતું નથી. એ '**ભેદોપચાર-રત્નત્રયાત્મક...**' જુઓને એક-એક ગાથાએ બધો માર્ગ પૂરો કહી દે છે. આવો જે માર્ગ '**ભેદોપચાર...**' આમાં તો બધું નાખે છે, ભાઈ! ભેદોપચાર નામ જે ગુણસ્થાને જેટલો રાગ, જે ગુણસ્થાને જેવું નિમિત્ત, જે પ્રકારે અમે કહ્યું તે પ્રમાણે સમજજે, આડુઅવળું કરીશ નહિ કાંઈ તારા ઘરનું. સમજાય છે? છઠ્ઠા ગુણસ્થાન મુનિને ત્રણ કષાયનો નાશ થઈને અમે જે નિર્ગ્રંથદશા વર્ણવી છે એને વસ્ત્ર-પાત્ર ન હોય એ ધ્યાન રાખજે. આડુઅવળું કરીશ તો અનંતા સંતોની ઉથાપના, અનંતા મુનિઓનો જે સમ્યક્ ભાવ તેનો અનાદર અને એનાથી

વિરુદ્ધ કહેતા એનો આદર થતાં મિથ્યાત્વનું પોષણ થાય છે. કહો, મહેન્દ્રભાઈ! આ તો ઉભા રહેવા જેવું... ઓલા કહે છેને ઓલા રજપૂતનું શું કહે છે? 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ, ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા.' આવે છે કે નહિ? 'ચંચળ નારી કો નેણ છૂપે નહિ.' સમજાય છે? પછી શું કહે છે ચોથું કાંઈ? એવું આવે છે બધું. 'ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા.' ચંદ્ર ઢંકાણો પણ છતાં દેખાયા વિના રહે? એમ ચંચળ સ્ત્રીની આંખ ચંચળ થાય એ જણાયા વિના રહે? એમ સાધુ થઈ જાય એના પુણ્ય દેખાયા વિના રહે? સમજાય છે? ત્યાગી થઈ ગયો પણ એના પુણ્ય તો સાથે ને સાથે છે, એ ક્યાં જાય છે ક્યાંય? સમજાય છે? 'ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા.' ભભૂત લગાવે એટલે કાંઈ પુણ્ય ફરી જાય? સમજ્યાને? 'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ.' ટાણે આવ્યા ત્યારે એ વાણિયા જેવા ટેં..ટેં.. ન કરે. આ તો દાખલો છે હોં. વાણિયા પણ શૂરવીર થઈ જાય ત્યારે. આ તો રજપૂતનો દાખલો છે. રાજપૂતને જ્યારે કોઈ કહે. સમજાય છે?

એક .. હતું ભાઈ, મોટું .. ગરાસિયાને સાથે લીધેલો, ગરાસિયાને સાથે લીધેલો વાણિયાએ. બે જાતા હતા વર ને જાન મોટી, દાગીના-બાગીના. બે ડાકુઓ લૂંટવા આવ્યા. ઓલો ગરાસિયો કહે ધ્યાન રાખજે! ખબર છે હું કોણ છું? હું ગરાસિયો છું. મને સાથે લીધો છે, રૂપિયા નહિ ફક્ત ગામના માણસને સાથે લીધો છે, પણ આ જો જાન લૂંટાય તો માથુ જાય. ધ્યાન રાખજે! વાણિયા નહિ, હું લૂટાવ છું. ભાગી જા નહિતર મરી જઈશ. ભાગી ગયા ઓલા લૂંટારા ભાગ્યા. વાણિયા નથી હું એકલો છું. મને અમથો બેસાડ્યો છે. કોણ જાણે વાણિયા કોઈ રીતે ખબર હશે એને કઈ રીતે. મને કહે આવો બાપા સાથે. ગરાસિયા દરબારસાથે. પણ એને ખબર હોય. કોઈ બે જણા કોઈ છે લૂંટારા અને સામા .. જુઓ, હું રજપૂત છું ગરાસિયો! એ માથું જાય પછી વાણિયા ઉપર હાથ પડશે. બીજું નહિ થાય. ધીરૂભાઈ! એમ સર્વજ્ઞનો માર્ગ. આ તો દાખલાની વાતું છે હોં. એની નથી.

વીતરાગનો માર્ગ અખંડ ચિદાનંદ જ્યાં આત્માના સ્વભાવ નિજકારણપરમાત્માની વીતરાગ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ છે. આ એમાં કોઈ રાગથી, પુણ્યથી, નિમિત્તથી ધર્મ કહેવા આવે એ લૂંટાવા .. ભક્તિને. મારો સ્વભાવ અમારો વીતરાગનો પંથ છે. એ સિવાય કોઈ રાગથી, પુણ્યથી, વ્યવહારથી, નિમિત્તથી ધર્મ કહે એ ધર્મના લૂંટારા છે. મોહનભાઈ! એ ધર્મના ડાકુઓ છે. ધર્મના ડાકુઓ છે ડાકુ. એ ડાકુને સાંભળીને હે ભવ્યજીવ! તારા ચૈતન્યના રજપૂતને જે વીર્યે ચડેલો માર્ગ આત્માના અંતરમાં, અંતર સ્વભાવની શ્રેણીની સરેણે ચડ્યો એમાં શંકા પડવા દઈશ નહિ. પણ આવા ઘણા મોટા વિદ્વાનો આમ કહે, મોટા મોટા પંડિતો એમ કહે કે નિમિત્ત આવે તો થાય, આનાથી આમ થાય, ઢીંકણું આમ થાય, એની મેળાએ ક્યાંય થાતું હશે? એમ અજ્ઞાનીઓના કુતર્ક. હવે જુઓ નીચે કહેશે. આવે છે નીચે. એવા કુતર્કને સાંભળીને... સમજાય છે? તું અભક્તિ કરીશ નહિ. આવા ટાણા ફરીને નહિ મળે.

કહો, સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે **'ભેદોપચાર-રત્નત્રયાત્મકમાર્ગ...'** સર્વજ્ઞદેવનો જે મુનિનો માર્ગ હોય. સમજાય છે? શ્રાવકનો પણ માર્ગ જેના પ્રમાણમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની ભક્તિ ન કરે. એવો શ્રાવકનો પણ ભેદોપચાર માર્ગ છે. દુનિયા માટે, લાજ માટે કરે પણ કન્યા નહિ મળે. .. છોકરા નહિ પરણે... અરે! થવાનું હોય એ થાશે. એ લાલા પેઠા જેવા, વાણિયા જેવા એ હોય નહિ. મોક્ષમાર્ગના ચડેલા જેવો લાલાપેઠા ન કરે. ..ભાઈ! ભાઈ! આમ કરવા જઈએ તો નાતબહાર કરે તો? આમ કરવા જાય તો આપણા દીકરા ન પરણે. અરે.. નમાલા! તું તે મોક્ષને માર્ગે ચડવા આવ્યો છો કે કોઈ હજી તારા સંસારનું વેલું હલવવી છે તારે? ધર્મી જીવને ભગવાન શિખામણ કહે છે. યાદ રાખજે આ ચૈતન્ય માર્ગ અમે કહ્યો અંતરનો વીતરાગી માર્ગ, એમાં કોઈપણ રાગથી, નિમિત્તથી, પુણ્યથી, વ્યવહારથી ધર્મ કહે એ જૈન વીતરાગ આત્મા ..ના એ લૂંટારા છે. એની નિંદા સાંભળીને તું દ્વેષ કરીશ નહિ. સત્યનો દ્વેષ કરીશ નહિ કે આવો એક જ સાચો? ત્યારે બધું ખોટું? ફલાણું ખોટું? એક જ સાચું છે. સત્ય એક હોય. સત્યના બે પડખાં હોઈ શકે નહિ.

એટલે કહે છે **'ભેદોપચાર-રત્નત્રયાત્મક અને અભેદોપચાર-રત્નત્રયાત્મક...'** એ તો માથે કીધું એ. અભેદ અંદર આત્મા અખંડાનંદ પૂર્ણની શ્રદ્ધા, પૂર્ણનું જ્ઞાન અને પૂર્ણને અવલંબે અનુષ્ઠાન એ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એને અભેદોપચાર કહે છે. અભેદોપચાર. પણ ઓલા ત્રણ ભેદ પાડેને એટલે. ભેદ પાડ્યા વિનાનો અભેદ છે. ભાઈ! ઉપચાર કેમ કહ્યું? ઓલા ત્રણ બોલ પડ્યા છે ખરાને. ત્રણ-ત્રણ. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ ત્રણ અભેદ ઉપચાર છે. ઉપચાર કીધુંને? ત્રણ પર્યાય ઉપચાર છે. ત્રણનું એક આત્મામાં થઈ જવું તેને અભેદ અનુપચાર રત્નત્રય કહે છે. એવા સર્વજ્ઞ વીતરાગના માર્ગને કોઈ નિંદે છે આવું સાંભળીને. લ્યો! બસ, આત્માનું કરવું? બધા સ્વાર્થી થઈ ગયા? તો તું કે દિ' પરમાર્થી હતો?

દરેક પ્રાણી પોતાના સ્વ અર્થનું પ્રયોજન સાધી રહ્યો છે. કોઈ કોઈનું કરતો નથી. હરામ કોઈ દીકરા માટે કરે, બાયડી માટે કરે, કોઈએ કદી કર્યું નથી. એ તો પોતાના રાગના પોષણ માટે આવું કરી રહ્યા છે. માટે દરેક જીવ સ્વાર્થી છે, સ્વ અર્થના પોષણ કરનારા છે. એવા જીવો અજ્ઞાનીઓ કોઈ વીતરાગમાર્ગને **'નિંદે છે, તે સ્વરૂપવિકળ જીવોનાં...'** જુઓ, **'સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત)...'** ચૈતન્ય કોણ છે એની ખબર વિનાના કે આવા આવા બિચારા છ-છ મહિના, બાર-બાર મહિના સુધી આહાર ન કરે, જંગલમાં પડ્યા રહે એને કાંઈ ધર્મ ખરો, અરે! ધર્મ આત્માના સમજ્યા વિના મરી જાય તો બોકડા જેમ ફરે છે છ-છ મહિને નથી .. એમ કોઈ છ-છ મહિને કોઈ લોચ કરાવે, વાળ તોડાવે એ બોકડા જેવા છે. આત્મા તો છે અને સર્વજ્ઞે કહેલો વીતરાગમાર્ગને જાણ્યા વિના એ બધા લોચ

બોકડા જેવા છે. એનાથી .. છે કે આવી ક્રિયા કરે, ઉના પાણી, ઉઘાડે પગે ચાલે, એમાં ચોવિહાર કરે. કાંઈક તો હશે કે નહિ? ચંદુભાઈ! એમાં કાંઈક તો હશે કે નહિ? કાંઈક છે રખડવાનું મિથ્યાદર્શન. આત્મા ચૈતન્યની વાત સર્વજ્ઞને કહેલી, મુનિઓએ કહેલી, સંતોએ અનુભવેલી એને જાણ્યા વિનાની જેટલી વાતો કરે એ સ્વરૂપવિકળ. સ્વરૂપની ખબર નથી. અખંડ ચૈતન્ય જેટલી ક્રિયા ધર્મની એ બધી આત્માને અવલંબે થાય છે, કોઈ શરીરને કારણે અને પુણ્યને કારણે થતી નથી. એવી વાતની જેને ખબર નથી એ '**સ્વરૂપવિકળ (સ્વરૂપપ્રાપ્તિ રહિત) જીવોનાં કુહેતુક...**' જુઓ, દાખલા એવા આપે અત્યારે. સમજાય છે? એક જણાને કીધું કે આત્મા હાથ ઉંચો ન કરે. તો કહે લ્યો, મેં કર્યો. જુઓ મેં કર્યું તને શી ખબર છે કે આત્મા શું કરે છે અને જડ શું કરે છે? સમજાય છે? તો તો માણસ એમ કહે કે માંસ ખાઈને મને દુઃખ મટી જાય છે, લ્યો! માંસ ખાય છેને ભૂખ લાગી હોય ત્યારે. ભૂખ લાગી હોય બોકડો કાપીને માંસ ખાય ભૂખ મટે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ સુદ ૩, રવિવાર તા. ૨૭-૦૪-૧૯૫૨, કળશ-૩૦૬-૩૦૭, પ્રવચન નં. ૪૨૫

આ નિયમસારની ૧૮૬મી ગાથા ચાલે છે. એની ટીકા થઈ. '**(હવે આ ૧૮૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**'

(शार्दूलविक्रीडित)

देहव्यूहमहीजराजिभयदे दुःखावलीश्वापदे
विश्वाशातिकरालकालदहने शुष्यन्मनीयावने *।
नानादुर्णयमार्गदुर्गमतमे दृङ्मोहिनां देहिनां
जैनं दर्शनमेकमेव शरणं जन्माटवीसंकटे।।३०६।।

જુઓ, આ ગાથામાં એમ કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય કે આ સત્ય માર્ગ જીવોને સાંભળવો અને સમજવો અનંતે કાળે દુર્લભ છે. એવા માર્ગથી કોઈ વિરુદ્ધ માર્ગની પ્રરૂપણા કરીને સત્યની નિંદા ને ઈર્ષા ને મત્સર કરતાં હોય તો તું સત્યની અભક્તિ ન કરજે. ઓળખાણ કરીને સાચા માર્ગની રુચિ અને શ્રદ્ધા કરજે. પણ આ બીજાઓ નિંદા કરે છે અમારે કેમ નભવું? આવો માર્ગ વીતરાગનો અનેક પ્રકારનો અનાદિકાળથી વિપરીત માર્ગ જગતમાં ચાલે

છે એમાંથી સત્ય ધર્મ શોધવો એ મહા અનંત પુરુષાર્થ માગે છે. એટલે એનાથી કોઈ વિરુદ્ધ હોય તો એ નિંદાને કારણે, ભગવાને વીતરાગમાર્ગ કહ્યો છે તત્ત્વ એ પ્રત્યે અભક્તિ કરીશ નહિ.

જુઓ, આજનો દિવસ છે એ ભગવાનનો આહારદાનનો છે. દાખલો આજ એમાં લઈએ. આજનો દિવસ વૈશાખ સુધ ૩ એ આ ચોવીશીમાં ઋષભદેવ ભગવાન તીર્થંકર થયા એમણે મુનિપણું એટલે આત્મજ્ઞાનસહિત અંતરની આનંદની લીનતા સાધવામાં એ ત્રણ કષાયનો નાશ કરીને મુનિપણું સાધતા હતા. એમણે દીક્ષા લીધા પછી છ મહિના તો અપવાસ કરેલા. એ અપવાસ કેવા? લોકો કહે છે એવા નહિ. આત્મા અખંડ જ્ઞાનાનંદનું ભાન હતું અને એમાં લીનતા થતાં ઈચ્છા જ ઉત્પન્ન ન થઈ. એ ઈચ્છા ઉત્પન્ન ન થઈ તો ભગવાનને છ મહિના સુધી આહાર લેવાનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. આહાર જ મળવાનો હતો નહિ.

વસ્તુના સ્વરૂપમાં ચિદાનંદ જ્ઞાનાનંદમાં લીન થતાં ઈચ્છાની જ્યાં ઉત્પત્તિ ન થઈ અને સહજાનંદની શાંતિનો અનુભવ જ્યાં વિશેષ વધ્યો એને તપસ્યા ભગવાન કહે છે. અને એ છ મહિના પછી જ્યારે આહાર લેવાની વિકલ્પ વૃત્તિ થઈ. ભીક્ષા લેવા માટે જતા, પણ પ્રથમ જુગલિયાનો કાળ વીતેલો અને શરૂઆત કાળ હતો, વિધિના જાણનાર ન હતા અને અહીંયાં આહાર મળવાની યોગ્યતા પણ ન હતી. છ મહિના સુધી આહાર લેવા ગયા. સમજાય છે? દરરોજ આહાર લેવા જાય અને આહાર મળે નહિ. પ્રશ્ન ઉઠે જગતને કે આવા ચાર જ્ઞાનના ધણી, જે મનની વાત જાણે છે, જેને અવધિજ્ઞાન છે એ પણ દરરોજ આહાર લેવા જાય અને વળી પાછા ફરે. તો એકવાર જોવું હતું અવધિજ્ઞાન મૂકીને કે મને ક્યારે આહાર મળશે. પણ એ કુતર્ક છે અજ્ઞાનીનો. સમજાય છે? એ વસ્તુને સમજતા નથી. એ જ્ઞાનાનંદમાં જ્યાં ઝૂલે છે ત્યાં ક્યારે આહાર મળશે અને કોને ઘરે મળશે? અને ક્યો દાણો મળશે? એમ જોવા બેસે? એમ જોવા ન બેસે. એ તો સ્વરૂપનું સાધન અકષાય શાંતિ વીતરાગી દશાને અંતર સાધી રહ્યા છે. એમાં વિકલ્પ ઉઠે છે શુભરાગ આહાર લેવાને માટે સંયમનો નિમિત્ત. એ જાય છે અને આહાર મળતો નથી, વળી પાછા ફરે. એમ છ-છ મહિના સુધી. તો કેટલાકને તો એમ પણ કુતર્ક થાય ત્યાં કે આવા ત્રણ જ્ઞાનના ધણી, ચાર જ્ઞાનના ધણી તીર્થંકરદેવ એને પણ ખબર ન પડી કે આજે આહાર મળશે કે નહિ? ...ભાઈ! કહો, ચાર જ્ઞાનના ધણી છે ઈ. સામાના અઢી દ્વીપના મનના ભાવની વાત જાણે છે. કેવળજ્ઞાન નથી. છતાં એ તો સ્વરૂપના સાધનનો જ પ્રયત્નમાં સાવધાની છે. એ ક્યાં આહાર મળશે? અને કે દિ' મળશે? એ જોવા તરફ એનું લક્ષ હોતું નથી.

એ પ્રમાણે છ મહિના પહેલાં અપવાસ હતા, ધ્યાનની લીનતામાં એ ઈચ્છા (થઈ) નહિ અને પ્રત્યાખ્યાન કરીને જ્ઞાનમાં લીનતા થઈ ગયેલી. છ મહિના આહાર ન મળ્યો એમ કરીને

બાર મહિનાની તપસ્યા આહારના ત્યાગની વ્યવહારે કહેવાય છે. અંતરમાં તો અકષાય અને શાંતિ આનંદ જે ચિદાનંદ આત્મા એમાંથી ઝરણા શાંતિના ફૂટતા અનાકુળ શાંતિનો અનુભવ કરતાં. આ એને તપસ્યા કહેવામાં આવે છે. એને અંતરમાં આત્મામાં શુદ્ધિ, પવિત્રતાની વૃદ્ધિ અને અશુદ્ધતાનો નાશ ક્ષણે ક્ષણે થતો હતો. એને ભગવાન નિર્જરા કહે છે. આ એની કોપી ચાલી હવે નકલ. સમજાય છે? એ ભગવાને શું કર્યું હતું અને કોને નિર્જરા અને કેમ થાય? આ બાર મહિનાના અપવાસ એકાંતરા કરે એને અપવાસ કહેવાય, એને વર્ષીતપ કહેવાય અને એને નિર્જરા કહેવાય. સમજાય છે? એ સમજ્યા વિનાની નકલ કરે એને અક્કલ હોતી નથી. ..ભાઈ! એ અક્કલ વિનાની નકલ છે.

એ ભગવાન સર્વજ્ઞ થયા પહેલાં કેવળજ્ઞાન સાધવામાં સ્વરૂપની લીનતા શાંતનો દરિયો અનાકુળ ચૈતન્ય પર્વત એની અંતરની દૃષ્ટિ અને રમણતા ફાટેલી એની લીનતામાં ભૂલી ગયા, ઈચ્છા છૂટી ગઈ છ-છ મહિના સુધી આહાર નહિ. એનું નામ પચ્ચખાણ અને નિર્જરા છે અને પછી છ મહિના ગયા અને વિકલ્પ હતો શુભરાગ. ન મળ્યો. વિકલ્પ તૂટી ગયો અને શાંતમાં અનુભવમાં આનંદમાં રહ્યા. એનું નામ બાર મહિના તપસ્યા વર્ષીતપ કહેવાય છે. એને આત્માના ભાનમાં નિર્જરા કહેવાય છે. કુતર્કીઓ કહે કે ત્યારે એમણે પણ કરી તો અમે આહાર નથી કરતાં. અમે પણ આહાર ખાતા નથી. પણ એ આહારનો ત્યાગ અને આહારનું કર્તાપણું, આહારનું ભોક્તાપણું એને તો શાસ્ત્રકાર નય જ કહેતા નથી. એને તો કુનય કહે છે. ..ભાઈ! પંચાધ્યાયીમાં. ભાઈ આહાર, પાણી, વસ્ત્ર આપણે મેળવીએ, આપણે ખાઈએ, આપણે ભોગવીએ. એ કોઈ નય હશે? નય એટલે કોઈ જ્ઞાનનું પડખું હશે? કે ના, એ નય નથી, નયાભાસ છે, કુનય છે. એ નયનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનનો એ અંશ છે નહિ. કેમકે નય એ આત્માના તદ્ગુણસમ વિજ્ઞાનનય. આત્મામાં કાંઈ ગુણનો ભેદ અને રાગ થાય તેને જાણે તેને નય કહીએ. પરપદાર્થનું કર્તાપણું, ભોક્તાપણું, છોડવાપણું, ગ્રહણપણું એવો જે નય તેને અમે નય અને સમ્યગ્જ્ઞાન કહેતા નથી.

હવે આ સર્વજ્ઞની પ્રાપ્તિ પહેલાં તીર્થંકરદેવે શું કર્યું. એની જેને ખબર નહિ. આ બહાર ત્યાગ અને બાર અપવાસ કરીને માને કે આપણે નિર્જરા કરી અને આપણે કાંઈક તપસ્યા કરી. એ તપસ્યા, નિર્જરા છે નહિ. ભગવાનને સહેજે બાર મહિનાની અંદર એ જાતની શાંતિ અને ઉપવાસનું ધ્યાન આદિ વર્ત્યું. આજને દિવસે એ એક નગરમાં પેઠા. શ્રેયાંસકુમાર એ રાજના કુમાર હતા. એમને ઘરે એમણે પારણું શેરડીના રસનું (કરાવ્યું). એ કાંઈ એને માટે શેરડીરસ નહિ લાવેલા. તાકડે શેરડીનો રસ હતો. સ્વપ્ન આવ્યા કે અહો..! ભરતક્ષેત્રમાં કલ્પવૃક્ષ સુકાય છે. વિચાર આવ્યો કે આ શું? નિમિત્તજ્ઞાનીને પૂછ્યું કે આ મને સ્વપ્ન આવ્યું છે કે કલ્પવૃક્ષ સુકાય છે એ શું? કે ચાર જ્ઞાનના ધણી ઋષભદેવ ભગવાન દિક્ષીત થયા, મુનિ થયા એને બાર-બાર મહિના સુધી આહાર મળ્યો નથી એટલે શરીર જીર્ણ થયું છે. આ તારે

ઘરે શ્રેયાંસકુમારને સ્વપ્નું આવેલું તો એને આ પૂછ્યું બીજાને નિમિત્તજ્ઞાનીઓને કે આ શું? કલ્પવૃક્ષ સુકાય છે? ભાઈ! મુનિ સર્વજ્ઞ ભગવાન પ્રાપ્તિ, સર્વજ્ઞપણું પ્રાપ્તિ કરવા સાધન માટે નીકળેલા છે ભગવાન તીર્થંકરદેવ એનું શરીર જીર્ણ થયું છે. બાર મહિના આહાર મળ્યો નથી. આજે તારે ઘરે, તારે આંગણે પધારશે અને તારે ઘરે આહાર લેવાશે. એટલે એને આનંદ આવ્યો કે ઓહો..! આજે મારે ઘરે આહાર! પોતે રાજાનો કુમાર છે. મહા ચરમશરીરી દેહ છે. છેલ્લો એ દેહ છે. એ દેહે જ જેની મુક્તિ છે. ઋષભદેવ ભગવાનની તે દેહે મુક્તિ છે, પણ આ દાન દેનારની પાત્રતા અને આત્મજ્ઞાનને લઈને એ દેહે મુક્તિ છે. આહારને લઈને નહિ હોં, ધ્યાન રાખજો.

જેમ ભગવાનની તપસ્યા એ આહારના ત્યાગને લઈને નહિ. ભગવાનની તપસ્યા એ ચિદાનંદ સ્વભાવની લીનતાને લઈને તપસ્યા કહેવાય છે. એમ શ્રેયાંસકુમારે આહાર દીધો. એ દીધો-લીધો એ તો જડની ક્રિયા છે, એમાં ભાવ શુભ થયો એ પુણ્ય છે. પાછળ ભાન હતું કે 'આ રાગ અને ક્રિયા હું નહિ, અમે ચૈતન્ય આનંદકંદ શુદ્ધ છીએ.' એવી સ્થિરતા વર્તતી હતી તે ભવના અભાવનું કારણ છે. એ શ્રેયાંસકુમારે.. ભગવાન આમ આવ્યા, ભાળ્યા, ખુશી થઈ ગયો. કડ બાંધી શેરડીનો રસ એમ કે વહોરાવીએ. સમજાય છે? પણ શું વહોરાવવું કઈ વિધિ એની ખબર ન મળે. કેમકે જુગળિયાનો કાળ ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમમાં ગયેલો. કેમ વિધિ અને મુનિ પહેલાં... અઢાર ક્રોડાક્રોડી સાગરોપમમાં ઘણો મોટો કાળ છે એ અઢાર ક્રોડાક્રોડી સાગરોપમ એટલે. એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય, એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. એવા અઢાર ક્રોડાક્રોડ સાગરોપમમાં કોઈ મુનિ આ ભરતક્ષેત્રમાં નહોતા અને કોઈ આહાર દેનાર પણ નહોતું. આ વૈશાખ સુદ ત્રીજે એ આહાર લેનાર અને આહાર દેનાર બે પાત્રની જોગવાઈ કુદરતે અઢાર ક્રોડાક્રોડી સાગરોપમને આંતરે થઈ.

શ્રેયાંસકુમારને વિધિની ખબ ન મળે કઈ રીતે આહાર દેવો. આમ જ્યાં ભગવાન પધાર્યા. ખમ્મા પ્રભુ! પધારો.. પધારો.. અન્નદાતા. પણ વિધિની ખબર નહિ. આમ જોઈ રહ્યા. જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વના ભવનું જ્ઞાન થયું રાજકુમારને. સમજાય છે? ઘરે રાણીઓ, મોટા રાજા, રાજકુમાર ચરમશરીરી, દેવતાઈ પુરુષો, મણિરત્નની પૂતળી જેવા જેના શરીરો, પુણ્યના પૂતળા. આમ ભગવાનને જોયું, અરે! પણ આહાર કેમ દેવો? વિધિની ખબર ન મળે. જાતિસ્મરણ થયું. પૂર્વનો ભવ યાદ આવ્યો. અહો! ભગવાનનો આત્મા આઠમે ભવે એ રાજા હતા અને હું એની રાણી હતી. સમજાય છે? એ મારા પતિ હતા અને હું એની પત્નિ હતી આઠ ભવ પહેલાં. અને અમે મુનિઓને આહાર વહોરાવ્યા હતા. આ વિધિએ વહોરાવીયા હતા. એ બધું જ્ઞાન થઈ ગયું જાતિસ્મરણમાં. જાતિસ્મરણ એટલે પૂર્વના ભવનું યાદ આવ્યું અંદરથી. અહો! અમે પતી-પત્ની તરીકે આઠ ભવ પહેલાં મુનિઓને આ વિધિએ

આહાર વહોરાવ્યો હતો. બહુ આનંદ થઈ ગયો, ખુશી થઈ ગયા. શેરડીના રસના ઘડા લઈને શેરડીનો રસ ભગવાને આમ હાથ રાખ્યો. એ તો મૌન છે ભગવાન તીર્થંકર, ચાર જ્ઞાનના ધણી છે, છદ્મસ્થ છે. સમજાય છે? હજી સર્વજ્ઞ થયા નથી. પણ એ વખતનો દાતા, પાત્ર, વિધિ, અન્ન વગેરે બધી નિર્દોષતા. દેવોએ માથે એમ કે વૃષ્ટિ કરી સુગંધી, પાણી વરસાવ્યું, વગેરે વગેરે ફૂલો વરસાવ્યા અને અહો..! દાન, મહાદાન! અઢાર ક્રોડાક્રોડી સાગરોપમને આંતરે આજ આ ભરતક્ષેત્રમાં આ તીર્થંકર જેવા મુનિને આહારદાનનો યોગ બને છે. શ્રેયાંસકુમાર જેવા રાજકુમાર મહા ભગવતી પુરુષ જેને એ ભવે મુક્તિ થવાની છે. પણ એ મુક્તિ આહારને લઈને નહિ. ધ્યાન રાખજો. આહાર છૂટ્યો માટે તીર્થંકરને તપસ્યા અને નિર્જરા નહિ અને દેનારને આહારની ક્રિયા તો જડ છે. અંદર રાગ આવ્યો છે એ શુભ પુણ્ય છે, પણ અંતર ભાન છે મુનિ કોણ અને આત્મા કોણ. એવું અંતર સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનું ભાન છે એમાં સંસાર તોડી નાખ્યો છે. અને આહાર આપતા મહા આનંદ-આનંદ એને થયો. એ આજ વૈશાખ સુદ ત્રીજનો એ દિવસ છે. એટલે લોકો હવે વર્ષીતપ કરીને આ રીતે કોપી કરીને નકલું કરે છે, પણ એનો અંશ પણ થાય નહિ. કારણ કે એ આત્મા કોણ છે? આહાર શું છે? રાગ શું છે? એનું જેને અંતરથી ભેદજ્ઞાન નથી, એને પરનો અહંકાર અને અભિમાન કોઈ દિ' ઉઠતું (ટળતું) નથી.

ભેદજ્ઞાન નામ પૃથક્તા નથી. એને રાગનું અભિમાન ન ટળે અને દેહની ક્રિયા કે આહારની ક્રિયાનું અભિમાન ટળે નહિ. અને પરનું અભિમાન ન ટળે ત્યાં સુધી મિથ્યાદષ્ટિપણું જાય નહિ અને સ્વભાવની દૃષ્ટિ જ્ઞાતા-દૃષ્ટાની ન થાય ત્યાં સુધી અંતરના ચેતનના આનંદનું માહાત્મ્ય આવે નહિ. એ માહાત્મ્ય દઈને મુનિઓને. ઋષભદેવ ભગવાન મુનિને અને દેનારને બેયને આત્માનું માહાત્મ્ય હતું. એનો આ દિવસની ઉજવણી અને ખરેખર તો મહોત્સવ કહેવાય છે. પણ અત્યારે તો હવે બહારનું ઢસરડા થઈ ગયા. નથી વસ્તુની ખબર, નથી શ્રદ્ધાની ખબર, કોને કહેવો આત્મા? કોને કહેવો ધર્મ? કોને કહેવો સંવર-નિર્જરા? એટલે એ આ દિવસ છે એનો આ મોટો આજનો દિગંબરમાં મોટો મહોત્સવનો દિવસ ગણાય છે. આહારદાનનો ભગવાનનો દિવસ છે અને વ્રતી એવા મુનિઓને લેવાનો પણ દિવસ છે. એને ઉજવણી તરીકે યાદગીરી સ્મરણમાં (લેવામાં આવે છે).

સાક્ષાત્ ભગવાન તો ઘણાં ક્રોડાક્રોડી સાગરોપમ થયેલા, દેનાર પણ ત્યારે થયેલા. પણ એની યાદગીરી કરીને જાણે વર્તમાનમાં હોય... સમજાય છે? એનું સ્મરણ કરતાં કરતાં જાણે વર્તમાન ભગવાન હોય અને આહાર દેતા હોય એની સ્મૃતિ કરનારો રાગને ભૂલી અને જ્ઞાનને યાદ કરે એને માટે આ સ્મૃતિ છે. એ ક્રિયા તો ક્રિયાને ઘરે થાય, પૂર્વે થઈ ગઈ, પણ ધર્માત્મા જીવો એને નજીક કરે છે પોતાના આત્માને. ગયે કાળે બનેલી પણ જાણે હમણા બની અને આવતા કાળે બનવાની હોય એને જાણે અત્યારે બને છે એમ કેટલાક ધર્માત્મા

ભવિષ્યની વર્તમાન પર્યાયને ખેંચીને.. ખેંચીને એટલે? ભવિષ્યમાં થવાની એટલે જાણે વર્તમાનમાં થાતી હોય એમ કરીને પોતાનો પુરુષાર્થ ઉપાડતો હોય છે. દામોદરભાઈ!

પૂર્વે થઈ ગયા એને યાદ કરીને પુરુષાર્થ ચૈતન્યનો ઉપાડે છે, ભવિષ્યમાં થશે એમ યાદ કરીને પણ પોતાના પુરુષાર્થને ચૈતન્ય તરફ વાળે છે. આ એનું નામ ધર્મ અને નિર્જરા કહેવાય છે. બાકી વચ્ચે રાગ આવે છે એ તો પુણ્યનું કારણ છે. બહારની ક્રિયા તો સ્વતંત્ર થાય એમાં આત્મા એનો સ્વામી-ધણી છે નહિ. લ્યો, આ એનો દિવસ ગણાય છે. સુમનભાઈ! અક્ષય ત્રીજ. ઈક્ષુરસ એટલે કહેવાય છે. ઈક્ષુરસ ભગવાનને મળેલો આહારમાં બાર મહિને. ૩૦૮ એટલે એ જે હતા બાર મહિના એમાં કાંઈ એકેય દિ' ખાધુ નહોતું. તો બે તો ઉનાળા ગયા વચમાં. એવામાં એ મળેલું એટલે દેવોએ એનો આશ્ચર્ય કરેલો આ એને આજનો દિવસ અને મહોત્સવ તરીકે ગણાય છે. પણ એ ધર્મ સમજવો અને ધર્મના દેનારને સમજવા એ બહુ અપૂર્વ પુરુષાર્થ અને અપૂર્વ વીર્ય માગે છે.

અહીં હવે જુઓ, આ ગાથામાં કહે છે ૧૮૬. એ વાત કરે છે જુઓ, અહો! આ સંસારરૂપી અટવી, આ સંસારરૂપી અટવી વિકટ સ્થળ. જુઓ, એમાં સાચો માર્ગ સમજવો મહાદુર્લભ છે એ વાત કરે છે. '**તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળ...**' એ ચોથી લીટીમાં પદ છે. આ એની ઉપમા ચાલે છે. '**તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં...**' એમાં '**દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે,...**' અટવી હોયને અટવી. ધ્યાન રાખજો. એક મોટી અટવી હોયને ભયંકર અટવી. ભાઈ! વન. મોટું વન—અટવી. '**સંસાર-અટવીરૂપી વિકટ સ્થળ...**' કોઈ સામે માણસનો પગરવ નહિ, પશુનો પગરવ નહિ એવા વિકટ સ્થળમાં '**દેહસમૂહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર છે,...**' દેહના સમૂહરૂપી વૃક્ષપંક્તિ. જે વનમાં એ અટવીમાં જેમ ઝાડ હોયને ઝાડ અનેક હજારો-લાખો ઝાડ. એમ આ વિકટ અટવીરૂપી સ્થળમાં આ દેહના ઝાડો, દેહના સમૂહરૂપી વૃક્ષની હાર ભયંકર છે. એકવાર નારકી, એકવાર ઢોર, એકવાર સિંહ, એકવાર નારકી, ત્યાંથી મરીને વળી રાજા, રાજા મરીને નરકમાં, નરકમાં મરીને ઢોર, ઢોર મરીને દેવ, દેવ મરીને ઢોર. આવા એક પછી એક દેહરૂપી વૃક્ષ એની પંક્તિ નામ હાર એ ભંયકર ઝાડ છે. શેની વ્યાખ્યા ચાલે છે? ધ્યાન રાખજો. આવી અટવીને ઓળંગવી કઠણ છે એમ બતાવે છે.

'**સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં...**' દેહના ઢગલારૂપી વૃક્ષની પંક્તિઓ જેમાં પડી છે. એક શરીરથી બીજું, બીજાથી ત્રીજું, ત્રીજાથી ચોથું. હજારો-લાખો અનંતા શરીર કર્યા, અનંતા-અનંતા કીડાના, કાગડાના, કૂતરાના, કંથવાના, કીડીયોના, નારકીના, દેવના, રાજાના, શેઠિયાના, ગરીબના, ભિખારીના. એ વૃક્ષરૂપી જે '**દેહરૂપી વૃક્ષપંક્તિથી જે ભયંકર...**' અટવીમાં જેનો વાસ છે. '**જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુ (વસે) છે,...**' ઓલા અટવીમાં જંગલી પશુઓ, સારા માણસ તો નહિ પણ સારા પશુ પણ નહિ. એમ સંસારરૂપી

જે અટવી આ ચોર્યાસી લાખનું જે અટવી વિકટ સ્થળ. '**દુઃખપરંપરારૂપી જંગલી પશુ...**' આ ઉપમા આપી છે. પશુ કોણ? દુઃખની પરંપરા. એક પછી એક, એક પછી એક દુઃખની પરંપરાગ. ગત.. જમ્માઓ જમ્મં. એક ગર્ભમાંથી બીજે ગર્ભ અને એક જન્મમાંથી બીજે જન્મે. મારામાર, કાપાકાપ ચોર્યાસી અવતારમાં અનાદિથી થઈ રહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? '**તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં...**' '**જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુ (વસે) છે,...**' જુઓ આ વન મોટું. સંસારરૂપી જે અટવી છે એમાં દુઃખની પરંપરા થઈ રહી છે. એક પછી એક દુઃખ જેમાં થઈ રહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? જુઓ, શું કહે છે અહીંયાં? સંસારની અટવીરૂપી વિકટ સ્થળ છે આ સંસાર ચોર્યાસીના અવતાર. જેમાં દેહ પંક્તિરૂપી વૃક્ષનો મોટો ભયંકર દેખાવ છે. દેહ દેખાય એમાં તો હાડકા, માંસ અને બધા દેહની પંક્તિઓ દેખાય છે, કહે છે.

અને '**જેમાં દુઃખપરંપરારૂપી જંગલી પશુ (વસે) છે,...**' શેમાં? આ સંસાર અટવીમાં. દુઃખની પરંપરા. બધા દુઃખી છે. ધન્નાલાલભાઈ! શેઠિયાઓ દુઃખી, મોટા દુઃખી. આકુળતામાં બિચારા આકુળતાની હરામખોરીમાં દુઃખી. દામોદરભાઈ! નિર્ધન દીનતાથી દુઃખી, સધન અભિમાનથી દુઃખી. મારી લક્ષ્મી. પણ દુઃખના દાળિયા આખી દુનિયામાં દુઃખી-દુઃખી થઈ રહ્યા છે. દુઃખની પરંપરારૂપી જંગલી પશુ ચોર્યાસીના અવતારની અટવીમાં વસી રહ્યા છે. નરેન્દ્રભાઈ! શું સાચું હશે આ? દુઃખની પરંપરામાં સુખ પણ ન હોય? આ પાંચ-પચ્ચીસ લાખ-કરોડની મૂડી થાય, મોટા દેવ થાય. દસ-દસ લાખના વ્યાજ બાર મહિને જેને આવતા હોય એ સુખી કહેવાતા હશે કે નહિ? જીવણભાઈ! દુઃખી-દુઃખી. નિર્ધન દીનતાથી દુઃખી, સધન અભિમાનથી દુઃખી. સમજાય છે? દીકરાવાળા દીકરાના પળોજણમાં દુઃખી, વાંઝિયા દીકરાની માંગણી માંગણી કરે, એની આશામાં દુઃખી. આખી દુનિયા દુઃખી. સુખી તો આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ છે આ એનું ભાન કરે તો સુખ, બાકી સંસાર અટવીમાં સુખ છે નહિ. છોકરા વિનાના છોકરા માટે દુઃખી કે છોકરા મારે થયા નહિ. છોકરો થાય તો વળી ગાંડો અને નમાલો થાય તો દુઃખી. એ પુણ્ય વિના તો થાતું નથી મરી જાય તોપણ. દેવ ઉપરથી ઉતરે તોપણ પૂર્વના પુણ્ય હોય તો હોય. એ પુણ્ય પ્રમાણે મળે. એના પ્રયત્નથી કોઈ આપનાર આપી શકે, ત્રણકાળમાં દેવ આવીને આપે એ ત્રણકાળમાં બને નહિ. પણ બધા આખી દુનિયા સંસારરૂપી અટવી ભયંકર ... એમાં દુઃખની પરંપરા. અહીં તો દુઃખની પરંપરા લીધી છે, ભાઈ! જરીએ સુખ લીધું નથી. દામોદરભાઈ! કાંઈ સુખ નથી? આ બધા ૧૫-૧૫ લાખ અને ૨૦-૨૦ લાખ, ૨૫-૨૫ લાખના પડ્યા છો મોટા પાડા. પૈસા તો ઘણા છે મોટા. નાનાલાલભાઈ! મોહનભાઈ! ૫૦-૫૦ લાખ, કરોડ-કરોડ છે આ બધા તમારા પાસે. ૨૦-૨૦ લાખ પડ્યા છે તમારી પાસે એ બધા દુઃખી હશે? દામોદરભાઈ!

**શ્રોતા :-** રાંકા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાંકા. બે ભાઈઓ કહે છે ૧૫-૧૫ લાખ રૂપિયા. ૨૦-૨૦ લાખ બે ભાઈઓ પાસે છે, લ્યો. હવે કહે છે કે રાંકા, એ પોતે કહે છે રાંકા, લ્યો! ભાઈ! એ બધા દીન છે, પૈસાના ભિખારી છે. એ પૈસાની વ્યવસ્થા કરવાના આકુળતાના એ પૈસાના સેવક છે, એ બધા દુઃખી છે. જીવણભાઈ!

સંસારની અટવીમાં દુઃખની પરંપરારૂપી જંગલી પશુ વસે છે. આ પશુ હોં. ઓલા પશુ નહિ. પ્રેમજીભાઈ! ન હોય તો ન હોય એના દુઃખી. અમારે પૈસા છે નહિ. અહીં તો બીજું કહેવું છે હોં! સાર કહીને પાછું બીજું કહેવું છે. '**અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...**' માંધાતા હોય તોપણ કાળ કોળિયો કરી જાય છે. દેવ હોય ઈન્દ્ર તોપણ સ્થિતિ પૂરી થઈ જાય છે. કરાળ કાળ અતિ કરાળ કાળ. ઈન્દ્રને છોડે નહિ, તીર્થંકરને છોડે નહિ, બળદેવને છોડે નહિ, વાસુદેવને છોડે નહિ, ચક્રવર્તી જેને સોળ-સોળ હજાર દેવો તેનાતમાં ઉભા હોય. આયુષ્ય પૂરું થયું ખલાસ થઈ જાય. ઈન્દ્ર જેને ચાર બાજુ ચોર્યાસી-ચોર્યાસી હજારની ટૂકડી તેનાતમાં ઉભી હોય. આયુષ્ય પૂરું થયું. અન્નદાતા ક્યાં ગયા? સ્વામી ક્યાં ગયા? ગયા. એ શરીર ત્યાં પડ્યું ન રહે આ ઔદારિકની પેઠે. આત્મા નીકળી જાય અને પરમાણુ કપૂરની ગોટીની જેમ વીંખાઈ જાય. ચાર હજાર ચાર બાજુ ઊભા હોય ટૂકડી એ સામું જોયા કરે. શું થયું?

'**અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...**' જુઓ, આ અટવી. અટવીમાં જેમ અગ્નિ મોટી લાગે અને પછી બધા ઝાડ ખલાસ થઈ જાય. એમ આ સંસારરૂપી અટવીમાં મોટા શેઠિયા, રાજા, માંધાતા જેને મૂછે લીંબુ રહેતા અને જેને મોઢે નાગરવેલના પાન ચવાતા ત્યાં કોયલા પડ્યા સળગ્યા હરેરાટ સળગ્યા. નાગરવેલના પાન ચવાઈને લાલ મોઢા થાતા .. જેવા એ અગ્નિના અંગારે સળગ્યા. ઈન્દ્રો જેના હુકમથી જેને અસંખ્ય દેવો માનતા. પહેલા દેવલોકનો ઈન્દ્ર ૩૨ લાખ વિમાનનો લાડો. પૂરું આયુષ્ય થઈ ગયું. '**કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...**' કોઈનો પત્તો રહેતો નથી. સંસાર અટવી વિકટ સ્થળ છે. અહીં તો બીજું કહેવું છે કે એ વિકટ સ્થળને ઓળંગવું એ એક જૈનદર્શન સિવાય કોઈ શરણ છે નહિ. એ આગળ કહેશે. સમજાય છે?

એ '**અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...**' માંધાતાના માન ગયા, દીનતાની દીનતાઓ ગઈ, અમલદારની અમલદારતા ગઈ. અમલદારું ગયું હશે? શેઠાઈની શેઠાઈ ગઈ, ગરાસદારના ગરાસ ગયા, રાજાના રાજપણા ગયા અને ઈન્દ્રના ઈન્દ્રાસન ગયા. કોઈ શાશ્વત વસ્તુ છે નહિ. સંસારરૂપી અતિ વિકટ સ્થળમાં. આકરો સ્થળ કહે છે. જ્યાં આગળ જંગલી પશુ દુઃખની પરંપરા વસે છે અને દુઃખના શરીરરૂપી ઝાડની પંક્તિનું ભયંકરપણું જ્યાં દેખાઈ રહ્યું છે. ત્યાં '**અતિ કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...**' કહો, તીર્થંકરના સમવસરણ આમ રચાતા દેખાય છે ભરતક્ષેત્રમાં? અહીં હતું આમ બધું.

તીર્થંકરો હતા, સમવસરણ હતા, ઈન્દ્રો આવતા, ઉપરથી મુનિઓ જંગાચારણ, વિદ્યાચારણ મુનિઓ આવીને જેની સેવા કરતાં, જંગલમાંથી સિંહ અને વાઘ જેના દર્શન કરવા, વાણી સાંભળવા આવતા. એવા ત્રણલોકના નાથના દેહની પણ સ્થિતિ પૂરી થઈ ગઈ. કરાળ કાળ કોઈને મૂકે નહિ. અહીં તો સમજાવવું છે કે સ્થિતિ પૂરી થઈ જાય, કોઈ વસ્તુ રહેતી નથી.

'**કરાળ કાળરૂપી અગ્નિ જ્યાં સર્વનું ભક્ષણ કરે છે,...**' ગણધરો, મુનિઓ, સંતો, જ્યાં તત્ત્વના ધોખ માર્ગ, ધર્મના ધોરી ધર્મની ધોધ પ્રવાહ જ્યાં ધર્મની ધીકતી પેઢી આ ભરતક્ષેત્રે પણ જ્યારે ભગવાન હતા ત્યારે ચાલતી હતી એ પેઢી બંધ થઈ ગઈ. કરાળ કાળ જ્યાં બધાનું ભક્ષણ કરે છે. સ્થિતિ પૂરી થતાં બધું ત્યાં પલટી જાય છે. ધ્યાન રાખજો.

'**જેમાં બુદ્ધિરૂપી જળ સુકાય છે...**' સંસાર ચોર્યાસીના વિકટ સ્થળમાં બુદ્ધિરૂપી જળ સુકાઈ જાય છે. અટવીમાં જેમ જળ સુકાય (એમ) સાચી બુદ્ધિ સુકાઈ જાય છે. એ સંસારમાં બુદ્ધિનો વિકાસ હોય નહિ. મોટા માંધાતા ગણાતા હોય, મોટા વડાપ્રધાન જેવા વકીલો, એક-એક દિવસના બબ્બે હજારના લેનારા, એની બુદ્ધિઓ સુકાઈ જાય છે. એક તર્કે અને એક ન્યાયથી આમ કોર્ટને પણ એકવાર થંભાવી દે, જજને પણ એકવાર થંભાવી દે. એવા બબ્બે હજારના દનિયા લેનારા એની બુદ્ધિ સુકાઈ ગઈ કહે છે. બુદ્ધિ બમ થઈ ગઈ, નિગોદમાં ચાલ્યા ગયા, વનસ્પતિમાં ચાલ્યા ગયા. સંસાર વિકટ-વિકટ સ્થળ એવું છે બુદ્ધિના દરિયા ફાટેલા હોય આત્મજ્ઞાન વિના. અહીં તો આત્મજ્ઞાન વિનાની વાત છેને, ભાઈ! આત્મજ્ઞાન વિના જે બુદ્ધિ હતી, દરિયા ફાટે પાણીના પૂરની જેમ વહે. વાણી નીકળે શાસ્ત્રની કે લૌકિકની, આત્મજ્ઞાન વિના, એવાની પણ આત્માના ભાન વિના બુદ્ધિ સુકાઈ ગઈ. શેમાં? સંસારરૂપી વિકટ સ્થળમાં. '**જેમાં બુદ્ધિરૂપી જળ સુકાય છે...**' હવે વાત વિશેષ કહે છે. આ તો હજી બહારની વાત કરી. આ સંસારરૂપી અટવી વિકટ સ્થળની વ્યાખ્યા ચાલે છે.

'**જે દર્શનમોહયુક્ત જીવોને...**' જેને ભ્રાંતિ પડી છે, જેને મિથ્યાદર્શન છે, જેને ઊંધી શ્રદ્ધા છે, જેને દર્શનમોહ એટલે સ્વરૂપનું બેભાન વર્તે છે એવા '**જીવોને અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે,...**' એ માર્ગ હાથ આવતો નથી. અનેક કુનયરૂપી માર્ગ. કુનય. લ્યો, આ કુનય. નારણભાઈ! કુનય કીધીને ભાઈ પંચાધ્યાયીમાં. આત્મા અને શરીરને સંબંધ કહેવો એ કુનય છે. શરીર અને આત્મા ભિન્ન-ભિન્ન છે. એને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ પણ ખરેખર છે નહિ. છતાં અજ્ઞાનીઓ નય લગાડી અને આત્મા અને શરીરને સંબંધ છે અને આત્મા અને શરીર એક ક્ષેત્રાવગાહ છે અને આત્મા એને શરીરની પર્યાય થાય ત્યારે નિમિત્ત તો છેને, એમ કહીને ભગવાન કહે છે કુનય લાગુ પડે. શરીરની અવસ્થા શરીરને લઈને થાય, એમાં તારે આત્માના નિમિત્તનું શું કામ છે? સમજાય છે કાંઈ? પણ આવા કુનયો. આમ એક સાથે રહે છે શરીર અને આત્મા એટલે કુનય લગાડીને (કહે કે) આત્મા હોય તો શરીર ચાલે, આત્મા હોય તો શરીરને એને એકક્ષેત્રાવગાહસંબંધ છે ત્યાં સુધી તો

આત્માનું છે એમ કહો. એવા કુનયરૂપી માર્ગ એને લીધે અત્યંત દુર્ગમ છે. સમજાય છે કાંઈ?

વળી આત્મા કર્મ અને શરીરાદિનો કર્તા, આત્મા શરીર અને કર્મનો કર્તા એને પણ નય કહેતા નથી. નયાભાસ અને કુનય કહે છે. આ આત્મા ઘટ, પટ, મકાન, લક્ષ્મીનો બનાવનાર, લક્ષ્મી રળનાર, લક્ષ્મી પ્રાપ્ત કરનાર... ..ભાઈ! આ વ્યાજ ઊપજાવી શકો છોને તમે પણ શેઠિયાઓ. એ વ્યાજ ઊપજાવી શકીએ, પૈસાને લાવી શકીએ, મકાન બવાની શકીએ એ નયને નયાભાસ કહે છે. એ નય નથી, કુનય છે. કહો, સમજાય છે? આવા જે કુનયો અને અજ્ઞાનીઓને કુનયનો તો પાર નથી. નિમિત્ત આવે તો આમ થાય, નિમિત્તની મુખ્યતાથી કાર્ય થાય. આ બધા કુનયો છે. એ સાચું જ્ઞાન અને સાચા નયો નથી. ઓલા કુતર્ક જે લીધો હતો એમાંથી વધારે વિસ્તાર કરે છે પોતે ને પોતે.

આવા જે અટવીરૂપી જે મહાવિકટ સ્થળ સંસાર મિથ્યાદૃષ્ટિ સહિત જીવોને **'અનેક કુનયરૂપી માર્ગ...'** જુઓ, નીચે લીધું છે. **'મુશ્કેલીથી ઓળંગી શકાય એવું;** દુસ્તર. **(સંસાર-અટવીને વિષે અનેક કુનયરૂપી માર્ગોમાંથી સત્ય માર્ગ શોધી કાઢવો મિથ્યાદૃષ્ટિઓને અત્યંત કઠિન છે...'** સુરેન્દ્રભાઈ! એટલા પડખા કે સત્ય માર્ગ શોધવો, અનાદિ સનાતન સત્ય માર્ગ ક્યો છે એ તારવવો એ મિથ્યાદૃષ્ટિઓને સત્ય માર્ગ, કુનયના માર્ગમાંથી બહાર કાઢીને સત્ય સમજવું મહાકઠિન છે **'અને તેથી સંસાર-અટવી અત્યંતર દુસ્તર છે.)'** અજ્ઞાનીઓને સંસાર તરવો મુશ્કેલ થઈ પડ્યો છે. દુસ્તર. દુસ્તર એટલે કુનયના જ્ઞાનથી નવરો થાતો નથી, કુતર્કથી નવરો થાતો નથી. એથી અજ્ઞાની સંસારને તરવો જેને મુશ્કેલ થઈ પડ્યો છે. એવી સંસારરૂપી અટવી કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે, દુર્ગમ છે.

જુઓ, એમાં અત્યારે એટલો માર્ગ વિપરીત થઈ ગયો. મુનિપણું કોને કહેવું? કેવળી કોને કહેવા? સમ્યગ્દર્શન કોને કહેવું? કર્મ સ્વતંત્ર છે, આત્મા સ્વતંત્ર છે, વિકાર આત્મા સ્વતંત્ર કરે છે, એના પડખાં પ્રત્યેકના પૃથક્ પૃથક્ શોધીને આત્માને શોધવો અને સંસાર અટવીનો પાર પામવો. ઓલી સંસારરૂપી અટવીમાં કુનયરૂપી માર્ગ, માર્ગ એવા ફાટે અટવીમાં કે ક્યાંથી ક્યાં નીકળવું એ સૂઝ પડે નહિ. ઓલી નથી થાતી તમારે શું કહેવાય છે? ભૂલભૂલામણી. ભૂલભૂલામણી નથી થાતી ઓલી મહેંદીની? મહેંદીની બનાવે છેને, ભાઈ! વડોદરા. બગીચો છે મોટો વડોદરામાં. એમાં જોયો હતો. ત્યાં એક ફેરી ગયા હતા ભૂલભૂલામણીમાં વડોદરામાં. ઓલો કેસ ચાલતો હતોને અફીણનો. તે દિ' નવરા થઈએ ત્યારે પછી જોવા જાતા. એ મોટો છે. મહેંદીનો સમજ્યાને બનાવેલો ભૂલભૂલામણી. કે આમાં પેઠો અને સરખું ન આવડે તો નીકળી શકે નહિ. એમ સંસાર ભૂલભૂલામણી છે. એમાંથી કેમ નીકળવું ચકરાવામાંથી? પુણ્યમાંથી કાં તો નિમિત્તમાંથી કાં તો વ્યવહારમાંથી કાં કુગુરુમાંથી કાં કુશાસ્ત્રમાંથી કાં કુદેવમાંથી કેમ નીકળવું? કુનયરૂપી માર્ગ એને સૂઝવા દેતો નથી. ભાઈ! કહો, સમજાય છે કાંઈ?

**'અનેક કુનયરૂપી માર્ગોને લીધે અત્યંત દુર્ગમ છે,...'** મહાદુર્ગમ છે, દુષ્કર છે. દુર્ગમ

એટલે સમજવું મુશ્કેલ છે અને સંસારને તરવો મુશ્કેલ છે. અનાદિ કાળથી સલવાઈને પડ્યા છે. એટલા બધા પડખા. લ્યો, આત્માને આ શરીર સાધન નથી, ફલાણું નથી. સમજ્યાને? શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. શાસ્ત્ર પણ કહે છે કે શરીર સાધન છે. હવે સાંભળ તો ખરો. ધૂળ સાધન નથી, તારો રાગ પણ સાધન નથી. આ વ્યવહાર સાધન કહ્યું શાસ્ત્રમાં. વ્યવહાર સાધન. અરે! નિશ્ચય આત્મા કરણ સાધન કહ્યું છે સાંભળ્યું છે તેં? આત્મા પોતે ચિદાનંદ સચ્ચિદાનંદ આનંદકંદ તેમાં એક કરણશક્તિ નામનો અનાદિઅનંત ગુણ છે. એ સાધન થાય ત્યારે ઓલા રાગને ઉપચાર સાધન કહ્યું છે. પણ કુનયના માર્ગમાંથી ખસવું અજ્ઞાનીઓને મહાદુર્ગમ અને દુષ્કર થઈ પડ્યું છે.

પાઠમાં તો દુર્ગમ છેને, ભાઈ! દુર્ગમ એટલે જાણવું જ કઠણ થઈ પડ્યું છે. આ માર્ગે નીકળાય અને આ માર્ગનો અંત આવે એ જાણવું જ કઠણ થઈ પડ્યું છે. આડા અવળી ભૂલભૂલામણી. કુનયના ઘણાં પડખાં પંચાધ્યાયીમાં લીધા છે. ચાર તો લીધા છે, ભાઈ! ચાર લીધા છે. કહ્યુંને એક શરીરને આત્માને સંબંધ છે એ કુનય છે. આત્મા કર્મ અને શરીરનો કર્તા છે એ કુનય છે. આત્મા ઘર, સ્ત્રી, પુત્ર, મકાન એને મેળવી શકે છે એ કુનય છે. એમ જ્ઞાનમાં જ્ઞેય છે અને જ્ઞેયમાં જ્ઞાન છે, એમ નથી, કુનય છે એ સાચું જ્ઞાન નથી. જ્ઞાનમાં જ્ઞાન છે અને જ્ઞેયમાં જ્ઞેય છે. બેય સ્વતંત્ર ભિન્ન-ભિન્ન છે. કોઈ કોઈમાં છે નહિ. એવા એવા ત્યાં પણ એમ કહ્યું છે. કુનયવાળા એવા હેતુ, એવા દૃષ્ટાંત, એવી સંજ્ઞા, એવા ઉપચાર કરે કે બીજાને એમ લાગે કે આ પણ એક જ્ઞાનને નય લાગે છે. ..ભાઈ! એ પંચાધ્યાયીમાં કહ્યું છે. એટલે એવા દાખલા, એવા દલીલ (આપે) પ્રેમચંદભાઈ! ઓલા સાંભળનારને તો એવા લાગે કે આહા..! એ પણ દાખલા-દલીલ વાત સિદ્ધ કરે છે. અજ્ઞાનીઓના દાખલા બધા કુતર્કથી ઉભા થયેલા હોય છે. એ વસ્તુ આવા કુનયને લઈને અને કુયુક્તિને લઈને અને કુતર્કને લઈને આત્મા સંસારથી કેમ પાર પામે એનું જ્ઞાન એને મુશ્કેલ થઈ પડ્યું છે.

'**તે સંસાર...**' હવે આપણે તો સાર કહેવો છે. '**તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈનદર્શન એક જ શરણ છે.**' એક સર્વજ્ઞે કહેલો, વીતરાગે અનુભવેલો, જ્ઞાનીએ જાણેલો, ઈન્દ્રોએ આદર કરેલો, ત્રિકાળ જૈનદર્શન વીતરાગમાર્ગ. એ જૈનદર્શન એટલે અંતર વીતરાગમાર્ગ હોં પણ પાછો. જૈનદર્શન એટલે આત્માના આશ્રયે જે વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય એ જૈનદર્શન છે. વચ્ચે રાગ આવે, પુણ્ય આવે એ જૈનદર્શન નથી. એ તો રાગ તો ઉપચારથી ધર્મ કહેવાય, યથાર્થ ધર્મ છે નહિ. '**તે સંસાર-અટવીરૂપ વિકટ સ્થળમાં...**' આ તો બધો પક્ષ નહિ હોય? સાંભળ તો ખરો, નક્કી કર તો તને એક આ સિવાય બીજું સાચું લાગશે નહિ. ખોટા નયના માર્ગો જગતમાં એટલા પડ્યા પાથર્યા અનાદિના છે એમાંથી આ સંસારનો પાર લાવવો અજ્ઞાનીને દુર્ગમ અને દુષ્કર થઈ પડ્યું છે.

'**તે સંસાર-અટવીરૂપી વિકટ સ્થળમાં જૈનદર્શન એક જ શરણ છે.**' એ જૈનદર્શન

એ સનાતન ભગવાને કહેલો, કુંદકુંદાચાર્યે આચરેલો એ દિગંબર સંત માર્ગ જે મુનિનો માર્ગ છે એ એક જ જૈનદર્શન છે. એ સિવાય કોઈ જૈનદર્શન ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ. એ એક જ જૈનદર્શન આ સંસારની અટવીને પાર પામવાને શરણ છે, બીજું કોઈ શરણ નથી. પ્રેમચંદભાઈ! ભારે વાત, ભાઈ! જૈનદર્શન એટલે આ ઘણી વાતું કીધી. આ મૂળ નિયમસાર છેને. એમાં મૂળ આત્માની... જેટલી લોકો ક્રિયાકાંડ કહે છે એને બધાને નિશ્ચયમાં સમજાવ્યું અને મોક્ષમાર્ગ કહ્યો છે. તમે કહો એ નહિ, તમે કહો એ નહિ. આત્મા જ્ઞાયકને અવલંબે જેટલી વીતરાગતા પ્રગટે તેટલો મોક્ષમાર્ગ અને નિયમસાર છે, એ જૈનદર્શન અને જૈનમાર્ગ છે, બાકી જૈનમાર્ગ છે નહિ. આવા માર્ગને પત્તો મેળવવો અને સંસારનો પાર પામવામાં એક વીતરાગદર્શન ત્રિલોકનાથ સર્વજ્ઞનું કહેલું 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી' શ્રીમદ્ કહે છેને. 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી; અનાથ એકાંત સનાથ થાશે, અનાથ એકાંત સનાથ થાશે એના વિના કોઈ ન બાંહ્ય સાશે.' પણ ઓળખવું પડશે. વાડામાં તો ઘણા પ્રકાર પડી ગયા છે.

એ વીતરાગ જૈનદર્શન સર્વજ્ઞનો કહેલો પરંપરા અનાદિથી ચાલ્યો આવેલો કુંદકુંદાચાર્ય મહારાજ પરંપરાથી જે વાત કરી રહ્યા છે એ ઠેઠ સનાતન કેવળજ્ઞાનીની વાત અહીં કહી રહ્યા છે. એવું જૈનદર્શન આ વિકટ અટવી સ્થળમાં એક જ પ્રાણીને ઉગારવાને અને ઉદ્ધારવાને એક જ શરણ છે, બીજું કોઈ શરણ છે નહિ. કહો, મોહનભાઈ! બધા કહેતા હશે કે અમારો માર્ગ (સાચો). બાપુ! ઓળખો, સમજો. અહીં તો બધી ઘણી વાત કીધી. જે હિત કરવા માગે એ જીવની સત્તા કાયમ હોય, હિત કરવા માગે એનું અહિત પલટી જાય. હિત કરવા માગે એની હિતની દશા નવી થાય, હિત કરવા માગે એને હિતમાં સાચા સમજાવનારા પણ નિમિત્ત હોય, હિત કરવા માગે એને અહિત ટળીને અહિતના નિમિત્તોનું લક્ષ પણ છૂટી જાય. એ અહિતના નિમિત્તો, અહિતભાવ, અહિતનું કર્મ, હિતનું નોકર્મ હિત-હિતનું કર્મ, હિતનું નોકર્મ. હિતમાં કર્મ એટલે એ કર્મનો અભાવ અને હિતનું નોકર્મ દેવ-ગુરુ-શાસ્ત્ર અને પર્યાયનું પલટવું, ત્રિકાળ ગુણો, અનંતો અને અનંતા ગુણનો પિંડ એક આત્મા આ વાત નક્કી થયા વિના કોઈ મોક્ષનો માર્ગ શરૂ થતો નથી. કહો, સમજાય છે કાંઈ?

સ્વતંત્ર એક એક આત્મા, કારણ કે બીજો કરે તો આ કરે તો તો બધાનું કલ્યાણ થાય તે દિ' કલ્યાણ થાય, એક-એક આત્મા પોતાની પર્યાયને પલટાવીને, ટકીને, નિમિત્તો સાચા ઉપર લક્ષ કરીને, ખોટા નિમિત્તને છોડીને અને નિમિત્તનું લક્ષ છોડીને, સ્વભાવનું લક્ષ કરીને, આ બધી વાતો કબુલે, આ છે એમ માને, પર્યાય છે, વિકલ્પ છે, નિમિત્તો છે, પલટે છે, હું પલટું છું. મારા ગુણો અનંત છે અને ગુણનો ધરનાર એક વસ્તુ છે. એમ બધી કબુલાત એ સર્વજ્ઞના માર્ગ સિવાય આવા માર્ગનું સ્વરૂપ ક્યાંય હોઈ શકે નહિ. અને જેટલા પ્રમાણમાં પર્યાયમાં નિર્મળતા આવે એટલા પ્રમાણમાં રાગ ઘટતો જાય, એટલા પ્રમાણમાં એવા નિમિત્તો

તરફનું વલણ ખસી જાય એટલે નિમિત્તનો સંયોગ અને સંગ રહે નહિ. આવી એકધારા નિમિત્ત-નૈમિત્તિકની, રાગની પવિત્રતાની સ્વભાવની એ જૈનદર્શન સર્વજ્ઞમાર્ગ સિવાય ક્યાંય ત્રણકાળમાં અને તે આ કુંદકુંદાચાર્ય મહારાજ જે કહે છે એ સિવાય બીજે માર્ગ ક્યાંય હોઈ શકે નહિ. કહો, સમજાણું?

જુઓ, આચાર્ય પદ્મપ્રભમલધારી મુનિ પોકાર કરે છે. અરે! જીવો વિકટ સ્થળમાંથી જો ઉગરવું હોય તો જૈનદર્શનનું શરણ લે. જૈનદર્શનના સમજનારા ધર્માત્માનું શરણ સમજ અને તું કોણ છો એને ઓળખ, એ વિના તારો આરો ક્યાંય આવવાનો નથી. સમજ્યા વિના એમને એમ ક્રિયા ને ભક્તિ ને દાન ને જપ કર્યા કરે. આ બધા જુઓને ધમાધમ ચાલતી હશે આજ તો. એટલું માણસ પહેલાં જાત્રા કરી આવ્યા. બે વાગ્યા ઉતરે પછી આ પારણા. અરે! હોંશ-હોંશનો પાર નહિ હોય. જાણે ધર્મ કર્યો. સમજાય છેને? જાણે શું કર્યું! શું થાય? વિકટ અટવી એમાં કુનયો એમાંથી પાર પડવું. સમજાય છે? શ્રીમદ્ પણ કહે છેને, જિનદર્શન દુર્ગમ્ય છે દુર્ગમ્ય. સમજાય છે? અતિદુર્ગમ્ય. મહાઅતિદુર્ગમ્ય માર્ગ એમાંથી એક જ્ઞાની ધર્માત્મા શરણ છે. એ સિવાય કોઈ શરણ નથી. એ પોતે સમજે ત્યારે બીજો શરણ છે એમ વ્યવહારે કહેવાય છે.

એટલે અહીં કહે છે કે '**જૈનદર્શન એક જ શરણ છે.**' બીજા બીજા હશે કે નહિ કોઈ? ભાઈ! વિચાર કરો તો સમજાય. બીજું શું થાય? કાંઈ પક્ષની વાત (નથી). સત્યાર્થ શું છે એ તો બહુ પૂર્વાપરવિરોધ રહિત વિચાર કરે તો ખબર પડે. ભાઈ કહેતા હતા નહિ? ભાઈ તમારે ..ભાઈ! કે એવી આ વાત છે, એવી આ વાત છે. નહિતર તો વેદાંતી છે. પણ અઢાર દિવસ સવાર-સાંજ-રાતે ચર્ચા થઈ કે આ વાત આખા જગત સામે બળવો છે. અને ના પડાય નહિ અને કબુલ થતાં મુશ્કેલ થઈ પડે એવી વાત છે. ભાઈ! દયાશંકરભાઈ હમણા આવી ગયા હતાને હમણા વ્યાખ્યાનમાં. પણ તે દિ' કહેતા હતા. અઢાર દિ'. હમણા તો ઘુસી ગયા ઓલામાં. તે દિ' કહે આ વાત. કરો તર્ક, લાવો ન્યાય અને કરો ન્યાય શું વસ્તુ હોવી જોઈએ? કેમ વસ્તુ હોવી જોઈએ તો આ વસ્તુ આમ લાગુ પડે. એના ન્યાયો વિચારતા આ વસ્તુ સિવાય બીજી કોઈ હોઈ શકે નહિ. એટલે પોતે કહે છે જગત સામે બળવો, જગતના માનેલા ધર્મો, જગતે કલ્પેલા વ્યવહારો એની એકેય વાત આમાં રહેતી નથી અને જગતને આ માનનું ભારે કઠણ પડે એવું છે. એવું જૈનદર્શન એક જ શરણ છે. બીજું કોઈ આ જગતમાં શરણ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

હવે જરી ૩૦૭મો કળશ પોતે પદ્મપ્રભમલધારિદેવ કહે છે. પોતે પદ્મપ્રભમલધારિદેવ બ્રહ્મચારી હતા એથી બ્રહ્મચારી ભગવાન નેમિનાથને યાદ કરે છે. નેમિનાથ ભગવાન બ્રહ્મચારી હતા એને યાદ કરીને આ અધિકારનો કળશ છેલ્લો મૂકે છે.

(शार्दूलविक्रीडित)

लोकालोकनिकेतनं वपुरदो ज्ञानं च यस्य प्रभो-
स्तं शंखध्वनिकंपिताखिलभुवं श्रीनेमितीर्थेश्वरम्।
स्तोतुं के भुवनत्रयेऽपि मनुजाः शक्ताः सुरा वा पुनः
जाने तत्स्तवनैककारणमहं भक्तिर्जिनेऽत्युत्सुका।।३०७।।

પદ્મપ્રભમલધારીદેવ મુનિ હતા, નિર્ગ્રંથ હતા, સંત હતા, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. આત્માના આનંદના અમૃતનો અનુભવ કરતાં હતા. એ ૧૮૬ ગાથાના છેલ્લા કળશમાં નેમિનાથ ભગવાન બાળબ્રહ્મચારી જે ત્રણ જ્ઞાનના ધણી તો ગૃહસ્થાશ્રમમાં હતા. મુનિ થઈ ચાર જ્ઞાન (પ્રાપ્ત કરી) અને પછી કેવળજ્ઞાની પામીને મોક્ષ પધાર્યા છે. આ એમને યાદ કરે છે કે હે ભગવાન! તારી જેવી મને દશા હજો. તારા ગુણગ્રામ કરવાની અમારી એટલી શક્તિ તો નથી, પણ અમે આત્માની શ્રદ્ધા અને જ્ઞાનની ભક્તિમાં એ ઉછાળો આવ્યા વિના રહેતો નથી. ક્યાં સર્વજ્ઞ અને ક્યાં અમે છદ્મસ્થ એમ કહે છે, પણ સર્વજ્ઞ! તારી જે સ્વરૂપ અને પ્રતીત અને ઓળખાણ થઈ છે એ તારા પ્રત્યે પ્રહલાદ અને પ્રહલાદ-પ્રહલાદ એ આવ્યા વિના રહેતો નથી. જુઓ, ભગવાનનું શરીર વર્ણવે છે.

'**જે પ્રભુનું જ્ઞાનશરીર સદા લોકાલોકનું નિકેતન છે...**' એમ કરીને ધર્મ સમજાવ્યો. એક નેમિશ્વર ભગવાનનું શરીર એટલે જ્ઞાન આત્મા હોં આત્મા. જેનું '**જ્ઞાનશરીર સદા લોકાલોકને...**' જાણનારું છે. એમ કહીને (એમ કહે છે) કે આ આત્મા એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો આત્મા છે. આ એવી સર્વજ્ઞશક્તિ માને તેને જૈનદર્શન માન્યું કહેવાય. એક-એક આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે. નિમિત્ત વિના, વ્યવહાર વિના, સંયોગ વિના, સ્વભાવનું સાધન કરીને. અંતરનું ભલે નિમિત્ત એને રાગ ઉપચારથી કહો. એવો એક એક આત્મા છે એમ સિદ્ધ કરે છે. '**(અર્થાત્ જે નેમિનાથ પ્રભુ...**' એનું શરીર. આ નહિ. અંદર આત્મ-શરીર. '**તે શ્રી નેમિનાથ તીર્થેશ્વરને—**' ...એમ કહે છે કે એ વિકલ્પથી કાંઈ એની ભક્તિ કરી શકાય નહિ. નિર્વિકલ્પ થઈએ તો જ કેવળજ્ઞાન લેવાય એમ કરીને સ્તુતિ કહે છે.

જે નેમિનાથ ભગવાન '**કે જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી...**' સમજાય છે? એ નેમિનાથ ભગવાન ગૃહસ્થાશ્રમમાં હતા એ વખતની વાત જરી યાદ કરે છે એમના બળની. સંસારમાં રહ્યા પણ એમના બળની વાત યાદ કરે છે. એકવાર પોતે સ્નાન કર્યું ભગવાને, સંસારમાં હજી ગૃહસ્થાશ્રમમાં હતા. કેવળી નહોતા, મુનિ નહોતા. સર્વજ્ઞ થયેલા નહિ હજી ગૃહસ્થાશ્રમમાં હતા. સ્નાન કરીને પિતાંબર કાઢી નાખ્યું. શ્રીકૃષ્ણની સ્ત્રીને કહ્યું કે ધોઈ નાખ. અને મેળ ખાવાનો છે એટલે કહ્યું કે પણ તમે કેમ કહી શકો અમને?

ત્રણ ખંડના ધણી શ્રીકૃષ્ણ ન કહે એ તમે અમને કહો. એવું હોય તો પરણો. સમજાય છે? એ તમારી એટલી બધી શક્તિ છે? શક્તિ તો શ્રીકૃષ્ણની છે, ત્રણ ખંડના ધણી મહાવાસુદેવ પુરુષ છે. અમે એની પત્ની એ ન અમને કહે અને તમે? એટલે જરી ગૃહસ્થાશ્રમ છે, હજી કેવળી થયા નથી. મુનિ નથી. જરી માનનો ભાવ ખ્યાલમાં આવ્યો કે અહો..! આ કહે છે કે એનું બળ કે મારું? એમ કરીને એક નાગશૈયા છે. વાસુદેવ તો ઉત્તમ પુરુષો છે. એની નાગશૈયા હોય છે. શૈયા હોય છે. જેમ તમારે આ પાટી હોય છેને પાટી. શું કહેવાય ખાટલાને? ઢોલિયાને? એના મોટા નાગની પાટીઓ હોય છે. જીવતા નાગ ફડફડ કરતાં આમ ફુંફાડા મારતા હજારો નાગ સુંવાળા રેશમ જેવા. એના સુંવાળા હોયને હાડકું ત્યાં એના ઉપર સૂવે કૃષ્ણ વાસુદેવ. મહાપુણ્યવંત પુરુષ છે, શલાકાપુરુષ છે, મોક્ષગામી છે. એટલે એ એવા ગાદલા જેવા સુંવાળા સર્પ હોયને. ચારે કોર ફણ માંડી હોય આમ ચારે બાજુ સર્પોએ નાગ અને એમાં એની તળાય હોય એમાં એ સૂતા હોય.

નેમિનાથ ભગવાનને વિચાર આવ્યો કે જે ઠેકાણે છે ત્યાં જાવ. ત્યાં જઈને શૈયામાં સૂતા. સૂતા અંદર. તો ત્રણ જ્ઞાનના ધણી, તીર્થંકર અનંતબળના ધણી એનો અંગુઠો જ્યાં અડે ત્યાં બીજાને એમ કે અહો..! આ બળના ધણી. સર્પો ફુંફાડા મારી ન શકે. એટલી જેની તાકાત ભાળી. સમજાય છે? વાસુદેવની પણ એવી તાકાત કે મોટા સિંહ હોય, કાનની બુટી આમ પકડે તો સિંહને પેશાબ છૂટી જાય. એટલું જેનું બળ હોય. એટલે મોઢું ઊંચુ કરી શકે નહિ એટલું એનામાં બળ તાકાત છે. નેમિનાથ તો એના કરતા પણ તીર્થંકર છે એટલે ઘણું બળ છે. વાસુદેવ કરતા. એ ત્યાં સૂતા અને શંખ હતો શંખ. જુઓ અહીં લીધું. એ શ્રીકૃષ્ણને એક શંખ હતો. એ કૃષ્ણ જ શંખ ફૂકી શકે, બીજો ફૂંકી શકે નહિ. આમ ફૂંક્યો. અઢાર યોજનમાં આખી દ્વારકા આમ ખળભળાટ (થઈ ગયો). શ્રીકૃષ્ણ ત્યાં સભામાં બેઠા હતા. શંખનો અવાજ આવ્યો. કોણ વાસુદેવ બીજો પાક્યો? શંખનો અવાજ વાસુદેવ સિવાય કોઈ કરી શકે નહિ. આ ત્રણ ખંડમાં બીજો કોઈ કરી શકે નહિ. કોણ પાક્યો બીજો? શંખ ફૂંક્યો અંદર. એવો ધ્વનિ સિંહના .. નીકળી જાય શંખની ધ્વનિ સાંભળીને. એટલું જેને બળ અને વીર્ય છે. સંસારમાં છે. ત્રણ જ્ઞાનના ધણી છે, હજી મુનિ થયા નથી. ચારિત્ર નથી. લૂગડા, લત્તા, પિંતાબર. એ તીર્થંકરને જે લૂગડા આદિ દાગીના એ જુઓ આ માનસ્તંભ છેને. માનસ્તંભ-માનસ્તંભ શું છે? માન એટલે કીર્તિનો સ્તંભ નથી. માનસ્તંભ એ સ્વર્ગમાં દેવો છે એની પ્રતિમાઓ ભગવાનની તીર્થંકરોની છે. એની સામે માનસ્તંભ છે. એમાં ભગવાનના દાગીનાઓ રહે છે. તીર્થંકરો જે અહીં જન્મે એ ઈન્દ્રો ત્યાંથી દાગીના લાવીને પહેરાવે છે. સમજાય છે? એવા મહ પુણ્યવંત એ પોતે હોય છે. એના દાગીના અને વસ્ત્રો ત્યાં રહે છે. તીર્થંકર સામાન્ય મનુષ્યની પેઠે એ પુણ્યવંત છે નહિ, મહાપુણ્યવંત છે. એવા જે ભગવાન નેમિનાથ એના દાગીના અને લૂંગડા પહેરેલા. ફૂંક્યો શંખ આમ. કૃષ્ણને શંકા પડી. ત્યાંથી

આવ્યા. કોણ છે? આમ જોવે તો નેમિનાથ. અરે.. આ શું ભાઈ! અરે! આ પ્રમાણે થયું. (આખી પૃથ્વી) ધ્રુજી ઉઠી જુઓ કહે છે.

**'શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી...'** ધ્રુજાવ ધ્રુજાવ એકવાર આમ ધરતીકંપ થઈ જાયને. શંખ આમ ફૂંક્યો ત્યાં ધરતી કંપી. એટલું તો ભગવાન તીર્થંકરનું ગૃહસ્થાશ્રમમાં બળ છે. પછી કૃષ્ણે જરી કહ્યું હતુંને કે આ હવે આ પ્રમાણે પરણે તો આમ થાય નહિતર વૈરાગ્ય થઈ જાય એને. પશુડા તો બીજાએ પૂર્યા હતા એમ કહે છે. પણ પછી તો વૈરાગ્ય થઈને દીક્ષિત થઈ ગયા.

અહીં તો એ બહાનું લઈને વાત કરે છે. **'જેમણે શંખના ધ્વનિથી આખી પૃથ્વીને ધ્રુજાવી હતી તેમને—સ્તવવાને ત્રણે લોકમાં કોણ મનુષ્યો કે દેવો સમર્થ છે?'** લ્યો, ગણધર પણ આવ્યા. ગણધર પણ તેની સ્તુતિ કરવાને વિકલ્પથી સમર્થ છે. વિકલ્પ તો રાગ છે. એ તો સ્વરૂપમાં સમાય ત્યારે કેવળજ્ઞાનની સાચી સ્તુતિ કહેવાય. એવા જે ત્રણ લોકમાં કોણ મનુષ્યો અને ઈન્દ્રો જેની સ્તુતિ કરવા સમર્થ નથી એવા સર્વજ્ઞ ભગવાન નેમિનાથ. પછી તો ગૃહસ્થાશ્રમ છોડી, મુનિ થયા અને પછી કેવળજ્ઞાન પામ્યા એ વખતની વાત કરે છે. **'(તોપણ) તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે...'** ઉછાળો વિકલ્પનો આવે છે. અહો! નાથ સર્વજ્ઞ! તમે જે પદ પામ્યા એ પામવાના તમે રસ્તા કીધા એ માર્ગ બીજે હોઈ શકે નહિ. એ ભાન થયું એટલે આ ઉત્સુકતા આવી જાય છે.

જુઓ **'તેમને સ્તવવાનું...'** જુઓ, મુનિ છે આ છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ દ્રવ્યે નગ્ન અને ભાવે નગ્ન લૂખા વીતરાગી. એ કહે છે **'તેમને સ્તવવાનું એકમાત્ર કારણ જિન પ્રત્યે અતિ ઉત્સુક...'** જિન હોં જિન વીતરાગતા. એ વીતરાગ આત્માનો સ્વભાવ રાગ અને પુણ્ય અને નિમિત્ત વિનાનો અખંડાનંદ એવો જે તને પ્રગટ્યો એ અમે પ્રગટવાના કામી છીએ. તો **'જિન પ્રત્યે અતિ ઉત્સુક ભક્તિ છે...'** ઉત્સુક આમ ઉછાળો મારે છે કહે છે. જેમ ફુવારો ફાટે એમ ભગવાન પ્રત્યે વિકલ્પનો ફુવારો આવે છે. **'એમ હું જાણું છું.'** મુનિ કહે છે. અમને ભક્તિનું કારણ ફક્ત વિકલ્પ આવે છે અને ઉત્સુકતા ભક્તિની આવે માટે થાય છે. એ વિકલ્પ તોડીને સ્વરૂપમાં ઠરશું તે દિ' અમને કેવળ થશે. એ ભાનસહિત ભક્તિ કરે છે.

જુઓ, આ કહે છે કે હે નાથ! તારા કહેલા અંતરના મોક્ષમાર્ગ સિવાય કોઈ શરણ આ જગતમાં ક્યાંય છે નહિ. ..ભાઈ! વ્યવહાર-બ્યવહારના ભૂક્કા વાળ્યા, નિમિત્તના ભૂક્કા. ભૂક્કા નથી વાળ્યા. છે એમ જણાવ્યું. સર્વજ્ઞે કહેલો પંથ, ભાઈ! સમ્યગ્દર્શનથી માંડી શ્રાવકનું, છઠ્ઠું ગુણસ્થાન મુનિનું, સાતમું ગુણસ્થાન અપ્રમત્ત મુનિનું, શ્રેણી અને તેરમું ગુણસ્થાન કેવળીનું એ કેવા હોય એ બરાબર પરીક્ષા કર્યા વિના...

ચૈતન્ય જૈનમૂર્તિ આત્મા છે. ચૈતન્ય જિનમૂર્તિ આત્મા છે. ચૈતન્ય જિનપ્રતિમા આત્મા છે. જ્ઞાયક ચૈતન્યબિંબ જિનપ્રતિમા સ્વરૂપ એનું છે. પરિણતિમાં પર્યાયમાં વિકારને ટાળી સ્વભાવનું ભાન કરીને જ્યાં ઠર્યા, એકલી જિન ચૈતન્યપ્રતિમા થઈ ગયા. ભગવાન! તારા જિન ચૈતન્યપ્રતિમા પ્રત્યે અમને ભક્તિનો ઉછાળો આવે છે કે આવી વીતરાગતા તેં પ્રગટાવી અને તારા અનુયાયી પ્રગટવાના કામી છે, બાકી આ માર્ગ બીજે હોઈ શકે નહિ. એમ કહીને આ પોતે પદ્મમલધારિદેવે ભક્તિ કરી છે.

જુઓ આમાં કુનય અને કુતર્કોના પડખાં થોડા આપણે લીધા છે. બાકી ઘણાં-ઘણાં અત્યારે તો ભાઈ ચાલે છે. તર્ક કરનારા એવા ઉંધા અધ્યાત્મ અને આને શું સંબંધ? પણ અધ્યાત્મ તું સમજે છે કોને? ક્ષાયિકસમકિતના ધણી, ત્રણ જ્ઞાનના ધણી ભરતચક્રવર્તી જેને ઘરે છન્નું હજાર સ્ત્રી હતી. સમજાય છે કાંઈ? આ ત્રણ જ્ઞાનના ધણી નેમિનાથ ભગવાન પોતે. હવે એ કહે કે આ અધ્યાત્મ અને આ શંખને શું સંબંધ હશે? કહે તો ભાઈ! લ્યો, આ તીર્થંકર કહેવાય, ત્રણ જ્ઞાનના ધણી કહેવાય, આત્મજ્ઞાની કહેવાય, અધ્યાત્મી કહેવાય અને ઓલે કીધું જરી સ્ત્રીએ જ્યાં શંખ ફૂકવા ગયા. સાંભળ તો ખરો હવે. એ તો શંખ ફૂંકવાની ક્રિયા જડની થવા કાળે થાય, એ આત્મા કરતો નથી. એ ટાણે જરી રાગનો કાળ હતો તે રાગ આવ્યો, છતાં કંઈ આત્મજ્ઞાન ચાલ્યું ગયું નથી. આ ન્યાયને ન સમજે અને કુતર્કીઓ કુતર્ક કરે, એને કહે છે કે એથી માર્ગ એને તરવો મુશ્કેલ થઈ પડ્યો છે. પણ જ્ઞાનીઓ એ માર્ગને સમજી, કુતર્કને ટાળી, પોતાનું કલ્યાણ કરે, જૈન શરણને લઈને કલ્યાણ કરે છે. એમ કરીને અહીંયાં જૈનધર્મ શરણભૂત છે એમ સમજાવ્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ સુદ ૪, સોમવાર તા. ૨૮-૦૪-૧૯૫૨, ગાથા-૧૮૭, પ્રવચન નં. ૪૨૬

આ નિયમસાર એની છેલ્લી ગાથા છે ૧૮૭મી. કુંદકુંદાચાર્ય આ નિયમસારને પૂરું કરે છે અને પોતાનો ભાવ વ્યક્ત-પ્રગટ કરે છે કે શા માટે મેં આ બનાવ્યું અને કોના પાસેથી જાણીને અને પૂર્વાપરદોષ રહિત છે. એમ કે વીતરાગનું આ કથન છે અને અમે વીતરાગભાવે આ કહેલું છે. એમ કહીને આ નિયમસારનું સમાપ્તપણું કરે છે. ગાથા-૧૮૭.

णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।
णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं ।।१८७।।

નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,
સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.

જુઓ, ઘણી શરતું મૂકે છે એમાં. ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહામુનિ સંત વીતરાગી હતા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા મુનિઓની હોય છે એ દશામાં પોતે રમતા હતા. ભગવાન શ્રી સીમંધર ભગવાન પાસે જઈ, આઠ દિવસ રહી અને અહીંયાં આવીને પછી આ બનાવેલી વાત છે. એટલે પોતાનો ખાતરીભાવ, વીતરાગભાવ અને સત્ય ઉપદેશ કેવો છે એ જાહેર કરે છે જગતને. અમે કહીએ છીએ એ આ માર્ગ છે. એ સિવાય કોઈ બીજું કહેતા હોય તો માર્ગ છે નહિ. પૂર્વાપરદોષરહિત હોય તો આ એક જ માર્ગ છે. ઘણા પ્રકાર વર્ણવ્યા પછી આ સમાપ્ત કરે છે.

જુઓ '**અન્વયાર્થ :- પૂર્વાપરદોષરહિત...**' પહેલાં અને પછી ક્યાંય સંધિ વિનાની વાત નથી. સમજાય છે? કે ભાઈ ક્યાંય નિશ્ચયની વાત કરી હોય આત્માના સ્વભાવથી કલ્યાણ થાય અને વ્યવહાર અધિકારમાં વ્યવહારનો અધિકાર પણ મૂક્યો, ચોથો અધિકાર વ્યવહારનો આવ્યો હતો, એથી એ વિરોધ પામતું નથી. વ્યવહાર અધિકારમાં જ્યાં જ્યાં રાગના પ્રકારની સ્થિતિ એનું વર્ણન કર્યું છે. અને નિશ્ચયમાં રાગરહિત ચિદાનંદ જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવનું ભાન, એને અવલંબને થતી નિર્મળ ક્રિયાનું વર્ણન કર્યું છે. એ પૂર્વાપરદોષરહિત છે. એ વ્યવહાર કહ્યો હોય તો વ્યવહારથી થાય એમ કહ્યું નથી અને નિશ્ચય કહેતા વખતે વ્યવહાર એ વખતે હોય છે એ ભૂલ્યા નથી. હોય છે એ જુદી વાત છે. એટલે કે પહેલાં અને પછી જ્યારથી ગાથા ઉપાડી છે એ ૧૮૭ સુધી અહીં પૂરી કરીએ છીએ.

'**પૂર્વાપરદોષરહિત જિનોપદેશને જાણીને...**' વીતરાગે કહેલા ઉપદેશને જાણીને. જુઓ, ત્રિલોકનાથ સર્વજ્ઞની સાથે સંધિ કરે છે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ દિવ્યધ્વનિ દ્વારા કહ્યું એમાંથી અમે ગુરુગમે જાણ્યું છે અને આત્માથી જાણ્યું છે. એ '**મેં નિજભાવનાનિમિત્તે...**' અહીં વજન આપે છે. કોઈ જગતના આબરૂ, કલ્યાણ, કીર્તિ માટે નહિ. તેમ જગત ધર્મ પામો, ન પામો એ પણ એની મુખ્યતા નથી. '**નિજભાવનાનિમિત્તે...**' મેં તો મારા સ્વરૂપની ભાવના કારણે આ શાસ્ત્ર રચ્યું છે. કહો, સમજાય છે કાંઈ?

ઘણા બાર અધિકાર આવ્યા. આ બારમો શ્રુતસ્કંધ પૂરો થાય છે. ભાગવત-શાસ્ત્ર કહેશે આગળ એને. ભાગવત આ શાસ્ત્ર છે, દૈવીશાસ્ત્ર છે, પરમેશ્વરશાસ્ત્ર છે. આગળ આવશે જુઓ, પછીના શબ્દોમાં. ભગવાનનું દૈવી-પવિત્ર શાસ્ત્ર. ઓલામાં ભાગવત નથી કહેતા અન્યમાં? એ ભાગવત તો ભગવાનનું કહેલું નથી. આ તો ભાગવત ભગવાનનું કહેલું દૈવીશાસ્ત્ર છે. આગળ આવશે પ્રકારમાં. જુઓને નીચે ભાગવત કર્યું ૩૭૨ પાને નોટમાં. '**ભાગવત = ભગવાનનું; દૈવી; પવિત્ર.**' શાસ્ત્ર. આને પોતે ટીકાકાર જ ભાગવતશાસ્ત્ર કહે છે. આ ભાગવત કરે છેને પછી ભાગવત પૂરું નથી થતું? એમ ભાગવતશાસ્ત્ર આ કુંદકુંદાચાર્ય મહારાજે કહ્યું છે અને

એ પૂરું થાય છે. ..ભાઈ! જુઓ, આ બધા પૂર્ણાહૂતિમાં અને બધા મેળમાં આવ્યા છો આ. માટે સંધિ કરવી સરખી. કહો, સમજાણું?

જુઓ, બીજા શાસ્ત્રો સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય કહે.. પણ આમાં તો કહે છે કે મેં મારી ભાવના માટે કર્યું છે આ તો. કારણ કે વારંવાર નિશ્ચયની ચિદાનંદ દ્રવ્યસ્વભાવ, અખંડાનંદ ધ્રુવ આનંદકંદ છું એની વારંવાર ક્રિયાકાંડને મેં પરમાર્થમાં સમાડી દીધી છે. વ્યવહાર ક્રિયાકાંડનો મેં તિરસ્કાર કર્યો છે. તિરસ્કાર એટલે અનાદર કર્યો છે. એનો મેં આદર કર્યો નથી. એ નથી એ મારા માટે છે. સમજનારને સમજાય તો સમજો. મેં તો મારી ભાવના માટે અનાદિ તીર્થંકરનો સંત કેવળજ્ઞાની વીતરાગનો માર્ગ ચાલ્યો આવે છે એ અમે આત્માથી અનુભવી મુનિ નિર્ગ્રંથ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને થઈ (આમાં વર્ણવ્યો છે). તદ્દન નગ્ન દિગંબર દશા હતી. એક વસ્ત્ર અને પાત્રનો પણ તાણોવાણો હતો નહિ. એ વાત વ્યવહાર અધિકારમાં ભાઈ આવી ગઈ છે કે મુનિને કેવું શું શું હોય? સમજાય છે? કમંડળ હોય, એક પોથી-પુસ્તક હોય, જ્ઞાનનું ઉપકરણ વગેરે એ જ હોય, બીજા ઉપકરણો મુનિને હોય નહિ. એ મેં મારી ભાવના માટે. જુઓ, કહે છે કે ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), મારી ભાવના માટે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે. જગતને તો એમાં સાંભળવા મળ્યું તો એ જગતના પુણ્ય છે કહે છે. મેં તો મારી ભાવના માટે આ બનાવ્યું છે. મોહનભાઈ! સમજાણું?

'ટીકા :- **આ, શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.**' શાસ્ત્રનું નામ નિયમસાર એ દ્વારા શાસ્ત્રનો ઉપસંહાર એટલે પૂર્ણાહૂતિ કરે છે. '**અહીં આચાર્યશ્રી (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ) પ્રારંભેલા કાર્યના...**' આ નિયમસાર શરૂ કર્યું હતું એના '**અંતને પહોંચવાથી...**' એ પૂર્ણાહૂતિને પામે છે ૧૮૭ ગાથાએ. '**અત્યંત કૃતાર્થતાને પામીને કહે છે...**' અહો! મારી ધારણા હતી કે આ નિયમસાર થાય. વિકલ્પ ઉઠ્યો હતો. એ તો પરમાણુની ક્રિયા છે, કાંઈ મારી નથી. પણ પરમાણુની ક્રિયા પણ એ રીતે થઈ ગઈ અને મારી ભાવના હતી તે પૂર્ણ થઈ. એમ પોતાના આત્માને કૃતાર્થતા પામીને, અમે કૃતાર્થ-કૃત-અર્થ છીએ. પ્રયોજન અમારા સિદ્ધ થયા છે. નિયમસાર મોક્ષમાર્ગનું વર્ણન કરતાં નિર્મળ નિર્વિકલ્પ વીતરાગદશા પુણ્ય-પાપ વિનાની જે વર્ણન કર્યું અને એની પૂર્ણાહૂતિ થાય છે તો કહે છે કે અમે અમારા પ્રયોજન કૃતાર્થ પ્રયોજન સિદ્ધ કર્યા. એમ પ્રયોજનતા સિદ્ધપણાને પામીને કહે છે.

'**કે સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ...**' એ તો પદ્મપ્રભમલધારિદેવ એમની વાત કરે છે કે મહામુનિ કેવા હતા. પણ મેં પછી એમાં નાખ્યું છે. '**સેંકડો પરમ-અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ...**' પરમ અધ્યાત્મશાસ્ત્ર જેની સૂક્ષ્મ આત્મસ્પર્શી વાતું, જે અખંડાનંદ દ્રવ્ય, ગુણ અને પર્યાપ ત્રિકાળ શુદ્ધ અને પરિપૂર્ણ એવી જે અધ્યાત્મદષ્ટિનો વિષય એવા '**સેંકડો પરમ અધ્યાત્મશાસ્ત્રોમાં કુશળ...**' કુશળ નામ ડાહ્યા. '**એવા મેં...**' એ તો પદ્મપ્રભમલધારિ કહે

છે અને મુનિ પણ પોતાના ભાવને સમજાવે છે. '**નિજભાવનાનિમિત્તે—**' મેં તો મારા ભાવનાને કારણે આ કર્યું છે. કહો, સમજાય છે કાંઈ? વચ્ચે બીજાઓ સમજો પાત્ર હોય તો સમજી જાવ. વીતરાગ સર્વજ્ઞનો માર્ગ નિશ્ચય અને વ્યવહાર આ છે, બીજો કોઈ છે નહિ.

નિજ નામ મારી પોતાની ભાવનાને કારણે '**અશુભવંચનાર્થે...**' અને તે ક્ષણે અશુભભાવ ન હોય એવા હેતુથી આ ભાવનામાં નિયમસાર રચાઈ ગયું છે. અશુભવંચનાર્થ નામ પાપ પરિણામને ટાળવા માટે. એટલે કે તે ક્ષણે પાપ પરિણામ હોતા નથી અને એ વખતે વિકલ્પ શુભ છે નિયમસાર બનાવવા વખતે, પણ છે શુભ એ પુણ્ય છે એ મારું સ્વરૂપ નથી. હું તો ચિદાનંદ નિજાનંદ આનંદકંદ શુદ્ધ છું, પણ વિકલ્પ શુભ ઉઠ્યો, એમાં અશુભ ટળ્યો એ ખાતર આ નિયમસાર નામનું શાસ્ત્ર રચાઈ ગયું છે. '**નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે.**' કર્યું છે એ નિમિત્તથી કથન છે હોં બધું. શાસ્ત્રની પર્યાય જડની પર્યાય છે, એ પુદ્ગલની પર્યાય છે, એ પુદ્ગલાસ્તિકાયની અવસ્થા છે. પણ એ વખતે ઓલો વિકલ્પ હતો નિમિત્ત એટલે આ કર્યું એવો ઉપચાર કરીને કથન કર્યું છે. નહિતર તો આગળ ઘણી વાત આવી છે. એક રજકણની પર્યાય પણ હું કરી શકતો નથી. પ્રતિક્રમણને અધિકારે તો ઘણો અધિકાર આવ્યો હતો. મેં કોઈ જડની પર્યાય કરી નથી, કરાવી નથી, કરતાને હું રૂડી જાણતો નથી. જડ અક્ષર એક, એક વાણી એ મેં કરી નથી, કરાવી નથી, કરતાને રૂડી જાણી નથી અને કરતા હોય એને સંમત થતો નથી. હું તો જ્ઞાતા-જ્ઞાનસ્વભાવી છું. જડની દશા તો જડને કારણે થઈ જાય છે. એમ '**નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું એમ કહે છે.**' વ્યવહારથી કથન.

'**શું કરીને (આ શાસ્ત્ર કર્યું છે)? પહેલાં અવંચક પરમગુરુના પ્રસાદથી જાણીને.**' અહીં જિનોપદેશ શબ્દ પડ્યો છેને. અવંચક શબ્દે વીતરાગતા બતાવે છે. શબ્દ તો વંચક એટલે માયા અને અમાયા એમ બતાવે છે, પણ ખરું તો વીતરાગતા બતાવે છે. સમજાય છે? કેવા ગુરુ પાસે? કે વીતરાગી પરમગુરુના પ્રસાદથી જાણીને. ચીમનભાઈ! ભાઈ! અવંચક એટલે સરળ, સરળ એટલે વીતરાગી. જેની દૃષ્ટિ આત્મા ઉપર દૃષ્ટિ પડેલી અને આત્માનું ભાન થઈને મુનિ છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને રમતા હતા મારા ગુરુ. એવા ગુરુના પ્રસાદથી આ મેં જાણ્યું છે. કહો, સમજાય છે કાંઈ? મેં આ નિયમસાર પરંપરાએ સર્વજ્ઞ ભગવાન મુનિઓના, સર્વજ્ઞ ભગવાન મહામુનિઓની પરંપરામાં મહામુનિઓ થયા એવા '**અવંચક=છેતરે નહિ એવા; નિષ્કપટી; સરળ; ઋજુ.**' વીતરાગી જેની દૃષ્ટિ હતી, વીતરાગી જેનું ચારિત્ર હતું. જેને અંતરમાં ત્રણ કષાયનો નાશ થઈ અભ્યંતર નિર્ગ્રંથદશા જેને પ્રગટી હતી અને બાહ્યમાં જે નગ્ન દિગંબર દશા હતી. એવા સંત વીતરાગી શાસનના સાચા મુનિ એના પ્રસાદથી જાણીને. ભાષા એમ લીધી. એની મહેરબાનીથી. એનો અર્થ પોતે એમ નથી કહેતા કે હું પાત્ર છું માટે મને એનાથી મળ્યું. પણ આમ કહ્યું છે કે એના પ્રસાદથી જાણીને. એણે મને મહેરબાની

કરી મને આ નિયમસાર તત્ત્વનું રહસ્ય, મર્મ સર્વજ્ઞની પરંપરાથી જે આવતું એનો મને વારસા તરીકે મને મારા ગુરુએ મને આપ્યું.

**'અવંચક પરમગુરુના પ્રસાદથી...'** એમ કહીને જે જૈનદર્શનમાં પણ સંપ્રદાય તૂટી અને વિરોધ થયો છે એવા ગુરુથી આ મેં મેળવ્યું નથી. પરંપરા સર્વજ્ઞના શાસનના મહામુનિઓથી ચાલ્યું આવતું. સર્વજ્ઞનો કહેલો નિશ્ચય, વ્યવહાર. જે વસ્તુસ્થિતિ જેમ છે એવો માર્ગ મારા સરળ વીતરાગી પરમગુરુના પ્રસાદથી જાણીને. હિંમતભાઈ! ક્યા હશે આ? ચરણાનુયોગના ગુરુ હશે આ? શામજીભાઈ! શામજીભાઈ! શું? અહીં તો અવંચક પરમગુરુ અંતર દૃષ્ટિ અને વીતરાગતા વર્ણવે છે. જાણનાર છે, સેંકડો અધ્યાત્મશાસ્ત્રના પોતે જાણનાર છે એ તો કહે છે. અને એના ગુરુ તો આ વીતરાગી મહામુનિ નિર્ગ્રંથ બાહ્ય અને અભ્યંતર મુનિનો જેનો વેશ જેનો દિગંબર હતો, અંતર જેની છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા હતી. આ જૈનદર્શનનું અનાદિ સનાતન રૂપ અને દર્શન છે. પછી તકરાર અને વિરોધ કરે એ ઘરનો જગતનો છે. સત્ય આ છે. આ સમજ્યા વિના જગતને ક્યાંય કલ્યાણ થાય એવું નથી.

**'અવંચક પરમગુરુના...'** મહેરબાનીથી. લ્યો, વીતરાગી મુનિની મહેરબાની. ખરેખર તો કહે છે કે અમે અમારી પાત્રતા એવી હતી કે ગુરુના મુખમાંથી સત્ય ઉપદેશ નીકળી પડ્યો, અમને સત્ય સમજાવવા શુદ્ધ ઉપદેશ નીકળ્યો. સમયસારમાં આવે છેને. શુદ્ધ ઉપદેશ. પાંચમી ગાથામાં આવે છે. અમારા ગુરુએ અમને શુદ્ધ ઉપદેશ મહેરબાની કરી, અનુકૂપા કરી, અનુગ્રહ કરી, કૃપા કરીને અમને આપ્યો. આત્મા પર્યાયમાં અશુદ્ધ છે, નિમિત્ત કર્મ છે. મારાથી અશુદ્ધ છે, ત્રિકાળમાં શુદ્ધ છે. એવો શુદ્ધ ચૈતન્યનો ઉપદેશ એ જૈનશાસનનો ઉપદેશ છે. પુણ્યથી ધર્મ થાય, વ્યવહારથી ધર્મ થાય એ જૈનનો વાસ્તવિક ધર્મ છે નહિ. એવા પરમગુરુની મહેરબાનીથી જાણીને. જાણીને-જાણીને કહ્યું છે. મેં માર્ગ વીતરાગ સર્વજ્ઞનો ધોખ માર્ગ જે ચાલ્યો આવે છે એ આત્માથી જાણ્યો છે. પરમગુરુથી જાણ્યો છે એમ કહ્યું. સમજાય? અમારી પાત્રતા હતી અને ગુરુ અમને નિમિત્ત હતા.

**'શું જાણીને? જિનોપદેશને અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા પરમ ઉપદેશને.'** વીતરાગ સર્વજ્ઞના મુખારવિંદથી-મુખરૂપી અરવિંદ-કમળ. લ્યો! મુખમાંથી નીકળેલું. મુખ તો મોઢું બંધ હોય છે હોં ભગવાનને, તીર્થંકરદેવને વાણી આવી હોય નહિ. એને તો મોઢું સ્તબ્ધ હોય છે. આમ ધ્વનિ ઉઠે છે ૐ ધ્વનિ. એવો જ વીતરાગી સ્વભાવ છે. અજ્ઞાનીઓને બેસે એવી વાત નથી, ભાઈ! આ તો અંતરની વાતું એ વસ્તુ કાંઈક સમજવા માગે એને સમજાય એવી છે. સમજાણું? એમ કે સાધારણ માણસો આમ બોલે એમ ભગવાન બોલે. અરે! ભગવાનની વાણી જ બીજી જાતની છે, ભગવાનનું શરીર પણ બીજી જાતનું, એની વાણી બીજી જાતની, એના માતા-પિતા પણ બીજી જાતના. ભગવાન તીર્થંકરના માતા-પિતા પણ પોતે આખી જિંદગીમાં આહાર કરે ભલે અમુક પણ એને નિહાર કે પેશાબ હોય નહિ.

એવા તો માતા-પિતા એને પેશાબ અને નિહાર ન હોય. ભગવાનનું શરીર પહેલેથી પરમોદારિક શરીર સ્ફટિક જેવું શરીર હોય. એની વાણી પણ જુદી જાતની હોય. એ અજ્ઞાનીઓને એનો પત્તો મળે નહિ.

અહીં કહે છે કે '**વીતરાગ સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલા...**' લ્યો! '**પરમ ઉપદેશને.**' જોયું! અમારા ગુરુએ પણ સર્વજ્ઞના મુખારવિંદથી પરંપરાએ નીકળેલો એ ઉપદેશ ધાર્યો હતો એ અમે ધાર્યો અને સીધી રીતે આમ કહે તો અમે સાક્ષાત્ સીમંધર ભગવાન પાસે મુખારવિંદથી આ સાંભળેલો છે. આ તો પદ્મપ્રભમલધારિ મુનિ એની ટીકા કરે છે, પણ એનો ભાવ એમાં આવી જાય છે. કહો, સમજાણું? સાક્ષાત્ વીતરાગનો ઉપદેશ સાંભળીને આ કહીએ છીએ એમ કહે છે. '**નીકળેલા પરમ ઉપદેશને. કેવો છે તે ઉપદેશ? પૂર્વાપરદોષરહિત છે અર્થાત્ પૂર્વાપરદોષના હેતુભૂત સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે જે આપ્ત છે તેમના મુખથી નીકળેલો હોવાથી નિર્દોષ છે.**' પહેલી વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા સ્થાપે અને કોઈ વખતે વળી પુણ્યથી ધર્મ સ્થાપે તો એ પૂર્વાપરદોષરહિત ન થયો. સમજાય છે? કોઈ વખતે વ્યવહારક્રિયાકાંડ કરવાથી ધર્મ થાય એમ કહે, કોઈ વખતે આત્માના અવલંબે વીતરાગ સ્વભાવથી ધર્મ થાય એમ કહે, તો એ પૂર્વાપર અવિરોધ ન થયો, એ તો વિરોધ આવ્યો. એવો માર્ગ વીતરાગનો હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? પ્રેમજીભાઈ!

'**કેવો છે તે ઉપદેશ? પૂર્વાપર...**' પહેલો અને અપર પછી. પહેલાં કહ્યું તે પછી અને પછી કહ્યું તે પહેલાં. ત્રિકાળ અનાદિ-અનંત એક જ માર્ગ જે છે એક જ એને અમે વીતરાગનો માર્ગ કહીએ છીએ. કાંઈ વિરોધ આવે નહિ. લ્યો, એક ઠેકાણે કહે કે આત્મા ઉપાદાનથી ધર્મ પામે, બીજે ઠેકાણે કહે નિમિત્ત આવે ત્યારે પામે અને ઉપાદાન પરાધીન છે એવો ઉપદેશ વીતરાગનો પૂર્વાપરદોષવાળો હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? પહેલાં અને પછી એક જ ધારા. નાની વાતથી મોટી ઠેઠ. નિગોદના જીવ પણ અટક્યા એ પોતાની વિકારી મિથ્યા ભાવનાથી. સમ્યગ્દર્શન પામ્યા જીવો એ પણ પોતાના પુરુષાર્થથી. મુનિપણું પામ્યા એ પણ પોતાના પુરુષાર્થથી. ભલે નિમિત્ત બીજી ચીજ હો, પણ નિમિત્તથી અંદર પામે એવી વસ્તુ હોઈ શકે નહિ. એમ મુનિને પંચમહાવ્રતના પરિણામ, નગ્નદશા આવે, પણ એ દશા અને રાગ અને ચારિત્રનું કારણ નહિ. ચારિત્રનું કારણ તો ત્રિકાળ ચિદાનંદ આત્મસ્વભાવને અવલંબે વીતરાગતા થાય એ ચારિત્ર છે. પૂર્વાપર ક્યાંય વિરોધ આવે કે કોઈ વખતે જુઓ જોઈને ચાલવાનું કહ્યું, કોઈ વખતે કહે કે આત્મા ચાલી શકે નહિ. પ્રવિણભાઈ! ભાઈ! એક ઠેકાણે એમ આવ્યું કે મુનિએ જોઈને ચાલવું. પગને .. ઉપર નજર રાખીને. એક વખત કહે કે આ આંગળાનો એક પરમાણુ આત્મા હલાવી શકે નહિ અને ચલવી શકે નહિ. કેમકે જડનો પર્યાય છે. બીજે ઠેકાણે કહ્યું કે જોઈને ચાલવું. પૂર્વાપર વિરોધ નથી. જોઈને ચાલવું કહ્યું ત્યાં એમ સમજવું કે તે વખતે પ્રમાદભાવ થવા ન દેવો એટલી વાત એનો અર્થ છે. આ

દેહની ક્રિયા કેમ થાય એ આત્માને આધીન છે જ નહિ. સમજાય છે કાંઈ?

એક ઠેકાણે કહ્યું કે આત્મા બોલી શકે નહિ, બીજે ઠેકાણે કહ્યું કે વિચારીને બોલવું ભાષા સમિતિ. એનો અર્થ એવો નથી કે પહેલાં અને પછીમાં વિરોધ છે. વિરોધ નથી. પહેલાં કહ્યું હતું તે જ વાતને ત્યાં સિદ્ધ કરી છે. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા એ બોલી શકે નહિ. એ વાણી જડની છે. બોલવા ટાણે તારો પ્રમાદભાવ ન હોવો જોઈએ એ બતાવવા વિચારીને બોલવું એમ કહ્યું છે. પહેલાં અને પછી વિરોધ આવે એ વીતરાગમાર્ગ હોઈ શકે નહિ. અજ્ઞાની સમજે નહિ એટલે પહેલાં ક્યાંક આમ કહ્યું, બીજે આમ કહ્યું. જુઓ, આ ઠેકાણે આમ કહ્યું અને આ ઠેકાણે આમ કહ્યું. પહેલી વાત કીધી હોય એ બીજે ઠેકાણે ઉથાપે છે. એમ હોઈ શકે નહિ. માટે ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે પહેલાં અને પછી દોષરહિત છે.

**'પૂર્વાપરદોષના હેતુભૂત...'** નિમિત્તભૂત **'સકળ મોહરાગદ્વેષના અભાવને લીધે...'** ક્યાંય ભ્રાંતિ હોતી નથી. અખંડ ધારાએ માર્ગ કહ્યો ભગવાન કુંદકુંદાચાર્યદેવે. સાક્ષાત્ ભગવાન મહાવીરથી અમને પરંપરાએ ગુરુગમથી મળેલો અને થોડો સર્વજ્ઞ ભગવાન શ્રી સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે ત્યાં જઈ આઠ દિ' રહીને પછી પૂર્ણ નિઃસંદેહ, નિઃશંકપણાનો અનુભવ થયો વિશેષ નિર્મળતા (થઈ), આવીને પછી આ રચના કરી છે. જગતને કહે છે કે મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે અને ક્યાંય દોષ છે નહિ. નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત જ્યાં જ્યાં જે કહ્યું છે તે યથાર્થ, પહેલાં-પછી વિરોધરહિત કહ્યું છે. કેમકે પહેલાં-પછી દોષનું નિમિત્ત સકળ મોહ મિથ્યા ભ્રાંતિ કાં આસક્તિ એ કારણ છે પૂર્વાપરદોષ થવાનું. તો એ ભાવ તો રહ્યો નથી.

એવા **'ભાવને લીધે જે આપ્ત છે...'** એવા સર્વજ્ઞ ભગવાન આપ્તપુરુષ છે. આ તેમના મુખથી નીકળેલો, એમના મુખથી નીકળેલો તે અમે અહીં કહીએ છીએ. લે, અહીં તો ભગવાન નથીને? ભગવાન તો હતા નહિ જ્યારે કુંદકુંદાચાર્ય થયા ત્યારે. ભગવાન પછી તો ઘણા વર્ષે થયા. ભાઈ! સાક્ષાત્ ત્રણલોકના નાથની મુખની ધ્વનિ જ અમારી પાસે આવી છે અને એ વાત તમને કહીએ છીએ. આપ્ત-જેને સમજવાથી જેનું હિત થાય એવા સર્વજ્ઞ ભગવાન જે આપ્ત તેમના મુખથી નીકળેલ હોવાથી આ નિયમસારનો ઉપદેશ નિર્દોષ છે. ક્યાંય એક પણ વાતમાં વિરોધ નથી. નિયમસારની રચના જ કોઈ બીજી ઢબે અંતરંગ પરમાર્થક્રિયા માટે સમજાવવા માટે આખો અધિકાર કહ્યો છે.

**'વળી (આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે),...'** હવે પદ્મપ્રભમલધારિદેવ પોતે વિસ્તાર કરે છે. **'(આ શાસ્ત્રના તાત્પર્ય સંબંધી એમ સમજવું કે), જે (નિયમસારશાસ્ત્ર) ખરેખર સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે,...'** બધા આગમના અર્થના સમૂહનું, આખા જૈનદર્શનના શાસ્ત્રના પરમાર્થના પંથનું અર્થ કેમ કરવો? પદાર્થ કેમ છે? જેટલા પદાર્થ આગમે કહેલા વીતરાગે એ બધાનું પ્રતિપાદન કરવા

એક નિયમસાર સમર્થ છે. નિયમસારમાં કોઈ વાત બાકી રહેતી નથી, કમી રહેતી નથી, ઓછપ રહેતી નથી. જુઓ, બધી વાત એવી વિધિથી કહી છે. આખું જૈનદર્શન વીતરાગી શાસન નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત, દ્રવ્ય, પર્યાય, ગુણ ક્યાં રાગ કેટલા પ્રકારનો? એમાં નિમિત્તો ઉપકરણો કેવા હોય એ બધી વાત '**સમસ્ત આગમના અર્થસમૂહનું...**' એના પરમાર્થના સમૂહના ઢગલાનું પ્રતિપાદન કરવા આ એક નિયમસાર સમર્થ છે. કહો, સમજાય છે કાંઈ? એ તો જ્યાં જ્યાં જે શાસ્ત્રો એમાં પરિપૂર્ણતાની વાતની કથન કરવાની તાકાત છે.

કહો, '**સમસ્ત આગમના અર્થસમૂહનું...**' અહીં તો કહે છે બધા આગમના. બધું આવ્યું. ચરણાનુયોગ આવી ગયા? દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કથાનુયોગ, ગણિતાનુયોગ. સમજાય છે? એ બધાને કથન કરવામાં સમર્થ છે. બધાનો નિકાલ કરવા માટે આ નિયમસાર સમર્થ છે. કહો, સમજાણું કાંઈ? '**જેણે નિયમ-શબ્દથી...**' જુઓ, હવે નિયમની વ્યાખ્યા કરે છે. '**વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...**' જુઓ, અહીંયાં મૂળ કહેવું હતું તે. '**જે નિયમ શબ્દથી વિશુદ્ધ...**' એટલે નિર્મળ પુણ્ય જે વ્યવહારમોક્ષમાર્ગ એ મોક્ષમાર્ગ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ આનંદકંદ સ્વભાવજ્ઞાનનો એકલો પિંડ એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા જે વીતરાગી એને વિશુદ્ધમોક્ષમાર્ગ કહે છે. એ એક જ મોક્ષમાર્ગ છે. વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ આવે એ મોક્ષમાર્ગ નથી, એ તો રાગ અને પુણ્ય છે. આ નિયમસારે '**એક નિયમ શબ્દથી વિશુદ્ધમોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...**' સાચા પ્રકારે કહ્યો છે. બીજી વાત નથી કે ભાઈ બે પ્રકારના મોક્ષમાર્ગ છેને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાથી થાય, પંચમહાવ્રત પાળે તો થાય, બાર વ્રત કરે તો થાય, શાસ્ત્રના ભણતરથી થાય-ના, એ બધો રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ રાગ, પંચમહાવ્રત એ પણ રાગ, શાસ્ત્રનું ભણતર એ પણ રાગ, એ મોક્ષમાર્ગ નહિ.

મોક્ષમાર્ગ તો એક વિશુદ્ધ ચૈતન્ય દ્રવ્યને જ્ઞાનપિંડને અવલંબે જે નિર્વિકલ્પ નામ રાગ નામ મિશ્રણ વિનાની જે વીતરાગી દશા થઈ તે જ નિયમ અને મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. એવો સમ્યક્ પ્રકારે મોક્ષમાર્ગ જેણે દર્શાવ્યો છે. જુઓ, હવે પહેલેથી વાત લે છે બધી. એક વાત એ કરી કે '**સમસ્ત આગમના અર્થસમૂહનું પ્રતિપાદન કરવામાં સમર્થ છે,...**' એક વાત થઈ. બીજી વાત '**વિશુદ્ધ મોક્ષમાર્ગ સમ્યક્ પ્રકારે દર્શાવ્યો છે,...**' બે વાત થઈ. '**જે શોભિત પંચાસ્તિકાય સહિત છે...**' આમાં પંચાસ્તિકાયનું વર્ણન આવી ગયું છે. પંચાસ્તિકાય. સમજાય છે? કાળ સિવાય ધર્માસ્તિ, અધર્માસ્તિ, જીવાસ્તિ, પુદ્ગલ, આકાશ પાંચ અસ્તિકાય ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે એક સમયના ત્રિકાળ જ્ઞાનમાં જોયા છે એવા પંચાસ્તિકાયનું સ્પષ્ટિકરણ આ નિયમસારમાં વિસ્તારથી આવી ગયું છે. સમજાય છે? પંચાસ્તિકાય '**(અર્થાત્ જેમાં પાંચ અસ્તિકાયનું વર્ણન કરવામાં આવ્યું છે),...**' કેટલો અધિકાર વર્ણવે છે! જુઓ, ઉપસંહાર કરે છે.

**'જેમાં પંચાચાર-પ્રપંચનો સંચય કરવામાં આવ્યો છે...'** પ્રપંચનો અર્થ અહીં વિસ્તાર થાય છે હોં. **'(અર્થાત્ જેમાં જ્ઞાનાચાર,...'** એ આત્મા જ્ઞાનાચાર ચિદાનંદને અવલંબે જે નિર્વિકલ્પ જ્ઞાનાચાર (થાય તે). આ ભણતર-બણતરનો વિકલ્પ એ જ્ઞાનાચાર નથી. અંતર આત્માને અવલંબે જ્ઞાનાચાર **'દર્શનાચાર,...'** સમકિતદર્શનનો આચાર **'ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારરૂપ પાંચ પ્રકારના આચારનું કથન કરવામાં આવ્યું છે),...'** સ્વભાવને અવલંબે થાય એ વર્ણન છે. વિકલ્પ ઉઠે અને વ્યવહારના વર્ણનમાં પણ આવી ગયું છે. વ્યવહારનો અધિકાર આવ્યો એમાં વિકલ્પ ઉઠે એમાં પાંચ પ્રકારના આચાર વિકલ્પવાળા, રાગવાળા અને પાંચ પ્રકારના વીતરાગવાળા, બેયનું વર્ણન આમાં આવી ગયું છે. કહો, સમજાણું?

**'જે છ દ્રવ્યોથી વિચિત્ર છે...'** ઓલી પાંચ અસ્તિકાય કીધી હતીને? હવે છ દ્રવ્યો. છ દ્રવ્ય કાળસહિત. પંચાસ્તિકાય અને એક કાળ. એ અસ્તિ છે, પણ કાય નથી. એટલે છ દ્રવ્યથી વિચિત્ર. છ દ્રવ્યની વિચિત્રતાથી જેમાં લખાણ કર્યું છે. **'(અર્થાત્ જે છ દ્રવ્યોના નિરૂપણથી વિધવિધ પ્રકારનું—સુંદર છે),...'** એ કાળસહિત છ દ્રવ્યનું આમાં વર્ણન કર્યું છે. સનાતન વીતરાગમાર્ગમાં જે છ દ્રવ્યો અનાદિ છે એને સિદ્ધ કર્યું છે. **'સાત તત્ત્વો...'** એમાં આસ્રવમાં પુણ્ય-પાપ ભળી જાય છે. એમ કરીને નવ પદાર્થને સાત તત્ત્વમાં કહી નાખે છે. સાત તત્ત્વનું પણ વિસ્તારથી વર્ણન કર્યું છે. **'નવ પદાર્થ...'** એ આસ્રવને વિસ્તાર કરીને પુણ્ય-પાપ છૂટા પાડ્યા એટલે નવ થઈ ગયા. એનું પણ વર્ણન **'જેની અંદર સમાયેલાં છે,...'**

**'જે પાંચ ભાવરૂપ વિસ્તારના પ્રતિપાદનમાં પરાયણ છે,...'** પાંચ ભાવનું વર્ણન કર્યું છે આમાં. અલૌકિક એક પરમપારિણામિકનું વર્ણન જેવું આવું છે એવું વિસ્તારથી બીજે નથી. પરમપારિણામિક, પરમપારિણામિક ચિદાનંદ ધ્રુવ સ્વભાવ, જેને અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. પરમપારિણામિકભાવ કારણપરમાત્મા, જેને આશ્રયે અંતરના પરમપારિણામિકના અવલંબે મોક્ષમાર્ગ પ્રગટે છે અને એને અવલંબે મોક્ષ થાય છે. એવા પંચમ પારિણામિકભાવનું પણ આમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. બાકી ઉદયનું. ઉદય એટલે પુણ્ય-પાપના ભાવ એવા ઉદયભાવનું, ક્ષયોપશમનું, કાંઈક વિકાસ ઓછાનું, ઉપશમનું અને ક્ષાયિકનું પાંચેય ભાવનું આમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમાં પરાયણ છે કહે છે શાસ્ત્ર.

**'જે નિશ્ચય-પ્રતિક્રમણ,...'** લ્યો આ ક્રિયા. એનું વર્ણન કર્યું છે. આત્મા પુણ્ય-પાપથી હઠીને સ્વરૂપમાં ઠરે એ નિશ્ચયપ્રતિક્રમણ છે. એ જ મોક્ષનું કારણ પ્રતિક્રમણ છે. આ વાણી નીકળે અને વિકલ્પ ઉઠે મિચ્છામી દુક્કડમ એ કાંઈ મોક્ષનું કારણ નથી. નિશ્ચયપ્રતિક્રમણની વ્યાખ્યા પણ આમાં આવી ગઈ છે. ઘણી વ્યાખ્યા તો આવી ગઈ છે. નિશ્ચયપ્રતિક્રમણ ત્યારે વ્યવહારપ્રતિક્રમણ છે ખરુંને. શુભ વિકલ્પ ઉઠે છે, પણ એ મોક્ષમાર્ગ નથી. એ નિશ્ચયપ્રતિક્રમણ પરમાર્થ ક્રિયા જે આત્મા વસ્તુને અવલંબે વતીરાગી દશા થાય તેને

નિશ્ચયપ્રતિક્રમણ કહે છે. પ્રતિક્રમણ નામ પાછું ફરવું. પુણ્ય-પાપ, પુણ્ય-પાપના ભાવથી પાછું ફરી અને સ્વરૂપમાં એકાગ્ર થવું તેને સાચું પ્રતિક્રમણ કહે છે. એ પ્રતિક્રમણની વ્યાખ્યા પણ નિયમસારે સ્પષ્ટિકરણ કરીને કરી છે.

'**નિશ્ચય-પ્રત્યાખ્યાન,...**' પચ્ચખાણ. એ સાચું પચ્ચખાણ. આ બધા ઉભા થઈને પચ્ચખાણ કરે એમ નહિ. આત્મા ઉભો થઈને જ્ઞાનમાં સ્થિર થાય. જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવનું ભાન કરી અને જ્ઞાનને પોતે વિકાસપણાને પમાડીને સ્થિર થાય. એવા સાચા પચ્ચખાણની વ્યાખ્યા પણ આમાં કરી છે. લોકો પચ્ચખાણ કરે, આમ .. કરે, આખડી કરે એ તો બધો વિકલ્પ છે, પુણ્ય છે. એ કાંઈ ધર્મ પચ્ચખાણ નથી, એ સાચા પચ્ચખાણ નથી. સમ્યગ્દર્શન વિના પચ્ચખાણ સાચા ત્રણકાળમાં કોઈને હોય નહિ. એ બધું આવતા કાળના, ભવિષ્યના બધું આત્મા. બધું વર્તમાન પર્યાયમાં વીતરાગી દશા થવી તે પડિક્કમણું, એ પચ્ચખાણ અને તે પ્રાયશ્ચિત. નિશ્ચયપ્રાયશ્ચિત. આ પાપ લાગ્યું અને મિચ્છામી દુક્કડમ (કર્યું). ફલાણું લાગ્યું. એક ઉંદરડી મરી ગઈ અને પાપ.. એ કહે છે કે બધો રાગ છે.

આત્માને આશ્રયે જે પુણ્ય-પાપના રાગરહિત શાંતિ પ્રગટી અને સ્થિર થાય તે સાચું પ્રાયશ્ચિત છે. જગત માને છે કે હું પ્રાયશ્ચિત (લઉં છું). લ્યો, મને પ્રાયશ્ચિત આપો પાંચ અપવાસનું, બે અપવાસનું, ફલાણું, ઢીંકણું.. એ તો બધી રાગની ક્રિયા છે. એ ખરું પ્રાયશ્ચિત છે નહિ. આખા અધ્યાયના અધ્યાય ભર્યા છે. આ તો અધિકાર ભાદરવા સુદ ૧૪થી શરૂ કર્યો છે. નિશ્ચયપ્રાયશ્ચિતનો અધિકાર અંદર પરમાર્થ આત્માની ક્રિયા રાગ વિનાની, પુણ્ય વિનાની, વિકલ્પ વિનાની એ મનના સંબંધ વિનાની, મનના સંબંધ વિનાની ચૈતન્ય અસંગની સાથે જે ક્રિડા એકાગ્ર કરે તેને સાચું પ્રાયશ્ચિત કહે છે. એ પણ અધિકાર એમાં આવી ગયો છે.

'**પરમ-આલોચના,...**' આલોચના એટલે સંવર, સંવર. આલોચવું એટલે સંવર. ચિદાનંદમાં અંતરમાં પરમપારિણામિકભાવમાં એકાગ્ર થઈ જવું એને આલોચના કહે છે. એ અધિકાર પણ આમાં આવી ગયો છે. આ લોકો સંવર કરે છેને બહારથી? પાંચ સેવાના પચ્ચખાણ કરાવો. એ સંવર-ફંવર છે નહિ. અજ્ઞાનીઓએ કલ્પના કરીને માનેલી વાત છે. વસ્તુસ્થિતિ તો એક સમયનો સંવર મુક્તિને આપે. એક સમયનો સંવર મુક્તિને આપે. એ દ્રવ્યસ્વભાવમાં જ્યાં સંસાર જ નથી. એવા સ્વભાવને અવલંબે સ્થિર થાય તેને સાચી આલોચના અને સંવર કહે છે. એ વાત આવી ગઈ છે.

'**નિયમ,...**' કોને કહે? નિયમ લીધો એમ નથી કહેતા? એ પણ નિયમ આત્માને અવલંબે એ વાત આવી ગઈ છે. '**વ્યુત્સર્ગ,...**' નામ કાયોત્સર્ગ. કાયોત્સર્ગ. કાયોત્સર્ગ કોને કહેવા? તાવકાયં ઠાણેણં માણેણં એમ નહિ. આ શરીરને આમ રાખે, આ દેહ આ તો જડની ક્રિયા છે. આત્માને ઠેકાણે રાખે અંદર. શુદ્ધ ચિદાનંદ પુણ્ય-પાપની અને જપની, ભક્તિની ક્રિયા વિનાનો એકલા આત્માને સ્વભાવની અંતર ભક્તિ દૃષ્ટિ કરીને ઠરે એને કાયોત્સર્ગ કહે છે.

લ્યો, વગેરે એમાં સમાડી દીધું. એમાં યોગની ક્રિયા આવી હતી. સમજાય છે? સમાધિની આવી હતી, આત્માની ભક્તિની આવી હતી, ઘણા ઘણાં નિશ્ચય પ્રકારના છ પ્રકારના આવશ્યકો એની પણ ક્રિયા આવી હતી. અંતરની હોં ક્રિયા.

**'વગેરે સકળ પરમાર્થક્રિયાકાંડના આડંબરથી સમૃદ્ધ છે...'** લ્યો, આ ક્રિયાકાંડ. ક્રિયાકાંડ કોણ? ઓલો આત્માને અવલંબે વીતરાગી દશા થાય એ ક્રિયાકાંડ છે. દેહની ક્રિયા ક્રિયાકાંડ નહિ. એ દયા, દાન, ભક્તિ, વ્રતના પર્યાય ઊપજે એ ક્રિયાકાંડ નહિ, એ વિકાર ક્રિયાકાંડ છે. જુઓ, આ ક્રિયાકાંડ આવી. આ ક્રિયાકાંડ એટલે ક્રિયાનો સમૂહ. આત્મા પુણ્ય-પાપથી ખસી, મનનું અવલંબન છોડી, ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં એકાગ્ર થઈને ઘોલન થાય એ ચૈતન્યના સ્વક્ષેત્રમાં રાગરહિત સ્વભાવની પર્યાયમાં ઘોલન થાય એને પરમાર્થ ક્રિયાકાંડ કહે છે અને એ ક્રિયાકાંડ મુક્તિનું કારણ છે. બાકી બીજી ક્રિયા મુક્તિનું કારણ નથી.

**શ્રોતા :-** એ નિશ્ચય ક્રિયાકાંડ અને ... વ્યવહારક્રિયાકાંડને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ છે વ્યવહાર. આ ક્રિયાકાંડનું કારણ દ્રવ્યસ્વભાવ છે. એ તો વાત પરમપારિણામિકમાં આવી ગઈ. ત્રિકાળ ચૈતન્ય ધ્રુવ સહજ કારણ સાધન છે. વસ્તુસ્વભાવમાં એ સાધન નામનો અનાદિ ગુણ છે. આત્મામાં એક અનાદિ સાધન કરણ નામનો ગુણ છે. એ ગુણથી ભરેલો આત્મા શુદ્ધ એને અવલંબે આ ક્રિયાકાંડ થાય છે. વ્યવહાર ક્રિયાકાંડથી આ ક્રિયાકાંડ થતી નથી. ભારે વાત, ભાઈ! હજી તો પકડવું કઠણ. આ વાત જુઓ કહે છે કે આ જૈન સર્વજ્ઞ માર્ગ સિવાય અને તે પણ આ સનાતન નિર્ગ્રંથ માર્ગ સિવાય આ માર્ગની નિર્મળતા બીજે ક્યાંય છે નહિ. લાગશે, પક્ષ તો લાગશે લોકોને, પણ બીજો એમાં ઉપાય કાંઈ છે નહિ. એય..! મણિભાઈ! માર્ગ તો આ છે, બાપુ! જ્યારે જ્યારે આત્માનું કલ્યાણ કરવું હોય તો નિર્ગ્રંથ વીતરાગી સંતો મુનિઓ એમણે કહેલો નિશ્ચય, વ્યવહાર, પરમાર્થ માર્ગ અંતરનો એ સમજ્યો કલ્યાણ (છે), બાકી કોઈ કલ્યાણ છે નહિ. બધા કહેશે, મનાવશે. એ કાંઈ કોઈ ના પાડતું નથી. વસ્તુ તો સર્વજ્ઞે કહેલી યુક્તિ ન્યાયથી અહીંયાં સિદ્ધ તો કરીએ છીએ ભાઈ. છતાં સમજવું તો એને આધીન છે કે બીજાને આધીન છે? કોઈ કોઈને સમજાવી દે તો અનંતા તીર્થંકરો થઈ ગયા. લઈ જાયને સૌને મોક્ષ. એ કોઈને કરાવવા સમર્થ છે નહિ. જુઓ આ ક્રિયાકાંડ. મોહનભાઈ! કઈ ક્રિયાકાંડ? આ લોકો કરે ઈ? નહિ.

**'સકળ પરમાર્થક્રિયાકાંડના...'** લ્યો, એ નિશ્ચયને જ ક્રિયાકાંડ અહીં તો કહી છે. વ્યવહાર રાગ વિકલ્પ ઉઠે અને આ રાગ આવ્યો એને સાધન કીધું છેને, એને કારણ કહ્યું છેને. હાલ હાલ આઘો, માલ લેતા તને આવડતું નથી. વેપારીની દુકાને આવે કોઈ, આઠ આનાની ચીજને ઓલો છ આના માગે તો શું કહે? ચાલતો થા ચાલતો. લીધા લીધા માલ. પ્રવિણભાઈ! એમ કહે કે નહિ? એમ અહીં કહે છે કે પરમાર્થ આત્માના માર્ગ સિવાય જો તું વ્યવહારથી માર્ગ સમજ્યો સમજ્યો માર્ગ. ચાલતો થા. અમારા વીતરાગ માર્ગમાં બીજો કોઈ માર્ગ છે

નહિ. જુઓ તો ખરા. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આ ક્રિયાકાંડ આવી એટલે જરી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ કઈ આવી? કઈ આવી? '**પરમાર્થક્રિયાકાંડના આડંબર...**' આડંબર એટલે વિસ્તાર.

**શ્રોતા** :- આજ સુધી કોઈ દિ' ક્રિયાકાંડ શબ્દ નહોતો આવતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણીવાર ક્રિયાકાંડ તો આવે છે. ક્રિયા ત્રણ પ્રકારની વાત નહોતી આવી?

**શ્રોતા** :- કાંડ નહોતો આવતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંડ એટલે સમૂહ. પણ કાંડ એટલે શું? સમૂહ. આ જડની પર્યાય જડની ક્રિયાકાંડ કહેવાય. આ હાલવું, ચાલવું, બોલવું ક્રિયાકાંડ જડનું. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના વિકલ્પ ઉઠે એ વિકારી કર્મકાંડ કહેવાય. વિકારી કર્મકાંડ ક્રિયાકાંડ એ પુણ્યબંધનનું કારણ છે, એ ધર્મ-બર્મ નથી. આત્મા દ્રવ્યસ્વભાવ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ એની ઓળખાણ કરીને વીતરાગી પર્યાયની પ્રગટતા, આ નિશ્ચયપ્રતિક્રમણ, પચ્ચખાણ, આલોચના, સંવર જે કીધો એ. એને એકાગ્ર થાય તે પરમાર્થક્રિયાકાંડ છે. ક્રિયાકાંડના ત્રણ પ્રકાર છે. જડની ક્રિયાકાંડ એટલે ક્રિયાનો સમૂહ. એ જડ ક્રિયાકાંડ એ પુણ્ય-પાપનું કારણ નથી. આત્મામાં થતા પુણ્ય-પાપના પરિણામ એ ક્રિયાકાંડ એ વિકાર બંધનું કારણ છે અને આત્માના ત્રિકાળ સ્વભાવને અવલંબે થતી શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા એ મોક્ષની ક્રિયા છે. એને અવલંબે અનંતા મુનિઓ મોક્ષને પામ્યા છે. એને અવલંબે સમ્યગ્દર્શન અને જ્ઞાન અને ચારિત્ર પામ્યા છે અંતરના અવલંબે અને એ ક્રિયાથી ધર્મ પામ્યા છે. કહો, સમજાણું?

'**સકળ પરમાર્થક્રિયાકાંડના આડંબર...**' એટલે વિસ્તાર. પુષ્કળ નિરૂપણ છે કહે છે એમાં. ક્રિયાકાંડનું પુષ્કળ નિરૂપણ છે. '**(અર્થાત્ જેમાં ક્રિયાઓનું પુષ્કળ નિરૂપણ છે)...**' પણ આ ક્રિયા હોં! સર્વજ્ઞે કીધી તે ક્રિયાકાંડ એ મુક્તિનું કારણ છે, એ સિવાય છે નહિ. '**અને જે ત્રણ ઉપયોગથી સુસંપન્ન છે (અર્થાત્ જેમાં અશુભ, શુભ અને શુદ્ધ ઉપયોગનું પુષ્કળ કથન છે)—**' એ ત્રણેનું વર્ણન કર્યું છે. આ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ અશુભોપયોગ છે, પાપ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કરુણા, કોમળતા, સેવા એ પુણ્યોપયોગ, શુભોપયોગ છે. બેય બંધનું કારણ છે અને આત્મા પુણ્ય-પાપરહિત સ્વભાવનું ભાન કરીને ઠરે એ શુદ્ધોપયોગ ધર્મનું કારણ છે. એ ત્રણની વ્યાખ્યા આમાં આવી ગઈ છે. કહો, સમજાણું કાંઈ? આ તો હવે ઉકેલે છે હવે. માંડવો ઉકેલે કે ભાઈ આટલા માણસ જમાડ્યા હતા, આટલું આ થયું, છેવટે યાદ કરે કે નહિ? મોહનભાઈ! આ અધિકારમાં આ અધિકાર આવી ગયો હતો.

ઓહો..! '**એવા આ પરમેશ્વર-શાસ્ત્રનું...**' પદ્મપ્રભમલધારિદેવ પરમેશ્વર-શાસ્ત્ર (કહે છે).

આ શાસ્ત્ર જ પરમેશ્વર છે. શાસ્ત્ર પરમેશ્વર નિમિત્તરૂપે. આત્મા પરમેશ્વર છે તો આ પણ પરમેશ્વર છે. આ એનું નિમિત્ત છે અને ઉપાદાન આમ છે. '**આ પમરેશ્વર શાસ્ત્ર...**' સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર જેમાં બધી આત્માની મોક્ષમાર્ગની ક્રિયાઓને વર્ણવવાની જેનામાં તાકાત છે. એવું પમરેશ્વર શાસ્ત્રનું... પરમેશ્વર છે જેમાં, જેમાં પરમ મોટપ છે જેમાં. એમાં પરમ અધિકાઈ છે જેમાં એવા આ શાસ્ત્રનું '**ખરેખર બે પ્રકારનું તાત્પર્ય છે :**' તાત્પર્ય નામ સાર, તાત્પર્ય નામ માખણ, તાત્પર્ય નામ એનું રહસ્ય બે પ્રકારે છે—એક '**સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. સૂત્રતાત્પર્ય તો પદ્યકથનથી દરેક સૂત્રને વિષે (-પદ્ય દ્વારા દરેક ગાથાના અંતે) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.**' દરેક ગાથામાં શું કહેવું હતું એ ગાથાદીઠ કહેવામાં આવ્યું છે. એનું નામ સૂત્રતાત્પર્ય કહેવાય. સૂત્ર નામ કહેલી ગાથાનું શું રહસ્ય છે.

'**અને શાસ્ત્રતાત્પર્ય...**' એ મહાસિદ્ધાંત છે. '**આ નીચે પ્રમાણે ટીકા વડે પ્રતિપાદિત કરવામાં આવે છે :**' ઓલા મૂળ શાસ્ત્રમાં શું કહેવું છે એ તો ગાથાદીઠ આવ્યું હતું. હવે આખા શાસ્ત્રનું રહસ્ય શું પણ હવે? ટોટલ? આ બધું કહ્યું એનું માખણ? કે એ પ્રતિપાદન કરવામાં આવે છે. '**આ (નિયમસારશાસ્ત્ર) ભાગવત-શાસ્ત્ર છે.**' લ્યો! જુઓ, છે? ક્યાં? નીચે નહિ, ટીકામાં. '**આ (નિયમસારશાસ્ત્ર) ભાગવત-શાસ્ત્ર છે.**' ભાગવત બેસાડ્યું હતું આ ભાદરવા સુદ ચૌદશે. જુઓ, આ ભાગવત-શાસ્ત્ર કહે છે. હિંમતભાઈ! પારાયણ. આ નિયમસારની પારાયણ માંડી હતી. સમજાણું? આ ભાગવત પોતે નિયમસાર શાસ્ત્રને પદ્મપ્રભમલધારિ મુનિ કહે છે કે અહો! પરમેશ્વરી શાસ્ત્ર છે. આવું સ્પષ્ટીકરણ નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચય સાચું આલોચના, સંવર, નિશ્ચયપચ્ચખાણ, સાચી સમાધિ, સાચી ભક્તિ, સાચા છ આવશ્યકો, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણ, સાચો યોગ, આવું જે વર્ણન અલૌકિક (છે). માટે ભાગવત-શાસ્ત્ર કહીએ છીએ. ઓલા કહે છે કે પારાયણ સાત વાર સાંભળે. શું કાંઈક કહે છેને? શું કહે છે? ભાગવત કહે છે ભાગવત સાત દિ'ની સાંભળે. અમુકવાર સાંભળે તો મોક્ષ થઈ જાય. એનો તો મોક્ષ ન થાય, પણ આ ભાગવત સરખાયનું સમજાય તો એનો મોક્ષ થાય.

**શ્રોતા :-** જલ્દી જાય એનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સમજવા જેવું છે. કહો, સમજાણું કાંઈ?

આ વસ્તુ સર્વજ્ઞ... એક આત્મા સર્વજ્ઞ છે. એક એક આત્મા સર્વજ્ઞના ભંડાર ભરેલા બધા પ્રભુ છે. એક પ્રભુને જ પોતાની કુંચીની, રહસ્ય કુંચી ખોલતા આવડે તો બધા પટારા એના ચૈતન્યમાં ભર્યા છે. બધા ભગવાન ચૈતન્ય નિધિથી ભરેલા ભગવાન છે. કોઈ કોઈનો કર્તા અને કોઈના આશીર્વાદથી ભગવાન પ્રગટે એવો નથી. બધા દેહદેવળના ડાબલે ચૈતન્ય ભગવાન અનંતા ગુણનો પિંડ ખજાને પડેલો છે એને કર્મને ટાળી, કર્મના ડાબલા તોડી અને વીતરાગી દશા કરીને અંદર આત્માની શક્તિનો વિકાસ જે કરે એ બધા પરમાત્મા થઈ શકે

છે. એવા પરમાત્માના એક એક તત્ત્વને બતાવનારું એ ભાગવત-શાસ્ત્ર છે. કહો, સમજાય છે? બીજા તો કહે ભાઈ! એ આત્મા ભગવાનની કૃપા થઈને તને મળ્યું, ભગવાને દર્શન દીધા એ બધી વાત સાચી નથી.

એ ભગવાન આ પોતે નિધિ અનંતગુણનો પડ્યો છે. એની અંદર કુંચી એને મળી કે શરીર નહિ, કર્મ નહિ, પ્રભુ ચૈતન્ય જ્યોત પડ્યો છે. એ તારી એક સમયની પર્યાય રાગ સાથે એકત્વ છે, ડાબલા બંધ છે. બંધ છે તારા ડાબલાના ખજાના. એક સમયની પર્યાય દ્રવ્ય સાથે એકાગ્ર થાય તો ડાબલા ખુલી જશે. ચૈતન્યપ્રભુની ખાણ અનંતા કેવળજ્ઞાનનો નિધાન લઈને ઉઘડશે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંતવીર્ય ચતુષ્ટય પૂર્ણ થશે. એ શક્તિનો ભંડાર તું છો. અમારી આશા રાખીશ નહિ. અમે શાસ્ત્રથી તને કહીએ છીએ પણ અમારાથી તને મળે એવું નથી. તું પ્રભુ અને પરિપૂર્ણ સામર્થ્યવાળો છો. એમ શાસ્ત્ર જે કહે તેને ભાગવત-શાસ્ત્ર કહે છે. જુઓ, કહે છે કે અમને સાંભળવાથી નહિ, તું તારામાં ભરેલો છો. તારું તાત્પર્ય તારામાંથી નીકળે એવું છે.

જુઓ, '**ભાગવત શાસ્ત્ર છે.**' નીચે અર્થ કર્યો. '**ભાગવત = ભગવાનનું; દૈવી; પવિત્ર.**' શાસ્ત્ર. દૈવિશાસ્ત્ર નિયમસાર છે. ...ભાઈ! કહો, સમજાણું કાંઈ? લ્યો! આ લાડવા પીરસાય છે આ ગણેશ ચોથના જુઓ આ. ગણેશનો અર્થ થાય છે ગણધરદેવ. મૂળ તો ગણ નામ મુનિઓના ઈશ નામ અધિકારી. મુનિઓ, સંતો, અધ્યાત્મ જ્ઞાની આત્માના આનંદમાં ઝૂલતા હજારો, લાખો સંતો એના ઈશ જે મુનિ ગણધર ચાર જ્ઞાન, ચૌદ પૂર્વના ધરનાર તે ગણના ઈશ તેને ગણેશ કહે છે. એવા મુનિઓએ કહેલું આ ભાગવત-શાસ્ત્ર છે. '**જે (શાસ્ત્ર)...**' હવે એનું તાત્પર્ય વીતરાગતા કહે છે જુઓ, '**નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા,...**' નિર્વાણસુંદરી, મુક્તિરૂપી સ્ત્રી, પોતાની આત્મામાંથી પરમ સુંદરતા પ્રગટ થઈ અને વીતરાગતા જેમાં ઓપી નીકળી અને કેવળજ્ઞાનસહિત જેનો જ્ઞાનનો દીવડો ખીલી નીકળ્યો એવી નિર્વાણરૂપી આત્માની પર્યાય, આત્માની પર્યાય એટલે અવસ્થા એની સુંદરી છે. એ કોઈ દિ' એનાથી ખસે નહિ. અને એ સુંદર છે, બાકી કોઈ સુંદર છે નહિ. મોક્ષમાર્ગને પણ સુંદર ન કહ્યો. હજી અધૂરો છે. આ નિર્વાણ સુંદરી. કહો, સમજાણું કાંઈ?

જે નિર્વાણ મુક્તિની સુંદરી ઉત્પન્ન થતાં વીતરાગ '**પરમવીતરાગાત્મક, નિરાબાધ, નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે,...**' લ્યો, પરમવીતરાગસ્વરૂપ રાગરહિત, વિકલ્પરહિત નિર્વિકલ્પ શાંતિ. એ નિરાબાધ-જેને કોઈ વિઘ્ન છે નહિ. બાધારહિત નિર્વિઘ્ન. નિરંતર-જેમાં કોઈ અંતર નથી એવા અનંગ-અનંગ. અનંગ એટલે શરીર વિનાનું અશરીરી. આત્મિક અતીન્દ્રિય પરમાનંદનું દેનારું શાસ્ત્ર છે. શાસ્ત્ર તો નિમિત્ત છે હોં. દેનાર તો એનો આત્મા છે. આ તો આ સમજે તો નિમિત્ત કહેવાય છે એમ કહેવામાં આવે છે. '**અનંગ પરમાનંદનું...**' '**નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા, પરમવીતરાગાત્મક,...** ' એટલે પરમ વીતરાગસ્વરૂપ

**'નિરાબાધ,...'** વિઘ્ન વિના **'નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે,...'** વાત પણ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માને પડખે આવવું એ જગતને કઠણ પડે છે. વીતરાગ શું કહે છે? સર્વજ્ઞની વાણી કેવી હોય? પરમાત્મા પૂર્ણ કેવા હોય? એની વાણીમાં પૂર્ણતા એક-એક દ્રવ્યની કેવી હોય એને સમજે, એને કહે છે કે આ પરમાનંદનું દેનારું શાસ્ત્ર થાય, નહિતર કાંઈ શાસ્ત્ર આપી દેતું નથી. અહીં તો નિમિત્ત જેને થયું એને પરમાનંદનું દેનારું થયું એમ જ કહેવામાં આવે છે. નિમિત્ત કોને થયું કહેવાય? કે જેના અંદર વીતરાગ પરમાત્મસ્વરૂપ ચિદાનંદ વિઘ્ન વિનાનો નિરંતર પરમાનંદની દશા પ્રગટ થઈ એને શાસ્ત્ર નિમિત્ત થયું.

'જે **નિરતિશય,...'** અહીં તો કહેવું છે કે આવા કારણપરમાત્માની ભાવનાનું કારણ છે. સમજાય છે? **'નિરતિશય = જેનાથી કોઈ ચડિયાતું નથી એવા; અનુત્તમ; શ્રેષ્ઠ; અજોડ.' 'નિત્ય શુદ્ધ નિરંજન નિજકારણપરમાત્માની ભાવનાનું કારણ છે,...'** લ્યો! આ આત્મા, આ નિજકારણપરમાત્મા, નિજકારણપરમાત્મા. કારણપરમાત્મા એટલે? કાયમ અનંતી શક્તિનો પિંડ. એક સમયનો પર્યાયને છોડી દ્યો લક્ષમાં, વિકલ્પને તો ત્રિકાળ ધ્રુવ અનંત શક્તિનો પિંડ એને કારણપરમાત્મા કહે છે. એ **'નિજકારણપરમાત્માની ભાવનાનું કારણ છે,...'** રાગની ભાવના અને વ્યવહારની ભાવના અને વિકલ્પની ભાવના, નિમિત્તની ભાવના એનું આ કારણ નિયમસાર નથી. એનું જ્ઞાન કરાવે છે, એનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત છે, રાગ છે, પર્યાય હીણી છે. પણ નિજકારણપરમાત્મા ત્રિકાળ જે વસ્તુ. કહો, સમજાણું? એવો જે ભગવાન આત્મા **'અનંગ પરમાનંદનું દેનારું છે, જે નિરતિશય, નિત્ય શુદ્ધ નિરંજન નિજકારણપરમાત્માની ભાવનાનું કારણ છે,...'** નિજકારણ કહ્યું લ્યો! ભગવાન બીજા છે એની ભાવના પણ નહિ. સર્વજ્ઞ ભગવાન પાસે જાવ અને ભગવાન મને આપે એ નહિ. આ જ ભગવાન પોતે જ અંદરમાં ત્રિકાળ બિરાજમાન ચિદાનંદ ઓપિત છે. શક્તિનો સાગર પડેલો છે. અંતર ધ્રુવસ્વરૂપ છે. એક સમયનો પર્યાય અંતરમાં વાળ, અંતરમાં જો. પાણીની શીતળતા પાણીમાં ભરી છે. ઉષ્ણતા વખતે પણ પાણીમાં શીતળતા ભરી છે. એમ આત્માના વિકાર વખતે પણ આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વરૂપે ભરેલો છે. એવા નિજકારણ નામ દ્રવ્યસ્વભાવ, એની ભાવનાનું નિયમસાર કારણ છે. આમાં રાગની ભાવના કે વ્યવહારની ભાવના કરાવવાનું આ કારણ નથી. આખા શાસ્ત્રનો સાર આ કહે છે.

ભગવાનના બાર અંગનો સાર, ચૌદ પૂર્વનો સાર, નિયમસારનો સાર, આખા શાસ્ત્રનું તાત્પર્ય, વસ્તુ... વસ્તુ... 'વસ્તુ વહોરજો રે' નથી આવતું? ઓલામાં આવે છે. વસ્તુ એ આત્મા તું. નિજવસ્તુ અનંત-અનંત ગુણોનો પિંડ ભંડાર. હજી એ વિશ્વાસમાં તો લાવે કે આ કોના ગાણા ગાય છે? મારા હશે કે કોક ભગવાનના હશે બીજાના? પણ તું ભગવાન અંદર મહિમાવાળો પડ્યો છો. કોઈ ભગવાન બીજો આપે એવું નથી. એ બીજા ભગવાન થયા એ પણ એના નિજ કારણપરમાત્મા અંતર શક્તિ એમાં એકાગ્ર થઈને કેવળી થયા છે.

આ શાસ્ત્ર '**નિજકારણપરમાત્માની ભાવનાનું કારણ છે,...**' આખો સાર મૂકી દીધો અહીં. લ્યો, આ તાત્પર્ય શાસ્ત્રનું. કહો, સમજાય છે? આખા શાસ્ત્રનું તાત્પર્ય-રહસ્ય-મર્મ આ એનો ગર્ભ એ ચૈતન્ય ત્રિકાળ વસ્તુ સામાન્ય સ્વભાવ એકરૂપ છો. એ પર્યાયબુદ્ધિ છોડ, અવસ્થાબુદ્ધિ છોડ, એક અંશ બુદ્ધિ છોડ, વર્તમાન પ્રગટ લાગે તેટલો નહિ, ત્રિકાળ શક્તિથી ભંડાર ભરેલો તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કર. એની ભાવનાનું કરનારું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? લ્યો, એ કારણ કહ્યું.

વળી '**જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે,...**' બધી નયોનો અધિકાર છે. નિશ્ચયનો, વ્યવહારનો, અસદ્ભૂતનો, સદ્ભૂતનો. કેટલા પડખાં ઘણાં આવી ગયા ત્યાં. બધી '**નયોના સમૂહથી શોભિત છે,...**' નિશ્ચય-વ્યવહાર કોઈ નય જતી કરી નથી. જેમ સાધક સ્વભાવ છે તે અંતરમાં નિશ્ચય બતાવ્યો ત્યાં રાગ છે એ વ્યવહાર છે એ પણ ખ્યાલ કરાવ્યો છે અને મુનિઓને પણ રાગ હોય કે પંચમહાવ્રતના પરિણામ હોય. મુનિઓને પણ રાગ આવે તો જાત્રા, ભક્તિ કરવાનો પણ એને ભાવ આવે એ વાત બધી ઘણી કરી ગયા છે વ્યવહારમાં. છઠ્ઠા ગુણસ્થાને મહામુનિ સંત એને પણ શુભરાગ થાય, ભક્તિ જાત્રા. સમજાય છે? સમ્મેદશિખર ગિરનાર વગેરે જાત્રાનો ભાવ મુનિઓ, આત્મજ્ઞાની છઠ્ઠે ગુણસ્થાને.. અધ્યાત્મમાં લીન એ .. ભાવ આવે છે. એવી બધી નયોના સમૂહથી આ શાસ્ત્ર શોભિત છે. કોઈ વાત બાકી રાખી નથી. સમજાણું?

નિશ્ચયથી વાત ત્રિકાળની કરી છે, વર્તમાન પર્યાયની કરી છે, શુદ્ધ-અશુદ્ધ પર્યાયની કરી છે, નિમિત્તોની પણ સાચા પંચપરમેષ્ઠીનું વ્યવહારમાં બહુ વર્ણન આવી ગયું. અરિહંત કેવા? નિર્દોષ, અઢાર દોષરહિત અરિહંતને આહાર નહિ, પાણી નહિ, રોગ નહિ. એવા અરિહંત હોય છે. એ બધી વ્યાખ્યા ઘણી કહી ગયા. સિદ્ધ કેવા? પૂર્ણાનંદની પ્રાપ્તિમાં, આત્માની મુક્તિમાં સ્વ નિજક્ષેત્રમાં આનંદમાં અનુભવે તે સિદ્ધ છે. આચાર્ય કેવા એ પણ ઘણું વર્ણન આવી ગયું. કેટલાક .. આચાર્યમાંથી આવ્યું હતું કે નિજ પોતાની પરિણતિથી પંચાસ્તિકાયને સિદ્ધ કરવા સમર્થ છે. પોતાના સ્વરૂપની પરિણતિ, શાંતિની દશાથી પંચાસ્તિકાય ભગવાને કહેલા એ પરિણતિ દ્વારા સિદ્ધ કરવાને સમર્થ છે. એ વગેરે પંચપરમેષ્ઠીનું સ્વરૂપ, મુનિઓનું સ્વરૂપ આવ્યું હતું. બધું ઘણું-ઘણું પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ઘણો ઘણો અધિકાર આમાં નિયમસારમાં તો થોકબંધ અધિકાર આવ્યો છે. ૧૮૭ (ગાથામાં) ઘણો અધિકાર આવ્યો. સમજાણું?

કહો, ૧૮૭માં સરવાળો ૧૬ થાય છેને જુઓ, સોળ આના વાત કરી છે કહે છે. ૮ અને ૧, ૯ અને ૭, ૧૬ થાય છેને. સોળ આના પરિપૂર્ણ નિયમસારે પરિપૂર્ણ બધી વાત કરી છે. આખે આખી ચોસઠ પૈસા સોળે સોળ આનાની વાત ચોખ્ખે ચોખ્ખી આમાં વાતક કરી છે. ૧૮૭ આવીને અટકી. ન થઈ ૮૬, ન થઈ ૮૮. એ કાંઈ કોઈ કરતું નથી હોં.

એ કાળે એ જ રીતે વિધિ થઈને ઊભી રહે છે. ત્યાં એમ કે આટલી ગાથા બનાવી એવું કાંઈ નિયમ નહિ. જે આવ્યું અને પૂરું થઈ ગયું. ૧૮૭એ આ વાત પૂરી થઈ ગઈ.

કહે છે કે '**જે સમસ્ત નયોના સમૂહથી શોભિત છે, જે પંચમ ગતિના હેતુભૂત છે...**' કેવો છે આ નિયમસાર? એ મુક્તિનું નિમિત્ત છે, મોક્ષનું નિમિત્ત છે. આ ભાગવત શાસ્ત્રનું વીતરાગી ફળ. '**અને જે પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર-પરિગ્રહવાળાથી રચાયેલું છે—**' જેને એક શરીરમાત્ર પરિગ્રહ હતો એવા કુંદકુંદાચાર્ય દિગંબર સંતથી રચેલું આ શાસ્ત્ર છે. એમ કહીને વચન પ્રમાણે પુરુષપ્રમાણ સિદ્ધ કરી દીધા.

'**પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...**' જેને ઇન્દ્રિયો વિસ્તાર પામી નહોતી. અંદરમાં સંકેલાઈ ગઈ હતી. શરીરમાત્ર પરિગ્રહ હતો. નિર્ગ્રંથ મુનિ હતા, વસ્ત્રનો કણિયો નહોતો, પાત્રનો કટકો નહોતો, મોરપીંછી, કમંડળ પણ એક ગૌણપણે અપવાદિક હતા. બાકી અહીં તો દેહમાત્ર પરિગ્રહ. આવા સંત, સાચા વીતરાગી સંત મુનિઓથી રચાયેલું છે. એનાથી રચેલું છે. એમાં શંકા કરશો તો પંચમહાવ્રતધારી ખોટા ઠરે છે. સમજાય છે કાંઈ? પંચમહાવ્રતધારી સત્યના બોલનારા અને ત્રણ કષાયના નાશથી નિર્ગ્રંથદશા થઈ એણે આ રચ્યું છે. અક્ષરે અક્ષર સત્ય છે અને ગાથાએ ગાથા સત્ય છે અને ટીકાનો ભાવ (પણ સત્ય છે). ટીકા પણ નિર્ગ્રંથ મુનિએ કરેલી છે. આ તો શાસ્ત્ર રચ્યાની વાત કરી, પણ ટીકા પણ નિર્ગ્રંથ મુનિ નગ્ન દિગંબરે રચેલી છે. એ અનાદિ સનાતન પ્રવાહ છે તે વાત અહીંયાં ગોઠવાઈ ગઈ છે.

'**દેહમાત્ર-પરિગ્રહવાળાથી રચાયેલું છે—એવા આ ભાગવત-શાસ્ત્રને...** ' ભાગવત શાસ્ત્રને, પરમેશ્વરી-શાસ્ત્રને. '**જેઓ નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી જાણે છે,...**' જુઓ, અવિરોધ. નિશ્ચય અને વ્યવહારનો વિરોધ આવે? કે નિશ્ચયથી આત્માથી કલ્યાણ થાય અને વ્યવહારથી રાગથી કલ્યાણ થાય. એ તો વિરોધ આવ્યો. નિશ્ચયથી આત્મા આત્માથી સમજે અને વ્યવહારથી નિમિત્તથી સમજે. એ તો કથનશૈલી છે. પરથી સમજે અને સ્વથી સમજે, એ બે તો વિરોધ આવ્યો. એ વિરોધ છે નહિ. નિશ્ચયથી પોતાથી સમજે ત્યારે (વ્યવહારથી) નિમિત્તથી સમજે એમ કહેવામાં આવે. નિશ્ચયથી આત્માથી કલ્યાણ થાય ત્યારે રાગને વ્યવહારથી સાધન છે એમ કહેવામાં આવે છે. ત્યારે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ છે. એમ '**અવિરોધથી જાણે છે,...**' કોણ? જીવો. આમાંથી વિરોધ કાઢે. લ્યો, વ્યવહારે જુઓ છે કે નહિ? પણ છે એટલે શું? એ તો કહ્યું. કહ્યુંને મુનિઓને કમંડળ, મોરપીંછી વગેરે હોય, મુનિઓને અમુક દશા, નગ્ન દશા થઈ જાય. લ્યો, આટલો નિર્વિકલ્પ સંતોનો માર્ગ વર્ણવ્યો, વળી લૂગડું શું નડ્યું એને? સમજાય છે? લૂગડું નડ્યું નથી, સાંભળ તો ખરો. એના પ્રત્યેનો રાગ હોય ત્યાં મુનિદશા હોતી નથી. એમ વ્યવહાર અને નિશ્ચયનો અવિરોધ છે, નહિતર તો વિરોધ આવે છે. વસ્તુને એ સમજતા નથી.

'**નિશ્ચયનય અને વ્યવહારનયના અવિરોધથી...**' એનો વિરોધ ટાળીને, મેળ કરીને

જાણે છે. સમજાય છે? '**તે મહાપુરુષો—સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હૃદયને જાણનારાઓ...**' તે મહાપુરુષો સમસ્ત અધ્યાત્મશાસ્ત્રના મર્મને, હાર્દને, રહસ્યને '(**આ ભાગવત-શાસ્ત્રને જેઓ સમ્યક્ પ્રકારે જાણે છે, તેઓ સમસ્ત અધ્યાત્મશાસ્ત્રોના હાર્દના જ્ઞાતા છે.**)' એને કોઈ જાતનો ક્યાંય વાંધો વ્યવહાર-નિશ્ચયમાં રહેતો નથી. એવા અધ્યાત્મશાસ્ત્રોના મર્મને જાણનારાઓ '**અને પરમાનંદરૂપ વીતરાગ સુખના અભિલાષીઓ—**' પરમાનંદરૂપી વીતરાગ સુખ આત્માનું એના અભિલાષી. જુઓ, મુનિની વાત કરે છે.

'**બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહોના પ્રપંચને પરિત્યાગીને,...**' આમ જાણ્યું, પછી છોડી દે છે કહે છે. બાહ્યનો પરિગ્રહ છૂટી જાય. અભ્યંતરનો બધો મિથ્યાત્વ આદિ પરિગ્રહ છે. ચૌદ પ્રકારનો અભ્યંતર અને દસ પ્રકારનો બાહ્ય. ચોવીશ પ્રકારનો (પરિગ્રહ) છૂટીને પ્રપંચના વિસ્તારને ત્યાગી '**ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન...**' ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન '**નિજ કારણપરમાત્માના સ્વરૂપનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણાત્મક...**' લ્યો, એ છેલ્લું પાછું નિયમસાર લાવ્યા. '**ત્રિકાળનિરુપાધિ સ્વરૂપમાં લીન...**' ત્રિકાળ સ્વરૂપમાં લીન '**નિજકારણપરમાત્માના સ્વરૂપનાં શ્રદ્ધાન-**' નિજકારણપરમાત્માના સ્વરૂપનું જ્ઞાન, નિજકારણપરમાત્માના સ્વરૂપનું આચરણ '**ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ...**' વ્યવહારથી અપેક્ષા વિનાનું. ભાઈ! કાઢી નાખ્યું આ તો. વ્યવહારની અપેક્ષા નથી, કહે છે. ભેદોપચાર કલ્પના જે વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થાય એની કલ્પનાની અપેક્ષા વિનાનું તત્ત્વ છે અંદર. આ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા '**એવા સ્વસ્થ રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા,...**' સ્વસ્થ નિજાત્મસ્થિત, નિજાત્મસ્થિત. નિજાત્મસ્થિત જુઓ, '(**નિજાત્મસ્થિત શુદ્ધરત્નત્રય ભેદોપચાર-કલ્પનાથી નિરપેક્ષ છે.**)' અહીં તો અપેક્ષા કાઢી નાખી. મૂળ અંતર સ્વરૂપ છે એને કહે છે વ્યવહારની અપેક્ષા નથી. અંદરની આત્માની અપેક્ષા હતી તો એનાથી પ્રગટ દશા થઈ. '**સ્વસ્થ...**' સ્વમાં રહેલા '**રત્નત્રયમાં પરાયણ વર્તતા થકા, શબ્દબ્રહ્મના ફળરૂપ શાશ્વત સુખના ભોક્તા થાય છે.**' આ શબ્દબ્રહ્મનું ફળ ભગવાનની વાણી વીતરાગતા બતાવે છે અને વીતરાગતાનું ફળ પરમાનંદનું સુખ સિદ્ધપદ છે. એ સિવાય વચ્ચે સ્વર્ગનું સુખ મળે પુણ્ય એ કાંઈ વીતરાગ વાણીનું ફળ નથી. શબ્દબ્રહ્મ ભગવાનની જે વાણી નીકળી એના ફળરૂપ શાશ્વત આનંદના સુખના આ નિયમસાર અનુભવે એને એનો મર્મ જાણે એને વીતરાગતા પ્રગટીને પરમાત્મા થાય છે. શાશ્વત આનંદનો અનુભવ કરનાર થાય છે. આ ગાથા એ રીતે પૂરી કરીને ચાર શ્લોક છે હવે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૨૯-૭-૧૯૫૯, ગાથા-૫૧ થી ૫૬, કળશ-૭૫, પ્રવચન નં. ૪૨૭

ભગવાને કહેલા સર્વજ્ઞ પરમાત્માએ કહેલા તત્ત્વો એનું એને સંશય, વિમોહ અને વિભ્રમ રહિત વ્યવહારુ જ્ઞાન પણ એવું નિર્મળ અને નિઃશંક હોય છે. અને પાપના પરિણામથી નિવૃત્તિરૂપ વ્યવહારચારિત્ર પણ એને હોય છે. અને સર્વજ્ઞે કહેલા વાસ્તવિક તત્ત્વજ્ઞાનનું હેય-ઉપાદેયપણાનો વિવેક વ્યવહારથી તેને જ્ઞાનમાં હોય છે. એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. અને એ સમ્યગ્દર્શનરૂપ આત્માના પરિણામ કહો, નિર્મળ પર્યાય કહો એને નિમિત્તરૂપે જ્ઞાની સર્વજ્ઞ પરમાત્માની વાણી, દ્રવ્યશ્રુતરૂપી તત્ત્વજ્ઞાન એ વાણી એને બાહ્યસહકારી તરીકે નિમિત્ત કારણ હોય છે. બીજાની વાણી નિમિત્ત તરીકે પણ હોતી નથી અને જે ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે જેને દર્શનમોહનો ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ થયો છે એવા જ્ઞાની નવા સમકિત પામનારની પર્યાયમાં ઉપચારથી અંતરંગ હેતુ કારણ કહેવામાં આવ્યા છે. કહો, સમજાય છે આમાં? મિથ્યાદૃષ્ટિની વાણી એને નિમિત્ત ન હોય અને મિથ્યાદૃષ્ટિનો આત્મા એને ઉપચારથી પણ અંતરંગ હેતુ એને કહેવાય નહિ. એ વાત આવી ગઈ. કહો, સમજાણું આમાં? જેને દર્શનમોહનો કર્મનો ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક થાય છે સમ્યગ્દૃષ્ટિ થનારને એ અંતરંગ કારણ સમકિતીને છે, એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? એ બીજે સ્થાનમાં બીજે ઠેકાણે વાત હોય.

અહીં તો આત્મા અને શુદ્ધ પરમસ્વભાવ એનું સામર્થ્યવાળું તત્ત્વ એની અંતર સમ્યગ્દર્શનની પર્યાય એને, સમ્યગ્દૃષ્ટિ જેને દર્શનમોહનો ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક થયો છે એ જ એને નિમિત્ત હોય છે, બીજું અંતરંગ નિમિત્ત પણ એને ઉપચારથી બીજાને કહેવાતું નથી. કહો, સમજાણું આમાં? આ હવે સાંભળવાનું છે આ બધું. શું કરવા કહ્યું ઈ? કે કાને હવે બહુ સાંભળ્યું એમ કીધું હતુંને હમણાં. આમાં ૭૮ વર્ષ થયા, કાને બહુ સાંભળ્યું એટલે કાનમાં હવે તો કાંઈક થાયને એમ. પણ સાંભળવાનું હવે જ છે ખરું.

હવે નિશ્ચયની વાત આવે છે. નિશ્ચયની વાત શું છે એ વાત તો ઘણી પહેલાં આવી ગઈ. છતાં એમાં નિશ્ચયનું સમ્યગ્દર્શન, નિશ્ચય સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર એ વાસ્તવિક રત્નત્રય અભેદ અભેદ અનુપચારરત્નત્રય. કહો, અભેદ અનુપચારરત્નત્રય. સાંભળી છે ભાષા? અભેદ એટલે આત્મા એક સમયમાં જ્ઞાયકસ્વભાવ, એકલું સત્ત્વ એ આગળ કહેશે, એની અંદરમાં અભેદપણે પ્રતીતિ સમ્યક્ થવી, અનુપચાર-એ ઉપચાર નથી, એ વાસ્તવિકતા છે. એ અભેદ અનુપચારરત્નત્રય પરિણતિવાળા જીવને. રત્નત્રય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય પરિણતિવાળા. એની પર્યાયરૂપ પરિણમેલા, એની પર્યાયરૂપ પરિણમેલા જીવને શું હોય છે?

'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે.' કહો સમજાણું? શું કહે છે? ટંકોત્કીર્ણ એટલે જેવો છે તેવો જ્ઞાયક જેનો એક સ્વભાવ છે ત્રિકાળ. જ્ઞાયક જાણનાર-જાણક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વની. એવા નિજપરમતત્ત્વ. ક્યું પરમતત્ત્વ? 'કે જ્ઞાયક જેનો એક સ્વભાવ છે.' એકરૂપ ત્રિકાળ જ્ઞાયક જેનો સ્વભાવ છે. એવા 'નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે સિદ્ધપર્યાય થાય છે.' અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. સમજાણું કાંઈ? જુઓ, છેલ્લો શબ્દ છે ઈ.

પહેલા જે વ્યવહારરત્નત્રય કહ્યા હતા એના વડે સિદ્ધપર્યાય થાય છે એમ નહોતું કહ્યું. વ્યવહાર જે કહ્યો હતો કે પંચપરમેષ્ઠીની ભક્તિરૂપ અને શ્રદ્ધારૂપ અને ચળ, મલિન, અગાઢતારહિત ઉપજેલું નિશ્ચળભક્તિસ્વરૂપ સમકિત તે સિદ્ધપર્યાયનું કારણ છે ભાઈ! એમ નહોતું કહ્યું. સમજાણું? સિદ્ધપર્યાયનું અભૂતપૂર્વ સિદ્ધપર્યાય જેનાથી થાય છે એમ નહોતું કહ્યું. બંધકારણ છે, હોય છે. સમજાણું કાંઈ? શું સમજાણું? વ્યવહારશ્રદ્ધાનો વિકલ્પ પંચપરમેષ્ઠીની વાસ્તવિક ભક્તિરૂપ શ્રદ્ધા હોય છે. હોય છે એમ કહ્યું હતું. એનાથી અભૂતપૂર્વ-નહિ પ્રગટેલી સિદ્ધની દશા ઊપજશે એમ એમાં કહ્યું નથી. સમજાણું કાંઈ? અને સમ્યગ્જ્ઞાન જે કહ્યું, સંશય, વિમોહ અને વિભ્રમરહિત વ્યવહારજ્ઞાન એ પણ સિદ્ધપર્યાયનું કારણ છે અથવા સિદ્ધપર્યાય અભૂતપૂર્વ ઊપજે એના વડે, એના વડે એમ કહ્યું નથી, એમ છે નહિ. સમજાય છે કાંઈ?

અને 'પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.' છે એમ કહ્યું હતું જ્ઞાન કરાવવા. છે છે. બસ એટલું. 'જિનપ્રણિત હેય-ઉપાદેય તત્ત્વનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.' છે એમ હયાતી જણાવી હતી. શુભ વિકલ્પની વ્યવહારરત્નત્રયની શ્રદ્ધા, જ્ઞાન અને પાપ પરિણામરહિતની પરિણતિ એટલે પરિણામ છે. એટલું વ્યવહારુ નિશ્ચયમાં થતું જ્ઞાન જણાવ્યું. એનું ફળ શું? સિદ્ધપદ છે, મોક્ષનો માર્ગ છે એમ નહિ. સમજાય છે કાંઈ આમાં? અહીંયાં એમ કહ્યું કે 'અભેદ અનુપચારરત્નત્રય પરિણતિવાળા જીવને ટંકોત્કીર્ણ જેનો એક જ્ઞાયક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે અભૂતપૂર્વક સિદ્ધપર્યાય થાય છે.' પાછળ છે ચોથી લીટી. એ વડે-વડે. સિદ્ધ અભૂત નામ પૂર્વ કદી નહિ થયેલો એવો અપૂર્વ સિદ્ધપર્યાય, સિદ્ધ અવસ્થા, સિદ્ધદશા, મોક્ષપર્યાય આવા સમકિત વડે થાય છે એમ કહ્યું છે. છે? ક્યાં?

**શ્રોતા :-** સિદ્ધપર્યાય થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બસ ઈ. અભૂતપૂર્વ રહી ગયું બસ. અભૂતપૂર્વ એટલે પૂર્વે કોઈ દિ' નહિ થયેલી, કદી પૂર્વે નહિ સિદ્ધ અવસ્થા થયેલી, પરમાત્મદશા થયેલી એ, એ આવા અભેદ અનુપચારરત્નત્રયપરિણતિવાળા જીવને પરિણતિ એટલે પર્યાય, પરિણતિ એટલે અવસ્થા, પરિણતિ એટલે દશા, પરિણતિ એટલે વર્તમાન પરિણામ, એ જીવને આવી શ્રદ્ધા હોય છે. એ શ્રદ્ધા વડે કદી નહિ પ્રગટ થયેલી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં કાંઈ?

'તદ્જ્ઞાનમાત્ર...' તદ્જ્ઞાનમાત્ર '**તે નિજપરમતત્ત્વના...**' કેવું નિજપરમતત્ત્વ? કે '**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વના જ્ઞાનભાવસ્વરૂપ...**' જ્ઞાનમાત્રસ્વરૂપ, જ્ઞાનમાત્રસ્વરૂપ. જુઓ, શાસ્ત્રનું જ્ઞાન એ બધું વ્યવહારમાં નાખી દીધું. વિકલ્પ છે ખરો એવો, પણ એ સિદ્ધપર્યાયનું કારણ નથી. આ 'તદ્જ્ઞાનમાત્ર તે નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ...' જ્ઞાનમાત્રસ્વરૂપ. તદ્જ્ઞાનમાત્ર એમ શબ્દ છેને? એના જ્ઞાનમાત્ર. નિજ જ્ઞાયકભાવ એવો જેનો સ્વભાવ એવું જે નિજપરમતત્ત્વ એનું જ્ઞાનમાત્ર એવા 'અંતર્મુખ પરમબોધ વડે...' એવા અંતર્મુખ પરમબોધ વડે. આ નિશ્ચયસમ્યગ્જ્ઞાન. સમજાય છે કાંઈ? ઓહો..! નવું નવું બધું લાગે. સવારે બીજું, બપોરે બીજું. હવે તો સહેલું આવશે બપોરથી. આ તો માલ માલ હતોને પહેલો. 'અંતર્મુખ પરમબોધ વડે...' શાસ્ત્રજ્ઞાન એ તો બહિર્મુખ બોધ હતો. આ આત્મસ્વભાવ નિજજ્ઞાયકભાવરૂપ નિજપરમતત્ત્વ એનું જ્ઞાનમાત્ર, એનું જ્ઞાનમાત્ર એવા નિજપરમબોધ વડે, પરમબોધ વડે 'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.' કદી નહિ પ્રગટેલી મોક્ષની પર્યાય સિદ્ધની અવસ્થા થાય છે. ઓલા જ્ઞાન વડે થાય છે એમ નહોતું કહ્યું. છે એટલી વાત કરી હતી. છે બસ. વ્યવહારનો વિષય આવો એને વીતરાગ ન થાય ત્યાં સુધી હોય છે. એનાથી લાભ છે એમ નહિ.

**શ્રોતા** :- વ્યવહારરત્નત્રયથી લાભ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જરીએ નહિ. બંધનું કારણ. કહો, સમજાણું કાંઈ?

બે બોલ થયા—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. ત્રીજું '**અને તે રૂપે નિજપરમતત્ત્વરૂપે...**' નિજપરમતત્ત્વ કેવું? કે 'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે.' એક જેનો જ્ઞાયકભાવ સ્વભાવ છે. એવું જે નિજપરમતત્ત્વ એ પરમતત્ત્વરૂપે '**અવિચળપણે...**' એમાં ચળે નહિ એ રીતે અવિચળપણે. વિચળતા-ચળતા નહિ એવું સ્થિત થવારૂપ સહજચારિત્ર. 'સ્થિત થવારૂપ સહજચારિત્ર.' નવી પર્યાયની વાત કરી છે. સહજચારિત્ર. નવી જે સ્વરૂપમાં જ્ઞાયકભાવ પરમતત્ત્વ જે છે એની શ્રદ્ધા થઈ એનું જ્ઞાન, તે રૂપે. તે રૂપે. રાગરૂપે કે વિકલ્પરૂપે કે પંચ મહાવ્રતના રાગરૂપે નહિ, પણ જ્ઞાયકભાવના પરમતત્ત્વના તે રૂપે અવિચળપણે સ્થિત. અવિચળપણે, ન ચળે એવી રીતે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે. સ્વભાવિકચારિત્રની નિર્મળદશા વડે. સ્વભાવિકચારિત્રની નિર્મળ, નિર્વિકલ્પ શાંતિ અને સમાધિરૂપ ચારિત્ર વડે. લ્યો, ત્રણે બોલ થઈ ગયા. ઓહો..હો..!

આ નિયમસાર, મોક્ષનો માર્ગ. આ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો વચમાં આવે એનું જ્ઞાન વ્યવહારથી, વ્યવહારથી જ્ઞાન કહેવાય. નિશ્ચયજ્ઞાન તો પોતાનું પોતાથી છે. કહો, સમજાય છે આમાં કાંઈ? 'અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.' સિદ્ધપર્યાય પૂર્વે હતી અને થાય છે એમ નથી. અનંતકાળમાં સંસારપર્યાયનું જ પરિણમન હતું. એનો નાશ થઈ સિદ્ધ ભગવાન પોતાની પૂર્ણ પર્યાયની પરિણતિવાળા, ઓલું માથે કીધુંને અભેદ પરિણતિ. અભેદપરિણતિ વડે.

અભેદપરિણતિની વ્યાખ્યા કરી. અભેદ અનુપચારચારિત્ર, દર્શન, જ્ઞાનની પરિણતિ વડે જીવને, એવા પરિણતિવાળા જીવને આવું હોય એનું સ્પષ્ટીકરણ કર્યું. એ વડે નહિ પ્રગટેલી મોક્ષની પર્યાય, સિદ્ધની પર્યાય થાય છે. કહો, સમજાણું કાંઈ? આટલી સ્પષ્ટ વાત એને ખ્યાલમાં આવે એવી સાદી વાત છે. આમાં ક્યાંય મોટા શાસ્ત્રો ભણવા જાવા કે સંસ્કૃત અને વ્યાકરણ ભણેલો હોય તો આ ભાવ સમજે એવું કાંઈ નથી. કહો, સમજાણું કાંઈ? દેવાનુપ્રિયા! સમજાય એવું છે કે નહિ? તારા માસા તો એમ કહે છે, ચાર ચોપડીનો ભણેલો હોય તોપણ આ સમજે એમ કહે છે. કહો, સમજાણું આમાં? અહીં ભણવું પડે એમ છે? હિન્દીની પરીક્ષા દેવી પડે? સંસ્કૃતની? એ તો ભાષા માટે, અહીં વસ્તુ માટે તો આ છે. તેથી કહ્યું હતુંને તદ્જ્ઞાનમાત્ર. ઓલું હતું તો આ થયું એમ નહિ. એકલો જ્ઞાયકભાવ જે નિજપરમતત્ત્વ તેના જ્ઞાનમાત્ર, તેના જ્ઞાનમાત્ર. જુઓને ટીકા તે પણ. સમજાણું કાંઈ?

પાઠમાં એમ છેને, ભાઈ! 'સાંભળ મોક્ષનો માટે.' એમ પહેલી ગાથામાં મોક્ષને માટે નહોતું કહ્યું. વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, પાપની પરિણતિથી નિવૃત્તિરૂપ પંચમહાવ્રત એ મોક્ષને માટે સાંભળ એમ નહોતું કહ્યું. સાંભળ! મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર હોય છે. તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ, એમ કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? એ તો આગળનો જે વ્યવહાર આવે છે. પછી નિશ્ચયનું ઉપાડશે. વ્યવહાર આખો અધિકાર લેશે અહીંયાં તો. પછી નિશ્ચયના અધિકાર બધા નિશ્ચયના અધિકાર. ઓહો..હો..! કહો, ..દાસજી! સાંભળ મોક્ષને માટે. આહા..! કુંદકુંદાચાર્ય કહે છે કે ભાઈ! નિશ્ચયવંતને સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન, રમણતાવાળાને એ વ્યવહાર પંચપરમેષ્ઠીની ભક્તિરૂપ શ્રદ્ધાનો આવા જ વિકલ્પ હોય છે. એને કહેલા ભગવાને કહેલા શાસ્ત્રો એનું જ્ઞાન હોય છે. બૌદ્ધાદિ અને સાંખ્યાદિ કે જૈનને નામે ચડાવેલા કલ્પિત શાસ્ત્રોનું જ્ઞાન એને નિમિત્તરૂપે હોય એમ હોતું નથી. સમજાણું કાંઈ? અને એને પંચમહાવ્રતના પરિણામ મોક્ષના માર્ગી જીવને, અભેદ અનુપચારરત્નત્રયની અવસ્થાવાળા જીવને, પૂર્ણ વીતરાગ થયા નથી એટલે એને શુભરાગ એવા પંચમહાવ્રતના પરિણામ પાપની નિવૃત્તિરૂપ હોય છે, હોય છે. એ મોક્ષનો માટે નહિ. જાણવાલાયક એક બીજી ચીજ છે એવી એને ત્યાં આગળ શુભરાગની ભૂમિકા હોય છે.

આ જે પાછળ કહ્યું જે ગાથામાં એની ટીકા કરી પદ્મપ્રભમલધારિદેવે. આવું સમ્યગ્દર્શન જે સહજપરમતત્ત્વની પ્રતીત, સહજપરમતત્ત્વનું જ્ઞાન, તદ્જ્ઞાનમાત્ર. તદ્જ્ઞાનમાત્ર કહેતા બીજું જ્ઞાન જરીએ એને લાભ કરતું નથી એમ કહે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રનું સાચું જ્ઞાન, નવ તત્ત્વનું સાચું જ્ઞાન એ પણ કહે છે કે એ વિકલ્પવાળું એ બંધનું કારણ છે. એ મોક્ષને માટે નથી, પણ આવ્યા વિના રહેતું નથી. આહા..હા..! લ્યો, આ વ્યવહાર-નિશ્ચયના ઝઘડા, દેવાનુપ્રિયા! છે આમાં ઝઘડા છે કાંઈ? કાઢવા હોય તો. કાઢવા હોય તો નીકળે ઊંધી દૃષ્ટિમાંથી. અહીં તો પોકાર કર્યો છે આચાર્યે. પહેલી વાત કરી કે

સાંભળ મોક્ષને માટે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર કેવા હોય? એનું નિશ્ચયસ્વરૂપ અને વ્યવહાર સ્વરૂપ આગળ કહેશું.

કહે છે, અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. હવે જુઓ નાખ્યું. ગાથામાં છેને નિશ્ચય અને વ્યવહાર? 'જે પરમજિનયોગીશ્વર...' પરમજિનયોગીશ્વર. વીતરાગી દૃષ્ટિ આત્માની, વીતરાગી જ્ઞાન આત્માનું, વીતરાગી સહજચારિત્રરૂપ રમણતા એવા યોગી જેણે આત્માનો યોગ સાધ્યો છે અંદર. આત્માનો યોગ એમાં પણ ઈશ્વર પરમજિનયોગીશ્વર. 'પહેલા પાપ ક્રિયાથી નિવૃત્તરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે.' છઠ્ઠે ગુણસ્થાને એને પાપ ક્રિયાની નિવૃત્તિરૂપ વ્યવહારચારિત્રનો વિકલ્પ હોય છે. ચારિત્ર તો ત્યાં ત્રણ કષાયના અભાવની પરિણતિ તો હોય છે, પણ છઠ્ઠે ગુણસ્થાનમાં પહેલાં એટલે સાતમાની અપેક્ષાએ પાપક્રિયાની નિવૃત્તિરૂપ વીતરાગ સર્વજ્ઞે કહેલું વ્યવહારચારિત્ર જેને અચેલપણું હો વિકલ્પ, નગ્નપણાનો વિકલ્પ હો, એકવાર આહારપણાનો વિકલ્પ હો, એવા પંચમહાવ્રતાદિના છ આવશ્યકના પરિણામ એ પાપક્રિયાથી નિવૃત્તિ, એ ભૂમિકાએ જે પાપ ન હોય એનાથી તેને નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે. વ્યવહારનયના ચારિત્રમાં હોય છે. કોણ? પરમજિનયોગીશ્વર. શેમાં? પહેલાં. લ્યો! પહેલાં આવ્યું કે નહિ? પહેલાં વ્યવહાર હોય અને પછી નિશ્ચય હોય. પહેલાં છઠ્ઠાની વાત કરીને.

પહેલું તો સમ્યગ્દર્શન નિશ્ચયથી થયું છે, સમ્યગ્જ્ઞાન થયું છે, ચારિત્રની પરિણતિ પણ થઈ છે, પણ સપ્તમ ગુણસ્થાનની જે અભેદ અનુપચાર એકાકાર હોવું જોઈએ એ નથી એ પહેલાં એને છઠ્ઠા ગુણસ્થાનમાં આવું દર્શન, આવું જ્ઞાન અને પરિણતિ તો છે, પણ એને યોગ્ય પંચ પરિણામ પાપના હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહ એ પાંચેય એને છૂટી ગયા છે. પાપથી નિવૃત્તિ છે. એને વસ્ત્ર-પાત્ર લેવાની બુદ્ધિ હોતી નથી. એને માટે આહાર કરેલા લેવાની બુદ્ધિ હોતી નથી. એ રૂપ જેને વ્યવહારચારિત્ર પહેલાં નામ સાતમા ગુણસ્થાન પહેલાં નિશ્ચયની ભૂમિકા તો પ્રગટી છે, પણ તદ્દન અભેદ અને એકાકાર થયો નથી એ અપેક્ષાએ પહેલું એને પાપના પરિણતિથી નિવૃત્તરૂપ વ્યવહારચારિત્ર છઠ્ઠી ભૂમિકાવાળાને હોય છે. મિથ્યાદૃષ્ટિને વ્યવહાર પહેલો અને પછી સમકિત થાય, ચારિત્ર પછી થાય એ વાત આ છે નહિ. તકરાર તે તકરાર. કજીયાળો છોકરો હોયને તો કજીયા જ કર્યા કરે આખો દિ'. કાંઈક કાંઈક બહાનુ કાઢી, કાંઈક કાંઈક બહાનું કાઢીને રોકકળ, રોકકળ. વર્ષ બેસતું હોય તોપણ રોકકળ કરે. એની મા કહે એલા પણ આજ તો હવે સખ રાખ. વર્ષ બેસતું છે આ. એમ દિ' વાળવાનો વખત આવે, પોતાના કાળની પર્યાય એને સ્વભાવ તરફ વાળવાનો વખત આવે તો એ પોકાર કરે આ હોય... આ હોય.. આ હોય... પણ હવે તું હો તો આ થાય, પછી આ હોય છે એ જાણવાલાયક છે. સમજાણું કાંઈ?

એ પરમજિનયોગીશ્વર. એટલે શું કહ્યું? પરમજિનયોગીશ્વર તો છે, ભાઈ! પાછું એમ નથી કે મિથ્યાદૃષ્ટિ છે એને પહેલું વ્યવહારચારિત્ર છે. એમ નથી. પરમજિનયોગીશ્વર છે. પોતાના

આત્માનું જે નિજજ્ઞાયકભાવરૂપી નિજતત્ત્વ એની શ્રદ્ધા અંતર્મુખ થઈને કરી છે, અંતર્મુખનું તેને જ્ઞાન છે, અંતર્મુખનું પરમચારિત્ર પણ છે. એવા પરમજિનયોગીશ્વરને. સમજાણું કાંઈ? એ યોગીશ્વર પહેલા પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે. એવો પરમજિનયોગીશ્વર તેને છઠ્ઠા ગુણસ્થાન પંચમહાવ્રતાદિના પરિણામ એ જાતનું વ્યવહાર ચારિત્ર હોય છે.

'તેને ખરેખર વ્યવહારનય ગોચર તપશ્ચરણ હોય છે.' એ મુનિપણું વ્યવહારનયવાળું કહેવામાં આવે છે. તપશ્ચરણ એટલે મુનિપણું. એ ખરેખર ખરેખર પાપની ક્રિયાથી પરિણામથી હોં! નિવૃત્તિરૂપ વ્યવહાર વિકલ્પ થયા એ વ્યવહારચારિત્ર વ્યવહારનયગમ્ય, વ્યવહારનયગમ્ય તપશ્ચરણ હોય છે. એ વ્યવહારનયને ગમ્યવાળું મુનિપણું કહેવાય છે. વ્યવહારનયવાળું મુનિપણું કહેવાય છે ઓલી પરમજિનયોગીશ્વર દશા પ્રગટી છે તેને. સમજાણું કાંઈ? ઓહો..હો..! વ્યવહારનયગમ્ય. એ વ્યવહારનય એને જાણે છે કે આ જાતનો ભાવ છે. એવું વ્યવહારનયરૂપ ગોચર તપશ્ચરણ. તપસ્યા એટલે ચારિત્ર, મુનિપણું. વ્યવહારનયગમ્ય એને વ્યવહાર મુનિપણું પરમજિનયોગીશ્વર હોય એને આવા પરિણામ છઠ્ઠે વર્તે છે એને વ્યવહારનયગમ્ય મુનિપણું કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

હવે 'સહજનિશ્ચયનયાત્મક...' સહજનિશ્ચયનયાત્મકસ્વરૂપ. લ્યો! 'સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે.' સહજનિશ્ચયનયાત્મક. આત્મક. સ્વભાવિક નિશ્ચયસ્વરૂપ, પરમસ્વભાવસ્વરૂપ, ત્રિકાળ પરમસ્વભાવસ્વરૂપ એવો જે પરમાત્મા એટલે પોતાનો આત્મા, પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા એને સ્વભાવિક નિશ્ચયનયાત્મકસ્વરૂપ પ્રતપન તે તપ છે. તેને તપસ્યા એટલે નિશ્ચયનયે મુનિપણું છે. લ્યો, આ તપસ્યા. ભારે ભાઈ તપસ્યા. રોટલા ન ખાવા, પાણી ન પીવા અને વર્ષીતપ કરવા એને તપ નથી કીધો અહીં. કહો, અમૃતલાલભાઈ! લ્યો, આ બધા વર્ષીતપ કરે છેને. તપ કર્યા. પચાસ હજાર, પોણો લાખ, લાખ ખર્ચ્યા. તપની પાછળ કાંઈ તપ લાંઘણ છે? એને ઉજવવું જોઈએ. ઉજવે તો એ તપ સફળ. તપ હતો કે દિ' પણ?

**શ્રોતા** :- કાંઈક તો ફળ મળશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, મળશેને આ ચાર ગતિ રખડવાનું. ફળ તો મળશે. મજૂરીની મજૂરી કાંઈ જાય છે? દાડિયાની મજૂરી જાય? રાગ મંદ કરે તો પુણ્ય થાય. પુણ્ય થાય. હવે એ પુણ્ય ક્યાં રહ્યું ગણતરીમાં? ઘણા પાપના પરિણામની તીવ્રતા, ત્યાં હજી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વ્યવહારના ઠેકાણા નહિ, એના પુણ્યના એવા સાધારણ પરિણામની ગણતરી કાંઈ ઠેકાણા વિનાની છે.

અહીં કહે છે, સ્વભાવિક નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ, પરમસ્વભાવસ્વરૂપ ત્રિકાળ, એવું પરમાત્મામાં પ્રતપન, નિશ્ચયનયવાળું પ્રતપન તેને મુનિપણું નિશ્ચયથી કહેવાય છે.

'નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.' લ્યો! આવા મુનિપણાથી. આવું મુનિપણું એટલે? 'નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ...' એ અખંડાનંદમાં ચળે નહિ એવી સ્થિતિરૂપ સ્વભાવિકનિશ્ચયચારિત્ર એટલે પ્રગટ પર્યાય. સ્વભાવિકનિશ્ચયચારિત્ર પ્રગટ પર્યાય. આવા નિશ્ચયનય આત્માના આશ્રયે આવી ચારિત્રદશાવાળાને નિશ્ચય મુનિ કહેવાય. તપ એટલે મુનિપણું. તપકલ્યાણક કહેવાય છેને ભગવાનના. પાંચ કલ્યાણક કહેવાય છેને. તપકલ્યાણક. તપકલ્યાણક એટલે મુનિપણું. મુનિપણાને તપ કહે છે. નિશ્ચય તપવાળાને આવું ચારિત્ર હોય એને નિશ્ચિયમુનિપણું કહેવાય છે અને એની સાથે વ્યવહાર હોય પહેલો એને વ્યવહારનયવાળા સાધુ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

નિજસ્વરૂપમાં ચળે નહિ એવી સ્થિતિ. પંચમહાવ્રતના પરિણામની પાપની પરિણતિથી નિવૃત્તિરૂપ પરિણામ નહિ, પાપના પરિણામથી નિવૃત્તરૂપ પરિણામ એ ચારિત્ર નહિ. સ્વરૂપમાં અવિચળસ્થિતિરૂપ જામી ગયો છે સ્વભાવમાં. જ્ઞાનની ગાંગડી એને પકડીને આમ ઠર્યો છે અંદર ઠરે છે, ઠરે છે. એવું સ્વભાવિક નિશ્ચયચારિત્ર રમણ આ તપથી હોય છે. આવા મુનિપણાથી એને આવું ચારિત્ર હોય છે અને એ ચારિત્રથી મુક્તિ થાય છે. કહો, સમજાણું આમાં? એક જ ઉત્તર છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં બીજું નામ આવે છે, પણ એ તો બધું ત્યાં રહ્યુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું ત્યાં રહ્યું. શું આવે ઓલું? બાહ્ય. શેઠ! બાહ્ય ત્યાં રહ્યું. આ અભ્યંતર. અહીં તો અભ્યંતર અને બાહ્ય બેય તપના વિકલ્પને નિમિત્ત કહ્યું છે. અભ્યંતર અને બાહ્ય બાર પ્રકારના તપ, એમાં વિકલ્પ ઉઠે છે એ બંધનું કારણ છે. કહો, સમજાણું આમાં? અહીં તો એક જ વસ્તુ છે. 'અવિચળ સ્વરૂપમાં સ્થિતિરૂપ ચારિત્ર તે તપ છે, તે જ મુનિપણું છે, તે જ મોક્ષનો માર્ગ છે.' બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. યાદ આવ્યું હોં પણ બાહ્યનું તરત. પણ અહીં તો અભ્યંતર અને બાહ્ય બેય. એ બેયની આ વાત છે. અભ્યંતર અને બાહ્ય એકલા વિકલ્પ ઉઠે છે, ધ્યાનના વિકલ્પ ઉઠે એ બધું પુણ્યબંધમાં જાય છે. કહો, સમજાણું?

'એવી રીતે એકત્વસપ્તતિમાં...' આધાર આપે છે મુનિ પદ્મમલધારિદેવ. પોતે ટીકા કરી એનો આધાર આપે છે. એ પાઠમાં છે હોં બધું વ્યવહારનયના ચારિત્રમાં. વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે એટલે મુનિપણું અને નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે. વસ્તુ બે આમ સાથે (કહી). પૂર્ણ વીતરાગ નથી. ઓલું નિશ્ચયચારિત્ર જે અવિચળ સ્થિતિ આત્માના સ્વભાવમાં એ વડે જ મુક્તિને પામે છે, એ વડે સિદ્ધપર્યાયને પામે છે. વ્યવહાર તપ વડે, વ્યવહાર મુનિપણા વડે સિદ્ધપર્યાય પામતા નથી. સમજાણું? પહેલી ઓળખાણ પણ સરખી ન કરે, શ્રદ્ધા પણ સરખી ન કરે, ઠેકાણા ન મળે એને. આ લ્યો ચારિત્ર અને લ્યો વ્રત અને લ્યો તપ બહારના. થઈ ગયા મુનિ. બાપુ! એમ મુનિપણું હોતું નથી.

મુનિ તો પરમેશ્વરપદ છે. પરમેશ્વરમાં ભળી ગયા છે. ક્ષણમાં સાતમે આવે. 'હું મુનિ છું' એવો વિકલ્પ પણ ન હોય. આનંદકંદમાં ઝૂલતો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદના રસનો અનુભવ લેતો હોય. એમાં આ આત્માનો અનુભવ લઉં છું એ પણ ન હોય. એ કેવળજ્ઞાનને પમાડે. સમજાણું કાંઈ? વચ્ચે .. વિકલ્પ હોય છે. હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. એ એને છઠ્ઠું ગુણસ્થાન હોય એને સ્ત્રીનો વિષય હોય, કપડા હોય કે દાગીના હોય કે પાત્રનો ભાવ હોય, લાકડીયું રાખે કે આ ફલાણું, તુંબડા રાખે, ફલાણા રાખે એવો ભાવ એને હોય નહિ. એ ભાવ હોય ત્યાં મુનિપણું હોતું નથી એમ કહેવા માગે છે.

'આ રીતે એકત્વસપ્તતીમાં શ્રીપદ્મનંદી આચાર્યદેવકૃત પદ્મનંદી પંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતી નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા કહ્યું છે.'

दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।
स्थितिरत्रै चारित्रमिति योगः शिवाश्रयः।।१४।।

શ્લોક છે માથે, ઉપર-ઉપર. એનો અર્થ. એ આત્માનો નિશ્ચય એટલે દર્શન. લ્યો, આ પદ્મનંદિ. પદ્મનંદ પિંચવિંશતિ આપણે જ્ઞાનનો અધિકાર નહોતો ચાલતો? એ શું અહીં કહે છે? એમાં આ ગાથા છે. દાન જ્યાં આવ્યું ત્યાં કહે જુઓ, આવ્યું. અરે..! સાંભળ તો ખરો, એ તો દાનનો વિકલ્પ ઉઠે લોભ ઘટાડવા ત્યારે કેવો હોય એનું એ વર્ણન હતું. એ ધર્મ છે અને એના વડે ધર્મ થાય છે (એમ નથી). ભાતું છે ભાતું આવતા ભવનું. આવ્યું હતું નહિ? પુણ્ય આવ્યું પુણ્ય. એમાં આચાર્ય મહારાજ પદ્મનંદિ કહે છે કે દાન અધિકાર જેણે વર્ણવ્યો. જેણે અનેક અધિકાર, શ્રાવકનો ઓલી ફેરે ભક્તિનો લીધો હતો. ઋષભદેવની ભક્તિ. ૨૦૧૩મી સાલ. ખબર છે? શું? એ ભૂલી ગયા હોય. એ નહિ, ઓલો ભક્તિ અને ૧૫મો દાન.

આત્માનો નિશ્ચય તે દર્શન છે. દાન અને ભક્તિનો નિર્ણય તે સમકિત નથી એમ કહે છે. એવો રાગ એ ભૂમિકામાં સ્વરૂપમાં ઠરેલ ન હોય (ત્યારે) આવ્યા વિના રહે નહિ. દાનનો ભાવ, ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ એવા વ્રતાદિનો ભાવ, પંચમહાવ્રતનો હોય છે. હોય છે, પણ એ નિશ્ચયસમ્યગ્દર્શન છે કે નિશ્ચયચારિત્ર છે એમ નથી. આત્માનો નિશ્ચય તે દર્શન છે. લ્યો, એમાં આ ન કહ્યું કે દાનનો નિશ્ચય તે સમ્યગ્દર્શન છે. અરે! અંદર નિર્મળ પર્યાય પ્રગટી એનો નિશ્ચય એમ નહિ. આ તો આત્માનો નિશ્ચય. ત્રિકાળ એક સમયનું જ્ઞાયકભાવ સ્વરૂપ એવું નિજપરમતત્ત્વ, સ્વભાવના સામર્થ્યથી પૂર્ણ ભરેલું એવું જે આત્મતત્ત્વ એનો નિશ્ચય, એનો નિર્ણય, એમાં એકાકાર શ્રદ્ધા થવી તેને દર્શન સમ્યક્ નિશ્ચય કહે છે.

**'આત્માનો બોધ તે જ્ઞાન છે...'** લ્યો! શાસ્ત્રનું ભણતર? ભારે ભાઈ! હોય છે. કીધું નહિ? ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધના દેવને શાસ્ત્રનો સ્વાધ્યાય હોય છે. નહિતર પાપના પરિણામ થાય. એવા વિકલ્પમાં આવે છે. પણ બોધ એને કહીએ આત્માનો નિજપરમતત્ત્વ

આ છે એવું જ્ઞાન દ્વારા પકડવું અને જે જ્ઞાન થયું એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. લ્યો, સંસારની કેળવણી કેટલી કામ કરતી હશે આમાં? નહિ? મફત જાતી હશે? મફત જાય? લાભ થાય. બંધમાં જાય, મફત ન જાય. કહો, સમજાણું?

**'આત્માનો બોધ તે જ્ઞાન છે, આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે.'** છેને? સ્થિતિ-સ્થિતિ એવ છેને? **'स्थितिरत्रै' 'स्थितिरत्रै'** આત્મામાં સ્થિતિ તે ચારિત્ર છે. લ્યો! આ પંચ મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ, પાપની પરિણતિથી નિવૃત્તિ એ ચારિત્ર નહિ એમ કહે છે. આ ત્રણની એકરૂપ પરિણતિ તે મોક્ષનું કારણ છે. ભાઈએ પાછું નાખ્યા ઓલા ભેદ. એ પર્યાયની અપેક્ષાએ આ ત્રણેય પર્યાય મોક્ષનું કારણ છે. એ પર્યાય કોને આશ્રયે પ્રગટે છે? કે દ્રવ્યને આશ્રયે.

**'આત્માનો નિશ્ચય આદિ...'** કીધું છેને? એ ચારિત્ર કોને આશ્રયે પ્રગટ્યું? આત્મા નિજ તત્ત્વ અખંડ અભેદ એને આશ્રયે, સમ્યક્ એને આશ્રયે, જ્ઞાન એને આશ્રયે. **'આવો યોગ...'** ત્રણની એકતા. **'આવો યોગ...'** એમ છેને? **'योगः शिवाश्रयः' '(અર્થાત્ આ ત્રણેની એકતા)'** એમ. ત્રણનું જુદાં-જુદાંપણું નહિ. આ ત્રણનો યોગ એટલે એકતા **'તે શિવપદનું કારણ છે.'** એ ભેદો અને વ્યવહારરત્નત્રય તો નહિ. કહો, સમજાણું કાંઈ? આ તો એક એક દર્શન, એક જ્ઞાન અને એક ચારિત્ર એમ ત્રણ પ્રકાર પણ નહિ. આત્માની એકરૂપ ત્રણની એકતારૂપ પરિણતિ ચિદાનંદ ભગવાન એની શ્રદ્ધા, જ્ઞાન, રમણતા એકતારૂપ પરિણતિ તે જ મોક્ષપદનું કારણ છે. લ્યો, એ પરિણતિ મોક્ષનું કારણ છે. અહીં તો પરિણતિ ... વર્ણવવું છેને. મોક્ષનું ખરું કારણ તો દ્રવ્ય છે. પરિણતિ તો પડી રહે છે, વ્યય થઈ જાય છે. પણ અહીં સીધું કારણ વ્યવહાર નથી અને આ છે એમ બતાવવું છે. કહો, સમજાણું કાંઈ? આ ત્રણેની એકતા તે શિવપદનું કારણ છે. શિવ નામ મોક્ષ એના પદનું આ ત્રણ કારણ છે. બીજું કોઈ કારણ નથી.

આ **'વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ** શ્લોક કહે છે) :-'

(मालिनी)

जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा  
चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।  
अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः  
सहजपरमतत्त्वे संस्थिता चेतना च।।७५।।

શુદ્ધનો છેલ્લો શ્લોક, શુદ્ધભાવનો છેલ્લો શ્લોક. શુદ્ધભાવ એટલે જ્ઞાયકભાવ, શુદ્ધભાવ એટલે શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધભાવ એટલે કારણપરમાત્મા, શુદ્ધભાવ એટલે કારણજીવ, શુદ્ધભાવ એટલે ત્રિકાળી એકરૂપ તત્ત્વ. ભારે વાત, ભાઈ!

'**સહજજ્ઞાન સદા જયવંત છે,...**' ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં પડ્યું છે એ સદાય જયવંત છે. એવું ને એવું બિરાજે છે. એને આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે. '**સદા જયવંત છે,...**' સ્વભાવિકજ્ઞાન સદા જયવંત છે, '**તેવી (સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે,...**' સ્વભાવિક આ દૃષ્ટિ, ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ એ સદા જયવંત છે. એની પરિણતિ પ્રગટેલી પણ સદાય જયવંત છે. '**તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે;...**' એવું જ નિજસ્વભાવથી પ્રગટેલું અથવા ત્રિકાળમાં રહેલું ચારિત્ર સદા જયવંત છે. પરિણતિ પણ સદા જયવંત છે. સ્વભાવને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થઈ એ જયવંત વર્તે છે. એમાંથી મુક્તિ થશે. એ પાછું પડશે નહિ એમ કહે છે.

'**પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત...**' સહજપરમતત્ત્વ ત્રિકાળ. '**પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિ...**' એક પછી એક શ્રેણી. એ '**રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના...**' સ્વભાવિકપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના એકતા '**પણ સદા જયવંત છે.**' અંદર ચેતના પણ ત્રિકાળ જયવંત છે અને અહીં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થાય એ પણ જયવંત છે. લ્યો! છેલ્લું શુદ્ધભાવ અધિકાર જયવંત છે એમ મંગળિક કર્યું. પોતાનો સ્વભાવ સ્વભાવિકદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ચેતનારૂપ ત્રિકાળ છે. એને આશ્રયે પ્રગટેલી વસ્તુ સ્વભાવિકદર્શન-જ્ઞાન-ચારિત્રની ચેતના એટલે ત્રણની એકતા એ જયવંત વર્તે છે. એવો મોક્ષમાર્ગ છે, એનાથી મોક્ષ થાય છે.

પહેલી વાતને સમજણમાં લે, લક્ષમાં લે આ શું છે. એમ ને એમ વિચાર કરવા બેસે ધ્યાનમાં તો કાંઈ ધ્યાન-બ્યાન ચાલે નહિ. મોહનભાઈ! ઓહો..! આ વાત ન સાંભળી હોય એને તો બીજું બધું થઈ ગયું હોય, મીંદડું સિંહ થઈ જાય. સિંહ બતાવવા મીંદડાની વાત કરી હોય, એમ નિશ્ચયનય પાસે વ્યવહાર ભૂમિકા કેવી હોય એ બતાવી હોય તો એ વ્યવહાર-નિશ્ચયને પામી જાય. મીંદડું સિંહ થઈ જાય. ઓહો..! કાંઈ ખબર ન મળે, વ્યવહાર શું અને નિશ્ચય શું? આ તો દ્રવ્યલિંગીનો વ્યવહાર એવો હોય કે જેને આમ માથા કાપે તો પંચ પરમેષ્ઠીની ભક્તિથી ચળે નહિ. એવું એને શાસ્ત્રજ્ઞાન હોય, પાણીના પૂરની પેઠે આમ શાસ્ત્રની ભાષા અને પ્રવાહ ચાલતો હોય. લ્યો! વ્યવહારચારિત્ર એવું હોય, બીજા દેવલોકની ઈન્દ્રાણી આવે અને ચળે નહિ એવું તો જેનું બ્રહ્મચર્યનું ચારિત્ર અને પ્રાણ જાય તો પણ એને માટે બનેલો, એક જુવારનો દાણો કચરાય, પાણીનો બિંદુ હણાય તો આહાર લે નહિ, જૂઠું બોલે નહિ, ચોરી કરે નહિ, વિષય નહિ અને ટાઢના હીમ વાય તો એક તાણો લેવાની વૃત્તિ હોય નહિ. હીમ-હીમ વાય આમ. સમજાણું? ઉનાળાના તડકા પડતા હોય આકરા ૧૧૮-૧૮ ડિગ્રીના તો ગુફામાં ગરી જાઉં તો ત્યાં ઠંડી રહેશે એ વિકલ્પ નથી. એટલી જેની સ્થિરતા રાગ મંદતાની હોં! રાગ મંદતાની. તોપણ ચારિત્ર નથી કહે છે. એ ચારિત્ર નથી, એ શ્રદ્ધા

નથી અને એ જ્ઞાન વ્યવહારે પણ કહેવાતા નથી. કહો, સમજાણું?

**‘સદા જયવંત છે.’** વસ્તુ જયવંત અને એનો પર્યાય નિર્મળ પ્રગટ્યો એ પણ સદા જયવંત છે. ત્રણે કાળે સદા જયવંત છે. **‘આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે...’** પદ્મપ્રભમલધારિદેવ. **‘અને પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...’** મુનિ નગ્ન દિગંબર હતા આ ટીકા કરનાર અને સૂત્ર કરનાર પણ દિગંબર મુનિ હતા. **‘દેહમાત્ર જેમને પરિગ્રહ હતો.’** એ મુનિને બીજું હોઈ શકે નહિ. ત્રણકાળમાં જૈન પરમેશ્વરની પરિણતિના માર્ગમાં દેહમાત્ર સિવાય બીજું વસ્ત્ર-પાત્ર પણ ન હોય. મોરપીંછ, કમંડળ કોઈ વસ્તુ ન હોય. **‘એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.’** લ્યો! ત્રીજો અધિકાર. ત્રણ અધિકાર થયા. પહેલો જીવ અધિકાર, બીજો અજીવ અધિકાર અને ત્રીજો શુદ્ધભાવ અધિકાર ત્રણ અધિકાર થાય.

હવે, વ્યવહારચારિત્રનો અધિકાર. આવું નિશ્ચય જેને હોય એને આવો વ્યવહાર હોય એનું અહીંયાં વર્ણન કરે છે. જેને પરમજિનયોગીશ્વર મુનિ કે જેને આત્માનો યોગ સિદ્ધ થયો છે, સ્વભાવનું જોડાણ ત્રિકાળ જ્ઞાયકભાવ સાથે એકાગ્રતાની જોડાણ દશા સિદ્ધ થઈ છે એવા સંત, મુનિ દિગંબર છે. બાહ્યમાં એને વ્યવહારચારિત્રના પરિણામ કેવા હોય એનું જ્ઞાન કરાવવા અધિકાર લીધો છે. જુઓ, નિશ્ચય મૂક્યું એની સામે આ. જેને ૫૦મી ગાથામાં પર્યાયમાત્ર પરદ્રવ્ય છે એમ કહ્યું હતું, નિર્ણળ હો કે સમળ હો. કેમકે એ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. એટલે એ સ્વદ્રવ્યને જ દ્રવ્ય કહ્યું હતું. અહીંયાં એ જે ગૌણ કરીને કાઢી નાખ્યું હતું એને એની દશામાં વ્યવહાર કેવો હોય? પર્યાયમાં વિકલ્પની દશા એ ભૂમિકાવાળાને (કેવી હોય) એનું આ વર્ણન આખું વ્યવહારચારિત્રનું છે. એટલી ગાથા છે.

**‘હવે, વ્યવહારચારિત્ર અધિકાર કહેવામાં આવે છે.’** છે આ બંધનું કારણ હોં! વ્યવહારચારિત્ર બંધનું કારણ. એ આગળ લેશે નિશ્ચય ઉપાડતા. નિશ્ચય અધિકાર લેશેને પરમાર્થ અધિકાર ત્યાં લેશે એટલે પહેલેથી પાછું આ વળી ક્યાંથી? જુઓ, એ અધિકાર ઉપાડે છેને. ૧૪૯ પાને. પરમાર્થ પ્રતિક્રમણ ઉપાડે છેને પરમાર્થ-પ્રતિક્રમણ. ત્યાં. ૧૪૯. .. ગાથા પૂરી થાય છેને. એ છેને. જુઓ નીચે છે. **‘હવે, સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ...’** એ ઝટ નહિ કાઢી શકે ઈ. જુઓ નીચે. છે? એ જે વ્યવહાર કહેશે એ અહીં હમણા ચાલશે. એ **‘સકળ વ્યાવહારિક ચારિત્ર અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચનયાત્મક પરમચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે.’** એટલે? વ્યવહારચારિત્ર તે બંધનું કારણ અને

નિશ્ચય તે મોક્ષનું કારણ, તેનું વ્યવહારનું ફળ બંધ અને નિશ્ચયચારિત્રનું ફળ મોક્ષ.

**શ્રોતા** :- 'વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી...'

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફળથી. હવે પ્રતિપક્ષ નિશ્ચયચારિત્ર. વિરોધ ગોઠવે. વ્યવહારચારિત્ર અને એનું ફળ એનાથી પ્રતિપક્ષ નિશ્ચયચારિત્ર અને એનું ફળ બેય વિરોધ છે.

**શ્રોતા** :- વ્યવહારથી વિરૂદ્ધ નિશ્ચયચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ નિશ્ચયથી વ્યવહાર વિરોધ છે, નિશ્ચય મોક્ષનું કારણ છે અને વ્યવહાર બંધનું કારણ છે. નિશ્ચય પ્રાપ્તિ મોક્ષની છે અને આમાં બંધની પ્રાપ્તિ છે.

**શ્રોતા** :- પહેલાં બંધ દેખાડવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની ક્યાં વાત છે? લ્યો ઠીક! આ શું સાંભળ્યું ત્યારે? પરમ જિનયોગીશ્વર કીધું. કહો, છે? લાવીને મૂકે પૂંછડું ઈ. પહેલા પરમજિનયોગીશ્વરનો નિશ્ચય છે એને વ્યવહાર કેવો? ૫૦મી નહિ અહીંયાં પાઠ ૫૫માં આવ્યું. જિનપરમયોગીશ્વર છે, તેને આત્માને આશ્રયે નિશ્ચય સમ્યક્ સાચું જ્ઞાન, દર્શન અને ચારિત્રની પરિણતિ થઈ છે, એને વ્યવહાર કેવો હોય એ અમે કહેશું. એ વ્યવહારનું તપનું ફળ બંધ છે. કેમકે વ્યવહાર નિશ્ચયથી વિરોધ છે. આનું ફળ બંધ તો નિશ્ચયનું ફળ મોક્ષ, નિશ્ચયનું મોક્ષ તો આનું ફળ બંધ. વ્યવહારચારિત્ર જે અહીં કહેવાય છે એટલી ગાથા. હા એટલી ગાથા. એ ચારિત્ર વ્યવહાર ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી વિરુદ્ધ એવું શુદ્ધનિશ્ચયનયાત્મક પરમચારિત્ર. નિશ્ચય ચારિત્રથી વ્યવહાર વિરુદ્ધ અને વ્યવહારથી નિશ્ચય (વિરુદ્ધ). એ બેયના ફળ જુદાં. એને વસ્તુ શેની હોય? વ્યવહારથી નિશ્ચય થાય... વ્યવહારથી નિશ્ચય થાય.. મારીને ઊંધા માર્યા અને હા.. હા.. આહા..હા..! બરાબર છે, ભાઈ! વ્યવહાર જોઈએને, ભાઈ! વ્યવહાર તો પહેલો જોઈએને. એમ કહે હા. ઊંધા માર્યા અત્યાર સુધી.

**શ્રોતા** :- ઘણા છે. સહકારી ઘણાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકલો હું નથી એમ કહે. એ તો લાખો-કરોડો એમાં હોય. એ કાંઈ વાત નથી. કહો, સમજાણું કાંઈ? આ તો વ્યવહારચારિત્ર ઉપાડવા પહેલાં એનું ફળ નિશ્ચયથી ઊંધુ છે એ પછી આવશે.

कुलजोणिजीवमग्गणठाणाइसु जाणिऊण जीवाणं।
तस्सारंभणियत्तणपरिणामो होइ पढमवदं।।५६।।

જુઓ, જે ગાથા આવી હતી શુદ્ધભાવ અધિકારમાં કે બધા માર્ગણા, કુળ, યોનિ એ બધા જીવમાં નથી. એમ આવ્યું હતું. .. આગળ આવ્યું હતું. કુળ પણ આત્મામાં નથી એ તો ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાની દૃષ્ટિ કરાવવા એમાં નથી એમ કહ્યું હતું, પણ એની પર્યાયમાં છે. છે છે એમ કહ્યું છેને. ચૌદ વર્ગણા છે, આ છે, આ છે. શુદ્ધભાવમાં નથી. એ અહીંને વાત ફરીને ઉપાડી, જુઓ,

**જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.**

આરંભથી નિવૃત્તિરૂપ, અહિંસા પરિણામથી વ્રત. પહેલું અહિંસાવ્રત છે શુભભાવ. બંધનું કારણ. પુણ્યભાવ, નિશ્ચયચારિત્રથી વિરુદ્ધ બંધનું કારણ તેને અહિંસાવ્રત કહેવામાં આવે છે. ઓહો..હો..! કહો, સમજાણું? આ અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.

'ટીકા :- **આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.**' અહિંસાવ્રતવાળાને આવી જાતનું જ્ઞાન હોય છે. '**કુળભેદ,...**' એ કુળભેદ એના જીવો જે ઊપજે છેને યોનિમાં. એના કુળભેદનું જ્ઞાન હોય છે. '**યોનિભેદ,...**' ઊપજવાના ભેદનું જ્ઞાન હોય છે. એ પહેલાં આવી ગયું છે. '**જીવસ્થાનના ભેદ...**' ચૌદ. જીવના ચૌદ ભેદ છે. . બાદર, પંચેન્દ્રિય આદિ '**અને માર્ગણાસ્થાનના ભેદ...**' લ્યો, ચૌદ પ્રકારના માર્ગણાસ્થાન, ચાર ગતિ, પાંચ ઇન્દ્રિય, પાંચ જ્ઞાન વગેરે આવે છેને? એ બધું આવી ગયું છે. '**માર્ગણાસ્થાનના ભેદ પહેલાં જ (૪૨મી ગાથાની ટીકામાં જ) પ્રતિપાદિત કરવામાં આવ્યા છે;...**' લ્યો! ૪૨ ગાથા શુદ્ધભાવમાં નિષેધ કરવા પ્રતિપાદન કર્યું હતું કે છે પર્યાયમાં. જો ન હોય તો નિષેધ કોનો હોય?

'**અહીં પુનરુક્તિદોષના ભયથી પ્રતિપાદિત કર્યા નથી.**' એનો વિસ્તાર પ્રતિપાદન કર્યો નથી એમ કહે છે. કુળ કોને કહેવા, યોનિ કોને કહેવી, જીવસ્થાન કોને કહેવા અને માર્ગણાસ્થાન કોને કહેવા એનો વિસ્તાર અહીંયાં કર્યો નથી. કેમકે ત્યાં ૪૨મી ગાથામાં આવી ગયું. '**ત્યાં કહેલા તેમના ભેદોને જાણીને...**' જાણીને. જાણવું જોઈએ. જીવના ભેદ કેટલા છે? માર્ગણાસ્થાન કેટલા છે? ક્યા પ્રકારના છે? ભેદરૂપ દશા પર્યાયનયનો વિષય છે. ભેદરૂપ દશા એ પર્યાયનયનો વિષય છે, એને જાણવું તો જોઈએ. '**તેમની રક્ષારૂપ પરિણતિ તે જ અહિંસા છે.**' જુઓ, આ ભાષા ટીકાની. શું? એ '**તેમની રક્ષારૂપ પરિણતિ...**' એમ પાછું. રક્ષા એટલે ન મારવાના ભાવરૂપ પરિણતિ. રક્ષા કરી શકું છું એમ નહિ. પરપદાર્થની આત્મા રક્ષા કરી શકતો નથી. એના જીવની રક્ષા આત્મા કરી (ન) શકે, પણ એને રક્ષા એટલે શુભભાવ આવે. એને ન મારું, એને બચાવું. બચાવવાનો ભાવ આવે, વિકલ્પ આવે. બચાવી શકું છું કે એ પ્રશ્ન નથી અહીં.

એવા ભેદોને જાણીને '**તેમની રક્ષારૂપ પરિણતિ તે જ અહિંસા છે.**' એટલે થતા એના જીવને ન મારવાનો ભાવ એવો જે શુભભાવરૂપ પરિણતિ. ઓલી અભેદ અનુપચારપરિણતિ નિશ્ચય હતી. નિશ્ચયનિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા અને આ શુભભાવરૂપ પર્યાય જે પરજીવને ન મારવા છ કાય પ્રાણીને. હઠી ગયો છે. મારવાના ભાવથી હઠી ગયો છે. બચાવવાનો કે ન મારવાનો કે દુઃખ દેવાનો ભાવ નથી. એવા શુભભાવને અહીંયાં અહિંસાવ્રત એ પરિણામને કહેવામાં આવે છે. ઓલા બચ્યા, ન બચ્યા એને અહિંસાવ્રત નથી કહેતા. સમજાણું? તેમનું

મરણ થાવ કે ન થાવ એની સાથે સંબંધ નથી. મરે તો એનું આયુષ્ય પૂરું થઈ જાય તો મરી પણ જાય.

**શ્રોતા :-** આમાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ લખ્યું નથી? તેમનું મરણ થાવ કે ન થાવ. લખ્યું છે કે નહિ? એમનું એટલે છેને તેમનું. એમનું મરણ થાવ, ન થાવ એની સાથે સંબંધ નથી. એ તો એનું સ્વતંત્ર દ્રવ્ય છે. આના ભાવ થયા કે છ કાયના જીવને મારવા નહિ, બસ એ ભાવ. એ હિંસાના ભાવ હતા એનાથી નિવર્તીને દયાના થયા. એવો જ શુભભાવ તેને સમ્યગ્દૃષ્ટિ પરમજિનયોગીશ્વર છે એને આવા પરિણામ થાય તેને વ્યવહારઅહિંસારૂપ ચારિત્ર કહેવામાં આવે છે કે જે બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

'**પ્રયત્નરૂપ પરિણામ વિના સાવદ્યપરિહાર થતો નથી.**' જુઓ, પાપના પરિણામ એ પ્રયત્નરૂપ પરિણામ વિના. પ્રયત્ન છેને એ જાતનો? ન મારવો કોઈને એ પુરુષાર્થ છે વ્યવહારે. વ્યવહારપુરુષાર્થ છે. '**પ્રયત્નરૂપ પરિણામ વિના...**' જે પરિણતિ કીધી એને અહીંયાં પરિણામ કીધા. પરિણામ કહો, પરિણતિ કહો, અવસ્થા કહો બધું એક છે. '**સાવદ્યપરિહાર (દોષનો ત્યાગ) થતો નથી.**' હિંસાના પરિણામ સાવદ્ય. '**આથી જ, પ્રયત્નપરાયણનો હિંસાપરિણતિનો અભાવ હોવાથી...**' પ્રયત્નપરાયણનો એટલે કે ન મારવાના ભાવમાં પ્રયત્ન છે, એમાં તત્પર છે, વ્યવહારથી તત્પર છેને, વિકલ્પ ઉઠે છેને, વિકલ્પ ઉઠે. '**હિંસાપરિણતિનો...**' એને હિંસાના પરિણતિ નામ ભાવનો '**અભાવ હોવાથી અહિંસાવ્રત હોય છે.**' લ્યો આને અહિંસાવ્રત કહેવામાં આવે છે. એ પુણ્યબંધનનું કારણ છે. નિશ્ચયચારિત્રથી વિરુદ્ધ ફળનું કારણ છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કળશ-૭૧, પ્રવચન નં. ૪૨૮

... અને અભવિ, મિથ્યાત્વી, અજ્ઞાની, મૂઢ, પણ કહે છે કે અંદર શુદ્ધતા તો પડી છે પૂર્ણ હોં. એ શુદ્ધતાને સમજવાને લાયક નથી પર્યાયમાં. વસ્તુ તો શુદ્ધ જ છે. આહા..હા..! આ આ .. કાંઈક પુરુષાર્થ અનંત છે કે નહિ? અપવાસ કરવો, ફલાણું કરવું, ઢીંકણું કરવું કે આ કરવું એ તો સહેલુંસટ બધા કરી. આઠ વર્ષના છોકરા પણ કરે છે લ્યો! .. નથી તેને પ્રગટ તરીકે પ્રસિદ્ધિમાં, શ્રદ્ધામાં લાવવો એ કાંઈ નાની વાત છે? પર્યાયમાં, અવસ્થામાં, પ્રગટ નથી છતાં વસ્તુ આખી પ્રગટ સિદ્ધ સમાન છે એ પ્રસિદ્ધમાં લાવવું, આવવું એ

અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એવી શુદ્ધતા... શું માનો? કે ભાઈ! મિથ્યાદૃષ્ટિમાં અશુદ્ધતા છે એમ ઓલા કહે છે કેટલાક. કઈ નયે હું ભેદ કરું? એમ કહે છે. અહીં તો વ્યવહારનય જાણે કાંઈ નહિ એમ કહે છે. એય..! વ્યવહારનય એટલે જાણે નય જ ન હોય. અભૂતાર્થ છે. આહા..હા..! છતી ચીજને બતાવનાર નથી એ નય કેવી? કહે. એમ કહે છે. ત્રિકાળ બતાવનાર છે તેને અમે નય કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? એક સમયની અવસ્થાને બતાવે એ કેટલો ભાગ અનંતા... અનંતા... અનંતા... અનંતમાં ભાગમાં એક સમય એ શું વળી? અનંતા-અનંતા કઈ નયે કહું?

ત્રણલોકનો નાથ ભગવાન બિરાજે છે દરેક આત્મા. કોઈ આત્મામાં સિદ્ધ સમાનમાં કાંઈ ફેર નથી. આહા..હા..! આ રાગ અને આ સંસાર ને આ વિકાર એનાથી જેનું ચિત્ત થાક્યું છે હવે. સમજાણું કાંઈ? જેને હવે એ થાક લાગ્યો છે રાગનો. એને ઉતારવાની જેને ભાવના છે. સમજાણું કાંઈ? 'સંસાર અવસ્થામાં...' એમ. ભવલીન હતુંને? જ્ઞાનમાં એનો થાક લાગ્યો. બહારની વસ્તુ એમ નહિ કે આ બોજો છે આ બધું, બાયડી, છોકરા ને કુટુંબને એ નહિ. અંદરમાં રાગ-દ્વેષનો બોજો થાક લાગ્યો છે. આ ઉપાધિ વિકારની અગ્નિ સળગે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં કષાયની અગ્નિ સળગે છે એનાથી થાક લાગ્યો હોય. સમજાણું કાંઈ? 'એવા ચિત્તવાળા થયા થકા...' પોતાના પુરુષાર્થથી એવા થયા થકા એમ. સમજાણું કાંઈ?

'**સહજ વૈરાગ્ય પરાયણ થવાથી...**' સ્વભાવિક રાગાદિથી વૈરાગ્ય થવાથી. સ્વભાવિક વૈરાગ્યવાળા, વૈરાગ્યના પરાયણ, તત્પર. આહા..હા..! ઓલામાં .. સંસારી પ્રાણીને નિશ્ચયનયથી ... ને કારણે .. આહા..હા..! એવી પ્રતીતિ થઈ જાય ત્યારે તો સ્વસન્મુખ થઈ જાય. આહા..હા..! કે શુદ્ધની પર્યાય જેવી સંસારીપર્યાય છે એવી જ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! ગાથા કામ કરે નહિ. ગમે તેટલી વિદ્વતા હોય, તોપણ આમાં કામ કરે નહિ. એ અંતરમાં પર્યાયમાં દ્રવ્યસ્વભાવ તરફ વળવું તો એ સંસારી પર્યાય પણ સિદ્ધસમાન જ છે. પંચમ આરામાં જન્મ્યો છે. ગરીબ ઘરે આવ્યો. આજીવિકામાં રોકાય કે અમે ધર્મ કરીએ. એ વાતને અહીં અવકાશ નથી. આહા..હા..! એ વાતને પણ અહીંયાં અવકાશ નથી, પ્રભુ! જે પણ સમયે જ્યાં જે હોય તે ક્ષેત્રે અને કાળે તો સિદ્ધ સમાન પ્રભુ એ છે. એ વાત ક્યાંય બેસે નહિ. જેને અનંતી પર્યાય પ્રગટી છે એવો જ તું છો. અત્યારે સંસારમાં એવો જ છો. આહા..હા..!

વિશ્વાસ, પ્રતીત, ભરોસો ઓહો..હો..! એ જે કામ કરે છે એ પહેલાં અપૂર્વ કામ છે. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ સિદ્ધ સમાન અત્યારે જ છે. આહા..હા..! કહ્યું હતુંને, ..થી પુષ્ટ છે. એ સુબુદ્ધિઓને અને કુબુદ્ધિઓને પહેલાંથી જ શુદ્ધતા છે. આહા..હા..! કુબુદ્ધિ જે મિથ્યાદૃષ્ટિને અને સમ્યગ્દૃષ્ટિને. આહા..હા..! પહેલાંથી ભગવાન શુદ્ધ પડ્યો જ છે. મિથ્યાદૃષ્ટિને

તો એક સમયની પર્યાય ઉપર છે. વસ્તુ તો સિદ્ધસમાન તારી પરમાત્મદશા છે. આ વાત બેસવી. સુબુદ્ધિઓને અને કુબુદ્ધિઓને પહેલાંથી જ એ કુબુદ્ધિઓને પહેલેથી જ, મિથ્યાદષ્ટિને પહેલેથી જ. આહા..હા..! સંસાર અભાવ કર્યા પછી સિદ્ધ થશે એ વાત અહીંયાં નથી. અહીં તો કુબુદ્ધિઓને પહેલેથી જ. આહા..હા..! ભગવાન સ્વરૂપ સિદ્ધ સમાન અંદર છે પહેલેથી જ. એટલે કુબુદ્ધિને કઈ નયે જાણો? આહા..હા..! એમ કરીને જરી વ્યવહારનયની તુચ્છતા બતાવી છે. વ્યવહારનયથી એટલે કાંઈ ગણતરી જ નથી. હું કઈ નયથી કહું? એમ કહે છે. આહા..હા..!

અરે! પ્રભુ! તારામાં અને સિદ્ધમાં કઈ નયથી હું ભેદ કરું? અરે! વ્યવહારનયથી તો કહો? વ્યવહારનય કાંઈ ગણતરીમાં નથી. આહા..હા..! વ્યવહાર-વ્યવહાર કરે છે. .. આચાર્ય કહે છે કે જે કુબુદ્ધિઓને અને સુબુદ્ધિઓને પહેલેથી જ શુદ્ધતા છે, એને કાંઈ પણ ભેદ હું કઈ નયે જાણું? એમાં કઈ નયે ભેદ જાણું? કે આ સંસારી અને આ સિદ્ધ? આહા..હા..! ગજબ વાત છે. સંતોની દિગંબર સંતોની વાણી જગત એની પાસે બધા પાણી ભરે. એવી વાણીની ગંભીરતા છે. આહા..હા..! કેટલી કહેવાય છે આ ગંભીર. હું કઈ નયે ભેદ કરું? આહા..હા..! વ્યવહારનયની તો જાણે ગણતરી જ નથી. એમ કહે છે. આહા..હા..!

પ્રભુ! તું પરમાત્મા છોને. સિદ્ધ અને પરમાત્મામાં હું કઈ નયે ફેર કરું? આહા..હા..! વ્યવહારનય .. ઉડાવીને .. ગયા. આહા..હા..! આવે છે અંદર. વ્યવહારનયની મશ્કરી કરી છે. પહેલાં ૧૨ ગાથામાં પછી આ ચાલે છે. નિયમસાર. હાસ્ય કર્યો હાસ્ય. અરે! પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છોને, નાથ! તારી સત્તા પૂર્ણ અનાદિથી છે. એમાં કાંઈ ફેરફાર થયો જ નથી. તારી નજર નથી જાતી, નજર જાય તો તું અને સિદ્ધ બેય એક છો. આહા..હા..! નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે. અહીં તો આચાર્ય મુનિરાજ જરી. કયા નયે જાણું? તેમનામાં કાંઈપણ ભેદ. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! ગાથા ભલે થોડી.

**શ્રોતા :-** કર્મસાપેક્ષ નય ન દેખાઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેઠાઈ સાથે વાકાઈ નહિ અહીં તો. એ શેઠ હતા. આહા..હા..! એક નયથી ચ્યુત છે એમ આવ્યું છે. પણ એ નય જ શુદ્ધનયને ગણવામાં આવી છે. વ્યવહારનયની મશ્કરી કરીને ઉડાવી દીધી છે. આહા..હા..! જેને વ્યવહાર ગળે વળગ્યો છે એને આ ચૈતન્યની વાત સિદ્ધ સમાન બેસવી કઠણ છે પ્રભુ! અહીં તો એટલા શબ્દોમાં તો ઘણું ભર્યું છે. આહા..હા..!

શું કહ્યું? જે સુબુદ્ધિઓને સમ્યગ્દષ્ટિને અને કુબુદ્ધિઓને મિથ્યાદષ્ટિને પહેલાંથી જ શુદ્ધતા છે. આહા..હા..! એ તો ઠીક, પણ એ બંનેમાં કોઈપણ ભેદ આહા..હા..! કઈ નયે કહુ? કઈ નયથી જાણું? એમ કહે છે. કથન તો તે કથન ... આહા..હા..! ગંભીર છે ભગવાન! એટલા શબ્દમાં ગંભીરતા છે. આહા..હા..! ક્યાં પ્રભુ સિદ્ધ અને પ્રભુ તું આત્મા. જે આત્મામાં

ચીજ હોય નહિ એની અહીંયાં ગણતરી કરી જ નથી અને કઈ નયે હું એને જુદો માનું? આહા..હા..! વ્યવહારનયથી જુદું માનું એ ઉડાવી દીધું. આહા..હા..! એને ગણતરીમાં ન લીધી. નહિતર એમ કેમ કહે? ભાઈ! એક નયથી તો છે. બીજી નયથી છે. અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને કે મિથ્યાદૃષ્ટિને પહેલાંથી જ સિદ્ધ સમાન ભગવાન અંદર છે. કાંઈપણ ભેદ. આહા..હા..! ગજબ વાત છે. એક શબ્દમાં કેટલી ગંભીરતા ભરી છે! આહા..હા..!

કહે છે કે ચાહે તો સંસારી નિગોદના જીવ હો. આહા..હા..! અને ચાહે તો સિદ્ધ હો. બેયમાં કાંઈપણ ભેદ, કાંઈપણ ભેદ કઈ નયે જાણુ? આહા..હા..! વ્યવહાનય તો જાણે કાંઈ છે જ નહિ, એમ કહે છે. વ્યવહાર તો કાંઈ છે જ નહિ. ગણતરી નથી. વ્યવહાર અભૂતાર્થ કહીને ગૌણ કરીને ઉડાવી દીધો. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં દૃષ્ટિમાં આવ્યો, હવે કહે છે કે હું મારામાં અને બીજી ચીજ આત્મામાં ખ્યાલમાં આવ્યા પછીની વાત છે હોં! મિથ્યાત્વના કાળમાં આ નહિ. આહા..હા..! પોતાનું સ્વરૂપ અહીં તો આ દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, તપ કરો એવી તો પ્રરૂપણા. આહા..હા..! આટલા શબ્દમાં બધું આવી ગયું. લાલચંદભાઈ! આહા..હા..! ગજબ વાત છે. શું કહીએ? જેવું અંતરમાં ભાસે છે એટલી ભાષા આવતી નથી. આહા..હા..!

કુબુદ્ધિ અને સુબુદ્ધિઓને પહેલેથી જ ભગવાન શુદ્ધ બિરાજે છે, તેને કાંઈપણ આહા..હા..! એને કંઈપણ, કંઈપણ આહા..હા..! ભેદ હું કઈ નયે જાણું? આહા..હા..! ગજબ કર્યો છે. પોતાના આનંદના વિકાસ આગળ સર્વ જીવ આનંદમય છે એમ દેખે છે. એમ કહે છે. પોતાનો આનંદ અને જ્ઞાનમય પ્રભુ આગળ સર્વ આત્મા ભગવાન દેખે છે. હું કઈ નયે ફેર માનું? એમ કહે છે. આહા..હા..! તારાચંદજી! ક્યાં ગયા અમારા ડાહ્યા? આહા..હા..! ગંભીરતા ભગવાન કહે બહુ છે. આહા..હા..!

**શ્રોતા :-** આપનું જ સામર્થ્ય છે આવા ભાવ ખોલવાનું!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમે સાંભળો છોને નાથ! ભગવાન છોને નાથ. તમને અલ્પ કરીને બોલાવવા કલંક છે. આહા..હા..! અહીં તો એ કહ્યુંને, હું કઈ નયે મને અલ્પ માનું? આહા..હા..! પ્રભુ! અહીં તો પૂર્ણાનંદનો નાથ, એક સમયમાં જેવી સત્તા છે, એવી સત્તા સિદ્ધની છે, એવી સત્તા મારી એવું જ્યાં ભાન થયું, હું ભેદ કઈ નયે જાણું? કઈ નયથી જાણું? આહા..હા..! વ્યવહારનયથી જાણું એટલું તો થોડું રાખો, પંડિતજી! શુદ્ધનયમાં અહીં તો બધી નય ઉડાડી દીધી. વ્યવહારનય તો રાખો? એ આવી ગયો વ્યવહારનય. કેમકે કુબુદ્ધિ અને સુબુદ્ધિ એટલો ભેદ તો પાડી દીધો. આહા..હા..! હવે એક આત્મા જે છે, બેયને ભગવાન આત્મા છે. એને કયા નયથી ભેદ... આહા..હા..! ગજબ વાત છે. દિગંબર સંતોના શબ્દો કોઈ ગજબ કરે છે. આહા..હા..! એક બે-ચાર શબ્દો હોય પણ છેક ઉતારી દે છે અંદર. આહા..હા..! પ્રભુ તને ક્યાંય ગોઠતું નથી. ત્યાં અંદર ગોઠે છે એ ચીજ તો અહીં તારી પાસે પડી છેને

પ્રભુ! અને જેને નથી ગોઠતી તોપણ હું અંતરની શુદ્ધતાથી કઈ નયે ભેદ જાણું? આહા..હા..! ગજબ છેને. આહા..હા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડી હવે. આહા..હા..! વ્યવહાર છે... વ્યવહાર છે...

પાછળ અધિકાર આવે છે, નયથી ચ્યુત. એમ ન કહ્યું કે નિશ્ચયનયથી ચ્યુત. કેમકે નય જ તેને કહેવામાં આવી છે. મૂળ ગાથામાં છે ટીકામાં. નયથી ચ્યુત થાય છે. તો ત્યાં એમ ન કહ્યું કે વ્યવહારનયથી ચ્યુત થાય છે. આહા..હા..! ચ્યુત થાય છે એ વાત જ નથી. આહા..હા..! અંતરનો નાથ અપ્રતિહત ભાવે પડ્યો છે, અનાદિ સત્તાના સામર્થ્યથી બિરાજમાન પોતાના ચૈતન્ય ભાનમાં ભગવાન બિરાજે છે. કુબુદ્ધિ અને સુબુદ્ધિ હું કઈ નયે ભેદ કરું? કહું એમ નથી. કઈ રીતે એમ નથી? ક્યા ભેદે, કયા નયે જાણું? આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ, પૂર્ણશાંતિ. આહા..હા..! ત્રિકાળ કાંઈ .. નથી. સાતમી નરકમાં અનંતવાર ગયો, નિગોદમાં અનંતવાર ગયો, પણ એ ચીજમાં કોઈ ફેરફાર થતો નથી. કઈ નયથી હું ભેદ કરું? આહા..હા..! નિગોજ્ઞદનો જીવ અને ભગવાન સિદ્ધ છે. આહા..હા..! મારામાં કાંઈપણ ભેદ, કંઈ પણ જુદો ફેર. આહા..હા..! ગજબ વાત છે. ઉડી ગઈ. વાત જ ઉડાડી દીધી. મૂળથી આત્મા છે બસ. આત્મા... આત્મા... આત્મા... ભગવાન બધા આહા..હા..!

કહે છે આવી વાત ક્યાં? આહા..હા..! એની ગંભીરતાને કહી શકાતી નથી. શું કહેવા માગે છે એ ભાવ ખ્યાલમાં આવે છે. આહા..હા..! પણ વ્યવહારનયને તો ઉડાવી દીધો, ગણતરી છે જ નહિ. આહા..હા..! મારા આખો દિ' વ્યવહારનય-વ્યવહારનય. .. જ્ઞાનસ્વરૂપી વ્યવહાર જે જાણવાનું કાર્ય કરે કે કરવાનું કાર્ય કરે? આહા..હા..! કર્તા ભગવાનને પોતાનો એ ચક્રવર્તીને. આહા..હા..! એ વાસીદું કાઢવાનું બતાવવા જેવું છે. તારી મહિમાનો પાર નથી. આ .. ઊભો રાખ્યો છે. કઈ નયે તને હું હીણો કહું? કહે છે. ..જી! આહા..હા..! પ્રભુ! કઈ નયે કાંઈપણ.. ભાષા તો વાંચીને. કાંઈપણ. આહા..હા..! તેમનામાં કાંઈપણ. આહા..હા..! કઈ નયે અભેદ જાણું? આહા..હા..! પ્રભુ! વ્યવહારનય ક્યાં ગઈ નાથ? આહા..હા..! વ્યવહારથી .. એટલું કહ્યું. ક્યાં ગઈ? ગઈ એને ઘરે. અંતરદ્રવ્યમાં તો કાંઈ છે નહિ. આહા..હા..! આવી વાત છે, પ્રભુ! કેટલાક શ્લોકો તો એટલા ગંભીર કે ગંભીરતા ભાસે એ ભાષા આવતી નહિ. ભાષા થઈ શકતી નથી. આહા..હા..! જે શબ્દમાં એટલી ગંભીરતા ભરી છે. એકલો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... દુનિયા આખી નિગોદમાંથી કદી નહિ નીકળે એવા જીવને પણ હું કઈ નયે ભેદ જાણું? આહા..હા..! અંતરની મહિમાની વાત છે પ્રભુ! આહા..હા..! એ શક્તિવાન છે પણ જાણે પ્રગટ જ છે. શક્તિવાન છે. આહા..હા..!

જેને પ્રગટ દૃષ્ટિમાં આવ્યું એને શક્તિવાન પ્રગટ છે. એવી રીતે બધા ભગવાન .. કઈ નયે એને હું હીણો, નબળાઈવાળો સિદ્ધથી જુદો કઈ નયે જાણું? આહા..હા..! ગજબ વાત

છે. તારાચંદજી! ગજબ વાત છે. આહા..હા..! સાધારણ વાત નથી, પ્રભુ! આ કાંઈ કથા નથી. આહા..હા..! આ તો ત્રણલોકના નાથ વીતરાગદેવ એના પેટમાંથી નીકળેલી વાણી. આહા..હા..! દિવ્યધ્વનિ. દિવ્યધ્વનિ એમ કહે છે. આહા..હા..! પ્રભુ તે અશુદ્ધતા કુબુદ્ધિને ફેર કઈ નયે જાણું? આહા..હા..! મુનિરાજ કહે છે એ ભગવાન કહે છે. ભગવાનથી બિલકુલ ઓછી-અધિક નથી કહેતા. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિરાજ કહે છે માટે કેવળીથી ફેરફાર છે (એમ નથી). ત્રણલોકનો નાથ એની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે શુદ્ધ અને અશુદ્ધ જે પર્યાય એવો જે જીવ છે, બેમાં કાંઈ કઈ ભેદથી, કયા પ્રકારે, કઈ રીતે, બધા .. કઈ રીતે બચાવ કરીને હું ભેદ જાણું? આહા..હા..! ગજબ છે.

'**ખરેખર એમાં કાંઈ પણ ભેદ નથી.**' અંતર નથી. અંદરમાં કાંઈ પણ ભેદ નથી. આહા..હા..! આ દૃષ્ટિ જેને બેસી ગઈ તેને પછી અલ્પકાળમાં પરમાત્મા થવાની તૈયારી થઈ ગઈ. પરમાત્મા હો .. બધાનો અનાદિ ભવનો અંત અને મોક્ષના સાદિ-અનંત. આહા..હા..! અને તે પણ કહે છે કે ગજબ વાત સંતોએ. .. આ દ્રવ્ય તો અલૌકિક અંતર મહા ચમત્કારિક અનંતગુણથી ભરેલો છેને. તો સિદ્ધની પર્યાયથી શુદ્ધતા નીકળી ગઈ કે નહિ? ત્યાં બસ કર. આહા..હા..! પર્યાયમાં .. ત્યાં બસ કર. આહા..હા..! દ્રવ્ય .. માટે સિદ્ધ કરવું. પર્યાય માટે બસ કર, પ્રભુ! સિદ્ધ ભગવાન પછી થોડી લબ્ધિ .. નિર્મળતાની એ વાત રહેવા દે, પ્રભુ! પર્યાયમાં એ વાત બસ થઈ ગઈ. આહા..હા..! પણ દ્રવ્યની .. કરે છે, પ્રભુ! આહા..હા..! એટલું સામર્થ્ય અને એટલી શક્તિ કે સિદ્ધપદથી પણ શુદ્ધિ વધી જાય એમ નથી. પ્રભુ! એમ નથી. આહા..હા..! એ પર્યાય છે. પર્યાય પૂર્ણ થઈ પછી ખલાસ થઈ ગયું. આહા..હા..!

અહીં તો કાંઈપણ વસ્તુમાં ફેર નથી ગણતા. આ પર્યાયમાં ફેર નથી ગણતા. આહા..હા..! વ્યવહારનય તો જાણે કાંઈ કથનમાત્ર પણ છે નહિ. એ તો આવે છેને, ભાઈ! કળશટીકામાં. કથનમાત્ર. વ્યવહારનય એ કથનમાત્ર, એમ આવે છે. કળશટીકામાં છે. આહા..હા..! હવે એ વ્યવહારનય થઈ આ મોઢા આગળ. અહીંયાં કહે છે કે એ વ્યવહારનય છે જ નહિ, અમે તો જાણતા નથી. પ્રભુ! તું આનંદ છોને. તારામાં અનંત ભગવત્ સ્વરૂપ પડ્યું છે. સાક્ષાત્ ભગવાન તું છો. સાક્ષાત્ સિદ્ધ થયો અને તું સાક્ષાત્‌માંથી ભેદ નહિ પાડું. કઈ નયે ભેદ કરું? આહા..હા..! ગજબ વાત હોં. સાક્ષાત્ પરમાત્મા થયો સિદ્ધ અને તારો આત્મા હું કઈ નયે, કયા ભેદ, કંઈપણ ભેદ... આ ગજબ વાત. આહા..હા..! દિગંબર સંતો કેવળીના કેડાયતો છે. અલ્પકાળમાં કેવળ લેવાના છે. એકાદ ભવ કે આ પંચમ આરો એટલે કેવળજ્ઞાન ન થયું. બાકી તો સ્વર્ગમાં જઈને પછીના ભવે કેવળ લેવાના છે. આહા..હા..! એટલી ગંભીરતા ભાસી અંદર કે એ ગંભીરતાના શબ્દો ક્યાંય જડતા નથી. આહા..હા..! પ્રભુ તું એટલો મોટો છો. તારી મોટપમાં હીણપની ભાષા તો નહિ પણ હીણપ કઈ રીતે જાણું એમ કહે છે.

આહા..હા..!

બધા ભગવાન. તારામાં અને સિદ્ધમાં પ્રભુ કાંઈ પણ ભેદ ગજબ-ગજબ શબ્દ. આહા..હા..! તારા બેમાં કાંઈપણ ભેદ, કાંઈપણ જુદાઈ, કાંઈપણ ભિન્નતા કઈ નયે જાણું? કઈ નયે હું જાણું? આહા..હા..! ગજબ કર્યો છે, પ્રભુ! વ્યવહારપક્ષવાળાને આકરું લાગે. આહા..હા..! આવી વાત એટલા શબ્દમાં પંડિતજી! એટલામાં ઘણું ભર્યું છે. ઘણું ભર્યું છે. આહા..હા..! એકલો પરમાત્મા તરવરે. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... દૃષ્ટિમાં ધ્રુવ તરવરે તો એ કહે છે કે જગતના પ્રાણીને હું કઈ નયે હીણો કહું? કઈ નયે સંસારી કહું? આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! ભાષા થોડી, ભાવનો પાર ન મળે. આહા..હા..! એવી ભાષાની ગંભીરતા. આહા..હા..! એટલામાં અડધો કલાક લીધો. એક સેકન્ડની અંદર, એક સેકન્ડ પણ નહિ. એક સમયમાં ફેર પડે છે, તો એ ફેર પડે છે એ કઈ રીતે હું ફેર પાડું? આહા..હા..! એક સમયમાં સમયાંતર થઈ જાય છે. આહા..હા..! શ્રીમદ્દે લખ્યું છે કે સમકિત સમયાંતરમાં થઈ જાય છે. એક સમયના અંતરમાં. એક પહેલા સમયમાં મિથ્યાત્વ, બીજા સમયે સમકિત. આહા..હા..! અરે! અનંતકાળથી મિથ્યાત્વનું સેવન. પણ પ્રભુ! ... મિથ્યાત્વ હતું જ ક્યાં અંદરમાં! આહા..હા..! જે અંદરમાં છે એ નીકળ્યું. માલ જે અંદર ભર્યો હતો એ નીકળ્યો. એમ બધા ભગવાન માલથી ભર્યા છે. આહા..હા..! ગજબ વાત છે. દાલચંદજી! છે ખરું, ભાઈ! બાપુ! વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનય છે, વિષય છે, પણ એની કોઈ ગણતરી નથી. અંતર નિશ્ચયની આગળ એની ગણતરી નથી. આહા..હા..!

કળશટીકાકારે તો એમ કહી દીધું કે વ્યવહારનય તો કથનમાત્ર. છે અહીંયાં? જેટલું કથન. વ્યવહારનયનો અર્થ કર્યો, જેટલું કથન. જેટલું કથન. વસ્તુમાં કાંઈ ફેર નથી, પ્રભુ! બહારના આ શરીર એની ચેષ્ટાઓ, એની ઉંમર, એના રંગ ન દેખ. આહા..હા..! અને કોઈ એમાં હીણપ છે એ ન દેખ. અમે કહીએ છીએ કે કઈ નયે તારી હીણપ કહું? આહા..હા..! ગજબ વાત છે. કઈ નયે તારી હીણપ હું કહું? શરીરવાળો તો છે નહિ, રંગવાળો તો છે નહિ, પરદ્રવ્યને તું સ્પર્શતો નથી કદી, પણ તારી કઈ નયે તારી હીણી દશા કહું? અલ્પદશા સિદ્ધ કરતા અલ્પદશા કઈ નયે કહું? આહા..હા..! ગજબ છે. જેટલું કથન વ્યવહારનયનો અર્થ. વ્યવહારનય એટલે જેટલું કથન. આહા..હા..! એ તો કથનમાત્ર છે. આહા..હા..! આકરું લાગે એવું છે, પણ પ્રભુ તારી વાત ઘરની છેને. આહા..હા..! આ તો મુનિરાજ વાત કરે છે. આહા..હા..! સવારે જાવું હતું .. ... પોતાની ચીજ જણાતી નથી તો પરની ચીજ મારા જેવી છે એમ જણાતી નથી, પ્રભુ! એમ કહે છે.

આ તો કહે કે હું. એમ કહ્યુંને? આહા..હા..! કાંઈપણ ભેદ સિદ્ધ અને સંસારીમાં કાંઈપણ ફેર આહા..હા..! કંઈ પણ ભેદ હું કઈ નયે જાણું? .. કઈ નયે હું જાણું? આહા..હા..! એકાંત લાગે એવું છે, પ્રભુ! એટલે આ માહત્મ્ય વર્ણવ્યું છે. .. એમ કહે છે. ભાષા લીધી.

ભવલિન એમ લીધું. ઓલામાં કુબુદ્ધિ લીધું હતું. આહા..હા..! એવી રીતે વાત કરી. કાંઈપણ .. ખ્યાલ તો આવ્યો. અહીંયાં ભવમાં લિનવાળા બધા આ. પણ કહે છે કે ભવલિન અને જીવ કેમ હું ફેરફાર કરું? આહા..હા..! અંતર તો ચૈતન્ય ભગવાન અંતર તેની સંપદાનો ધણી અંદર તો બિરાજમાન છે. એવો વૈભવ તો ક્યાંય દુનિયામાં છે જ નહિ બહાર. એવો વૈભવ તારામાં છે. આહા..હા..! જેટલું જાણ્યું એમાં કથનમાં અનંતમાભાગે આવી, એનાથી અનંતમા ભાગે તો સાંભળવામાં આવી, આહા..હા..! એના અનંતમેભાગે રચના થઈ. પંચાધ્યાય તો એમ કહે છે કે બાર અંગમાં પણ સ્થૂળ વાત છે. ત્રણલોકના નાથની સૂક્ષ્મ વાતું એમાં રહી ગઈ છે. આહા..હા..! એ તો અનુભવગમ્ય છે. ચૈતન્યની ચમત્કારિક ચીજ, ચમત્કાર દેખે એને ખબર પડે, બાકી વાણી દ્વારા આવું વર્ણન થઈ શકે નહિ. આહા..હા..! વ્યવહારનયથી મશ્કરી કરી છે. પહેલાં .. મશ્કરી કરી છે, પહેલાં આવ્યુંને, ભાઈ!

બે સિદ્ધાંત જૈનદર્શનના... જૈનદર્શનના એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહા..હા..! એક પદાર્થ કોઈપણ બીજા પદાર્થને અડે નહિ. આહા..હા..! આ શરીર તો અડે નહિ આત્મા, આત્મા શરીરને અડે નહિ અને ક્રમબદ્ધ. દ્રવ્યમાં ક્રમસર... ક્રમસર... ક્રમવર્તી... ક્રમબદ્ધ... ક્રમનિયમિત... બધા એક અર્થ થાય. એક પછી એક ક્રમબદ્ધ પર્યાય છે. પણ એની દૃષ્ટિ, ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ છે. એ કારણે જ્ઞાયકભાવ .. માં છે. અંતરમાં વાસ્તવિક રીતે રાગથી પૃથક્ થયેલા યથાર્થપણે અંદરમાં બેસતું નથી. એનો આશ્રય તો એક બાજુ રહ્યો. શરીર, વાણી, મન, દેવ, ગુરુ, શાસ્ત્ર એ તો પર રહ્યા. પણ પોતાની પર્યાયમાં વિભાવભાવ છે એ પણ ... આહા..હા..! કર્મની અપેક્ષા લાગુ પડે છે. ભલે ઉદયમાં વિદ્યમાન નિમિત્ત. ઉપશમમાં નિમિત્તનો અભાવ. એટલી એની અપેક્ષા એ .. છે. આહા..હા..! ભગવાનમાં એટલી અપેક્ષા કરવી એ પણ દોષ છે કહે. આહા..હા..! આવો માર્ગ હવે. અહીં કહે એકે.. વાત સ્પર્શતી નથી. તીર્થંકરની, એના ઘરની છે. કોઈ દુનિયામાં કેવળજ્ઞાની સિવાય, પરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એ સિવાય કોઈએ આવું કહ્યું નથી. એક દ્રવ્ય બીજાને અડતું નથી એવી વાત ભગવાન સિવાય કોઈએ કહી નથી. વાડામાં પણ એ વાત ચાલતી નથી. આહા..હા..! વાડામાં પણ આ કરો... આ કરો... આ કરો... આહા..હા..! હવે એ ક્રમબદ્ધ. આહા..હા..! સમય સમયની પર્યાય ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમનિયમિત આગળ છે. એવી પર્યાય આવે છે. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવી જોઈએ. આહા..હા..! એ શબ્દ સાંભળવામાં આવ્યો નથી. સંપ્રદાયમાં તો એ પણ નથી. આહા..હા..! અહીં તો કહે છે કે ભાઈ એ જ નય છે. આહા..હા..!

આ તો પણ પરમાત્મસ્વરૂપે.. અસલમાં તો એ નય જ નથી. વ્યવહારનય તુચ્છ છે. એ વ્યવહારનય એનો વિષય છે, પણ બિલકુલ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ભાષા કેટલી બધી! ખરેખર એને નય કહે છે. એ શુદ્ધનયને નય કહે છે. ..નયથી લીધું છે.

અશુદ્ધવ્યવહારનય એ નય જ નથી.

.. જાણવું-દેખવું એમ રહ્યું, વિકલ્પ આવે, નબળાઈને કારણે આવે પણ જાય છે. આવે છે પણ .. છે એમ નથી. .. છે નહિ. દ્રવ્યદૃષ્ટિ જ્યાં સમ્યક્ થઈ તો લાવે ક્યાંથી? એમાં છે તો નાખે? અદ્ધરથી પર્યાયની નબળાઈને કારણે જે ઊપજે છે તેનો જાણનાર-દેખનાર રહે છે. એનું નામ ધર્મી સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. ... .. તત્ત્વના આરાધકનું ફળ જ મોક્ષ છે. આ ચાર ગતિ તો શુભાશુભ પરિણામનું ફળ છે. એ કોઈ મૂળ ચીજ નથી. એ પછી પંચેન્દ્રિય તિર્યંચ આદિ તો શુભાશુભ પરિણામનું ફળ છે. તત્ત્વનો વિરોધ વિરાધના યથાર્થ વસ્તુ જેવી છે એવી .. આરાધન છે. જેવું જ્ઞાયકતત્ત્વ છે. સર્વજ્ઞે જોયું એવું જ્ઞાયક છે. એવો જ્ઞાયક રહે છે. જ્ઞાયકનું આરાધન થયું તો કેવળજ્ઞાન થઈ ગયો. એ પરમાત્મા એનું ફળ છે, એનું નિગોદ ફળ છે. ચાર ગતિ તો વચ્ચે .. હોય છે.

ભગવાન આત્મા રાગના વિકલ્પથી ભિન્ન પડ્યો પ્રભુ. અને ભિન્ન છે. છે તો પડે છે, ન હોય અને પડે એમ હોઈ શકે નહિ. આહા..હા..! તત્ત્વ જ જુદું છે એ. માન્યું હતું. માન્યતામાં ભ્રમ હતો. માન્યતા ગુલાંટ ખાય છે. અરે! હું તો ચિદાનંદ આત્મા. અવિનાશી મારી ચીજ. ચૈતન્ય ધાતુથી રહેલો ધરાયેલો હું છું. આહા..હા..! એવા સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન થતાં એ પુદ્‌ગલ પરિણામ સ્વતંત્ર વ્યાપક થઈ હવે વિકાર કરે તો કરો, પણ મારે અને એને સંબંધ નથી. આહા..હા..! જેને સમ્યગ્જ્ઞાન થતા પરમાં સુખબુદ્ધિની હોંશ ઉડી ગઈ છે. ચાહે તો કરોડ ચક્રવર્તીનું રાજ હો કે અબજો પૈસા અબજો રૂપિયા એક સેકન્ડમાં પેદા થતા હોય અને માખણના પિંડલા જેવું શરીર હોય. એમાં સુખ છે એ બુદ્ધિ ઉડી ગઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને અજ્ઞાનીને અંદર ઊંડે-ઊંડે ત્યાગ બાહ્યના કર્યા હોવા છતાં ખાવા, પીવા, અનુકૂળ હોય ત્યાં સુખબુદ્ધિ થઈ જાય છે એને. મને ઠીક પડે છે. ઠીક પડે છે એ સુખબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

પોતાની ચીજને ભૂલી કંઈપણ બહારની અનુકૂળતાના ઉત્સાહમાં વીર્ય જાય એ સુખબુદ્ધિનો માનનારો મિથ્યાદૃષ્ટિ છે. અને બાહ્યમાં પ્રતિકૂળતામાં આને લઈને મને દુઃખ છે એવી બુદ્ધિ પણ અજ્ઞાનીની બહારમાં જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સુખનો ભંડાર તો સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. એમાં સુખ જ્યાં ભાસ્યું એને કોઈ ચીજ ચક્રવર્તીના રાજ હો કે ઈન્દ્રના ઈન્દ્રાસન હો, કરોડો અપ્સરા, અનુકૂળતા એક એક .. કરતી દેખાય, અનુકૂળતા ચેષ્ટા દેખાય, ક્યાંય જેને બુદ્ધિ જામતી નથી. આહા..હા..! ઘણા વર્ષની વાત છે. ૬૬-૬૭ની હશે વાત. ધ્રુવનું નાટક છેને ધ્રુવનું, નહિ? ધ્રુવનું નાટક આવે છે. એ એની જૂનીનો હતો દીકરો. એનો બાપ નવી પરણેલો. એટલે ધ્રુવ પોતે જોગી થઈ ગયો નાની ઉંમરમાં. ભાવનગર નાટક મોટું થિએટર હતું. પહેલાં વૈરાગ્યના નાટક બહુ હતા. રાગ કાંઈક થાય તો લજ્જા આવે એને. અરેરે! આ અમને ન હોય. આ કલંક છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી દૃષ્ટિવંતની

અહીં વાત ચાલે છે. તારે ઘરે ધુમાડા ન હોય. એ તો ધુમાડા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વયં સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલ પરિણામનો કર્તા છે. ભાષા તો જુઓ! કર્તાની વ્યાખ્યા સ્વતંત્રપણે કરે તે કર્તા. સમજાણું કાંઈ? સ્વતંત્રપણે કરે તે કર્તા. તે વિકારી પરિણામ સ્વતંત્રપણે પુદ્ગલ કરે છે, હું નહિ. મારી ખાણમાં એ નહિ. એ મારી ખાણની ઊપજ નહિ. આહા..હા..! એ તો પુદ્ગલની ખાણની ઊપજ છે. સમજાણું કાંઈ?

અહીં તો જરી અનુકૂળતા ભાળે તો આહા..હા..! શું છે પણ આ? ખુશી-ખુશી થઈ જાય જરી શરીર સારું, બાયડી સારી, ઢીંકણું સારું... એટલો આખો વીંટાઈ જાય છો એમાં. ક્યાંય પણ સુખબુદ્ધિ જો થઈ... આહા..હા..! સમજાણું કાંઈ? એ તો મિથ્યાત્વભાવ છે, અજ્ઞાનભાવ છે. એ ધ્રુવને નયનમાં ચાખડી હોયને બાવાની. શું કહેવાય? પડદા પાડેને. લીલા. એક પડદો આમ ખેંચે અને એક પડદો આમ ખેંચે. લગભગ ૬૬ની વાત હશે. ૧૯૬૬. એવા નાટકો જોયેલા વૈરાગી હતાને. ઘણા જોયેલા. નિવૃત્તિ ઘણી હતી. ત્યાં પાલેજમાં પણ આવતા. ભરૂચ પણ ગયેલા, વડોદરા જોયેલા. એમાં બે અપ્સરા ઉતરી. લાકડું હોય અને બે દોરી કાઢી હોય એટલે ત્યાં ફડાક ઉતરે ઉપરથી. ઓલા લાકડા ઉપર પગ હોય અને દોરી બે બાંધેલી. બે બાજુ ઉતરી અને ચેષ્ટા કરી. એવી ચેષ્ટા શરીરની અનુકૂળતાની. એટલે ધ્રુવ કહે છે, ધ્રુવને આ દેવીઓ કહે છે. અરે! રાજકુમાર અમારા શરીર કોમળ જુઓ, આ શરીર જુઓ, મોઢું જુઓ, આ શરીરના અવયવો જુઓ, કેટલા કોમળ, કેટલા જો તો ખરો નજર. ધ્રુવ કહે છે, માતા! તારા શરીરના અવયવો કોમળ એવા મને લાગે છે કે અવતાર હોય તો તારે કૂખે આવું, બાકી બીજી વાત નથી હવે. સમજાણું કાંઈ? જો અવતાર બીજો હોય કદાચિત્ તો તારી કૂખે મા તરીકે કરું, બાકી બીજું તો અહીં છે નહિ હવે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ધર્મી જીવને ધ્રુવ. એ ધ્રુવનું નાટક હતું. ધ્રુવ ભગવાન ચિદાનંદનો જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ એને ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલા તરણા જેવા લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને કોઈ લલચાવી જાય અને ઓગળી જાય એવો ધ્રુવધર્મ ન હોય, એવો ધ્રુવ એ ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એને બરફની જેમ કોઈ ઓગાળે અને અગ્નિની જેમ કોઈ ઉજાળે એવો એ ન હોય. પ્રતિકૂળતા અનંતી આપીને એને ખીજવે કોઈ એ ધ્રુવ એવો ન હોય. એય..! ચંદુભાઈ! આ તો ઓલું ધ્રુવનું નાટક જોયું હતુ એ વાત છે. આ ધ્રુવ હોં. તે દિ' તો ક્યાં કાંઈ ખબર હતી ધ્રુવની. આહા..હા..!

અરે! ચિદાનંદ ભગવાન ધ્રુવ એનો જેને વિશ્વાસ અને અનુભવ દૃષ્ટિમાં આવ્યો એ ધ્રુવને ઈન્દ્રના ઈન્દ્રાસન લલચાવે અને ઓગળે ત્રણકાળમાં હોઈ શકે નહિ. ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ હલે અને ઈન્દ્રાણી કરોડો હલાવે અનુકૂળ ચેષ્ટાથી. માતા! મારે બીજો અવતાર હોય તો કદાચિત્ તું માતા તરીકે હો તો આવું, બાકી બીજું કાંઈ છે નહિ. સુખબુદ્ધિ નથી હવે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી જેને રાગ અને પરના ફળમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે. મડદું મરી

ગયેલો થઈ ગયો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીં તો જરી આંખ મોટી સારી હોય, આમ આમ કોકે કર્યું તો આહા..હા..! જોયું! મને પસંદ કરે છે. પાંગળા શું તને થયું આ? આહા..હા..! સમજાણું કાંઈ? અરે! તને તારી પ્રભુતાની શક્તિની તને ખબર નથી, ભાઈ! આ કરોડો અપ્સરાઓ આવે અને તને હલાવે એવી ચીજ તું નથી. એવી જેને અંતર ધર્મદૃષ્ટિ થઈ છે એ એમ માને છે કે રાગાદિના પરિણામનો સ્વતંત્ર કર્તા પુદ્ગલ છે. ... વડોદરાની વાત છે. અહીં તો મોળું તો નાનું ગોઠતું નહિને તે દિ'થી. કે આ તમે શું કહો છો અમે સમજ્યા વિના નહિ જોઈએ. લાવો ચોપડી. બાર આના તો બાર આના લેને ભાઈ આલે. આહા..હા..! તમે શું કહો છો એ સમજ્યા વિના એમ ને એમ જોયા કરવું અમારે? એમ વીતરાગદેવ કહે છે, અમે શું કહીએ એ સમજ્યા વિના સાંભળ્યા કરવું એ વાત સાચી નથી. આહા..હા..! એને ચોપડા જોવા જોઈએ એમાં. રાખવા જોઈએ તૈયાર આમાં શું છે. આહા..હા..!

કહે છે ભાષા તો જુઓ, ત્યારે ઓલા એમ કહેને કે જુઓ, આમાં આવ્યું કે નહિ? વિકાર કરનારો કર્મ છે, હું નહિ. પણ કોને? ગોમ્મટસારમાં એમ આવે. દર્શનમોહને લઈને મિથ્યાત્વ થાય, .. કષાય થાય. એમાં એ આવે. આમાં આ આવે કે વિકારના પરિણામનો કર્તા પુદ્ગલ છે અને તે કાર્ય પુદ્ગલનું છે. કોને? અજ્ઞાનીને તો અજ્ઞાનભાવથી પુણ્ય-પાપનો કર્તા અને પુણ્ય-પાપ તેનું કર્મ એ એનામાં બેસતું છે. એ બંધબેસતી એને વાત છે અને જ્ઞાનીને બંધબેસતી આ વાત છે. સમજાણું કાંઈ? આની આ રીત છે એટલું તો ખ્યાલમાં લે.

કહે છે 'પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલ પરિણામનો કર્તા.' એ જડ જે છે એ પોતે સ્વતંત્ર કર્તા, સ્વતંત્ર થઈ અને વિકારી પરિણામનું કાર્ય એ કર્મ અને જડ કરે છે. એમાં શરીરની આ અવસ્થા આમ થાય એ વ્યાપ્ત છે, પરમાણુ આ પુદ્ગલ વ્યાપક છે. એ વ્યાપક દ્રવ્ય આત્મા અંદર ઈચ્છા કે જ્ઞાનની પર્યાયની અપેક્ષા કર્યા વિના. અંદર જ્ઞાન છે એની અપેક્ષા કર્યા વિના એ શરીરના પુદ્ગલો સ્વતંત્રપણે આ અવસ્થાને કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કાંઈપણ શું આમાં નિમિત્ત છેને. વળી એમ કહે. હવે સાંભળને મારા. સ્વતંત્રપણે કર્તા એને નિમિત્તની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? આ વાણી બાલોય એમાં હું નિમિત્ત છું કે નહિ? સાંભળ! વાણીની પર્યાય વ્યાપ્ય અને સ્વતંત્રપણે પરમાણુ તે કાળે તે તે કાર્યનો કર્તા છે. તને ઈચ્છા થઈ એ અપેક્ષા રાખીને એ પરમાણુની પર્યાય કર્તા થઈને થઈ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ, આવી!

શરીર, વાણી અને રાગના પરિણામ એમાં કર્તાપણું સિદ્ધ કરવું છેને. આત્મા કર્તા નહિ, આત્માનું એ કર્મ નહિ. એથી એ સ્વતંત્રપણે શરીરની પર્યાયનું કરવું સ્વતંત્રપણે પુદ્ગલથી છે. અંદર આત્મા પ્રેરક આમ ઈચ્છા થઈને પ્રેરે છે એવી અપેક્ષાથી શરીરની હાલત આ થાય

છે એમ નથી. આ હોઠ હલે છે, આ થાય છે એમાં ઈચ્છા બોલવાની થઈ. એ ઈચ્છાની અપેક્ષા રાખીને એ ભાષાની પર્યાય થાય છે, એમ નથી. આહા..હા..! એય..! રતિભાઈ! ભારે કામ ભાઈ આવા. આવી કથાઓ કાંઈ. સત્યની કથા છે, ભગવાન! આહા..હા..! તારો ભગવાન ઢંઢોળીને ઉભો થા તો એ જગતના કાર્ય જગતથી છે. તારાથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અગમ પ્યાલાની વાતું છે. આહા..હા..! જેણે કપાટ કોઈ દિ' ખોલ્યા નથી. રાગ અને શરીર હું એવી મિથ્યાત્વના તાળા માર્યા છે, કપાટ બંધ છે. એની આ વાત નથી. જેણે રાગ અને આત્મા બે ભિન્ન છે એવા ભાન કરીને તાળા ખોલી નાખ્યા છે. એવા ખોલ્યા એમાં ચિદાનંદ આત્મા આવો જ્ઞાતા-દૃષ્ટા અને આનંદ છે. એવું જેને ભાન છે એના રાગાદિના પરિણામ અને દેહાદિની ક્રિયા. ઓલામાં આવે છેને, ભાઈ! કે જ્ઞાન કર્તા અને ભાષા કાર્ય, સ્તવનમાં આવે છે. એ ચર્ચા કરી છે મોટી. રતનચંદજી નહિ? આ તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! શાસ્ત્રમાં પણ વાત એને સમજવા જેવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૭, શનિવાર, તા. ૨૯-૦૭-૧૯૭૧, શ્લોક-૨૪, ૨૫, પ્રવચન નં.૩૭૩૭

આ એક નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે. નિયમસાર એટલે આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થવી એવી જે મુક્તિ એના ઉપાયને અહીંયાં નિયમસાર કહેવામાં આવે છે. નિયમથી જે કર્તવ્ય છે તેને નિયમસાર કહે છે. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. ભગવાન આત્મા એને નિશ્ચયથી '**जं कज्जं**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ નિશ્ચય, નિર્વિકલ્પ જે કરવાલાયક છે તે આ કર્તવ્ય છે. એથી તેને નિયમ એટલે મોક્ષનો ઉપાય અને સાર એટલે વિચાર અને વ્યવહાર. વ્યવહારના રત્નત્રયના વિકલ્પથી રહિત એને અહીંયાં નિયમસાર કહેવામાં આવે છે. આ પર્યાયનો અધિકાર છે, છતાં પર્યાયનું ધ્યેય ક્યાં હોય એનું મુખ્ય વર્ણન છે. સમજાય છે કાંઈ?

જે કાંઈ એને પ્રગટ કરવું છે હિત, કલ્યાણ, શ્રેય, સુખરૂપ ધર્મદશા એ પ્રગટ કરવી છે એ દશા એને પર્યાય કહીએ, અવસ્થા કહીએ, હાલત કહીએ. તો એ હાલતનું ધ્યેય શું? એ ત્રિકાળી જ્ઞાયકભાવ તે ધ્યેય. એ વર્તમાનદશામાં ભાવમાં ધ્રુવ ત્રિકાળી ભગવાન પોતે અવિનાશી આદિ અને અંત વિનાની પોતે ચીજ છે આત્મા એને અહીંયાં સદૃશ્ય સ્વભાવ જે ત્રિકાળ એને અહીંયાં ધ્યેય કહીને એનું આલંબન બતાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સૂક્ષ્મ વિષય છે, ભાઈ! સવાર, બપોર આ નિયમસાર અને શક્તિઓ. એને સૂક્ષ્મ કેમ પડે? એ પોતે જ સૂક્ષ્મ છે, ઇન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવો નથી, વિકલ્પથી ગ્રાહ્ય થાય એવો નથી. એ પોતાના શુદ્ધ સ્વભાવ પવિત્ર પ્રત્યક્ષ રાગ વિના થઈ શકે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? અને આત્મામાં મહત્તા અને મહિમા ન હોય તો પછી મહિમા અને મહત્તાની કોઈ જગતમાં ચીજ એ સિવાય રહેતી નથી. એવો જે ભગવાન આત્મા... અહીંયાં આપણે ૨૪મો કળશ છે. છે? ગાથા ૧૪નો કળશ છે. પાનું-૩૬. ૩૬ પાનાનો ૨૪મો કળશ છે. છે ઉપર જુઓ,

(मालिनी)

अथ सति परभावे शुद्धमात्मानमेकं
सहजगुणमणीनामाकरं पूर्णबोधम्।
भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः
स भवति परमश्रीकामिनीकामरूपः।।२४।।

આહા..હા..! એક-એક શ્લોકમાં ઘણું ભર્યું છે. એકલા અધ્યાત્મના મંત્ર છે. કહે છે... એનો અર્થ. ભગવાન આત્મા... શક્તિઓ બપોરે ચાલે છે. એ બધી શક્તિઓ કહો કે ગુણ કહો. એ ગુણનું એકરૂપ તેને અહીંયાં દ્રવ્ય એટલે પદાર્થ આત્મા કહેવામાં આવે છે. એ આત્મામાં વસ્તુપણું છે, એની શક્તિઓનું વસવું એમાં રહેલું છે અને એની દશામાં, હાલતમાં વિભાવરૂપી પર્યાય અને વિભાવરૂપી રાગાદિ રહેલા છે. આટલું એનું અસ્તિત્વ, એટલામાં એનું હોવાપણું (છે). શું કીધું? વસ્તુ છે પોતે આત્મા ધ્રુવ એ હોવાપણે છે એમાં શક્તિઓ ભેદરૂપ છે એ પણ અભેદમાં હોવાપણે છે. હવે એની દશામાં... આ અધિકાર તો દર્શનનો ચાલે છે. એના આ કળશો કર્યા છે. ભાઈ! દર્શનનો અધિકાર છેને આ? ચક્ષુ-ચક્ષુ. ૧૪મી ગાથા એમાં કળશો કર્યા છે. સામાન્ય ઉપયોગ છેને દર્શન. ભેદ પાડ્યા વિના જાણે એનું નામ દર્શન ઉપયોગ. એ દર્શન ઉપયોગની વ્યાખ્યામાં આ કળશો નાખ્યા છે. મૂળ દર્શનનો ઉપયોગ ધ્રુવ, નિત્ય એક ચીજ તે સામાન્ય છે અને તેને ધ્યેય બનાવીને જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દર્શનની દશાને પ્રાપ્ત કરે એનું ધ્યેય દ્રવ્ય ઉપર હોય છે. ઝીણી વાત છે, ભાઈ! અત્યારે તો આ કાં તો ભક્તિ કરો, સ્તુતિ કરો, આ કરો ને આ કરો. એ બધા વિકલ્પની જાતું છે, રાગ છે, એ કાંઈ આત્માસ્વભાવ નથી. અને એથી આગળ વધીને અહીં તો ચક્ષુ, અચક્ષુ, અવધિ અને ચાર જ્ઞાનની પર્યાય એને પણ વિભાવપર્યાય-વિભાવગુણ કહેવામાં આવે છે. વિભાવગુણ કહ્યો છે એને. સમજાય છે કાંઈ?

**'પરભાવ હોવા છતાં,...'** એનો અર્થ. **'પરભાવ હોવા છતાં,...'** ભગવાન આત્મામાં દશામાં, હાલતમાં, વર્તમાન પર્યાયમાં પુણ્ય-પાપ હો એની અહીં વાત વિશેષ નથી. અહીંયાં તો ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન એ વિભાવભાવ-પરભાવ છે. અહીંયાં ઓલા પરભાવ આગળ

લેશે ૫૦માં એ જુદી વાત છે. શાંતિથી સમજવાની વાત છે આ. અનંત કાળે આત્મા કઈ રીતે છે અને એનું કેમ ધ્યેય બનાવાય એ વાત એણે એક સેકન્ડ પણ અનંત કાળમાં ત્યાગી થયો, સાધુ થયો, ભણ્યો શાસ્ત્રો અગિયાર અંગ, જે શાસ્ત્રમાં એક એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક, એવા એવા ૧૮ હજાર પદો, ૩૬ હજાર પદો જેણે વાંચ્યા, કંઠસ્થ કર્યા, પણ વાસ્તવિક તત્ત્વ અંદરમાં જ્ઞાયકભાવ ધ્રુવ કે જેમાં પરભાવ વર્તમાન દશામાં હોવા છતાં '**સહજગુણમણિની ખાણરૂપ...**' હું તો સહજ ગુણરત્નની ખાણ છું. આહા..હા..! 'સહજ' એવો શબ્દ વાપર્યો છે. મારો આત્મા સ્વભાવિક ગુણમણિની ખાણ (છે). એવું મારું તત્ત્વ અંદર ધ્રુવ, નિત્ય, આદિ અને અંત વિનાનું, પૂર્ણ પછી કહેશે, એવો જે સહજગુણમણિની ખાણ મારો આત્મા છે. આહા..હા..! એમાંથી તો આનંદ ને જ્ઞાન ને શાંતિના રત્ન જેને ત્રણ રત્ન કહ્યા છેને મોક્ષમાર્ગના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ત્રણ રત્ન કહ્યા છે. છે તો નિર્મળ પર્યાય, પણ એને રત્ન કહ્યા છે. એ રત્ન પણ જે ખાણમાંથી નીકળે છે. આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! પરિચય અત્યારે તો બહારમાં બધું આ કરો ને આ કરો ને આ કરો. ભક્તિ કરો, ભક્તામર કરો ને સ્મરણ કરો ને નમો અરિહંતાણં જાપ કરો. એ છે, હો, વિકલ્પ છે, પુણ્ય છે, એ કોઈ ધર્મનું સ્વરૂપ નથી. આહા..હા..!

અહીં તો પરમાત્મા પરમસત્યનો નિધાન ભગવાન આત્મા સહજગુણમણિની ખાણરૂપ છું હું તો. ભલે વિભાવ હો, વિકાર હો એની અહીં અત્યારે વાત નથી, પણ ત્રણ દર્શન અને ચાર જ્ઞાન એ પ્રગટેલી દશા પણ એ વિભાવ છે. વિશેષભાવ છે. અહીં કેવળજ્ઞાનનું અત્યારે કામ નથી, ભાઈ! સમજાણું કાંઈ? આત્મામાં... અંતર આવશે શક્તિ બપોરે. સર્વદર્શી શક્તિ પડી છે અંદર ત્રિકાળ ધ્રુવ. એની અવસ્થા થતાં, દર્શનની અવસ્થા ચાર છે—ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કૈવલ્ય. એ ચાર દશામાં કેવલ તો છદ્મસ્થને સાધકને નથી. તેથી એની અહીંયાં નિષેધની જરૂર નથી. સમજાણું કાંઈ? છદ્મસ્થને આ ત્રણ દર્શન અને ચાર જ્ઞાન મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય. એટલું તો ભાઈ શાસ્ત્રનું જાણપણું હોય પછી આ તો કોલેજ છે તત્ત્વની. સમજાણું? તદ્દન શાસ્ત્રનું જાણપણું ન હોય એને તો આ વાત પકડાય નહિ. આ તો પરમસત્ય સાહેબ ચૈતન્યપ્રભુ. પ્રકાશચંદજી! આ સાહેબ આવી ગયા તમારા આમાં. આહા..હા..!

પ્રભુ! તારો ચૈતન્ય ભગવાન એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સહજગુણમણિની ખાણ છે. એની વર્તમાન દશામાં એ વિભાવરૂપી દશાઓ હોવા છતાં મારા મૂળ સ્વભાવમાં એ છે નહિ. અને પૂર્ણ જ્ઞાનવાળો. દેખો ભાષા! સહજગુણમણિની ખાણ હું છું. આહા..હા..! પૂર્ણ જ્ઞાન. મારામાં જ્ઞાન પૂર્ણ મિદં. વસ્તુ પોતે છે એટલે જ્ઞાન પણ પૂર્ણ છે. વસ્તુ આત્મા પૂર્ણ છે એથી એનો જ્ઞાનસ્વભાવ પણ પૂર્ણ છે. પર્યાયો કેવળજ્ઞાનાદિ અહીં અત્યારે લેવું નથી. સમજાણું કાંઈ? વસ્તુ જે છે આમ ધ્રુવ અસ્તિ, સત્તા, હોવાવાળો પદાર્થ જેને, કહે

છે, પૂર્ણ જ્ઞાન જેમાં ભર્યું છે. આહા..હા..!

એવો **'શુદ્ધ આત્માને...'** એવો શુદ્ધ આત્મા એમ. એ જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી. પહેલી બધી શક્તિઓની એક સાથે કરી. સહજગુણમણિની ખાણ પ્રભુ તું છો. આહા..હા..! કેવળજ્ઞાન ને કેવળદર્શન અને અનંત આનંદ જ્યાં પ્રગટે એની ખાણ તો એ વસ્તુ પોતે છે. રત્નત્રય કહે છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને. તો એના રત્નત્રયના ફળ તરીકે કેવળજ્ઞાન અને કેવળદર્શન અને અનંત આનંદ (પ્રગટ થાય છે). એના રત્નનું શું કહેવું? અને એના કરતા જેમાંથી પ્રગટે એના રત્નનું શું કહેવું કહે છે. સમજાણું કાંઈ? ધીરે ધીરે સમજવા જેવું (છે), બાપુ! જગતની ચાલતી પ્રથાથી વાત જ બીજી છે આ. સમજાણું કાંઈ? એણે ભગવાન આત્મા અનંતગુણમણિની ખાણ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવો શુદ્ધ આત્મા એને. આહા..હા..! **'એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ, ધર્મી, ધર્મ પ્રગટ કરેલો ધર્મી, એ ધર્મની દશામાં **'શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો...'** અંતર ધ્રુવ એકને જ. એકને એટલે બીજી કોઈ પર્યાયને નહિ, આ દેવ-ગુરુ-શાસ્ત્રને નહિ. આહા..હા..! ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન તો પર છે. તારું પર ઉપર લક્ષ જશે એટલે વિકલ્પ અને રાગ જ થશે, ત્યાં ધર્મ-બર્મ દશા થાય એવી ચીજ છે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ!

કહે છે, **'તીક્ષ્ણબુદ્ધિવાળો...'** એમ કેમ કહ્યું? જેની બુદ્ધિ તીક્ષ્ણ થઈ છે એવો શુદ્ધ દૃષ્ટિ, જેને ત્રિકાળી ધ્રુવની ઉપર દૃષ્ટિ પ્રસરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'તીક્ષ્ણબુદ્ધિવાળો...'** જ્ઞાન તો મૂક્યું પાછું તીક્ષ્ણ. **'શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,...'** ધર્મી જીવ પર્યાયમાં, હાલતમાં વિભાવ જ્ઞાન અને દર્શનની દશા હોવા છતાં સહજ સમયની ખાણ એવો શુદ્ધ પૂર્ણ જ્ઞાન, એવો શુદ્ધ આત્મા એને ભજે છે. આ એનું ભજન કરે. ભારે ભાઈ! ભજે એટલે એમાં એકાગ્ર થાય. આ ભગવાનના ભજન ને બધા સ્તુતિ અને સ્તવનો. ભક્તામરનું બહુ છે જગતમાં માન. ક્યાંક નાગા ભૂખ્યા ન રહીએ. ભક્તામર ગણે તો ઓલા તાળા તૂટ્યા હતા. તો આપણે પણ કાંઈક તાળા તૂટે. આ બહારની સામગ્રી મળે એમ. અંતરની તો ક્યાં ભાન પણ છે એને. સમજાણું કાંઈ? એ કહે છે કે ભક્તામરની સ્તુતિ કે ત્રિલોકનાથ સાક્ષાત્ પરમાત્મા સમવસરણ ધર્મસભામાં મોજૂદ બિરાજતા હોય અને એની સ્તુતિ કરનાર સ્તુતિ કરે એ સ્તુતિ પરલક્ષી રાગવાળી, પુણ્યવાળી સ્તુતિ છે, એમાં ધર્મ ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? 'અગમ પ્યાલા પીયો મતવાલા, તિન્હી અધ્યાત્મ વાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે દેખે લોક તમાશા.' એવો ભગવાન આત્મા... ધ્યાન રાખે છે બરાબર. ધ્યાન તો રાખે છે. આ તો બીજી જાત છે આખી, મોહનભાઈ! પણ એને થયું ખરું કે એ કાંઈક કહે છે એ મહારાજ સાચું કહે છે. આહા..હા..! મારગડા જુદાં, પ્રભુ!

કહે છે, અરે..! **'તીક્ષ્ણ બુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ...'** કોને ભજે? ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય

ઉપર દૃષ્ટિ છે એને ભજે છે. ધર્મી નથી ભજતો ભગવાન પરમાત્મા સાક્ષાત્ હોય તેને, ધર્મી નથી ભજતો વિકલ્પને, આ ધર્મી નથી ભજતો એક સમયની પર્યાયને. ઝીણું છે, પ્રભુ! અહીં તો તમારા ગામમાં ઝીણું માગે લાલચંદભાઈ તો. એય! રતિભાઈ! એય! અમરચંદભાઈ! આ તમારા ચિરંજીવે આ બધું માંગ્યું છે આ. આહા..હા..! કહે છે, એ ભજે છે... અહીં તો કીધું જોયું! ધર્મીની દૃષ્ટિ સમ્યક્ તીક્ષ્ણ બુદ્ધિ અને દૃષ્ટિ બે લીધાને ભાઈ? તીક્ષ્ણબુદ્ધિવાળો અને શુદ્ધદૃષ્ટિ—એમ સાથે બે લીધું. સમજાણું કાંઈ? એ ધ્રુવ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ આખી આત્મા નિત્ય અનાદિ-અનંત અનુત્પન્ન, અવિનાશી એવું જે સત્ત્વ, સત્નું સત્ત્વ વસ્તુ ધર્મીને સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે એ ધ્રુવને ભજે. એ ધ્રુવને ધ્યેય બનાવે. સદા. સમજાણું કાંઈ?

અહીં તો કીધુંને '**શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,...**' ચાહે તો વિકલ્પ હો, દેહાદિ ક્રિયા હો, અવસ્થા અપૂર્ણ હો, પણ ધર્મીની દૃષ્ટિ તો દ્રવ્યને ભજે છે. પરમાત્મસ્વરૂપ કારણપરમાત્મા એમાં એની દૃષ્ટિ પડી છે તો એને ભજે છે. ભારે ભાઈ આવું ભજન. આ તો કહે ભગવાનના ભજન કરશું તો ભગવાન આપણને કાંઈક આપશે. ભગવાન કોઈ એવો દે એવો નથી. એ તો સર્વજ્ઞ પરમાત્મા છે એ તો સાક્ષી જગતના છે. કોઈને દ્યે-લ્યે છે નહિ. આહા..હા..! લ્યો, નાથાભાઈ! આહા..હા..! એને સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમેશ્વર પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ અને ઈચ્છા વિના વાણી નીકળી અને કહ્યું તને કે તું આ છે. તને દીધો. તું નહોતો માનતો કે તું આવડો છે એ તને સમજાવ્યું એ તને દીધો. આહા..હા..!

કહે છે, '**ભજે છે, તે પુરુષ...**' બેય માર્ગ નાખી દીધો. મોક્ષમાર્ગ અને મોક્ષ. મગ અને માર્ગનું ફળ એમ પાઠમાં આવ્યું હતુંને પહેલું. આહા..હા..! મોક્ષનો માર્ગ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' પરમાત્માએ ત્રિલોકનાથ ચૈતન્યચમત્કાર જેની દશા પ્રગટ પૂર્ણ થઈ ગઈ. અરે! એવા પરમાત્માએ જગતને મોક્ષનો માર્ગ સમજાવ્યો અને મોક્ષ એનું ફળ પૂર્ણ, બેય સમજાવ્યું. આ એક કડીમાં બેય આવી ગયું કે જે પુરુષ... ત્રણ વાત. ધ્રુવને ભજે એ ભજે છે એ પર્યાય છે, અવસ્થા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ અવસ્થા છે. એ અવસ્થા ધ્રુવને ભજે છે, એ અવસ્થા અવસ્થાને ભજતી નથી. આવી વ્યાખ્યા, આવો ધર્મ કઈ જાતનો? બહારના સમજ્યા વિનાના જ્યાં-ત્યાં ધર્મને બહાને ધર્મી વાતું કરે, છેતરાઈ ગયો છે અનાદિથી. વાસ્તવિક ધર્મની ખાણ શું છે? ધર્મ એટલે સ્વભાવ. અને એ સ્વભાવમાંથી કેમ પ્રગટે એની ખબરું વિના એકલા બહારના કૂટારા કરી કરીને જિંદગીયું ગઈ, પણ હાથ આવ્યો નહિ કાંઈ. જેમ છે એમ હાથ ક્યાંથી આવે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.**' શું કહ્યું? જેણે ચૈતન્ય ધ્રુવ ધ્યાનમાં-લક્ષમાં લઈ અને એને જે ભજે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની

પર્યાય ધ્રુવને ભજે એ સમ્યગ્દર્શન-જ્ઞાન, ચરિત્રની પર્યાય દ્વારા પરમશ્રી-પરમ આનંદરૂપી લક્ષ્મી એવી મુક્તિ એનો એ વલ્લભ થાય છે. એટલે કે એ પર્યાય એને કોઈ દિ' છૂટશે નહિ.

ફરીને. 'તે **પુરુષ પરમશ્રીરૂપી...**' પરમશ્રીરૂપી કામિની. આત્માના આનંદની મુક્તદશા એ પરમશ્રી લક્ષ્મી. એવી જે મુક્તિસુંદરી એનો એ '**વલ્લભ બને છે.**' એટલે? ધ્રુવને ભજનારો પરમ આનંદરૂપી મુક્તિને પામે છે, જે મુક્તિની પર્યાય એનાથી ભિન્ન નહિ રહે હવે. સમજાણું કાંઈ? ભારે! આમ કહે કે વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, સ્તવન કરવું તો સમજાય પણ ખરું. કેમ કે અનાદિનું અજ્ઞાન છે અને એની એ વાતું કરે છે. પણ એ તો અજ્ઞાન છે. આહા..હા..! રાગાદિનો ભાવ એ અજ્ઞાન છે, આત્મા નહિ. એમાં જ્ઞાન આવતું નથી. આહા..હા..!

કહે છે. બહુ વાત. એક કળશમાં ત્રણ કહી દીધું. ભગવાન! તારું પૂર્ણ સ્વરૂપ જ્ઞાન અને આનંદનું ધ્રુવ, એને જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિથી ભજે એને, એને પરમશ્રીરૂપી મુક્તિ એવી સુંદરી એટલે સુંદર આત્માની આનંદ દશા એનો એ પ્રિય વલ્લભ થાય છે એટલે કે એ મુક્તિસુંદરીની પર્યાય એને છોડતી નથી. એવો એ મુક્તિને પામે છે. આહા..હા..! ધ્યેય શું? માર્ગ શું અને માર્ગનું ફળ શું? એ ત્રણે આવી ગયું આમાં તો. આ સિવાય બીજી વાતું કરે એ બધી ઘરની. સમજાણું કાંઈ? આહા..હા..! ૨૫.

(मालिनी)

इति परगुणपर्यायेषु सत्सूत्तमानां
हृदयसरसिजाते राजते कारणात्मा।
सपदि समयसारं तं परं ब्रह्मरूपं
भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।

'स त्वम्' તું તે છો. કહે છે '**એ રીતે પર ગુણપર્યાયો હોવા છતાં,...**' આત્માની દશામાં મતિ આદિ જ્ઞાનની અપૂર્ણ દશા હોવા છતાં કે દર્શનની પર્યાય અપૂર્ણ હોવા છતાં '**ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...**' અંતર હૃદય સરોવર જ્ઞાનનું સરોવર ભગવાન પડ્યું છે. આહા..હા..! '**કારણ-આત્મા બિરાજે છે.**' આહા..હા..! જેમાંથી આત્માને અનંત આનંદરૂપી મુક્તિની પર્યાય પ્રગટે અવસ્થા, એનું કારણ પરમાત્મા, ધ્રુવ પરમાત્મા એ કારણ પરમાત્મા પોતાનો આત્મા. હાય..હાય..! ભાષા પણ બીજી. ભગવાન! તું ઝીણો છોને. સાણસે સર્પ પકડાય, પણ સાણસે કાંઈ મોતી પકડાય? એમ આત્મા પ્રભુ એ ઝીણી ચીજ છે, બાપુ! આહા..હા..! એ વિકલ્પના દયા, દાન, વ્રતના રાગાદિથી પણ પકડાય અને જણાય એવો એ આત્મા નથી અને વર્તમાન અવસ્થાનો અંશ જે પ્રગટ છે એને લક્ષે પણ જણાય એવો એ નથી. આહા..હા..!

'**ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...**' કમળ લખ્યું છે મૂળ તો. 'सरसि' છેને? 'सरसि'

એટલે એમાં રહેલું કમળ. અંદર ચૈતન્ય ભગવાન. આ તે ગાણા એણે ગાણા સાંભળ્યા પણ નથી. એ પરમાત્મા પોતે, કારણ પરમાત્મા પોતે કારણ આત્મા. વળી કારણ આત્મા અને કાર્યઆત્મા. વળી આત્મામાં શું બે? ભગવાન! તારું ત્રિકાળી ધ્રુવ અવિનાશી વસ્તુનો ધ્રુવ અંશ. તારામાં બે અંશ છે-એક વર્તમાન પર્યાયનો અંશ અને એક ત્રિકાળી ધ્રુવ અંશ. બે થઈને આખો પ્રમાણનો વિષય દ્રવ્ય કહેવામાં આવે છે. એમાં એનું જે દ્રવ્ય જેવું છે એને અહીંયાં કારણ આત્મા કહેવામાં આવે છે. લ્યો આ બધા ઝઘડા મટી જાય છે અહીં તો. દયા, દાન અને વ્રતથી ધર્મ થાશે, એના.. બધાય ઝઘડા મટાડી દીધા. એ વિકલ્પથી નહિ થાય, લે. એ તો નહિ, પણ અહીં તો મોક્ષના માર્ગથી મોક્ષ થાય એ ઉડાડી દીધી છે વાત. કારણ કે મોક્ષના માર્ગ અને મોક્ષની પર્યાય કારણ આત્મામાંથી આવે છે. તેથી એને કારણ આત્મા કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, જ્ઞાની **'ઉત્તમ પુરુષોના...'** એને ઉત્તમ કીધા. આહા..હા..! ભલે પશુ હો શરીરથી અને ખાવાને સાધારણ કમળ પણ ન મળતા હોય એવા દેડકાઓ આદિ થાય છે. પણ એનો ભગવાન અંદર આત્મા જે છે ત્રિકાળી ધ્રુવ એ તો કારણ પરમાત્મા, કારણ આત્મા છે કે જેમાંથી ધર્મરૂપી પર્યાયરૂપી કાર્ય પ્રગટે અને જેમાંથી ધર્મના ફળરૂપે અનંત કેવળજ્ઞાનાદિ પરમાત્મદશા જેમાંથી પ્રગટે તેને અહીંયા કારણ આત્મા કહેવામાં આવે છે. એ.. રતિભાઈ! આવું ક્યાંય સાંભળ્યું પણ ન હોય, બહાર જપાટા મારતા બહારમાં. આહા..હા..! અરેરે! એને જિંદગીયું...

કાલે નહોતું કહ્યું ઓલામાં સ્તવનમાં નહિ? અરેરે! એને સાચા વારી નહિ મળે. સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા. ભગવાન ભરેલો પરમાત્મા પોતે ગુણનો દરિયો. એની જોડે રહ્યો પર્યાય પણ એ તરસ્યો ઈ. 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, દોડે ઝાંઝવાથી દોડે .. ઝાંઝવા જળની માંય. અરેરે.. એને સાચા વારી નહિ મળે. અરેરે.. એને સાચા પાણી રે એને નહિ મળે.' એમ અનાદિનો ભગવાન આત્મા પોતાની ધ્રુવતાને ભૂલીને ક્યાંક શાંતિ ધૂળમાં, ક્યાંક અહીંમાં, ક્યાંક અહીંમાં, ક્યાંક પુણ્યના ભાવમાં, ભગવાનની સ્તુતિ કરી એમાંથી કાંઈક કલ્યાણ થઈ જશે. ઝાંવા મૃગલો ઝાંઝવામાં નાખે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! અરે! અમુલા આવા મનુષ્યના ભવ. એમાં જેની મૂલ્યાંકન, મૂળ કિંમત ટંકાય નહિ એવો ભગવાન આત્મા. આહા..હા..! ખબર ન મળે એટલે શું? કારણ આત્મા બિરાજે છે એમ કહે છે. આહા..હા..!

ભગવાન આત્મા પ્રભુ એ રાગના વિકલ્પની પાછળ... એ વળી શું હશે? એક જણ હમણા કહેતો હતો. પોરબંદર. ઈ કહે, આ મહારાજ કહે છે કાંઈક કહે છે પણ કાંઈ સમજાતું નથી. અભ્યાસ ન મળે. બહારના કડાકૂટાના અભ્યાસ. ધર્મને બહાને પણ ધર્મથી વેગળા થવાની વાતું એને આ કેમ બેસે? સમજાણું કાંઈ? આહા..હા..! 'દોડત દોડત દોડીયો જેતી

મનની દોડ, પ્રેમ પ્રતીત વિચારું ઢૂંકડી ગુરુગમ લેજો દોર.' દોડ્યો તો કરી કરીને મહિના-મહિનાના અપવાસ અને છ-છ મહિનાના અપવાસ. કરોડોના, અબજોના દાન. અપવાસ અને વ્રતો એવા આકરા, નિયમ એવા આકરા. શ્રીમદ્દે કહ્યુંને, 'યમ, નિયમ, સંયમ આપ કિયો' અનંતવાર યમ પાળ્યા, પંચમહાવ્રત નિયમ ધારણ કર્યા, ઈન્દ્રિયદમન કર્યા. .. રહ્યો. એ બધો ક્લેશ કર્યો એણે. આહા..હા..! પણ ભગવાન આત્મા પૂર્ણાનંદ બિરાજે છે અંદર એની સામું કોઈ દિ' જોયું નહિ. સામું જોવા જેવું છે એમ એણે માન્યું નહિ. પોપટભાઈ! ભારે વાતું ભાઈ આ.

એ કારણ આત્મા બિરાજે છે. આહા..હા..! લ્યો! કારણ આત્મા એટલે? તારું ધ્રુવપણું છે એ કારણ આત્મા. બીજો ભગવાન કારણ આત્મા અને તારું કાર્ય એમ નહિ અહીં. સમજાણું કાંઈ? એ કારણ પ્રભુ સત્ સત્ સત્ છે... છે... છે... ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે, ભવિષ્યમાં (રહેશે) એવું તત્ત્વ ભગવાન આત્માનું અવિનાશી, ધ્રુવ નિત્યાનંદ સહજાત્મસ્વરૂપ ધ્રુવ, તેને અહીંયાં કારણ આત્મા કહેવામાં આવે છે.

**'પોતાથી ઉત્પન્ન...'** ભાષા જુઓ! **'निजोत्थं'** છેને શબ્દ? **'निजोत्थं'** છે. **'निजोत्थं'** શબ્દ છેને ચોથી લીટી નહિ? **'भज भजसि निजोत्थं'** એટલે એ તો એ શબ્દ શું કીધો છે? કે એ પોતે પોતાથી ઉત્પન્ન છે. એટલે કે એનું હોવાપણું પોતાથી સ્વયંસિદ્ધ છે, એમ. ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ કારણ આત્મા સ્વયં પોતાથી તે સત્‌રૂપે અનાદિથી છે. એને કોઈનો આધાર છે, એને કોઈએ ઉત્પન્ન કર્યો છે એમ હોઈ શકે નહિ. છે એને ઉત્પન્ન કોણ કરે? અને નથી એને ઉત્પન્ન કોણ કરે? સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ તો વિસામાનું વાક્ય છે. **'પોતાથી ઉત્પન્ન...'** સ્વયંસિદ્ધ ભગવાન. આહા..હા..! સત્ મણિની ખાણ, એકલો ચૈતન્ય રત્નાકર દરિયો. આહા..હા..!

**'પરમબ્રહ્મરૂપ...'** કેવો છે એ પોતાથી સ્વયંસિદ્ધ? પરમબ્રહ્મ-પરમ આનંદસ્વરૂપ. ઓલામાં જ્ઞાન નાખ્યું હતું, અહીં જરી આનંદ નાખ્યો. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા છે. એકલો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદનો કંદ છે. સમજાણું કાંઈ? એવા **'પરમબ્રહ્મસ્વરૂપ સમયસારને...'** સમયસાર આત્મા. કારણ આત્માને અહીં સમયસાર કહે છે. કારણ ધ્રુવને અહીંયાં સમયસાર કહ્યો છે. મોક્ષમાર્ગ અને મોક્ષની પણ અહીંયાં વાત લીધી નથી. એ તો એના કાર્ય તરીકે પ્રગટે એનું ફળ. ત્રિકાળી ભગવાન આત્મા આબાળ-ગોપાળ શરીરના ચામડાની પાછળ દેહદેવળમાં અને એક સમયની અવસ્થાની પાછળ પ્રભુ ધ્રુવ પડ્યો છે. સમજાણું કાંઈ?

**'કે જેને તું ભજી રહ્યો છે...'** ભાષા જુઓ! મુનિ પોતાની દશાનું વર્ણન સાથે કરે છે. જુઓ આ મુનિ! કહે છે કે જેને તું ભજી રહ્યો છો. ધ્રુવ તત્ત્વ ભગવાન એને ભજી રહ્યો છો. આહા..હા..! પદ્મપ્રભમલધારીદેવ મુનિ છે, જંગલવાસી છે, દિગંબર છે. જેવા માતાએ જન્મ્યા એવા વનમાં વસે છે. એવી જ મુનિઓની દશા સાચા સંતની એવી હોય છે. સમજાણું

કાંઈ? એ સિવાયના બીજાને સંત માનવા એ બધું મિથ્યાત્વ અજ્ઞાનભાવનું પોષણ છે. આહા..હા..! કહે છે, એ **'જેને તું ભજી રહ્યો છે...'** જેને તું ભજી રહ્યો છો. આહા..હા..! જેને એટલે ધ્રુવ આત્માને, કારણ આત્માને. તું એટલે પર્યાયમાં ભજી રહ્યો—એનું ધ્યેય બનાવ્યું તેં. આહા..હા..! સમજાય એવું છે હોં! અરે! આઠ-આઠ વર્ષના બાળકો કેવળજ્ઞાન પામીને મુક્તિ પામે. પ્રભુ! એમાં દેહની અવસ્થાની કાંઈ જરૂર નથી. આહા..હા..!

રાજના કુંવરો આઠ-આઠ વર્ષના બાળકો જ્યારે આ ભાન થાય છે અંદરથી, ધ્રુવને પકડતા જ્યાં આનંદનો સ્વાદ આવતા, આત્માનો જ્યાં સાક્ષાત્કાર કર્યો એ ચાલી નીકળે છે વનવાસમાં. જંગલમાં ચાલ્યા નીકળે છે. આહા..હા..! માતા! અમને ક્યાંય ચેન પડતું નથી બહારમાં. અમારું આનંદ નિધાન... આવે છેને ભાઈ પ્રવચનસારમાં? અમારી જ્ઞાનજ્યોતિ અમને પ્રગટી છે. ત્રીજા ભાગમાં. આહા..હા..! માતા! અમને ક્યાંય આત્માના આનંદ સિવાય ક્યાંય અમને ચેન પડતું નથી. મા! રજા આપ હવે અમને. આહા..હા..! ઘરમાં મરેલાને ઉપાડીને કાઢે, અમે ચાલ્યા જઈશું વનમાં જીવતા. મા! એમ કહે છે હોં! એક વાર રોવું હોય તો રો, મા! પણ ફરીને અવતાર નહિ ધારણ કરીએ, કોલકરાર કરીએ છીએ હોં! બીજી જનેતા મા હવે નહિ કરીએ. આહા..હા..!

એ ચૌદમાં અધ્યયનમાં એ આવે છે. એ વખતે કહેતા સંપ્રદાયમાં. ચૌદમું અધ્યયન છે ઉત્તરાધ્યનમાં. ... માતા! જગતની ચીજો અનંતકાળના પ્રવાહમાં કઈ પ્રાપ્ત થઈ નથી? બધી બહારની ચીજો પ્રાપ્ત થઈ છે. એ ભગવાન આત્મા અખંડાનંદની પ્રાપ્તિ પૂર્ણની અમને થઈ નથી. શ્રદ્ધા... શ્રદ્ધા કર માતા! .. અમારા પ્રત્યેનો પ્રેમ છોડ, પ્રભુ! અમે હવે કોઈના નથી હોં! અમે તારે લઈને રહેતા રાગ એમ નહોતું. અમને જરી આસક્તિ હતી. રહ્યા હતા એ આસક્તિ મરી ગઈ, હવે એ મડદાને નહિ જીવાડાય. અમે વનવાસ જઈએ છીએ આત્માની પ્રગટ પૂર્ણ પ્રાપ્તિ માટે. આહા..હા..! સંતોની એ દશા હતી. પણ એ પહેલા એને સમ્યગ્દર્શન અને જ્ઞાનજ્યોતિ પ્રગટ થયેલી હતી. આહા..હા..!

જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એટલે શું કહ્યું ત્યાં? પ્રવચનસારમાં છેને. આ પૂર્ણમિંદ જે કહ્યું હતુંને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, એ જ્ઞાનમાં ધ્યેય જ્ઞાનને બનાવી અને જે જ્ઞાનની સમ્યક્ સ્વસંવેદન સ્વ-પોતાને સમ્યક્ પ્રત્યક્ષ જ્ઞાન જ્ઞાનને વેદે અને જાણે ત્યારે તે જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એમ આત્મામાં કહેવાય. એ સમકિતી થયો, એ ધર્મને પંથે ગયો, એ સંસાર પંથના જેણે અંત લાવ્યો. આહા..હા..! કહે છે આચાર્ય પોતે મુનિ છે આ તો. આ ખબર પડતી હશે? અહીં તો એમ કહે છે જુઓ, **'જેને તું ભજી રહ્યો છે...'** આહા..હા..! શું કહે છે સમજાણું કાંઈ? વસ્તુ પૂર્ણ અનંત શક્તિઓનો સમૂહરૂપ પ્રભુ એને તું ભજે છો, એની સેવા કરે છો, એમાં તારી દૃષ્ટિ છે. એને તું ભજે છો એ નિર્ણય છે અમારો. કેમ હશે? કોને ભજો છો? એમ સંદેહ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ખબર પડે? ધર્મ પ્રગટે એવી

ખબર પડે? આહા..હા..! શું કહે છે આ?

**'જેને તું ભજી રહ્યો છે...'** એ કારણપ્રભુ પોતાનું ધ્રુવ સ્વરૂપ એને તું સેવી રહ્યો છો, એને તું ભજે છો, એમાં તારી લીનતા છે, ધ્યાનમાં ધ્યેય બનાવીને ધ્રુવને તું ભજી રહ્યો છો એમ પોતાને નિઃસંદેહ ખાતરી છે. કહો, સમજાણું કાંઈ? આ તો કહે, આપણને ધર્મ પ્રગટ્યો હશે કે નહિ ભગવાન જાણે હોં. ભગવાનને પૂછીશ. હવે ભગવાન જાણે છે તને સંદેહ છે, સંદેહ છે તને ભાન નથી એમ જાણે છે. ભગવાન જાણે છે લ્યો. આહા..હા..! પણ તારો ભગવાન જાણે ત્યારે ભગવાન જાણે છે કે એને આ ભાન થયું. પણ તને જ હજી સંદેહ છે તો ભગવાન જાણે છે કે આને સંદેહ છે. આહા..હા..! ભારે કામ.

કહે છે, **'જેને તું...'** વર્તમાન રાગરહિતની દશા, તું જેને ધ્રુવને ભજે છો. આહા..હા..! કહો, આ ધર્મની દશાવાળો ધર્મી એવો ધ્રુવ, એને ભજે અને સેવે છે. આહા..હા..! ત્યારે આ શું પાછું વળી આ બધા મંદિર, મૂર્તિ અને વળી આ? આહા..હા..! એય..! એ તો સ્વરૂપમાં સ્થિર થઈ શકે નહિ ત્યારે વચમાં એવો શુભરાગ આવે ત્યારે એ શુભરાગનું લક્ષ ત્યાં જાય, પણ છે એ હેયપણે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું! એક કોર આવી વાતું અને એકકોર એમ કહે. મોટા આવા વરઘોડા. મોહનભાઈ! આવા મોટા મંદિરો. અરે! ભગવાન! સાંભળને. એ સ્વરૂપનું ભાન થયા છતાં, સ્વરૂપમાં સ્થિરતાનો અંશ હોવા છતાં એમાં સ્થિરરૂપે જામી શકે નહિ ત્યારે તેને વચમાં અશુભભાવથી બચવા કહો કે તે કાળે તે ભાવ હોય એમ કહો. એય..! રતિભાઈ! એવું હોય છે, પણ તે જાણવાલાયક છે એમ છે. આદરવા લાયક છે અંતરમાં એમ નથી, છતાં એ આવ્યા વિના રહેતું નથી. આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એનો ભગત થયો છે આત્માનો તો એનો ભગત વ્યવહારે હોય જ છે ઈ. ભગત થયોને આ પોતે. ભજન કરે છે. આહા..હા..!

**'જેને તું ભજી રહ્યો છે તેને—'** આહા..હા..! આંખ્યું જ્યાં અંતરની નેત્ર ઉઘડ્યા, ચૈતન્યના ખજાના જ્યાં નજરમાં આવ્યા... આહા..હા..! આ તો પૂર્ણ પ્રભુ છે આ તો. પૂર્ણ છે. એમાં જેટલો એકાગ્ર થાઉં એટલી દશામાં શાંતિ અને આનંદ ને સ્વચ્છતા અને પ્રભુતા પ્રગટે. એમ ધર્મી જીવને આમ ખાતરી અને વિશ્વાસ નિઃસંદેહ હોય છે. સમજાણું કાંઈ? ઝીણું છે પણ હવે એના ઘરની વાત છેને. એને સારી લાગવી જોઈએ. અવ્યક્તપણે પણ, છોકરો ઘોડીયામાં સૂતો હોય તો એને ગાણા ગાય ત્યારે એ સૂવે, ખબર છે? ગાળ્યું દેશો તો નહિ સૂવે. 'મારો રોયો આવો' તો સૂશે નહિ બિલકુલ ઈ. છોકરો પાટલે બેસીને ન્હાયો, ફલાણું ઢીંકણું એવી વાતું કરે છેને બાયું કાંઈક. સૂશે ફટ. કારણ કે અવ્યક્તપણે પણ એની પ્રશંસા એને ગોઠે છે. એનો અર્થ ઈ કે અવ્યક્તપણે અંદર અનંતા ગુણો જે પડ્યા છે એની ભલે એને પ્રતીત અને ભાન નથી, પણ એ ગુણ સારા છે એમ અવ્યક્તપણે પ્રશંસે છે, અજ્ઞાનપણે. આહા..હા..! અહીં પરમાત્મા સંતોને હાલરડા ગાઈને કહે છે, બાપુ!

તું આવો છો. આહા..હા..!

ઘણાં વર્ષ પહેલા વડોદરા એક નાટક હતું અનસુયાનું. અનસુયા નથી બાઈ? બે સતિ થઈ ગયા. અનસુયા અને નર્મદા. ભરૂચને કાંઠે નર્મદા છે અને પાંચ ગાઉ છેટે એક અનસુયા છે નદી. એ અનસુયાનું નાટક જોવા ગયેલા. આ તો સંવત્ ૬૪-૬૫ની વાત હશે. પણ એ બાઈ એવી બાઈ હતી કે બ્રહ્મચારી. પછી ઉપર લઈ ગયા. સ્વર્ગમાં જવા લાગી. સ્વર્ગમાં ના પાડી. એ લોકો એમ કહેને અપુત્ર ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ ન હોય. વાત ગપેગપ એ ખોટી વાત છે. પણ એ વાત બતાવતા હતા. પાછી વળ, પુત્ર વિના ગતિ નહિ મળે સ્વર્ગની. હવે જાવું ક્યાં? હેઠે પડ. કોણ? કે જે મળે એને પતિ ઠરાવ. એમાં એક બ્રાહ્મણ આંધળો. પછી એને છોકરા થયા. મોટું નાટક. વડોદરા છેને. 'શુદ્ધોસિ બુદ્ધોસિ નિર્વિકલ્પોસિ નિર્વિકલ્પોસિ આનંદોસી' એમ ભજન હાલરડા ગાતા હતા એના. અરે બાળક! તું શુદ્ધ છો પ્રભુ! આહા..હા..! હાલરડા જ એવા પહેલાં હતા, આ હિન્દુસ્તાની આત્મવિદ્યાના. આ તો હવે બધું કોણ જાણે શું થઈ ગયું આ બધું. નાટક પણ ફરી ગયા બધા, ફિલ્મ શું કહેવાય તમારી? ફિલ્મ-ફિલ્મ. ઓલા તો વૈરાગ્યના નાટક એવા. બાળક લાવ્યા હશે ક્યાંકથી. બાળક તો હતું. બાળક કો'કનું લઈ આવ્યા હોય. શુદ્ધોસિ. પ્રભુ! તું શુદ્ધ છો, બુદ્ધ છો, એકલો જ્ઞાનનો સાગર છો. નિર્વિકલ્પ છો, વિકલ્પ-વિકલ્પ તારામાં છે નહિ. અભેદ તું છો. આહા..હા..! આવા ગાણા નાટકમાં ગાતા છોકરાને સૂવાડે (ત્યારે) લ્યો. આહા..હા..! અરે! એને પ્રગટપણે પણ આવા ગાણા સાંભળવા મળે અને ન સાંભળે. એના અભાગ્ય-ભાગ્યની શું વાત કરવી? આહા..હા..!

પ્રભુ! તું દેહના દેવળના માટીના પિંડલાથી પ્રભુ તું જુદો છો અને અંદર પુણ્ય અને પાપની વૃત્તિઓ, લાગણીઓ દયા, દાન, થાય એનાથી તારી ચીજ પ્રભુ જુદી છે. અહીં તો કહે છે કે એ રાગને અને પુણ્યને જાણવાવાળો વર્તમાન જે જ્ઞાનનો પર્યાય અંશ જે પ્રગટ પરને જાણે છે એવો જે એક સમયનો પર્યાય તેટલો પણ તું નહિ. આહા..હા..! પૂર્ણમિદં. આહા..હા..! પણ વસ્તુ હોય એ અપૂર્ણ ન હોઈ શકે, વસ્તુ હોય એ વિકૃત ન હોય. એ તો વસ્તુના સ્વભાવની જ મર્યાદા છે. વાસ્તવિક સહજ વસ્તુ જે હોય એ વિકૃત ન હોય. વિકૃત નામ દુઃખ અને રાગ-દ્વેષ એમાં હોઈ શકે નહિ. તેમ અપૂર્ણ ન હોય. વસ્તુ જેને કહીએ આત્મા અખંડનાનંદ પ્રભુ એ પૂર્ણમિદં (છે). આવી ગયું આપણે માથે. પૂર્ણ જ્ઞાન છેને? પૂર્ણ જ્ઞાનવાળા. પૂર્ણ જ્ઞાનવાળા. અને અહીં પરમબ્રહ્મ કીધો. આહા..હા..! છેને? '**परं ब्रह्मरूपं**' એમ છે, જુઓ ત્રીજું પદ છે. '**परं ब्रह्मरूपं**' અતીન્દ્રિય આનંદનું રૂપ તારું પ્રભુ આહા..હા..! એને નજરને નિહાળવું અને નજરમાં એને લેવો આ એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. એ સિવાય બાકી બધી વાતું છે થોથા. સમજાણું કાંઈ?

'**હે ભવ્યશાર્દૂલ,...**' ભાષા જુઓ, '**निजोत्थं**' આહા..હા..! ભગવાન મહાવીરનો જીવ

દસમા ભવમાં સિંહ હતો. ભગવાન મહાવીરનો જીવ દસમાં ભવમાં સિંહ હરણને મારતો હતો. હરણ એટલે બિચારું મૃગલુ તો થઈ રહ્યું આમ માથે .. ખાધુ નહિ એટલે આમ પડ્યું રહ્યું. થાપ મારીને મારતો હતો આમ. દેખાવ આવે છે, આપણે છેને ક્યાંક. અહીં છે કે નહિ? અહીં હશે. એમાં મુનિ ઉપરથી ઉતરે છે, બે મુનિઓ. સર્વજ્ઞ પરમાત્મા પાસે સાંભળેલું કે ઓલો સિંહનો જીવ દસમે ભવે તીર્થંકર થવાના છે. 'મહાવીર પરમાત્મા થવાના છે' એવું ક્યાંક સર્વજ્ઞ પાસે સાંભળેલું મુનિઓએ. હેઠે ઉતરી ગયા. હેઠે ઉતર્યા અને આમ જોવે છે. આ મારી સામે માણસ આવે એ વયા જાય અને આ ઉપરથી ઉતરે છે. છે શું આ? હું સિંહ વનનો રાજા. રાજા આદિ નીકળે તોપણ મને દેખીને ભાગે. આ વળી ઉપરથી હેઠે ઉતરે છે, શું છે આ? ઈ એમાં જ થંભી ગયો પહેલા તો. આમ જોવે છે. થાપ મારી હતી હરણને હોં આમ. સ્વચ્છંદે ચીરવાની શક્તિ સિંહમાં ઊભી છે એને. એમ આ આત્મામાં સ્વચ્છંદે રાગને અજ્ઞાનને ચીરવાની શક્તિ પડી છે. એ મુનિઓએ પોકાર કર્યો કે તું તીર્થંકર છો. દસમે ભવે પરમાત્મા મહાવીર થવાના છો. આહા..હા..! બે આંખે આંસુની ધારા વહે છે હોં! અરે! આ શું દશા! મુનિ કહે છે કે તું દસમા ભવે પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ પરમાત્મા થવાનો તું છોને ભાઈ! આ શું તને છે? આમ હાથ જોડે છે, આંસુની ધારા વહે છે. અંતરમાં સમાધિ પ્રગટે છે. ઓહો..! અમે આતમરામ, અમે આનંદમાં ઝૂલનારા આ દુઃખમાં ઝૂલે એ શું ચીજ છે આ? એમ અંદરમાં જ્યાં ધ્રુવને પકડે છે, એ આનંદના ઉભરા આવે છે. ઓલી આંખમાં આંસુ જાય છે. આહા..હા..! બાપુ! પ્રભુ આત્મા પૂર્ણ છે કોઈપણ કરી શકે છે. પણ એને એનું વાસ્તવિત તત્ત્વ શું છે એનું એને સાંભળવા મળ્યું નથી. એના ખ્યાલમાં આવ્યું નથી. આવ્યા વિના એનું માહાત્મ્ય શી રીતે આવે?

અહીં કહે છે. આહા..હા..! '**હે ભવ્યશાર્દૂલ...**' ઓલું શાર્દૂલ આવ્યુંને. ઉત્તમપુરુષ. એમ કહ્યું છે પોતાને હોં! આહા..હા..! '**હે ભવ્યશાર્દૂલ,...**' ભગવાન પૂર્ણાનંદનો નાથ તેને તું ભજે છો. ભજ એને હવે. એમને એમ ભજજે હવે એમ કહે છે. જેને ભજે છે એ ભજ, ઉત્તમ છો. અલ્પકાળમાં મુક્તિની—મોક્ષની તૈયારી થઈ ગઈ છે હવે. સમજાણું કાંઈ? એમ પોકાર કરે છે આત્મા જુઓ. આહા..હા..! પોતાને ખાતરી થઈ કે અલ્પકાળમાં સંસારના કિનારા આવ્યા હવે અને મોક્ષને પાટણે અમે પૂર્ણાનંદની પર્યાય પ્રગટ કરવાને લાયક થઈ ગયા છીએ. આહા..હા..! હવે અપૂર્ણમાં રહીએ એ હવે નહિ પાલવે.

કહે છે કે તું હું. '**निजोत्थं**' '**તું શીઘ્ર ભજ;...**' '**सपदि**' છેને? હવે .. અંદર ઠરવાને કહે છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ એને જ્યાં જણાયો, સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં જ્યાં જણાણો, શીઘ્ર ભજ હવે, શીઘ્ર ભજ-ઉતારો કર. એમાં ઠરવાનો પુરુષાર્થ ઉગ્ર કર એમ કહે છે. આહા..હા..! છે તો ચારિત્રવંત સ્વરૂપની રમણતાવાળો. '**તું શીઘ્ર ભજ; તું તે છે.**' આહા..હા..! '**त्वम्**' '**स त्वम्।**' છેલ્લો શબ્દ છે. '**स**'

'તે...' જેને તું ભજે છો 'તે તું છો.' આહા..હા..! બીજો કોઈ નહિ. તું જ પોતે છો એમ. વળી કોઈ કહે કારણ પરમાત્મા કોઈ જુદો હશે, એને ભજતો હશે. એ પોતે જ કારણ પરમાત્મા તું પોતે છો. જેને ભજે છો એને શીઘ્ર ભજ, ઉગ્ર કર. અંતરમાં લીન થવાની જાગૃતદશા વિશેષ કર. અલ્પકાળમાં પ્રભુ તને મુક્તિ થશે. એમ ખાતરી આપવી છે કે પોતાને પોતે કહે છે. ભગવાનને પૂછવા જાવું પડે એવું નથી. એવી પુરુષાર્થની જાગૃતિની વાત કરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૮, રવિવાર, તા. ૩૦-૦૭-૧૯૭૧, શ્લોક-૨૬, ૨૭, પ્રવચન નં.૭૩૮

આ નિયમસાર જીવ અધિકાર. જીવનો અધિકાર છે આ. અજીવ આદિ બીજા દ્રવ્યો છે એના વર્ણનની અહીં કાંઈ જરૂર નથી. છ દ્રવ્ય છે છ. એમાં જીવદ્રવ્યમાં બીજા બધા દ્રવ્યો એટલે વસ્તુઓ એમાં નથી આત્મામાં. એથી એનું વર્ણન જુદું કરશે. હવે અહીંયાં આત્મામાં શું છે અને ક્યો આશ્રય કરવાલાયક છે એનું વર્ણન છે. જીવ અધિકાર છેને? જીવ કહો કે આત્મા કહો, બધું એક જ ચીજ છે. આપણે બે શ્લોક આવી ગયા ૨૪ અને ૨૫. ૨૬, ૨૬મો કળશ છેને આજે?

(पृथ्वी)

क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः
क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।
सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं
नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा।।२६।।

આહા..હા..! ભાષા જુઓને વાપરી છે!

બે કળશમાં કાલે વર્ણન થયું મુખ્યપણે કે ભગવાન આત્મા તો સહજગુણમણિની ખાણ છે. સહજ સ્વભાવિક પારિણામિકભાવે એટલે જેના હોવાપણામાં પરની કોઈ અપેક્ષા નથી એવા આત્મામાં સ્વભાવિક મણિરત્નના ગુણો જ્ઞાનાદિ મણિરત્ન. સહજમણિ એમ કહ્યું હતુંને? સહજમણિ, ગુણમણિની ખાણ છે એ તો અને પરમબ્રહ્મસ્વરૂપ છે. એનું અંતર સ્વરૂપ પરમ આનંદસ્વરૂપ છે. આવું હોવા છતાં એની પર્યાયમાં શું શું છે એનું વર્ણન કરીને પર્યાયનો નિષેધ કરશે. આહા..હા..! બીજા દ્રવ્યો સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર કે બીજા તત્ત્વો

એ તો જીવમાં છે નહિ. હવે જીવમાં બે અંશો છે. આહા..હા..! જીવ વસ્તુ છે એમાં બે અંશો છે. એક અંશ વર્તમાન પર્યાયરૂપ અને એક અંશ ત્રિકાળ ધ્રુવરૂપ. ઝીણું તો છે આ .. બધું. ત્રિકાળી ધ્રુવ તે પણ છે અને એક અંશ વર્તમાન પર્યાય અવસ્થા પ્રગટ દશારૂપે એક અંશ છે. એ છે બેય એના તત્ત્વમાં. પર્યાય અવસ્થા પણ એની દશામાં છે અને ધ્રુવ તો એના ત્રિકાળમાં છે.

હવે કહે છે કે '**જીવતત્ત્વ...**' જુઓ, શબ્દ એમ ઉપાડ્યો છે. '**જીવતત્ત્વ ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે...**' એના જે ગુણો આનંદ આદિ સહજગુણમણિની ખાણ, અતીન્દ્રિય આનંદ જેનો ધ્રુવ સ્વભાવ ભગવાન આત્મા એમાંથી ગુણની નિર્મળ પર્યાય કોઈ વખતે દેખાવ આપે છે. દેખાવ આપે છે એમ લખ્યું છેને જુઓને. દેખાવ દેવો, દેખાવું. એની દશામાં-હાલતમાં શરીર, કર્મ અને પરવસ્તુ તો એનામાં એક સમયની અવસ્થામાં પણ એ બીજી ચીજો છે નહિ. ત્રિકાળમાં તો નથી, પણ એક સમયની દશામાં પણ ચાલતી પ્રગટ અવસ્થામાં પરવસ્તુ દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે છ દ્રવ્ય એની એક સમયની અવસ્થા-હાલતમાં પણ એ નથી. હવે એની હાલતમાં શું છે અને એ હાલતરહિત શું છે?

કહે છે કે '**ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે—**' એ ગુણોની વર્તમાન પ્રગટ દશામાં... એને ગુણ શબ્દે પર્યાય લેવી. ક્વચિત્ પર્યાયો પ્રગટ દેખાય છે. કેવળજ્ઞાન આદિ, કેવળદર્શન, અનંત આનંદ ક્વચિત્ (એટલે) સદાય નથી એ. '**ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે**' '**દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.**' શક્તિમાં જે છે એની વર્તમાન દશામાં આવિર્ભાવ નામ પ્રગટ થવું. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ વગેરે જેને અહીંયાં સદ્‌ગુણ કહ્યા એટલે કે એની પર્યાયો જે નિર્મળ એમ કોઈ કાળે પ્રગટ દેખાવમાં આવે છે. ક્વચિત્ કેમ કહે છે? કે એ ત્રિકાળી ચીજ નથી. સમજાણું કાંઈ?

અને '**ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...**' ક્વચિત્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એ બધા અશુદ્ધ ગુણો કહેવામાં આવે છે. આહા..હા..! ચાર જ્ઞાનની દશા અને ચક્ષુ, અચક્ષુ, અવધિ એવી દર્શનની દશા એને અશુદ્ધ વિભાવગુણો કહેવામાં આવે છે. છે પર્યાય, પણ અશુદ્ધ વિભાવ ગુણો એટલે કે પર્યાય તેને કહેવામાં આવે છે. આવું અસ્તિપણું છે એની પર્યાયમાં એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! આ શરીર, કર્મ, બાયડી, છોકરા, આબરૂ, કીર્તિ, પૈસો કે દેવ, ગુરુ ને શાસ્ત્ર એ કાંઈ આત્માની હાલતમાં નથી, એની હાલતમાં નથી, એ તો એની સત્તામાં છે. એ પરસત્તા એની પર્યાયની સત્તામાં નથી એથી એનો નિષેધ કરવો એમ રહેતું નથી. આ તો શ્લોકો ઊંચા માંગ્યા છે અને... લાલચંદભાઈએ. કહો, સમજાણું કાંઈ? જરી આ ફેરી તો આવે. ઘણા વર્ષથી અહીં તો અવાય છે. ૧૨ વર્ષ તો થયા ઉપરાઉપર. થોડું ઝીણું પણ એને સમજવામાં નજર તળે એને લેવું જોઈએ.

કહે છે, ભગવાન આત્મા એની વર્તમાનદશામાં, હાલતમાં, પર્યાયમાં, વર્તમાન પૂરતા અંશમાં

કોઈ ક્ષણે કેવળજ્ઞાનાદિ ગુણોની દશા પ્રગટ દેખાવ દે છે, વિલસે છે, કોઈ વખતે મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાન-વિભાવજ્ઞાન-વિભાવગુણો પૂર્ણ નથી અને જેમાં કર્મના નિમિત્તની અપેક્ષા રહે છે તેથી તે ચાર જ્ઞાન અને ત્રણ દર્શન આદિને વિભાવગુણો કહેવામાં આવે છે. શેઠ! **'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...'** અર્થપર્યાયને અહીંયાં લીધી છે. સ્વભાવિક પર્યાય અગુરુલઘુ આદિ એ તો ત્રિકાળ હોય છે. સમજાય છે? પણ એના ખ્યાલમાં કોઈવાર અગુરુલઘુ પર્યાય આવી જાય છે. અથવા સહજ પર્યાયોમાં કેવળજ્ઞાનાદિ પણ લેવામાં આવે છે. શુદ્ધ કારણપર્યાય આમાં નહિ. એ આ ૧૫મી ગાથામાં આના પછી આવશે. ત્રિકાળી દ્રવ્યમાં કારણ એક વર્તમાન ધ્રુવ કારણ પર્યાય જેમાં ઊપજવું અને વ્યય થવું જેમાં નથી. એ અહીં નથી લેવી.

અહીં તો સ્વભાવિક પર્યાયસહિત દેખાવ આપે છે અર્થપર્યાય. આત્મામાં અસંખ્ય પ્રદેશ વસ્તુ છે એનો આકાર થવો તેને અહીંયાં વ્યંજનપર્યાય કહે છે. એ સિવાય બધા ગુણોની દશાને અર્થપર્યાય કહેવામાં આવે છે. એ કહે છે કે અર્થપર્યાયસહિત દેખાય છે વસ્તુની પર્યાયમાં હોં! જુઓ, આ પર્યાયનું સ્વરૂપ આવું હોય છે એમ સિદ્ધ કરે છે. પર્યાય નથી જ અને આત્મા કૂટસ્થ છે, એકલો ધ્રુવ જ છે એમ નથી. એની દશામાં આ પ્રકારે ગુણ અને સ્વભાવિક અને વિભાવિક ગુણો, સ્વભાવિક અને વિભાવિક પર્યાયો—આ ચાર બોલ લીધા. ક્વચિત્ અશુદ્ધ પર્યાય એટલે આ વ્યંજનપર્યાય છે. વ્યંજન એટલે? ચાર ગતિનો આકાર અંદર આત્માના પ્રદેશમાં થાય. પ્રભુ! આ તો અજાણ્યું (લાગે). જેને અભ્યાસ ન હોય એને થોડો અભ્યાસ તો હોવો જોઈએ. પછી આ સમજાય એવી ચીજ છે.

ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશનું ધામ એના પ્રદેશત્વગુણને કારણે કાંઈપણ એનો વર્તમાનમાં આકાર હોય છે. એ આકારમાં સિદ્ધમાં જે આકાર છે એને અહીં ગણવો નથી. ભાઈ! સિદ્ધને વ્યંજનપર્યાય અશુદ્ધ પર્યાય ગણવામાં આવી નથી. નથીને ત્યાં? ઓલો આકાર છે પણ એને શુદ્ધ પર્યાય છે એટલે એને અશુદ્ધ પર્યાય ગણવામાં આવી નથી. એટલે એને અશુદ્ધ પર્યાય ગણી નથી એને તો. અહીં તો સંસારદશામાં એની વર્તમાન હાલતમાં અસંખ્ય પ્રદેશનું વિકૃતપણું આકાર, આકાર છે તો અરૂપી, એને રૂપી આકાર નથી, પણ અરૂપી પણ એના પહોળાઈમાં, અવગાહનમાં રહેલી ચીજ છે એનો આકાર તેને અહીંયાં વ્યંજનપર્યાય કહેવામાં આવે છે.

કહે છે, એવી **'અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે.'** હવે એ કાઢી નાખે છે. બીજી ચીજ તો એમાં નથી એટલે નીકળેલી છે, પણ આ એની દશામાં છે તે બધાથી સહિત હોવા છતાં, ભગવાન જીવતત્ત્વ જે નિશ્ચય જીવતત્ત્વ, જે પરમ સત્ય આત્મતત્ત્વ એની આ પર્યાય તત્ત્વ એ વ્યવહારઆત્મા કહેવામાં આવે છે. વ્યવહારઆત્મા છે. એ વ્યવહારઆત્મા સહિત દ્રવ્ય એ પર્યાયસહિત હોવા છતાં પણ એ બધાથી રહિત છે. આહા..હા..!

શ્રોતા :- ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યારે, ત્રણે કાળે. આહા..હા..! ઝીણું છે, ભગવાન! એ સમ્યગ્દર્શનનો વિષય તો એ ચાર પર્યાયરહિત ધ્રુવ છે. સમ્યગ્દર્શનનો આધાર તો ધ્રુવ છે. સમ્યગ્દર્શન પ્રથમમાં પ્રથમ ધર્મની દશા એ નિમિત્તને લક્ષે ન થાય. દયા, દાન રાગની મંદતા આદિના પરિણામથી પણ ન થાય. એને આ ચાર પ્રકારની વર્તમાન જે અવસ્થાઓ, હાલતો વર્તે છે એને લક્ષે પણ સમ્યગ્દર્શન ન થાય. અરે..!

નિયમસાર છેને. નિયમ એટલે મોક્ષનો માર્ગ. સાર એટલે વ્યવહાર અને વિકલ્પરહિત. એવો ભગવાન આત્મા મોક્ષનો માર્ગ જે પર્યાય, પણ કહે છે કે એ મોક્ષમાર્ગની પર્યાય નિશ્ચય, છતાં એ તત્ત્વ જે ધ્રુવ છે એ તો પર્યાયરહિત છે. શું કહ્યું? વસ્તુ જે છે ધ્રુવ તત્ત્વ છે જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે ત્રિકાળી નિશ્ચય સત્ય આત્મા છે, પર્યાય તે અસત્ય આત્મા છે. આ સત્યની અપેક્ષાએ અસત્ય છે. સમજાણું કાંઈ? એ પર્યાયની અપેક્ષાએ પર્યાય સત્ છે. આહા..હા..! પણ એ ભગવાન જીવ જે ધ્રુવ વસ્તુ... વસ્તુ... વસ્તુ... અંતર ગુણની ખાણ આખી ચીજ, જે ધ્રુવ તત્ત્વ કહીએ, કારણ આત્મા કહીએ. કાલે કારણ આવી ગયું હતું કારણ આત્મા. એ કાર્ય આત્મા, એ તો વ્યવહાર આત્મા થયો પાછો. આહા..હા..! એ સિદ્ધદશા પણ વ્યવહાર આત્મા છે, ભાઈ! આહા..હા..!

ભગવાન! તારી અંતરની મહત્તા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આવી પર્યાયો તારી દશામાં-અવસ્થામાં હોવા છતાં, સહિત હોવા છતાં. એમ કહ્યુંને? એમ હોવા છતાં પણ '**જે એ બધાથી રહિત છે...**' એમાં કેવળજ્ઞાનની પર્યાય નથી, સિદ્ધની પર્યાય નથી, મોક્ષમાર્ગની પર્યાય પણ જે નિર્વિકલ્પ આનંદની દશારૂપી મોક્ષનો માર્ગ, જે સ્વસંવેદન આનંદનું સ્વ પોતાથી પ્રત્યક્ષ વેદન આનંદનું, એવું સમ્યગ્જ્ઞાન ભાવશ્રુત અને આનંદનું વેદન એવી દશા વર્તમાન પર્યાયસહિત હોવા છતાં વસ્તુ તેથી રહિત છે. સમજાય છે કાંઈ?

આ ભાગવત્ શાસ્ત્ર છે. કાલે તો કહ્યું હતું. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ આત્મા જેની શક્તિના સત્ત્વમાં અનંતું અનંતું સત્ત્વ અને સ્વરૂપ પડ્યું છે. જે સદશ્ય છે, સદશ્ય છે. આ ચાર પર્યાયો જે કીધી એ વિસદશ્ય છે. વિસદશ્ય એટલે? ઊપજે અને વિણસે, ઊપજે અને વિણસે એ વિસદશ્ય દશા એની અવસ્થામાં હોવા છતાં એ જીવતત્ત્વ બધાથી રહિત છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

'**એ બધાથી રહિત છે...**' આહા..હા..! એ કેવળજ્ઞાન પર્યાય નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન એ પર્યાય છે, અવસ્થા. એ દ્રવ્યના ધ્યેયે પ્રગટે છે, પણ પ્રગટે છે તો દેખાવ આપે છે એમ કીધુંને? દેખાવ આપે છે. આવે છે, જાય છે, ઉત્પન્ન થાય છે, વ્યય થઈ જાય છે. એવી દશાઓ હોવા છતાં, તેનાથી સહિત હોવા છતાં રહિત છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ! પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં સહિત છે, પણ વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકભાવ

પરમસ્વભાવ અવિનાશી અંશ જે ધ્રુવ સદશ્ય સ્વભાવ, અભેદ સ્વભાવ એકલો સામાન્ય ભાવ એવા ભાવમાં આ પર્યાયોરહિત એ ભાવ છે. આહા..હા..! ભારે વ્યાખ્યા! હજી 'પૈસારહિત છું' એમ આત્માને માનવું કઠણ પડે, 'શરીરરહિત છું' એ કઠણ પડે. 'શરીરરહિત છું' એ કઠણ પડે. આહા..હા..! ભગવાન! શેઠ! આહા..હા..!

**શ્રોતા** :- આઠ કર્મ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આઠ કર્મ તો ક્યાંય રહી ગયા હવે. આઠ કર્મથી રહિત છે એ તો પહેલું કહ્યું. એ તો પર છે. એ તો એની વર્તમાન દશામાં પણ નથી. કર્મ કર્મમાં છે, કર્મ જગત આત્માની વર્તમાન દશાના અંશમાં પણ નથી. એ તો પહેલું કહ્યું હતું સમુચ્ચય વાતમાં. પહેલું જુદું નામ નહોતું પાડ્યું. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તારું મહાતત્ત્વ જે ધ્રુવ તત્ત્વ એવું છે કે જેમાં કર્મ, શરીર, વાણી, દેશ, કુટુંબ એમાં તો એક સમયની દશામાં પણ નથી. કારણ કે એનું હોવાપણાનું સત્ત્વ ભિન્ન સત્ છે. પણ તારા હોવાપણાના ત્રણ સત્ **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'**. એમાં ઉત્પાદ-વ્યય એટલે અવસ્થાનું દેખાવું થાય પ્રગટ, વળી વિલય થઈ જાય એવી અવસ્થામાં સિદ્ધદશા કે કેવળજ્ઞાનદશા (હો)... આહા..હા..! એ પણ ઉત્પન્ન અને વ્યય (થાય છે). ઉત્પન્ન થાય એક સમયમાં, બીજે સમયે તેનો અભાવ થઈ જાય. એવી ચીજ અવસ્થાસહિત જીવતત્ત્વ પર્યાયદૃષ્ટિએ, વર્તમાનદૃષ્ટિએ, વ્યવહારદૃષ્ટિએ એ સહિત હોવા છતાં ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે ધ્રુવ એવી પર્યાયો રહિત છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

પર્યાયદૃષ્ટિએ સહિત, વસ્તુદૃષ્ટિએ રહિત એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? બીજા તત્ત્વો છે તે એને ઘરે રહ્યા. આના ઘરમાં અંશમાં એ નથી એની વાત શું કરવી કહે છે. તારા ઘરના બે અંશો—એક પર્યાય અંશ અને એક ધ્રુવ અંશ. બેય અંશ છે હોં! કેમકે નયનો વિષય છે. નય છે તે અંશને જ જાણે. નય આખાને ન જાણે. આખાને જાણે તો પ્રમાણ થઈ જાય. આખું એટલે? આખું દ્રવ્ય તત્ત્વ અને પર્યાય તત્ત્વ, બેને જાણે તો પ્રમાણજ્ઞાન થાય, આખું જ્ઞાન થાય, પણ એક પ્રમાણજ્ઞાનનો એક ભાગ, એક નય, એ નિશ્ચયનયનો વિષય ત્રિકાળ ધ્રુવ એક અંશ છે. આહા..હા..! પણ એ અંશમાં પર્યાયનો અંશ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અગમ-નિગમની વાતું છે. એણે કોઈ દિ' આ તરફના પ્રયાણ, પ્રયત્ન કર્યો નથી. ચાર ગતિમાં રખડવાના ભાવો કરીને રખડી રહ્યો છે. આ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને અપવાસના પરિણામ કરે એ પણ સંસાર ઘોર સંસારનું મૂળ છે.

એમાં આવે છે એમાં ક્યાંક લખ્યું છે. ક્યાક લખ્યું છે ખરું. આપણે આવી ગયું છે નહિ? આવી ગયું છે. બધું કાંઈ યાદ રહે છે? ક્યાંક હશે ખરું. બીજામાં છે. ઘોર સંસારનું મૂળ છે, લ્યો. પાનું-૩૦. લખાણ છે લખાણ. પાનું-૩૦ છેને? ૧૮ કળશ. જુઓ, '**એ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ**

**સમસ્ત સુકૃત કે દુષ્કૃતને,...**' આહા..હા..! આકરું તો પડે, ભાઈ! સુકૃત અને દુષ્કૃત એટલે શુભ અને અશુભ, એટલે શુભભાવ અને અશુભ, પુણ્ય અને પાપ બેય વિકલ્પ રાગ છે. એથી અહીં ઘોર સંસારનું મૂળ કહેવામાં આવ્યું છે. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પો રાગ છે અને રાગ પોતે સંસાર છે અને એમાંથી સંસારદશા ઉત્પન્ન થાય છે આહા..હા..! એમાં ધર્મદશા ઉત્પન્ન થાય એ એનામાં શક્તિ નથી. આહા..હા..! શું થાય? જગત ભૂલ્યું છેને. ભીંત ભૂલ છે. બારણેથી નીકળવું જોઈએ એને ઠેકાણે ભીંત સાથે માથુ પછાડીને નીકળવા માગે છે. એમ ક્યાંથી નીકળે! જે નીકળવાનો રસ્તો છે એની તો એને ખબર નથી. આહા..હા..! ભગવાન! આવા મનુષ્યદેહમાં અનંત કાળે મળેલા મોંઘા મનુષ્યદેહ છે, બાપુ! એ નિગોદ ને બટાટા ને શક્કરકંદમાં હતો અને બહાર આવ્યો છો, બાપા! ઘણા પુણ્યને કારણે આવ્યો છો. આહા..હા..! અને એમાં જો આ આત્મા ભવના ભાવ વિનાનું તત્ત્વ... ભવના ભાવ વિનાનું તો ખરું, પણ મોક્ષના માર્ગની પર્યાય વિનાનું તત્ત્વ. આહા..હા..!

ભગવાન આત્મા આ અશુદ્ધગુણ આમાં આવ્યાને? એ અશુદ્ધગુણ એ સંસાર છે, વિકાર છે. એનાથી રહિત છે ભગવાન ધ્રુવ. પણ મોક્ષના માર્ગની પર્યાય સત્ય મોક્ષમાર્ગ વ્યવહાર જેને રત્નત્રય કહીએ એ તો વિકલ્પ ને રાગ એ તો અશુદ્ધમાં જાય છે, પણ ભગવાન આત્મા શુદ્ધ પ્રભુ એને લક્ષે-ધ્યેયે જે નિર્મળ અરાગી નિર્દોષ આનંદની દશા દેખાય તે પણ પર્યાયસહિતમાં દેખાય છે. વસ્તુની દૃષ્ટિ જુઓ તો તેમાં એ છે નહિ. આહા..હા..! ભારે કામ, ભાઈ! આહા..હા..! હજી તો સાધારણ માણસને તું શરીર વિનાનો છો. ના, શરીર વિનાનો હોય? નહિ. શરીર વિના આત્મા રહી શકે? પણ રહ્યો છોને, રહી શકે શું? શરીર વિના જ રહી શક્યો છે ત્રણે કાળ. કેમકે શરીરનો એમાં અભાવ અને આત્માના ગુણોનો સદ્ભાવ (છે). એ રીતે આત્મા ટકી રહ્યો છે. પરના ભાવથી ટકી રહ્યો છે? આ એક આંગળી એક આંગળીથી ટકી રહી છે અને આ આંગળીથી તો નહિ, એમ ભગવાન આત્મા આનંદઘન પ્રભુ અને અવસ્થા ભલે અશુદ્ધ હો, પણ એ ટકી રહ્યું છે (એ) પરના અભાવથી ટકી રહ્યું છે, પર છે માટે ટકી રહ્યું છે એમ તત્ત્વ નથી. સમજાણું કાંઈ? એની વર્તમાન દશા પણ જે ટકી રહી છે એ પરના અભાવે ટકી રહી છે. આહા..હા..! ન્યાય સમજાય છે? ભાષા તો સાદી બહુ છે, પણ હવે ભાવ તો જે હોય એ આવેને. અરે! ક્યાં દુનિયા ક્યાં પડી અને ક્યાં રખડે? ક્યાં નજરું છે અને કઈ નજરનું નિધાન છે એની એને ખબર નથી. આહા..હા..!

કહે છે કે આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સર્વજ્ઞે કહ્યું જોઈને, જાણીને, અનુભવીને પણ વસ્તુસ્થિતિ આવી છે એમ કહી. અને આ રીતે ન હોય તો બીજી રીતે તત્ત્વનું સ્વરૂપ હોઈ શકે નહિ. તો કહે છે, ભગવાન આત્મા પર કર્મ, શરીર, વાણીથી તો રહિત પ્રભુ ત્રણે કાળે રહિત છે. અહીંયાં તો પર્યાયસહિત છે એવા વ્યવહારની વાત સિદ્ધ કરે છે. કર્મસહિત છે અનાદિથી એ વાત જ અહીં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જે ચીજમાં બીજી

ચીજનો અભાવ (હોય) એ સહિત છે એ વાત હોઈ શકે નહિ. હવે રહ્યા એના બે અંશો. ત્રિકાળી ધ્રુવ અને વર્તમાન અંશ સત્તા પર્યાય. કારણ કે **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** છેને? ત્રણ થઈને સત્ છેને? પ્રમાણનું સત્ એ. હવે એમાં ઉત્પાદ-વ્યયની જે પર્યાયો પ્રગટ થાય, ગુણની નિર્મળદશાઓ એ પર્યાય અવસ્થાસહિત તત્ત્વ વ્યવહારે છે. એટલે એક અંશ જે છે એવો વ્યવહારથી છે. આહા..હા..! નિશ્ચયથી એના સ્વભાવની ધ્રુવતા જોતાં એ ધ્રુવ ભગવાન જીવતત્ત્વમાં તે પર્યાયો રહિત તત્ત્વ છે. આહા..હા..! હજી તો કર્મરહિત માનવું કઠણ. શરીર વિનાનો રહે જીવ? વળી એક જણ એમ પૂછતું હતું. બહાર વાતું આવતા ઘણા (પૂછે), શરીર વિનાનો રહે? શરીર વિના કામ કરે? શરીરસહિત જ કામ કરે. ભાઈ! આવ્યું હતુંને, એક લખાણમાં આવ્યું હતું કે આત્મા શરીરસહિત જ કામ કરી શકે, એકલો કામ કરી શકે નહિ. એને શરીરના રજકણોની જરૂર પડે જ્યાં સુધી સંસારી છે ત્યાં સુધી. અરર! ગજબ કરે છેને. સમજાણું કાંઈ? અહીં કહે છે, ભગવાન! શરીરહતિ થઈને જ તારી દશા રહેલી છે. તારી દશામાં કામ થાય એ શરીર અને કર્મના અભાવથી કામ ચાલે છે દશામાં. આહા..હા..!

**શ્રોતા** :- ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અત્યારે. એથી તો બે સત્ સિદ્ધ કરવા છે અહીં. અમૃતલાલભાઈ! આ બધું ઝીણું તત્ત્વ છે. બધું સમજવું પડશે હોં! ... સાંભળતા પ્રેમ તો લાગે છે. આ જ સમજવા જેવું છે. આહા..હા..!

અરે! ભગવાન! તારા ઉદ્ધારના રસ્તા શું છે પ્રભુ, તને ખબર નથી. રખડવાના રસ્તાને એણે કર્યા અને જાણ્યા. પણ એની પણ એને ખબર નથી (કે) રખડવાનો રસ્તો મારી પર્યાયમાં મારાથી મારે લઈને થાય છે. ભાઈ! અહીં એ સિદ્ધ કરવું છેને. પરને લઈને નહિ, કર્મને લઈને નહિ. એ અશુદ્ધભાવ કર્મને લઈને નહિ. એના પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ કરવું છેને? આહા..હા..! એ બધા ભગવાન છે અંદર આત્મા. દેહના ચામડાને ન જો. એ દેહ એનો એનામાં નથી. એનામાં રાગાદિ દેખાય એને ન જો. એના તત્ત્વમાં રાગ નથી. જેમ પોતાના આત્માના ધ્રુવમાં અવસ્થા નથી એમ બીજાને પણ એમ જો કે એના ધ્રુવમાં એ અવસ્થા એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**આ બધાથી સહિત હોવા છતાં...**' વાહ! શું કહે છે? કે કર્મ, શરીર આદિ પરપદાર્થોથી તો એની વર્તમાન દશાએ રહિત છે. પંડિતજી! સંસ્કૃતના પ્રોફેસર છે સંસ્કૃતના. બહુ નરમ માણસ છે. આવી વાત મેં સાંભળી નથી ક્યાંય. સંસ્કૃત ભણ્યા મોટા, પ્રોફેસર સંસ્કૃતના હોં! આહા..હા..! ભગવાન! તારો પ્રોફેસર થયો તું? ભગવાન આત્મા આહા..હા..! શું કરી વાત? તારી દશામાં મોક્ષનો માર્ગ થાય એ પણ તારી પર્યાયથી, પર્યાયથી છે, પરથી નહિ એમ સિદ્ધ કર્યું છેને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળદશા થાય એ તારાથી તે થઈ છે. કર્મનો અભાવ થયો અને થઈ છે એમ નહિ. કર્મનો અભાવ તો ત્રિકાળમાં છે. આહા..હા..!

અરે! જેવું તત્ત્વ છે એવી જ્યાં હજી ખબરું નથી એ નજર ક્યાં નાખે? અને એકાગ્રતા ક્યાં થાય? કહે છે, એ અવસ્થાસહિત હોવા છતાં એ અવસ્થાસહિત કીધું હોં! કર્મ અને શરીરસહિતની તો વાત જ નહિ. આહા..હા..! આઠ કર્મરહિત હોં! આપણે સંસારી! ભગવાન! તારી પર્યાયમાં વિકારસહિત પર્યાય છે ભલે અને નિર્વિકારી પર્યાય છે પર્યાય અવસ્થામાં. એ અવસ્થા વ્યવહારનયે તું સહિત છો, પણ પરથી સહિત છો એ તો વ્યવહારનયે પણ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રકાશદાસજી! આવી વાત છે. આહા..હા..! કબીરના સાધુ છેને .. કર્યા છે. રખડતા-રખડતા સ્થાનકવાસીની દીક્ષા લેવાની તૈયારી હતી એમાં આત્મધર્મ મળી ગયું લાઈબ્રેરીમાં ક્યાંક. અરે! આ શું? ચાલ જોઈએ. વળી આવ્યા અને અટકી ગયા. આહા..હા..! ભાઈ! ભગવાન! તારી ચીજ જ આવી છે. છે એની વ્યાખ્યા ચાલે છે. કહે છે ભારે વાત પણ. આહા..હા..! ગજબ કામ કર્યું છેને એક-એક કળશે. લાલભાઈએ પણ એવા કળશો કાઢીને મૂક્યા છેને.

કહે છે, પ્રભુ! તારું ધ્રુવ પ્રભુત્વ જે છે ધ્રુવ એ તો નિશ્ચય સત્ય પરમાત્મા સત્ય આત્મા એ સત્ય આત્મા. પર્યાયનો આત્મા એ અસત્ય. સત્યની અપેક્ષાએ અસત્ય, પણ એને અસ્તિ તરીકે કહીએ તો વ્યવહાર આત્મા, પણ વ્યવહાર આત્મામાં કર્મ અને શરીરનો અભાવ (છે). કર્મને લઈને સંસાર રાગ છે કે કર્મના અભાવ થઈને અહીં દર્શન થાય છે એવું પર્યાયનું સ્વરૂપ પણ નથી. પોપટભાઈ! આહા..હા..! અરે! એના ઘરની વાતું સાંભળવા મળે નહિ, એ ઊડે ક્યાંથી?

આ તો પોપટનો દાખલો આવ્યો. ભૂંગળી છેને ભૂંગળી. આ દોરી હોયને દોરી? પીત્તળની ભૂંગળી. દાખલો આપ્યો છેને ભાઈએ એનો. પીત્તળની ભૂંગળી હોયને આમ. પોપટ આવે આમ, આમ (ઊંધો) થઈ જાય. કારણ કે ભૂંગળી ઉપર બેઠો અને ભૂંગળી આમ થઈ ગઈ. 'અરે! હું પકડાણો. મારામાં ઊડવાની શક્તિ પકડાઈ ગઈ.' અરે! ભગવાન! ક્યાં પકડાણો સાંભળ તો ખરો. તે આમ માન્યું છે. આમ હતો અને આમ થઈ ગયો. છોડી દે એમ ને એમ ઊડી જઈશ અદ્ધરથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એમ કર્મને એણે પકડ્યું નથી અહીંયાં. એણે પર્યાયબુદ્ધિમાં રાગાદિને પકડ્યો છે અંશબુદ્ધિને એથી તને અવળાપણું દેખાય છે. આહા..હા..! પર્યાયબુદ્ધિ છોડાવાની વાત છેને. કારણ કે એ પકડી છે એણે. કર્મને પકડ્યા નથી, શરીરને પકડ્યો નથી. કારણ કે એમાં અભાવ છે. આહા..હા..! જેની અવસ્થામાં છે એને એણે પકડ્યું છે કે આ હું. અંશ જેટલો હું, અંશ તે હું, અંશમાં હું, અંશ તે આખી ચીજ એમ માનીને અંશને પકડ્યો છે એણે એટલે ઊડી શકતો નથી-માર્ગ કરી શકતો નથી. તેથી કહે છે...

**શ્રોતા :-** આખો અર્પાઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં જ આખી વસ્તુ જ એ માનીને. જેટલું જોયું તેટલો હું

તો પર્યાય જોઈ તેટલો હું. ઓલી આખી ચીજ અંદર ધ્રુવ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, નિત્યાનંદનો નાથ અખંડાનંદ પ્રભુ એ અખંડ આનંદ ધ્રુવ, એક-એક આત્માનું ધ્રુવ હોં! આહા..હા..! કહે છે, એ બધાથી સહિત હોવા છતાં પણ. આહા..હા..! ભાઈ! કહેને કે આ સહિત ... પર્યાયે સહિત, દ્રવ્યે અસહિત નહિ. ગજબ! આ અનેકાંત છે, લ્યો! આનું નામ અનેકાંત પ્રભુ. આહા..હા..! ધ્રુવમાં નિત્યાનંદ ભગવાનમાં ભગવાનપણું, ધ્રુવપણું છે અને આ પર્યાયપણું નથી. બસ, એનું નામ અનેકાંત. અનેક અંત એટલે બે ધર્મ. એક અસ્તિ ધર્મ, પરનો નાસ્તિ ધર્મ એવા બે ધર્મવાળું અનેકાંત તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આ વાત સાંભળવામાં વિકલ્પ ઉઠે એને પણ જુદી જાતના પુણ્ય હોય. આ તો પરમસત્યને સરાણે ચડાવી છે. એય..! હીરાને સરાણે ચડતા એની રજુ... આહા..હા..! જુદી જાતની હોય. આહા..હા..!

આ બધાથી સહિત હોવા છતાં પણ.. એમ. '**છતાં પણ જે એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને...**' આ પર્યાયો, અવસ્થાઓ, વર્તમાનમાં હોવા છતાં ત્રિકાળી જ્ઞાયક જીવતત્ત્વ જે નિશ્ચય જીવતત્ત્વ. ઓલામાં પણ જીવતત્ત્વ ક્વચિત્ સદ્‌ગુણ એમ દેખાય એમ હતું ભાષા તો. અહીંયાં એ કહ્યું '**એવા આ જીવતત્ત્વને...**' ભગવાન આત્મામાં એ પર્યાયો નથી, અવસ્થા નથી. આહા..હા..! '**એવા આ જીવતત્ત્વને હું...**' પાછો 'હું' જુદો પણ બતાવે છે. બધા થઈને ભેગા થઈને આમ કામ કરીએ છીએ એમ નથી. '**હું સકળ અર્થની સિદ્ધિને માટે...**' અહો! મારું પ્રયોજન મુક્તિનું છે. મારું પ્રયોજન નિર્મળદશા પ્રગટ થવાનું છે.

૧૧મી ગાથામાં કહ્યુંને. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' પર્યાય તો છે, પણ પ્રયોજન સિદ્ધ થવા માટે ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકભાવ એનો આશ્રય કરવો એ પ્રયોજન સિદ્ધિનું કારણ છે. પર્યાય હોવા છતાં વ્યવહાર અભૂતાર્થ કહ્યો. પર્યાય નથી એમ કીધી. અભૂતાર્થ એટલે જૂઠી છે. કઈ અપેક્ષાએ? ઓલા ત્રિકાળ ધ્રુવની અપેક્ષાએ. એની અપેક્ષાએ છે. જેમ આ આત્મા એક દ્રવ્ય વસ્તુ છે એ સ્વથી છે અને પરથી નથી. વસ્તુ ભગવાન આત્મા પોતાથી છે એની અપેક્ષાએ પરવસ્તુ નથી, આખી દુનિયા નથી. આહા..હા..! હું જ છું એક. શું કીધું એ? હું એક છું. મારી અપેક્ષાએ હું છું, પર અપેક્ષાએ હું નથી. ઈ એની અપેક્ષાએ બીજા તત્ત્વો છે, મારી અપેક્ષાએ નથી. આહા..હા..! એક સત્ મારું સત્‌ની અપેક્ષાએ બીજા બધા અસત્ છે, આની અપેક્ષાએ. એમ મારા ધ્રુવ સત્‌ની અપેક્ષાએ પર્યાય તે અસત્ છે. એ વ્યવહાર છે, અસત્યાર્થ છે, જૂઠો છે. આહા..હા..! પર્યાય હેય કરવી કઠણ પડે. હજી તો અહીંયાં દયા, દાનના વિકલ્પો પુણ્ય ઉઠે એ ધર્મ અને એનાથી ધર્મ થાય. ક્યાંય ચોંટ્યો, વળગ્યો. આહા..હા..! મિથ્યાત્વના પોષણને કરે અને માને કે અમે કાંઈક આગળ વધ્યા. આહા..હા..! શું થાય? એની અવળાઈ એટલી મોટી અને એની

સવળાઈ એટલી મોટી.

કહે છે, મુનિ પોતે કહે છે, અહો..! આ પર્યાયમાં આવો દેખાવ. દેખાવ ક્વચિત્ છેને એટલે અવસ્થા ક્વચિત્ થાય છે. એવું અવસ્થામાં હોવા છતાં મારો ભગવાન પૂર્ણ પરમાત્મા, પૂર્ણ શુદ્ધ ધ્રુવ નિત્યાનંદનું ચોસલું એમાં એ પર્યાયનો અભાવ છે. એવા જીવ તત્ત્વને, જેમાં એ પર્યાયનો અભાવ છે. ભારે વાત, ભાઈ! ભગવાન! તારા ઘરની વાતું છે, પ્રભુ! તને આકરી પડે કે ન પડે પણ તારે આ સમજ્યે છૂટકો છે. એ વિના જન્મ-મરણના આરા નહિ આવે, પ્રભુ! બીજા ગમે એ રીતે બતાવતા હોય સહેલું, એ સહેલાના થઈ જશે મોંઘા. અવતાર ચાલ્યા જશે. કહે છે,... અહીં તો ભાઈ! પ્રયોજનની સિદ્ધિ માટે આવે છેને અગિયારમામાં. ભૂતાર્થનો આશ્રય કેમ કરવો? કે પ્રયોજનની સિદ્ધિ ત્યાં થાય છે. પર્યાયના આશ્રયે પ્રયોજનની સિદ્ધિ ન થાય. પરને આશ્રયે તો નથી કેમકે પર તો એમાં નથી, પણ એની દશામાં, દશાનું દશામાં દશાનું હોવાપણું હોવા છતાં એને આશ્રયે પ્રયોજનની સિદ્ધિ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રયોજન છે એની સિદ્ધિ પર્યાયને આશ્રયે થતી નથી. આહા..હા..!

એથી '**એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...**' સકળ પ્રયોજનની સિદ્ધિ. મારી શાંતિ મને પૂર્ણ પ્રગટો. મારી શાંતિનો સાગર ભગવાન જે શક્તિરૂપે છે એ વર્તમાન પર્યાયરૂપે પૂર્ણ અર્થ નામ પ્રયોજનની સિદ્ધિ માટે હું '**સદા નમું છું,...**' આહા..હા..! મારું ધ્રુવ ઉપર સદાય વલણ છે એમ કહે છે. ધર્મી જીવનું વલણ ધ્રુવ ઉપર નિરંતર હોય છે. વાણી હો, વિકલ્પ હો, હો એને ઘરે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું તત્ત્વ છે. મણિભાઈ આવ્યા છે. એય..! ન્યાલભાઈ! આવી વાત છે. એ સમજ્યા વિના ચોપડા લખે એમાં ઊંધુ આવે. એય..! મણિભાઈ! મારગડા પ્રભુ તારા જુદાં છે. આહા..હા..! એ માર્ગને જાણ્યા વિના કાંઈ પણ ઊંધાઈ આવ્યા વિના રહે નહિ. આહા..હા..!

કહે છે, ભારે વાત ભાઈ! હું '**આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...**' ઓહો..! મારી પૂર્ણ આનંદની પર્યાય, મારું પૂર્ણ કેવળજ્ઞાન એવું પ્રયોજન મારે સિદ્ધ કરવું છે એવી સિદ્ધિને માટે સદા, ધ્રુવમાં સદા મારું નમન, વલણ છે. નિરંતર સમકિતીની ધ્રુવ ઉપર દૃષ્ટિ હોય છે. એનો આશ્રય કદી એક સમય પણ છૂટતો નથી અને એક સમય પણ જો ધ્રુવનો આશ્રય છૂટે (તો) પર્યાયનો આશ્રય થતા મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પડતો નથી, મિથ્યાદૃષ્ટિ પડે છે. આપણે પહેલે દિ' મંગળિક કર્યું હતુંને. ઉપયોગનું હરણ થતું નથી. પહેલા મંગલાચરણમાં કર્યું હતું પરમ દિ'. ૯મો બોલ છે. અલિંગગ્રહણના ૨૦ બોલમાં ૯મો બોલ છે. ભગવાન આત્મા એનો જે જાણવાનો ઉપયોગ, તેનું હરણ નામ કોઈ દિ' અભાવ અને નાશ થતો નથી. એટલે? કે જે જાણવાના ઉપયોગે લક્ષને પકડ્યું છે, તો લક્ષ જેમાં ત્રિકાળ છે એમ આ ઉપયોગ પણ તેને આશ્રયે એમને એમ નભી રહ્યો

છે. ઉપયોગ કોઈ દિ' પડે જ નહિ ધર્મીનો. આહા..હા..!

**શ્રોતા :-** પડે એ ધર્મી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પડે એ ઉપયોગ નથી, એ તો અણુપયોગ થઈને પડ્યો છે. આહા..હા..! એવી વાતું છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? કહળ્યા કળશા. એમ એક ફેરી આવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર ભુલેશ્વરમાં ગયા હતા. ભુલેશ્વર મંદિર છેને અત્યારે, ત્યાં દર્શન કરવા ગયા હતા તેરાપંથીનું. ભાઈ સાથે હતા લાલન. લાલન. એ લાલન કહે દર્શન કરી પછી ભગવાનના તળિયા સ્પર્શ્યા. એવી ભાષા બોલ્યા તળિયા? સ્પર્શ્યા. આ તળીયું સ્પર્શ્યું અંદરમાં. લાલન કહેતા હોં કે હું અને એ બે દર્શન કરવા ગયા. અત્યારે છે મંદિર. ક્યા ભગવાન? ચંદ્રપ્રભુ ભગવાન. એ ચંદ્રપ્રભુ ભગવાનનું લખ્યું છે, પત્ર છે એમાં. ચંદ્રપ્રભુ ભગવાનને નમો નમ. ચંદ્રપ્રભુ ભગવાનને. આવા ભગવાન હતા. પૂર્ણાનંદના નાથ એ તો નિક્ષેપ, છતાં ત્યાં આગળ આમ તળિયા સ્પર્ષ્યા હતા એમ કહેતા હતા. એમ આ ભગવાન આત્મા. આહા..હા..! એવો શુભવિકલ્પ હોય ત્યારે એ હોય છે, પણ અંતર દૃષ્ટિમાં ધર્મીની દૃષ્ટિ સદા ધ્રુવ તરફ વળેલી જ પરિણમનમાં હોય છે. આહા..હા..! શું કહે છે આ? બે શબ્દ છે. '**नमामि**' અને '**परिभावयामि**'. સંસ્કૃતમાં બે શબ્દ પડ્યા છે. હું, ધર્મી પોતે મુનિ છે એ પોતાની વાત જાહેર કરે છે અને જ રીતે ધર્મીને હોય એમ પ્રસિદ્ધ કરે છે. '**હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું,...**' ધ્રુવનું ધ્યેય મારું એક સમય પણ ખસતું નથી. આહા..હા..!

**શ્રોતા :-** કળશ લખે ત્યારે પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખે ત્યારે અને રાગ થાય ત્યારે. એ પોતે થાય ત્યાં ક્યાં છે? છે ... ત્યાં એની નજર પડી છે. સમજાણું કાંઈ? આ નટ નથી આવતું? નટ નાચે પણ એની નજરું દોરડામાંય. બધા ચારે કોર બધા વખાણ કરતા હોય અને પૈસા નાખતા હોય એની નજર ત્યાં ન જાય. નાચતો હોય ત્યાં નજર ડોલે ક્યાંક કો'ક ખસી ન જાય. એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીની દૃષ્ટિ, ચાહે તો વિષય-વાસનાનો વિકલ્પ હો, લડાઈની ક્રિયાનો વિકલ્પ હો, વાણીના વિલાસ હો, દેહની ક્રિયા હો એ તો એમાં અભાવ છે, પણ વિકલ્પ આદિ હો, છતાં દૃષ્ટિમાં ધ્રુવપણું તરવરે છે એ કોઈ દિ' જ્ઞાનીને ખસતું નથી. સમજાણું કાંઈ? એ સદા નમું અને સદા ભાવું (છું) એમ બે શબ્દ છેને? બેયનું એ છે. આહા..હા..! સદા છેલ્લો શબ્દ છે કળશનો. '**सदा नमामि परिभावयामि**' '**परिभावयामि**' '**परि**' સમસ્ત પ્રકારે મારી એકાગ્રતા દ્રવ્ય ઉપર છે, ધ્રુવ ઉપર મારી એકાગ્રતા છે. મારી એકાગ્રતા પર્યાયમાં નહિ, રાગમાં નહિ, નિમિત્તમાં નહિ. આહા..હા..! જુઓ, આ ધર્મીના ધર્મ આચરણ બેસવા કઠણ પડે હજી તો એને. એ ૨૬મો કળશ થયો લ્યો. ૨૭. ૨૭ કળશ, ૩૯ પાનું.

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**
**सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः।**

सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा
स भवति परमश्रीकामिनीकामरूपः।।२७।।

ઉપર કળશ છે ૨૭મો. એનો નીચે અર્થ કર્યો છે. એ કળશ છે સંસ્કૃત. '**બહુ વિભાવ હોવા છતાં પણ,...**' ઓલામાં પર્યાય હોવા છતાં પણ હતું. આ દશામાં હો પુણ્ય-પાપના વિકલ્પો રાગાદિ હો, વિભાવ હો. .. છેને? કહે છે કે મારી દશામાં વિભાવ નામ પુણ્ય અને પાપ આદિ વિકલ્પો હોવા છતાં પણ '**સહજ પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...**' જેની તીક્ષ્ણ જ્ઞાનબુદ્ધિ સહજ પરમતત્ત્વ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ, એના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે. લ્યો આ બુદ્ધિ. '**બહુ વિભાવ હોવા છતાં પણ,...**' છે. અસ્તિ સિદ્ધ કરી. સંસાર વિકલ્પ નથી અને વીતરાગ સર્વજ્ઞ થઈ ગયો છે સાધક એમ નથી. હો, છતાં પણ '**સહજ પરમતત્ત્વ...**' સ્વભાવિક પરમસ્વભાવભાવ વસ્તુ. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ પરમાનંદનું એકરૂપ ભાવ એવા એના અભ્યાસમાં. દેખો! એ દ્રવ્યનો અભ્યાસ છે જ્ઞાનીને એમ કહે છે, શાસ્ત્રનો અભ્યાસ નહિ. લે! વિકલ્પનો અભ્યાસ નહિ, પર્યાયનો અભ્યાસ નહિ. આહા..હા..!

'**જેની બુદ્ધિ...**' અરે! આઠ વર્ષની બાલિકા દેહવાળી હો, અંતરમાં આત્મજ્ઞાન થાય એટલે એનો અભ્યાસ દ્રવ્ય ઉપર પડ્યો હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેનો ધ્રુવનો જ અભ્યાસ છે એમ કહે છે. નિત્યાનંદનો નાથ પ્રભુ પોતે ધ્રુવસ્વભાવ જ્ઞાયકભાવ અવિનાશી ભાવ અનુત્પન્ન અને નાશ ન થાય એવી ચીજ ધ્રુવ આત્મા એનો જેને નિરંતર અભ્યાસ છે. આહા..હા..! લ્યો, શાસ્ત્રનો અભ્યાસ કાઢી નાખ્યો. આહા..હા..! શાસ્ત્ર-અભ્યાસ એ તો પરલક્ષી જ્ઞાન છે, એ કાંઈ આત્મજ્ઞાન નથી. શાસ્ત્રના ભણતરથી ભણે જ્ઞાન એ જ્ઞાન નથી, એ તો પરલક્ષી છે. આહા..હા..! સમજાણું કાંઈ? બંધનનું કારણ છે. ઝીણું પડે ઝીણું થોડું પણ હવે આવી જાય તો આવી જાય એમાં કાંઈ...

'**સહજ પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધદષ્ટિવાળો પુરુષ,...**' એવો આ શુદ્ધદષ્ટિવાળો પુરુષ. એનો વિસ્તાર થોડો આવશે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૮, રવિવાર, તા. ૦૨-૦૫-૧૯૭૧, શ્લોક-૨૭, ૩૪, પ્રવચન નં.૭૩૯

આ દેહ તો માટીનો પિંડ રજકણ છે. એનાથી ... જેમાં જ્ઞાન અને આનંદ છે એવો જે આત્મસ્વભાવ એ તદ્દન શરીરથી, કર્મથી અને પુણ્ય-પાપના વિકલ્પો વિભાવભાવ એનાથી પણ એ ચીજ ભિન્ન છે. એ અહીં કહે છે, જુઓ! .. એટલે કે આત્માની વર્તમાન દશામાં .. પુણ્ય-પાપના વિકારી ભાવો ... એનો અતીન્દ્રિય સ્વભાવ ... તેમ નથી સ્વનો અનુભવ અનાદિથી. એને વેદન અને અનુભવ હોય તો વિભાવ નામ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ સંકલ્પ, વિકલ્પની દશાનો અનુભવ—વેદન અને ભોગવટો અજ્ઞાનનો છે એને. બરાબર હશે આ? ...! આ બધા આવડા મોટા અમલદાર ને અધિકારીઓ એ લોકો મજા માણે છે એમ કહે છેને? વિકારને ભોગવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય ... અને નીચે બેઠા રાંકા દુઃખને ભોગવે, દુઃખને બધા ભોગવે છે. કરો નક્કી નહિતર. કેમકે એના આત્માના આનંદનો સ્વભાવ જે વસ્તુ છે એ વિકૃત અને વિપરીત ન હોઈ શકે. ન્યાય, લોજિકથી સમજવું પડશેને એને. જે કોઈ પદાર્થ હોય, વસ્તુ હોય એ સ્વતઃ વિકૃત અને વિપરીત અને અપૂર્ણ હોઈ શકે નહિ. વસ્તુ જે છે એ અવિકૃત આનંદની મૂર્તિ આત્મા છે, પરિપૂર્ણ છે, એમાં વિપરીતતા બિલકુલ નથી એવો ભગવાન આત્મા એનું સચ્ચિદાનંદ સ્વરૂપ અનાદિ-અનંત છે. એવા આત્માનો જો એને અનુભવ હોય તો તો એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતા ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ જેની પાસે સડેલા ઉકરડાના તરણા હોય સડેલા એવા લાગે. અજ્ઞાનીને બહારની ચીજની અનુકૂળતામાં રાગ થાય છે અને પ્રતિકૂળતાનું લક્ષ કરીને, વસ્તુ અનુકૂળ-પ્રતિકૂળ નથી પણ અનુકૂળ કલ્પીને એમાં રાગ કરે છે, પ્રતિકૂળ કલ્પીને અણગમો એવો દ્વેષ ઉત્પન્ન કરે છે. એને અનાદિથી એ રાગ અને દ્વેષ વિભાવભાવ એનો એને અનુભવ અને વેદન (છે). ભગવાન.. ભગવાન તમે કરો છો, આ શાસ્ત્ર વાંચેને. ... શું હશે? ભાઈ!

આ આત્મા વસ્તુ છેને એમાં ભગ એટલે જ્ઞાન અને આનંદની લક્ષ્મી પડી છે. ભગનો અર્થ લક્ષ્મી છે. સચ્ચિદાનંદ આત્મા સત્ શાશ્વત છે એમાં જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવની લક્ષ્મી છે. એ લક્ષ્મીવાન છે, એ લક્ષ્મીવાન છે, માટે તેને ભગવાન કહેવામાં આવે છે. આહા..હા..! એ ભગવાન આત્મા આવું સ્વરૂપ હોવા છતાં વિભાવ એની દશામાં અનાદિથી પુણ્ય અને પાપના મેલ, વિકાર એનો એને અનુભવ, વેદન અને એને 'એટલો હું છું' એમ

માનીને ત્યાં અટકેલો દુઃખને વેદીને અનુભવી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા બહુ વિભાવ હોવા છતાં પણ, હો કહે છે. હવે ગુલાંટ ખાય છે વાત. અનાદિથી એની દશામાં, દશા નામ હાલતમાં, હાલત નામ વર્તમાન પર્યાયમાં, વર્તમાન કાળની દશામાં એને વિભાવનું હોવાપણું, વિકારનું હોવાપણું છે. દશામાં હો, છતાં પણ આહા..હા..! હવે ગુલાંટ ખાય છે દૃષ્ટિ. જે દૃષ્ટિ પુણ્ય અને પાપના વિભાવ ઉપર હતી અને તેના વેદનમાં હતી એ તો મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાનભાવ હતો.

હવે કહે છે, આમ '**હોવા છતાં પણ, સહજ પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...**' આહા..હા..! કહે છે, સ્વભાવિક આત્મા પરમતત્ત્વ, આત્માનું ધ્રુવ નિત્યતત્ત્વ. છેને? સહજ સ્વભાવિક. સહજ એટલે સ્વભાવિક, ત્રિકાળ સ્વભાવિક એવું પરમતત્ત્વ નિત્ય, ધ્રુવ અવિનાશી સ્વભાવ, અવસ્થામાં વિભાવ, વિકાર, દોષ હોવા છતાં પણ પરમતત્ત્વ જે ત્રિકાળી જે '**સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં...**' દેખો! આ એનો અભ્યાસ. ધર્મીનો આ અભ્યાસ છે. અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ નિત્ય, ઉત્પન્ન નહિ, નાશ નહિ એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ, નિત્યભાવ ધર્મીની દૃષ્ટિમાં એનો અભ્યાસ ધર્મીને હોય છે, અજ્ઞાનીનો અભ્યાસ પુણ્ય અને પાપના વિકારનો અનાદિથી હોય છે. સમજાણું કાંઈ? ધર્મ કોઈ એવી ચીજ છે, અપૂર્વ ચીજ છે. એ સાધારણ રીતે આ દયા, દાન, વ્રત ને તપ કર્યા ને ધર્મ થઈ જાય એવી એ ચીજ નથી. એ બધી વિકલ્પની વૃત્તિઓની વાસનાઓ છે. સમજાય છે કાંઈ? એમ શાસ્ત્ર ગોખી નાખે, શાસ્ત્ર ભણી નાખે, શાસ્ત્ર રટણ કર્યા કરે માટે તેને ધર્મ થાય એમ નથી. એ બધી વિકલ્પની વૃત્તિઓની વાસનાના લક્ષણ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિત્ય અંદર નિત્ય વસ્તુ એની વર્તમાન દશામાં વિભાવ (છે) એમ કીધું, છતાં ત્રિકાળી ધ્રુવ તત્ત્વ નિત્ય અવિનાશી સ્વભાવ જેનો આત્માનો એવા સહજ પરમ તત્ત્વ. '**સહજ પરમતત્ત્વ...**' પર્યાયતત્ત્વ છે એને પરમતત્ત્વ ન કહ્યું. વર્તમાન દશા છે. ભલે જ્ઞાનના ઉઘાડવાળી વર્તમાન વિકાસનો અંશ હો, પણ એ પરમતત્ત્વ નથી. રાગ-દ્વેષ વિભાવ તો પરમતત્ત્વ નથી, ... આ તો અલૌકિક વાતું અંતરમાં કોઈ દિ' એને જોવા નવરો થયો નથી એને વાસ્તવિક વાત સાંભળી નથી. '**श्रुत परिचित अनुभूता**' રાગ અને દ્વેષની વાતું સાંભળી, પરિચય અભ્યાસમાં ગયો અને અનુભવ એને થયો એ બધો દુઃખદશાનો અનુભવ છે. આહા..હા..! એને અંદરમાં ભગવાન આત્મા અંદર વસ્તુ સહજ પરમતત્ત્વનો સુદૃષ્ટિવંતને એમ કહેવું છે, ભાઈ! આહા..હા..!

જેણે વર્તમાન દશાની, વિભાવિક દશાની દૃષ્ટિ છોડી અને ત્રિકાળી જ્ઞાયકભાવની જેણે દૃષ્ટિ કરી એવો સુદૃષ્ટિવંત પરમતત્ત્વના અભ્યાસમાં નિપુણ છે. સુદૃષ્ટિવંત કરીને કહ્યું છે હોં ભાઈ! એવો આ સુદૃષ્ટિવાળો. આહા..હા..! જેના દૃષ્ટિમાં ધ્યેય પલટી ગયું છે. અનાદિથી વિકાર અને વર્તમાન દશા, એ વર્તમાન દશા પૂરતું ધ્યેય અને એટલા તત્ત્વ ઉપર જે દૃષ્ટિ

હતી એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હતો. ચાહે તો શાસ્ત્રનો ભણનારો હોય અને ચાહે તો વ્રત ને તપ ને ક્રિયાનો કરનારો હોય, પણ એની દૃષ્ટિ રાગ અને વિકલ્પ અને વર્તમાન દશા ઉપર છે, એ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. કારણ કે એવું એકલું તત્ત્વ એ નથી અને એને માને છે, માટે તેને મિથ્યા, વિપરીત દૃષ્ટિ કહેવામાં આવે છે.

હવે સાચી દૃષ્ટિ થતાં એટલો પરમ પર્યાય જે છે એક સમયનો એ નહિ. ભારે! અંતરમાં પરમ સ્વભાવ આનંદકંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની અવિનાશી શક્તિનું તત્ત્વ એવા તત્ત્વનો જેને અભ્યાસ છે, જેની દૃષ્ટિ વસ્તુ ઉપર પડી છે, પર્યાય ઉપરથી દૃષ્ટિ ગઈ છે, વસ્તુ ઉપર દૃષ્ટિ થઈ છે. આ શું હશે? ગ્રીક લેટિન જેવું લાગે. કોઈ દિ' અભ્યાસ ન મળે. આ મૂળ તત્ત્વને સમજવા માટે શું છે એ વાતમાં પગથિયું ચડ્યો નથી કોઈ દિ'. બહારના ડહાપણના દરિયા કરીને ઠરી ગયો છે મોટો. શાસ્ત્રને બહાને ભણી-ભણીને અમે શાસ્ત્રના ભણતર (કર્યું છે) અને ડાહ્યા છીએ, એ બધા શાસ્ત્રના અભિમાનીઓ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. સંસારી જ્ઞાન આ વકીલાતનું ને આ તમારું બધું કહેવાય શું? એઈ..! આ દિવાન હતા રાજના. ચુડામાં ત્યાંથી ઓળખાણ છે. ૯૯ની સાલથી. ૨ ને ૨૭, ૨૯ વર્ષ થયા. એ બધા દિવાન-ફિવાનની બુદ્ધિયું બધી મીંડા વાળવા જેવી છે એમ કહે છે. દસ-દસ હજારના દનૈયા લેનારા મોટા બેરિસ્ટર હોય અને જજને આમ યુક્તિ કાઢીને આનું આમ છે ને આનું આમ છે એ બધી બુદ્ધિયું પાખંડ છે. એ બુદ્ધિ શસ્ત્ર છે આત્માને હણનાર. આહા..હા..! એ બુદ્ધિ ઉપરની રુચિ છોડી દઈને જેને ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ વસ્તુ-વસ્તુ આદિ-અંત વિનાની અને પૂર્ણ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલું છલોછલ તત્ત્વ. આહા..હા..! શું હશે? સમજાણું કાંઈ? એવો જે ભગવાન નિત્ય અંદર વસ્તુ છે. એક અંશમાં વિભાવ છે વર્તમાન, ત્રિકાળ અંશમાં પૂર્ણતા છે. ધીમે ધીમે સમજવું, બાપુ! આ વાત જ કોઈ અનંતકાળમાં એણે લક્ષમાં લીધી જ નથી. સાધુ થયો, બાવો થયો, રાજા-રાણી છોડી, રાણીનું રાજ આદિ કુટુંબ છોડી, અબજોપતિના ધણીપતા છોડ્યા, પણ એણે રાગની અને વર્તમાન પર્યાયબુદ્ધિને છોડી નથી. એ બુદ્ધિ છૂટ્યા વિના એને ત્યાગી કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? શેઠ! આહા..હા..! આવે છેને આપણે, છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો.' મુનિવ્રત લીધા, તપસ્યાઓ કરી, જંગલમાં રહ્યો, વનવાસમાં રહ્યો અને સિંહ અને વાઘની પ્રતિકૂળતાને સમભાવે સહન કરી, પણ એ બધી વિકલ્પની રમતું છે. આહા..હા..!

ભગવાન આત્મામાં બે અંશ આ દેહાદિ તો માટીના પિંડલા જડમાં જડ થઈને રહેલ છે. એ કાંઈ તારા.. નિત્ય અંશ તું છો, નિત્ય અંશ તું છો. એ નિત્ય અંશની દૃષ્ટિવંતને .. કાંઈ નથી. આહા..હા..! મારી એક આ ચીજ તે હું છું. એ સિવાય મારામાં કોઈ ચીજ નથી. મારામાં નથી એટલે મારે સમયસાર સિવાય બીજી કોઈ ચીજ જ નથી. શું કીધું?

ધીમેથી, ધીમેથી પકડવાનું છે, બાપુ! આ તો અંતરની રમતું છે.

કહે છે, અરે! જેની દૃષ્ટિમાં વર્તમાન દશાની દૃષ્ટિ છૂટીને ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ જાય એને ધર્મી કહેવામાં આવે છે. બાકી બધી વાતું ને વાર્તાઓ કરો-માંડો. સમજાણું કાંઈ? એવા ધર્મી જીવને મારો ભગવાન એક જ છે, આ સિવાય કોઈ છે જ નહિ. એય..! ચંદુભાઈ! મારામાં નથી એટલે મારે કાંઈ છે જ નહિ બીજું. ઈ એને ઘરે રહ્યું. સમજાણું કાંઈ?

**'સમયસારથી અન્ય કાંઈ નથી...'** સમયસાર એટલે સમ-આર. આનંદકંદ પ્રભુ આત્મા એ જ હું, એ સિવાય મારે કાંઈ નથી. બીજી ચીજ મારામાં છે નહિ અથવા મારાથી અન્ય કોઈ ચીજ છે જ નહિ. આહા..હા..! આની અપેક્ષાએ તો એ ચીજ છે જ નહિ. એની અપેક્ષાએ ભલે હો. વિભાવ વિભાવપણે હો, કર્મ કર્મપણે હો, શરીર શરીરપણે હો, એક સમયની અવસ્થા અવસ્થાપણે હો, પણ મારા ધ્રુવની અપેક્ષાએ તો કાંઈ છે જ નહિ, જા. એવી અંતરમાં દૃષ્ટિ થવી ત્યારે એણે આત્માને સ્વીકાર્યો કહેવાય, ત્યારે તેની દૃષ્ટિ સાચી થઈ કહેવાય, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. સમ્યગ્દર્શન થતાં એને જે વિભાવનો સ્વાદ જે અનાદિનો અજ્ઞાનમાં છે એ દૃષ્ટિ ફરીને ધ્રુવ નિત્યાનંદ ઉપર દૃષ્ટિ જતાં હું જ એક આ છું, બાકી બધું નથી. એવી દૃષ્ટિમાં ધ્રુવને, નિત્યને સ્વીકારતા એની દશામાં અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન એ અતીન્દ્રિય આનંદની વ્યક્તતામાં એને અનુભવ થાય. આહા..હા..! ભારે ભાઈ! ત્યારે એને ધર્મ કહેવાય. ધર્મ એવી ચીજ નથી કે હમણાં ધર્મ કરશું પછી ફળશે, સ્વર્ગમાં જાશું ને ધૂળમાં જાશું. ક્યાં જા તું? સાંભળને!

ભગવાન આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદથી ઠસોઠસ, છલોછલ ભરેલું તત્ત્વ છે. આહા..હા..! લબાલબ. જેમ બરફની શીલા ૧૫-૧૦ મણની આવે છેને મોટી મોટી, આ મુંબઈમાં જુઓને મોટી. જ્યાં જુઓ ત્યાં શીતળતાથી ભરેલી છે એ શીલા. ક્યાંય ઉષ્ણતા અને ક્યાંય ખબદબ છે એમાં? એમ દેહમાં ભગવાન ચૈતન્યઘન, વિજ્ઞાનઘન, જ્ઞાન અને આનંદનો પિંડ એવું તત્ત્વ એમાં ક્યાંય બીજી ચીજ છે નહિ. એમ એનું ભાન થતાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એનો નમૂનો આવે. આ વસ્તુ અતીન્દ્રિય આનંદની છે એમ સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન આવે એ વેદન દ્વારા આ આખો આત્મા અતીન્દ્રિય આનંદમય છે એમ પ્રતીત થાય એને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત એને કહેવામાં આવે છે. આ શરૂઆત હોં! પાછા વળી કહે કે આ તે કોઈ એલ.એલ.બી. મોટી વાત હશે. સમજાણું કાંઈ?

**'એમ માનીને,...'** ભાષા જુઓ, હું એક નિત્ય પ્રભુ. જ્યાં દૃષ્ટિને દોલત મળી અંદરની, જ્યાં દૃષ્ટિને અંદર દોલત ચિદાનંદ ભગવાન ભેટ્યો અંદરમાં, કહે છે એટલો અને ઈ જ હું, બાકી મારા સિવાય કોઈ બીજી ચીજ છે જ નહિ. એમ માનીને... આહા..હા..! ઝીણું તો છે, ભાઈ! આ તો શ્લોક એવા મૂક્યા છે લાલભાઈએ. **'શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો**

**વલ્લભ થાય છે.**' આવું જેને ... અને એમાં લીનતાના પ્રયત્નમાં છે એને અલ્પકાળમાં પરમશ્રીરૂપી સુંદરી એટલે પરમ આનંદની પ્રાપ્તિ, પરમ કેવળજ્ઞાનની પ્રાપ્તિ એવી જે નિર્મળ એની સુંદરી નામ દશા એને પ્રાપ્ત થાય છે, એનો વલ્લભ થાય છે, એટલે નિર્મળ પૂર્ણ પર્યાય એનાથી વેગળી રહેશે નહિ. આહા..હા..! ભારે ભાઈ! આવી કેવી ધર્મકથા! એય..! બિહારીલાલજી! આવું ધર્મનું સ્વરૂપ! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એય..! મજા માણે છે. ધર્મ થઈ ગયો લ્યો સાંભળીને. ધૂળેય નથી સાંભળને હવે તારા અપૂર્વ અવસર. એય..! આ ઓલામાં .. પડતા હોય ત્યાં સાંભળે જરી. 'આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.' ગોખે. એય..! રતિભાઈ! આ તો દાખલો હોં! 'આત્મભાવના ભાવતા...' પણ આત્મા શું? ભાવના શું? કેવળ શું? એનો અર્થ સમજ્યો કાંઈ એકેય? પણ એને કાંઈ કામ કરવું છે કે નહિ સાચું? ગુરુનું ગુરુ પાસે કામ રહ્યું. એને સાચું કરવું છે કે નહિ? આહા..હા..!

કહે છે, આ એવા શાસ્ત્રના ભણતર અનંતવાર ભણ્યો અને રાજી થઈ ગયો. આહા..હા..! સવારે વાત થઈ હતી ભાઈએ પૂછ્યું હતુંને ભાઈએ. શુભભાવ હો, પ્રશસ્ત છે ઈ તો. અરે! રાગ પ્રશસ્ત તે અગ્નિ છે અને 'તે શુભાશુભ છેદતા ઊપજે મોક્ષ સ્વભાવ' એમ કહ્યું છે. ઈ ન લે. ઓલી વાત લે બીજી. અહીં તો કહે છે કે શુભ અને અશુભ વિકલ્પો જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ અરે! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ એ પણ અગ્નિ-અગ્નિ કષાય છે. એ અગ્નિને ઓલવવાનો ઉપાય એક અંતર દૃષ્ટિ કરવાનો એ જ ઉપાય છે. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે વાતું, ભાઈ! ભગવાન! તું મોટો છો કેવડો? કે તું વાણીમાં ન આવે એવડો. આહા..હા..!

કહે છે, શીઘ્ર અલ્પકાળમાં આવું જે તત્ત્વ જે પરમ પ્રભુ અંદર એની નિત્યતાના દૃષ્ટિમાં જે ઘોલન રહ્યા કરે એને સમ્યગ્દર્શન તો થાય એ ઉપરાંત અલ્પકાળમાં એ કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદની શુદ્ધ દશારૂપી મુક્તિ અલ્પકાળમાં થાય. બીજા ઉપાયથી મુક્તિ થાય એવો કોઈ ઉપાય બીજો છે નહિ. અંતર અભ્યાસ. વલણ એટલે ધ્રુવ ઉપરનું વલણ. વારંવાર ધ્રુવ ઉપર અંદર પરિણમન થાય. આહા..હા..! અજ્ઞાન અને રાગ-દ્વેષની જે દશા છે એના સ્થાનમાં વીતરાગદશા ધ્યેયને લક્ષે થાય એ વારંવાર વીતરાગતાનું ઘોલન રહ્યા કરે. ઝીણી વાતું, ભાઈ! જેના પરિચયમાં નથી, પ્રભુ! આહા..હા..! જગતને ધર્મને નામે પીરસાણું છે કંઈક, રહી ગયો છે ધર્મ જુદો. સમજાણું કાંઈ? ઓલાને .. ઊંધું માને છે ઈ. માને છે તો ઈ ને પાછો, એને પોતાને ઠીક લાગે એમ માને છેને. ધર્મની ચીજ શું છે એ જગત પાસે સમજ્યા વિનાના મુકાણી છે જગતને.

ધર્મ એ તો અલૌકિક કોઈ ચીજ! એક સેકન્ડનો કોઈ ધર્મ સંસારનો અંત લાવીને અલ્પકાળમાં કેવળ પામે એનું નામ ધર્મ. આહા..હા..! ધર્મ તે કહે આ ધર્મ કર્યા લ્યો. ભક્તામર અમે ગાયા, નવ સ્મરણ ગાયા. ધૂળમાંય નથી ધર્મ સાંભળને. તારા ભક્તામર લાખ, કરોડ, અનંત

ગણને. ઊંડી-ઊંડી આશા તો એ હોય કે ભક્તામર ગણીએ તો નાગા-ભૂખ્યા ન રહીએ. કાંઈક પૈસા મળે, કપડા (મળે). આવી ને આવી આશા મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ મૂઢ છે એ તો. આહા..હા..!

અહીં તો કહે છે કે એવા શાસ્ત્રના પલાખા પણ ભણી-ભણીને મરી ગયો અગિયાર અંગમાં. કરોડો-અબજો શ્લોકનું શાસ્ત્ર એવા કંઠસ્થ કરી એમાં લક્ષ રાખીને એ વિકલ્પ છે એ તો રાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ, ભાઈ! પ્રભુ! તું મોટો છો, નાથ! તારામાં એટલી શક્તિ પણ છે કે એ શક્તિનો માપ કોઈ કરી શકાય નહિ એવું માપ છે. અરે! પણ કેમ બેસે એને? પામર થઈને બેઠો એને પ્રભુતા કેમ બેસે? અહીં કહે છે, અલ્પકાળમાં આવો ભગવાન અંદર નિત્ય પ્રભુ છે એની દૃષ્ટિ ત્યાં લગાવીને વારંવાર તે તરફનો અભ્યાસ કરે, અલ્પકાળમાં પરમાત્મદશા પામે એને સંસાર હવે રહે નહિ. ભવનો અંત આવે.

૩૪. હવે ૩૪ કળશ. પાનું ૪૫. અમારે લાલચંદભાઈએ બધા શ્લોકો લખ્યા છે કે આવા આવા વાંચવા. કહો, સમજાણું કાંઈ? છે? ૪૫ પાને ૩૪ કળશ. ઉપર.

**असति सति विभावे तस्य चिन्तास्ति नो नः**
**सततमनुभवामः शुद्धमात्मानमेकम्।**
**हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं**
**न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्।।३४।।**

અહો..! ધર્માત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરી અને ભાવના કરે છે. આવી ધર્માત્માની ભાવના હોય છે. અરેરે! '**(અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી...**' તે પુણ્ય અને પાપ અને ભ્રમણા એ બધી અસત્ છે. અમારા અંતર સ્વરૂપમાં એ નથી. આહા..હા..! જે ટળી જાય તે તેનું તત્ત્વ નહિ. એવો જે વિભાવ પુણ્ય અને પાપ ને ભ્રમણા, અજ્ઞાન અને રાગ અને દ્વેષ એ અસત્ય છે, અમારા મૂળ સ્વરૂપમાં નથી. આહા..હા..! એ છતાને અછતો કર્યો અને અછતાને છતો કર્યો. વિભાવ તે છે એને અસત્ કહે છે કે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** હજી બીજી વાર કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહીએ છીએને. એમ ચાલવા નહિ દઈએ. બે-ચાર વાર.. આ તો શરૂ કર્યું છેને હજી. અહીં તો ટેવ છે કોઈપણ વાતને ઘુંટી ઘુંટીને બહાર કહેવું. એકદમ એક-બે બોલે સમજાય એવી નથી. ભગવાન અંદરમાં અજાણ્યો પડ્યો છે એને જાણકાર કરવો. અનાદિનો અજાણ છે.

કહે છે, '**વિભાવ અસત્ હોવાથી...**' શું કહે છે? અમારી દશામાં વર્તમાન સંસાર ઉદયભાવ પુણ્ય-પાપ વિકાર અમારી ચીજમાં એ નથી, અસત્ છે. અવસ્થાની અપેક્ષાએ ભલે હો, અમારી વસ્તુની અપેક્ષામાં એ વસ્તુ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મારગડા બીજા પ્રભુ તારા છે. '**(અમારા આત્મસ્વભાવમાં)...**' એમ લખવું પડ્યું છેને? અમારો

ભગવાન આત્મા એનો સ્વભાવ જે જ્ઞાન અને આનંદ એવો પોતાનો નિજસ્વભાવ. જેવી વસ્તુ અવિનાશી છે આત્મા, એવો એનો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એવા સ્વભાવો પણ એના અવિનાશી છે. એવા અમારા આત્મસ્વભાવના અવિનાશીમાં ધર્મી જીવની ભાવના આવી હોય છે કે... આહા..હા..! ત્યારે કહે પણ અમારે ધર્મ નથી. તો ધર્મ કરવો હોય તો આ રીતે થાય. અમારા આત્મસ્વભાવમાં વિભાવ નથી. બીજી રીતે કહીએ તો સંસાર અમારા આત્મસ્વભાવમાં છે જ નહિ.

**શ્રોતા :-** ત્યાંથી શરૂઆત થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાંથી શરૂઆત થાય છે. સંસાર કોને કહીએ? આ બાયડી-છોકરા સંસાર નથી, શરીર સંસાર નથી. શરીર, બાયડી, છોકરા, મકાન, પૈસો આબરૂ જો સંસાર હોય તો મરતા તો આ બધું મૂકે છે, પડ્યું રહે છે. તો એનો અર્થ થયો કે સંસાર જો આ હોય તો એ પડ્યું રહ્યું એટલે મુક્તિ થઈ ગઈ એની. એ સંસાર છે જ નહિ. સંસાર એને કહીએ જેને ત્રિકાળી ભગવાન આત્મા આનંદનો નાથ એમાંથી સંસરણ ઈતિ સંસાર. ત્યાંથી ખસીને પુણ્ય ને પાપ ને રાગ ને અલ્પજ્ઞને પોતાનું માન્યું એ ભાવ સંસાર છે. હવે સંસાર નક્કી કરવું કઠણ. આ કહે અમારે બાયડી સંસાર, છોકરા સંસાર. ધૂળેય નથી સંસાર. તારી ભૂલની દશા પરમાં રહેતી હશે? તારી ભૂલની દશા પરમાં રહે? તારી ભૂલની દશા એ શરીર મારા, બાયડી મારી, છોકરા મારા, રાગ મારો, પુણ્ય મારું, પાપના ભાવ મારા એવો જે મિથ્યાત્વભાવ એને ભગવાન સંસાર કહે છે કે જે સંસાર એક સમય પણ એણે છોડ્યો નથી. બાયડી-છોકરા છોડીને બાવા થઈ ગયા. ધૂળેય છોડ્યું નથી સાંભળને. જે છોડવાનું છોડ્યું નહિ. એ તો છૂટેલા જ પડ્યા છે. એ ક્યાં ગરી ગયા છે તારા આત્મામાં? સમજાણું કાંઈ? આવી ભારે વાતું આ!

કહે છે, સંસરણં ઈતિ સંસાર. પ્રભુ! આનંદનો નાથ પોતે ચિદાનંદઘન એમાંથી સંસરી ગયો છે, ખસી ગયો છે. ખસીને પુણ્ય-પાપના વિકાર મારા એમાં આવી ગયો છે. એને સંસાર કહીએ. જે દેહ અને બધું છોડતા પણ એ પર્યાય સંસારની વિકારી તો સાથે લઈને જન્મવા-અવતરવા જાય છે લઈને. આહા..હા..! આ તો બધું પડ્યું રહ્યું. ધૂળધાણી ને વા-પાણી. હતા ક્યાં એનામાં? એના હતા ક્યાં અને એનામાં ક્યાં હતા? એના ક્યાં હતા અને એનામાં આ ક્યાં હતા? આ ધૂળ શરીર ને વાણી, બાયડી, છોકરા, એ તો એનામાં (પોતાનામાં) છે બધા. વચ્ચે ઉઠાવગીર મારા માનીને બેઠો છે અંદર. કો'કની ચીજને ઉઠાવગીર (પોતાની માને છે). ચોર છે મોટો. કહો, અમૃતલાલભાઈ! ભારે કામ, ભાઈ! ... આહા..હા..!

ભગવાન! તારી ભૂલ એવી તેં કરી છેને. જે તારા નથી એને મારા માન્યા એથી મારા માન્યા એથી મારા થઈ જતા નથી. માટે તારી માન્યતા તદ્દન મિથ્યા અને ભ્રમ છે. આહા..હા..! શરીરનો એક એક રજકણ પણ એના અસ્તિત્વથી ટકી રહેલો છે. તારા અસ્તિત્વથી, તારી

સત્તાથી એનું હોવાપણું છે એમ નથી, પ્રભુ! એનું હોવાપણું એના હોવાપણાને કારણે રહેલું છે. આહા..હા..! એમ બાયડી, છોકરા આદિના તત્ત્વો એના તત્ત્વો એના થઈને એનામાં રહ્યા છે. તારા થઈને ત્યાં રહ્યા નથી અને તું એનો થઈને એમાં ગયો નથી. એમાં માન્યતા છે કે આ મારું. ક્યાં સુધીનું? કે અંદર દયા, દાન અને વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે રાગ એ પણ મારું, બસ એ મિથ્યાત્વ સંસાર છે. સમજાણું કાંઈ? એ સંસાર મારી પર્યાયમાં હોવા છતાં..

હવે ધર્મી કહે છે. '**તેની અમને ચિંતા નથી;...**' અમારા સ્વભાવમાં એ છે નહિ. જ્યાં હું પોતાનું માનું છું એમાં એ નથી. આહા..હા..! જુઓ, આ ધર્મીની દૃષ્ટિ. જ્યાં હું મારો સ્વભાવ શુદ્ધ આનંદઘન એને હું મારો માનું છું એમાં એ વિભાવ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેની અમને ચિંતા નથી;...**' ત્યારે? એટલે એનો અર્થ કે અમારે ટાળવું, અમારા નથી પછી ટાળવું એ અમારે ચિંતા નથી એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** ... ભૂલ છે એને ટાળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટાળે કોને? કોણ ટાળે? પણ હતા ત્યારે ટાળેને. નથીને મારામાં. આહા..હા..! અમને એની ચિંતા નથી. શું કહે છે? કેમકે અમે તો પ્રભુ આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ છીએ. એમાં એ નથી પછી અમારે ચિંતા શી કે આ છે એને ટાળવા છે એ અમારે ચિંતા છે નહિ. આહા..હા..! જરી સૂક્ષ્મ તો છે પ્રભુ વાત. પણ ભગવાન! તારા ઘરની વાત છે હોં. તેં કોઈ દિ' એના માપ લીધા નથી અને લીધા તો ઊંધી દૃષ્ટિએ લીધા બધા. સાધુ થયો, બાવો થયો. આમ પંચમહાવ્રત ધારણ કર્યા પણ એ પંચમહાવ્રત રાગ અને ઝેર છે. આહા..હા..! અગ્નિ સળગે છે એ તો. એય..! પ્રકાશદાસજી! પંચમહાવ્રત ધાર્યા, પંચમહાવ્રત પાળે છે એટલે અગ્નિ પાળે છે. આહા..! અરે! તને ખબર નથી. એ તો વિકલ્પ છે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યની વૃત્તિ ઉઠે છે એ તો. એ વૃત્તિ વિભાવ છે, અમારામાં નથી. આહા..હા..!

એકવાર ધર્મકથા સાંભળે તો ખરો, ધર્મકથા એને કહીએ કે જેમાં રાગથી લાભ થાય એ વાત ન આવે અને જેમાં પર્યાયબુદ્ધિથી લાભ થાય એ વાત ન આવે અને વસ્તુના સ્વભાવથી લાભ થાય એ આવે એને ધર્મકથા કહેવામાં આવે છે. બાકી બધી પાપકથાઓ છે. શાસ્ત્રમાં એમ છે, સમકિત છેદણી કથા, સમકિતની ભેદની કથા. જે વાતમાં પર્યાય અને રાગથી લાભ મનાવે એ સમકિતના નાશ કરનારી કથા મિથ્યાદૃષ્ટિની કથા છે. એ ધર્મકથા નહિ. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો આવી છે. કડક નથી, સત્ય જ છે. કડક તો હોય એવું છે એને કડક કેમ કહેવું?

**શ્રોતા :-** કડક લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાગે છે એ ભાઈ કહે છે એ વાત સાચી. વાત સાચી. છે નહિ, પણ એને એવું .. છેને. કડક લાગે છે. ભાઈએ ઠીક (કહ્યું). આહા..હા..!

ભગવાન! એ આબાળ-ગોપાળમાં પ્રભુ બિરાજે છે પ્રભુ પૂર્ણ. એ પૂર્ણ પ્રભુ આત્મા પોતે. આહા..હા..! એવા સ્વભાવની દૃષ્ટિ થતાં જેને ધર્મ પ્રગટ્યો છે, ધર્મી એવો આત્મા એમાં જે આનંદનો ધર્મ પડ્યો છે (એ) ધર્મી ઉપર દૃષ્ટિ આપતા ધર્મનો અંશ સ્વભાવમાંથી અનંત આનંદનો અંશ પ્રગટ્યો છે. એ દૃષ્ટિવંત ધર્મીની (એવી દૃષ્ટિ છે કે) અમારે વિભાવ પર્યાયમાં હોવા છતાં અમને ચિંતા નથી. અમારે છે એમ ચિંતા નથી, તેમ અમારે ટાળવા એ ચિંતા નથી. અમે તો આનંદના નાથ જ્ઞાનાનંદસ્વભાવી છીએ. એમાં જ્યાં પડ્યા છીએ, વિભાવ એને કારણે ઉત્પન્ન નહિ થાય અને એને કારણે નાશ થશે, અમારે કાંઈ કરવું નથી. આહા..હા..! આવી ચીજ છે, આવું વસ્તુનું સ્વરૂપ છે. એને સમજણમાં તો પહેલું લેવું પડશેને. જ્યાં સમજણ જ ખોટી છે, બહાર પરલક્ષી સમજણ આ તો હજી હોં! પરલક્ષી સમજણ જ્યાં ખોટી છે, એને પરલક્ષી જે સમજણ સાચી થાય એ પણ આત્માના આનંદનું કારણ નથી. આહા..હા..! શું કહે છે આ?

શાસ્ત્રનું પરલક્ષી સાચું જ્ઞાન થાય, પરલક્ષી છે ઈ, સ્વલક્ષી નથી. તેથી તે જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. કારણ કે પરાધીન જ્ઞાન બંધનું કારણ છે. જે જ્ઞાનાનંદ ભગવાન અબંધ સ્વરૂપ પ્રભુ છે એનો આશ્રય લઈને જે જ્ઞાન થાય તે અબંધ પરિણામી જ્ઞાન છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી. રાંકો થઈને રહે એને આવો ભગવાન તરીકે બોલાવે. બાપુ! છો તો એવો હોં! પણ તારી દશામાં તને ભાન નથી. એટલે અહીં ભાન કરવામાં કોને ભાન થયું કહેવાય? કે જેની બુદ્ધિ વસ્તુની નિત્યતા ઉપર ગઈ છે. નિત્ય પ્રભુ આત્મા એના ઉપર દૃષ્ટિ ગઈ છે. વર્તમાન પુણ્ય-પાપના પરિણામ ઉપર નહિ અને પરિણામને જાણવાની પર્યાય જ્ઞાનની એના ઉપર નહિ. એવા દૃષ્ટિવંત જીવને **'અમે તો હૃદયકમળમાં સ્થિત,...'** આહા..હા..! **'સર્વ કર્મથી વિમુક્ત.'** ભગવાન ધ્રુવ ચૈતન્યપ્રભુ, બધા આઠેય કર્મથી મુક્ત છે અંદર. આહા..હા..! ક્યારે? અત્યારે અત્યારે.

**'સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને...'** એકલો શુદ્ધ પ્રભુ જ્ઞાનાનંદસ્વભાવ પ્રભુ આત્માનો એને એકને. એક શબ્દ મૂકીને શું કહે છે? કે એની વર્તમાન પર્યાયને ભેળવીને એની ભાવના નથી કરતા હવે. આહા..હા..! થોડું પણ સત્ય હોવું જોઈએ, પ્રભુ! સત્યમાં લાભ થાય. મોટી-મોટી વાતું અને મોટા-મોટા પૂંછડા વળગાડે પછી એમાંથી લાભમાં .. મોટું નુકસાન. એ ચીજને ચીજ કહેતા નથી. ભગવાન આત્મા... કહે છે, **'સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...'** આહા..હા..! જુઓ, આ ધર્મની દશા. અમે તો એક જ્ઞાયકભાવ ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ ઈ એકને અનુભવીએ છીએ. અનુભવ તો પર્યાયનો છે, પણ એક ધ્રુવ ઉપર લક્ષ હોવાથી નિર્વિકારી વેદન છે એને આત્મા એકને અનુભવીએ છીએ એમ કહેવામાં આવે છે. શબ્દાર્થમાં પણ બીજા અર્થ કરવા.

કહે છે, **'એકને સતત...'** ભાષા દેખો! ધર્મી એને કહીએ, સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે

જેની દૃષ્ટિ ધ્રુવ ઉપર પડી છે અને ધ્રુવના અભ્યાસે જે આગળ વધે છે. પર્યાયના અને રાગના અભ્યાસે નહિ. એ '**સતત અનુભવી છીએ,...**' નિરંતર-અંતર પડ્યા વિના નિત્યાનંદ પ્રભુ જેવો છે એવી દૃષ્ટિ ત્યાં છે તો નિરંતર ધ્રુવને જ અમે જાણીએ છીએ, ધ્રુવને જ અનુભવીએ છીએ. આનું નામ ધર્મ. આવી ભારે વાત, ભાઈ! અહીં તો સોંઘો અને સટ કરી નાખે. એક ભંગી હોય ઈ કહે, દાદા! બીડી આપજો, ધર્મ થાશે. ઓહો..હો..! .. બે-ચાર ક્યાંકથી વીણી લીધા હોય બજારમાંથી. અને એ દાદા! એક દિવાસળી આપજો દિવાસળી ધર્મ (થાશે). ભારે ધર્મ, ભાઈ! મકર સંક્રાતિની પુણ્ય પરવણી દાન આપજો ધર્મ થશે. આ વળી આઘા ચાલીને કહે કે પરની દયા પાળશો તો ધર્મ થાશે, વળી આ દાન-બાન કરશો તો ધર્મ, પૈસા તમારી પાસે બે-પાંચ-દસ લાખ હોય તો પાંચ-દસ હજાર ખર્ચો તો ધર્મધુરંધરના બિરૂદ તમને મળશે. દાનવીર. ધૂળેય દાન નથી સાંભળને.

દાન તો એને કહીએ કે પૂર્ણાનંદનો નાથ જેની દૃષ્ટિ કરતાં, જેમાંથી શુદ્ધતા પ્રગટીને પોતે રાખે તેને અહીં દાન કહીએ. સંપ્રદાન છેને? સંપ્રદાન ગુણ છે આત્મામાં. અંતરમાં દૃષ્ટિ પડતા જે રાગ ને પુણ્ય ને વર્તમાન દૃષ્ટિ થતાં એને વિકારનો લાભ થતો, દુઃખનો લાભ થતો. અહીંયાં આત્મા અખંડાનંદ પ્રભુ ધ્રુવ અંતર્મુખમાં દૃષ્ટિ જતાં એને શાંતિ અને અતીન્દ્રિય આનંદ જે પ્રગટે તે પોતે આપે અને પોતે રાખે. દાતા પણ પોતે અને લેનાર પણ પોતે. એને ખરું દાન (કહેવામાં આવે છે). આપણે આ ગોંડલના હતાને દરબાર ભગતસિંહજી. પછી આપણે ચંદુભાઈ આવતાને વ્યાખ્યાનમાં કાયમ, કેળવણી અધિકારી ચંદુભાઈ પટેલ બહુ આવતા. એટલે પછી ભગતસિંહજી પાસે જાય. મહારાજ આવી વ્યાખ્યા કરે છે દરેકની. ત્યારે આપણા શબ્દકોષમાં નાખો કહે. થોડા નાખ્યા છે. આ શબ્દકોષ કર્યા છેને મોટા આવડા, છ. શું કહેવાય? હા ઈ. એમાં નાખ્યા છે. ચંદુભાઈ બહુ આવેને દરરોજ. પછી જાય દરબારને કહે કે આજ તો દાખલો આવો આપતા હતા, આ તો દુનિયાથી બધી વાત જુદી કહે છે. એક એક શબ્દનો શબ્દકોષ જુદી જાતનો લાગે છે આમનો. દરબાર કહે કે નાખી દ્યો આપણા શબ્દકોષમાં. નાખ્યા છે થોડા નાખ્યા છે શબ્દકોષમાં. પણ એ બધા નાખવા માટે. આહા..હા..!

કહે છે, અરે..! અમે તો '**સતત અનુભવીએ છીએ,...**' ધર્મ તો એને કહીએ કે જે ધર્મી એવો ભગવાન પૂર્ણાનંદ ઉપર જ્યાં દૃષ્ટિ પડતાં નિરંતર શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... રહે એને ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ઉગમણા-આથમણા જેવો ફેર લાગે. આ તો પછી બીજા કેટલાક કહે, એકાંત છે... એકાંત છે... એમ કહે છે. એ ઠીક છે જૈનમાં લાકડું એક. એકાંતનું. હવે સાંભળને. પાધરું ... ફેરવી નાખે, એકાંત છે આ. આપણે તો નિશ્ચય અને વ્યવહાર બેય માનીએ. આપણું અનેકાંત કહેવાય. ઝેર છે તારું સાંભળને. અનેકાંત તો એને કહીએ કે આત્માના દ્રવ્યના સ્વભાવના લક્ષે જે ધર્મની દશા પ્રગટે એ દ્રવ્યથી પ્રગટે અને પુણ્ય-પાપના વિકલ્પથી ન પ્રગટે એનું નામ અનેકાંત તત્ત્વ વસ્તુની સ્થિતિ

કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, **'કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.'** આહા..હા..! ભગવાન! તારી જે મૂડી છેને પૂરી. અનંત-અનંત જ્ઞાન જેનો સ્વભાવ છેને એને હદ ન હોય, એની મર્યાદા ન હોય. અંદર વસ્તુ છે એનું જ્ઞાન અનંત છે, બેહદ છે, અપરિમિત છે, એનો આનંદ પણ બેહદ અપરિમિત અંદરમાં છે. એવા આનંદને, કહે છે, અનુભવતાં મુક્તિ છે. એ સિવાય બીજા કોઈ ઉપાયે મુક્તિ કહેતા હોય, ધર્મ કહેતા હોય તો છે નહિ. આનું નામ અનેકાંત. આનાથી છે અને બીજી રીતે નથી. તો ઓલો કહે બીજી રીતે પણ છે અને આનાથી પણ છે એનું નામ અનેકાંત. આ અત્યારના કેટલાક પંડિતો એમ વળગાડે છે. એય..! પંડિતજી! આ તો સંસ્કૃતના પ્રોફેસર છે. એ તો નરમ માણસ છે હોં! આહા..હા..!

**'અન્ય કોઈ પ્રકારે...'** ભાષામાં શું છે? છે? **'मुक्तिर्नान्यथास्त्यस्ति'** કોઈ પ્રકારે નથી. એ વ્યવહારથી નથી, પર્યાયબુદ્ધિથી મુક્તિ નથી, નિમિત્તની કૃપા થઈ જાય તો મુક્તિ થાય એવું છે નહિ. ગુરુની કૃપા થઈ જાય, પણ એની કૃપા થઈ જાય તો બીજો કોઈ શ્રાપ આપી દે, 'તારી મુક્તિ નાશ થઈ જાઓ' બીજો શ્રાપ આપે તો મુક્તિ નાશ થઈ જાય. એના સ્વતંત્ર અધિકારની વાત રહી નહિ. એમ નથી. બીજાની કૃપાએ મુક્તિ મળે અને બીજાના શ્રાપે મુક્તિ ટળે એમ છે નહિ. તારા વસ્તુનો સ્વભાવ નિત્યાનંદ સનાથ પ્રભુ ગુણથી સનાથ છે, શાંતિથી સનાથ છે, રાગથી અનાથ છે, પર્યાયથી પણ અનાથ છે. પર્યાય પણ એમાં નથી. ઝીણું થોડું થોડું આવી ગયું. કહે છે કે આવા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને ધ્યેયમાં લઈને જે ધર્મ થાય એ ધર્મ મુક્તિનું કારણ છે. બાકી કોઈ બીજા પ્રકારે મુક્તિનું કારણ છે નહિ. નથી જ નથી. નાશ કર્યો વ્યવહારનો તો. વ્યવહારથી મુક્તિ નથી, વિકલ્પથી નથી. આ શુભરાગ કહે છેને અમુક લોકો? પ્રશસ્ત રાગ છેને.

**શ્રોતા :-** પરંપરા કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય પરંપરા કારણ નથી. લસણ ખાતા વખતે કસ્તુરીના ઓડકાર આવતા હશે કોઈને? આ ઢોકળામાં નથી ખાતા? લસણ નાખેને સરખાઈનો લસણનો મસાલો ગળા સુધી ખાય. ઓ... ઓડકાર આવ્યો કસ્તુરીનો. મૂર્ખ લાગે છે. લસણ ખાતા કસ્તુરીનો ઓડકાર ક્યાંથી આવ્યો? આવતું નથી. શાસ્ત્ર બીજું કહે છે. રાગનો અભાવ કરીને દૃષ્ટિ કરી છે અને હવે જરી શુભરાગ રહ્યો છે એનો અભાવ કરીને પૂર્ણ કરશે એ અપેક્ષાએ કહ્યું છે. રાગના વિકલ્પથી કંઈ પણ મદદ મળે, ઝેરની અમૃતને મદદ મળે તો રાગની આત્માના ધર્મને મદદ મળે! વાત આવી છે ચોખ્ખી એમાં ક્યાંય ફૂદી-ફૂદો ચાલે એવું નથી એમ કહે છેને. ..ભાઈ! માર્ગ આવો છે, બાપા! પહેલી સમજણ તો કર. **'અન્ય કોઈ પ્રકારે નથી, નથી, નથી જ.'** લ્યો એ ૩૪મો કળશ થયો. ૩૫થી આકરો આવશે જરી.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ-૮, રવિવાર, તા. ૦૩-૦૮-૧૯૭૧, શ્લોક-૩૫, પ્રવચન નં.૭૪૦

... જીવના પાંચ પ્રકાર છે. એવો જીવ માન્યે એને જીવ માન્યો કહેવાય. એવો જીવ માન્યે એણે જીવ માન્યો કહેવાય અને એને સમ્યગ્દર્શનની દશા કહેવામાં આવે છે. ધર્મની પહેલી દશા. ૩૫મો કળશ છે. ૩૫.

भविनी भवगुणाः स्युः सिद्धजीवेऽपि नित्यं
निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।
व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-
र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्।।३५।।

જીવમાં પણ એ સંસારદશા છે. મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષાદિ એક દશા છે, સંસારની અવસ્થા. એ અવસ્થા છે, પર્યાય છે. એ પર્યાય ન માને એને તો કાંઈ કરવાનું રહેતું નથી. કરવાનું તો પર્યાયમાં છે. એટલે કે જીવવસ્તુ છે એની એક સંસાર મિથ્યાશ્રદ્ધા, દુઃખરૂપ દશા, અજ્ઞાન, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, કંપન્ન એવી જીવની અવસ્થા વર્તમાન હાલત એની છે. 'भविनी' શબ્દ છેને? '**भविनी भवगुणाः**' 'भविनी' એટલે સંસારી પ્રાણી. સંસારીને સંસારી ગુણો હોય છે. ગુણ શબ્દે એને વિકારી દશા હોય છે. સંસારી પ્રાણીને એની દશામાં, અવસ્થામાં સંસારીક વિકારી ગુણો એટલે વિકારી દશા હોય છે. ગુણ શબ્દે અહીં દશા છે, અવસ્થા છે. સંસારીમાં... જુઓ! ઈ અવસ્થા છે એમ સિદ્ધ કર્યું. પ્રાણીને અવસ્થા સંસાર અશુદ્ધ નથી જ એમ નથી. જો એમ હોય તો એને આનંદ પ્રગટ કરવાનું રહેતું નથી. એ વસ્તુ છે ભગવાન આત્મા એની દશામાં સંસારી વિકારી જીવને, વિકારી અવસ્થાઓ હોય છે. ગુણ એટલે અવસ્થા.

'**અને સિદ્ધ જીવમાં...**' અને પરમાત્મદશા, મોક્ષદશા, સિદ્ધદશા એ જીવમાં '**સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજ...**' પોતાની. એમાં નિજ શબ્દ વાપર્યો છે. જીવ જ્યારે સિદ્ધ થાય, પરમાત્મદશા થાય ત્યારે તેને સિદ્ધિના સિદ્ધ, સિદ્ધના જે પર્યાયો છે તેની એને સિદ્ધિ હોય છે. સમજાય છે કાંઈ? સંસારમાં સંસારીદશા (હોય છે). કાલે કહ્યું હતું સંસાર એ કાંઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, મકાન, શરીર એ કંઈ સંસાર નથી. સંસાર એ જીવની ભૂલવાળી એક દશા છે. એ ભૂલવાળી દશાને અહીંયાં સાંસારીક ગુણો કહેવામાં આવે છે. એ સંસારને ગુણ કરે છેને રખડવાનો? એ દશા હોય છે અને સિદ્ધ પરમાત્મા પોતે આત્મા થાય ત્યારે એને પૂર્ણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ,

અનંત-અનંત ગુણની પરિપૂર્ણ સમસ્ત દશાઓ સિદ્ધદશા થતાં તે સિદ્ધના ગુણો એટલે અવસ્થાઓ એને હોય છે.

એ '**નિજ પરમગુણો હોય છે–**' આહા..હા..! '**આ પ્રમાણે વ્યવહારનય છે.**' એ અવસ્થા છે એ વ્યવહારનય છે. જીવ ધ્રુવ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ એની વર્તમાનદશામાં સંસાર અવસ્થા હો કે સિદ્ધની સિદ્ધદશા હો, બેય અવસ્થા છે, એક સમયની દશા છે. એ અવસ્થા એ વ્યવહારનયનો વિષય છે. બે અવસ્થા એ વ્યવહાર છે. કેમકે ત્રિકાળી દ્રવ્યનો એક એ અંશ છે. સિદ્ધપણું, મુક્તપણું પણ એક અંશ દશા છે. સંસારપણું પણ એક અંશ વિકારી દશા છે. સંસારદશા કાળે સિદ્ધદશા ન હોય અને સિદ્ધની દશા કાળે સંસારદશા ન હોય. સંસારની દશા અજ્ઞાન અને મિથ્યાત્વની વ્યય થઈને, નાશ થઈને નિર્મળ અનંત સિદ્ધિની દશા અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, પ્રભુતા એવી એની દશા, પણ એ દશા પણ વ્યવહાર છે. આહા..હા..! એ વ્યવહારનય છે. સ્વની અપેક્ષાએ પર વ્યવહાર છે. સ્વ જીવ પોતાનું દ્રવ્ય એટલે શક્તિવાન વસ્તુ એની શક્તિઓ, ગુણો અને દશાઓ એ સ્વની અપેક્ષાએ પર વ્યવહાર અને સ્વ નિશ્ચય. પછી પુણ્ય અને પાપના વિકલ્પોનો વિકાર એ સ્વભાવની શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન અને શાંતિની અપેક્ષાએ એ પુણ્ય-પાપના વિકલ્પ જે છે એ વ્યવહાર છે. અને નિશ્ચય પોતાનો આત્મા શુદ્ધ આનંદઘન એની દશા નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એ નિશ્ચય છે અને પુણ્ય-પાપના વિકલ્પો તે વ્યવહાર છે.

હવે એથી આગળ જતાં સિદ્ધપદની દશા એ પણ વ્યવહાર છે. પાટણીજી! આ તો કહે અમારે વ્યવહાર કરવો... વ્યવહાર કરવો... કેવો વ્યવહાર? ભગવાન! અહીં તો મોક્ષનો માર્ગ નિશ્ચય જે મોક્ષનો માર્ગ ને નિર્મળ નિર્વિકાર જે આનંદની દશા એ પણ પર્યાય છે માટે વ્યવહાર છે. આ એના ફળ તરીકે મુક્તદશા, સિદ્ધદશા, પરમાત્મદશા (પ્રગટ થાય તે પણ વ્યવહાર છે). આત્માની ત્રણ દશા છેને? એક બહિરાત્મદશા, એક અંતરાત્મદશા, એક પરમાત્મદશા. ભગવાન આત્મા દ્રવ્ય ધ્રુવ તરીકે તો ત્રિકાળ છે. આહા..હા..! પણ એની દશામાં બહિરાત્મા એટલે કે એના સ્વભાવમાં નથી એને પુણ્ય અને પાપના વિકલ્પ અને વિકારને પોતાના માનવા બહિરાત્મા જે એનામાં નથી એને (પોતાનું) માનવું એનું નામ બહિરાત્મા. મિથ્યાદૃષ્ટિ દશા, મિથ્યાત્વની દશા, બહિર્ અવસ્થા તે વ્યવહાર છે. અને આત્મા પૂર્ણાનંદ પ્રભુ અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ એનું અંતર્મુખ થઈને પરથી વિમુખ થઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, નિર્દોષતા, અપૂર્ણ નિર્દોષતા પ્રગટ થાય એને અંતરાત્મા કહે છે. એટલે કે જે આત્માનું સ્વરૂપ છે અંદર પૂર્ણ એને આશ્રયે અપૂર્ણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળદશા અપૂર્ણ છે એને આત્માની અંતરાત્મદશા કહેવામાં આવે છે. અને જેને આત્મામાંથી પૂર્ણ જ્ઞાનાનંદ આદિ અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત આનંદ એવી દશા પ્રગટે છે. પ્રગટે છે માટે તે પર્યાય છે અને પર્યાય છે માટે તે વ્યવહાર છે. આહા..હા..! સમજાય

છે કાંઈ? સંસારીના સંસારગુણની અવસ્થા વિકારી, સિદ્ધની પરમાત્મદશા આત્માની થાય તે નિર્મળ પરિપૂર્ણ દશા, પણ એ બધો અંશનો પ્રકાર છે માટે તેને '**व्यवहरणनयोऽयं**' છે? '**व्यवहरणनयोऽयं**' એ તો વ્યવહાનય, ભેદવાળી નયનો વિષય છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ.**' આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય જે ભગવાન નિત્યાનંદ ધ્રુવ વસ્તુ, ધ્રુવ વસ્તુ એની પર્યાયો સિદ્ધ અને સંસારી એ વ્યવહાર છે એ દ્રવ્યમાં, વસ્તુમાં નથી. એ સિદ્ધની દશા પણ દ્રવ્યમાં, વસ્તુમાં નથી અને સંસારદશા પણ વસ્તુમાં નથી, પર્યાયમાં છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે, એ '**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ...**' એમ શબ્દ છે. છે? '**निर्णयोऽयं**' છેને? '**निश्चयान्नैव सिद्धि**' આહા..હા..! ભગવાન વસ્તુ જેને ધ્રુવ દ્રવ્ય કહીએ, પરમદ્રવ્ય, પરમવસ્તુ નિત્ય અંશ, ધ્રુવ અંશ એ ધ્રુવ અંશમાં સંસારદશાનો પણ અભાવ છે, નથી... નથી.. નથી. આ સિદ્ધની દશા પણ દ્રવ્યમાં નથી... નથી... નથી. આહા..હા..! મોહનભાઈ! આવી વાત છે આ. જુદી જાતની વાતું આ ભારે!

હજી તો ઓલા કહે કે આપણે કાંઈક વ્યવહાર કરીએને નિશ્ચય થાય. હજી ત્યાં અટક્યા. કાંઈક દયા, દાન, વ્રત (કરીએ). ભાઈ! મારગડા જુદાં પ્રભુ તારા છે, ભાઈ! તને આકરું લાગે, પણ માર્ગ તો આવો છે. ભાઈ! જન્મ-મરણના અનંત સંસારના અંત લાવવા પ્રભુ! અને મુક્તની દશા એ તો પ્રગટ કરવાની છે, એ કાંઈ છે નહિ વર્તમાન દશામાં. અને સંસારદશા છે એનો તો નાશ થાય છે. ત્યારે એ તો દશા છે એનો નાશ થાય. એના સ્થાનમાં પૂર્ણ પવિત્ર સિદ્ધદશા પ્રગટ થાય. તો નાશ ને પ્રગટ ઉત્પાદ અને વ્યય બેય વ્યવહાર છે. કહો, પાટણીજી! ભારે લોકોને તો ભારે! પ્રભુ! તારી કિંમત તને ખબર નથી. તારી ચીજ જે ભગવાન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ આદિ નહિ, અંત નહિ એકલો વસ્તુના સ્વભાવ.... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, અભેદભાવ, એકભાવ, સામાન્યભાવ. એટલે કે આ સિદ્ધ અને સંસારભાવ એ વિશેષભાવ છે. સમજાણું કાંઈ? એ વિશેષભાવ એ ભેદરૂપ ભાવ છે. ત્રિકાળના અભેદની અપેક્ષાએ સિદ્ધની દશા અને સંસારી ભેદરૂપ ભાવ છે. તેથી તે વ્યવહારનયનો વર્તમાન નયનો વિષય છે ઈ. આહા..હા..! ઈ હેય છે. વ્યવહાર અભૂતાર્થ છે એમ કીધુંને ભાઈ! ઝીણું છે, ભગવાન! તારી જાતને તેં જાણી નથી.

પ્રભુ અંદર સચ્ચિદાનંદ શાશ્વત આનંદ આદિ અનંતગુણોનો એકરૂપ રસકંદ ધ્રુવ નિત્ય અંશ. એ નિત્યમાં આ બે અનિત્ય અવસ્થાઓ નથી, નથી એમ કહે છે. જુઓ, આ અનેકાંત છે. અવસ્થામાં છે એમ પહેલું કહ્યું. સંસારદશા અવસ્થા છે, એ પરમાં નથી. એની વિકારી દશા મિથ્યાત્વ, અજ્ઞાન એ સંસારદશા છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એટલે વિકાર નથી જ એમ નથી. વિકાર છે એમ પહેલું તો સિદ્ધ કર્યું અને વિકાર રહિત પરમાત્મદશા, પૂર્ણ આનંદદશા એ પણ સિદ્ધ તો ખરી પહેલી (કે) છે દશા. અવસ્થા નથી જ, અવસ્થામાં

અવસ્થા નથી એમ નથી. કારણ કે જેને નિર્ણય કરવો છે... આગળ ઈ આવશેને, આવો નિર્ણય છે. એ નિર્ણય તો પર્યાય છે. સમજાણું કાંઈ? માર્ગ ભાઈ બાપા બહુ ઝીણી જાત છે આ. અને એ માર્ગથી એને મુક્તિ મળે એ આ વાત છે. આહા..હા..!

કહે છે, એ નિશ્ચયથી એટલે ખરેખર જોઈએ તો વસ્તુ જે નિત્ય પ્રભુ છે એમાં સિદ્ધિ પણ નથી, એમાં મુક્તદશા પણ નથી, સંસાર પણ નથી. પહેલી મુક્તદશા લઈને સંસાર નથી એમ કીધું. જુઓ, '**निश्चयान्नैव सिद्धि–**' પહેલી સિદ્ધિ લીધી પાઠમાં. પછી લીધી '**र्न च भवति भवो**' '**र्न च भवति भवो**' ભવ એટલે સંસાર. એમ છે. કોઈને એમ કે સંસાર નહિ પણ સિદ્ધદશા? જ્યાં અનંતજ્ઞાન, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ અનંત ગુણની નિર્વિકલ્પ શુદ્ધ પૂર્ણ સમસ્ત પર્યાય એ તો કાંઈક હશે કે નહિ અંદરમાં? પર્યાયમાં પર્યાયમાં અવસ્થામાં અવસ્થા ત્રિકાળી ધ્રુવમાં એ અવસ્થા નથી. એનું નામ અનેકાંત તત્ત્વ કહેવામાં આવે છે. એવા ધ્રુવ સ્વરૂપ નિત્ય સ્વરૂપ એમાં સિદ્ધિ મુક્તિ નથી, સંસાર નથી.

એવો '**આ બુધ પુરુષોનો નિર્ણય છે.**' એવો જ્ઞાની ધર્માત્મા પુરુષોનો નિર્ધાર છે, નિર્ણય છે. નિર્ણય એ પર્યાય છે, પણ એ નિર્ણય પર્યાયમાં નિર્ણય અવસ્થા છે. જેમ સિદ્ધ અને સંસારદશા છે એમ નિર્ણય સમ્યગ્દર્શન એ દશા છે. નિર્ણય એટલે સમ્યગ્દર્શનમાં ધર્મીને ધ્રુવમાં પર્યાય નથી એવો નિર્ણય છે. ગોદિકાજી! બહુ વાતું ઝીણી વાતું. આહા..હા..! ભગવાન તારી વાત, તારી મહિમા અને મોટપ તને ખબર નથી અને કાં એકાંત ધ્રુવ જ છે, નિત્ય જ છે, અવસ્થા નથી તો પ્રભુ તને નિર્ણય કરવો છે કે હું આ એક છું, અભેદ છું એ કોણ નિર્ણય કરશે? એ ધ્રુવ નિર્ણય કરશે? નિર્ણય કરવાની તો એ દશા છે, અવસ્થા છે. સમજાણું કાંઈ? અભેદ એક જ વ્યાપક છે એમ કહેતા પર્યાય તો ત્યાં રહેતી નથી. અભેદનો નિર્ણય કરવો એ પર્યાય તો રહેતી નથી. એ અહીં સિદ્ધ કરે છે.

વસ્તુ અભેદ છે, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ અવિનાશીનું એ ચોસલું અનાદિ-અનંત (છે). એમાં એ ઉત્પાદ અને વ્યય નાશવાન અને ઉત્પન્ન એવી દશાનો એમાં અભાવ છે. અભાવ ન હોય તો પર્યાય અને દ્રવ્ય બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? શેઠ! આવું સાગરમાં બધું સાંભળવું મુશ્કેલ છે ત્યાં. આહા..હા..! ભગવાન! તારા ગાણા પણ વાસ્તવિક સાંભળવા એ પણ મહાભાગ્ય છે. એવી વાત છે. પ્રભુ! તું કોણ છો? આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નિત્ય વસ્તુ જે છે એ તરફ ઢળેલો નિર્ણય એ નિર્ણય એમ કરે છે કે જેનો મેં નિર્ણય કર્યો કે આ ધ્રુવ છે એમાં એ સિદ્ધ અને સંસારદશા નથી, નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિર્ણયની પર્યાય કહે છે કે મારી પર્યાય નિર્ણયની પણ જેમાં નથી. ભગવાન ઝીણી વાત, બાપુ! જગતને સત્ય વસ્તુ બહુ વેગળી ગઈ છે. આહા..હા..! ક્યાંકનો ક્યાંક માનીને સમકિત થાય ને આમ થાય ને તેમ થાય. ઓહો..હો..! ઊંધી દૃષ્ટિ ઊંધા ... મારગડા અંતરના પ્રભુ તારા જુદાં છે, ભાઈ! આહા..હા..!

નિત્યાનંદ પ્રભુ જેમાં ધ્રુવતા છે એકલી, અનંત શક્તિઓ જે બપોરે ચાલે છે એ શક્તિ-ગુણરૂપ ધ્રુવ છે. એ ધ્રુવમાં શક્તિનો ભેદ નથી. એવો જે નિત્ય પ્રભુ આત્મા એનો નિર્ણય કરનાર સમકિતી સમ્યગ્દર્શન નિર્ણય કરે છે. બુધપુરુષોનો, જ્ઞાનીઓનો, સંતોનો, ધર્માત્માનો આ નિર્ણય છે... આહા..હા..! કે ભગવાન! તારામાં બે અંશો. પરની વાત રહેવા દે, છોડી દે. જે તારી દશામાં નથી શરીર, નથી કર્મ, નથી કુટુંબ, નથી બીજા દ્રવ્યો, બીજો ભગવાન પણ પરમાત્મા તારી દશામાં નથી. પરમાત્મા સર્વજ્ઞો છે પણ એ તારી દશામાં નથી. એ તો એના અસ્તિત્વમાં છે. તારા અસ્તિત્વના બે અંશો. આહા..હા..! જે વર્તમાન અવસ્થા, હાલત, દશા. જેમ સોનું અને સોનાના ગુણો પીળાશ, ચીકાશ, વજન એ બધું ધ્રુવ છે. કુંડળ, કડા, વીંટી આદિ થાય તે તેની દશાઓ છે. કુંડળનો વ્યય થઈ અને કડાની ઉત્પત્તિ અથવા કડાનો વ્યય થઈને કુંડળની ઉત્પત્તિ (થઈ), પણ એ બધી દશાઓ છે. સોનાપણું જે છે પીળાશ, ચીકાશ વજનનું એ તત્ત્વ ધ્રુવ એમાં એ કુંડળ અને કડાની અવસ્થાનો અભાવ છે. અવસ્થા અવસ્થામાં છે. સમજાણું કાંઈ? આ તો ધીમેથી (સમજવા જેવું છે), બાપા! એવા મારગડા સંસારના અંત લાવવાના અપૂર્વ માર્ગ, ભાઈ! એની રીતું કોઈ અલૌકિક, અલૌકિક, લોક સાથે ક્યાંય મેળ ખાય એવી નથી. જગત સાથે મીંઢવણી ન થાય. એ મારગડા તારા સંતના જુદાં છે. સમજાણું કાંઈ?

કહે છે, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું. સંતોએ ચારિત્રસહિત અનુભવ્યું અને કહે છે, ભાઈ! ભગવાન તું આત્મા, તું ત્રિકાળી સત્ છો. સત્ એ ન હોય કોઈ દિ' એમ ન હોઈ શકે. .. આવે છેને? ન હોય તે નવું થાય નહિ અને હોય તે જાય નહિ. રૂપાંતર થાય, બસ! આ રૂપાંતર અને કાર્ય બે ચીજની વાત છે આ. સમજાણું કાંઈ? ત્યારે આત્મામાં મિથ્યા ભ્રમ અને અજ્ઞાન અને રાગ-દ્વેષ અવસ્થા છે હોં, નથી એમ નહિ. છે ક્ષણિક, છે ક્ષણિક, પણ છે ક્ષણિક. ક્ષણિક પણ છે. ક્ષણિક એટલે નથી જ ક્ષણિકપણામાં (એમ નથી). સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ત્રિલોકનો નાથ પૂર્ણાનંદનો પ્રભુ સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા પોતે આત્મા છે. આહા..હા..! એને બીજો કોઈ પરમેશ્વર એની દશાને પ્રગટ કરાવે એવો એ નથી. પણ એની દશા એ પોતે પ્રગટ કરે વિકારી સંસારની દશા, દુઃખરૂપ દશા, સંસાર દુઃખરૂપ દશા છે. ત્યારે આત્યંતિક દુઃખથી મુક્ત થવાનું કહેવાય છેને. જો દુઃખ ન જ હોય, ભ્રમ. ભ્રમ પણ છે કે નહિ? ભ્રમ પણ છે કે નહિ? કે ભ્રમ અભ્રમ છે? ભલે ક્ષણિક છે. અહીં ક્ષણિકની સિદ્ધિ કરવી છે. એની અનિત્ય ક્ષણિક દશામાં સંસાર ભ્રમણા અજ્ઞાન છે. એ ન કબુલ કરે એને તો દ્રવ્ય અને વસ્તુની પર્યાયનું ભાન નથી. એ તો અજ્ઞાન છે, મૂઢ છે. અને એ અજ્ઞાનદશા ટળીને પૂર્ણ પરમાત્મદશા. અંતરાત્માની તો અહીં વાત કરી નથી. બે આખા સીધા. આ બધા ... ભાવ એમાં નથી.

અહીં તો પૂર્ણ પરમાત્મ જેને કેવળજ્ઞાન સાધ્ય કરીને પ્રગટ કરવું છે, એક સમયમાં ત્રણકાળ

ત્રણલોક જાણે એવી આત્માના એક જ્ઞાનગુણની એક સમયની દશા એ દશા પરમાત્માને હોય છે. સમજાણું કાંઈ? નમો અરિહંતાણં શબ્દ આવે છેને? એમાં એ ગુણ ભર્યો છે. અરિ એટલે કે વિકારી પરિણામ એ જીવનો વેરી ભાવ છે. મિથ્યાભ્રાંતિ અને રાગ-દ્વેષના ભાવ, ભગવાન સ્વભાવ ચિદાનંદ પ્રભુ એવા નિત્યાનંદસ્વભાવની અપેક્ષાએ એ વિકારભાવ તે અરી નામ વેરી નામ દુશ્મન છે. એને જેણે હંતા-હણ્યા એટલે કે જેની દશામાંથી વેરીના ભાવો અજ્ઞાન, રાગ-દ્વેષના ગયા અને એના સ્થાનમાં નમો અરિહંતાણં આવે છેને? ગુણવાચક છે કોઈ પક્ષનો નથી શબ્દ કોઈ. એ વાડાનો શબ્દ નથી. એ વસ્તુના સ્વરૂપનો શબ્દ છે. સમજાય છે કાંઈ?

નમો અરિહંતાણં એટલે જેણે વિકારી મિથ્યાત્વભાવને હણ્યા તો એનો અર્થ થઈ ગયો કે એ ક્ષણિક હતું. ક્ષણિક એ જઈ શકે. ત્રિકાળી જાય? અને ક્ષણિક નહોતું? નહોતું તો હણ્યું કોને? અને જ્યારે હણ્યું અને અજ્ઞાન અને રાગ-દ્વેષ ગયા ત્યારે થયું શું દશામાં હવે? પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વચ્છતા, શાંતિ પ્રગટ થાય એને અરિહંત પરમાત્મા સર્વજ્ઞદેવ કહેવામાં આવે છે. આહા..હા..! એ દશા પણ વ્યવહાર છે. પંડિતજી! બીજા પંડિતજી ... રાજકોટમાં છાપ એવી છે એની. હવે લાલભાઈની છાપ એવી છેને ત્યાં રાજકોટમાં ઝાઝા ઝીણા-ઝીણા વ્યાખ્યાન માગે છે. .. એને લઈને ઘણા ભેગા થયા છે હોં! .. બીજા ઘણા આવ્યા છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

ભગવાન! આ તો તારી ભાગવત કથા છે હોં! છે છેલ્લે. છેલ્લી ગાથામાં કહ્યું કે ભાગવત શાસ્ત્ર છે આ. ભગવાનનું કહેલું, ભગવાન થવાનું. છેલ્લે શબ્દ છે. છે છેલ્લે જુઓ! છેલ્લી ગાથામાં છે. ૩૭૨ જુઓ, નીચેથી ત્રીજી જુઓ, '**આ નિયમસાર શાસ્ત્ર ભાગવત શાસ્ત્ર છે.**' એ ૩૭૨ પાનું. નીચેથી ત્રીજી લીટી. સંસ્કૃતમાં પણ છે. '**भागवतं शास्त्रमिदं निर्वाणसुंदरी**' સંસ્કૃતમાં પણ છેલ્લી બીજી લીટી. હજાર વર્ષ પહેલાં સંસ્કૃત થયું છે. ભાગવત-ભગવાનસ્વરૂપ મહિમાવંત એવા આત્માને કહેનારું અને એવો આત્મા વસ્તુ સ્વરૂપે છે એની દશા પ્રગટ કરાવનારું આ ભાગવત શાસ્ત્ર છે અને કુંદકુંદાચાર્યે બનાવીને એમ પણ એમણે કહ્યું કે મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. એમાં છે જુઓ, નિયમસાર. '**णियभावणाणिमित्तं**' ૧૮૭ ગાથા છેલ્લી. પહેલું પદ. '**णियभावणाणिमित्तं**' મહામુનિ સંત છે. આનંદમાં ઝૂલતા અતીન્દ્રિય આનંદને ઝૂલે ઝૂલતા. કેવળજ્ઞાનને લેવાની તૈયારીવાળા. બાહ્યમાં નગ્ન મુનિ હોય છે. મુનિ હોય એ બધા નગ્ન જ હોય. મુનિની દશા વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જેની નગ્નદશા થઈ જાય અને જેના ત્રણ કષાયનો અંદર અભાવ થઈ જાય અને અતીન્દ્રિય આનંદની લહેરમાં ક્ષણમાં વિકલ્પ ઉઠે, ક્ષણમાં નિર્વિકલ્પ થઈ જાય, એવી જેને હજારો વાર એક દિવસમાં દશા આવે એને જૈનમાર્ગ એટલે સર્વજ્ઞના પંથમાં એને મુનિ કહેવામાં આવે છે. એ સિવાય મુનિ કહેવામાં આવતા નથી. આહા..હા..!

કહે છે, આ મારી ભાવના માટે કર્યું. જુઓ, મારી ભાવના. આવા કુંદકુંદાચાર્ય જેવા ખાસ, ભગવાનના ભેટા થયેલા અને ભગવાન સર્વજ્ઞપણાની પર્યાયને ભેટા થવાને એકાદ ભવ બાકી છે, અત્યારે સ્વર્ગમાં છે. મનુષ્ય થઈને મુક્ત થશે. એવી જેની દશા છે એ કહે છે કે અમે આ નિયમસાર મારી ભાવના માટે બનાવ્યું છે. સમજાણું કાંઈ? એ ભાવનામાં આ ભાવ આવ્યો. ભગવાન! તારી આ વાત તારા સ્વરૂપની વાત છે, પ્રભુ! આ કોઈ સંપ્રદાયની કે ફલાણાની વાત નથી, પણ હવે શું થાય? નામ ફર્યા અને સંપ્રદાયમાં નામ ફરે એટલે માણસ ભડકી જાય.

કહે છે, ભાઈ! તારું અંતરતત્ત્વ નિત્યાનંદનું ચોસલું, કસ એમાં તો આ સિદ્ધની દશા અને સંસારદશા એ નથી જ. નથી એટલું નથી. નથી જ. અરે! એકાંત ન થાય? 'જ' તો ભગવાનના માર્ગમાં ન હોય. આવે છે કે નહિ ક્યાંક? એય..! રતિભાઈ! એવું આવે છે. મારા મહાવીરના માર્ગમાં 'જ' ન હોય. ઈ કઈ અપેક્ષાએ? એ તો એકાંત નિત્ય જ માને, એકાંત અનિત્ય જ માને એમ નહિ. આ વસ્તુમાં તો એકાંત જ છે. અંતર ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા જેના ઉપર મીટ માંડી, દૃષ્ટિ કરી ધર્મ થાય અને સમ્યગ્દર્શન ત્યારે થાય એ વિના ત્રણકાળમાં સમ્યગ્દર્શન થાય નહિ. નિમિત્તના લક્ષે ન થાય, દયા, દાનના લક્ષે ન થાય, આ વર્તમાન પર્યાયને લક્ષે ન થાય એ ગુણ-ગુણીના ભેદના લક્ષે ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી...**' ભારે વાત, ભાઈ! આવી ધર્મકથા કેવી? ભગવાન! તારા ઘરની આવી છે, ભાઈ! અપૂર્વ વાત! જેને ઈન્દ્રો સાંભળવા ઉતરતા હશે એ વાતું કેવી હશે? ચકલી લાવી ચોખાનો દાણો અને ચકલો લાવ્યો મગનો દાણો, એની કરી ખીચડી, ખીચડી ખવરાવીને પછી.. આવે છેને? નાના છોકરા વાતું કરે. એમ પરની દયા પાળવી એ તો કુંભાર પણ કહે છે. એવી વાતું સાંભળવા ઈન્દ્રો ઉતરતા હશે ઉપરથી? સમજાય છે કાંઈ? બાપુ! એ અંતરની વાતું અંતરના મર્મ અને અંતરના ગર્ભની વાતું સર્વજ્ઞે અને સંતોએ જે બહાર મૂકી એને સાંભળવા ઈન્દ્રો ઉપરથી ઉતરે. આહા..હા..! આ માર્ગ અને આ વસ્તુ. આહા..હા..! નહિતર એ તો સમકિતી છે. સુધર્મ દેવલોક છે આ ..ની ઉપર. બાર દેવલોક છે સુધર્મ આદિ. એ સુધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે પત્થરના સ્ફટિકના. એમાં એક-એક વિમાનમાં કેટલામાં અસંખ્ય દેવ છે. એક એક કોઈમાં, કોઈમાં સંખ્યાત (છે). બધાનો સાહેબો એ શક્રેન્દ્ર છે. એ પોતે સમકિતી આત્મજ્ઞાની છે. આ એને ભાન છે આવું. એને તો છે પણ એની રાણી છે ઈન્દ્રાણી તે પણ સમ્યગ્દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? દેહ હો, દેહ તો સ્ત્રીનો, પુરુષનો એ તો દેહ છે. ભગવાન ક્યાં આત્મા સ્ત્રી-પુરુષ થઈ જાય છે. આહા..હા..! જેમાં દેહના આકારો પણ નથી, પણ જેમાં વિષયની વાસનાના વેગનો ભાવ પણ જે તત્ત્વમાં નથી, વસ્તુમાં ક્યાં છે? અહીં કહ્યું નહિ? આહા..હા..!

અલિંગગ્રહણમાં આવ્યું છે આપણે. દ્રવ્ય-ભાવ વેદનો જેમાં અભાવ છે. ભગવાન આત્મા દ્રવ્યવેદ આકારો આ પુરુષનો, સ્ત્રીનો. આ તો માટીનો આકાર છે, એ આત્મામાં નથી. પણ ભાવવેદની વાસના વિકૃતભાવ... આહા..હા..! જેના અંતર તત્ત્વના સ્વભાવમાં એ નથી. કીધુંને સંસાર નથી કીધુંને? આહા..હા..! જેના અંતર ભાવમાં પરમસ્વભાવભાવ ધ્રુવ (એમાં) ઉદયભાવ નથી એમ કહે છે. ભાઈ! આ એમાં ક્ષાયિકભાવ નથી એમ કહે છે લ્યો. બે વાત. એનો છેડો લઈએ તો આ છે. સંસાર તે ઉદયભાવ છે વિકારભાવ અને સિદ્ધ તે ક્ષાયિકભાવ છે. પર્યાયો છે તેવી. એ ઉદય અને ક્ષાયિકની પર્યાય ધ્રુવમાં નથી, નથી ને નથી એમ કહે છે. એય..! મહેન્દ્રભાઈ! આહા..હા..!

'**એ બુધ પુરુષોનો નિર્ણય છે.**' જ્ઞાનીઓનો, અનંત જ્ઞાનીઓનો થયા, છે અને થશે, આવા ધર્માત્મા સમકિતીનો, મુનિઓનો આ નિર્ણય છે. એ..! રતિભાઈ! આમાં તો એમ કહે છે કે દેવ, ગુરુને આશ્રયે સમકિત ન થાય એમ કહે છે. દેવ-ગુરુને ધર્મને નામે વિકલ્પ છે, એને આશ્રયે ધર્મ ન થાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્માને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ પણ દ્રવ્યમાં નથી એમ કહે છે. આહા..હા..! એ પ્રભુ અભેદ ચૈતન્ય વસ્તુ જે છે એમાં નથી સંસાર, નથી તેમાં મુક્તદશા, આ બુધપુરુષોનો નિર્ણય છે, લ્યો! છેલ્લે ઈ મૂક્યું છે. સમકિતીનો આ નિર્ણય છે. ધર્મી જેને કહીએ એ ધર્મી પુરુષનો આ નિર્ણય છે. મારી ચીજ અંતર્મુખ જે દ્રવ્ય છે એમાં પર્યાયોનો અભાવ છે. આનું નામ સમ્યગ્દર્શનનો નિર્ણય કહેવામાં આવે છે. એય..! નવરંગભાઈ! લ્યો એ શ્લોક પૂરો થયો.

હવે ૩૮. ૩૮ ગાથા. આ તો લાલચંદભાઈએ લખાવી છે હોં. ૩૮. પાનું-૭૭. ત્રીજો શુદ્ધભાવ અધિકાર. એ જીવભાવ અધિકારની ગાથાઓ કીધી. જીવ અધિકારની વાત. હવે એ જીવને અહીં શુદ્ધભાવ તરીકે કહે છે. જે ધ્રુવ કીધો, જેમાં સંસાર અને મુક્ત દશા નથી એવા ભાવને આ શુદ્ધભાવ કહે છે. જે પુણ્ય-પાપનો ભાવ અશુદ્ધ અને શુદ્ધ ઉપયોગ નિર્મળ રાગરહિતની ઉપયોગદશા શુદ્ધ એ તો પર્યાય છે. એની અહીં વાત નથી. છેને શુદ્ધભાવ? શુદ્ધભાવ એટલે ત્રિકાળી ભાવ એને અહીં શુદ્ધભાવ કહેવો છે. સમજાણું કાંઈ? શુદ્ધભાવ અધિકાર. '**હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.**' જુઓ છેને? ૩૮ ગાથા ઉપર. શુદ્ધભાવ એટલે ધ્રુવ નિત્યભાવ. જે રાગ વિનાનો, પણ એક સમયની પર્યાય વિનાનો ભાવ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એની ગાથા.

**जीवादिबहितच्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।**
**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**--જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

'**ટીકા :- આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' એટલે? જેનામાંથી લક્ષ છોડવાલાયક તેને અહીંયાં હેય કહે છે. જેમાં લક્ષ દેવાલાયક તેને ઉપાદેય કહે છે. શું કહ્યું સમજાણું? જેનાથી લક્ષ છોડવું છે તે દશાઓને હેય કહે છે અને જેમાં ... છે ભાવ એને અહીંયાં ત્રિકાળીને ઉપાદેય કહે છે. ત્રિકાળી ભગવાન આત્મા તે આદરણીય છે. એક સમયની દશા પણ આદરણીય ધર્મીને છે નહિ. આહા..હા..! .. સાંભળ્યું ન હોય ને આવી વાતું. બાપા! એ વાતું તારી પહેલા નંબરની .. આ છે. બાકી બીજી વાર્તા સાંભળી સાંભળીને... કહે છેને. સાંભળીને ફૂટ્યા કાન.. શું આવે છે? કથા સાંભળી ફૂટ્યા કાન તોયે ન આવ્યું આત્મજ્ઞાન. પણ વાસ્તવિક તત્ત્વની ખબર વિના ભાન ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? કાં પરમેશ્વર પ્રસન્ન થાય તો આપણને મુક્તિ આપે. હજી પરમેશ્વરને પ્રસન્ન થાવું હશે એને, એવા પરમેશ્વર. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણાનંદના નાથ જગતના સાક્ષી છે. એ કોઈને દેતા-લેતા નથી. આહા..હા..! એની વાણીમાં માર્ગ અને તત્ત્વનું સ્વરૂપ આવે વાણીમાં. એના ભાવ તો એની પાસે રહ્યા. એમાંથી જે સમજનાર પાત્ર હોય એ સમજે અને આત્મામાં કલ્યાણ થાય. ...

કહે છે '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' ઓહો..હો..! માર્ગ. કહે છે કે જીવની એક સમયની જે પર્યાય છે એ જીવતત્ત્વ અહીં કહેવામાં આવે છે. વ્યવહાર તત્ત્વ કહેવું છેને. જીવમાં ત્રિકાળી જે ધ્રુવ એ સિવાયની વર્તમાન અવસ્થા, હાલત, દશા એને અહીંયાં જીવ, વ્યવહારજીવ કહેવામાં આવે છે. એ પરદ્રવ્ય છે, હેય છે. ગોદિકાજી! આ બધી અલૌકિક વાતું છે. આહા..હા..! જીવાદિ એટલે જીવ, અજીવ. શરીરાદિ અજીવ એ પણ આદરણીય નથી. ધર્મી જીવને એ આદરણીય નથી. આહા..હા..! અહીં તો કહે ભગવાનની મૂર્તિ અને ભગવાન પોતે આદરણીય નથી એમ કહે છે. વ્યવહારે વિકલ્પ આવે ત્યારે લક્ષ જાય અને હોય એટલી વાત, પણ છે હેય. એવો માર્ગ છે, બાપા! આહા..! વચ્ચે શુભરાગ ભક્તિનો, પરમાત્માને માનવાનો, પરમાત્માને વંદન, સ્તુતિ આદિ હો, પણ એ ભાવ ભગવાન ધર્મીને તો હેય છે. આહા..હા..! હેયબુદ્ધિએ આવે છે. સમજાણું કાંઈ? નાના-મોટા શરીરને ન જુઓ. પોતે પણ 'શરીર નાનું માટે હું બાળક છું' એમ ન જો. શરીર વૃદ્ધ થઈ ગયું માટે એમ ન જો ભગવાન! એ શરીરની દશાઓ તારામાં નહિ. અહીં તો કહે છે કે તારી એક સમયની દશા તારામાં એ પણ વ્યવહાર, એ પણ હેય છે. ઓહો..હો..! નવરંગભાઈ! આમાં પાણીનું ગળવું તો ક્યાંય રહી ગયું. ૨૦૦૫ની સાલને, એ વર્ષ થઈ ગયા ૨૨. એ પોતે કહે છે. આહા..હા..! ... બીબા રંગાયેલા કોરા સરખા હોય, ધોવો ત્યાં ઘાટ ફરે. પણ બુઠ્ઠા બીબા હોય અને બોળે .. પડે. એમ ભગવાન આત્મા અકૃત્રિમ નિર્વિકારી ભગવાનકંદ પ્રભુ આત્મા એની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શનના એમાં આકાર પડે, સમ્યગ્દર્શનની દશા થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

જે તત્ત્વ ત્રિકાળી ભગવાન એ આત્મા અને એ સિવાયની બીજી વર્તમાન દશા એ પુણ્ય અને પાપના ભાવો એ આસ્રવ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવ, પુણ્ય આસ્રવ. પાપ હિંસા, જૂઠું આદિ પાપ આસ્રવ. જીવની પર્યાય એક, અજીવ બે, પુણ્ય-પાપ બે થઈને આસ્રવ ત્રણ અને બંધ. એ રાગમાં અટકેલી દશા એ બંધ અને સંવર એ આત્માને આશ્રયે શુદ્ધતા પ્રગટે એ સંવર અને આત્માને આશ્રયે શુદ્ધતાની વૃદ્ધિ થાય એ નિર્જરા, ઝરવું અશુદ્ધતાનું ખરવું અને પૂર્ણ દશા પ્રગટ થાય તે મોક્ષ. તે બધા સાતેય તત્ત્વો બાહ્ય દ્રવ્ય, પરદ્રવ્ય છે. સમજાય છે?

પહેલા આપણે રિવાજ હતો ભાઈ લગનમાં. .. પરણવા એને સૂતરની ઓલી આપતા, ફાળકો. ગૂંચવીને આપે. ગામડામાં અમે તો બધું જોયેલું. એય..! ગોદિકાજી! આ સૂતરનો ફાળકો નથી? સૂતરનો. આમ એવું ગૂંચવે કે ઓલો પરણવા આવ્યો છે તો એના વેગમાં ધીરજ છે કે નહિ? એ જોવા માટે એ.. જોવે છે .. પહેલું હતું એવું. પરણવા આવે એને ગુંચવાયેલું સૂતરનું ઓલું આપે. બાયડી પરણવા આવ્યો તો એની હોંશમાં અધીરજ નથીને તને? ધીરો .. તો ઘૂંચ નીકળશે, નહિતર ઘૂંચ નીકળશે નહિ. એ સૂતરના ફાળીયા આપતા. શું કહેવાય એને? ફાળકો-ફાળકો.

એમ અહીં પરમાત્મા કહે છે કે ધીરો થઈને જો તો તને આ વાત સમજાશે. તને લગન કરવા છે આત્મા સાથે. આત્માની લગની લગાવવી છેને. તને મોક્ષ કરવો હોય અને ધર્મ કરવો હોય તો ધીરો થા. ઘૂંચ કાઢવી છે. આ સૂતરના દોરાની ઘૂંચ કાઢી. કાથી હોય તો જરી કડક હોય એટલે ઝટ નીકળે. સમજાણું કાંઈ? એમ અનાદિની અજ્ઞાનની ઘૂંચ એવી નાખી છે કે ધર્મને નામે પણ મહામિથ્યાત્વનું સેવન કરે છે. સમજાણું કાંઈ? આ તો હજી 'નિમિત્ત સારા હોય તો મને ધર્મ થાય, કોઈકની કૃપા થઈ જાય તો ધર્મ થાય, મને શુભભાવ ઉત્કૃષ્ટ પ્રશસ્ત રાગ છેને, પ્રશસ્ત રાગ છેને એનાથી કલ્યાણ થશે—' એવી ઘૂંચ મિથ્યાત્વની મારી નાખે એને. એમ કરતાં 'એક સમયની પર્યાય છે એટલો હું' એ પણ મોટી મિથ્યાત્વની ઘૂંચ છે. સમજાણું કાંઈ? આરે ભારે! આવી ધર્મકથા! ઓલી તો વાર્તા કહે, .. આવે. જરી કહે તો ખરા કે .. બાયડી ન આવી હોય અને કહે કે તમે શું સમજી આવ્યા? આ મહારાજ કહે છે એક ધ્રુવ છે. એ ધ્રુવ શું હશે? તારો? અને એમાં પર્યાય પર્યાયમાં છે એ પર્યાય ધ્રુવમાં નથી. હવે આમાં...

કહે છે, ભગવાન! સાંભળ પ્રભુ! તારા ઘરની વાતું, નાથ! આહા..હા..! કહે છે ઓહો..! ગજબ કામ કર્યા છેને આચાર્યોએ. વાણી દ્વારા આટલું તો મૂક્યું છે. '**જીવાદિ સાત તત્ત્વો...**' સાત કહ્યા. જીવની એક સમયની દશા એ જીવતત્ત્વ, આ શરીર, વાણી અજીવતત્ત્વ, એનું જ્ઞાન થાય એ પણ પર્યાયનું. અને રાગ, દયા, દાનના વિકલ્પો હિંસા આદિના બે થઈને આસ્રવતત્ત્વ. એ ત્રણ થયા. રાગમાં અટક્યો છે એ બંધતત્ત્વ, સંવર, નિર્જરા અને મોક્ષ.

આ સાત તત્ત્વ. સંવર એટલે અહીં જે કહેવાય છે તે દ્રવ્યને લક્ષે નિર્ણય થયો, એ દ્રવ્યને આધારે દ્રવ્યના ધ્યેયે સમકિત થયું એ સમકિતની પર્યાય સંવર છે, ... છે. આહા..હા..! ભગવાન! સાંભળવા મળવું મુશ્કેલ છે. સમજાણું કાંઈ?

અહીં પરમાત્મા કહે છે કે એ ભગવાન ભિન્ન છેને વસ્તુ પ્રભુ. એની અપેક્ષાએ એ સાતેય પર્યાયો તે પરદ્રવ્ય છે. કેમકે જેમ પરદ્રવ્યમાંથી નવી દશા આવતી નથી, તો .. આવતી નથી. નવી દશા આવવાનું ધ્રુવપણું જ્યાં ભગવાન ચિદાનંદ છે, અનંત ગુણમણિની ખાણ છે. એ ખાણ છે તે આત્મા છે, તે નિજ આત્મા છે. એય..! રતિભાઈ! ... કીધું, દેવ-ગુરુ-શાસ્ત્ર પર. એ સાચા સંત પર છે, સ્વદ્રવ્ય-આત્મા નહિ, એ આ આત્માના નહિ. એ પરદ્રવ્ય. શુદ્ધ પરદ્રવ્ય? શુદ્ધ છેને એ તો. શુદ્ધ એના ઘરમાં, મારા ઘરમાં ક્યાં હતા એ? ભક્તિ અને ટોકરા વગાડ્યા કરે.. વાંચ્યા કરે. માલમાં કાંઈ ન મળે. એય..! રતિભાઈ! ... મહાત્મા છે એ પરદ્રવ્ય કહેવાય? શુદ્ધ છે ઈ પર કહેવાય? ગુરુ મહાસંત આત્મજ્ઞાની ધર્માત્મા એ પર કહેવાય? લાખવાર પર કહેવાય અને અનંતવાર પર કહેવાય. સાંભળને! એય..! રતિભાઈ! ઈ તો પર. અહીં તો એક દ્રવ્યમાં થતી દશાઓ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? ભગવાન આ તો ઓગાળવા જેવું છે. સમજાણું? ઓલા ઢોર ખાઈને પછી નિરાંતે બેસે છેને. ... પછી ... ઓગાળે છે. ... એમ કહે છે કે આ સાંભળીને પણ એને ઓગાળવા જેવું છે, ભાઈ! આ વાત એવી છે. ઓગળ્યા વિના એના રસ ન થાય અને રસ વિના જઠર પાચન કરી શકે નહિ. આહા..હા..! ... હોવાને લીધે ખરેખર, ખરેખર આદરણીય નથી. મોક્ષની પર્યાય આદરણીય નથી. ગજબ વાત! મોક્ષ એને તો છે નહિ, પણ સંવર, નિર્જરાની પર્યાય થાય તે આદરણીય નથી, કઈ રીતે નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૨૪-૦૩-૧૯૬૯,
## ગાથા-૩૮, પ્રવચન નં.૭૪૧

.. અનંતકાળ. એથી એને છોડવાયોગ્ય શું અને આદરવાયોગ્ય શું એનો એને વિવેક, ભેદજ્ઞાન નથી. અને એ વિવેક અને ભેદજ્ઞાન થતાં એને જન્મ-મરણ .. ટળે છે. ટીકાનો પહેલો શબ્દ છેને. '**આ, હેય અને ઉપાદેય...**' એ શબ્દ કાલે નહોતો આવ્યો. નહિ? હવે નીચે. અહો..! એને સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરે જે આ આત્મા કહ્યો આત્મા એ તો અખંડ આનંદ અને ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા છે. એ ધર્મી જીવને અંતરમાં ધ્રુવનું ધ્યેય લક્ષમાં

લઈ અને ધ્યાન કરીને એને જ આદરવાલાયક છે. અનંતકાળથી આથડતો એને આથડવાની કારણ દશા શું છે એની એને ખબર નથી.

કહે છે કે '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' સંસ્કૃતમાં ભાઈ '**जातं**' શબ્દ પડ્યો છેને. '**जीवादिसप्ततत्त्वजातं**' સંસ્કૃતમાં છે. શું કહે છે? એ વાત અપૂર્વ છે કાંઈક ઝીણી. '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' જુઓ, હવે શબ્દ છે પાઠમાં તત્ત્વ અને ટીકાકારે એને દ્રવ્ય, પરદ્રવ્ય કહે છે. તત્ત્વને જ પરદ્રવ્ય કહે છે. એટલે તત્ત્વને પણ દ્રવ્ય કહી શકાય છે. સમજાણું કાંઈ? કાલે તો હજી શરૂઆત થઈ હતીને થોડી સવારે મંગળિક તરીકે. હવે આજે તો શરૂ થાય છે. ભાઈ! આ આત્મા એની એક સમયની જે અવસ્થા છેને અવસ્થા-દશા. એ પણ ખરેખર જીવનું સ્વરૂપ નથી. એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે ઉઠે, હો, એ કાંઈ જીવનો સ્વભાવ નથી અને એ જીવને આદરણીય નથી. સમજાણું કાંઈ? જીવ આદિ એટલે જીવની એક સમયની પર્યાય અથવા 'હું જીવ છું' એવો જે વિકલ્પ બેય વાત છે એમાં. જરી ઝીણી વાત છે, ભાઈ!

ભગવાન આત્મા એક સમયમાં જે ત્રિકાળ ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મા કેવળજ્ઞાનીએ ધ્રુવપણે જોયો. એને એક સમયની જે અવસ્થા છે, પર્યાય છે, પુણ્ય-પાપના રાગ વિનાની અવસ્થા છે એ પણ વ્યવહાર જીવ છે, એ ખરેખર જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! ઝીણી વાત પ્રભુ! એને એની વાત શું છે એ સાંભળવા મળતી નથી. કહે છે કે જીવ છું એવો જે વિકલ્પ અથવા એક સમયની પર્યાયવાળો વ્યવહાર જીવ, શરીર, કર્મ આદિ જે આ અજીવ માટી ધૂળ જે સ્વતંત્ર અજીવપણે રહેલા છે તે અને આત્મામાં થતાં પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ પરિણામ અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કોમળતા, રાગની મંદતા, વ્રતાદિના પરિણામ એ પુણ્ય પરિણામ જે છે એ પુણ્યતત્ત્વ છે. એ જીવાદિ તત્ત્વથી બાહ્યતત્ત્વ છે, એ અંતરતત્ત્વનું સ્વરૂપ નથી.

'**જીવાદિ સાત તત્ત્વો...**' એટલે પુણ્ય-પાપનો વિકલ્પ શુભ-અશુભભાવનો. એને અહીંયાં બાહ્યતત્ત્વ કહીને તેને અહીંયાં પરદ્રવ્ય કહ્યું છે, સ્વદ્રવ્ય નહિ; અને એમાં થતી સંવર-નિર્જરા ધર્મની પર્યાય એને અહીંયાં તો બાહ્યતત્ત્વ કહીને એને પરદ્રવ્ય કહ્યું છે. ઝીણી વાત, પ્રભુ! આહા..હા..! સમજાય છે કાંઈ? જેમ શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એને પણ બાહ્યતત્ત્વ કહીને તેને પરદ્રવ્ય કહ્યું, પરવસ્તુ કીધી, સ્વવસ્તુ નહિ. તેમ તેની એક સમયની દશામાં વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ એને આશ્રયે થતી શુદ્ધતાની ધર્મદશા એને પણ અહીં તો કહે છે કે એક સમયની ધર્મદશા છે એ બાહ્યતત્ત્વ છે. અંતરતત્ત્વ આખો પરમાત્મસ્વરૂપ જે સર્વજ્ઞપદ જે આખું નિજધન છે, નિજનિધાન છે એવા સ્વવસ્તુના દ્રવ્યની અપેક્ષાએ ધર્મની વીતરાગી અવસ્થા થાય એને પણ અંતરતત્ત્વની અપેક્ષાએ અંશ ધર્મની દશાને પણ બાહ્યતત્ત્વ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે

કાંઈ? અને બાહ્યતત્ત્વ કહીને તેને જ પરદ્રવ્ય કહ્યું છે. પાછું કોઈ એમ કહે કે તત્ત્વ જુદું અને પરદ્રવ્ય જુદું એમ છે નહિ. ભાઈ! સમજાણું કાંઈ?

એથી કહ્યું, ભગવાન આત્મામાં એક સમયની દશા કે રાગ કે સંવર, નિર્જરા, મોક્ષના માર્ગની દશા જે અંદર પ્રગટ થાય તે, અર્થાત્ આત્માની પૂર્ણ શુદ્ધતા, પરમ અતીન્દ્રિય આનંદની દશા મોક્ષરૂપ અવસ્થા પ્રગટ થાય તે, એ એક સમયની અવસ્થા ગણીને ત્રિકાળ તત્ત્વની અપેક્ષાએ તે અવસ્થાને પરતત્ત્વ કહી, બાહ્યતત્ત્વ કહીને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

૧૯૨મી ગાથામાં લીધું છેને, ભાઈ! ૧૯૨. ૧૯૨. પ્રવચનસાર. એક મુસાફર સડકની ઉપર ચાલ્યો જાય છે. સડકમાં હજારો ઝાડની છાયાં પડે છે. સૂર્ય એ બાજુ છે. મુસાફર આમ ચાલ્યો જાય છે. તો એ બાજુ હજારો ઝાડ છે એની છાયા પડે છે. એનો અંગ તે છાયાને સ્પર્શ થતાં તે છાયાને પોતાની માનતો નથી. એ મુસાફર આમ ઓળંગતો જાય છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા ધ્રુવ પ્રભુ ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ સિદ્ધસ્વરૂપ એની દશામાં શરીર, વાણીનો સંયોગ જે ઝાડની છાયા અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પણ એક ઝાડની છાયાં. અરે! એની એક સમયની નિર્મળ અવસ્થા એ પણ એક સમયની છાયાં, ત્રિકાળ સ્વરૂપ નહિ. ભાઈ! વાતું સાચી મળવી મુશ્કેલ છે. એણે અનંતકાળ ગાળ્યા છે. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો અને દિગંબર સાધુ એવો થયો કે જેને ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવા જેણે પંચમહાવ્રત પાળ્યા, પણ એ બધો વિકલ્પ અને રાગ છે. એને એ માને છે કે ધર્મ છે.

અહીં તો કહે છે, ભગવાન! આત્માને ભગવાન તરીકે જ સંબોધે છે પ્રભુ. '**જીવાદિ બાહ્યતત્ત્વો...**' એ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિનો કે સંવર, નિર્જરા આદિ દશાનો એ અંતર કાયમનું ધ્રુવતત્ત્વ અને એ તો બધી છાયામાત્ર છે, એને ઓળંગી જનાર ધ્રુવ છે. ઝીણું છે, પ્રભુ બહુ ઝીણું છે, ભાઈ! એને એની અંતરની દૃષ્ટિનો વિષય કોઈ દિ' હાથ .. નથી. અનંતવાર ત્યાગી થયો, મુનિ થયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા શું ચીજ છે? એને એમ માન્યો છે કે આ પુણ્ય, દયા, દાનના પરિણામ કરે એ આત્મા. ભગવાન કહે છે કે કરે એ તો આત્મા નહિ, પણ પુણ્ય-પાપના પરિણામ પોતે આત્મા નહિ. આહા..હા..! અરે! અંદરમાં શુદ્ધ આત્માની દશા પવિત્ર વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટ થાય એ પણ આત્મા ત્રિકાળી તત્ત્વની અપેક્ષાએ એક સમયનો અંશ છે, એથી અંતરતત્ત્વની અપેક્ષાએ તે પર્યાયને પણ પરમાત્માએ બાહ્યતત્ત્વ અને પરદ્રવ્ય કીધું છે અને હેય કીધું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જીવાદિ સાત તત્ત્વોનો...**' 'जातं' 'जातं' એટલે સમૂહ. સંસ્કૃતમાં 'जातं' શબ્દ પડ્યો

છે. આ તો અધ્યાત્મ વસ્તુ છે. એ શબ્દોમાં પાછળ વાચ્ય ઘણું ઝીણું અને સૂક્ષ્મ છે. ભાઈ! એણે અનંતવાર પંચમહાવ્રતના પરિણામની ક્રિયાઓ દયા, દાન, વ્રતની અનંતવાર કરી છે અને શાસ્ત્રના ભણતર પણ એણે અગિયાર અંગ અને નવ-નવ પૂર્વ ભણી ચુક્યો છે. એ વસ્તુ કાંઈ નથી. એ તો નહિ, પણ અહીં તો કહે છે, ભગવાન આત્મા ધ્રુવ પ્રભુ નિત્યાનંદ અવિનાશી અણકરેલો અકૃત્રિમ નાશ વિનાનું તત્ત્વ ધ્રુવ, એવા અંતરતત્ત્વની અપેક્ષાથી એ અંતરતત્ત્વ તે આદરણીય છે, દૃષ્ટિ મૂકીને ઉપાદેય છે. એવા અંતરતત્ત્વની અપેક્ષાએ આ શરીર, વાણી, મન, ધૂળ, પૈસા, લક્ષ્મી, આબરૂ, બાયડી, છોકરા એ પરદ્રવ્ય તો જુદાં, પણ દયા, દાનના વિકલ્પ એને પરતત્ત્વ કહીને ભગવાન તો કહે છે, એ પરદ્રવ્ય છે, ભાઈ! તારી ચીજ નહિ. અરે! અંદરમાં શુદ્ધતાની એક સમયની નિર્મળ વીતરાગી દશા થાય એ તારું કાયમનું તત્ત્વ અને કાયમનું સ્વ અંતઃતત્ત્વ દ્રવ્ય નહિ. આહા..હા..! જેમાં નજર કર્યે નિધાન ભગવાન આત્મા છે એ નિધાનની નજર કર્યે ધર્મ જે પ્રગટ થાય, કહે છે કે એ પણ અંતરદૃષ્ટિના ધ્રુવના આદરની અપેક્ષાએ હેય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

પરમાત્મા એમ ફરમાવે છે, ઈન્દ્રોની સમક્ષમાં અને ગણધરોની સભામાં પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની ઈચ્છા વિનાની દિવ્યધ્વનિ નીકળી. ત્યાં અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર જેને ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં અસંખ્ય દેવો, એવા સાહેબા ઉભા હતા અને ભગવાનની વાણી આમ નીકળી. સમજાય છે કાંઈ? ભાઈ! તું ચૈતન્ય ધ્રુવ પરમાત્મા સ્વરૂપ, પરમસ્વરૂપ છોને ત્રિકાળી. એ વસ્તુની અપેક્ષાએ એનો એક સમયની દશા અને વિકારી પર્યાય અને સંયોગી વસ્તુ એ બધાને બાહ્યતત્ત્વ કહી, પરદ્રવ્ય કહી, ભગવાને તેને હેય કહ્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એક સમયની નિર્મળ અવસ્થા પણ ધ્રુવને ક્યાં અડે છે! એમ કહે છે. આહા..હા..! શું કહે છે ઈ? પુણ્ય-પાપનો, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે છે એ તો રાગ છે એ તો એને અડતો નથી વસ્તુને, પણ એક સમયની નિર્મળદશા એ તો પલટતી... પલટતી... પલટતી અવસ્થા ધ્રુવ તેને ક્યાં અડે છે! એવો ભગવાન આત્મા ધ્રુવ અસ્તિ, સત્તા, હોવાપણે પરમાત્મા પોતે છે. એને અહીંયાં ભગવાન સ્વદ્રવ્ય કહે છે, સ્વવસ્તુ કહે છે, સ્વતત્ત્વ કહે છે, અંતરતત્ત્વ કહે છે. એ નજર કરીને ઉપાદેય કરવાલાયક છે કહે છે. રતિભાઈ! આવી વાતું છે. આહા..હા..! પૈસા-બૈસા ને શરીર, ધૂળ તો ક્યાંય રહી ગઈ. ભગવાન! તારામાં એ ક્યાં હતા, ભાઈ! જુદાં પડે એ તારા નહિ, જુદાં પડે એ તારા નહિ અને તારા હોય એ જુદાં પડે નહિ. ભગવાન! આ શરીર, વાણી, માટી તો જડ છે, પ્રભુ! એ તો જડપણે થઈને રહેલા છે. આત્માની પર્યાયપણે થઈને પણ આ રહ્યા નથી.

ભગવાન આત્મા દ્રવ્ય જે કાયમી ચીજ અને ગુણ કાયમનો સ્વભાવ એમાં થઈને આ શરીર, કર્મ અને આ પૈસા, લક્ષ્મ, આબરૂ, કીર્તિ એ તો થઈને રહ્યા નથી, ત્રિકાળમાં પણ

એની એક સમયની અવસ્થામાં એ એના થઈને રહ્યા નથી. હવે જે એના થઈને રહ્યા નથી એને મારા માનવા, મોટો ભ્રમ ભાઈ! ભગવાન મહામિથ્યાત્વની શ્રદ્ધા છે તને. આહા..હા..! ત્યારે શું કરવું અમારે આ બધું છોડીને ચાલ્યું જવું? ઓલો કહે છેને આપણે નહિ? કૃષ્ણદાસ શું નામ? અમૃતલાલ, ઝરીયાવાળા ઘણીવાર કહે છે. એ પ્રશ્નનારદ છે. પ્રશ્નનારદ છે. પ્રશ્નમાં એવું જ પૂછે એ. આવું તમે કહો ત્યારે અમારે બાવા થઈને બેસવું ત્યારે આ બેસે આ વાત. પણ બાવો જ છો સાંભળને.

**શ્રોતા :-** બાવો છે એ વાત ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાવો એટલે પર વિનાની ચીજ તારી તદ્દન ત્રિકાળ જુદી પડી છે. પરમાં તું ગયો નથી, પર તારી દશામાં આવ્યા નથી, પણ તારી દશામાં થતા તારા અપરાધથી દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધના પરિણામ એ પણ તારામાં નથી, તારી ચીજ નથી, તેમાં તું નથી, તારામાં તે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો મનુષ્યનો દેહ મળ્યો, ચાલ્યા જાય છે કેટલા જીવો. જુઓને, આ સાંભળ્યું. આહા..હા..! ૩૦-૩૦ વર્ષના, ૩૪-૩૪ વર્ષના જુવાન આંખ મીંચીને ચાલ્યા જાય છે. આમ કહળ્યા કુટુંબ બેઠા હોય, બાયડી તો આમ લીલા સાંઠા જેવી, છ-છ મહિનાના પરણેતર. બાપા! કોના પરણતેર? કોના સંબંધ? ભગવાન! આહા..હા..! તારે ને એને શું સંબંધ છે કાયમી? શેઢે ને સીમાડે પ્રભુ તારે અને પરદ્રવ્યને કાંઈ સંબંધ નથી, નાથ! આહા..હા..! અરે! તારે કહે છે કે પુણ્ય-પાપના વિકલ્પની સાથે સંબંધ નથી. અરે! તને તારા ધર્મની પર્યાયનો અંશ પ્રગટે તેની સાથે દ્રવ્યને સંબંધ નથી. આહા..હા..! એ વાત એને સાંભળવા અનંતકાળમાં મળી નથી. સમજાય છે કાંઈ?

'**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે...**' જુઓ, ખુલાસો કરે છે મુનિ. કુંદકુંદાચાર્ય મહારાજ સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં થયા. પોન્નુર હીલ છે. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ પોન્નુરહીલ નામની ટેકરી છે ત્યાં રહેતા હતા. ધ્યાનમાં રહેતા હતા. વંદેવાસ નામનું ગામ છે દસ હજાર વસ્તીનું. એનાથી પાંચ માઈલ દૂર છે. પોન્નુર હીલ ત્યાં ધ્યાનમાં રહેતા સંવત્ ૪૯ લગભગ. ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર ભગવાન બિરાજે છે ..માં. વચલા પ્રતિમા કોણ છે? સીમંધર ભગવાન. એ સીમંધર ભગવાન. અહીં તો ઘણે ઠેકાણે હોય છે ખબર નથી. ઘણાં મંદિર થઈ ગયાને. એ સમીંધર ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં અત્યારે મોજૂદ છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. એમની પાસે ગયા હતા સંવત્ ૪૯. બે હજાર વર્ષ થયા. આત્મભાન હતું, આત્માના આનંદની અતીન્દ્રિય સ્વસંવેદનની પ્રચુર દશા હતી, સ્વસંવેદન આત્માના આનંદની, અતીન્દ્રિય આનંદના સ્વાદની ઉગ્ર દશા હતી, છતાં ભરતક્ષેત્રમાં પરમાત્માના વિરહ લક્ષમાં આવ્યા. અરેરે! ભરતક્ષેત્રમાં પરમેશ્વરના અમને વિરહ

છે આ ક્ષેત્રમાં.

આવે છેને સમવસરણ (સ્તુતિમાં) નથી આવતું? 'રે રે સીમંધર નાથના વિરહ પડ્યા આ જગતમાં.' આ ભરતક્ષેત્રમાં પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા એનો વિરહ. મહાવિદેહમાં બિરાજતા પરમાત્માના સ્થાનમાં અમારા અવતાર નહિ. અરે! અવતાર ભરતમાં થઈ ગયા અમારા. ભગવાનના અમને વિરહ છે એમ વિકલ્પ ઉઠ્યો. ભગવાન પાસે ગયા, આઠ દિ' રહ્યા. સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળી, આવીને આ શાસ્ત્રો રચ્યા. સમજાય છે કાંઈ? એ અહીંયાં આચાર્ય પોકાર કરે છે. ભગવાનનો સંદેશ આપે છે જગતને. સમજાય છે કાંઈ? બાપ જ્યારે પરદેશમાં જાય અને ઘરે આવે બે-ચાર-આઠ દિ' એ. બધા છોકરાઓ કહે, બાપુ! મારા માટે શું લાવ્યા? બાયડી કહે મારા માટે શું લાવ્યા સાડલો? ઓલો કહે મારા માટે શું લાવ્યા? તમારે શું કહેવાય? ઈંડીપેન કે ફલાણું એવું બધું તો ..માં ચાલ્યું છેને બધું અત્યારે તો. પહેલું ક્યાં હતું એવું કાંઈ નહોતું. ટોપી-ટોપી હતી ભાઈ પહેલા તો. ટોપી મારા માટે લાવ્યા છે કે નહિ? એવું હતું પહેલાં હોં! ૫૦ વર્ષ પહેલાં. હવે તો આ બધું .. થઈ ગઈ ... એમ ભગવાન પાસે ગયા હતા. અરે! શિષ્યો કહે છે, પ્રભુ! તમે ત્યાં જઈને શું લાવ્યા? સમજાય છે કાંઈ? સાક્ષાત્ પરમાત્મા જગત પિતા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એના તમને ભેટા ભરતક્ષેત્રના માનવીને આવી જાત્રા તમારી આ દેહે! આહા..હા..! પ્રભુ! શું લાવ્યા? કહે છે કે હું આ લાવ્યો ભાઈ જો આ.

**શ્રોતા :-** શુદ્ધભાવ અધિકાર લાવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શુદ્ધભાવ અધિકાર હું લાવ્યો ત્યાંથી એમ કહે છે. સમજાય છે કાંઈ? બાપુ! ઝીણું લાગે પણ વાત તો આ છે. બીજે કોઈપણ રસ્તેથી જો બીજું માનશે તો મિથ્યાત્વ પોષીને રખડશે ચાર ગતિમાં.

અહીં પરમાત્મા કહે છે. પાઠ છેને? '**जीवादिबहितत्त्वं**' શબ્દ પડ્યો છે મૂળ પાઠ. એ તત્ત્વને અહીં દ્રવ્ય કીધું ભાઈ! ટીકામાં. ભગવાન કુંદકુંદાચાર્યે... આ તો અધ્યાતમની અમૃતની વાણી છે, બાપુ! આ કોઈ વાર્તા-કથા નથી. સમજાણું કાંઈ? '**जीवादिबहितत्त्वं**' પહેલો શબ્દ છે. ૩૮ ગાથાનો પહેલો. '**बहितत्त्वं**' એ તત્ત્વને અહીંયાં દ્રવ્ય કીધું છે. એ સાત તત્ત્વો અજીવ, પુણ્ય-પાપના ભાવ, સંવર, નિર્જરા અને મોક્ષની દશા એ એક અંશ હોવાથી પુણ્ય-પાપ વિકાર હોવાથી, કર્મ, શરીર પર અને પૃથક્ અજીવ હોવાથી અંતઃતત્ત્વ ભગવાન પૂર્ણાનંદના નાથની અપેક્ષાએ બધા તત્ત્વને બહિરતત્ત્વ કહી અને એને પરદ્રવ્ય કહ્યા છે. પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર એ ઉપાદેય નથી. એ ખરેખર ક્યાંથી કાઢ્યું છે? જુઓ, '**परद्रव्यत्वान्न ह्युपादेयम्**' ભાઈ! '**न हि**' શબ્દ પડ્યો સંસ્કૃતમાં છે. '**जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्**' ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એમ આવ્યું છે (કે) એ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર આદરણીય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ઉપાદેય નથી. એ વાત

કાલે થોડો વખત લીધી હતી મંગળિકમાં. સમજાણું કાંઈ?

'ખરેખર...' આ બાહ્યતત્ત્વ તે આદરણીય નથી. કેમ? કે અજીવ આદિ તત્ત્વો છે એમાંથી કાંઈ આત્માની શાંતિ વળે એવું નથી. આત્મામાં પાપના પરિણામ થાય એ તો દુઃખરૂપ છે, પુણ્યના પરિણામ થાય દયા, દાન, વ્રત, ભક્તિના એ પણ દુઃખરૂપ છે, એનાથી કાંઈ શાંતિ વળે એવું નથી, પણ એક સમયની અવસ્થા જે છે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મની, એ દશામાંથી દશા નવી ન થાય. દશામાંથી દશા, પર્યાયમાંથી પર્યાય, હાલતમાંથી હાલત નવી ન થાય. માટે તેને પરદ્રવ્ય ગણીને જેમાંથી નવી દશા પ્રગટ થાય તેવા વસ્તુને સ્વદ્રવ્ય ગણીને આ બાહ્યતત્ત્વને હેય કહેવામાં આવ્યા છે. જેઠાલાલભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..! આ તો ઓલા કહે કે દયા કરો, દાન કરો, વ્રત કરો, તપ કરો એ ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને હવે. તારા દયા, દાન, વ્રતના વિકલ્પ તો ક્યાંય વયા ગયા. ખજૂરાના પગની જેમ ટાંગા તૂટી ગયા. કાંઈક ... સાંભળને. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન ચિદાનંદમૂર્તિ પ્રભુ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે ધ્રુવપણે જોયો. સમજાય છે કાંઈ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' પ્રભુ પરમાત્મા બિરાજે છે એને ઉદ્દેશીને વિનંતી કરે છે સર્વજ્ઞને. હે નાથ! 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ' આ શુદ્ધભાવ છેને? હે પ્રભુ! આપના કેવળજ્ઞાનમાં આ મારી નિજસત્તા જે શુદ્ધભાવ છે એને તમે આત્મા જોયો છે. આહા..હા..! જેઠાલાલભાઈ! 'નિજ સત્તાએ શુદ્ધ સૌને દેખતા હો લાલ.' હે પરમાત્મા! આત્મા કેવળજ્ઞાનની દશામાં અમારો આત્મા શુદ્ધ અને ધ્રુવ ચિદાનંદ છે તેને આત્મા સત્ય તરીકે આત્મા તમે જોયો છે. અને એ સિવાય વર્તમાન દશા અને રાગ, હે નાથ! તેને પરતત્ત્વ ગણી, પરદ્રવ્ય ગણીને એને આપે પરદ્રવ્ય તરીકે જોયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, આ કાંઈ વાર્તા નથી કે એકદમ ચાલી જાય. આ તો અંતરની વાતું છે, ભાઈ! સમજાય છે? અંતરના ઉકેલ છે.

એ ભગવાન આત્મા.. કહે છે કે જે ધ્રુવ વસ્તુ છે, ધ્રુવ-ધ્રુવ નિત્યાનંદ આદિ અંત વિનાની ચીજ એક સમયની પર્યાય વિનાની. એને અંતરતત્ત્વ કહ્યું છે. જુઓ, '**हेयमुवादेयमप्पणो अप्पा**' બીજું પદ છેને. એ આ સાત તત્ત્વનો વિકલ્પ આદિ કે પર્યાય આદિ હેય છે, છોડવાયોગ્ય છે, દૃષ્ટિ કરવા જેવું નથી. કેમકે તે પરદ્રવ્ય (હોવાને) કારણે ઉપાદેય નથી. ત્યારે સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને ઉપાદેય શું? '**अप्पणो अप्पा**' એની હવે વ્યાખ્યા કરે છે. '**अप्पणो अप्पा**' જુઓ! '**अप्पणो अप्पा**'. પરમાત્માનો આત્મા પણ નહિ, કેવળજ્ઞાનીનો આત્મા પણ નહિ, એક સમયની પર્યાયવાળો આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વરનો આત્મા એ પણ આત્માને આદરણીય નહિ. સમજાણું કાંઈ? એમ આત્માની એક સમયની પર્યાયરૂપી વ્યવહાર આત્મા પણ આદરણીય નથી. આહા..હા..! '**अप्पणो अप्पा**'ની વ્યાખ્યા હવે કરે છે. હવે એની લાંબી વ્યાખ્યા થોડી છે.

જુઓ, અહીંથી આવે એ તો લેવું પડેને અંદર. પોતે મુનિ પોતાની વાત કરે છે હવે. કુંદકુંદાચાર્ય પોતાની વાત કરે છે અને મુનિ જે ટીકાકાર છે પદ્મપ્રભમલધારીદેવ નગ્ન દિગંબર વનવાસી. એ એમાંથી પોતે (કાઢીને કહે છે કે) 'અમારે આ આદરણીય છે.' એમ કરીને જગતને આદરણીય શું છે એમ બતાવે છે.

કેવા છીએ અમે? એમ કહે છે. હવે પોતાની દશાનું વર્ણન કરે છે. '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...**' શું કહે છે જરી? એ સમ્યગ્દષ્ટિ છે એને ધર્મદશા પ્રગટી છે વસ્તુના આશ્રયે. એ વૈરાગી તો છે, સહજ વૈરાગી છે. સમજાય છે કાંઈ? આવે છેને ઓલામાં? 'જ્ઞાનકળા જિસકે ઘટ જાગી' વસ્તુ ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની વર્તમાન અવસ્થા વિનાનું આખું તત્ત્વ છે. એવું જ્યાં અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન અને જ્ઞાનકળા જાગે છે. 'જ્ઞાનકળા જિસકે ઘટ જાગી, વે જગમાંહી સહજ વૈરાગી.' અહીં તો મુનિની વાત કરવી છે એટલે સહજ વૈરાગ્યના વિશેષણ વિશેષ આપે છે. આ વાત પહેલી કરી એ તો સહજ સમ્યગ્દષ્ટિ જીવ આત્માનું અંદર ભાન છે કે દયા, દાનના વિકલ્પો મને લાભદાયક નથી, મારું સ્વરૂપ નથી, પરદ્રવ્ય મારે લાભદાયક નથી. હું તો આનંદકંદ પ્રભુ પૂર્ણાનંદ છું એ મને આદરણીય અને એમાં આદર કરતા જે શાંતિ વળી છે એને સ્વસંવેદન તરીકે વેદે અને આનંદને વેદે છે. અને પરથી તે સહજ વૈરાગી છે, સહજ વૈરાગી છે, સહજ વૈરાગી. 'જ્ઞાનકળા જિસકે ઘટ જાગી એ જગમાંહી સહજ વૈરાગી. જ્ઞાની મગન વિષયસુખ માંહી, યહ વિપરીત સંભવે નાહીં'.

ગૃહસ્થાશ્રમમાં છન્નું હજાર રાણીના મધ્યમાં પડેલો ભરત ચક્રવર્તી. છન્નું હજાર પદ્મણી જેવી રાણી, એના મધ્યમાં પડેલો, ઈન્દ્ર જેના મિત્રો, એને કહે છે કે એ વિકલ્પ ઉઠે છે એમાં એની સુખબુદ્ધિ હોતી નથી. ધર્મીને, સમ્યગ્દષ્ટિને આત્મામાં આનંદની દૃષ્ટિ અને આનંદ જોયો છે, આનંદ અનુભવ્યો છે. એથી તેને છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠો, અશુભ વિકલ્પ આવે છે (એમાં) સુખબુદ્ધિ નથી, દુઃખબુદ્ધિ છે. આહા..હા..! જેમ કાળો નાગ જેમ કરડવા આવતો હોય અને જેમ ત્રાસ થાય, એમ ધર્મીને સમ્યગ્દષ્ટિ જીવને ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એ પાપના પરિણામ અને પુણ્યના પરિણામ કાળા નાગ જેવા કરડા કડક લાગે છે. આહા..હા..! એથી એ સહજ વૈરાગી છે. આ સહજ વૈરાગ્યનો અર્થ ચાલે છે. સમજાય છે કાંઈ?

હવે કહે છે કે મુનિ તો એથી પણ વધી ગયેલા છે. મુનિની દશા, જંગલમાં એ તો વસતા હોય છે. નગ્ન દિગંબર જેની દશા હોય છે. અંતરમાં એટલી દશા ઉગ્ર થઈ ગઈ છે કે '**સહજ વૈરાગ્યરૂપી મહેલ...**' એ સાધારણ વ્યાખ્યા કરી. વૈરાગ્યરૂપી મહેલ. મહેલ આ મકાન મોટું. શું કહેવાય? બંગલો તમારે. એનું શિખર. એ મહેલનું શિખર, એનું શિખામણિ ટોચ માથે. કહે છે, મુનિની દશા તો આવી હોય છે. પોતાની વાત કરે છે. '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે,...**' સમ્યગ્દષ્ટિનો સહજ વૈરાગ્ય આવો નથી. ભાઈ!

આહા..હા..! કારણ કે એને હજી ત્રણ કષાય છે. મુનિ આહા..હા..! પરમેશ્વરપદ થઈ ગયું. મુનિ જેને સાચા વીતરાગ કહે તે. કહે છે કે એને તો આ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનો ભેટો અંદરમાં થયો છેને. એથી વિકલ્પ અને પરથી સહજ વૈરાગ્યના મહેલના શિખરનો શિખામણિ છે એ તો. આહા..હા..!

ઈન્દ્રના ઈન્દ્રાસન પણ જ્યાં સડેલા તરણા જેવા સમકિતીને ભાસે. ઈન્દ્રના ઈન્દ્રાસનો એ કરોડો અપ્સરાઓ ધર્મી જીવનું આત્મ-જીવન જ્યાં પ્રગટ્યું છે, ભાન થયું છે એને ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા ઉકરડા જેવા લાગે. તો આ તો મુનિ કહે છે. અમે તો મુનિ છીએ. અમને પર તરફની એટલી ઉદાસ દશા વર્તે છે કે વૈરાગ્ય સ્વભાવિક વૈરાગ્ય (વર્તે છે). આ મોહગર્ભિત વૈરાગ્ય છોડીને આ બાયડી, છોકરા છોડી દીધા એ વૈરાગ્ય નહિ, એને વૈરાગ્ય કહેતા નથી. વૈરાગ્ય તો એને કહે છે કે ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથ ઉપર આરૂઢ થયેલો જીવ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડેલો જીવ એવી દશાને વૈરાગ્યદશા કહે છે. સમજાય છે કાંઈ?

એ **'વૈરાગ્યરૂપી મહેલના શિખરનો...'** એનું શિખર—ટોચ એનો પણ શિખામણિ. નીચે છે. **'ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રતન.'** આ રાજાઓને નથી મોટા મુગટ બાંધે ઓલા માથે ધોળા રાખે છેને કાંઈક? નથી રાખતા? કલગી ધોળી. એમાં રત્ન નાખે છે આમ. એ તો ધૂળ છે બધી. હવે રત્ન-બત્ન રાખ છે. અહીં તો કહે છે, ભગવાન આત્મા અમે અમારા સ્વભાવ સન્મુખમાં એટલા લીન છીએ કે પર તરફનો અમને વૈરાગ્ય એક મહાવ્રતનો વિકલ્પ ઉઠે એનો અમને વૈરાગ્ય છે. એથી અમે ખસી જઈએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ મહાવ્રતના પરિણામ રાગ અને ઝેર છે. આહા..હા..! અરે..! આ તે કોણ સાંભળે? ભગવાનની વાણીનો નાદ આ છે અંદરનો. ભાઈ! ભગવાન આત્મા જે આ મુનિ થાય છે, આત્માનું સમ્યગ્દર્શન અનુભવ ઉપરાંત (એની વાત છે). રાગ, પુણ્ય, દયા, દાન, તો હેય છે, એક સમયની અવસ્થા હેય છે, પૂર્ણાનંદનો નાથ ઉપાદેય છે. એ ઉપાદેયની વ્યાખ્યા કરે છે. કહે છે કે આવો જે હું છું મારે કેવો આત્મા આદરણીય છે એમ કહેવા માગે છે.

એવો જે હું **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** શું કહે છે? જુઓ, ઓલા પરદ્રવ્ય કીધાને ભાઈ પહેલા? સાત તત્ત્વો પહેલા કીધા એનાથી તો પરાઙ્મુખ છે. આહા..હા..! 'સ્વદ્રવ્યની સન્મુખ છું' એમ કહેવા પહેલા 'પરદ્રવ્યથી પરાઙ્મુખ છું' અને સન્મુખ છું કોની સામે? કેવું એ દ્રવ્ય છે એ પછી અર્થ કરે છે. **'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...'** પરદ્રવ્ય એટલે વિકલ્પ અને પર્યાય આદિ જે સાત તત્ત્વ કહ્યા, એનાથી તો હું પરાઙ્મુખ છું, મારી દૃષ્ટિ તેનાથી ખસી ગઈ છે, પરાઙ્મુખ છું, હું એનાથી ઊલટો થઈ ગયો છું. આહા..હા..! એક વાત.

**'પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...'** શું કહે છે? મુનિ જેને ભગવાન કહે છે સાચા સંત મુનિ એને તો એક દેહ સિવાય પરિગ્રહ બીજું કોઈ હોઈ

શકતું નથી. વસ્ત્રનો તાણો, ધાગો પણ મુનિને હોય નહિ. ત્યારે શું હોય છે? **'પાંચ ઈન્દ્રિયના ફેલાવ રહિત...'** એટલે શું કહ્યું? કે આ દેહ છે. પાંચ ઈન્દ્રિયો ફાંકા છે આ બધા, પણ તે તરફના વિકલ્પનો જેને નિગ્રહ છે, અતીન્દ્રિય આનંદ તરફનો અનુભવ છે એ પાંચ ઈન્દ્રિયનો વિસ્તારનો ફેલાવ થતો નથી. પાંચ ઈન્દ્રિયો તરફનો ફેલાવ, વિસ્તાર, વિકલ્પ થતો જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત ઊંચી હો, રતિભાઈ! પણ શું કરવું? સટ્ટા-બટ્ટામાં તો આવું કાંઈ આવતું નહિ હોય. આવે? ત્યાં શું આવે? અહીં તો બીજે સાંભળવા જાય તો આવતું નથી. આ વાત જ ક્યાં છે અત્યારે? આટલી બધી ગડબડ ગોટા .. છે. આહા..હા..! ભગવાન! તારા મૂળ ઘરની વાતું તને સાંભળવા ન મળે એ સમજે કે દિ'? એ રુચિ કરે કે દિ'? અને સ્વ તરફનો પ્રયોગનો અજમાઈશ કરે કે દિ'? સમજાય છે કાંઈ? અરે! એના વિના નિવેડા ક્યાંય નથી, ભાઈ! ચોર્યાસીના અવતારની ભઠ્ઠીયું બળે છે. આહા..હા..!

ભાઈએ સોગાનીએ લખ્યું છેને, ભાઈ નહિ? એણે ઘણું.. સોગાનીએ. સોગાની અજમેરના નિહાલચંદ્રભાઈ. દેશમાં ગુજરી ગયા. જબ્બર આત્મા. બહુ કામ કરી ગયા. અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે. ઘણા લાખોપતિ મોટી દુકાન છે કલકત્તામાં, પણ અહીં લાગી ગઈ એને એવી. ૨૦૦૨ની સાલમાં આવ્યા સોનગઢ. બહુ વાંચન, ઘણા વખતથી ઉદાસ, જગતથી ઉદાસ. વાંચેલું ઘણું. એક શબ્દ કહ્યો, ભાઈ! જ્ઞાન અને રાગ બે જુદાં છે. ચાહે તો દયા, દાનના વ્રતનો વિકલ્પ ઉઠે એ રાગ અને ભગવાન જ્ઞાન બે જુદાં એટલું કહ્યું. બસ, ચાલ્યા ગયા ત્યાં સમિતિના ઓરડામાં. સોનગઢની સમિતિ છેને, કમરો એમાં ચાલ્યા ગયા. સાંજથી સવાર સુધી (ધ્યાનમાં બેઠા). દ્રવ્યદૃષ્ટિ પુસ્તક છે. ભાઈને નહિ મળ્યું હોય. કેશુભાઈને મળ્યું? ક્યાંથી? ઓલા આવ્યા ત્યારે આપ્યું હતું. વાંચ્યું છે કે નહિ થોડુંઘણું? થોડુંઘણું મેં કીધું. આખું ક્યાં કીધું? એને એક શબ્દ કહ્યો ને જ્યાં ગયા ધ્યાનમાં બેઠા. બસ, સવારે ઉઠ્યા (તો) આત્મા નિર્વિકલ્પ આનંદનો સ્વાદ લઈ, સમ્યગ્દર્શન પ્રગટ કરીને ઊભા થઈ ગયા. પછી તો એને છેક દશા એવી રહી.

એકવાર તો એમ કહેતા કે અરે! અમને શુભભાવ ભગવાનના નામ સ્મરણનો શુભભાવ આવે છે એ ભઠ્ઠી લાગે છે. એય..! કેશુભાઈ! એને કાંઈ ખબર નહિ કે આ મારા પત્રો બહાર પડશે. આવી વાત તો ખુલ્લી મૂકવી કઠણ પડે જગતને. કારણ કે જગત ક્યાં ઊભું છે અને કયે ઠેકાણે એની એને ખબર નથી. એને આ કહે. આહા..હા..! ભાઈ! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના પરિણામ તો રાગ ને કષાય ને દુઃખ છે, પણ શુભભાવ ભગવાનનું સ્મરણ આવે પરદ્રવ્યનું નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં વિકલ્પ ઉઠે એ ભઠ્ઠી છે, એ અગ્નિ છે. આહા..હા..! અહીં પરદ્રવ્ય કહ્યું છે, એને અહીં પરદ્રવ્ય કહ્યું છે. અમે પરદ્રવ્યથી પરાઙ્મુખ છીએ એમ મુનિ પોતે કહે છે. સમજાણું કાંઈ? ... ફેર પડી ગયો છેને. સવા આઠ થયાને? તમારે? ... શું કહ્યું સમજાણું?

કહે છે, પાંચ ઇન્દ્રિયોનો ફેલાવ જ જેને અમને નથી. આહા..હા..! જુઓ, મુનિદશા! ઇન્દ્રિયો તો કાણા તરીકે ભલે ફાંકા પડ્યા હોય અહીંયા, પણ એના તરફનું અમારું વલણ જ નથી. આહા..હા..! અતીન્દ્રિય ભગવાન, અતીન્દ્રિય પરમાત્મા પોતે હું છું, એમાં મારો જુકાવ આરૂઢ થઈ ગયો છે. સમ્યગ્દષ્ટિને એટલી બધી આરૂઢતા ન હોય. એથી અહીંયાં કીધું ભાઈ! હજી સમ્યગ્દર્શનમાં પાંચ ઇન્દ્રિયના વિષયોનો વિકલ્પ અશુભ હોય છે. આહા..હા..! તેથી અહીં .. વ્યાખ્યા છેને. એને વિષયનો વિકલ્પ ઉઠે છે, માને છે ઝેર, માને છે દુઃખ. કાળો નાગ નજરે પડે એમ એને અશુભભાવ નજરે પડે છે. આહા..હા..! રોગ-રોગ આવ્યો મને એમ ધર્મી માને છે. અશુભરાગને તો રોગ માને, પણ શુભરાગને રોગ માને. શુભરાગ દયા, દાન, વ્રતના પરિણામને ધર્મી તો રોગ માને.

માછલું પાણીમાંથી અગ્નિમાં આવે એ તો બળે ઘણું, પણ એ માછલું પાણીમાંથી વેળુમાં આવે (ત્યારે) તરફડે છે, દુઃખ છે એને એમ ભગવાન આત્મા આનંદની મૂર્તિ શીતળ-શીતળ પિંડ પ્રભુ. આહા..હા..! બરફની શીલા જેમ પાંચ મણની હોય. આ મુંબઈમાં બહુ હોય છે ઓલા આમ જઈએને (ત્યારે) નજરે પડે. એ શીલામાં જ્યાં હોય ત્યાં ઠંડક ભરી હોય છે. પાંચ-પાંચ મણની શીલા બરફની. ખૂણે-ખાંચરે મધ્ય ઉપર બધે શીલા શીતલ પાણી ઠંડુ ભર્યું હોય છે, એમ ભગવાન આત્મા અરૂપી ચૈતન્યની શીલા દેહના દેવળમાં ભગવાન શીતળ શાંતિના આનંદથી ચારે કોરથી ભરેલો છે. એ શીતળતામાંથી અશુભભાવ આવે તો ઝેર દુઃખ અગ્નિ લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ ધર્મની દષ્ટિ. ભાઈ! ધર્મ તે કાંઈ સાધારણ આલી-દુઆલી કરી નાખે અને માને છે એવું ધર્મનું સ્વરૂપ નથી. ભાઈ! એક સેકન્ડનો ધર્મ અનંતા જન્મ-મરણને ગાળે. એક સેકન્ડનો ધર્મ બીજ ઊગી એને પૂનમ થાય—એને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. આહા..હા..! એવી શ્રદ્ધા દષ્ટિ એણે અનંતકાળમાં સાંભળી નથી.

કહે છે '**પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' અમારે તો. આહા..હા..! સમ્યગ્દષ્ટિને દેહ તો હોય છે, પણ એની પાંચ ઇન્દ્રિયના વિષય તરફની જરી એને આસક્તિનો ભાવ હોય છે. આદરણીય નથી, હેય છે, પણ હોય છે. આને હેય છે અને હોતા નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ ધર્મીને આત્માનો સમ્યક્ અનુભવ આનંદના સ્વાદનો અનુભવ હોય છે. તેથી તેને પુણ્યના-પાપના પરિણામ અગ્નિ જેવા દુઃખદાયક લાગે છે, આવે છે, હો, સમજાય છે? ક્યારે? કહે છે એને સમ્યગ્દર્શન આત્મ અનુભવ હોવા છતાં રાગનો ભાગ આવે. એને પાંચ ઇન્દ્રિયનો વિસ્તાર રોકાણો નથી. મુનિને પાંચ ઇન્દ્રિયના વિષયનો વિકલ્પ રોકાઈ ગયો છે. આમ પાંચને વિષય ભોગવે એને માટે વિષય નથી એમ નહિ. શરીરથી વિષય ભોગવે માટે વિષયનો ત્યાગ છે એમ નહિ. અંતરમાં આનંદમૂર્તિના આશ્રયની દષ્ટિમાં આનંદ આવ્યો છે એ ઉગ્ર પ્રચુર આનંદના સ્થાનને લઈને પાંચ ઇન્દ્રિયના તરફના વલણની વૃત્તિનો ઉચ્છેદ થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા '**પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' શું ટીકા કરી છે! આહા..હા..! એક દેહમાત્ર મુનિને હોય છે, બાકી હોતું નથી. વસ્ત્રનો તાણો પણ મુનિને હોય નહિ, એને મુનિ પરમાત્માના માર્ગમાં ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? આવું ત્રિકાળી સત્ સ્વરૂપ છે. લોકો માને, ન માને એથી કાંઈ ચીજ ફરી જાય એવી નથી. ત્યારે એવો '**જે પરમ જિનયોગીશ્વર છે,...**' આવું જે પરમ જિન વીતરાગી યોગીના યોગીશ્વર. આમ યોગી તો બધાય ઘણા કહે છે, પણ જેણે વીતરાગ પરમાત્મા પોતાનું વીતરાગ સ્વરૂપ સર્વજ્ઞે જોયું એવડું, એવું એમાં જેણે અંતરમાં જોડાણ કર્યું છે એવો જિનયોગીશ્વર એમ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ?

'**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—**' જુઓ, હવે આ કહે છે. આહા..હા..! આવા સંતોની... જોકે સમ્યગ્દષ્ટિની પણ સ્વદ્રવ્યમાં જ તીક્ષ્ણ બુદ્ધિ છે, પણ આ તો મુનિ છે એટલે એની વીતરાગતા વીરાગતા વિશેષ વર્ણવી દશા અંદર. કહે છે '**સ્વદ્રવ્યમાં...**' ભગવાન સ્વદ્રવ્ય એટલે પહેલી વ્યાખ્યા કરી ગયા છે. પરદ્રવ્ય. તો પરદ્રવ્યથી પરાઙ્મુખ છે અને સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. એ સ્વદ્રવ્ય કેવું એની વ્યાખ્યા કરશે. '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને...**' છેને? ભગવાન આત્મા ધ્રુવ પિંડ ચૈતન્ય આનંદનો કંદ અનાકુળ શાંતિનો પ્રવાહ, પૂર. પૂર્ણ આનંદ અને જ્ઞાનનું પૂર એટલે પ્રવાહ. પ્રવાહ એટલે આમ પ્રવાહ ચાલ્યો જાય છેને પાણીનો જેમ, એમ ધ્રુવ પ્રવાહ... ધ્રુવ પ્રવાહ... પ્રવાહ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ પ્રવાહ. ભાઈ! જેને પૂર કહ્યું છે અને જેનો પૂરનો અર્થ પ્રવાહ છે. આમ પાણીનું પૂર ચાલ્યું જાય, એમ ભગવાન આત્મા ધ્રુવ પૂર ચૈતન્યનું પૂર છે, ચૈતન્યનો પ્રવાહ છે, ધ્રુવરૂપે પ્રવાહ છે. એક સમયની પર્યાય નહિ, રાગ અને નિમિત્ત નહિ. એવો જે ભગવાન સ્વદ્રવ્ય એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે, તીખી બુદ્ધિ છે, ઝીણી બુદ્ધિ છે. આહા..હા..!

જ્ઞાયકભાવને જેણે શુદ્ધ ધ્રુવને તીક્ષ્ણ બુદ્ધિથી પકડ્યો છે. આહા..હા..! વર્તમાન દશાને, ચાલતી પ્રગટ પર્યાયને મહાધોધમાર ધ્રુવ પડ્યો છે એના ઉપર જેણે વાળી છે એમ કહે છે. થોડું સમજાય પણ સત્ય સમજવું જોઈએ, ભાઈ! અને સત્ સમજ્યા વિના એની રુચિ સાચી થશે નહિ. અને રુચિ સાચી વિના એને ચારિત્ર-ફારિત્ર ત્રણકાળમાં હોઈ શકતા નથી. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં પણ આ સમ્યગ્દર્શન થઈ શકે છે. સમજાય છે કાંઈ? અંતરમાં દૃષ્ટિનો પલટો ગુલાંટ ખાવો જોઈએ. અરે! અમે તો શરીર વિનાના અને કર્મ વિનાના તો ત્રણે કાળે રહ્યા છીએ, પણ પુણ્ય અને પાપરૂપે કોઈ દિ' આત્મા થયો જ નથી. અરે! આત્મા એક સમયની અવસ્થામાં કોઈ દિ' આવ્યો જ નથી. એવા ધ્રુવની દૃષ્ટિ જે થઈ એને તીક્ષ્ણ બુદ્ધિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આઠ વર્ષની બાળિકાને પણ આવું સમ્યગ્દર્શન થાય છે. આ વૈરાગ્યની શિખામણી એ દશા ભલે ન હોય. સમજાય

છે? પશુને થાય છે, બાપુ! એ માર્ગ એવા છે અંદરમાં. અઢી દ્વીપ બહાર અસંખ્ય પશુ વસે છે આવા સમકિતી. સાંભળ્યા છે? ખામણામાં આવે છે અઢી દ્વીપ બહાર અસંખ્યાતા. સોભાગભાઈ! શું હોય ખામણું? કેટલામું કહેવાય? પાંચમું-છઠ્ઠું-સાતમું? બધા ભૂલી ગયા હો. છઠ્ઠામાં. પહેલાં બોલતા હતા. હવે ભૂલી ગયાને એ નામ. એ છઠ્ઠામાં આવે છે. અઢી દ્વીપ બહાર, અઢી દ્વીપમાં અને અઢી દ્વીપ બહાર અસંખ્યાતા. મનુષ્ય તો સંખ્યાતા છે થોડા, પણ બહાર અસંખ્ય સિંહ, વાઘ, સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ મૂકી દીધી છે એવા ભાનવાળા છે. અહીં માણસમાં ઠેકાણા ન મળે. સમજાય છે કાંઈ?

કહે છે, આ ધર્મકથા છે, પ્રભુ! ઝીણી પડે. સમજાણું કાંઈ? ધર્મકથા તો એને કહીએ કે જે સ્વદ્રવ્યનો આશ્રય કરાવે અને પરને હેય મનાવે એ ધર્મની કથા કહેવાય. જેમાં પુણ્યના પરિણામ દયા, દાનના આદરણીય છે અને એમાં હિતકર છે એવી કથા એ તો સમકિતના નાશની કથા છે, અધર્મકથા છે, એ ધર્મકથા નહિ. કહેનાર ધર્મકથાનો કહેનાર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમ્યગ્દર્શનમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમકિતનો નાશ કરે છે એટલે કે ઉત્પન્ન થવા દેતું નથી. મિથ્યાત્વમાં રોકે છે. જે કથામાં 'આ સાત તત્ત્વ હેય છે' એમ ન આવે અને એમાં ક્યાંય 'પુણ્ય-પાપ આદરણીય છે અને એનાથી લાભ આવે' એ કથા અધર્મની કથા, મિથ્યાત્વની કથા, વીતરાગ માર્ગને ખૂન કરનારી કથા કહેવામાં આવે છે. હવે આ ક્યાં બાકી રાખ્યું છે હવે. અહીં તો ખુલ્લુ મૂક્યું છે હવે. રાજકોટ માટે ... અમે તો વર્ષો વર્ષ આવીએ છીએ. ૧૬થી તો ૧૦મું વર્ષ આખું ચાલે છે. ૧૦ વર્ષથી. ૧૬થી ૧૬, ૧૭, ૧૮. છે કે નહિ? એકેય વર્ષ ખાલી ગયું નથી ગયું અહીં. ૧૬ થી ૨૫. આ તો અત્યાર સુધીની વાત છે. અને એ પહેલા તો છ, પહેલા દસ, એ પહેલા છ, એ પહેલા પાંચ, એ પહેલા નવ. ૯૯ એ પહેલા ૯૫. આ તો સળંગ. દસ વર્ષથી તો સળંગ છીએ. અરે! ભગવાન! હવે રાજકોટવાળાને તો કાંઈ મોંઘુ ન પડે. ઘણાને અહીંની તો આબરૂ છે બહારમાં હોં. એક ચાલે સોનગઢમાં અને એક ચાલે રાજકોટમાં એમ માણસ કહે. બાપા! આત્મા છેને પ્રભુ. અને જેને આવો પરિચય વારંવાર થાય એને એ ખ્યાલમાં ન આવે, પકડાય નહિ એમ ન હોય, એને લક્ષમાં તો પકડે કે માર્ગ આ છે.

કહે છે, '**સ્વદ્રવ્યમાં જેની...**' એટલે ધર્મીની, એ મુનિની. અહીં પોતે પોતાની વાત કરે છે, પણ સમકિતીને પણ એમ છે. '**તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને...**' એવો જે આત્મા છે તેને ક્યો આત્મા આદરણીય છે એમ કહે છે. હેયની વાત તો કરી. હવે ઉપાદેય કોણ? '**अप्पणो अप्पा**' ઉપાદેય જે બીજું પદ છે એની વ્યાખ્યા ચાલે છે. આવા ધર્માત્માને કેવો આત્મા આદરણીય છે? કે એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે. આવા આત્માને

આત્મા ખરેખર ઉપાદેય છે. **'આવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** હવે એ આત્મા કેવો એની વ્યાખ્યા પછી કરશે. **'આવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** લ્યો! યાદ તો આવી હતી. ઓલા સાત તત્ત્વ તે પરદ્રવ્ય છે, એ સિવાયનું રહેલું સ્વદ્રવ્ય તે આત્મા છે. એને તે અંગીકાર કરવા લાયક છે. જેથી કરીને તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર ટકે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૨૫-૦૩-૧૯૬૯,
## ગાથા-૩૮, પ્રવચન નં.૭૪૨

... તેં સાંભળી નથી વાત અને સાંભળી હોય તો આ કાને કરીને કાઢી નાખી છે. ભગવાન આત્મા વસ્તુ પોતાની છે. વસ્તુ છે કે નહિ? વસ્તુ એને કહીએ કે જેમાં અનંત શક્તિઓ અને ગુણ વસેલા હોય તેને વસ્તુ કહીએ. સમજાય છે કાંઈ? વાસ્તુ લેવાય છે એ મકાનમાં લેવાય કે ક્યાંય ઝાડ ઉપર લેવાતું હશે? ભલે ૨૫ હજારનું મકાન હોય પણ મકાન હોય ત્યાં વાસ્તુ હોયને, એમ ભગવાન આત્મા વસ્તુ છે એમાં આનંદ, જ્ઞાનાદિ ધ્રુવ સ્વભાવ વસેલા છે. એવો જે ભગવાન આત્મા, કહે છે કે એ ચાર ભાવને અગમ્ય છે. એ ચાર ભાવથી એની ગોચરી થઈ શકતી નથી, અનુભવ થઈ શકતો નથી. જેઠાલાલભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** (ક્ષાયિકભાવને આશ્રયે પણ ધર્મ ન થાય?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અનુભવ થઈ શકતો નથી એને આશ્રયે એમ કહે છે. પૂર્ણ આનંદ પ્રભુ પોતે એના લક્ષમાં કરે તો એ પરમાત્મા પરમપારિણામિકભાવ જ્ઞાયક એને આશ્રયે અનુભવ થાય છે. સમજાણું કાંઈ? આકરી તો વાત છે, ભાઈ! એણે કર્યું નથીને કોઈ દિ'. એનો એને અભ્યાસ પણ નથીને, એ એની પદ્ધતિ નથી. ભાઈ! હમણાં કીધું હતુંને આ પંડિતજીએ અમારે. ત્યાં ..માં. મોટા પંડિત છે. પોણો સો પંડિતમાં કાશીના બંસીધરજી. અહીં ૯ મહિના રહી ગયા. વળી બહાર ગયા તો થોડો વખત .. વળી સાંભળે, કહે ઓહો..હો..! છેલ્લે દિ' આવ્યા આઠ દિ' વ્યાખ્યાન સાંભળીને. ત્યાં તો ઘણું માણસ. ગામડું પણ બહુ માણસ આવ્યું. ૧૨ હજાર તો બહારથી આવ્યા. સાંભળીને કહ્યું. બીજા પંડિત હતા. બીજા પંડિતે એમ કહ્યું કે મહારાજે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વસ્તુના ધર્મનો ઉદ્‌ઘાટન ઉઘાડ કર્યો, ઉદ્‌ઘાટન ઉઘાડ કર્યો. ત્યારે એ કહે કે પણ આપણે ક્યાં હતું તે ઉઘાડ કર્યો એટલામાં કહે

છે પણ. આપણે આ પદ્ધતિ હતી જ ક્યાં? એમ બિચારો ચોખ્ખું બોલ્યો. પોણો સો પંડિતોના ગુરુ છે હોં મોટા કાશીમાં ભણેલા. હજારો શાસ્ત્રો. પોતાના દિગંબરના. ચોખ્ખું બોલ્યા બિચારા હોં. તમે કહો છો કે કાઠિયાવાડ અને ગુજરાતમાં સત્ય સ્વરૂપનું ઉદ્‌ઘાટન કર્યું, આપણે આ ક્યાં હતું? આ પદ્ધતિ આપણે ક્યાં હતી? ભાઈ! રામજીભાઈ! એમ ચોખવટ કરી. નરમ માણસ આમ. છે મોટો વિદ્વાન. હજારો દસ-દસ હજાર પુસ્તકો વાંચેલા, મોટા સંસ્કૃત, વ્યાકરણ મોટા પંડિત મોટા. એ પંડિતાઈ જુદી ચીજ છે અને આ કાંઈક જુદી ચીજ છે. સમજાય છે કાંઈ? એણે બિચારાએ ચોખ્ખું (કહ્યું). ઘણાં માણસો બેઠા હતા. આ પદ્ધતિ આ કહે છે તે રીત આપણા હિન્દુસ્તાનમાં હતી જ નહિ. કહો, રતિભાઈ! ભાઈ! ભગવાન! એ વસ્તુ શું છે? બાપુ! એને સમજવી પડશે, ભાઈ!

અશરણ અશરણ ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! જુવાન-જુવાન માણસો ૨૫-૨૫ વર્ષના જુવાન. શરીરમાં જીર્ણતા થઈ જાય. બાયડી આમ બે વર્ષના પરણેતરની હોય. ચક્ષુદાન જોવે. અરે! હવે આંખમાં તેજ ... ઘટ્યા, શરીર જીર્ણ થયા. એમ થઈ જાય કે હવે આ શરીર નહિ નભે. એને એમ થઈ જાય કે આ શરીર હવે નહિ નભે. સમજાણું કાંઈ? કોણ શરણ છે? પ્રભુ! લાખ-કરોડ રૂપિયાના ખર્ચે. ડૉક્ટરો આવીને ત્યાં ઈંજેક્શન ખોસે. ધૂળેય શરણ નથી. આહા..હા..! નવરંગભાઈ!

જુઓને, આ વિનોદનો દાખલો નહિ? .. ત્રીજની રાતે ગુજરી ગયો. છોકરો ૩૦ વર્ષનો જુવાન. ૬૦૦નો પગાર આપતા હતા. .. દુકાન છે. છોકરો એવો હુશિયાર તે એવો હુશિયાર. ... આ વાલ વાલ કાંઈક થાય છેને. એવું કાંઈક છે. શું કહેવાય તમારે આ? .. પવન ભરે છેને એમાં એવો એક વાલ થાય. એય..! આપણને કાંઈ ખબર પડે નહિ. લોકો વાતું કરે એ સાંભળીએ. એવો વાલનો કાંઈક રોગ હતો. છતાં હતો ... ૬૦૦નો પગાર. ડૉક્ટર કહે કે અમે સાફ કરી દઈશું. ૯૦ ટકા સુધારો થઈ શકશે. બચશો તો ખરા પણ ૯૦ ટકા સુધારો. ૧૩-૧૩ ડૉક્ટરો. ૬-૬ કલાક રહેંસી નાખ્યો. એય..! ડૉક્ટર! પછી? એણે તો ૯૦ ટકાની આશા કીધી. યુવાન માણસ, વર્ષનું પરણેતર. મા-બાપ ઘરડા-વૃદ્ધ. ... ડૉક્ટરો વાતું કરે ખાનગી સિરિયસ છે, સિરિયસ છે, આ કેસ સિરિયસ છે. 'ડૉક્ટર! આ કેસ સિરિયસ છે એ મને ખબર છે. આ કેસ સિરિયસ છે એ મને ખબર છે. હું આનંદમાં છું.' સોભાગભાઈ! જુવાન છોકરો આ હમણાં ચૈત્ર સુદ ત્રીજને રાતે. ... આવ્યો હતો સવારમાં. આહા..હા..! તમે વાત કરો છો એ મારા ખ્યાલમાં છે. હળવે હળવે વાતું કરે એના માટોભાઈ. કેસ સિરિયસ છે. સિરિયસ છે મારા ખ્યાલમાં છે. હું આનંદમાં છું. આહા..હા..! આ વર્ષના પરણેતરની કન્યા, એમાં બાર મહિના, છ મહિનાથી આવું હતું આ. ... વૃદ્ધ મા-બાપ. મને મજા છે, સિરિયસ છે ઈ મને ખબર છે. આહા..હા..! છેવટે ડૉક્ટર કહે છે, ભાઈ! મિસ્ટર ગાંધી! નસનો કટકો થોડો જોવે છે અમારે. એમ કીધું આખી નસ જોઈએ છે. ઘણા ઈંજેક્શન માર્યાને એટલે

શું હશે આ બધું? નસનો થોડો કટકો જોવે છે સુંઘીને. સુંઘાડશો નહિ, કટકો જોવે તો લઈ લ્યો. આ શરીરના નસનો કટકો લઈ લ્યો, સુંઘાડશો નહિ. મારું લક્ષ દેહથી છૂટી ગયું. ખબર છે કે આ દેહ નહિ રહે હવે. આહા..હા..! ..ભાઈ! કોણ શરણ? ભગવાન! આહા..હા..! એવા પ્રસંગ બને પછી રોવે કકળાટ. શેના રોવો? બાપુ! એ રોનારા નથી રે રહેનાર. રોનારા ક્યાં રહેનાર છે કે તું તેને રો છો?

ભગવાન આત્મા એ વખતે શરણ હોય તો એ ચિદાનંદ ધ્રુવ ભગવાન શરણ છે, બાકી કોઈ શરણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એવો પ્રસંગ દેખે ત્યારે એમ લાગે કે એવું એને થયું. મને ક્યાં છે? હું તો શરીર નિરોગી લઠ જેવું, લાડવા ત્રણ ચડાવી જાઉં છું. પ્રાણભાઈ! પતરવેલીયા ને લાડવા ને શિખંડ. ભગવાન! બાપુ! એ રજકણની ક્રિયા તો બનવાના કાળે બને, ભાઈ! તારી એ ક્રિયા નહિ, ભાઈ! એ આહારના રજકણો એ તારા નહિ, તેં ખાધા નથી, તેં અનુભવ્યા નથી, ભાઈ! એ વખતનો તને જરી રાગ આવ્યો કે 'આ ઠીક છે' એ રાગનો અનુભવ પ્રભુ છે તને. એ કાંઈ દાળ-ભાત, રોટલા કે બાયડીના શરીરને આત્મા ભોગવે એ ત્રણકાળમાં બનતું નથી. જડને શું ભોગવે આત્મા? ભગવાન આત્મા તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છેને. એ તો પરનું લક્ષ કરીને 'આમ ઠીક છે' એવા રાગ કરે અને રાગને ભોગવે છે. કહે છે કે એવા રાગને ગમ્ય આત્મા નથી. આ શુભરાગ આવે દયા, દાન, વ્રત, ભગવાનના જાપનો, નામ ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એવો જે શુભરાગ તે આત્મામાં નથી અને તેનાથી આત્માની ગમ્ય પ્રાપ્તિ થતી નથી. આહા..હા..! એ તો ઠીક. છેને નીચે ખુલાસો જુઓ.

**'ભાવાંતરો = અન્ય ભાવો. (ઔદયિક, ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક–એ ચારેય ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...'** પ્રભુ ભગવાન ધ્રુવ ચૈતન્ય છે એનાથી આ ચાર ભાવો અનેરા છે. ચાહે તો રાગ હો કે ચાહે તો નિર્મળદશા હો. આહા..હા..! એ આત્માને આશ્રયે પ્રગટેલી વીતરાગી દશા હો, પણ એ દશા ભગવાન પૂર્ણાનંદ સ્વભાવની અપેક્ષાએ તો એ દશા અનેરી છે. **'તેમને ભાવાંતરો કહ્યા છે.'** અહીં વ્યાખ્યા ભાવાંતરની વ્યાખ્યા કરી. ભાવાંતર–અનેરા ભાવ. ભાવાંતર–અંતર, અનેરા ભાવ. ભગવાન આત્મા કાયમી ધ્રુવ ચૈતન્ય અવિનાશી સ્વભાવભાવની અપેક્ષાએ આ ચાર ભાવ રાગ, રાગનું ઠરવું, રાગનું ક્ષય થવું કે સમ્યગ્દર્શનનું થવું આદિ એવી દશાના ભાવ એ આ પરમ ત્રિકાળી ભાવની અપેક્ષાએ ભાવાંતર, અનેરા ભાવ છે. એનામાં એ ભાવ છે નહિ. આહા..હા..!

અહીં તો હજી શરીર ઠીક મળે ત્યાં ગળે વળગ્યો. મને માખણ જેવું મારું શરીર રૂપાળું. અરે! ભગવાન! જડ અને માટી બાપા તારા કે દિ' થયા એ? સમજાય છે કાંઈ? અહીં

તો પ્રભુ પરમાત્મા ભગવાન આત્માને સંબોધીને કહે છે, હે આત્મા! તારા કાયમી અસલી સ્વભાવનો ભાવ જે ધ્રુવ અનાદિ-અનંત ભાવ જે છે એની અપેક્ષાએ પુણ્ય-પાપના સ્મરણ ભગવાન ભક્તિ આદિનો ભાવ અનેરો છે, એના ગમ્ય આત્મા નથી, એનાથી આત્માની પ્રાપ્તિ નથી. ઉપશમભાવ, ધર્મભાવ છે એ ભાવને ગમ્ય નથી એટલે કે એને આશ્રયે આત્મા જણાતો નથી. ક્ષયોપશમભાવ એટલે જ્ઞાનનો વિકાસ છે તે આત્મામાં નથી, પણ એને આશ્રયે જણાતો નથી માટે તેને અગમ્ય કહેવામાં આવે છે. અને ક્ષાયિક ભાવ દશા અંદર સમ્યગ્દર્શન થાય ક્ષાયિક અનુભવ, એ પણ અનેરો ત્રિકાળી ભાવની અપેક્ષાએ અનેરો છે અને એને આશ્રયે આત્માને લાભ થતો નથી. આહા..હા..! ઝીણું પડે પણ માર્ગ તો આ છે, ભગવાન! સમજાણું કાંઈ?

'**આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા)...**' એટલે કીધુંને માથે, આત્માને આત્મા તરીકે ઉપાદેય છે. એ આત્મા એટલે કારણપરમાત્મા, એમ. કારણપરમાત્મા એટલે ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ ભગવાન ધ્રુવ તેને અહીં કારણપરમાત્મા કહે છે, એને આત્મા કહે છે. સમજાણું કાંઈ? આવો ભગવાન બિરાજમાન છે, પ્રભુ! પોતે તું છો. આહા..હા..! ... એક બીડી વિના ચાલે નહિ, આંગળી ખૂંચે ત્યાં હાય-હાય થઈ જાય એને આવો આત્મા કેમ બેસે? છે તો એવો, માને તોય એવો અને ન માને તોય એવો. છે તો એવો પ્રભુ પોતે. આનંદનું ધામ સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત. શાશ્વત જ્ઞાન અને આનંદની ખાણ પોતે ધ્રુવ છે. કહે છે કે એને પોતાનો કાયમી અસલી ભાવ, અવિનાશી ભાવ એની અપેક્ષાએ ચાર ભાવ નાશવાન ભાવ છે. લે! ક્ષાયિકભાવ તો નાશવાન નથીને? એક સમયની પર્યાય છે, ભાઈ! એ નાશવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની અવસ્થા છે. ભગવાન ધ્રુવ અવસ્થા એ ત્રિકાળ પરમાત્મા પોતે શુદ્ધ એની અપેક્ષાએ તો એ પર્યાયો બધી નાશવાન છે, આહા..હા..! ભારે વાત, ભાઈ!

કળશમાં પણ લેશે ભાઈ. કળશ આવે છેને પાઠમાં. તત્ત્વમાં સાર જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે. એ ચાર ભાવ નાશવાનમાં જાય છે. આહા..હા..! આ ભારે વાત! એય..! ચંદુભાઈ! એ વાતું, બાપા! કોઈ વારંવાર મળે એવી નથી. આહા..હા..! આવું તત્ત્વ કોઈ ભાગ્યવાનને મહાયોગ્ય હોય જીવ એવાને આ કાને પડે એવી વાત છે આ તો, બાપુ! સમજાણું કાંઈ? ઈન્દ્રો ઉપરથી જે સાંભળવા આવતા હશે, ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી એકભવતારી મોક્ષ છે. ઈન્દ્ર છે શક્રેન્દ્ર સુધર્મ દેવલોકનો સ્વામી. એકભવ(તારી) એની સ્ત્રી પણ એકભવતારી મોક્ષ જનારી છે. પતિ-પત્ની એકભવે મોક્ષ જનારા છે એવા બે આત્મા છે એ શક્રેન્દ્ર સુધર્મ દેવલોક. એ ત્યાંથી આવીને મનુષ્યમાં આવતા હશે સાંભળવા તે કેવી વાત હશે? ઈન્દ્ર પોતે ત્રણ જ્ઞાન(નો ધણી) છે—અવધિજ્ઞાન છે, સમકિતી છે, ક્ષાયિક સમકિતી છે. આહા..હા..! એ વાત સાંભળવા આવતા હશે સંતો પાસે ભગવાન .. બાપુ! એ વાતું અપૂર્વ છે કોઈ.

ઈન્દ્ર સાંભળતા પણ એને અંદર (થાય કે) આહા..! ધન્ય નાથ! સત્ય વાત, પ્રભુ! પરમ સત્ય વાત. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જે ધ્રુવ અવિનાશી જેની ચીજ પોતે નિત્યાનંદ સચ્ચિદાનંદ એવું નિજસ્વરૂપ એને અમે કારણપરમાત્મા કહીએ છીએ, કહે છે, એને અમે આત્મા કહીએ છીએ. પર્યાયવાળા અને ક્ષાયિક સમકિતની પર્યાયને અમે આત્મા કહેતા નથી એમ કહે છે. આહા..હા..! કારણ કે વ્યવહારઆત્મા થઈ ગયો. એક સમયની કેવળજ્ઞાન દશા, કેવળદર્શન દશા ક્ષાયિકની એક સમયની દશા છે. એક સમયની દશા તે વ્યવહારઆત્મા થઈ ગયો. વ્યવહારઆત્મા થયો તે અભૂતાર્થ આત્મા થયો, અભૂતાર્થ આત્મા થયો એટલે ભૂતાર્થ આત્મા ત્રિકાળી ચીજ એક જ રહી ગયો. '**ववहारोऽभूदत्थो**' ૧૧મી ગાથા જે ધર્મનો પ્રાણ. સમજાય છે કાંઈ? સમયસાર. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' પર્યાય આદિ એક સમયની દશા રાગાદિ બધા અભૂતાર્થ છે. ત્રિકાળી ભૂતાર્થ પદાર્થ ધ્રુવ ભગવાન આત્મા તે ભૂતાર્થ નામ સત્ય છે, એ જ શુદ્ધનય છે. એવો ભગવાન ધ્રુવ ભગવાન એની નજર કરતાં એનું સમકિત એને આશ્રયે થાય છે. અહીં કહે છે કે સમકિતની પર્યાયને આશ્રયે પણ નવી પર્યાય થતી નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! અહીં તો દ્રવ્ય છે. વસ્તુ અનંત આનંદ અને જ્ઞાનની ખાણ છે. એક સમયની પર્યાય કાંઈ ગુણની ખાણ નથી. અલૌકિક વાતું છે, બાપા! લોકોત્તર છે, પ્રભુ! સમજાણું કાંઈ?

કહે છે, એવા '**ચાર ભાવાંતરોને અગોચર હોવાથી જે (કારણપરમાત્મા)...**' પોતાનું અવિનાશી કાયમનું સ્વરૂપ એક સમયની પર્યાય વિનાનું. પર્યાય એટલે અવસ્થા-દશા. આહા..હા..! એ '**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ...**' વ્યાખ્યા કરે છે હવે ત્રીજા પદની. '**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।**' એની વ્યાખ્યા કરે છે. ટીકાનો અર્થ એ છે કે ભાવ ભરેલાને સ્પષ્ટ કરી નાખવા એનું નામ ટીકા. સમજાય છે કાંઈ? ભેંસના આંચળમાં અંદરમાં આઉમાં દૂધ ભર્યું હોય એ બળુકી (સ્ત્રી) આમ અંગુઠો મારીને ખેંચીને કાઢે, પણ છે તે કાઢે. સમજાણું કાંઈ? દોહવાની રીતમાં એ આંચળને આમ ન પકડે હોં! આમ ન દોવાય. આ અંગુઠાનો ભાગ એને દાબે ત્યારે દોવાય ઈ, એમ આ તર્કના અંગુઠા જોડીને શાસ્ત્રમાં શું ભર્યું છે એને આચાર્યે કાઢ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું આમાં માખણ પડ્યા છે આ શબ્દોમાં!

કહે છે કે ભગવાન આત્મા એ દ્રવ્યકર્મ એટલે આઠ કર્મની ધૂળ જે રજકણ જેને જડ કર્મ કહીએ એનાથી જુદો છે એ તો. '**ભાવકર્મ,...**' પુણ્ય અને પાપના વિકલ્પો, એ વૃત્તિ જે ઉઠે શુભ-અશુભભાવ એ ભાવકર્મથી પણ ભગવાન જુદો છે. ચિદ્દ્યન, આનંદકંદ પ્રભુ આત્મા. અરે! એને એની... એક તમાકુ કટકી ..માં જરીક આવે અને આમ સુંઘે ત્યાં તર

લાગે એને. આહા..! મગજ તર થઈ ગયું. કેટલાક એમ કહે, ચા પીને આવીએ તો સાંભળવામાં મગજ રહે, ચા પીધા વિના આવીએ તો મગજ ફરી જાય. આહા..હા..! એક પા શેર પાણી તારા મગજને સ્થિર રાખે, આવી તારી ભ્રમણા! એય..! પા દોઢ પાશેર ઉકાળો પીને આવે તો એનું મગજ ઠેકાણે રહે. ઉકાળો ન હોય તો (મગજ ઠેકાણે ન રહે). આ તે કાંઈ ગાંડપણના ગામ જુદાં હશે? આહા..હા..! અરે! ભગવાન! શું તું કરે છો આ? શું માને છો? આહા..હા..!

અહીં તો કહે છે કે એ વસ્તુ વિનાનો આત્મા છે તો એને લઈને આત્મામાં સ્થિરતા થાય એ બધી ભ્રમણા છે સાંભળને. સમજાણું કાંઈ? આ તો બાપુ! બીજી જાતની વાત છે. કહે છે એ ભાવકર્મથી ભિન્ન છે. વ્યતિરિક્ત કીધોને. વ્યતિરિક્તનો અર્થ એના વિનાનો કીધો. '**અને નોકર્મરૂપ ઉપાધિથી...**' આ શરીર, આ વાણી, આ નોકર્મ કહેવાય આ. એવી ઉપાધિ. જુઓ એને ઉપાધિ કીધી. એનાથી '**જનિત વિભાવગુણપર્યાયો...**' વિકાર ગુણની દશાઓ એ વિનાનો છે ભગવાન. શુદ્ધ ઘન, આનંદકંદ જેની નજર નાખતા નિધાન નજરે આવે. પહેલો સમજે તો ખરો, પહેલી સમજણમાં તો લે કે આ એની રીત અને આ એની પદ્ધતિ છે. એની રીત અને પદ્ધતિ જાણ્યા વિના ધર્મ કરવા માંડે (એમ) નહિ થાય, ભગવાન! ધર્મ શું ચીજ છે એનો નહિ ખ્યાલ આવે. સમજાણું કાંઈ?

કહે છે, એ '**વિભાવગુણપર્યાયો...**' વિભાવગુણ એટલે એ અવસ્થાને કીધી ગુણઅવસ્થા. વિભાવિક ગુણની જે દશાઓ, પર્યાયો, વિકારી દશા વિનાનો ભગવાન આત્મા અંદર પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. અરે! એનું એને માહાત્મ્ય ન આવે, એનું એને બહુમાન ન આવે ત્યાં એના સ્વરૂપ તરફ સન્મુખ કેમ થાય ઈ? સમજાય છે કાંઈ? એક મોટો ગૃહસ્થ હોય પાંચ કરોડ કે દસ કરોડ આવ્યો હોય તો એની સામું જોવે પહેલા તો. આ શેઠ, આ શેઠ. સામું જોવે, લ્યો. પૈસાવાળો છો. ધૂળમાંય ક્યાંય નથી, બિચારો નર્કમાં જવાનો હોય ઈ તો. આ શેઠ કેવા કહેવાય છે ઈ? આ શેઠ કેવા કહેવાય? આ હમણાં ભાઈ આવ્યા હતાને ત્યાં રાજકુમારસિંહ. મળ્યા. ગામડામાં આવેલા. ગામડાવાળા કહે હેં! વીસ કરોડવાળા શેઠ છે એ સરહુકમીચંદજીના દીકરા. બધા જોતા હતા. શું છે? ધૂળેય નથી કીધું. એણે પહેરેલું શું કહેવાય તમારું આ? પહેરેલું મોટું સરખું .... લોકો કહે આ સર હુકમીચંદ ૨૦ કરોડ ઈંદોરના, એના દીકરા આવ્યા છે. આ હિંમતનગરમાં આવ્યા હતાને, સાત હજારનું સ્વાધ્યાય મંદિર થયું નવું એના ઉદ્‌ઘાટન માટે આવ્યા હતા. પહેલા વ્યાખ્યાનમાં રણાસણ આવ્યા હતા. પછી ત્યાં આવ્યા. લોકો જોતા હતા. ગામડામાં ભાળ્યું નહિને. હેં! સર હુકમીચંદના દીકરા આ. રાજકુમારસિંહ એનું નામ છે. વાણિયાનું નામ સિંહ ન પડે નહિતર. લાલ કે ચંદ પડે આપણે. વાણિયામાં લાલ કે ચંદ પડે નામ. લાલ કા ચંદ. આ તો રાજકુમારસિંહ, દેવકુમારસિંહ મોટા પૈસાવાળા ઘણાને. લોકો જોવે. પણ બાપુ એને જોવા ગયો, આ તો કોણ મોટો એને તે જો. ધૂળમાંય નથી ત્યાં બધા મોટા. મોટા માન્યા છે. આહા..હા..!

કહે છે કે એક તારો આત્મા ભગવાન એ વિકાર આદિ ભાવ વિનાનો ભગવાન છે. સમજાણું કાંઈ? હવે એની વ્યાખ્યા કરે છે આત્માની. હવે એ આત્મા જેને કારણપરમાત્મા કીધો અને જેને ચાર ભાવથી અગમ્ય કીધો એવો આત્મા કેવો છે એની હવે વ્યાખ્યા કરે છે. હોવાપણે. કેટલાક કહે છેને. વિકલ્પ છોડો, વિકલ્પ નાશ કરો. શેનો પણ વિકલ્પ? કોને આશ્રયે નાશ થાય? વસ્તુ શું છે? નિસરણીના પગથિયે ચડતાં ઉપર પગ મૂકે તો નીચેથી ઉઠે, પણ પગ મૂક્યા વિના નીચે ઉપાડે તો પડશે નીચે. સમજાણું કાંઈ? આ નિસરણી, આ પગથિયા, શું કહેવાય? દાદરો. નીચે પગ ઉપાડે અને ઉપર મૂકે નહિ અને નીચેથી ઉપાડે તો શું થાય? પણ પહેલો મૂકે કે અહીં પગ મૂક્યો એટલે ઓલો નીચે ઉપડશે પછી. સમજાણું કાંઈ? તો એ ઉપડ્યો ઉપડેલો ખરો કહેવાય એને. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે એવી અંદર દૃષ્ટિ થતાં રાગના વિકલ્પની એકતા ત્યાં તૂટી જાય છે. એ વિના સ્વરૂપની અંતરદૃષ્ટિ પડ્યા વિના, અસ્તિભાવની દૃષ્ટિ કર્યા વિના રાગનું તૂટવું ત્રણકાળમાં થતું નથી. સમજાણું કાંઈ? નવ થયા.

કહે છે, એ વિકલ્પ નથી, નથી એવું કરવું હોય એને, રાગ નથી, ચાર ભાવ એમાં નથી એવું જેને કરવું હોય એને એ અસ્તિ સ્વભાવ કેવડો, ક્યાં છે, કેમ છે એને પહેલું જાણવું જોઈએ. સમજાણું કાંઈ? એક ગામમાં ભાઈ એમ પૂછતા હતા, 'સમજાય છે કાંઈ?' ઈ મહારાજ ક્યારે આવશે? એવી છાપ પડી ગઈ. એ મહારાજ બહુ વારંવાર કહે કે સમજાય છે કાંઈ? ઓલી બે વર્ષની છોડી કહેતી હતી, ... આ સમજાય છે કાંઈ? આમ હાથ કરીને. કુંડલાની... 'સમજાય છે કાંઈ?' એ મહારાજ કે દિ' આવશે 'સમજાય છે કાંઈ?' એવું કહેનારા. કહે હમણાં આવવાના છે. અરે! ભગવાન! સમજવાનું તો આ છે, બાપા! બાકી બધા થોથેથોથાં છે. આહા..હા..!

કહે છે, ભગવાન કેવો છે? કે અનાદિ-અનંત છે. હવે લીધો. ઓલા ચાર ભાવ નહિ એમાં. કર્મ નહિ, શરીર નહિ, ઉપાધિ નહિ એ કાઢી નાખ્યું અને ચાર ભાવ જે કીધા પર્યાયના ચાર પ્રકાર એ પણ નહિ, તો છે કેવો ચૈતન્ય? નકાર કર્યો. નેતી... નેતી.. નેતી... પણ છે કેવો ત્યારે હવે? સમજાય છે કાંઈ? અનાદિ-અનંત. અનાદિ-અનંત વસ્તુ છે. છે સત્. સત્‌ની ઉત્પત્તિ હોય? કોઈ દિ' ન હોય એમ બને? અને હોય એનો નાશ થાય? આમ તો સાધારણ નથી કહેતા? મા .. વિદ્યતે ભાવો. ન હોય તે થાય નહિ અને હોય તે જાય નહિ, હોય તેનું રૂપાંતર થાય. ભગવાન આત્મા દેહથી, રાગથી ભિન્ન પણ છે અનાદિ-અનંત. વસ્તુ જ્ઞાયકસ્વભાવ આનંદભાવ, વસ્તુ છે એની ઉત્પત્તિ કેમ હોય? વસ્તુની ઉત્પત્તિ કેમ હોય? એને ઉત્પન્ન કરનાર કેમ હોય? સમજાય છે કાંઈ? એથી કહે છે કે અનાદિ-અનંત છે. છે, છે ને છે. આદિ વિનાનો છે, અંત વિનાનો છે. એવો અંદર અવિનાશી ભગવાન ચાર ભાવથી ભિન્ન, ઉપાધિથી જુદો અમૂર્ત છે. ભગવાન તો અમૂર્ત છે એમાં રંગ, ગંધ,

રસ, સ્પર્શ નથી. આ બધા રંગ, ગંધ, સ્પર્શના માટલા આ શરીર ધૂળ છે. ઓલો ભગવાન તો અંદર રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે પોતે. સમજાણું કાંઈ?

**'અતીન્દ્રિયસ્વભાવવાળો...'** લ્યો, ઠીક! ઈન્દ્રિયથી જાણે તેને જ્ઞાન જ કહેતા નથી. અલિંગગ્રહણમાં આવી ગયું છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છે. એક અલિંગગ્રહણ, અલિંગગ્રહણના ૨૦ અર્થ છે. ૨૦ અર્થ. પહેલો અર્થ એવો છે કે આત્મા કેવો છે? કે ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહિ. આ પાંચ ઈન્દ્રિયના નિમિત્તથી જે કાંઈ ખ્યાલમાં આવે એ આત્મા નહિ અને આત્માનો ઉપયોગ નહિ અને આત્માનું જ્ઞાન નહિ. આહા..હા..! ભારે વાતું! સમજાણું કાંઈ? જે ઈન્દ્રિયથી જાણે તે આત્મા નહિ. આહા..હા..! જે ઈન્દ્રિયથી જણાય નહિ, જાણે તો નહિ પણ જણાય નહિ, એ બીજો બોલ છે અલિંગગ્રહણનો. એ અહીં કહે છે. એ તો અતીન્દ્રિય સ્વભાવવાળો છે. આ જડ ઈન્દ્રિયો તો એમાં નથી, આ ફાંકા જડના, પણ ભાવઈન્દ્રિય જે ક્ષણે ક્ષણે એક એક શબ્દ, રૂપ આદિને એક એકને જાણે એવું ખંડ જ્ઞાન એ એના સ્વરૂપમાં નથી. એની પર્યાયમાં એ પર્યાયપણામાં છે જ નહિ. આવું કેવું? આવી ધર્મકથા કેવી? આ તે ભાઈ જુદી જાતની. ઓલો કહે કે આમ કરો, આમ કરો, આમ થાય ને આમ થાય તો તો આવું કાંઈક સમજાય પણ ખરું. અનાદિથી સમજ્યો છે અજ્ઞાન ઈ. આહા..હા..! ભાઈ! એ તારા ઘર કોઈ જુદી જાતના, નાથ! આહા..હા..! તારું સ્વરૂપ કોઈ જુદી જાતનું, પ્રભુ! તને ખબર નથી. એ અચિંત્ય અતીન્દ્રિય સ્વભાવવાળો ભગવાન છે. આહા..હા..! જ્ઞાન ને આનંદ અને તત્ત્વ પ્રભુ પોતે એ ઈન્દ્રિયવાળો છે? એ તો અતીન્દ્રિય સ્વરૂપ છે. સમજાણું કાંઈ? **'અતીન્દ્રિય સ્વભાવવાળો.'** ભાષા એમ લીધી, અતીન્દ્રિય સ્વભાવવાળો. સ્વભાવ જ એનો અતીન્દ્રિય છે.

**'શુદ્ધ-'** એ શુદ્ધ છે, પવિત્રનો પિંડ છે. આહા..હા..! જે કંઈ પવિત્રતા પ્રગટ કરવા માગે છે અને પ્રગટ કરવા માગે એ પવિત્રતા તો પૂર્ણ પ્રગટ કરવા માગેને. કોઈ અપૂર્ણ પવિત્રતા પ્રગટ કરવા માગે? પૂર્ણ પવિત્રતા પ્રગટ કરવા માગે છે એ ક્યાંથી આવશે? એ પવિત્ર પૂર્ણનું ધામ છે. ભગવાન ધ્રુવધામ એ શુદ્ધ પવિત્રતાનું ધામ શુદ્ધ ધ્રુવ સહજ સ્વભાવિક વસ્તુ છે. સહજ સ્વભાવવાળો સ્વભાવિક વસ્તુ છે. **'પરમ-પારિણામિકભાવ...'** પરમ પારિણામિક કે જેને પરની કોઈ અપેક્ષા નથી. કર્મના નિમિત્તની અપેક્ષા નથી, કર્મના અભાવની અપેક્ષાએ પ્રગટે એવો એ નથી. એ તો સહજાનંદ મૂર્તિ ... સ્વભાવવાળો પરમ, પરમ પારિણામિક એટલે પરમસ્વભાવ એવું ત્રિકાળી તત્ત્વ **'જેનો સ્વભાવ છે—'** એ એવો જેનો સ્વભાવ છે. આત્મા કહેવો છેને, ભાઈ! આહા..હા..!

**'એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** ભાષા જુઓ. આહા..હા..! આવો જે ભગવાન અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવનો પિંડ પ્રભુ શુદ્ધ અને સ્વભાવિક, સ્વભાવભાવવાળો એવો જે કારણપરમાત્મા એટલે ધ્રુવ સ્વભાવ જેમાંથી કાર્ય કેવળજ્ઞાન અને

આનંદ આદિ કાર્ય પ્રગટે એવો જે કારણ ખાણ, ખાણ એવો કારણ ધ્રુવ પરમાત્મા એ ખરેખર આત્મા છે. આ એને આત્મા કહ્યો. પર્યાયને નહિ, રાગને નહિ, નિમિત્તને નહિ, ક્ષાયિકભાવને આત્મા ખરેખર નહિ કહ્યો લ્યો. આહા..હા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી એક સમયની પર્યાય એ ખરેખર આત્મા નહિ. આહા..હા..! એ ત્રણ પર્યાય છે. વ્યવહાર આત્મા થયો, ભગવાન! આત્માના બે પ્રકાર? વ્યવહાર અને નિશ્ચય? સાંભળને, પ્રભુ! આહા..હા..! બહારમાં તો વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા હજી તો. ઓલો કહે રાગથી થાય, વ્યવહારથી નિશ્ચય થાય. હવે મૂકને પડતી બધી તારી, વ્યવહાર- ફ્યવહાર છે જ ક્યાં આત્મામાં? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મના સ્વભાવના આશ્રયે તો વ્યવહારથી મુક્ત ધર્મી છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. આહા..હા..! રાગાદિ ભાવ છે એનાથી મુક્ત છે, એના સ્વરૂપમાં ક્યાં છે? દૃષ્ટિ થઈ છે ચિદાનંદ ભગવાન આત્માની. ધર્મી જીવ તે વ્યવહારથી મુક્ત છે, ત્રણે કાળે મુક્ત છે. વસ્તુ તો મુક્ત છે વ્યવહારથી, રાગથી, પણ દૃષ્ટિ થઈ ત્યાં દૃષ્ટિમાં વ્યવહારથી મુક્ત છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવી કથા ધર્મની. બાપુ! ભગવાન આત્મામાં સમજાય એવી ચીજ છે. એને સમજાવે છેને કે જડને સમજાવે છે આ? રાગને સમજાવે છે? કે ઓલો રાગ છે એને કહે જો અમને સમજ. એ સમજનારો ભગવાન છે એને સમજાવવામાં આવે છે. કહે છે, ભાઈ! હવે આત્માના બે પ્રકારો. વ્યવહાર-નિશ્ચય પર્યાયના બે પ્રકાર, વિકલ્પ રાગ એ વ્યવહાર, નિર્વિકલ્પદશા તે નિશ્ચય. ભાઈ! એ બધું છે એ સાંભળ. સમજ તો ખરો પહેલો.

કહે છે, એવો જે કારણપરમાત્મા જેમાં રાગાદિ ઉપાધિ નથી. ચાર ભાવની દશાની પર્યાય, અવસ્થા એક ક્ષણિક તેમાં નથી. અનાદિ-અનંત અમૂર્ત સુખ સહજચિદાનંદસ્વરૂપ અતીન્દ્રિય સ્વભાવવાળું તે તત્ત્વ છે એને ખરેખર સાચો આત્મા કહીએ છીએ એમ કહે છે. ખરેખર એટલે સાચો આત્મા. આત્મામાં સાચા અને ખોટા બે પ્રકાર? અરે અરે! ભારે આ. ભગવાન! ખોટાનો અર્થ કે ત્રિકાળમાં નથી એક સમયની અવસ્થા એ અપેક્ષાએ તેને વ્યવહારઆત્મા કહ્યો છે. ખરો આત્મા, સાચો આત્મા જ્ઞાયકમૂર્તિ ત્રિકાળી ભગવાન અનંતગુણનું ભરચક તત્ત્વ છે એને પરમાત્માએ સાચો આત્મા, ખરેખર આત્મા કહ્યો છે. આહા..હા..! ચંદુભાઈ! એય..! નવરંગભાઈ! લ્યો આ આત્મા. ઓલું તો ક્યાંય વયું ગયું, હોં! પાણી ગળીને પીવું ને...

**શ્રોતા :-** પરમાત્મા અને આત્મામાં શું ફેર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પરમાત્મા એટલે પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ તે, પણ આત્મા એને કહીએ અહીં તો કહે છે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ તેને આત્મા કહીએ. એ જરી આગળ સમજવા જેવી વાત છે, ન્યાલભાઈ! એમ ઝટ નથી પકડાય એવું. પૈસા જેમ પુણ્યને લઈને આવી જાય, એ કાંઈ પુરુષાર્થથી નથી આવ્યા. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એ કારણ પરમાત્મા.. જે માથે કહ્યું હતુંને? **'એવા આત્માને 'આત્મા' ખરેખર**

ઉપાદેય છે.' એને કારણપરમાત્મા કહ્યો. એ કારણપરમાત્મા એટલે ત્રિકાળી ભગવાન ધ્રુવ સ્વરૂપ. એક સમયની અવસ્થા-દશા વિનાનો દશાવાન આખો આત્મા. આહા..હા..! હવે ખ્યાલમાં એને આવવું મુશ્કેલ. હજી અહીં નજર પડી છે બહાર એને આ લેવું અંદરમાં આવું. ભાઈ! પૂર્ણાનંદ પ્રભુ નજરમાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં લીધા વિના ક્યાંય ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? ખરેખર આત્મા છે. આને અમે ખરેખર આત્મા કહીએ છીએ.

'**અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય** (બીજું) **કાંઈ ઉપાદેય નથી.**' લ્યો! એ ખરેખર ઉપાદેય છે એમ કીધું હતુંને? આહા..હા..! આવો ધ્રુવ પ્રભુ છે ત્રિકાળી, અલ્પકાળમાં જેની મુક્તિની તૈયારી છે, શાંતિની મુક્તિની મોક્ષની તૈયારી છે એવા આત્માને તો આવો કારણપરમાત્મા શુદ્ધ ધ્રુવસ્વરૂપ તે જ આદરણીય અને અંગીકાર કરવાલાયક છે. એ સિવાય અંગીકાર કરવાલાયક છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૪-૦૩-૧૯૭૨,
## ગાથા-૩૮, પ્રવચન નં.૭૪૩

..દ્રવ્યસ્વભાવ એને અહીંયાં શુદ્ધભાવ કહે છે. પર્યાયમાં શુદ્ધભાવ મોક્ષનું કારણ જે થાય એની અહીંયા વાત નથી. શુદ્ધભાવ એટલે જેમાં કર્મના નિમિત્ત અથવા કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા નથી એવો સહજ ત્રિકાળી શુદ્ધભાવ, ધ્રુવભાવ એને અહીંયાં દ્રવ્યસ્વભાવને અહીંયાં શુદ્ધભાવ કીધો છે. સમજાય છે કાંઈ? એ શુદ્ધભાવ જીવાદિ.. નીચે છે ટીકા. પાઠમાં એમ છે કે '**હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' એમ છે. પણ એની ટીકામાં એવી રીતે લીધું છે. નાસ્તિથી લીધું છે. એટલે? કે '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' એમ ભાઈ! હેય છે એમ ન લેતા ઉપાદેય નથી એમ કહ્યું છે. ઝીણી વાત છે, એકદમ માખણની વાત છે. આત્માની વસ્તુ છે એની દશામાં એક સમયનો પર્યાય એટલે પ્રગટ અવસ્થા એને અહીંયાં જીવતત્ત્વ, વ્યવહારુ જીવતત્ત્વ, પર્યાયને વ્યવહારુ જીવતત્ત્વ કહેવામાં આવ્યું છે. જીવ આદિ છેને? અજીવ અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ, શુભ-અશુભભાવ એ આસ્રવતત્ત્વ છે, મલિન પર્યાય છે. એમાં અટક્યું છે જ્ઞાન એને બંધભાવ, બંધતત્ત્વ કહે છે, પર્યાયને બંધતત્ત્વ (કહે છે). અને સંવર, નિર્જરા અને મોક્ષ. આત્મામાં શુદ્ધ ચૈતન્ય ધ્રુવભાવ જે આ વર્ણવાય છે એને આશ્રયે પ્રગટેલો પવિત્ર શુદ્ધ સ્વભાવની ઉત્પત્તિ એનું નામ સંવર. પણ એ પણ બાહ્યતત્ત્વ છે. આહા..હા..! જીવની

એક સમયની પર્યાયતત્ત્વ એ બાહ્યતત્ત્વ છે, અંતરતત્ત્વ નહિ. અજીવ એ બાહ્ય તત્ત્વ છે અથવા અજીવનું જ્ઞાન થાય એ પર્યાય પણ બાહ્યતત્ત્વ છે. એક સમયની દશા એ બાહ્ય તત્ત્વ છે. પુણ્ય અને પાપની લાગણીઓ એ પણ બાહ્યતત્ત્વ છે અને શુદ્ધ આત્માની પવિત્રદશા, ધર્મદશા પ્રગટે, મોક્ષનો માર્ગ જે ત્રિકાળી શુદ્ધભાવ એની દૃષ્ટિ કરીને જે શુદ્ધભાવ પરમ આનંદની દશા, મોક્ષનો સાચો માર્ગ પ્રગટે એ પણ એક બાહ્યતત્ત્વ છે. કેમકે એક સમયની એ દશા છે. નિર્જરા એ શુદ્ધિની દશામાં, હાલતમાં શુદ્ધિની વૃદ્ધિ થવી એ પણ બાહ્યતત્ત્વ છે અને કેવળજ્ઞાન અને કેવળદર્શન પૂર્ણ પરમાત્મદશા થવી એ પણ બાહ્યતત્ત્વ છે. રતિભાઈ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય આ બધું. કેટલા ગોત્યાગોત કરે. 'આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે' ..ભાઈ! આત્મા એ અંતઃતત્ત્વ છે અને ભાવના એ બાહ્ય તત્ત્વ છે. ભગવાન! અને 'જીવ લહે કેવળજ્ઞાન' એ પણ બાહ્યતત્ત્વ છે. સમજાય છે કાંઈ?

ભગવાન! તારો પ્રભાવ ચૈતન્ય ધ્રુવનો અચિંત્ય છે, અચિંત્ય છે. એવું જે ત્રિકાળી જેમાં ગુરુ અને શાસ્ત્રનો પણ આધાર નથી, જેને નિર્મળ પર્યાય થાય એનો પણ આધાર જેને નથી. એવું જે શુદ્ધતત્ત્વ, ધ્રુવતત્ત્વ એના સિવાયની આ જે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ અવસ્થાઓ છે, એ અવસ્થા છે. એક બ્રહ્મ સત્ય અને પર્યાય અસત્ય એમ નથી. પર્યાય પર્યાય તરીકે છે, પણ તે અંતઃતત્ત્વ જે જ્ઞાયકભાવ ધ્રુવ, આનંદનું ચોસલું અતીન્દ્રિય જ્ઞાયક અને આનંદ એવું જે સ્વ શુદ્ધભાવરૂપી ધ્રુવતત્ત્વ એની અપેક્ષાએ આ સાત તત્ત્વો તો બાહ્યતત્ત્વ છે. એટલે એ પરદ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ? પાઠમાં એમ છેને? '**बहितच्चं**' ભાઈ! '**जीवादिबहितच्चं**' શબ્દ એ છે. એનો અર્થ કર્યો છે આ કે '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય...**' છે. ઓલો બહિરતત્ત્વનો અર્થ પરદ્રવ્ય કર્યો.

આ તો ભગવંતની વાણી અને ભગવાન થવાની વાણી છે. તેથી કહ્યુંને ભાઈએ ૭૦માં કળશમાં. કાલે કહ્યું હતું. જિનવરનું એ શુદ્ધ વચન છે. એ જગતમાં વિદિત અને પ્રસિદ્ધ છે. આહા..હા..! છે? જગતમાં વિદિત પ્રસિદ્ધ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગનું વચન, શુદ્ધ વચન. આહા..હા..! કે જે આત્મામાં સાત તત્ત્વ નથી એવું જિનવરનું શુદ્ધ વચન છે. ત્યાં એમ કહ્યું છે બંધ-મોક્ષ. ત્યાં એમ છે. એ શ્લોકમાં-કળશમાં. સમજાય છે કાંઈ? આ કાંઈ વાર્તા નથી. આ તો ધર્મ સ્વભાવ એવો ભગવાન આત્મા એના સ્વરૂપની પારાયણ છે. ઝીણી વાત છે, ભગવાન! બહારની બધી વાતું ઘણી એને ઊંધી મળી છે. ધર્મને બહાને પણ વાસ્તવિક, વાસ્તવિક તત્ત્વ, અસ્તિ તત્ત્વ, વસ્તુ તત્ત્વ, સત્તા, હોવાવાળો મહા એકરૂપ તત્ત્વ તું છે અને એમાં આ પર્યાયો જે સાત મોક્ષાદિની પણ નથી એવું તત્ત્વ તે આશ્રય કરવાલાયક છે, બાકી કોઈ આશ્રય કરવાલાયક છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

કહે છે, પાઠ તો એમ લીધો કે '**હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' કારણ કે પાઠમાં એમ છેને. મૂળમાં હેય શબ્દ (છે), પણ હેયમાંથી એમ કાઢ્યું કે આ ઉપાદેય

નથી. એ સાત પર્યાયો જે ભાવ એ આદરણીય નથી. આહા..હા..! જીવમાં થતી નિર્મળ પર્યાય, ધર્મની પર્યાય, આનંદની દશા આદરણીય નથી, ઉપાદેય નથી. પંડિતજી! છે પુસ્તક જુઓ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** જીવની પર્યાયને પરદ્રવ્ય કહી દીધું અહીંયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરદ્રવ્ય કહી દીધું. કેમકે સ્વદ્રવ્ય જે અખંડ અભેદ વસ્તુ છે એ અપેક્ષાએ અંશ એ ભેદ છે. ભેદ ગણીને એને પરદ્રવ્ય કહી દીધું. બહિરતત્ત્વ કહીને એને બહિરદ્રવ્ય કહી દીધું. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, એ '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' પાછી ભાષા છેને? સાત છેને? સાત દશા છેને? આહા..હા..! આવું જિનવરનું સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માની ૐ ધ્વનિમાં આવું શુદ્ધ વચન આવ્યું. સમજાય છે કાંઈ? અને તે તો જગત પ્રસિદ્ધ છેને કહે છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં આ આવ્યું એ તો જગતમાં પ્રસિદ્ધ છે કહે છે. દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળી છે એમાં આ સાત પર્યાયો બહિરતત્ત્વ તરીકે અંતરમાં નથી એ પ્રસિદ્ધ વાત છે કહે છે. આહા..હા..! શેઠ! આ બીજી જાતની વાત છે. એટલે રોકાણાને શેઠ. આહા..હા..! અરે! જગતની વાતું બહારની થોથા કરી કરીને મરી ગયો. દેવ, દેવ થયો જેને ચમત્કાર લાગ્યા એવા દેવ પણ અનંતવાર થયો. એથી શું?

અહીં તો કહે છે, ભગવાન આત્મા એનામાં પુણ્ય-પાપના વર્તમાન ભાવ થાય એથી શું? એ શું ચીજ છે? એ શું ચીજ છે? આહા..હા..! અરે! ભગવાન આત્મામાં સંવર, નિર્જરા અને મોક્ષની દશા થાય એ શું ચીજ છે? એમ કહે છે. રતિભાઈ! આવી વાતું છે આ. મૂળ વાત આ છે, ભગવાન! આહા..હા..! અલૌકિક વાત છે! અમારે પંડિતજી કહે છે. પંડિતજી કહે છે, આવી વાત સાંભળવા મળતી નથી. ભગવાન! તારા ઘરની વાતું બહુ ઊંડી છે, પ્રભુ! તારી જાતમાં શું છે અને તારી દશામાં શું છે એ બેની વાત અહીંયાં છે. પરમાં હોય, ન હોય એને ઘરે વાત રહી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! અરે! પામરને ભગવાન તરીકે આચાર્યો બોલાવે. એ પામરતા તો એની પર્યાયમાં છે. એની ધ્રુવતામાં પામરતાની ગંધ નથી. એવો ચૈતન્યપ્રભુ ત્રણલોક અને ત્રણકાળને એક સમયમાં જાણવાની શક્તિ એવી જે પર્યાય પણ જેનામાં નથી. ગજબ વાતું છેને! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! તારે જ્યાં નજર કરવાની છે હિતને માટે એ નજર કરવાનું જે નિધાન છે, નિત્યાનંદ પ્રભુ એમાં એક સમયમાં સેકન્ડનો અસંખ્યમો ભાગ ત્રણકાળ, ત્રણલોક જાણે પણ એનાથી અનંતગુણો કાળ અને વસ્તુ હોય તો જાણે. કેમકે... અહો..!

આજ મહાવીર ભગવાનના કેવળજ્ઞાનનો દિવસ છે. વૈશાખ સુદ ૧૦. સમજાણું કાંઈ? આજ વૈશાખ સુદ ૧૦ કેવળજ્ઞાન થયું હતું પરમાત્મા મહાવીર પ્રભુને. એ કહે છે. એની વાણીમાં એમ આવ્યું કે એ કેવળજ્ઞાનનો પર્યાય પણ અમારા અંતરતત્ત્વથી તો બાહ્ય છે

હોં! આહા..હા..! એ કોણ વીતરાગ કહે. આહા..હા..!

અંદરમાં દરિયો ભર્યો છે, પ્રભુ! આહા..હા..! મહાપ્રભુ. નિત્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, અભેદ સ્વભાવ એવા અંતઃતત્ત્વની સ્વદ્રવ્યની, અંતઃતત્ત્વ કહો કે સ્વદ્રવ્ય કહો, એની અપેક્ષાએ ઓહો..! ભગવાન પરમાત્માને કેવળજ્ઞાન થયું, સિદ્ધદશા થઈ. આહા..હા..! પણ સાધકને કહે છે, સાધકને કહે છેને, તારે જે સાધવું છે એ ધ્રુવ તત્ત્વ સાધવું છે. તારું ત્રાટક ત્યાં લગાડવું, નજર લગાડવી. આહા..હા..! એ વિના ક્યાંયથી ધર્મનું શરણ પ્રગટે એવી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! કહે છે, ગજબ વાત કરે છેને! આવી વાત પણ કોઈ વખતે, આવો મનુષ્યદેહ કોઈ વખતે મળે એમાં વળી આવું તત્ત્વ તો કોઈ વખતે કાને પડે. આહા..હા..! દુર્લભ થઈ ગયું જગતને.

અહીં કહે છે કે જગતપ્રસિદ્ધ છે. વીતરાગ સર્વજ્ઞની વાણીમાં શુદ્ધ વચનો આવ્યા એ જગતમાં પ્રસિદ્ધ છે કે તું એવું એકરૂપ તત્ત્વ છો કે જેમાં સાત તત્ત્વની ગંધ નથી, સાત તત્ત્વ જેમાં પેસતા નથી, સાત તત્ત્વ એ બહિરતત્ત્વ, બહાર રહી જાય છે. અંદરમાં તેનો પ્રવેશ છે નહિ. આહા..હા..! એય..! રતિભાઈ! આ તો હજી કહે, દેવ-ગુરુ આપણું કલ્યાણ કરી નાખશે. દેવ-ગુરુ કહે છે કે અમે તને કહીએ છીએ કે તારું દિવ્ય તત્ત્વ જે અંદર ધ્રુવ છે એ કલ્યાણનું કારણ છે, બાકી કલ્યાણના કારણ અમે તો નથી, પણ તારી વર્તમાન પ્રગટેલી પર્યાયનો આશ્રય કરવા જા તો કલ્યાણ નથી. આહા..હા..! એય..! પ્રકાશદાસજી! આવી વાતું છે. આહા..હા..!

કહે છે, '**જીવાદિ સાત તત્ત્વો...**' સાત કહ્યાને? તો સાત પ્રકારની પર્યાયો છે, અવસ્થાઓ છે, હાલત છે, દશા છે. જેમ સોનામાં કડા, કુંડળ, વીંટી આદિ દશા થાય એ દશાઓને અહીંયાં સાત પ્રકારે આત્મામાં થાય એમ કહ્યું છે. એક પુણ્ય-પાપરૂપી આસ્રવ એ જીવની એક સમયની અવસ્થા, અજીવનું જ્ઞાન થાય એ પણ એક સમયની અવસ્થા અને પુણ્ય-પાપ બે આસ્રવ નાખીને ત્યાં અટકેલો ભાવ એ ભાવબંધતત્ત્વ અને એનો વ્યય થઈને શુદ્ધ સ્વભાવની આનંદદશા પ્રગટ થાય અને શુદ્ધની વૃદ્ધિ થાય અને શુદ્ધિની પૂર્ણતા થાય. આ સંવર, નિર્જરા અને મોક્ષ. શાસ્ત્ર ભાષા એ છે. પણ તમારી ભાષાને સદાય સમજવા માટે શુદ્ધિ જે પ્રગટે આત્મામાં શુદ્ધ તત્ત્વમાંથી એ શુદ્ધિ પ્રગટે તેને સંવરતત્ત્વ કહીએ, વૃદ્ધિ થાય તેને નિર્જરાતત્ત્વ કહીએ અને પૂર્ણ થાય તેને મોક્ષતત્ત્વ કહીએ. આહા..હા..! બિહારીલાલજી! આવી વાતું વીતરાગમાર્ગની છે. આહા..હા..! બહારમાં જરી ઓલા જાદુગર-બાદુગરમાં વિસ્મય થાય. બધી નજરબંધીઓની વિદ્યાઓની વાતું એ. આ મહા આત્મવિદ્યા. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયનું સ્વરૂપ (સમજવાની)ની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પર્યાયને પણ ગૌણ કરી દે. આહા..હા..! તળેટીમાં નાખી દે એને, ચરવું છે અહીં ભગવાન ધ્રુવમાં. ધ્રુવતત્ત્વ ભગવાન અંતઃતત્ત્વ અંતરદ્રવ્ય એ અપેક્ષાએ

તો આને પરદ્રવ્ય હોવાને લીધે, એમ પાછું કારણ આપ્યું. આ તો અધ્યાત્મતત્ત્વ છે, પ્રભુ! એ શબ્દે તો ગાગરમાં સાગર ભરી દીધું છે. એ કાંઈ વાર્તા નથી. આમ તો કીધુંને, શ્રીમદ્દે ન કહ્યું? 'કોઈ પામે જીવ વાત.' વાતનો અર્થ? એઈ..! હમણાં આવ્યું હતું કે નહિ? કોઈ પામે જીવ વાત. વાત પામે એટલે? વાસ્તવિક સ્વરૂપ શું છે એ કોઈ પામે પાત્ર જીવ હોય તો એ માટે માર્ગની વાત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવે અંદર, જડ છેને એ તો.

કહે છે, ભગવાન! અરે! આવો તને મનુષ્યદેહ મળ્યો, અરે! એમાં તને સાંભળવાના યોગ મળ્યા. અરે! મહા પુણ્યના થોક પડ્યા તને. પણ એમાં કહે છે કે આદરણીય અને આચરણીય જે ચીજ છે એવું જે અંતઃતત્ત્વ ભગવાન ધ્રુવ જે સત્ છે, સત્ છે. આદિ શી? છે તેને શરૂઆત શી? છે તેનો અંત શો? છે તેના સ્વભવથી ખાલી શું હોય? એના આનંદ આદિ સ્વભાવથી, ધ્રુવસ્વભાવથી ભરેલું એ સત્ છે. આહા..હા..! એવા ત્રિકાળી જ્ઞાયક સત્ એમાં આ સાત પરદ્રવ્ય છે.

તેને કારણે '**પરદ્રવ્ય હોવાને લીધે...**' કારણ આપ્યું. હેય છે એમ ન કહેતા ખરેખર ઉપાદેય નથી એમ કહ્યું છે. એનો અર્થ એ કર્યો. આહા..હા..! એ ખરેખર મોક્ષની પર્યાય તો સાધકને નથી, પણ સંવર-નિર્જરાની પર્યાય નિર્મળદશા ધર્મ થતાં હોય છે, પણ છતાં ખરેખર નિશ્ચયમોક્ષમાર્ગ જે નિર્વિકલ્પ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ પણ બાહ્ય તત્ત્વ અને પરદ્રવ્ય હોવાને લીધે (ઉપાદેય નથી). આહા..હા..! જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આત્માને થતી નથી, નવી અવસ્થા, એમ આ અવસ્થામાંથી નવી અવસ્થા થતી નથી. માટે તેને સ્વદ્રવ્યથી ભિન્ન ગણી, અનેરું ગણી એને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! હજી તો લોકો બહારમાં ઝઘડામાં અટક્યા વ્યવહારના. આહા..હા..! ભગવાન! તારે જ્યાં જાવું છે એ માર્ગ મોટો લાંબો છે. સમજાણું કાંઈ? તારે ઘણું ઓળંગવાનું છે. આહા..હા..! નિમિત્ત ઓળંગવું છે, પાપ ઓળંગવા છે, પુણ્ય ઓળંગવા છે, પણ ધર્મની પર્યાયને ઓળંગીને અંદરમાં જાવું છે. આહા..હા..!

**શ્રોતા** :- કેટલો સમય લાગે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અંતર્મુહૂર્ત. અસંખ્ય સમય. પલટો ખાતા એક સમય. ઉપયોગનું કાર્ય અસંખ્ય સમય, પલટો ખાતા એક સમય. જે દશા અજ્ઞાનની પરના લક્ષે છે એ દશાને અંતરમાં વાળતા એ દિશા જેની ફરી ગઈ, દિશા દ્રવ્ય થઈ ગઈ એની દશા ધર્મદશા થાય. એક સમય. હજી વાત જરી બહુ પરિચય કરે, અભ્યાસ કરે (ત્યારે સમજાય એવી છે). આ તો બાપુ અંતરની વાતું છે. ધર્મને નામે તો ઘણું અત્યારે કહેવામાં આવે છે, પણ ધર્મ કેમ થાય? ક્યાંથી થાય? કોણ છે ધર્મનું કારણ? એ ચીજને સમજવા માટે ભગવાન! ત્યાં એમ કહ્યું જુઓ જગત.. એને જાણો એમ કહ્યું ત્યાં. ૭૦-૭૦ કળશ છેને, એમાં એમ કહે

છે. પોતે આચાર્ય મુનિ કહે છે. છેને ૭૦માં. જાણો. એને તમે જાણો એમ કહ્યું જુઓ, છે? આહા..હા..! 'તું સદા હે ભવ્ય.' તું સદા જાણ એમ કહે છે. કે જે વસ્તુ ભગવાન ધ્રુવ જેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને કુટુંબ કે સ્ત્રી કે સમ્મેદશિખર કે શેત્રુંજય એ એમાં નથી. એમાં તો નથી, પણ એમાં આ સાત તત્ત્વની પર્યાય નથી, ભગવાન! આહા..હા..! એવું તત્ત્વ છે. એ વીતરાગના વચનો શુદ્ધ વચનનો ધોધ વહે એમાં પ્રસિદ્ધપણે આ કથનો આવ્યા છે. સમજાણું કાંઈ?

એ '**ખરેખર ઉપાદેય નથી.**' નિશ્ચયથી એ સાત પર્યાયો આશ્રય કરવાલાયક, આદરણીય નથી. સમજાય છે કાંઈ? પછી પોતે મુનિ છેને તો મુનિથી વાત કરે છે. પોતે મુનિ છે ટીકા કરનાર. દિગંબર મુનિ, સંત અંતરમાં આનંદને ઝૂલે ઝૂલતા. અતીન્દ્રિય આનંદને, ઝૂલા સમજ્યા? શું આપણે કહે છે? હીંચકો-હીંચકો. ઝૂલે ઝૂલાય એ તો હિન્દી ભાષા છે. આ તો હિન્દી આવવાનુંને ત્યાં. જયપુર. હીંડોળે હીંચકે જેમ હીંડોળે. એમ ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં તો ભલે હો, પણ ચારિત્રમાં તો હીંડોળે હીંચકે અંદર દશા. અતીન્દ્રિય આનંદ આવે, વળી ઘડીકમાં વિકલ્પ ઉઠે, વળી અતીન્દ્રિય આનંદ આવે, વળી વિકલ્પ ઉઠે. એવી દશાવંત એને સંત, મહંત, મુનિ એને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ પોતે મુનિ છે તે કહે છે. ધર્માત્માને શું ઉપાદેય છે? એમ કહે છે હોં! એ પણ આના સિવાય ઉપાદેય નથી એમ ભાષા વાપરશે. આ ઉપાદેય નથી અને આના સિવાય ઉપાદેય નથી. શું? આ સાત તત્ત્વ ઉપાદેય નથી એમ કરીને હેય કહ્યું અને આ અંદરનું તત્ત્વ સિવાય ઉપાદેય નથી એમ કહેશે. ઉપાદેય છે એમ નહિ કહે. છેલ્લે. પહેલા કહેશે અંદર. પહેલા અર્થ કરશે ત્યારે કહેશે. પણ પાઠમાં છે ખરુંને.

કહે છે, અરે! ધર્માત્મા સંતો કેવા હોય છે? આ તો પોતે મુનિ છેને. મુનિથી વાત કરી રહ્યા છે. જંગલમાં વસનારા છે ઈ. વનવાસમાં રહેનારા હોય છે. ગીરી ગુફામાં બહાર, અંતર ગીરી ગુફા આનંદમાં રહેનારા છે ઈ. ગીરી ગુફા આવે છેને ૪૯ ગાથા. ૪૯ સમયસારની. જયસેનાચાર્યની ટીકામાં. અભ્યંતર આનંદની ગુફામાં રહેનારા. બહારની ગીરી ગુફા બહાર રહી ગઈ. સમજાણું કાંઈ? જેના સ્વભાવમાંથી વિભાવ વિકલ્પો બધા નીકળી ગયા છે, એકલો આનંદનો કંદ પ્રભુ ગીરી ગુફા અંદર પડી છે ધ્રુવ, એમાં પેસીને અનુભવ કરે છે.

એ મુનિ કહે છે '**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે,...**' આહા..હા..! સ્વભાવિક વૈરાગ્ય. સ્વભાવિક વૈરાગ્ય એટલે? આ સ્મશાન વૈરાગ્ય કો'ક મરી ગયો હોય જરી ૨૦ વર્ષનો જુવાન, આમ બે વર્ષના પરણેતરે અને કાળા વાળ તેલ નાખ્યા હોય. ઊંચા તેલ આવે છેને બધા તમારે ઘણી જાતના. એ મરી જાય ક્ષણમાં અને એ બળે. 'હાડ બળે જ્યું લકડી, કેશ બળે જ્યું ઘાસ.' આમ વૈરાગ્ય (દેખાય) એ વૈરાગ્ય સ્મશાન-વૈરાગ્ય છે, એ ખરો વૈરાગ્ય નથી. ખરો વૈરાગ્ય તો એને કહે છે, જેને અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પથી

પણ વિરક્ત દશા વર્તે છે. શું કીધું? આ પુણ્ય-પાપ અધિકારમાં છે વૈરાગ્યની વ્યાખ્યા. જેને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઉઠે એનાથી પણ વિરક્ત છે અંદર. રક્ત નથી, એમાં રક્ત હોય તો અવૈરાગી છે. એ રાગના વિકલ્પથી પણ વિરક્ત છે, એનું નામ વૈરાગ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમ તો વૈરાગી જેવા ઘણાં દેખાય છે. એ વેરાગી કહેવાય એ વૈરાગી નહિ. બધી જાતમાં ફેર, શબ્દમાં ફેર છે દરેકમાં.

કહે છે, 'સહજ...' પાછો વૈરાગ્ય એકલો નહિ. 'સહજ વૈરાગ્ય...' આહા..હા..! જ્યાં આત્મદર્શન છે સમ્યગ્દર્શન, ધ્રુવનો અનુભવ થયો છે એ ઉપરાંત સ્વરૂપમાં લીનતા રમતું માંડી છે અંદર. રમણતા... રમણતા... રમણતા. ઓલા આઠ બોલમાં આવે છે શ્રીમદ્‌માં. એય..! રતિભાઈ! આઠ બોલ આવડે છે? કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. સાંભળ્યા નથી? એ નહિ... એ નહિ... એ આઠ બોલ છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ભિન્ન-ભિન્ન જુઓ. એ શબ્દ છે ૧૭ વર્ષ પહેલા. પણ ક્યાંય એ મૂળ તત્ત્વ તો લક્ષમાં ન હોય. વૈરાગ્યની વાતું આવેને આ, હાંકે રાખે અને કંઠ કાંઈક ઠીક હોય, બસ. આહા..હા..! હવે એ તો કંઠના ઠીકમાં તો રાગ છે.

પહેલો શબ્દ એ છે—સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ભિન્ન-ભિન્ન (જુઓ). અન્ય દ્રવ્યને પરને ભિન્ન કીધા. સ્વદ્રવ્યને, અન્યદ્રવ્યને ભિન્ન-ભિન્ન જુઓ. પરદ્રવ્યમાં તો ભગવાન તીર્થંકર દેવ, ગુરુ પણ આવ્યા. એમાં આવ્યા કે નહિ? છે આપણી પાસે પાનું છે. શેમાં છે? આને? આહા..હા..! લ્યો આ ચોપડી છે. આ સંતની અમૃતવાણી છેને એ હમણા અમદાવાદ મળી હતી. ઓલા પુનમચંદ છેને? .. વવાણિયા. રસવાળા. ... ૩૧ પાને છે. ૩૧ પાને. સ્વદ્રવ્ય, અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ. અહીં તો પરદ્રવ્ય અન્યદ્રવ્ય તો અહીં સાત પર્યાય પણ અન્યદ્રવ્ય લઈ લીધી. સ્વદ્રવ્ય, અન્યદ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ. આ ૧૭ વર્ષ પહેલાંના વાક્યો છે, પણ એનું લક્ષ પણ ક્યાં હોય. એય..! રતિભાઈ! ખબર છે? આ એના મોઢા આગળ કહેવાય માણસ ત્યાંના. આ ગયા, લક્ષ્મીચંદભાઈ છેને ત્યાં બધા છેને મોઢા આગળ, પ્રમુખ.

સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાવ. ત્રીજો બોલ છે. સ્વદ્રવ્ય જે ધ્રુવતત્ત્વ છે એના રક્ષક, રક્ષણ, રક્ષણ કરનારા ત્વરાથી થાવ. આ પહેલો વ્યવહાર અને આનાથી થાય એ વાત રહેવા દે. આવ્યું છેને અહીં? ..ભાઈ! તમારે આવ્યું છે આ? સંતવાણી. આવ્યું છે. સ્વદ્રવ્યના રક્ષક, વસ્તુ ધ્રુવ ચૈતન્યપ્રભુ એના રક્ષક, રક્ષણ કરનાર, રાગના પર્યાયનું રક્ષણ નહિ, દ્રવ્યનું રક્ષણ કરનાર ત્વરાથી થાઓ. ત્વરાથી નામ ઉતાવળ કર. સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાવ. આ ત્રીજો બોલ છે. એય..! બિહારીલાલજી! ચોપડી તો બહુ ભારે વાચંતા હતા તમે. પુસ્તક તો ઘરે છે કે નહિ? કપૂરભાઈને તો બહુ વાંચન હતું. તમારે પણ હશે. વારસો આપી ગયા હશેને પુસ્તક-બુસ્તકનો. 'સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાવ.' આહા..હા..! એટલે કે સ્વદ્રવ્યમાં પ્રસરો, રાગ અને પર્યાયમાં ન જાવ. આહા..હા..! મોહનભાઈ! 'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાવ.' સ્વદ્રવ્યને ધારનારા થાવ, બીજી વાત છોડી દે. ઠીક યાદ આવ્યું આમાં વળી. ઓલું

પરદ્રવ્ય આવ્યુંને એટલે મગજમાં પાછું આવી ગયું. સ્વદ્રવ્ય ધ્રુવ ચૈતન્ય ભગવાન એના ધારનારા ધારક છેને? ધારનારા ત્વરાથી થાવ. બીજી ધારણા-બારણા કરવામાં રોકાવા કરતા સ્વદ્રવ્યનો ધારક ત્વરાથી થાવ. આહા..હા..! અમદાવાદમાં આ વાત પહેલી મૂકી હતી. કો'ક મૂકી ગયું હતું. ... કો'ક મૂકી ગયું હતું. કોણ મૂકી ગયું? કે હરિભાઈને નામે મૂકી ગયું. આ જોયું તો ૩૧ પાનું નીકળ્યું. ઓય આ? ભારે! અમદાવાદ સભા મોટી. એ મૂક્યું એના રાગીઓ હતાને કેટલાક. ઓલા મંગળદાસભાઈ નહિ? ગુજરી ગયા. ઓહો..! ભારે આ તો! આ તો વાંચી વાંચીને વાંચ્યા .. આ તો વાત કોઈ દિ' આવી નહિ. પત્રોના પત્રો કરે મોઢે. મોઢે હોં! ગડીયા હાંકે જાય, પણ તત્ત્વની મૂળ ચીજ છે એના ભાન વિના.

કહે છે 'સ્વદ્રવ્યના ધરનારા ત્વરાથી થાઓ.' ઉતાવળ કર. ક્ષણમાત્ર પણ પ્રમાદ છોડી દે અને સ્વદ્રવ્યનો ધરનાર થા. સ્વદ્રવ્યમાં રમત, રમણ કરનારા. સ્વદ્રવ્યમાં રમણ કરનારા ત્વરાથી થાઓ. શાંતિભાઈ! આવ્યું છે કે નહિ? પુસ્તક હમણાં આવ્યું ને? વાંચ્યું છેને ૩૧ પાને? નથી વાંચ્યું? લે! કહો! આ તો હમણા બહાર ... પછી ત્યાં કહેવડાવ્યું હતું કે આ રામજીભાઈ તરફથી. કે ભાઈ આ છાપવાની જો આજ્ઞા થાય તો હજાર, બે હજાર છપાવી દઈએ. પણ પછી કાંઈ આવ્યું નથી. આ એક હજાર છપાણા હતા આ પાકા પૂઠાંના. એક બીજા કાચા પૂઠાંના છપાણા છે, પણ એ મારી પાસે આવ્યું નથી. .. મોકલ્યા છે ભાઈએ પૂનમે.

'સ્વદ્રવ્યના ગ્રાહક...' રમક. ભગવાન ચૈતન્યદ્રવ્ય એના રમણ કરનારા. રમક શબ્દ છેને. રમક. રમણ કરનારા ત્વરાથી થાવ. શેઠ! ભગવાનની ભક્તિ ત્વરાથી કરો એમ નથી કહ્યું. આહા..હા..! 'સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાવ.' આ છઠ્ઠો બોલ છે. સ્વદ્રવ્યના ગ્રાહક થાવ, ધ્રુવતત્ત્વ તેના ગ્રહનાર થાવ. આહા..હા..! માણસને વાસ્તવિક તત્ત્વ ઉપર દૃષ્ટિ નહિને, પછી બહારની દૃષ્ટિએ વાંચે અને એમાંથી કાઢ્યા કરે એનું પોતે માનેલું હોય ઈ. પણ અંતર વસ્તુ શું છે અને વાસ્તવિક એનો આશય, અભિપ્રાય શું છે, ક્યાં છેલ્લો જાય છે? એને સમજ્યા વિના એમને એમ અનાદિથી અગિયાર અંગ ભણ્યો, શાસ્ત્ર ભણ્યો પણ કોરો રહી ગયો. આહા..હા..!

'સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.' સાતમો બોલ છે. રક્ષકતા. સ્વદ્રવ્યની રક્ષકતા. સ્વદ્રવ્ય ચૈતન્ય ધ્રુવ એનું રક્ષકતા, રક્ષપણું, રાખવાપણું, એમાં ત્વરાપણું લક્ષ ઘો. ત્યાં લક્ષ ઘો. આહા..હા..! એય..! ધારશીભાઈ! આવું બધું ઘણું છે, પણ ક્યાં એને કાઢતા આવડે નહિ. આવા શબ્દો તો છે. એનો શબ્દનો ભાવ શું છે એ તો એણે પહેલું અટકીને વિચારવું પડશેને, એમને એમ હાલે જાય છે તે. એય..! ..લાલજી! આ બધા વકીલો બુદ્ધિવાળા હોય એને પણ આ કાંઈ શું કહેવા માગે છે ત્યાં અટકી જવું જોઈએ અને વિચારવું જોઈએ કે નહિ? પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો. પહેલા અસ્તિની વાત આવી. આપણે અહીંયાં હેય-

ઉપાદેય. પરદ્રવ્યની ધારકતા. પરદ્રવ્ય ચાહે તો ત્રણલોકના નાથ હો અને ચાહે તો આત્માની પર્યાય હો. પરદ્રવ્યની ધારકતા, ધારણા ત્વરાથી ત્યજો. છોડી દે પરદ્રવ્યની ધારણા. એમાં વિકલ્પ અને રાગ છે.

'પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.' એ રાગની રમતુંને છોડી દે. પર્યાય અને પરદ્રવ્યમાં રમણતા ત્વરાથી છોડી દે. ૧૭માં વર્ષ પહેલાં કહ્યું છે. ૧૭ વર્ષ પહેલાં. જૂના પુસ્તકમાં એ નથી, પણ નવું પુસ્તક છપાવ્યુંને જ્યારે .. એમાં છે આ. પહેલા પુસ્તકમાં નથી. એય..! વજુભાઈ! શરમાવું પડે. આટલા વર્ષથી વાંચીએ અને આ રહી ગયું. વાંચવું રહી ગયું હોં! વસ્તુ તો એકકોર. 'પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.' એ પુસ્તક નથી આવ્યું, ભાઈ? નવરંગભાઈ! આવ્યું છે. એમાં ૩૧ પાને છે. આપણી સંસ્થા તરફથી એને લખ્યું હતું, પણ કોઈએ જવાબ નથી આપ્યો. આ આખા પુસ્તકમાંથી .. તારવી-તારવીને કાઢ્યા છે. આખા પુસ્તકમાંથી. આટલા બોલ સરસ લાગ્યા. કદાચ ત્યાંથી એની આજ્ઞા હોય તો હજાર, બે હજાર છાપે. લોકો ઘણા માગે છે, ઘણા માગે છે.

'પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો, પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.' એ રાગ અને પરદ્રવ્યના ગ્રાહક છોડી દે. બસ, એટલા બોલ છે મૂળ તો. પછી એક શબ્દ બીજે ઠેકાણેથી નાખ્યો આણે. પરભાવથી વિરક્ત થાવ એ તો બીજેથી નાખ્યું છે, આની સાથે નથી. આમાં આટલા છે. સમજાણું કાંઈ? ઠીક આવી ગયું આમાં લ્યો. આહા..હા..!

કહે છે મુનિ પોતે સ્વદ્રવ્યના અનુભવી, ચારિત્રવંત, ચારિત્રવંત છે આ મુનિ. જંગલમાં રહેનારા. મુનિઓ તો જંગલમાં જ વસતા. અને તે મુનિ નગ્નદશા હોય એની. અને અંતરમાં આનંદ અને અતીન્દ્રિય આનંદને હીંડોળે ઝૂલતા હોય અંદર. એનું નામ મુનિ અને સાધુ કહેવામાં આવે છે, જેને હંસ અને પરમહંસ કહીએ. એ રાગ અને નિમિત્તથી ભિન્ન પાડીને જેણે ભગવાન હંસ સમાન પ્રભુ એના જેણે સ્વાદ અંદર લીધા છે અને સ્વાદના અંતરના આનંદના રસીલા રસિક જીવો મુનિ જંગલમાં વસે અને આત્માના આનંદમાં મસ્ત રહે. આહા..હા..! કહે છે એવા મુનિ કેવા હોય છે? કે સહજ વૈરાગ્ય હોય છે. કૃત્રિમ વૈરાગ્ય નહિ. એને રાગ અને એક સમયની પર્યાયનું નાસ્તિપણું દ્રવ્યમાં સહજપણે વર્તે છે. આહા..હા..!

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...'** આહા..હા..! એક છોકરો છે ત્યાં દિલીપ નામનો. ૧૨ વર્ષ પૂરા થયા હજી હમણાં. પણ એવો બોલે... એવો બોલે... અમારા વજુભાઈ તો કહે, આપણા મુમુક્ષુમાંથી મરીને આવ્યો છે કે શું આ? જાદવજીભાઈનો દીકરો છે કલકત્તામાં. પૈસા ઘણા, ઘણા લાખોપતિ છે. મોટો વ્યાજવટાવનો ધંધો છે. વ્યાજવટાવ અને હૂંડી. કલકત્તાના. ઘણા લાખોપતિ છે. એના દીકરાનો દીકરો છે દિલીપ. એ એવું બોલે. પછી એકવાર એના બાપે પૂછ્યું, 'એ.. દિલીપ! આ મહારાજ કહે છે કે મુનિ જંગલમાં વસે, કેમ ગોઠતું હશે?' એય..! ..ભાઈ! એના બાપે પૂછ્યું છોકરાને,

બાર વર્ષનાને. આ મહારાજ કહે છે કે મુનિ તો એવા હોય કે જંગલમાં વસે, વનમાં. અરે! કાંઈ કોઈ માણસ નહિ, કોઈ પગરવ નહિ, એને ગોઠતું કેમ હશે? પછી કહે છે છોકરો, 'પપ્પા! એને અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. એકલો આનંદ વેદતા હોય પપ્પા! એ નથી ગોઠતું શું તમે કહો છો આ?' બાર વર્ષનો. પણ વર્ષ ક્યાં? વર્ષ તો શરીરને છેને, આત્માને ક્યાં હતા? 'પપ્પા તમને ખબર છે?'

બીજો બોલ કહે છે. સિદ્ધ ભગવાન એકલા હશે કે બેકલા હશે ત્યાં? સિદ્ધ અશરીરી પરમાત્મા થઈ ગયા શરીર વિનાના. નમો સિદ્ધાણં શરીર. પહેલા અરિહંતમાં ચાર કર્મનો નાશ અને કેવળજ્ઞાન અને બીજામાં આઠેયનો નાશ અને સિદ્ધ. એકલા. એય..! બિહારીલાલજી! ઓલો છોકરો એને તર્ક આપે છે પાછો સાથે દાખલો કે સિદ્ધને કેમ એકલું ગોઠતું હશે? પૂર્ણ પરમાત્મદશા થઈ એને એકલું કેમ ગોઠતું હશે? પપ્પા તમને ઘોંઘાટ ગોઠે છે, નિવૃત્તિ ગોઠતી નથી. આ ધંધો મોટો છેને. લાખો મોટા ઘણા ... આ હૂંડીને શું કહેવાય તમારે? વ્યાજવટાવ ને એવું બધું કરે છે કલકત્તામાં. 'તમને ઘોંઘાટ ગોઠે છે કહે છે, આ કરું ને આ કરું. નિવૃત્તિ ગોઠતી નથી, તમારે સિદ્ધ થાવું નથી.' એય..! શેઠ! 'હા બાપા' એમ. છોકરાનું માન છે ઘરમાં. એવો છોકરો પાક્યો છેને. ઘરમાં એને માન છે. 'હા બાપા! તું કહે એ સાચી વાત છે.' એમ કહે.

આનંદ છે એકલા તત્ત્વમાં રહેતા. સંતોને અતીન્દ્રિય આનંદની અંદર શેડું ઉઠે છે. ડુંગરમાંથી જેમ પાણીના ઝરણા ઝરે એમ સંતોને ચારિત્રદશામાં પ્રચુર સ્વસંવેદન ઘણો જ આનંદ (આવે છે). ચોથે ગુણસ્થાને વેદન છે આનંદનું પણ થોડું (છે). મુનિને પ્રચુર સ્વસંવેદન, એકલા આનંદમાં ઝૂલતા. કહે છે કે એ તો સહજ વૈરાગ્યના મહેલના શિખર, સ્વભાવિક વૈરાગ્ય એનો મેહેલ એનો શિખર. મહેલ એટલે આ મેલ નહિ હોં, બંગલો. એના શિખરનો શિખામણિ છે. આહા..હા..! શિખર ઉપરનું રતન હોયને. શું કહેવાય એને? કલગી. આ વર પરણે ત્યારે કલગી રાખે છેને એક આમ. શિખર ઉપર કલગી. એમ કહે છે કે આહા..હા..! આવા સંતો. સંતની વ્યાખ્યા પોતાની કરે છે.

'**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...**' તે ધર્માત્મા પર્યાય અને રાગથી પરાઙ્મુખ છે. આહા..હા..! '**પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' મુનિ હોય સાચા જેને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર મુનિ કહે એ મુનિને તો શરીરમાત્ર પરિગ્રહ હોય છે. એને બીજું હોઈ શકે નહિ. એ લાંબી વાત છે. બહુ સિદ્ધ કરવા જઈએ તો વાર લાગે. વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? જેને દેહમાત્ર પરિગ્રહ છે. '**પાંચ ઈન્દ્રિયોના ફેલાવરહિત...**' પાંચ ઈન્દ્રિયથી ખસીને અતીન્દ્રિયમાં આવી ગયા છે અંદર. અતીન્દ્રિય ભગવાન આત્માના મહેલમાં આનંદમાં ઝૂલે છે. દેહમાત્ર પરિગ્રહ હોય એને. '**જે પરમ જિનયોગીશ્વર છે,...**' પરમ જિન વીતરાગના સ્વભાવમાં અંતર નિર્દોષ વીતરાગસ્વભાવમાં યોગીશ્વર-યોગને

જેણે ઈશ્વર એટલે ... જોડી દીધો છે. એ આનંદના ધામમાં જેણે યોગને જોડી દીધો એ યોગ હોં. આ યોગી બધા કહેને હોમ ને હા, શ્વાસ, કૂંભક ને રેચક એ બધા થોથે થોથાં. સમજાણું કાંઈ? કાંતિભાઈનો નાનો આ. સમજાણું કાંઈ?

કહે છે, '**પરમ જિનયોગીશ્વર છે,...**' ભાષા દેખો! એકલા યોગી નહિ, યોગીશ્વર નહિ, જિનયોગીશ્વર નહિ '**પરમ જિનયોગીશ્વર છે,...**' આહા..હા..! જેની નિર્દોષ અરાગી વીતરાગી દશા એટલી પ્રગટ થઈ ગઈ છે કે એક શરીરમાત્ર રહ્યું છે અને કોઈ આહારાદિનો વિકલ્પમાત્ર હો, પણ એનાથી સ્વભાવ તો વિરક્ત છે. આહા..હા..! '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—**' પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, પર્યાયથી પરાઙ્મુખ છે. આહા..હા..! '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' કહ્યું છેને. પર્યાયોથી ભિન્ન છે. પર્યાયો જેની વસ્તુમાં નથી. ત્યાં જેનો આનંદનો વિસ્તાર ત્યાં થઈ ગયો છે. આહા..હા..! વાત જ હજી સાંભળવી, સમજવી કઠણ પડે, એને અંદરમાં પ્રયોગ કરીને કામ લેવા એ તો અનંતો પુરુષાર્થ છે.

કહે છે '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—**' ભગવાન સ્વદ્રવ્ય એટલે ધ્રુવ. ઓલી સાત પર્યાયો પરદ્રવ્ય કીધી. એ પરદ્રવ્યથી પરાઙ્મુખ કીધો. આહા..હા..! ભારે! અને સ્વદ્રવ્યમાં. એટલે સ્વવસ્તુ જે નિત્યાનંદ પ્રભુ, ધ્રુવસ્વરૂપ એવા '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે-—**' ઉગ્રબુદ્ધિ જેને પકડ્યો એટલે બુદ્ધિ દ્વારા ધ્રુવને. આહા..હા..! તીક્ષ્ણ બુદ્ધિથી જેણે સ્વદ્રવ્યને પકડ્યો છે. એય..! આવી ધર્મકથા કેવી! આવો ધર્મ? ઓલી તો વાત હોય કે આણે આમ કર્યું, પરોપકાર કર્યા, આમ ભાષણો આપ્યા, સમાજને એકઠા કરો, સંગઠન કરો. અહીં કહે સંગઠન તોડો. પંડિતજી! આ પર્યાય સાથે સંગઠન તોડ હવે. પરની સાથે તો ક્યાં વાત છે? અહીં ઈ કહે છે. સારું બહુ લાગે. ઝાઝા માણસ ભેગા થાય. આમ થાય. એકબીજા મદદ કરો, .. ફેરવો, આમ કરો, તેમ કરો. શું કરે ધૂળ? સાંભળને હવે. પરદ્રવ્યનું કોણ કરે? પણ અહીં તો પર્યાયને પરદ્રવ્ય કહીને એનાથી પરાઙ્મુખ ધર્માત્મા હોય છે. આ સાધુની ઉત્કૃષ્ટ વાત કરી છેને, ભાઈ! દેહમાત્ર પરિગ્રહ છે. શ્રીમદ્‌માં આવે છેને 'નગ્ન ભાવ મુંડ ભાવ સહ અસ્નાનતા...' ત્યાં પણ દેહમાત્ર આવે છે. દેહમાત્ર સંયમહેતુ હોય જો.. એક દેહ સંયમ (હેતુએ હોય), બીજી કોઈ વસ્તુ મુનિને હોતી જ નથી. એ પછી આ બધું કૃત્રિમતાથી ગરી ગયું, વસ્તુ એમ નથી. સમજાણું કાંઈ?

એવા તીક્ષ્ણબુદ્ધિ આત્માને, '**એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.**' ઓલો પાઠનો અર્થ કર્યો પહેલો. પાઠમાં એમ છેને જુઓ, '**हेयमुवादेयमप्पणो अप्पा**' એમ શબ્દ છે. બીજું પદ છે. '**उपादेयमप्पणो अप्पा**' '**अमप्पणो अप्पा**' એટલે પોતાનો આત્મા. પોતાનો આત્મા એટલે ધ્રુવ તે પોતાનો આત્મા. પર્યાય એ પોતાનો આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**उपादेयमप्पणो अप्पा**' પોતાનો આત્મા જે સ્વદ્રવ્ય, ધ્રુવ તે ઉપાદેય એટલે આદરણીય છે. પર્યાય પરદ્રવ્ય તે આદરણીય નથી. આહા..હા..! આ ગળે

ઘૂંટડા ઉતારવા. આહા..હા..! છે તો અમૃતના પ્રભુ છે. આહા..હા..!

કહે છે, **'એવા આત્માને...'** આવા આત્માને એટલે શું કીધું? અદ્ધરથી આદરણીય છે એમ નહિ. ભાઈ! આવી જે દશા એને આ આત્મા આદરણીય છે અંદર. છઠ્ઠી ગાથામાં છે. શુદ્ધ એને કહીએ કે પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વદ્રવ્યની સેવામાં આવ્યો અને જેને શુદ્ધતાનો અનુભવ થયો એને આ દ્રવ્ય શુદ્ધ છે. આત્મા શુદ્ધ છે એમ એને ભાન થયું. એમ અહીં કહે છે **'એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને આ છે. અહીંયાં પોતે મુનિ છે એ મુનિદશાનું પોતાનું વર્ણન કરીને કહે છે, આવી દશાવંત જે પરમ જિનયોગીશ્વર સ્વરૂપમાં એકાગ્રતા છે, પરમ વૈરાગ્ય, સહજ વૈરાગ્યનો શિખામણિ છે એવી દશાવંત આત્મા એને પોતાનો આત્મા આદરણીય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બીજું પણ કંઈ છે કે આ જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ છે બધાને માટે. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે અને દ્રવ્યનું પરિણમન છે એને આ દ્રવ્ય આદરણીય છે એમ કહે છે. આદરણીય આદરણીય માને એટલે શું પણ? આદરણીય ઉપાદેય છે શું પણ? કઈ ચીજ? ક્યા? વસ્તુ દૃષ્ટિમાં તો આવી નથી. જાણવામાં આવી નથી અને આ ઉપાદેય છે એ શી રીતે કહેવું? સમજાય છે કાંઈ? આહા..હા..!

**'એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** એવા આત્માને સાત પર્યાયરહિત, પરદ્રવ્યરહિત સ્વદ્રવ્ય તે તેને આદરણીય છે. પંડિતજી! છે એમાં જુઓ. એય..! પંડિતજી! જુઓ! આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા. અમૃતના સાગરની છોળું ઉડાડી છે. ભગવાન! તું તો અમૃતનો સાગર છો, ભાઈ! આહા..હા..! તારામાં ઠસોઠસ છલોછલ અમૃત ભર્યું છે. આનંદનું અમૃત અતીન્દ્રિય આનંદનું. એવો જે આત્મા આવી દશાવંતને તેને આ આત્મા આદરણીય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દષ્ટિને પણ રાગથી વિરક્ત થયે, પર્યાયને પરદ્રવ્ય તરીકે પરાઙ્મુખ થઈ અને જેણે સ્વદ્રવ્યનો સન્મુખ ભાવ કરી જેણે અનુભવ કર્યો એવા જીવને સ્વદ્રવ્ય આ ઉપાદેય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? પછી જરી ભાવ આવે છે લાંબા.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## સોમવાર, તા. ૦૫-૦૩-૧૯૭૨,
## ગાથા-૩૯, કળશ-૫૫, પ્રવચન નં.૭૪૪

મોક્ષમાર્ગ અધિકાર. એમાં ચાલતો અધિકાર શુદ્ધભાવ અધિકાર છે. એટલે શું? કે આ આત્મપદાર્થ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ જે વસ્તુ આત્મા અનાદિ-અનંત ધ્રુવ સત્ શાશ્વત જેમાં જ્ઞાન અને આનંદ આદિ જેનો સ્વભાવ ત્રિકાળ આત્માની સાથે છે એવા પરમ ત્રિકાળી તત્ત્વને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ એક આત્માને આદરણીય નામ અંગીકાર કરવા જેવું અથવા તેને શરણે જઈને ત્રિકાળ ધ્રુવના લક્ષને ધ્યેય કરીને આત્માનું શરણ એ પોતે પોતાનું ત્રિકાળ શુદ્ધ આનંદસ્વરૂપ છે. એને આશ્રયે અંતરમાં થતાં એની દશામાં શુદ્ધતાની શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય તેને સુખ અને ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. કહો, સમજાણું આમાં? રતિભાઈ!

**શ્રોતા** :- આવું ઝટ સમજાય એવું ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે આવી સાદી ભાષાથી તો આમાં કાંઈ આમાં...

આત્મા એક પદાર્થ છે કે નહિ? વસ્તુ છેને વસ્તુ? તો વસ્તુમાં વસેલા ગુણો વિના એ વસ્તુ હોઈ શકે નહિ. વસ્તુ છે તો એમાં કાયમી ત્રિકાળ શુદ્ધ અને આનંદ આદિ અનંત-અનંત શાંતરસનો પિંડ આત્મા છે. એની વર્તમાન દશા અનાદિકાળથી હાલત પરસન્મુખ થઈને, 'પરપણું મારું કાં શરીરાદિ હું કાં તેના કામ કરી શકું હું કાં વર્તમાન દશાનો રાગ તે હું કાં વર્તમાન દશાને રાગને જાણનાર પ્રગટરૂપ જ્ઞાનનો એક અંશ પર્યાયભાગ તેટલો હું' એમ માનીને તે પરિભ્રમણ કરી રહ્યો છે. સમજાણું આમાં? કેટલા બોલ કહ્યા પાછા આમાં વળી?

એ તો પહેલા શબ્દમાં જ આવ્યું, ભાઈ '**बहितच्चं**'. એ કહીને તો ક્ષાયિકભાવ હેય છે એમ કહી દીધું પહેલું. વાત તો ઝીણી છે. એક સમયનો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ છે અને જે હોય તે શુદ્ધ અને પરિપૂર્ણ એની અસલી ચીજ છે, પણ તેની અનાદિથી સ્વભાવના લક્ષ્યને, ધ્યેયને અનાદિથી જ ચૂકેલો છે. તેથી તેની દશામાં પુણ્ય અને પાપાદિ રાગની લાગણીઓ અને તેનું નિમિત્તરૂપી પૂર્વનું કર્મ જડ અને તે લાગણીને જાણવાલાયક વર્તમાન જ્ઞાનની અવસ્થાનો એક અંશ જે રાગાદિને જાણે એવો જ્ઞાનનો અંશ વળેલો એટલું તત્ત્વ માનીને ત્રિકાળી આત્મા શુદ્ધ આનંદઘન અને પૂર્ણ જ્ઞ સ્વભાવી આત્મા એની દૃષ્ટિમાં લીધો નથી માટે તે દુઃખી થઈને પરિભ્રમણ કરે છે. વાત તો કાંઈક બીજી જાત છે. સમજાણું કાંઈ?

તો કહ્યું, હવે આપણે અહીં તો ૩૯મી ગાથા ચાલે છે. પહેલું તો એકદમ ફડાકો પહેલા પદે જ કહી દીધો છે, પણ હવે એનો વિસ્તાર કરે છે કે ભાઈ! તું કોણ છો? ત્રિકાળી

તારી ચીજમાં શું છે? ત્રિકાળી તારો સ્વભાવ શું છે? અને ત્રિકાળી સ્વભાવવાન આત્મા તે સ્વભાવવાન તે કેવો છે? કે એ નિર્વિકલ્પતત્ત્વ છે. નિર્વિકલ્પ નામ જેમાં સંયોગ નથી, પુણ્ય-પાપ નથી, એક સમયની અવસ્થા પ્રગટ એટલો એ નથી. પૂર્ણ નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્મા છે. કહો, મોહનભાઈ! સમજાય છે આ? હા તો કહે છે. ના પાડે તો પૂછે. ના પાડો તો પૂછો આમ કેમ છે? કાંઈક તર્ક હોઈ શકે કે નહિ વસ્તુને?

જુઓ, અસ્તિ છે એના સિદ્ધાંત કહીએ છીએ જુઓ, કે એક અસ્તિ નામ હોવાપણે કાયમી આનંદ અને શુદ્ધરૂપ દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ એક એનો વર્તમાન પ્રગટરૂપ અલ્પજ્ઞ અને અલ્પદર્શીરૂપ અવસ્થા તે છે, એક પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે તે છે અને તેના નિમિત્તરૂપ સંયોગી ચીજો પણ છે. આટલા અસ્તિ તત્ત્વો છે. સમજાણું કાંઈ? છે ખરા એ બધા. પણ એ બધા તત્ત્વમાં સંયોગી ચીજો શરીર, વાણી, કર્મ એ તો પર છે. એમાં કાંઈ આત્માની શાંતિ અને સુખ એમાં ભર્યું નથી. શાંતિ અને સુખ કહો, ધર્મ કહો એક જ ચીજ છે હોં. ધર્મ થાય એને આનંદ ન થાય અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય અને ધર્મ ન હોય એમ ન હોય. ધર્મ એટલે અતીન્દ્રિય આનંદની દશાનો અનુભવ તેને ધર્મ કહે છે.

**શ્રોતા :-** એનું ફળ તો આવતા ભવમાં મળેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવતા ભવમાં ધૂળમાં મળે, અહીં ત્યાંને ત્યાં રોકડું છે. શુભ-અશુભનું ફળ, શુભ અને અશુભભાવ કરે છેને ભાવ એનું ફળ ત્યાંને ત્યાં છે. એ ભાવ વિકારી છે તેનું આકુળતા છે, એનું વેદન છે એ એનું ફળ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? પરલક્ષી પાપનો ભાવ કરે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના વિકલ્પ વૃત્તિઓ કે પરલક્ષી દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો, જપનો, સ્મરણનો, અનુકંપાનો એ વિકલ્પ ઉઠાવે--બેય વર્તમાન ભાવ તે વર્તમાન દુઃખરૂપ છે. વળી એનું ફળ પછી ફળશે એ તો વળી સંયોગની વાત થઈ. એનો બંધાય બંધ એના ફળ તરીકે સંયોગો મળે એ તો બીજી ચીજ છે. અહીંયાં તો જે ક્ષણે એ વિકારી પર્યાય શુભ અને અશુભ ઉત્પન્ન કરે છે ત્યાં જ તેનું ફળ દુઃખ અને આકુળતા છે. એમ જે ક્ષણે 'ત્રિકાળ પર તત્ત્વો છે તેમાં હું નથી. પુણ્ય-પાપના વિકલ્પ વૃત્તિ રાગ ઉઠે એટલો એમાં હું નથી અને એક સમયની વર્તમાન દશા પ્રગટરૂપ જે રાગાદિને જાણવા તરફનું કાર્ય કરે એટલો નથી. હું ત્રિકાળી આનંદ અને ધ્રુવસ્વભાવ છું' એમ અંતર્મુખ દૃષ્ટિ દેતાં તે જ ક્ષણમાં પરમ આનંદ અતીન્દ્રિયની અંશ દશા અનુભવાય એને ધર્મ કહે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે. અહીં કરે અને પછી ફળે એ વાત નથી. સમજાણું કાંઈ આમાં? રોકડીયો જ છે બધે.

અહીં કહે છે કે ભગવાન આત્મા! પણ એ વાતનો મહિમા અંદર બેસતો નથી એને કે આ હું આવડો મોટો! આવો! ત્યારે એવો તું ન હોય તો તારી દશામાં જ્યારે પરમશુદ્ધતા અને પરમ આનંદરૂપ દશા પ્રગટશે ત્યારે એ દશા આવશે ક્યાંથી? તું નિર્દોષ થઈને તારી

નિર્દોષની દશાની પૂર્ણતા કરવી છે, છે, થઈ શકે છે, થશે, થશે એ ક્યાંથી થશે? સંયોગમાંથી થશે? પુણ્ય-પાપના વિકલ્પ રાગ ઉઠે એમાંથી થશે? અલ્પજ્ઞ વર્તમાન દશામાંથી પૂર્ણ નિર્દોષ દશા ક્યાંથી થશે? એ પૂર્ણ નિર્દોષ અને નિર્વિકારી, અવિકારી આનંદરૂપ દશા એટલે મોક્ષ એ દશાનું કારણ શક્તિમાં અંદર પડ્યું છે, એમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે, એમાંથી પ્રગટ થઈને દશામાં પૂર્ણાનંદ અને શાંતિ આવે છે. એટલે એવું જે તત્ત્વ ધ્રુવ સત્ત્વનું એકલું ભરેલું, પણ એ કેમ એને માહાત્મ્ય બહારથી આમ આવ્યા છેને. એટલે એનો સ્વાદ જરી આવ્યા વિના આખો આનંદમૂર્તિ આત્મા છે એને વિશ્વાસમાં આવતો નથી. સમજાણું કાંઈ?

એક જ્ઞાનનો અંશ જાગૃત દેખાય છે. જાગૃત છેને વર્તમાન? રાગને જાણે, આદિ બધાને જાણે એ જાણવાની મુખ્યતામાં, ઊર્ધ્વતામાં જેનો અંશ વર્તમાન પહેલો જણાય છે. જ્ઞાનનો અંશ પ્રગટ વર્તમાન. તે અંશ જેનો ત્રિકાળનો છે. ત્રિકાળ જ્ઞાનસૂર્યકિરણ પ્રભુ આત્મા. જ્ઞાનસૂર્ય આત્મા છે. આત્મા એટલે જ્ઞ સ્વભાવી આત્મા, જ્ઞ સ્વભાવી, જ્ઞાનસ્વભાવી, ચૈતન્યસ્વભાવી સૂર્ય, ચૈતન્ય સ્ફટિક સ્વભાવ આત્મા. આત્મા એટલે શું? ચૈતન્યપ્રકાશ સૂર્યનો ભંડાર એ આત્મા. તો જ્યાં ચૈતન્યસ્વભાવ થયો જેનો એ પરિપૂર્ણ જ હોઈ શકે, અપૂર્ણ હોય નહિ, વિકાર હોય નહિ, દુઃખ હોય નહિ અને તે ચૈતન્ય પરિપૂર્ણ સ્વભાવસ્વરૂપ આત્મા એકલો અવિનાશી અતીન્દ્રિય આનંદની સાથે રહેલો છે. અતીન્દ્રિય આનંદ ભેગો જ્ઞાનમાં છે, પણ એની ક્રિયા અંતર્મુખ થઈને એનું માહાત્મ્ય લાવી, ઉડાડ માહાત્મ્ય જડના, પરના એનાથી મારું કામ નથી, આ પુણ્ય-પાપના ભાવ થાય એનાથી મારું કામ નથી અને વર્તમાન અંશ જે પર તરફ વળેલો છે એટલો પણ હું નથી. જે જ્ઞાન પ્રગટનો અંશ છે એને અંતરમાં પૂર્ણાનંદ અને જ્ઞાયકભાવમાં અંતરમાં વાળતા, શક્તિમાં જે આનંદ અને શાંતિ અને પૂર્ણતા જ્ઞાનની પડી છે એની દશામાં, અવસ્થામાં, હાલતમાં શાંતિ ને આનંદ ને અનાકુળ રમણતાનો અંશ પ્રગટ થાય એ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. એને ધર્મ કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે, તેને શાંતિનું વેદન કહે છે, તેને ધર્મનું કાર્ય કહે છે. સમજાણું કાંઈ આમાં? ભારે વાત ભાઈ આ. ક્યાં ધર્મ થાતા હશે? એલા પણ ધર્મ તે ધર્મી એવો આત્મામાં હોય કે ધર્મ કાંઈ બહાર થતો હશે?

'**નિર્વિકલ્પતત્ત્વ...**' જુઓ અહીંયાં કહે છે. નિર્વિકલ્પ પ્રભુ આત્મા છે. રાગનો વિકલ્પ પણ એમાં નથી. એ બંધનું કારણ છે. શુભાશુભભાવ એનામાં નથી. કારણ કે એ વિકાર છે અને ઉપાધિ છે. એ ત્રિકાળી તત્ત્વ તો નિર્વિકલ્પ શુદ્ધ આત્મા છે. એવા અંતર આત્માને અંતરાત્મા થવા માટે અંતરમાં ધ્યેય કરીને જે પરમાત્મદશાને પામવાને પૂર્ણાનંદનું કારણ જે મોક્ષનું કારણ દશા એવી પ્રગટ કરવી તે દ્રવ્યને આશ્રયે થાય છે. અરે! એની વાતું... અહીં નિર્વિકલ્પ તત્ત્વ છે એ મનથી પમાય એવું નથી, વચનથી પમાય એવું નથી. એ દયા, દાનના, ભાવથી તે ધર્મ થઈ શકતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** ગુરુથી પમાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુરુથી પમાય એવું નથી. 'દિશા દેખાડી અળગા રહે.' શાસ્ત્ર અને ગુરુ દિશા બતાવે, માર્ગે ચાલવાનું એને છે દિશા પડી રહે દેખાડવાની. 'શાસ્ત્ર અને ગુરુ દિશા દેખાડી અળગા રહે.' એને દિશા બતાવે. આનંદઘનજી કહે છે. ભાઈ! કે શાસ્ત્ર? શાસ્ત્ર તો પરવસ્તુ છે. ગુરુ? કે ગુરુ તો પર છે એ ક્યાં અંદર ગરી ગયા છે તારામાં? એમણે કહેલો ભાવ, એના લક્ષગતમાં એ પોતે કરે અને એ લક્ષગતને વાળે ચૈતન્ય ધ્રુવતત્ત્વમાં ત્યારે તેને સમજાય, ત્યારે એનો આત્મા એનો ગુરુ થયો, ત્યારે બહારનો ગુરુ એને વ્યવહારે ગુરુ કહેવામાં આવે છે. નહિતર અનંતકાળમાં કોઈ ગુરુ મળ્યા નથી? સર્વજ્ઞદશા પામેલા પરમાત્મા પણ મળ્યા નથી કોઈ? આત્માની શક્તિનો વિકાસ જેને પૂર્ણ થઈ ગયો એવા અલ્પકાળમાં પૂર્ણતા પમાય, એને રખડવામાં જેમ અનંતકાળ ગયો એમ સ્વરૂપના ભાનની તત્ત્વની દૃષ્ટિને પકડીને, એકાકાર થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ થવામાં અનંતકાળ ન જોઈએ, અસંખ્ય કાળમાં તે પ્રાપ્તિ થઈ શકે છે. તો અનંતકાળ ગયો એમાં આત્મા જે છે એણે સ્વરૂપનું સાધન કરીને અલ્પકાળ પરમાત્મશક્તિની વ્યક્તિ કરી એવા એક નહિ પણ અનંત-અનંત પરમાત્મદશાને પામેલા શક્તિની વ્યક્તિને પ્રગટ કરીને પૂર્ણાનંદને પામ્યા એવા અનંત થઈ ગયા છે. મોહનભાઈ! પણ સાથે ન્યાય ભેગો આવે છે ઓલી શક્તિની વ્યક્તિ પ્રગટ કરીને. એવા પરમાત્મા મનુષ્ય દેહે જ્યારે હતા ત્યારે એના સંગમાં પણ, એની સભામાં પણ ગયેલો. શું કરે? દિશા એ બતાવે પણ એને બેસે નહિ. આ વાત? આવો તું? અને મારી નજરું અંદરમાં જાય ત્યારે તે નજરમાં નિધાન દેખાય. એ વિના આત્માની શાંતિ અને ધર્મ ત્રણકાળમાં કોઈ રીતે થતો નથી એ વાત બેઠી નહિ, બેઠી નહિ અંદર. ગોઠી નહિ, રુચિ નહિ અને એનાથી બીજી રીતે કહેનારા મળ્યા એ વાત એને રુચિ, ગોઠી. આ વાત ઠીક લાગે છે.

**શ્રોતા :-** એ આપણાથી થઈ શકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આપણાથી થઈ શકે છે. એ તો થઈ શકે તો અનાદિથી કરે છે એ થઈ શકે છે, રાગ ને દયા ને પુણ્ય એમાં શું થઈ શકે? હા, આ કહે છેને ઈ બરાબર. આ માર્ગ તો શું કહે છે કાંઈ? અગમ-નિગમની વાતું. બાપા! તારી વાત તો તારી કલ્પનાએ હાથ ન આવે એવી તારી ચીજ છે. એ તારી વર્તમાન દશાનો આશ્રય કરવા જા તો હાથ નહિ આવે. એ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ નિર્વિકલ્પતત્ત્વ છે. એવા ધ્રુવ તત્ત્વની દૃષ્ટિ કર, તારે કરવાની છે. કોઈ કરી દે એવું નથી. કેમ હશે ચંદુભાઈ? કોઈના આશીર્વાદથી મળતું હશે કે નહિ? તો વળી કોઈ શ્રાપ દઈને લઈ લે એટલે એના હાથમાં તો કાંઈ રહે નહિ. કારણ કે કોઈ આશીર્વાદથી આપે તો કોઈ શ્રાપ દઈને લઈ લે. એમ તત્ત્વ હોઈ શકે નહિ.

એ ચૈતન્યતત્ત્વ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ

તારું તત્ત્વ છે, એવા તત્ત્વની અંદરમાં દૃષ્ટિ આપવી, એનું માહાત્મ્ય કરીને અલ્પજ્ઞ દશા, રાગ અને પુણ્ય અને નિમિત્તનું માહાત્મ્ય ઉડાડી દેવું, રુચિ છોડી દેવી, ત્રિકાળ જ્ઞાયકમાં રુચિ કરવી એ આત્મા પોતે કરી શકે, બાકી એમાં કોઈનું કામ છે નહિ. ગુરુ એ કામ કરે નહિ અને ભગવાન સર્વજ્ઞ બિરાજતા હોય એ પણ એને મદદ કરે નહિ.

**શ્રોતા :-** માથા ઉપર હાથ મૂકે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ હાથ મૂકે તો કાંઈ થાય એવું નથી, બધી વાતું છે મફતમાં. એ બધી ભ્રમણાઓ ખોસી ઘાલી લોકોએ. ઓલો હાથ મૂકે તો આમ થાય, ધૂળ મૂકે તો આમ થાય. અનંતકાળમાં કોઈ ગુરુ મળ્યો નહિ એવો હાથ મૂકનાર? અનંતકાળ વીત્યો, અનંતકાળ વીત્યો, અનંતકાળ ચાલ્યો ગયો છે. અનંત... અનંત... અનંત... અનંત... જેની આદિ નથી. આમ ભૂતકાળ જુઓ, આ ભવ, એના ભવ... એના ભવ... એના પછી... એના પછી... એના પછી... એના પછી... ક્યાંય ભવનો અંત છે? એવા અનાદિ ભવમાં રહેલું ચૈતન્યતત્ત્વ એને મનુષ્યપણામાં અનંતવાર થયો, ત્યાગી અનંતવાર થયો, ભોગી અનંતવાર થયો, રાજા અનંતવાર થયો, રંક અનંતવાર થયો, મોટા અમલદાર અધિકાર અને ભિખારી અનંતવાર થયો. કોઈને હાથ મૂકતા નહિ આવડ્યો હોય? ધૂળમાં હાથે થાય એવું નથી ત્યાં. એનો અર્થ એ કે જે ગુરુ અને જ્ઞાની કહે છે એને એના લક્ષમાં લેવું અને એને ધ્યેયને પકડીને જોવું એનું નામ ગુરુ પાસે આશા કહેવામાં આવે છે. ચંદુભાઈ! બાકી બધી વાતું હોં! મફતના કોઈ કહે ચમત્કાર ને ઢીંકણા ને ફીકણા, આમ કરી દઉ તને, સમાધિ કરાવી દઉં. ધૂળેય થાય એવું નથી સાંભળને. ભ્રમણામાં ખોસી ઘાલશે બધાય. કો'કને કાંઈક કરાવી દઉં, તને આમ કરાવી દઉં, તને આમ ઈંગળા અને પીંગળા હોય છેને બધી નાડીને આમ. આમ કરે ત્યાં ચડી જાય, દર્શન થઈ જાય આત્માના. ધૂળેય થાતા નથી સાંભળને. ઘણાં અત્યારે ચાલ્યા છે એવા. પીળું-ધોળું દેખાય. હવે એ તો જડ છે પીળા-ધોળા દેખાય એ. એ પીળા-ધોળાની દશા જેની સત્તામાં જણાય છે એવું જ્ઞાન સત્તા તે તત્ત્વ, અરૂપી જ્ઞાનાનંદ અખંડાનંદ પ્રભુ દ્રવ્ય છે પોતાનો સ્વભાવ એની દૃષ્ટિ કરવી અલૌકિક, અપૂર્વ, અનંત પુરુષાર્થ છે. એ પુરુષાર્થ એને કરવો રહ્યો છે, કોઈ કરી દે એવું છે નહિ. ચંદુભાઈ!

હવે એ વાત કરે છે જુઓ, થોડી વાત તો કાલે લીધી હતી થોડી-થોડી ઝટ. ભાઈ કહે કે ઝટ લીધી હતી એમ કહ્યું. જુઓ, '**ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' કેવો ભગવાન આત્મા છે? '**ત્રિકાળ-નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ. '**એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' એવો શુદ્ધ જીવ છે. અસ્તિ છેને અસ્તિ? જીવ અસ્તિ. કાય એટલે કે એમાં... કાય શબ્દ કેમ વાપર્યો છે? કે આત્મા શરીર પ્રમાણે છે એનો એક જ પ્રદેશ નથી. એ અસંખ્ય પ્રદેશી છે. ઝીણી વાત છે. એ અસંખ્ય પ્રદેશ છે. એક પરમાણુ છેને પોઈન્ટ? આ છેલ્લો ટૂકડો. આ કાંઈ મૂળ ચીજ નથી. કારણ કે આના ટૂકડા થતાં... થતાં...

થતાં... થતાં... થતાં... થતાં... છેલ્લો પોઈન્ટ રહે કે જેને શસ્ત્રની અણી પણ અડી શકે નહિ. અરે! જ્ઞાનીનું જ્ઞાન જેના બે ભાગ કલ્પી શકે નહિ એવું છેલ્લું અસ્તિ તત્ત્વ, અસ્તિત્વ, અસ્તિ તત્ત્વ પરમાણુ રજકણ પોઈન્ટ, એ પરમાણુના ગજથી આત્માને માપે તો એક, બે, ત્રણ, ચાર, પાંચ એવા અસંખ્ય પરમાણુના રજકણ જેટલો એ પહોળો એક શરીરમાં આત્મા છે. એનું માપ. ગજથી માપે છેને કપડું? કે ભાઈ આ પચ્ચીસ હાથનું છે, આ પચાસ હાથનું છે. એ પહોળું કેટલું? એ ચોડાઈ કેટલી? એનું એ માપ કરવાનો ગજ છે.

એમ આ આત્મા શરીર પ્રમાણે છે. કીડીમાં જાય તો પણ શરીર પ્રમાણે, મોટો હાથીમાં જાય તોપણ શરીર પ્રમાણે, પણ છે એ અસંખ્યપ્રદેશી. એટલે? એક પોઈન્ટ મૂકે તેટલા ક્ષેત્રને એક પ્રદેશ અંશ, આખી ચીજનો એક અંશ કહેવાય. જુદો પડતો નથી. એવા અસંખ્ય અંશનું એ આખું તત્ત્વ છે. એવો જો ન હોય તો કીડીમાં આમ સંકોચ પામે છે, હાથીમાં વિકાસ પામે છે. રબ્બર જેમ છે રબ્બર પહોળું થાય. છે એટલું ને એટલું. પહોળું થાય, સંકોચ થાય. એમ અસંખ્યપ્રદેશી પ્રભુ આત્મા હાથીમાં હોય એટલો પહોળો વ્યાપે, કીડીમાં હોય એટલો પહોળો (થાય). એ એનામાં સંકોચ વિકાસ, પ્રદેશ અસંખ્યમાં સંકોચ વિકાસ થવાની લાયકાત છે. એવો જે આત્મા એટલે જીવ શુદ્ધ, શુદ્ધ એટલે પવિત્ર. જીવ એટલે દ્રવ્ય, અસ્તિ-હયાતી, કાય—એ અસંખ્ય પ્રદેશનો સમૂહ. આ એના વાચ્યાર્થ છે. સમજાણું કાંઈ? રતિભાઈ! ઓલામાં કાંઈ આવતું નહિ હોય. સટ્ટા-બટ્ટામાં આવતું હશે આવું? અરે! ભગવાન! તેં તારી...

એ પોતે કાંઈક ચીજ છે કે નહિ વસ્તુ? તો એની કોઈ આકૃતિ હોય કે નહિ? આકૃતિ એટલે કે આટલા કદમાં તે છે. એનો આકાર જડનો એમાં નથી, પણ એ આટલા કદમાં, આટલામાં છે એવું કાંઈક કદ હોય કે નહિ? વસ્તુ, એનું કદ, એની વર્તમાન દશા અને એની ત્રિકાળી શક્તિઓનો સમૂહ ભાવ એ વિના વસ્તુ કોઈ હોઈ શકે નહિ. પદાર્થ, પદાર્થનું કદ પહોળું, એની વર્તમાન દશા અને એનો ત્રિકાળી ભાવ—આ ચારનો સમુદાય તેને પદાર્થ કહેવામાં આવે છે. ઓહો..હો..!

એમ ભગવાન આત્મા વસ્તુ જીવ, એના જ્ઞાન દર્શન આદિ ત્રિકાળી ભાવ, એની વર્તમાનદશાનો અંશ જે પ્રગટ જ્ઞાનનો, પ્રતીતનો અંશનો દેખાય તે અને તેનું કદ શરીર પ્રમાણે છે. શરીરને લઈને નહિ પણ શરીર પ્રમાણે પોતાનો આકાર છે. એ નાનું બાળક હતો તો એનો એ છે. મોટો થયો ઓલા અસંખ્ય પ્રદેશ જે હતા એ રબ્બરની પેઠે આમ જરી પહોળા થાય. ઓલો અંશ પહોળો થતો નથી, પણ અંશો જે આમ ખડકાયેલા હતા તે આમ છૂટા થાય છે. જેમ જેમ જાડું શરીર અને પહોળું થતું જાય એમ છૂટા (થઈ જાય). વળી ક્ષય થઈ જાય, આમ વળી જાય હાડકા તો એ પ્રદેશો આમ સંકોચાઈ જાય છે. સંકોચ એટલે કે આમ ટૂંકા ક્ષેત્રમાં આવી જાય છે. એવો એનો અસંખ્ય પ્રદેશી કાય નામ સમૂહનો એનો

સ્વભાવ છે. ભારે વાતું પણ એની.

ઓલા મકાન વેચે તો ચાર દિશા બાંધે છે. બાંધે છેને? કે ભાઈ આ મકાન મફતલાલનું નથી. અદ્ધરથી લખિતંગ મફતલાલની સહી. એમ હશે? ત્યાં ન ચાલે કોર્ટમાં. એ મકાન આ ઠેકાણે છે, પૂર્વમાં આનું મકાન છે, પશ્ચિમમાં આનું છે, ઉત્તરમાં આનું અને દક્ષિણમાં આનું. એમ તું ક્યાં છો? કેવડો છો? ક્યા ગુણવાળો છો અને કઈ દશાવાળો છો? સમજાણું કાંઈ? એ જરી બતાવવા... આ તો આખું તત્ત્વ બતાવવું છેને, ભાઈ! એટલે કાય શબ્દ મૂક્યો. બીજામાં એ કાયનું સ્વરૂપ છે નહિ. એટલે બતાવ્યું છે આમાં.

ભાઈ! તું આત્મા શુદ્ધ પવિત્ર. જીવ એટલે આત્મા કહો કે જીવ કહો. અસ્તિ એટલે છે, કાય એટલે એનું કદ છે અસંખ્ય પ્રદેશ જેટલું, એવા જીવને ખરેખર વિભાવસ્વભાવસ્થાનો નથી. એવું આત્મતત્ત્વ એને વિકારના પુણ્ય-પાપના વિકારીભાવ એ ત્રિકાળ તત્ત્વમાં નથી. કહો, પ્રકાશચંદજી! આ શું કદ-બદની વાત આવી? શું કહે છે તમારે? ચોડાઈ કહે છે ચોડાઈ? હિન્દીમાં શું કહે છે? લંબાઈ ચોડાઈ. અરે! ભગવાન! જુઓ, એ જયારે કાંઈ પણ એકાગ્ર થવા માગે છેને. ધ્યાન રાખો ન્યાય. ત્યારે એને આમ... આમ... આમ જોવે તો એકાગ્ર નથી થઈ શકતો. એ જેટલામાં છે ત્યાં એકાગ્ર થાય તો તેને એકાગ્રતાનું ફળ આવે છે. ન્યાય સમજાય છે કાંઈ? આમ બધે વ્યાપક જો પોતે એક જ હોય તો આમ કરે તેને એકાગ્રતાનો વિકાસ થાય. એટલામાં પોતે છે. શરીર પ્રમાણે તત્ત્વ ભિન્ન. ચૈતન્ય જ્ઞાયકતત્ત્વ શરીર પ્રમાણે ભિન્ન એમાં એકાગ્ર થાય, જેટલામાં પોતે છે તેમાં એકાગ્ર થાય ત્યારે તેને શાંતિ કે સુખની પ્રાપ્તિ (થાય). એટલા ક્ષેત્રમાં રહેલા એના અનંતાગુણો, એનું એકરૂપ તત્ત્વ એમાં એકાકાર થતાં તેને શાંતિ અને વીતરાગતા કે સમ્યગ્દર્શન આદિ એટલા ક્ષેત્રમાંથી તેને પ્રગટ થાય. માટે તેટલા ક્ષેત્રમાં જ આખું તત્ત્વ છે. સમજાણું કાંઈ? ક્યાં છે બીજે પણ ત્યારે? બીજો બીજામાં, તું તારામાં.

એ અહીં કહે છે, એવો જે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશીમાં અનંતગુણોનું ધામ, એનું રૂપ એક, એવો પરમાત્મ પોતાનો સ્વભાવ જીવભાવ જીવતત્ત્વ એમાં પુણ્ય અને પાપના વિકારી સ્થાનો, વિકારના શુભના અસંખ્ય પ્રકાર એમ કેમ કીધું? વિભાવસ્થાન લીધા છેને? વિકારના સ્થાન, સ્થાન નામ પ્રકાર. એ આત્મા ત્રિકાળ જ્ઞાયકની અંદર એ વિકારના અનેક સ્થાન નામ પ્રકાર શુભના અસંખ્ય, અશુભના અસંખ્ય. દયા, દાન, મંદ-તીવ્ર, હિંસા-જૂઠું મંદ-તીવ્ર એવા એવા અસંખ્ય પ્રકાર શુભ, અસંખ્ય પ્રકાર અશુભ એ બધા વિકારસ્થાન ત્રિકાળી ચૈતન્યમૂર્તિની અંદર નથી. જેમાં દૃષ્ટિ દેવાથી દોલત પ્રગટ થાય આત્માને એવા તત્ત્વની અંદર વિકારી પરિણામની અંતર ગંધ પણ છે નહિ. સમજાણું કાંઈ? ભારે!

આમ નજર અંદર કરવા જાય તો અંધારું દેખાય, બહાર નજર કરવા જાય તો આ દેખાય. એય..! મૂળજીભાઈ! પણ પ્રભુ એકવાર સાંભળ તો ખરો. આમ અંધારું જે દેખાય

એ અંધારાથી દેખાય છે કે પ્રકાશથી દેખાય છે? અંધારું અંધારામાં અંધારાથી દેખાય છે? કે આ અંધારું જ્ઞાનના પ્રકાશમાં જ્ઞાનના પ્રકાશથી હું પ્રકાશ અને અંધારું એમ બે દેખાય છે? ભગવાન જાણે શું હશે? કોઈ દિ' મનન અને મંથન કર્યું નથી. એ પુણ્ય અને પાપના વિકલ્પો જ અંધકારસ્વરૂપ છે, વિકાર છે. એને જાણનાર ચૈતન્યપ્રકાશ પ્રભુ ત્રિકાળી તત્ત્વમાં તે વિકારના સ્થાનનો અભાવ છે. માટે વિકારના આશ્રયે તું ધર્મ કરવા જા એ ત્રણકાળમાં થઈ શકશે નહિ. કહો, બરાબર છે મોહનલાલભાઈ? આ તમારા કાયદાથી તો વાત ચાલે છે આ, વગર કાયદે નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લે! ઈ તો કહે છે કે વિકાર તારામાં નથી અંદર. વિભાવ હોવા છતાં તેની દશામાં હોવા છતાં તેના કાયમી સ્વભાવમાં નથી, માટે કાયમી સ્વભાવની દૃષ્ટિએ તે છોડી શકાય છે. એ માટે તો આ સિદ્ધ કરવું છે. પાણીમાં શેવાળ છે શેવાળ. હવે જેને પાણી પીવું છે પથ્ય ને હળવું ને સ્વચ્છ એણે શેવાળ આમાં નથી માટે જરી આમ દૂર કરીને અંદરમાં પાણી પીવા માંડે તો પાણીની એની તૃષ્ટા તુટે; એમ ભગવાન આત્મા જ્ઞાન અને શાંતરસના જળથી ભરેલો પદાર્થ, એની વર્તમાનદશામાં અનાદિથી એની વિકૃત અવસ્થા એમાં ક્રમે ક્રમે કરે ને જાય, કરે ને જાય એમ થયા કરે છે. એ વિકૃત અવસ્થા તે શેવાળ સમાન છે. જેને ધર્મને પ્રાપ્તિ શાંતિની કરવી હોય એને વિકાર તે મારા ત્રિકાળમાં નથી. એમાં તો એકલો શુદ્ધ અને આનંદરસ પડ્યો છે. એમ અંતર દૃષ્ટિ દેવાથી શેવાળનું પ્રત્યક્ષપણું થતાં અંદર શાંતિના અંશની પ્રગટ દશા થાય તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. કહો, સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા :-** વિકાર જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકાર જોઈએ તો નહિ ચાલે. આને વિકાર જોવે છે હજી. પૈસા પણ જોવે છે, અમલદારીપણું જોવે છે, વકીલાત જોવે છે અને આ જોવે છે. એક મ્યાનમાં બે નહિ ચાલે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહે. આ વિકારની જેને રુચિ (છે) તેને નિર્વિકારી ચૈતન્યની રુચિ નહિ થઈ શકે અને જેને ત્રિકાળી નિર્વિકારની રુચિ થાય એને વિકારની રુચિ નહિ રહી શકે. વિકાર રહેશે, વિકાર રહેશે, રુચિ નહિ રહી શકે. આ પણ ઠીક છે અને આ પણ ઠીક છે—બે ઠીક નહિ રહી શકે. કહો, શું છે આમાં? વિકાર પણ જોઈએ છે અને આ પણ એને જોઈએ છે ભાઈ હજી. હવે ૮૩ થયા, હવે શું કરવું છે તમારે? શરીરને ૮૩ થયા હોં. આત્મા તો અનાદિ બધાનો સરખો. કોઈ એક સમય અધિક વધી ગયા છે કોઈ અત્યાર સુધી? અનાદિનો આત્મા છે. અત્યાર સુધી આવ્યા. કોઈ એક સમયે દીર્ઘાયુષ્યવાળા છે? દીર્ઘ એટલે? અનાદિથી વર્તમાન, અનાદિથી વર્તમાન, વર્તમાનથી અનંત. એમાંથી અનાદિથી વર્તમાનથી કોઈ એક સમય આઘા ગયા છે કોઈ? જઈ શકે નહિ ત્રણકાળમાં કોઈ. સમજાય

છે કાંઈ? અનાદિથી વર્તમાન સુધીનો કાળ બધાને સરખો છે. એના વિકારના ભાવમાં ફેર છે. કોઈ વિકારને મંદ કરે છે, કોઈ તીવ્ર કરે છે, કોઈ વિકારની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે છે અને કોઈ વિકારના સ્વભાવની અસ્થિરતા છોડીને સ્વરૂપમાં સ્થિર થાય છે. એવી વર્તમાનદશામાં ફેર પડે, એના કાળમાં ફેર પડે નહિ. સમજાય છે કાંઈ આમાં? લ્યો આ તો ભાઈ કાલે આવી ગયું હતું થોડું. આ વળી થોડું વધારે લીધું.

બીજી વાત. એવો શુદ્ધ પ્રભુ આત્મા એને ભલો અને ભૂંડો. પ્રશસ્ત એટલે ભલો. શુભરાગ ભલો કહે છેને દુનિયા? અનુકંપા, દયા, ભક્તિ, શુભરાગ ભલો... ભલો... ભલો... એમ જગત કહે છે. કહે છે કે ભલો-બલો રાગ એ આત્મામાં નથી. અપ્રશસ્ત ભૂંડો પાપનો ભાવ એ '**સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' ભગવાન ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુમાં એ રાગ-દ્વેષ-મોહનો અભાવ હોવાથી '**માન-અપમાનના હેતુભૂત...**' માન-અપમાનની જે દશા થાય એનું નિમિત્ત એવો જે કર્મનો ઉદય એનું નિમિત્ત એના પ્રકારો ભાવ, એ બધા કર્મના, નિમિત્તના પ્રકારો માન-અપમાનના ભાવ છે, એ આત્મામાં છે નહિ. મૂળ પાઠમાં ભાઈ '**माणवभाणभावठाणा**' છે. શું કહ્યું આ? એનો હેતુ કર્મ છે એમ કહે છે. એના ઉદયના બધા પ્રકારો માન-અપમાનના છે. એ આત્માના છે નહિ, ઓહો..હો..! શું કહ્યું સમજાય છે આમાં? ભગવાન ચૈતન્યમૂર્તિમાં જો માન-અપમાનના પ્રકાર હોય તો કોઈ દિ' નિર્માન અને અમાનદશાને પ્રગટ કરી શકે નહિ. એનામાં છે જ નહિ ત્રણકાળમાં નથી તો નાસ્તિ થઈને શાંતિ પ્રગટ થાય છે. માન-અપમાનના વિકલ્પો એ કર્મના નિમિત્તના સ્થાન કહેવાય, એના પ્રકારો છે, તારી ચીજના એ પ્રકાર છે નહિ. એ ત્રિકાળી દ્રવ્યની અંદર વસ્તુની અંદર માન-અપમાનના ભાવસ્થાન છે નહિ.

હવે ત્રીજો બોલ પણ ચાલ્યો હતો કાલે. વળી એ શુદ્ધ જીવ વસ્તુમાં '**શુભ પરિણતિનો અભાવ હોવાથી...**' એને વિશેષ સ્પષ્ટ કરે છે કે શુભ પરિણતિ એટલે? આ દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, સ્મરણ, નામ, જાપ એવો જે વિકલ્પ ઉઠે છે એ શુભરાગની દશા છે. શુભરાગની દશા છે. એ શુભ પરિણતિ (છે). પરિણતિ એટલે અવસ્થા. પરિણતિ એટલે અવસ્થા-દશા. રાગની, શુભની દશા એનો ભગવાન ત્રિકાળ દ્રવ્યની અંદર અભાવ હોવાથી વસ્તુના ત્રિકાળ સ્વભાવમાં એ છે નહિ. '**હોવાથી શુભકર્મ નથી,...**' કારણ કે શુભભાવ જ જ્યાં ત્રિકાળમાં નથી. એને શુભભાવનું બંધન જે થાય કર્મ જડ એ આત્મામાં નથી. '**શુભકર્મનો અભાવ હોવાથી...**' અને એ જડ કર્મનો આત્મામાં અભાવ હોવાથી '**સંસાર સુખ નથી,...**' એ સંસાર સુખ નથી. શું કીધું? આ સંસારનો સંયોગ સુખરૂપ થાય છેને બહારના ધૂળના સંયોગ મળે ઈ, એ આત્માના નથી. અને '**સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી;...**' એમ કહે છે. ચાર બોલે ગુલાંટ મારી છે.

પહેલું તો એમ કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્યધાતુ અરાગી, વીતરાગી

અનાદિ અનંત વસ્તુ. એમાં શુભવિકારની દશાનો અભાવ, એથી વિકારનું નિમિત્ત પામીને કર્મબંધન થાય એનો અભાવ અને કર્મબંધન થઈને સંયોગો અનુકૂળ મળે સુખના એનો અભાવ અને એ સુખ મળે અને એમાં હરખ થાય આ એવા ભાવનો એમાં અભાવ છે. સમજાણું કે નહિ આમાં? દેવરાજભાઈ! સમજાય છે આ? આ સમજવું પડશે. ઓલા બધા સટોડિયામાં કાંઈ ધૂળેય નથી. પૈસા મળે પાંચ પચાસ હજાર ને લાખ. હેરાન-હેરાન. વળી અત્યારે જુઓને સોના માટે કેટલા કાલે સોની નીકળ્યા હતા એક સાથે બધા. સોના માટે નહિ? નીકળ્યું હતું આમ દેખાતું હતું. સરઘસ નીકળ્યું હતું એક. રાડે રાડ પાડે છે જગત. એલા સુખ તારામાં છે ધૂળમાંય નથી બહારમાં. સોનાના ભાવ ઘટ્યા. સોનાના ભાવ ઘટ્યા અને વધ્યા એટલે શું કહેવું? એનો અર્થ શું કરવો? કહો. સોનાના ભાવ ઘટ્યા એટલે સોનું ઉજળું ઓછુ થતું હશે? અને સોનાના સવાસો થાય એટલે સોનું આમ ઉજળું બહુ થાતું હશે. કોના ભાવ ઘટ્યા? અરે! તારી કલ્પનાના ઘટ્યા, વધ્યા. ત્યાં તો છે ઈ છે. ચંદુભાઈ કેમ હશે? છ લાખના સોના સંઘર્યા હતા હવે બતાવવા સરકારને, ન બતાવે તો ખોટા જાય. હવે કરવું શું આમાં? એ તારી કલ્પનાના ઘોડા છે, બાપા! એ તો જ્યાં છે ત્યાં છે. એવી કલ્પના કે અમને દસ લાખનું સોનું હતું એ પુણ્યના બંધનું ફળ. પુણ્યબંધ શુભભાવનું ફળ અને એ સુખ સંયોગ મળ્યો એમાં હરખ થતો એ ચારેય ચીજ તારામાં નથી, લે. દામોદરભાઈ! આ ઈ તો મોટરું અને મજા કરે છે માણસ એમ કહે છે લ્યો. મોટરુંના હુંકારા બોલાવે ને આમ બલુનમાં ચાલે અંદરથી આમ ઊંચેથી ચાલે. કેટલી મજા! ધૂળમાંય મજા નથી સાંભળને.

કહે છે, ભગવાન આત્મા, અરે! પ્રભુ! એ પુણ્યના પરિણામ જે છે એ તારી ચીજમાં નથી. માટે નીકળી જાય છે અંતરનો આશ્રય કર તો. એ પુણ્યના પરિણામ જ નથી, તો એનું બંધન થાય એ પણ તારામાં નથી. શુભભાવ થાય તો એનું બંધ તો થાયને શુભકર્મ. એ પણ નથી. શુભકર્મનું બંધન થાય એ સંયોગ મળે સુખના એ લોકો કહે એના. એ સંયોગ જેને સુખ કહીએ એ પણ તારામાં નથી, તો સંયોગના નિમિત્તે હરખ થાય કે અમને કાંઈક મળ્યું, એવો હરખનો ભાવ પણ તારી ચીજની અંદર નથી. સમજાણું કાંઈ? આ તો અલક-મલકની વાતું છે આ બીજી.

ભગવાન જેને થવું હોય, અરે! સુખી થાવું હોય પહેલી વાત. પછી વળી ભગવાનની પછી એકકોર રાખો. જેને સુખી થવું હોય... એ સિદ્ધાંત છેને લ્યો કે જો માણસો સુખી થવા તો માગે છેને? સુખી થવા તો માગે છેને. સુખ માટે ઝાંવા છેને જગતના? કહે છે, સુખનું અસ્તિત્વ તો સ્વીકારે છે કે નહિ? સુખનું અસ્તિત્વ ન સ્વીકારે તો સુખની ઈચ્છા કેમ કરે ઈ? સુખની હયાતી સ્વીકારે છે. કહેવી ક્યાં? એ પછી પ્રશ્ન. અત્યારે તો અહીંયાં સુખ માટે તાલાવેલી. છેવટે મરીને પણ.. શું કીધું? એકવાર કીધું હતુંને ભાઈ! કે અપમાન એવું આવે બહારમાં રાજનું, કુટુંબનું કોઈ એવું અપમાન, એ અપમાનની અસહ્ય વેદનાના

માપમાં એને દેહ છોડવો એ દુઃખ હળવું લાગે છે. ધ્યાન રાખજો. આમાંથી સિદ્ધાંત નીકળશે પાછા. અપમાન આવી પડ્યાની આકુળતાના માપની હદ આગળ શરીરને જતું કરવું, મરીને, આ દેહ છોડીને, અગ્નિમાં બળીને, અફીણ ખાઈને, છરા ખાઈને. થયું શું આમાં? ઈ અપમાન અને એ આકુળતા આગળ શરીરને જતું થાય તોપણ એ દુઃખ મને હળવું લાગે છે અને આ આકરું લાગે છે.

બીજી વાત કે જે શરીર સંયોગરૂપ છે. બીજી ચીજો તો ક્યાંય રહી ગઈ. શરીરનો અભાવ કરીને પણ દુઃખથી રહિત એકલો થઈને સુખી થવા માગે છે તો એમાં સિદ્ધાંત સિદ્ધ થાય છે કે એના સ્વરૂપમાં કાંઈક સુખ છે. એને ભાન નથી. સમજાય છે? એટલે આમ મૃત્યુ કરી ગળે ફાંસો ખાઈને શું કરવું છે? એ દુઃખનો અભાવ કરવો છે. તો દુઃખનો અભાવ એટલે? સુખી થવું છે. સુખી થવું એટલે? કે સંયોગોને શરીર પૂરતા પણ જતા કરીને, શરીરનો સંયોગ જતો કરીને સુખી થાવું. તો એનો અર્થ એ કે એકલો રહીને સુખી થાવું. એનો અર્થ એ કે એ આત્મામાં એકલો રહીને સુખ થવાની એનામાં તાકાત છે, પણ અજ્ઞાનને લઈને એને ભાન નથી. સમજાય છે કાંઈ આમાં? તો સુખની સત્તા અજ્ઞાનપણે પણ એકલામાં છે એવો સ્વીકાર કરે છે, પણ એ સુખની સત્તા કેમ પ્રાપ્ત થાય અને એ સુખ મારામાં કેમ છે એની એને ખબર નથી. એક વાત. એટલે સુખ તો હોવાપણે છે આત્મામાં. આનંદ આત્મામાં હોવાપણે છે.

બીજી વાત. એ શોધવા માગે છે, ઉપાય કરે છે તો ઉપાય પણ સ્વીકારે તો છે. ઉપાય સ્વીકારે તો છે, પણ એનો ઉપાય સાચો ક્યો એની એને ખબર નથી. સત્તાનો સ્વીકાર અને ઉપાયનો સ્વીકાર બેય સ્વીકારે છે, પણ સુખ ક્યાં છે અને ક્યા ઉપાયે મળે તેની એને ખબર નથી. સમજાણું કાંઈ? આ તો ન્યાયથી બેસે એવું છે કે નહિ? આ બીજી રીતે કહીએ આપણે કે એ આવી પડેલી આપદાથી હળવું દુઃખ લાગ્યું શરીર જતું (કરવું ઈ), હવે એ શરીર જાય છે જ્યારે મૃત્યુકાળે, ખાઈને છરો (મારીને), હવે એ જતું નથી દુઃખ ખરેખર. કેમ? કે એને આમ દુઃખ થાય છે જતાં. દુઃખ થયા વિના રહે નહિ. કારણ કે એણે એ પોતાનું માન્યું હતું. દુઃખ થાય છે. એટલે એના પ્રત્યે રાગ હતો રાગ. આ મારું છે, આ મારું છે. પણ આને ઓલી આપદા કરતા આ કાંઈક ઓછી આપદા લાગે છે, પણ છોડવા માગે છે, પણ છતાં એને દુઃખ થાય છે. આમ .. હવે એ જતું કરતા ન આવડ્યું એને. જતું કરતા આવડે ક્યારે? કે એ શરીર પ્રત્યેની પ્રીતિ છે એ છૂટે તો છૂટવાકાળે તેને તેનો દ્વેષ ન થાય અને એ રાગ-દ્વેષ ક્યારે ન થાય? કે રાગ-દ્વેષ વિનાની મારી ચીજ છે એવી દૃષ્ટિ પડ્યા વિના શરીર છૂટવા કાળે દ્વેષ થયા વિના રહે નહિ નહિતર. સમજાણું કાંઈ આમાં? ન્યાયથી તો લોજિકથી તો આ સમજશે કે નહિ આ શું છે? હવે કોઈ જગતની વાત પણ તર્કથી હોય તો બેસે છે નહિતર બેસતી નથી અને આ એમને એમ આંધળી

શ્રદ્ધાએ બેસાડે જાય ને ચાલે જાય, હાંકે જાય. પણ એના ખ્યાલમાં કાંઈક વાત આ છે, આમ છે એમ ન બેસે ત્યાં સુધી સમ્યક્તા અને સત્યતા જ્ઞાનમાં આવે નહિ.

તો શરીર જતું કર્યું ક્યારે કહેવાય? એકલો રહ્યો ક્યારે કહેવાય? કે શરીરની પ્રતિકૂળતા વખતે આમ અંદર જે એકતા હતી પ્રીતિની, એ પ્રીતિ તોડે, નહિતર તો દ્વેષ થાય અંદર ટળવળ થઈને પછી છૂટે, હવે આ કરતા ન ખાધું હોત તો સારું. એ વખતે થાય પછી એને. પછી શું થાય? પણ ત્યારે શરીર છોડવા કાળે શરીર છૂટ્યું અને છોડ્યું ત્યારે કહેવાય કે હું શરીર વિનાની ચીજ છું, શરીર વિનાની ચીજ છું અને શરીર વિનાની એટલે શરીરનો રાગ મારા સ્વરૂપનો હોઈ શકે નહિ અને શરીર વિનાની હું ચીજ છું એટલે શરીર જાય તો એની પ્રીતિ નથી શરીરને કાળે તો એના અભાવ કાળે એનો દ્વેષ ન હોઈ શકે. શું કહ્યું વળી આ?

જુઓ, એક સિદ્ધાંત એવો છે કે શરીરમાં પ્રતિકૂળતા વખતે દુઃખ કેટલું થાય? દુઃખ એ એને લઈને નથી કે જેટલો તેમાં રાગ હતો તેટલો તેમાં દ્વેષ થાય. એ તોલ છે એનો. શું કીધું? શરીરના પીડા કાળે દુઃખ કેટલું થાય? કે શરીરની હયાતી કાળે તેમાં જેટલો પ્રેમ તોળ્યો હતો રાગનો તેટલો જતા કાળે તેટલો દ્વેષ થાય. સમજાય છે કે નહિ આમાં? બધાને સરખું ન થાય. કારણ કે જેને જેટલી રાગની તીવ્રતા એટલું એને દુઃખ થાય. દુઃખ સંયોગને કારણે નથી, દુઃખ સ્વરૂપમાં નથી. એની દશામાં ઊભી કરેલી પ્રીતિ-અપ્રીતિ (તે દુઃખનું કારણ છે). ભાઈ! આના સ્થાનમાં પ્રીતિ-અપ્રીતિ લેશે કળશમાં પાછળ. કહેવું ઈ છે. મૂળ કળશ છે. એ પ્રીતિ-અપ્રીતિના સ્થાન તારા સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ઝીણી વાતું તો છે ભાઈ!

ભાઈએ એક ફેરી કહ્યું હતુંને. નારાણભાઈને પૂછયું હતું. ઓલો લોચ કરતા હતાને લોચ. અમારા નારણભાઈ હતાને. કેટલું દુઃખ લાગે છે? રોટલીમાં રાગ જેટલો રહે છે એટલું દુઃખ લાગે છે. લાઠીના ૮૫ના ચોમાસાની વાત છે. ૮૫. તે દિ' મેં કીધું ઓલા વાળ ખેંચેને? (દુઃખ) કેટલું લાગે છે? કે આ રોટલી ખાવા વખતે અને દાળ ખાવા વખતે જેટલો પ્રેમ વર્તતો હતો આ એટલો ખેંચવા ટાણે દ્વેષ થાય છે. સમજાય છે આમાં કાંઈ? જેટલું અનુકૂળતા પ્રત્યેના રાગનું વલણ એટલું પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષનું વલણ માપ પ્રમાણે હોય. જેટલો રાગ મંદ એટલો પ્રતિકૂળતા વખતે દ્વેષ ઓછો. જેટલો અનુકૂળતા પ્રત્યે બિલકુલ રાગનો અભાવ એ તો આત્મદ્રવ્ય છે. એ આત્મદ્રવ્ય ઉપર જ્યારે દૃષ્ટિ કરીશ તો બિલકુલ રાગનો અભાવ એની અંદર છે. એવો રાગના અભાવવાળા દ્રવ્યની દૃષ્ટિ વસ્તુની થતાં, દેહ છૂટતા, દેહ કાળે રાગ નહોતો તો દેહ છોડવા કાળે એને દ્વેષ નહિ થાય, એને આનંદ થશે. આહા..હા..! વાત સમજાય છે કાંઈ આમાં? શું છે આ તત્ત્વ? આવું તત્ત્વ! ભાઈ! બાપુ! ન્યાયથી એ સિદ્ધ થાય એવું એ તત્ત્વ છે. એમને એમ ન બેસે, એને સમજાય નહિ એવું તત્ત્વ ન હોય.

સમજાય એવું તત્ત્વ છે. એના ખ્યાલમાં જ્ઞાનકળામાં આવી શકે.

તો અહીં કહે છે, સંસારના સુખની સામગ્રી એ પૂર્વના પુણ્યને લઈને મળી તો એ સામગ્રી નહિ, પુણ્ય પણ નહિ, પુણ્યના કારણરૂપ આત્મામાં રાગ જે હતો શુભ એ વસ્તુમાં નથી. એવા આત્માની દૃષ્ટિ કરવાથી આત્માને પુણ્ય-પાપરહિત થવાનો પ્રસંગ સમ્યગ્દર્શનમાં થાય છે. સમજાણું કાંઈ? એ હર્ષસ્થાનો નથી એમ કીધું, ભાઈ! હરખ-હરખ. એ હરખ એટલે રાગના પ્રકાર જીવમાં છે નહિ. એ હરખના પ્રકાર નથી એ તો ઊભા કરેલ નવી દશામાં. વસ્તુમાં છે નહિ. તો વસ્તુમાં નથી એની દૃષ્ટિ અને અનુભવ કર તને શાંતિ અને સુખ મળશે, એ સિવાય શાંતિ ને સુખ ને ધર્મ થશે નહિ. સમજાણું કાંઈ? આ તો આટલા સુધી તો આવ્યું હતું કાલે. થોડું વધારે કાંત્યું.

હવે ભગવાન આત્મા શુદ્ધ જીવ વસ્તુ એને **'અશુભ પરિણતિનો અભાવ...'** એ વિકારની લાગણી પાપની છે એ ત્રિકાળ વસ્તુમાં નથી, વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો વિકાર ટળી શકે નહિ. એ અશુભવિકાર હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ ઉપરછલ્લું, ઉપર તરતું તેલ પાણીમાં ઉપર તેલ (રહે), એ પાણીના દળમાં તેલનો પ્રવેશ નથી. છે? માણસ કહે છેને ઉપર તરશે તેલ, ઉપર તરશે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ એની વર્તમાન દશામાં ઉપર તરતો રાગ અને પાપ છે, મૂળ ચીજમાં નથી. એવી મૂળ ચીજની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન નામ સત્યનો સ્વીકાર થઈ શકતો નથી અને એ સત્ય પરમેશ્વરનો સ્વીકાર થાય ત્યારે એને સમકિતી કહેવાય, ત્યારે એને ધર્મી કહેવામાં આવે છે.

એવા **'અશુભ પરિણતિનો અભાવ હોવાથી...'** અશુભકર્મ નથી. ભાવ જ વિકાર જેની મૂળ ચીજમાં નથી તો એના નિમિત્તરૂપે કર્મ બંધાણું એ પણ એમાં નથી. તો અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખ એટલે પ્રતિકૂળ સંયોગ નથી. એ આત્મામાં પ્રતિકૂળ સંયોગ નથી અને સંયોગ નથી એટલે દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી એટલે શોક નથી. અહર્ષ આમ નાસ્તિથી વાત કરી છે. ઓલો હર્ષ હતો, આ અહર્ષ. એટલે શોક તે એનામાં નથી. પ્રતિકૂળ આવતા આમ (અહર્ષ થાય), પણ એ તારા સ્વરૂપમાં જ નથી. તેં નવી દશામાં ઊભું કરેલું કર્તવ્ય છે, વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..!

આ તો ભાગવત પારાયણ છે. શાસ્ત્ર ભાગવત કહ્યું છે આને. આગળ ભાગવત શાસ્ત્ર કહ્યું. આગળ કહ્યુંને. મહિમાવંત છે છેલ્લા શબ્દો છે જુઓ. છેલ્લી લીટી છે છેલ્લામાં જુઓ. પાનું ૩૭૨. જુઓ, નીચે નોટ. **'ભાગવત = ભગવાનનું; દૈવી; પવિત્ર.'** શાસ્ત્ર. છેને? નીચે નોટ-નોટ. **'આ (નિયમસારશાસ્ત્ર)...'** નીચેથી ત્રીજી લીટી. ૩૭૨ પાનું. નીચેથી લીટીનો છેલ્લો શબ્દ **'આ (નિયમસારશાસ્ત્ર) ભાગવતશાસ્ત્ર છે.'** છે? **'જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા, પરમવીતરાગાત્મક, નિરાબાધ, નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે,...'** એ ભાગવતનો નીચે અર્થ છે. ભગવાનનું શાસ્ત્ર, દૈવીશાસ્ત્ર, પવિત્રશાસ્ત્ર. એ તારું

ભાગવત વંચાય છે. મહિમાવંત દૈવીશાસ્ત્ર. આહા..હા..! એ તો સમયસાર પણ ભાગવતશાસ્ત્ર જ છે. બધા શાસ્ત્રો ભાગવત હોયને. કહે છે... ઓલી એક સપ્તાહમાં કરે છે. આ ત્રણ સપ્તાહનું ભાગવત છે.

... પણ કેવડો ક્યાં? કે તું જ્યાં છો ત્યાં પુણ્ય-પાપના ભાવ નથી. તું જ્યાં છો ત્યાં પુણ્ય-પાપના ભાવનું બંધન નથી, તું જ્યાં છો ત્યાં બંધનના ફળ અનુકૂળ-પ્રતિકૂળ નથી, તું જ્યાં છો ત્યાં અનુકૂળ-પ્રતિકૂળમાં હરખ-અહરખ થાય, હરખ અને અહરખ એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે હોં, રતિભાઈ! કે ન સમજાય એવી છે? હવે એનો કળશ કરે છે જરી. એનો કળશ માથે છે.

(शार्दूलविक्रीडित)

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतो ऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।

એનો અર્થ નીચે. હે ભગવાન! હે આત્મા! '**પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' જુઓ, ઓલા હરખ-શોક કર્યો હતોને ભાઈ! એમાંથી આટલું કાઢ્યું. બસ થઈ રહ્યું. પ્રીતિ-અપ્રીતિના ભાગ તારામાં છે નહિ. એ ઉઠાવગીરે વિકલ્પની દશામાં ઉઠાવ્યા છે, સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપનું શરણ લે, એવા સ્વરૂપને આશ્રયે જા, તને ધર્મ થશે. બાકી ધર્મ થશે નહિ. '**જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' શાશ્વત ચિદાનંદ પ્રભુ આત્મા જે સર્વથા અંતર્મુખ. શું કહે છે? એ સર્વથા અંતર્મુખ છે. સર્વથા કેમ કહ્યું છે? કે નિમિત્ત એમાં નથી, રાગ પણ નથી અને એક સમયની દશા એ ત્રિકાળમાં નથી. સર્વથા અંતર્મુખ તત્ત્વ અખંડાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ પડ્યું છે. વળી સર્વથા ક્યાં આવ્યું આમાં? કથંચિત્ લેવું જોઈએ કે નહિ?

કહે છે, પ્રભુ! એકવાર સાંભળને. એ વસ્તુ જે છે વસ્તુ, આત્મપદાર્થ જેને વસ્તુ સ્વભાવ કાયમી એ તો અંતર્મુખ અખંડ વસ્તુ છે. એની અંદર સંયોગ પણ નથી, વિકલ્પ રાગ પુણ્ય-પાપનો નથી, એક સમયની દશા એના મૂળ ત્રિકાળ સ્વરૂપમાં નથી. એથી એને સર્વથા અંતર્મુખ, આત્મપદાર્થ એને સર્વથા અંતર્મુખ (કહે છે). અંતર્મુખ થા તો અંતર્મુખ પદાર્થ જણાય એવો છે. પ્રગટ '**પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...**' કેવો છે ભગવાન આત્મા? એ પ્રગટ પ્રકાશમાન, એ ધ્રુવ પ્રગટ પ્રકાશમાન, ચૈતન્ય સત્તાનો પ્રગટ પ્રકાશમાન અને સુખનો બનેલો. પ્રકાશમાન એવા સુખનો બનેલો. દેખો! જેનું સુખ પ્રગટ પ્રકાશમાન બનેલો એવો સુખનો બનેલો, સુખ છે એનામાં. બનેલો એટલે? સુખસ્વરૂપ છે એમ. આત્મા પ્રગટ પ્રકાશમાન આનંદથી બનેલો છે. એટલે કે એકલો આનંદની મૂર્તિ છે. નિત્યાનંદરૂપ પ્રભુ એની દશામાં હરખ-શોક

આદિ વર્તે એ ત્રિકાળમાં નથી. અને ત્રિકાળનું અવલંબન લીધા વિના એને સમ્યગ્દર્શન અને ધર્મ થતો નથી. પ્રકાશચંદજી! આ રાડેરાડ પાડે છે બધા, ઓલા કહે શુભથી થાય. અહીં તો કહે કે હવે ક્ષાયિકભાવ બહિરતત્ત્વ હવે સાંભળને. એક સમયની નિર્મળ પર્યાય પ્રગટ થાય એ વ્યક્ત છે, બહિરતત્ત્વ છે, હેય છે, હેય છે. આ એક ભગવાન ત્રિકાળ દ્રવ્ય છે એ સર્વથા અંતર્મુખ છે એ જ આશ્રય અને શરણભૂત કરવા જેવું છે.

'**સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો છે,...**' આકાશ છે એ કોઈનું બનાવેલું છે? આકાશ વ્યાપક છેને આકાશ? આકાશ આ આકાશ નહિ હોં! દેખે એ આકાશ નથી. આ લોકો કહે લાલ લાલ. એ તો પુદ્ગલ પરમાણુ છે. અરૂપી આકાશ છે જેને રંગ, ગંધ, રસ, સ્પર્શ આકાશમાં નથી. સર્વવ્યાપક. અહીંયા બધે ઠેકાણે અગ્નિમાં બધે વ્યાપક અરૂપી એક આકાશ છે અને ચૌદ બ્રહ્માંડ છે એની પાછળ ચારે બાજુ. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... દશે દિશાઓમાં ખાલી અરૂપી આકાશનો ભાગ નભ એ અકૃત છે, કોઈથી કરાયેલો નથી. સર્વવ્યાપક આકાશ પદાર્થ એ કરાયેલો નથી એની પેઠે નભમંડળ સમાન અકૃત છે. દેખો નીચે અર્થ કર્યો છે. કોઈથી નહિ કરાયેલો. કોણ? ભગવાન આત્મપદાર્થ કોઈથી નહિ કરાયેલો સત્ શાશ્વત વસ્તુ છે. કરાયેલી ચીજ કૃત્રિમ હોય. અણકરાયેલું તત્ત્વ તે અકૃત્રિમ ત્રિકાળ છે.

જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી, તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. સર્વવ્યાપક આકાશને કોણ બનાવે? સર્વવ્યાપક. અરૂપી વ્યાપક વ્યાપક સર્વ ઠેકાણે. ચૌદ લોક થઈ રહે ચૌદ બ્રહ્માંડ પછી પણ કાંઈક ખાલી છે કે નહિ? ક્ષેત્ર કેટલું વિચાર્યું છે કોઈ દિ' કોઈએ? ક્યાં? પછી વાડ હશે? પછી વેલો હશે? અસંખ્ય યોજન, અનંત યોજન, અનંત યોજન, અનંત ક્રોડાક્રોડી યોજન આમ ચારે બાજુ આમ ક્યાંક-ક્યાંક-ક્યાંક જઈને પછી શું હશે ત્યાં? એ ક્ષેત્ર અમાપ જેને પાછળ કોઈ ખાડ નથી, વાડ નથી, વેલો નથી, કોઈ ભીંત નથી. છે એવું આકાશ જેમ સર્વવ્યાપક અણકરાયેલું એની ઉપમા ભાઈ આપી. એમ ભગવાન આત્મા આનંદનો કંદ અણકરાયેલી ચીજ અનાદિ અનંત છે.

'**ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...**' એ ચૈતન્યના અમૃતનું પૂર. એ ચૈતન્યઅમૃતનું પૂર છે અંદર આત્મા. આહા..હા..! ગાણા તે પણ કેટલા છે! તારા ગાણા વાણીએ પાર ન પડે એટલા છે. '**જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે-**' એ સમજુ હોય એને એ ગમ્ય થાય એવું છે. વિચારવંત, જ્ઞાનમાં સમજણમાં લેવાવંતને એ ગમ્ય છે, અજ્ઞાનીને તે ગમ્ય છે નહિ. લ્યો આ જ્ઞાનગમ્ય છે. વિચારવંત ડાહ્યા પુરુષોને આત્મા અનાદિ અનંત આનંદકંદ છે એ ગમ્ય થઈ શકે, અજ્ઞાનીને ગમ્ય થઈ શકે એવું નથી. '**એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...**' લ્યો છેલ્લું આ કાઢ્યું. એનું ફળ કાઢ્યું. બુદ્ધિ છેને. પાઠમાં તો બુદ્ધિ છેને. એવા આત્મા, આવો ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, અરે આત્મા! તું

એમાં કેમ રુચિ કેમ કરતો નથી? એમાં રુચિ તને શ્રદ્ધા, તેનો ભરોસો, તેનો વિશ્વાસ કેમ લાવતો નથી? '**અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?**' લ્યો મોહનલાલભાઈ! આ વિકાર જોવે એને ના પાડે છે. ડાંગ મારે છે ડાંગ. દુષ્કૃતરૂપ સંસાર એ પુણ્ય અને પાપ દુષ્કૃત છે એવા સંસારના સુખને અરે! જીવ! તું કેમ ઇચ્છે છે? તું કેમ ઇચ્છે છે? પ્રભુ! આ તને શું થયું છે?

... અખંડાનંદ પ્રભુની દૃષ્ટિ કરે, વિચારવંતને ગમ્ય થાય, અજ્ઞાનીને એ ગમતું નથી. એવા આત્માની રુચિ કેમ કરતો નથી? અને આ સંસારના સુખને જે સંસાર દુષ્કૃત-દુષ્કૃત. શુભ અને અશુભ આખો સંસાર દુષ્કૃત એવા સંસારના સુખને કેમ વાંછે છે? એમ કરીને જરી ઓલંભો મુનિએ જગતને આપ્યો છે. એટલે ભગવાન આત્મા પૂર્ણાનંદ અને ચૈતન્યઅમૃત છેને એની રુચિ કરને, બાપુ! એની રુચિ કરને. આ રુચિ છોડ એ વિના તને ધર્મ અને શાંતિ થશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગુરુવાર, તા. ૦૪-૦૫-૧૯૭૧, ગાથા-૪૧, કળશ-૫૫ થી ૫૭, પ્રવચન નં.૭૪૫

... કહેવામાં આવ્યો છે. પર્યાય નામ અવસ્થામાં શુભ, અશુભ અને શુદ્ધ થાય એ વાતનો અહીંયાં નિષેધ કરી,.. બીજી ચીજો તો નહિ. જેને આત્મશાંતિ અને ધર્મ પ્રાપ્ત કરવો છે એણે આ ભગવાન આત્મા બીજી ચીજો તો એમાં નથી પણ એની દશામાં, હાલતમાં જેમ સોનું તો સોનારૂપે કાયમ છે, છતાં એની અવસ્થાઓ જે કાંઈ કડા, કુંડળ આદિ થાય એ એક એક સમયની દશા એ ઊપજે છે અને વ્યય નામ નાશ થાય છે, છતાં સોનાપણું પીળાશ, ચીકાશ અને વજન એ કાયમ રહે છે; એમ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એની અંતર ચીજ ધ્રુવ કાયમ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એની અવસ્થામાં શુભ અને અશુભ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાની લાગણી એ અશુભ છે, દયા, દાન, વ્રત, તપ, જપની વિકલ્પની લાગણી એ શુભ છે એ ત્રિકાળ સ્વરૂપમાં નથી. તેમ તેની દશામાં એ અશુદ્ધરૂપ શુભ અને અશુભ એનો નાશ થઈને પવિત્રતાની પ્રગટ દશા થાય એ દશાનો અંશ એ ત્રિકાળમાં નથી.

જેનો આશ્રય લેવો છે, જેને દૃષ્ટિમાં, લક્ષમાં લેવું છે એવું જે શુદ્ધતત્ત્વ ચિદાનંદ ધ્રુવ ધ્રુવ નિત્ય પ્રભુ એ નિત્ય પ્રભુ એવો ત્રિકાળ સ્વભાવ એમાં એ અશુદ્ધ અને શુદ્ધ એકેય

ભાવ નથી. એવા અંતરના આત્માનો આશ્રય અને અવલંબન કરવાથી જીવને આત્માને ધર્મ નામ શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાય છે આમાં? એ ૪૦મી (ગાથા) કહેવાય ગઈ.

હવે અહીંયાં જરી આધાર આપે છે સમયસારની કળશટીકાનો. છેને માથે ૮૧ પાને. **'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

**''न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी**
**स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।**
**अनुभवतु तमेव द्योतमानं समन्तात्**
**जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।''**

એનો ઓલી કોર અર્થ. **'જગત...'** જગત એટલે? દેશને કાંઈ કહેતા નથી. જગતના રહેલા પ્રાણીઓને કહેવામાં આવે છે. કાઠિયાવાડી, આ હિન્દુસ્તાની એમ કહેને? એમ કહેવાય છે છતાં એમાં જીવને કહેવું છે. એમ જગતમાં રહેલા આત્માઓ, અસ્તિ નામ સત્તા સ્વભાવે હોવાપણે ત્રિકાળ એને કહે છે. હે આત્માઓ! **'જગત...'** એટલે જગતમાં રહેલા આત્માઓ. **'મોહરહિત થઈને...'** એટલે એ પર તરફના વલણમાં સાવધાનીપણું અનાદિનું મોહથી છે એ શુભ-અશુભભાવ અને સંયોગો એના તરફનું તારું વીર્યનું વલણ જે છે એ મિથ્યા વલણ છે. આહા..હા..! માટે, **'મોહરહિત થઈને...'** પર તરફની સાવધાનીને છોડી દઈને.

**'સર્વ તરફથી પ્રકાશમાન...'** ભગવાન જ્ઞાન ચૈતન્ય પ્રભુ સર્વ બાજુથી. વસ્તુએ પવિત્ર, ગુણે પવિત્ર, દશાએ પણ પ્રકાશમાન. એવા ચારે બાજુથી ચૈતન્યપ્રકાશ જ્ઞાનની જ્યોત સ્વરૂપ પ્રભુ **'એવા તે સમ્યક્ સ્વભાવને જ...'** ત્રિકાળી પવિત્ર આનંદમૂર્તિ પ્રભુ એવા **'સ્વભાવને જ અનુભવો...'** એવા સ્વભાવને જ અનુભવો અને આ પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે, એનો આશ્રય છોડો અને એનો અનુભવ ન કરો. બહુ ઝીણું. સમજાણું કાંઈ? સંભળાય છે કાને? સંભળાય છે આમાં? થોડું થોડું સંભળાતું હોય. કાન શું કરે?

કહે છે કે હે આત્માઓ! તમારે ધર્મ કરવો હોય. ધર્મ એટલે અતીન્દ્રિય શાંતિને પ્રાપ્ત થવું હોય, એટલે કે સુખી થવું હોય તો એ રસ્તો છે કે પર તરફની સાવધાની શુભભાવ હો કે અશુભ હો, સંયોગો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, સર્વજ્ઞ ભગવાનનું સમવસરણ હો કે નરકના નારકીનો પ્રતિકૂળ યોગ હો—એ બધા તરફનું વલણ લક્ષ અને ધ્યેય છોડીને સર્વ તરફથી ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ એના એક સ્વભાવનો જ અનુભવ કરો. એ અનુભવો અને એની અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ આવી જાય છે. બહુ ઝીણું પણ. અરે..! એણે પોતાની દયા ખાઈ નથી હોં દયા. અરે..! આ ચોર્યાસીના અવતારમાં ચારે કોર હડોહડ દુઃખી થઈ રહ્યો છે. એ ધર્મને નામે પણ રાગના ભાવ ઉત્પન્ન કરીને દુઃખી થઈ રહ્યો છે.

એકવાર હે આત્માઓ! એ ભગવાન પ્રકાશમૂર્તિ ધ્રુવ છે એની દૃષ્ટિ કરીને એનું અવલંબન કરો, એનો અનુભવ કરો. પુણ્ય અને પાપના વિકલ્પ અને સંયોગનું લક્ષ અને ધ્યેયપણું છોડી દ્યો. '**કે જેમાં...**' જે ચૈતન્ય ધ્રુવ ચૈતન્ય પ્રભુ જ્ઞાન ચૈતન્ય આનંદસ્વરૂપનો પ્રભુ એના સામર્થ્યવાળું તત્ત્વ એમાં બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો એટલે? એ કર્મનું સંબંધપણું એવો બંધ, રાગનું સંબંધપણું એવો બંધ એવું તારા મૂળ સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? અનંત સંસારની દશાનો રાગ અને અનંતકાળથી એ રાગને સેવતો આવે છે દુઃખરૂપે. અને અનંતકાળનો આનંદ કે જે આનંદ પ્રગટ્યો એ પ્રગટ્યો અતીન્દ્રિય. ભવિષ્યના કોઈપણ સમયમાં એ આનંદનો વિરહ અને વિયોગ ન થાય એવી પરમ આનંદદશારૂપી મોક્ષ એના પ્રાપ્ત કરવા માટે કહે છે પ્રભુ! તું તારી અંતર પ્રભુતા ઉપર નજર નાખ. કહો, નવરંગભાઈ! આ શરીર, વાણી આ તો જડ, માટી છે, કર્મ ધૂળ છે. આ હિંસા, જૂઠા, ચોરીના પરિણામ પાપ છે, આ વ્રત અને અવ્રત દયા, દાનના પરિણામ પણ પુણ્ય અને વિકાર છે. એનું લક્ષ છોડી દે, એને ધ્યેય બનાવવું મૂકી દે અને તારી પરમાનંદની શક્તિરૂપ આત્મા એને ધ્યેય કરીને અનુભવ.

'**કે જેમાં...**' જુઓ, આ ધર્મ. '**આ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો ઉત્પન્ન થઈને સ્પષ્ટપણે...**' પાણીમાં તેલ જેમ ઉપર તરે છે, એમ ચૈતન્ય ભગવાન આનંદમૂર્તિમાં એ પુણ્ય અને પાપના રાગ ઉપર તરે છે, અંદર પ્રવેશ પામતા નથી. ભારે વાતું પણ આ. એ સ્પષ્ટપણે, પ્રત્યક્ષપણે એમ. '**ઉપર તરતા હોવા છતાં ખરેખર સ્થિતિ પામતા નથી.**' એ ચૈતન્ય જ્ઞાનાનંદ ધ્રુવ નિત્ય પ્રભુ આત્મા એમાં એ વિકારી ભાવ અંદર પ્રવેશ થતો નથી. એવા નિત્યાનંદ પ્રભુનો અનુભવ કર એ ધર્મ છે અને એ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? બહુ પણ આ તો. આ બહારનું કરીને કાંઈ થાય એવો કોઈ ઉપાય હશે? કેમ ભગવાનભાઈ! અહીં તો કહે છે કે બાહ્યનું શું પ્રભુ? આ જડ આદિના તો પર્યાયો, અવસ્થાઓ, હાલતો એને કારણે થાય એમાં તારે શું? તારામાં અપરાધરૂપ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ મલિન અને અશુદ્ધ છે. એ અશુદ્ધ તો પોતે વિકાર અને ઉપાધિ છે, એ કાંઈ ધર્મ નથી. ત્રિકાળ ચૈતન્યના આનંદનું અવલંબન લઈને જે નિર્મળદશાનો અંશ પ્રગટ્યો એને ધર્મ અને એને શાંતિ અને એને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ?

એ '**ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :—**' મૂળ શ્લોકો કુંદકુંદાચાર્ય(ના કે જેઓ) દિગંબર સંત જંગલવાસી આત્મધ્યાની આનંદકંદમાં ઝૂલતા હતા. એમની આ ટીકાકાર એક પદ્મપ્રભમલધારી સંત મુનિ થઈ ગયા, ભાવલિંગી સંત. આત્માના આનંદને, રાગની એકતાનો કપાટ તોડી નાખી અને ચૈતન્યના આનંદને ખોલ્યો છે અંદરથી. એવા આનંદની અનુભવદશામાં રમતા પદ્મપ્રભમલધારીદેવ જરી આ શ્લોકની બે આ ૪૦મી ગાથા જે એના બે શ્લોક કરે છે.

नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।
विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्।।५६।।

એ શ્લોક છે. 'જે **નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...'** આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? નિત્ય, શુદ્ધ, તદ્દન પવિત્ર, ચિદાનંદ અને જ્ઞાનાનંદ. ચિદ્ એટલે જ્ઞાન. જ્ઞાનાનંદરૂપી સંપદા. અરે આ સંપદા! આ ધૂળની સંપદા તો કહે છે, ભોગીભાઈ! આ બધા તમારે પૈસાવાળાને કહે છેને? પૈસા મળ્યા ને ધૂળ મળી એમ વાતું કરે છે. ધૂળ મળી એમ ન કહે, પૈસા મળ્યા એમ કહે. કહે છે, બાપુ! એ સંપદા તો જડની છે. તારી સંપદા તારા ત્રિકાળ તત્ત્વમાં ચિદાનંદરૂપી સંપદા જ્ઞાન અને આનંદનો અતીન્દ્રિય રસરૂપી આત્મસ્વભાવ એની ઉત્કૃષ્ટ એ આત્મા ખાણ છે. એ ખાણમાં એકાગ્ર થાય તો નીકળશે. ખાણ શું કરવા કીધું છે આ?

સોનાની ખાણ અને લોઢાની એક સાથે બે ખાણ હોય. જેને સોનું જોતું હોય એ સોનાની ખાણ ખોદે. ખોદે કહે છે? શું કહે છે? નિકાલે. લોઢું જોતું હોય એ લોઢું કાઢે. એમ તારે જો આત્માની શાંતિ અને ધર્મ જોયતો હોય તો એ નિત્ય ચિદાનંદ સંપદાની ઉત્કૃષ્ટ ખાણ એ આત્મા એને ખોદ અને એમાં એકાગ્ર થા. અને પુણ્ય અને પાપની ખાણ લોઢાની ખાણ છે—બંધનની ખાણ છે. સમજાય છે કાંઈ? એક સ્થાનમાં બે પ્રકાર રહ્યા છે. હવે તારી જ્યાં નજર પડે તે નીકળશે. પુણ્ય અને પાપના ભાવ એના ઉપર જો નજરનું હયાતીપણું સ્થાપીશ (તો) વિકાર ઉત્પન્ન થઈને દુઃખી થઈશ. એ વિકારરહિત નિજસંપદાથી ઉત્કૃષ્ટ થયેલી આત્મખાણ એમાં જો નજર નાખ, એમાં દૃષ્ટિ દે, એને ધ્યેય બનાવ તો એ આત્મામાંથી શાંતિ મળશે.

'**જે વિપદાઓનું અત્યંતપણે અપદ છે...**' કેવું કીધું? સંપદાની ખાણ અને વિપદાનું અપદ એટલે અસ્થાન. એમ ભાષા ગુલાંટ મારે છેને. જે આત્મા અનંત-અનંત આનંદ અને જ્ઞાનની ખાણ છે. આ આત્મા પોતાનો આવડો મોટો? ભાઈ! પણ એવડો મોટો તું ન હો તો તારી દશામાં જ્યારે પૂર્ણ આનંદ પ્રગટશે ત્યારે ક્યાંથી આવશે એ બધું? એ કાંઈ બહારથી આવે એવું છે? એ નિત્ય સંપદા ચિદાનંદ પ્રભુ એ એકલો સંપદાનું સ્થાન અને વિપદાનું અસ્થાન. અપદ એટલે અસ્થાન. એ તો અપદ મૂક્યું છેને. જેમાં પુણ્ય અને પાપના વિકલ્પની આપદા જેમાં બિલકુલ નથી. દુનિયા આપદા તો પ્રતિકૂળતા પડે એને કહે અને ધૂળ ને લક્ષ્મી ને બંગલા પાંચ-પાંચ, દસ-દસ લાખના થયા હોય, પંખા ફરતા હોય માથે... સમજાણું? એને સંપદા કહે. વળી પંખા ઉપર નજર ગઈ. શું કહે છે આ?

અહીં કહે છે, પ્રભુ! તારી ચૈતન્ય સંપદામાં એટલી અનંત બેહદ આનંદની ખાણ પડી છે કે જેમાં આપદાની ગંધ નથી. પુણ્ય અને પાપના ભાવ તે આપદા છે. શરીરાદિ નહિ, એ તો પર સંયોગ ચીજ છે. શુભ અને અશુભભાવ તે આપદા છે, વિપત્તિ છે, ભગવાન આત્મા એનાથી રહિત ચિદાનંદની સંપદા સંપન્ન છે. '**(અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ**

**નથી)...'** આનંદ-આનંદ જ્યાં પડ્યો છે વિપદાની ગંધ ત્યાં નથી. **'એવા આ જ પદને હું અનુભવું છું.'** મુનિ પોતે પોતાની વાત કરે છે એવો મારો આનંદ પ્રભુ આત્મા એને જ **'આ જ પદને...'** જેમાં આનંદપદ છે અને જેમાં પુણ્ય-પાપનું પદ નામ અપદ જે કહેવાય તે તેમાં નથી. એને આ પદને હું. લ્યો આ ખબર પડતી હશે? માણસ કહે કોણ જાણે આવી ધર્મની ખબર પડે કે નહિ? ધર્મ સમજાય કે નહિ? સમકિત સૂક્ષ્મ છે ને ફલાણું છે. એવી મૂકે છેને. કહે છે, પ્રભુ! તારી દશા ફરે અને તને ખબર ન પડે એમ હોઈ શકે નહિ. હું આ જ પદને અનુભવું છું. મારું પદ નિજાનંદ સહજાનંદ મૂર્તિ આત્મા જેમાં સ્વભાવિક અતીન્દ્રિય રસના કણિયા આખી પૂર્ણ વસ્તુ એક કણના દશાને અનુભવતા આખી ચીજ આનંદ અને જ્ઞાનથી ભરેલી (છે) એમ તેના પ્રતીત અને અનુભવમાં આવે છે. આ કઈ જાતની ધર્મ ક્રિયા? બહારથી તો ભાઈ આ કરો... આ કરો... આ કરો... નથી આવતું?

દેવચંદજીએ કહ્યુંને, એ કહ્યું છેને? ભગવાનની સ્તુતિ કરતા નથી કહ્યું? 'દ્રવ્યક્રિયારૂપી જીવડા ભાવધર્મ રુચિ હીન, ઉપદેશક પણ એહવા રે, શું કરે જીવ નવીન રે ચંદ્રાનન જું સાંભળીએ અરદાસ.' હે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા! આપે કહેલો ધર્મનો માર્ગ જગતના જીવો પુણ્ય અને પાપની ક્રિયામાં ધર્મ માની જેમાં એકલો શુભભાવ ઉત્પન્ન થાય એવી દ્રવ્યક્રિયાની રુચિમાં પડ્યા. 'દ્રવ્યક્રિયારૂપી જીવડા અને ભાવધર્મ રુચિ હીન.' ભાવધર્મની રુચિથી હીન. અરે! રાગના દયા, દાન, વ્રત, તપના વિકલ્પની પાર એક ચૈતન્ય છે જેના અનુભવના એક અંશમાં આનંદમાં ઈન્દ્રના ઈન્દ્રાસન તુચ્છ લાગે એવો જે ધર્મ પ્રભુ જગતના પ્રાણીને રુચતો નથી. ભાવધર્મ રુચિ હીન. સમજાણું કાંઈ? કેમ? 'ઉપદેશ પણ તેહવા' જુકનારને જુકાવનાર એ જાતના મળ્યા. બેની ગાંઠ મળી ગઈ બરાબર.

દાખલો નથી આપણે આપતા? જરી સારો ન લાગે એવો છે. જેવો 'જહલો જોગી અને માલી મકવાણી' એવી વાતું આવે છે કે નહિ? એક જહલો જોગી હતો એને બાયડી મળતી નહોતી અને એક નાકકટી બાઈ હતી એને કોઈ રાખતું નહોતું. બેના થઈ ગયા ભેટા ધણી અને ધણીયાણી. એમ ભગવાન કહે છે, હે આત્મા! એક તો તને શુભભાવની રુચિની ગોઠણી હતી અને એમાં કહેનારા એ મળ્યા કે આ ક્રિયા કર તો તને ધર્મ થશે. 'રોતી હતી ને પિયરીયા મળ્યા.' સમજાણું કાંઈ? એક તો રોતી એમાં એનો બાપ કે ભાઈ દેખે (એટલે) મૂકે એ તો પોક સરખાઈની. એમ એક તો એને (શુભભાવની) રુચિ અનાદિ કાળની છે, ભગવાન આત્મા આનંદકંદ છે એની રુચિ છે નહિ અને એના રુચિમાંથી ધર્મ થાય એવું એણે સાંભળ્યું નથી. એણે સાંભળ્યું નથી, એને ગોઠ્યું નથી અને એને ગોઠવનારા મળ્યા છે. ગોઠવનારા મળ્યા. આવે છેને ભાઈ સમયસારની ૧૧મી ગાથામાં. એક તો જીવને અનાદિકાળના ભેદનો, રાગનો અભ્યાસ અને પ્રેમ છે. એક વાત. બીજો, માંહોમાંહે એ આચાર્યપણું પણ એ વાતનું કરી રહ્યા છે. ત્રીજી વાત જૈનશાસ્ત્રમાં સર્વજ્ઞના કથનમાં એને નિમિત્ત જાણીને

ઘણા કથનો વ્યવહારના આવ્યા છે. પણ એ ત્રણેનું ફળ સંસાર છે. આવ્યું છે? સમયસાર ૧૧મી ગાથા. પણ અહીં વળી કેટલાક અજાણ્યા હોયને. સમજાણું કાંઈ? રતિભાઈ! કો'ક દિ' ત્યાં અડધો કલાક આવે ત્યાં વચમાંથી મળે એટલે. રાજકોટથી ભાવનગર અને ભાવનગરથી રાજકોટ. ક્હે છે... સમજાણું કાંઈ?

જુઓ, ૧૧મી ગાથામાં છે. એ પોતે જયચંદ્ર પંડિત હતાને. જગતના જીવોને ભેદરૂપ વ્યવહારનો પક્ષ. એ રાગનો, પુણ્યનો, ક્રિયાનો, દયા, દાન, વ્રત, તપની ક્રિયાનો પક્ષ તો અનાદિ કાળથી છે. એનાથી ધર્મ થશે એવી માન્યતા જીવોની અનાદિની છે. અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે, પરસ્પર કરે છે. ઓલો કરે તો કહે હા, ઓલો કહે કે હા. વાત આ બરાબર છે. કાંઈ વ્યવહાર વિના પાધરા ઉપર જવાતા હશે? નિસરણીમાં પગથિયા હોય. અરે! સાંભળને હવે. એ રાગનું પગથિયું અને આત્માના ધર્મના પગથિયા બેય જુદી જાતના છે.

અહીં કહે છે, વળી વીતરાગ વાણીમાં '**વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે, પણ એનું ફળ સંસાર જ છે.**' ભગવાન આત્મા પરથી તદ્દન નિરાળો એવા શુદ્ધ સ્વભાવની રુચિ પ્રભુ કરતા નથી. ઉપદેશક એવી જાતની યુક્તિ અને લડાવે એ વાતને, રાજી-રાજી થઈ જાય કે આહા..હા..! અરે! પ્રભુ! તારા ઘરની પ્રવેશ કરવાની વિધિની રીત એ નથી. એ શુભાશુભ પરિણામ થાય તે બધા આપદા છે. એનાથી પુણ્ય-પાપ બંધાય. એક શુભભાવ થયો, પુણ્યબંધન થયું રજકણનું. મરવા ટાણે તારો એ ભાવ તો છે નહિ, શુભ પણ નથી અત્યારે અને બંધન થયા રજકણના એ શું તને મદદ કરશે? હવે નવો ભાવ તું શુભ કર તોપણ એનું પુણ્ય બંધાશે અને એ પુણ્યબંધન તો જડની દશા થઈ. એ તો ભવિષ્યમાં સંયોગની પ્રાપ્તિમાં નિમિત્ત થશે. તને શાંતિનું કારણ કોણ? સમજાય છે કાંઈ?

વિકલ્પ ઉઠ્યો કોઈ શુભનો, દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિનો રાગ. એ તો રાગ છે. બેકાર છે આત્માના ધર્મને માટે. એવા રાગથી તું ધર્મ કરવા માગ તો એનું ફળ તો બંધનરૂપી પરમાણુ પડ્યા. હવે એ પરમાણુ કાંઈ તને શુભભાવ પણ હવે કરાવે એવું નથી. હવે એવું નથી. હવે વળી નવો શુભભાવ કર તો નવા બંધન પડશે. એ પણ શુભભાવ નવું કરાવે એવું નથી. ત્યારે હવે કરવું છે શું તારે? સમજાણું કાંઈ? એ રજકણો પડશે એ તો ભવિષ્યમાં સંયોગો આપશે. તારા ધર્મ આત્માને માટે શું? વાત તો જરી અલૌકિક વાત હોય એ તો જરી કઠણ જ લાગને માણસને. ગળે ઉતરવી કઠણ પડે. છે તો એના ઘરની સરળ અને સીધી. સત્ સરળ છે, સીધું છે, સમીપ છે, પરિપૂર્ણ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે, પણ એની મહિમા કર્યા વિના એને બહારના કોઈપણ આશ્રયથી ધર્મ થાય એવી માન્યતા અનાદિની અને માન્યતા કરાવનારા મળ્યા, 'શું કરે જીવ નવીન?' એ અનંતકાળના પ્રવાહમાં

જે કર્યું એનાથી બીજું એ ક્યાંથી કરે? કારણ કે એને મળ્યું એ, એ મળ્યામાં રાચીને પડ્યો છે.

અહીંયાં ભગવાન મુનિ કહે છે કે એ આત્માને હું એ પુણ્ય-પાપની વૃત્તિઓ જે પર તરફનો જુકાવ એને છોડીને, એનો આશ્રય છોડીને હું આત્માના, શુદ્ધ આત્માના આનંદને અનુભવું એ મારું ચારિત્ર છે. એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ રાગની ક્રિયા, પંચમહાવ્રતનો વિકલ્પ મુનિને ઉઠે એ પણ ચારિત્ર નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

હવે બીજો શ્લોક એનાને એના ગાથાનો. ૫૭મો.

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।
भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः।।५७।।

અરે! '**(અશુભ તેમ જ શુભ)**...' જે ભાવ એવા જે કર્મો એ વિષવૃક્ષ. એ તો ઝેરના વૃક્ષ છે. અરે.. અરે..! ભારે વાતું. એ શુભ-અશુભ ભાવ એ પણ ઝેરના ફળ છે અને એનું બંધન પડે પરમાણુ જડ એ ઝેરના ફળ છે. અમૃતની વેલડી પ્રભુ એ અમૃતની આખી નાળિયેરી આત્મા પૂર્ણાનંદ. જેમ સાકરનું જેમ શ્રીફળ બનાવે. આ શ્રીફળ નથી બનાવતા? સાકરનું બનાવ્યું હોઈ કોઈએ. આ સાકરની પુતળી નથી બનાવતા? આ કંદોઈ લોકો બીબા નાખે છેને આમ લાકડાના અને પછી પૂરે અંદર સાકર. બીબુ કાઢી નાખો તો એકલી સાકરની મૂર્તિ છે. એમ ભગવાન આત્મા આ શરીર, વાણીના બીબા, લાકડા-હાડકાની દૃષ્ટિ છોડી દયો અને અંદર પુણ્ય-પાપના મેલની દૃષ્ટિ છોડી દ્યો, એકલો અતીન્દ્રિય આનંદની મૂર્તિ દેહમાં બિરાજમાન પ્રભુ આત્મા છે. આહા..હા..! પણ ઓલું બિબુ કાઢી નાખે તો છૂટું પડે. એમ આ બીબાની દૃષ્ટિ કાઢી નાખવી જોઈએ. શરીર, વાણી, મનમાં હું નહિ અને પુણ્ય-પાપનો મેલ. એ સારું કરેને? સાકરનું બુરુ કરે છે ત્યારે દૂધમાં નાખીને ધોઈ નથી નાખતા? પછી એને બુરુ કહે છે. છે તો સારું પણ લોકો એને (બુરુ કહે છે). એમ આત્મામાં એ પુણ્ય અને પાપનો મેલ એનાથી હું રહિત, એ મેલ તો ઝેરનું ઝાડ છે. મારો આત્મા અમૃત છે. એ અમૃતની ઊલટી અવસ્થા એનું નામ વિકાર અને એ ઝેર છે. ભારે આકરું! ઓલી પુણ્યને જરી વિષ્ટા કહી ત્યાં આકરું પડી જાય છે માણસને. અહીં તો ઝેર કહ્યું.

ભગવાન! તારી સંપદાની વાત છે, પ્રભુ! એ તારા તાળા ખોલવાની વાત છે. તાળા એવા માર્યા છેને કે એ કુંચી વિના ખૂલે નહિ અને ખુલ્યા વિના નજરે પડે નહિ. એ શુભ અને અશુભભાવની લાગણી અને એક કોર અમૃત પ્રભુ ચૈતન્યમૂર્તિ, બે વચ્ચેની એકતાબુદ્ધિનું એવું તાળું માર્યું (કે) અમૃત ખુલતું નથી. એ તાળાને તોડ એકવાર. ઝેર છે શુભ અને અશુભભાવ એનું ફળ કર્મ ઝેર છે. એકવાર ઉછાળો તો માર, એકવાર કુતુહલ તો કર એમ આવે છેને ભાઈ સમયસારમાં. કુતુહલ તો કર. આવા આવા ગાણા ગવાય તે કોણ હશે? એ તે આત્મા

શું છે? એમ શ્રદ્ધાની સરાણે ચડાવીને એ ભગવાન આત્મામાં નજર તો નાખ. ભગવાન આત્મા એ શુભ-અશુભ કર્મરૂપી વિષવૃક્ષ, એ ઝેરના ઝાડ. રાડ નાખી જાય કે નહિ? આમ પુણ્યની મીઠાશ જેને છેને આમ. પુણ્યના ફળની મીઠાશ છે એને પુણ્યની મીઠાશ છે અને પુણ્યની મીઠાશ છે એના ફળની મીઠાશ એને હોય જ! જેને શુભભાવરૂપી પુણ્ય એની જેને રુચિ, એના ફળરૂપે બંધન, એના ફળરૂપે આ ધૂળની સામગ્રીની યોગ્યતા. પાંચ-પચ્ચીસ લાખ મળે, મોટા બંગલા અને પવન ફરે, ચાર ગતિના ચરખા ફરે માથે. આ તો આ બીજા. ઓલા નથી? શું કહેવાય પંખા? ત્રણવાળા પંખા હોય છેને ત્રણ પાંખડીવાળા. ખુરશી ઉપર બેઠો હોય અને.. શું છે? ક્યાં ભૂલે છો ખબર છે તને? એ ઝેરની વેલડીને તોડતો ઊભો છો તું. અમૃતસ્વરૂપ ભગવાન અંદર એની મજા અને એનો સ્વાદ શું તેની તને શ્રદ્ધા પણ નથી.

કહે છે કે '**વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ...**' દેખો! પોતાનું સ્વરૂપ અમૃત ચિદાનંદ અમૃત છે એવું નિજરૂપથી વિલક્ષણ. પુણ્ય અને પાપ તેના લક્ષણ આત્માના લક્ષણથી જુદું લક્ષણ. ઓલો બંધનો ભાવ, આ અબંધસ્વરૂપી ભગવાન. '**એવાં ફળોને છોડીને...**' અરે! નિજરૂપથી વિલક્ષણ એવા જડના ફળને છોડીને '**જે જીવ...**' જુઓ, '**હમણાં...**' વાયદો નહિ. '**अधुना**' શબ્દ છેને, ભાઈ! '**भुंक्तेऽधुना**' ત્રીજી લીટીમાં છે. '**अधुना**' એ વાયદા વાફળ હોય તે કરે. વાફળ હોય એ વાયદા કરે એમ અહીંયાં કહે છે. અરે! એકવાર તો આમ ઉછળ. ભાઈ! પાછળ પણ કહે છેને પ્રવચનસારમાં. બે-ત્રણ શ્લોકમાં નથી? 'આજે જ અનુભવો' છેલ્લું એમ કહે છે. 'આજે જ અનુભવો' એવા અમૃતચંદ્રાચાર્ય (કહે છે), 'અરે! એકવાર તો તું આજે જ હા પાડ.' પ્રવચનસારમાં આવે છે ઈ. મૂળ શ્લોકો છેને છેલ્લા, પ્રવચનસાર. સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો અવ્યાકુળપણે નાચો. આજે-આજે, કાલે નહિ કહે છે. અરે! ક્યારે થાશે? અરે! પણ ક્યારે (શું) તું આખો પડ્યો છોને. અમૃતચંદ્રાચાર્ય મહારાજ જગતને પોકાર કરીને એ રણશિંગા વગાડીને ઉઠાડે છે એને. એલા રણે ચડ્યા હવે રજપુત પાછી પૂંછ ન આપે. એમ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ એની દૃષ્ટિએ ચડ્યો એ પાછો ફરે નહિ. સમજાણું કાંઈ?

આજે જનો અવ્યાકુળપણે નાચો. હજી એક શબ્દ એ છે. 'કારણ કે આ લોકમાં બીજું કાંઈ નથી. ચૈતન્ય જ એક ઉત્તમ છે, માટે આત્મા આજે જ અત્યંત અનુભવો.' આજે અત્યંત અનુભવો. બે શ્લોક છે પ્રવચનસારના છેલ્લા. અમને એ રુચે છે, પણ હમણાં કરી શકશું નહિ. તો અત્યારે રુચ્યું છે કે ભવિષ્યમાં રુચશે? જો રુચ્યું છે તો પછી અત્યારે જ કરવાનું રહ્યું એને. એ હમણાં તો .. બહુ સાંભળ્યું. વેશમાં રહેલ, સાંભળ્યું ઘણા દિ'. ૧૮ દિ' સાંભળ્યું. પણ વેશમાં રહેલ સાધુ હવે કરવું શું? ૧૮ દિ' સાંભળીને પછી છેલ્લે કહે વાત તો સાચી લાગે છે પણ આ ભવ માટે નહિ, પરભવ માટે લાગે છે આ. કારણ કે

આ ભવમાં તો હવે જ્યાં સલવાણા ત્યાંથી નીકળાય એવું નથી. સાંગો કહે સલવાણા કાંઈક ચડ્યા કંઈક પાળા. જેલમાં ઊંટ ઊભો હોય અને એક માણસ નાખ્યો હોય જેલમાં. એક ઊંટ ઉપર બેઠો હોય અને એક નીચે. બધા તાળા મારેલા છે જેલના. એમ 'સૌ સાધન બંધન થયા રહ્યો ન કોઈ ઉપાય, સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય.' શ્રીમદ્દ્ પોકાર તો ઘણી જાતના કર્યા છે. સમજાય છે કાંઈ? 'સૌ સાધન બંધન થયા...' બિચારા ત્યાગી થયા. હવે સલવાણા. સાચું સાંભળવું હોય તો કહે ... હોય નહિ. હાય! હાય! હવે? મારી નાખે. રોટલા નહિ આપે આ.

એક જણો કહે, પણ ઘણો ભાવ થાય છે પણ મહારાજ અહીંયાં કાંઈ રોટલા-બોટલાનું? કીધું, ઈ વાત અહીં નથી. અહીંયાં રામજીભાઈ પાસે નથી કે આપી દે બધાને. નહિતર તો અહીં ઘણા ભેગા થાય એવા છે. એની પાસે પૈસા નથી ત્યાં કીધું. વાત તો સાચી છે, વસ્તુ પ્રભુ આત્મા છે, એના શરણમાં જા, દુનિયાની પરવાહ છોડી દે. લૌકિક લાજું એકવાર મૂકવી પડશે. સમજાણું કાંઈ?

એ નરસિંહ મહેતાનું કહ્યું હતું ભાઈ એકવાર, નહિ? ત્યાં હતું. બધા આવેલા. પરિવર્તન કરવું એ લોકો આવ્યા બધા મકનભાઈના કાકા ને બાકા. કીધું જુઓ ભાઈ! 'અનેક જુગ વીત્યા રે એને પંથે ચાલતા રે જી. એ નાવ્યો નાવ્યો પંથડા કેરો રે પાર, લોકરીયાની લાજે રે માન્યું અમે એ તાણ્યા ઘુંઘટા.' 'એ લોકરીયાની લાજે રે બાયું રે અમે તાણ્યા ઘુંઘટા, પણ નાવ્યો નાવ્યો પંથડા કેરો એ પાર. અનેક જુગ વીત્યા રે એને પંથે ચાલતા જી.' એ શુભ-અશુભની ક્રિયામાં ધર્મ એવા માનનાર અને મનાવનારમાં અનંત કાળના પંથે વીત્યો, પણ આત્માનો ક્યાંય પાર આવ્યો નહિ. એ લોકની લાજ તો એકવાર છોડવી પડશે.

બનારસીદાસે ભાઈ કહ્યું છે કે જગતના જસ એ તો નાકની લીંટ છે. નાકની લીટ આમ કાઢતા ફૂ કરતા જેમ બહાર નીકળી જાય, સામું ન જોવે. જગત-જગત સમજે એ એને ઘરે રહ્યું. એ સારા કહે કે નરસા કહે એને તારે કાંઈ ઘરેણે મૂકાય એવું નથી. દુનિયા સારા કહે તેથી ઘરણે મૂકાય એવું છે નહિ અને નરસા કહે તો કાંઈ દુર્ગતિ થાય એવી છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, અરે! આત્મા. એ હમણાં જ આ કર એમ કહે છે અહીં તો. ઓહો..હો..! એકવાર તું લજ્જા છોડ જગતની અને દુનિયાની પરવાહ મૂકી દે! શું કરીએ? '...' જે કુળમાં જન્મ્યા અને જેના સંગમાં રહ્યા. '...' આ મારા અને હું એના આવી વાડમાં અમે નીકળી શકતા નથી. વાત તો સારી લાગે છે કાંઈક નવી લાગે છે અને આ સિવાય આરો નથી, પણ એને લોકડિયાનું લાજું (આડી આવે છે). તમે પહેલું આમ કહેતા હતાને? ભાઈ! હવે ખોટા હતા સાંભળને એ વખતે. એય..! મોહનલાલભાઈ! પહેલાં આમ કહેતાને પણ તમે બધા અમને ઈ તમે કહ્યું હતુંને? પણ એ વાતું ખોટી હતી સાંભળને. સમજાણું કાંઈ? આ

સત્ય વાત પ્રભુ આત્મા જ્ઞાનાનંદથી ભરેલું તત્ત્વ, કહે છે કે પુણ્ય-પાપની ક્રિયા અને દેહાદિની ક્રિયાની રુચિ છોડ. એ રુચિ છોડતાં દુનિયાની શરમ છોડવી પડે તો છોડ, નાકની લીટની પેઠે છોડ. સમજાણું કાંઈ? આમ છંટકારતા નથી નાકને? આમ કરીને નાખે. સામું જોતા હશે પછી? એમ દુનિયાની લાજું તને કાંઈ સુગતિ આપે એવી નથી. કહે છે, હમણાં જ એ છોડ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...** ' જુઓ, આત્મા કેવો કીધો? સહજચૈતન્યમય. એ તો સ્વભાવિક જ્ઞાન અને આનંદમય છે પ્રભુ! એની દૃષ્ટિ કર અને અનુભવ આજે જ કર. '**તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે—**' એવો જીવ અલ્પકાળમાં પરમાનંદ દશામાં સંસારના કિનારાને પામી પૂર્ણાનંદની દશાને અનુભવે છે. '**એમાં શો સંશય છે?**' એમાં સંશયને સ્થાન શું છે? અંતરની શાંતિ ને આનંદની ખાણ ઉછળતી હોય જ્યાં દૃષ્ટિમાં, એવી દૃષ્ટિ કર અને અનુભવ કર, મુક્તિ થશે કે કેમ? સંશયને સ્થાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્દે કહ્યુંને, 'લઘુવયથી અદ્‌ભૂત થયો તત્ત્વજ્ઞાનનો બોધ, એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?' સમજાય છે કાંઈ? અલ્પકાળમાં જેના સંસ્કાર સ્ફૂર્યા અને આત્મા આનંદની ખાણ એમ ભાન થયું. હવે 'ક્યાંથી આવ્યો?' કોને પૂછવું છે? અને 'ક્યાં જઈશ?' કોને પૂછવું છે હવે? તારા સંગમાંથી આવ્યા છીએ અને એ સંગ છૂટીને મોક્ષ જશું એમાં સંશય છે નહિ. સમજાણું કાંઈ? એમ એકવાર ઉલ્લસીને વીર્યનો ઉપાડ કર. લાખ વાતની વાત એક ઉરમાં નિશ્ચય ધાર. આવે છે કે નહિ? પણ આ ઘણા આમ કહે છેને. એ ઝાઝા કહે. કીડીના નગરામાં કીડીયું બહુ હોય એ કાંઈ માણસ ન થઈ જાય. લોટ નાખવા જાય કીડીને અને ઝાઝી કીડીયું હોય એટલે માણસ થઈ જતી હશે? એમ ઝાઝા કહેનારા આવા છેને પણ, એમાં કાંઈક હશે કે નહિ તર્કશુદ્ધતા? હવે એ તારે વિચારવી રહી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પુણ્ય-પાપના ઝેરને જાણતો, અમૃતનો ખજાનો ખોલતો એકવાર અનુભવ અને દૃષ્ટિ તો કર, અરે! શ્રદ્ધા તો લાવ અને જ્ઞાનના જ્ઞેયમાં 'આ જ તત્ત્વ છે, એ જ કરવા જેવું છે' એમ નિર્ણયની ભૂમિકાને દૃઢ કર. સમજાણું કાંઈ? '**એમાં શો સંશય છે?**' એને મુક્તિ થશે કે નહિ? ભગવાનના જ્ઞાનમાં ભાળ્યું હશે કે નહિ? ભાળ્યું છે ભગવાને કે અલ્પકાળમાં તારી મુક્તિ થશે. તારામાં થશે તેવું ભાળ્યું અને ભાળ્યું એવું ત્યાં થશે, એમાં સંશય ધર્માત્માને હોતો નથી. એવું જાણી ગયા? એક તો 'અનુભવું છું' એમ કીધું વર્તમાનનું અને અલ્પકાળમાં મુક્તિ પામે એમાં સંશય શો? બે વાત કહી દીધી, ભાઈ! શાશ્વતપણું પ્રગટ્યું અનુભવની સમ્યગ્દર્શન દશા એ જાતે અનુભવાય છે અને તેની પૂર્ણ દશા અલ્પકાળમાં થશે એમાં સંશયને સ્થાન નથી. કહો, સમજાણું કાંઈ?

૪૧ ગાથા.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।४१।।**
**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં,**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

એ જીવમાં એ ચૈતન્યઘન ધ્રુવ એકરૂપ નિત્યપ્રભુ જે દૃષ્ટિનો વિષય, જે જ્ઞાનને જ્ઞેય કરવાનું સ્વરૂપ, એવો પરમસ્વભાવભાવ ત્રિકાળ આત્મા ધ્રુવ. એમાં આ ચાર પ્રકારની પર્યાયોનો અભાવ છે. આહા..હા..! થઈ રહ્યું. પ્રકાર ચાર હોય છે પર્યાયના. પર્યાય એટલે અવસ્થા. એક વિકારી અવસ્થા અને એક નિર્વિકારીની ત્રણ પ્રકારની દશાઓ. એ દશાઓ છે, હાલતો છે. સમજાય છે? એ હાલતની સ્થિતિ પર્યાયની એક સમયની છે. ભલે એવી ને એવી સ્થિતિ રહ્યા કરે, તોપણ એનો કાળ મુદ્દત તો (એક સમય છે). ક્ષાયિકભાવ સિદ્ધને થાય કે નીચે ક્ષાયિક સમકિત થાય, 'શુદ્ધ અખંડાનંદ છું' એવી અનુભવમાં પ્રતીતિ નિર્વિકલ્પ કે જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે, એવી દશા અંદરમાં ક્ષાયિક સમકિત થાય એ પણ એક સમય પૂરતી એની સ્થિતિ છે. કેમકે એ દશા છે. અરે! કેવળજ્ઞાન પણ એક સમયની સ્થિતિવાળું હોઈ શકે છે. સાદિઅનંત રહે કેવળજ્ઞાન થઈને પ્રગટ્યું તે, એ તો સદૃશ્યપણાની એમ ને એમ રહેવાની અપેક્ષાએ છે, પણ પ્રગટેલી દશા એક સમય રહે, બીજે સમયે તો એનો વ્યય અભાવ થઈને બીજી દશા પ્રગટે.

એવા આત્મતત્ત્વ જે ત્રિકાળી એની અંદર '**આ ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.**' કેવા? વિશેષભાવ. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે હોં આ. બાહ્ય ચીજ તો એમાં નથી, પણ એની દશામાં અવસ્થા થાય, હાલત પર્યાય થાય એ પર્યાયનો અવસ્થાનો એક સમયનો કાળ છે, વસ્તુ ત્રિકાળ એમ ને એમ રહે છે. એવી ત્રિકાળ વસ્તુની અંદર આ દશાઓનો અભાવ છે. એવી ત્રિકાળી વસ્તુનું અસ્તિ જે સામાન્ય ત્રિકાળ ધ્રુવ છે એની દૃષ્ટિ કર્યા વિના તેને સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. સમજાણું કાંઈ?

ખૂબી શું છે? કે પર્યાય છે એમ સિદ્ધ કરતા જાય છે કે એની દશામાં આવું હોય છે. એવું નથી હોતું એમ ન માને એને તો વર્તમાન દશાની અસ્તિના હયાતીની ભૂલ છે, પણ એક સમયની જે હયાતી હાલત એને જેમ સર્વજ્ઞે કીધું એમ માને છતાં એ દૃષ્ટિ વર્તમાન વ્યવહારનયનો-પર્યાયનયનો વિષય છે એ આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ? વાત ભારે ભાઈ બીજી જાતની આમાં. સમજાણું? એ ચાર વિભાવ. ચાર ભાવ છે દશાના હોં દશાના ભાવ. એ દશાનું વર્ણન ચાલે છે. એ વિશેષભાવ એવા કર્મની જેમાં નિમિત્તની અપેક્ષા સદ્ભાવની અને જેમાં અભાવની અપેક્ષા રહે. છે પોતાને કારણે થયેલી દશા પણ જેમાં જે કાંઈ ભાવ છેને, ભાવ કર્યા હોય શુભાશુભભાવ એના નિમિત્ત પામી રજકણો કર્મ કર્મરૂપે થાય. તો

એ કર્મના હયાતીમાં થતો એક વિકાર અને એક કર્મના અભાવમાં પોતાથી થતો ઉપશમરસ-ઉપશમભાવ. પહેલો કર્મની હયાતીના લક્ષે થતો શુભ અને અશુભભાવ એને ઉદયભાવ કહે છે. છે ખરો, ત્રિકાળ તત્ત્વના આશ્રય કરવા માટે મદદગાર જરીએ નથી.

એમ બીજો ભાવ ઉપશમ. એટલે પાણીમાં મેલ હોય, મેલ ઠરે નીતરે પાણી નીતરે એવી એક પાણીની દશા. એમ આત્મામાં કર્મના રજકણોને ઠારે એવી એક દશા, દશા જેને ઉપશમ દશા, ઉપશમસમ્યક્ અને ઉપશમચારિત્ર કહેવામાં આવે છે. એ પણ એક સમયની દશા જ છે. ભલે અસંખ્ય સમય રહે, પણ એક સમયની સ્થિતિ છે, એ ત્રિકાળ તત્ત્વની અંદર નથી. આ ઉપશમભાવ પણ આશ્રય કરવાલાયક નથી. અને ક્ષયોપશમ ચોથો. કાંઈક નિર્મળતા અને કંઈક મલિનતાની દશામાં એમાં પણ કર્મના નિમિત્તની અપેક્ષા અને અભાવની અપેક્ષા રહે છે, માટે એવો ક્ષયોપશમભાવ જ્ઞાન, દર્શન વગેરે એ પણ એક સમયની સ્થિતિવાળું તત્ત્વ એ ત્રિકાળ ચૈતન્ય ભગવાન જેની ખાણમાં પૂર્ણતા પડી છે એની અંદર આ દશા નથી.

ચોથો રહ્યો ક્ષાયિક. આ ચારની વ્યાખ્યા ચાલે છે. ક્ષાયિક. જુઓ હવે નીચે કહે છે એ. **'કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.'** આત્માની દશામાં, આત્માની શુદ્ધતાના અવલંબે ત્રિકાળ શુદ્ધભાવ જે આ કહે છે તે. ત્રિકાળ ધ્રુવને અવલંબે પૂર્ણ શુદ્ધતાની દશા પ્રગટે તેમાં કર્મના ક્ષયની નિમિત્તની અપેક્ષા આવે છે. નીચે છે જુઓ, **'કર્મના ક્ષયે જે...'** કર્મોના ક્ષયના સદ્ભાવમાં વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. ભાવ પ્રગટ થાય છે પોતાની દશામાં, પોતાને કારણે, પણ તેમાં કર્મના નિમિત્તનું ક્ષયપણું થાય છે. એટલી અપેક્ષા એ વર્તમાન દશાને હોય છે. એ ત્રિકાળ તત્ત્વની અંદર એ દશા હોતી નથી. ભારે ઝીણી વાતું, ભાઈ! ક્ષાયિકભાવ. રાડ નાખે ...

એક જણો મોટો ભણેલો, સાધન આમ હજારો માણસને રંજન કરે પાંચ-પાંચ હજાર માણસને. આ શું કહે છે? ક્ષાયિકભાવ સ્થાન નહિ? સિદ્ધને પણ ક્ષાયિક છે. બાપુ! સાંભળ ભાઈ! સમજાણું? એમ કે સિદ્ધમાં એક ભાવ ત્રિકાળી અને એક ક્ષાયિક એવી દશા ત્યાં પરમાત્મદશામાં પણ છે, પણ એ દશા એક સમયની છે. એ ત્રિકાળ ચૈતન્યની અંદર પલટતું તત્ત્વ એ પર્યાયમાં ભલે હો, પણ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? હવે આ હજી તો ક્ષાયિકભાવ સમજવો કે એ ક્ષાયિક એટલે ત્રિકાળ પરમસ્વભાવ આત્માનો એમાં એટલી એકાગ્રતાની નિશ્ચળતા થાય કે જેની દશામાં કર્મનું બિલકુલ નિમિત્ત ન રહે એવી આત્માની દશાનો ભાવ તેને ક્ષાયિકની પર્યાય અને ભાવ કહેવામાં આવે છે. એ ક્ષાયિકભાવ આત્મામાં નથી. આત્મામાં એટલે?

બે પ્રકારના આત્મા. એક વ્યવહારિક પર્યાયનયનો આત્મા, એક નિશ્ચયનો ત્રિકાળી ધ્રુવ આત્મા. વળી આત્માના બે પ્રકાર. આ વળી કેવા? સમજાણું કાંઈ? અરે! એની દશા શું

છે એના અસ્તિની ખબર ન મળે અને જે અસ્તિ ક્ષણિક છે, ત્રિકાળ તત્ત્વની અંદર ક્ષણિકતા નથી એવું ચિદાનંદ મૂર્તિ આત્મા પરમસ્વભાવ એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. એને લક્ષે ધ્યેયે સમ્યગ્દર્શન થાય છે, બીજા લક્ષે થતું નથી. મોક્ષ પણ આત્માને કેવળજ્ઞાન એ પહેલી ચાર જ્ઞાનની દશા અને ક્ષાયિકસમકિત હોય એને આશ્રયે કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાન પણ ત્રિકાળ વસ્તુ જે પડી છે, જેમ પીપરને દાણે ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે એમાંથી ચોસઠ પહોરી આવે, એ ચોસઠ પહોરીને આશ્રયે ચોસઠ પહોરી દશાનો નથી, ત્રિકાળનો છે, કાયમના અસલ સ્વભાવનો છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**કર્મોના ક્ષયે જે ભાવ હોય તે ક્ષાયિકભાવ છે.**' દશા પર્યાયની વાત ચાલે છે. પછી એના ભેદ લેશે. '**કર્મોના ક્ષયોપશમે જે ભાવ હોય તે ક્ષાયોપશમિકભાવ છે.**' નિમિત્તપણાનો અભાવ થવાનો એનો કાળ અને અહીં કંઈ નિર્મળ અને અનિર્મળ એવી આત્માની દશા મતિ, શ્રુત, જ્ઞાન આદિ વગેરે તે પણ ત્રિકાળ તત્ત્વના પરમસ્વભાવમાં નથી. જેના ઉપર નજર કરવી છે, જેના ઉપર એકાગ્ર થવું છે, એવો એકરૂપ સ્વભાવમાં એકાગ્ર થવામાં આવા ક્ષયોપશમભાવનો પણ આશ્રય એને હોતો નથી. હજી તો અહીં રાડ નાખે કષાયની મંદતા હોય ને આ હોય ને આ હોય તો થાય. અરે! ભગવાન! ક્યાં તું અથડાણો? સલવાણો તે ક્યાં સલવાણો? હવે એને છૂટવાનું અંદર આવવાનું નક્કી થઈ ગયું કે આમાં નહિ આવી શકાય, એમ.

'**કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.**' એ વિકાર. એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ થાય એમાં કર્મના હયાતીનું નિમિત્ત છે. પોતે કરે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એવો ઉદયભાવ વિકાર વ્રત, તપનો વિકલ્પ ઉઠે તે ભગવાન ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. '**કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે.**' ઠરે. ઓલા પાણીની પેઠે કીધું હતું. કર્મને ઠારે પુરુષાર્થથી, પણ એ એક સમયની દશા છે એ ત્રિકાળમાં નથી. '**સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો, પરિણામે જે ભાવ...**' ચોથો. જેને કોઈ પ્રકારના કર્મના સદ્‌ભાવ અને અભાવની, નિમિત્તની, વ્યવહારની અપેક્ષા નથી. ત્રિકાળ એકલો પરમસ્વભાવ તેને પરિણામિક સહજસ્વરૂપ આત્મતત્ત્વ ભાવસ્વરૂપ કહેવામાં આવે છે. એ પરમપારિણામિક વસ્તુ સહજ છે, એનો આશ્રય લે, એનું અવલંબ લે તો ધર્મ થાય એવો છે. એ આ અસ્તિની વાત ચાલે છે. પરની નાસ્તિ તો નહિ, પણ આ પોતાની દશાની એમાં નાસ્તિ (છે). આહા..હા..! કહો, પ્રકાશચંદજી! કેમ પ્રકાશ પ્રગટે એમ કહે છે. આહા..હા..!

'**પરિણામે જે હોય...**' પરિણામ એટલે? સહજપણે જે હોય એમ. સ્વભાવિક વસ્તુ અનાદિ-અનંત ચૈતન્ય ધ્રુવ જેમાં સદ્‌ભાવ અને અભાવ એવી અપેક્ષા નથી એવો ત્રિકાળી ભાવ એને પારિણામિક સહજ સ્વભાવ ત્રિકાળી નિત્ય કહેવામાં આવે છે. '**એ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે,...**' એના પ્રકાર. '**ક્ષાયિકભાવના નવ ભેદ છે,**

**ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.' 'હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે :- ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.'** શું કહે છે જરી? પહેલું સમ્યગ્દર્શન આત્માના અનુભવમાં થાય તેને ઉપશમસમકિત થાય. ઉપશમ એટલે? એ જરી કર્મનો રસ ઠરે છે અને આત્મામાં અનુભવમાં ઉપશમરૂપી સમ્યક્‌ની પ્રાપ્તિ નિર્મળ થાય એને ઉપશમસમ્યક્ અનુભવમાં પ્રતીત થઈ તેને ઉપશમસમકિત કહે છે, એ પણ એક સમયની દશા છે. મોહનભાઈ! બહુ ઝીણું ભાઈ હોં! આહા..હા..! અરે..! પણ તું ન કરી શકે એવી આ વાત નથી. કરી શકે એવી અહીં વાત છે. કોને કહે છે આ? મફત સંભળાવે છે ઈ?

બાપુ! તારામાં તાકાત છે એને અમે કહીએ છીએ કે આ રીતે તારી દશાની અવસ્થાના અસ્તિત્વને જાણ અને તે દશાના અસ્તિત્વ ત્રિકાળમાં નથી. એમ પૂર્ણ અસ્તિત્વ સત્તા ભગવાન આત્મા એકલો આ એનું લક્ષ કર, એનું ધ્યેય કર, એને લક્ષમાં બનાવી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરવા એને ધર્મ કહેવામાં આવે છે. એ ઉપશમચારિત્ર થયું. સ્વરૂપની લીનતા થતાં કર્મ પડ્યું હોય જરી પણ અંદર ઉપશમ શાંતિની સ્થિરતા થાય, પણ એ પણ એક દશા છે, હાલત છે, પર્યાય છે, ત્રિકાળ દ્રવ્યમાં નથી. એ પર્યાયો છે ખરી આ જાતની. છે ને આ શ્રદ્ધા કરાવીને ત્રિકાળમાં નથી એમ શ્રદ્ધા કરાવે છે. વ્યવહાર છે, વ્યવહારનયનો વિષય છે, નથી એમ નહિ. રાગ છે, ઉપશમ છે, ક્ષયોપશમ, ક્ષાયિક આદિ છે, છતાં તે વ્યવહાર પર્યાય વર્તમાનનો વિષય એ આત્માને આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક ત્રિકાળ પરમસ્વભાવ છે એ આશ્રય અને શરણભૂત છે. એનું શરણ લે તો ધર્મની દશાની પ્રગટતા થાય, બીજી દશાએ પ્રગટ થતું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૦૭-૦૩-૧૯૬૩,
## કળશ-૫૪, ૭૨, પ્રવચન નં.૭૪૭

આ નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે. એમાં શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ એટલે શું? કે આત્મા વસ્તુ છે ભગવાન આત્મા એનો જે ધ્રુવભાવ છે નિત્યભાવ, શાશ્વતભાવ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. આ શરીર, વાણી, મન તો પર છે, એની ક્રિયાઓ પણ બધી પર છે, એ આત્મામાં નથી, તેમ આત્માથી નથી એનું ટકવું. એનામાં પુણ્ય અને પાપ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એવા વિકલ્પો એ દુઃખરૂપ વિકાર આકુળતા છે એ કાંઈ આત્મા

નથી. તેમ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, નામ-સ્મરણ ભગવંત આદિનું એ પણ એક વિકલ્પ રાગ, વાસના, આકુળતા છે. એ આકુળતાને જાણવાની વર્તમાન જ્ઞાનની જે દશા એ પણ એક સમયની અવસ્થા છે. એના વિનાનું ધ્રુવતત્ત્વ જે શાશ્વત છે એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ જ, ધર્મ કરનાર ધર્મીને એ શુદ્ધભાવ જ આદરણીય અને ઉપાદેય છે.

એ વાત ૫૪ કળશ છેને ૫૪ કળશ. ૩૮ ગાથા આવી ગઈ છે. એનો સાર ૫૪ કળશ છે.

जयति समयसारः सर्वतत्त्वैकसारः
सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।
दुरिततरुकुठारः शुद्धबोधावतारः
सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।

અલૌકિક વાત છે જરી. ટીકાકાર પૂર્ણ કરતાં મુનિરાજ સંત હતા નિર્વિકલ્પ આનંદના અનુભવી. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્માનું તત્ત્વ કહ્યું, વસ્તુ અંતરતત્ત્વ એના ભાનવાળા અનુભવી આનંદની વસ્તુ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ... ઈ આવશે અંદર, અતીન્દ્રિય આનંદનું એ પૂર, સાગર છે. ધ્રુવસ્વભાવ એનો શાશ્વત, આદિ-અંત વિનાનું જે શાશ્વતતત્ત્વ જીવ પોતે આત્મા એ તો અતીન્દ્રિય આનંદનો સાગર પૂર છે. અસ્તિ, સત્તા એના હોવાપણામાં અતીન્દ્રિય આનંદપણું પૂર્ણ એના હોવાપણામાં શાશ્વત ધ્રુવ આત્મામાં એનું અતીન્દ્રિય સુખ આનંદસ્વરૂપ પૂર્ણ છે.

એ કહે છે કે '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' મુનિરાજ એ અનુભવમાં, આનંદમાં હતા, ચારિત્રવંત હતા. એ ચારિત્રવંત હોય છે એ જંગલમાં રહે છે, એ વનવાસી હોય એને નગ્નદશા થઈ જાય છે. ઝીણી વાત છે. અંતરના અનુભવના આનંદમાં કેટલી અંદરમાં દશા આત્માના આનંદની ઉછળતી હોય છે કે જે આનંદની અનુભવદશામાં જેને નગ્નદશા દેહની થઈ જાય છે અને જેને વનવાસ જ એને રહેવાનું સ્થાન હોય છે. એવા મુનિ આ શ્લોક કરે છે. કુંદકુંદાચાર્ય તો સંવત્ ૪૯માં થયા. એની આ ટીકા કરનારા ૯૦૦ વર્ષ પહેલાં થયા. એ મુનિ પણ એવા હતા. એક વિકલ્પ આવ્યો વૃત્તિ ઉઠી જરી, શાસ્ત્ર શાસ્ત્રને કારણે રચાઈ ગયું, આત્માથી નહિ. એ મુનિ પોતે સાર, પરમાર્થ વાસ્તવિક તત્ત્વ ક્યુ ઉપાદેય, આદરણીય છે અને ક્યુ તત્ત્વ આદરણીય નથી, તત્ત્વ હોવા છતાં આદરણીય નથી, એક તત્ત્વ પૂર્ણ છે, આદરણીય છે એની વ્યાખ્યા કરે છે. ભાષા તો સાદી છે પણ જરી સમજવામાં અપૂર્વ વાત છેને.

'**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' આ પહેલો શબ્દ. એનો અર્થ એ કે આ અજીવ તત્ત્વ જડ આદિ છે એક અજીવતત્ત્વ. વાણી, શરીર આદિ અજીવતત્ત્વ. આત્માની દશામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ અને હિંસા, જૂઠું, ચોરી, ભોગની વાસનાનો

વિકલ્પ એ આસ્રવતત્ત્વ છે. આસ્રવ એટલે? જે પરિણામથી આવરણ આવે, જે પરિણામથી આત્માની શુદ્ધિ ન થાય એવી એ પુણ્ય અને પાપની વૃત્તિઓનું ઉત્થાન એ આસ્રવ—આ ઉપસર્ગ છે સ્રવવું. એ પરિણામ પોતે બંધનું કારણ છે, બંધસ્વરૂપ છે, નવા આવરણનું કારણ છે. એવું એ આસ્રવ એક તત્ત્વ, એક અજીવ તત્ત્વ. અને એ આત્મા એ રાગ આસ્રવ દયા, દાન, વિકલ્પ આદિ એમાં અટકેલો છે ભાવ એને એ અંશને બંધતત્ત્વ, અટકેલા ભાવને બંધતત્ત્વ કહેવામાં આવે છે. અજીવ, આસ્રવ, બંધ. આસ્રવમાં પુણ્ય અને પાપ બેય આવી જાય છે. ઝીણી વાત છે, ભગવાન!

અને આત્મા આનંદમૂર્તિ ધ્રુવ સચ્ચિદાનંદ સત્ શાશ્વત એવો જે ભગવાન આત્મા પોતે નિજપદ એનું અવલંબન લઈને જે દશા ધર્મની શુદ્ધ દશા, પવિત્ર દશા પ્રગટી એને શાસ્ત્ર ભાષાએ સંવરતત્ત્વ કહે છે. વિકાર અટકી ગયો અને નિર્વિકારી દશા ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ભગવાન આત્મા શાશ્વત એનો આશ્રય કરીને જે દશા પ્રગટી એને સંવરતત્ત્વ અથવા શુદ્ધ, શુદ્ધ અવસ્થાનું તત્ત્વ, શુદ્ધદશાનું તત્ત્વ કહે છે. એનાથી આગળ વધીને વિશેષ શુદ્ધિ પ્રગટે. પુણ્ય-પાપ નહિ. અંતર શુદ્ધિ વીતરાગદશા, નિર્મળદશાની વૃદ્ધિ થાય એને નિર્જરાતત્ત્વ કહે છે અને પૂર્ણ શુદ્ધિ પ્રગટ થાય એને મોક્ષતત્ત્વ કહે છે. અને આખો આત્મા અખંડ જે છે ધ્રુવ એને જીવતત્ત્વ કહે છે.

એમાં **'સર્વ તત્ત્વોમાં...'** આ બધા જે કહ્યાં તત્ત્વોમાં **'જે એક સાર છે,...'** ભગવાન! વાત ઝીણી છે. જગતને અનાદિથી પરમસત્ય શું છે એ વાત સાંભળવાને મળી નથી. ઉપરટપકેની વાતું બધી. આ દયા કરું ને દાન કરું ને વ્રત કરું ને ભગવાનની ભક્તિ કરું, પૂજા કરું, ધ્યાન કરું. કોનું ધ્યાન? અસ્તિ, સત્તા, મહા હોવાવાળું શાશ્વત તત્ત્વ, કેવડું અને કેમ છે એના જાણ્યા વિના એના તરફનો જુકાવ, વલણ, આલંબન થઈ શકે નહિ. ન્યાય સમજાય છે કાંઈ? આ ન્યાય જુદી જાતના. તમારે ન્યાય જુદી જાતના છે આ બધા. આ અંતરના આત્મ-બાદશાહના ન્યાય છે. આહાહા..!

કહે છે, જે ભગવાન આત્મા ધ્રુવ નિત્ય શાશ્વતભાવ એની આ વર્તમાન દશાઓના ભાવ, દશાઓ—હાલતો અજીવનું જ્ઞાન કે અજીવ કે આસ્રવ કે સંવર કે નિર્જરા કે બંધ કે મોક્ષ. સમજાય છે કાંઈ? એ બધા તત્ત્વો અંશ તત્ત્વો છે. પુણ્ય-પાપ બંધ એ અંશ, અંશ. અટકેલો વિકારીતત્ત્વ અંશતત્ત્વ છે. છે પણ અંશ છે. અને શુદ્ધિ પ્રગટ થાય, આનંદની દશા પ્રગટ થાય એ પણ એક નવી પ્રગટ દશા એ શુદ્ધ અંશતત્ત્વ છે, અંશ છે ઈ. એ અંશની વૃદ્ધિ થાય એ પણ અંશતત્ત્વ છે. એ અંશની પૂર્ણતા થાય, પરમાત્મદશા અને મોક્ષદશા એ પણ દશા છે, એ પણ એક અંશતત્ત્વ છે. એ બધા તત્ત્વોમાં જે એક સાર છે. ત્રિકાળી ધ્રુવ શાશ્વતવસ્તુ તે એક સાર છે. સમજાય છે કાંઈ? ભારે આવું.

**'સર્વ તત્ત્વોમાં...'** ત્યારે બીજા તત્ત્વો છે, છે એમ વિદ્યમાનતા તો બતાવી, પણ જેમાં

એક સાર છે. વસ્તુ નિત્ય ધ્રુવ શાશ્વત ભાવ એ એક સાર છે કે જેનો આશ્રય કરવાથી શાંતિ અને ધર્મની દશા પ્રગટ થાય છે. એ ધર્મની દશા પ્રગટ થાય એ પણ વર્તમાન અંશ તત્ત્વ છે. માટે એ પણ સર્વ તત્ત્વમાં સાર નહિ, સર્વ તત્ત્વમાં સાર ધ્રુવ શાશ્વત છે ઈ. આહા..હા..! એની લીલા એવી છે ભગવાનની. પોતે ભગવાન છે હોં! એની ખબર નથી એને. સમજાણું કાંઈ? કહે છે જે **'સર્વ તત્ત્વોમાં...'** અસ્તિ તો છે. પુણ્ય-પાપ અસ્તિ, અસ્તિ છે, પણ સસલાના શિંગડા જેવું નથી. એમ આ સંવર, નિર્જરા અને મોક્ષ. આત્મામાં શુદ્ધ આનંદધામ ભગવાન ધ્રુવ શાશ્વત એની અંદર એકાગ્ર થઈને જે પરમ પવિત્ર દશા પ્રગટ થાય એ તત્ત્વ છે, પણ એ અવસ્થાનું તત્ત્વ છે, વર્તમાન દશાનું તત્ત્વ છે, એ ત્રિકાળી દશાવાનનું એ તત્ત્વ નહિ. સમજાય છે કાંઈ? આ તો સારમાં સાર આ છે, બાપુ! આ સમજ્યા વિના એનો સંસારનો નિવેડો કોઈ દિ' આવે એવો નથી. મરી જાય બધા ક્રિયા કરીને વ્રત ને તપ ને ભક્તિ ને. આહા..હા..! કહે છે, વસ્તુ આવી છે, ભગવાન!

**'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** એ આ પર્યાયો કીધી ઈ. અવસ્થા થાય પુણ્ય-પાપની દશાઓ એ તો નાશ પામવાલાયક છે. અરે! ધર્મદશા પ્રગટ થાય એ તો અવસ્થા છે. એ અવસ્થા કાયમ ન રહે બદલી જાય છે. એટલે એ અવસ્થાઓ પણ નાશ પામવાયોગ્ય છે. આહા..હા..! અરે! ભગવાન! સર્વ **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ...'** એટલે ચાર ભાવ—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. ઉદયભાવ જે દશા વિકારી અને વિકારના અંશનું દબાઈ જવું અને શાંતિનું પ્રગટવું એ ઉપશમભાવ, પણ એ વર્તમાન દશા છે, ધ્રુવ નહિ. ધ્રુવ શાશ્વતતત્ત્વ એમાં એ નહિ અને એ શાશ્વત જેટલું નહિ, એક અંશ તત્ત્વ છે. અને મોક્ષતત્ત્વ છે એ પણ એક સમયની પૂર્ણ શુદ્ધદશા પવિત્રદશા છે. એ પણ એક અંશ પૂરતી દશા છે. બીજે સમયે એવી થાય, પણ એ એક સમય જ એનું અસ્તિપણું છે અને એ સિવાયનું જે આખું તત્ત્વ જે ધ્રુવ છે એ શાશ્વતભાવ છે. આહા..હા..! આવું ક્યાં છે? ભગવાન! તારા ઘરની વાતું છે આ, પણ શરણ કોઈ દિ' એણે લીધું નથી. એને એ વાત સાંભળવા મળતી નથી. બધું શીખે આ બહારની વાતું. આ કરો ને તે કરો ને ફલાણું કરો ને ઢીંકણું.

કહે છે, **'જે સમસ્ત નાશ પામવાયોગ્ય...'** આહા..હા..! કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય દશામાં, હાલતમાં, વર્તમાન પર્યાય એટલે દશા અંશમાં એ કાંઈ કાયમની ચીજ નથી. કાયમની હોય તો પ્રગટે નહિ. કાયમની હોય એને પ્રગટવું નહિ અને કાયમની હોય એને નાશ થવું નહિ. સમજાય છે કાંઈ? પંડિતજી! શાસ્ત્રભાષા જરી ઝીણી છે એટલે.... અંદર નાશ પામે. અવસ્થા છેને.

જેમ સોનું છે અને સોનાની પીળાશ, ચીકાશ ગુણ જે છે એ સોનું અને ગુણ તે ધ્રુવ છે, એકરૂપ છે. એની કુંડળ, કડા અવસ્થા જે થાય એ તો એક સમય પૂરતી એની દશા

છે, ભલે એવીને એવી થાય, પણ એક સમય પૂરતી એની હયાતી છે. એ બધી દશાઓ, હાલતો કહેવાય. એમ ભગવાન આત્મા ધ્રુવ વસ્તુ જે શાશ્વત પોતે છે અનાદિ-અનંત અવિનાશી જે વસ્તુ આદિ નથી જે તત્ત્વનો અંતર વસ્તુ ધ્રુવ એનો અંત નથી. એવું જે શાશ્વત ભગવાન આત્મતત્ત્વ ધ્રુવ એવા તત્ત્વની અપેક્ષાએ વર્તમાન અવસ્થાના તત્ત્વો છે એ બધા પલટતા છે, બદલતા છે. એથી તે નાશ પામવાયોગ્ય છે. ભલે બીજે સમયે થાય, પણ એની હયાતી એક સમયની છે. કેવળજ્ઞાન પણ એક સમયની હયાતીવાળું છે. આહા..હા..! ભગવાન! એની મહિમા શું કરે?

કહે છે કે '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી...**' નામ દશાઓ. એનાથી તત્ત્વ જે ધ્રુવ શાશ્વત આત્મા છે એ નાશ પામવાયોગ્ય અવસ્થાથી દૂર છે. એનાથી જુદું એ તત્ત્વ છે. શેઠ! ભારે વાત, ભાઈ! આમ તો ખ્યાલમાં તો આવી શકે એવું છે, ભલે પછી કરી શકે નહિ. સાદી ભાષામાં આવે છે. એવું સંસ્કૃત કે બહુ ભાષા આકરી પડે એવું નથી. આ તો બાળક પણ આત્મા છેને અંદર. અને એ આત્મા તો એનો ધ્રુવ અંશ જે છે, ત્રિકાળી શાશ્વત અને એમાં બદલતી દશાઓ (થાય), એ દશા થાય એ એક સમય જ રહે, બીજે સમયે વળી બીજી રહે, પણ એની હયાતી એક સમયની અને ત્રિકાળી શાશ્વત એકરૂપ ત્રિકાળી રહે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવ...**' એટલે દશાઓ, હાલતો, એનાથી ધ્રુવ, ધ્રુવ નિત્યાનંદ કંદ પ્રભુ એ અવસ્થાથી દૂર છે. અવસ્થા જેટલો નથી, અવસ્થામાં એ આવ્યો નથી, અવસ્થા તે ધ્રુવમાં પેઠી નથી. એ કાંઈક વસ્તુ છે જે જગતને દૃષ્ટિમાં રહી ગઈ છે. સમજાણું કાંઈ? બાકી બધું એણે ઘણું કર્યું. શું? સંકલ્પ અને વિકલ્પ, રાગ અને દ્વેષ. બાકી હરામ કાંઈ પાંપણ પણ ફેરવી શકતો હોય અને દુનિયાના જડના કામ કરી શકતો હોય તો. સંકલ્પ-વિકલ્પ... સંકલ્પ-વિકલ્પ મલિન દશા અને એમાં માન્યું હોય કે કાંઈક આપણને આમ કરીએ છીએ તો ધર્મ થશે. આપણે ક્યાં પાપ કરીએ છીએ? દુકાનના ધંધા ક્યાં કરીએ છીએ? નોકરી ને કોર્ટ ને વકીલાકતની વકીલાત ક્યાં કરીએ છીએ? એમ કહેને. નિવૃત્ત થઈને બેઠા છીએ. એટલે કાંઈક અમારે ધર્મ થાય છે. ધૂળમાંય ધર્મ નથી એમ કહે છે સાંભળને. એ બહારથી પ્રગટે એ તો એમાં હતું જ નહી. આ શરીર આદિની ક્રિયા તો એમાં હતી જ નહિ. એમાંથી વળી નિવર્ત્યો. નિર્વતેલો હતો જ તે. એના અભાવસ્વભાવરૂપ તો હતો, હવે એનો અભાવ કરવો નવો ક્યાંથી લાવ્યો આ? મૂળજીભાઈ! ભાઈ! આ અલૌકિક વાતું છે થોડી. થોડી હોં. .. વાતું તો એવી છે એની. એ ભગવાન આત્મા રહી ગયો છે એની દૃષ્ટિમાં. જેવો આત્મા વસ્તુ છે જેને આત્મજ્ઞાન કહીએ, એ આત્મજ્ઞાન કહીએ એ આત્મા કેવડો અને એનું જ્ઞાન કેમ થાય એની વાત છે આ. સમજાણું કાંઈ?

'**જે સમસ્ત નાશ પામવાયોગ્ય...**' ઓહો..હો..! ગજબ વાત કરી છે છેલ્લામાં છેલ્લી.

સત્ સત્ પરમ સત્ જે ધ્રુવ ચૈતન્ય શાશ્વતભાવ એ અપેક્ષાએ એની દશાઓ, ભલે કેવળ હો, સિદ્ધદશા, પરમાત્મદશા હો, પણ દશા છે, હાલત છે. હાલતો જે છે ક્ષણિક બધી, ભલે એવીને એવી થયા કરે, પણ એ ક્ષણિક છે. એવી બધી દશાઓ નાશ પામવાયોગ્ય એટલે બદલવાલાયક છે, એનાથી ધ્રુવ વસ્તુ ભગવાન એ દૂર છે. એક સમયની દશામાં એ આવ્યો નથી. સમજાય છે કાંઈ? ભગવાન છે, ન સમજાય કેમ? પ્રભુ! તારા ઘરની વાત છે અને તારા માટે કહેવાય છે આ તો. અમૃતલાલભાઈ! અમે વેપારી છીએ અને ન સમજાય, એ તો આ બુદ્ધિવાળા વકીલો હોય એને સમજાય એવું કાંઈ હશે? ... આત્મા છે કે નહિ? ભગવાન શાશ્વત વસ્તુ છે અંદર.

અહીં તો દેહ, વાણી તો પર તત્ત્વો એની તો વાત છે જ નહિ, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉઠે એ વિકલ્પ અને રાગ છે, એ તત્ત્વ તારામાં નથી અને એ તત્ત્વ તારું નથી. આહા..હા..! એ તો નહિ, પણ રાગનો અભાવ કરીને અંદર અરાગી, અરાગી દશા થાય એ તો નવી થઈને? અનાદિની ધ્રુવ નહોતી. નવી થઈ એટલે નવી થઈ એ બદલતી રહે છે. એટલે બદલતી દશા તે એક સમયની અવસ્થા છે એ ત્રિકાળી જ્ઞાયક ધ્રુવભાવ એમાં એ પેસતી નથી. તેથી તે વર્તમાન દશાથી જે તત્ત્વ દૂર છે, એક સમયની દશામાં એ ધ્રુવ શાશ્વત તત્ત્વ છે એ આવતું નથી. એક સમયની દશા છે એ શાશ્વત તત્ત્વમાં જાતી નથી. બિહારીલાલજી! આ બધા વકીલાતના કાયદાથી વાત ચાલે છે આ. પણ આ જુદી જાતની વકીલાત છે. અરેરે! એને શાશ્વત ચીજ શું છે? પોતે શાશ્વત કેવડો છે? પોતે નિત્ય ધ્રુવ અવિનાશી તત્ત્વ જે એકરૂપ પડ્યું છે એ શું છે? કેમ છે? એની નિજસંપદાની એને ખબર ન મળે અને બહારની બધી ડહાપણના દીકરાની વાતું કરવા માંડે. શાસ્ત્રની વાતું કરે કે આમ થાય, આમ થાય, તેમ થાય. બહુ સારી વાત છે.

કહે છે... આહા..હા..! એ પુણ્ય-પાપના વિકલ્પો એનાથી તો ભગવાન શાશ્વત તત્ત્વ ચૈતન્ય પ્રભુ આત્મા એ દૂર છે, પણ એની નિર્મળદશા, નવી દશા, અનંતકાળમાં નહિ થઈ હતી એવી આત્માના અવલંબનથી, ધ્રુવના અવલંબનથી નિત્યાનંદનો આશ્રય લઈને જે દશા ધર્મની વર્તમાન દશામાં નહોતી અને પ્રગટ થઈ તો એ દશા છે, એ અવસ્થા છે એ કાંઈ ત્રિકાળી તત્ત્વ નથી. એથી એ અવસ્થાથી દૂર... આહા..હા..! એવું તત્ત્વ એ સારતત્ત્વ છે. જેને ધર્મ કરવો છે એને એ ધ્રુવતત્ત્વ ઉપર દૃષ્ટિ દીધે ધર્મ થાય એવો છે. બાકી ત્રણકાળમાં બીજો કોઈ ધર્મનો ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

'**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' એટલે? જે તત્ત્વમાં કામની વાસનાની ગંધ નથી. ધ્રુવતત્ત્વ છે એમાં કામના, વાસના, ઈચ્છા નષ્ટ કર્યો છે એનો અર્થ એ કે એમાં છે નહિ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ નિત્ય ચોસલું, શાશ્વત વસ્તુ ધ્રુવ. એ વસ્તુ, એ વસ્તુમાં કામવાસનાની ઉત્પત્તિ નથી, કામવાસના છે નહિ એથી કામવાસના જેણે નષ્ટ

કરી છે એમ એમાં નથી માટે નષ્ટ કરી છે એટલે એમાં નથી માટે નાશ કરી છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ...ચંદજી! આ બીજી જાતની વાતું છે આ. આહા..હા..!

'**જે પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' ભગવાન આત્મા ધ્રુવતત્ત્વ, શાશ્વત વસ્તુ ધ્રુવ અંશ જે છે એનામાં, પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય છે, પુણ્યનો ભાવ પણ નિશ્ચયથી તો પાપ જ છે કેમકે ભગવાન શુદ્ધ આનંદનું ધામ એનાથી ખસીને વૃત્તિઓ થાય, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, નામસ્મરણ, પૂજા, ભગવત્ સ્મરણ એ બધા વિકલ્પો ભગવાન આનંદમૂર્તિ પ્રભુમાં એ નથી. એમાંથી ખસીને ઉત્પન્ન થાય, માટે તેને પાપની અપેક્ષાએ ભલે શુદ્ધભાવને પુણ્ય કહો, પણ પ્રભુ આત્માની અપેક્ષાએ તો એને પાપ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' જોયું! ભગવાન આત્મા શાશ્વત ચૈતન્ય ધ્રુવ અનંત-અનંત ગુણની ખાણરૂપી ધ્રુવ એવું શાશ્વત તત્ત્વ ભગવાન એ પાપરૂપી કુહાડો, પાપનો કુહાડાથી નાશ કરે વૃક્ષને એટલે કે એનામાં એ પાપનો ભાવ છે નહિ. સમજાય છે કાંઈ? અર્થાત્ એવો જે ધ્રુવસ્વભાવ ભગવાન નિત્યાનંદ ધ્રુવ એનો આશ્રય કરે તો પાપનો નાશ થઈ જાય છે, કામની વાસનાની ઉત્પત્તિ થતી નથી તેને નાશ કરવાલાયક છે એમ કહેવામાં આવે છે. નાશ કરવું નથી, પણ જે વિકારના ભાવોની હયાતી છે એ પરતત્ત્વ છે, સ્વતત્ત્વ નથી, વિકારતત્ત્વ છે. એને ધ્રુવતત્ત્વ ભગવાન ચિદાનંદ પ્રભુ એનો અંતર આશ્રય લેતા, અવલંબન લેતા, ધ્યેય બનાવતા, તેનું ધ્યાન કરતા એ પાપની અને કામવાસનાની ઉત્પત્તિ જ થતી નથી. ઉત્પત્તિ થતી નથી એને નાશ કર્યો એમ કહેવાય અથવા એની વસ્તુમાં નથી માટે નાશ કર્યો એમ કહેવાય. બે રીત છે. ભારે વાતું, ભાઈ!

આ તો અધ્યાત્મના નિજ પદની વાત છે, ભાઈ! આત્મજ્ઞાન કોઈ દિ' એણે કર્યું જ નથી. અનંતકાળ થયા. અનંતવાર સાધુ થયો, ત્યાગી થયો, ભોગી રહ્યો, બાવો સાધુ જંગલમાં નગ્ન મુનિ થઈ ગયો અનંતવાર અને પંચમહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના ભાવ પણ અનંતવાર કર્યા ને પાળ્યા, પણ એ બધી વૃત્તિઓ હતી, એ આત્મા નહિ. આહા..હા..! પંડિતજી! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય છે એને સ્પર્શ્યા વિના આત્માનો આનંદ અને આત્મજ્ઞાન થાય નહિ. એવી બહારની ક્રિયા લાખ અને અનંત હો, બધી બંધનું કારણ અને ઝેર છે. અમૃત સાગર ભગવાન આત્મા એનાથી ઊલટી એ દશા તેને અહીંયાં પાપ કહેવામાં આવે છે. જીરવવા જેવું છે. જઠર જોઈશે સારી. મેસુબ ખાવો હોય તો જઠર સરખી જોઈએ કે નહિ? એક શેર ચણાના લોટે ચાર શેર ઘી પાઈને મેસુબ થાય. એ મેસુબ ખાનારની જઠર જોઈએ. સમજાણું કાંઈ? એમ માલ છે આ. માર્ગ એનો, ભાઈ! અંતર રુચિએ સ્વભાવના સન્મુખ થઈને સાંભળ્યો જ નથી. સન્મુખ થવા જેવું છે અને પરથી વિમુખ થવા જેવું છે એવો પણ એણે નિર્ણય કર્યો નથી. ભગવાન ધ્રુવતત્ત્વ છે એની સન્મુખ થવું જોઈએ

અને એક સમયનો વિકાર અને એક સમયની દશા એનાથી વિમુખ નામ એનાથી પુંઠ ફેરવવી જોઈએ. ભગવાન ધ્રુવતત્ત્વ છે એની સન્મુખ જોવું જોઈએ, એ વિના એને ધર્મ થાય નહિ અને એ વિના એના જન્મ-મરણના આરા આવે નહિ. આહા..હા..! લોકોએ તો બધી ઘણી રીતે સોંઘી સોંઘી રીત કરીને મૂકી છે. ... છે જગત. આહા..હા..! માર્ગ નથી બાપા એ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' એટલે? શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. ધ્રુવતત્ત્વ જે શાશ્વત આત્મા શરીરથી જુદો, રાગથી જુદો એક સમયની અવસ્થાથી પણ જુદું એ તો શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, પોતે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. અવતાર એટલે જન્મવું. અહીં શુદ્ધજ્ઞાન થયેલું જ છે. એકલો શુદ્ધ જ્ઞાનનો પિંડ પ્રભુ છે. ધ્રુવ ભગવાન આત્મા અવસ્થાના અંશથી દૂર એવું ધ્રુવતત્ત્વ એકલા શુદ્ધ જ્ઞાનનો રસકંદ છે. સમજાય છે કાંઈ? '**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર...**' એટલે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. આ પ્રગટેલી શુદ્ધ જ્ઞાનની દશાની વાત નથી. વસ્તુ પોતે ધ્રુવ શાશ્વત જે છે અંદર ધ્રુવ આત્માની ધ્રુવતા, નિત્યતા, શાશ્વતતા આદિ અંત વિનાનું જે તત્ત્વ આત્મા ભગવાન પોતે નિજપદ... આહા..હા..! એવું તત્ત્વ તે શુદ્ધ જ્ઞાનનો પિંડ છે. એવો શુદ્ધજ્ઞાનથી જ બનેલી એટલે શુદ્ધ જ્ઞાનથી જ રહેલી ચીજ છે. ધ્રુવ. એક જણો કહેતો હતો, ભાઈ! આ ધ્રુવ ઓલો તારો ધ્રુવ હશે? ભગવાન! તું ધ્રુવ નિત્ય શાશ્વત છો એની અહીં વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે સુખસાગરનો પૂર છે...**' સુખસાગરનો પૂર છે. સુરણની ગાંઠ હોય અધમણની. જ્યાં જુઓ ત્યાં સુરણનો રસ જ પડ્યો હોય છે. એમ ભગવાન આત્માનું પોતાનું ધ્રુવ તત્ત્વ એકલા સુખસાગરનું પૂર, સુખસાગરનો દરિયો છે. આહા..હા..! ધ્રુવ ભગવાન આત્મા એ તો એકલો સુખસાગરનો દરિયો છે. સમજાણું કાંઈ? જેના ભાને, આત્મજ્ઞાને આનંદ આવે એ દશા તો વર્તમાન અવસ્થા છે. પણ એવી અનંતી, અનંતી આનંદની દશાનો જે સાગર અંદર છે એકલો સુખનો પૂર, નૂર તેજ એકલું છે. આવો આત્મા. આવો આત્મા છે એવો જ છે, એવો એના જ્ઞાનમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પરથી વિમુખ થઈ સ્વસન્મુખમાં જવાની ગતિ એની કામ કરી શકે નહિ. જેવું સત્ અને સત્નું સ્વરૂપ છે એવું ખ્યાલમાં આવ્યા વિના સત્ તરફનો જુકાવ, એનો હકાર, આવું સત્ છે એમ જાણ્યા વિના સત્નો હકાર થઈને સત્રૂપ સન્મુખ થઈ શકે નહિ અને પર્યાય અને રાગથી વિમુખ થઈ શકે નહિ. રતિભાઈ! ભારે ભાઈ આવું!

કહે છે કે સુખનું તો પૂર, નૂર છે. આહા..હા..! બાપુ! તું સુખ લેવા માગે છોને? સુખ લેવા માગે છેને? પ્રાણ મૂકીને પણ સુખ લેવા માગે છે. પ્રતિકૂળતા આવી પડી હોય, બે-પાંચ-દસ લાખ ખોટ ગઈ ... એ પ્રતિકૂળતાના સંયોગને પ્રાણ છોડીને પણ હું આ દુઃખથી મુક્ત થાઉં અને સુખને લઉં એવી કલ્પના એની છે. પણ એ સુખને એ પામવા એ રસ્તાની

ખબર નથી. નથી કહેતા કે 'મરીને પણ આ દુઃખથી મુક્ત થાઉં' એમ છેને એને? આમ આબરુ જાય. આહા..હા..! દસ લાખની ખોટ ગઈ, મૂડી ... બે લાખ. એ મકાન વેચે પણ પાર આવે નહિ. હવે એ શાહુકારને મોઢે .. મારી પાસે પૈસા નથી. એ બતાવવા ... સોમલ પીધાં. ઉમરાળામાં નહિ? ભાઈ! સારાભાઈ... બતાવવું છે. ઓહો..! આવી અવસ્થાની પ્રતિકૂળતા જેને લાગી એની પાછળ દેહ છોડવો એ હળવું લાગ્યું. જયંતિભાઈ! બરાબર છે કે નહિ? દેહ છોડવો એ હળવું લાગ્યું. પ્રતિકૂળતા આકરી લાગી. અને દેહ છોડીને, પ્રાણ છોડીને પણ હું એકલો દુઃખનો અભાવ કરીને સુખી થાઉં એવી એની કલ્પના છે. માર્ગ એ નથી પણ એની કલ્પના છે. 'એકલો રહીને પણ દુઃખરહિત થઈ શકીશ અને એકલો રહીને હું સુખી થઈ શકીશ' એમ એની કલ્પના છે, પણ વાત સાચી છે. એકલો આત્મા થાય, રાગ અને પુણ્યના વિકલ્પની વર્તમાન અવસ્થાથી રહિત ધ્રુવ એકલો થાય તેમાં દૃષ્ટિ આપે તો આનંદ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ભગવાનની લીલા! પણ પોતે ઈશ્વર પોતે છે હોં પૂર્ણ. એનું સ્વરૂપ જ પૂર્ણાનંદ પ્રભુ છે. આહા..હા..! દરેક પૂર્ણાનંદ પૂર્ણ છે આત્મા.

અખંડ અભેદ સુખ સાગરનો પૂર '**અને ક્લેશોદધિનો કિનારો છે,...**' પાઠમાં છેને, '**क्लेशवाराशि**' '**वाराशि**' '**वा**' એટલે પાણી. '**राशि**' છેને સંસ્કૃતમાં? '**क्लेशवाराशि**' વા એટલે પાણીનો ઢગલો. એ ક્લેશના સમુદ્રથી, દધિથી પાર છે, કિનારો છે. ભગવાન આત્મા ધ્રુવતત્ત્વ, શાશ્વતભાવ એ તો ક્લેશના ઉદધિનો કિનારો છે, ક્લેશ એમાં છે જ નહિ. એકલો આનંદનો નાથ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું પૂરનું નૂર ભરેલું છે. આહા..હા..! આવા અસ્તિ તત્ત્વના સત્તાવાળું, હોવાવાળું તત્ત્વ એને માન્યા વિના અને એના સન્મુખ થયા વિના, આવું માન્યા વિના પાછું આ રીતે, આમ તો આત્મા તો બધા કહે છે, નાસ્તિક સિવાય આત્મા (તો બધા કહે છે), પણ એ આત્મા આવડો અને આવો પ્રભુ છે એમ જાણ્યા વિના સત્‌નો સ્વીકાર યથાર્થપણે થઈ શકે નહિ અને સત્‌નો સ્વીકાર ન થાય તો અસત્‌નો આદર એને રહેશે. ન્યાય સમજાય છે કાંઈ? ન્યાયમાં નિ-ધાતુ છે દોરી જવું. વસ્તુનું સ્વરૂપ છે તેવું જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. આ તમારા ન્યાયની વાત ચાલતી નથી, આ તો અહીંની. આહા..હા..! ભગવાન! તારા ઘરની પેઢીના ન્યાય ચાલે છે આ તો. તારી પેઢી એવડી મોટી છે અંદર.

કહે છે, ક્લેશનો સમુદ્ર એનો તો અંત છે ત્યાં. ધ્રુવમાં એ છે નહિ. આહા..હા..! સંસારનો કિનારો છે, સંસાર એમાં છે જ નહિ. આહા..હા..! સંસાર એટલે? બાયડી, છોકરા, કુટુંબ, સંસાર એ વાત ... સંસાર એટલે ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ એમાંથી ખસીને એક રાગનો કણ કે દયા, દાન એટલો હું, એનાથી લાભ, એક સમયની દશા એટલો હું એવો જે મિથ્યાત્વભાવ એને સંસાર કહે છે. '**संसरण इति संसार।**' સ્વભાવ ધ્રુવમાંથી ખસીને એક સમયની દશા

અને રાગને પોતાનો માને એનું નામ ભગવાન સંસાર કહે છે. બાયડી, છોકરા સંસાર હોય તો મરી જાય તો સાથે કાંઈ આવતું નથી. દેહ પડ્યો રહે છે. બાયડી, છોકરા, શરીર સંસાર હોય તો મરે તો કાંઈ સાથે રહેતું નથી. એનો અર્થ એ થયો કે સંસારનો નાશ થઈ જાય, મુક્તિ થઈ જાય એની. બરાબર છે? ... એ પણ પડી રહેશે અહીં. આ સંસારનો નાશ થઈ જાય એ સંસાર હોય તો. એ સંસાર નથી, ભગવાન! તને સંસાર કોને કહેવું? એ ધ્રુવતત્ત્વનો સ્વીકાર ન કરતા, રાગ, પુણ્યનો સ્વીકાર કરીને 'તેટલો હું' અને 'તે હું' અથવા 'એક સમયની પ્રગટ દશાના અંશ જેટલો હું' એને અહીંયાં મિથ્યાત્વભાવ, સંસારભાવ, દુઃખભાવ, પાખંડભાવ, ચોર્યાસીના અવતારની ખાણ એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! રાતે સાંભળે છે અહીંયા. આવી વાત લુખીલહ જેવી છે. ...

આ પરમ ત્રિકાળ સત્ય. આ વિના એનો રસ્તો નથી ક્યાંય. બીજી રીતે કહેતા હોય તો એ છેતરાય છે અને જગતને છેતરે છે. સમજાણું કાંઈ? એ આવ્યા હતાને ભાઈ, આ જાદુગર કે. લાલ. પરમ દિ' આવ્યા હતા, ઓળખીતા છેને અમારા. સોનગઢ આવ્યા હતા, અહીં આવ્યા હતા. મહારાજ! અમારું ધતીંગ છે હોં! એમ કહે. કાંતિલાલ. આ કે. લાલ નહિ? બધા ઘણા લાખો રૂપિયા. એક એક રાતના પાંચ-પાંચ હજાર, છ-છ હજાર આપે છે. હવે પરદેશમાં જવાનો છે. ... પાંચ લાખ આપ્યા. શું કહેવાય તમારે ત્યાં? ... એના પાંચ લાખ. પરમ દિ' આવ્યો હતો. વીસ મિનિટ બેઠો હતો. અહીં ઉતર્યા છીએને. મહારાજ! અમારું આ ધતીંગ છે હોં! આ જાદુગર ધતીંગ છે. અને એ જાતનું રજનશીને પણ અમારું ધતીંગ છે. આહા..હા..! એ આ શીખ્યો બે વર્ષથી. અને ઓલો સાંઈબાબા પણ ધતીંગ છે. બધી જાદુગરની ક્રિયાઓ છે, એમાં ધર્મ-ફર્મ કાંઈ નથી. આ તો મોટો જાદુગર છે જબરો ભાઈ. જુવાન માણસ છે અને વીર્યનું જોર છે. બોલે ત્યાં આમ જાણે... દબાવી દ્યે પહેલા તો ભાઈ. એક મોટો માણસ આવ્યો હતો કો'ક, એણે કીધું નહિ? ... મોટો પંજાદાર ને મોટો શું કહેવાય? મળવા આવું. આમ લાંબો હાથ જ્યાં કર્યો મેં આમ જ્યાં કર્યો તો ધ્રુજી ઉઠ્યો. હાથ અડાડ્યો નહોતો મેં, આમ હાથ લાંબો કર્યો, ધ્રુજી ગયો. ... એમાં કાંઈ ધૂળમાંય નથી. એ તો બહુ જોરદાર હતો. વીસ મિનિટ બધી વાતું ખૂબ કરી. આ અમે કરીએ છીએ ઈ અમને નજરબંધીવાળા ઠરાવે પણ જો કોઈ ત્યાગી હોય અને આવું કરે તો એનામાં શક્તિ છે એમ ઠરાવે. બાકી બેય ખોટા છે. વીસ મિનિટ ખૂબ વાત કરી. .. ધતીંગ છે. પાપ બાંધે છે એકલું. દુનિયાને ઠગો છો. વાત સાચી છે. એકલા પાપ બાંધો છો અને પૂર્વના પુણ્યની નોટ છે તે બળી જાય છે આમાં એથી મળે છે, તમારા દેખાવથી મળે એ વાતું છે. પૂર્વનું પુણ્ય પડ્યું છે લોન એ ખપી જાય છે ત્યારે તમને આ લાખ, બે લાખ, દસ લાખ, વીસ લાખ (દેખાય છે). ... આપણે આના ઓળખીતા હતા. જગજીવન બાવચંદના. કુંડલાના ... એના સાળા થાય. એમાં ધતીંગે ધતીંગ. .. ધતીંગવાળું બધું છે. જાદુગરના ખેલો

બધા ... દુનિયાને ... મનાવે છે. આહા..હા..!

આ ચૈતન્યચમત્કાર આહા..હા..! એ જાદુગરી જુદી છે, બાપા! સમજાય છે કાંઈ? કેટલાક એમ કહે છેને, મહારાજ પાસે તો લાકડી છે તે ફરે એટલે પૈસા થાય. એવું કાંઈ નથી બાપા અમારી પાસે. અમારે તો આત્માની વાત છે આ. આ લાકડી ઉપર બહુ જોર કરે છે. ઘણા કરે છે. .. આપણા હતા બાબરાવાળા નરભેરામ વકીલ. બાબરાવાળા હતા નરભેરામ વકીલ. બધા ... બધા. અમે ગયા હતા અને એનું આવવું. .. કીધું ક્યાં જાવું છે? કીધું આજે આવું.. .. લુહાણા હતાને .. બાપુ! આ લાકડીમાં કાંઈ નથી. આ લાકડી ચોરાઈ પણ ગઈ છે. આ તો હવે પ્લાસ્ટિકની ભાઈએ કરી છે ચંદુભાઈએ. પહેલી ઓલી સુખડની રાખતા. મુંબઈમાં આવે છે. આ તો પરસેવો ન થાય અને હાથ શાસ્ત્રને (અડે તો) અશાતના ન થઈ જાય (એના માટે છે), બાકી કાંઈ ન મળે હોં! આ તો ચૈતન્યના ચમત્કારની વાતું છે. જો એને લાગુ પડી ગઈ, બેડો પાર ચમત્કાર છે. એ વસ્તુ છે. સમજાણું કાંઈ? કહે છે .. પૈસાવાળા છે. વીસ લાખ એનો બાપ મૂકી ગયો છે. અત્યારે વીસ લાખ તો એક વર્ષમાં પેદા કર્યા. વીસ લાખ. એક છેને ખઝૂરના વેપારી? .. પેદા કર્યા છે. એક એક વર્ષમાં પંદર અને વીસ લાખ. મહારાજના કાંઈક આશીર્વાદ છે. ભાઈ! અમારી પાસે કાંઈ નથી, બાપા! અમારી પાસે તો આ છે, આ આત્મા છે. આહા..હા..! અને કાંઈ માણસ ડાહ્યા મગજવાળા હોય તો કાંઈ સમજે તો એને ખ્યાલ તો આવે કે વાત કાંઈક બીજી લાગે છે. એ ચમત્કાર છે, બાકી ચમત્કાર કાંઈ છે નહિ. મગજવાળા માણસ કંઈક ડાહ્યા હોય તો વિચાર તો કરે કે નહિ? વાત તો એવી લાગે છે. બંધબેસતી લાગે છે. એને એમ લાગે કે ઓહો..! આ તો ચમત્કાર. એ ચમત્કાર છે. ધ્રુવ ચમત્કાર અહીંયાં તો. આહા..હા..!

ભગવાન! તું શાશ્વત તારું તત્ત્વ છેને, નાથ! આહા..હા..! શાશ્વત છેને. ઉત્પત્તિ છે એની આત્માની? નાશ છે એનો? ક્યારેય એ સ્વભાવથી ખાલી હોય? વસ્તુ હોય એ વસ્તુના સ્વભાવથી ખાલી હોય? એનો સ્વભાવ આનંદ અને જ્ઞાનથી ત્રિકાળ અવિનાશી છે એ. એવા તત્ત્વમાં **'ક્લેશોદધિનો કિનારો છે,...'** અરે! એવો શુદ્ધ આત્મા... આહા..હા..! આદરણીય ભાઈ એમ ન કહ્યું આમાં. **'જયવંત વર્તે છે.'** એટલે? ટીકામાં ઉપાદેય નહોતું કહ્યું હતું. આવો ધ્રુવ ભગવાન તેનો આશ્રય કરવાલાયક. એ ધ્રુવ વસ્તુ તે ઉપાદેય છે, આદરણીય છે. એ સિવાય રાગ અને એક સમયની પર્યાય પણ ઉપાદેય, આદરણીય નથી. એને ઠેકાણે અહીં એમ કહ્યું કે આવું ધ્રુવતત્ત્વ જયવંત વર્તો. અમારી દૃષ્ટિમાં એ તત્ત્વ વર્તે છે તો એ જયવંત વર્તો. અમારી દૃષ્ટિ પણ ત્યાં પડી છે અને આ વસ્તુ જયવંત વર્તો. અમારી દૃષ્ટિ પણ એમ ને એમ રહે અને વસ્તુ પણ એમ ને એમ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરું ભારે. બહારના ઓલા ક્રિયાકાંડની વાતુંવાળાને આકરું પડે હોં બીજાને. અહીં તો હવે તારી ક્રિયા તો ક્યાંય રહી ગઈ સાંભળને. એવા રાગના અનેક કલ્લોલોની પાર અંદર જ્ઞાનની

એની દશા જાણે કે આ રાગ છે એ દશા પણ જેનામાં નથી. દશા એક સમયની, ધ્રુવ તત્ત્વ શાશ્વત છે. એવું શાશ્વત તત્ત્વ તે, મુનિરાજ કહે છે જયવંત વર્તો કે જેથી એનો આશ્રય સદા અમને રહો. એમ કહે છે. આહા..હા..! કહો, ..દાસભાઈ! કહો, સમજાય એવું છે કે નહિ આ? આ કાંઈ બહુ આકરું એવું નથી. માર્ગ આકરો છે, દુર્લભ છે પણ (ન સમજાય એવો નથી). પ્રભુ! તું પોતે સરળ છો અંદરમાં. પણ એને સાંભળવા મળે નહિ, વિચારવા મળે નહિ, ક્યાં કરે? લ્યો, એ કળશ પૂરો થયો.

જયવંત વર્તો એમાં શું કહ્યું સમજાણું? ઓહો..! જ્યાં અમારી દૃષ્ટિ છે ધ્રુવ ઉપર, અમારો આશ્રય ધ્રુવ છે, અમારું અવલંબન ધ્રુવ છે, અમારી દશાનો આધાર ધ્રુવ છે. અમારી ધર્મદશા અત્યારે જે છે સમ્યગ્દર્શન આદિ એનો આધાર એ છે. ધ્રુવ રહો. એમ ને એમ જયવંત રહો, એટલે એનો આશ્રય પણ એમ ને એમ જયવંત રહ્યો અને અમે કેવળજ્ઞાન પામવાના એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એ પૂરું થયું.

હવે તમારો ૭૨ ૭૨ કળશ છેને? ૪૯ ગાથા લખ્યું હતું, પણ એના પહેલા ૭૨ કળશ. એ ૭૨ કળશ. પાનું-૧૦૨. ભાઈએ આમાં લખી દીધું અમારે લાલચંદભાઈએ એ વંચાય છે આ. માલ-માલ કસ કસ કાઢીને. ૧૦૨ પાનું, ૭૨ કળશ. પછી ૪૯ ગાથા છે. ૪૯ પહેલાં. પછી ૭૨ લખ્યું, પણ આ કળશ વાંચ્યા પછી એ વંચાશે. હવે ૭૨. ખુબી તો ઈ કરી કે હતો ૫૪, તો ૫ અને ૪, ૯. આ ૭૨ તો ૭ ને ૨, ૯. ૯નો આંકડો અફર છે એમ કહે છેને. નવ એકું નવ, નવ દુ અઢાર, નવ તેરી સત્તાવીશ. બધે નવ-નવ આવે. નવ એકું નવ, નવ દુ અઢાર-આઠ ને એક નવ, નવ તેરી સત્તાવીશ, સાત અને બે નવ, નવ ચોક છત્રીસ, ત્રણ ને છ નવ. એમ આ કળશો અફર છે. ૭૨. પહેલી થોડી પાંચ-સાત લીટી છે.

> शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं
> शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।
> इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं
> सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।

આમ તો જેમ ગુફામાં, ગુફા શું કહેવાય સર્પની? બીલમાં. સર્પના બીલમાં મોટો સર્પ પડ્યો હોય અને એને મંત્રીને જ્યાં કલમ મારે, ઝેર ઉતારીને બહાર નીકળે ફટ દઈને, એમ આ બધા મંત્રના કલમો છે આ. અધ્યાત્મના કલમો છે આ બધી, બાપુ! ઊંચી વાત છે. એ તો જેને સમજાય ત્યારે એની કિંમતની ખબર પડે. શ્લોકાર્થ એનો અર્થ. '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...**' શું કહે છે? નીચે છે '**વિકલ્પના= વિપરીત કલ્પના; ખોટી માન્યતા; અનિશ્ચય; શંકા; ભેદ પાડવા.**' એટલે? આત્મા શુદ્ધ છે અને પર્યાયમાં પણ કાંઈક શુદ્ધ છે અને કાંઈક અશુદ્ધ છે એવા ભેદ મિથ્યાદૃષ્ટિ

પાડે છે. શું કહે છે જરી? કે કારણ જે વસ્તુ છે એ તો શુદ્ધ જ છે ધ્રુવ. હવે કાર્ય આવે એમાંથી નિર્મળ એ શુદ્ધ છે, પણ એને ઠેકાણે એ મોક્ષના કાર્યના કારણમાં એને મોક્ષનો માર્ગ શુદ્ધ પણ હોય અને મોક્ષનો માર્ગ અશુદ્ધ પણ હોય, આવા ભેદ પાડે એ મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી!

'**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' એટલે ખોટી માન્યતા. પ્રભુ તો ધ્રુવ શુદ્ધ જ છે. નિત્યાનંદ નાથ, શાશ્વત ભગવાન આત્મા એ તો શુદ્ધ પવિત્રનો પિંડ જ છે અને એને આશ્રયે થતી દશા ધર્મની એ પણ શુદ્ધ હોય છે. એમાં વિકલ્પ ને કાંઈ રાગ ને મોક્ષનું કારણ કહેવું, એવા વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય બે મોક્ષના કારણ છે એવા ભેદ પાડવા, એ મિથ્યાદૃષ્ટિ પાડે છે કહે છે. પંડિતજી! આહા..હા..! કહેશે હમણાં હોં! બેય તત્ત્વ શુદ્ધ છે એમ કહેશે. સમજાણું કાંઈ? એટલે? કે ભગવાન ધ્રુવ શાશ્વત બિંબ પ્રભુ અંદર એ તો શુદ્ધ છે, પણ એની દશામાં અશુદ્ધવાળો એ છે અને કાંઈક શુદ્ધ દશાવાળો છે, એ કાંઈક શુદ્ધની દશાથી પણ મુક્તિ થાય અને અશુદ્ધભાવ એવા દયા, દાન, વિકલ્પથી પણ મુક્તિ થાય, એવા શુદ્ધતાના ભાગમાં અશુદ્ધતાને ભેળવે છે તો એ વિકલ્પના મિથ્યાદૃષ્ટિની છે, સમ્યગ્દૃષ્ટિને એ વિકલ્પના છે નહિ.

ફરીને. આ તો માર્ગ અલૌકિક છે, ભાઈ! આહા..હા..! સંસારના અંત, આનંદની ઉત્પત્તિ અને તે સદાય અનંતકાળ આનંદ રહે એવી મુક્તિ, દુઃખનો અંત, સુખની ઉત્પત્તિ. અતીન્દ્રિય આનંદની હોં! એનું નામ ધર્મ છેને? તો દુઃખનો વ્યય, સુખની ઉત્પત્તિ અનંતકાળ રહે. ભલે સમયે સમયે હોય, પણ ભિન્ન-ભિન્ન છે. એવી આનંદની દશાનું કારણ ધ્રુવ ભગવાન આત્મા શુદ્ધ છે એમાં અશુદ્ધતા છે નહિ. ભાઈ! શુદ્ધાશુદ્ધ પર્યાયનો પિંડ. એય..! સાતમા અધ્યાયમાં આવે છેને, મોક્ષમાર્ગપ્રકાશકમાં. એ તો અપેક્ષાએ વાત છે. બાકી વસ્તુ તો શુદ્ધ ધ્રુવ શુદ્ધ જ છે ચિદાનંદ ધ્રુવ. આહા..હા..! શાશ્વત નિત્યાનંદ પ્રભુ એ શુદ્ધ છે અને એનો માર્ગ જે છે અંતર્મુખ થઈને, અંતર્મુખ થઈને બહિર્મુખથી ખસીને એ શુદ્ધ ભગવાન ધ્રુવધારા, ધ્રુવધારા ધ્રુવ વર્તે. એમ ને એમ છે... છે... છે... છે... એની અંદર દૃષ્ટિ આપતા એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય તે પણ શુદ્ધ છે, એમાં અશુદ્ધતા એને આશ્રયે ઉત્પન્ન થાય અથવા અશુદ્ધતાથી મોક્ષનો માર્ગ પ્રગટ થાય અથવા અશુદ્ધતાથી મોક્ષ થાય આવા ભેદ પાડે તે મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી! માર્ગ આવો છે. આ વ્યવહારરત્નત્રયને ઉડાડ્યું, ભાઈ! જેની પર્યાયમાં અશુદ્ધતા નથી એવી ચીજ છે ઈ. ઉત્પન્ન કરે છે તો મેલ નવો ઉત્પન્ન કરે છે. ભગવાન તો શુદ્ધ ચિદાનંદ આનંદની ખાણ અતીન્દ્રિય આનંદની ધ્રુવ ખાણ છે. જેટલો અંદર એકાગ્ર થાય તેટલો અંદર ખાણમાંથી આનંદ આવે, શુદ્ધતા આવે. અશુદ્ધતા આવતી હશે એમાંથી? અશુદ્ધતા તો પર્યાયના લક્ષે પરથી ઉત્પન્ન કરે છે. કેવળ પરથી ઉત્પન્ન થાય એવા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ મોક્ષનો માર્ગ અને માર્ગના બે પ્રકાર છે

એમ જે માને તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહેવું છે? કે વસ્તુ જે શુદ્ધ ધ્રુવ છે એ કારણ છે, નિર્મળદશા પ્રગટવાનું એ કારણ છે, પુણ્ય-પાપની ક્રિયા દયા, દાનની ક્રિયા નિર્મળ ઉત્પન્ન થવાનું કારણ નથી. ભગવાનની ખાણની શુદ્ધ મણિરત્નની ખાણ ગુણની એવો જે ધ્રુવ શુદ્ધ છે એનું અવલંબન લઈને પ્રગટે એ તો શુદ્ધ જ પ્રગટે. એ અશુદ્ધતા તો પરના લક્ષે થાય એ અશુદ્ધતા એના લક્ષે થઈ નથી. માટે તે અશુદ્ધતા મોક્ષના માર્ગમાં આવે અને એ મદદ કરે એવા ભેદ મોક્ષના બે પાડે, વ્યવહાર અને નિશ્ચયમોક્ષમાર્ગ બે છે એમ ભેદ પાડે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. પંડિતજી! વિશેષ કહેવાશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪૧, પ્રવચન નં. ૭૪૮

આ નિયમસારના અધિકારમાં શુદ્ધભાવ અધિકાર છે. ૪૧મી ગાથા ચાલે છે. શું આ કહે છે? આ આત્મપદાર્થ વસ્તુ છે એનો કાયમી સ્વભાવ પરમપારિણામિક જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ છે અને એની વર્તમાન દશામાં અથવા ત્યાં ત્યાં થતી અવસ્થાઓમાં હાલત-હાલત, સોનામાં ભિન્ન-ભિન્ન દશાઓ થાય, છતાં સોનું સોનાપણે સદૃશ્ય કાયમ એકરૂપ રહે છે, એમ આત્મા વસ્તુ સ્વરૂપે શુદ્ધભાવ નામ ધ્રુવ ચિદ્‌ઘન, આનંદઘન છે એને અહીંયાં વસ્તુસ્વભાવનું સત્તાપણું, જેને ધર્મ કરવો છે એને એ આશ્રય કરવાલાયક છે. એની દશામાં ચાર દશાઓ થાય છે એ આશ્રય કરવાલાયક નથી. એમ જરી ઝીણી વાત છે. એમાં આપણે બોલ તો ઘણા આવી ગયા છે. એમાં ૨૧ આ ઔદયિકના ચાલે છે. આ ગાથામાં શું કહેવા માગે છે? ... બોલો કહે છે એમાં. ક્ષાયિકભાવના આત્માની દશામાં એક સમ્યગ્દર્શન ઉપશમ થાય છે, એ પણ એક અસ્તિપણે હોય છે, હોય છે અને તે પોતાથી હોય છે એમ બે સિદ્ધ કરીને પછી ત્રીજી વાત કરે છે.

શું કહ્યું? સ્વયંસિદ્ધ છે. આત્મા શુદ્ધ આનંદઘન ધ્રુવનું ધામ છતાં એક સમ્યગ્દર્શન થોડો કાળ રહે અને જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય અને નીતરી જાય એમ આત્મામાં અલ્પકાળ થોડું ઉપશમસમ્યક્ કે જે લાંબો કાળ રહી શકે નહિ, પણ થાય છે એવી એક દશા છે અને એ દશાનું અસ્તિત્વ પોતામાં પોતાને લઈને પોતાથી છે. એમ ચારિત્ર ઉપશમના બોલ બધા ગયા છે. એમ ક્ષાયિક. આત્મામાં સમ્યગ્દર્શન એવું પ્રગટ થાય આત્માના અવલંબે કે જે કદી નાશ ન થાય. અને કેવળજ્ઞાન પરમાનંદદશાને પ્રાપ્ત એ ક્ષાયિકસમકિતને અને કેવળજ્ઞાનની ...

દશા થઈ જાય, એકાકાર થવાની એમાં કળા છે એવું ક્ષાયિકસમકિત પ્રગટ થાય એ પણ આત્માની દશામાં અસ્તિત્વ તરીકે હયાતી તરીકે છે અને તે હયાતી પોતાથી કરેલી છે. એવા નવ બોલ આવ્યા ક્ષાયિકસમકિત આદિ. ક્ષયોપશમના પણ અઢાર મતિ-શ્રુત આદિ. એ બધી દશાઓ, પર્યાયમાં, હાલતમાં છે. એ વ્યવહારનયનો વિષય પણ વર્તમાનમાં પોતામાં છે અને તે છે પોતાથી પણ એમાં કર્મના નિમિત્તની અપેક્ષા ચાર દશાઓમાં ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ આદિ અને આ ઉદય છેલ્લું ચાલે છે—નારકની ગતિ, મનુષ્યની ગતિ એવી આત્માની પર્યાયમાં એવી યોગ્યતા જીવમાં છે અને તે ગતિની યોગ્યતા પોતાને જ કારણે છે, એમાં કર્મનું નિમિત્ત ફક્ત છે. એ બધી દશાઓ વર્તમાન વ્યવહારનયનો વિષય છે એ આશ્રય કરવાલાયક નથી. આશ્રય તો ત્રિકાળ ચૈતન્ય પ્રભુ આનંદકંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ ધ્રુવ એ અંતર પરમાત્મસ્વરૂપ પોતાનું છે એનો આશ્રય કર્યે જીવને શાંતિ, સુખનો સાક્ષાત્કાર થાય, એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ. એ ગુણનું અસ્તિત્વ પણ વર્ણવે છે, સ્વતંત્ર સ્વતઃ વર્ણવે છે અને ત્રિકાળ તત્ત્વમાં એ નથી એમ પણ વર્ણવે છે.

જુઓ, અહીંયાં સુધી આવ્યું છે. ચાર ગતિ છે. ચાર ગતિ જીવની દશામાં છે. એ પોતાથી છે, પણ ઉદય છે. ઉદય એટલે ત્રિકાળ જ્ઞાયક આનંદમાં નથી, એની એક સમયની દશામાં એ ગતિની યોગ્યતા છે અને તે યોગ્યતા પોતાથી થયેલી છે, કર્મનું તો તેમાં નિમિત્તમાત્ર સંયોગ છે. એમ ક્રોધ, માન, માયા અને લોભ. એ ક્રોધ, માન, માયા, લોભ છે જીવની દશામાં. એ ક્રોધ, માન કોઈ જડના છે, જડે કરેલા છે એમ નથી. આત્માની વર્તમાન દશામાં કલુષિત લાગે, માન આવે, માયા, કુટિલતા, વક્રતા, લોભ એ એની દશામાં અસ્તિત્વ છે અને તે અસ્તિત્વ સ્વયં યોગ્યતાથી કરેલું છે, પણ તે ત્રિકાળી જ્ઞાયકમૂર્તિના અંદરમાં એક સમયનો વિકારનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ? એ થોડા લઈએ જુઓ. એ ચાર કષાય.

'**સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુસકલિંગ...**' સ્ત્રીલિંગ એટલે વિકારભાવની અહીંયાં વાત છે. સ્ત્રીપણાનો વિકાર, વાસના એ એની દશામાં એ સ્ત્રીપણાનો વિકારને લાયક હોય ત્યારે એની દશામાં વાસના હોય છે, પણ એ ત્રિકાળી તત્ત્વનો જ્યાં આશ્રય કરવા જાય તે આશ્રય (થતાં) એનું (વિકારનો) આશ્રય કરવું રહેતું નથી. સમજાય છે કાંઈ? એમ પુરુષલિંગ '**પુલિંગ...**' એના વેગમાં અંદર વાસના, અંતર વૃત્તિ વાસના થાય એ અસ્તિત્વ છે, હયાતી છે એ નવી કરેલી ઉદયની વિકૃતદશા એની અવસ્થામાં છે. પણ એના ત્રિકાળની વસ્તુની અંદર શરણ કરતા એ વસ્તુ અંદરમાં પ્રવેશ કરતી નથી. બહુ ઝીણું છે હોં. સોભાગચંદજી! હજી તો આવશે ... ત્રણ લિંગ. એમ એક નપુંસકલિંગ. વેદની વિકારતા. સ્ત્રી અને પુરુષ બેય સાથે વાસનાનો એક વિકલ્પ હોય છે, નપુસંકલિંગીઓને એને એની દશામાં હયાતી છે, છે. જેમ આ પાવૈયા કહેવાય છેને શરીરમાં, પણ અંદરમાં એ જાતના વેગની વાસના અંદર રહ્યા કરે, એવી એની દશામાં છે, પણ ત્રિકાળ આનંદકંદ ધ્રુવ ચૈતન્યની અંદર એ નથી. તેથી તેને એક સમયની

વિકૃત અવસ્થાને ઉદયભાવ તરીકે ગણી છે.

એમ પોતામાં '**સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...**' છે. એ આત્મા રાગવાળો, પુણ્યવાળો અને ત્રિકાળ આનંદ નહિ, પુણ્યથી ધર્મ થાય, પાપમાં સુખ છે એવી એક માન્યતા જીવની દશામાં છે. સમજાણું કાંઈ? એવી મિથ્યાદર્શન દશા છે. એ એક જ છે પણ. ઓલા બધા ભેદ હતા. અજ્ઞાન એક અને એક ને અસંખ્ય એ. વસ્તુના સ્વરૂપનું બેભાનપણું અથવા અલ્પજ્ઞાનપણું બેય અજ્ઞાનમાં જાય છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનતા એની દશામાં છે. ન હોય તો એને ટાળવાનું હોઈ શકતું નથી અને અસંયમ દશા. એના પર્યાયમાં આ ઉદયભાવનું અજ્ઞાન લેવું છે, ભાઈ! અસંયમ. રાગના અભાવનો ભાવ કરતો નથી એવો એક રાગભાવ, વિકારભાવ, અવ્રતભાવ, અત્યાગભાવ, અચારિત્રભાવ એ જીવની દશામાં અસ્તિત્વ છે, પણ એ ત્રિકાળ તત્ત્વની દૃષ્ટિ કરતાં તેમનો આશ્રય લેવા જેવો નથી. કોનો? આ અસંયમનો. ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય પ્રભુ એના આશ્રયથી આત્માને ધર્મ થાય છે.

એમ '**અસિદ્ધત્વ...**' એક અસિદ્ધપણું. જ્યાં સુધી પરમાત્મદશા આત્મા ન પામે ત્યાં સુધી અસિદ્ધ, પરમાત્માથી અભાવ-સ્વભાવરૂપ વિકાર એને અસિદ્ધત્વપણું દશા કહે છે. એ જીવની આત્માની વર્તમાન દશામાં છે. '**શુક્લલેશ્યા,...**' એક શુક્લલેશ્યા થાય છે. જીવના શુભભાવ. સમજાય છે કાંઈ? એક ઝાડનો દાખલો અપાય છેને? કે ભાઈ કેરીનું ઝાડ હતું આંબો. કેરી—અમ ઝાડ કહે છેને. છ માણસ કેરી ખાવા આવ્યા. એકે એવો વિચાર કર્યો કે આપણે છ જણા છીએ ને કેરી ખાવી છે. કાપો મૂળમાં કુહાડો. નીચે પડશે તો આપણે ખાશું. એવા ભાવને, આ એક દૃષ્ટાંત છે, એવા કોઈપણ કામની અંદર જીવની વર્તમાન દશામાં છ પ્રકારનો ક્લેશ નવા કર્મનું બંધન થાય એવો ક્લેશભાવ એને મલિનભાવ એને લેશ્યા કહે છે. એ લેશ્યા આત્માની અવસ્થામાં છે, એનાથી છે, અસ્તિ ધરાવે છે, પણ વસ્તુસ્વરૂપમાં એ ત્રિકાળમાં છે નહિ. એ વાત વધારે લંબાશે.

એ '**શુક્લલેશ્યા...**' એટલે પહેલી કૃષ્ણલેશ્યા કીધી. ઓલું ઝાડ કાપી નાખે. એવા માઠા પરિણામ. બીજો. એને કેરી તો ખાવી છે બીજાને, કે ભાઈ! આખું ઝાડ કાપીને શું કામ છે? પચાસ મણ કેરી ફળ ઘણા ખાઈ શકશું અને સારી એક ડાળ કાપોને નાની તો એમાં મણ કેરી નીકળી જશે. મણ માંડ ખાઈ શકશું. એ એના પરિણામ વળી એટલા. તો ઓલા કરતા કાંઈક મંદ પાપવાળા, મંદ પાપવાળા. ત્રીજાએ એમ કહ્યું કે ભાઈ! એવી મોટી ડાળ કાપીને શું કામ? નાની-નાની ડાળીના ઝૂમખા તોડી લ્યોને. તે આપણે છ જણા માટે. બસ છે. એનાથી કાંઈક મંદ પરિણામવાળા પાપના. પહેલા કીધા એ છેલ્લે આમાં બોલ છે ઈ. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા. હવે એનાથી '**પીતલેશ્યા,...**' ચોથાના એવા થયા કે ભાઈ! એમ શું કરવા? જે ડાળે કેરી હોયને ... શુક્લલેશ્યાવાળો છેલ્લો બોલ્યો ઉજ્જ્વળ પરિણામ શુભ છે. શું કરવા... આપણે તોડવાની જરૂર નથી. આ છએને કેરી ખાવી છે પણ એના

પરિણામની જાતમાં હીનાધિકતા છ પ્રકારે હોય છે. સમજાય છે કાંઈ? એમ એકનો એક ધંધો, એકનું એક કામ કરનારમાં છ પ્રકારના પરિણામની જાતમાં ફેર પડે છે. રતિભાઈ! બરાબર હશે? એમાં રાંધનાર હોય, ખાનાર હોય, એમાં બધામાં પરિણામમાં છ પ્રકારના ફેર પડે. કોઈની તીવ્રતા, કોઈની મંદતા, કોઈની મંદતમ કોઈની કાંઈ કાંઈ એવા પ્રકારના ભાવ હોય. એ ભાવને અહીંયાં લેશ્યા કહેવામાં આવે છે કે જે લેશ્યા નવા કર્મબંધનનું કારણ છે, પણ એ અવસ્થા આત્માની દશામાં આત્માથી થયેલી છે. સમજાણું કાંઈ? પહેલી શુક્લ, બીજી પદ્મ, ત્રીજી પીત એ શુભ છે, પુણ્યબંધનનું કારણ છે, પણ આત્માની દશામાં છે. આ અનાદિની વાત જીવની પર્યાયમાં છે ઈ.

**'કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા...'** એ ત્રણ માઠી લેશ્યા અશુભભાવ છે. **'એવા ભેદને લીધે લેશ્યા છ.'** છે. એ આત્માની પર્યાયમાં કામ કરનારા જીવના કાળમાં આવા પ્રકારના તારતમ્યભાવ છે, પણ એ ત્રિકાળી વસ્તુ ચિદાનંદ ધ્રુવ ભગવાન એનો આશ્રય કરવા માટે આ શુભલેશ્યાનો આશ્રય છોડવો પડે. એ શુક્લલેશ્યા પણ આત્માને આશ્રય કરવાલાયક નથી. ઓહો..! સમજાણું કાંઈ? શુક્લ. શુભભાવ છે, હોય. પૂજા, ભક્તિ, દાન, દયા, એવા વ્રતના કોઈ શુભભાવ હોય, છે, પણ એનો આશ્રય કરીને જીવને ધર્મ થાય એમ ત્રણકાળ ત્રણલોકની અંદર વસ્તુની સ્થિતિમાં નથી.

હવે **'પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે :'** જરી ઝીણી વાત છે. સ્વભાવભાવ છે જીવનો, ત્રિકાળ ભાવ જીવનો એના પારિણામિકના ત્રણ. **'જીવત્વપારિણામિક,...'** આત્માનું જીવપણું જે અનાદિ-અનંત એ સદાય એમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવતી નથી એવો એ જીવત્વપરિણામી. એક **'ભવ્યત્વપારિણામિક...'** ભવ્યરૂપી યોગ્યતા જીવમાં પરિણામિકભાવે છે, જે મોક્ષને લાયક થવાની એનામાં યોગ્યતા છે. એવી એક આત્મામાં ભવ્યત્વ નામનો સહજ પરિણામ કર્મની અપેક્ષા વિના એનામાં એક ધર્મ એવો રહેલો છે અને એક **'અભવ્યત્વપારિણામિક.'** એ કોઈ દિ' મુક્તિને પામે નહિ, આપણે આવી ગયું છેને આમાં. નહોતું આવ્યું? શેમાં? આ દાખલો એ જ ચાલે છેને આપણે, સમયસારમાં સવારમાં, કે અભવિ આવા વ્યવહારનયનો આશ્રય અનંતવાર કર્યો છતાં એનો એક જન્મ-મરણ અને ભવ ઘટ્યો નહિ, કેમકે એ બંધનું કારણ છે. એ અભવ્યજીવ પણ એનો સ્વભાવ જ એવો છે, પારિણામિક સ્વભાવ જ એવો છે, કોઈએ કરેલો છે નહિ. કે બહુ પાપ કરે તો અભવિ થાય અને બહુ પુણ્ય કરે તો ભવિ થાય... ચંદુભાઈ! એમ હશે કે નહિ? એમ પ્રશ્ન આવતા પહેલા ઘણા.

એકવાર ધારશીભાઈનો પ્રશ્ન આવ્યો હતોને એક ફેરી? ધારશીભાઈ નહોતા ગોંડલમાં? ડૉક્ટર. .. હતા એ? હા એ. ઘણા વર્ષ પહેલાં પ્રશ્ન આવ્યો હતો. સંપ્રદાયમાં આવ્યા હતા. બહુ પાપ કરે તો એમ કે આ જીવ અભવ્ય થતો હશે? એ તો એક સ્વભાવભાવ જ એવો

જ કોઈ જીવની બે જાત છે કે એ ધર્મને પામવાને લાયક અને એક ધર્મને પામવાને ન લાયક કોરડું મગ-મઠ જેવા જીવ છે. પણ એ જીવ બહુ થોડા છે, પણ એ જીવની એક જાતમાં આવો એક પ્રકાર છે એમ સિદ્ધ કરવું છે.

'**આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...**' જુઓ, ભવ્યજીવ જે મોક્ષને લાયક છે એમાં જીવત્વપણું અને ભવ્યપણું બેય હોય છે. '**ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...**' શું કીધું? જીવત્વપારિણામિકભાવ ભવ્ય તેમ અભવ્ય બેયને હોય છે. જીવત્વભાવ એ તો ભવ્યજીવ અને અભવ્ય બેયમાં હોય છે અને ભવ્યત્વભાવ એ ભવ્યને જ હોય છે. અને '**અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.**' આ બોલોનું અસ્તિત્વ સિદ્ધ કર્યું એના જ્ઞાનમાં આવવા માટે. અસ્તિપણે આ બોલ છે એમ એણે જ્ઞાનમાં પહેલું લાવવું જોઈએ. પછી કહે છે '**આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.**' હવે એ '**પાંચ ભાવ મધ્યે...**'

**શ્રોતા :-** આ ભાવમાં કોઈ આશ્રયયોગ્ય ભાવ ખરો કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યો? એ આ પારિણામિકભાવ ત્રિકાળ એક. એ કહે છે જુઓ, આવે છેને.

'**પાંચ ભાવ મધ્યે...**' પાંચ કીધા. યાદ પણ નહિ રહે આ. કોઈ દિ' પણ અભ્યાસ ન મળે. પહેલો ઉપશમદશા—કાંઈક ઠરેલું પાણી મેલ નીચે હોય પણ અંદર ઠર્યું હોય એવી એક દશા થાય જીવની; એક ક્ષાયિક-જે પાણી નીતારીને કાઢે અને મેલરહિત થઈ ગયું હોય- એક ક્ષયોપશમ—કંઈક મેલ અને કંઈક નિર્મળતા એવી એક દશા. એક ઉદય—એ તદ્દ્ન મેલવાળી દશા યોગ્યતાવાળી. એવા ચાર પ્રકારની દશા અને એક ત્રિકાળી પારિણામિક સ્વભાવભાવ. ઓહો..હો..! ઘરની ચીજમાં શું છે અને આ દશા શું એની કોઈ દિ', સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથથી સિદ્ધ થયેલી વાત એણે કોઈ દિ', વિચારમાં લીધી નહિ, અંતરમાં અમલમાં મૂકી નહિ. એ '**પાંચ ભાવ મધ્યે...**' હવે જરી ક્ષાયિકના વખાણ કરે છે હોં!

**શ્રોતા :-** આશ્રય માટે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રય માટે નહિ.

આત્મામાં ત્રિકાળ અખંડાનંદ પ્રભુ એનો આશ્રય કરીને એક દશા એવી પ્રગટ થાય કે જે પર્યાય છે, હાલત છે, દશા છે અને એ દશા કોઈ દિ' નાશ ન થાય. તેને અહીંયાં '**ક્ષાયિકભાવ કાર્યસમયસારરૂપ છે;....**' કાર્યસમયસારસ્વરૂપ છે. ભાષા પણ ક્યાંય ન સાંભળી હોય એવી છે. શું કહે છે? આત્મામાં જ્યારે સર્વજ્ઞપદ પ્રગટ થાય છે, ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ એમાં એકાકાર થઈ અને એની વર્તમાન દશામાં જે કારણપ્રભુ ત્રિકાળ અખંડાનંદ પોતે છે એનો આશ્રય કરીને જે કાર્યદશા, કાર્યદશા. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંતવીર્ય એવી દશા જે પ્રગટ થાય એને કાર્યસમયસારસ્વરૂપ કહેવામાં આવે છે. ત્રિકાળી

વસ્તુને કારણસમયસારસ્વરૂપ અને પ્રગટેલી પૂર્ણ નિર્મળદશાને કાર્યસમયસારસ્વરૂપ (કહે છે). સમજાય છે કાંઈ? સોભાગચંદજી! વાંચ્યું પણ નહિ હોય આ નિયમસાર એટલે ક્યાં ખબર છે કાંઈ? દિગંબરમાં જન્મ. શું કહ્યું?

એ આત્મવસ્તુ છે એ ત્રિકાળી આનંદકંદ સચ્ચિદાનંદ ધ્રુવ ચૈતન્ય એને ભગવાન કારણસમયાસર કહે છે કે જેની ખાણમાંથી કાર્ય પૂર્ણાનંદની દશા પ્રગટ થાય. એ પૂર્ણ આનંદની દશા, કેવળજ્ઞાનની દશા જે પ્રગટરૂપે કાર્યરૂપે થાય એને કાર્યસમયસાર કહે છે, કાર્યપરમાત્મા કહે છે, કાર્યજીવ કહે છે, પૂર્ણ પવિત્ર સિદ્ધદશા એને કહે છે. એ સિદ્ધ કહો, કેવળજ્ઞાન મોક્ષદશા કહો, પણ અહીં તો હજી નીચે લેવું છેને અહીંયાં. '**તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...**' ઉદયભાવવાળો અહીં ભાઈ લીધો ક્ષાયિક. અહીં એની ઉપદેશતા છેને? જ્યારે આત્મા પોતાના સ્વભાવની સંભાળ પ્રગટ કરી અને એની દશામાં સર્વજ્ઞપદ પ્રગટ થાય કે જે પદ પ્રગટ્યા પછી પૂર્ણ દશા સાદિ પ્રગટી તે અનંતકાળ એનો અનુભવ રહ્યા કરે. તેવી કાર્યદશા જે ત્રિલોકમાં, '**ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...**' નીચે છે '**પ્રક્ષોભ = ખળભળાટ (તીર્થંકરના જન્મકલ્યાણાદિ પ્રસંગે...**' એ પરમાત્મદશા જેને જે ભવમાં પૂર્ણ તીર્થંકરપદની દશામાં પ્રાપ્ત થવાની છે એના જન્મ વખતે, દીક્ષા વખતે, ગર્ભ વખતે અને કેવળ વખતે અને મોક્ષ વખતે '**ત્રણલોકમાં આનંદમય ખળભળાટ થાય છે.)**' એ દશા જ્યારે જન્મવા અહીં પૂર્ણ થવાની જે દેહમાં હોય એ જ્યાં જન્મે, ત્રણલોકમાં આનંદ થઈ જાય ખળભળાટ થોડો. ઓહો..હો..! નરકમાં નારકીને પણ ક્ષણ જરી શાતા થાય. એવી કોઈ યોગ્યતા એનામાં હોય ત્યારે આ પ્રસંગ ઊભો થાય. સ્વર્ગના દેવોને પણ એકવાર ચમત્કાર થઈ જાય. કોણ પુરુષ જન્મ્યો? જેને એ ભવમાં તીર્થંકર થઈને કેવળજ્ઞાન પામીને પરમાત્મદશા પૂર્ણ થવાની છે એના જન્મકાળથી તીર્થંકપણાની પ્રકૃતિને કારણે પ્રાપ્ત થતા સકળવિમળ કેવળજ્ઞાનથી તીર્થનાથને. એવા જે તીર્થંકર ભગવાન સકળ-વિમળ કેવળજ્ઞાન જેને પ્રગટ્યું છે.

'**(તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને)...**' બેય લેવા. '**અથવા સિદ્ધ ભગવાનને...**' ત્રણે લીધા. પહેલાં અહીંની લીધી ઉપદેશ વાત. એને '**ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને હોય છે, મુક્ત જીવોને નહિ.**' શું કીધું? એ આત્માનું કાર્યપણું જ્યાં આનંદનું પ્રગટ્યું અને કાર્યજીવ આત્મા થયો, એ કાર્યજીવ થયો. લ્યો, એ જીવકાર્ય. કારણજીવ અને કાર્યજીવ એ પણ સાંભળ્યું નહિ હોય કોઈ દિ'.

**શ્રોતા :-** ઈ વાત ચાલતી નહોતી. સંયમ, તપ કરો એ ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું સંયમ તપ? ધૂળમાં સંયમ ક્યાંથી આવ્યા પણ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન પૂર્ણાનંદ તેને કારણસમયસાર કહે છે, એને કારણપરમાત્મા કહે છે, એને કારણજીવ કહે છે, એને પરમપારિણામિકભાવ કહે છે. એના અવલંબનથી જે આત્માની દશા પૂર્ણ શાંત ને જ્ઞાન અને આનંદ પૂર્ણ પ્રગટ દશા (પ્રગટ થાય) એને કાર્યસમયસાર કહે

છે, એને કાર્યપરમાત્મા કહે છે, એને કાર્યજીવ કહે છે. સમજાય છે કાંઈ? એમ કહેવાનું કારણ છે. એ કાર્યદશા એ કારણ ત્રિકાળ પરમાત્મદશા આત્માનો સ્વભાવ એમાંથી આવે છે, કોઈ રાગમાંથી નહિ. ક્ષાયિકસમકિત પહેલું થયું હોય એનાથી તે કાર્યદશા થતી નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

હવે કહે છે જરી... આ વાત જરી આવી ઝીણી જુઓ, કે અર્થ કરવો માણસને સમજવો કઠણ પડે. '**પૂર્વોક્ત ચાર ભાવો...**' ક્યા ચાર ભાવ? એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉદય. એક વિકારીભાવ, એક વિકારની ઉપશમભાવ એટલે ઠરેલી દશા, એક ક્ષાયિક એટલે તદ્દન નિર્મળદશા અને એક કાંઈક મલિન અને નિર્મળદશા—એવી દશાઓના જે ચાર પ્રકાર આત્માની અવસ્થામાં છે એ '**આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.**'

**શ્રોતા :-** ક્ષાયિકભાવ અને ઉપશમભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ક્ષાયિકને આવરણસંયુક્ત કહ્યું છે એનું કારણ કે એમાં કર્મની નિમિત્તની અપેક્ષા આવે છે અને એ ક્ષાયિક દશાનો આશ્રય કરવા જાય તોપણ રાગ અને વિકલ્પ ઉત્પન્ન થાય છે.

**શ્રોતા :-** સિદ્ધમાં ક્ષાયિક ન હોયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધમાં હોયને ક્ષાયિક. ક્ષાયિક અને પારિણામિક બેય હોય એને. પારિણામકભાવ એનું દ્રવ્ય અને નિર્મળદશા થઈ ક્ષાયિક. લ્યો, હવે આપણા મોહનલાલભાઈ! ભાઈ! સિદ્ધમાં ક્ષાયિકભાવ હોય. આ શેનું કેવળજ્ઞાન, કેવળદર્શન કીધું? કાર્યસમયસાર. સિદ્ધ એટલે આત્માની પૂર્ણ શુદ્ધ દશા, પૂર્ણ આનંદ અતીન્દ્રિય આનંદનો અનુભવ એને કાર્યદશા કહે છે, એને ક્ષાયિકદશા કહે છે, કાર્યસમયસાર કહે છે, કાર્યપરમાત્મા અને કાર્યજીવ કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! બાપુ! એ દશાઓ છે. એ મોક્ષ પણ એક હાલત છે. એ હાલત નવી પ્રગટેલી છે અને વસ્તુ જે ધ્રુવ છે એ અનાદિ-અનંત એકરૂપ છે. સમજાણું કાંઈ? પંડિતજી! બહુ સૂક્ષ્મ વાત છે. જુઓ, વિભાવ શું કરવા (કહ્યું)? કે વિશેષ દશા છે, એ ત્રિકાળી નથી. જુઓ!

'**ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.**' અહીં તો સિદ્ધ આ કરવું છે કે ભગવાન આત્મા એટલું દળ મધ્ય જેમ દરિયામાં પાણીની છોલમછોલ પડી છે અંદરમાં એ મધ્યમાંથી ઉછળે ત્યારે દશામાં ભરતી આવે છે, એમ ભગવાન આત્મા અંતર્મુખના મધ્યબિંદુમાં એની અંદરમાં ધ્રુવપણામાં બેહદ જ્ઞાન અને આનંદ, શાંતિ પડી છે આ એનો લક્ષ અને આશ્રય કરે તો ધર્મ પ્રગટ થાય છે. આવી ચાર દશા આશ્રય કરવાલાયક છે નહિ. સમજાણું કાંઈ? એથી એ ચારને આવરણસંયુક્ત કહ્યા છે અને તેથી એ ચાર મુક્તિનું કારણ નથી. મુક્તિની દશા મુક્તિનું કારણ નથી. મુક્તિની દશા એ ત્રિકાળ દ્રવ્યના કારણે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? ભાઈ! આ તો વિષય જરી અમારા બેયે માંગ્યો

છેને. લાલચંદભાઈ, ચંદુભાઈ બધાય છેને. અમારે દેવશીભાઈ એ તો મુંગા સંતોષી જીવ. કહો, સમજાણું કાંઈ? સમજાણું? અરે! ભાઈ! એના ઘરના કેટલા ગોદડા અને ગાદલા એટલી ખબર હોય, સરિયા કઈ જાતના કઈ બારીમાં નાખ્યા એની ખબર હોય. ડૉક્ટરને ખબર હોય કે આટલી બાટલી હમણા ઉતરશે મુંબઈમાંથી. એય..! ચંદુભાઈ! શું કહેવાય એને? સ્ટોર કહેવાય કે શું કહેવાય માલ લાવો છો?

**શ્રોતા** :- સ્ટોકમાં રાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્ટોકમાં રાખે, હા. એય..! પ્રવિણભાઈ! આટલો માલ અહીંથી આવ્યો ને આ સંચા લાવ્યા છે અને આ લોઢા. અમારે ભાઈ છેને નવરંગભાઈ. હથિયાર રાખે છેને બધા કઈક જાતના ઓલા લોઢાના. ઉજળા. એક ફેરી ગયા હતા, જોયા હતા અંદર આમ કપાટમાં (રાખ્યા હતા). બધી ખબર હોય કે નહિ? કેટલાના લાવ્યા? કેટલા ગયા અને કેટલા ખૂટ્યા અને કેટલાની ધારું ઓછી થઈ એ બધી ખબર હોય, લ્યો! જેનો ધંધો કરવો હોય એની ખબર હોય કે નહિ એને? થાય કે નહિ ધંધો એનાથી એની વાત નથી અહીંયાં. એમ ભગવાન આત્મામાં શું શું ચીજ છે? એની શક્તિઓ શું છે? એ શક્તિવાનનું એકરૂપ દ્રવ્ય શું છે? એની દશાઓના પ્રકાર શું છે? અને એ દશાની કેવી સ્થિતિની હદ છે? ખબર વિના એ ક્યાં જાશે અને કોને શરણે જાશે?

કહે છે, ભગવાન આત્મા એક સ્વરૂપે પ્રભુ ત્રિકાળ પરમસ્વભવભાવનો ઘન, ધ્રુવ દરિયો છે એની આ ચાર દશાઓ એ આશ્રય કરવાલાયક નથી. ધર્મીને નીચે ક્ષાયિકસમકિત થાય, શુદ્ધ ક્ષાયિકસમકિત આશ્રય કરવાલાયક નથી. એને આશ્રયે ધર્મની વૃદ્ધિ થતી નથી, એને આશ્રયે ધર્મ વધતો નથી અને શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તેમ મુનિને ચારિત્રદશા પ્રગટી હોય, ભાવલિંગ સંત સાચા અંતર આનંદમાં ઝૂલતા. ક્ષણમાં વિકલ્પ અને ક્ષણમાં નિર્વિકલ્પ એવા આનંદમાં ઝૂલતા સંતો એવી ચારિત્રદશા જેને પ્રગટી પણ એ ચારિત્રદશા આશ્રય કરવાલાયક નથી. કારણ કે એક સમયની પર્યાય એ આશ્રય કરવા જાય તેને રાગ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સોભાગચંદજી! આ તો વાત અલૌકિક અગમ-નિગમની છે.

પૂર્વોક્ત—પૂર્વ ઉક્ત નામ પૂર્વે કહ્યા તે ચાર ભાવ એટલે ચાર દશાઓ આવરણસંયુક્ત. અર્થાત્ તેમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે પણ નિરપેક્ષ ચિદાનંદ મૂર્તિ એ ચાર દશામાં હોતો નથી માટે તેને આવરણસંયુક્ત કહ્યું છે અને ત્રિકાળી પરમ સ્વભાવભાવ એક ધ્રુવ એને આવરણ વિનાનો નિરપેક્ષ પદાર્થ કહ્યો છે. સમજાણું કાંઈ? એ '**મુક્તિનું કારણ નથી.**' આહા..હા..! ભગવાન મૂળ કારણ છે. એક કારણજીવ જે ત્રિકાળ ચિદાનંદની મૂર્તિ. કારણપ્રભુ કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, એવો ત્રિકાળ સ્વભાવભાવ એક જ આત્માને મુક્તિના મોક્ષનું, શાંતિનું કારણ છે. આ ચાર દશા મુક્તિનું કારણ નથી. હજી તો અહીં રાડ

પાડે છે, પ્રકાશચંદજી! અમારે કષાય મંદ મુક્તિનું કારણ થાય છે. અરે! અહીં તો કહે છે તારો કષાય મંદ તો ક્યાંય રહી ગયો. એ તો ઉદયભાવ છે, વિકાર છે, વિકૃતભાવ છે, પણ એની દશામાં ધર્મીને પ્રગટેલી દશા એ દશા દશાના આશ્રયથી નવી દશા થતી નથી. આહા..હા..! સમજાણું આમાં?

એક દાખલો આપણે આપ્યો નહોતો પીપરનો? આમાંથી જ દાખલો લ્યો. હજાર પહોરી આ થાય છેને અબરખ. હજાર પુટી આ અબરખ-અબરખ. એ બાજુમાં બહુ હોય ત્યાં છેને ગીરડી ગીરડી. ત્યાં તો અબરખના મોટા કારખાના છે. આમ રસ્તામાં તો ઘણા અબરખ દેખાય છે. ત્યાં કારખાના મોટા હોય છે. એ અબરખના પરમાણુના સ્કંધમાં એવી તાકાત છે... સ્કંધની વાત છેને? એને અગ્નિનું નિમિત્ત અને એમાં પોતાની લાલપ થવાની તાકાત. એક ભઠ્ઠી, બે ભઠ્ઠી, ત્રણ ભઠ્ઠી કરતાં-કરતાં હજાર હજાર પુટી આપતા પહેલા હોં! અત્યારે તો બધું પછી થોડુ-ઘણું કરીને પૂરું કરતા હશે. પહેલાં તો હજાર પુટી આપતા ત્યારે ચોખ્ખી હતી. ભાઈ! આપણે ઓલું કહેતાને, ગનીભાઈ હતા ઈ કહેતા હજાર પુટ મેં આપ્યા. પહેલાં તો ત્રણ આનાના હજાર છાણા મળતા કહે. ગામડાની વાત છેને અને ૪૦ વર્ષ પહેલાંની વાત છે. ત્રણ આનાના હજાર. આ છાણા કરે છેને આ ગોબરના નહિ? .. નાખીને, ઘાસ નાખીને આ બાયું કરે કે નહિ ઓલા કરીને આવા? એ પહેલાં ત્રણ આનાના હજાર મળતા. એ વખતે કહે, મેં હજાર પુટી અબરખ કરી છે એમ કહેતા હતા.

એક મુલસમાન છે. ગનીભાઈ ત્યાં રહેતા. હકીમ અમારે ત્યાં રહેતા. એને બિચારાને એક જ દીકરો મરી ગયા પછી ગારિયાધાર ગયા. બહુ નરમ. વ્યાખ્યાનમાં કાયમ આવે. વ્યાખ્યાનમાં કાયમ આવે. અનુભવપ્રકાશ ચાલતું ત્યારે એવો રસ પડે એને. સમજાણું કાંઈ? ...ભાઈ આવ્યા છે કે નહિ? ક્યાં છે? નથી આવ્યા? સમજાણું આમાં? એ પોતે વ્યાખ્યાનમાં આવ્યા. તત્ત્વની વાત બહુ રુચે અને બહુ ગોઠે એને. એ કહેતા કે અમે હજાર પુટ દીધેલા છે. છાણા એવા સોંઘા મળતા. એકવાર, બે વાર, ત્રણ વાર, પછી ૩૦ રૂપિયા અને ૩૨ રૂપિયા લેતા એક તોલાના. એક તોલો. એટલે ત્યાં હતો. દોઢ તોલો હતો. એ બધી કૃત્રિમ. એ હજાર પુટીની તાકાત એનામાં હતી કે નહિ? કે અગ્નિએ આપી? અગ્નિ આપે તો કોલસાને કરો, કોલસો બળી જશે ભડાક દઈને રાખ. એ હજાર પુટીની તાકાત એના સત્ત્વમાં અંદરમાં પડી છે. એક પુટી, બે પુટી, ત્રણ પુટી, ચાર પુટી, પાંચ કરતાં... કરતાં... કરતાં... ૯૯૯ (પુટી આપે) અને હજાર બહાર પ્રગટી એ બધી દશાઓ છે. એ હજાર પુટીની તાકાત અંદર પડી છે એની આ બધી દશાઓ છે.

એમ ભગવાન આત્મામાં પૂર્ણાનંદ ને જ્ઞાનનું સત્ત્વ જે પડ્યું છે એ અનંત કેવળજ્ઞાનાદિ પ્રગટ થાય એવું અનંત-અનંતકાળ કેવળજ્ઞાન થયા કરે એની તાકાત અંદરમાં ધ્રુવમાં પડી છે. એ ધ્રુવના તાકાતમાંથી પ્રગટેલી કોઈ વિકાર વર્તમાન, એમાંથી વિકાર નહિ, પણ એને આશ્રયે

વર્તમાન પર્યાયમાં પ્રગટ વિકાર ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચારેય દશાઓ હોવા છતાં ચાર દશા મુક્તિનું કારણ એ પૂર્ણ દશા થઈ એ હજાર પુટીનું કારણ હજાર પુટી નથી. એમ હજાર પુટી થઈ એનું કારણ ૯૯૯ નથી. કારણ કે પૂર્વે ૯૯૯ થઈ એ તો વ્યય થઈ જાય. હજાર પુટીનું કારણ ૯૯૯ નથી. એમ હજાર પુટીનું કારણ હજાર પુટી નથી. એ વાત દાખલો છે આ તો હોં. એમ ભગવાન આત્મા એના એક સમયમાં, જેમ ઓલા હજાર પુટીની તાકાત પડી છે અંદર અને પ્રગટ દશાઓમાં થાય તો એ દશા પાંચ પુટી, પચાસ પુટી, સો પુટીનું કારણ એ દશા નથી, એમ પૂર્ણ પુટી હજારનું એ દશા કારણ નથી. કારણ તો એ ત્રિકાળ અંદર શક્તિ પડી હતી એ કારણ છે. એમ ભગવાન આત્મા એમાં કેવળજ્ઞાન અને મુક્તિ થાય એ મુક્તિનું કારણ એ મુક્તિ નથી. એ મુક્તિનું કારણ નથી.

**'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** હવે કોણ કહે છે એનું કારણ? ઝીણી વાત છે. એણે કોઈ દિ' જીલી નથી. શાસ્ત્રના ભણનારાએ પણ ભણીને આ સમજતા નથી અંદર કે આ શું કહે છે? સોભાગચંદજી! પુસ્તક છે કે નહિ? ... **'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** દેખો! ઓલામાં આવરણ કીધુંને, ત્યારે આને નિરુપાધિ કીધું. ભગવાન આત્મા એની એક દશાઓ આ ચાર પ્રકારની હાલતો (થાય) એ હાલતમાં તો પરની અપેક્ષા આવે અથવા નવી પ્રગટ થાય છે. માટે તેને આવરણસંયુક્ત કહીને એ દશા મુક્ત દશા તે મુક્તિનું કારણ નહિ, કેવળજ્ઞાન દશા તે કેવળજ્ઞાનનું કારણ નહિ. મોહનલાલભાઈ! ત્રિકાળ. સમજાણું કાંઈ? **'ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ઓહો..! ભગવાન આત્મા અંદર ત્રિકાળ નિરુપાધિ. ઉપાધિ નથી, અલ્પતા નથી, વિકારતા નથી, વિશેષતા નથી, સામાન્ય એકરૂપ. એકરૂપ જેનું સ્વરૂપ **'એવા નિરંજન નિજ પરમ પંચમભાવની...'** લ્યો, આ આશ્રય કરવાલાયકની વાત આવી આ.

**'એવો નિરંજન...'** રાગ અને મેલ વિનાની ત્રિકાળ એ ભગવાનદશા. દશા એટલે? દ્રવ્યની અવસ્થા. એ દ્રવ્યસ્વરૂપ નિરંજન-અંજન નથી. **'નિજ પરમ પંચમભાવ...'** પાછી ભાષા આ છે. પોતાનો પરમ પંચમભાવ. ભગવાનનો ભાવ તે અહીં કામ કરે નહિ. **'નિજ પરમ પંચમભાવ...'** પાછો. પરમ કેમ કીધો? કોઈ અપેક્ષાએ પર્યાયને પારિણામિક પણ કહેવાય છે. એ શું વળી પાછું? શું કીધું? કોઈ અપેક્ષાએ તો રાગ થાય છેને એને પણ પારિણામિકભાવ કહેવાય છે. પર્યાય. કારણ કે એ પરિણમે છેને એ પોતે વિકારપણે એ અપેક્ષાએ. નિમિત્તની અપેક્ષાએ એને ઉદય કહેવાય. એમ ચારેય દશાઓને પારિણામિક એટલે ત્રિકાળીની દશા તરીકે ગણીને પારિણામિક અવસ્થા પણ કહેવામાં આવે. તો આ જે ત્રિકાળી વસ્તુ છે એ તો પરમ પંચમભાવ છે. સમજાણું કાંઈ? આ ભાષા! પણ બાપા! આ પણ સમજવું પડશે કે નહિ એને? એના ઘરમાં ક્યાં મૂડી છે? ક્યાં મૂડી કેમ પ્રાપ્ત થાય છે? એ બધી એને ખબર અને આની ખબરું નથી. તેથી આ બધા ઝઘડા ધર્મને નામે ચાલ્યા છે. ઓલો

કહે કે અહીંથી ધર્મ થાય, ઓલો કહે કે અહીંથી થાય, હવે સાંભળને. તત્ત્વની શક્તિનું પૂર્ણ સામર્થ્ય જ્યાં પડ્યું છે એ કેમ છે? અને એને આશ્રયે ધર્મ થાય એની ખબરું વિના બીજે ડોકીયા મારે એ ત્રણકાળમાં એને ધર્મ થાતો નથી.

'**નિરંજન નિજ પરમ પંચમભાવ...**' ઓલું આવરણવાળું તો આ નિરંજન નિજ પરમ ભાવ '**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' ઉપાધિ વિના નાસ્તિ કીધી, પણ '**નિરંજન નિજ પરમ પંચમભાવ...**' અંજન વિનાનો પંચમસ્વભાવ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અવસ્થા વિનાનો ત્રિકાળ ધ્રુવ. એ ભાવનાથી, એની ભાવનાથી. ભાવનામાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ આવ્યો, પણ ભાવના છે ત્રિકાળીની. ત્રિકાળ પરમ પારિણામિકમાં એકાગ્રતા એનો જે આશ્રય એનાથી '**પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે,...**' એ ભગવાન પરમાનંદ ત્રિકાળ અંતર વ્યાપક ચૈતન્યપ્રભુ પૂર્ણ સ્વભાવ એની ભાવના એટલે એમાં આશ્રય કરીને એકાગ્રતા, એમાં એકાગ્રતાથી પંચમગતિએ કેવળજ્ઞાન પરમાત્માદશાને મુમુક્ષુઓ વર્તમાન કાળે જાય છે. શું કહે છે? ત્રણકાળને સિદ્ધ કરશે અહીંયાં. આહા..હા..! કોઈ બીજો માર્ગ નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.'

જ્યારે જ્યારે વર્તમાનમાં, ભૂતમાં કે ભવિષ્યમાં આત્મા મુક્તિને, મોક્ષને, શાંતિને, આનંદને સમાપ્ત અંતને પામે, સંસારના અંતને પામે અને મોક્ષની શાંતિને પામે એ પંચમભાવની ભાવનાથી. એ રાગની ભાવના અને ઉપશમ અને ક્ષાયિકની ભાવનાથી નહિ. સમજાય છે કે નહિ આમાં? ...ભાઈ! ભારે ઝીણું પણ આવું. સંપ્રદાયમાં તો વાતું ચાલે તો ઓલા .. કરે હોં! અરે! આવું નહિ, એ આવું નહિ, ઓલા કહે એકાંત છે રે એકાંત. અરે..! સાંભળને હવે, તને એકાંત-અનેકાંતની શું ખબર પડે? અહીં તો કહે છે કે એકાંત ભાઈ આમ કહે છે આ તો. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિર્મળ ધ્રુવ અંદરમાં શક્તિનો ભંડાર. હજાર પુટી જેમ તાકાત પડી છે, પીપરમાં ચોસઠ પહોરી જેમ તાકાત પડી છે, એમ અંતર જેનું સ્વરૂપ એમાં પૂર્ણ તાકાત કારણ શક્તિમાં પડી છે. એનો આશ્રય કર્યે, એની ભાવના કર્યે વર્તમાનમાં મુમુક્ષુઓ કેવળજ્ઞાનને પામે છે, ભવિષ્યકાળે પણ એ જ ભાવનાથી કેવળજ્ઞાનને પરમાત્મદશાને પામશે અને ભૂતકાળે પણ એમ જતા હતા. ત્રણકાળની વાત સિદ્ધ કરી દીધી. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે છેને ભાઈ! કે વ્યવહારે જીવીયો. સાંભળને એમાં ગપેગપ માર્યા છે. એ ઘણાં તો વ્યવહાર કરતાં-કરતાં ગયા. અરે..! વ્યવહાર ઘણો સારો હોય એની અંદરમાં એ મોક્ષનું કારણ થાય. એ રાગ માર્ગ તો એક વ્યવહાર છે. મોટા ભૂલમાં, શલ્યમાં પડેલા પ્રાણીઓ છે. શું કીધું? કેટલાક કહે, ભાઈ! નિશ્ચય છે એ તો બરાબર છે. એ કોઈ નિશ્ચયને આશ્રયે થોડા જાય, પણ ઘણાં જીવ તો વ્યવહાર કરતાં-કરતાં ઘણો કરે પછી નિશ્ચય પામે, વ્યવહારે ઘણા જીવ મોક્ષે જાય, એ વાત ત્રણકાળ, ત્રણલોકમાં એકેય અંશ વાત સત્ય છે નહિ. સમજાણું

આમાં?

એથી અહીંયાં મુનિરાજ પદ્મપ્રભમલધારીદેવે એ ટીકા કરતા પાઠનો આશય લઈને કહે છે, જે કોઈ અનંતકાળમાં, અનાદિકાળથી મુક્તિ કરતા આવ્યા છે, અનાદિ કાળથી રઝળતા આવ્યા છે. જે કોઈ મુક્તિને પામ્યા અનંતકાળમાં શાંત આનંદની દશાને એ આત્મા ત્રિકાળ ધ્રુવનો આશ્રય લઈને કેવળજ્ઞાન પામ્યા છે. કોઈ ઉદયભાવરૂપી વ્યવહાર એનો આશ્રય લઈને તો હોઈ શકે નહિ, પણ એનો ધર્મ પ્રગટેલી દશાનો આશ્રય લઈને મુક્તિ પામે એમ ત્રણકાળમાં બનતું નથી. ઓહો..હો..!

હવે તો હજી અહીં એમ કહેવું છે કે એને ઓલો વ્યવહાર હોય ઘણા તો વ્યવહાર કરતાં-કરતાં, ઘણો વ્યવહાર કરે તો એને ઉજળા પુણ્ય થાય તો એને લઈને નિશ્ચય પામે. રાગમાર્ગ છે. રખડવાનો છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ વ્યવહાર એટલે ઉદયભાવ રાગ, એનાથી તો ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ ધર્મ ન પામે અને ન આગળ વધે, નિશ્ચય પામે નહિ, પણ ધર્મ નિશ્ચયથી ત્રિકાળ દ્રવ્યને આશ્રયે ચારિત્ર અને સમ્યગ્દર્શન પ્રગટ થયું એને આશ્રયે પણ ધર્મી જીવ મુક્તિને ન પામે. મુક્તિને પામે એ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે પામે છે. પણ કરે કોણ? હોય છે. કીધુંને આ? અહીં કહે છેને. એ તો ખબર છે. પણ એ વ્યવહાર હોય છે એ તો સિદ્ધ પહેલું કર્યું, ધર્મ નથી. એને આશ્રયે ધર્મ થતો નથી, પોતે ધર્મ નથી. અહીં તો કહીએ છીએ કે એ તો ધર્મ નથી. એ તો વાત ખુબ આવી સવારમાં ચાલે છે ઈ. અહીં તો શુદ્ધદશા પ્રગટી એ પોતે છે ધર્મ, એને આશ્રયે ધર્મ વિશેષ વધતો નથી. સમજાય છે કાંઈ આમાં? ભાઈ! આ તો અધિકાર એવો છેને, અવલદોમ ગુલાંટ ખાઈ જાય એવી ચીજ છે. આહા..હા..! હજી તકરારું તો વ્યવહાર આ છે ને વ્યવહાર કર્યો માટે લાભ થયો, વ્યવહારમાર્ગ હતો માટે એ પ્રસિદ્ધિ કરી કે જુઓ, વ્યવહારથી આ લાભ થયો. મોટા મિથ્યાદર્શન શલ્યમાં પડેલા છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે '**મુમુક્ષુઓ...**' મુમુક્ષુ એટલે? ત્રણકાળના મુમુક્ષુ એટલે આત્માર્થીઓ, જેને ધર્મના લાભની, મોક્ષની .. એ ત્રિકાળ જ્ઞાયક ભગવાન આત્મા એમાં આશ્રય લઈને મુક્તિ પામ્યા, વર્તમાન પામે છે, ભવિષ્યમાં પામશે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' કહો, સમજાય છે કે નહિ આમાં?

**શ્રોતા :-** આ બધું અનેકાંત નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આનાથી પામશે અને પર્યાયથી અને રાગથી નહિ પામે એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? એ વ્યવહારથી નહિ પણ એને ક્ષાયિક પ્રગટ્યું એ તો નિશ્ચયથી માનનારા છે કે નિશ્ચયને આશ્રયે, ત્રિકાળને આશ્રયે મને સમકિત સમ્યગ્જ્ઞાન થયું છે. સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર. એ એમ માને છે કે મારી દશાને આશ્રયે પણ હજી આગળ મુક્તિ થશે નહિ. નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો ત્રિકાળને આશ્રયે એ નિશ્ચય મોક્ષમાર્ગને આશ્રયે

મોક્ષ થતો નથી. શું કહ્યું વળી આ?

વ્યવહાર મોક્ષમાર્ગ તો વિકલ્પ રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામ રાગ, શાસ્ત્રના ભણતર રાગ એ તો બંધનું કારણ છે, એ તો મોક્ષનું કારણ નથી, પણ એના રહિત ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ ભગવાન એનો આશ્રય કરીને જે નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ જ્ઞાન અને નિર્મળ રમણતા થવી એને આશ્રયે મુક્તિ નથી. તો વ્યવહારને આશ્રયે તો ક્યાંય વાતની વાતમાં ગંધ પણ નથી. આહા..હા..! સદ્ભૂત વ્યવહાર સાચો. ઓલો રાગ તો અસદ્ભૂત જૂઠો છે. ભારે વાતું ઝીણી પણ. લોકો કહે છે કે વાતું ઝીણીયું લોઢા કાપે છીણી. છીણી ઝીણી હોય એ લોઢાને કાપે ફડાક દઈને. આવા લાકડા મારે તો કાપતા હશે? લાકડુ શું ત્યાં કરે પણ? લોઢાના કટકા કરવા હોય તો આમ આમ માર્યે કટકા થાતા હશે? છીણી હોય છેને ઝીણી ધારવાળી. કટકા કરી નાખે. એમ સૂક્ષ્મ તત્ત્વના ભાનની છીણી વિના પ્રજ્ઞાછીણી... આવે છેને મોક્ષતત્ત્વમાં.

ભગવાન આત્મા જેટલા મુક્તિને પામ્યા, જેટલા વર્તમાન પામે છે, હજી અત્યારે મુક્તિ પામે છે મહાવિદેહક્ષેત્રમાં, ભવિષ્યમાં પણ અનંત પામશે એવી પંચમગતિએ મુમુક્ષુઓ જાય, જશે અને જતા એ આ જ ભાવે જાય, જતા અને જાય છે. બીજો કોઈ પ્રકાર ત્રણકાળ ત્રણલોકની અંદર છે નહિ. ભારે વાત. અહીં તો હજી કેટલાય વાંધા. હજી તો આ સંયમ પાળે ને વ્રત પાળે ને ભક્તિ કરે ને આ કરે એ વ્યવહાર કરે તો ધર્મ થાય. અરે! હાલ રે હાલ! સમજાય છે કાંઈ? હા, એવા ભાનવાળા જીવને ત્રિકાળની ભાવના કરનાર જીવને અપૂર્ણ દશામાં રાગ આવ્યા વિના રહે નહિ. રાગને કાળે રાગ હોય, ભક્તિ હોય, પૂજા હોય, બંધ અધિકારમાં છે. મુકશે બધું. હો, એને કાળે તે યોગ્યતાના કાળે એવો ભાવ હો, પણ એ ધર્મ નથી, એને આશ્રયે ધર્મ થતો નથી, એ ધર્મનું કારણ નથી. સમજાય છે કાંઈ? એણે સત્યને કોઈ દિ' પોતાનું કર્યું નથી. સત્ શું છે? સત્... સત્... સત્... સત્ એ પરમેશ્વર છે. એ સત્ પરમેશ્વને આશ્રયે જવું ત્યારે એને પરમેશ્વરતા પ્રગટ થાય. સમજાણું આમાં?

કહે છે, '**મુમુક્ષુઓ...**' આ પંચમભાવની ભાવનાથી. પંચમગતિ. આ શ્લોક છેને. ૫૮. એ તો ટીકામાં છે. હવે આવશે. આ તો ટીકાની વાત છે. '**पूर्वोक्तभावचतुष्टयमावरणसंयुक्तत्वात् न मुक्तिकारणम् त्रिकालनिरुपाधिस्वरूपनिरंजननिजपरमपंचमभावभावनया पंचमगतिं मुमुक्षुवो यान्ति यास्यन्ति गताश्चेति**'. હું તો ... જોવા જાતો હતો. કહો, સમજાણું કાંઈ? ટીકામાં છે, પંડિતજી! પદ્મપ્રભમલધારીદેવ સંત મુનિ જંગલવાસી હતા, જંગલમાં વનવાસી આત્મધ્યાની સંત ભાવલિંગી એમણે આ ટીકા બનાવી છે. એ ટીકામાં કહે છે કે વર્તમાનમાં પહેલું વર્તમાન યાદ કર્યું છે. પોતે મુનિ છે એમ કહે છે કે અમારી મુનિની દશાથી અમારે મુક્તિ નહિ થાય. કારણ કે એક દશા છે. મુક્તિ પૂર્ણ દશા એક ત્રિકાળને આશ્રયે થાય છે. દ્રવ્ય અને પર્યાય એના બે ભાગ. વસ્તુ ત્રિકાળ એ દ્રવ્ય કહેવાય અને એક સમયની અવસ્થાને

પર્યાય કહેવાય. પર્યાય એટલે ભાગ, અંશ. એ ચારેય અંશ છે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. તો ચારેય અંશને આશ્રયે નવી અંશ પૂર્ણ દશા પ્રગટે એમ હોઈ શકતું નથી. સમજાણું આમાં? મૂળ શાસ્ત્રોના સ્વાધ્યાય કરે નહિ, મનન કરે નહિ, વિચારે નહિ, અંતરમાં એનું શું છે એ સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કરે નહિ, પછી શાસ્ત્રના અર્થ આડાઅવળા કરી, ... મારીને તોડીને (કરે).

ગોળના રવા આવેને ગોળના રવા? આ ગોળના રવા નથી આવતા કોલ્હાપુરમાં મોટા આવડા મોટા-મોટા દસ-દસ મણના ધોળા અને એમાં ઉનાળો હોય તડકો, હજી તો ક્યાં ઉનાળો બરાબર? ચૈત્ર-વૈશાખનો તડકો ધોમ હોય, પછી ઓગળે ઈ. કારણ કે આખામાં એ તૂટી ગયેલું હોયને કાંઈક ઓલું શું કહેવાય માથે? કણીયું-કણીયુ તૂટી ગયું હોય તો ઓગળે પછી આમ રસ નીકળે. એમાં કોઈ ગાદલા મૂક્યા હોય જોડે. આ સૂવાના રાતના ગાદલા. એ બધાય ગોળવાળા થાય. એમાં જો ડાભા (કૂતરા) આવે બે-પાંચ, એ ચુંથી નાખે, સૂવાના ગાદલા તોડી નાખે ગોળના સ્વાદ આડે.

એમ ભગવાન ચૈતન્યમૂર્તિની સહજ ચિદાનંદ શું છે અને કેમ પ્રગટ થાય એને સમજ્યા વિના ... વિકલ્પ ને દયા, દાન, વ્રતની મીઠાશને આડે એ ડાઘા ચોંટ્યા. કોક કહે કે રાગથી થાય, કોક કહે કે વ્યવહારથી થાય, મારીને ચુંથી નાખ્યું ગાદલું. સૂવાનું હતું એ તોડી નાખ્યું. નંદલાલભાઈ! ગાદલા તો સારા હતા. ઓલો રવો ભર્યોને ગોળ અંદર એમ આને માનનો રાગ ને પુણ્યથી આ થાય એવી મિથ્યા શ્રદ્ધા ગરી ગઈ અંદર. શું કીધું?

**શ્રોતા** :- ગાદલા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ગાદલા તમારા સૂવાના નથી આ? આપે છેને સૂવાનું આ મૂળજીભાઈ તમને નથી આપતા ત્યાં? ગાદી ગાદી પોચી હોયને પોચી? ગોળ જ્યારે ઊનો થઈને બહુ ગરમી હોયને તો ઓગળી જાય અને પત્થર આદિ હોય, તે ધૂળમાં હોયને રવા તો તો થોડો ધૂળ ચૂસી લે, એકલા પત્થર ઉપર મૂક્યા હોય તો એ તો પાધરો ગાદલા હોય ત્યાં જ ગરી જાય મોટો. રેલાઈ જાય ત્યાં. એ ગોળને જ્યાં... ખરેખર તો એને ધોઈ નાખીને... પણ ગાદલું દેખ્યું તે કૂતરો એક આમ વળગ્યો અને એક આમ વળગ્યો. ચુંથી નાખ્યું સૂવાનું.

એમ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ એની વર્તમાન દશાથી રહિત ત્રિકાળ એના આશ્રયે કામ લેવું એ સૂવાનું કામ આનંદની શૈયા છે ઈ. સુખશૈયા એને કહે છે. સુખશૈયા શાસ્ત્ર શબ્દ છેને. સુખશૈયા. પણ એમાં માન અને અભિમાન અને પર્યાયબુદ્ધિ અને રાગથી આ થાય, પુણ્યથી આ થાય, નિમિત્તથી આ થાય. મારીને ચૈતન્યની શાંતિને શ્રદ્ધામાં ચુંથી નાખ્યું છે. અને એ દ્વારા જગતને પણ એ પીરસ્યું. જેવું એ કરતો હોય એ જગતને આપ્યું. એટલે ઓલાને બિચારાને .. આમ બધા ભણેલા આવા હુશિયાર પંડિત કાંઈક કહેતા હશે એ ઠીક

હશે કે નહિ? લખ્યું હશે સંસ્કૃતમાં. સંસ્કૃત ઓલા બિચારાને ખબર ન હોય. ક્યાંક હશે સંસ્કૃતમાં. પણ સંસ્કૃતમાંથી કંઈ ઉઠા ભણ્યાવ્યા હોય કે સાચું હોય? એને સમજ્યા વિના ચૈતન્યની શાંતિ કેમ પ્રાપ્ત થાય એની એને ખબર નથી.

અહીં કહે છે, જેટલા પરમાત્માપણાને પામ્યા મુમુક્ષુઓ, પામશે અને પામે છે એ બધા અંતર સ્વભાવ એક જ ત્રણકાળે નિરપેક્ષપણે પરની અપેક્ષા વિના સમ્યક્ એકાંત અંતરમાં ઉતરતા (પામ્યા છે). આ બધું આવે છેને. ... પેસી જાય છે એમ આવે છે આમાં. પહેલા આવી ગયું છે ક્યાંક કળશોમાં. ધર્માત્મા જીવો એ આત્માની આવી જાત ત્રિકાળ છે અને વર્તમાન અવસ્થાનું જ્ઞાન કરી ઊંડા ઉતરે છે એટલે ચૈતન્યની અંતર શક્તિમાં પેસે છે. બે શબ્દ પડ્યા છે કાંઈક આ બાજુ પડ્યા છે પહેલા કાંઈક. ઊંડા પેસે છે, ઊંડા ઉતરી જાય છે એવું લખ્યું છે. એમ બધા કળશનું કાંઈ યાદ હોય? કહો, સમજાણું કાંઈ? એટલે કહે છે આ એક જ માર્ગ છે, આ શુદ્ધભાવ જે કીધો. માથે લખે છે એવા ત્રિકાળી પરમપારિણામિકને શુદ્ધ કહે છે, ધ્રુવભાવને શુદ્ધ કહે છે, એકલો જ્ઞાયકભાવ જે છઠ્ઠી ગાથામાં વર્ણવ્યો સમયસાર **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं' 'एवं भणंति सुद्धं'** એવો ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુ આ એમાં પેસીને અંતરમાં...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## મંગળવાર, તા. ૧૨-૦૩-૧૯૬૩,
## ગાથા-૪૧, કળશ-૫૮-૫૯, પ્રવચન નં. ૭૪૯

મોક્ષનો માર્ગ એટલે? ભગવાન આત્મા શુદ્ધભાવ સ્વભાવ ભંડાર ત્રિકાળ જેનું ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ છે એવા ત્રિકાળી અંદર સ્વભાવમાં અનંત આનંદ, અનંત શાંતિ, અનંત બળ, અનંત જ્ઞાન એવા શક્તિસંપન્ન પ્રભુ દ્રવ્ય પોતાની વસ્તુ છે. એ વસ્તુને આશ્રયે, અંતર્મુખને આશ્રયે એના અંતરમાં લીન થયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. મોક્ષનો માર્ગ આ છે. એ મોક્ષનો માર્ગ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે જે નિર્મળ આત્માની દશા એ દશાવાન આત્મા ત્રિકાળ એને આશ્રયે દશા પ્રગટ થાય છે. એ મોક્ષનો માર્ગ, એ કર્મ, શરીર અને સંયોગને કારણે ઉત્પન્ન થતો નથી. એ મોક્ષનો માર્ગ પુણ્ય અને પાપના પરિણામને આશ્રયે કે પરિણામથી ઉત્પન્ન થતો નથી. એ મોક્ષનો માર્ગ એ પોતાને પ્રગટ્યો નથી એટલે એને આશ્રયે પણ પ્રગટ થતો નથી અને પ્રગટ્યો હોય અને આગળ વૃદ્ધિ થવી હોય તોપણ મોક્ષમાર્ગને આશ્રયે વૃદ્ધિ થતી નથી. ભારે ઝીણું! સમજાય છે કાંઈ? સોભાગચંદજી!

અરે! પણ આ બધા... હમણા આમાં નહોતું આવ્યું? આ મખમલના ગાદલે સૂતેલા મડદા ભાળ્યા મસાણમાં. અરે! આ દેહ તો પડી જશે, ભાઈ! એને મોઢે નાગરવેલના પાનો ચાવતા ત્યાં કાગડા ઠોલતા ભાળ્યા. જ્યાં આંખુ મોટી હરણીયા જેવી આમ દેખાતી એ માછલા ખાતા જોયા. આ પાણીમાં ભાઈ પડી જાય તો ખાય છેને. જુઓ, આ ભાઈને આપણે થયું હતું. હમણાં ત્રણ વર્ષ પહેલાં આપણા ધીરૂભાઈ હતા, કોલેજમાં ભણતા. એ રમત કરવા જામનગર ગયા. એમાં જરી પાણી પીવા ગયાને. તળાવ છેને. એ તળાવમાં પાણી પીવામાં પગ ખસી ગયો જરી. ૫૦ ફૂટ ઊંડું, તરતા આવડે નહિ. કોલેજમાં ભણતો. એ ચોવીસ કલાકે મડદું બહાર કાઢ્યું. ઓલા શું કહેવાય આ? નીંદડી. આ પાણી કાઢવાની નીંદડી છેને લોઢાની .. નાખીને અહીં ભરાણી અંદર. અંદરના માછલા આંખો ખાઈ ગયેલા મડદાની. શરીરનું તો બીજું શું થાય, ભાઈ? આ ક્યાં આત્મા છે? એવા શરીરો અનંતા ગયા, આત્મા પોતાના ભાવની મમતા લઈને ચાલ્યો ગયો. કાંઈ શરીર તો સાથે આવતું નથી અને સંસાર એ શરીર, વાણી, બાયડી, છોકરા એ સંસાર નથી. બરાબર હશે? આત્માનો સંસાર આત્માથી અલગ ન હોય. એટલે કે આ શરીર, વાણી, બાયડી, છોકરા, કુટુંબ એ સંસાર નથી. જો એ સંસાર હોય તો મૃત્યુકાળે એ તો બધું છૂટી જાય છે. એનો અર્થ એવો થયો કે એ સંસારનો એને નાશ થયો એટલે હવે એનો મોક્ષ થઈ જાય.

જો સંસાર એ હોય તો કીડીથી માંડીને મોટા રાજાઓ, હાથીથી માંડીને નાના કંથવાઓ એ તો શરીર છૂટે તો ત્યારે આત્મા છોડીને ચાલ્યો જાય છે અંદર. તો આ શરીર અને બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, હજીરા મકાન—હજીરા એટલે આ મકાન બે-પાંચ લાખના મોટા મકાન હોય કે નહિ? સવારે રાફડા કીધા, અત્યારે હજીરા કીધા. આ વોરા લોકોને નથી મરતા પછી દાટે છેને ત્યાં? એવા મોટા હજીરા. મડદાને રહેવાના હજીરા, ઓલા સર્પને રહેવાના રાફડા. અરે! ભગવાન! કહે છે કે આવા શરીરો અને સંસારના આ બધા જો બાયડી, છોકરા, પૈસો સંસાર હોય, છૂટતા એક સમય પણ એની સાથે કોઈ ચીજ નથી રહેતી. એટલે એનો અર્થ એવો થયો કે જો એ સંસાર હોય એટલે કે જો એ દોષ હોય એટલે કે એ અવગુણ હોય તો તો એ અવગુણ અને દોષ અને સંસાર અહીં પડ્યા રહ્યા. એટલે પોતે તો નિર્મળ થઈને મોક્ષમાં જવો જોઈએ. પંડિતજી! તો સંસાર એનું નામ નથી, સંસાર એનું નામ નથી.

સંસાર, 'એ બધા મારા, હું એનો' એવી મિથ્યા માન્યતા અને સાથે પુણ્ય-પાપનો વિકારભાવ એ આત્માની અવસ્થામાં, હાલતમાં રહેલી અવગુણ દશા તેને ભગવાન સંસાર કહે છે. એ સંસાર દુઃખરૂપ છે. આ બાયડી, છોકરા, કુટુંબની અહીં વાત નથી. એ તો કીધુંને પહેલું. એ દુઃખરૂપ નથી. એ તો એને ઘરે સૌ એને કારણે પડ્યા અને એને કારણે આવે છે. આત્માના અવગુણ કહો કે આત્માનો સંસાર કહો, એ આત્માનો અવગુણ એટલે કે સંસાર દશા, વિકારી દશા એટલે કે ત્રિકાળ ચિદાનંદ પ્રભુ ભગવાન એમાંથી સંસરણ ઈતિ સંસારઃ, એવા ત્રિકાળ

પરમાનંદની મૂર્તિ પ્રભુ એમાંથી ખસીને સંસરણ ઈતિ સંસારઃ, ખસીને વિકારની લાગણીમાં ઉભા રહેવું એનું નામ સંસાર છે. સંસારની વ્યાખ્યા જુદી. આ તો કહે ભાઈ, અમને સંસાર વળગ્યો છે શું કરીએ? આ બાયડી, છોકરા, કુટુંબ, કબીલા. મૂળજીભાઈ! વળગ્યો એ ભાવસંસાર છે. ત્યાં ક્યાં એ જડ ગરી ગયા છે અંદર. અને એ આત્મામાં હોય તો જુદાં પડે નહિ અને જુદાં પડે એ તારી ચીજમાં છે નહિ.

હવે તારી ચીજમાં એ છે—ભૂલ. એટલે સંસાર એટલે દોષ એટલે અવગુણ એટલે કે અપરાધ. શું? કે નિરપરાધી ચિદાનંદ મૂર્તિ ભગવાન આત્મા ધ્રુવ અખંડાનંદ છે એને પોતાનું સ્વરૂપ એમ ન માનતા આ બધી ચીજો મારી, હું બધી એની વ્યવસ્થા કરું, હું એનો રખોપિયો અને એનો નાશક અને ભક્ષક અને આત્મામાં એવી માન્યતા અને આત્મામાં થતા શુભ અને અશુભ રાગના વિકલ્પો રાગ એમાં એટલામાં 'એ હું' એવા ભાવને મિથ્યાભાવને સંસાર કહે છે. આહા..હા..! રતિભાઈ! શું હશે? સંસાર ત્યાં રહેતો હશે? કારખાનામાં રહેતો હશે? ક્યાં રહેતો હશે? ક્યાં ગયા પોપટભાઈ નથી આવ્યા? આ જોડે બેઠા છે. આ પ્રભુભાઈનો સંસાર ક્યાં રહેતો હશે? પ્રભુનો સંસાર એમ કહે છે અહીં. મોહનભાઈ!

અરે! ભગવાન! તું તો મહિમાવંત પદાર્થ છો, આનંદઘન ચિદાનંદની મૂર્તિ, તારી વાત કરતા પણ આનંદનો રસ આવે એવી તું ચીજ છો. સમજાય છે? તારી સ્મૃતિ કરતા, અંતરની ચીજનું સ્મરણ કરતા એ અજ્ઞાન અને રાગનું વિસ્મરણ થઈ જાય એવી તો તું ચીજ છો. સમજાય છે? એવો જે ભગવાન આત્મા શુદ્ધ ચિદ્‌ઘન આનંદનો કંદ અનાદિ-અનંત પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે. એવી ચીજમાં પોતાપણાનો અંતરમાં દઢપણે અનુભવ અને શ્રદ્ધા ન કરતાં એનાથી અન્ય શરીર, વાણી, મન, કર્મ આ મારા. મારાનો અર્થ? એ બધી વ્યવસ્થાના કાર્ય મારે લઈને છે એમ માનનારા એ બધા મારા છે એમ માને છે. બરાબર હશે? દામોદરભાઈ! કેમ આ તમે બેઠા ત્યાં સુધી દુકાન ચાલે, પછી છોકરાને આવડશે એવડી? લે! ક્યાં ગયા અરૂણભાઈ? શું હશે આ સાચી વાત હશે? પણ અરૂણ પણ ક્યાં સાચવે અને દામોદરભાઈ પણ ક્યાં સાચવે? સાચવે કોણ ધૂળને? આ મારી ચીજ સિવાય અનેરી અન્ય-અન્ય અનેરી અનંત (ચીજો), આ એક સિવાય અન્ય અનંત જડ કે આત્માઓ એ બધાની વ્યવસ્થાના કામમાં મારી વિચિક્ષણતા કામ કરે એ માન્યતા મિથ્યાત્વ એને સંસાર કહે છે. ઓહો..હો..! રતિભાઈ! શું હશે આ? સંસાર ક્યાં રહેતો હશે?

બાપુ! સંસાર એટલે શું? કે દોષદશા, ઉપાધિદશા, વિકારદશા, મલિનદશા. તો એ સંસાર ભૂલ દશા, તો ભૂલ આત્માને છોડીને એની વર્તમાન દશાને છોડીને પરમાં ભૂલ રહી શકે નહિ. સમજાય છે કાંઈ? એ ભૂલ જેને દુઃખરૂપ લાગે એ સંસાર દુઃખરૂપ છે. ક્યાં ભાસે એને? આ બાહ્ય પદાર્થ નહિ. એ વિકારીભાવ, મિથ્યાભાવ, પુણ્યભાવ તેનાથી મને ધર્મ થાય, પાપભાવમાં મજા પડે છે, આ અનુકૂળતા બહારમાં હોય તો, અરે! બાપુ! એ બધાય વયા

ગયા ફૂ. આહા..હા..! 'કાઢો કાઢો રે એને સહુ કહે.' પણ અહીં ૮૦-૮૦ વર્ષથી રહો છોને. હવે નહિ, હવે બગડશે શરીર, ગંધાશે, હવા બગાડશે. એલા હવા એ હતો અને સુધારતો હતો તું એમ કહેતો હતોને. એક આત્મા ગયો ત્યાં કહે હવે એ હવા બગાડશે, એને ઝટ કાઢો, રાત ન રખાય અને રાતે આદમી મરી જાય સાંજે રાખે તો એ ભૂત રહ્યું કહેવાય. સાંભળ્યું છે તમે? એ સંસારમાં માન્યતા છે. બાયડી મરે અને રાત રહે તો લક્ષ્મી રહી કહેવાય. બાયડી એટલે કોઈ છોડી, કોઈ સ્ત્રીનો દેહ તો લક્ષ્મી રાત રહી કહેવાય અને આદમી મરે તો ભૂત રહ્યો કહેવાય. સાંભળ્યું નથી તમે? એમ છે એમાં કહેવત છે. અરે! ભારે ગપટ તારી. ભાઈ! અત્યાર સુધી તું એમ કહેતો હતોને અમારે એને લઈને શોભા હતી, એ અમેને માથે છત્ર હતા એમ કહે છે કે નહિ? એ અમારું શિરછત્ર, શિરની શોભા હતી એને લઈને. એના વિના લૂખા એકલીયા એકલવાયા થઈ ગયા હવે. રાડે રાડું પાડે, ખોટે ખોટા દંભી. સમજાણું કાંઈ? બાપુ! તું ચીજ છો, એની ચીજને ભૂલીને આ મારા રખોપિયા અને હું એનો રખોપિયો. કોનું કોણ રક્ષણ કરે? ભગવાન!

આમ બ્રહ્મદત્ત ચક્રવર્તી છ ખંડના ધણી, ૭૦૦ વર્ષનું આયુષ્ય. છન્નું હજાર સ્ત્રી જંટીયા તાણે મરવા ટાણે. આમ સોળ હજાર દેવ તહેનાતમાં. પણ જ્યાં પાપ કરેલા અને નરકમાં જાવું છે. હીરાના.. શું કહેવાય ભૂલી ગયા? ખાટલા સારા. ઢોલીયા-ઢોલીયા. હીરાના ઢોલીયા. ઢોલીયા એ કાઠિયાવાડી ભાષા આપણી હોં! પલંગ પલંગ ભાઈ રાખો તમારી ભાષા. એ હીરાના પલંગો હોં! હીરાની કાતળીયું આમ નાખેલી આખી. ઓલા લાકડાની કાતલીયું નાખે છેને. એવા હીરા પાકે નિલમના. નિલમની પાટુ પાકે પાંચ-પાંચ મણની, પાંચ-પાંચ હાથની પહોળી, જેના એક-એક રૂપિયાભારના લાખો રૂપિયા ઊપજે. પુણ્યવંત પ્રાણી હોય એના આસપાસના પત્થરના દળીયા પણ મણિરત્નપણે પરિણમી જાય, પાંચ-પાંચ મણની નિલમણિની પાટું પાકે, પાંચ હાથની લાંબી અને ત્રણ હાથની, ચાર હાથની પહોળી. એના કટકા એના શસ્ત્રો વડે કરી અને જેના એક પલંગના.. શું કીધું તમારે આ? ઈહ ને ઉપળા. એ એના ઈહ અને ઉપળા અને એમાં ગાદી નાખી હોય મલ-મલના ઊંચા ઊંચા મખમલ. હાય.. હાય.. સ્થિતિ જ્યાં પૂરી થઈ...

**શ્રોતા** :- ભાગ્યશાળી કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય ભાગ્યશાળી નથી. સમજાય છે? એ મરીને (ચાલ્યા નરકે). આહા..હા..! રાડુ (પાડે) સ્ત્રી! સ્ત્રી! કરતો હોં! નરકના આયુષ્ય બાંધેલા, પાપ કરેલા. આત્મા શું એની સંભાળ કરી નથી. એ મરીને ત્યાંથી આ ક્ષણે બાદશાહી, બીજે ક્ષણે સાતમી નરકનું રવ-રવ નરકનું શરીર. આહા..હા..! નીચે નારકી સાત છે હોં! હંબક નથી. આપણે એકવાર સિદ્ધ કરી ગયા છીએ. સાત નારકી એમાં ગયા. એવા અનંત અવતાર (કર્યા છે).

બીજી રીતે. આ મુનિ થઈને, ત્યાગી થઈને એ શુભરાગની ક્રિયામાં મશગુલ રહીને એ

દેહ છોડ્યા. આમ બબ્બે મહિનાના સંથારા. એકકોર આ બ્રહ્મદત્ત લીધો અને એકકોર દ્રવ્યલિંગી જૈન સાધુ દિગંબર વસ્ત્રનો તાણો નહિ, જેની વીતરાગની વ્યવહાર આજ્ઞા એ પ્રમાણે વ્યવહાર તેનો ચોખ્ખો અને લાખો, કરોડો વર્ષ સુધી અઠ્યાવીશ મૂળગુણ નામ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના વિકલ્પનું પાલન. મૃત્યુકાળે બબ્બે મહિના સુધી શરીર જેમ ઝાડની ડાળ પડી રહે એમ પડ્યો રહ્યો, પણ અંદરમાં ઓલી રાગની ક્રિયા જે શુભભાવ છે એની સાથે એકત્વબુદ્ધિમાં બંધાયેલો, એ મરીને સ્વર્ગમાં ગયો અને નરક અને સ્વર્ગ બેય, ધર્મની દૃષ્ટિએ તો બેય ઉપાધિના સ્થાનો છે. સમજાણું કાંઈ? એ કળકળાટ. એ રાગનો ભાર લઈને ગયો. શું કીધું? આહા..! ઓલો પાપનો ભાર લઈને નરકમાં ગયો, ત્યારે અનંતવાર ત્યાગી સાધુ થઈને એવી ક્રિયા પંચમહાવ્રત, અહિંસા, કાંઈ ખપે નહિ, લેશમાત્ર વસ્ત્ર નહિ, આ નહિ તે નહિ. બરાબર (વ્યવહાર પાળ્યો) પણ ઊંડાણમાં એ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ છે એના અંતરની દૃષ્ટિનો પ્રયત્ન અને પુરુષાર્થ કર્યો નથી, ફક્ત જે એના સિવાયનો રાગભાગ છે એમાં મશગુલ રહ્યો, બેયના મરણ અજ્ઞાન અને અપંડિત છે. ઓલો બ્રહ્મદત્ત નરકે ગયો અને આ સ્વર્ગમાં ગયો, પણ મૃત્યુકાળની દશા બેયની અસમાધિની હતી. ભારે વાત, ભાઈ! બાપુ! દેહ તો નહિ રહે પણ ઓલો ભાવ પણ ક્ષણિક ક્ષણિક પલટતો જાય છે. એવા ક્ષણિક કૃત્રિમ રાગમાં પડ્યા એને આત્માની શાંતિ શું છે? સમ્યગ્દર્શન કેમ થાય? એના અનુભવની કળા એને પ્રગટી નથી. માટે તેના મરણ પણ એ બાળ ગલુડિયા અને કુતરાના બચ્ચા મરે એમ એના મરણતુલ્ય અજ્ઞાનીના મરણ જ્ઞાનીના ખ્યાલમાં કિંમતી છે નહિ. દામોદરભાઈ!

મરવા ટાણે જુઓ, પહેલાં અહીં હતું. હવે તો કોણ જાણે. ઠાઠડી બાંધેને એને ત્યારે ઓલા લાકડા હોયને બારણાના, (એને) અડવા દેશો નહિ. ખબર છે કે નહિ? સાંભળ્યું છે, આપણે ક્યાં જોયું છે? એને અડવા દેશો નહિ. કેમકે વળી પાછો ભૂત થઈને પાછો આવે નહિ. લૂગડાનો કટકો બાંધે, મોઢે પાવલી-બાવલી અડાડી દે છેલ્લી, ભાઈ સાહેબ જાજે હવે અહીંથી. આહા..હા..! જગતના ધોળ અને ઢાળ અજ્ઞાન ભરેલા. અરે! એમાંથી તારે છૂટવું છે કે નહિ? આ મોક્ષનો માર્ગ ચાલે છે. એ છૂટવું હોય તો એનો એક રસ્તો ભગવાન આત્મા શુદ્ધભાવરૂપી ધ્રુવનો પિંડ ચૈતન્ય છે એની અંતર દૃષ્ટિ અને એનું જ્ઞાન કર, એ વિના છૂટવાનો મોક્ષનો માર્ગ બીજો છે નહિ.

એ ૪૧માં કહ્યું કે એ રાગ ને પુણ્ય ને ફલાણું ને અત્મામાં ત્રિકાળ ધ્રુવમાં નથી. માટે ધર્મી જીવે એ વર્તમાન પર્યાયમાંથી, અવસ્થામાંથી અવસ્થા નવી થતી નથી. માટે ત્રિકાળી ચૈતન્યનો આશ્રય કર, એકવાર દૃષ્ટિ અને રુચિ લગાવ કે જેના આશ્રયમાંથી તને શાંતિ અને મોક્ષના માર્ગના કણિયા ફૂટે, એ વિના મોક્ષનો માર્ગ એ પર્યાય નામ અવસ્થામાંથી નહિ આવે, રાગ અને ઉઘાડમાંથી નહિ આવે, નિમિત્તમાંથી નહિ આવે. ત્રિકાળી ચૈતન્યને આશ્રયે આવે એ વાત નક્કી કરાવવા શુદ્ધભાવનો અધિકાર ચાલે છે. ૫૮મો કળશ.

अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।
संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः।।५८।।

જુઓ, અહીં ઉત્કૃષ્ટ વાત મુનિની લીધી છેને. મુનિની વાત ઉત્કૃષ્ટ લઈને પેટામાં ગૃહસ્થોને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન કેમ પ્રગટ થાય એ વાત ભેગી આવી જાય છે.

**'(જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ) પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ...'** ધર્માત્મા. એ સમ્યગ્જ્ઞાનરૂપી આચરણ એમાં સમ્યગ્દર્શનનું નિર્મળ આચરણ, સમ્યક્ સ્થિરતા શાંતિનું અતંર આચરણ અને ઈચ્છાના નિરોધરૂપ અમૃત સ્વરૂપના આચરણમાં પડ્યો અને વીર્ય નામ આત્માના પુરુષાર્થની જાગૃતિએ શાંતિને સેવતો **'પાંચ આચારોથી...'** સહિત થયો થકો **'અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...'** અહીં મુનિની વાત લીધી છેને. જેને એક વસ્ત્રનો તાણો પણ હોઈ શકે નહિ. સર્વ કાંઈપણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત-આટલા શબ્દ વાપર્યા છે. **'એવા વિદ્વાનો...'** એવા જ્ઞાનીઓ **'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.'** જુઓ, ધર્માત્મા પૂજનીય પંચમગતિ જે મોક્ષ પ્રાપ્તિ, મોક્ષની ગતિ. આ નરકની ગતિ નીચે છે, આ મનુષ્યગતિ, આ તિર્યંચ-ઢોરગતિ અને દેવગતિ એ ચાર સંસાર ગતિ એથી રહિત મોક્ષગતિ પરમાનંદની પ્રાપ્તિ. એવા પંચમ પૂજનીય પરમાનંદરૂપી પરિણતિને ગતિને પ્રાપ્ત ઈચ્છનારા એને શું કરવું? એવા વિદ્વાન એને કહ્યા જુઓ, કે **'પંચમભાવને સ્મરે છે.'** ઓહો..! હું પૂર્ણાનંદ અંતર છું. શુદ્ધ આનંદકંદ એવા ધ્રુવ ચૈતન્ય ભગવાનને એ યાદ કરે છે, એને વિદ્વાન કહીએ. અજ્ઞાનીઓ રાગ અને પુણ્ય અને વર્તમાન દશાને સ્મરે છે અને એના સ્મરણથી કાંઈક લાભ (થશે એમ માને છે)). ભારે વાત, ભાઈ! માણસ નથી કહેતા કે મરતા ભગવાનનું નામ સંભારો, સંભળાવો ભાઈ! કરો સ્મૃતિ કરાવો, સ્મરણ કરાવો, ફલાણું કરાવો. એ બધા રાગના ભાગ છે, પુણ્યબંધનું કારણ થાય, એ કાંઈ આત્માને ધર્મનું કારણ નથી. આકરું પડે એવું છે આમાં. પોપટભાઈ! આ શુભભાવનું ભારે આકરું હોં, પણ અહીં તો બાપા મોક્ષની વાત ચાલે છેને. અહીં તો સંસારનો અભાવ કરવો હોય એની વાત છે. જેને સંસાર ગોઠતો હોય એ તો અનાદિથી ગોઠે છે એ કાંઈ નવી નથી, એ કાંઈ અપૂર્વ વાત નથી.

આ ભગવાન આત્મા ઓહો..! આનંદનું દળ પડ્યું છે. એ અતીન્દ્રિય આનંદની પાટ પડી છે ધ્રુવ. આહા..હા..! એ ક્યાં હશે? મૂળજીભાઈ! બાપુ! એ કહ્યું હતુને કે 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ, એ તરણા આડે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' દરિયાનો દાખલો આપ્યો હતોને પહેલે દિ'. અહીં દાખલો સમયસારનો છે. દરિયાના પાણીથી છલોછલ ભરેલો એ સમુદ્ર, પણ ચાર હાથની ચાદરની આડમાં, કાંઠે ચાર હાથની ચાદર આડી હોય, માણસ સીધો ઊભો હોય એની આંખમાં ચાદર દેખાય છે. ચાદરની પાર છલોછલ ભરેલો પાણીથી ભરેલો દરિયો દેખાતો નથી. એમ ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના વિકલ્પની

ચાદરની આડમાં એની પ્રીતિ અને પ્રેમની આડમાં એ પુણ્ય-પાપની પાછળ પરમાત્મા અનંત ચૈતન્યધામ એની નજરે પડતો નથી. સમજાણું કાંઈ? સોભાગચંદજી! 'એ તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' મોટો ડુંગરો હોય લ્યો. એક આમ રાખેને આટલું (તો) આખો ડુંગરો દેખાય નહિ. ડુંગરો સમજો છો કે નહિ? પહાડ. ગીરનાર પહાડ, સમ્મેદશિખર પહાડ લ્યો. સાત માઈલ છે, નવ માઈલ છે, નહિ? છ માઈલ ચડવું, છ માઈલ ફરવું, છ માઈલ ઉતરવું. અઢાર માઈલ છે ત્યાં નવ ગાઉ. સમ્મેદશિખર જ્યાં તીર્થંકરો મોક્ષ પધાર્યા છે. એવા સમ્મેદશિખરની પણ એક આડમાં જરીક રાખો અહીં તરણું એક આંગળી રાખો તો થઈ રહ્યું ખલાસ. એક આંખ આગળ આમ રાખો, બેય આંખે કાંઈ ન દેખાય.

એમ ભગવાન શુદ્ધભાવરૂપી ધ્રુવ પરમાત્મ પોતાનું અંતર સ્વરૂપ છે, પણ એને પુણ્ય અને પાપના ભાવ અને પરની રુચિ અને કાં વર્તમાન અલ્પજ્ઞ દશાની વ્યક્તતા દેખાય એટલા પણામાં માન્યતાને કારણે માન્યતાની આડમાં પાછળ અંતર્મુખ ચૈતન્યધામ પડ્યો છે એ એની નજરમાં પડતો નથી. ભારે વાતું, ભાઈ! સોભાગભાઈ! શું કહે છે?

એ '**પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...**' વિદ્વાન એને કહીએ. ભણેલા ને ગણેલા અને મોટા પોથા ભણ્યા હોય અને દસ-દસ લાખ માણસને સમજાવે, પણ પોતે આ વસ્તુ શું છે એ સમજે નહિ તેને વિદ્વાન કહેતા નથી. સમજાણું કાંઈ? લેખ આવ્યો છે ભાઈ એક વાંચવા જેવો છે. બહુ સારો છે લેખ. ..ચંદજી! દેખાડો. લેખ સારો છે. એનો હોય કે પછી... આહા..હા..! ભાષાની આપણને બહુ ખબર નથી. 'ઉપાદાન બળ જહાં તહાં' પહેલાના પંડિતોના પડકાર હતા એને વર્તમાનના વિદ્વાનો ભાવુક કરી અને ન્યાયના ગ્રંથોમાંથી કારણ કાર્યની વ્યવસ્થાથી એને અનભિજ્ઞ ઠરાવે છે. એ જ્ઞાનીને અજ્ઞાની ઠરાવે અને આપણી જેવા વર્તમાન એકલા બોલનારા જ્ઞાની પંડિતો એને અજ્ઞાની મનાવવા માગો છો. જોર દઈને વાત કરી હતી એ વખતે, બનારસીદાસ. ઉપાદાન આત્માના કાર્યની સ્વતંત્રતાની સિદ્ધિના પડકાર. આત્મા કાર્ય કરવા માગે ત્યારે કોઈ ચીજ એને અટકાવતું નથી. સમજાણું કાંઈ? સ્વતંત્ર આત્મા વિકાર કરવાને સ્વતંત્ર છે અને વિકાર ટાળવાને પણ સ્વતંત્ર છે. એને કોઈ કર્મ-બર્મ રોકે, કાળ રોકે એ ત્રણકાળ, ત્રણલોકમાં બનવાને સંભવ છે નહિ. અજ્ઞાની એ પોતાને પરાશ્રય, નિરાધાર બનાવીને એમાં પોતાની પંડિતાઈની પોષણ કરવા... પ્રકાશચંદજી! એને વિદ્વાન ખરેખર કહેતા નથી. વિદ્વાન-વિત વાન.

જ્ઞાન ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા સિવાય એક વિકલ્પ ઉઠે એ મારા આત્માને શરણભૂત નથી.. '**એવા વિદ્વાનો પૂજનીય પંચમગતિને...**' ઓહો..! પૂર્ણાનંદની પ્રાપ્તિ. મોક્ષસ્વભાવ આત્માનો, એ હતો સ્વભાવમાં એ પ્રગટ થાય, કેમ? કે '**પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.**' ધર્માત્માઓ તો અંદર પૂર્ણાનંદમાં નિહાળવા પડે છે. આહા..! મારામાં પૂર્ણ શુદ્ધતા ભરી છે એમાં એકાગ્ર થઈને તેને સ્મૃતિમાં લાવે છે. એ સ્મરણમાં નિમિત્તને લાવતા નથી,

એ સ્મરણમાં શુભરાગને લાવતા નથી, એ સ્મરણમાં વર્તમાન વિકાસ મને કેટલો થયો? એને સ્મૃતિમાં લાવતા નથી, મનમાં શ્રદ્ધા અને સ્થિરતા કેટલી પ્રગટી? એને સ્મૃતિમાં લાવતા નથી, વિદ્વાન. પંડિતજી! એ વિદ્વાન લખ્યું છે જુઓ એમાં. 'विद्वान्सः' એને વિદ્વાન કહીએ કે ભગવાન આત્મા ઓહો..! અંતરમાં ચૈતન્યનું ધામ, ચૈતન્યધામ એ ચૈતન્યની નિલમણિની પાટ પડી છે આખી.

જેમ સ્ફટિક રત્નની મોટી પ્રતિમા હોય, સ્ફટિક રત્નની, એમ ભગવાન સ્ફટિક રત્ન ચૈતન્ય અને આનંદનું સ્ફટિક રત્ન એવી આત્મા પૂતળી દેહથી પાર પડી છે અંદરમાં. એવા ત્રિકાળી પરમસ્વભાવને એ જ્ઞાનીઓ વારંવાર સ્મરણમાં લ્યે છે. સ્મરણમાં લ્યે છે એનો અર્થ એ કર્યો કે પહેલાં અવગ્રહ, ઈયા, અવાય ધારણા થઈ ગયા છે. શું કીધું? કે 'ભગવાન આત્મા એ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ સર્વજ્ઞે જોયો એવો આત્મા મારો.' એમ જેને અવગ્રહ એટલે અવ નામ નિશ્ચયથી આ છે એમ જરી પકડ્યું છે, પછી વિચાર્યું છે ઈહા, પછી અવાય નિર્ણય કર્યો છે, પછી ધાર્યું છે, ધાર્યામાંથી સ્મૃતિ લાવ્યો છે. સ્મૃતિ લખ્યું છે. લખ્યું છે એ તો એનો હેતુ છે. કેમકે પહેલાં સમ્યગ્દર્શન-જ્ઞાનમાં નિશ્ચય થઈ ગયો છે. સમજાય છે કાંઈ? જેનો ખ્યાલ નક્કી ન કર્યો હોય એનું સ્મરણ ક્યાંથી આવે?

જેનો ખ્યાલ પહેલો નક્કી કરેલો છે, અરે! આત્મા! હું તો પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનનો પૂંજ એકલો, જ્ઞાનનો એકલો ઢગલો. એક જ્ઞાનપૂંજ એ આત્મા, આનંદનો સમૂહ તે આત્મા, વીર્યની મૂર્તિ તે આત્મા. એ તો એક એક ગુણની વાત કરી, પણ એ અનંતા ગુણનું એકરૂપ તે આત્મા. એવા અનંતગુણના પિંડ પ્રભુ આત્મા, એને પ્રથમ સમ્યગ્જ્ઞાનમાં નક્કી કર્યો છે એને જ્ઞાનીઓ, ધર્માત્મા વારંવાર સ્મૃતિમાં, સ્મરણમાં લે છે અને બીજાના વિસ્મરણ કરી નાખે છે. આહા..હા..! આ તો અસ્તિથી વાત કરી છે સ્મરણ કરે છે એનું. ત્યારે વિસ્મરણ કોનું? કે નિમિત્તનું, રાગનું અને વર્તમાન દશાનું વિસ્મરણ કરી અને ત્રિકાળ જ્ઞાયકભાવની સ્મૃતિ રાખે છે. વાતું પણ કઈ જાતની આ?

અરે! જેના ફળ જ્યારથી પ્રગટ્યા અતીન્દ્રિય આનંદ તે અનંતકાળ રહે, એ આનંદના કારણની દશારૂપ ભગવાન દશા એવી દશાના કારણરૂપ ત્રિકાળ ચૈતન્યપ્રભુ એની શું મહિમા? પણ એ મહિમા સમ્યગ્જ્ઞાન વિના, સત્‌સમાગમ વિના, એ શ્રવણ વિના એને અનંતકાળમાં ત્યાગી થયો, અગિયાર અંગ ભણ્યો, એ તો સવારે આવે છે, પંચમહાવ્રત પાળ્યા પણ એના અંદરમાં ઓલી મહિમા આવતી નથી. આમ થાશે, આનાથી થાશે, આનાથી થાશે. જેનાથી થાશે એમ કહેવા માગે તેની મહિમામાં એ પડેલો છે. નવરંગભાઈ! એ ત્યાં રોકાણો છે. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! એક તો વિદ્વાન કીધા અને તે વિદ્વાન સિદ્ધની પંચમગતિ, ચાર ગતિ પૂજનિક નથી. ભલે સ્વર્ગ ગતિ હોય, ઈન્દ્રો અર્ધ લોકના સ્વામી માથે સુધર્મ અને ઈશાન

ઈન્દ્ર છે, જે બત્રીસ લાખ વિમાનનો સાહેબો છે સુધર્મ ઈન્દ્ર, શક્રેન્દ્ર. મેરુ પર્વત છે, લાખ યોજનનો જંબુદ્વીપના મધ્યમાં એનાથી ઉપર માથે વિમાન સુધર્મ ઈન્દ્રનું છે. અસંખ્ય તો જેને નીચે દેવો છે અર્ધલોકનો સ્વામી છે, કહે છે કે એ પણ ગતિ સુખરૂપ નથી. એ તો પૂર્વે કંઈક પુણ્ય કરેલા એના ક્લેશ ભોગવવા ત્યાં ગયા છે.

**શ્રોતા :-** ક્લેશરૂપ વૈભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્લેશરૂપ વૈભવ કીધો શાસ્ત્રમાં. એ શબ્દો શાસ્ત્રના છે. સમજાણું કાંઈ? એ ઘી ઊના. અગ્નિ પણ બાળે એમ ઊના ધગધગતા ઘી નાખે તોપણ બાળે. એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પોતાનું શુદ્ધ ચિદાનંદ શીતળ સ્વરૂપ એને ભૂલીને પાપના પરિણામ તો અગ્નિ સમાન બાળે, નુકસાન કરે, પણ પુણ્યના પરિણામ ઊના ઘી, એ ઊના ધગધગતા ઘી જેને નારાયણ કહે. પણ ઊના ઘી ચામડી ઉતરડી નાખે. પાંચ શેર ઘી ઊનું કરીને સોંપે સરખાયનું. આહા..હા..! ઘી હતુંને? નારાયણરૂપ હતુંને? પણ ભાઈ ઊનું થઈ ગયું. એ ઊના બાળે એમ ભગવાન આત્મા પોતાના અમૃતના સ્વરૂપને ભૂલી, જેટલા પ્રમાણમાં એ શુભભાવ કરે, સંતો સર્વજ્ઞો પોકારે છે તે વૈભવ ક્લેશરૂપી વૈભવને પામશે, શાંતિરૂપી આત્માના વૈભવને પામશે નહિ. એ પંચાસ્તિકાયમાં છે. સમજાણું કાંઈ? હવે આ કઠણ પણ. અંગારા કહ્યા અંગારા. પણ માણસને આમ...

બાપુ! આ વાત આત્માના અનંતકાળમાં વિકારના ઉચ્છેદ કરવાની વાત છે અને અનંતકાળનો આત્મા આનંદમૂર્તિ આ વિકારની આડમાં ઢંકાણો એને પ્રગટ કરવાની વાત છે. બીજી વાત આ પૈસા ને ફૈસા ને ધૂળધાણી ને સ્વર્ગ મળે એ વાતું તો અનંતવાર સાંભળી. '**श्रुत परिचित अनुभूता**' ચોથી ગાથામાં કહે છે. અનંતવાર એવી વાતું સાંભળી, રાગ કરું અને એનાથી લાભ થાય એવી સાંભળી અને એ કરી પણ તેં અને અનંતવાર તેં અનુભવી, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! અપૂર્વ તો એ '**एयत्तस्सुलंभो णवरि ण सुलहो विहत्तस्स**'. એ રાગ અને વ્યવહારની વિકલ્પદશાથી પાર ભગવાન આત્મા છે એ વાત પ્રભુ તેં સાંભળી નથી. આહા..હા..! એ સાંભળી નથી અને પરિચયમાં આવી નથી અને પરિચયમાં ન આવી, અનુભવમાં આવી નથી, માટે તને તેની દુર્લભતા લાગે છે. માટે તે સુલભ નથી એમ અમે પણ કહીએ છીએ. સમજાણું કાંઈ? પોપટભાઈ કહેતા હતાને કે અશુભભાવ તો ઠીક પણ આ શુભભાવ આહા..હા..! સમજાણું? એ તો માણસને જ્યારે એમ કહે કે આ ઝેર (છે). ત્યાં તો આમ ઝાટકા વાગે.

એ કીધું છેને પ્રવચનસારમાં. અરે અજ્ઞાની! એ રાગની ક્રિયાને, જેમ બાળક નાનું હોય અને રૂપાળું, સુવાળું અને છાતીસરસો આમ ભેટે, એમ તું ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિની સાથે આ રાગની ક્રિયાને ભેટી પડ્યો, મૂઢ! તું નપુંસક છો. એ મનુષ્યનો વ્યવહાર (છે), એ ચૈતન્યનો વ્યવહાર નહિ, પ્રભુ! આહા..હા..! સમજાણું? આ નાના છોકરા હોયને બહુ વહાલા લાગે,

બહુ વહાલો લાગે. આમ હોય માખણ જેવું શરીર આવું. આહા..હા..! એમ પ્રવચનસારમાં સિદ્ધાંતરૂપને સિદ્ધ કરવા દૃષ્ટાંત આપ્યો ત્યાં. અરે! પ્રાણી! તેં આવું અનંતવાર કર્યું છે. શુભભાવની ક્રિયા કરી અને છાતીસરસો ભેટ્યો હતો. એ વાત તેં એક સેકન્ડ કોઈ દિ' છોડી નથી. અને ચૈતન્યનો વિલાસ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં લહલહતો ભરેલો પ્રભુ... લે, લહલહતો આવ્યું, ભાઈ! આવે છેને સમયસારમાં? સમયસારમાં આવે છેને નહિ? ઝળહળ શું આવે છે એ? છેલ્લા લસલસતું આવે છે. આપણે આ શિરો થાય તો લસલસતો નથી કહેતા? ઊનો ઊનો હોયને? ધોળિયા ધોળા ઘઉંનો અને એ સરખો ઝીણો કરીને અને ઘીમાં ઓલો કરીને (આપે), લે લહલહતો. એ છ કલાક પછીની વિષ્ટા.

એક ફેરી થઈ હતી વાત નહિ? ભાઈ એ વઢવાણના છેને. કેવા? દાદભાવાળા, દાદભાવાળા. એ ચંપકભાઈ ગયા હતા ત્યાં. અમેરિકા ક્યાં કીધું? જર્મની. એ જર્મની ગયા પછી ત્યાં બહુ ઔષધિનું બહુ એ લોકો. એટલે ત્યાં ગયા તો ઓલા કહે કે અમે ક્ષણમાં શિરો કરી દઈએ. શેનો? કે વિષ્ટાનો. પછી લઈ આવ્યા વિષ્ટા. ત્યાં તો બધા બહાર તો જાય નહિ, ત્યાં બધા પાયખાના ભર્યા હોયને સરખાઈના. એક ટોપલો લઈ આવ્યા પોણો મણ વિષ્ટા સરખાઈની. પછી? આમ બેઠા હતા જોડે. એક ઔષધિ નાખી (ત્યાં) ગંધ ફરી ગઈ. દુર્ગંધ ઉડી ગઈ ફડાક દઈને. બીજી જ્યાં નાખી ત્યાં જાણે આમ લોટ ને એવું લાગે અને ત્રીજી નાખી તો શિરો જાણે લહલહતો જોઈ લ્યો. કહે, ખાવ આ. આ તમે પૈસા આપ્યા છેને દવાના હોયને કાંઈક ૧૦-૧૫ રૂપિયા. અરર! આ અમે ખાઈએ આ વિષ્ટા? નજરે જોયું અમે. પણ બાપુ ફરી ગયું છેને બધું? પણ ફર્યું એ વિષ્ટા ફરી છે. સમજાણું કાંઈ? એ છેને દાદભાવાળા ચંપકભાઈ એ વાત કરતા. મુંબઈમાં રહેતા. ઈ કહે, આવા નજરે કરી દીધો પણ. આમ જોઈ લ્યો લહલહતો આમ. એ ટોપલો પણ આમ આમ હલાવતો શિરો હલે એમ દેખાય. ઓલી વિષ્ટા હલતી આમ દેખાય. લ્યો થોડો ખાવ. અરે બાપા! ગરીબોને ખવડાવી દ્યો. ગરીબોને ખવડાવી દ્યો અને પંદર રૂપિયા જે કાંઈ હોય આપી દ્યો. ચંદુભાઈ! આહા..હા..!

એમ અશુભભાવ તો પાપ, એના ફળ તો કલુષિત, પણ શુભભાવ ઘી ઊના જેવા એના ફળ એ બધા એ વિષ્ટાને ઔષધ નાખીને બનાવેલા શિરા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્માત્માને કહે કે ભાઈ ખા. અરે! ભાઈ! અમને ખબર છેને, એ તો વિકૃતભાવ હતો. એના ફળમાં વૈભવો ક્લેશરૂપ મળ્યા. એ બધા લાખો અને કરોડો રૂપિયાની પેદાશું સમજાય છે? દુઃખના દાળિયા, દુઃખના દાળિયા. એક છેને અત્યારે કરોડ રૂપિયાની પેદાશ છે એક વાણિયો આપણો દશાશ્રીમાળી. સમજાય છે? નામ-બામ નથી આપતા. એક કરોડની પેદાશ એક વર્ષની. છ કરોડ ઊપજે એમાં પાંચ કરોડ જાય, ખર્ચ ખાતામાં જાય છે. એક કરોડની ઊપજ છે. હવે એને છોકરા જુઓ તો સખ ન મળે આખો દિ'. બાપુ! આ મોટર ફેરવો, બાપુ! આ

કરો, આ મોટર નહિ, આ મોટર. પણ હમણાં કાલે ૮૦ હજારની લીધી છેને. ના એ મને .. છે એ મૂકી ધો. એ કામ બરાબર આપતી નથી. એક હજાર, બે હજાર ઓછા ઊપજે તો આપી દ્યો. બીજી લાવો લાખની. આખો દિ' હોળી સળગતી હોય. અજ્ઞાનીઓ એને સુખી માને. નવરંગભાઈ! દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... સારા છોકરા કોને કહેવા? આને વળી સારા છોકરા હશે? ક્યાં ગયા હસમુખભાઈ? કિશોરભાઈ નથી આવ્યાને. ... ગયા હશે. સમજાણું કાંઈ? આ સારો વયો ગયો ઓલો. સારો રહે છે અહીં? કોને કહેવા સારા ને કોને કહેવા નરસા? બાપુ! એ સારો હોય તો તું અને વિકાર ભૂંડો હોય તો વિકાર તારો. એ સિવાય કોઈ સારું-નરસું જગતની અંદર છે નહિ. આહા..હા..! એ વાતમાં એને રુચિ થવી જોઈએ હોં રુચિ. આ એને અનંતકાળથી રુચતું નથી.

તેથી અહીં કહે છે, પૂજનીક પંચમગતિને (માટે) પંચમભાવને સ્મરે છે. ગતિ મોક્ષની પર્યાય માટે, પૂર્ણ શુદ્ધિને માટે. અસ્તિથી વાત કરી છેને. સંસારના નાશને માટે એમ નથી લીધું. પંચમગતિને માટે એ આવા આત્મા શુદ્ધ ધ્રુવ, અરે! એનું સ્મરણ કરી અને આનંદના, આનંદના એ આનંદના કણિયા પ્રગટ કરે છે. જેમ પ્રાણી, ખરે ટાણે છોકરો મરી ગયો હોય અને પછી સંભારી-સંભારીને રોવે, સ્મરી-સ્મરણ કરીને રોવે, એમ ધર્માત્મા આનંદના સ્વરૂપને એકવાર નિર્ણય અને અનુભવમાં આવી ગયો છે એ સ્મરણ કરી-કરીને આનંદને માલતો હોય છે. આહા..હા..! નવરંગભાઈ! આ બાયડી નથી રોતી? બહુ ઓલું રોવે તો પછી આમ કરે ને આમ કરે. બધાને યાદ કરે. એ બાપ ભાઈ! મોટો ભાઈ આવ્યો છે. ત્યાં ક્યાં મોટો ભાઈ બેઠો હતો ત્યાં તે નાનો મરીને ત્યાં જાતો હશે. ઢોંગે ઢોંગ બધાય. મરે ત્યારે નથી કહેતા? કે તમને આવા ભર્યા ઘરમાંથી જવું કેમ ગોઠ્યું? આ સ્મશાનના સાતરા કેમ ગોઠ્યા? એ બધી વાતું રોવે. ખોટે-ખોટી કાંઈ ન મળે. .. સ્મશાનમાં એને જાવું હતું? સાતરા ગોઠતા હતા? તારા ઘરમાં રહેવું હતું એને ઘણું. મુદત પૂરી દેહની થાય, રાજા અને રંક, નારકી અને સ્વર્ગના ઈન્દ્રો છોડીને ચાલ્યા જાય. ભગવાન આત્મા જેના અનંતા ગુણો છે એ વિકારને પણ ક્ષણે ક્ષણે છોડીને નવો કરે તો કોને છોડે? આત્મા ભગવાન અનંતગુણનો પિંડ એને કોઈ દિ' છોડતો નથી. એવી ચીજને ધર્માત્મા વારંવાર સ્મૃતિમાં લે છે અને બીજાનું એ વિસ્મરણ કરે છે. વિસ્મરણમાં ઓલો પર્યાય, રાગ અને નિમિત્ત બધાને વિસ્મરણ કરે છે.

બીજો (૫૯મો) શ્લોક.

सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं
त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।
उभयसमयसारं सारतत्त्वस्वरूपं
भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः।।५९।।

જંગલમાં રહ્યા સંતોએ આત્માના આનંદની મોજું માણતા વિકલ્પ જરી ઉઠ્યો, શાસ્ત્ર

લખાઈ ગયા. લખાઈ ગયા હોં! કર્તા-ફર્તા કોઈ ન મળે. એ રજકણની દશા એ થવા કાળે થાય. મુનિઓ કહે કે ભાઈ! અમે કર્યા એમ ન માનશો. એ જડમાં પરમાણુઓમાં સ્વપર કહેવાની વાર્તાની તાકાત પડેલી છે. જડમાં સ્વની એટલે જડ કોણ છે અને પર કોણ છે એ સ્વરૂપની સ્વપરની વાર્તા કહેવાની જડમાં તાકાત છે, જાણવાની નહિ. એ ભારે વાત ભાઈ આકરી. સાકર શબ્દ છે એ સાકરને બતાવે છે કે નહિ? અને શબ્દ શબ્દને બતાવે છે પોતે કે હું એક આ ધ્વનિ છું અને આ સાકર છે એને બતાવું છું. એને જ્ઞાન નથી પણ એમાં શક્તિ બે પ્રકારની છે. એમ ધ્વનિનો અવાજ જે આ છે સર્વજ્ઞની ધ્વનિનો અવાજ કે સંતોની ધ્વનિનો અવાજ એ વાણીમાં સ્વ હું કોણ? એને બતાવવાનો પર્યાય ધર્મ એનો છે અને આ અંદર બીજો કોણ, જેની વાત થાય એ કોણ છે એને ખબર નથી. પણ સ્વરૂપ સ્વપરને કહેવાના પરિણમનની શૈલી જડમાં હોય છે. ભારે આકરું કામ ભાઈ આ! અને સ્વપરને જાણવાની તાકાત આત્મામાં છે. સમજાય છે કાંઈ? એવો આત્મા અહીંયાં મુનિ જંગલમાં હતા એમણે આ એક કળશ કર્યો. કર્યો એટલે આ હિસાબે.

**'સઘળુંય સુકૃત...'** જુઓ, હવે આ. એ કહે છે કે ઓલા જે રાગની મંદતા થઈને મુનિઓને. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અઠ્યાવીશ મૂળગુણ, એ અઠ્યાવીશ મૂળગુણ જે શુભરાગ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો ભાવ એવો જે શુભભાવ તે **'ભોગીઓના ભોગનું મૂળ છે;...'** ભોગીઓના ભોગનું મૂળ છે. અમે સંતો યોગીઓના કામ એ અમારા નથી. આહા..હા..! યોગી એટલે ચૈતન્ય શુદ્ધ આનંદમાં યોગ નામ જોડનાર, એ વર્તમાન દશાને અંતર સ્વરૂપમાં યોગ નામ યુજ નામ ધાતુ જોડે છે અંદર એને આ શુભભાવ યોગીઓના યોગનું મૂળ નથી. ભોગીઓના ભોગનું મૂળ છે શુભભાવ. આહા..હા..! એમ કરીને એને હેયપણું અંતરમાં બતાવે છે. સમજાણું આમાં કાંઈ?

**શ્રોતા :-** આ કોની વાત ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કોની વાત ચાલે છે આ? આ મુનિ પોતાની વાત કરે છે. સારા ધર્મ કહેવાય એમ કહે છે, ભાઈ! બધા ઘણા અત્યારે તો ચાલે છે લાકડા. સંસાર એવો છેને. એવી સંસારમાં દશા અને એના માનનારા ન હોય તો આ સંસાર ટકશે શી રીતે પરિભ્રમણ? પરિભ્રમણ તો ટકવાનું છે કે નહિ? અનંત જ્ઞાનીઓ થઈ ગયા, કોઈ સંસાર બધાને ટાળી શક્યા નહિ, અને કોઈને ટાળવાની તાકાત પણ ન હોય, એ પોતે ટાળે ત્યારે ટળે. કેટલાક એમ કહે છે કે જ્ઞાનીઓના શુભભાવમાં કાંઈક શુદ્ધતા છે. અહીં કહે છે કે ભોગીઓના ભોગનું મૂળ છે. એના પુણ્ય પરિણામમાં ભોગ મળશે સંસાર દેવના, નિષેધ કરતા જાય અમે પંચમકાળના મુનિ છીએ, અમારું કેવળજ્ઞાન થઈને મુક્તપણું તો આ ભવમાં નહિ હોય, પણ આ ભાવ જરી વર્તે તે ભોગીઓના ભોગનું મૂળ છે. અમારે જોતા નથી, પણ આવ્યા વિના રહેશે નહિ એ તો વાત સાથે લે છે. સમજાણું કાંઈ?

જેમ અનાજ વાવતા એક હજાર કળશી અનાજ થાય. મોટા હોયને ત્યાં સમજાય છે? પાંચ-પાંચ હજાર મણ ભાઈ કપાસ થાય ભાઈ અમારે પાલેજમાં. પાલેજ ગુજરાતમાં જ્યાં સાણંદ છેને. ત્યાં તો અમારે ત્યાં ઘણાં ... મોટા, પાંચ-પાંચ હજાર તે દિ' હોં! પચાસ વર્ષ પહેલાં, પંચાવન વર્ષ પહેલાંની વાત છે. પાંચ-પાંચ હજાર મણ કપાસ. એવા એવા મોટા દસ-દસ હજાર મણ કપાસ, મોટા ખેતરોની. એના વહવાયા પણ જબરા હોય એના લેનાર-દેનાર જે કામ કરનારા હોય એ જબરા હોય કે નહિ? એમ અહીં તો કહે છે કે જ્યાં હજાર મણ પાકે અનાજ ત્યાં સો ગાડા, હજાર ગાડા ખડ થયા વિના રહે નહિ, પણ એ ખડનો કામી ઓલો સારા અનાજનો વાવનાર ખાનાર કામી ન હોય. એ ખડ ઢોરને માટે રાખે. સમજાય છે? અને એ કપાસની સાઠીઓ વાળવા માટે રાખે અથવા એ નાખે ને ક્યાંક આમ. આમ નાખે, આમ નાખે. પહેલાં એવું હતુંને. અત્યારે ક્યાં, વધી ગયુંને. શું કહેવાય આને? મકાનના રાખતા નીચે. છાપરા જેવા કરતા ઓલા પાણી નીતરી જાય. છાપરું નામ નહોતું ભાઈ ભૂલી ગયા. છજા-છજા. હવે તો તમારે પતરાના બધા લોઢાના હવે વધી ગયા. સંભારે કોણ ઓલાને.

કહે છે, '**ભોગીઓના ભોગનું મૂળ છે;...**' શુભભાવ. સુકૃત શબ્દ પડ્યો છે જુઓ, '**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः।** ' પહેલું શ્રદ્ધામાં છોડવાલાયક એમ કીધું. પછી સ્વરૂપમાં ઠરતા એ છૂટી જાય, પણ શ્રદ્ધામાં પહેલું છોડવાલાયક છે અને ચિદાનંદ ભગવાન પવિત્ર તે આદરણીય છે એવા નિર્ણયના સ્તંભ રોપ્યા વિના તારું ડગલું આગળ ચાલશે નહિ. '**ભોગનું મૂળ છે; પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...**' ઓહો..હો..! વાત એવી છેને, આ વાત એવી લાગેને જાણે સાધારણને... સમજાય છે? અને ઓલી વાત ચાલતી હોય તો? જરી શુભની અને ઓલી એવી મીઠી લાગે.

એક લગનની વાત છે ભાઈ! ઓલી લગનની નહોતી કહી? આ ભરવાડો પરણેને પછી ૨૫-૫૦ એક સાથે પરણે. એક સાથે. .. એમાં એવો એક પંડિત આવ્યોને એ સંસ્કૃતના શ્લોક ને એના જે હોય વિધિ પરણવાની બોલવા માંડ્યા. કોઈ કાંઈ સમજે નહિ. ઓલો માણસ હુશિયાર, વાત બધી સારી એના ઓલાની. આ કાંઈક શું બોલે છે? પછી બે-પાંચ વર્ષે વળી ૨૫-૫૦ ભરવાડના લગ્ન હશે. એમાં એક એવો આવ્યો. 'છજા જાળીયા માળીયા ખૂબ છાજે.' આ પંડિત ખરો. કહે છે કે અમે પરણશું ત્યારે તમને છજા માજા માળીયા મળશે. એમ કહે છે. ઓલો અર્થ કરવા માંડ્યો ઓલો ભરવાડ એની મેળાએ. આવે છેને ઓલું ચોપડીમાં, નથી આવતું? દલપત કવિમાં આવતું. 'છજા માળિયા...' શું કહે છે? 'છજા જાળીયા માળીયા ખૂબ છાજે.' એવું પછી આવે છે કાંઈક. આપણે ભૂલી ગયા એ બધું. છજા, જાળીયા અને માળીયા પાછા. જાળીયા અને માળીયા અને છજા ખૂબ છાજે. એટલે

ઓલાને જોયું! આપણે લગન કરીએ છીએને. આ મહારાજ પંડિત કેટલો આશીર્વાદ આપે છે આપણને. ઓલાને આવડતું નહોતું કાંઈ. એટલે આ શ્લોકથી એના લગનની વિધિ પતાવીને ખુશી થયા. એમ અજ્ઞાનીને પુણ્યની વાર્તાઓ જ્યાં છજા માળીયા જેવી કરેને, વાહ! વાહ! અને આત્માની વાત જે સંસ્કાર નાખનારી તત્ત્વની વાસ્તવિક (એ) મગજમાં દાખલ કરવી મુશ્કેલ પડે. શું પણ આ કહે છે શું? માંડી છે એક આત્મા આવો, શુદ્ધ ચિદાનંદ પ્રભુ તું છો. હવે અહીં એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, એક પાયની છીંકણી આટલી મળે અને આમ સુંઘે ત્યાં વૈકુંઠ દેખાય એને કે આ..હા..! હવે એની કિંમતું કેટલી પણ? એક પાઈના કેટલા ભાગની છીંકણી કિંમતી? એમાં જેની મજા સમાણી એની કિંમત ચૈતન્યની કરતા કેટલી આવડે એને? સમજાણું કાંઈ? અહીં તો ચૈતન્ય કિંમતના કરનારાઓ આવા હોય એમ સંભળાવીને ચૈતન્યની કિંમત કર એમ કહેવા માગે છે. શુભભાવ એ ભોગીઓના ભોગનું મૂળ છે.

એ ઓલા ખડ થાય ખરા, પણ એ ખડનો આદર નથી. કણસલાના લોઠા કેટલા પાક્યા એવું કણબીઓનું લક્ષ હોય છે. લોઠા આવેને કણ દાણાના. ખડ ઉપર લક્ષ હોતું નથી. એમ ધર્મી જીવને આત્માના શુદ્ધતામાંથી એકાકાર થઈને કેટલી નિર્મળ દશા થઈ એના ઉપર એનું લક્ષ છે. પણ રાગનો કણ જોડે ભેગો હોય એ બધા ખડ છે અને એના ફળ બધા સ્વર્ગ ભોગીઓના ભોગના મૂળ છે. સમજાણું કાંઈ? આ તો બધા ભોગ-બોગ સારા હોય તો બહુ સુખી અને બાદશાહ એમ કહે લોકો લ્યો! ઓલા ભાઈનું કીધું નહોતું એક ફેરી? બેચરભાઈ ગયા હતાને ત્યાં સર હુકમીચંદને ઘરે. અહીં ઘાસની તાણ હતીને ત્યારે. રાજકોટ. ઘણા વર્ષની વાત છે. ત્યાં ગયેલા. મોટો કરોડપતિ ૨૦ કરોડ. સર હુકમીચંદ. એ ત્યાં ગયા તો એણે સાંભળ્યું એના રસોડાનો ખર્ચ બાર મહિનાનો અઢી લાખનો છે. ઓહો..! એ બેચરભાઈ કહેતા હોં, ભાઈ! અઢી લાખનો ખર્ચ રસોડાનો. સર હુકમીચંદ. ઘણા વર્ષની વાત છે હોં. ઘાસ માટે ગયેલા. કોક બીજું સાથે ગયું હતું. ત્યાં તમારે દુકાળ પડતો નથી કોઈ દિ'. ઈંદોર. સાંભળ્યું હતું. ત્યાં દુકાળ ન પડે, વરસાદ સદાય. પછી તમે તો ઈંદોર રહો છોને? ઈંદોર. પછી ગયા હતા બેચરભાઈ આવ્યા હતા આ બેચર કાળીદાસ. આ નાનાલાલભાઈ ગુજરી ગયા એનાથી નાના ભાઈ ઈ કહેતા. અઢી લાખનો રસોડાનો ખર્ચ. ઓહો..હો..! મોટું લાગે કે નહિ? રાડ બોલી જાય કે અઢી લાખનો તો એક ચૂલાનો ખર્ચ. મહેમાનો આવે, જાજું આવે. એને તો પેદાશ બે-ત્રણ કરોડની તે દિ' બહુ હતી. ચાર કરોડની. જ્યારે અમારે ત્યાં આવ્યા હતા કુટુંબને લઈને દર્શન કરવા ત્યારે તો સાંભળ્યું હતું ચાર કરોડની પેદાશ છે. હવે એને અઢી લાખની ગણતરી શું ત્યાં? ૧૭ લાખનો તો એક હાર પહેરીને આવ્યા હતા. ૧૭ લાખનો હાર કે જેના અત્યારે તો ૩૦-૩૫ લાખે ન મળે. જ્યારે ૨૦૦૧ની સાલમાં દર્શન કરવા આવ્યા હતા. મોટા પથરા હતા લીલા-લીલા આવડા-આવડા. અહીં તો કહેવું

છે કે રાડ નાખી જાય.

એમ જે સુકૃતનું મૂળ અરર! આવા ભોગ! અહીં તો કહે, પુણ્ય કરીશ તો આમ થાશે, તને આમ થાશે, પૈસા મળશે અને બાયડી મળશે, ઈન્દ્ર થાઈશ. હા! એટલે દુઃખી થાઈશ. હા. દુઃખ છે કે શું છે ત્યાં? અહીં કહે છે કે '**પરમતત્ત્વના અભ્યાસમાં નિષ્ણાંત...**' પરમતત્ત્વ ચિદાનંદ ભગવાન આત્મા એના અભ્યાસમાં. જુઓ, અભ્યાસમાં અંતર પરિચયમાં, અનુભવમાં નિષ્ણાંત છે. એવા '**ચિત્તવાળા મુનીશ્વર ભવથી વિમુક્ત થવા અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો...**' શ્રદ્ધામાં છોડો રે છોડો, સ્વરૂપની રમણતામાં આવો. એમ કરીને ઓલાનો વિકલ્પ છેને એ છોડીને સ્થિરતા થવાની ભાવના છે.

'**અને સારતત્ત્વરૂપ એવા ઉભય સમયસારને ભજો. એમાં શો દોષ છે?**' એટલે કોઈ એમ કહે કે અરર! આ રાગ છોડે છે, રાગ છોડે છે. પણ એ તો નિર્દોષનું કારણ છે સાંભળને! એમ કહે છે. સાર તત્ત્વ એવો ઉભય સમયસાર. ઉભય એટલે? ત્રિકાળ જ્ઞાયક ભગવાન સમયસાર એને કહેવો અને પૂર્ણ કાર્ય પ્રાપ્ત કરવા માટે કારણ એના મોક્ષમાર્ગની પણ સેવા કરો. એમાં શો દોષ? અજ્ઞાની કહે કે અરે! આ રાગ છોડે છે, ઉડાડે છે. સમજાય છે? ધર્માત્મા જીવોએ આ આત્માની ચીજને સમજી, એને શ્રદ્ધી અને એનો આદર કરવો, પણ રાગાદિ હો, થાય એનો આદર અંતરની રુચિ અને દૃષ્ટિમાં રાખવો નહિ. એનું નામ મોક્ષનો માર્ગ અને સુખી થવાનો પંથ કહેવાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૬૯, પ્રવચન નં. ૭૫૦

આ નિયમસાર એક શાસ્ત્ર છે, એમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. અહીંયાં એમ કહે છે કે જેને મોક્ષમાર્ગની અભિલાષા હોય એને અંતરમાં આત્મા પૂર્ણ પરમાત્મસ્વરૂપ છે તેને એણે અવલોકન કરવું જોઈએ. સમજાય છે? કેમ? કે જેવા અશરીરી પરમાત્મા શરીરરહિત સિદ્ધ આત્મા પૂર્ણ પ્રગટ દશામાં આનંદ અને જ્ઞાન અને દર્શન ને વીર્યથી સંપન્ન પૂર્ણ છે. એવા દરેક આત્માઓ અંતર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ એવા જ છે. એ શરીરનું કાંઈ કરે કે કોઈની સહાયથી પોતે કરે એવો એ આત્મા નથી. એ આત્મા દ્રવ્યાર્થિકના એટલે વસ્તુ શુદ્ધ ચૈતન્ય એક સમયમાં પૂર્ણ એવા સ્વભાવની દૃષ્ટિના બળે જોઈએ તો એમાં મોક્ષમાર્ગની દશા જે પ્રગટ થાય એ બધી એમાં ભરેલી છે. આ શું કરવું?

કહે છે કે અંતરમાં પરવસ્તુ.. વિકાર ઉઠે એ રાગ છે. 'એ રાગ મારું કર્તવ્ય છે અને

હું એનો કર્તા છું' તે મિથ્યાદૃષ્ટિ ચૈતન્યને ભૂલી જાય છે. પંડિતજી! કહે છે, એ વિચારો છૂટીને જે કોઈ શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ એટલે કે અભેદ જ્ઞાનમૂર્તિ પ્રભુ અખંડ આનંદકંદ એવો અભેદ સ્વભાવ એમાં જે કોઈ જીવ તન્મય થયા છે. અંતર દૃષ્ટિમાં નિર્વિકલ્પપણે રાગ વિના, સ્વભાવમાં એકાકાર અંદર થાય છે તે તિષ્ઠે છે. એ વસ્તુના અંતર સ્વભાવમાં જેની દૃષ્ટિ ઠરી છે તે જ જીવ અતીન્દ્રિય સુખને આસ્વાદે છે. એ આત્મા અતીન્દ્રિય આનંદનો પ્રગટ પર્યાયમાં અનુભવ આનંદનો સ્વાદ લ્યે છે. આ એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આ અમૃતની લ્હાણી છે. પાઠમાં અમૃત શબ્દ પડ્યો છે અંદર. સમજાણું કાંઈ?

કહે છે જુઓ, 'તે જીવ...' જે કોઈ આત્મા અંતરમાં, પછી ભલે વિકલ્પ આદિ ઉઠે શુભાશુભભાવ પણ પ્રથમ જ્યાં અંતરમાં વિકલ્પની લાગણી નહિ, ગુણ-ગુણીનો ભેદ પણ નહિ. 'ગગન મંડળમેં અધ બીચ કૂઆં, વહાં હૈ અમી કા વાસા.' આ વળી અમૃત આવ્યુંને. 'ગગન મંડળ મેં અધ બીચ કૂઆં, વહાં હૈ અમી કા વાસા, સુગુરા હોવે સો ભર ભર પીવે સંતો, એ નુગુરા જાવે પ્યાસા. અબધુ ક્યા માગુ ગુણ હીના.' એ ભગવાન આત્મા અંતરમાં 'ગગન મંડળ મેં અધબીચ કૂવા...' અધબીચ કૂવો છે અહીં શરીર, વાણી, મન વિનાનો. એમાં અતીન્દ્રિય અમૃતનું આનંદનું ઝરણું એ પોતે છે. ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ છે. 'સુગુરા હોવે સો ભર ભર પીવે સંતો, એ નુગુરા જાવે પ્યાસા.' જેને ગુરુગમ મળી છે એ, આત્મા એક સમયમાં અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે એ વિકલ્પની લાગણી વિનાનો એ અનુભવ કરવામાં એને આનંદમાં કોઈની અપેક્ષા છે નહિ. એવો અમૃતનો કુંડ પ્રભુ આત્મા અંદર છે, એમાં દૃષ્ટિ સ્થાપીને ગુણ-ગુણીના ભેદના, રાગના કાર્યનો વિચાર છોડી દઈને. સમજાય છે કાંઈ?

કહે છે કે .. અતીન્દ્રિય સુખ. અમૃતની વ્યાખ્યા કરી. અતીન્દ્રિય આનંદ પ્રભુ. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો કંદ એમાં દૃષ્ટિ આપતા આસ્વાદ નામ અમૃતને પીવે છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં આવવો એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. કહો, સમજાય છે કાંઈ? થોડી થોડી ગુજરાતી સમજી લેવી. મરાઠી. મરાઠી આવે તમારે? દક્ષીણી. પંડિતજી આવ્યા છેને. સમજાય છે કાંઈ? કહે છે 'શું કરીને? કે દ્રવ્યપર્યાયરૂપ વિકલ્પબુદ્ધિ તેને એક પક્ષનો .. તેને છોડીને...' શું કહે છે? આ તો ભાઈ! અંતરના મોક્ષના ખજાના ખોલવાની વાતું છે. એ કાંઈ ઉપરટપકે બહારથી હાથ આવે એવું નથી. સમજાણું કાંઈ? એ બહારની દયા, દાન, ભક્તિ, વ્રત ને પૂજા આદિના રાગ એનાથી હાથ આવે એવો નથી. એવો ભગવાન આત્મા નથી. આહા..હા..!

પરમાત્મા પોતે એક સમયમાં અનંત આનંદનો કંદ પ્રભુ અમૃતનો એ ગાંગડો, અમૃતનો એ કૂવો છે. કહે છે કે દ્રવ્ય-પર્યાયનો વિચાર છોડીને. જુઓ, પહેલું એ લીધું છે. ભગવાન

આત્મા આ વસ્તુ છે અખંડ એકરૂપ અને એની વર્તમાન દશા હાલત થાય છે, એ બેના વિકલ્પો કરવા એ પણ કર્મ અજ્ઞાનપણે રાગ કર્તવ્ય છે અને રાગનો કર્તા આત્મા થાય છે. બહુ ઝીણું, ભાઈ! સમજાય છે કાંઈ? કહે છે કે 'દ્રવ્યપર્યાયરૂપ વિકલ્પબુદ્ધિને એક પક્ષરૂપ અંગીકાર તેને છોડીને...' હું એક અખંડ પદાર્થ છું શુદ્ધ આનંદકંદ અને આ સમયની વર્તમાન અવસ્થા ચાલે છે, એ બેય ઉપરનું લક્ષ કરે છે એને વિકલ્પ નામ રાગની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? 'દ્રવ્યપર્યાય વિકલ્પ...' વિકલ્પ નામ રાગ, ભેદબુદ્ધિ એને પણ છોડી દઈને અંતર આત્માના એક સ્વરૂપ અખંડાનંદ પ્રભુ અંતરમાં એકરૂપે દૃષ્ટિ કરે છે ત્યારે તેને અમૃત આનંદનો સ્વાદ અને અમૃતનો અનુભવ થાય છે. એ અમૃતનો અનુભવ તેને આત્મધર્મ કહે છે. એ અમૃત અતીન્દ્રિય આનંદનો અનુભવ તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને મોક્ષનો માર્ગ કહે છે. જયંતિભાઈ! સમજાય છે, સોભાગભાઈ? જુઓ, આમાં ... નીકળી ગયું આખું બધું. એ ક્યાં ગયા? મૂળચંદજી! બેઠા છે.

કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, તારી વાત તો સાંભળ. તારો મેળાપ થવો, તને ભેટા થવા તારા એ કોઈ અલૌકિક વાત છે. જ્યાં ભગવાન આત્મા પરની ક્રિયાનો કર્તા તો ત્રણકાળમાં નથી, પણ એમાં દયા, દાનના પરિણામ એ કર્તા પણ ભગવાન આત્મા છે જ નહિ, પણ એમાં દ્રવ્ય અને પર્યાય એવા બે વિકલ્પો ઉઠે કે આ વસ્તુ છે અખંડ અને આ એક સમયની હાલત છે એવો વિકલ્પ પણ જ્યાં નથી, એ વિકલ્પનું પણ લક્ષ છોડી દઈને ભગવાન આત્મા અખંડનાનંદમાં દૃષ્ટિ સ્થાપીને નિર્વિકલ્પ આનંદનો સ્વાદ (આવે તે અમૃત છે).

'આશા ઓરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા ઓરનકી ક્યા કીજે?' જ્ઞાન સુધારસ. એ જ્ઞાનમાં અમૃત આનંદનો રસ પડ્યો છે. એ અમૃત આનંદને અંદરમાં ચૈતન્ય રત્નાકરમાં ડૂબકી મારી, જેમ દરિયામાં ડૂબકી મારતા મોતીની મુઠીયું ભરીને બહાર નીકળે કે જુઓ, આ મોતી નીચે પડ્યા (છે). એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અમૃતનો દરિયો કૂવો મોટો છે. આનંદઘનજીએ કૂવો કહ્યો વળી. અહીં તો મોટો દરિયો છે. અમૃતની.. શ્રીમદ્દે તો વળી એકલી અમૃતની નાળિયેરી છે એમ કીધું છે. લોકો તો સાકરની નાળિયેરીમાં ખુશી ખુશી થઈ ગયા. એટલે કે જરી કાંઈક પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના આવ્યા (ત્યાં) ખુશી ખુશી થઈ ગયા મૂઢ જીવ. પણ અહીં તો આખી અમૃતની નાળિયેરી ભરી છે અંદરમાં. આહા..હા..! એ આત્મા આવો છે એણે કોઈ દિ' સાંભળ્યો નહિ અંદરથી અને એમને એમ ધુણી ધુણીને મરી ગયો અનંતકાળ કરી કરીને. કહે છે કે ભગવાન આત્મા એક સમયમાં નય પક્ષપાત મૂકતા. નયપક્ષની વ્યાખ્યા આટલી બહુ ટૂંકી થોડેથી કરી. દ્રવ્ય અને પર્યાયનો પક્ષપાત છોડી દઈ અને જે અંતરના સ્વરૂપમાં,... આ એની રીત છે એ રીત તો પહેલી લક્ષમાં અને શ્રદ્ધામાં લે. સમ્યગ્દર્શનને પામવાની આ એક રીત

અને આ જ પ્રકાર છે, બીજો કોઈ પ્રકાર છે નહિ. પ્રથમ ધર્મનો પ્રકાર ઊપજવા માટે જ્યાં 'ભગવાન આત્મા વસ્તુ છે' એવો એક વિકલ્પ ઉઠે એ પણ જ્યાં કામ કરે નહિ. સમજાય છે કાંઈ?

'વિકલ્પ છોડીને...' શું કરીને? 'કેવા છે એ જીવ સમકિતી...' વિકલ્પજાળ... **'च्यूत शांत चिताः'** 'એક તત્ત્વનો અનેક વિચાર...' શું કહે છે? આ આત્મા એક તત્ત્વ છે, એક હોવાપણે. ભગવાન આત્મા એક હોવાપણે સત્... સત્... સત્... સત્ત્વ સત્તા છે એના અનેક પ્રકારના વિચારથી 'રહિત થયો...' એનાથી વિચારરહિત થયો. વિચાર નામ રાગ. અહીં વિચાર શબ્દ વાપર્યો છે, પણ વિચાર શબ્દે અહીંયાં રાગ લેવો. અનેક પ્રકારનો વિચાર કે 'હું જ્ઞાન છું ને આનંદ છું, પવિત્ર છું, રાગથી શૂન્ય છું' એવો જે રાગનો વિકલ્પ છે એનાથી આત્મા શૂન્ય છે. કહે છે, 'રહિત થયો છે...' **'शांत चिताः'** 'નિર્વિકલ્પ સમાધાન મન જેનું એવું છે.' અંતરમાં નિર્વિકલ્પ સમાધાન થઈ ગયું. સમાધાન નામ શાંતિ. અંતરમાં જે શાંતિ અને અકષાય સ્વભાવ, પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ, એની અંતરમાં સમ્યગ્દૃષ્ટિ થતાં એ આત્માની દશામાં શાંત... શાંત... ઉપશમરસનો, ઉપશમરસનો ઢાળો ઢળ્યો. આહા..હા..! એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? સમજાય છે, ભાઈ? ઓહો..! રહિત થયો. 'નિર્વિકલ્પ સમાધાન મન...' મન શબ્દે? મન જ નથી ત્યાં પછી. આ પહેલી વાત ચાલે છે હોં હજી સમ્યગ્દર્શનની ચોથા ગુણસ્થાનની. અવિરત સમ્યગ્દૃષ્ટિ કેવો હોય? જયંતિભાઈ! પછી પાંચમું તો ક્યાંય રહ્યું અને મુનિ તો ક્યાંય દશા આઘી કોઈ અલૌકિક રહી ગઈ.

પ્રથમ અવિરત સમ્યગ્દૃષ્ટિ કેવો હોય? કે અંતરમાં આસક્તિનો ભાવ છૂટ્યો ન હોય, પણ આસક્તિનો પ્રેમ છોડીને આનંદકંદની દૃષ્ટિમાં ઘૂસી ગયો છે અંદરમાં એને પ્રથમમાં પ્રથમ અતીન્દ્રિય આનંદ જે, સિદ્ધને જે આનંદ પરમાત્માને છે એ માયલો અતીન્દ્રિય આનંદ સ્વભાવમાં છે એ અંતરની પર્યાયમાં દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય સિદ્ધની જાતનો. જે પરમાત્મા છે એને જે આનંદ અનંતગુણો છે, એ જાતના આનંદનો અનુભવ 'અખંડાનંદ પ્રભુ એકરૂપ સ્વરૂપ છું' એવો અનુભવ કરતાં જે શાંત ચિત્ત સમાધાન થઈ જાય એને નિર્વિકારી અનુભવ કહેવામાં આવે છે.

'ભાવાર્થ :- જે એક સત્ત્વરૂપ વસ્તુ છે...' આ પોતાની વાત ચાલે છે હવે. બીજી સત્ત્વ ભિન્ન રાખો. અનંત આત્મા એને ઘરે રહ્યા, બીજા પરમાણુ એના ભાવમાં રહ્યા. આ ભગવાન આત્મા પોતે એકરૂપ સત્ત્વ છે, જેને દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ત્રણ, દ્રવ્ય એટલે અનંતગુણનો પિંડ, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા એ એમાં એનું સત્ સમાઈ ગયું છે. એક સત્‌ના એ ત્રણ પ્રકાર છે. તો કહે છે કે 'એક સત્ત્વરૂપ વસ્તુ...' સત્‌નું સત્ત્વ. છે એનું સત્ત્વ હોવાપણું. વસ્તુ શક્તિ અને અવસ્થા એવી જે વસ્તુ 'એના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ...' એના દ્રવ્ય, ગુણ અને પર્યાય. આહા..હા..! ભગવાન આત્મા દ્રવ્ય એટલે વસ્તુ છે, એને

જ્ઞાન આનંદ આદિ અનંતગુણ છે અને એની વર્તમાન હાલતની દશા છે, એ ત્રણ પ્રકારનો વિકલ્પ ઉઠવો એ પણ એક રાગ છે, એ ધર્મ નહિ. બાબુભાઈ! શું હશે આ? કોના ઘરની વાત હશે આ તે વીતરાગમાર્ગની હશે? અત્યાર સુધી તો આ પાળો ને આ કરવું, આ ખાવું, આ કરવું, ધૂળ કરવી એનું જ સાંભળ્યું હતું બધું. કોણ ખાય અને કોણ પીવે? સાંભળને. જડની અવસ્થા જડથી થાય ત્યાં 'હું કરું' એ માને એ જ મૂઢ અને મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવાથી વિકલ્પ થાય છે. આહા..હા..! આત્મા... આ તો ક્યાંય રહી ગયા, શરીર નહિ, કર્મ નહિ, વાણી નહિ, પરની દયા પાળવી મારામાં નહિ.

**શ્રોતા :-** કોણ બાકી રહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાકી રહ્યો એક આત્મા એના ત્રણ પ્રકાર. વસ્તુ, શક્તિ—ગુણ અને અવસ્થા એ ત્રણનો વિકલ્પ કરવો એ રાગ છે, એ પણ ધર્મ નથી. અંદરમાં જાય એટલે સમજાય. એને ભેદથી સમજાય એવી ચીજ નથી. ભેદ કહેવામાં આવે, પણ એનાથી સમજાય અને અંદર જાય ત્યારે એને સમજાય. એવી નિરાલંબી નિરપેક્ષ દૃષ્ટિ કરતાં સમજાય એવી એ ચીજ છે. કહો, સોભાગભાઈ! સોભાગભાઈ .. પહેલું અહીં રાજકોટમાં કીધું હતું, ૨૦૦૬ની સાલમાં. દેરાસરમાં અંજન ચોર. પંદર વર્ષ થયા. છે? સોભાગભાઈ ખબર છે? આ દેરાસરમાં. આ દેરાસરની અંદર કે આ અંજન ચોર નિઃશંક થઈ ગયા અને પાધરું થયું આ બધું શું? પહેલા તો એને આ સમજાણું ત્યારે સમ્યગ્દર્શન થયું, એ વિના સમ્યગ્દર્શન ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પરનું કરું અને પરનું પરથી લઉં એ તો વસ્તુના સ્વરૂપમાં જ નથી, પણ મારા ગુણમાંથી કાઢું એવો વિકલ્પ પણ આત્માના સ્વરૂપમાં નથી. અહીંયાં દ્રવ્યમાં વસ્તુ શક્તિ પડી છે અનંત એને 'હું આમ પર્યાયમાં લાવું' આ એવો વિકલ્પ પણ જેના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, એક સત્ત્વરૂપ વસ્તુ એના ત્રણ પ્રકારે વિચાર એ રાગ છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવના વિચાર એ પણ રાગ છે. ઓહો..હો..! ભગવાન આત્મા અનંતગુણની વર્તમાન નવી નવી અવસ્થા થવી એને ઉત્પાદ કહે છે, જૂની અવસ્થાનો અભાવ થવો તેને વ્યય કહે છે અને કાયમ ટકવું એ ચીજનું ચૈતન્યની જાતનું એને ધ્રુવ કહે છે. એવા ઉત્પાદ, વ્યય અને ધ્રુવનો વિચાર પણ રાગ છે. અહીં શાસ્ત્ર કહે કે **'उत्पादव्ययध्रुवयुक्तं सत्' 'सत् द्रव्य लक्षणं'**. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. દસલક્ષણી ધર્મમાં હંમેશા ગડીયા હાંકે. મોક્ષશાસ્ત્ર આવેને મોક્ષશાસ્ત્ર. ગડીયા હાંકે. પણ એ ગડીયાનો સાર શું છે એ સમજ્યો છો? એ આત્મામાં એક સમયમાં ત્રણ અંશ હોવા છતાં નવી અવસ્થાનું ઊપજવું, જેમ સોનું સોનાપણે કાયમ રહી અને કુંડળની અવસ્થાનું થવું. પહેલી વીટી આદિની અવસ્થાનું જવું અને સોનાપણે ધ્રુવ રહેવું. એમ ભગવાન આત્મા પોતાની શક્તિ, ગુણના પિંડપણે રહેવું, નવી અવસ્થા સમ્યગ્દર્શન કે આદિની પર્યાયપણે

ઉત્પન્ન થવું, પુરાની અવસ્થા મિથ્યાત્વ આદિનો વ્યય થવો—એવા ત્રણ અંશપણે હોવા છતાં એ ત્રણ અંશનો વિચાર કરવો એ રાગ છે, એ સમ્યગ્દર્શનનું કારણ નથી. બરાબર છે? ભગવાન! હવે અહીં તો બિચારા શીખી-શીખીને મરી જાય, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. જાણપણામાં આમ શીખે શાસ્ત્ર અને આમ શીખ્યા આ શાસ્ત્ર. સાંભળ તો ખરો તત્ત્વ જે છે ઈ.

નિર્વિકલ્પ તત્ત્વ ભગવાન આત્મા એવું ચિદાનંદ પ્રભુ જેમાં ત્રણ અંશનું હોવાપણું હોવા છતાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવનું હોવાપણું હોવા છતાં, ત્રણના ભંગપણે વિચાર કરવો એ રાગની ઉત્પત્તિ પુણ્યબંધનું કારણ છે, એ સમ્યગ્દર્શન નહિ અને ધર્મ નહિ. આહા..હા..! ધન્નાલાલજી! આ રાડું પાડે છેને બિચારા, રાડુ પાડે છે પંડિતો કેટલાક. હાય.. હાય.. આવું સમ્યગ્દર્શન મોંઘું કરી દીધું. મોંઘું નથી સાંભળને હવે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ જ આમ છે. હજી ચોથા ગુણસ્થાનમાં તો આત્માનું ભાન થયું ત્યાં મુક્ત વસ્તુ ભાસી. આ સ્વરૂપ મુક્ત ત્રણકાળ, ત્રણલોકમાં મુક્ત છે. રાગમાં બંધાયેલી નથી, જેમાં ભેદ નથી. એવી ચીજની અંતર દૃષ્ટિ કરતા કહે છે કે એ ત્રણના વિચારો, ઉત્પાદ, વ્યય, ધ્રુવના વિચારનો વિકલ્પ પણ રહેતો નથી.

**શ્રોતા :-** ... કારણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, કારણ-ફારણ નથી. એ સ્વરૂપની અનુભવ દૃષ્ટિ કરે તો પૂર્વના વિકલ્પને નૈગમ નયને આરોપ કરીને પૂર્વનો વ્યવહાર, આરોપિત વ્યવહાર કહેવામાં આવે છે.

ફરીને. ભગવાન આત્મા અહીં તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ કર્તાકર્મની (છે) કે જ્યાં સુધી એ ત્રણ પ્રકારનું હોવાપણું અંદર દ્રવ્ય-ગુણ-પર્યાયનું અને ઉત્પાદ-વ્યય-ધ્રુવનું છે, પણ એ ત્રણ પ્રકારના વિચારમાં રોકાય ત્યાં સુધી રાગ અને રાગ તે કાર્ય અને અજ્ઞાન તેનો કર્તા. આજ સવારનું વ્યાખ્યાન આગળ છેને. આજ બપોરે અને કાલે બપોરે, બે છે. આ કર્તા-કર્મનો અધિકાર જરી... સમજાય છે કાંઈ?

'ભાઈ! હું એક શુદ્ધ છું, પવિત્ર છું, અખંડ છું, પરમાત્મસ્વરૂપ એ જ મારું શુદ્ધ સ્વરૂપ છે' એવો એક વિકલ્પ ઉઠ્યો રાગ અને એ રાગનું કાર્ય આત્માનું અને એનો એ કર્તા (થાય છે) ત્યાં સુધી તેની બુદ્ધિમાં મિથ્યાત્વ પડ્યું છે. અભેદમાં ભેદ કરે છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારાચંદજી! છે રતનલાલજી? પુસ્તકમાં છે જુઓ, જુઓ એ ..શું કર્યું છે? પુસ્તક ખલાસ થઈ ગયા. ૩૩૦૦ છપાણા હતા ૩૩૦૦ ખલાસ થઈ ગયા. બે-બે રૂપિયાની કિંમત. પાંચ રૂપિયે પડ્યા અને બે રૂપિયે ખલાસ થઈ ગયા. શું કહે છે સમજાયે છે કાંઈ?

કહે છે, પ્રભુ! એકવાર સાંભળને ભગવાન! એ તારા તને ભેટા થવા, તારું તને સ્વરૂપનું પ્રાપ્ત થવું, આ તું છો તેવો તને પ્રાપ્ત થવો એમાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ મદદગાર છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ઘણા આત્માર્થીને ધીરજથી સમજવા જેવી

વાત છે. આ કોઈ શાસ્ત્રના ભણતર કર્યા અને આ ક્રિયાકાંડ કરીને કાંઈ ધર્મ થઈ ગયા એ વાતમાં માલ નથી.

અહીં તો આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય. અમૃતચંદ્રાચાર્યના કળશ છે બધા હોં. ૨૭૮. એમાં વળી ટીકા ધરનાર રાજમલ પાંડે. આહા..હા..! રાજમલ. 'પાંડે રાજમલ જૈન ધર્મી સમયસાર નાટકનો મર્મી.' બનારસીદાસે એમ કહ્યું કે આ રાજમલ ટીકા કરનાર વસ્તુના મર્મનો રહસ્ય જાણનાર એણે આ ટીકા કરી છે. એમાંથી સમયસાર નાટક, બનારસીદાસે આમાંથી સમયસાર નાટક બનાવ્યું છે. આમાંથી કાઢીને. સમજાણું કાંઈ?

કહે છે, એ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ 'વિચાર કરને પર વિકલ્પ હોતા હૈ.' એ એક સત્ત્વમાં-એકરૂપમાં ત્રણ પ્રકારે વિચાર કરવો એ રાગની ઉત્પત્તિ છે, તેમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ હોતી નથી. આહા..હા..! કેમ સંભળાય છેને, સાકરચંદભાઈ? સાકરચંદભાઈ કહેતા હતા કે મારા પોણો સો વર્ષ મફતમાં ગયા. આ તો કાંઈક બીજી વાત નીકળી. અરે! બાપા! તમને મૂળ ચીજની ખબર ન મળે, હજી દૃષ્ટિ શું છે, એનો વિષય શું છે? અને આ ચાલી નીકળ્યા લીધા વ્રત ને લીધા પડિમા અને લીધા ત્યાગ. એ ધર્મનો ત્યાગ છે. સમજાણું કાંઈ?

કહે છે, 'કાંઈક વિકલ્પ થતા મન આકુળ પામે છે...' આહા..હા..! એ આત્મા વસ્તુ છે એનામાં ગુણ છે અનંત. એ કહ્યું હતું ઘણીવાર, નહિ? બે વાર કહ્યું હતુંને? એક આત્મામાં અનંતા ગુણો. કેટલા? કે આકાશના પ્રદેશમાં વ્યાપક જેટલા આકાશના પ્રદેશ એથી અનંતગુણા ગુણ છે. સમજાણું કાંઈ? અત્યાર સુધી ભગવાન જેટલા સિદ્ધ થયા, છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ પરમાત્મપદ પામે, એ જીવની સંખ્યા કરતા સંસાર જીવની સંખ્યા રખડનારની અનંતગુણી છે. એના કરતા રજકણોની સંખ્યા અનંતગુણી છે આ પરમાણુ, માટી, ધૂળ. એના કરતાં ત્રણકાળના સમય અનંતગુણા છે, એના કરતા આકાશના પ્રદેશ સર્વવ્યાપક ક્યાંય અંત નથી એ અનંતગુણા પ્રદેશ છે અને એના કરતા એક જીવમાં અનંતા ગુણ અનંતગુણા ગુણ છે. એવો ભગવાન આત્મા એક દ્રવ્ય અને એમાં આવા અનંતા ગુણો અને એની એક સમયમાં અનંતી દશા, પર્યાય હાલત. એ ત્રણનો વિચાર કરવો એ પણ રાગ છે, સમ્યગ્દર્શનનું કારણ એ નહિ. પંડિતજી! વાત એવી છે. લોકોએ સાંભળી નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ જેણે ત્રણકાળ, ત્રણલોક જોયા, જેને આત્માનુભવ ઉપરાંત કેવળજ્ઞાનમાં બધું ભાસ્યું ઈચ્છા વિના વાણી નીકળી ગઈ એને એ શાસ્ત્રમાં આ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

કહે છે એ 'વિકલ્પ થવાથી...' એ દ્રવ્ય-ગુણ અને પર્યાય એકમાં ત્રણનો વિચાર કરવો, આ એકમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણનો વિચાર કરવો એ રાગ ઉત્પન્ન થાય છે. એ રાગ વિકલ્પ આકુળતા થાય છે. એના મનમાં આકુળતા થાય એ દુઃખ છે. નવરંગભાઈ! આત્મા.. વસ્તુ બીજાની એકકોર મૂકી દ્યો. બીજા દ્રવ્ય એને ઘરે રહ્યા, એને કારણે એ પર્યાય

થાય, આત્મા કરી શકે નહિ. પરની દયા પાળવી, પરને મારવું એ ત્રણકાળમાં કોઈ કરી શકતું નથી; પણ અહીંયાં તો પોતાને દયાનો ભાવ આવે એનો એ કર્તા થાય તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, કારણ કે વિકલ્પ અને રાગ છે. અહીંયાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ થાય એનો કર્તા થાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જ્ઞાનનો સૂર્ય પ્રભુ એ વિકલ્પનો કર્તા શી રીતે હોય? એ તો રાગ ઉપર દૃષ્ટિ છે અને એટલા અસ્તિત્વમાં જેનું અટકવું છે એ વર્તમાન રાગને ભાવતો રાગનું કાર્ય અને કર્તા થાય છે. એને આખો ચિદાનંદ ભગવાન રાગની આડમાં અટકી ગયેલો દેખાતો નથી. આહા..હા..!

કહે છે, મનમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય આ ત્રણનો વિકલ્પ ઉઠે એ દુઃખ છે. આહા..હા..! એ આકુળતા છે, આકુળતા દુઃખ છે. છે? હવે દુઃખ એ આત્માના આનંદનું કારણ થાય? સમ્યગ્દર્શન એટલે આત્માનો અનુભવ થઈને આનંદ આવવો. એવા સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ છે. એમાં આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ ઉઠે એ વિકલ્પ દુઃખ છે. એ દુઃખ કારણ અને આનંદનો અનુભવ કાર્ય થાય? કર્તા-કર્મ અધિકાર છે. આહા..હા..! ચૈતન્યસૂર્ય અંદરમાંથી ઝબકીને નિર્વિકલ્પપણે પ્રગટ થાય છે. ત્યારે કહે છે કે ઓલો વિકલ્પ પણ જેને દુઃખરૂપ ભાસ્યો છે પહેલો. એ દુઃખરૂપને લઈને આત્માને સમ્યગ્દર્શન થાય... જ્યાં દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિકલ્પ પણ સમ્યગ્દર્શનનું કારણ થાય તો વિકલ્પ તો દુઃખ છે, વિકલ્પ તો આકુળતા છે. એ આકુતા નિરાકુળ સ્વાદનું કારણ થાય સમ્યગ્દર્શનનું? માટે એ પહેલું લીધું છે કે અમૃતનો સ્વાદ અતીન્દ્રિય સુખનો આસ્વાદ કરે છે. રતિભાઈ! સમજાણું કાંઈ? એ તારી વાત.. આશ્રય કરીને અભેદ નથી થતો. ઝીણી વાત છે, બાપા! આ વસ્તુના ઘર.. શું કીધું અહીંયાં?

દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વીકાર કરતાં વિકલ્પ થાય છે અને વિકલ્પ થતાં મન આકુળતા પામે છે. પોતાના ત્રણ ભેદ પાડવાનો વિકલ્પ એ દુઃખરૂપ છે, પરની વાત તો ક્યાં રહેવી હવે? પરની દયા કોણ પાળે ત્રણકાળ, ત્રણલોકમાં? ભાવ આવે રાગ એને વિકલ્પ અને પુણ્ય કહેવાય અને એનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અહીં તો વસ્તુનું એકરૂપ ત્રિકાળ ભગવાન એના ત્રણ પ્રકારે વિચાર કરતાં પણ તેને આકુળતા અને દુઃખ થાય છે, એને આનંદ અને સમ્યગ્દર્શન એ કારણે થતું નથી. સમજાણું કાંઈ?

'માટે વસ્તુમાત્રને અનુભવતા વિકલ્પ મટે છે.' લ્યો! આ કારણે ભગવાન ચિદાનંદ પ્રભુ અંતર્મુખ જઈને એનો અનુભવ આનંદનો કરે એ અનુભવ થતાં પરવિકલ્પ મટે. પાછો વિકલ્પ મટવાનો ઉપાય પણ કહ્યો, ભાઈ! એ વિકલ્પથી આત્મા પમાય નહિ સમ્યગ્દર્શન. પણ અનુભવ કરતાં વિકલ્પ મટી જાય છે એમ કહ્યું. આ ટીકા તો અલૌકિક ટીકા છે. ૩૬ વર્ષ પહેલાં પુસ્તક બહાર પડેલું, પણ ઢુંઢારી ભાષામાં હતું. એટલે બહાર ન આવેલું. કુદરતે આપણે અત્યારે આવવું હોય ત્યારે આવેને. કોણ કરે એ ક્રિયાને? કુદરતે આવવાનો આ વર્ષનો કાળ હશે

તે અત્યારે આવ્યું બહાર. ૩૬ વર્ષ પહેલાં ૧૨૦૦-૧૩૦૦ પુસ્તક છપાયેલા, મૂળચંદ કિશનદાસ કાપડિયા તરફથી. પણ ઢુંઢારી પુરાની ભાષા. અંદર પુસ્તક તો અમારે ત્યાં કાયમનું પડેલું, કાયમ જોયેલા, વાંચેલા ઘણા વર્ષોથી, પણ બહાર આવવું હોય તે દિ' આવેને. અહીં કોઈને પ્રેરણા કાંઈ કરતા નથી કે આમ કરો ને તેમ કરો. થાવું હોય એ થાય. સમજાણું કાંઈ? પુસ્તક-બુસ્તક માટે કહેતા નથી કે આ પુસ્તક કરો કે આ પુસ્તકમાં આ નાખો કે આ ફેરવો. થાવું હોય એ થાતું હશે. આ માનસ્તંભને માટે પણ અમે કહ્યું નથી હોં! એની મેળાએ થાય છે હોં આ. એમ કહેતા હોય કે અમે કહ્યું. અહીં વાત પણ લાગે એવું કે અહીં તો માણસ જ્યાં હોય ત્યાં ઓહો..હો..! એમાં વળી કેટલાક એમ કહે કે મહારાજના જે ભગત થાય (એને) પૈસા (થાય છે). કાંઈક એની પાસે મંત્ર-તંત્ર લાગે છે, આ લાકડીમાં કાંઈક લાગે છે આમાં.

**શ્રોતા :-** લાકડીમાં વશીકરણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વશીકરણ છે! બાપા! આ તો હાથમાં પરસેવો થાય તેથી આને અડવું ન પડે પુસ્તકને એ માટે હાથમાં રાખીએ છીએ. જમનાદાસભાઈ! ત્યાં આપણે મુંબઈમાં એમ બોલતા. ત્યાં અમારી ખોવાઈ ગઈ હતી આ ભાઈ આપણે મીઠાલાલ તમારા સાસરાને ત્યાં. કોકે લઈ લીધી. મીઠાલાલભાઈ છે કે નહિ? ..માં એ ગયા બાબુભાઈના સાસરા કો'કને ઘરે. એક લાકડી કો'ક તમારી મેડી ઉપરથી લઈ ગયું. કારણ કે મહારાજમાં કાંઈક લાગે છે. લઈ જા. આ બીજી લીધી. બાપા! આમાં લાકડીમાં કાંઈ નથી. આ તો તત્ત્વના સત્યમાં ચમત્કાર કાંઈક છે. લાકડીમાં પણ નથી અને વાણીમાં પણ નથી. જેમ છે તેમ છે. એ અહીં કો'ક કહેતું હતું કે મહારાજ પાસે આ કોઈ મંત્ર-તંત્ર આપે છે તો પૈસાવાળા બહુ થઈ જાય છે. એ વળી કાલે સાંભળ્યું હતું.

આ ગુણ-ગુણીના ભેદના વિકલ્પમાં પડ્યો એ પણ સુખી નથી, નથી. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર એની વાણીમાં આવો પદાર્થ આવ્યો કે ભાઈ! તું આવા પદાર્થને અનુભવ કર અંદર અને એ અમૃતના આનંદના સ્વાદ આગળ એ ઈન્દ્રના ઈન્દ્રાસનો અને કરોડો અપ્સરાના સુખ એ ઝેર જેવા લાગશે તને. સમજાણું કાંઈ? ચક્રવર્તી છ ખંડનો ધણી જેને છન્નું હજાર સ્ત્રી, છન્નું હજાર પદ્માણી જેવી સ્ત્રી અને હીરાના શું કહેવાય આ? સિંહાસન. હિરાના સિંહાસન અને એના ઉપર કરોડો-અબજો રૂપિયાના તો દાગીના અને આમ બેઠો હોય તો સૂર્યના તેજ, એવા જેના તેજ. એમાં એ સુખ માનતો નથી. સમ્યગ્દૃષ્ટિ અંતર આનંદમાં અતીન્દ્રિય આનંદમાં (રહે છે). આહા..હા..! એવા અતીન્દ્રિયની પ્રીતિ અને પ્રેમના અનુભવમાં એને આ કોઈ ચીજ પ્રેમ કરાવતી નથી. ક્યાંય એનો પ્રેમ ચોંટતો નથી. સમજાય છે કાંઈ? આવે છેને, ભરત ઘરમાં વૈરાગી. છન્નું હજાર સ્ત્રી. હિરાના આમ મોટા સિંહાસન અને એ માણેક રત્નના થાળ, એ બદામના મૈસુબ અને પિસ્તાના પાપડ. અને અરે! એના

નાગરવેલના પાનમાં કરોડોની કિંમત. એ જ ખાઈ શકે, એવી એક ચીજ ઊંચી ભસ્મ નાખે. એ પચવી શકે બત્રીસ કોળિયા. એનો એક કોળિયો છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. એનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે એ બત્રીસ કોળીયા ખાય. ખાય નહિ, પણ જાણે કે આ ક્રિયા થાય છે. હું એનો કર્તા નથી, હું ખાનાર નથી, આ વિકલ્પ જરીક ઉઠ્યો એનો હું કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, અનુભવી... પાછી ભાષા કેવી આવી છે? 'અનુભવશીલી જીવ પરમસુખી છે.' શીલી એટલે સ્વભાવ થઈ ગયો છે અંદર અનુભવ... અનુભવ... અનુભવ... 'અનુભવ રત્નચિંતામણિ અને અનુભવ હૈ રસકૂંપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ માર્ગ મોક્ષનો મોક્ષસ્વરૂપ એ છે, બાકી બધી વાતું છે. વચ્ચે વ્યવહાર આવે હોં! ભક્તિ, દયા, દાન, આવે એ વિકલ્પ અને પુણ્યબંધનું કારણ, એ મોક્ષનો માર્ગ-ફાર્ગ છે નહિ. સમજાણું કાંઈ? આનંદઘનજીએ ભાઈ કહ્યું હતું તે દિ' નહોતું આપણે ત્યાં મુંબઈમાં ઘણી વાર લીધું હતું. 'ગગન મંડળમેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા. એ માખણ થા સો વિરલા રે પાયા સંતો, ગગન મંડળમેં ગૌઆ વિયાણી વસુધા દૂધ જમાયા.' ભગવાનની વાણી નીકળી આકાશમાંથી અવાજ અંદરથી અને કોઈ પ્રાણીની અંદરમાં સાંભળનારને ગઈ. એ 'માખણ થા સો વિરલા રે પાયા સંતો...' એ અંતરના અનુભવની દૃષ્ટિ તો વિરલ કોઈ જીવ પામ્યા. ભગવાન આમ કહેવા માગે છે. એની વાણીમાં અનુભવી એમ કહેવા માગે એમ જાણે છે. ભગવાનની સારી વાણીમાં ચાર અનુયોગમાં અનુભવી કહે છે કે એ તો અનુભવ કરવાની વાત કરે છે. આહા..હા..! બીજી વાત ભગવાનની વાણીમાં આવતી નથી. વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ... મૂહુ... મૂહુ... આવે છે, આત્માવલોકનમાં આવે છે. દીપચંદજીએ નાખ્યું છે કે મુનિઓ તો વીતરાગપણાની વાત કરે છે. મૂહુ-મૂહુ. વારંવાર વીતરાગ આત્મા આનંદકંદ એનો અનુભવ કરો, એમાં ઠરો એક જ વાત ભગવાને કરી છે. એવા સાધ્યમાંથી... સમજાણું કાંઈ? શાસ્ત્રનો નિચોડ કરીને ધર્મીએ 'માખણ થા સો વિરલા પાયા અને છાશે, ખાટી છાશે જગત ભરમાયા.' એ પુણ્ય-પાપની ક્રિયા, દયા, દાન, વ્રતની ક્રિયા ધર્મ છે. ભરમાઈ ગયા અજ્ઞાનીઓ મૂઢ ખાટી છાશમાં. એને ધર્મ કેમ થાય એની ખબર છે નહિ. એય..! સોભાગભાઈ! કાલે કેવું બોલતા હતા ઓલામાં ..માં. આ વાત તો કાંઈક બીજી જાતની. આહા..હા..!

ફાટ-ફાટ અંદર આત્મા વિકલ્પ પણ નહિ જ્યાં રાગ અને અખંડાનંદ પ્રભુનો જ્યાં સ્પર્શ કર્યો, કહે છે કે એવા સમ્યગ્દર્શનના અનુભવમાં એ વિકલ્પ તો રહેતો નથી. આહા..હા..! આવી વાત! સમ્યગ્દૃષ્ટિ આ ઢોર પામે તોપણ આમ હોય. સમ્યગ્દૃષ્ટિ અસંખ્ય તિર્યંચ સમકિતી પડ્યા છે અઢી દ્વીપ બહાર. સાંભળ્યું છે? એ આવા હોય એને સમકિતી કહેવામાં આવે છે. કહે છે કે ઢોરના શરીર મળ્યા પણ અનુભવી જીવ સુખી છે. આહા..હા..! અને છ

ખંડના રાજ મળ્યા, પણ રાગનો કર્તા થઈ મિથ્યાદષ્ટિ છે એ મહાદુઃખી છે. આહા..હા..! એય..! રતીભાઈ! આમ બારિસ્ટર-ફારિસ્ટરપણું ક્યાંય વયું જાય છે. ફૂ થઈને ઊડી જાય.

આનંદના ઘૂંટડા. 'જ્ઞાન સુધારસ પીજે'. આનંદમૂર્તિ પ્રભુ એનામાં આનંદ સિવાય દુઃખ ક્યાં છે? અરે! ભગવાન અતીન્દ્રિય આનંદનો પિંડલો પોતે પ્રભુ, એમાં જેટલો આમ એકાગ્રતાના ફૂવારાને જેમ દાબે અને જેમ ફૂવારો નીકળે, એમ ભગવાન અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ આનંદની એમાં જેટલું એકાગ્રતાનું જોર આપે એટલો શક્તિમાંથી આનંદ ઝરે દશામાં. એવા અનુભવશીલ જીવને ભગવાન ત્રિલોકનાથ સુખી કહે છે. બાકી બહારના ત્યાગ કર્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, દ્રવ્યલિંગ ચોખ્ખું હોય, પંચમહાવ્રતના પરિણામ સારા કરતો હોય તોપણ આત્માનો અનુભવ નથી એ જીવ એકલો દુઃખી છે. બોજો ઉપાડ્યો ભારનો રાગનો એને આત્માની ખબર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવશીલી જીવ પરમ સુખી છે. પાછો ભાઈ! સાધારણ શબ્દ નથી વાપર્યો. આહા..હા..!

અને મુનિ આહા..હા..! ધન્ય દશા મુનિ! એને તો અમૃતના પ્રચુર સ્વસંવેદન પાક્યા છે અંદરથી. પાંચમી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે). આ તો હજી સમકિતીની વાત છે. પણ મુનિ એટલે કે આત્માના આનંદમાં ઉછાળા મારતો પર્યાયમાં આનંદ ઉછળી જાય આમ. મધદરિયામાંથી જેમ પાણી ઉછળીને જેમ કાંઠે ભરતી આવે એ અઢાર ડિગ્રીનો ૧૧૮ ડિગ્રીનો તડકો હોય પણ એ ભરતીને કોઈ રોકી શકે નહિ. એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એનો જ્યાં અંતર દષ્ટિ થઈને જે અનુભવ થયો અને મુનિપદ એટલે ચારિત્રપદ આહા..હા..! ધન્ય અવતાર! પરમેશ્વર તે ચાલતા પરમાત્મા. એના આનંદનો શો પાર? એને અજ્ઞાની એમ કહે કે આહા..હા..! કેટલું દુઃખ સહન કરવું પડે, ... ઉઘાડા પગે ચાલવા. અરે! તને ભાન નથી. તને એ ચારિત્રના આનંદના લહેજતની તને ખબર નથી. એને આનંદની લહેર મારે છે અંદરમાં એને ચારિત્ર કહીએ. અરેરે! બિચારા દુઃખી હોં! આપણે ઊના પાણી સરખા મળે, ન્હાવા-ધોવાનું મળે, ખાવા મળે, ઊની-ઊની રોટલી પાધરી તાવડીમાંથી થાળીમાં આવી જાય પાધરી. .. જાય. એને બિચારાને ક્યાં મળે? એમ પાછા દયા ખાય. અરે! મુનિને કાંઈ છે, બાપા! કાંઈ સગવડતા? અરે! સાંભળને હવે. દુઃખના ઢગલામાં પડ્યો છો અજ્ઞાની તું. એ બધી સગવડતામાં વિકલ્પ ઊઠીને તારા દુઃખી (છો). આ તો કહે છે કે ત્રણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ (ઉઠે) તે દુઃખ છે, એ દુઃખી પ્રાણી છે. હવે તારા ઢગલા બહારના ક્યાં સુખનું કારણ હતું ધૂળ? સમજાણું કાંઈ? આ એકલા આત્મજ્ઞાનના ભાન વિના પંચમહાવ્રતના રાગને રાખે, એકલો દુઃખી છે. સમજાય છે કાંઈ? ..ભાઈ!

કહે છે, 'અનુભવશીલ જીવ પરમ સુખી છે.' કહો, સમજાણું આમાં? આ એક શ્લોકના પ્રમાણમાં બધા ૨૧ શ્લોક (છે) કે હું બદ્ધ છું કે અબદ્ધ છું, શુદ્ધ છું કે અશુદ્ધ છું, એક

છે કે અનેક છું એ બધા વિકલ્પો ભેદરૂપ વિકલ્પ છે, એ દુઃખરૂપ છે. એવા ૧૯ શ્લોક, ૨૦ શ્લોક મૂક્યા છે. એકલો જ્ઞાનનો અનુભવ. આગળ તો એમ કહેશે હજી કે શ્રુતજ્ઞાન તે વિકલ્પાત્મક છે અને અનુભવ તે નિર્વિકલ્પ પ્રત્યક્ષ છે એમ કહેશે આગળ. ભાઈ! એ આપણે હવે આવશે, આપણે બપોરે આવશે. ૧૯માં આવશે અને આમાં આવશે ૭૫માં. આ ૬૫ છે કે નહિ? ૭૫માં આવશે જુઓ નીચે. ૭૫. આને લગતી વાત છે જરી. ૭૫ પાનું. એ નીચે. ભાવાર્થ નીચે પાંચમી લીટી છે. એ ૭૫, નીચેથી ભાવાર્થ. 'જેટલા નય એટલા શ્રુતજ્ઞાનરૂપ છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે.' જુઓ, અહીં બેય કાઢી નાખ્યા. અહીં તો વિકલ્પાત્મક જ્ઞાનને શ્રુતજ્ઞાન કહ્યું. નહિ એ નહિ. અનુભવ પ્રત્યક્ષ છે. દેખો! 'માટે શ્રુતજ્ઞાન .. જ્ઞાન પ્રત્યક્ષ અનુભવે છે.' જુઓ, ભાષા જ એવી કરી છે, ભાઈ! એ આપણે બપોરે આજે આવવાનું છે.

અહીં તો કહે છે, ..માં ચોર્યાસી લાખ પ્રકારની ઉત્પત્તિના સ્થાન છે. એમાં ભગવાન આત્મા પોતાની જાતની ભાત જાણ્યા વિના, અનુભવ્યા વિના એ ચોર્યાસી યોનિમાં અનંતકાળથી રઝળે છે. એના રઝળવાનો આરો અનંતકાળમાં ક્યાંય થયો નથી. જેને એ આત્માનું રઝળવું બંધ કરવું હોય એટલે કે સુખી થવું હોય એટલે કે ધર્મની શાંતિ પ્રગટ કરવી હોય તો કેમ થાય એની આ વાત જીવ અધિકારમાં ચાલે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મંગળવાર, તા. ૦૭-૦૫-૧૯૭૧,
## કળશ-૭૨, ગાથા-૪૯ પ્રવચન નં. ૭૫૧

૭૨ કળશ ચાલે છેને? ૭૨. નિયમસાર એટલે આત્મા જેનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ છે એના આશ્રયથી અંતર દૃષ્ટિથી સમ્યગ્દર્શન સાચી પ્રતીત, સાચું જ્ઞાન અને સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપની સ્થિરતારૂપ ચારિત્ર—એ ત્રણ તે મોક્ષનો માર્ગ છે. નિયમ છે નિયમ. એ નિયમની ઉત્પત્તિનું કારણ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ આત્માનો ધ્રુવભાવ, વર્તમાન અવસ્થા, હાલત, કાર્ય અને ધ્રુવભાવ—બેમાં ધ્રુવવસ્તુ તે જ વાસ્તવિક આત્મા છે અને તેનો આશ્રય કરતાં ધર્મની દશા શાંતિની સ્વચ્છતાની શુદ્ધતાની અવસ્થા ઉત્પન્ન થાય છે, એને અહીં મોક્ષમાર્ગ કહે છે.

કહે છે કે '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' ઝીણો વિષય છેને, પ્રભુ! એણે અંતરમાં કોઈ દિ' સ્વચૈતન્ય મહાપ્રભુ છે, અનાદિ-અનંત ધ્રુવ અનંત-અનંત શક્તિઓની ખાણ છે એવો

તત્ત્વ એણે કોઈ દિ' દૃષ્ટિમાં લીધો નથી, સાંભળ્યો નથી, પરિચયમમાં આવ્યો નથી તેથી તે અનુભવમાં આવ્યો નથી. કહે છે કે '**શુદ્ધ-અશુદ્ધ...**' આત્મા શુદ્ધ છે, પવિત્ર છે, આનંદનું ધામ ચૈતન્યકંદ એને શુદ્ધ છે અને એને અશુદ્ધ છે. રાગના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અશુદ્ધ એ પણ એક મોક્ષમાર્ગમાં અથવા એના છે એવી વિકલ્પના મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે. જેની દૃષ્ટિ જૂઠી પાપ દૃષ્ટિ છે એને એ ભાવ રહે છે કે 'હું ત્રિકાળ શુદ્ધ છું અને મારી દશામાં આ પુણ્ય-પાપના વિકલ્પો રાગ છે એ પણ મારી ચીજ છે અને એ પણ મને મુક્તિ માર્ગમાં સહાયક છે' એમ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની એમ માને છે. આહા..હા..!

'**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' વિપરીત કલ્પના. ભગવાન તો ચૈતન્ય શુદ્ધ આનંદનું ધામ છે. ધ્રુવ શાશ્વત શાશ્વત વસ્તુ. જે એક સમયની દશા એનામાં છે, પણ એ દશા સમય અને એક સમયની અવસ્થા એ સિવાયનું આખું તત્ત્વ ધ્રુવ જ્ઞાયક ચોસલું આનંદનું ઢીમ એકરૂપ વસ્તુ અનાદિ છે. એ અને 'રાગવાળો હું' એ વ્યવહારની વિકલ્પદશા 'દયા, દાન, વ્રતાદિ હું' એવો બેરૂપે હું એ માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની છે. પંડિતજી! ભગવાન! તારો માર્ગ એવો કોઈ છે અને એનામાં એવું પવિત્રપણું પડ્યું છે.

કોઈપણ માણસ એમ કહો કે 'મારે પવિત્ર થાવું છે' અથવા 'મારે ધર્મ કરવો છે' અથવા 'મારે મારું હિત કરવું છે' એમાં ત્રણ બોલ ઊભા થાય. હિત કરવું છે એનો અર્થ કે એની દશામાં હિત નથી. બરાબર છે? ન્યાયથી બરાબર છે? જયંતિભાઈ! 'મારે હિત કરવું છે, મારે ધર્મ કરવો છે' તો એનો અર્થ કે એની દશા, વર્તમાન દશામાં ધર્મ નથી. ત્યારે એની વર્તમાન દશામાં અધર્મ છે. હવે અધર્મના સ્થાનને નાશ કરી અને ધર્મ એટલે શુદ્ધિ, શાંતિ, નિર્દોષતા હિતકર પરિણમન નિર્મળ એ એને પ્રગટ કરવું છે. એનો અર્થ એ થયો કે અહિતકર એવો જે રાગ અને મિથ્યા ભ્રાંતિ અશુદ્ધતા એનો અભાવ કરી અને એના સ્થાનમાં પવિત્રતા લાવવી છે. તો હવે અભાવ થયો એમાંથી પવિત્રતા આવશે? એ તો અભાવ થઈ ગયો. તો પવિત્રતાનું સ્થાન ચૈતન્ય ધ્રુવ જે છે એ પવિત્રતાની ખાણ છે. એમાંથી પવિત્રતા, અપવિત્રતા ટળીને પવિત્રતાનું સ્થાન પ્રગટ થાય છે એ ત્રિકાળી પવિત્રતા ધ્રુવમાંથી પવિત્રતા આવે છે. સમજાય છે કાંઈ?

જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે અંદર. હવે એને જ્યારે પાંચ પહોરી તીખાશ થઈ એમાંથી એને ચોસઠ પહોરી કરવી છે. ત્યારે પાંચ પહોરીનો અભાવ થઈ ચોસઠ પહોરી થાય. દશામાં થાયને? વસ્તુ તો વસ્તુ ત્રિકાળ છે. ત્રિકાળ ચોસઠ પહોરો રસ અંદર પડ્યો છે ધ્રુવ અને લીલો રંગ છે અંદર ધ્રુવ. કાળપનો અભાવ, અલ્પ તીખાશનો અભાવ, ઉગ્ર તીખાશ અને લીલાનો ભાવ વર્તમાન દશામાં એમ જે લાવવો છે એ ટળી જાય એમાંથી તો આવે નહિ. ન્યાયથી-લોજિકથી એણે સમજવું પડશેને. વસ્તુસ્થિતિ એવી છે એની. ત્યારે એ દસ પહોરી એટલે ચોસઠ પહોરનો અભાવ અને ચોસઠ પહોરનો વર્તમાન ભાવ એ અભાવમાંથી

નથી આવ્યો, પણ ધ્રુવસ્વરૂપ જે એની ચોસઠ પહોરી તીખાશ છે અંદર એને ચોસઠ એટલે રૂપિયો. ચોસઠ પૈસાનો રૂપિયો હતોને? અત્યારે વળી આ તમારે સો પૈસાનો થઈ ગયો. ચોસઠ પૈસા એટલે સોળ આના એટલે કે રૂપિયે રૂપિયો પરિપૂર્ણ એટલે અખંડ. એ ચોસઠ પહોરી તીખાશ અખંડ પૂરી છે એમાંથી ચોસઠ પહોરી દશા પ્રવાહે આવે છે ઘૂંટતા અને ત્રેસઠ પહોરી જાય છે, ચોસઠ પહોરી થાય છે અને ચોસઠ પહોરી ચોસઠ પહોરીમાંથી આવે છે. સમજાય છે કાંઈ?

એમ... આ તો દાખલો થયો. ભગવાન આત્મા એની વર્તમાન દશામાં અશુદ્ધતા (છે). અશુદ્ધતા ન હોય તો એને આનંદનો (અનુભવ હોવો જોઈએ). અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે, સચ્ચિદાનંદ એ છે. સત્ ચિદ્ જ્ઞાન આનંદ. અશુદ્ધતા ન હોય તો એનામાં અતીન્દ્રિય આનંદ હોવો જોઈએ, તો અતીન્દ્રિય આનંદનો વર્તમાન દશામાં અભાવ એ એમ સૂચવે છે કે એની પાસે ઈન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિય તરફના દુઃખના લાગણીવાળી એક અધર્મદશા છે. ન્યાય સમજાય છે? એ 'અધર્મદશા અને ત્રિકાળી ધર્મ શુદ્ધ બે થઈને હું છું' એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. અથવા અશુદ્ધભાવ અને શુદ્ધ ત્રિકાળ એમાંથી પ્રગટતી શુદ્ધદશા અને આ અશુદ્ધ, બેય મોક્ષનો માર્ગ છે, પૂર્ણ આનંદની પ્રાપ્તિનો બે માર્ગ છે એમ જે કલ્પે છે એ પાખંડદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, પાપદૃષ્ટિ છે.

'**સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે)...**' આહા..હા..! સમ્યક્ સાચી દૃષ્ટિવંત, સત્યના સ્વીકારવાળી દૃષ્ટિ ભગવાન ધ્રુવ ચૈતન્ય અખંડ અભેદ આખું ચોસલું શાશ્વત એનો જેને સ્વીકાર થયો છે દૃષ્ટિમાં એ સમ્યગ્દૃષ્ટિ જીવ '**કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.**' એમ માને છે. એટલે શું? કે સાચા ધર્મીવંતની દૃષ્ટિ ત્રિકાળ શુદ્ધ ધ્રુવ ઉપર હોવાથી એને શુદ્ધ માને છે અને શુદ્ધમાંથી પવિત્રતા પ્રગટી, અશુદ્ધતા ગઈ અને પવિત્રતા હિતકર દશા પ્રગટી એ શુદ્ધ થઈ છે, એ શુદ્ધ છે. એનું કાર્ય પણ શુદ્ધ છે, કારણ પણ શુદ્ધ છે. એમાં કોઈ અશુદ્ધ છે એ વાત છે નહિ. આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! એના મારગડા જુદાં. આ .. મુંબઈમાં ... ઘાટકોપરમાં પ્રેમચંદભાઈ છેને, ... એના દીકરાના દીકરા છે. ... છેને એ? ક્યાં છે? લ્યો.

'મારગ જુદાં જગતથી સંતના રે લોલ, જગત સાથે એને .. નવ થાય, સંત પંથ જગપંથથી જુદાં જાણજો રે લોલ, એ મારગ સાધુના જગને દોહ્યલા રે લોલ, એ દોહ્યલી જોને આતમ કેરી વાત, દોહ્યલી જોને આતમ કેરી વાત. એ ચેતો જીવડા માનવભવ દોહ્યલા રે લોલ. સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ.' સરોવરમાં ભર્યે પાણીએ મૃગલા .. તરસ્યા. 'એ સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, એ .. ઝાંઝવા જળની રે માંય, અરેરે સાચા વારી એને ના મળે.' વારી સમજ્યા? પાણી. 'અરે! સાચા પાણી એને નહિ મળે રે લોલ, સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ, એ દોડવાથી એ મૃગજળ ઝાંઝવા જળની માંય, અરેરે!

એને સાચા પાણી મળવા દોહ્યલા રે લોલ.' એમ... આ તો વ્યાખ્યાન મુંબઈમાં આપ્યા હતા એમાંથી તરત એણે બનાવ્યું હતું.

એમ સંત પ્રભુ આત્મા અનંત આનંદ અને જ્ઞાનનો જળથી ભરેલું સરોવર પ્રભુ છે ધ્રુવ. એની નજર નથી કરતો અને એની પાસે અંતરમાં એકાગ્ર નથી થતો, મૃગલા જેવો અજ્ઞાની એ પુણ્ય અને પાપના રાગમાં ધર્મ છે, સુખ છે. ધર્મમાં માને એટલે એનો અર્થ કે એમાં સુખ છે. પુણ્ય અને પાપમાં, દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને બાહ્ય સંયોગો એમાં એ ઝાંઝવા જળ છે એ તો મૃગજળ છે. એમાં ટાઢા પાણી પીવાને માટે મૃગલા દોડે. ભગવાન! ત્યાં સાચા પાણી નહિ મળે તને. આહા..હા..! એ અંતર આનંદ સરોવર ભગવાન છે, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! સચ્ચિદાનંદ સત્ શાશ્વત ચોસલું જ્ઞાન ચિદ્. ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. ઓહો..! એ નિત્યાનંદ પ્રભુ એના સમીપ ન જાતા એ રાગ ને પુણ્ય ને પાપની ક્રિયા, સ્ત્રી ને પરિવાર, પૈસા ને ધૂળ, આબરૂમાં, શરીરમાં સુખ છે, એવી મૃગજળમાં ઝાંઝવાના જળમાં દોડીને હાંફીને મરી ગયો ઈ. પણ ત્યાં ક્યાંય હવા પણ ઠંડી આવી નહિ. એમ અજ્ઞાની અનાદિથી ભગવાન આત્મા નિત્યાનંદ સરોવર પ્રભુ! સચ્ચિદાનંદ અવિનાશી આનંદનું ધામ, એને મૂકીને એને જોડે મૃગલો તરસ્યો. આહા..હા..! પુણ્ય અને પાપના રાગના, દયા, દાન, વ્રતના વિકલ્પો કરે અને એમાંથી મને કાંઈક કલ્યાણ અને સુખ થઈ જાય એવી માન્યતા મૃગલા જેવા અજ્ઞાનીઓની (છે). અમૃતલાલભાઈ! અહીં તો આ છે. અહીં કાંઈ માખણ-બાખણ નથી. બે-પાંચ-દસ લાખ ખર્ચે તો મોટું અભિનંદન, ધર્મ ધુરંધર. ધૂળેય નથી ધર્મ ધુરંધર. સાંભળને ભાઈ! ધર્મ કોને કહેવો અને ક્યાંથી થાય એની ખબરું નથી. આહા..હા..!

કહે છે, ભગવાન! એ અંતરમાં હંસલા ભૂખ્યા રહે પણ હંસલા દાણાના ચારા ન ચરે, નાથ! માન સરોવરને કાંઠે હંસલા એ દાણા ન ચરે. એ તો મોતીના એના ચારા હોય. એમ અજ્ઞાની, હંસલો એ નહિ બનતા રાગ અને પુણ્ય અને પાપના વિકલ્પમાં અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં શોધવા જાય એ ધર્મ અને સુખ થશે. સુખ કહો કે ધર્મ કહો એક જ વાત છે. જેમાં ધર્મ માને છે એમાં સુખ માને છે. સમજાય છે કાંઈ? ઝાંઝવા જળની પેઠે હાંફીને દોડી રહ્યા ત્યાં. એમ ભગવાન આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ ચોસઠ પહોરી તીખાશથી જેમ ભરેલી પીપર એવો છે એ. એમાં ન જોતાં એકલા અશુદ્ધભાવ, મલિનભાવ, મેલો ભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, બધો મેલો વિકલ્પભાવ છે. એય..! પંડિતજી! વાત તો આવી છે આ. ચોથેથી સમ્યગ્દર્શન ન માને તોપણ આમ છે.

ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ એ નિત્યાનંદનું શાશ્વત તત્ત્વ જે વસ્તુ એનો ભાવ તે તદ્દન શુદ્ધ અને પવિત્ર છે અને એનો આશ્રય લઈને જે દશા પ્રગટ થાય ધર્મની એ પણ શુદ્ધ અને પવિત્ર હોય છે. અશુદ્ધતાનો અંશ એમાંથી પ્રગટે એમ નથી. અશુદ્ધતા જે પ્રગટે એ પરના લક્ષે પ્રગટે, એ ધર્મનું કારણ નથી. સમજાણું કાંઈ? આ તો અપૂર્વ અનંત

કાળે નહિ મળેલી વાત છે. લોકોને મળ્યું છે બધું એવું. એવી પરસણ કરી છે. રોટલા પીરસ્યા છે અને આ મૈસુબ છે એમ કરીને ખવરાવ્યા છે. સમજાય છે કાંઈ? રોટલામાં પણ ફેર છે ભાઈ! એક લાલ જુવાર થાય છે. અમારે તો બધો અનુભવ હોયને. વ્હોરવા જતા તો એક ફેરી ત્યાં વિઠ્ઠલગઢ. વિરમગામ પાસે છેને. વહોરવા ગયા તો રાતી જુવારના ફોતરા રોટલા. અમારે તે દિ' તો ભીક્ષા લેવા નીકળ્યા એટલે જે મળે એ લઈએ અને સાથે પાણી મળે નહિ, છાશ ખાટી. એ રોટલા અને છાશ. વિઠ્ઠલગઢ છેને. ૭૬ની સાલની વાત છે. ૭૬-૭૬. કેટલા થયા? ૨૪ ને ૨૭ = ૫૧. એ રાતી જારના ... મીઠા ન હોય. ધોળી જારના ફોતરામાં મીઠાશ હોય, મીઠાશ છે. ઈ બેનો આંતરો છે. અહીં કહે છે, એ રાતી જુવારના ફોતરા જેવા એને ધર્મને બહારને વિકલ્પને રસ્તે પુણ્ય ને દયા, દાન, વ્રત ને ભક્તિને રસ્તા ચડાવી દીધા. મોહનભાઈ! આવું છે આ. ભારે વાત!

**શ્રોતા** :- આડો માર્ગ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આડો માર્ગ નહિ, ઝેર માર્ગ છે ઈ. ઈ કહેશે, અશુદ્ધ.

ભગવાન! તારી લીલા એવી છે, પણ હવે એની એને ખબર ન પડે શું કરીએ? આહા..હા..!

એ સમ્યગ્દ્રષ્ટિ તો એમ માને છે... છેને? 'મારું તત્ત્વ શુદ્ધ છે' એમ માને તે અજ્ઞાની છે અને પર્યાયમાં અશુદ્ધતા છે એ 'બે થઈને આખું મારું તત્ત્વ થાય છે' એમ માને તે મૂઢ છે. જીવનો આત્માના શુદ્ધભાવનો અનાદર કરનાર ખૂની જીવનો છે એ. આકરા શબ્દોની .. એવો .. બેઠોને. પંડિતજી! તો કહે છે કે ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ એ શુદ્ધ છે અને એને આશ્રયે પ્રગટેલી ધર્મદશા એ પણ શુદ્ધ હોય છે. એ બે ન માનતા ભેગી અશુદ્ધતા પણ હોય છે એમ માનનારા તે મિથ્યાદ્દષ્ટિ અજ્ઞાની અધર્મના સેવનારા એમ માને છે.

**શ્રોતા** :- .. રાગ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... પર્યાયમાં નિર્મળમાં છે જ નહિ. ધર્મી તો રાગથી વિરક્ત છે. શું કહ્યું? સમ્યગ્દ્દષ્ટિ ધર્મી શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો સ્વીકાર કરનારો એમાંથી શુદ્ધતા જે પ્રગટે છે એ જ મારી ચીજ છે. અશુદ્ધતાના પરિણામથી ધર્મી જીવ વિરક્ત છે, વિરક્ત છે, નિવૃત્ત છે, એના સ્વભાવમાં એનો અભાવ છે. આહા..હા..! શેઠ! ભારે માર્ગ હોં આ. ઓલા પૈસાવાળાને બે-પાંચ લાખ ખર્ચે અને ધર્મ બતાવી દે. રાજી રાજી થઈ જાય. આહા..હા..! મોટા હજીરામાં નામ આવે પાછા. ભગવાનદાસ શેઠ, શોભાલાલ શેઠ. ક્યાં નામમાં ગરી ગયા હતા? શરીરમાં આવ્યો? અહીં તો કહે છે કે પુણ્યના પરિણામમાં આત્મા આવતો નથી. તું ક્યાં ગયો વળી ત્યાં? આહા..હા..! પુણ્ય પરિણામ જે અશુદ્ધ છે એ આત્મા એમાં આવતો નથી, એમાં આવે તે આત્મા નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! ભગવાન! તારી ચીજ એવી છે, હોં!

તું એ એમ તો કહેવા માગે છે કે નહિ કે 'મારે પવિત્ર થાવું છે' ત્યારે એનો અર્થ

કે પવિત્રતા અત્યારે નથી. એનો અભાવ કરીને પવિત્રતા લાવવી હોય તો ક્યાંથી લાવીશ? ક્યાંય બહારથી આવે એવી છે? એ પવિત્રતાનું ધામ ચોસલું તે ધ્રુવ એમાંથી પ્રવાહ પવિત્રતાનો આવશે. તો ત્યાં નજર કરીશ અને એનો આદર કરીશ તો પવિત્રતા આવશે, પણ જો અશુદ્ધતાના વિકલ્પ અને એક સમયની પર્યાયનો આદર કરવા જઈશ મિથ્યાત્વ થશે. ચંદુભાઈ! આવો માર્ગ છે ભાઈ આ! એ 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ, એ ધર્મે ચડેલા ધર્મી ઢાંક્યા રહે નહિ.' આહા..હા..!

કહે છે, દરબાર! વેવલા જેવી વાત નથી. ઓલી વેવલાની વાત કરી હતીને એક ફેરી. અહીં કરી હતીને. નારણ શેઠની. નારણ શેઠની કરી હતીને આપણે. છોટાભાઈના બાપની, ભાઈ! પૈસા તે દિ' પાંત્રીસ-ચાલીસ હજાર રૂપિયા. ૭૫ વર્ષ પહેલા. ગૃહસ્થ હતા નારણ શેઠ. એ દીકરાના દીકરા કરોડપતિ. ત્રણ કરોડ અને બે કરોડ. કીધું હતુંને? ભાઈ હતા? નહોતા? નહોતા. એના પિતાજી ગુજરી ગયા હમણાં. એમના દીકરો મલૂપચંદભાઈ છે. મલૂપચંદભાઈનો મોટો દીકરો છે, સ્વીટઝરલેન્ડ. બે કરોડ. ... બે-પાંચ લાખ ખરચશે. નાની ઉંમર ૪૭-૪૮ વર્ષ. એનાથી નાનો છે એ મુંબઈમાં છે, એની પાસે ત્રણ કરોડ. એના બાપ મલૂપચંદભાઈ છે અત્યારે. એ તો આવશે ત્યાં લગ્ન કરીને. એના બાપ છોટાલાલ ગુજરી ગયા. એના બાપ નારણભાઈ હતા. ગૃહસ્થ, પાંત્રીસ-ચાલીસ હજાર તે દિ' હોં! સો વર્ષ પહેલાં. એ ઉઘરાણી કરવા ગયેલા અને ડાકુઓને ખબર પડી કે નારણ શેઠ ગયા. પણ લૂગડા મેલા પહેરે. બહુ ધોયેલા અને તમારા સાબુ જેવા ન પહેરે એ. બે હજાર રૂપિયા હતા ઉઘરાણીના. આ ચંદુભાઈના બાપના બાપ અને એના બાપ. આપણે બાળ બ્રહ્મચારી. એટલે ઓલા ડાકુઓ આવ્યા. એટલે નારણ શેઠે ... મા-બાપ આઘા રહેજો. એટલે ઓલાને એમ થયું કે આ ભંગી છે. વાણિયાએ વેવલાઈ કરી, રજપૂત હોય તો એમ કરે નહિ. એય..! દરબાર! બેય દાખલા છે. વાણિયા.. બે હજાર રૂપિયા હતા. આબરુ મોટી હતી એ લોકોની, બહુ આબરુ, માણસ ખાનદાન બહુ. ૩૫-૪૦ હજાર તે દિ' સો વર્ષ પહેલાં એટલે અને તે ગામડું નાનું, રાણપુર પાસે... હવે એના છોકરાના છોકરા પાસે તો પાંચ કરોડ રૂપિયા છે. એક પાસે ત્રણ અને એક પાસે બે. એને એમ કહે, એય..! મા-બાપ! આઘા રહેજો. ત્યારે ઓલા ડાકુને એમ થયું કે આ ભંગી છે. નારણ શેઠ નહિ. મૂકી દીધી ઘોડી ... ગયા ગામમાં. એક અપેક્ષાએ ... અને એક અપેક્ષાએ વેવલાઈ કરી. ઈ વાણિયા છેને.

અને જાનનું કીધું હતું. જાન. જાન વાણિયાની નીકળી. હવે ગામડું નાનું અને જાનનું જાવું. બધાએ દાગીના-બાગીના પહેર્યા હોય બે-પાંચ હજાર રૂપિયાના. હવે એમાં વાણિયા ડાહ્યા. એક .. બેસાડે. વાણિયાનું કામ નહિ આમાં કોઈ ડાકુ આવ્યો હોય તો. .. ગરીબ માણસ હતો ગામનો. એને બેસાડ્યો. એમાં આઘા જ્યાં ચાલ્યા બે-ત્રણ ગાઉ ત્યાં આવ્યા ડાકુ. ઓલો રજપૂત ઊભો થઈ ગયો. રજપૂત એના વીર્ય ઢાંક્યા રહે? ધ્યાન રાખજો! એક

રૂવાંટુ જ્યાં સુધી રહે ત્યાં સુધી જાન નહિ લૂટાય. હું રજપૂતનો દીકરો. એ વાણિયા નથી વેવલા કે તમને પોસાણ પડી જાય. ઓલા ભાગ્યા. એ દાખલો આપ્યો હતો. પરમ દિ' આપ્યો હતોને.

એમ આ આત્મા... રાજા કીધો છેને? ભાઈ! 'एवं हि जीवराया' ૧૭મી ગાથામાં કીધો છે, જીવરાજા! આહા..હા..! રાજ્યતિ શોભતે ઈતિ રાજા. જે અનંત આનંદ અને અનંતગુણનો ધામ એવી શાંતિ અને સ્વભાવથી શોભે એ રાજા, આત્મરાજા છે. એ રાજા જ્યારે પોતાના સ્વભાવને શરણે જાય છે ત્યારે એ છુટ્યા એને કહે છે. એ પુણ્ય અને પાપના વિકલ્પને પોતાના માને અને એને લઈને મને ધર્મ થાય એ રણે ચડ્યા રજપૂત એમ માને નહિ. સમજાણું કાંઈ? ...ભાઈ! વાતું તો આવી છે બાપા! ભગવાન! છે તો તારા ઘરની હોં! આહા..હા..! પણ એ આત્મા કેવો છે અને એની દશામાં શું થાય છે એ વાતનું એને જ્ઞાન જ નથી. એ જાતની વાત જ (નથી ચાલતી). આ કરો, આ કરો કાં આમ કરો. શૂન્ય થઈ જાવ વિકલ્પથી. શું પણ વિકલ્પથી શૂન્ય થઈ જાય? અસ્તિ તત્ત્વ કેવડું અને કેમ છે એવું જ્ઞાનમાં આવ્યા વિના એના ઉપર ત્રાટક, એના ઉપર દૃષ્ટિ જશે શી રીતે? જયંતિભાઈ!

એક પગથિયું નિસરણી ચડવું હોય તો પગથિયું અહીંથી ઉપડે છે ત્યારે અહીંથી ઉપાડે છે પણ અહીં મૂક્યા વિના ઉપડશે શી રીતે? બીજે પગથિયે મૂક્યા વિના હેઠલો પગ ઉપાડે તો પડશે હેઠે. એમ વિકલ્પથી રહિત થવું છે જેને, નિર્વિકલ્પ એટલે શૂન્ય, પણ એ શૂન્ય શેનાથી? રાગથી શૂન્ય. તો એનો ત્રિકાળી ભગવાન ધ્રુવ ચૈતન્યનો નાથ અખંડાનંદ પ્રભુ એના ઉપર દૃષ્ટિ કર્યે વિકલ્પથી રહિત થઈને નિર્વિકલ્પ થઈ જાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ભગવાન ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**સમ્યગ્દષ્ટિને તો હંમેશા...**' જોયું! ઓલામાં પણ હંમેશા હતું. '**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**' એમ છેને? '**प्रत्यहं**' એટલે કાયમ એમ. અને '**शुद्धं**' એમાં '**प्रत्यहम्**' બેય '**प्रत्यहम्**' છે. .. છે જુઓ, '**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**' એટલે ધર્મી જીવ એને કહીએ કે જેને સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માનો સ્વીકાર થઈને એના ઉપર દૃષ્ટિ પડીને સમ્યક્ થયું છે તે ધર્મી જીવ ત્રિકાળી તત્ત્વને પણ શુદ્ધ માને છે અને એની દશા જે ધર્મની પ્રગટી તે પણ શુદ્ધ છે એમ માને છે. બેયને શુદ્ધ માને છે. એટલે અશુદ્ધ મારી દશા છે એમ ધર્મી માનતો નથી. ભાઈ! આ તો 'વ્યવહારથી મુક્ત છું' એ શૈલી લીધી છે, ઈ શૈલી લીધી છે. લાલચંદભાઈ! સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છેને. કળશ આવે છેને, બંધ (અધિકારનો). બીજી રીતે વાત કરી છે, બીજી પદ્ધતિએ. ધર્મી,... ચંદુભાઈ! સમજાણું કે નહિ? છેને બંધ અધિકારમાં. ... બધા અધ્યાવસાનનો ત્યાગ ભગવાને કહ્યો છે. આત્મા ધ્રુવ આનંદકંદ છે એના નિશ્ચયમાં કેમ જાતો નથી? એના અવલંબનમાં કેમ જાતો નથી? નિષ્કંપ આત્માને કેમ પકડતો નથી? અને આ અધ્યવસાયો બધા 'આને

જીવાડું ને આને મારું ને.. એનાથી જીવું ને મરું ને.. સુખી-દુઃખી કરું' આ બધા તારા વિકલ્પો અધ્યવસાયો પરની એકત્વબુદ્ધિને ઉત્પન્ન કરાવનારા છે. સમજાણું કાંઈ? એ... પોપટભાઈ! ભારે આકરું. .. જુદી જાતનો ... છે આ તો. આહા..હા..!

ભગવાન ચૈતન્ય .. છેને મોટો પ્રભુ. એની ઉપર જાય ત્યારે એ ધુણે. એના ઉપર દૃષ્ટિ પડે ત્યારે એને સમ્યગ્દર્શન અને ધર્મ થાય. એવો ધર્મી પોતાના કારણતત્ત્વ, કારણતત્ત્વ એટલે ધ્રુવ અને કાર્યતત્ત્વ એટલે કારણતત્ત્વને આશ્રયે જે ધર્મદશા નવી પ્રગટી, સમ્યગ્દર્શન, આનંદ શાંતિ એ કાર્ય, એ કાર્ય પણ શુદ્ધ અને કારણ પણ શુદ્ધ. બંને શુદ્ધ છે. હવે જરી ન્યાય આપે છે. ધર્મી તો બંનેને શુદ્ધ જાણે છે. અશુદ્ધપણું પોતામાં માનતો નથી. આહા..હા..! ખુલાસો આગળ કરશે, વ્યવહારનયથી જાણવાલાયક છે, આદરવાલાયક છે નહિ. આહા..હા..! કાંઈક વાત આત્માની છે એટલું તો બીજા કેટલાક કહે છે કે મહારાજ કાંઈક કહે છે. કાંઈક લાગે છે, પણ અમને સમજાતું નથી. ..બાપા! આવી વાતું ચાલતી નથી. બહારની હાંકે કે આ આમ કરો, આમ કરો, ફલાણું કરો, સંગઠન કરો, ભેગા થાવ. ઓમ ઓમ કરો, શ્વાસ આમ આમ કરો, .. શ્વાસ લ્યો. હવે એ તો બધું જડ છે, એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાય છે? આહા..હા..!

ભગવાન! તારું.. એ તો વાત કરી નહોતી? શ્વાસને પણ જીવ લઈ શકતો નથી. મૃત્યુ વખતે જ્યારે શ્વાસ નાભીથી છૂટે છે દોરાવા, જેને આપણે કહીએ કે ઊભો શ્વાસ ઉપડ્યો, નથી કહેતા મરતા? ઊભો શ્વાસ. એટલે શું? ડુંટીથી ચાલે છે તો આમ જાય છે. એ દેહ છૂટવાને કાળે એ દોરાવા, બે દોરાવા ડુંટીથી શ્વાસ છૂટી જશે. એને ઊભો શ્વાસ કહે છે. ટાઢવાળાને ખબર પડે. નાભીએ શ્વાસ બેઠો નથી. ઊભો શ્વાસ થઈ ગયો છે. જોડેવાળા કહે, બસ! હવે મુદત પૂરી થઈ ગઈ. ભાઈ! આપણે પટેલ હતા. શિવાભાઈ પટલે હતા. આ વલ્લભભાઈ પટેલ છેને. ... ઓળા ખાધેલા શીંગના. શીંગના ઓળા અને શિરો અને સમિતિની રસોઈ. અમારે સમિતિની રસોઈ મોટા કરોડોપતિ ગૃહસ્થો આવે, રસોઈ બહુ સારી થાય છે. રોટલી, દાળ, ભાત, શાક બહુ ઊંચા થાય. એ ખાધા. ખાઈને જ્યાં આવ્યા. હું સાંજે આહાર કરીને જરી ફરવા જાવ છુંને ચક્કર. શું કહેવાય એ? પ્રવચન મંડપ. ત્યાં બેઠા હતા પટેલ, નીચે બેઠા હતા. જમીને આવ્યાને. કેમ છે પટેલ? અંતક્રિયા. આમ બોલ્યા. શ્વાસ અંતક્રિયા. અંતક્રિયા એટલે મારી છેલ્લી ક્રિયા. પણ શું છે? આમાં હમણા ખાવા ગયા. ..નાભીથી શ્વાસ ખસી ગયો છે. હેઠે બેસતો નથી. છેલ્લો શ્વાસ લાગે છે. ૩૬ કલાકે દેહ છૂટી ગયો. બંધાઈ ગયુંને. ન ઉતર્યો આમ, ન ઉતર્યો.. શ્વાસ આમ અહીંથી ઊભો થઈ ગયો. ...માં છે કે આ શ્વાસ ઉઠ્યો. બેસાડને હેઠે. તારા અધિકારની વાત છે એ? જડની ક્રિયા એને કારણે, એને કારણે અટકે. શ્વાસ પણ તારો સગો નથી એમ તો દુનિયા કહે છે. કહે છે કે નહિ? સગો નથી એટલે તારું ધાર્યું કામ કરતું નથી. એ તો એને કારણે

શ્વાસ ચાલે અને મૂકાય. તું તો અરૂપી જ્ઞાનઘન છો. અભિમાન કર કે હું આનું કરું ને મૂકું એટલું, બાકી એ કાંઈ તારાથી થાય ત્યાં શ્વાસ લેવાની ક્રિયા? તો એ ક્રિયા તારાથી ન થાય તો દુનિયાનું સારું કરી દે અને દુનિયાનું બગાડી દે. આવા અભિમાન છે અજ્ઞાનીઓના. એ..! જયંતિભાઈ! આ બધા હુશિયાર હોય તો સુધારી ન દ્યે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે કહેતા હતા. ભાઈ અમારે .. દિવાન હતા. ... દિવાન સાહેબ! દિવાન સાહેબ! ચુડામાં દિવાન હતાને ૯૯માં. બાપા! કોણ કરે? ભગવાન! એ બધી જડની અવસ્થાઓ જડને કાળે, જડને કારણે થાય. તારે કારણે અને તારે કાળે થાય નહિ.

અહીં કહે છે... હવે એક ન્યાય આપે છે જરી હોં. '**આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ.**' જુઓ, શું કહે છે હવે એમાં? કે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા જેને ચોસઠ પહોરી તીખાશ જેમ પ્રગટ થઈ, એમ આખો આત્મા અંદર પૂર્ણાનંદ હતો, એની દશામાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ પડ્યું હતું, એમની જે વાણી ઈચ્છા વિના આવી એને આગમ કહેવામાં આવે છે, એને પરમાગમ કહેવામાં આવે છે. '**પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી...**' એ પરમાગમના ભાવને. અતુલ અર્થ એટલે ઉપમા વિના અર્થને. '**સારાસારની વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...**' એટલે પરમાગમમાં આ કહ્યું છે. ભાઈ! પરમાગમમાં, શાસ્ત્રોમાં, સિદ્ધાંત સાચામાં આ કહ્યું છે કે ત્રિકાળ તારું તત્ત્વ શુદ્ધ છે અને એનો આશ્રય લઈને જે ધર્મદશા પ્રગટે તે શુદ્ધ હોય છે. એને ધર્મ કહીએ. એમ આગમમાં કહ્યું હતું. એવો જે ધર્મીએ એમાંથી અર્થ કાઢ્યો.

'**પરમાગમના અતુલ અર્થ...**' અતુલ અર્થ. આહા..હા..! અર્થ જ કરતા નથી આવડ્યા અજ્ઞાનીને અત્યાર સુધી. શાસ્ત્રના અર્થ કેમ કરવા એમાં એની ગમ પડતી નથી એને. શાસ્ત્રમાં કહ્યું છે નહિ? 'જાતિ અંધનો દોષ નહિ આકરો જે જાણે નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ એથી આકરો કરે અર્થના અનર્થ.' શાસ્ત્રના જે અર્થો કહેવા જોઈએ, હોવા જોઈએ એને ઠેકાણે કરે અનર્થ. આમ છે ને વ્યવહારથી આમ થાય, ઢીંકણાથી આમ થાય, ધૂળથી આમ થાય. પાપી મિથ્યાદૃષ્ટિ અર્થનો અનર્થ કરે છે કહે છે. પરમાગમના ભાવને નહિ સમજતા. એય..! પ્રકાશદાસજી! આહા..હા..!

શું કહેવા માગે છે મુનિ? કે સમ્યગ્દૃષ્ટિ ત્રિકાળીતત્ત્વને શુદ્ધ માને અને એનો માર્ગ જે પ્રગટ્યો અંદરમાંથી શુદ્ધ, પવિત્ર, નિર્મળ સમ્યગ્દર્શન નિશ્ચય, નિશ્ચય સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન અને નિશ્ચય ચારિત્ર સ્વરૂપમાં રમણતા એ શુદ્ધ છે અને આ પણ શુદ્ધ છે એવો પરમાગમના અતુલ અર્થને વિચારીને ધર્મીએ આવો એમાંથી ભાવ કાઢ્યો છે. પરમાગમમાં એમ કહેવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને પરમાગમ કહીએ. જેના આગમમાં ઠેકાણા લખાણના નથી, ઊંધા અર્થ અને કેટલા આડાઅવળા લખાણ અને એને કહેવા સિદ્ધાંત, છે નહિ એ સિદ્ધાંત

સાચા. ચોપડા ખોટા એના. કાળાબજારના ચોપડા નથી આવતા? અત્યારે કાળા બજાર થાય છેને. એક પાનું ધોળું રાખે અને એક પાનું લખેલું રાખે. બતાવવાનું પાનું હોય એ ધોળામાં થોડું લખીને એ બતાવે. ... આ તો સાંભળેલું છે. આપણે ક્યાં ... એક પાનું કોરું રાખે અને એક પાનું લખેલું. કેટલું બતાવવું એ ટાણું આવે ત્યારે પછી ધોળામાં એટલું બતાવવું હોય એ એમાં લખે.

એમ આ શાસ્ત્રમાં જે સિદ્ધાંતમાં, જે શાસ્ત્રમાં એવું કથન હોય કે ધ્રુવતત્ત્વ ભગવાન એક શાશ્વત છે તે પવિત્ર છે, ધ્રુવ છે અને એને આશ્રય કરીને પવિત્રતા પ્રગટ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય સત્યમાર્ગ એ શુદ્ધ છે. એવું જે શાસ્ત્રમાંથી પ્રગટ થાય, શાસ્ત્રમાં હોય તેને સિદ્ધાંત કહીએ. આનાથી ઊંધું હોય, વ્યવહારથી થાય નિશ્ચય, આ થાય ને આ થાય અને રાગથી આમ થાય, નિમિત્તને લઈને અંદરમાં લાભ થાય એવા જે શાસ્ત્રના કથન છે જે શાસ્ત્રમાં એ શાસ્ત્રો સિદ્ધાંત નથી. સિદ્ધ થયેલી વાત એ નથી. વિપરીત સિદ્ધાંતો એ શાસ્ત્રો છે. એ.. પંડિતજી! એમ કહેવા માગે છે આ મુનિ.

**'આ રીતે પરમાગમના અતુલ અર્થને...'** અતુલ અર્થ છે. આવો અતુલ અર્થ છે. **'સારાસારના વિચારવાળી...'** રાગાદિ અસાર છે, ધ્રુવ તે શુદ્ધ સાર છે અને એને આશ્રયે થતી ધર્મદશા એ પણ શુદ્ધ અને સાર છે. એવા **'સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** સુંદર બુદ્ધિ એને કહીએ **'જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...'** પોતાથી જાણે છે, કહે છે. 'મારું તત્ત્વ ભગવાન પૂર્ણ પવિત્ર ધામ શુદ્ધ છે અને એની દૃષ્ટિ થતાં મારી દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય પ્રગટ્યા એ શુદ્ધ છે' એમ સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે. સ્વયં જાણે છે, કોઈની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! એય..! બિહારીલાલજી! આ બધા વકીલો કાયદા કાઢે, પણ આ બધા કઠણ કાયદા છે. આહા..હા..! મુનિરાજ ખુશી થઈને ઉલ્લાસમાં આવી ગયા છેને. આહા..હા..! જેણે સિદ્ધાંત શાસ્ત્રોમાંથી આમ કાઢ્યું અને સિદ્ધાંતને કહેવાનો એ આશય છે કે ભગવાન નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય કર. રાગ અને એક સમયની પર્યાયનો આશ્રય નહિ, પુણ્ય દયા, દાન એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન! આ તો તારા ઘરની વાતું છે હોં, નાથ! આહા..! એ તો નાથ કેમ કહીએ છીએ? કે પોતાનો જે સ્વભાવ છે એને આશ્રયે દશા પ્રગટી તેને રાખે અને નથી પ્રગટેલી તેને પ્રાપ્ત કરે દ્રવ્યને આશ્રયે. યોગ ક્ષેમનો કરનાર તેને નાથ કહેવામાં આવે છે. મળેલીને રાખે અને નહિ મળેલીને મેળવે એ ભગવાન નાથ છે. આ પતિ, પત્નીનો પતિ નાથ કહેવાય. શું કરવા? એની પાસે છે એનું રક્ષણ કરે અને જોતું હોય નવું સાડલા નવા, કપાટ નવા, ઢીંકણા નવા, શું કહેવાય તમારે? દાગીના સોનાના અને ઢીંકણું એને ઈચ્છા પ્રમાણે આપે તેને નાથ કહેવાય આ જગતનો ઊંધાઈનો. આ સવળાઈનો નાથ આ. નાથ આવે છેને? યોગ ક્ષેમ કરે એને નાથ કહીએ. એ બીજામાં આવે છે. જોગ એટલે મળેલી, મળેલી ચીજને

રાખે અને જોગ એટલે નથી મળેલી દશાને પૂર્ણ પ્રાપ્ત કરે એવો એ ભગવાન આત્મા પોતે નાથ છે. એને પોતાની પૂર્ણ પ્રાપ્તિ માટે પરની જરૂર નથી અને પોતાનું જે પ્રગટ્યું છે એને રક્ષણ માટે પણ પરની જરૂર નથી. આહા..હા..! પર એટલે વિકલ્પની, રાગની જરૂર નથી એમ કહે છે. ચંદુભાઈ! અરે! એને અમે વંદન કરીએ છીએ કહે છે. મુનિ કહે છે. વંદનનો અર્થ એના અમે ગુણ ગાઈએ છીએ. આ તો મુનિ છે પોતે. ધર્માત્મા છઠ્ઠે ગુણસ્થાને છે. છઠ્ઠી ભૂમિકાએ, સાતમી ભૂમિકાએ ઝૂલે છે નગ્નમુનિ દિગંબર સંત, વનવાસી સંત છે. એમણે આ ટીકા બનાવી છે. અમે એને વંદન (કરીએ છીએ). આહા..હા..! આવી દશા એના અમે ગુણગાન ગાઈએ છીએ કહે છે. એ.. પંડિતજી! હવે ૪૯. ૪૯ને હવે? ૪૯ ગાથા.

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।**

નીચે હરિગીત. નીચે એનું હરિગીત છે જુઓ, શ્લોકનું. અમારા પંડિતજી છે હિંમતભાઈ, એણે હરિગીત કર્યું છે.

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

‘**ટીકા :- આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું...**’ નામ જાણવાના ગ્રહણપણાનું ‘**પ્રકાશન (-કથન) છે.**’ ઉપાદેય એટલે ગ્રહવું એટલે જાણવું. ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છેને. બે નયનું ગ્રહણ કરવાનું કહ્યું છેને? ગ્રહણ એટલે જાણવું. ગ્રહણ એટલે આદરવું વ્યવહારને એમ છે નહિ. શું કહે છે? ‘**આ, નિશ્ચયનય...**’ એટલે ત્રિકાળી ભગવાન ધ્રુવ એનો આશ્રય કરવો એ ઉપાદેય છે અને વ્યવહારનય વર્તમાનમાં પુણ્ય-પાપના વિકલ્પો હોય, એમ એક સમયની દશા હોય એ આશ્રય કરવાલાયક નથી, પણ ઉપાદેય નામ જાણવાલાયક છે કે આવું છે. આટલું અસ્તિત્વ પર્યાયમાં છે એમ જાણવાલાયક છે, જ્ઞેય કરવાલાયક છે, આદરવાલાયક નથી. જાણેલો પ્રયોજનવાન છે ઈ વાતને આમ ગોઠવે છે. ૧૨મી ગાથામાં આવે છેને.

શું કીધું આ? ‘**નિશ્ચયનય...**’ એટલે વસ્તુ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એને નિશ્ચય કહીએ. નિશ્ચયનય એ જ્ઞાનનો અંશ ત્રિકાળનો સ્વીકારે તે ત્રિકાળી ચીજને નિશ્ચયનય કહીએ અને વર્તમાન દશા વિકારની, શુદ્ધતાની, કેવળજ્ઞાનની, ધર્મ પર્યાયની એ બધી અવસ્થાઓ એ વ્યવહારનયનો વિષય છે. એક અંશ છે એ બધી દશાઓ અને વસ્તુ ધ્રુવ છે એ ત્રિકાળ છે એને નિશ્ચય કહીએ અને એક અંશ વર્તમાનનો, રાગનો, દયાનો, દાનનો, રાગના જાણપણાનો, ઓછું જ્ઞાન, ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક સમકિત, કેવળજ્ઞાન એ બધી વર્તમાન દશા છે એને વ્યવહારનયે જાણવાલાયક છે એમ કહેવામાં આવે છે. કહો, ચંદુભાઈ! નીચે ખુલાસો કર્યો છે. છેને મીંડું. નીચે ખુલાસો અમારે પંડિતજી હિંમતભાઈ ખુલાસો કરે છે.

**'પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.'** પર્યાયનો અર્થ.. એ વિના નહિ સમજાય આ. કહે છે, આત્મા ત્રિકાળી ધ્રુવ એ નિશ્ચય અને વર્તમાન દશા એ વ્યવહાર. ચાહે તો નિર્મળદશા હો કે ચાહે તો મલિન હો, પણ એ વર્તમાન છે એટલે એને વ્યવહાર કહીએ. એ વ્યવહારનયને પણ જાણવાનું કથન છે. વ્યવહારનયનો વિષય છે, વિષય છે. આત્માના ધ્રુવમાં ના પાડી હતી ક્ષાયિકભાવ નથી, ઉદયભાવ નથી, ઉપશમભાવ નથી, ચાર ભાવ નથી એ વસ્તુના ત્રિકાળીમાં નથી, પણ અવસ્થામાં છે એટલું એણે જાણવું જોઈએ બસ. સમજાણું કાંઈ? નિશ્ચય એટલે ત્રિકાળી પરમસ્વભાવ ધ્રુવ ચોસલું, શાશ્વત. એ તો જાણીને આદરવાલાયક છે અને વર્તમાન દશા હાલત, વિકારી કે અવિકારી કે ધર્મની કે કેવળજ્ઞાનની એ દશા ઉપાદેય એટલે જાણવાલાયક છે, છે એમ જાણવું, આદરવાલાયક નથી. જાણવાલાયક છે એને અહીંયાં ઉપાદેય કરીને ગ્રહણ કરવાલાયક છે એમ કહેવામાં આવે છે. સમજાણું આમાં કાંઈ? એનું કથન છે આ ગાથામાં.

પ્રમાણ છેને? પ્રમાણજ્ઞાનમાં એટલે? ત્રિકાળી ધ્રુવનું જ્ઞાન અને વર્તમાન દશાનું જ્ઞાન. બે થઈને પ્રમાણજ્ઞાન કહેવાય. આખી ચીજ ત્રિકાળી ચોસલું ધ્રુવ એ નિશ્ચય સત્યાર્થ વસ્તુ ત્રિકાળી એને નિશ્ચય કહીએ, એનું જ્ઞાન નિશ્ચયજ્ઞાન અને વર્તમાન દશા એક સમયની અવસ્થા ચાહે તો અધર્મની, ચાહે તો ધર્મની, પણ એક સમયની દશા છે. એનું જ્ઞાન કરવું અને દ્રવ્યનું જ્ઞાન કરવું બેનું જ્ઞાન એક સાથે એનું નામ પ્રમાણજ્ઞાન પ્રમાણજ્ઞાન. નયજ્ઞાન તો એક અંશને સ્વીકારે તે નયજ્ઞાન. ચાહે તો ધ્રુવને સ્વીકારે તોપણ એ નયજ્ઞાન. ચાહે તો પર્યાયને જાણે તો એ નયજ્ઞાન. જ્ઞાનનો એક અંશ છે એ. પણ જ્ઞાનનું આખું સ્વરૂપ પ્રમાણ જે છે એ ત્રિકાળીને પણ જાણે, વર્તમાન અવસ્થા છે એને પણ જાણે. એ બેને જાણે તેનું નામ પ્રમાણ. પ્ર-વિશેષે, માપ દ્રવ્ય, ગુણ અને પર્યાય જે છે એ જ્ઞાનમાં આવી ગઈ છે જાણવામાં એનું નામ પ્રમાણ કહેવામાં આવે છે. ભાષા જ જુદી જાતની છે આ તો. સમજાણું કાંઈ?

**'પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું...'** શુદ્ધ ધ્રુવ ચૈતન્ય પ્રભુ, એનું પણ જ્ઞાન જોઈએ, **'તેમ જ તેના પર્યાયોનું...'** પર્યાય એટલે અવસ્થા. એ ધર્મ અવસ્થા—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, વીતરાગી દશા. ધર્મદશા પ્રગટી જે નિર્દોષ એને પર્યાય કહીએ અને એની સાથે રાગ હોય એને પણ પર્યાય કહીએ. **'પર્યાયોનું બન્નેનું સમ્યક્જ્ઞાન હોવું જોઈએ.'** બેનું પણ જેમ છે તેમ સાચું જ્ઞાન હોવું જોઈએ. વસ્તુમાં પર્યાય નથી, પણ પર્યાયમાં પર્યાય છે એમ એને જ્ઞાનમાં હોવું જોઈએ. ભારે પણ શાસ્ત્ર આ છે. ઓલી તો પાધરું અહિંસા કરવી, બીજાની દયા પાળવી, દુઃખીના આંસુ લૂછવા, વિધવાને આમ કરવું તો એના આશીર્વાદ મળશે, જાવ કલ્યાણ થઈ જશે. અહીં કહે છે ધૂળેય નહિ થાય સાંભળને. એ તો બધી વિકલ્પની રમતું રાગની છે. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં આત્માનું આખું દ્રવ્યસ્વરૂપ એટલે

ધ્રુવસ્વરૂપ અને એની દશા, એની અવસ્થા, કાર્ય થવાની દશા. વિચારો પલટાય છેને. શ્રદ્ધા પલટાય. મિથ્યાશ્રદ્ધા જઈને સમ્યક્ થાય, અધર્મ જઈને ધર્મ થાય, અજ્ઞાન જઈને જ્ઞાન થાય, અશાંતિ જઈને શાંતિ થાય એ બધી દશાઓમાં છે, વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ છે. એ દશાને અહીંયાં અવસ્થા કહે છે. તો શુદ્ધાત્મ ત્રિકાળનું પણ જ્ઞાન હોવું જોઈએ અને અવસ્થા છે એનું પણ જ્ઞાન તો હોવું જોઈએ. વસ્તુ પર્યાય નથી? શું એકલો કૂટસ્થ ધ્રુવ છે? જો કૂટસ્થ ધ્રુવ હોય તો કાર્ય શેમાં કરવું? એમ કહેવું કે 'આત્યંતિક દુઃખથી મુક્ત થાવ' એનો અર્થ શું થયો? દુઃખ છે એનાથી છૂટવું. પણ એ તો દશામાં છૂટે, વસ્તુમાં છે? એની દશાઓ પલટે એમાં દુઃખ છે, તો એનું નામ પર્યાય. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત. આહા..હા..! ભાષા જ (જુદી જાતની).

કહે છે, એ પ્રમાણભૂત જ્ઞાનમાં બેયનું જ્ઞાન હોવું જોઈએ. '**પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે...**' શું કહે છે? એક સમયની દશામાં વિભાવભાવરૂપી પર્યાયો છે એ ચારેય વિભાવભાવ પર્યાય છે. વિશેષ છેને. સામાન્ય જે સ્વભાવ ધ્રુવ એ તો સહજાત્મસ્વરૂપ ધ્રુવ એ પરમપારિણામિકભાવે સહજ ભાવ એનો કહેવામાં આવે છે. એની દશામાં, હાલતમાં જે દશા થાય એને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન (છે). કથંચિત્ એટલે પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આત્માના કથંચિત્ વિભાવપર્યાય એટલે કે દ્રવ્યમાં નથી પણ પર્યાયમાં છે. '**એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.**' સમજાણું કાંઈ? જેમ અવસ્થા થાય છે, પર્યાય છે, પરિ—સમસ્ત પ્રકારે આય—પરિણમવું, બદલવું. એ બદલવું જો ન હોય તો અધર્મ ટાળીને ધર્મ કરવો, અશુદ્ધતા ટાળીને શુદ્ધતા કરવી એ દશામાં હોય, કાંઈ ધ્રુવમાં ન હોય એ. આ વાતનું આખી મૂળ ચીજનું જ્ઞાન ન મળે.

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ ચીજ છે. દ્રવ્ય એ કાયમની ચીજ, ગુણ એ કાયમના શક્તિઓ, પર્યાય વર્તમાન હાલત, દશા. એ ત્રણ થઈને આખું તત્ત્વ જીવ છે. પ્રમાણ છે એનું. આહા..હા..! અંદર લખ્યું છે તો નોટ જરી વાંચવી પડેને. એમાં એની મેળાએ વાંચે તો કાંઈ ગજનો આંકો સૂઝે એવું નથી. હાથમાં લીધો હોય તોને ગજ કોઈ દિ'. આહા..હા..! '**તેને શુદ્ધાત્માનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.**' એટલે શું કહે છે? જેને વર્તમાન દશા છે, હાલત છે એ ન માને તો હાલત વિનાનું ત્રિકાળી શુદ્ધદ્રવ્ય એને પણ એ જાણતો નથી. એકનો નિષેધ કરીને એકનો સ્વીકાર કરવો છેને? નિષેધ કરવાલાયક પણ ચીજ છેને. ચાહે તો ક્ષાયિકસમકિત હો, ચારિત્ર શુદ્ધ રમણતા આનંદની હો, પણ એ છે દશા, અંશ, અવસ્થા. કહે છે, એ અવસ્થા ન માને એને ત્રિકાળી અવસ્થાયી શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. પુસ્તક હોય એને .... પણ ઉપરથી તો ન્યાય આવે છે એને પકડવું હોય તો. પકડવું હોય તોની વાત છે. આહા..હા..! ભારે માર્ગ, બાપા! સોંઘા કરીને મૂક્યા છેને. એટલે આ ઓલો લાગે એને. પણ સોંઘો મોંઘો થઈ જશે. રખડી મરીશ ચાર ગતિમાં,

એ તત્ત્વ નહિ હાથ આવે એમાં. સમજાણું કાંઈ?

**'માટે, વ્યવહારનયના વિષયોનું જ્ઞાન પણ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** જોયું! એક સમયની દશા છે એ નિર્મળ પણ છે અને થોડી મલિન પણ છે. જાણવા માટે. જાણવા માટે ઉદયભાવ પણ છે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ દશામાં છે. જાણવાલાયક છે એનો અર્થ ગ્રહણ કરવાલાયક કહ્યું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ એમ કહ્યું. કહ્યું છેને ત્યાં કે શાસ્ત્રમાં બે નયને ગ્રહણ કરવાનું કહ્યું છેને? ગ્રહણ કરવું એટલે જાણવું. સમજાણું? આ બધા વાંધા એના મોક્ષમાર્ગે ખુલાસા કર્યા છે. તર્કથી કર્યા, શાસ્ત્રમાં છે એમ કીધું છે. જુઓ.

એમ છે તો વીતરાગમાર્ગમાં બન્ને નયનું ગ્રહણ કરવું કહ્યું છેને. તમે તો એક જ વાત કરો છો કે આત્મા.. આત્મા.. ધ્રુવ. સાંભળ. જિનમાર્ગમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતાસહિત વ્યાખ્યા છે તેને તો સત્યાર્થ એમ જ છે એમ જાણવું. કોઈ ઠેકાણે વ્યવહારની, પર્યાયની, રાગની એની મુખ્યતાથી વ્યાખ્યાન છે. તે એમ નથી. ત્રિકાળમાં એ નથી, પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો એમ જાણવું, એ પ્રમાણે જાણવાનું નામ બંને નયનું ગ્રહણ છે, જાણવાનું નામ બંને નયનું ગ્રહણ છે. આ ચાલે છે એનો અધિકારનો ખુલાસો કર્યો છે ટોડરમલ. જયપુર છેને ત્યાં પાંચ લાખનો હોલ કર્યો છે. આવ્યા હતાને શેઠ. ગોદિકા નહોતા આવ્યા? એના કુટુંબમાંથી પાંચ લાખનો હોલ કર્યો છે એના સ્મારક માટે અને પાંચ લાખ ધ્રુવ ફંડમાં આપ્યા પોતે. ચાર વર્ષ પહેલા ગયા હતાને અમે. ૧૧ દિ' રહ્યા હતા. ૧૧ દિ'ના ૧૬ લાખ રૂપિયા. ૧૬ લાખ. કરોડપતિ .. હતા. .. ઉદાર ઘણો. ૧૬ લાખ ૧૧દિ' માં (આપ્યા) હોં! ટોડરમલ સ્મારક હોલ પાંચ લાખનો છે અને પાંચ લાખ નભાવના આપ્યા. ૧૧ દિ'માં ૬ લાખનો ખર્ચ થયો. આ પાછા જઈશું હમણાં તો બે-અઢી લાખ ખર્ચશે હવે ૨૦ દિ'માં. ક્લાસ કાઢવાના છે. લોકોને તત્ત્વ કાને પડે, વિચાર અને મનન કરે એ માટે. એ આ ટોડરમલ એનું આ બનાવેલું પુસ્તક છે.

કહે છે, એ પ્રમાણે જાણવાનું નામ બંને નયનું ગ્રહણ છે, પણ બંને નયના વ્યાખ્યાને સમાન સત્યાર્થ જાણી આ પ્રમાણે પણ છે અને આ પ્રમાણે પણ છે એમ ભ્રમરૂપ પ્રવર્તવું એ બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી. એકને જાણવા યોગ્ય અને એકને આદરવાયોગ્ય એ રીતે ગ્રહણ કરવાયોગ્ય કહ્યું છે. આ કહે કે વ્યવહાર નથી, વ્યવહાર. પણ કોને નથી ના પાડી? સાંભળને. છે પણ આશ્રય કરવાલાયક અને લાભદાયક નથી. સમજાણું કાંઈ? મોટી વાત છે એમાં ઘણી.

એમ અહીં કહે છે. **'તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે'** ઉપાદેય કહ્યો છે વ્યવહારનયને. **'તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવિક્ષાથી નહિ.'** જાણવાલાયક છે એક સમયની દશા છે, આશ્રય કરવાલાયક નથી. ધ્રુવ ત્રિકાળી આશ્રય કરવાલાયક છે. વિશેષ વિષય છે, વખત થઈ ગયો છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૦૮-૦૫-૧૯૭૧, ગાથા-૪૯-૫૦, પ્રવચન નં. ૭૫૨

... એની જે વર્તમાન દશા છે હાલત, જેને અહીંયાં શાસ્ત્ર ભાષાએ પર્યાય કહીએ, અવસ્થા, એ અવસ્થા વિનાનો જે ત્રિકાળી ધ્રુવ શાશ્વત સ્વભાવનો પિંડ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. આ આત્મા શરીર, વાણી, મનથી તો ભિન્ન, પુણ્ય-પાપના રાગથી પણ અનેરી જુદી ચીજ છે ઈ. પણ તેની દશામાં અને તેના કાયમપણાના બે ભાગ છે. આહા..હા..! એ કાયમ રહેનારું અવિનાશી શાશ્વતતત્ત્વ એને અહીંયાં ધ્રુવ અથવા શુદ્ધભાવ, અસલી કાયમ નિજ ધ્રુવ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. અને એનું કાર્ય વર્તમાન અવસ્થામાં થાય, સંસારદશા વિકારી કે મોક્ષનો માર્ગ જે નવો થાય દશા કે મોક્ષ થાય એ બધી પર્યાયો, હાલતો, દશાઓ છે. એ હાલત, દશા એ એક એક સમયની એની દશા હોય છે વિચારની, પરિણમનની અને વસ્તુ ધ્રુવ શાશ્વત ચિદ્દ્ઘન એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે.

તો એમ કહેવામાં આવ્યું કે એવો શુદ્ધભાવ ધ્રુવભાવ અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ એમાં વર્તમાન દશાના પ્રકારો નથી. પાણીના તરંગો ઉઠે, વિલય થાય, ઉઠે, ઉઠે એટલે ઉત્પાદ, વિલય એટલે વ્યય, શાસ્ત્ર ભાષા એમ છે. પાણીનું તરંગ ઉઠે ઉત્પાદ—ઊપજવું અને પૂર્વનો તરંગ છે તે વ્યય એટલે અભાવ થાય. એવી જે પાણીના તરંગની દશા એ પાણીના દળમાં નથી. પાણીનું જે દળ છે કાયમ રહેનારું એમાં એ તરંગો નથી, તરંગો એની દશામાં છે. વર્તમાન ઉપર એની હાલતમાં છે.

એમ ભગવાન આત્મા એની દશાઓમાં વિપરીત માન્યતા હો, દુઃખ હો, માણસ એમ તો કહેને કે આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ. ત્યારે એની દશામાં, વસ્તુમાં જો દુઃખ હોય તો દુઃખથી મુક્ત થવાય નહિ, એની દશા હાલતમાં, વર્તમાન દશામાં દુઃખ છે, રાગ છે, અજ્ઞાન છે અને એને અજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન શુદ્ધતા એવી દશા ઉત્પન્ન થાય છે એ બધી શુદ્ધતા ઉત્પન્ન થાય, શુદ્ધતા વધે અને શુદ્ધતા પૂર્ણ થાય અને વિકાર એ ચાર દશાને પર્યાયભાવ, અવસ્થાભાવ કહેવામાં આવે છે. એ ચાર ભાવ ધ્રુવતત્ત્વ શાશ્વત વસ્તુમાં નથી એમ કહ્યું. ત્યારે અહીંયાં ખુલાસો કરે છે કે એની દશામાં છે કે નહિ? એ આ ૪૯ (ગાથાની) ટીકા.

આ તો અધ્યાત્મનું મૂળ રહસ્ય અને સર્વજ્ઞના અંતરના પેટ આ તો વાત છે. સર્વજ્ઞસ્વભાવ જે આત્મામાં (ભરેલો છે), આત્મા પોતે સર્વજ્ઞ—જ્ઞ સ્વભાવી છે, જ્ઞ સ્વભાવી. સ્વભાવી પોતે પણ સ્વભાવ એનો જ્ઞ. તો જ્ઞ એટલે કે પૂર્ણ જાણવું. એવું પૂર્ણ જાણવું એવો એનો અવિનાશી ત્રિકાળ સ્વભાવ છે, પણ એની દશામાં એવું પૂર્ણ જાણવું એનો એને અનાદિથી

અનાદર વર્તે છે. એથી એની દશામાં અલ્પજ્ઞપણું અને વિપરીતપણું એટલે પુણ્ય-પાપના વિકલ્પો દેખાય છે. આહા..હા..! શાસ્ત્રભાષા તો બહુ બીજી જાત (છે), આ તો તમને સમજાય શૈલી એવી શૈલીથી ભાષા આવે છે.

એ સર્વજ્ઞશક્તિ અંદર સ્વભાવ એ જેણે અંતરમાં એકાગ્રતાના ધ્યાન દ્વારા શક્તિની વ્યક્તતા પ્રગટ કરી એ દશામાં સર્વજ્ઞ થયા એને અરિહંત અથવા પરમાત્મા કહે છે. નમો અરિહંતાણં પહેલું બોલાય છેને? એનો અર્થ આ છે. એ સંપ્રદાયનો શબ્દ નથી, મૂળ વાત જ છે. અરિ એટલે મિથ્યા ભ્રાંતિ અને રાગ-દ્વેષના વિકારો, અરિ એટલે ત્રિકાળી શુદ્ધ આનંદ સ્વભાવથી વિપરીત વેરી છે વેરી વિકાર, એને જેણે હણ્યા અને જેણે અંતર સ્વભાવ આનંદનો જે છે એ એના સ્થાનમાં પ્રગટ કર્યા એને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. નમો અરિહંતાણં આ છે. સમજાણું કાંઈ? એ અરિહંત સર્વજ્ઞ થયા એથી એને ઈચ્છા વિના આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે છે. આમ વાણી ન હોય, આપણે અહીં બોલાય છે એવી વાણી ન હોય ત્યાં. કારણ કે અહીં તો રાગનો ભાગ છેને એટલે વાણી, ભાષા તુટતી અનેક થતી આવે છે. વસ્તુનું જ્યાં પૂર્ણ સ્વરૂપનું ભાન અને અનુભવ સંલગ્ન થયા, સર્વજ્ઞ રાગરહિત વીતરાગદશા પૂર્ણ થાય એને ૐ એકાક્ષરી ધ્વનિ ઉઠે. એમાંથી સંતો આત્મજ્ઞાની ધર્માત્મા અલ્પજ્ઞ છદ્મસ્થ, છદ્મસ્થ એટલે હજી આવરણ છે, પૂર્ણ દશા જેને પ્રગટ થઈ નથી એવા સંતો એ ૐમાંથી આખા પરમાગમ શાસ્ત્રની રચના કરે છે. એ પરમાગમમાં એમ આવ્યું કે ભગવાન! તારું ધ્રુવ શાશ્વત જે તત્ત્વ છે, કાયમ રહેનારી તત્ત્વ દશા જે છે આત્મભાવ, આત્મસ્વભાવ, આત્મધ્રુવતા એ કાયમ છે એમાં વર્તમાન દશાનો અભાવ છે. એમ કહ્યુંને? ત્યારે અહીં કહે છે,... ત્યાં તો છોડવાયોગ્ય કહ્યું હતું, એ નથી એમ કહ્યું હતું.

ત્યારે '**આ નિશ્ચયનય,...**' નિશ્ચય એટલે ધ્રુવતત્ત્વને બતાવનારું જ્ઞાન, શાશ્વતને બતાવનારું જ્ઞાન એને નિશ્ચનય કહીએ '**અને વ્યવહારનયના...**' અને વર્તમાન દશાને બતાવનારું જ્ઞાન એને વ્યવહારનય કહીએ. એ '**ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.**' ઉપાદેય એટલે? બેને જાણવાનું કથન છે. એ ત્રિકાળી ધ્રુવ છે ભગવાન એ તો ઉપાદેય છે. ઉપાદેય એટલે અંતર દૃષ્ટિ કરીને એનો આશ્રય કરવાલાયક છે કે જેમાં અનંત આનંદ છે, પણ એની દશામાં એક સમયની દશા છે એ 'નથી' એમ કીધી હતી અંતરમાં, પણ એની અવસ્થામાં છે એ એણે જાણવું જોઈએ. એણે બરાબર જાણવું (જોઈએ). નથી એમ કે એ અવસ્થા, તો એને શુદ્ધ તત્ત્વની દૃષ્ટિનું પણ ભાન નથી. સમજાણું કાંઈ? આ વાતો અગમ્યગમ્યની વાતું છે, બાપુ! આહા..હા..!

અનંતકાળમાં એણે વાસ્તવિક એનું વસ્તુસ્વરૂપ શું છે અને એની દશા શું છે? એવું એના જ્ઞાનમાં યથાર્થપણે, વાસ્તવિકપણે કોઈ દિ' આવ્યું નથી, કર્યું નથી એણે. કર્યું નથી માટે આવ્યું નથી હોં! આહા..હા..! બાકી બધા ખીચડા બધા ઘણી જાતના કર્યા બધા અજ્ઞાનમાં

તત્ત્વથી વિરુદ્ધની વાતું, દશાથી વિપરીત વાતું એવી કરીને હેરાન થઈ ચોર્યાસીના અવતારમાં રખડી રહ્યો છે. જેના ચોર્યાસીના અવતારનો અંત નથી, પ્રભુ! અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ભૂતકાળમાં કયે સમયે અવતાર વિનાનો હતો ઈ? અને અવતાર વિનાનો હોય તો ફરીને અવતાર થાય નહિ. ચણ્યો શેકાઈ જાય એ ફરીને ઉગે નહિ, એમ જેની દશા મોક્ષ થઈ જાય એને ફરીને ઉગવું સંસારનું હોય નહિ. અનંતકાળમાં આદિ નથી. વિચાર કે દિ કર્યો છે એણે? આહા..હા..!

હું પોતે વસ્તુ પણ અનાદિ અને એની દશામાં વિકાર અને વિકારથી પરિભ્રમણ કરવું એ પણ અનાદિ છે. સમજાય છે કાંઈ? એ વિકારીદશા અને ભાન થઈને વિકારનો નાશ થઈને એના સ્થાનમાં દશામાં, એના કાળમાં નિર્વિકારી આનંદનો અનુભવ થાય જે ધર્મ એના પણ ત્રણ પ્રકાર છે—એક ઉપશમરૂપ નિર્મળ થોડી દશા, એક નિર્મળ વિશેષ પૂરી દશા અને એક નિર્મળતા અને કાંઈક મલિનતાનો અંશ એવી એક દશા છે. શાસ્ત્ર ભાષાએ એને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એવી દશાથી વર્ણન કર્યું છે. કહે છે કે એ ચાર ભાવ અંદરમાં ધ્રુવમાં નથી, પણ વ્યવહારનયનો વિષય છે, વર્તમાન છે. આહા..હા..! છેને ઉપાદેય પ્રકાર? નીચે આપણે આવ્યું છે નોટમાં.

'**પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્‌જ્ઞાન હોવું જોઈએ.**' નીચે છે નોટ. એટલે શું? નોટ છે આ બાજુ ૧૦૩ પાને. કહે છે કે '**પ્રમાણભૂત જ્ઞાનમાં...**' એટલે કે ત્રિકાળી શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન, એની સાથે વર્તમાનદશાનું જ્ઞાન એને પ્રમાણજ્ઞાન કહીએ. બે અંશોનું એક સાથે જ્ઞાન તેને પ્રમાણજ્ઞાન કહીએ. બે અંશમાંથી એક અંશની મુખ્યતા, બીજાની ગૌણતા એને જ્ઞાનના નયના અંશનું જ્ઞાન કહીએ. એ '**પ્રમાણભૂત જ્ઞાનમાં...**' એટલે આખી ચીજમાં '**શુદ્ધાત્મદ્રવ્યનું...**' ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ શાશ્વત એનું જ્ઞાન પણ જોઈએ અને તેની દશાનું પણ જ્ઞાન સમ્યગ્જ્ઞાન હોવું જોઈએ.

'**પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે...**' જીવની અવસ્થામાં ચાર દશાઓ વિદ્યમાન છે, છે. વિકાર છે, વિકારના અભાવની દશા પણ જ્યાં સુધી પૂર્ણ પરમાત્મદશા ન થાય આત્માની સર્વજ્ઞ દશા અને સર્વજ્ઞદશા થયા પછી પણ કાંઈક વિકારદશા છે. શરીરરહિત દશા જ્યારે સિદ્ધ થઈ જાય નમો સિદ્ધાણં.. પહેલું પદ છે એ નમો અરિહંતાણં—અજ્ઞાન અને રાગ-દ્વેષને હણીને જેણે જ્ઞાન અને વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરી, પણ હજી વાણી અને શરીરનો યોગ છે એને કે જેથી ધ્વનિ ઉઠે છે, પણ વાણી અને શરીરનો યોગ છૂટી જાય, એકલો આત્મા રહી જાય એને બીજા પદમાં નમો સિદ્ધાણં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ બધા ગુણવાચક શબ્દ છે. લોકોએ સંપ્રદાયવાચક શબ્દ કરીને (માની લીધું છે). એમ નથી, પ્રભુ! તને ખબર નથી. એ અંતરની આત્માની શક્તિઓ પૂર્ણ પ્રભુ છે એને જેણે અંતરમાં અનુભવ કરીને પૂર્ણ પ્રગટ કરી એણે અજ્ઞાન અને રાગ-દ્વેષનો વ્યય

કરી નાખ્યો. દશા અધર્મની ગઈ અને ધર્મની થઈ, પૂર્ણ દશા થઈ તેને અહીંયાં અરિહંત અને સર્વજ્ઞ પરમાત્મા, વસ્તુની અવસ્થાવાળા પરમાત્મા કહેવામાં આવે છે.

કહે છે, પોતાને 'કથંચિત્ વિભાવ વિદ્યમાન દશામાં છે' એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય, 'મારી દશા જ નથી, અવસ્થા જ નથી' તો અવસ્થા નથી એને અવસ્થાવાન ત્રિકાળી એનું પણ સાચું જ્ઞાન હોય નહિ. **'તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.'** શું કહ્યું સમજાય છે કાંઈ? વર્તમાનમાં આત્માને દુઃખની દશા છે. એ નથી જ એમ કોઈ કહે તો દુઃખદશા વિનાનું આખું તત્ત્વ છે એની પણ એને ખબર નથી, તેમ દુઃખદશા ટળીને એના સ્થાનમાં આત્મજ્ઞાન, દર્શન જે આત્માનો અનુભવ, આત્મવેદન—સ્વસંવેદનદશા છે એ પણ એક દશા છે, એ દશાની ના પાડે એને ત્રિકાળી દ્રવ્યના જ્ઞાનની પણ ખબર નથી. બિહારીલાલજી! આ બધા અભ્યાસ કર્યા હશે, પણ આ બીજી જાતનો અભ્યાસ છે. વકીલ છે વકીલ. જાણો છો? ...ભાઈના. .. ભાઈ હતાને, એમના દીકરા. જિજ્ઞાસા છે, રસવાળા છે, પણ હવે હજી આ આખી ચીજ જ કોઈ જુદી જાતની આવે... આહા..હા..! આ તો પરમસત્ય ત્રિકાળ સત્ય સર્વજ્ઞથી સિદ્ધ થયેલું, અનુભવમાં આવે એવું, યુક્તિથી સાબિત થાય એવું. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે **'સાચું જ્ઞાન હોઈ શકે નહિ.'** જેને અવસ્થા કાર્ય વર્તમાન આનંદનો થાય અને દુઃખની દશા જાય એવી અવસ્થાનું જેને સાચું જ્ઞાન નથી એને ત્રિકાળી દ્રવ્યનું પણ સાચું જ્ઞાન ન હોય. **'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે'** ઓલા ઉપાદેયનો અર્થ કર્યો. ઉપાદેય કર્યું છેને? ઉપાદેયનો અર્થ તો આદરણીય થાય છે, પણ આદરણીયનો અર્થ આ છે. ગ્રહણ કરવું એટલે જાણવું. દશા છે. અશુદ્ધદશા કાળે અશુદ્ધ હોય, અશુદ્ધની ટળીને કાંઈક શુદ્ધ અને થોડી અશુદ્ધતા હોય અને પૂર્ણ શુદ્ધતા પરમાત્મદશા થાય ત્યારે એકલી શુદ્ધદશા હોય આનંદ. એ દશા જાણવાલાયક છે. **'એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે...'** એ અવસ્થાનો આધાર લેવા જેવો છે એ માટે કહ્યું નથી. કારણ કે જેમાં પૂર્ણાનંદ પૂર્ણ પડ્યું તત્ત્વ છે એનો આશ્રય લે તો એમાંથી આનંદ પ્રગટે, પણ પ્રગટેલી દશામાં બીજી દશા છે નહિ. એથી એ પ્રગટેલી દશા એનો આશ્રય લેવાલાયક છે એમ નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ! આખું પ્રવચન જ કોઈ જુદી જાતનું (આવે છે). સમજાણું કાંઈ?

કહે છે **'વ્યવહારનયના વિષયનો આશ્રય (-આલંબન, વલણ,...'** એના તરફનું **'સન્મુખતા, ભાવના) તો છોડવાયોગ્ય જ છે...'** વર્તમાન દશાનું આલંબન કરવાલાયક નથી. વર્તમાનદશા છે એમાં બીજી દશા નથી. એનું બીજું સામર્થ્ય એ અવસ્થામાંથી નવી અવસ્થા પ્રગટે એવું એનામાં સામર્થ્ય નથી. માટે તે વર્તમાનદશા આલંબન કરવાલાયક નથી, વલણ ત્યાં રાખવા જેવું નથી, સન્મુખતા દશા તરફ કરવા જેવી નથી, ભાવના વર્તમાન

દશામાં એકાગ્ર થવાલાયક નથી. આહા..હા..! ભગવાન! આ તો વાતું તારી પરમસત્ય છે. આહા..હા..! તે **'છોડવાયોગ્ય જ છે...'** વર્તમાન દશામાં હાલત જે પ્રગટ થાય, ભલે ધર્મની શુદ્ધ, પણ એ તો હાલત એક સમયની દશા છે. એટલે એ દશામાંથી બીજી દશા પ્રગટે એવી દશામાં તાકાત નથી. સોનું અને સોનામાં પીળાશ, ચીકાશ અને ગુણ એવું શાશ્વત તત્ત્વ અને એની કુંડળ, કડા, વીંટીની દશાઓ (થાય), એ કુંડળની અવસ્થામાંથી કડાની અવસ્થા ન થાય. કુંડળની અવસ્થા જાય અને કડાની થાય એ કાંઈ પર્યાયમાંથી ન થાય, એ ધ્રુવમાંથી થાય. સમજાણું કાંઈ? એમ ધર્મદશા પ્રગટી હોય એમાંથી નવી ધર્મદશા ન થાય. કારણ કે દશા એ હાલત છે અને ત્રિકાળ એની ખાણ છે, ધ્રુવ જે શાશ્વત તત્ત્વ ભગવાન, એ બધી નિર્વિકારી હાલતો, દશાઓને પ્રગટ કરવાની ખાણ એ છે. સમજાણું કાંઈ?

કહે છે **'એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.'** ૫૦ આવશેને આના પછી. **'જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ...'** ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ એનું ગ્રહણ આદર **'અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય,...'** વર્તમાન દશાના આધાર, અવલંબન, આશ્રયનો ત્યાગ **'હોય, તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયનું જ્ઞાન સમ્યક્ હોય છે...'** મોહનભાઈ! આ તો તમારી બધી વકીલાતથી જુદી જાત છે આ બધી. સાંભળવા પણ કો'ક દિ' મળે એવું છે. આહા..હા..! ભગવાનની વાતું સાંભળવા પણ નવરો થયો નથી. આહા..હા..! ભગવાન એટલે તું હોં! અને ભગવાને કહ્યું એ. આહા..હા..!

કહે છે **'શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ...'** ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, શાશ્વતભાવ એનો આશ્રય કરવાલાયક છે અને વર્તમાન દશાનો આશ્રય કરવાલાયક નથી. એવો જેને પર્યાયના આશ્રયનો ત્યાગ હોય **'તે જ જીવને દ્રવ્યનું...'** એટલે વસ્તુનું અને દશાઓનું જ્ઞાન સાચું હોય **'એમ સમજવું, અન્યને...'** સાચું જ્ઞાન હોય નહિ. જે કોઈ વર્તમાનદશાને આદરણીય માને એને સાચું જ્ઞાન હોઈ શકે નહિ અને જે વર્તમાનદશા સિવાય ત્રિકાળને આદરણીય માને અને વર્તમાનદશાને પણ આદરણીય માને એને આત્મજ્ઞાન હોય નહિ અને જેને વર્તમાનદશા નથી અને એકલો ધ્રુવ છે એમ માને એને સાચું જ્ઞાન હોઈ શકે નહિ. વસ્તુ તો આમ છે, ભગવાન! છે જ આવી, આવી ન હોય તો બીજી રીતે સાબિત થતી નથી. સર્વજ્ઞ તો સિદ્ધ કરીને કહે છે.

કારણ કે કોઈપણ માણસને હિત કરવું છે એમ થાય કે આપણે ભાઈ ધર્મ કરવો છે. તો એ ધર્મ કરવો એ કાંઈ ધ્રુવમાં કરવો છે? એની દશામાં કરવો છે, હાલતમાં કરવો છે. વર્તમાન... વર્તમાન... વર્તમાન દશામાં કરવો છે. ત્યારે ધર્મ કરવો છે એનો અર્થ કે અધર્મ છે એની દશામાં અને એ અધર્મ જાય અને ધર્મ થાય એ તો દશા થઈ, ધ્રુવ તો ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રભાષાએ, શાસ્ત્રભાષા તો અનાદિની સત્ય ભાષા સનાતન હોય

એમ વાપરે, ચાલતી ભાષામાં સમજાવવું હોય તો એની ભાષામાં કહેવું પડે. શાસ્ત્રભાષા એવી છે '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. સત્ એવું છે કે નવી અવસ્થાથી ઊપજે, જૂની અવસ્થાથી વ્યય—અભાવ થાય અને કાયમ તત્ત્વ ટકી રહે ધ્રુવ. એ બે થઈને પ્રમાણનો વિષય છે. એક પણ અવસ્થાનું જ્ઞાન ન માને તો ધ્રુવનું ભાન નથી. અવસ્થા આદરણીય માને તો ધ્રુવ ને અવસ્થાનું ભાન નથી. ધ્રુવ આદરણીય માને, અવસ્થા નથી જ માને તો એ અજ્ઞાની છે. બેય આદરણીય માને તોપણ અજ્ઞાની છે, તેમ બેય છોડવાયોગ્ય માને તોપણ એ અજ્ઞાની છે. આહા..હા..! બાપુ! આ તો પરમાત્માનું .. કથન છે. આહા..હા..! એ કાંઈ આલીદુઆલીની વાત નથી. સાધારણ વાતું કરે અને ખુશી થઈ જાય. જાવ ભગવાનની ભક્તિ કરો, ભગવાન ખુશી થઈ જશે. કોણ ખુશી થાય? ભગવાન તો જ્ઞાતા-દૃષ્ટા છે. ખુશી થાય તો રાગી કહેવાય એ તો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એના બે ભાગ-એક ધ્રુવ ભાગ અને એક વર્તમાનદશાનો ભાગ. એની દશાનું જેને જ્ઞાન નથી, એની હયાતી સ્વીકારતા નથી એને ત્રિકાળીનું જ્ઞાન નથી અને જે અવસ્થા છે એને આદરણીય માને છે એને આદરવાયોગ્ય ધ્રુવ છે એનું પણ સાચું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? હવે આપણે ટીકા એ તો પહેલી લીટીનો અર્થ થયો. નીચે નોટ કરી. અમારા પંડિતજી છેને, હિંમતભાઈ પંડિત છે. હવે ક્યાં આવ્યું?

'**પૂર્વે જે વિભાવપર્યાયો વિદ્યમાન નથી...**' છે બીજી લીટી? શું એ કહે છે? પૂર્વે એમ કહ્યું હતું, પૂર્વની ગાથાઓમાં કે આત્મામાં, ધ્રુવમાં વિભાવ એટલે ચાર દશાઓ વિકારની, વિકારની મંદતાની, વિકારની વ્યક્તતાની, થોડી અને પૂર્ણ વ્યક્તતાની એવી ચાર દશાઓ જે કહી હતી એ વિદ્યમાન નથી એમ કહ્યું હતું. '**એમ પ્રતિપાદન કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' એની દશામાં છે. ધીમે-ધીમે સમજવું, ભગવાન! તારા ઘરની જ વાત છે હોં! જે ઘરમાં થઈ રહ્યું છે, થાય છે અને રહે છે અંદર ત્રિકાળ એની આ વાત છે. આહા..હા..! આ તો પરમ સિદ્ધ સિદ્ધ થઈ ગયેલું એમ. આમાં ક્યાંય ફેરફાર એક અક્ષર અને એક ન્યાય ત્રણકાળમાં ફરે નહિ એવી ચીજ છે આ. આહા..હા..! શું છે? સમજાણું કાંઈ?

કહે છે '**તે બધા વિભાવપર્યાયો...**' વસ્તુ ધ્રુવ શાશ્વતતત્ત્વના ભાગમાં એ વિભાવ નામ ચાર દશાઓ, વિશેષ દશાઓ નથી, વિદ્યમાન નથી એમ કહ્યું હતું એમ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. '**તે બધા વિભાવ પર્યાયો ખરેખર...**' વર્તમાનનયને વિષય જે કરે તે વર્તમાન '**વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.**' વ્યવહારનયનો વિષય વર્તમાન અવસ્થાને જાણે છે, માટે વ્યવહારનયથી એ પર્યાય છે, નિશ્ચયથી ધ્રુવમાં એ નથી. છે અને નથી કઈ અપેક્ષાએ? ત્રિકાળમાં નથી, વર્તમાન છે. વર્તમાનમાં છે એ ત્રિકાળમાં નથી. વર્તમાનમાં છે એમાં ત્રિકાળી નથી. આહા..હા..!

આ તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ છે, ભગવાન! એણે કોઈ દિ' અનંતકાળમાં કોઈ દિ' સાંભળ્યું નથી.

સાંભળ્યું એને કહીએ કે જે રીતે એની પદ્ધતિ છે અને વસ્તુનું સ્વરૂપ છે એ રીતે રુચિ કરીને સાંભળે તો સાંભળ્યું કહેવાય. આહા..હા..! કહે છે, જે ચાર દશાઓ નથી એમ કહેવામાં આવ્યું હતું તે ચાર દશાઓ વર્તમાન વ્યવહારનયનો (વિષય છે). જે નય વર્તમાનને જાણે તે નયને વ્યવહાર કહેવામાં આવે છે. જે નયનું જ્ઞાન ત્રિકાળને જાણે એને નિશ્ચય કહેવામાં આવે છે. સમજાય છે?

'**વળી, જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...**' આ સંસારી જીવ છે એની અવસ્થા ચાર ભાવવાળી છે. વિકારવાળી, કાંઈક ઉપશમવાળી એટલે જેમ પાણીમાં મેલ ઠરે અને પાણી ઉપરમાં નિર્મળ થાય એવી એક દશા થાય છે એને શાસ્ત્ર ભાષાએ ઉપશમ દશા કહે છે અને પાણી નિર્મળ અને કાંઈક જરી કાંકરી પડે અને મેલ ઉઠે અંદરથી એવી એક દશા નિર્મળમાં થાય છે આત્માની એને ક્ષયોપશમ નામની દશા કહે છે અને એકલો મેલ નીકળીને-નીતરીને પાણી સ્વચ્છ તદ્દન થાય એમ આત્મામાં એકલી નિર્મળદશા થાય એને ક્ષાયિકભાવ કહે છે. સમજાણું કાંઈ? થોડો-થોડો અર્થ કરીએ છીએ ચાલતી ભાષામાં, બાકી તો અલૌકિક વાતું છે આ!

એ '**ચાર વિભાવભાવે...**' ચાર વિશેષદશાપણે '**પરિણત...**' એટલે થયેલી '**હોવાથી સંસારમાં પણ રહ્યા છે...**' ભાઈ! સંસારદશાને ચાર ભાવવાળા ગણ્યા છે. પછી સિદ્ધ સમાન કહેશે શુદ્ધનયે. ઓલા ત્રણ ભાવ નહિ રહે પછી. ધ્યાન રાખો! '**ચાર વિભાવભાવે...**' અવસ્થારૂપે સંસારી પ્રાણી, અરે! કેવળજ્ઞાન હો તોપણ એને જરી હજી કંપન્નનો ભાવ યોગનો રહી જાય છે. એ ટળે એને ચૌદમી ભૂમિકા થાય છે. સિદ્ધ થવાને, અશરીરી થવાની પહેલી ભૂમિકા. એમાં પણ કંઈક હજી ઉદયભાવ એટલે પ્રતિજીવી ગુણ.. એ શબ્દો ન સમજાય. કેટલાક ગુણની દશાઓ ચૌદમી ભૂમિકાએ પણ હજી નિર્મળ થઈ નથી. એથી સર્વજ્ઞ થયા અરિહંત અને છેલ્લી દશા અશરીરી થવાનું સિદ્ધપદ છે એને થવાને લાયક પહેલાંની દશા એને પણ સંસારી કહેવામાં આવે છે. એની ચાર દશાઓ એને હોય છે. એકલા કેવળીની ચાર દશા એમ કાંઈ નથી, પણ બધા સંસારી દશામાં ચાર હોય છે. પછી કેવળમાં તો ત્રણ જ હોય છે. ઉદય, ક્ષાયિક અને પારિણામિક. પારિણામિક તો ત્રિકાળ છે અને ઉદય અને ક્ષાયિક બે હોય છે. બધું લાંબુ કરવા જાય તો, એક એક વાત સિદ્ધ કરવા જાય તો વાર લાગે. અભ્યાસ જ ન મળે. બધે થોથે થોથા અભ્યાસ જગતમાં. આહા..હા..!

વાસ્તવિક તત્ત્વ, અસ્તિ તત્ત્વ, સત્તાવાળું તત્ત્વ ચૈતન્ય ભગવાન અને એની દશાના પરિણમનનું થવું એ શું છે એનું વાસ્તવિક એણે જ્ઞાન સાંભળ્યું નથી. આહા..હા..! શ્રુત પરિચિત કહ્યું છેને ભાઈ! ચોથી ગાથામાં? આહા..હા..! એને તો ઈચ્છા અને રાગ કરવો અને કાં રાગને ભોગવવો. આવા પુણ્ય કરવા, દયા, ને વ્રત ને ભક્તિ ને પૂજા ને ભગવાનનું ભજન ને એ બધો રાગ કરવો અને રાગને ભોગવવો એવી વાતું સાંભળી છે એણે. સમજાણું

કાંઈ? પણ રાગ વિનાની આત્મા શું ચીજ છે, ત્રિકાળી શાશ્વત શું છે અને એની વર્તમાન નિર્મળદશા શું છે? એવી વાસ્તવિક સ્થિતિ એના જ્ઞાનમાં અનંતકાળમાં આવી નથી. પ્રકાશદાસજી! ભારે કઠણ પડે. વાડાવાળાને તો આકરું એવું પડે. પકડી રાખ્યું હોય અને એમાંથી આ બેસવું. આહા..હા..! આ તો વસ્તુસ્થિતિની વાસ્તવિક સત્યનું આ તો વર્ણન-કથન છે. એવો ભગવાન ચાર ભાવે સંસાર જીવમાં રહ્યા છે કહે છે.

'**તે બધા શુદ્ધનયના કથનથી...**' પણ જો શુદ્ધનયથી જોઈએ નિશ્ચયથી તો '**શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...**' સિદ્ધ ભગવાન છે તો ક્ષાયિકભાવવાળા, પણ અહીં ઓલા ચાર ભાવવાળા છે એને સંસારી ગણ્યા. એક ભાવવાળો સિદ્ધ ત્રિકાળી ભાવ અને એક નિર્મળ પૂર્ણ ભાવ એવા જ બધા જીવ છે. '**શુદ્ધનયના કથનથી...**' એકલો ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવને જોનાર અને એને આશ્રયે થયેલી પૂર્ણ શુદ્ધદશા જે અશરીરી ભગવાન સિદ્ધને (પ્રગટ થઈ) એવા સિદ્ધ ભગવંતો સમાન બધા જીવ છે. આહા..હા..! એટલે કે જેનું ચોસલું ધ્રુવનું પણ શુદ્ધ છે અને એની દશા પણ પૂર્ણ શુદ્ધ છે. આહા..હા..! સમજાય એટલું સમજવું. એક એક વાતને બહુ સ્પષ્ટ કરવા જઈએ તો તો આગળ ચાલે જ નહિ. પાછી દરેક વાતને લોજિકથી, ન્યાયથી, તર્કથી, યુક્તિથી સિદ્ધ થઈ શકે એવી વાત છે. એમ ને એમ માનવું એ વસ્તુ હોઈ શકે નહિ. એના ખ્યાલમાં આવવું જોઈએ કે આ રીતે આ છે અને આ રીતે આ છે. એમ ખ્યાલમાં આવે તો એ માન્યું એ સાચું કહેવાય. એમ ને એમ માની લેવું (કે) જુઓ, અમે કહીએ આત્મા આવો છે ને પર્યાય આવી છે અને રાગ આમ હતો. એમ ન મનાય. એના ખ્યાલમાં આ ચીજ ધ્રુવ આમ છે અને દશામાં આમ છે. દશા ટળે ત્યારે એકલી નિર્મળ દશા રહી જાય છે એને સિદ્ધ પરમાત્મા કહીએ. એવા બધા જીવો છે નિશ્ચયથી જુઓ તો, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદશ છે.)**' જાણે એને ઉદય, ઉપશમ અને ક્ષયોપશમ ત્રણ ભાવ નથી, એકલો સહજભાવ ધ્રુવ અને પૂર્ણ સહજભાવ પર્યાય. આ છે એની પાસે. પ્રમાણનો વિષય બતાવવો છેને. ભેગું લીધું છેને એમાં કીધુંને. શુદ્ધનયનો વિષય જ્યાં પૂર્ણ છે એનો આશ્રય કર્યો ત્યારે દશા પૂર્ણ થઈ એ ભેગી શુદ્ધ રહી માટે લીધી છે. ભાઈ! ૧૪મી ગાથામાં નથી? ૧૪મી, સમયસાર. એય..! શુદ્ધનય કહો, આત્મા કહો, આત્માનો અનુભવ કહો. કઈ અપેક્ષા છે એને જાણવું જોઈએને. એકલું તત્ત્વ ભગવાન શુદ્ધ આનંદકંદ ધ્રુવ શાશ્વત એનો આશ્રય લઈને જે એમાંથી પ્રવાહ પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ એ પણ એમાં અભેદ ગણી નાખી. હવે પછી એને કાંઈ પૂર્ણ થવું, કરવું કાંઈ રહ્યું નહિ. એવા જે અશરીરી સિદ્ધ ભગવાન પરમાત્મા એવા જ બધા નિશ્ચયથી જોઈએ તો આત્મા એવા જ છે. આહા..હા..! સમજાય

છે કાંઈ? લ્યો એ ૪૯ થઈ. હવે ૫૦. ૫૦ને? વચ્ચેના કળશો મૂકી દીધા છે. ૫૦-૫૦. મેટ્રીક ભણવા જાય તો બે, ચાર, પાંચ, સાત વર્ષ થાય. આ એલ.એલ.બીના પૂંછડા વકીલાતના ભણે તોપણ કાંઈક વર્ષ જાય. જયંતિભાઈ! વકીલાત ભણવાથી એક વર્ષમાં થઈ જતું હશે વકીલાત? હવે અજ્ઞાન ભૂંડું જ્ઞાન, અવળું જ્ઞાનને આટલો વખત જોઈએ.

**શ્રોતા :-** પર્યાય અને પર્યાયી બંને એક થઈ ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભેદ થઈ ગયો. અભેદ વસ્તુ થઈને. અભેદ એટલે પૂર્ણ થઈ ગયા. હવે આ પૂર્ણ અને આ પણ પૂર્ણ. વસ્તુ પૂર્ણ દશા થઈ ગઈ, સિદ્ધ સમાન થઈ. બે પંડિત છે અમારે. એક આ સંસ્કૃત પ્રોફેસર જયપુરના પંડિત. છે નરમ બહુ એટલે કાંઈ ....

કહે છે, ભગવાન આત્મા જેમ શાશ્વતતત્ત્વ જે ધ્રુવ તદ્દન શુદ્ધ અને પરિપૂર્ણ છે એવી જ જ્યાં દશા પરિપૂર્ણ થઈ ગઈ પરમાત્મદશા, જેને સિદ્ધદશા નમો સિદ્ધાણં કહે છે ઈ, એવી પૂર્ણ નિર્મળદશા અનુભવમાં આવી ગઈ એને હવે આનંદનો એકલો અનુભવ જ રહ્યો. અપૂર્ણનો નહિ, વિકારનો નહિ, એવી પૂર્ણ દશાનો અનુભવ એને પરમાત્મદશા દશા કહેવામાં આવે છે અને દશાની પાછળ ધ્રુવ જે છે એ તો ચોસલું નિત્યાનંદ પ્રભુ છે, એમાંથી એ પ્રવાહ આવે છે. ચોસઠ પહોરી તીખાશના રસમાંથી એની બે, પાંચ, દસ, ચાર, પંદર, તેર પહોરી જે પ્રગટે છે એ અંદરમાંથી આવે છે અને ચોસઠ પહોરી થયા પછી પણ એમ ને એમ રહે છે. ચોસઠ થઈ ગઈને? પછી બીજે સમયે રહે છે. દેખાય નહિ આમ પ્રગટપણે, પણ બીજે સમયે પણ બદલે છે એ ચોસઠ પહોરી રહે છે અને ચોસઠ પહોરી અંદર રહે છે; એમ આત્મા પૂર્ણ અંદર છે અને પૂર્ણ વર્તમાનદશામાં થઈ જાય છે. આહા..હા..! ભાઈ! એને માટે વખત જોઈએ થોડો. સમજાણું કાંઈ? પરમાત્માએ તો અંતર્મુહૂર્તમાં કામ કર્યા છે આવું ભાન કરીને. એક અંતર્મુહૂર્ત. મુહૂર્ત એટલે બે ઘડીની અંદર. પણ જેને અનાદિ અભ્યાસ નથી અને બીજી જાતના ઘણા અભ્યાસને રવેડે ચડી ગયેલો હોય છે. આ ચીજ આવી છે અને આ દશા છે, આ દશા પૂર્ણ થાય છે, અપૂર્ણ જાય છે અને પૂર્ણ થાય છે એવી અવસ્થામાં થાય છે, વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ અને શાશ્વત છે. એ બે થઈને આખા પ્રમાણજ્ઞાનનો વિષય કહેવામાં આવે છે. આવું એને યથાર્થ જ્ઞાન ન હોય એને એકેય તત્ત્વની યથાર્થતા હોઈ શકે નહિ. આહા..હા..!

૫૦. ૫૦ છેને ભાઈ? ૫૦ ગાથા. બે કળશ નથી લીધા.

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।

આ કુંદકુંદાચાર્ય મહા સંત સ્વસંવેદ્યમાં ઉગ્રપણે અનુભવમાં આવી ગયેલા, સર્વજ્ઞના જેને ભેટા થયેલા. આહા..હા..! પંચમકાળના સંત બે હજાર વર્ષ પહેલાં ૪૯ની સાલમાં અહીંયાં

લગભગ (થઈ ગયા). પરમાત્મા સર્વજ્ઞનું વિદ્યમાનપણું વર્તમાનમાં બીજે ક્ષેત્રે છે, જે ક્ષેત્રને મહાવિદેહક્ષેત્ર કહેવામાં આવે છે. ત્યાં અહીંથી ગયા હતા, આઠ દિ' ત્યાં રહ્યા હતા. વર્તમાન સર્વજ્ઞ પરમેશ્વર બિરાજે છે. મહાવિદેહક્ષેત્ર છે. આ ભરતક્ષેત્ર છે. આવું એક ઐરાવત છે. આમ મહાવિદેહ પૂર્વ-પશ્ચિમમાં મહાવિદેહ છે. એમાં પૂર્વમાં આ વિદેહક્ષેત્ર છે. એના સોળ ભાગ છે. એના એક ભાગમાં જેના શરીરનું નામ સીમંધર ભગવાન છે અથવા એની દશાનું નામ સીમંધર જે મર્યાદિત દશાઓ છે, પ્રગટ થઈ છે એને ધરનારા એ ભગવાન છે. જે એના સ્વભાવમાં જિન સ્વભાવ હતો શુદ્ધ, એવો જ જેણે દશામાં સીમંધર—મર્યાદિત દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ એને નામથી સીમંધર પરમાત્મા કહેવામાં (આવે છે). આ મોજૂદ છે, પ્રત્યક્ષ છે, હાજર છે, જીવંત છે. જીવંતસ્વામી છે ત્યાં. ક્યા ગામ કીધું? બયાના. પાંચસો વર્ષની પ્રતિમા છે. અમે ગયા (હતા). એના ઉપર નામ લખ્યું હતું, જીવંતસ્વામી. જીવંતસ્વામી લખ્યું હતું. જીવતા સ્વામી. આપણે ત્યાં તો ૧૩ ભગવાન સ્થાપ્યા છે ત્યાં સીમંધર ભગવાન. અહીં સીમંધર ભગવાન છેને. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્ર દૂર છે. ત્યાંનું રેકર્ડ, બેકર્ડ શું કહેવાય એનું આ? રોકેટ. રોકેટ જાય નહિ, રોકેટથી જણાય નહિ. એવા ભગવાન બિરાજે છે મનુષ્ય ક્ષેત્રે. આમ વિદ્યમાન આગળ ઘણા હજારો યોજને દૂર. સર્વજ્ઞ. પાંચસો ધનુષનો દેહ છે. બે હજાર હાથ ઊંચા છે, અબજો વર્ષનું આયુષ્ય છે. એને કરોડ પૂર્વનું આયુષ્ય છે. શરીરનું. હજી અરિહંત છેને. સિદ્ધ થયા નથી. સિદ્ધ છે પહેલા. સર્વજ્ઞ થયા, પણ હજી વાણીનો યોગ અને શરીરના સંસ્કાર રહી ગયા છે. એને પોતાને કાંઈ નથી. ઈચ્છા વિના વાણી નીકળે છે. એ પૂરું થઈ જશે એટલે એકલા અશરીરી થઈ જશે. એ નમો સિદ્ધાણંમાં જાય છે. પછી સિદ્ધ થશે. એટલે આવતી ચોવીસીમાં બારમા, તેરમાં અહીં તીર્થંકર થશે ત્યારે તે સિદ્ધ થશે. આ બધી વાત પ્રત્યક્ષ મોજૂદ થઈ ગયેલી છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** પ્રત્યક્ષનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો અર્થ શું કરવો! આત્મામાં પોતાને એ જાતનું ભાન થઈ ગયેલું છે. લાંબી વાત કહેવા જઈએ તો લોકોને (બેસે નહિ). ભગવાનનો સાક્ષાત્ ધ્વનિ જ અંદરમાંથી આવ્યો છે. ત્યાં હતા ત્યાંથી આવી ગયા અહીંયાં ભૂલમાં. એ વાત જરી ઝીણી છે. સમજાણું કાંઈ?

ૐ આખો ધ્વનિ. જે ભગવાન પાસેથી (તત્ત્વનું) સાંભળ્યું હતું એ સાક્ષાત્ અંદરમાંથી આવે છે. એમાંથી આ બધી (તત્ત્વની) વાતું (આવી) છે. સમજાય છે કાંઈ? હવે શું એ વાત જરી માણસને જીરવવી એ કઠણ છે. શું દશા અને શું વસ્તુ છે? ભારે કઠણ. અને એમાં જુદી જુદી જાતના સંપ્રદાય બંધાણા અને એ જાતના સંસ્કારો જ્યાં પહેલેથી મળ્યા હોય એટલે એનાથી બીજી ચીજ શું વાસ્તવિક છે એમાં આવવું બહુ... બહુ... બહુ મુશ્કેલ

છે. અમને તો એ પણ અનુભવ છેને સંપ્રદાયનો. એમાંથી નીકળવું, એ જાતની દશા ફેરવવી નાખવી કઠણ છે, ભાઈ! આહા..હા..! કેમ પ્રકાશદાસજી! એને અનુભવ છેને ઈ. ..ના સાધુ છે. .. કરવા માગે છે. બીજા કહે ના અમારે તો આ માન્યતા અમે માનીએ બરાબર છે. બ્રાહ્મણ મોટો ગૃહસ્થ સાધુ થયો. બ્રાહ્મણ છે ઓલા લીંબડી પાસે છેને. .. એના સાધુ થયો. નોકરી હતી મીલમાં. અહીંનો પરિચય થયો તો એને લાગ્યું કે વાત કાંઈક બીજી લાગે છે.

કહે છે... નીચે નીચે આવ્યુંને? એનું હરિગીત. કુંદકુંદાચાર્ય ભગવાને કહેલો શ્લોક, એનો અમારે પંડિતજી છે હિંમતભાઈ. પંડિત છેને? બહેનના ભાઈ હિંમતભાઈ બહુ જ હુશિયાર, ઘણું મગજ છે. અમારા મંડળમાં એનો પહેલો નંબર ક્ષયોપશમનો છે. બહુ શાંત. એમણે આ મૂળ શ્લોકને અડીને હરિગીત બનાવ્યું છે.

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

લ્યો, આ ધ્રુવને જ આત્મા કહ્યો, ભાઈ! આહા..હા..! જુઓને. આહા..હા..!

એની '**ટીકા :- આ, હેય...**' નામ છોડવાલાયક અને '**ઉપાદેય...**' નામ ગ્રહણ કરવાલાયક એનું આ સ્વરૂપનું કથન છે. છેને શબ્દો? અર્થ પણ કરેલા છે. '**હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણ...**' આદરણીય શું છે અને છોડવાયોગ્ય શું છે એનું કથન છે. બહારની ચીજ છોડવું કે મૂકવું એ આત્માની ચીજમાં છે જ નહિ. 'બહારની ચીજ છોડું' એ માને છે એને આત્માના શ્રદ્ધાનું ભાન નથી. કારણ કે આત્મા પરદ્રવ્યના ત્યાગ અને ગ્રહણથી રહિત છે. એ શક્તિ પડી રહી છે અંદર. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ભગવાન આત્મા આ શરીર, વાણી પર, બાયડી, છોકરા, કુટુંબ પર એનો તો ત્યાગ અને એનું ગ્રહણ એ આત્મામાં છે જ નહિ. કારણ કે એનાથી તો રહિત છે. હવે રહિત છે એને ત્યાગું એનો અર્થ થયો કે એ મેં ગ્રહણ કર્યા હતા. ઝીણી વાત છે, ભગવાન! બહારના ત્યાગમાં.. એય..! પંડિતજી! મેં છોડી દીધું આ, મેં છોડી દીધું એમ માનનારે ધર્મ છોડી દીધો છે. સમ્યગ્દર્શન એણે છોડી દીધું છે. કેમકે પરને છોડવું અને ગ્રહવું એ વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. ફક્ત એની પર્યાય છે તે છોડવા જેવી એટલે લક્ષ છોડવા જેવું (છે), ધ્રુવ આદરવા જેવું બેમાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ, આ કથન. આહાર મેં છોડ્યો આજે, આજે મેં પાણી છોડ્યું, મેં રસ છોડ્યા, મારે ખાવાનો ત્યાગ છે. આ બધી માન્યતાઓ મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? જે પરનો ત્યાગ અને પરનું ગ્રહણ ભગવાન આત્માના સ્વરૂપમાં છે જ નહિ. એવો એનામાં એક ગુણ છે. એ ગુણને અને ગુણના ધરનારને જેણે માન્યો નથી એ પરના ત્યાગ-ગ્રહણમાં પોતાની મહત્તા માને છે. સમજાણું કાંઈ? એ.. પંડિતજી! આહા..હા..! ભારે આકરું કામ, બાપા! તારા રસ્તા એવા નિરાળા છે જગતથી.

કહે છે '**આ, હેય-ઉપાદેય...**' પાછું હેય-ઉપાદેયમાં બે જ વાત લેશે. વર્તમાન ચાર દશાઓ છે તે હેય છે, આશ્રય કરવાલાયક નથી અને ત્રિકાળી ધ્રુવ છે તે ઉપાદેય આદરણીય કરવાલાયક. આ બે વાત બેમાં લેશે. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' જાણવા જેવા છે એમ કહ્યું હતુંને? વિભાવની ચાર દશાઓ. વિકાર, વિકારનો અભાવ, વિકારરહિત શુદ્ધતા અને એ વિશેષ વૃદ્ધિ અને પૂર્ણ શુદ્ધિ. શાસ્ત્રભાષાએ સંવર, નિર્જરા અને મોક્ષ. આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ શાસ્ત્રભાષા. શાસ્ત્રભાષા અનાદિ સનાતન હોય તે શાસ્ત્રભાષા હોય. અને લોકોને સમજાવવાની ભાષા એનો અર્થ કરીને બતાવે (ત્યારે) માંડ સમજે ઈ. સમજાણું કાંઈ?

કહે છે, આહા..હા..! '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' આહા..હા..! એની દશા નિર્મળદશા, ક્ષાયિકદશા, કેવળજ્ઞાનદશા, ક્ષાયિક સમકિત એટલે આત્માની પ્રતીતિ એવી કે જાય નહિ છેક સુધી. એવી પ્રતીતિ પણ પર્યાય છે, તેનો આશ્રય કરવાલાયક નથી માટે હેય છે.

**શ્રોતા :-** હવે કાંઈ બાકી જ ન રહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે ક્યાં ભાન છે પણ! પકડવું છે ક્યાં? બાકી રહ્યો આત્મા. ..ભાઈ! આ બધું બહારનું કર્યું એવું કાંઈ નથી, આ તો કાંઈક બીજું છે. ચાર દશાઓ વિનાની ચીજ રહિત છે કે નહિ? કોઈ શાશ્વતતત્ત્વ છે કે નહિ પોતે આત્મા? ઈ બાકી રહ્યો.

**શ્રોતા :-** .. પાછા હેય કહો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હેય, લાખવાર હેય. મનસુખભાઈ! આ પૂર્વની વાતું નથી આ બધી, આ બીજી જાતની છે. જામનગર હતાને, ત્યાં શું કાંઈક નોકરી હતીને એની? જામનગરમાં નોકરી હતી કાંઈક એની. શેની નોકરી હતી જામનગરમાં? ક્યાં સાંભળે છે ઈ? મ્યુનિસિપાલિટીમાં. એ ટોપો રાખીને આવતા. અહીં ટોપો રાખે છે. ઘણા વર્ષથી અમે જાણીએ છીએ. આહા..હા..! સાંભળો, પ્રભુ! તારો જે ધ્રુવ શાશ્વતભાવ છેને ધ્રુવ એ એક જ આદરણીય છે. (ધ્રુવને) આદરણીય કરીને જે દશા થઈ એ દશા પણ આદરણીય છે નહિ. આહા..હા..! અહીં તો હજી વ્યવહાર આદરણીય છે ને દયા, દાન, વ્રત વ્યવહારરત્નત્રય તે કરવાલાયક છે, એનાથી નિશ્ચય થાય (એવી) ક્યાંય ક્યાંય મિથ્યા ભ્રમણામાં પડ્યા છે જીવો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધનિશ્ચયનયના બળે...**' બળે કીધું જોયું! અંતરના ધ્યેયને પકડવાના જોરે એમ કહે છે. આહા..હા..! અંતર જે ધ્રુવ શાશ્વતતત્ત્વ છે, આત્માનો જે શાશ્વત સ્વભાવ છે એના બળે એટલે એના તરફ વળ્યે '**તેઓ હેય છે.**' એ દશાઓનું લક્ષ છૂટી જાય છે. લક્ષ છૂટી

જાય છે માટે તે હેય છે એમ કહેવામાં આવે છે. ભારે આ. આહા..હા..! ભગવાન! ધર્મ તો એવો હોય ભાઈ, જેનાથી આનંદ મળે અને જે આનંદની પૂર્ણતા થઈ અને એ આનંદ અનંતકાળ રહે અને દુઃખનો અંત આવ્યો એ ફરીને આવે નહિ. એવી ધર્મદશા ભગવાન કોઈ અપૂર્વ છે, ભાઈ! એ દશાને જાણવી અને એ દશા ક્યાંથી થાય? એ તત્ત્વને જાણવું, બાપુ! ભગવાન! એ અનંતો પ્રયત્ન પુરુષાર્થ છે, અપૂર્વ છે એણે પૂર્વે કોઈ દિ' એક સમય કર્યો નથી. કર્યો અને કરે એ તો એ જાતનો છે. આ તો અપૂર્વ. એક સમયના સેકન્ડનો અસંખ્યમો ભાગ, ભગવાન આત્મા ધ્રુવ અખંડ શાશ્વત એવું જે શુદ્ધ દ્રવ્ય એના બળે, એનું જ્ઞાન એમાં જતાં એના બળે એ ચાર પ્રકારની પર્યાયો—અવસ્થાઓ છે એનું લક્ષ ત્યાં રહેતું નથી. પાતાળ કૂવો અંદર ધ્રુવનો છે. ઊંડા-ઊંડા પેસી જવું આવે છે કે નહિ? ભગવાન! મારગડા પ્રભુ છે જુદાં હોં! એ સાધારણ માણસોએ કલ્પ્યું છે એવું સ્વરૂપ નથી, પ્રભુ હોં! નહિતર અનંતકાળમાં એ ન મળી જાય? અનંતકાળ થયો અનંત... અનંત... અનંત... અનંત... આહા..હા..! ભગવાન પ્રભુ પોતાની નિત્યતા અને ધ્રુવતાના શાશ્વત પદને વર્તમાન દશાથી ત્યાં લક્ષ કરવા જાય છે એવા નિશ્ચયનયના બળે પર્યાયોનું લક્ષ છૂટી જાય છે, માટે પર્યાય હેય છે. આહા..હા..! સમજાય એટલું સમજવું. બીજું શું થાય? વાતું તો મોટી ગંભીર છે.

કહે છે '**શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' તેઓ કોણ? ચાર દશાઓ. હાલત છેને દશા? એ દશામાંથી દશા નવી પ્રગટતી નથી, એ તો એક સમયની અવસ્થા છે. ચાહે તો ક્ષાયિકસમકિત હો, અરે! ચારિત્ર વીતરાગી દશા પ્રગટ થઈ ગઈ હો, છઠ્ઠે સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદનો પ્રસંગ સ્વસંવેદનદશા (હોય), પણ એ દશા વર્તમાન સમય પૂરતી છે, એ ત્રિકાળી નથી. એથી એ સમયનું લક્ષ છોડી અને ત્રિકાળી ધ્રુવ ઉપર લક્ષ આપે ત્યારે પર્યાયનું લક્ષ છૂટી જાય, માટે પર્યાય આદરણીય છે નહિ. સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! શેઠ! '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' શબ્દ વાપર્યો છેને? વર્તમાન દશા હોવા છતાં જેણે ધ્રુવને પકડવા શાશ્વતતત્ત્વ ઉપર જ્યાં નજરું નાખી તેને વર્તમાનદશા ઉપરથી લક્ષ છૂટી જાય છે, માટે વર્તમાન દશા આદરણીય નથી. ભાષા તો આવે છે સાદી, વસ્તુ ભલે ગમે તેવી મોંઘી હોય! એમાં (ન) પકડાય એવું નથી. ચાર ચોપડીનો ભણેલો પણ પકડી શકે એવી સાદી ભાષામાં 'સત્‌નું સરળ સ્વરૂપ આવું છે' એમ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શા કારણથી?**' હવે કહે છે કે એ ચાર દશાઓ અધર્મદશા એ તો હેય છે, પણ ધર્મ દશા એ (પણ) હેય છે. દશા છેને? આહા..હા..! સાધકને કેવળજ્ઞાન તો નથી, પણ બીજાનું કેવળજ્ઞાન છે એ પણ હેય છે આને અને અહીંયાં સ્વરૂપનું અંદર સ્વસંવેદન ભાન થયું, 'અખંડ આનંદ મૂર્તિ પ્રભુ હું, નિર્વિકલ્પોહં' એવી નિર્વિકલ્પદશામાં નિર્વિકલ્પ ચીજનું ભાન થયું, પણ એ ભાન તો નવી દશા થઈ, એ કાંઈ કાયમની ચીજ નથી. માટે નવી દશા, પલટતી દશા છે માટે પલટતી ઉપર આશ્રય કરવાલાયક નથી. ત્રિકાળ ભગવાન આત્મા નિત્ય

ધ્રુવ શાશ્વત આદિ-અંત વિનાનો જે ધ્રુવભાવ ચૈતન્યતત્ત્વ એનું લક્ષ કરવા જતાં એ જ આશ્રય કરવાલાયક છે. એનું વલણ કરતાં, એનું આલંબન કરતાં પર્યાયનો આશ્રય આલંબન છૂટી જાય છે, માટે તે પર્યાયને હેય કહેવામાં આવે છે. 'શા કારણથી?' વિશેષ લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૦૯-૦૫-૧૯૭૧, ગાથા-૫૦, પ્રવચન નં.૭૫૩

... જરી ઝીણું તત્ત્વ છે. અનંતકાળમાં પરિચય નહિ. એ વાસ્તવિક અંદર વસ્તુ આ ભગવાન આત્મા અંદર એની નિત્યતા અને ધ્રુવતા શું છે અને એ ધ્રુવતામાં કેટલી શક્તિઓ અને શું સ્વભાવ છે એવું એણે અનંતકાળમાં વાસ્તવિક રીતે સાંભળ્યું નથી અને એને લઈને ચાર ગતિમાં સ્વરૂપના ભૂલને લઈને (રખડ્યો છે). કહ્યુંને પહેલી ગાથામાં,

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.

આહા..હા..! ભગવાન આત્મા અંદર આ દેહના રજકણોની માટીથી ભિન્ન તત્ત્વ છે. અંદર એક કર્મો છે જેને પ્રારબ્ધ કહીએ એનાથી પણ એ વસ્તુ ભિન્ન જુદી છે, એમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પણ વિકલ્પ અને રાગ છે એનાથી પણ ચીજ અંદર ભિન્ન છે. એ તો ઠીક પણ અત્યારે ચાલશે અધિકાર એ તો ઘણો સૂક્ષ્મ છે. એક સમયની વર્તમાન પરિણામ—દશા એથી પણ ધ્રુવતત્ત્વ તે ભિન્ન-જુદું છે.

દાખલો આપીએ છીએને ઘણીવાર નાળિયેરનો નહિ? નાળિયેર. નાળિયેરમાં છાલા, કાચલી અને કાચલી કોરની રાતડ ઝીણી છાલ હોય છેને છાલ, એ ટોપરાપાક કરતા ઘસી નાખે છે. એ છાલ અને ચોથો ધોળો સફેદ ગોળો એ ચાર ચીજ છે. એમ આ શરીર છાલા અંતરના છે, આ તો માટી જડ છે. આઠ કર્મ છે. સંભળાય છેને મણિભાઈ ત્યાં સરખું? કહે છે, આ માટી આ તો શરીર જડ એ તો છાલા છે. એક પ્રારબ્ધ છે અંદર કર્મ જેને કહીએ, નસીબ કહીએ, તકદીર કહીએ એ જડ છે પરમાણુ. આ જાડા છે, એ ઝીણા રજકણો છે, એ કાચલી જેવી ચીજ છે. અને આત્માની દશામાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવંત નામસ્મરણ એ બધી વૃત્તિઓનું ઉત્થાન (થાય) એ કાચલીકોરની રાતડ જેમ લાલ છાલ છે એમ એ વિભાવ વિકાર છે. અને એ છાલની અંદર જે ભિન્ન ગોળો ધોળો સફેદ (છે), એમ અહીંયાં પુણ્ય અને પાપની વિકલ્પની લાગણીઓનો વિકૃતભાવ એની અંદરમાં

ધોળો-સફેદ એટલે શુદ્ધ અને અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. એને શ્રીફળ કહીએ કે જે છાલા, કાચલી અને રાતડથી જુદી (વસ્તુ છે). એમ એને આત્મા કહીએ કે જે શરીર, કર્મ અને પુણ્ય-પાપની લાગણીઓ, પુણ્ય-પાપની વૃત્તિઓ છાલ જેવી લાલ, ટોપરાપાક કરતા એને ઘસી નાખવું પડે છે. એમ જેને આત્મા (કહીએ એ) સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત ધ્રુવ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિનું એ સત્ત્વ છે. એ પુણ્ય-પાપની લાગણીઓ જે વિકૃત છે એનાથી જુદી ચીજ છે. એ તો મીઠાશ એટલે અતીન્દ્રિય આનંદ અને સફેદ એટલે અનંત-અનંત જ્ઞાનાદિ પવિત્ર શુદ્ધભાવનો એ પિંડ છે. એક એક આત્માની આ વાત ચાલે છે, બધા થઈને આત્મા એમ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે પુણ્ય અને પાપની લાગણીઓથી તો ભિન્ન. હવે એ વસ્તુના બે પ્રકાર એમાં રહ્યા (છે)—એક ધ્રુવ ત્રિકાળ દળ શાશ્વત અને એક વર્તમાન પરિણામ અવસ્થા. દાખલો કાલે આપ્યો હતોને ગોરસનો. એ ગોરસ છે એ ગોરસ તો કાયમ રહે છે, પણ એના પરિણામ દહીં, દૂધ, ઘી, માખણ, છાશ એ બધી દશાઓ છે, એ બધી એની અવસ્થાઓ, હાલત છે, ગોરસપણે કાયમ રહે છે બધામાં. એમ ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્યદળ નિત્ય વર્તમાન દશાના ભાવથી પણ ભિન્ન એવું જે સ્વતત્ત્વ એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે અને એ આત્મા ઉપર અંદર દૃષ્ટિ કરતાં, એને ધ્યેય બનાવીને દૃષ્ટિ કરતાં દશામાં આનંદનો અનુભવ થાય, અતીન્દ્રિય આનંદનું વેદન થાય એને ધર્મ અને એને મુક્તિનો માર્ગ કહે છે. બાકી જેટલી વાતું કરતા હોય એ બધી સત્યથી વેગળી અને ઊલ્ટી છે. સમજાય છે કાંઈ?

હવે આપણે અહીંયાં ગાથા ઘણી જ ઊંચી (આવી છે), માખણ છે એકલું. સમજવું જરી ભાષા, એવી ચીજ છે જરી એને ભાષા દ્વારા સમજવું, ભાષા એ જડ છે, ચૈતન્ય અંદર આનંદકંદ પ્રભુ ભિન્ન છે, હવે એને જડ દ્વારા એના કાંઈક ઈશારા કરવા, કારણ કે જડ તો આ તો માટી છે ભાષા બોલાય એ તો, ઓલો ભગવાન છે એ તો અરૂપી આનંદઘન છે, શાશ્વત તત્ત્વ છે, અનાદિઅનંત દળ શાશ્વત છે. હવે એની દશામાં, પરિણામમાં જે વિભાવગુણપર્યાયો છે. પહેલી લીટી. ઝીણી વાત છે, પ્રભુ! ઘણી વાત ઝીણી છે.

'**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે...**' એટલે જાણવામાં '**કહેવામાં આવ્યા હતા...**' શું કહે છે? બહુ જ ગાથા ઊંચી છે જરી. અંદર ભગવાન વસ્તુ જે નિત્ય-નિત્ય અવિનાશી ધ્રુવ ચૈતન્યદળ આદિ-અંત વિનાનું તત્ત્વ એવો જે એનો શાશ્વત ભાવ એ ભાવમાં, વર્તમાનદશામાં એના વર્તમાન પરિણામમાં જેમ ગોરસના વર્તમાન પરિણામમાં દૂધ, દહીં, ઘી આદિ પરિણામ છે તે પરિણામની અવસ્થા ગોરસમાં પેસતી નથી, ગોરસરૂપે થતી નથી; એમ આત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન શાશ્વત અનાદિ-અનંત આનંદકંદ ધ્રુવ એની ઉપર જે વિભાવપર્યાયો છે, ચાર ભાવ હોં! પુણ્ય-પાપના વિકલ્પો અને પછી ધર્મની દશા થાય, ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદધામ એનો અંતર અનુભવ થઈને

આનંદની દશા થાય એ પણ વર્તમાનદશા છે, એ એનું ત્રિકાળી રૂપ નથી. એથી તેને વિભાવપર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! વિશેષભાવ. સામાન્ય જે ધ્રુવ ત્રિકાળી જ્ઞાયક શાશ્વતતત્ત્વ છે એની અવસ્થાને વિશેષભાવ કહે છે, દશાને, પરિણામને, હાલતને. એ વિશેષભાવના પ્રકાર વિભાવગુણપર્યાયો. ધર્મની દશા કે અધર્મની દશા કે ધર્મની શુદ્ધની વૃદ્ધિ દશા કે ધર્મની શુદ્ધિની પૂર્ણ દશા (હોય), પણ એ બધી દશાઓ-હાલતો છે. એને અહીંયાં વિભાવગુણપર્યાય તરીકે કહેવામાં આવે છે. આહા..હા..! સંતોએ જંગલમાં શાસ્ત્ર રચ્યા, આત્માના અનુભવમાં કલમ બોળી-બોળીને લખ્યા છે આ. જગત ક્યાંનો ક્યાં ધર્મ કઈ રીતે થાય અને કેમ માને છે એને પત્તો નથી કે ધર્મનું સ્થાન કોણ છે અંદર. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અખંડ આનંદનું ધામ પ્રભુ આત્મા ધ્રુવ શાશ્વતતત્ત્વ એની દશામાં જે આ અવસ્થાઓ થાય એ વર્તમાન વ્યવહાર તરીકે છે, વર્તમાન તરીકે છે. છેને?

**'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...'** પણ જ્યારે ધ્રુવતત્ત્વ ભગવાન પરમાનંદ શાશ્વત એના ઉપર દૃષ્ટિ આપતા એ દશાઓ તે હેય છે. હેય એટલે લક્ષ કરવાલાયક નથી. આહા..હા..! માર્ગ ઝીણો છે, ભાઈ! ગાથાઓ બધી એવી છે આ. શાસ્ત્રભાષાથી તો સમજાવવું કઠણ પણ આ ચાલતી ભાષાએ સમજાવવું કઠણ એવી વસ્તુ છે. પંડિતજી! ભગવાન! છે તો તારા ઘરની વાત હોં! પણ એણે કઈ રીતે કલ્પ્યું છે બધી રીતે. કાં તો કાંઈક ચમત્કાર, કાં તો આ થાય, આ ગોળા નીકળ્યા અને લૂગડા નીકળ્યા, ફલાણું નીકળ્યું, લીંબુ નીકળ્યા. અરે! અરર! ક્યાં અટક્યો તું? શું કરે છે તું આ? સમજાય છે? એ બધી કર્તૃત્વબુદ્ધિ અજ્ઞાનભાવ છે. ભગવાન આત્મા એવા બહારના ચમત્કારમાં મૂંઝાય છે એ તો મૂઢ જીવ છે. આહા..હા..!

અહીં તો કહે છે, એના પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, કામ, ભગવાન સ્મરણ આદિના ભજન-બજન કરવા એ વિકલ્પ છે, રાગનો ભાગ છે. એ વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે, એ રાગનું ભજન એ પણ આત્માનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? અહીં તો એક સમયની અને નિર્મળદશા, જે ભગવાન ધ્રુવતત્ત્વ જે શાશ્વતતત્ત્વ-ભાવ એને આશ્રયે એનું લક્ષ કરીને દશા જે થાય ધર્મની પવિત્રતા, અતીન્દ્રિય આનંદ મૂર્તિ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો ડુંગર એ તો છે. અરે! એ કેમ બેસે? એવા અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ ધ્રુવ શાશ્વત છે એમાં દૃષ્ટિ આપતા એની દશામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એ પણ એક દશા છે, અવસ્થા છે. નવી થઈને? કાયમની નહિને? નવી થઈ. આહા..હા..! એ કાયમની ચીજ નહિ.

એથી કહે છે કે એ સમયની જે પર્યાય **'શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.'** આહા..હા..! ભગવાન! અંતર ચૈતન્યમૂર્તિ પ્રભુ અનાકુળ આનંદનો ધ્રુવ ધામ એને ધ્યેય બનાવતા, આ તો મૂળ વાતું છે, એને ધ્યેય બનાવતા આ અવસ્થાઓ પણ લક્ષમાં રહેતી નથી. તેથી તેને લક્ષ કરવા જેવું નથી, તેથી તેને હેય-છોડવા જેવું છે એમ કહેવામાં આવે છે. અજાણ્યા માણસને તો ગ્રીક-લેટીન જેવું લાગે તદ્દન. શું છે આ તે?

ભાઈ! તારે જો શાંતિ અને સુખ ધર્મ કરવો હોય તો એને ક્યાં જોવું? આમ અંતર જોવું પડે છેને? જ્યાં એકાગ્ર થાય છે ત્યાં એ આખું તત્ત્વ છે. આમ કરવા જાય તો બહાર જાય તો તો વિકલ્પ ઉઠે. એ બહાર તત્ત્વોમાં ક્યાંય નથી. અંતરતત્ત્વ આમ એકાગ્ર થતાં જેટલામાં એકાગ્ર થાય તેટલામાં તે છે. હવે તેટલામાં એનું શાશ્વત દળ છે અને તેટલામાં તેની દશા પ્રગટ થાય તે તેટલામાં છે, પણ દશાનો કાળ એક સમયનો છે અને વસ્તુ ધ્રુવ છે તેનો કાળ ત્રિકાળ છે. આહા..હા..!

કહે છે... આ તો ગાથા જ એવી છે. એકદમ સર્વજ્ઞના પેટ ખોલીને કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવો ભગવાન આત્માનો સ્વભાવ જ છે. એ સ્વભાવ જેણે પ્રગટ કર્યો એણે ત્રણકાળ, ત્રણલોકને પોતાની દશામાં, દશાને જાણતા જણાઈ ગયા. એ દાખલો આપ્યો હતોને પાણીનો એક ફેરી. નદીનું પાણી છે આમ સ્વચ્છ. રાત્રિનો ટાઈમ હોય, માથે ચંદ્ર નક્ષત્ર, ગ્રહ, તારા (હોય), એમાં એનું પ્રતિબિંબ દેખાય. ત્યાં ચંદ્ર, તારા નથી, ત્યાં તો પાણીની સ્વચ્છ અવસ્થા છે. ચંદ્ર-સૂર્ય માથે છે. રાત્રિનો ભાગને ચંદ્ર. લાંબી વાત છે. તારાઓ ક્રોડાક્રોડ તારાઓ છે અને ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, એક ચંદ્ર, એક સૂર્ય. એક એક ચંદ્રની સાથે મોટો પરિવાર (છે). શાસ્ત્રમાં તો બધું ત્રણકાળ, ત્રણલોકનું કથન છે. એટલે એ આમ નદીનું પાણી સ્વચ્છ છે એમાં એ પાણીને જોતાં તે પાણીની અવસ્થામાં જે ઓલી ચીજનું પ્રતિબિંબ છે એ પાણીની અવસ્થા જોતાં પાણીની અવસ્થા અને એ ચીજ બધું એમાં જણાય જાય છે. એને આમ જોવાની જરૂર પડતી નથી. પાણી સામું જોવે. આહા..હા..!

એમ ભગવાન આત્મા ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ ચૈતન્યપ્રભુ એની સન્મુખ થઈને જે નિર્મળ પૂર્ણ દશા પ્રગટ થાય, પૂર્ણ થાય એમાં પછી અપૂર્ણ ન હોય, વિપરીતતા ન હોય, કચાશ ન હોય, ખામી ન હોય, એવી પૂર્ણ દશા પ્રગટ થાય એમાં એ દશાને જાણતા આ જગતના લોકાલોક છે, જેમ એ પાણીમાં જેમ ચંદ્ર અને તારાઓનું પ્રતિબિંબ દેખાય છે એ ચંદ્ર તારા નથી.

અરીસામાં અગ્નિ અને બરફ હોય. અગ્નિ ઝળહળ-ઝળહળ આમ થાય. બરફ હોય એ ઓગળવા માંડે. એ આમાં દેખાય અરીસામાં. એ અરીસામાં અગ્નિ અને બરફ નથી. અગ્નિ અને બરફ છે? અગ્નિને હાથ અડાડે (તો) ઊની (લાગે). આમ દેખાય છે, પણ હાથ અડાડે તો કાંઈ ઊનું નથી. એ અરિસાની દશા છે, એ અરિસાની સ્વચ્છ અવસ્થા છે, અગ્નિ એમાં નથી. એ સ્વચ્છ અવસ્થા દેખતાં બધું જણાય જાય છે. એમ ભગવાન આત્મા એની નિર્મળદશા, પૂર્ણ જે ત્રિકાળી ભગવાન આત્મા નિત્યાનંદનું શાશ્વતતત્ત્વ પોતે ભગવાન એનો આશ્રય લઈને, પૂર્ણ આશ્રય લઈને એકાગ્ર થયો, અલ્પ આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય, વિશેષ આશ્રય લઈને ચારિત્ર થાય, ઉગ્ર આશ્રય લઈને કેવળજ્ઞાન થાય... સમજાય છે કાંઈ? એવો જે ભગવાન

આત્મા, અહીં કહે છે એને ચાહે તો નિર્મળદશા હો પ્રગટ, પણ નિશ્ચય ધ્રુવના અંતર દૃષ્ટિને લક્ષે એ નિર્મળદશા પણ લક્ષ કરવાલાયક નથી, લક્ષ તો ત્યાં કરવાલાયક છે. તેથી તે નિર્મળદશા પણ અહીંયાં હેય છે, હેય છે. એક સમયની દશા એમાં આખું ત્રિકાળી તત્ત્વ આવતું નથી. ત્રિકાળી ધ્રુવતત્ત્વમાં એક સમયની દશા પ્રવેશ કરતી નથી. શું છે આ વાત આવી?

**શ્રોતા :-** હેય તો થઈ જ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હેય છે. નહિ... નહિ.. નહિ... લક્ષ કરવાલાયક નથી માટે હેય. એમ કહ્યુંને. હેય છે માટે ત્યાં લક્ષ કરવાલાયક નથી. કેમ? એ દશામાંથી નવી દશા આવતી નથી. જે નવી દશા આવે છે એ ધ્રુવધામમાંથી આવે છે, ધ્રુવમાંથી આવે છે. ચોસઠ પહોરી પીપરનો દાખલો આપ્યો હતો નહિ? ચોસઠ પહોરી પીપરમાં જે તીખાશ છે એમાં જે બે-ચાર પહોર, દસ પહોર, પચ્ચીસ પહોર આવે એ ક્યાંથી આવે છે? પાંચ પહોર થઈ ઘસીને, પાંચ પહોર ગઈ અને દસ પહોર થઈ તો ગઈ એમાંથી દસ આવી? અંદર ચોસઠ પહોરી છે એમાંથી આવે છે. એમ કરતા-કરતા ૬૩ થઈને જાય અને ૬૪ થાય એ બધી અંદરમાંથી આવે છે. ૬૩ ગઈ એમાંથી ક્યાં (આવે)? એ તો અવસ્થા છે. અવસ્થા તો ગઈ છે. અભાવમાંથી ભાવ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાત છે, ભાઈ! અહીં તો હજી આગળ લઈ જવી છે વાતને. આહા..હા..!

ભગવાન! એ વસ્તુસ્વરૂપ ચિદાનંદ નાથ અનંત-અનંત જ્ઞાન, અનંત-અનંત આનંદ, અનંત-અનંત જેની શક્તિમાં પ્રભુતા પડી છે એ ભગવાન કોને ભજે? કહે છે. એ પરને ભજે? કહે ના, પરને ભજવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે, રાગ ઉઠે છે. એ રાગને ભજે? રાગને ભજે તો વિકાર છે. એક સમયની દશાને ભજે? એક સમયની દશામાં એકાગ્ર થતાં તો વિકલ્પ ઉઠે છે. એક સમયની દશામાં કાંઈ નવો અનંત આનંદનો ભાવ એમાંથી નથી આવતો. અનંત આનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે પોતે... આહા..હા..! એને પડખે જતાં એને વર્તમાનની દશાનું લક્ષ રહેતું નથી. તેથી તેને હેય કહેવામાં આવ્યું છે. પંડિતજી! ભગવાન! વાતું આ તો અગમ્યગમ્યની છે. એ તત્ત્વ જ એવું છે. ભગવાનસ્વરૂપ પ્રભુ, સત્ ચિદાનંદ સત્ શાશ્વત અને જ્ઞાન ને આનંદનું એવી અનંતી શક્તિઓનો સમુદાયનો પિંડ છે. આ બદલવાની દશા એમાં નથી. આહા..હા..! બદલવાની દશા એમાં નથી. એની દશામાં બદલવું એ છે, પણ બદલવું એ ધ્રુવમાં નથી. આહા..હા..! આ તો આખિરની વાત સત્યની, પરમસત્યની વાત છે. એ વાત બેસવી (કઠણ છે). અનંત કાળે એને એ વાત બેસી નથી.

કહે છે, એ '**શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' આહા..હા..! વર્તમાનદશા... ધર્મ પ્રગટે છે. ધર્મ જો પ્રગટે છે તો એનો અર્થ થયો કે ધર્મની દશા થઈ, દશા થાય છે. દશા એ ત્રિકાળી નથી. કાંઈક સારું કરવું છે એમ કહે છેને? મારે સારું કરવું છે હવે. ધર્મ કરવો છે. તો એનો અર્થ થયો કે ધર્મ કાંઈક નવી દશા થાય છે અને અધર્મ એ દશાની દશા

ટળે છે. તો એ બધી દશાઓમાં, પર્યાયોમાં, પરિણામોમાં એ બધી વાત છે, પણ એ પરિણામ ક્ષણિક છે. આહા..હા..! એથી ત્રિકાળી જ્ઞાયક જે ધ્રુવ ચૈતન્ય ભગવાન, એનો આશ્રય કરતાં નિશ્ચયના બળે. આહા..હા..! શુદ્ધ ધ્રુવતત્ત્વના જ્ઞાન કરવાના બળે એ વર્તમાનદશાઓનું લક્ષ કરવા જેવું નથી, ઉપાદેય નથી, તેથી તેને હેય કહેવામાં આવે છે.

નિમિત્ત જે છે એ તો હેય છે. આ રાડું પાડે છેને નિમિત્તની લોકો. નિમિત્તથી આવે અને નિમિત્તથી થાય અને નિમિત્તથી થાય. બીજી ચીજ હોય તો એમાં કાંઈક થાય. એ તો ક્યાંય વાત રહી ગઈ, પ્રભુ! નિમિત્ત તો બાહ્ય ચીજ છે. હવે અંદર દયા, દાન, વ્રત ને કષાયની મંદતા, ભગવાન સ્મરણ ને પૂજા ને ભક્તિ ને દાન ને દયા ને વ્રત ને તપ, ભગવાન! એ બધી વિકલ્પની વૃત્તિઓ છે, એ વાસના છે, એ રાગ છે, એ આત્મા નહિ. આહા..હા..! એ રાગને ભજવું એ પણ સ્વરૂપ નથી. એ તો મિથ્યાત્વ અનાદિથી ભજી જ રહ્યો છે.

હવે અહીંયાં તો રાગને જાણવાની દશા વર્તમાનમાં પ્રગટ જે છે કે 'આ રાગ છે' એમ જે જાણે છે દશા, એ દશા પણ આદરણીય નથી. અહીં ઈ કહેવું છે. કારણ કે દશાવાન જે ત્રિકાળી છે એ આદરણીય અને એ ધ્યેય કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો કઈ જાતનો ધર્મ? મુસલમાનને હોય દાઢી અને હિંદુને હોય ચોટલી. આ તો દાઢી-ચોટલી વિનાનો... ભગવાન! તારી એવી ચીજ છે તને ખબર નથી, ભાઈ! તું પોતે અંદર એવડો છો, પણ તારી નજરું કોઈ દિ' એમાં ગઈ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા જેનો સ્વભાવ છે... વસ્તુ છે તે શાશ્વત છે આત્મા અને એની શક્તિઓ જે આનંદ અને જ્ઞાન અને શાંતિ એવી શક્તિઓ ગુણ એ પણ શાશ્વત છે. એટલે બે થઈને શાશ્વત ધ્રુવ અને એની દશા પલટે દશા-પરિણામ તે ક્ષણિક અવસ્થા છે. એટલે કહે છે કે ચાહે તો એને ધર્મની દશા પ્રગટી હો કે એની દશામાં રાગ હો, પણ બધી એ પલટતી દશાઓ છે. માટે પલટતું નથી એવું જે ત્રિકાળી ધ્રુવ, એનું લક્ષ કરતાં આ પલટતી દશાઓ હેય થઈ જાય છે, આદરણીય રહેતી નથી. સમજાણું કાંઈ?

'**શા કારણથી?**' હવે કારણ આપે છે. પંડિતજી! છે? આ તો સિદ્ધ થઈ ગયેલી વાત ત્રણકાળ, ત્રણલોકમાં. આ તો પરમસત્ય છે. શું કહીએ? આહા..હા..! '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' શું કહે છે? ભગવાન! તારો નિત્યાનંદ પ્રભુ શાશ્વત દળ અવિનાશી ધ્રુવ એવા એની અપેક્ષાએ એની દશાઓ હાલતો છે એનામાં, પણ એ બધી ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ એ પરસ્વભાવો છે, એ દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ નથી. ભારે! ચંદુભાઈ! આવી વાતું મોંઘી છે, પ્રભુ! એ વાતુનાં સત્યના પડખા સાંભળવા એ પણ અનંતે કાળે એને મળ્યું નથી. ઘણી રીતે એણે કલ્પ્યો છે આત્માને આમ છે ને તેમ છે, ફલાણું છે ને ઢીંકણું છે. પણ જેવો સર્વજ્ઞ પરમેશ્વરે જોયો અને એવો એ છે એવો એણે જાણ્યો નથી, અનુભવ્યો

નથી, શ્રદ્ધ્યો નથી. આહા..હા..! એ વિના એ કરી-કરીને મરી ગયો બધું દયા, દાન, વ્રત ને ભક્તિ, પૂજા ને ભગવાન સ્મરણ નમો અરિહંતાણં, નમો અરિહંતાણં. પર ઉપર લક્ષ જાય ત્યારે પ્રભુ એ તો વૃત્તિનું ઉત્થાન છે, વિકલ્પ છે, રાગ છે એ સ્વરૂપ નથી. ભગવાન અંદર ચિદાનંદ નાથ.. ઓહો..! એવું કેમ બેસે? માપ નાનું. એટલે માપ કરવા જાય ત્યાં બેસે નહિ એને.

ઓલા દાખલો આપીએ છીએને. રવિવારનો દિવસ છે. આ રવિવાર છેને આજે. બાપ હતો તે પચાસ હાથનો આલપાક લઈ આવ્યો દુકાનેથી. છોકરા નવરા હોયને લ્યો જુઓ તમારા માટે લાવ્યા છીએ ચારેય જણા માટે. લ્યો આને આપજો. આઠ વર્ષનો છોકરો તે પોતે માપવા ગયો તો સો હાથ થયું. બાપા! પચાસ હાથ કહો છોને. તમારી ખોટી વાત છે. અમે તો સો હાથ માપ્યુંને હમણાં. બાપો કહે પણ તારા હાથ ન કામ આવે અમારા વેપારના માપમાં. અમારા મોટાના હાથ કામ આવે.

એમ જ્ઞાની કહે છે, તારી અજ્ઞાનની કલ્પનાથી તું આત્માને કલ્પવા જા, એ માપે ન મપાય. એના માપ કોઈ આકરા દુર્લભ છે, ભગવાન! આહા..હા..! જેની એક સમયની જ્ઞાનની દશા કેવલ્ય થાય. આહા..હા..! કેવલ્ય થાય છેને. કેવલ્ય હોય તો તો અનાદિથી એ સર્વજ્ઞ હોય. એ દશા થાય છે નવી. તો નવી દશા થાય એ પણ એક સમયની દશા છે. ભલે બીજે સમયે એવી થાય, પણ ઈ નહિ. સમજાય છે કાંઈ? પાણીનું એક તરંગ બૂડે અને એક તરંગ ઊડે-ઊભું થાય. એક તરંગ ઊભું થાય અને એક તરંગ પહેલાનું હોય એ અંદર ગરી જાય. પાણી તો પાણી છે. તરંગ ઉઠ્યું એ ગયું, વળી બીજું ઉઠ્યું. એ દશાઓ છે. એ દશાની અંદરમાં આખું પાણીનું દળ આવતું નથી. આહા..હા..! એમ ભગવાન આત્મા શાશ્વત ધ્રુવ વસ્તુ પોતે અંદર છે એમાં કેવળજ્ઞાનની પર્યાય થાય એ પણ એક સમયની દશા છે. એને ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં તો એને હજી દયા ને દાન ને વ્રત ને તપને ભગવાન-ભગવાન કરે ને એવાને રાગ કહે એ તો હજી ગળે ઉતરતું નથી. એટલો હજી પરસેવો ઉતરે છે એને. પંડિતજી! રાડે રાડ નાખે છે બહારમાં. એય..! આમ કહે છે, એ તો આમ કહે છે. આ શું કહે છે જોને આ શાસ્ત્ર શું કહે છે? આ શાસ્ત્ર કાંઈ અમારા ઘરના નથી લખાયેલા. વાત ઘરની છે, પણ આ (અમારાથી) લખાયેલા (નથી). આ તો હજાર વર્ષ પહેલાંની ટીકા છે, બે હજાર વર્ષ પહેલાંનો શ્લોક છે. અનંતકાળનો એ અભિપ્રાય છે જે સર્વજ્ઞનો ચાલ્યો આવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, ભગવાન! એકવાર મધ્યસ્થ થઈ જાને. જે કાંઈ જાણ્યું, ધાર્યું હોય એ એકવાર તું ભૂલી જા. તારા તત્ત્વમાં શું છે? આ શરીર, વાણી, મન જડ એની સાથે કાંઈ સંબંધ નથી, આ તો માટી, ધૂળ છે. પુણ્ય-પાપના વિકલ્પોનો રાગ એ પણ વિભાવ પરદ્રવ્ય છે.

પરદ્રવ્ય છે એ વિકાર. વ્યવહારરત્નત્રય જેને કહે, જેને સાધન કહે અને જેને સાધક કહે, એ સાધક પણ વ્યવહાર રાગ એ મેલ છે, પરભાવ છે, પરદ્રવ્ય છે. આહા..હા..! સાધક તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. સાધક-ફાધક છે નહિ. અહીં તો પરમાત્મા એમ કહે છે કે એક સમયની જે જ્ઞાનની પૂર્ણ દશા, આનંદની પૂર્ણ દશા પણ એ પહેલી નહોતી અને થઈ એથી એ પર્યાય છે, પરિણામ છે, બદલતી દશા છે અને પહેલાં છે તે જ છે એ ધ્રુવતત્ત્વ છે. જયંતિભાઈ! ન્યાયથી સમજાય એવું છે હોં લોજિકથી. આ બહુ એવું કાંઈ કઠણ નથી. ભાષા તો સાદી, પણ હવે માલ તો જે હોય એ હોયને. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... કહે છે ઓહો..! આ વસ્તુ જે ત્રિકાળ અંતર્મુખનો જે વિષય ધ્યેય ધ્રુવ એ સ્વસ્વભાવ છે, ત્યારે વર્તમાનદશા કેવલ્યદશા હો, ક્ષાયિક પ્રતીતિ સમકિત હો, સ્વરૂપ આવું છે એનું ભાન પ્રતીત, ક્ષાયિક દશા. એટલે? હવે એને કાંઈ અધૂરું રહ્યું નહિ પ્રતીત અને અનુભવમાં. પ્રતીતની અપેક્ષાએ. એવી દશાને પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ તેને પરસ્વભાવ કહ્યા છે. બે ભાગલા પાડી દીધા છે. આહા..હા..! એને હેય કેમ કહ્યા? પાઠમાં એમ છે. '**परदव्वं परसहावमिदि हेयं**' ૫૦ ગાથા ભગવાન કુંદકુંદાચાર્યની, સંવત્ ૪૯ બે હજાર વર્ષ પહેલાં જંગલમાં આત્માના અનુભવમાંથી લખાયેલી. સમજાણું કાંઈ? એમાં એમ છે '**पुव्वुत्तसयलभावा**' પૂર્વે કહી એ બધી દશાઓ. '**परदव्वं परसहावमिदि हेयं**'. પણ એ તો પદ્ય છે એટલે પદ્યનો મેળ થાય એ રીતે ગોઠવાણું છે, પણ એનો ભાવ અન્વય સંબંધવાળો તો પહેલો હેય છે. એમ ભાઈ! આહા..હા..! હવે હેય કેમ છે? એની દશા હોં! હાલત. ચાહે તો રાગની હોય અને ચાહે તો અરાગની નિર્મળાનંદ દશા હો કે ચાહે તો પૂર્ણ દશા કેવલ્યદશા હો, પણ એ દશા પ્રગટેલી છે, ત્રિકાળી નથી. અને પ્રગટેલી માટે તેની મુદત એક સમયની છે. ભલે નવું થાય, પણ એક સમય એટલે સેકન્ડનો અસંખ્યમો ભાગ, એટલી એની મુદત છે. અને ત્રિકાળી તત્ત્વ ત્રિકાળી ધ્રુવતત્ત્વ છે એની મુદત કોઈ હોઈ શકે નહિ. ભારે ધર્મ ભાઈ આવો! આમાં કરવું શું એ સૂઝ પડે નહિ. કાંઈ ઓલું કહે કે ભાઈ દાન કરવા, દયા કરવી, ભગવાનનું સ્મરણ કરવું લ્યો. ૐ ૐ કરવું, જાપ કરવો. તો સૂઝ પડે. એ તો અજ્ઞાનની સૂઝ છે, સાંભળને હવે. સમજાણું કાંઈ? એવો તો અનંતવાર કર્યું, પણ મૂળ હાથ લાગ્યો નહિ. આહા..હા..!

આવ્યું હતુંને, આપણે એકવાર આવ્યું હતું યમ, નિયમનું નહિ? શ્રીમદ્‌નું. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો, વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો, મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ યોગ પ્રયોગ સુતાર ભયો. જપ ભેદ જપે...' જપ કર્યા ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ચોવીસ કલાક નિરંતર ધારા. એવા પણ જપ કર્યા અનંતવાર સાંભળને. એ તો વૃત્તિ રાગ છે. 'જપ

ભેદ જપે તપ ત્યોંહી તપે.' તપસ્યાઓ છ-છ મહિનાના અપવાસ. 'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન-ખંડન ભેદ લયે, વહ સાધન બાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો. અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે, બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ કહ બાત કહે.' એય..! બિહારીલાલજી! આ પુસ્તકમાં છે તમારે. પુસ્તમાં છે એમ કીધું. કસ્તુરભાઈ તો બહુ વાંચતા. કસ્તુરભાઈ હતાને. ... હતા. આહા..હા..! ઘણા અમારી પાસે આવતા. પરિચય. ત્યાં એક ફેરી આવ્યા હતાને ભાઈ, નહિ? જસદણ. હતા તમે? તમે નહોતા. જસદણ આવ્યા હતા. એક ફેરી જસદણ આવ્યા હતાને ત્યાં પણ આવ્યા હતા. વ્યાખ્યાન આપ્યું હતું નહિ ઓલું બાયનું? ..નું. વિધવા બાય છેને એ તો. .. ગુજરી ગયા છેને. છે, ત્યાં ઉતર્યા હતાને. આહા..હા..!

કહે છે કે એ હેય કેમ? દશા હેય કેમ? એનું કારણ શું? રાગ તો હેય, પુણ્ય-પાપના વિકલ્પ તો હેય, એ તો ઠીક, બંધ અને રાગ વિકાર છે માટે, પણ આ દશાઓ આવી નિર્મળ ધર્મની પ્રગટી ધર્માત્માને અંતર આનંદના ધામમાં ધ્યેયને કરીને અનુભવનો અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો, ભગવાન અતીન્દ્રિય આનંદનું કલ્પવૃક્ષ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું કલ્પવૃક્ષ, આ એમાંથી એક ફળ તોડ્યું. અંતરમાં દૃષ્ટિ કરીને અતીન્દ્રિય આનંદનું ફળ લીધું, પણ કહે છે કે એ ફળ છે એ દશા છે. એ દશામાંથી નવી દશા પ્રગટ થતી નથી. નવી પ્રગટવાનું સ્થાન ખાણ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? તેથી તેની દશાઓ પણ હેય કહી. શા કારણે? કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ તેને એક સમયની દશાને પરસ્વભાવ કહેવામાં આવે છે. વાત તો શબ્દો ટૂંકા, ભાવ ઊંચા, પણ સરળથી સમજાય એવા છે. સમજાય છે કાંઈ? પ્રકાશદાસજી! આવું છે આ. આહા..હા..!

'શા કારણથી?' હેય કેમ કહો છો એને? અરેરે! અતીન્દ્રિય આનંદની દશા ભગવાન પ્રગટીને. જે અનંતકાળમાં નહોતી દશાને. જે અનંતકાળ તો રાગ ને દ્વેષ ને વિકલ્પની કલુષિતતાનો પ્રભુ અનુભવ હતો. ક્યાંય એમાં શાંતિનો અનુભવ નહોતો. રાગ ને દ્વેષ સંકલ્પ એનું વેદન છે અજ્ઞાનીને. નથી એને વેદન જડનું સ્ત્રીનું, પૈસા, લક્ષ્મી, આબરૂ, દાળ, ભાત, શાકનું, નથી એને વેદન આત્માનું. અજ્ઞાનીનો અનુભવ અને ભોગવટો અનાદિથી દયા, દાન, વ્રત આદિ શુભાશુભ વિકલ્પની જાતનો અનુભવ છે, ક્લેશનો અનુભવ છે. સમજાણું કાંઈ? એ ક્લેશના અનુભવને ધ્રુવ ચૈતન્ય ભગવાનને પકડીને ક્લેશની દશાના અનુભવનો વ્યય થઈ અને એના સ્થાનમાં આત્માના આનંદની દશા નવી પ્રગટી, પણ તે એક સમયની દશા પ્રગટી છે એ ઉત્પાદ-વ્યયવાળી છે, ઊપજે ને નાશ પામે, ઊપજે ને નાશ પામે એ અપેક્ષાએ તેને હેય કહી. કેમકે તે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. આહા..હા..! ભારે .. છે ભાઈ આ. નવરંગભાઈ! આ શું પાણીનું ગળવું તો ક્યાંય રહી ગયું આમાં. સવારે નવરંગભાઈએ પ્રશ્ન કર્યો હતોને ૨૦૦૫ની સાલમાં. એ પહેલાં .. હતાને. ભડકતા હતા પહેલા. આહા..હા..!

ભગવાન! તું એવડો છો, નાથ! આહા..હા..! અરે! તારી મોટપની તને મહિમા નહિ અને જગતની મોટી ચીજોની તને મહિમા. હણાય ગયો છો તું, પ્રભુ! આહા..હા..! આવી મોટપ છે એનો સ્વીકાર નહિ અને પરની મોટપમાં (રહ્યો) એનો અર્થ એ કે પોતાની મોટપનો એણે નકાર કર્યો. નકાર કર્યો એટલે હિંસા કરી એણે. સમજાણું કાંઈ? હિંસાની વ્યાખ્યા શું? કે જીવતો જીવ એને મારવો. એમ આ જીવતું તત્ત્વ આવું અખંડાનંદ ધ્રુવ એની મહિમા ન કરતાં રાગ અને પરની મહિમા કરતાં આ મહિમાનો અભાવ થઈ જાય છે. ચૈતન્યના સત્તાનો નાશ શ્રદ્ધામાં થાય છે. ભાઈ! આ પારિણામિકભાવનું નામ લીધું છેને આપણે? દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ. પંચાસ્તિકાય ૧૭મી ગાથા. દ્રવ્ય એટલે વસ્તુ, એનો આત્મલાભ. આત્મલાભ એટલે? સ્વરૂપની હયાતી ધ્રુવ. સમજાય છે કાંઈ? વસ્તુ, વસ્તુ ત્રિકાળી એક સમયની પર્યાયની વાત નહિ. ત્રિકાળી દ્રવ્ય એટલે પદાર્થ, એનો આત્મા એટલે એનું સ્વરૂપ, એનો લાભ એટલે હયાતી. ત્રિકાળી ધ્રુવની હયાતીનું સ્વરૂપ તેને આત્મા કહીએ, તેને પારિણામિકભાવ કહીએ, તેને પરિણામ સહજસ્વભાવ માટે પરિણામ કહીએ. સમજાણું કાંઈ? છેને આમાં? ૫૬ ગાથા. આ તો બધા શાસ્ત્રો (વંચાઈ ગયા છે). ૩૬ વર્ષ થયા અહીંયા સોનગઢમાં. રામજીભાઈ ત્યાં એના ઘરે ...

૫૬-૫૬. જુઓ, પાઠ છે જુઓ. સંસ્કૃતમાં છે '**द्रव्य आत्मलाभहेतु परिणामः**'. આ સંસ્કૃત છે. ચારેય ભાવની, પાંચેય ભાવની વ્યાખ્યા છે. અને ઓલો ત્રિકાળી ભાવ સ્વભાવ '**द्रव्य आत्मलाभहेतु परिणामः**' એની ટીકા. દ્રવ્યનો આત્મલાભ એટલે હયાતી જેનો હેતુ તે પરિણામ છે. પછી '**परिणाम युक्तः परिणाम**' એમ છેને? પાઠ એમ છે. ... પરિણામ એ .. પરિણામ કહો. એટલે ત્રિકાળી જ્ઞાયક ત્રિકાળ સહજભાવ એ સહિત જ પોતે છે તેથી તેને પરમપારિણામિકભાવ, સહજભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, જ્ઞાયકભાવ, અભેદભાવ, ચિરસ્થાયિભાવ, ચિરસ્થાયિભાવ. ભારે ભાષા! એક સમયની દશા સ્થિર થાય એવી નથી, એ તો પલટતી છે. સમજાણું? એના અર્થમાં પણ છે હોં. કથન છેને. જુઓ, આત્મલાભ સ્વરૂપપ્રાપ્તિ. સ્વરૂપને ધારી રાખવું. ધ્રુવસ્વરૂપ છે તે એમને એમ પડેલું છે ધ્રુવ. પોતાને ધારી રાખવું તે, હયાતી દ્રવ્ય પોતાને ધારી રાખે, પોતાને હયાત રાખે તેને પરિણામ કહીએ. પરિણામથી યુક્ત, પરિણામમય, પરિણામાત્મક, પરિણામસ્વરૂપ. આ બધા પંડિતજીએ ખુલાસો બહુ સારો કર્યો છે. હિંમતભાઈ આવ્યા છે? આજે આવવાના છે. કો'ક કહેતું હતું.

કહે છે, અહીં તો ઓલો પરસ્વભાવ આવ્યોને. એમાં નિજસ્વભાવ કહેશે નીચે. સદૃશ્ય ધ્રુવ અનંત-અનંત શાંતિ અને અતીન્દ્રિય આનંદનો નિષ્ક્રિય ધ્રુવ, જેમાં બદલવું નથી, પલટવું નથી. સમજાણું કાંઈ? આ કાંઈક વાત છે સાચી એટલું તો લાગશેને બીજાને. આ કાંઈ કોષ મારીને કુલડા કરવા છે એવું કાંઈ નથી આ. આ કુલડા કરેને કોષ મારીને. એ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ ભગવાન! શું કહે? આવી ચીજ અનાદિની નિત્યાનંદ ભગવાન એક એક

આત્મા ધ્રુવ પડ્યું છે અંદર. એ ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ, એની વર્તમાનદશાની પર્યાય-અવસ્થા, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા એને પરસ્વભાવ કહે છે. સમજાણું કાંઈ? હેય કેમ છે? કે એ પરસ્વભાવ છે, સ્વ ત્રિકાળી સ્વભાવ એ નહિ.

ત્રિકાળી ધ્રુવ, અંતર્મુખ દૃષ્ટિ કરતાં ઊંડાણમાં જે ધ્રુવતત્ત્વ પક્કડમાં આવે છે એ વસ્તુ. સમજાણું કાંઈ? એ વસ્તુની અપેક્ષાએ વર્તમાનદશા તે પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે. આહા..હા..! ગજબ વાત છે! આ શરીરાદિ તો પરદ્રવ્ય છે પરવસ્તુ માટી, પુણ્ય-પાપના રાગો પણ પરદ્રવ્ય છે વિકારી, પણ નિર્મળ વીતરાગી દશા મોક્ષનો માર્ગ જે પ્રગટ્યો નિશ્ચય સમ્યક્ અનુભવની પ્રતીતિ, અનુભવમાં આત્મા આ અનુભવ આનંદ છે, એમ આનંદના વેદનમાં આ આખો આનંદ છે એમ જે પ્રતીતમાં આવ્યો એવી પ્રતીતિ-સમ્યગ્દર્શન એને અહીંયાં પરસ્વભાવ કહેવામાં આવે છે. છે કે નહિ પણ એમાં? જયંતિભાઈ! આ તો શબ્દો છે. અને સાદી ભાષા હિન્દી છે આ તો. આ તો ગુજરાતી છે. આ પહેલું હિન્દી હતું. એમાંથી ગુજરાતી ભાઈ અમારે પંડિતજી છેને. આજે આવશે. હિંમતભાઈ બહુ મગજ. એણે બનાવ્યું છે.

**શ્રોતા** :- માખણની વાતો છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માખણની છે, પ્રભુ! એ તો પહેલેથી વાત કરી હતી. આ ગાથામાં વળી તાકડે રવિવાર આવ્યો છે. માણસો .. સાંભળો, બાપુ! તારા ઘરનું પ્રભુ છે હોં! બીજી અનેક પ્રકારની વાતું ચાલે છે, પણ બાપા આ વાતું કોઈ જુદી જાતની છે. આહા..હા..! હરખજમણ છે. લગનમાં હરખજમણ થાયને! વાત સાચી. ધર્મને નામે બીજું પીરસાણું છે હોં, પ્રભુ! આહા..હા..! ધર્મ કેમ થાય? ક્યાંથી થાય? કેમ થાય? એને ઠેકાણે બીજું પીરસાણું છે હોં! આહા..હા..! ધર્મ એ ચીજ એવી બાપુ અપૂર્વ છે, નાથ! એક સમય પણ ધર્મ પ્રગટ થાય એના જન્મ-મરણના અંત આવી જાય. એક સમય. 'ક'નો અસંખ્યમો ભાગ. ક બોલાય એમાં અસંખ્ય સમય જાય છે. કાળના અસંખ્ય સમયો જાય છે ક એમાં. એનો અસંખ્યમો ભાગ એક સમય. એક સમયની ધર્મદશા અનંતા જન્મ-મરણનો અંત લાવે છે. એને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મની દશા એ દશાવાન ભગવાન ધ્રુવ એનો આશ્રય, અવલંબન લઈને થઈ અને તો એ પણ હેય અને પરસ્વભાવ છે. એક ક્ષણની દશા પલટતી છે ત્યાં દૃષ્ટિ મૂકવા જેવું નથી. સ્થિર હોય ત્યાં દૃષ્ટિ મૂકે તો સ્થિર થાય દૃષ્ટિ. આ લોલક... ત્રાટક કરવું હોય અને લોલક આમ આમ ચાલતું હોય. આમ કરવા જાય તો આમ આમ થાય એને તો, પણ સ્થિર ચીજ હોય તો દૃષ્ટિ ઠરે; એમ ધ્રુવ ભગવાન આત્મા નિત્યાનંદસ્વરૂપ એમાં દૃષ્ટિ મૂકે તો ઠરે. કારણ કે ઓલું ધ્રુવ છે, પણ પરિણામ તો પલટતા લોલકની જેમ છે. ત્યાં દૃષ્ટિ મૂકતા એ પરિણામ પલટે છે તો દૃષ્ટિ ત્યાં સ્થિર થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'સમજાણું કાંઈ?' એ વચ્ચે વિસામાનું વાક્ય છે. કોઈ કોઈનું હોય છેને. વ્યક્તિદીઠ હોય છે કોઈને.

કહે છે, ઓહો..! અહીં ત્રણ બોલ લીધા. ભગવાન આત્મા નિત્ય શાશ્વત સત્ અંદર ધ્રુવ એની અપેક્ષાએ એની દશાઓ હેય છે, પરસ્વભાવ છે અને તેથી તે પરદ્રવ્ય છે. આહા..હા..! સ્વદ્રવ્ય નહિ માટે પરદ્રવ્ય. છે તો એક સમયની પર્યાય. સમજાણું કાંઈ? એ પરવસ્તુ છે એમ કીધી. આહા..હા..! શરીર, બરીર તો ક્યાંય રહી ગયા આ ધૂળ તો. એ તો પર છે. કહો, પંડિતજી! છે એમાં? સંસ્કૃતમાં છે? સંસ્કૃતમાં છે જુઓ. '**शुद्धनिश्चयनयबलेन हेया भवन्ति। कुतः? परस्वभावत्वात्, अत एव परद्रव्यं भवति।**' સંસ્કૃત છે અંદર. સંસ્કૃતના અર્થો છે જેવું સંસ્કૃત છે (એવા). આહા..હા..! એને પરદ્રવ્ય કહેવામાં આવે છે. ઓહો..હો..! ગજબ વાત છેને! શરીર, વાણી, મન, બાયડી, છોકરાનો આત્મા, આ દેવ-ગુરુ-શાસ્ત્રનો આત્મા એ પરદ્રવ્ય. કીધુંને, એકવાર ૨૦૧૦ની સાલમાં એક પ્રશ્ન કર્યો હતો શ્રીમદ્‌ના ભક્તોએ. પા-પા કલાકમાં બબ્બે ત્રણ કલાક ઘંટડી વગાડ્યા કરે. પણ તત્ત્વ શું છે એની ખબર ન મળે. દેવ-ગુરુ પર? દેવ તો પરમાત્મા શુદ્ધ થયેલા એ પર? અને ગુરુ એ નિર્મળાનંદની દશાને પ્રાપ્ત એ પર? અરે! લાખવાર પર સાંભળને. તું ક્યાં છો ત્યાં? સમજાણું કાંઈ? એ તો પરવસ્તુ છે જ, પણ અહીં વર્તમાનદશાને પરવસ્તુ કીધી, ભગવાન! તારા દ્રવ્યમાં એ નથી માટે કીધી. આહા..હા..! કહો, પોપટભાઈ!

'**અને તેથી જ તે પરદ્રવ્ય છે.**' સમજાણું? છે પાંચ મિનિટ? બાકી છે પાંચ મિનિટ. ત્રણ બોલ કહ્યા. વર્તમાનદશાઓ જે અનાદિથી રાગાદિની થાય કે રાગના અભાવની નિર્મળદશાઓ થાય, પણ એ તો ઉત્પન્ન થયેલીને? અને રાગ ગયો એ પણ જે રાગ હતો તે ગયો, એ બધી દશાઓના લક્ષણ છે, ઉત્પાદ-વ્યય પર્યાયના પરિણામના એ લક્ષણ છે, એ ત્રિકાળી ધ્રુવનું લક્ષણ નહિ. સમજાણું કાંઈ? આવી કથા કહે છે. અરે! ભગવાન છે બાપુ! બધા આત્મા અંદર આવી ચીજવાળા છે, કાંઈ નવા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, અંતરના ધ્રુવના અંતરબળથી નિત્યાનંદ પ્રભુ આત્મા એના જ્ઞાનના બળથી એને જોતાં એની દશાઓથી એને ખસવું પડે છે. એથી દશાઓને હેય ગણી એને પરસ્વભાવ ગણી અને એને પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. સમજાય એટલું સમજવું, ઓગાળાય એટલું ઓગાળવું. ઓલા ઢોર પણ ખાઈને પછી ઓગાળે ખબર છે? ઢોર ખાય અધમણ ખાય પહેલા, ખાઈને બેસી રહે. પછી કોળિયો કાઢે અંદરથી. ફીણ જેવું કરીને પાછું નાખે. એમ આ સાંભળીને ઓગાળવા જેવી વાત છે, એમને એમ અહીં ખંખેરી નાખવા જેવી વાત નથી. સમજાણું કાંઈ? અરે! સત્યના સાંભળવા પણ અનંતે કાળે દુર્લભ છે, ભાઈ! સત્યને નામે સત્ય કહેવાના હોય એ સાંભળે, પણ વાસ્તવિક સત્ય દ્રવ્ય શું? પર્યાય શું? પર શું? સ્વ શું? એની જે સ્થિતિ શું? એવી વાતું સાંભળવી પણ મહા (દુર્લભ છે). અને દુર્લભ અને મહા પુણ્યનો યોગ હોય તો મળે, ભાઈ! અને આની શ્રદ્ધા તો મહા અનંત પુરુષાર્થે પ્રગટ થાય. આહા..હા..!

પ્રભુ આત્મા એક સમયની દશાથી પણ અતીત છે. આહા..હા..! બાવો છે ઈ. અતીત કહે છેને. અતીત. બાવાને અતીત કહે છેને. અતીતનો અર્થ ઘરથી વેગળો. એમ આ ભગવાન અંદર ધ્રુવ પ્રભુ આત્મા એ રાગથી તો અતીત છે, પણ વર્તમાન દશાથી અતીત-બાવો છે. આહા..હા..! એવી ચીજ ઉપર દૃષ્ટિ દીધે એને ધર્મ થાય, સમ્યગ્દર્શન થાય, બાકી ત્રણકાળમાં બીજી રીતે ધર્મ થાય એ રીત અને એ ઉપાય બીજો છે નહિ. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' શ્રીમદ્દે કહ્યું છેને. આહા..હા..! ભારે વાત, ભાઈ! ઓહો..હો..!

રજકણ તારા નહિ, શરીર તારું નહિ, વાણી તારી નહિ, કર્મ તારા નહિ, પુણ્ય-પાપના ભાવ તારા નહિ, આ તારી દશા થાય એ તારી ત્રિકાળની નહિ એમ કહે છે. અંતરના ધ્રુવ તરફ વાળવા, જે કોઈ દિ' ધ્રુવ તરફ વળ્યો નથી એ વાળવા એની દશાઓને પણ હેય પરસ્વભાવ અને પરદ્રવ્ય કીધી છે. અંદરમાં વસ્તુ છે, ભગવાન! મહાપ્રભુ છો તું. એની સન્મુખ જા, એ સન્મુખ ગયા વિના તને કલ્યાણ ત્રણકાળમાં નથી. બહિર્મુખની વૃત્તિઓને ગોઠે પ્રગટ કર્યે તને ધર્મ-બર્મ થાય એવા નથી. એમ કરીને આ વાત કહેવામાં આવી છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૦-૦૫-૧૯૭૧,
## ગાથા-૫૦, કળશ-૧૧૯, પ્રવચન નં. ૭૫૪

આ નિયમસાર અધિકાર છે. એનો શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ (એટલે) આ પર્યાયના અધિકારની વાત નથી. ત્રિકાળી જે ભગવાન આત્મા ધ્રુવ અભેદ ચીજ જે છે એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ અધિકારની ૫૦મી ગાથા. અહીં સુધી આવી ગયું છે. પરદ્રવ્ય છે ત્યાં સુધી આવી ગયું છેને? ફરીને થોડું લઈએ જુઓ. ફરીને? લ્યો, લાલચંદભાઈ કહે (છે).

'**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' એટલે શું? કે જે આ આત્મા વસ્તુ છે ત્રિકાળ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ શાશ્વત એક વસ્તુ એની વર્તમાન દશા, હાલત, પર્યાય એ બધી દશાઓને વિભાવગુણપર્યાય કહેવામાં આવે છે. ચાહે તો અધર્મદશા હો કે ચાહે તો ધર્મદશા હો કે ચાહે તો સિદ્ધપદ દશા હો કે કેવળજ્ઞાન દશા હો, એ બધા વિશેષભાવરૂપ (વિભાવગુણપર્યાય કહેવામાં આવે છે). સામાન્ય જે ધ્રુવતત્ત્વ ચૈતન્યનું શાશ્વત દળ... છેલ્લામાં છેલ્લો આ અધિકાર સારમાં સાર છે ૫૦માં તો. એ શાશ્વત ધ્રુવ દળ એની થતી અવસ્થા પર્યાયમાં હોં! એ પર્યાયો ચાર પ્રકારની-વિકારી હો કે અવિકારી હો, અપૂર્ણ શુદ્ધ હો કે પૂર્ણ શુદ્ધ હો, એ

બધા વિભાવગુણપર્યાયો કહેવામાં આવે છે.

'**તે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' વર્તમાન છે એમ જણાવાયોગ્ય કહેવામાં આવ્યા હતા. આહા..હા..! ભગવાન આત્મા ધ્રુવ શાશ્વત નિત્ય ચૈતન્યદળ વર્તમાન અવસ્થામાં પરિણમન વિનાનું એવા સત્ત્વમાં વર્તમાન દશાના આ ભાવો, વર્તમાન નયે છે એમ કહેવામાં આવ્યું હતું. આકરી વાત છે બધી. આજ તો આ ૫૦મી ગાથા. '**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' પણ વસ્તુ ભગવાન આત્મા ધ્રુવ જે દળ ચૈતન્યદળ છે એની દૃષ્ટિના બળે અંતરમાં જ્ઞાનની દશાને વાળતા, જે શુદ્ધ તત્ત્વ ધ્રુવ જ્ઞાયકભાવ શાશ્વત તત્ત્વ એના તરફ વાળતા શુદ્ધનયે શુદ્ધનયના બળે વસ્તુને જોઈએ તો '**તેઓ હેય છે.**' એની દશામાં, હાલતમાં થતો અધર્મભાવ કે ધર્મભાવ કે ધર્મની શરૂઆતનો અપૂર્ણ ભાવ કે ધર્મની પૂર્ણતાનો ફળરૂપ જે મોક્ષભાવ એ બધા હેય છે, એમાં દૃષ્ટિ દેવાલાયક નથી. સમજાય છે કાંઈ? જેને ધર્મ કરવો હોય એટલે કે જેને સંસારના પરિભ્રમણના ભાવનો અંત લાવવો હોય અને એના સ્થાનમાં શાંતિ ને આનંદની દશા ધર્મરૂપ પ્રગટ કરવી હોય તો એને એ વર્તમાન જેટલા દશાના-અવસ્થાઓના ભાવ છે એ બધા ઉપરથી લક્ષ એણે છોડવું પડશે.

ફરીને. આ તો તદ્દન સત્યના પરમસત્યનું સ્વરૂપ છે. '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' એ વર્તમાનદશા અંશરૂપ અવસ્થા છે. ચાહે તો કેવળજ્ઞાન હો, સાધકને તો નથી, પણ કેવળજ્ઞાન જેને હોય એનું લક્ષ કરવા જાય તોપણ એ વિકલ્પ ઉઠે છે. તેમ પોતાને ક્ષાયિકસમકિત હોય અને ચારિત્ર વીતરાગી દશા સ્વભાવને આશ્રયે પ્રગટ થયેલી હોય તોપણ તે લક્ષ કરવા જેવું નથી, એ આશ્રય કરવાલાયક નથી. કેમકે એના આશ્રયે કાંઈ નવી દશા શુદ્ધિની ધર્મની વૃદ્ધિની થતી નથી. આહા..હા..! '**શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' એ દશામાં થતાં ભાવો વિકારી કે અવિકારી, શુદ્ધતાની અપૂર્ણ દશા કે શુદ્ધતાની પૂર્ણદશાઓ એ બધી દશાઓ છે, અવસ્થાઓ છે, હાલતો છે, પર્યાયો છે, અંશ છે. તેથી તેનું ધર્મી જીવ જેને ધર્મ કરવો હોય, અરે! કરેલો હોય, વસ્તુના ત્રિકાળી જ્ઞાયક ધ્રુવસ્વભાવ એની દૃષ્ટિ કરીને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ કે ચારિત્ર આદિ નિર્મળદશા પ્રગટ કરી હોય, પ્રગટ કરી હોય અને પ્રગટ કરવી હોય, બધાને માટે વર્તમાન દશાનું લક્ષ છોડવું પડશે એણે અને ત્રિકાળી જે જ્ઞાયકભાવ ધ્રુવભાવ તેનું લક્ષ કર્યે ધર્મ પ્રગટ થાય છે, બીજી કોઈ રીત અને ઉપાય છે નહિ. પંડિતજી! ભારે આકરું કામ આવું! આવી ધર્મની વાતું!

ભાઈ! તું એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન ધ્રુવતત્ત્વ, નિત્યતત્ત્વ, શાશ્વત દળ તત્ત્વ છો. એની દશા થતાં, એનું પરિણમન-પરિણમવું એટલે અવસ્થાનું થવું એ અવસ્થાનું થવું એ એક અંશરૂપે થાય છે, ચાહે તો ધર્મની દશા થાય પણ એ અંશરૂપ એનો ટકાઉ એક અંશરૂપ છે માટે તેનું લક્ષ છોડવા તેને હેય કહ્યું છે. આહા..હા..! એ તો લક્ષ છોડવાની તો વ્યવહારથી વાત આવી. કથન શું આવે? એનું આમ દ્રવ્યનું લક્ષ કરતાં આ લક્ષ છૂટી

જાય છે, પણ ઉપદેશની શૈલી શું થાય? સમજાય છે કાંઈ? હેય છે એ પહેલું આવ્યું. ત્યારે હેય છે એ હેય થાય શી રીતે? ઈ પછી કહેશે, પણ પહેલું આ સમજાવે છે.

અહીંયાં તો આત્મામાં બે અંશો. પરવસ્તુ તો આત્મામાં છે જ નહિ. કર્મ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આખી દુનિયા એ તો એની વર્તમાનદશામાં નથી. એના દ્રવ્ય એટલે શક્તિવાન તત્ત્વ અને ગુણ એટલે શક્તિ એમાં તો એ પરવસ્તુ નથી, પણ એની વર્તમાન હાલતમાં, દશામાં એ પરવસ્તુ શરીર, કર્મ આદિ નથી. હવે છે એની દશામાં એ બે પ્રકાર– એક ધ્રુવ દળ ત્રિકાળી શાશ્વત દળ અને એક વર્તમાન અવસ્થા. આ વસ્તુની મર્યાદા અને વસ્તુનું સ્વરૂપ આમ છે. આહા..હા..! એમાં જે ધ્રુવ ચૈતન્ય ભગવાન જ્ઞાયક શાશ્વત વસ્તુ ધ્રુવ પોતે છે એની દૃષ્ટિ કરવા, એના ઉપર લક્ષ કરવા આ વર્તમાનદશા ઉપરનું લક્ષ એણે છોડે છૂટકો છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! ઘણો ભગવાન તારો માર્ગ ઝીણો, પણ એણે કોઈ દિ' સાંભળ્યો પણ નથી હોં! ખરેખર. આહા..હા..! કહે છે, એ હેય છે. હેય પહેલું કીધુંને ભાઈ અહીં તો. પણ હેય થાય શી રીતે એ પછી કહેશે. 'આ હેય છે, આ દશા હેય છે' એમ કરવા જાય ત્યાં તો પર્યાય ઉપર દૃષ્ટિ જાય છે. પણ સમજાવવામાં શી રીતે સમજાવવું?

કહે છે, એ વર્તમાન હાલતો પરિણામ, પર્યાય, દશાઓ એ બધી હેય છે, આશ્રય કરવાલાયક નથી, એ શરણભૂત નથી, એનું અવલંબન કરવાલાયક નથી, એ દશા તરફ વલણ કરવાલાયક નથી. આહા..હા..! પંડિતજી! મૂક્યું છેને પહેલું ૪૯માં આવ્યું હતું. આવ્યું હતુંને? '**(–આલંબન, વલણ, સંમુખતા, ભાવના)**' કૌંસમાં આવ્યું હતું. ૪૯માં નીચે નોટમાં. '**વ્યવહારનયના વિષયોનો આશ્રય (–આલંબન, વલણ, સંમુખતા, ભાવના) તે છોડવાયોગ્ય જ છે...**' ત્રીજી લીટી. આહા..હા..! આ તો અવલદોમની વાત છે, ભગવાન! કહે છે... કાલે ભાઈ કહ્યું હતુંને સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાનો લેખ, જયચંદ્ર પંડિતનો બહુ સરસ. ભાઈ! લોકની આખા દુનિયાના જીવની લોકની અનાદિથી કાં એની ગતિ નરક, મનુષ્ય, દેવ આદિ ગતિ છે એના ઉપર એનું લક્ષ છે, કાં એનામાં પુણ્ય અને પાપના વિકલ્પો રાગ થાય એના ઉપર લક્ષ છે અને કાં એનું જ્ઞાન ત્રિકાળીનું વર્તમાન મતિ આદિ, શ્રુત આદિનો ભેદ અંશ ત્યાં એની દૃષ્ટિ અને તેટલો હું એમ પર્યાયબુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ આટલું માને છે.

**શ્રોતા** :- ક્યારથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનાદિથી. શાંતિભાઈ! આવો અલગ માર્ગ છે અલકમલકનો. મેળ ન હોય... આહા..હા..! કહે છે...

**શ્રોતા** :- અલખ નિરંજન.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અલખ નિરંજન ચૈતન્યમૂર્તિ ચૈતન્યચમત્કાર પ્રભુ છે અંદર. અરે! એના ચમત્કારની એને ખબરું ક્યાં છે? શ્રીમદ્ કહે છે, સૃષ્ટિને ચૈતન્યના ગુપ્ત ચમત્કારની

ખબર નથી. બહુ ટૂંકી ભાષામાં. એઈ..! બિહારીલાલજી! એ શ્રીમદ્‌માં આવે છે, પણ ક્યાં એટલું બધું ગોતવાની દરકાર પણ હોય ન્યાં. એમાં એ શબ્દ પણ આવે છે. વાંચ્યું તો હશે. સૃષ્ટિને ચૈતન્યના ગુપ્ત ચમત્કારની ખબર નથી.

અંદર ધ્રુવ ચૈતન્ય છે, જ્ઞાયક શાશ્વત ચૈતન્યદળ જેમાંથી અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાય પ્રવહે અને અનંતકાળ સુધી આવે તો એ ખૂટે નહિ એવું એ જ્ઞાયકતત્ત્વ, ધ્રુવતત્ત્વ છે, એવો એ ચૈતન્ય (ચમત્કાર છે). આ બધા જાદુગર-ફાદુગરના બધા કહે છેને ચમત્કાર. કેવા ખુશી થઈ જાય. જુઓને ઓલો હતોને હમણા ૧૬ દિ'. કે.લાલ. એ તો બિચારો કે.લાલ લખે તો કે.લાલ મારો જાદુગરી શબ્દ છે. કાલે લખ્યું છે. કાંતિલાલ. લખ્યું છે એમાં લખ્યું છે. કાલે આવ્યું હતું લખાણ. કો'ક મળવા ગયું હતું ભાઈને. બધા જાદુગરીયા છીએ એમાં કાંઈ નથી. અમારી પાસે આવીને કીધું, મહારાજ! અમારું તો બધું ધતીંગ ચાલે છે. ચોખ્ખું આવ્યું હમણાં. અહીંના જાણીતા છે. સોનગઢ આવ્યો હતો. થોડું બતાવ્યું હતું એય..! પંડિતજી! પંડિતજી અમારા હયાત હતા એને દોરીને, હાથમાં સળી શું કહેવાય એ? હાથચાલાકી લ્યો. આમ કાપીને જાણે દોરી કાપી પાછી આમ સરખી કરી નાખી. કાંઈ કાપ્યું નહોતું. ઓલા છેડા-છેડા કાપ્યા હોયને, બીજાને એમ લાગે કે આ દોરી વચ્ચેથી કાપે છે. એવી હાથચાલાકી. અહીં આવ્યો હતો બિચારો બોલ્યો હતો. ૨૦ મિનિટ બેઠો હતો અમારી પાસે અહીંયાં. ધતીંગ છે મહારાજ અમારું બધું. અને આ ઘણા કેટલાક ધર્મના નામવાળા આવા જાદુગરને બહાને અમે શક્તિવાન છીએ એમ બતાવે છે. અમે ગૃહસ્થ માણસ એટલે અમારી જાદુગરી નજરબંધીમાં જાય અને બહારવાળો કોઈ બાવો, ત્યાગી હોય તો એની શક્તિમાં જાય, બાકી છે બધું ઠગ. આહા..હા..! આ જાદુગરી કોઈ અલૌકિક ચૈતન્યચમત્કારની છે. એવો ભગવાન ધ્રુવ નિત્યદળ, પરિણમનની પર્યાય અવસ્થા વિનાનું તત્ત્વ એવું જે તત્ત્વ છે એની અપેક્ષાએ, એની દશાઓ એ લક્ષ કરવા જેવી નથી, આશ્રય કરવા જેવી નથી તેથી તેને હેય કહેવામાં આવે છે.

'**શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' આહા..હા..! દશામાં, હાલતમાં સ્વ ત્રિકાળી જ્ઞાયક ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એ ધર્મની આનંદની દશા, મોક્ષમાર્ગ નિશ્ચય અંતર ધ્રુવને અવલંબે પ્રગટેલી નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્ર વીતરાગી દશા એ પણ પરસ્વભાવ છે. કોની અપેક્ષાએ? ત્રિકાળી ધ્રુવ સ્વભાવની અપેક્ષાએ. કાયમ ટકતા તત્ત્વની અપેક્ષાએ એક સમયનું ટકતું તત્ત્વ ત્રિકાળીની અપેક્ષાએ તેને પરસ્વભાવ કહેવામાં આવે છે. આહા..હા..! '**કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.**' એમ ભાષા છેને. સંસ્કૃત છે ઈ પ્રમાણે. 'अत एव परद्रव्यं भवति।' સંસ્કૃતમાં છે. તેથી જ એ પર્યાયો એટલે હાલતો, દશાઓ, ધર્મની દશા જેને પ્રગટી હોય, ત્રિકાળી ધર્મી, ધ્રુવ ધર્મી નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય લઈ, એનું ધ્યાન કરી અને જે દશા પ્રગટી હોય તે દશાને

પણ તેથી તે પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્ય નહિ. આહા..હા..! પંડિતજી! છે? ક્યાં ગયા પંડિતજી? છે એમાં જુઓ. ૫૦મી ગાથા છે આ અડધો પૈસો. આહા..હા..! થોડું પણ સત્ય એને નજરે આવવું જોઈએ એમ કહે છે.

એક સમયની અવસ્થા એ પરમસત્ય સત્યાર્થ ભૂતાર્થ ચીજ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એક સમયની આત્માના દળમાં ઉપર પરિણમતિ, થતી દશા એક સમય નામ સેકન્ડના અસંખ્યમાં ભાગરૂપી કાળ એટલું એ ટકતું એક સમયનું તત્ત્વ છે. એ એક સમયના ટકતા તત્ત્વને ત્રિકાળી તત્ત્વ જે જ્ઞાયક ધ્રુવભાવ એની અપેક્ષાએ એક સમયના તત્ત્વને હેય કહી, પરસ્વભાવ કહી એને પરદ્રવ્ય કહી દીધું છે. આહા..હા..! અહીં તો હજી દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા એ અમારે આદરણીય છે, એ કરતાં-કરતાં અમારું (કલ્યાણ થશે). ક્યાંય અટક્યા છે મિથ્યાત્વભાવમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ન્યાલભાઈ! જુઓ, છે? પુસ્તક રાખ્યું છે કે નહિ? એમાં છે. ભાઈ પાસે નહિ હોય. આ તો અલૌકિક આખિરમાં આખિર પરમસત્ય સર્વજ્ઞના પેટના ખુલાસા છે આ. સમજાય છે કાંઈ?

ભગવાન! તારું નિત્યતત્ત્વ અવિનાશી ધ્રુવ જેમાં અનંત અનંત શક્તિઓની એ ખાણ છે અને અનંતી અનંતી અવસ્થાઓની ઉત્પત્તિની એ ધ્રુવ ભૂમિકા છે. એવા ધ્રુવની અપેક્ષાએ વર્તમાન... આહા..હા..! રાગાદિ તો હેય, વિકલ્પની વૃત્તિ ઉઠે એ તો હેય, પણ નિર્મળ ધર્મદશા જે ધ્રુવમાં ધ્રુવને નિત્યને અવલંબીને ધ્રુવના ધ્યેયના ધ્યાનથી પ્રટેલી ધર્મદશા, વીતરાગીદશા, શાંતદશા પણ એક સમયનું ટકતું એ તત્ત્વ છે, બદલતું છે એટલે એક સમયમાં રહેનારું છે એ. તેથી એ તત્ત્વને હેય કહી એને પરસ્વભાવ કહી, એને જ પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! પુસ્તક સામું હોય એને ઠીક પડે જરી અર્થ-અર્થ શબ્દનો અર્થ શું થાય એ. અદ્ધરથી જાણે કે આ શું કહે છે? ત્યાં સુધી તો આપણે કાલે આવ્યું હતું.

હવે અંતઃતત્ત્વની વાત. આ બાહ્યતત્ત્વની વાત કરી. પર્યાય એ બાહ્ય. અવસ્થા છેને હાલત પરિણમન એને બાહ્યતત્ત્વ કહ્યું, હવે અંતઃતત્ત્વ સ્વભાવની વાત કરશે. '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' ઓલામાં કહ્યું હતુને, વિભાવગુણપર્યાય છે તે ઉપાદેયપણે એટલે જાણવાપણે કહેવામાં આવ્યા હતા. એ વિભાવગુણપર્યાયથી રહિત હવે. ત્યાં સહિત પર્યાયમાં છે, અવસ્થામાં છે. વ્યવહારનયે વર્તમાન જ્ઞાનનો અંશ જોતા તેનો વિષય તે પર્યાય છે, બસ એટલું. આશ્રય કરવાલાયક છે કે શરણભૂત છે કે એનો આશ્રય કરતા ધર્મનો લાભ નવો થાય છે એવું એમાં છે નહિ. ભગવાન આત્મા નિત્ય જે અંશ છે... શાસ્ત્રમાં '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ ટૂકડો છે મહાસિદ્ધાંત સર્વજ્ઞે પરમેશ્વરે કહેલો.

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' '**सत् द्रव्य लक्षणं**'. ઊપજતી દશા અને પૂર્વની અવસ્થાનો વ્યય દશા એ પર્યાય છે, અવસ્થા છે અને એ સિવાયનું ધ્રુવતત્ત્વ એકરૂપ રહે તે ધ્રુવ છે. ત્રણ થઈને આખા પ્રમાણજ્ઞાનનો વિષય છે, પણ પ્રમાણજ્ઞાનનો વિષય છે એમાં પ્રમાણજ્ઞાન

પર્યાયનો નિષેધ કરતું નથી, માટે પ્રમાણ પૂજ્ય નથી. નિશ્ચય જે ધ્રુવતત્ત્વ જ્ઞાયકભાવ ત્રિકાળી એનો જે આશ્રય કરે છે એવો નય એ એક જ આદરણીય છે. જે નિશ્ચયનય ધ્રુવ એમાં એક ભાગ આવ્યો, અવસ્થાનો ભાગ ન આવ્યો, અવસ્થાનો ભાગ પ્રમાણજ્ઞાનમાં આવ્યો. જેના બે ભાગ આવ્યા, છતાં એ પ્રમાણજ્ઞાન પૂજ્ય નહિ. નયચક્રમાં આવે છે. તત્ત્વજ્ઞાન મીમાંસામાં આવ્યું છે. આધાર આપ્યો છે નહિ નયચક્રમાંથી? ભાઈ! સમજાણું કાંઈ? આહા..! નહિતર પ્રમાણ તો મોટું થઈ ગયું. એક કોર ધ્રુવ ભગવાન આત્મા અને એક કોર એક સમયની અવસ્થા બેનું જ્ઞાન એ તો પ્રમાણ થયું, એ તો મોટું થયું. બે ભાગ ભળ્યા. કહે છે કે એ પૂજ્ય નહિ. જેમાં પર્યાય અને વ્યવહારનો નિષેધ ન આવે તે પ્રમાણજ્ઞાન પૂજ્ય નહિ. આહા..હા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? આ તો અગમ્યગમ્યની વાતું છે. એની અંતરની કળાઓ, જ્ઞાનકળાઓ કેવી છે અને એ કળાનો ધરનાર ભગવાન અંદર ધ્રુવ કેવો છે? આહા..હા..!

કહે છે એ '**વિભાવગુણપર્યાયોથી રહિત...**' એ તો નાસ્તિથી વાત કરી, હવે સહિત છે કેવું? અંતરતત્ત્વ જે ધ્રુવ એક સમયની પર્યાય-હાલત વિનાનો જે દૃષ્ટિનો વિષય, જે સમ્યગ્દર્શન દૃષ્ટિનું ધ્યેય, ધર્મીનું જે ધ્રુવ ધ્યેય એ કેવડું છે? એ શું છે? કે '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' અંતરનો સ્વભાવ લે છે ભાઈ પહેલો. સ્વભાવને પછી આધાર સ્વભાવવાન પછી નાખશે. ધ્યાન રાખજો આ તો અલૌકિકમાં અલૌકિક ગાથા છે!! લાલચંદભાઈ તો એકલું માખણ માગે છેને. આહા..હા..! કહે છે કે '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય...**' જ્યારે ઓલા પર્યાયના પરસ્વભાવને પરદ્રવ્ય કીધું ત્યારે એના ભાવ સ્વભાવને સ્વદ્રવ્ય કીધું સ્વભાવને. હજી સ્વભાવવાન પછી નાખશે આખું અભેદ. ધીમે-ધીમે સમજવું, બાપુ! આ તો છેલ્લામાં છેલ્લી આત્માના જ્ઞાનની કળા છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કેમ પ્રગટે એની આ વાત છે. લાખ બીજા કરોડ ઉપાય કરે પણ એ સમ્યગ્દર્શન બીજે ઉપાયે થાય એવું નથી. એ ત્રિકાળી તત્ત્વ ભગવાન ધ્રુવ સ્વરૂપ એમાં દૃષ્ટિ સ્થાપ્યે, એનામાં લક્ષ કર્યે, એને ધ્યેય બનાવે ધ્યાનમાં તેનો વિષય બનાવ્યે, ધ્યાન એટલે વર્તમાન પર્યાય, એમાં એનો વિષય બનાવે ધ્રુવનો (તો) સમ્યગ્દર્શન થાય છે. એ વિના સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય બીજી રીતે થતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! થોડો અભ્યાસ હોયને શાસ્ત્રનો તો એને જરી સમજવામાં (સહેલું પડે). આ તો કોલેજ છે છેલ્લી. એમાં ૫૦મી ગાથા તો કોલેજનું છેલ્લું પરિણામ.

કહે છે કે એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય એટલે સ્વભાવ. ધ્રુવસ્વભાવ હોં! ઓલો અભેદ પછી કહેશે, પણ એના સ્વભાવ છેને. જ્ઞાનભાવ, દર્શનભાવ, આનંદભાવ, ભાવભાવ એવો જે સ્વભાવ શુદ્ધ અંતઃતત્ત્વ અંદર સ્વભાવભાવ એને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. એ સ્વદ્રવ્ય તે ઉપાદેય છે. એ સ્વભાવ જે જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ, જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ અનંત-અનંત શક્તિ જે બપોરે કહેવાય છે એ બધી શક્તિઓ સ્વભાવમય છે. એ સ્વભાવ

તે સ્વદ્રવ્ય છે અને તે જ દૃષ્ટિમાં લેવાલાયક છે, તે ઉપાદેય છે, આદરણીય હોય તો એ સ્વભાવ છે. એ સિવાય ધર્મીને આદરણીય બીજી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે વાતું!

અરે! અનંતકાળના દુઃખના અંત આવે અને આનંદ પ્રગટે તે અનંતકાળ આનંદ એવો અતીન્દ્રિય રહ્યા કરે અનંતકાળ, એના ઉપાય તો અલૌકિક જ હોયને! આહા..હા..! એ સાધારણ રીતે લોકો માની બેસે એવો ઉપાય ન હોય, ભગવાન! એ ઉપાય કોઈ અલૌકિક છે. એને એની રીત પણ સાંભળવા મળી નથી. આહા..હા..! જેના ફળ તરીકે અનંત આનંદ છે એમાંથી પ્રગટેલી અનંત આનંદ એમ ને એમ અનંતકાળ રહે. અને અનંતકાળનું જે દુઃખ છે એનો વ્યય થઈને નાશ થઈ જાય. એનો ઉપાય એ ત્રિકાળી ભાવ સ્વભાવ ધ્રુવ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય એ મોક્ષનો ઉપાય છે. આહા..હા..! કોઈ ક્રિયાકાંડ ને આ કરવું ને વ્રત પાળવા ને તપ કરવા ને અપવાસ કરવા, આ કરવા ને ધૂળ કરવી એ બધી ધૂળધમાહા વિકાર છે, એ ધર્મના કારણ નથી અને ધર્મરૂપ એ નથી. સમજાણું કાંઈ?

કહે છે એ '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' ભાવ એવો જે સ્વભાવ. ઓલામાં કહ્યું હતુંને? પરસ્વભાવ તે પરદ્રવ્ય છે કીધું હતું, ત્યારે આ સ્વસ્વભાવ તે સ્વદ્રવ્ય છે એમ. સમજાણું કાંઈ? આ ટીકા તો ૯૦૦ વર્ષ પહેલાંની છે અને એના મૂળ શ્લોક બે હજાર વર્ષ પહેલાંના છે અને એના કહેલા ભાવો તો અનંતકાળથી ચાલ્યા આવે છે ધર્મમાં. જીવોની પાત્રતા હોય એટલે સત્ય આવ્યા વિના રહે નહિ. એ વાત છે, એવી વાત છે. કાને તો પડે પુણ્યને લઈને, પછી બેસવું ન બેસવું એના પુરુષાર્થની વાત છે. આ તો અલૌકિક વાતું, બાપુ! આખા જગતના ભાવો અનેકવાર કર્યા પણ આ કોઈ ચીજ બીજી છે. કહે છે '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' જેવો પર્યાયમાં, અવસ્થાના ભાવોને પરસ્વભાવ કહી અને પરદ્રવ્ય કીધું હતું. સાત તત્ત્વને પરદ્રવ્ય કીધુંને ભાઈ પહેલું ૩૮ ગાથામાં. સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. ત્યારે આ ભાવ જે છે એના કાયમ રહેનારા ભાવો એને અહીંયાં સ્વદ્રવ્ય કીધું. અને સ્વદ્રવ્યનો પાછો આધાર કહેશે હજી. આ ભાવ ભેદવાળો કહીને પછી અભેદ કહેશે.

'**સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' એનો ભાવ જે છે ધ્રુવ. જ્ઞાન ત્રિકાળ, દર્શન ત્રિકાળ, શાંતિ ત્રિકાળ, આનંદ ત્રિકાળ એવો ભાવ, સ્વભાવભાવ જેમાં દશા નથી, પર્યાય નથી, અવસ્થા જેમાં પ્રવેશ કરતી નથી, જે અવસ્થાને એ ધ્રુવભાવ છૂતો નથી એવો જે ભાવ-સ્વભાવ એને અહીંયાં સ્વદ્રવ્ય તે ઉપાદેય છે. ત્યાં નજર કરવા જેવી છે, દૃષ્ટિ ત્યાં મૂકવા જેવી છે. એમાં દૃષ્ટિ ત્યાં મૂક્યા વિના એને કોઈ દિ' સમ્યગ્દર્શન જે નિર્મળ પર્યાય ધર્મની શરૂઆત આ સિવાય બીજી રીતે થાતી નથી. સમજાણું કાંઈ? હજી પકડવું કઠણ, સાંભળવું મુશ્કેલ. એમાં શું કહે છે એ વાતને ધારવી અને ધાર્યા પછી એને, આ તો આ ભાવને કહે છે અને આ ભાવ નિષેધ કરે છે એવો એમાં જે વિવેક થવો. સમજાણું કાંઈ? અને વિવેક

થઈને પણ પછી સ્વરૂપમાં ઢળી જવું આખું. જે જે સાંભળવામાં આવે એ સાંભળો, વિચારો, ઓગાળો, બાપુ! આવા તત્ત્વો કોઈવાર બહાર આવે છે. આ એવી વાત છે. આ કાંઈ સાધારણ (વાત નથી). ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા જેની પાસે ગણધરો જેને સાંભળીને અંતર્મુહૂર્તમાં બાર અંગની રચનાઓ કરે, જે ત્રણ-ત્રણ જ્ઞાનના ધણીઓ ઈન્દ્રો ૩૨-૩૨ લાખના સ્વામી લાડા એ આવીને ગલુડિયાની જેમ આમ હાથ જોડીને ઊભા રહે. એવા ભક્તિવંત પાસે ભગવાનની વાણી આવી નીકળતી હતી. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, એ '**સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' હવે કહે છે '**ખરેખર...**' એ સ્વદ્રવ્યનો પાછો આધાર વર્ણવે છે, ભાઈ! અભેદ. આ ભેદ છેને ભાવો. ગુણોને ભેદ કીધા હતાને ભાઈ ઓલામાં ૧૦મી ગાથામાં. દ્રવ્ય જે છે, વસ્તુ જે છે એ ત્રિકાળી ઊર્ધ્વ પ્રવાહ સામાન્ય. ભાઈ! વસ્તુ. પ્રવચનસાર ૧૦મી ગાથામાં કહ્યું હતું. આ તો બધા માખણ છે. રામજીભાઈ ઓલા જજને કાયદા બતાવેને. આ જજ બેઠા. એ જજને આની કાંઈ ખબર ન પડે. ૧૦મી ગાથા. આમાં મોંમાંથુ હાથ આવે નહિ શું કહે છે ઈ? ૧૦મી કીધીને? મોટો દરિયો છે. છે જુઓ, વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. કોઈપણ પદાર્થ અસ્તિ તત્ત્વ છે એ દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, ગુણ-ત્રિકાળી શક્તિ, પર્યાય-વર્તમાન હાલત. આ ત્રણ થઈને આખું દ્રવ્ય છે, ત્યાં ત્રિકાળી ઊર્ધ્વ પ્રવાહ સામાન્ય તે દ્રવ્ય છે. ત્રિકાળી ત્રિકાળ ઊર્ધ્વ એટલે એમ ને એમ રહેનારું છે... છે... છે... છે... સત્ પ્રવાહ ધ્રુવનો એમ ને એમ રહે છે. સામાન્યમાં ભેદ નથી. એવું દ્રવ્ય તેને દ્રવ્ય (કહે છે). સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે. જ્ઞાન, દર્શન, અવિનાશી પણ ગુણો અનંત સાથે રહે છે. દ્રવ્યની સાથે નહિ, ગુણની સાથે. દ્રવ્યની સાથે પર્યાય પણ રહે છે, પણ આ તો ગુણો સાથે સાથે રહેનારા. પર્યાયો સાથે-સાથે ન રહે, પર્યાય તો ક્રમે... ક્રમે... ક્રમે... ક્રમે... નવી-નવી થાય. આ તો વ્યાખ્યાઓ અબાધિત નિર્વદ્ય નિર્દોષ વ્યાખ્યા છે આ. તત્ત્વના વાસ્તવિકને પ્રસિદ્ધ કરવા માટે સર્વજ્ઞ પરમાત્મા(ની) વાણીમાં આ રીતે આવ્યું હતું. સંતોએ ઝીલીને આ શાસ્ત્રો રચ્યા. સાથે સાથે રહેનારા ભેદો, તે ગુણો અને ક્રમે-ક્રમે થતાં ભેદો તે પર્યાયો. નવી... નવી... નવી... ક્રમે એ સાથે પર્યાય નથી, એક પર્યાયની સાથે બીજી પર્યાય એની ન હોય, અનંતગુણની હોય એ જુદી. ક્રમે-ક્રમે ભેદથી થતી અવસ્થાઓ તે પર્યાય છે.

એ અહીં હવે '**સહજજ્ઞાન-**' સ્વભાવિકજ્ઞાન, અવિનાશી જ્ઞાન. પર્યાય નહિ, અવસ્થા નહિ. '**સહજદર્શન-**' સ્વભાવિકસમકિત અથવા દર્શન. જ્ઞાન સાથેનું દર્શન. '**સહજચારિત્ર-**' ત્રિકાળ. વર્તમાન વીતરાગચારિત્ર જે થાય સામાયિક આદિ એ અંતર અનુભવની એ નહિ, ત્રિકાળચારિત્ર. અંદર સ્વભાવમાં અકષાયભાવરૂપ ભાવ એને સ્વભાવિકચારિત્ર કહેવામાં આવે છે. એ નવું પ્રગટતું નથી. છે તે જાતું નથી. આહા..હા..! સહજચારિત્ર-સ્વભાવિકચારિત્ર અંદરમાં સ્વભાવભાવ, સ્વભાવભાવ. માથા ફૂટી જાય એવી વાતું છે. સંસારનું માથુ ફૂટી જાય એવું

છે. એવી વાત છે આ. બેસવું અંદર કઠણ છે. આ શું? આવી વાત શું હશે ધર્મની? બાપા! ધર્મની તો એવી વાતું છે હોં! આબાળગોપાળને સમજાય અને કરી શકાય એ આ છે. બીજી રીતે કહેવા અને કરવા માગે એ બધે ઊંધે રસ્તે છે.

કહે છે, ભગવાન આત્મામાં સ્વભાવિકજ્ઞાન અવિનાશી, સ્વભાવિકદર્શન અવિનાશી, સ્વભાવિકચારિત્ર અવિનાશી. '**સહજપરમવીતરાગ-સુખાત્મક...**' સ્વભાવિક પરમ વીતરાગ આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદસ્વભાવ, સ્વભાવિક પરમવીતરાગ સુખસ્વરૂપ '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...**' ભાવ લીધો છે. જુઓ, પર્યાયને પરસ્વભાવ કીધો, એવો આ ગુણોને સ્વસ્વભાવ કહ્યો. સ્વસ્વભાવ કહીને સ્વદ્રવ્ય કહ્યું. '**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...**' જોયું! એ અંતઃતત્ત્વ ભાવને કહ્યું છે. એ '**આ સ્વદ્રવ્ય...**' એ આ સ્વદ્રવ્ય. એનો '**આધાર...**' આ ભેદ છે. ઘણાં કહ્યાને? એનો આધાર '**સહજપરમપારિણામિકભાવલક્ષણ...**' એકરૂપ ભાવ, એકરૂપભાવ. એ ગુણોનો સ્વભાવ તે આધેય, એકરૂપભાવ તે આધાર. એ આધાર-આધેય વિકલ્પનો પણ છોડી દઈને. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બધી અલૌકિક વાતું છે ૫૦મી ગાથાની.

કહે છે, આ તો સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં (ત્રણકાળ, ત્રણલોક જણાયા એમની વાણી છે). ભગવાન આત્મા સર્વજ્ઞ શક્તિવાળું તત્ત્વ છે. કીધુંને સહજજ્ઞાન. એ સહજજ્ઞાન સર્વજ્ઞજ્ઞાન છે અંદર. સહજદર્શન એ સર્વદર્શીશક્તિ છે અંદર. સહજચારિત્ર એ અકષાય ચારિત્રના ભાવરૂપ ગુણ છે અંદર. સ્વભાવિક પરમ વીતરાગ એ આપણે સુખશક્તિ આવી. એ સ્વભાવિક પરમ વીતરાગ શુદ્ધસ્વરૂપ આનંદસ્વરૂપ સ્વભાવ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા, પણ એ ભાવ છે, એને સ્વદ્રવ્ય કીધું. એનો આધાર એક એમ કહે છે. એવા ભેદનો આધાર અભેદ એક. સહજ આ સ્વદ્રવ્યનો આધાર. જેમ ઓલા પર્યાયને પરસ્વભાવ કહ્યો હતો તો એને પરદ્રવ્ય કહ્યું, આના સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું, ભાઈ! હવે એ સ્વદ્રવ્યનો આધાર અભેદ છે એમ બસ સિદ્ધ કરવું છે. આહા..હા..!

'**સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.**' દ્રવ્ય વસ્તુ. ઓલો ધ્રુવભાવનો ધરનાર ધ્રુવ દ્રવ્ય અભેદ, જેમાં અભેદપણું છે એમાં ગુણના ભેદો નથી. '**સહજપરમપારિણામિકભાવ...**' પરમસ્વભાવભાવ, સ્વરૂપસ્વભાવભાવ સ્વરૂપની હયાતીનો ભાવ એવો જે ભાવ, એનું લક્ષણ છે. કોનું? કારણસમયસાર. આહા..હા..! દ્રવ્ય વસ્તુ. એ સ્વદ્રવ્યનો આધાર સ્વદ્રવ્ય અભેદ. ભેદભાવનો આધાર પણ અભેદ એક. એ કારણસમયસાર છે એ ઉપાદેય છે. શબ્દ ઉપાદેય આમાં ન લીધો. સમજાણું કાંઈ? ગુણમાં લીધો હતો અંદર, ભાવમાં લીધો હતો. સ્વદ્રવ્ય ઉપાદેય લીધું હતું. છેને? ગુણોના પ્રકારમાં સ્વદ્રવ્ય તે ઉપાદેય કહ્યું હતું, પણ એનો આમ આધાર એક છે એટલે એ જ ઉપાદેય છે એમ અહીંયાં કહેવું છે. આહા..હા..! આ તો ભગવાનની વાણીના મહામંત્રો છે. એ ચૈતન્યચમત્કાર ત્રણલોકનો

નાથ અંદર પરમાત્મા પોતે સહજાનંદની મૂર્તિ છે. એવો ભગવાન એકરૂપે અંદર છે તેને અહીંયાં કારણસમયસાર કહે છે. એટલે? કે એને કારણ બનાવે ત્યારે ધર્મના કાર્ય અને મોક્ષનું કાર્ય એને પ્રગટ થાય. આને કારણ ન બનાવે અને બીજાને કારણ બનાવે અને ધર્મ થાય અને ધર્મના ફળરૂપે મોક્ષ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! શાંતિભાઈ! આ તો સમજાય એવું છે હોં! ભાષા સાદી છે, ભાવ ભલે આકરા હોય.

**શ્રોતા :-** ઈજનેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈજનેર છે. કાંઈ ઈજનેરને મોંમાથું હાથ આવે નહિ. ઈજનેર છે તે શું છે? ઠીક, તમારા વખાણ કરે છે. ત્યાં એના અભ્યાસમાં નિપુણ હોય.. આ તો મહા... કહે છે, જે દિશાનું જે જ્ઞાન હોય એનું હોય, આ તો બીજી વાત જ આખી જુદી જાતની. આ એકલા શાસ્ત્રના ભણનારને સમજવું કઠણ પડે એવું છે. સમજાણું કાંઈ? પોતાની કલ્પનાએ શાસ્ત્ર ભણ્યો હોય અને વાંચ્યા અને અર્થ કર્યા હોય એ આ જુદી જાત છે એનાથી. પંડિતજી! એવી વાત.

એ કારણસમયસાર... જે ઓલા સ્વભાવને ઉપાદેય કહ્યો હતો એને અહીં લઈ લેવો. એ સ્વદ્રવ્ય જ આદરણીય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, એ અધિકાર પૂરો થયો આજે. ટૂંકામાં એ કે એની જેટલી દશાઓ છે અવસ્થાઓ તે આશ્રય કરવાલાયક નથી, લક્ષ કરવાલાયક નથી, ઉપાદેય નથી, પરદ્રવ્ય તરીકે ગણીને એને હેય અને લક્ષ છોડવા જેવું છે એમ કહ્યું અને તેને પરસ્વભાવ કહીને એને પરદ્રવ્ય કહ્યું. ભગવાન આત્મા જેનો ધ્રુવસ્વભાવ સહજજ્ઞાન, સહજ આનંદ, સહજદર્શન, સહજવીતરાગચારિત્ર શક્તિ હોં ત્રિકાળીસ્વભાવ, એ ભાવ એને સ્વદ્રવ્ય કહી અને એનો આધાર એકરૂપ કહી, એકરૂપ કારણસમયસાર દ્રવ્ય ધ્રુવ એકરૂપ છે તેને અહીંયાં કારણસમયસાર (કહ્યું). એટલે કે તેના ઉપર દૃષ્ટિ દેવા જેવી છે. બાકી બીજે દૃષ્ટિ આપે કાંઈ ધર્મ થાય એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એ ૫૦મી થઈ.

હવે તમારે કઈ છે? ૧૧૯? ૧૧૯ કળશ છે. ૧૧૯ કળશ પાનું ૧૬૯. છે? ૧૧૯ કળશ. લાલચંદભાઈએ જુદાં-જુદાં તારવ્યા છે કે આવા-આવા બોલો અહીંયા વાંચવા. માખણ-માખણ છે બધા. ૧૧૯ છેને.

(वसंततिलका)

ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति
व्यक्तं सदाशिवमये परमात्मतत्त्वे।
सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-
स्तत्त्वं जिनेन्द्र तदहो महदिन्द्रजालम्।।११९।।

પ્રભુ! આ તારી જાદુગરી ભારે આકરી છે ઈન્દ્રજાળ. નીચે એનો અર્થ છે. '(હવે, આ

૮૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)' છે?

'**શ્લોકાર્થ :-**' એ ૧૧૯ શ્લોકનો અર્થ. '**પ્રગટપણે સદાશિવમય...**' શિવ એટલે નિરંતર કલ્યાણસ્વરૂપ ભગવાન આત્મા. શિવનો અર્થ નિરૂપદ્રવ થાય છે, શિવનો અર્થ કલ્યાણસ્વરૂપ થાય છે. ભગવાન આત્મા ત્રિકાળ કલ્યાણસ્વરૂપ જ છે. જેમાંથી કલ્યાણ પ્રગટ કરવું છે એ સ્વરૂપ કલ્યાણમય છે ત્રિકાળ. જે પ્રગટપણે સદા પ્રગટ જ છે. વસ્તુ છે તે અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે છે, પ્રગટ જ છે, પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંદર એક સમયની દશા વિનાનું તત્ત્વ પ્રગટ શિવમય, સદા શિવમય, સદા નિરંતર કલ્યાણની મૂર્તિ આત્મા તો છે. આહા..હા..! જે કોઈ પ્રાણી કલ્યાણ કરવા માગે છે એનો અર્થ એ કે એની દશામાં અકલ્યાણ છે એ દશાને પલટાવીને કલ્યાણ નવું કરવા માગે છે, તો એ નવું કલ્યાણ આવશે ક્યાંથી? અકલ્યાણ દશા જાય અને કલ્યાણ દશા થાય, એ જાયમાંથી થાય? એ કલ્યાણદશા કલ્યાણમય ભગવાન આત્મા છે એમાંથી આવે છે. ભાવમાંથી ભાવ આવે છે. સમજાણું કાંઈ?

'**પ્રગટપણે સદાશિવમય (નિરંતર કલ્યાણમય)...**' જેને આત્માની કલ્યાણદશા,.. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ કલ્યાણદશા. એનાથી કલ્યાણ થાય છે, પણ એ કલ્યાણદશા આવી ક્યાંથી? કારણ કે કલ્યાણદશા જેને ઉત્પન્ન કરવી છે એને અકલ્યાણ દશા એની દશામાં છે. છે ત્યારે એને અકલ્યાણદશાનો નાશ કરી અને એના સ્થાનમાં કલ્યાણદશાને લાવવી છે. હવે એ કલ્યાણદશા જે લાવવી છે... કલ્યાણદશા કહો કે નિશ્ચયમોક્ષમાર્ગ કહો, જે કલ્યાણનો સાગર ભગવાન છે એમાંથી કલ્યાણદશા પ્રવહે છે. આહા..હા..! પહેલું તો એને નક્કી તો કરે. ધારણા દ્વારા, વિકલ્પ દ્વારા વસ્તુ આવી છે એમ પહેલો નિર્ણય કરે, પછી વિકલ્પ છોડીને નિર્વિકલ્પનો અનુભવ કરવો એ તો એનું ફળ. એ (સમયસારની) ૭૩ ગાથામાં આવી ગયું. સમજાણું કાંઈ?

'**એવા પરમાત્મતત્ત્વને...**' એવું પરમાત્મતત્ત્વ જે ધ્રુવ પરમાત્મ-પરમસ્વરૂપ. ત્રિકાળી પરમસ્વરૂપ ધ્રુવસ્વરૂપ એવા તત્ત્વને '**વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' એવા તત્ત્વમાં ધ્યાનની પંક્તિ, ધ્યાનની પરંપરા એ શુદ્ધધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન એવી દશાની પરંપરા એ શુદ્ધનય ધ્રુવતત્ત્વમાં એ ધ્યાનાવલી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો પર્યાયમાં ધ્યાન આવી ગયું હતું. આ તો બીજી રીતે શબ્દ કરીને (કહે છે). ભગવાન પરમતત્ત્વ, પરમ શિવ નિરૂપદ્રવ કલ્યાણમૂર્તિ પ્રભુ આત્મા, એનો નિજસ્વભાવ, નિજ ધ્રુવતત્ત્વ એવા કલ્યાણમય પ્રભુમાં ધ્યાનની અવસ્થાના જે પ્રકારો એ ધ્યાનાવલી, ધ્યાનની ધારાઓ, પ્રકારો એ ત્રિકાળી ધ્રુવને કહેનાર જ્ઞાન એમાં એ કહેતું નથી. અંદરમાં એ ધ્યાનાવલી નથી. આહા..હા..! આ ધ્યાન સમ્યક્ ધ્યાનની વાત છે હોં! ધર્મધ્યાન, શુક્લધ્યાન. ધર્મધ્યાન નિર્મળ થોડું છે, શુક્લધ્યાનમાં નિર્મળતા શુક્લ નામ ઘણી છે. એવી શુદ્ધતા જે પરમ આનંદમય

ધર્મધ્યાન અને પરમ આનંદમય શુક્લધ્યાન એવી ધ્યાનની અવસ્થાઓ પણ પરમસ્વરૂપમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. શુદ્ધનય જે ધ્રુવને કહે છે, એ શુદ્ધનય જે જ્ઞાનનો શુદ્ધ ભાગ ધ્રુવને અવલંબે છે એ શુદ્ધનય ધ્યાનાવલીની દશા ધ્રુવમાં નથી એમ કહે છે. ધ્યાન પણ નાશવાન છેને? એ ૩૨૦મી ગાથામાં આવી ગયું છે આપણે. પર્યાય છે એ. નિર્મળ ધ્યાન હોં, પણ એ પર્યાય નાશ થઈને કેવળજ્ઞાન થાય છે. ધ્યાન અવસ્થા જે છે એ તો ક્ષણિક છે, પણ ધ્રુવ ભગવાન જે આત્મા છે એ તો ત્રિકાળી છે. એ ત્રિકાળીમાં ધ્યાનની અવસ્થાનો પ્રવેશ શુદ્ધનય ધ્રુવદૃષ્ટિ, ધ્રુવભાવને જાણનાર (એ એમ જાણે છે કે) મારામાં ધ્યાનાવલી નથી. એ ધ્યાન નથી એમાં. પ્રકાશદાસજી! એ તો આવી ગયું છે. પર્યાયમાં આવ્યું હતુંને? જેટલી પર્યાયો છે એ એમાં નથી. પર્યાયમાં ધર્મધ્યાન એ પણ પર્યાય છેને. નિર્મળ શુદ્ધ નિર્વિકલ્પ ધ્યાન હોં! રાગના અવલંબન વિનાનું ત્રિકાળી જ્ઞાયક ધ્રુવને ધ્યેય કરીને ધ્યાન થાય તે ધ્યાન પણ દશા છે, અવસ્થા છે, હાલત છે. તો ધ્રુવને જાણનાર નય અથવા ધ્રુવ પોતે શુદ્ધનય છે, એ ધ્યાનાવલી એમાં છે એની ના પાડે છે કે એમાં ધ્યાન-બ્યાન છે નહિ. આહા..હા..!

'**તે છે એમ વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.**' જુઓ, આટલું આવ્યું. એ પર્યાયને કહેનાર જે વ્યવહારનય છે એ કહે છે કે છે પર્યાયમાં, ધ્રુવમાં એ છે નહિ. હવે એનું જરી થોડું છે. અત્યારે સંકેલાશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૨૬-૦૩-૧૯૬૯,
## ગાથા-૫૦, પ્રવચન નં. ૭૫૫

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ કોને કહેવો? કે જે શુદ્ધભાવ આત્મામાં ત્રિકાળી છે અને જેનો આશ્રય કરવાથી જીવને શાંતિ સમ્યગ્દર્શન આદિ ધર્મ થાય છે, એ વસ્તુ શું છે? ઉપાદેય અને હેય શું છે એનું આમાં કથન છે.

'**ટીકા :- આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે. જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' શું કહે છે? આત્માની અંદર જે કાંઈ વર્તમાન પર્યાય, અવસ્થા નિર્મળ હો કે રાગાદિ હો, એ બધાને અહીંયાં વિભાવગુણપર્યાય કહેવામાં આવે છે. ભગવાન આત્મા એ ત્રિકાળી આનંદ અને જ્ઞાનસ્વભાવની મૂર્તિ વસ્તુ છે એનાથી એક સમયની પર્યાયમાં વર્તમાન અંશ પ્રગટ નિર્મળ આદિ દશા કે પુણ્ય-પાપના વિકલ્પોનો વિકારીભાવ, એ બધા આત્મામાં વિભાવ-વિશેષ ગુણની એટલે પર્યાયો તે ભેદરૂપ શક્તિની અવસ્થાઓ છે. (તેને)

**'વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...'** વર્તમાન તે દશામાં અસ્તિપણે શુદ્ધતા અવસ્થાની, પવિત્રતાનો અંશ અને રાગાદિ ભાવ એ જાણવાલાયક અપેક્ષાએ ૪૯મી ગાથામાં ઉપાદેય નામ આદરવાલાયક છે એમ કહેવામાં આવ્યું હતું. **'પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...'** જુઓ, અહીંયાં શુદ્ધનિશ્ચયનય. એ ત્રિકાળી ભગવાન આત્માનો સ્વભાવ, આનંદ અને જ્ઞાન અને શાંતિથી ભરેલો ત્રિકાળીસ્વભાવ એની દૃષ્ટિના બળે **'તેઓ હેય છે.'** આત્માના ત્રિકાળીસ્વભાવના દૃષ્ટિના અંતરના બળે એક સમયની અવસ્થા પ્રગટ ધર્મ હો કે રાગ હો, એ બધી આશ્રય કરવાલાયક નથી, તેથી તેને હેય કહેવામાં આવી છે. આવે છેને. હળવે-હળવે થાય છેને.

આ ભગવાન આત્મા... અહીં પહેલાં હેયની વાત કરી છે, પણ કોના બળે? આગળ કહેશે હજી કે આત્માનો કાયમી અનંત જ્ઞાન-દર્શન-આનંદના સ્વભાવરૂપ સ્વદ્રવ્ય અને એ સ્વસ્વભાવ કાયમી અસલી ધ્રુવભાવ એને જ્યારે એણે સ્વદ્રવ્ય કહ્યું, સ્વભાવ છે, પૂર્ણ સ્વભાવ છે એ વાત એણે લક્ષમાં લીધી નહિ. આમ એણે અભિમાન કર્યા છે કે અમે જાણ્યું છે અને અમે સાંભળ્યું છે અને અમને સમજાય છે. ખબર છે એમ અભિમાન કર્યા છે એણે, પણ એથી કરીને કાંઈ જન્મ-મરણ મટે એમ નથી. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં જે શુદ્ધનિશ્ચયના બળે એમ જે કહ્યું, એ શુદ્ધસ્વભાવ આનંદ જે નિત્યાનંદ પ્રભુ આત્મા છે એવો જે સ્વભાવ એને અહીંયાં સ્વદ્રવ્ય કહેશે. કોની અપેક્ષાએ? ઓલી અવસ્થા જે નિર્મળ થાય અને રાગાદિ થાય એવી દશાને જ્યારે પરભાવ કહી અને પરદ્રવ્ય કહ્યું ત્યારે ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ અને શાંતિ અનંતગુણનો સ્વભાવરૂપભાવ એને સ્વદ્રવ્ય કહી એક સમયની નિર્મળ અવસ્થાને, રાગાદિને પરદ્રવ્ય ભાવને કહ્યા. ત્યારે ત્રિકાળી આનંદ સ્વભાવ ભગવાન જે વસ્તુ અવિનાશી ત્રિકાળ છે તેનો સ્વભાવ જે ત્રિકાળી એને અહીંયાં સ્વદ્રવ્ય ગણીને સ્વદ્રવ્ય હોં, ભાવ છે એને સ્વદ્રવ્ય કીધું છે. એને લક્ષમાં લેવું, બાપા! એ વાત કોઈ અપૂર્વ છે. એમ ને એમ સાંભળે જાય અનંતકાળથી... અગિયાર અંગ એણે કર્યા મોઢે કંઠસ્થ, બાપુ! એના જન્મ-મરણના અંતની કોઈ ચીજ બીજી છે.

કહે છે કે પોતાનો જે સ્વભાવ ભગવાન આત્મા અવિનાશી નિત્ય તો એનો જે સ્વભાવ પણ અવિનાશી નિત્ય. એ અવિનાશી નિત્યસ્વભાવ અને એને ધરનાર જે દ્રવ્ય એટલે વસ્તુ એના બળે, એના આશ્રયના બળે, એનો આધાર લઈને એના બળે એક સમયની અવસ્થા ચાહે તો ક્ષાયિકસમકિત હો, નિર્મળ વીતરાગી ચારિત્રની પર્યાય એક સમયની દશા હો, તેને અહીંયાં વિભાવગુણપર્યાયો કહેવામાં આવ્યા છે. વિશેષ ગુણની અવસ્થાઓ એ છે. કાયમનો અસલી સ્વભાવ એ નહિ. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? કહે છે કે એ એક સમયની અવસ્થા નિર્મળ હો, આનંદદાયક હો કે રાગવાળી હો, એ બધી દશાઓને વિશેષ શક્તિની અવસ્થારૂપ, ગુણરૂપ વિશેષ અવસ્થારૂપ ગણી એને હેય કહી છે (એટલે કે) એનો

આશ્રય કરવાલાયક નથી.

**'શુદ્ધનિશ્ચયનયના બળે...'** એટલે ત્રિકાળી ભગવાન આત્મા એના સ્વભાવ ત્રિકાળી અને સ્વભાવરૂપ એક વસ્તુ, જે અહીંયાં આધાર પરમસ્વભાવ કહેશે, પરમપારિણામિકભાવ, એની દૃષ્ટિના બળે, એનો આશ્રય લઈ એના બળે એક સમયની અવસ્થાને લક્ષમાં લેવા જેવી નથી તેથી તેને હેય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? આ કાંઈ વાર્તા નથી, બાપુ! કથા નથી કે ઝટ દઈને પૂરું થઈ જાય. આ તો અનંત ભગવાન પરમાત્મસ્વરૂપ પોતાનું છે. **'अप्पा सो परम अप्पा'** આત્મા જ પોતે **'परम अप्पा'** એટલે પરમસ્વરૂપનો દરિયો સાગર ચૈતન્ય રત્નાકર છે. એણે સાંભળ્યું છે શબ્દેથી અને બીજાને કહેવામાં એની હોંશું પણ વર્તી છે, પણ એ સ્વભાવસન્મુખની હોંશ કરીને નિશ્ચયના બળ કર્યા નથી એણે. જે અનંતકાળમાં એણે એક સમય પણ એ કર્યું નથી. સમજાય છે કાંઈ?

કહે છે, એક સમયની વર્તમાનદશા હાલત જેને પર્યાય કહો, હાલત કહો, અવસ્થા કહો એ ત્રિકાળી અવસ્થાયી ભગવાન આત્મામાં અવસ્થાયી રહેલા આનંદ અને જ્ઞાનાદિ આદિ અનંત ગુણ સ્વભાવનો દરિયો ભગવાન એના અંતરમાં સન્મુખના બળે એક સમયની અવસ્થાને, નિર્મળ હો કે મલિન હો તેનું લક્ષ કરવા જેવું નથી. તેથી તેને સ્વના આશ્રયના બળથી તે દશાનું લક્ષ કરવા જેવું નથી, માટે હેય કહ્યું છે. સમજાય છે કાંઈ? અલૌકિક વાતું છે, ભાઈ!

કહે છે, **'શા કારણથી?'** સ્વભાવ ભગવાન આત્મા... એ ભાવ તો એણે શબ્દેથી તો સાંભળ્યા છે અનંતવાર. મનુષ્યપણું તો અનંતવાર પામ્યો છે, જ્ઞાનીના યોગમાં પણ અનંત વાર ગયો છે, પણ એનો પોતાનો યોગ સ્વરૂપનો યોગ કરવો અંતરમાં એ વાત એણે એક સેકન્ડ કેમ કરાય તેની વિધિની એને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એ ભગવાન આત્મા... સર્વાર્થસિદ્ધના દેવો એની ૩૩ સાગરની સ્થિતિ છે. મોટી લાંબી વાતું છે. એ શાસ્ત્રની સ્વાધ્યાય અસંખ્ય અબજ વર્ષ સુધી કરે છે. સમજાય છે કાંઈ? સ્વર્ગના આખિર ઊંચી સ્થિતિવાળા દેવ છે જેને સર્વાર્થસિદ્ધ કહે છે. સર્વાર્થસિદ્ધિ થઈ નથી, પણ સ્વર્ગની છેલ્લામાં છેલ્લી સ્થિતિને પામેલ ધર્માત્મા આત્માના આનંદના ભાનમાં રમતા કાંઈક બાકી રાગ રહી ગયો વિકલ્પ એનું પુણ્ય બંધાઈ ગયું અને એમાં સર્વાર્થસિદ્ધમાં ગયા. એની મોટી સ્થિતિ છે ૩૩ સાગરની સ્વર્ગની. આ બધું કાંઈ યુક્તિથી સિદ્ધ કરવા જાય તો વાર લાગે. એમ છે વસ્તુ હોં! સમજાય છે કાંઈ? એમાં ૩૩ સાગર. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો કાળ જાય અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા ૩૩ સાગર સુધી એણે શાસ્ત્રની સ્વાધ્યાય (કરી છે). આત્માના ભાનવાળા છે. આત્મા અખંડાનંદ પ્રભુ એનો અનુભવ છે, વેદન છે, સમજાય છે કાંઈ? સ્વર્ગના દેવોને. એ ૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે છે વિકલ્પથી પણ અંતે કહે (છે), આ વિકલ્પને તોડીને

પૂર્ણ સ્થિર થશું ત્યારે આનો સ્વાધ્યાયનો પાર આવશે. સમજાય છે કાંઈ? એટલે થોડી સ્વાધ્યાયમાં જેને કંટાળો આવે છે એને આવી સ્વાધ્યાય અનંતકાળ અસંખ્ય અબજ વર્ષ સ્વાધ્યાય કરવી એ તો એને કંટાળો લાગે. કેમકે એને આત્મા શું ચીજ છે? આનંદમૂર્તિ પૂર્ણાનંદનો નાથ એ કેમ છે? કઈ રીતે (છે)? શબ્દ કાને ભલે પડે, પણ એના ભાવનું ભાસન ન થાય ત્યાં સુધી એની અપૂર્વ મહિમા ન આવે અને એના વિકલ્પમાં એ પ્રકારના સ્વાધ્યાયનો પણ વ્યવહારે પણ મહિમા આવે નહિ. સમજાણું કાંઈ?

કહે છે એ ભગવાન આત્મા સત્ શાશ્વત અને એના શાશ્વત અનંત શક્તિ-સ્વભાવરૂપ ધ્રુવ એના નિશ્ચયના બળે, એના બળે, એનો આશ્રય લઈને એના આધારબળે એક સમયની અવસ્થાને હેય કહેવામાં આવી છે. સમજાય છે કાંઈ? **'શા કારણે? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...'** ન્યાય સમજો. ભાઈ! ભગવાન પોતે અનંત બેહદ અપરિમિત જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત-અનંત ગુણના સ્વભાવના ભાવસ્વરૂપ છે. એવા અનંત સ્વભાવના ભાવસ્વભાવની અપેક્ષાએ એક સમયની દશાને પરસ્વભાવો કહેવામાં આવ્યા છે. ન્યાય સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયની ચીજ નિત્યાનંદ પ્રભુ અને એમાં રહેલા ગુણો, શક્તિઓ, સ્વભાવો એ પણ સંખ્યાએ અનંત અને એક એક ગુણની શક્તિ અનંત એવા સ્વભાવભાવની અપેક્ષાએ એક સમયની દશાને પરસ્વભાવ, પરભાવ કહેવામાં આવ્યા છે. ભારે વાતું ભાઈ આવી. પણ કાંઈક નવું નવું કહોને. બસ! આ જ નવું છે બાપુ! બીજું નવું શું છે? આહા..હા..! ઘણાને તો એમ લાગે કે આ તો એની એ વાત છે. ભગવાન! એની એ નથી, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એની સૂક્ષ્મતાના ન્યાયમાં એનું લક્ષ ન જાય તો સ્થૂળતાએ 'એની એ વાત છે' એમ એને લાગ્યા કરે છે. અનંતકાળ થયો એને. કહે છે, ભાઈ! તું લક્ષ કરીને જો, એમ ને એમ નહિ.

આત્મા જ્યારે વસ્તુ અને વસ્તુનો સ્વભાવ કાયમી સ્વભાવ, એક એક શક્તિનો અનંત સ્વભાવ એવી અનંત અનંત શક્તિ એની મર્યાદા વિનાના ગુણો અને એની એક એક શક્તિની મર્યાદા વિનાનું સામર્થ્ય, એવા ત્રિકાળી સ્વભાવના બળે અંતરના બળે એક સમયની દશાને હેય નામ છોડવાયોગ્ય કહી છે એનું શું કારણ? કે **'તેઓ પરસ્વભાવો છે,...'** સમજાય છે કાંઈ? અરે! સમજે છે તો આઠ વર્ષની શરીરની સ્થિતિવાળી બાળિકા પણ અનુભવ કરી લ્યે છે. આઠ વર્ષની શરીરની સ્થિતિની બાળિકા. આત્માને તો સ્થિતિ છે ક્યાં. જડનું શરીર નાનું હોય સ્ત્રીના આકારનો દેહનો આકાર હો, એ આત્મામાં ક્યાં છે? આત્મા તો દ્રવ્યવેદ અને ભાવવેદના વિકાર વિનાનો તેને આત્મા કહેવામાં આવે છે. શરીરની આકૃતિ તો એનામાં નથી, પણ દ્રવ્યવેદનો આકાર અને જે ભાવવેદનો વિકલ્પ એ વસ્તુ સ્વભાવમાં નથી, એને આત્મા કહીએ. કારણ કે વિષયની વાસનાનો વિકલ્પ કાંઈ આત્મા નથી, એ તો આસ્રવ અને રાગ અને વિકારીભાવ છે. અને શરીરની આકૃતિ એ તો જડનો આકાર, માટીનો આકાર

છે. સ્ત્રીનો આકાર હો કે પુરુષનો હો કે પાવૈયાનો હો, એ તો જડનો છે, આ તો માટીનો છે, ભગવાન આત્મામાં એ આકાર નથી. તેમ એ વિષયની વાસનાનો વિકલ્પ જે વેદન વેદનો આવે, ભગવાન સ્વભાવભાવમાં નથી. એનો જે સ્વભાવ નિર્વિકાર નિર્વેદ ચિદાનંદ પ્રભુ એવો જે કાયમી સ્વભાવભાવ જેને અહીંયાં સ્વદ્રવ્ય કહેશે, ભાઈ! ઓલા સ્વભાવભાવને સ્વદ્રવ્ય કહેશે. ઓલું દ્રવ્ય પછી એને કારણસમયસાર કહેશે. અહીં સ્વભાવ કાયમનો એ સ્વદ્રવ્ય એની અપેક્ષાએ એક સમયની પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહા..હા..! આ કાંઈ એક-બે વાતે પાર પડે એવું નથી. એ તો અલૌકિક વાત છે, ભગવાન! શું કહીએ એની વાત. આહા..હા..! વચનાતીત વાત, વિકલ્પાતીત વાત એને વિકલ્પમાં આવીને વચનમાં લાવે તો બહુ થોડી વાત આવે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** થોડી પણ સારી વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થોડી પણ એવી જ આવે. એવી વાણીમાં તાકાત છે, આત્મામાં નહિ હોં! એ વાણીમાં સ્વપર વાર્તા કહેવાની વાણીમાં તાકાત છે. આત્મા સ્વપર વાર્તાને જાણે પણ કરે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે તેઓ હેય કેમ છે? એક સમયની દશા અને રાગાદિ છોડવાયોગ્ય કેમ છે? કે એ તો નિશ્ચયના બળે છોડવાયોગ્ય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ સ્વભાવનો આશ્રય લેતા તેનો આશ્રય રહેતો નથી, લક્ષ રહેતું નથી તેથી તેને છોડવાયોગ્ય કહ્યા. પણ છોડવાયોગ્ય કહ્યા કેમ? એ પરસ્વભાવ છે. ક્ષાયિકભાવ, ઉપશમભાવ એ બધા પરભાવ છે, પરસ્વભાવ છે. આહા..હા..! પુણ્ય-પાપના વિકલ્પોને રાગને તો પરભાવ કહ્યો, પણ અહીં તો પરસ્વભાવો એને કહ્યા.

ભગવાન આત્મા અરે! એની એને કોઈ દિ' દયા પણ આવી નથી. હું શું છું? ક્યાં છું? શું થશે મારું? આ ચોર્યાસીના અવતારમાં ક્યાં જઈશ? નિત્ય છે એ આત્મા. ભાન વિના ભાનની દશા વિના અભાનની દશાથી તો ચોર્યાસીના અવતારમાં ક્યાંય રખડશે, ક્યાં જશે, ક્યાં ઊપજશે એની એને ખબર નથી. કહે છે કે ભાઈ! ચોર્યાસીનું મહારણ છે પડ્યું મોટું હોં. એને ટાળવાનો ઉપાય હોય તો કહે છે કે ભગવાન આત્મા એની એક સમયની દશામાં જ્ઞાન અને આનંદની અવસ્થા ને રાગ હોય એ પણ લક્ષ કરવાને, આશ્રય કરવાલાયક નથી. અહીંનું વિરુદ્ધનું એક પુસ્તક લખાય છે કે આ દ્રવ્યનો આશ્રય કહે છે. નહિ, ક્ષાયિક ભાવનો આશ્રય હોય, આમ હોય એવું લખાય છે. કરો, બાપા કરો ભાઈ! એની સામે આવેને. એ શું ખબર નથી. કારણ કે આત્મામાં જે ક્ષાયિકભાવ થાયને કેવળજ્ઞાન આદિ એ આશ્રય કરવાલાયક છે. પણ ભગવાન! કેવળજ્ઞાન તો તને નથી, કોનો આશ્રય કરીશ? ક્ષાયિકભાવનું કોઈ સમકિત થાય, પણ આવી શ્રદ્ધાવાળાને ક્ષાયિકસમકિત હોય નહિ.

એક સમયનો ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વભાવ, અહીં સ્વભાવને સ્વદ્રવ્ય કહે છે હોં

ધ્યાન રાખજો. વસ્તુને સ્વદ્રવ્ય નહિ, સ્વભાવને સ્વદ્રવ્ય. પર્યાયને પરદ્રવ્ય કહેવું છે, પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહેવું છે, ત્યારે ત્રિકાળી સ્વભાવના ભાવને સ્વદ્રવ્ય, સ્વભાવ કહીને તેને સ્વદ્રવ્ય કહેવું છે. ધ્યાન રાખજો. આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે અરે! આના અભિમાન શા? એના જાણપણાના અભિમાન શા? એને અમે કહી શકીએ છીએ દુનિયાને એ વાણીના સ્વામીપણા શા? ભગવાન આત્મામાં એ નથી, પ્રભુ! આહા..હા..! એ અવાજને કાળે અવાજ નીકળે છે, ભાઈ! અવાજનો આત્મા કર્તા નથી, પણ અવાજના નીકળવા કાળે જે વિકલ્પ ઉઠે એનો એ આત્મા સ્વામી નથી, એ પરભાવ છે એમ કહે છે. અરે! એ તો પરભાવ, પણ તે વિકલ્પનું જ્ઞાન સ્વના આશ્રયે જ્ઞાન કર્યું તેમાં વિકલ્પનું જ્ઞાન થયું એ સ્વપરપ્રકાશની જ્ઞાનની પર્યાય પણ હેય છે, લક્ષ કરવા જેવી નથી. આહા..હા..! એને ક્યાં જોર દવું અને ક્યાંથી ખસવું એની ખબર નથી. જેઠાલાલભાઈ!

ભગવાન આત્મા... કહે છે એ '**પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.**' એમ કીધુંને, ભાઈ! '**તેથી જ પરદ્રવ્ય છે.**' જુઓ, એ કથનની શૈલી તો જુઓ ખરા અધ્યાત્મની શૈલી. ઓહો..હો..! ભગવાન! તારા એક અંશની અવસ્થા જે કાંઈ થાય, નિર્મળ હો કે મલિન હો, એને ભગવાને પરસ્વભાવો કહ્યા છે. પરસ્વભાવો કોની અપેક્ષાએ? ત્રિકાળી આનંદકંદ અવિનાશી સ્વભાવ ધ્રુવસ્વભાવની અપેક્ષાએ તેને પરસ્વભાવ કહ્યા. અને જ્યાં એ ધ્રુવસ્વભાવ છે તેને સ્વદ્રવ્ય કહેશે ત્યારે તેની અપેક્ષાએ પરભાવને પરદ્રવ્ય કહેવામાં આવે છે. વાત તો સીધી આવે છે, પણ હવે માણસને એમાં કેટલાક કહે કે પણ આવું તો બહુ ઝીણું પડે! કેટલાક કહે કે ભાઈ! એનું એ આવે છે. ભાઈ! એનું એ આવે છે, બાપા! શું કરવું છે તારે? આહા..હા..! ભાઈ! એનું એ તેં જાણ્યું નથી એથી તને એનું એ લાગે. એના પડખાને ન્યાયે ક્યા ક્યા પડખા ફેરે વાત આવે છે એની સૂક્ષ્મતાથી તને ખ્યાલ આવતો નથી, (તેથી) એનું એ આવે એમ લાગે છે. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયે પર્યાયે નવીનતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયે પર્યાયે નવીનતા છે ભાઈ! તને ખબર નથી. જો નવીનતા અને વિવિધતા ન લાગે તો એની પર્યાય જ્યાં પડી છે ત્યાં પડી છે, એની વિવિધતાનો એને વિસ્મય આવતો નથી. સમજાણું કાંઈ?

દેહમંદિરમાં ભગવાન બિરાજે છેને પ્રભુ! એવો ભગવાન અનંતગુણનો ખજાનો કાયમી અસલી સ્વભાવવાળો, ધ્રુવ સ્વભાવવાળો ત્યારે તેની અપેક્ષાએ એક સમયની દશાને પરસ્વભાવ કહી અને તેને પરદ્રવ્ય (કહ્યું છે). એ પાઠમાં એમ છે કે '**परदव्वं परसहावमिदि हेयं**' પદ એમ છે. એની સંધિ તો પદ્ય છે. પદ્ય છે એટલે આમ રચના શબ્દની થઈ છે, પણ પદ્યનો અન્વયાર્થનો ભાવ એ ટીકામાં મૂક્યો કે પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે એમ કહ્યું. પરદ્રવ્ય છે માટે પરસ્વભાવ છે એમ નહિ. ન્યાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવી

એની એક અંશની ઋદ્ધિ અને એક ત્રિકાળી ઋદ્ધિ. આ તો બધું પર હાડકા, ચામડા, માટી. એની તો દશા કાંઈ તારી દશામાં નથી અને એની દશામાં તું નથી. કેમ બેસે? એને આ એવું એકમેક થઈ ગયું છેને જાણે.

અહીં તો ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ એમ કહે છે કે ભાઈ! એક સમયની દશા શુદ્ધનિશ્ચયના બળે હેય કહી છે. એમ ભાષા વાપરી છેને, ભાઈ! શુદ્ધનિશ્ચયના બળે સ્વભાવ, સ્વભાવ એના અંતર બળે આ પર્યાય જે છે, ચાહે તો નિર્મળ હો કે રાગ હો, એને ત્રિકાળ સ્વભાવના નિશ્ચયના બળે હેય નામ છોડવાયોગ્ય કહી છે. કેમ કીધું છોડવાયોગ્ય? કે એ બધા ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એક સમયની દશાને પરસ્વભાવ કહીને તેથી તે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? આવી વાત! કાંઈક વાર્તા હોય, કથા હોય તો (સમજાય). ભગવાન! તારા આત્માની વાત છે, નાથ! પણ શું થાય? એની એને ખબર પડે નહિ. એવા પલાખા તો ઘણીવાર શીખ્યો. અગિયાર અંગ અને બધા લાખો માણસને ઉપદેશ આપ્યો. ધૂળ ઉપદેશ કોણ કરે? બાપુ! તને ખબર નથી.

અહીં તો ભગવાન પરમાત્માનું સ્વરૂપ, એના ત્રિકાળી સ્વભાવના સ્વરૂપ, સ્વભાવ, સ્વગુણ, અવિનાશી ત્રિકાળ સ્વભાવ એ જ્યારે ઉપાદેય છે, એના આત્મબળે જ્યારે આદરણીય કરવાલાયક છે તો તેની અપેક્ષાએ એક સમયની દશાને હેય કહેવામાં આવી છે. કેમ? કે તે પરસ્વભાવ હોવાથી ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એક સમયની દશા પરસ્વભાવ હોવાથી, ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ હોવાથી તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. ભારે વાત! સમજાણું કાંઈ? લ્યો આ ચૈત્રસુદ નોમ છે. રામનોમ છે. આત્મરામ. રામચંદ્રજી મોક્ષ પધાર્યા છે. પૂર્ણાનંદની દશા પ્રાપ્ત છે, પૂર્ણાનંદ આત્માની દશા. સમજાણું કાંઈ? અને આ રીતે દશા પ્રાપ્ત પૂર્ણ થાય છે.

**શ્રોતા :-** નવનો આંકડો ફરે નહિને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છેને. જુઓ, ચૈત્ર સુદ નોમ છે. આહા..હા..! આપણે પહેલાં આવ્યા ત્યારે ચૈત્ર સુદ નોમે આવ્યા હતા, ૯૫માં પરિવર્તન પછી આવ્યાને પહેલાં ત્યારે ચૈત્ર સુદ નોમે આવ્યા હતા. ૯૫. ૩૦ વર્ષ થયા. ચૈત્ર સુદ નોમે પહેલાંવહેલાં પરિવર્તન પછી. આ તો આવી ગઈ છે રામનોમ. આતમરામ. જેને આત્માની દશા પૂર્ણાનંદની પ્રગટ થઈ તેના અવતાર સફળ છે એમ કહે છે. એની જન્મજયંતિ ગણવામાં આવે છે. કહે છે... આહા..હા..!

નાની ઉંમરના હતાને જ્યારે રામચંદ્રજી ત્યારે એની ભાવના પૂર્ણાનંદની હતીને થવાની. એકવાર બેઠા હતા આમ અગાસીમાં. બાળક હતા આટલા નાના. ઉપર ચંદ્ર જોવે, ચંદ્ર જોતા આમ આમ કરે. જરી રોવું આવ્યું. દશરથ જોવે છે. રામ પરમપુરુષોત્તમ પુરુષ છે. આ બાળક કેમ આમ કરે છે? દિવાન! શું કરે છે આ? અન્નદાતા! હું રાજની વ્યવસ્થા કરું કે બાળકને સમજાવું? દિવાન કહે છે. હું બાળકને સમજાવું? પણ આ કેમ છે? મહાપુરુષ છે, ઉત્તમપુરુષ

છે, છેલ્લો દેહ છે. એનો આ દેહે મોક્ષ છે. એને આ શું બાળકપણે આમ કરે છે આ? વાત તો એ હતી પૂર્ણ પરમાત્મસ્વરૂપ જે પરમાત્મદશા સિદ્ધદશા છે એને જાણે હેઠે ઉતારવી હોય એમ પોતે લક્ષમાં લેતા હતા. એટલે આમ ચંદ્ર સામું જોઈને જાણે ચંદ્ર મારા ગુંજામાં આવી જાય, એમ. દિવાન નક્કી કરો શું કરે છે? ઠીક! એને ખ્યાલ આવ્યો કે આ ચંદ્રને હેઠે ઉતારવા માગે છે. હાથમાં અરીસો આપ્યો. ચંદ્ર આવ્યો અરીસામાં, નાખ્યો ગુંજામાં. પૂર્ણ દશાની પ્રાપ્તિ એ ભવમાં થવાની છેને, એની ઝંખના હતી અંદર. અવ્યક્તપણે પણ ચંદ્ર ઉતરે અહીં એટલે 'પૂર્ણ પરમાત્મા મારી દશામાં આવી જાય' એવી ભાવના રમતુંમાં પણ એને હતી. સમજાય છે કાંઈ? એ રમતું પૂરી કરી એ ભવે. અનંત આનંદના નાથ પૂર્ણ દશા પૂરી થઈ, અવતાર હવે છે નહિ. એવા આત્મરામની આ વાત છે. બધા આત્મરામ જ છે ભગવાન બધાય.

'નિજપદે સો રામ કહીએ.' આનંદઘનજી કહે છે, ભાઈ! 'નિજપદ રમે સો રામ કહીએ.' આનંદઘન ભગવાન આત્મામાં રમે તેને રામ કહીએ. આ રાગ આદિમાં રમે તેને હરામ કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આવી મોટી વાતું આ સાધારણ જનતાને? પ્રભુ! સાધારણ નથી, નાથ! તને સાધારણ કેમ લાગે છે? તારી પર્યાયમાં તને પામરતા લાગી હોય તોપણ સ્વભાવમાં તો પૂર્ણ પ્રભુ છો. ઈ અહીં કહે છે.

પૂર્ણ પ્રભુ શક્તિ અનંતી છે એની અપેક્ષાએ એક સમયની પ્રગટ થયેલી આનંદ અને ક્ષાયિકસમકિતની દશા પણ એને અમે પરસ્વભાવ કહીને એને અમે પરદ્રવ્ય કહીએ છીએ. આહા..હા..! અભેદજ્ઞાન તો જુઓ આ! કહો, નવરંગભાઈ! અરે! ભાઈ! આવી વાતું કાને પડતા કલાક વિકલ્પ થાય એ પણ જુદી જાતનું પુણ્ય બાંધે. આ એવી ચીજ છે. શું કહીએ? સમજાય છે કાંઈ? એનો એક કલાક આનું લક્ષ રહેને તો એ વિકલ્પ છે. છે તો વિકલ્પ, પણ એનું પુણ્ય પણ જુદી જાતનું બંધાય. અલૌકિક પરમસત્ય આવું છે એવું જે કાને પડતાં લક્ષમાં આવે છે વિકલ્પ, એના પુણ્યબંધમાં ભવિષ્યમાં સાચા સંત અને સાચા ભગવાનનો યોગ થાય એવું એને પુણ્ય બંધાય છે. સમજાણું કાંઈ? આ પુણ્ય પુણ્ય લોકો કરે છેને? પણ આ કાંઈ પુણ્ય ઓછું છે? જો તો ખરો, સાંભળ તો ખરો. આહા..હા..!

**શ્રોતા :-** એ માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ માને એમાં શું છે? ભાઈ! જેને પુણ્યના પ્રેમ તેને ભગવાન પવિત્રતાનો પ્રેમ નથી એમ કહે છે જુઓને. જેને પુણ્યના વિકલ્પોનો પ્રેમ છે તેને પ્રભુ પવિત્રતાનો નાથ છે તેનો તેને અનાદર છે. સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ પોતે એનો જેને પ્રેમ લાગ્યો છે એને એક સમયની દશા તેને હેયપણે પરભાવ ગણીને, પરદ્રવ્ય ગણીને હેય ગણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.'** એમ કહ્યુંને? હવે એની સામે. 'સર્વ

**વિભાવગુણપર્યાયોથી રહિત...**' હવે ઓલો સ્વભાવ શું અને સ્વદ્રવ્ય શું? સમજાય છે કાંઈ? એ શબ્દે શબ્દે અંદર ભાવ ભર્યા છે, ભાઈ! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો આત્માના અંતરના વિકાસના ખજાના કેમ ખીલે અને ખુલે એની વાત છે. આ કોઈ સંપ્રદાયની કે પક્ષની વાત નથી. એ તો વસ્તુના સ્વભાવની વાત છે આવી. કહે છે કે જ્યારે એક સમયની દશાને પરસ્વભાવ ગણીને પરદ્રવ્ય કહ્યા, માટે તેને હેય કહ્યા. એમ કહ્યુંને? હવે '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' રાગનો ભાવ અને વર્તમાન દશા જે નિર્મળ આદિ હો, એ બધી વિશેષ દશાઓ છે, તે વિભાવ વિશેષના ગુણની દશારહિત એવી પર્યાયરહિત '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' જુઓ, શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ ભાવ લીધો છે, ભાઈ! આહા..હા..! શુદ્ધ અંતઃતત્ત્વ-ભગવાન આત્મા એનું તત્ત્વ અંતરનું. આનંદ, જ્ઞાન, શાંતિ, બેહદ સ્વભાવ સામાન્ય શક્તિ, ગુણ ધ્રુવ એને અહીંયાં શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ '**સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' એને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય છે, આદરણીય છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ધીમે-ધીમે ચાલે છે, ભાઈ! અહીં તો કાંઈ ઓલા પ્રોફેસર નથી મોટા વિદ્વાન કાંઈ. આ તો આત્માની વાત છે, ભાઈ! અધ્યાત્મના પ્રોફેસર પણ ક્યાં છે અહીં. આહા..હા..! સમજાણું? અરે! એણે એમ ને એમ જાણપણાના અભિમાનમાં અનંતકાળ ગાળ્યો હોં ખોટો, પણ વાસ્તવિક સ્વરૂપ શું છે તે એના લક્ષમાં આવ્યું નથી.

કહે છે, ભગવાન આત્મા પદાર્થ પરમ પવિત્ર વસ્તુ સ્વભાવનો પિંડ પ્રભુ આત્મા એની એ ચીજ કેવી છે? કે વર્તમાન દશાના વિશેષભાવો જે ગુણપર્યાયો... આ મતિજ્ઞાનને ભાઈ વિભાવગુણપર્યાય કહી છેને. એમ આ બધી લેવી દશાઓ. આહા..હા..! સમ્યગ્જ્ઞાન મતિજ્ઞાન, સમ્યક્ શ્રુતજ્ઞાન હોય એને પણ વિભાવગુણપર્યાય કીધી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે એવી બધી વિશેષ ગુણની દશાઓ એનાથી રહિત, અવસ્થાના અંશના પરભાવના ભાવથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ-ભગવાન આત્માનું અંતઃતત્ત્વ અંતરનું. જ્યારે ઓલી પર્યાયને બાહ્યતત્ત્વ કહ્યું, પરભાવ કહ્યા, એને પરદ્રવ્ય કહ્યું. ત્યારે વસ્તુ ભગવાન આત્મા એનો જે કાયમી અસલી આનંદ આદિ સ્વભાવ એને શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એને સ્વદ્રવ્ય કહીને ઓલા ભાવને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? હજી અર્થ આવશે હોં નીચે ખુલાસો. અહીં તો સામાન્ય વાત કરી છે. એના ખ્યાલમાં એ વાત આવવી જોઈએ. એમ ને એમ અદ્ધરને અદ્ધ રાખે અને સાંભળીને આ કાને સાંભળે અને ચાલ્યા, સાંભળ્યું આપણે સમજ્યા છીએ, બાપુ! એ વસ્તુ એવી નથી, બાપુ! એનું એક સમયનું સાચું જ્ઞાન જન્મ-મરણને ટાળે એવું એ જ્ઞાન છે. સમજાય છે? ત્યારે એને જ્ઞાન કહેવામાં આવે અને ત્યારે એ સમજ્યો કહેવામાં આવે. આહા..હા..!

કહે છે, વિભાવ-વિશેષ. વિભાવ એટલે વિશેષ. ગુણ એટલે વર્તમાન પર્યાયો. નિર્મળ આદિ કે વિકારી, બધી પર્યાયોથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. આત્મા વસ્તુ પરમસ્વભાવવાન

ત્યારે એનો પરમસ્વભાવ શુદ્ધ અંતઃતત્ત્વ. આનંદ જ્ઞાનાદિ અનંતગુણ સ્વભાવ જે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એવો જે એનો સ્વભાવ એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. એ સ્વદ્રવ્યને ઉપાદેય કહેવામાં આવ્યું છે. કહો, ચંદુભાઈ! સમજાણું કે નહિ?

એક આત્મામાં બે ભાગ—એક અવસ્થાનો ભાગ, એક ત્રિકાળી ધ્રુવ ભાગ. વસ્તુ એ છે. બે થઈને આખો એક પદાર્થ છે. પરની સાથે કાંઈ સંબંધ નહિ. શરીર-ફરીર એને ઘરે રહી ગયા. એનામાં બે ભાગ. એક વર્તમાન દશા, હાલત, અંશ, પર્યાય, પછી નિર્મળ હો કે રાગ (હો) એક ભાગ. એક ભાગ ત્રિકાળી સ્વભાવ. એ ત્રિકાળી સ્વભાવને અંતઃતત્ત્વ ગણીને એ અંતરનું તત્ત્વ છે. પર્યાય છે એ બાહ્યતત્ત્વ છે. એ તો અહીં આવી ગયું આપણે પહેલું. પહેલી ગાથામાં. ૩૮માં. સંવર-નિર્જરા હો કે મોક્ષની પર્યાય પણ બહિર્તત્ત્વ છે. એક સમયની અવસ્થા એ બહિર્તત્ત્વ છે. ત્યારે સ્વભાવ ત્રિકાળી છે તે અંતઃતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન સમજાય એમ ન માનવું. ભગવાન આત્મા ન સમજી શકે એને આ સમજાવે છે? સમજી શકાય, ભાઈ! આવા મનુષ્યદેહમાં આવું નહિ સમજે અને આ પ્રકાર નહિ લે, ભાઈ! તારા આરા નહિ આવે. ચોર્યાસીના અવતાર ક્યાં અવતરશે જઈને? આહા..હા..!

જુઓને, નાની-નાની ઉંમરના ચાલ્યા જાય છે આમ. વૈરાગ્ય-વૈરાગ્ય થાય એવું છે. આજે આ લખાણ ભાઈ આવ્યું છેને, વિનોદનું લખાણ છે. આમાં આપણા આત્મધર્મમાં આવ્યું છે. છોકરો ૩૦ વર્ષનો જુવાન. દોઢ વર્ષનું પરણેતર. બાઈ જુવાન. આહા..હા..! એને ..લઈ ગયા કે અમને વાંધો નહિ આવે જીવનને. રાખતો એ બિચારો .. એ કેમ થાય એમ કહ્યું છેને ભલે. એને એમ કે કોઈ રીતે આ બચી જશે. બચશે તો ખરો પણ સુધરી જશે. એક વ્યાધિ છે આ વાલની. વાલ શું કહેવાય? એની વ્યાધિથી આ ઓપરેશનથી ૯૦ ટકા સુધારો થઈ જશે. બચશે તો ખરું, પણ સુધારો.. એને પણ ભાવ હોય પણ શું થાય? દશા, સ્થિતિ. આહા..હા..! સિર્યસ છે ડોક્ટર કહે છે. સિર્યસ છે મને ખબર છે. આહા..હા..! જુઓ, એ કાળ! સ્મશાન જેવો કાળ લાગે ત્યાં. હાય.. હાય..! આ ભર્યા ઘરમાંથી ચાલ્યો જઈશ એકલો? કોઈ સહાય નહિ! કોઈ શરણ નહિ! કોણ શરણ છે, ભાઈ? એ તો શરણ નથી, પણ તારી અવસ્થામાં વિકલ્પ આદિ થાય એ પણ તને શરણ નથી. આહા..હા..! 'એકલો આવે, એકલો મરે, એકલો જીવે, એકલો મોક્ષ થાય અને એકલો નિગોદમાં જાય.' આહા..હા..! છેને ગાથામાં છે. નિયમસારમાં છે. છેને કેટલામી ખબર નથી કાંઈ. એવું અમારે.. બધી ગાથાની કાંઈ ખબર હોય? સમજાણું કાંઈ?

કહે છે... જુઓ, ૧૦૧ ગાથા.

एगो य मरदि जीवो एगो य जीवदि सयं।
एगस्स जादि मरणं एगो सिज्झदि णीरओ।।१०१।।

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.**

નિરજ-રજ વિનાની પરમાત્મા દશા એકલો મુક્તિ પોતે પામે. એકલો જન્મે, એકલો મરે, એકલો જીવે અને એકલો મરે, એકલો સિદ્ધિ પામે. એને કોઈ કાંઈ સંબંધમાં પરમાં કાંઈ છે નહિ. પરમાં દેખેને ત્યારે એમ થાય કે એ તો એને થયું, મારે ક્યાં વાંધા છે હમણાં? બાપા! સમયે સમયે, ભગવાન તો કહે છે અમૃતચંદ્રાચાર્ય, માતા જ્યારે બાળકને જન્મે છે, બાળકને ગોદમાં લેવા પહેલાં બાળકના શરીરને અનિત્યે ગોદમાં લઈ લીધો છે. શું કીધું સમજાણું? તત્ત્વાર્થસારમાં શ્લોક છે એક અમૃતચંદ્રાચાર્યનો અનિત્યભાવનાના અધિકારમાં. તત્ત્વાર્થસાર છે. માતા બાળકને જન્મે છે. હજી નજર ન પડી કે આ તે કન્યા છે કે છોકરો છે, એમ હજી નજર ન પડી અને હાથમાં લીધો નથી ગોદમાં એ પહેલા શરીરને અનિત્યે તો ગોદમાં લઈ લીધો છે. કારણ કે એક સમયમાં હવે ક્યારે છૂટશે? આમ એને ખ્યાલમાં આવે છે કે જાણે આ આવ્યું. પણ એ ખ્યાલમાં આવ્યું તો અસંખ્ય સમય થઈ જાય. આહા..હા..! સમયે સમયે એને ખ્યાલમાં અનિત્યતા એને ગોદમાં લીધી શરીરને. ક્યારે પડશે? નાશવાનનું શું કહેવું?

અહીં તો ભગવાન આત્માની પર્યાયને નાશવાન કહે છે. આહા..હા..! પરની વાત તો અહીંયા એક બાજુ રહી ગઈ. કહે છે કે ભગવાન આત્માની દશા જે બદલ્યા કરે છે, ધર્મ ભલે હો, પણ બદલે છે, નાશવાન દશા છે. એવી દશારહિત જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ સ્વદ્રવ્ય ઉપાદેય છે. એ ત્રિકાળી સ્વભાવભાવને અહીંયાં સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું છે. ભાઈ! જ્યારે ત્રિકાળી જ્ઞાયક આનંદ આદિ ભાવ સ્વભાવ શુદ્ધ ધ્રુવ એને સ્વદ્રવ્ય કીધું ત્યારે વર્તમાન દશાના ભાવને પરભાવ ગણીને પરદ્રવ્ય કીધું. બે ગુલાંટ ખાધી છે વાત. સમજાણું કાંઈ? આવે છે તે સાદું આવે છે હોં! કાંઈ બહુ ઓલું મોંઘુ નથી આવતું. એવું મોંઘુ મને કાંઈ આવડતું નથી, અહીં તો આ સાદુ સાદુ આવે છે. કેમ સર્વજ્ઞ પરમાત્મા સંતો વાત કરે એવી ક્યાં અહીંયાં આવડે છે? આહા..હા..! એની વાતું ક્યાં! આહા..હા..! એ સંત વાત કરતા હોય છઠ્ઠે ગુણસ્થાને ઝૂલતો મુનિ, આનંદમાં ઝૂલતો ચારિત્રમાં એની જે વાણી ઝરતી હોય એ અલૌકિક વાતું છે. અને સર્વજ્ઞ પરમાત્માની વાણી નીકળે એની તો શું વાતું કરવી? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે... શું કહે છે પણ આહા..હા..! ગાથા પણ ૫૦મી માગી છેને. અડધી શતાબ્દીની પૂરી શતાબ્દી થઈ જાય એવી આ વાત છે. રતિભાઈ! અમારે શેઠ પણ એવા છેને એ ગૂઢ માગે એવા પૂરું. પૂરું લાવો. એય..! મોહનભાઈ! આ તમારા ચિરંજીવી. આહા..હા..! આ વસ્તુ છે, બાપા! કહે છે, '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' હવે એ સ્વદ્રવ્ય શું અને એનો આધાર શું એ વર્ણવે છે હવે. જુઓ તો ખરા. આહા..હા..! '**ખરેખર સહજજ્ઞાન...**' ભગવાન આત્માનું જ્ઞાન સ્વભાવિક જે જ્ઞાનસ્વભાવ, કાયમી સ્વભાવ, જ્ઞ

સ્વભાવ, ભગવાન આત્મા જ્ઞ સ્વભાવ. જેમ સાકરનો ગળપણ સ્વભાવ એમ આત્માનો સહજજ્ઞાન સ્વભાવ, કાયમી સ્વભાવ, ધ્રુવસ્વભાવ, નિત્ય સ્વભાવ. '**સહજદર્શન-**' સ્વભાવિક દૃષ્ટાપણું, સ્વભાવિક દર્શન અને સ્વભાવિક જ્ઞાન ત્રિકાળપણું. '**સહજચારિત્ર-**' સ્વભાવિક વીતરાગતા અંતર. આત્મામાં સ્વભાવિક વીતરાગતા. એ વીતરાદશા નિર્દોષદશા પ્રગટ થાય છે એનું મૂળિયું વીતરાગ ચારિત્ર ભરેલો આત્મા છે એમાંથી આવે છે. સહજ સ્વરૂપમાં ચારિત્ર પડ્યું છે. આ પર્યાયનું ચારિત્ર નહિ, ક્રિયાનું ચારિત્ર તો નહિ, દેહનું તો નહિ. દેહની ક્રિયા એ તો નહિ, વિકલ્પ ઉઠે પંચમહાવ્રતનો એ નહિ, પણ ચારિત્રની પર્યાય વીતરાગીદશા એ નહિ આ. આ તો ત્રિકાળી સહજચારિત્ર વીતરાગભાવ તે સહજચારિત્ર છે. સમજાણું કાંઈ?

'**સહજજ્ઞાન...**' એ મતિ-શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન એ આ નહિ. આ તો સહજજ્ઞાન. વસ્તુ ભગવાન આત્મા જ્ઞ સ્વભાવ, જાણવું સ્વભાવ એવો ત્રિકાળી સ્વભાવ એ સહજજ્ઞાન ગુણ. '**સહજદર્શન-**' એ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, કેવળ એ નહિ. સ્વભાવિક દર્શન ત્રિકાળી આત્મામાં. '**સહજચારિત્ર-**' વીતરાગસ્વભાવ ત્રિકાળી અને '**સહજપરમવીતરાગ-સુખાત્મક...**' સ્વભાવિક પરમવીતરાગ એટલે નિર્દોષ સુખ, નિર્દોષ સુખનો પિંડ આત્મા છે. આહા..હા..! સ્વભાવિક પરમવીતરાગ. લ્યો! પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય એ તો એક સમયનો અંશ છે. આ તો સહજ પરમવીતરાગ ત્રિકાળી છે. સમજાય છે કાંઈ? સ્વભાવિક પરમવીતરાગ-સુખાત્મક. સુખાત્મક એટલે સુખસ્વરૂપ. સ્વભાવિક પરમ નિર્દોષ અવિકારી સુખ આનંદસ્વરૂપ એવું જે શુદ્ધ અંતઃતત્ત્વરૂપ. આ શુદ્ધ અંતઃતત્ત્વની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? એવું છેને? શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. ... વિનાનો ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદ અને ચારિત્ર વીતરાગભાવ ત્રિકાળીભાવ એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ '**આ સ્વદ્રવ્ય...**' એને સ્વદ્રવ્ય કીધું. પહેલાં કહી ગયા હતા એનો ખુલાસો કરે છે. સમજાણું કાંઈ?

હવે એ સ્વદ્રવ્યનો આધાર. ઓલો ભાવ, ભાવવાન હવે લે છે. ભાઈ! આહા..હા..! જુઓ તો ખરા. ત્રિકાળીભાવ એ સ્વદ્રવ્ય, વર્તમાન પર્યાયભાવ એ પરભાવ એ પરદ્રવ્ય. હવે ત્રિકાળીભાવ એ સ્વદ્રવ્ય. ત્યારે હવે સ્વભાવવાન આધાર કોણ એનો? એકરૂપ આધાર. સમજાણું કાંઈ? એવા સ્વદ્રવ્યનો આધાર, જ્યારે અનંતજ્ઞાન બેહદ ત્રિકાળી આનંદ આદિ સ્વભાવ તે આધેય છે, ત્યારે વસ્તુ છે જે આત્મા છે તે એનો આધાર છે. એને અહીંયાં આત્મા પાઠમાં લીધો છેને, '**अंतरतच्च हवे अप्पा**' મૂળ પાઠ છે જુઓ,

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्च हवे अप्पा।।५०।।**

સમજાણું કાંઈ? કહે છે, આમ ચોસલું (છે). આનંદ અને જ્ઞાન આદિ સ્વભાવનું ચોસલું ભાવનું હોં! એ ભાવને જ્યારે અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય કીધું, ત્યારે હવે એનું એકરૂપ કોણ? એ તો ઘણાં ભાવવાળું કહ્યું. એ સ્વદ્રવ્યનો આધાર (કોણ)? આહા..હા..! શું પણ વાત?

'**સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.**' ઓલો '**अप्पा**' જે છેલ્લો શબ્દ પડ્યો છેને ૫૦નો એની આ ટીકા છે. કહે છે, એવું સ્વદ્રવ્ય જે વસ્તુ ભાવ ત્રિકાળી, એનો આધાર સ્વભાવિક પરમપારિણામિકભાવલક્ષણ. જેનું સ્વભાવિક પરમસ્વભાવભાવલક્ષણ, પરમ પારિણામિકભાવ જેનું લક્ષણ એવો ત્રિકાળી દ્રવ્ય જે કારણ(સમયસાર). ઓલા ભાવને દ્રવ્ય કીધું છે, પણ એના આધારને કારણસમયસાર, કારણપરમાત્મા કહેવામાં આવે છે. ભાવનું કારણ, ભાવનું કારણ. ભાવ આધેય અને વસ્તુ આધાર એમ લેવું છે. ત્રિકાળી દ્રવ્ય વસ્તુ જે આત્મા એ ત્રિકાળી સ્વભાવનો આધાર તેને કારણસમયસાર, કારણપરમાત્મા છે તે આદરણીય છે જ્ઞાનીને. કહો, સમજાણું કાંઈ? એવો કારણસમયસાર છે. લ્યો તમારો કલાક પૂરો થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૧૮-૦૪-૧૯૭૪,
## ગાથા-૭૭ થી ૮૧, પ્રવચન નં. ૭૫૬

આ એક નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે. નિયમસારનો અર્થ ત્રીજી ગાથામાં એમ આવે છે કે '**णियमेण य जं कज्जं**' આત્માને નિશ્ચયથી જે કર્તવ્ય છે એ નિશ્ચયમોક્ષમાર્ગ છે. એટલે? પરમચિદાનંદ અમૃતથી ભરેલો નિજપરમાત્મા એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. છતાં પ્રગટ કરવા માટે તે કર્તવ્ય છે, પણ આદરવા માટે એ કર્તવ્ય નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ આ તો.

**શ્રોતા :-** એ બેમાં ફેર શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેમાં ફેર એ... એ તો નયમાં એમ આવ્યું હતું, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એમ આવે છેને? એય..! મોહનભાઈ! આવે છેને ગડિયામાં? ગડિયામાં સમજ્યા વિનાના. એ કેવળીએ કહેલો જે તત્ત્વનો અભ્યાસનો જે અનુભવ એ મોક્ષમાર્ગ ખરો, પણ એ નિશ્ચયથી મોક્ષમાર્ગનું ઉપાદેયપણું નથી. આહા..હા..!

**શ્રોતા :-** આમાં કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજાણું? વિશેષ કહીએ. ભગવાન આત્મા... અહીં કહ્યુંને ત્રીજી ગાથામાં? '**णियमेण य जं कज्जं**' નિયમથી જો જીવને કરવાલાયક હોય તો, ભવસમુદ્રના પારને કરવો હોય તો ભગવાન પૂર્ણાનંદ અમૃત અતિ અમૃતથી ગાઢ ભરેલો ભગવાન આત્મા... આહા..હા..! એની નજર કરીને પ્રતીતિ કરવી, નજર એટલે જ્ઞાન કરીને એનું જ્ઞાન કરવું

અને એ અમૃતથી ભરેલો ચિદાનંદ ભગવાન આત્મા એની અંદરમાં સ્વરૂપમાં આનંદમાં રમણતા કરવી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કર્તવ્ય છે, એ પ્રગટ કરવાની અપેક્ષાએ, આહા..હા..! પણ આશ્રયની અપેક્ષાએ એ પર્યાય આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! આ તે વાત છે! સમજાણું કાંઈ? એ અહીં કહે છે નિયમસારમાં. જુઓ, અહીંયા કાલે આવ્યું હતુંને આપણે?

હું નારકપર્યાયનો કર્તા નથી. જરી ઝીણી વાત છે, ભગવાન! આ તો ભવસમુદ્રનો પાર થાય અને ભવનો અભાવ થાય એની વાત છે, ભાઈ! એમાં કાંઈક પુણ્ય કરીએ અને પછી સ્વર્ગ મળે. એ તો કલંક છે ભવ પ્રાપ્ત કરવા એ. આહા..હા..! ચિદાનંદ અમૃતના સાગરથી ભરેલું અદ્વિતીય અજોડતત્ત્વ પ્રભુ આત્મા... આહા..હા..! એનો આશ્રય કર્યા વિના બીજી ચીજનો આશ્રય કરવો એમાં રાગની ઉત્પત્તિ થાય છે. આહા..હા..! કહે છે, હું એક આત્મા છું. 'હું' એટલો શબ્દ પહેલો આવે છે. '**નારક પર્યાયને કરતો નથી,...**' આહા..હા..! નારકીના શરીરને હું રચતો નથી, એને હું કરાવતો નથી, નારકીનું શરીર થાય એમાં હું સંમત નથી, નારકીનું શરીર થાય એમાં હું કારણ નથી. આહા..હા..!

હું તો '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...**' સ્વભાવિક ચૈતન્યનો વિલાસ જે અંતરમાં શુદ્ધતા ભરેલી છે... આહા..હા..! સહજ ચૈતન્યનો વિલાસ. આનંદનો રમત અંદર આનંદસ્વરૂપ પડ્યો છે, પ્રભુ! 'નિજપદ રમે સો રામ કહીએ.' એ આનંદનું ધામ ભગવાન એમાં રમવું એને આત્મરામ, એને આત્માના બાગમાં લહેર કરે છે એમ કહેવાય છે. આહા..હા..! છતાં કહે છે કે હું તો એક ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને ભાવું છું, એ પર્યાયને ભાવતો નથી એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત, ભગવાન! સહજ ચૈતન્યનો વિલાસ જ્ઞાન સરોવર પ્રભુ, આનંદનો સાગર એવો ચૈતન્યના વિલાસસ્વરૂપ જે આત્મા ત્રિકાળી એને જ ભાવું છું. મારી દશાની ભાવના એ ત્રિકાળી દ્રવ્ય ઉપર છે. આહા..હા..! પોપટલાલભાઈ! આવી વાતું ભગવાનની ઘણી ઝીણી, બાપુ! આહા..હા..! બાપુ! આ તો મોક્ષના માર્ગની વાતું, નાથ! એ વાતું લોકોએ બીજી રીતે કલ્પી. અરેરે! એના અવતાર બધા અફળ જાય છે. સમજાણું કાંઈ? ભગવાન અહીં કહે છે, હું તો સ્વભાવિક ચૈતન્યનો વિલાસ જેમાં ભર્યો છે, જ્ઞાન અને આનંદની જેમાં શક્તિ સ્વભાવ પડ્યો છે એવા આત્માને હું તો ભાવું છું. એવા આત્માની પર્યાયને ભાવું છું એમ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ભાવું છું એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવું છું એટલે કે મારી એકાગ્રતા તે દ્રવ્યસ્વભાવમાં છે. મારી ભાવના એટલે વસ્તુ જે ચિદાનંદ અમૃતથી ભરેલો ભગવાન એની પરિણતિમાં હું છું, એની રમતમાં હું છું. હું રાગમાં, પુણ્યમાં, શરીરમાં હું નહિ—એમ સમ્યગ્દષ્ટિ આમ ભાવના કરે છે. આહા..હા..! પ્રથમ સમ્યગ્દષ્ટિ ધર્મી પહેલાં ધર્મની દશાવાળો જીવ (આવી ભાવના ભાવે છે). આહા..હા..! સમજાણું કાંઈ?

**'હું તિર્યંચપર્યાયને કરતો નથી,...'** તિર્યંચ જે આ ગાય, ભેંસુ આદિ જે તિરછા શરીર છેને. આહા..હા..! નરકમાં શરીરની રચના કેમ થાય? બહુ આરંભ અને બહુ પરિગ્રહ અંદર કર્યા હોય મમતા અને કષાયની તીવ્રતા એ મરીને નરકની શરીરની ઉત્પત્તિ કરે. પણ કહે છે કે હું તો એ છું જ નહિને. આહા..હા..! કષાયની તીવ્રતારૂપી આરંભ અને તેનો પક્કડ તે પરિગ્રહ એવા આરંભ અને પરિગ્રહ વિનાની મારી ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો ચાહે તો તિર્યંચ હો, નારકી હો, દેવ હો કે મનુષ્ય હો, પણ એ આ જાતની ભાવના કરે છે એમ પ્રભુ કહે છે. આહા..હા..! **'હું તિર્યંચ પર્યાયને કરતો નથી,...'** જે માયા, કપટ ને કુટીલતા અને આડોડાઈના ફળ તરીકે શરીર તિર્યંચનું મળે, તિરછું શરીર છેને. માણસનું આમ ઊભું છે. ગાય, ભેંસ, ખીસકોલી, ઉંદર આદિના શરીર આમ આડા છે. આડા કેમ થયા? પૂર્વે એણે માયા ને કપટ ને કુટીલ ને દંભ ને આડોડાઈ બહુ કરેલી. એ આડોડાઈના ફળમાં આત્માની દશા તો આડી થઈ ગઈ પણ જેના ફળમાં શરીર આડા-તિરછા થઈ ગયા. સમજાણું કાંઈ? પણ કહે છે કે એમાં જે સમ્યગ્દર્શન પામે ઈ એમ કહે છે કે એ તિર્યંચની પર્યાયની રચના મારી નહિ. આહા..હા..! હું એને કરતો નથી, એને હું કરાવતો નથી. હજાર-હજાર યોજનના શરીરવાળા માછલા થાય છે. તિર્યંચ, તિરછા આડા આમ અજગર ને આ બધા. એમાં પણ સમ્યગ્દર્શન જ્યારે ચૈતન્યના આનંદના નાથને (આશ્રયે થાય છે), પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદની જેમાં શક્તિ સંપૂર્ણ પડી છે એવો ભગવાન એનો આશ્રય લઈને જેણે સમ્યગ્દર્શન આત્મ અનુભવ (પ્રગટ કર્યો)... આહા..હા..! 'આત્મ અનુભવરસ કથા પ્યાલા પીયા ન જાય. આતમ અનુભવરસ કથા પ્યાલા પીયા ન જાય, મતવાલા તો જઈ પડે અને .. પડે પચાય.' કહે છે કે આત્મ અનુભવની વાત મતવાળા આગ્રહીઓને તો પચે નહિ આ વાત. 'આતમ અનુભવરસ કથા અને પ્યાલા પીયા ન જાય' હું તો ચૈતન્ય વિલાસી આત્મા. શું પણ કહે છે આ? એય..! પ્રાણભાઈ! અંદર પ્રાણની વાત ચાલે છે આ. આહા..હા..! પ્રાણ વિનાનું શરીર મડદું, એમ ચૈતન્યના અનુભવના પ્રાણ વિના એ મડદું-મૃતક છે. આહા..હા..!

અષ્ટપાહુડમાં કહે છે કુંદકુંદાચાર્ય મહારાજ, જેને આત્મા ચૈતન્ય વિલાસી આત્માની દૃષ્ટિ અને અનુભવ નથી એ ચાલતા મડદા છે. પછી રાજા હોય કે મહારાજા હોય કે ઈન્દ્ર મોટા હોય. જોકે ઈન્દ્ર તો બધા ઘણા સમકિતી છે, ૩૧ સાગરની દેવની સ્થિતિવાળા નવમી ગ્રૈવેયકનો દેવ હોય, પણ જેને જીવતી જ્યોત ચૈતન્યના આનંદની જેને ખબરું નથી, પરમાનંદનો નાથ પ્રભુ પોતે છે તેનો જેણે આશ્રય લીધો નથી અને જેને સમ્યગ્દર્શન નથી એ બધા ચાલતા મડદાં છે. આહા..હા..! મરે ત્યારે આમ લઈને ઠાઠડીમાં ઉપાડીને લઈ જાય. આ ચાલતા મડદાં. બાપુ! તારા ચૈતન્યની તને ખબર નથી. આહા..હા..! ભલે એ દયા, દાન અને વ્રત, ભક્તિના ભાવ કરતો હોય તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે રાગને કર્તવ્ય માનીને કરે છે.

કર્તવ્ય તો દર્શન, જ્ઞાન અને ચારિત્રનું એ કર્તવ્ય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ વાતું સાંભળવા મળવી પણ મુશ્કેલ પડે એવી છે. છોટુભાઈ ત્યાં બેઠા છે? ઠીક. કહો, સમજાણું આમાં?

કહે છે '**હું તિર્યંચ પર્યાયને કરતો નથી,...**' આત્મ અનુભવ. મારી સ્થિતિ ચૈતન્ય સહજ વિલાસરૂપી ભગવાન આત્મા જેમાં આનંદ અને શાંતિનો વિલાસ પડ્યો છે. આ વિલાસી જીવનું જીવન. આ દુનિયા વિલાસી કહે છેને. ખાવા, પીવા ને લહેર કરવા એ વિલાસી જીવન. ધૂળમાંય નથી સાંભળને. રાંકા રખડીને મરી ગયો વિલાસ માનીને. વિલાસ તો અંદર તારામાં છે. સમજાણું કાંઈ? ચક્રવર્તી જેવા, ભરત ચક્રવર્તી જેવા રાજકુમાર ઋષભદેવ ભગવાનના પુત્ર એ આત્મજ્ઞાન પામેલા હતા. આહા..હા..! છ ખંડનું રાજ, ૩૨ હજાર રાજા જેની તેનાતમાં સેવા કરે. હીરાના, માણેકના સિંહાસનમાં એ બેસે, ઈન્દ્ર તો જેના મિત્ર એ બેસે જોડે. પણ એની દૃષ્ટિમાં આનંદનો નાથ રમે છે અંદર. એને નથી રાગનો પ્રેમ, નથી મિત્રનો પ્રેમ. આહા..હા..! નથી એ ધર્મની પર્યાયનો પ્રેમ. આહા..હા..! પ્રેમ લાગ્યો છે ત્રિલોકના નાથ આત્મા પ્રત્યે જેને. આહા..હા..! એવો હું તો એક ચૈતન્ય વિલાસી આત્મા છું. આહા..હા..! એની હું ભાવના એટલે કે જેવું એનું સ્વરૂપ છે તેમ થવા માંગુ છું. રાગને થવા માંગુ છું એ હું નહિ. આહા..હા..! ભારે ધર્મ ભાઈ આવો. સંપ્રદાયમાં તો જ્યાં હોય ત્યાં આ દીક્ષા લ્યો, આ વ્રત કરો ને આ કરો. એય..! મનસુખભાઈ! પછી આ મોઢા આગળ શેઠિયાઓ જઈને મદદ કરે એવા મિથ્યાત્વભાવને. આહા..હા..! બાપુ! મારગડા વીતરાગના કોઈ જુદાં છે. એ સિંહની ગર્જનાઓ જુદી છે.

અહીં પરમાત્માનો પોકાર જગત પાસે છે કે ધર્મી જીવ એને કહીએ... આહા..હા..! કે હું ઢોરનું શરીર રચતો નથીને અને હું તો સહજ ચૈતન્ય, સ્વભાવિક ચૈતન્ય પરમપારિણામિક સ્વભાવ... આહા..હા..! સહજ ચૈતન્ય વિલાસરૂપી આત્મા એને જ હું તો ભાવું છું. મારી એકાગ્રતા ચૈતન્યના દ્રવ્ય તરફ છે. ભલે વિકલ્પ હો, વાણી હો, બધું હો, છતાં મારું ધ્યેય જે છે એ મારામાંથી ખસતું નથી મને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કહ્યું હતુંને એક ફેરી. 'લાગી લગન હમારી જિનરાજ સુજત સુણ્યો મેં, કાહુ કે કહે કબહુ ન છૂટે લોકલાજ સબ ડારી.' દુનિયા શું કહેશે, આ તો વ્યવહારના ભુક્કા ઉડાવે છે. આ તો નાસ્તિક છે. આ તો વ્યવહારને બંધનું કારણ કહે છે. હવે સાંભળને. વ્યવહાર લાખવાર અને અનંત વાર બંધનું કારણ છે. આ ભગવાનની ભક્તિ અને વ્રતના નિયમ ને તીર્થનો વિકલ્પ એ ઝેર જેવા બંધના કારણ છે.

**શ્રોતા :-** ઝેર જેવા છે કે ઝેર જ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઝેર જેવા એટલે ઉપમા અપાય છેને. છે તો ઝેર. વિષકુંભ કહ્યા છે ભગવાને તો. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે '**હું તિર્યંચપર્યાયને કરતો નથી,...**' હવે આપણે મનુષ્યનું લઈએ. '**હું મનુષ્યપર્યાયને કરતો નથી,...**' આ મનુષ્યનું શરીર છેને તો ધર્મ થાયને. ધૂળેય ન થાય સાંભળને. આ તો માટી, ધૂળ છે. અરે! એની અંદર મનુષ્યગતિનો જે ઉદય છે, ઉદય છે એ અરૂપી છે. ગતિની યોગ્યતાવાળી દશા એ પણ હું નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવ કહે છે કે હું એ ગતિ નહિ, મારી ગતિ તો અંદર ચૈતન્ય વિલાસની રમતમાં છે. આહા..હા..! કહો, કોમળચંદજી! આવો માર્ગ ભારે ભાઈ ઝીણો. આ તો કહે નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય છે. હવે સાંભળને. નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચાર અને અસત્ય. આહા..હા..! 'આત્મ અનુભવ રસકથા પ્યાલા પીયા ન જાય, મતવાલા આગ્રહી તો ઢળી પડે.' હાય.. હાય.. આ શું કરી નાખે છે? '... પડે પચાય.' મમતા વિનાની ચીજ જે અંદરમાં છે એવી દૃષ્ટિવાળા એને પચવી શકે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**હું મનુષ્યપર્યાયને કરતો નથી,...**' ભઈ! મનુષ્ય પર્યાય હોય તો મનુષ્યદેહથી સારી ક્રિયા થાય અને દેહની ક્રિયામાં કષ્ટ થાય, 'દેહ દુઃખં મહા ફલં' એવું આવે છે, એ બધી વાતું ખોટી છે. એ દેહની ક્રિયા જડની અને મનુષ્ય ગતિનો ઉદય અરૂપી એની રચના મારી નહિ. આહા..હા..! હું તો જ્ઞાનાનંદ ચૈતન્ય વિલાસી પ્રભુ, ચૈતન્યના વિલાસની મોજમાં પડેલો પ્રભુ, એની મોજમાં હું એકાગ્ર છું. આહા..હા..! ભારે વાતું ભાઈ આ. બાપુ! તારા મારગડા જુદાં ભાઈ જન્મ-મરણના અંત લાવવાના. બાકી તો બધું ચાલે છે જગતમાં. કહે છે '**હું મનુષ્યપર્યાયને કરતો નથી,...**' મનુષ્યનો દેહ મને મળે તો હું કાંઈક ધર્મ કરું એમ સમકિતી માનતો નથી. આહા..હા..! કારણ કે દેહ તો જડ છે અને મનુષ્યની ગતિ તો વિકાર ઉદયભાવ છે. આહા..હા..! પોપટલાલભાઈ! આવો માર્ગ બાપા બહુ ઝીણો ભાઈ! એ જીવના જીવન, ચૈતન્યના પ્રાણ, આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ એની દૃષ્ટિ થનારને કહે છે કે હું તો મનુષ્ય પણ નથી અને મનુષ્યની શરીરની ક્રિયા અને મનુષ્યગતિનો રચનાર હું નહિ, એનો કરાવનાર નહિ. આહા..હા..!

શાસ્ત્રમાં એવું આવે, દેવ મનુષ્યભવને ઈચ્છે છે, લ્યો! આવે છે? અમને મનુષ્યભવ મળે તો અમે ધર્મ કરીએ. એ બધી વિકલ્પની વાતું છે. સમજાણું કાંઈ? સ્વર્ગના દેવોને મનુષ્યપણું છે નહિ. અરેરે! અમને મનુષ્યપણું મળે તો અમે ભગવાનના સમવસરણમાં જઈએ, અમે ધર્મની વાત ત્રિલોકના નાથની સાંભળીએ અને અમે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને પામીએ. ઈ એક વિકલ્પની ભાવનાની વાત છે, વસ્તુસ્થિતિ એમ નથી. આહા..હા..! અહીં તો કહે છે કે મનુષ્યપણું એ મારી ચીજ જ નહિને. આહા..હા..! ઉદયભાવમાં આવે છેને, ચાર ગતિ. શરીર નહિ હોં મનુષ્યનું. અંદર ઉદયભાવ. જીવની, મનુષ્યની યોગ્યતાનો જે ભાવ (એને ગતિ કહે છે). તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢીવાળો (એમ ભાવે છે કે) એ મનુષ્યગતિની રચનાનો હું કરનાર નથી, હું કરાવનાર નથી, એ તો કર્મના નિમિત્તના

કાર્યમાં હો તો હો, મારે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

હું '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ...**' પાછો શબ્દ છે. એકાંત કરી નાખ્યું અહીં તો. 'ભાઈ! ભગવાનનો માર્ગ અનેકાંત છે' દુનિયા એમ કહે છે. 'નિશ્ચયથી થાય, વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, ઉપાદાનથી થાય એવો ભગવાનનો માર્ગ છે.' એવો માર્ગ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્યસ્વરૂપનો નાથ ભગવાન આત્મા એની એકાગ્રતાથી જ આત્માને ધર્મ થાય, બાકી ધર્મની ચીજ કોઈ બીજી છે નહિ. એનો નિર્ણય તો કરે. એ જાતના જ્ઞાનના પક્ષમાં તો આવે. એ જાતના જ્ઞાનની પર્યાયમાં એટલો તો થંભી જાય કે આ ત્રિકાળી ચીજનો આશ્રય કરું તો મને લાભ થાય, બાકી લાભ છે નહિ. આહા..હા..! એવો વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારથી આ કરે આટલું તો એને પછી વિકલ્પ તોડીને નિર્વિકલ્પ આનંદનો નાથ છું એવો અનુભવ, જેણે વિકલ્પથી નિર્ણય કર્યો હતો એની પણ અપેક્ષા અનુભવની અંદરમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યવિલાસનો નાથ મારો પ્રભુ. આહા..હા..! આ પ્રભુ પોતાની વાત ચાલે છે હોં! ભગવાન, ભગવાન તો ભગવાન પાસે રહ્યા અરિહંત. એ કાંઈ દેતા નથી અને લેતા પણ નથી. એ તો જાણનાર-દેખનાર ભગવાન ત્રણકાળ, ત્રણલોકને જાણે. એ કોઈ દે ને લે છે નહિ. આહા..હા..! અહીં ચિદાનંદનો નાથ આત્મા... આહા..હા..! એની પર્યાય એની ભાવનાને ભાવું છું. ઓહો..હો..!

એક ન્યાય તો એવો આપ્યો છે યોગસારમાં કે મારો જે આત્મા ધ્રુવ ચૈતન્ય આનંદ સરોવર પ્રભુ, એની જે નિર્મળ ધર્મની દશા (થાય) એનો પણ આત્મા દાતા નથી. ગજબ વાતું, ભાઈ! આહા..હા..! યોગસાર છે એક અમિતગતિ આચાર્યનું. બધા વ્યાખ્યાનો ત્યાં થઈ ગયા છે. એમાં આ શ્લોક છે એક. આહા..હા..! શરીરનો દાતા હું નહિ, પુણ્યનો દાતા હું નહિ, પણ જે આત્માને અવલંબે નિર્મળદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદની દાતાર પર્યાય એ પર્યાયનો દાતા આત્મા હું નહિ. આહા..હા..! કારણ કે એ અંશ છે અને હું તો ત્રિકાળી આનંદ ધ્રુવ છું. પચે એટલું પચવવું, સમજાય એટલું સમજવું. સત્ય તો આ છે. બીજી રીતે આડાઅવળી વાતું કરીને એને ... નાખે. એ તો સવારમાં આવ્યું હતું. ભેદની વાતું પરસ્પર કરે અને ઠીક લાગે, ભેદનો પક્ષ એનો અનાદિનો અને ત્રણલોકના નાથે પણ નિમિત્ત ને ભેદમાં નિમિત્ત તરીકે વાતું ઘણી કરી છે, પણ એ બધાનું ફળ સંસાર છે. ભગવાને કહેલો નિમિત્ત અને વ્યવહાર એનું ફળ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો જન્મ-મરણરહિતની વાત છે, બાપા! આમ થાય ને પછી પુણ્ય કરીએ પછી ભગવાન પાસે દેવ થઈએ અને દેવ થઈને ભગવાન પાસે જઈએ. ત્યાં પામીએ. ત્યાં ક્યાં ભગવાન પાસે તારું તત્ત્વ છે? તારું તત્ત્વ તો અહીં પડ્યું છે અંદર. 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર, પરમ નિધાન પ્રગટ મુખ આગળ,' ચૈતન્ય વિલાસનો નાથ પરમ નિધાન તો પ્રગટ અંદર આત્મા ભરેલો

અને પડેલો છે. એને મૂકીને જગત ઉલ્લંઘી જાય, એને ઓળંગીને બધી વાતું અજ્ઞાનીઓ કરે. ‘પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર, પ્રેમ પ્રતીત વિચારું ઢુંકડી.’ શેઠ! આવે છેને એ? ‘ગુરુગમ લેજો રે જોડ જિનેશ્વર, ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું? એ ભંગ ન પડશો રે પ્રીત જિનેશ્વર. બીજો મનમંદિર આણું નહિ.’ ત્રણલોકનો નાથ આત્મા મારી દૃષ્ટિમાં બેઠો હવે બીજું મનમાં લાવું નહિ. આહા..હા..!

**શ્રોતા :-** આ તો તીર્થંકરના ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**એ તીર્થંકર એટલે આ આત્મા. અહીં તો તીર્થંકરને પદ વીતરાગની સ્તુતિ એટલે આ આત્મા એની વાત છે. ‘બીજો મનમંદિર આણુ નહિ, એ અમ કુળવટ રીત જિનેશ્વર’ હે નાથ! તીર્થંકર પ્રભુ જે વાટે તમે ગયા એ કુળના અમે આત્મા, અમારા કુળની વાત અને વટ એ છે. અમારા ચૈતન્યના કુળની વટ એ છે. ‘બીજો મનમંદિર આણું નહિ.’ મારી દૃષ્ટિમાં ધ્રુવ ચૈતન્ય તરવરે એ સિવાય બીજું મનમાં ન લાવું હવે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! માર્ગ તો બહુ અલૌકિક છે. લૌકિકની સાથે મેળવશો તો નહિ મળે. સમજાણું કાંઈ? એ બધી વાતું સાંભળી, જાણી બધી ખબર છે કે નહિ? આહા..હા..!

અહીં કહે છે કે ‘પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી’ જો પ્રેમ સ્વરૂપનો કરે તો ભગવાન પડ્યો જ છે ત્યાં. આહા..હા..! એ કાંઈ દૂર નથી. ઓલા કુંવરભાઈ હતાને ભાઈ ભજન કરતા. ‘દૂર કાં પ્રભુ દોડ તું મારે રમત રમવી નથી, દૂર કાં પ્રભુ...’ ચિદાનંદનો નાથ એ દૂર કેમ પડે છે? આહા..હા..! અને રાગની રમતુંમાં કેમ પડ્યો છે આ? આહા..હા..! ‘દૂર કાં પ્રભુ દોડ તું મારે રમત રાગની રમવી નથી’ આહા..હા..! હું એક ચિદાનંદનો નાથ મારો પ્રભુ મારે એની સાથે મારી રમતું મંડાણી છે, હું એને વર્યો છું. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવનો આવો સ્વભાવ અને ભાવ હોય છે. બાકી બધી વાતું કે આ પૂજા કરે ને વ્રત કરે ને હંમેશા સામાયિક કરે અને પોષા કરે એ બધા એકડા વિનાના મીંડા ધૂંઆફુંઆ છે. આહા..હા..!

લાપસી રાંધેને લાપસી. ચૂલામાં લાપસી તપેલામાં કરેને. એમાં કાચી સાંઠીયું હોય કે લાકડા હોય હેઠે તો ધૂમાડો નીકળે. ઓલો ચૂલાનો ભાગ હોયને થોડો? એ તપેલુ મૂકે એમાંથી ધૂમાડો (નીકળે). એટલો ધૂમાડો નીકળે કે આ તપેલામાં લાપસી છે એ ખબર ન પડે. પહેલું થોડું ઊનું કરે અને પછી વળી વેરુ નાખીને ઓલા લોટના ગાંઠીયા ન રહે એટલે હલાવે પછી એને. આ તો સાંભળેલી વાત છે, આપણે ક્યાં કર્યું છે કોઈ દિ’. આહા..હા..! કહે છે, અહીં તો સિદ્ધાંત એ લેવો છે કે અંદર તપેલામાં લાપસી પડી છે અને એ ઊની થાય અને શેકાય છે. એને ન જોતાં બહારના ધૂમાડા ધૂમાડા દેખાય અજ્ઞાનીને.

એમ ચૈતન્યનો આનંદનો નાથ આનંદનો કંદ પ્રભુ અંદર પડ્યો છે એને ન જોતા પુણ્ય અને પાપના ધૂઆ ઊડે એને જોવે છે. ધૂમાડા છે એ બધા. આહા..હા..! કહો, પંકજભાઈ!

આ તો પંકજ છે. આ તો પંક-કાદવમાં ઉત્પન્ન થયેલું કમળ. .. ઉત્પન્ન થાય છેને. એય..! ક્યાં ગયા શાંતિભાઈ? આહા..હા..! આ તો આનંદનો નાથ કમળ ખીલે છે અંદરથી.

મારો નાથ અંદર પડ્યો એની દૃષ્ટિમાં. હું તો મારા ચૈતન્ય વિલાસી આત્માને રમું છું. એની સાથે મેં રમતું માંડી છે. હું મનુષ્ય પણ નહિ, દેવ પણ નહિ, ઢોર નહિ, હું રાગ નહિ. આહા..હા..! જુઓ, આ સમ્યગ્દર્શનની રમતું! આ તો એને માની લે સમકિત. આને સમકિત છે, બહુ શ્રદ્ધા ભગવાનની છે. ધૂળેય નથી હવે સાંભળને. બહુ સામાયિ કરે ને પોષા કરે ને પડિક્કમણા કરે ને ચૂકે નહિ ૨૦-૨૦, ૫૦-૫૦ વર્ષથી. આને ધર્મની શ્રદ્ધા બહુ. શ્રદ્ધા કોને કહેવી એ તને ખબર નથી. એ તો ક્રિયાના કાંડની શ્રદ્ધા એ તો રાગની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? રાગ વિનાનો ચૈતન્ય વિલાસી પ્રભુ, કહે છે કે હું મનુષ્ય પર્યાયને કરતો નથી, મનુષ્ય થાય એને કરાવતો નથી કર્મ પાસે, આહા..હા..! અને કર્મને કારણે મનુષ્યપણું મળે એમાં હું સંમત નથી. આહા..હા..! મનસુખભાઈ! એ આવી વાતું છે, ભગવાન! આહા..હા..!

**શ્રોતા :-** કરાવે તો સામાયિક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સામાયિક-બામાયિકની જુદી વાતું છે, બાપા! એ બધા સંભળાવે વાત. એ કહે છે વાત સાચી. દુનિયાની સામાયિક. એ તારી સામાયિક નહિ થોથા. એ તો વિષમ મિથ્યાત્વની સામાયિક છે. સામાયિક તો આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ જેનો અનુભવ થયો છે અને એ અનુભવમાં ઉપયોગ શુદ્ધ લગાવીને એકાકાર થાય છે, જેમાં સમામૃત સમતારૂપી અમૃતનો સ્વાદ ઉગ્ર આવે છે એને સામાયિક કહેવામાં આવે છે. બાકી બધા એકડા વિનાના મીંડા પોકાર કરે છે.

**શ્રોતા :-** તમારી બધી વ્યાખ્યા કેમ ફેર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યાખ્યા બધી ફેર. માણસ કહે, 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબાના તેર.' એમ વીતરાગ કહે, તારે ને મારે વાતે વાતે ફેર છે. સમજાણું કાંઈ? સત્યના સિદ્ધાંતો અને અસત્યના સિદ્ધાંત સાથે વાતે વાતે ફેર છે. મોહનભાઈને કહે છે. એ મોહનભાઈ આવે છે સાંભળવા. કો'ક દિ' વળી એમ હોયને તો આવે. મોહનભાઈ! એ જાણીએ છીએ, ઓળખીએ છીએ અમે. અહીં કહે છે કે બાપા! આ વાત બીજી છે, ભાઈ! એ સામાયિકમાં શુભરાગ છે એ કરે. ભગવાન... ભગવાન... સ્મરણ કરે અને નોકાર ગણે એ શુભરાગ છે, એ કાંઈ સામાયિક નથી.

**શ્રોતા :-** એ તો પાછો ધંધો સરખો ચાલે એ માટે કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી જુદી (વાત). એ તો વળી આ કરીએ તો આપણે સરખું ચાલે. ભક્તામર ગણીએ. ભક્તામર ગણીએ તો નાગા ભૂખ્યા રહીએ નહિ. એ તો વળી મૂઢ જીવ છે. એના તો પાપના પરિણામ છે. પણ આ તો પાપના પરિણામ ન હોય એને ભક્તામર (બોલે), ભક્તામર મૌલિમણિ પ્રભાણાં. આવે છેને સ્તુતિ? લ્યો, આ એ

હમણા ફિલ્મમાં ઉતારાવા માગે છે. ફિલ્મમાં એ આવે છે. અમારે તો બહુ કાગળ આવ્યા છે હમણા સોનગઢ. આ ૨૫૦૦ વર્ષની ઉજવણી (થવાની છે). ભાઈ! બહુ કાગળ આવ્યા છે હમણા. આટલા બધા કાગળ આવ્યા છે. હમણા સોનગઢ આવ્યા હશે. આ ૨૫૦૦ વર્ષની ભગવાનની ઉજવણી થાય છેને એમાં વિરોધ કરનારા છેને ઘણા. એના બધા કાગળ આવ્યા કે તમે પણ વિરોધ કરો. ભાઈ! હવે થવા દેને. એની શક્તિ પ્રમાણે બિચારા કરશે. અઢી હજાર વર્ષ ભગવાનને થયા એ બધા ભેગા થઈને સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી (ભેગા થઈને ઉજવશે). એ શુભભાવ છે. લોકોને એમ તો થાય કે અઢી હજાર વર્ષ પહેલાં એક મહાવીર પરમાત્મા હતા. એવી જરી પ્રસિદ્ધિ તો થાય. વિરોધ કરવાનું કામ શું છે તારે અહીંયાં? તને ન ગોઠે તો તું બીજી રીતે કર. પણ વિરોધ કરીને શું કામ છે? અમારા ઉપર આટલા બધા કાગળ આવ્યા છે. પંડિતજી!

**શ્રોતા** :- સોનગઢે વિરોધ કર્યો જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોઈએ વિરોધ કર્યો નથી. અહીં વિરોધ કરતા જ નથી.

**શ્રોતા** :- અહીં મિટીંગમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ વિરોધ નહિ. મેં તો શાહુ શાંતિપ્રસાદ, શાહુ શાંતિપ્રસાદ ૪૦ કરોડ રૂપિયા. ત્યાં દિલ્હીમાં આવ્યા અને હમણા આવ્યા હતા ત્યાં સોનગઢ. ત્યાં એણે મિટીંગ ભરી હતી. ત્યાં અમને પૂછ્યું. જુઓ, ભાઈ! મારો એ વિષય નથી કીધું. મારો વિષય તો અંતરનો છે. છતાં કોઈ કરે તો એમાં નિષેધ કરવા જેવું નથી. પરમાત્મા અઢી હજાર વર્ષ પહેલાં મોક્ષ પધાર્યા છે એની જગતમાં પ્રસિદ્ધિ થાય. લોકના ખ્યાલમાં આવે. આ તો એમ કે ... આ બધું કરે છે. એવું અંદર આવ્યું હતું. ભાઈ હવે ... તું કર બીજી રીતે. વિરોધ શું કરવા કરે છે આ? હજી એ ના પાડે એને ધર્મની ખબર નથી. આહા..હા..! એને ધર્મ શું કહેવાય અને કેમ થાય એની એને ખબરું નથી. એ તો આ વ્રત પાળીએ અને ક્રિયા કરીએ એ અમારો ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને. લૂગડાં ફેરવીને બેઠા, નાગા થઈને બેસે. આ કોઈ લૂગડા રાખીને બેસે માટે સાધુ થઈ ગયા. ત્રણકાળમાં નથી. દ્રવ્યલિંગ પણ એની પાસે નથી. આહા..હા..! ઝીણી વાતું, બાપા! હજી સમ્યગ્દર્શન તને નથી. તને ખબર નથી સમ્યગ્દર્શન કેમ થાય અને એ આવા બીજા ધર્મના વિરોધ કરે. તો એ બિચારા ક્યાં ધર્મ પામેલા છે બધા? સમજાય છે? બધા હોયને. કસ્તુરભાઈ, લાલચંદ ને બધા ભેગા થયા છેને. કરે. શાહુ શાંતિપ્રસાદ, સ્થાનકવાસી લોકો, દેરાવાસી, દિગંબરો, તેરાપંથી બધા ભેગા થઈને (કરવાના છે). મતભેદ ભલે હો અંદર, પણ આમાં મતભેદ રાખવો નહિ. એમાં કહે મારો વિરોધ ભાઈ છે નહિ. લાખ લોકો વિરોધ કરે એ વિરોધ વિરોધમાં રહી જશે અને લોકો ઉજવશે મહાવીર ભગવાનને. સમજાણું કાંઈ? એટલે ઈન્દિરાએ ૫૦ લાખ આપ્યા. એને તાર કર્યા કે તમે આપશો નહિ. હવે એ આપ્યા વિના રહેશે નહિ સાંભળને. મફતનું

તારું રહેશે ત્યાં. આહા..હા..! ઘણાના દેખાડ્યા છે કાલે. એક ચોપડી આખી આવી છે. ફલાણા સાધુએ ના પાડી, ફલાણા સાધુએ ના પાડી. પણ બાપુ અમારે ના પાડવાનો પ્રસંગ નથી અહીંયાં. એ શાહુજીને કીધું હતું ભેગા થઈને ભગવાનના સ્મરણની અંદર સ્મૃતિનો આવો એક પ્રસંગ છે. અઢી હજાર વર્ષે સાંપડ્યો છે, ૨૫૦૦ વર્ષ (પહેલાં) પરત્માનો મોક્ષ (થયો). એ માટે ભેગા થઈને કરતા હોય તો એમાં વિરોધ કરવા જેવું નથી. પોપટભાઈ! તમને તો ખબર હશેને બધી કોણ વિરોધ કરે છે. બધા વિરોધ કરે છે કેટલાય ઘણાં. અમારી ઉપર નામ આવ્યા છે. અમારે સોનગઢ ઉપર આવા કાગળ (આવ્યા છે). અહીં મોકલ્યા છે, વાંચ્યા થોડા પરમ દિ'. બાપુ! અમારું એ કામ નથી, ભાઈ! અમારું તો આત્મામાં અંદર દૃષ્ટિ કરીને ઠરવું એ એક જ કર્તવ્ય છે અમારે તો. સમજાણું કાંઈ? એ જ કરવાલાયક છે એમ ત્રણલોકના નાથે કીધું છે. બાકી આ એક શુભભાવ હોય એને હો. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'હું મનુષ્યપર્યાયને કરતો નથી,...'** આ લોકો કહે કે મનુષ્યપણું મળે તો કાંઈક ધર્મ થાય. ભગવાન ના પાડે છે. ત્રિલોકનો નાથ અંદર આત્મા આનંદનો નાથ છે એને જો સ્મરે અને એનું ધ્યાન કરે તો ધર્મ થાય, બાકી ધૂળમાંય મનુષ્યપણાથી ધર્મ થાય નહિ. આહા..હા..! **'હું દેવપર્યાયને કરતો નથી,...'** આ દેવનું શરીર રચે એમાં હું નથી. મારું દેવનું શરીર થાય (એ હું નહિ). કારણ કે ધર્મી જીવ આ કાળે સમ્યગ્દૃષ્ટિ આદિ એ મરીને દેવ થવાના. કારણ કે અત્યારે કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે નહિ. ધર્માત્મા સાચા સંત હોય જ્ઞાની કુંદકુંદાચાર્ય જેવા, જેને સર્વજ્ઞ સ્વીકારે અને જેને આત્માના અનુભવની દશા ઉગ્ર થઈ છે, એ જીવને પણ આ કાળે તો સ્વર્ગમાં જાવું પડશે. કારણ કે શુભભાવ.. છતાં એ પોતે કહે છે પહેલેથી કે એ દેવપર્યાયને હું રચનારો નથી. આહા..હા..! કોઈ શુભભાવ બાકી રહે અને કર્મ બંધાય એને લઈને રચાય તો એ હું નથી. એ શુભભાવ પણ હું નથી, કર્મ બંધાય દેવનું એ હું નથી અને દેવનું શરીર રચાય એમાં મારો અધિકાર નથી. આહા..હા..! મોહનભાઈ! આ બધું સમજવું પડશે હોં! બહારની સામાયિકો કરી કરીને મરી જાય તો કાંઈ હાથ નહિ આવે ત્યાં. પ્રાણભાઈએ ઈશારો કર્યો તમારા ઉપર થોડો. એ તો બધી અમને ખબર છેને. અમે બધું કરતાં દુકાન ઉપર. સામાયિક કરતાં, પડિક્કમણું કરતાં, ચોવિહાર કરતા. ચોવિહાર તો ૬૫ વર્ષથી ચાલે છે. ૬૫ વર્ષથી ચોવિહાર છે. એ શુભભાવ છે, ધર્મ નહિ.

**શ્રોતા :-** ... આબરૂ માટે કર્યો હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી આબરૂ દુનિયા કહે માટે કર્યો હોય તો પાપ છે. એને આ પાપ છે અને આમાં હિંસા છે એમ માનીને રાગ મંદ કર્યો હોય તો શુભભાવ છે, ધર્મ નહિ. ધર્મ તો આનંદનો નાથ ભગવાન એને અવલંબીને, કેવળી પણ્ણંતો ધમ્મો-સર્વજ્ઞે કહ્યો ચિદાનંદ આત્માને આશ્રયે જે દશા પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે. આ જિનવરદેવના પોકાર સભામાં, દેવમાં, મનુષ્યને માટે આ છે. બાર જાતની સભા હોય ભગવાનના વખતમાં.

બાર જાતની સભા સાંભળીને છેને, ભાઈએ? પોપટલાલભાઈ! ભગવાનના સમવસરણમાં બાર સભા હોય છેને. દેવ, દેવી, મનુષ્ય, મનુષ્યણી, તિર્યંચ, તિર્યંચણી (એવી) બાર સભા આવે છે. એમાં ભગવાનનો અવાજ અને દિવ્યધ્વનિ આ હતી, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- આત્માને જાણ્યા વિના સમાધિમરણ થાય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય ન થાય. આત્માને જ્ઞાન થયા વિના સમાધિમરણ શેનો થાતો હતો? મરતા નમો અરિહંતાણં... નમો અરિહંતાણં (કરતાં) મરે (તો લોકો કહે) સમાધિમરણ થયું. ધૂળેય નથી સાંભળને.

**શ્રોતા** :- થાય એને સંથારો કહેવાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંથારા શેના? બાળક બાળબુદ્ધિની ક્રિયા છે બધી. આત્મજ્ઞાન અને આત્મદર્શન વિનાની જેટલી ક્રિયા બધી એને ભગવાન બાળતપ અને બાળવ્રત પરમાત્મા કહે છે. એ મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ.

**શ્રોતા** :- ... કરતા કરતા તો થાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય ન થાય. એ બાળ ક્યાં? એ તો અજ્ઞાની કીધું અહીં. બાળને ક્યાં કહે છે? મૂઢ છે. આહા..હા..! જેને એક વિકલ્પ ઉઠે છે કે આ કરું એ પણ રાગ અને ઝેર છે. એ ધર્મીને હેય છે. અરે! એ તો ઠીક. આહા..હા..! ધર્મની પર્યાય પ્રગટે એ દૃષ્ટિમાં તો હેય છે. ક્યાં સમાશે આ વાત? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અગમ્ય પ્યાલાની વાતું, બાપા! આહા..હા..! અજર પ્યાલા. આહા..હા..!

કહે છે કે '**દેવપર્યાયને કરતો નથી,...**' હું તો દેવના શરીરને રચનારો નથી. આહા..હા..! કેમકે આત્માનું જે વીર્ય છે એ તો શુદ્ધ દશાને રચે એને વીર્ય કહીએ. રાગને રચે એને વીર્ય આત્માનું ન કહીએ, એ નપુંકતા છે. આહા..હા..! વ્યવહારની રચનાનું વીર્ય એ નપુંસક છે એમ શાસ્ત્ર કહે છે. ભગવાન એમ કહે, ત્રણલોકના નાથ અમારી સામું જોઈને તને જે રાગ અને ભક્તિ ઉઠી એની રચનાનો ભાવ એ વીર્ય નહિ, બાપુ! આહા..હા..! એ ભગવાન વીતરાગ એમ કહે. મોઢા સામું કોળિયો કોને ખોટો લાગે? ભગવાન ના પાડે છે. અમારી ભક્તિ અને અમારા સ્મરણ વખતે તને જે રાગ થાય છે એ રાગ છોડવા જેવો છે. અમારી સામું જોવું છોડી, તારી સામું જો. તારી સામું જો. અંદર ચિદાનંદ પરમાત્મા બિરાજે છે, ભાઈ! તને ખબર નથી. ભગવત્ સ્વરૂપ તારું ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**હું દેવપર્યાયને કરતો નથી,...**' આ તો મુનિ છેને. શાસ્ત્રો રચ્યા છેને આ. એટલે કહે છે કે દેવ તો થશે, પણ એ રચનારો હું નહિ. હું તો મારા આનંદ અને શાંતિની રચના કરનારો હું છું. આહા..હા..! આવી ધર્મદેશના કઈ જાતની? બાપુ! ધર્મદેશના તો આવી છે, સત્ય તો આ છે. બાકી બધી અસત્યની વાર્તાઓ છે. આ વૃદ્ધ માણસોએ બધું જોયું છે કે નહિ? જૂનું નથી સાંભળ્યું એણે બધું? પાલિતાણા સાંભળ્યું, બધે સાંભળ્યું હશે કે

નહિ? એય..! પોપટલાલભાઈ! ડાહ્યા માણસ હોય, મધ્યસ્થ હોય એને એમ લાગે કે આ વાતું કાંઈક બીજી લાગે છે.

**શ્રોતા :-** મેળવે તો ખરાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મેળવે તો ખરાને માણસ. વાણિયો લાભ મળે ત્યાં જાય કે નહિ? લાભનો વેપાર હોય એ માલ લાવે કે ખોટનો માલ લાવતો હશે? ત્યાં પાંચ રૂપયે મણ લાવ્યો હોય અને અહીં સાડા ચાર ઊપજતા હોય એવો માલ લેતો હશે એ? ચાર રૂપિયે મણ મળે અને અહીં પાંચ રૂપિયે થતું હોય. ચાર આના મણે ચડ્યા હોય રેલના મજૂરીના, એમાં અહીં સવા ચારે પડ્યું હોય અને પાંચ મળતું હોય તો એ માલ પોસાય એને. કેમ મોહનભાઈ? એમ હશે કે નહિ? કે ખોટના ધંધા કરતા હશે?

એમ આત્મા આનંદના નાથને પહોંચતા એની દૃષ્ટિ ત્યાં પડતા એને આનંદનો લાભ અને ધર્મનો લાભ થાય, બાકી રાગમાં ધર્મનો લાભ છે નહિ. આહા..હા..! હોય છે, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને પણ એવો ભક્તિનો ભાવ આદિ હોય છે, પણ એ હોય છે એ હેય તરીકે છે. હેય એટલે છોડવા તરીકે જાણે છે. હું અત્યારે નબળો છું એટલે મને રાગ આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે, લ્યો. 'વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માંગુ..' આવે છેને. આનંદઘનજીમાં આવે છે. ૨૪મા (તીર્થંકરની સ્તુતિ). 'વીર જિનેશ્વર ચરણે લાગુ, વીરપણું તે માંગુ રે, વીરપણું તે આતમ ઠાણે...' આત્મમાં વીરપણું અંદર છે કહે છે. 'જિત નગારું વાગ્યું રે.' આહા..હા..! ચિદાનંદનો નાથ પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન એનો આશ્રય લેતા, એમાં એકાગ્ર થતાં જીત નગારું વાગ્યું. જીત્યો હું, સંસારનો નાશ કરીને અલ્પકાળમાં મારી મુક્તિ છે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પોતાના મોક્ષની દશા અલ્પકાળમાં છે એવી એને પ્રતીત થઈ જાય છે. મારે સંસાર છે નહિ. થોડો રાગ બાકી છે (એટલે) એકાદ બે ભવ હો, પણ એ ભવ મારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો કાયરના તો કાળજા કંપે એવું છે.

જામનગરમાં વિભા રાજા હતા એક. વિભાજામ. તે ૨૫-૫૦ લાખનો તાલુકો તે દિ' હતો. હવે કરોડનો (કહેવાય). એમાં લશ્કરના માણસ રાખેલા બહુ. પગાર ભરે લશ્કરના માણસો. એમાં પાવૈયા બહુ હતા એ વખતે. આ પાવૈયા નથી આવતા? એ વખતે બહુ હતા. આપણે રામજીભાઈને ત્યાં પાવૈયાની શેરીમાં રહેઠાણ છે. પાવૈયા ઘણા હતા. એ વખતે પાવૈયા ઘણા હતા, એમને ખબર છેને. અમારી દુકાન ઉપર પાવૈયા આવતાને. હીજડા આવે પૈસા લેવા. બે આના, ચાર આના માગે. પૈસો-બે બૈસો નહિ. ઢોલ વગાડે અને મુસલમાન હીજડા પાવૈયા હોં. દુકાન ઉપર આવતા. નાની ઉંમરની વાત છેને અમારે તો. ૨૦-૨૦ વર્ષથી આ બધું જોયું છે. ૨૦ વર્ષની ઉંમરથી. ત્યાં પાવૈયા બહુ. રાજા પાસે ગયા. ભાઈ! આ લશ્કરના આટલા પૈસા ભરવા પડે. એ કરતા અમે સોંઘે રહીએ, અમને લશ્કરમાં ભરતી કરોને. રાજા

કહે પણ તમારા કામ નહિ. પણ કરો તો ખરા. પાવૈયાને વીર્ય જાય નહિ. શરીર મોટા મજબૂત હોય અને ઓલા બિચારા લશ્કરના માણસ હોય એ તો ભોગ લે, વિષય લે એટલે એનું વીર્ય જાતું હોય એટલે શરીરનું જોર ઓછું દેખાય. ઓલા કહે, અમને રાખો, અમે લશ્કરનું કામ કરશું. ઠીક ભાઈ લાવો ચાલો. થોડે સોંઘે પગારે રાખ્યા.

એ પહેલાં એવો રિવાજ હતો કે રાજ ઉપર લડાઈ કરવી હોય તો સાંજે ગાયું હોયને ધણ જે આમ બહારથી પાછું આવતું હોય સાંજના, એ રાજા આવીને એ પાછું વાળે. ત્યારે સમજવું કે આ લડાઈ કરવા આવ્યો છે. ગાયનું ધણ સવારમાં ગયું હોયને બહાર એ સાંજે પાછું વળેને ત્યારે જે રાજા લડાઈ કરવા આવ્યો હોય એ ધણને પાછું વાળે. ગામમાં ગરવા ન દે. ત્યારે રાજાને ખબર પડે કે કોઈ લડાઈ કરવા આવ્યો છે. ગાયનું ધણ વાળ્યું જાય એટલે ખબર પડી રાજને. ઓલા પાવૈયા રાખ્યા હતા લશ્કરમાં. પાવૈયા મોટા ઘોડા જેવું શરીર. ઓલો કહે આહા..હા..! રાજ.. બોલ્યો રાજાને. આહા..હા..! જબરા જોરદાર. પણ એ જ્યાં ઘેરો આવ્યોને નદીનો ઉતરવાનો. ત્યારે એ પાવૈયાની ભાષા કાંઈક બોલ્યા. હીજડાની કાંઈક ભાષા એવી હશે એ બોલ્યા. ઓલા સમજી ગયા કે આ તો હીજડા. ચાલો પાછા.

**શ્રોતા :-** .. વખતમાં બનેલી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બનેલી વાત છે. આ કલ્પેલી નથી. આ બનેલી વાત છે. એ પાછા રાજા પાસે ગયા, સાહેબ! અમે ખીચડા ખાઈએ અને ગીતડા ગાઈ બાકી લશ્કરનું (કામ અમે ન કરી શકીએ). નહોતું તને કહ્યું? પાવૈયાના કામ નથી અહીં તને કહ્યું નહોતું? અને તમે આ લશ્કરમાં જોડાણા અને ભાગીને આવ્યા. જાવ હવે છોડી દ્યો. એમ ત્રણલોકના નાથ કહે છે કે રાગની ક્રિયા કરીને અમે ધર્મ માનશું એવા નપુંસકો, પાવૈયા ધર્મને રસ્તે જાય છે. પોકાર કરે છે કે છોડી દે આ. સમજાણું કાંઈ? આ તો રમતું આત્માની છે, બાપા! એ.. ધીરૂભાઈ!

**શ્રોતા :-** આ તો બનેલો બનાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બનેલો બનાવ છે. જામનગરમાં બનેલો બનાવ છે, આ બનેલી વાત છે. હીજડાને રાખ્યા હતા વિભાના વખતમાં. પછી આવું (થયું). બાપા! અમારું કામ નહિ હોં. ઓલા .. અમારી કોઈ વાણી સાંભળીને અમને હીજડા આવ્યા કહે. તમારા કામ નહિ, બાપુ! એમ જેને પુણ્યની ક્રિયામાં ધર્મ માનનારા પાવૈયાઓનું અહીં કામ નથી એમ કહે છે. એય..! મનસુખભાઈ! આહા..હા..! કેમકે આત્માનું બળ એને પરમાત્મા ત્રણલોકના નાથ કહે છે કે જે વીર્યને લઈને અંદર શુદ્ધતા સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ અને ચારિત્ર અને આનંદની રચના થાય એ વીર્યનું કાર્ય છે. એ વીર્યનું કાર્ય ન કરતાં રાગ અને પુણ્ય અને દેહની ક્રિયા હું કરું છું, આવા માનનારા હીજડાઓ ચાર ગતિમાં રખડનારા છે ઈ. એય..! મોહનભાઈ! આ વાણિયાનું કામ નથી વેવલા જેવાનું. ... અમારે શું કરવું?

અમારે છેને ક્યાં ગયા હિંમતભાઈ? એય..! આ હિંમતભાઈ, આ ચીમનભાઈ એના બાપ હતાને છોટાભાઈ? એ છોટાભાઈના બાપ હતા નારણભાઈ. નાગનેશમાં. તે દિ' ૩૫ હજારની મૂડી. પણ તે દિ' ૩૫ હજાર એટલે મોટો .. કહેવાયને. નારણશેઠ. આ પૂનમચંદના બાપના બાપ. આ પૂનમચંદ નહિ આ મોટા મકાન કરે છે. એ છે કે નહિ? આવ્યા છે કે નહિ? નહિ આવ્યા હોય. રખડાવમાં આવે શેના? એ એના બાપ પાસે ૩૫-૪૦ હજારની મૂડી. લોકો કરોડોપતિ કહે એને. કારણ કે ૧૦૦ રૂપિયા ધીરે ૫૦. ઘણા ગામમાં કહે. એમાં એકવાર વાણિયો પોતે ઓલું કરવા ગયા ઉઘરાણી. પૈસાવાળો માણસ. ઉઘરાણી બે હજાર રૂપિયા લઈને આવે ઘોડે ચડીને. પછી એમાં ચોરને ખબર પડી કે આ નારણશેઠ ઉઘરાણીએ ગયા છે. ચાલો. ત્યાં નીકળ્યું એનું ... ઘોડા ઉપર બેઠેલા. નારણશેઠ. એ વખતે સાદા કપડા હતાને. આવી સફારી ક્યાં હતી તે દિ'? સાદા શેઠિયા માણસ હોં આમ. પણ સાદા કપડા અને આ સાદું શું કહેવાય આ? કડીયું. ચોરણો તો નહિ પણ કડીયું અને ધોતીયું. એટલે ઓલા નારણશેઠે જાણ્યું કે આ ચોર લાગે છે. એટલે કહે, એ મા-બાપ! આઘા રહેજો. ઓલા સમજ્યા કે આ તો ભંગ્યો લાગે છે. એય..! આ બનેલું. તમારે ક્યાં ગયા આ ચીમનભાઈના બાપ. આ હિંમતભાઈના બાપના બાપ. જુઓ આ બેઠા હિંમતભાઈ. એ નારણશેઠ પૈસા બચાવવા એકવાર તો એ મા-બાપ! આઘા રહેજો. ઓલા ચોર જાણે કે આ તો નારણશેઠ નહિ, આ તો ભંગ્યો. ઘોડો ચડાવી દીધો. બે હજાર સાથે રોકડા હતા. તે દિ' તો રોકડા હતાને. પહોંચી ગયા નાગનેશ એને ઘરે.

એમ જેને કળા કરતા આવડે છે આવી વાત. વાણિયો તો એને કહીએ. રાગ અને શરીરની ક્રિયા એ કળા મારી નહિ. હું તો આનંદનો નાથ, મારા વીર્યની રચના તો પવિત્રની ક્રિયા કરે એનો રચનારો હું. સમજાણું કાંઈ? આહા..હા..! આમ વાણિયો બચાવ કરે ટાણે. ભલે ભંગ્યો ક્યાં ભંગ્યો થઈ ગયો હતો? સમજાણું કાંઈ? અહીં કહે છે કે આહા..હા..! હું તો પર્યાયમાં, ધર્મી જીવ પર્યાયમાં કેવળજ્ઞાનની અપેક્ષાએ પોતાને પામર માને.

**શ્રોતા :-** ધર્મી જીવ પોતાને પામર માને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાની પર્યાય અલ્પ છે સમકિતદર્શન, જ્ઞાનની અને કેવળજ્ઞાન નથી માટે ધર્મી પોતાની પર્યાયની અપેક્ષાએ પામર માને, ત્રિકાળની અપેક્ષાએ પ્રભુ માને. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્રણલોકનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ મારો દૃષ્ટિનો વિષય અને એ મારો આત્મા. એમાં તો પ્રભુતા પૂર્ણ માને, પણ પર્યાયની અવસ્થા જ્યાં જોવે તો આહા..હા..! ક્યાં કેવળજ્ઞાન! ક્યાં પરમાત્માની દશા! મારી દશા અનંતમે ભાગે ઉણી છે, બહુ થોડી છે. છે ધર્મી. ભાન થયું સમ્યગ્દર્શન, જ્ઞાનનું, ચારિત્રનું અંશે, ત્રિકાળની અપેક્ષાએ મારી પર્યાય અલ્પ છે તે અનંતાનુબંધીનો અભાવ થયો છતાં પોતાની પર્યાયને પામર તરીકે (માને છે), ઉગ્ર પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન લેવા માટે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! કહે છે.

‘**હું દેવપર્યાયને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**’ ‘**હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી,...**’ એ આપણે ચૌદ આવી ગયા છે. ગતિ, કષાય, જ્ઞાનના પાંચ ભેદ, કષાયના ભેદો, સમકિતના ભેદો એ બધા ભેદોને હું કરતો નથી, કહે છે. આહા..હા..! હું તો અભેદ ચિદાનંદ આત્મા છું, એને રચું છું. આહા..હા..! પર્યાયને ભાવું છું. આવા ભેદ ઉપર મારું લક્ષ નથી. આહા..હા..! ચૌદની પહેલાં થોડી વાત થઈ ગઈ છે. ‘**ભેદોને કરતો નથી, સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**’ હું તો ચૈતન્ય સ્વરૂપ જે અખંડ અભેદ છે (એને ભાવું છું). એમાં એક આવે છે. આમાં ક્યાંક છે. ભેદજ્ઞાનની વાત છેને. શુદ્ધનય કહેતી નથી એમ આવે છે. ક્યાંક છે ખરું. ૯૧ ગાથામાં છે. કળશ છે ૧૨૦. ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. જુઓ એક વાત. આમ ધર્મધ્યાન શુદ્ધ હોં શુદ્ધ. ધર્મધ્યાન શુક્લધ્યાન જે પર્યાય શુદ્ધ. એ ધ્યાનની ધારાને શુદ્ધનય કહેતો નથી. તે છે એમ વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. આહા..હા..! નિયમસારમાં છે. ૮૯ ગાથામાં કળશ છે.

શું કહે છે? કે નિશ્ચય તો પૂર્ણાનંદને સ્વીકારે છે. સમ્યગ્દૃષ્ટિ પૂર્ણને સ્વીકારે છે. એ પર્યાયમાં જેટલા ધર્મના પ્રકાર અને શુદ્ધતાના ધ્યાનના પ્રકાર થાય એ તો વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મારો વિષય નહિ. આહા..હા..! બાપુ! આ તો વીતરાગ ત્રણલોકના નાથનો માર્ગ છે, ભાઈ! આ કાંઈ પામરનો માર્ગ નથી. કહે છે કે ‘**ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી, તે છે એમ વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ અહો! મહા ઈન્દ્રજાળ છે.**’ નાથ તારા તત્ત્વની ઈન્દ્રજાળ આવી એ તો. એ ત્રિકાળ આનંદનો નાથ ધ્રુવના વિલાસની રમતવાળો જીવ પર્યાયમાં જે ભેદ પડે ધર્મના એને પણ એ સ્વીકારતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ધ્યાનાવલી શબ્દ પડ્યો છેને? ધ્યાનાવલી. છેને, કળશ છે હોં. આહા..હા..! ‘**ध्यानावली कथय सा कथमत्र जाता**’ આહા..હા..! હું તો ચૈતન્યનો વિલાસ એવો ભગવાન આત્મા એમાં એકાગ્ર મારી દૃષ્ટિ છે અને મારી રમત ત્યાં છે. ભગવાન કહે છે કે એ શુદ્ધનયના વિષયમાં ત્રિકાળી દ્રવ્ય જ દૃષ્ટિમાં હોય છે. ધ્યાનની દશાઓ જે નિર્મળ આનંદની દશાઓ પ્રગટે એ ધ્યાનાવલી શુદ્ધનય સ્વીકારતો નથી. આહા..હા..! એ તો વ્યવહારમાર્ગમાં પર્યાયમાર્ગમાં એ વાત આવે છે, એ નિશ્ચયથી તો હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લાંબી વાત છે. અહો! ઈન્દ્રજાળ છે કહે છે. એ ચૌદ માર્ગણાના સ્થાનને હું સ્વીકારતો નથી.

‘**હું મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી,...**’ આ સમકિત ચોથું, પાંચમું શ્રાવકનું, છઠ્ઠું મુનિનું, સાતમું ધ્યાનનું એવા ભેદોને હું કરતો નથી. આહા..હા..! મૂળચંદભાઈ! આવી વાતું છે આ. ‘**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું. હું એકેન્દ્રિય આદિ જીવસ્થાનભેદોને કરતો નથી,...**’ આ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, પર્યાપ્ત

અને અપર્યાપ્ત, સંજ્ઞી અને અસંજ્ઞી એ ભેદો મારા નહિ. આહા..હા..! આવું પ્રતિક્રમણ છે. પરમાર્થ પ્રતિક્રમણ ચાલે છેને. પરમાર્થે પ્રતિક્રમણ આને કહીએ કે આવા ભેદ પણ મારા નહિ. હું અભેદ ચિદાનંદ આત્મા છું એવી દૃષ્ટિ કરવી એનું નામ પરમાર્થ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. પછી થોડાક બોલ છે. અવસરે વાત.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૯-૦૪-૧૯૭૪,
## ગાથા-૭૭ થી ૮૧, કળશ-૧૦૯, પ્રવચન નં. ૭૫૭

આ નિયમસાર સિદ્ધાંત છે. પરમાર્થ-પ્રતિક્રમણનો અધિકાર છે. સાચું પ્રતિક્રમણ કોને કહેવું? એ અનંતકાળમાં એક સેકન્ડમાત્ર પણ કર્યું નથી. વ્યવહાર-સામાયિક, વ્યવહાર-પ્રતિક્રમણ, વ્યવહાર ભગવાનની ભક્તિ, સામાયિક, ચોવિસંતો ભગવાનનું આવે છેને? પ્રતિક્રમણ, કાયોત્સર્ગ એ બધા વિકલ્પોનો ભાવ શુભ એને દુનિયા પ્રતિક્રમણ અને પરમાર્થ-ધર્મ માને છે. એને ભગવાન કહે છે કે એ શુભ વિકલ્પ જે છે એનાથી ભિન્ન આત્મા અભેદસ્વરૂપ ચિદાનંદ સહજ ચૈતન્ય વિલાસસ્વરૂપ આત્મા... આહા..હા..! સ્વભાવિક ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્મા એ અભેદ ઉપર દૃષ્ટિ પડતાં, અનુભવ થતાં એ વ્યવહાર-પ્રતિક્રમણથી નિવર્ત્યો અને નિશ્ચય પ્રતિક્રમણ એને થાય છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

વાસ્તવિક પ્રતિક્રમણ તો એને કહીએ એટલે કે મિથ્યાત્વથી પાછો હઠ્યો એને કહીએ કે જેની નિમિત્ત ઉપર(થી) દૃષ્ટિ ઉઠી ગઈ છે, જેને રાગની ક્રિયાનો વિકલ્પ છે એના ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ છે, જેની એક સમયની વર્તમાન દશા છે, પર્યાય છે એ ઉપરની જેની દૃષ્ટિ ઉઠી ગઈ છે... આહા..હા..! અને જે ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ અભેદસ્વરૂપ છે એમાં જેની દૃષ્ટિ અને રમતું જામી છે... આહા..હા..! એને સાચું પ્રતિક્રમણ અને પરમાર્થ પ્રતિક્રમણ કહેવાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! એણે એક સેકન્ડ પણ એ ચીજને કોઈ દિ' કરી નથી. બહારની આ થોથાં, આ કરવું ને આ કરવું ને આ કરવું.

અહીં એ કહે છે... આ ગાથા તો અભેદની દૃષ્ટિ કરાવવાની છે. હું એક આત્મા સહજ ત્રિકાળી નિરાવરણ સદા નિરાવરણ સ્વરૂપ છું અને શુદ્ધ જ્ઞાનમય વસ્તુ છું. દર્શનની સ્ફુરણા નામ દર્શનની પ્રગટતાથી ભરેલો મારો ભગવાન છે. આહા..હા..! અને ચારિત્ર એટલે યથાખ્યાત ચારિત્ર પર્યાયની વાત નથી આ, સ્વરૂપની રમણતારૂપ ધ્રુવ એવી યથાખ્યાત ચારિત્રની દશાવાળો આત્મા છે ત્રિકાળ. એવી દશામાં હું એવી ચીજને માનનારો. ધર્મી સમ્યગ્દૃષ્ટિ એમ કહે છે

કે આવી ચીજને હું આદરનારો તે હું રાગને અને પુણ્યને અને નિમિત્તને કે એક સમયની પર્યાયનો હું આદર કરતો નથી, એનું નામ મિથ્યાત્વનું પ્રતિક્રમણ. પોપટભાઈ! આવી વાતું કે દિ' આ તો કાંઈક નવી હશે આ? આવો જૈનધર્મ હશે? આહા..હા..! જૈનધર્મ શું છે, બાપા? જૈનધર્મ કોઈ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ છે. એ વાત અત્યારે ગુમ થઈ ગઈ બહારમાં. સમજાણું કાંઈ?

ભગવાન સહજાનંદસ્વરૂપી અતીન્દ્રિય આનંદનો પિંડ અભેદ એકસ્વરૂપી એની જેને દૃષ્ટિ છે કે હું તો આ છું, એની વર્તમાન પરિણતિ રાગ અને નિમિત્તથી હઠીને સ્વભાવ તરફમાં જેની લીનતા જામી છે અને જેને વર્તમાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એને પરમાર્થે પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં વાત આપણે આવી છે કે ચૌદ માર્ગણાના સ્થાન-ભેદ પણ મારા નહિ. 'આત્માની જ્ઞાનની દશા જે સમ્યક્ પાંચ થાય, સમ્યગ્જ્ઞાનની પાંચ દશા—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળદશાઓ એ ભેદને હું કરતો નથી' ધર્મી એમ કહે છે. આહા..હા..! ઝીણી વાતું, ભગવાન! ચાલતા માર્ગની અંદરથી એવી ચીજ છે જુદી. ધર્મી એને કહીએ અને એ ધર્મી એમ જાણે અને એ ધર્મી એમ અનુભવે કે હું એ જ્ઞાનની પાંચ દશાઓ છેને સમ્યક્-સમ્યક્ એને હું કરતો નથી, ભેદ છે દશા. મારી દૃષ્ટિનો એ ભેદ વિષય જ નથી. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો. સમજાણું કાંઈ? કહે છે કે હું તો સદા નિરાવરણ આનંદનું ધામ પ્રભુ જેમાં અભેદ ઉપર દૃષ્ટિ પડતાં ભેદનો કરનારો હું નહિ. એ કરાવનાર નહિ અને ભેદની અનુમત છું એ હું નહિ. આહા..હા..! છોટુભાઈ! આ વાતું બાપુ બહુ બીજી જાત હોં! આહા..હા..!

અરે! એને ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ એને જગાડે છે, જાગ રે જાગ નાથ! હવે સૂવું ન પાલવે બાપા! આહા..હા..! આવું મનુષ્યપણું મળ્યું, નરક અને નિગોદના ભોગ પ્રભુ તેં અનંત કર્યા. એ ભવ અને ભવનો ભાવ પ્રભુ તારામાં નથી. આહા..હા..! એ તો નથી પણ ભેદ તારામાં નથી. અહીં વાત લઈ જવી છે. હું એક આનંદનો નાથ અભેદ (સ્વરૂપ છું). સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ અભેદ ઉપર હોય છે. ચોથા ગુણસ્થાનના સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ત્રિકાળ અભેદ ઉપર હોય છે. પરમસ્વભાવભાવ એવો અભેદ તે હું. એવો હું રાગને કરતો નથી, નિમિત્ત પાસે જાતો નથી, નિમિત્તને મેળવતો નથી અને મારી દશામાં જે ભેદ પડે છે એને હું કરનારો નથી, હું તો અભેદ છું. આહા..હા..! આ સમ્યગ્દૃષ્ટિનો વિષય અને આ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય છે. ઝીણું છે, ભાઈ! વર્તમાનમાં તો આ કરો ને આ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો. એ છ આવશ્યક કહેવાય છેને? આ સામાયિક ને ચોવિસંથો, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણ... બાપુ! એ ચીજ જુદી, ભાઈ!

કહે છે, આપણે અહીં આવ્યું છે કે '**હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો**

**નથી,...**' અહીંયાં આવ્યું છે. છે એમાં? ભાઈને આપ્યું છે? ઠીક. સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની પહેલી ભૂમિકાવાળો, પહેલી ભૂમિકા હજી ચોથા ગુણસ્થાનની... આહા..હા..! કહે છે કે '**હું શરીરસંબંધી...**' આ શરીર જે માટી, ધૂળ, અજીવ છે એની બાળ અવસ્થા, એની વૃદ્ધાવસ્થા, એની યુવાન અવસ્થા, એની સ્થિર અવસ્થા, એની રોગ અવસ્થા, એની નિરોગ અવસ્થા એ બધા ભેદોને હું કરતો નથી, એ મારું કાર્ય જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? શરીરની ક્રિયા જે આમ ને આમ ને આમ થાય એ બધી અવસ્થાની ક્રિયાને હું કરતો નથી. કેમકે એ તો જડની દશાઓના કાર્ય છે. આ આંગળી આમ ચાલવી, હોઠ આમ હલવો, પાંપણ આમ હલે (એ મારા કાર્ય નથી).

**શ્રોતા** :- બોલે એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બોલે એ બીજો, એ આત્મા નહિ. જડ બોલે, આત્મા બોલે નહિ. અરેરે! એ વાણીની ક્રિયાનો હું કર્તા નહિ, વાણી હું કરતો જ નથી, હું કોઈ દિ' બોલતો જ નથી, ધર્મી એમ કહે છે. ભારે વાતું, ભાઈ!

**શ્રોતા** :- આ ભીંત બોલતી હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભીંત બોલે. આ અવાજ ભીંતમાં પણ ભણકાર વાગે. જડની અવસ્થાઓનું જ્યારે થવું થાય તો ભણકારા ભીંતમાંથી વાગે. આ અંદર નથી થાતા શું કહેવાય આ? ધરતીકંપ. એવો ધરતીકંપ એ જડની ક્રિયા છે. જ્યાં અવાજ આવે મોટા હોં! પાળિયાદ બહુ અવાજ આવતા અમુક સાલમાં ધરતીકંપ હતો. રાણપુર સુધી મકાનો આમ હલી ગયા હતા. અંદરમાં ઊંડેથી કંપ ઉઠતો. બાપુ! એ કંપની ક્રિયા એ બધી જડની છે. એમાં ભાષા, હોઠ, હાથ, આ હાલવું, ચાલવું, ખાવું, પીવું એ બધી ક્રિયાઓ જડની છે.

**શ્રોતા** :- જીવ નથી ખાતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જીવ ખાતો નથી, જીવ પીતો નથી, આ જીવ હાલતો નથી અને જીવ ચાલતો નથી અને જીવ બોલતો પણ નથી. અરેરે! આહા..હા..!

**શ્રોતા** :- હાથ જોડીને ભગવાનના દર્શન તો કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભગવાનના દર્શન એ ચાલવાની ક્રિયા એની નથી. ભગવાનને આમ જોવું એવી જે ક્રિયા એ આત્માની નથી અને જોવામાં જે શુભભાવ થયો એ પણ આત્માની ક્રિયા નથી. એય..! પ્રાણભાઈ! આ કોના ઘરની વાત હશે આ? આહા..હા..! ભાઈ! તું તારા ઘરને ચુકીને બીજે ભમ્યો છો. 'અબ હમ કબહુ ન નિજઘર આયે, અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' હું પુણ્યવંત છું અને હું પાપવંત છું અને મેં દયા પાળી, મેં ભક્તિ કરી અને મેં પૂજા કરી એવી પુદ્‌ગલની ક્રિયાનો સ્વામી અનંતવાર જીવને ભૂલીને કર્યું છે એણે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**બાલાદિ અવસ્થાભેદોને...**' એના ભેદ કે બાળમાંથી યુવાન અને યુવાનમાંથી

વૃદ્ધ અને વૃદ્ધમાં પહેલાં .. રોગની અવસ્થા, એની નિરોગ અવસ્થા એને હું કરતો નથી. એ તો જડની પર્યાયનો સ્વકાળ હોય તો એને કારણે થાય છે. આહા..હા..!

શ્રોતા :- વ્યવહારથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારથી કરી શકે નહિ, બોલાય જૂઠાં વ્યવહારથી. જૂઠો વ્યવહાર જૂઠો. પાળિયાદમાં એક હતો. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૭૫ની સાલની. ૭૫ની. ભુવો હતો એક. શું નામ? ભૂલી ગયા. ઘણા વર્ષ થઈ ગયાને. એનો વડીલ હતો સુરધન એનું નામ જૂઠો હતો. પછી આ સામાયિક કરે, પોષા કરે આ બહારના માનેલા. સામાયિક પોષા હતા કે દિ' એને. એ તો રાગની મંદતા હોય અને અભિમાન હોય તો માને કે હું આ સામાયિક કરું છું. ધૂળ સામાયિક હતી કે દિ' સમ્યગ્દર્શન વિના. જેને આત્માના દર્શન ભેટા થયા નથી અને જેને આત્મા કેવો છે એવો અનુભવ નથી એ આમાં ઠરે શી રીતે? અંતર આનંદમાં ઠરવું એને સામાયિક ને પ્રૌષધ ને પ્રતિક્રમણ કહે છે. ભુવો હતો, પછી એને કહ્યું અરે! ભાઈ! અમે ભૂલી ગયા નામ. છેને આ ચોમાસું કર્યુંને ૭૫માં ત્યાં. ભાઈ! આ તમે સામાયિક, પોષા કરનારા આ ભુવો કેમ થાવ છો? ત્યારે કહે કે મારા સુરધન જૂઠાં છે. એનું નામ જૂઠો સુરધન. એટલે ધૂણીને હું કહું છું કે કોણ છે? જૂઠો એમ હું કહું છું. કોણ છે? જૂઠો. એટલે હું આ જૂઠો છું એમ, પણ ઓલા સમજે કે ઓલો જૂઠો એનો જે થઈ ગયો એ સુરધન. એમ અહીં તો આત્માને, કહે છે... આહા..હા..! એ રાગની ક્રિયા અને ભેદની ક્રિયા એ બધી જૂઠી છે. આહા..હા..! શરીરની ક્રિયા આમ ને આમ, જીવને પાળવે, દયા પાળું, પરની દયા પાળી શકું એ બધી ક્રિયા જડની એને અજ્ઞાની પોતાની માને છે. આહા..હા..!

કહે છે '**હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને...**' એ જડની ક્રિયા છે આ બધી. આ હાલવું, ચાલવું, આ બોલવું એ બધી જડની ક્રિયા છે. ખાવું, પીવું, હાલવું, બોલવું, દાંત હલવા, રોટલાનો ભૂકો થવો, ગળે ઉતરવો એ બધી જડની ક્રિયા છે. આહા..હા..! ધર્મી એમ કહે છે કે એ અવસ્થાને હું કરતો નથી. ત્રણ પ્રકારની ક્રિયા છે. એમાં પહેલી આ જડની ક્રિયાની વાત કરી આમાં. શરીરની અવસ્થા, આમ હાલવું, આમ બોલવું એ હું નહિ. બીજી વાત. ત્યારે છું કોણ?

'**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' આહા..હા..! સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ એમ કહે છે કે એ જડની બધી અવસ્થાઓ મારી નહિ, એને હું કરતો નથી, એને કરાવતો નથી, થતી ક્રિયાને હું સંમત નથી (કરતો) કે આ ઠીક શરીર આમ રહ્યું અદ્ધર. જીવની હાલવા-ચાલવામાં જીવ હેઠે અને શરીર આમ રહી ગયું એ મારી ક્રિયા છે અને હું એને સંમત છું એમ નથી. આહા..હા..! કેમકે તે કાળે તે પ્રકારના પરમાણુઓની અવસ્થાનો સ્વકાળ હોય તે થાય છે, એમાં મારું કરવું, કરાવવું અને સંમતપણું એમાં છે નહિ. આહા..હા..!

ભારે વાતું, ભાઈ! હું તો સહજ ચૈતન્યનો વિલાસ, ભગવાન સ્વભાવિક ચૈતન્યનો રમતિયાળ. શું કહે છે? સમજાણું? રમતિયાળ. એ ચૈતન્યના વિલાસનો રમતિયાળ ભગવાન છે. મનસુખભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય, બાપા! આહા..હા..! અરે! બધી ખબરું છેને આખી દુનિયાની. આહા..હા..! અરે! એને ધર્મ ક્યાં છે અને કેમ થાય એની ખબરું ન મળે. માની બેસે. સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ ને ક્રિયાઓ કરે એને માને કે કાંઈક ધર્મ કરું છું. મિથ્યાત્વને સેવે છે. આહા..હા..!

**શ્રોતા :-** પણ બીજા કરતા તો સારા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા કરતા ભૂંડા, સારા નહિ. એ લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવેને? એમ હોય તો આ કરતા-કરતા સારું થાય. 'એ કરું છું' એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે, જૈનની છે જ નહિ. સમજાણું કાંઈ? એય..! ધીરૂભાઈ! આવી વાતું છે આ. આહા..હા..!

કહે છે કે હું તો ચૈતન્ય સ્વરૂપ ચૈતન્યનો વિલાસ. સ્વભાવિક જ્ઞાન અને આનંદનો વિલાસ એવો જે હું આત્મા એના તરફની મારી એકાગ્રતા છે. એને ભાવું છું એટલે એની એકાગ્રતા કરું છું. રાગ ને પુણ્ય ને દેહની ક્રિયા મારી ત્રણકાળ, ત્રણલોકમાં નથી. માને તે મૂઢ છે અને જાણે તે જ્ઞાની છે. સમજાણું કાંઈ? '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' એમ કરીને એકાંત કર્યું. હું તો એકલો આનંદનો નાથ એની મારી એકાગ્રતા છે. મારો તો સહજાનંદની રમતમાં હું રમું છું, ધર્મી એમ જાણે છે. રાગ અને શરીરની ક્રિયા એ મારી છે નહિ અને મારાથી ભિન્ન છે.

પછી '**હું રાગાદિ ભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,...**' આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પો એવા રાગના અસંખ્ય પ્રકાર હોય દયા, દાન, વ્રત, ભક્તિ આદિના એવા ભાવકર્મના ભેદને હું કરતો નથી. આહા..હા..! આવો ભારે ધર્મ, ભાઈ! આવી વસ્તુ છે, ભાઈ! રાગ અને દયા, દાનનો વિકલ્પ એ રાગ છે. એ વ્રત કરું એ પણ એક વિકલ્પ રાગ છે. વ્રત છે એ આસ્રવનો ભાગ એક રાગ છે. ધર્મી કહે છે, હું ચૈતન્યના વિલાસને રમનારો એવો આત્મા એમાં હું રહેનારો, રમનારો, એકાગ્ર થનારો, એની ભાવના કરનારો હું આવા રાગાદિના ભાવને કરતો નથી. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અને શાસ્ત્રનું જ્ઞાન... સમજાય છે કાંઈ? આહા..હા..! અને પંચમહાવ્રત અને બાર વ્રતના વિકલ્પો એ બધા રાગ, એ રાગને સમ્યગ્દષ્ટિ કહે છે કે હું કરતો નથી. આકરી વાત છે, ભાઈ! આ તો જન્મ-મરણને ઉથલાવી નાખીને મોક્ષની પર્યાય પ્રગટ કરવી એના સાધનની વાતું ચાલે છે આ. સમજાણું કાંઈ?

કહે છે, એવા ભેદને (અર્થાત્) ઘણા પ્રકારના રાગના પ્રકાર. ત્રણલોકના નાથનો વિનય કરવો એ પણ એક રાગનો પ્રકાર. આહા..હા..! ભગવાનની પૂજા કરવી એ પણ એક રાગનો

પ્રકાર, જાત્રા કરવી સમ્મેદશિખરની એ પણ એક રાગનો પ્રકાર, પરની દયા પાળું એવો ભાવ એ પણ એક રાગનો પ્રકાર, સાચું બોલું છું એવો પણ એક પ્રકાર એ રાગનો પ્રકાર. આહા..હા..! એવા રાગના ભેદોને સમ્યગ્દૃષ્ટિ ધર્મી એના ચૈતન્યના વિલાસરૂપી ભગવાન આત્મા એની ઉપર એની નજરું હોવાથી તે એની ભાવનામાં છે. આવા ભાવને સમકિતી કરતો નથી અને કરે તો તે સમકિતી નથી. આહા..હા..! ભારે વાતું, બાપા! આકરી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એ રાગાદિ એ વિભાવ થયો.

દેહાદિની ક્રિયા એ જડક્રિયા. દયા, દાનની ક્રિયા એ વિભાવિક ક્રિયા મેલની ક્રિયા, વિભાવિક ક્રિયા અને ત્રીજી ક્રિયા એક સ્વભાવિક. હું એક ચૈતન્ય સહજ ચૈતન્યનો વિલાસ જેમાં આનંદ અને જ્ઞાનસ્વભાવથી વિલાસથી પડ્યો છે ભગવાન આત્મા એવા આત્માની હું તો એકાગ્રતા અને ભાવના કરનારો છું. આહા..હા..! મારી રમતમાં ધર્મની ક્રિયામાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ મારી ક્રિયા છે. અતીન્દ્રિય સ્વાદ આવે. વળી શું સ્વાદ હશે? સ્વાદ તો દૂધપાકના, મોસંબીના સ્વાદ કહે છે. ધૂળેય નથી. એના સ્વાદ કે દિ' એને આવે છે? મોસંબી ને દૂધપાકના સ્વાદ આવે? એ તો જડ છે. આત્મા અરૂપી ચૈતન્ય છે. એ દૂધપાક કઢેલો હોયને દૂધપાક. દૂધપાક સમજો છો? કોમલચંદજી! એ અમારી ભાષા જુદી છે ગુજરાતીની. એક શેર દૂધમાં નવ ટાક ચોખા નાખે તો એને કહે ખીર, પણ એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા નાખે અને ઘૂંટે તો એનું નામ દૂધપાક. તમારે બધા એને ખીર કહે છે ત્યાં હિન્દુસ્તાનમાં, ખબર છે અમને. અહીં તો કહે છે કે એ દૂધપાક એક શેરે એક રૂપિયાભાર ચોખા નાખીને મણ, બે મણ બનાવે એવો કાઢો-કાઢો એ તો જડ છે, મૂર્ત છે, રૂપી છે, એને આત્મા અડતો પણ નથી. આહા..હા..! એ અહીં જીભને અડતો નથી તો દૂધપાકને તો આત્મા અડતો પણ નથી. પણ એ દૂધપાકનું લક્ષ જ્યાં કરે છે ત્યારે એને એમ લાગે છે કે આ ઠીક છે, એ ઠીકનો એ સ્વાદ લે છે.

**શ્રોતા** :- એ તો રાગનો સ્વાદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગનો સ્વાદ છે, દૂધપાકનો નહિ. કાંઈ ભાન પણ ન મળે. પાગલની પેઠે અનાદિકાળ ગાળ્યો એણે. એય..! છોટુભાઈ!

**શ્રોતા** :- જીભ બોલવાનું કામ તો કરેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જીભ બોલવાની ક્રિયા પણ નહિ.

**શ્રોતા** :- એ પણ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પણ નહિ. જીભ તો જડની ક્રિયા આમ આમ હલે. બોલવાની ક્રિયા ભાષાની ભિન્ન છે.

**શ્રોતા** :- એ કોણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ભાષા કરે જડ, હોઠ નહિ. ઝીણી વાતું, બાપા! વીતરાગનો

માર્ગ બહુ ઝીણો છે. લોકોએ એવો વિપરીત કરી નાખ્યો છે કે મિથ્યાત્વમાં ઘૂંટણ એકલું કરે એ ક્રિયા માને છે બધી. જૂઠી ક્રિયા, જૂઠો ભાવ, જૂઠી શ્રદ્ધા, જૂઠું જ્ઞાન અને જૂઠું આચરણ.

**શ્રોતા** :- અને સાચો ધર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાચો એને ક્યાં ધર્મ હતો ઘરે? માને છે એ. સાચો ધર્મ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ ઈન્દ્ર અને ગણધરની વચ્ચે હુકમ પ્રભુની દિવ્યધ્વનિ છૂટી એમાં આ આવ્યું હતું. એ રાગનો વિકલ્પ ઉઠેને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, ત્રણલોકના નાથનું સ્મરણ કરવાનો પણ એ રાગ છે. ધર્મી એમ જાણે છે કે રાગને હું કરતો જ નથી, એ તો વિકાર છે, વિભાવ છે, દોષ છે, ઝેર છે, અમૃતના વેણલાની સામે એ બધા રાગની ક્રિયાઓ ઝેરની છે. અરર! આહા..હા..!

**શ્રોતા** :- પ્રશસ્ત રાગ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રશસ્ત રાગ ઝેર છે.

**શ્રોતા** :- એ તો હોય જને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગ છે એ દુઃખનું કારણ છે. એ દુઃખનું કારણ છે.

**શ્રોતા** :- ક્યા ગુણસ્થાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચોથેથી. એ વાત ઝીણી, બાપા! આ ત્રણલોકના નાથ ઉપર રાગ કીધો કે આ ભગવાન સાચા છે એમ રાગ થાય એ પણ ઝેર છે. ઝીણી વાતું, બાપા! એણે એ સાંભળ્યું નથી અને એ અત્યારે ચાલતું જ નથી. એ તો ખબર છેને. અમે તો આખું હિન્દુસ્તાન જોયું છેને. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે શાસ્ત્ર-શ્રવણ કરવાનો વિકલ્પ એ પણ રાગ. આહા..હા..!

**શ્રોતા** :- સાંભળવું એ પણ રાગ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળવું એ વિકલ્પ ઉઠે છે રાગ.

**શ્રોતા** :- અમે તો એમ કહીને આવ્યા છીએ કે ધર્મ કરવા જઈએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધર્મ ક્યાં હતો ત્યાં, રાગ છે એ તો. એ રાગને હું કરતો નથી એમ જાણનાર ચૈતન્યના વિલાસના રમતમાં આત્મા ઉપર અનુભવ પડતાં જેને આનંદનો રસ અને સ્વાદ આવે એને અહીંયાં ધર્મ અને સમકિતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે! ભારે વાત, ભાઈ!

**શ્રોતા** :- બહુ ઊંચી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઊંચી નહિ. સમ્યગ્દર્શનની પહેલા દરજ્જાની વાત છે આ. હજી તો સમ્યગ્દર્શન જે પહેલી દશા એની આ વાત છે. ઊંચી તો ચારિત્ર શું છે એ જગતે સાંભળ્યું નથી. કોને ચારિત્ર કહેવું અને કેવળજ્ઞાન કોને કહેવું એ તો વાતું બહુ આઘી (રહી

ગઈ). સમજાણું કાંઈ? અહીં તો પહેલા દરજ્જાની ધાર્મિક ક્રિયા સમકિતીની એ એમ માને છે કે હું તો એ રાગની ક્રિયાનો કર્તા નહિ, વિકાર છે. અરે! ગુણી આત્મા અને ગુણ જ્ઞાન એવો મન સંગે જે વિચાર ઉઠે એ પણ એક રાગ છે. ઝીણી વાત છે, ભાઈ! સાધારણ વાત હોય તો તો અનંતકાળમાં કેમ પામી ગયો ન હોય? આહા..હા..!

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નથી સાંભળ્યું? નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો છે જૈન સાધુ થઈને, પણ એ રાગની ક્રિયાને ધર્મ માનનારો હતો. રાગથી ભિન્ન મારો આનંદનો નાથ ભગવાન છે એના ઉપર એની દૃષ્ટિનો એને અભાવ છે. નવમી ગ્રૈવેયકે અનંતવાર (ગયો). ભગવાન શાસ્ત્રમાં કહે છે, નવમી ગ્રૈવેયક એક છે. આ ચૌદ બ્રહ્માંડ ... પુરુષને આકારે છે. એમાં ગ્રીવાને ઠેકાણે નવ ગ્રૈવેયક છે. ત્યાં પણ અનંતવાર જીવ (ગયો છે). ત્યાં કોણ જાય? જેની ક્રિયા એવી હોય કે ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવી જેની ક્રિયા. પણ એ બધી શુભરાગની ક્રિયા. આહા..હા..! એવી ક્રિયાના બળે એને શુક્લલેશ્યા કહીએ. શુક્લલેશ્યાના બળે એ નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, પણ શુક્લલેશ્યાની પાર અંદર એ ચીજ છે એમાં એણે નજરું કરી નહિ, દૃષ્ટિ કરી નહિ, એ આત્માના સ્વભાવના જ્ઞાનને સેવ્યું નહિ. એ આવશે વળી ઓલામાં. સવારની ગાથા ૧૭-૧૮ એમાં આવશે. આહા..હા..! એણે જ્ઞાન અને આત્મા તાદાત્મ્ય સ્વરૂપે છે, જ્ઞાન એટલે જાણવું અને આત્મા એ તત્‌સ્વરૂપે તાદાત્મ્ય છે, છતાં એ જ્ઞાનની સેવા એણે એક સેકન્ડ પણ અનંતકાળમાં નથી કરી. સેવા એને કહીએ, બહારની સેવા કરી શકતો નથી, રાગની સેવા કરવી એ પણ મિથ્યાદૃષ્ટિનું કર્તવ્ય છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપી ભગવાન ચૈતન્ય. આવ્યુંને જુઓ, '**સહજ ચૈતન્યના વિલાસ...**' આનંદનું ધામ ભગવાન એવો જે વિલાસી પ્રભુ આત્મા એની ઉપર જેની દૃષ્ટિ છે, એને આનંદની ક્રિયા અતીન્દ્રિય પ્રગટ થાય છે એ ક્રિયા મારી ધર્મ અને એ મારી ક્રિયા મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ! વાત ભારે નથી, વાત ઊંચી છે. ઊંચી એટલે કે તત્ત્વદૃષ્ટિની વાત છે. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકમાં સાચી. ત્રણલોકના નાથે આ કહ્યું છે. એવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. એના વાડાવાળાને ખબરું ન મળે એ વાતું બીજે તો ક્યાંથી લાવવી? આહા..હા..!

કહે છે 'હું...' 'હું' શબ્દ પડ્યો છેને? 'હું...' એ ભાવકર્મ જે રાગાદિ ભેદરૂપ ભાવકર્મ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા રાગ છે. આહા..હા..! ત્રણલોકનો નાથ એમ કહે છે કે પ્રભુ! તું મારી સામું જોઈને મને ભજ એ રાગ છે. આ તો સર્વજ્ઞ કહે એ વાત, સમકિતી એ માને અને જાણે. મારી સામું જોઈને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... (કરે) એ બધો વિકલ્પ રાગ છે. એ વૃત્તિનું ઉત્થાન છે, એ આત્માનો સ્વભાવ નહિ.

**શ્રોતા** :- માળા ફેરવે એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મનની માળા ફેરવ, આ માળા છોડી દે. 'રાગ તે હું નહિ, ચિદાનંદનો નાથ તે હું છું' એવી દૃષ્ટિની માળા ફેરવ તો તને ધર્મ થાય. આ તો અવલદોમની વાતું છે, પોપટલાલભાઈ! અમારે બહેન હતા ત્યાં હરિબેન, હરકુંવરબેન. ઓલી મોતીસુતિયાની ધર્મશાળા નહિ? મોતીસુતિયાની ધર્મશાળા પાલિતાણામાં, નહિ? મોટી છે ધર્મશાળા. એના મુનિમ હતા મોહનલાલ ગોવિંદજી. ત્યાં ઉતર્યા હતાને. એ બહેન હતાને અમે ગયા હતા એક ફેરી. જાત્રા કરવા ગયા હતા પાલિતાણા. ગૃહસ્થાશ્રમમાં. ત્યાં અમારા બહેન હતા. મોહનલાલ ગોવિંદજીને ઘરે હતા. બહેન હરકુંવરબહેન. હરકુંવરબહેનની પાઠશાળા ચાલે છે. પણ એ અમારી .. પણ આ વાત બેસે નહિ એને. આ પાઠશાળાઓ કરવી ને આ કરવું ને આ કરવું. ધૂળેય ધર્મ નથી કીધું સાંભળને. એ તો બધો વિકલ્પ અને રાગ છે. આહા..હા..! એ રાગની ક્રિયા ધર્મી કહે છે, હું કરતો નથી, એ રાગને હું કરાવતો નથી અને રાગ થાય તેને હું સંમત નથી. આહા..હા..! ગજબ વાતું છેને. વ્યવહારરત્નત્રયનો રાગ તે હું કરતો નથી, કરાવતો નથી અને એ રાગને હું સંમત નથી, હું તો વીતરાગમૂર્તિ પ્રભુ એને સંમત છું. આહા..હા..!

**શ્રોતા :-** ... મહાવ્રત કહેવાય અને મહાવ્રત તો ધર્મ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય ધર્મ નથી. મહાવ્રત તો આસ્રવ છે. આસ્રવ અધિકારમાં છઠ્ઠા અધિકારમાં તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. તત્ત્વાર્થસૂત્રનો છઠ્ઠો અધ્યાય છેને તેમાં પાંચ મહાવ્રતને બાળવ્રત અને આસ્રવમાં નાખ્યા છે. નવા આવરણનું કારણ છે. એવા અભવિ પણ મહાવ્રત અનંતવાર પાળે છે. આહા..હા..! પ્રાણભાઈ! આ તો અવલદોમની વાતું છે. જગત ચાલે છે એનાથી ઊંધી વાત છે. ઊંધાથી ઊંધી જ હોયને આ. કહે છે '**હું રાગાદિ ભેદરૂપ ભાવકર્મના...**' ભાવકર્મ એટલે વિકલ્પ રાગ એને હું કરતો નથી. સમ્યગ્દૃષ્ટિ કહે છે કે એવા રાગને હું કરતો નથી. એ તો કાલે જરી કહ્યું હતું નહિ? આકરી ભાષા હતી થોડી. ઓલા પાવૈયાની.

**શ્રોતા :-** વીર્યગુણની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વીર્યગુણની વાત. આત્માનું વીર્ય પ્રભુ એને કહે છે... આ વીર્ય રેત છે એ જડની એની સાથે સંબંધ નથી. જે આ પુત્ર ઉત્પત્તિ થવાનું કારણ એ તો જડ માટીના રજકણો ધૂળ. આ તો આત્મામાં એક વીર્ય નામનો ગુણ-બળ છે. સ્વરૂપની રચના કરવી એ એનું કાર્ય છે. રાગને રચવું એ પણ આત્માના વીર્યનું કામ છે નહિ. આહા..હા..! રાગનું થવું અને રચવું એને અહીં નપુંસકતા કહે છે.

**શ્રોતા :-** આ પરમ હિતની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમ હિતની વાત છે, નાથ! તારા ઘરની વાત છે, પણ એને બેસે નહિ. સાંભળી નથી શું થાય? આહા..હા..! એ રાગને રચે, શુભને હોં! ભક્તિનો, દયાનો, વ્રતનો, અપવાસ કરું એવો જે વિકલ્પ, વિકલ્પ છે. અપવાસ ક્યાં હતો એને ત્યાં? અપવાસ

છે. ઉપવાસ તો હું ચૈતન્ય વિલાસનો નાથ આત્મા એના અભેદમાં સમીપ જઈને એમાં રમે અને અતીન્દ્રિય આનંદના વેદનમાં આવે એને અહીંયાં તપ અને ઉપવાસ કહેવામાં આવે છે. બાકી બધા ઉપવાસ-માઠા વાસમાં રહેલા છે. સમજાણું કાંઈ? એ.. પ્રાણભાઈ! કો'ક કહેતું હતું મનસુખભાઈ કાંઈક વર્ષીતપ આદરે છે. એવું કહેતું હતું કો'ક વાતું કરતું હતું. આણે વર્ષીતપ કર્યો હતોને આણે? આ બલુભાઈએ કર્યો હતોને. આ બલુભાઈ ડૉક્ટર. ડૉક્ટર નથી પણ એ ડૉક્ટરની દવાઓ કરે છેને પચાસ લાખનું. એના વર્ષીતપના પારણે ત્યાં હું હતો. પરિવર્તનમાં એના બાપ હતા. આ વર્ષીતપ લાંઘણું હતી બધી. આહા..હા..!

**શ્રોતા** :- આમ કહેશો તો કોઈ કરશે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરે છે કોણ? હજી ભાન વિના શું કરવું એને? એ રાગની મંદતા કદાચિત કરતો હોય, દુનિયાને દેખાડવા માટે નહિ તો, પણ વર્ષીતપ કરીને દુનિયા અમને તપસી કહે અને અમારા ધણી કે છોકરાઓ પૈસા ખર્ચે, ઉજવણું કરે એના માટે કરતો હોય તો એકલું પાપ છે. પણ કદાચિત્ રાગની મંદતા ભાવ હોય તો મિથ્યાદષ્ટિ સહિત પુણ્ય છે. પાપાનુંબંધી પુણ્યના બાંધનારા છે ઈ.

**શ્રોતા** :- અસત્ પુણ્ય કોને કહેતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અસત્પુણ્ય આ. અસત્ આ. આહા..હા..! પ્રવચનસારમાં આવ્યું છે આપણે. ભાષા શાસ્ત્રની ઓછી કરીએ છીએ.

**શ્રોતા** :- કર્મની નિર્જરા ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય ન થાય. કર્મના બંધન મિથ્યાત્વના થાય. આહા..હા..! એ અપવાસ બે-પાંચ અને દસ-પચ્ચીસ કરે એમાં મિથ્યાત્વનું બંધન થાય. કારણ કે આહાર હું છોડી શકું છું, એ તો વાત આવે છે અહીંયાં જુઓ, આહાર મેં છોડ્યો છે એ ભાવ જ મિથ્યાત્વ છે. આત્મામાં છોડવું અને ગ્રહવું એવું સ્વરૂપ છે જ નહિ. પરના ગ્રહણત્યાગનો પ્રભુ આત્મામાં અભાવ છે. જડને શું ગ્રહે આત્મા અરૂપી? અને જડને શું છોડે ઈ? સમજાણું કાંઈ? એ તો બધું સાંભળ્યું છેને. બધું અમે પણ કર્યું હતુંને પહેલું બધું. દુકાન ઉપર ત્યાં અમે અપવાસ કરતા ચોવિહારા હોં પાણી નહિ. આ તો નાની ઉંમરની વાતું. ૨૦. ૧૯-૨૦ વર્ષની ઉંમરે પણ આપણા આઠ દિ' હોયને તે દિ' ચાર અપવાસ ચોવિહારા કરીએ. સાથે નહિ, વારાફરતી. પહેલો, બીજો, ત્રીજો, છેવટે બે દિ' ભેગા ખાઈએ. આઠ દિ' ખરાને. ચાર કરતા ચાર. ચોવિહારા. પાછા દુકાને બેસીએ આખો દિ'. કોને કહેવા અપવાસ અને કોને કહેવા...? ભાન ન મળે. આહા..હા..!

અહીં તો પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર જિનવરદેવ એમ ફરમાવે છે એમ સંતો ફરમાવે છે કે એ રાગની ક્રિયાને હું કરનારો નહિ, એ રાગ છે. આહા..હા..! એવા અપવાસ તો અનંતવાર કર્યા છે નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. મહિના-મહિનાના સંથારા, બબ્બે મહિમાના

સંથારા કર્યા.

**શ્રોતા** :- અભવિ પણ કરતો હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભવિએ અનંતવાર કર્યા. બે મહિના આમ ઝાડ પડ્યું હોય એમ પડ્યો રહે, પણ એ રાગની ક્રિયા. અંતર રાગરહિત ચૈતન્યનો નાથ વીતરાગ સ્વરૂપે બિરાજમાન 'જિન સોહીએ આત્મા અન્ય સોહિએ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' ત્રણલોકના નાથના શાસ્ત્રનો મર્મ આ છે કે આત્મા જિનસ્વરૂપે બિરાજમાન છે અંદર, વીતરાગ સ્વરૂપની મૂર્તિ આત્મા છે. આહા..! એની અભેદ ઉપર દૃષ્ટિ પડતાં સમ્યગ્દૃષ્ટિ કહે છે કે રાગની ક્રિયાનો કર્તા હું નહિ, હું તો એનો જાણનારો વ્યવહારે છું. આહા..હા..! બાપા! આ તો અલકમલકની વાતું નથી, આ તો અગમ્યગમ્યની વાતું છે. પરમાત્માના ભેટા કરવા અને આત્માને અંદર અનુભવ થવો. સમજાય છે કાંઈ?

સવારે કહ્યું હતુંને એકવાર? કે 'આત્મ અનુભવરસ કથા, આતમ અનુભવરસ કથા પ્યાલા પિયા ન જાય. એ મતવાલા તો જઈ પડે પણ નિમતા પડે પચાય.' આત્મ અનુભવની રસકથા. એ રાગની ક્રિયાથી પાર હું છું, રાગનો કરનાર નહિ એવો આત્મ અનુભવ. આહા..હા..! એ 'આત્મ અનુભવ રસકથા પ્યાલા પિયા ન જાય, મતવાલા તો જઈ પડે...' જેને મદ ચડ્યો છેને મિથ્યાત્વનો, અરર! આ! અરર આ! એ એને નહિ બેસે અજ્ઞાનીને કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'નિમતા પડે પચાય,' પણ મમત્વરહિત દૃષ્ટિ થનાર, મારો નાથ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને શાંતિથી ભરેલો છે એવી જેને અંતરમાં સ્વભાવનો સત્કાર અને સ્વીકાર થયો એને અહીંયાં ધર્મ કહેનારને એ ધર્મી જીવ રાગની ક્રિયા મારી બિલકુલ નથી. કાલે દાખલો નહોતો આપ્યો આપણે નારણભાઈનો, નારણશેઠનો. એ આજે સવારે પણ કહ્યું હતું. સવારે કહ્યો હતો ઉતાર્યો હતો.

**શ્રોતા** :- ચોખવટ બહુ કરી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચોખવટ કરી હતી. એ કાલે સાંજે. મેં કીધું દાખલો આપ્યો પણ કાંઈ સિદ્ધાંત તો ઉતર્યો નહિ. એમ મને થયું. સાંજના સૂતા પહેલાં આ વિચાર આવ્યો કે એનો અર્થ તો આ છે. સમજાણું કાંઈ? નારાયણ એવો ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, કહે છે એ રાગ એ ચોર છે. હું એને નહિ અડવા દઉં. આહા..હા..! પોપટભાઈ! .. સાંભળી હતી કે નહિ તમારા હિંમતભાઈના દાદાની. નાગનેશ નાગનેશ. ૩૫ હજારની મૂડી હતી. તે દિ' ક્યાં હતું? અત્યારે તો ૧૦-૧૦ લાખ બાયડ્યું રાંડી રાંડ પાસે હોય છે કેટલાક પાસે. તે દિ' ૩૫ હજાર રૂપિયા એટલે ઘણા કહેવાતા. આ પૂનમચંદના બાપના બાપ. આ પૂનમચંદ નહિ? આ મોટા હજીરા કરે છેને આ મકાન-મકાન. એ ક્યાં આવે છે હમણા? નથી આવ્યોને? શેનો આવે? ધૂળમાં... આહા..હા..! ચાર-પાંચ કરોડ રૂપિયા અને પેદાશું પાંચ-દસ લાખની. મરી ગયો આમાં આત્મા.

અહીં તો પરમાત્મા કહે છે... આહા..હા..! એ નારણ શેઠનો દાખલો નહોતો આપ્યો? નારણશેઠ. આ છોટાભાઈના બાપ એટલે પૂનમચંદના બાપના બાપ. ઉઘરાણીએ ગયા હતા. બે હજાર રૂપિયા. ચોરને ખબર પડી કે નારણશેઠ નીકળ્યા છે ઉઘરાણીએ. પણ એ વખતે તો સાદા કપડા. આ શું કહેવાય તમારું? કડીયું-કડીયું. કડીયું સાદું મેલું બહુ. એવા નહોતા રાખતા અત્યારે આ સફાઈ બધા કરે છે એવા. પૈસાવાળા માણસ કહેવાય. ૩૫ હજાર તે દિ' સો વર્ષ પહેલાં કોને કહેવા? તો એ ચોર નીકળ્યા, એને ખબર પડી કે નારણ શેઠ નીકળ્યા છે ઉઘરાણીએ. પૈસા બે-ચાર હજાર સાથે હશે. વળતા ઘોડા ઉપર (આવતા હતા). ઘોડા ઉપર જાય. એટલે ઘોડા ઉપર જઈને વળતા (હતા) ત્યાં આવ્યા ડાકુ. એટલે નારણશેઠ સમજી ગયા કે હં.. એ બાપા! છેટે રહેજો. ઓલા કહે, નારણશેઠ નહિ, આ તો ભંગ્યો લાગે છે. પણ એ ભંગ્યો પણ બે હજાર રૂપિયા લઈને ઘરે વયા ગયા પછી. એમ સવારે કહ્યું હતું.

ભંગી ચૌભંગી ભગવાનની છે. 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે હું છું અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે હું નથી. હું રાગ ભાવે નથી, હું ચિદાનંદના આનંદ ભાવે છું' એવી ચુતરભંગીમાં પહેલી ભંગી છે. સપ્તભંગી. એ ભંગી ઓલો ભંગી નહિ, પણ આ ભંગી. એવું જેને રાગથી ભિન્ન પડીને ચૌભંગીનું ભાન થયું એ ધર્મી નરનો નારાયણ થવા માટે કહે છે, 'એ રાગ! ચોર છો તને અડીશ નહિ હું. હું તને અડીશ નહિ, તું મને અડીશ નહિ.' આહા..હા..! ગજબ વાતું છે આ! સમજાણું કાંઈ? અહીં તો દુકાન ઉપર ૨૦ વર્ષની ઉંમર હતી. આ તો ૮૪ થયા. ૬૪ વર્ષની ઉંમરથી બધું ઘણું વાંચ્યું, ઘણું જોયું અને ઘણું કરતા હતા ત્યાં. ધૂળમાંય નહોતું કાંઈ એમાં. જ્યારે વસ્તુ સમજાણી કે ઓહો..! આ ચીજ તો બીજી! સમજાણું કાંઈ? એય..! ધીરૂભાઈ!

કહે છે, અરે! ત્રણલોકના નાથના કથનો જેણે સાંભળ્યા નથી. પ્રવચનસારમાં, ભાઈ કહ્યું હતુંને સવારમાં, અમૃતચંદ્રાચાર્ય કહે છે કે રાગ ચોર છે. દયા, દાન અને વ્રત, ભક્તિનો ભાવ એ ચોર રાગ છે. મારી સંપદા લૂંટાય છે. આહા..હા..! આવી વાત કાને ન પડે એને બિચારાને ક્યાં જાવું? અને કઈ શ્રદ્ધા કરવી? રખડી મરશે બિચારા. સમજાણું કાંઈ? પોપટલાલભાઈ! આવી વાતું છે, ભગવાન!

કહે છે, ભગવાન તરીકે જ બોલાવે છે આચાર્ય તો. ૭૨મી ગાથામાં નહિ? પુણ્ય અને પાપના ભાવ એ અશુચિ અને મેલ છે, દયા, દાન અને વ્રત, ભક્તિનો ભાવ એ અશુચિ અને મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ કહ્યું છે ટીકામાં. આ તો નિયમસાર છે. સમયસારમાં ૭૨ ગાથામાં. ભગવાન આત્મા. ભગ નામ જ્ઞાન અને આનંદનો વાન નામ સ્વરૂપવાળો પ્રભુ છે. એ પુણ્ય અને પાપના રાગવાળો એ આત્મા નહિ. એ પુણ્ય અને પાપ તો આસ્રવતત્ત્વ છે. ભગવાન આત્મા તો જ્ઞાયકતત્ત્વ, આનંદતત્ત્વ છે. એમાં બે તત્ત્વ એક

ક્યાંથી થઈ જાય? આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ આવે છેને. સમજે તો નિહાલ થઈ જાય. આ તો શું કહેવા માગે છે એની હવા આવે છે? એટલી વાત છે. આહા..હા..! એય..! મનસુખભાઈ!

**શ્રોતા :-** મૂળિયા ખૂબ ઊંડા નાખ્યા છે, માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વાત સાચી. માટે એને ખેંચવા માટે જોર જોશે. ભાઈ કહે છે એ વાત સાચી. ... આહા..હા..! એ સાંભળવાનું મળ્યું છે અને એને ગોઠી ગયું છે ઈ. એ રુચિએ ઊંડા મૂળિયા નાખ્યા છે. બધી ખબર છે, બાપા! અરે! આ વાતું બાપુ કાને પડવી પણ મહાભાગ્ય હોય એને પડે એવી વાત છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથનો આ માર્ગ છે. સમજાણું કાંઈ?

જેના ઈન્દ્રો તળિયા ચાટતા, જેની રજુ માથે ઉપાડતા એવા વીતરાગ પરમદેવ પરમાત્મા બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે જમીન ઉપર હોં! સિદ્ધ થયા નથી. મહાવીર આદિ ભગવાન તો સિદ્ધ થયા, અશરીરી થયા, અરિહંત નથી. અરિહંત હોય એને શરીર હોય, વાણી હોય. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. અત્યારે મોજૂદ છે, ત્રણકાળનું જ્ઞાન છે, વાણીનો ધ્વનિ છૂટે છે, પણ એ વાણી અને ધ્વનિ એ હું નહિ, એ તો અનુભવમાં, આનંદમાં પડ્યા છે. એની વાણીમાં આ આવ્યું છે. એ વાણી આ કુંદકુંદાચાર્ય આઠ દિ' ત્યાં ગયા હતા. સંવત્ ૪૯. બે હજાર વર્ષ થયા. આ શાસ્ત્રકર્તા કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ વનવાસી હતા. ભગવાન પાસે ગયા હતા. પોન્નુર હીલ નામની એક ટેકરી છે. મદ્રાસથી આ બાજુ ૮૦ માઈલ એક વંદેવાસ નામનું ગામ છે. દસેક હજારની વસ્તી છે. ત્યાંથી પાંચ માઈલ છેટે એક પોન્નુરહીલ નામની ટેકરી છે. બે વાર ગયા છીએ અમે. હજાર-હજાર માણસ સાથે હતા. ત્યાં આગળ રહેતા હતા ધ્યાનમાં. એમાંથી વિકલ્પ ઉઠ્યો કે અરેરે! ભરતક્ષેત્રમાં પરમાત્માના વિરહ પડ્યા. એ પરમાત્મા પાસે ગયા લબ્ધિ હતી ભગવાન પાસે. ત્યાં આઠ દિ' રહ્યા. આ ૪૯ સંવત્‌ની વાત છે. ત્યાં આવીને આ શાસ્ત્રો રચ્યા. ભગવાનનો સંદેશ આ છે. સાંભળવું હોય તો સાંભળ, રુચવવું હોય તો રુચવ, બાકી માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**હું ભાવકર્માત્મક ચાર કષાયોને કરતો નથી,...**' હવે આ પૂરું કરીએ આજ અત્યારે. કાલે બીજું લેશું પછી. કહે છે કે એ ક્રોધ ને માન ને માયા ને લોભ. ક્રોધ-માન એ દ્વેષના ભાગ છે, માયા અને લોભ એ રાગના ભાગ છે—એ ચારેય હું નહિ. આહા..હા..! '**સહજ ચૈતન્ય વિલાસસ્વરૂપ આત્માને હું ભાવું છું**' '**(અહીં આ ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ કારયિતા...**' એટલે હું કરનારો પણ નહિ. આહા..હા..! દયાના ભાવનો હું કરનારો નહિ. અરે! ગજબ વાતું છેને. એ કરાવનાર નહિ અને '**અનુમંતા-અનુમોદક-**' પણ નહિ. '**એમ સમજી લેવું.)**' '**આ રીતે પાંચ રત્નોના શોભિત...**' આ પાંચ

રત્ન છે ગાથાનું નામ. '**રત્નોના શોભિત કથનવિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોનો સંન્યાસનું વિધાન કહ્યું છે.**' સકળ રાગાદિ વિકલ્પનો ત્યાગ. એ સ્વભાવની દૃષ્ટિ થતાં આનંદના નાથને ઢંઢોળીને જગાડતા બધા વિભાવનો ત્યાગ એમાં વર્તે છે. ચાહે તો પંચમહાવ્રતનો વિકલ્પ હો, ચાહે તો બાર વ્રતનો હો, ચાહે તો ભક્તિ એ બધા રાગનો ત્યાગ એના સ્વરૂપમાં વર્તે છે. એનું કથન કર્યું.

'**હવે, આ પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)**' ૧૦૯. છે માથે શ્લોક?

(वसंततिलका)

भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः
स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।
मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं
प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्।।१०९।।

શ્લોક બહુ સારો છે. ઊંચો છે, સાર છેને બધો એ ગાથાનો.

'**આ પ્રમાણે પંચરત્નો દ્વારા...**' પાંચ ગાથા ચાલી એને રત્ન કહ્યા છે. ગાથાને રત્ન કહ્યા. શ્રીમદ્દે કહ્યુંને, 'વચનામૃત વીતરાગના' વચનોને અમૃત કહ્યા. કેમકે અમૃતસ્વરૂપ ભગવાનને બતાવનારા છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ રે.. ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં'. આ અમૃતનો નાથ ભગવાન જાગ્યો અને અમૃત વરસાવ્યા જગત પાસે. આહા..હા..! કહે છે કે '**પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...**' જરી સૂક્ષ્મ વાત છે. શું કહે છે? સમ્યગ્દૃષ્ટિને પર તરફના વલણવાળો જે વિષય, ભગવાન પણ ઇન્દ્રિયનો વિષય છે અને તેનાથી ઉત્પન્ન થતો પોતામાં રાગ એ પણ ઇન્દ્રિયનો વિષય છે. અરે! આ ભેદ પડે રાગને જાણવાની દશા એ પણ ત્રિકાળનો ભેદ છે. એવા ભેદ '**સમસ્ત વિષયોના ગ્રહણની...**' એ પર તરફનું ગ્રહવું એણે છોડી દીધું છે. આહા..હા..! ચિંતાને છોડી દીધી છે, તે તરફનો વિકલ્પ છૂટી ગયો છે. નિમિત્તનું લક્ષ નહિ, રાગનું લક્ષ નહિ અને ભેદનું લક્ષ નહિ. અભેદની દૃષ્ટિ થતાં તે લક્ષ છૂટી જાય છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ કહે છે કે '**સમસ્ત વિષયોના ગ્રહણની...**' વિષય શબ્દે બે પ્રકાર છે—સ્વ વિષય એ અભેદ છે. સમ્યગ્દર્શનનો સ્વ વિષય તે અભેદ છે. સમકિતી જીવનો, સમકિતી છે પર્યાય, પણ એનો વિષય છે ધ્રુવ અને અભેદ. અને એ સિવાય ભેદ રાગ અને નિમિત્ત એ પર વિષય છે. પંકજભાઈ! આ તો કમળની વાતું છે. શાંતિભાઈ! તમારા ચિરંજીવીને કહીએ છીએ. આહા..હા..! રસ છે. એને રસ છે. ભલે જુવાન અવસ્થા હોય તો શું? એ તો જડની

છે. આત્મા ક્યાં જુવાન.. એ તો અહીંયાં આવી ગયું. જુવાન અવસ્થા, વૃદ્ધ અવસ્થા આ તો માટી, ધૂળની છે, આ તો માટી છે. ભગવાન અંદર ચિદાનંદનો નાથ એ બાળ ને યુવાન ને વૃદ્ધાવસ્થાથી ભિન્ન પડ્યો છે અંદર. અરે! વિકલ્પના રાગ અને દયા, દાનના રાગથી ભિન્ન પડ્યો છે ત્યાં આ દશાની શું વાતું કરવી? આહા..હા..!

આમાં જરી આ વિષયમાં જરી સૂક્ષ્મતા છે. '**જેમણે સમસ્ત વિષયો...**' વિષય શબ્દે ભગવાન છે એ પણ વિષય છે રાગનો અને રાગ પોતે પણ વિકાર છે અને અંદર ભેદ પડે અખંડાનંદની દૃષ્ટિ થતાં જે ભેદ રહી જાય એ પણ ભેદ પરનો વિષય છે. ધીમેથી પકડવું, બાપુ! આ તો અમૃતના વેણલા ત્રિલોકના નાથના છે. સમજાણું કાંઈ? કહે છે કે '**સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતા...**' એટલે વિકલ્પ. નિમિત્ત તરફનું વલણ છૂટી ગયું એટલે વિકલ્પ છૂટી ગયો, રાગનો છૂટ્યો એટલે વિકલ્પ છૂટી ગયો, ભેદ ઉપરનું લક્ષ છૂટી ગયું તો ભેદનો વિકલ્પ છૂટી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! '**સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...**' આહા..હા..! હજી દ્રવ્ય શું અને ગુણ શું અને પર્યાય શું એની ખબરું ન મળે. વીતરાગ ત્રણલોકના નાથમાં એ દ્રવ્ય, ગુણ અને પર્યાય હોય. એ સિવાય બીજે ક્યાંય કોઈ મતમાં હોતા નથી. એ તો સવારે થોડી વાત પોણો કલાક ચાલી હતી સવારમાં. બાપુ! આહા..હા..!

એક સંમતભદ્ર આચાર્ય થયા છે દિગંબર મુનિ એણે ૨૪ ભગવાનની સ્તુતિ કરી છે. એમાં એક સ્તુતિમાં એવો શબ્દ લીધો, પ્રભુ! આ આત્મા અને જડ જે છ દ્રવ્યો આપે જોયા. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્યો આવ્યા છે. અનંત આત્માઓ, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિક, આકાશ. છ પદાર્થ છે. બધું અત્યારે સિદ્ધ કરવા જઈએ તો વખત રહે નહિ. છ દ્રવ્ય છે. વસ્તુ છ છે. સંખ્યાએ અનંત, જાતિએ છ. ભગવાનના જ્ઞાનમાં આ જોયું અને એને કહ્યું સંમતભદ્રાચાર્યે કે પ્રભુ! એ છ દ્રવ્યોમાં એક સમયમાં, સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં નવી અવસ્થા થાય, જૂની જાય અને ધ્રુવ રહે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' છ દ્રવ્ય. પ્રભુ! આપે એક સમયમાં ત્રણને પકડ્યા એ આપ સર્વજ્ઞ છો, એ સર્વજ્ઞનું ચિહ્ન છે. સમય એક, સેકન્ડનો અસંખ્યમો ભાગ અને ત્રણ પકડ્યા. નવી અવસ્થા ઊપજી, જૂની જાય અને ધ્રુવ. સમય એક, વસ્તુ ત્રણ એક સમયમાં. આપે એક સમયમાં ત્રણને પકડી એ આપ સર્વજ્ઞનું ચિહ્ન છે. સર્વજ્ઞ સિવાય આમ કોઈ જાણી શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં એ કહે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. નિજદ્રવ્ય પૂર્ણાનંદનો નાથ પદાર્થ એ દ્રવ્ય નિજ, ગુણ નામ અનંત જ્ઞાન, દર્શન અને આનંદ એ ગુણ અને અભેદ દૃષ્ટિ થતાં, ભેદનું લક્ષ છૂટતાં જે વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન દશા થઈ એ નિજપર્યાય. અત્યારે દ્રવ્ય, ગુણ અને પર્યાયની વ્યાખ્યા વીતરાગનું મૂળ તત્ત્વ છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? એકને

પૂછ્યું હતું ઘણાં વર્ષ પહેલાં. ૮૨ની સાલમાં એક સાધુ હતા. મોહનલાલજી હતાને લીંબડી સંઘાડાના. દીક્ષા લીધેલી. કીધું, આ તમારું સાધુપણું એ ત્રસ કે સ્થાવર? કહે મને ગુરુએ શીખવ્યું નથી. કીધું આ સામાયિક કહેવાય એ ત્રસ હશે કે સ્થાવર? કાંઈ ખબર ન મળે કોને કહેવી સામાયિક. મને શીખવ્યું નથી, પણ એટલું શીખવ્યું નથી અને સમજ્યા નથી અને આ સાધુ થઈને બેઠા? આ ૮૨ની વાત છે. ૮૨માં ચોમાસું હતુંને વઢવાણનું. સંવત્ ૧૯૮૨.

અહીં પરમાત્મા કહે છે, પરના ભેદ અને રાગ અને પર તરફના વલણવાળો વિકલ્પ અને નિમિત્ત, એ જેનો વિષય અજ્ઞાનીનો એ વિષય છે. આહા..હા..! એ વિષયની ચિંતા એ સંબંધીનો વિકલ્પ જેણે છોડી દીધો છે અને નિજદ્રવ્ય પૂર્ણ અનંતગુણનો પિંડ એવું દ્રવ્ય અને જ્ઞાન, દર્શન અને આનંદ એવા અનંતા ગુણો અને એ તરફ દૃષ્ટિ પડતાં જે નિર્મળ વીતરાગી દશા થઈ સમકિત, જ્ઞાન અને શાંતિ એ નિજપર્યાય. એવા '**પર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...**' ધર્મી પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં એકાગ્ર થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આવી દેશના. હવે આવી સભા અને એમાં મોહમયી નગરી મુંબઈ. માર્ગ તો આ છે. આજ જાણો, કાલે જાણો, પછી જાણો. જાણ્યા વિના (છૂટકો નથી). ભાઈએ બહુ સારું કહ્યું, લ્યો! એય..! છોટુભાઈ! ભાઈ કહે છે જાણ્યા વિના છૂટકો નથી મરી જાય તોય, બીજી રીતે. પણ ઓલો વાડો છોડવો આકરો બહુ પડે છે. ભારે આકરો પડે. આહા..હા..! અરે! મારી નાખે. એને .. છેને. અને મોટી પદવી હોય એ ન રહેવા દે. એ બધી ખબર છેને. મને તો બધો અનુભવ થયો છેને. આહા..હા..!

કહે છે '**નિજદ્રવ્યગુણપર્યાયના...**' પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, એ ગુણ એટલે એમાં વસેલા ગુણો અને પર્યાય એટલે તે અભેદ ઉપર દૃષ્ટિ પડતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ થઈ એમાં ચિત્તને એકાગ્ર કર્યું છે. '**તે ભવ્ય જીવ...**' તે લાયક જીવ '**નિજભાવથી ભિન્ન...**' પોતાના આનંદના નાથની દશા અને દ્રવ્ય, ગુણથી ભિન્ન '**એવા સકળ વિભાવને છોડી...**' સકળ વિકારને છોડી '**અલ્પ કાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! જેણે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દૃષ્ટિ આપી છે, પર દ્રવ્ય-ગુણ અને પરના દ્રવ્ય, ગુણ અને પર્યાય અને રાગને ભેદ ઉપરથી દૃષ્ટિ જેણે છોડી દીધી છે એવો સમ્યગ્દૃષ્ટિ પોતાના નિજ દ્રવ્યગુણપર્યાયમાં જેનું ચિત્ત એકાગ્ર છે એ અલ્પકાળમાં વિભાવને છોડીને મુક્તિને પામશે, સિદ્ધપણાને પામશે એ આનો સરવાળો કીધો. વિશેષ કહેશે..

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૧-૫-૧૯૭૧, કળશ-૧૧૯ થી ૧૨૧, પ્રવચન નં. ૭૫૮

(वसंततिलका)
ध्यानावलीमपि च शुद्धनयो न वक्ति
व्यक्तिं सदाशिवमये परमात्मतत्त्वे
सास्तीत्युवाच सततं व्यवहारमार्ग-
स्तत्त्वं जिनेन्द्र तदहो हमदिन्द्रजालम्।।११९।।

સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી એ વાતનું ધ્યાન એણે કર્યું નથી. આ આત્મપદાર્થ વસ્તુ છે પ્રભુ એને આ કર્મ અને શરીર આદિનો સંયોગ દેખાય છે એ તો પરવસ્તુ છે, એ કાંઈ આત્મામાં નથી. હવે આત્મામાં જે કાંઈ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એ પણ વિકાર છે, રાગ છે. એ કાંઈ આત્મા નથી. આત્મા વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય શાશ્વત વસ્તુ સત્ એમાં જે પર્યાયો ધ્યાનની ઉઠે... પ્રતિક્રમણની વ્યાખ્યા છેને? આહા..હા..! એ પર્યાય પણ અંદર વસ્તુમાં નથી. ઝીણી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** એવી પર્યાય... કઈ લેવાની?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ નિર્મળ પર્યાય એમાં નથી એવી દૃષ્ટિ કરવી એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

ફરીને. પ્રતિક્રમણ એ શબ્દ તત્ત્વની સ્થિતિને બતાવે છે, એ ગુણવાચક શબ્દ છે. એટલે ભગવાન આત્મા નિત્ય શાશ્વતવસ્તુ જે શાશ્વત છે એનો ભાવ ધ્રુવ. એ સિવાય એની વર્તમાનદશામાં, હાલતમાં એનું ધ્યાન કરે અને જે દશા ઉત્પન્ન થાય એ દશા પણ એક સમયની અવસ્થા છે, એ ત્રિકાળીમાં નથી. એમ અવસ્થાથી પાછું ફરીને અંદરમાં જાવું એને વાસ્તવિક પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પંડિતજી! આવી વાત છે, ભગવાન ભારે વાતું આકરી. ચૈતન્ય વસ્તુ, વસ્તુ આત્મા, પદાર્થ તત્ત્વ આત્મા એ તત્ત્વના બે ભાગ, એક ત્રિકાળી શાશ્વત ભાગ ધ્રુવ અને એક વર્તમાન અવસ્થાના પરિણામ અવસ્થારૂપ ભાવ એ અવસ્થાના પુણ્ય-પાપના વિકલ્પો એ તો છે ... એની દશામાં છે. એ તો ઊભા કરેલા વિકલ્પો વિભાવ (છે) એટલે એનું તો લક્ષ એણે છોડવું જોઈએ. જેને આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, ચૈતન્યરત્ન જેને ચૈતન્યરત્નાકર કહે છે ભગવાન શાસ્ત્રમાં, જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ રત્નો એમાં ભર્યા છે. આવડા શરીરમાં આવડો આત્મા કેમ બેસે એને? કોઈ દિ' એણે નજર કરી નથી. વાસ્તવિક તત્ત્વ શું છે એને વાસ્તવિક રીતે સાંભળ્યું નથી. અંતર વસ્તુ જે ધ્રુવતત્ત્વ પોતે નિજી તત્ત્વ એની અંદરમાં કહે છે કે આ ધ્યાનની દશાઓ...

શબ્દ તો અહીંયાં આવ્યો છે, '**પ્રગટપણે સદાશિવમય...**' એવો પરમાત્મા પોતે. વસ્તુ છે વસ્તુ છે. શુદ્ધ ચૈતન્યધાતુ જેણે શુદ્ધ જ્ઞાન, આનંદને ધારી રાખ્યા એવું એ તત્ત્વ નિરંતર કલ્યાણનો પિંડ પ્રભુ છે ધ્રુવ. એ કલ્યાણસ્વરૂપ, નિરૂપદ્રવસ્વરૂપ અને શાંત અને પરમ અતીન્દ્રિય આનંદનું ધ્રુવ ધામ એવો જે પ્રગટ પરમસ્વરૂપ અંદરનું. આહા..હા..!

'**એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી.**' ધ્રુવ સ્વરૂપની દૃષ્ટિવંત અથવા ભગવાન અને સંતો ત્રિકાળી શુદ્ધ ધ્રુવમાં આ ધ્યાનની દશા એમાં છે એમ કહેતા નથી. આહા..હા..! ધ્યાનની દશા પણ (એમાં નથી), રાગ અને વિકલ્પ વ્યવહાર એ વાત તો ક્યાંય દૂર રહી ગઈ. પોતાનું પરમ અતીન્દ્રિય આનંદ ધામ સ્વરૂપ પ્રભુ પોતે એની મોટપ એને બેસતી નથી. આવડો મોટો હું! એટલે (એ) પછી બીજાની મોટપ આપે છે. મોટપ અંતરની સૂઝી નહિ એટલે બીજાને મોટપ આપે છે.

કહે છે કે ધ્યાનની પંક્તિ. શુદ્ધ ચૈતન્યધાતુ ધ્રુવ નિત્ય એનું જે ધ્યાન, ધ્યાન એવી દશા એ ધ્યાનની પંક્તિ, ધ્યાનની ધારા, ધ્યાનની અવસ્થાની એક પછી એક થતી પરંપરા અવસ્થા એને પણ, પુણ્ય-પાપને તો એમાં નથી એમ કહે છે, સંસારનો વિકલ્પ જેને ઉદયભાવ કહીએ એ સંસાર છે, એ સંસાર તો વસ્તુમાં નથી, ભારે આવી વાતું, પણ એ વસ્તુમાં એ વસ્તુની દશા જે ધ્યાનની ઉત્પન્ન થાય એ પણ અવસ્થા છે, પર્યાય છે, પરિ-સમસ્ત પ્રકારે પરિણમન ગમનરૂપ દશા છે, ધ્રુવમાં ઉપર એ પર્યાય જે છે, ધ્યાનની દશાઓના ભાગ, ભાવ એ શુદ્ધનય હોવાનું પણ કહેતો નથી. પુણ્ય-પાપ તો નથી, વિકલ્પ નથી, પણ ધ્યાનની દશા પણ ધ્રુવતત્ત્વ એવું જે શુદ્ધનય વસ્તુ એમાં ધ્યાન છે નહિ. આહા..હા..!

ભગવાન! તારું એવું અદ્ભુત તત્ત્વ છે. એને સાંભળવામાં આવ્યું નથી અને સાંભળવાની રીત છે એ રીત પણ એને ખબર નથી. શ્રુત, પરિચતમાં આવે છેને? અહીંયાં આવશે હમણા વ્યવહારરત્નત્રયમાં. એ ચૈતન્યનું સત્ત્વ ભગવાન ધ્રુવભાવ, શાશ્વતભાવ એમાં ધ્યાનદશા એ અનિત્ય, ક્ષણિક દશા છે. આમ ધ્યાન કરવું કે આ વસ્તુ આમ, એ દશા નવી થાય છે. આર્ત અને રૌદ્રધ્યાન જે પાપ ધ્યાન એનો નાશ થઈ અને ધર્મધ્યાન ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય પ્રભુ એને આશ્રયે દૃષ્ટિ કરીને જે ધ્યાન થાય તે સ્વાશ્રિત ધર્મધ્યાન છે અને એને આશ્રયે વિશેષ શુદ્ધિ જેને શુક્લધ્યાન કહે એવી નિર્મળ ધારા ત્રિકાળી પરમાત્મસ્વરૂપને અંતર પોતાનું નિત્ય સ્વરૂપ, પરમસ્વરૂપ એને પકડીને જે ધ્યાનની ધારા અવસ્થાઓ થાય તે ધારાઓ ધ્રુવમાં, ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એમાં એ નથી.

**શ્રોતા** :- ઉપાદેય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપાદેય નથી, હેય છે. શું કહે છે? એ છે અવસ્થા છે. અંતર ધ્રુવમાં નથી, માટે હેય છે.

**શ્રોતા** :- આશ્રય કરવાલાયક નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રય કરવાલાયક નથી. ત્રિકાળ વસ્તુ છે એ આશ્રય કરવાલાયક છે. સાધન-બાધન કાંઈ નથી. અહીં વાત જ એ છે જરી. ઝીણું આ કામ છે. એ તો બધું ચાલે છેને દુનિયામાં. આ તો બધું ઝીણું કામ છે બહુ.

માછલાનો દાખલો આપે છેને. અનુભવપ્રકાશમાં નથી માછલાનો દાખલો (આવતો)? એક માણસ (સુખનો) તરસ્યો હતો તરસ્યો. (મોક્ષરૂપી) પાણી જોતું હતું. એને તો ધર્મ જોતો હતો. મોક્ષનો માર્ગ. એટલે એક પુરુષ પાસે ગયા કે ભાઈ અમને મોક્ષનો માર્ગ બતાવો. ત્યારે કહે ભાઈ! મોક્ષનો માર્ગ મારી પાસે નથી. જા દરિયામાં માછલું છે એ તને કહેશે. માછલા પાસે ગયો. મને ભાઈ! મને મોક્ષનો માર્ગ બતાવો. ત્યારે માછલું કહે છે કે તમે અહીં સુધી આવ્યા ડાહ્યા માણસ તો બહુ લાગો છો, દરિયામાં આવ્યા મારી પાસે. તો એક મારું કામ કરો પછી તમારું કરું. શું? એક પાણીનો કળશો લઈ આવો. તરસ બહુ લાગી છે. ત્યારે કહે છે, ઓલો પૂછવા આવ્યો હતો એ કે આ પાણીમાં પડ્યા છો. તમે આમ જોવો છો, આમ જુઓને અંદર આખું પાણી ભર્યું છે. ત્યારે માછલું કહે છે કે તમે ડાહ્યા લાગો છો. મને પણ જ્યારે આવી શિખામણ આપો છો તો આખું તત્ત્વ તારી પાસે ચૈતન્ય દરિયો પડ્યો છે અંદર, ત્યાં તું નજર કરતો નથી અને બાહ્યમાં ને બાહ્યમાં નજર કર્યા કરે છે અને મારી તૃષા છૂટતી નથી અને મને ધર્મ ધતો નથી. ઝીણી વાતું, ભાઈ!

અહીં તો સાધન ધર્મધ્યાનનું સાધન પર્યાયદશા એ હેય છે. કેમકે એ નવી ઉત્પન્ન થાય છે. એના ઉપર લક્ષ રાખવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. ઝીણું બાપુ! આ માર્ગ એવો સૂક્ષ્મ છે. આ તો હવે બહાર આવ્યો એટલે આ રીતે કહેવાય, નહિતર તો ભારે આકરું. સમાજને એ ચીજ મળી નથી. અપૂર્વ! અનંતકાળ થયા. અનંત-અનંત અવતાર થયા, અનંતા ભવો કર્યા અને અનંત ભવમાં પણ સાધુ ને ત્યાગીના પણ અનંતભવ કર્યા, એણે રાજ, કુટુંબ, પરિવાર છોડી, બાવો થઈ એકલો જંગલમાં (રહ્યો). 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન...' એ આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય વસ્તુનું દળ એમાં એનું માહાત્મ્ય આવ્યું નહિ. એનો એને મહિમા મહાપ્રભુનો ચૈતન્ય ધ્રુવતત્ત્વનું માહાત્મ્ય ન આવ્યું, એનું માહાત્મ્ય દશામાં અને રાગમાં રહ્યું. એને શાસ્ત્રકાર અંશબુદ્ધિના માહાત્મ્યવાળાને પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ કહે છે. આહા..હા..! આ તો સંસારના અંત લાવવા હોય કે જે સંસાર સ્વરૂપમાં છે નહિ અને એનું જે ધ્યાન થાય એ ધ્યાનની દશાઓ છે એ તો અવસ્થાઓ છે. એ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એકરૂપ સદૃશ ત્રિકાળી તત્ત્વ છે એમાં એ અવસ્થાઓનો અભાવ છે. એ અવસ્થા એમાં ગરી જાય તો તો એક સમયની અવસ્થા ત્રિકાળમાં થાય તો ત્રિકાળી થઈ જાય. આ તો બે-પર્યાય અને દ્રવ્યની વહેંચણી છે. આહા..હા..!

**શ્રોતા :-** આખું દ્રવ્ય ન આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખું દ્રવ્ય ન આવ્યું, એક સમયનો અંશ છે. એ અંશ દ્રવ્યમાં

આવ્યો નથી અને દ્રવ્ય એક અંશમાં આવતું નથી.

ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ પ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં (પરિપૂર્ણ વસ્તુ છે). આનંદઘનજીએ કહ્યું ત્યાં એક ઠેકાણે. 'સ્થિરતા એક સમયમાં ઠાણે ઊપજે વિણસે તબ હી. સ્થિરતા એક સમયમાં...' ધ્રુવ, નિત્ય, શાશ્વત 'સ્થિરતા એક સમયમાં ઠાણે ઊપજે વિણસે.' નવી-નવી દશાઓ થાય, જૂની દશા જાય એવી દશા થાય. 'ઊલટ પલટ...' નવી દશા થાય અને જૂની જાય ઊલટ-પલટ. 'સ્થિરતા એક સમયમેં ઠાણે ઊપજે વિણસે તબ હી. ઊલટ પલટ ધ્રુવ સત્તા રાખે' એ ઊલટ પલટ હોવા છતાં ધ્રુવ સત્તા રાખે 'યા હમ સુની ન કબ હી અબધુ નટનાગરકી બાજી. યા હમ સુની ન કબ હી અબધુ નટનાગરકી બાજી. એ ક્યા જાને બામણ કાજી રે.. એ ક્યા જાણે બામણ કાજી રે નટનાગરકી બાજી.' એ નાગરિક ચૌદ બ્રહ્માંડના નગરનો વસેલો નાગરિક આત્મા. આ માણસને નાગરિક કહે છે કે નહિ? મોટા શહેરમાં રહેનારો નાગરિક. આ ચૌદ બ્રહ્માંડમાં રહેનારો નાગરિક ભગવાન એક. એનું જે ત્રિકાળી ધ્રુવતત્ત્વ છે એકરૂપ નિત્યાનંદનું ચોસલું જે છે (એ) શાશ્વત છે... છે.. છે... છે... છે... ત્રિકાળી ઊર્ધ્વ પ્રવાહ સામાન્ય એવા ધ્રુવ ચોસલામાં જે એનું ધ્યાન કરવાની દશા ઉત્પન્ન થાય એ અવસ્થા છે, હાલત છે, દશા છે, તે દશાઓ ધ્રુવમાં નથી એમ શુદ્ધનય અથવા ધ્રુવતત્ત્વ એમ પોકાર કરે છે. ભગવાન! વાતું બીજી છે. દુનિયા ક્યાં છે કેમ છે એ બધી ખબર છેને અમને તો. સમજાય છે કાંઈ? ઘણાં ઘણાં પ્રકારો દુનિયામાં વર્તે છે ધર્મને નામે, પણ ચીજ એવી કોઈ ચીજ રહી જાય છે એના ધ્યામાં કે જે એક સમયમાં ભગવાન પરમ... અહીં કીધુંને, પરમાત્મસ્વરૂપ, પરમાત્મતત્ત્વ, પરમસ્વરૂપ. એકરૂપ છે... છે... છે... છે... એમાં ધ્યાનાવલી. છેને નીચે. ધ્યાનની પંક્તિ. આવલી છેને? પંક્તિ-ધ્યાનની પરંપરા. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તો નથી... પાઠ છેને ભાઈ એમાં? ૮૯ ગાથા જુઓ. ૮૯ની વાત છેને. ૮૯માં છે જુઓ. આમાં બે વાર પાના આવી ગયા. એ ગાથાઓના બે વાર આવી ગયા છે, બે પાના ડબલ આવી ગયા છે. ૮૯ દેખો.

मोत्तूण अट्टरुद्दं झाणं जो झादि धम्मसुक्कं वा।
सो पडिकमणं उच्चइ जिणवरणिद्दिट्ठसुत्तेसु।।८९।।

જિનેન્દ્ર વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં સૂત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે તારામાં રૌદ્રધ્યાન પણ નથી, પણ સહજ ચૈતન્ય ભગવાનનું લક્ષ કરીને જે ધ્યાનની દશા ઉત્પન્ન થાય, સ્વાશ્રય ધર્મધ્યાન અને સ્વાશ્રય શુક્લધ્યાન, એમાંથી પાછો ફરે. એ ધ્યાનની દશા પણ અંતરમાં નથી એવું ત્રિકાળીતત્ત્વ તે આદરણીય અને આશ્રય કરવાલાયક છે—એમ જે જાણે અને માને એને સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા થાય. સમજાણું કાંઈ?

આમ તો ઘણા વર્ષ પહેલાં એ સાંભળતા. ચોથું શ્રમણસૂત્ર છેને. પડિક્કમાણી.. તે દિ' ઘણા કરતા. આ તો ૪૦ વર્ષ પહેલાં હોં. ચોથું શ્રમણસૂત્ર આવે છેને. ... ધર્મધ્યાન અને

શુક્લધ્યાનથી પણ પાછો ફરી જાઉં છું. પડિકમું છું એને. પણ એના અર્થો એવા ઝીણા પડેને લોકોને. એય..! મોઢે કર્યું હશે કે નહિ ગડિયા? ગડિયા-ગડિયા. આ ઘણાં વર્ષ પહેલાં કરતા તે દિ' હોં. આમાં પડિક્કમણામાં શુક્લધ્યાનથી પાછો પડિક્કમણું કરું છું—એમ આવે છે આમાં તો. ભાઈ! પંડિતજી! ... આવે છેને? એ શ્રમણસૂત્રનો ચોથો ભાગ. એના અર્થ આવતા. અસજ્ઝાયના દિવસો હોયને ત્યારે શાસ્ત્ર ન વંચાય વ્યાખ્યાનમાં. જ્યારે પૂનમ અને એકમ .. એ આ અર્થ કરતા પડિક્કમણાના. સભા વચ્ચે હોં! બોટાદ તો મોટી સભા થાયને. ત્રણસો, સાડા ત્રણસો ઘર છે. હજાર-પંદરસો બહુ માણસ થાય. એ વખતે શાસ્ત્ર વંચાય નહિ એટલે આ કરતા. ભાઈ આમાં આ છેને? એય..! ચંદુભાઈ! એ શ્રમણસૂત્ર કર્યું નહિ હોય તમે તો. ક્યાંથી કરે એ? કોરી પાટી છે એટલે. એમાં એ આવે છે કે હું ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી પાછો ફરું છું. આહા..હા..! એટલે કે પર્યાયમાં હું રહેતો નથી. હું તો ધ્રુવ છું પરમ, ખરેખર આત્મા ત્રિકાળી તે હું છું. ત્યારે તેને ખરેખર અવસ્થાનું પણ પ્રતિક્રમણ થઈ જાય છે. આહા..હા..! ગજબ વાતું છે. બાપુ! એને કાંઈક રહી ગયું છે બહુ હોં. એ વાત જ એણે અંતર્મુખ થઈને લક્ષ કરીને સાંભળી નથી, આમ બહાર લક્ષ કરીને સાંભળી છે. ભગવાનના સમવસરણમાં ગયો, સાક્ષાત્ ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માની ૐ ધ્વનિ આખી અખંડ ધ્વનિ ઉઠે છે. એમાં ઈન્દ્રો અને સભામાં વાઘ અને સિંહની સભામાં પોતે ગયો અને એ વાત સાંભળેલી (પણ) અડવા દીધી નહિ. એને અંતરમાં (એમ થયું કે) આ શું પણ આ શું?

અંતર ભગવાન આત્મા.. ઓલું માછલું કહે પણ મને કહે છે કે તું આમ જો, ત્યારે તને હું કહું છું કે તું આમ જોને. તારો માર્ગનો આધાર અંદર પડ્યો છે ત્રિલોકનાથ ચૈતન્યબિંબ પ્રભુ, ધ્રુવ-ધ્રુવ નિત્ય શાશ્વત ચોસલું જે આત્મા ન્યાં જોને. એ જોવાની દશા પણ જોવામાં અંદરમાં નથી એમ અહીં તો કહે છે. આહા..હા..! બાપુ! આ તો મોક્ષના માર્ગની વાતું છે. એ મોક્ષના માર્ગની દશા પણ ધ્રુવમાં નથી. આહા..હા..! એ એને ઓગાળવું પડશે, પ્રભુ! એણે બેસાડવી પડશે વાતને. અરેરે..! ચોર્યાસીના અવતાર. ઓલો ...ભાઈ આવે છેને. આમાં ભાઈએ નાખ્યું છેને? એ અરેરે આવશે એમાં. ૧૨૧માં આવશે. ઓલું '**बत**' છેને '**बत**'? પંડિતજી! '**बत**' છેને ૧૨૧. '**न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्**' અરેરે! એમ કહીને અરેરે! કહ્યું હતુંને કાલે, નહિ આપણે ઓલા શ્લોકમાં?

**શ્રોતા :-** સ્વરૂપમાં ધ્યાન નથી એ બરાબર છે, પણ... ઉપાદેય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદેય ધ્યાન એ વ્યવહારે કહેવાય છે, વ્યવહારે, પરમાર્થે ધ્રુવ ઉપાદેય છે. એ આવ્યું હતું એમાં પહેલા. છેને? એ વ્યવહારે ઉપાદેય છે. ખબર છેને. એ વ્યવહારે એનો અહીં ખુલાસો કર્યો છે કે જે ન્યાં વ્યવહારે ઉપાદેય કહ્યું હતું. કેમકે પ્રગટ કરવાલાયક છે એ અપેક્ષાએ. પ્રગટ કરવાલાયક નિર્મળ આનંદનો ભાવ પ્રગટ કરવાલાયક (છે)

એ માટે તેને ઉપાદેય કહ્યું હતું, પણ છતાં એ પર્યાય ધ્રુવમાં નથી, માટે ધ્રુવ ઉપાદેય છે. ધ્રુવ ઉપાદેય થાય ત્યારે એ ધર્મધ્યાન અને શુક્લધ્યાનની દશા થાય છે. એવી વાતું ભાઈ આકરી વાતું છે જગતની. જગતને હજી તો સ્થૂળમાં બહારની આ દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા કરતાં-કરતાં કાંઈક થાશે. અટક્યા છે હજી તો સ્થૂળ માર્ગમાં. એ રાગની બધી ક્રિયાઓ તો અજ્ઞાનક્રિયા છે, જ્ઞાનના પ્રભુ ચૈતન્ય મૂર્તિની એ ક્રિયા નથી. અહીં તો ચૈતન્ય ભગવાન ધ્રુવ એનો અંતર આશ્રય લઈને જે દશા પ્રગટ થાય તે દશાઓ તે ધ્રુવમાં નથી એમ કહેવું છે અહીં. એની દૃષ્ટિ ધ્રુવમાં લગાવવા એ અવસ્થાઓ એમાં નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ધ્રુવ તો વાણીનો અવિષય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, વિષય એટલે? દશા એને ધ્યેય કરે એનો વિષય છે. દશા એને ધ્યેય કરે એનો વિષય છે, વાણીનો વિષય નથી, પણ અંદર દશા જે છે એને ધ્યેય બનાવે એનો વિષય છે, પણ એ દશા ધ્યેયમાં નથી એમ સિદ્ધ કરવું છે અહીં તો. કારણ કે નવી દશા ઉત્પન્ન થાય છે. આકરી વાત છે. આ તો છેલ્લામાં છેલ્લા નંબરની. ૧૨૦ નંબરનો દોરો તણાય છે.

કહે છે, '**ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. તે છે...**' એમ જુઓ આવ્યું હવે. ઓલું કહ્યું હતુંને વ્યવહારે આદરણીય. '**તે છે એમ વ્યવહારમાર્ગે સતત કહ્યું છે.**' વર્તમાન પર્યાયમાં તે છે એમ વ્યવહારનય, વર્તમાન અંશને જણાવનારી નયે તેને કહ્યું છે. આહા..હા..! ઝીણું ઝીણું. એવો ઝીણો તે ઈન્દ્રિયથી હાથ આવે નહિ, વિકલ્પથી હાથ આવે નહિ. એક સમયની પર્યાયની દૃષ્ટિ રાખે તો હાથ આવે નહિ. કહે છે, જુઓ અહીં ઈન્દ્રજાળ કહેશે. ભગવાન! તારી વાત તો ગજબ વાત છે હે વીતરાગ! એકવાર તું એમ કહે છે કે ધ્રુવમાં એ અવસ્થા નથી. બીજી વાર એમ કહે છે કે વ્યવહારમાર્ગે વર્તમાન પર્યાયમાં છે. પર્યાય પર્યાયમાં છે એમ વ્યવહાર એટલે વર્તમાન જાણનાર નયને એ માન્ય છે, ત્રિકાળમાં નથી.

કહે છે, અરે! તે છે '**એમ (માત્ર) વ્યવહારમાર્ગે...**' માત્ર વર્તમાનદશાને લક્ષ કરનારી વર્તમાનનય વ્યવહાર એ રીતે 'છે' એમ કહ્યું છે. ત્યાં પણ સતત કહ્યું જોયું! છે, પર્યાયમાં પર્યાય છે, અવસ્થામાં અવસ્થા છે, ત્રિકાળમાં નથી. '**હે જિનેન્દ્ર!**' સર્વજ્ઞ પરમાત્માને મુનિ કહે છે. હે વીતરાગ સર્વજ્ઞ! જેની ઈચ્છાઓ બધી નાશ થઈને નિર્દોષ આનંદ અને સર્વજ્ઞદશા પૂર્ણ જેને થઈ તેને જિનેન્દ્ર કહેવામાં આવે છે. '**હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ (-તેં નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો! મહા ઈન્દ્રજાળ છે.**' એક બાજુ કહે કે વસ્તુમાં નથી નિશ્ચયથી. બીજી બાજુ કહે કે એની દશામાં વ્યવહારનયે છે. નથી અને છે, છે અને નથી. મુનિ પોતે મહા આનંદમાં છઠ્ઠી ભૂમિકાએ ઝૂલે છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન છે એને.

અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદનમાં બોલે છે આ વાણી. એ કહે છે કે હે નાથ! તારા કથન તો ઇન્દ્રજાળીયા જેવા છે. એક બાજુ કહે કે વસ્તુમાં નથી. બીજી બાજુ કહે કે સતત વ્યવહારનયે પર્યાયમાં છે. છે એટલું હોં. આદરણીય, ન આદરણીયનો પ્રશ્ન નથી અહીંયાં. સમજાણું કાંઈ? આહા..હા..!

અહો! છેને સંસ્કૃતમાં છે એ શબ્દ. '**स्तत्त्वं जिनेन्द्र तदहो**' એમ છેને? ૧૧૯. '**तदहो महदिन्द्रजालम्**' મોટી ઇન્દ્રજાળ આ. પાછી નાની નહિ, મહાઇન્દ્રજાળ. જેની દશાઓમાં છે ધર્મધ્યાન, શુક્લધ્યાન દશાઓ, વસ્તુમાં નથી. આહા..હા..! ધ્રુવમાં તે નથી અને તેની દશામાં છે, આવા બે પ્રકાર. વ્યવહારનયનો વિષય, એક નિશ્ચયનો વિષય. હા, વળી ના. ઇન્દ્રજાળ જેવું દેખાય છે પ્રભુ આ! પણ માર્ગ તો એવો છે. કહો, એ ૧૧૯ થઈ. ૧૧૯ કળશ હોં. ૧૨૦. એ બાજુ કળશ છે.

(वसंततिलका)

**सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता।।१२०।।**

કહે છે, ભગવાન અંદર ચૈતન્ય પ્રભુ ધ્રુવ ખરેખર સત્યાર્થમાં, ભૂતાર્થમાં, ભૂત આત્મા એટલે છતો આત્મા, સત્ય આત્મા, ત્રિકાળી ખરેખર આત્મા એ '**સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું પરમાત્મતત્ત્વ...**' એ સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એ પરમતત્ત્વ ધ્રુવ '**સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત છે.**' બધા વિકલ્પની લાગણીઓની વૃત્તિઓથી, ભેદોથી '**(-સર્વ તરફથી રહિત) છે.**' આહા..હા..! આ તો ઊંચામાં ઊંચા શ્લોકો છે. એ ભાઈએ લાલચંદભાઈએ (કહ્યું), આ વાંચો. એ ઠીક છે હોં. પરમાત્મપ્રકાશમાં પણ લખ્યું છે. એ અહીં વંચાશે. આવા આટલા કળશો અને શ્લોક વાંચવા. સમજાણું કાંઈ? કહે છે '**સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું...**' ત્રિકાળી તત્ત્વ જ્ઞાનની મૂર્તિ એ એનું આભૂષણ છે. જ્ઞાતા-દ્રષ્ટા જેનો ત્રિકાળી સ્વભાવ, પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ એવું જેનું ત્રિકાળીસ્વરૂપ છે.

એવા '**સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ...**' જુઓ, 'આ' શબ્દ મૂકે છે. '**આ...**' અંદર નિત્ય ધ્રુવ શાશ્વત જે આ વસ્તુ, એક સમયની અવસ્થા સિવાયનું અવસ્થા જેનું ધ્યાન કરે. આહા..હા..! .. છેને?

ન્યાલભાઈ. ન્યાલભાઈ થઈ ગયા હમણા કલકત્તાના, નહિ? બહુ અનુભવી પુરુષ થઈ ગયા હમણા. ૨૦૨૦ની સાલમાં ગુજરી ગયા. ઘણાં લાખોપતિ. મોટી દુકાન, પણ એને ધૂન લાગેલી આત્માની. ઘણું વાંચેલા, ઘણા બાવા, જોગી, મહંત પાસે ગયા. ઘણું-ઘણું વાંચન, ગૃહસ્થ માણસ ઘણા લાખોપતિ. કાપડની મોટી દુકાન છે કલકત્તા. ઘણાં વર્ષ સુધી...

એમાં એકવાર ૨૦૦૨ની સાલમાં આવ્યા સોનગઢ. તે દિ' એની ૩૪ વર્ષની ઉંમર. બહુ મગજ વિચારક. એમાં એને એટલું કહ્યું, ભાઈ! આ જ્ઞાનસ્વરૂપ-આ જ્ઞાન આભૂષણ કહ્યુંને એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા અને આ રાગનો વિકલ્પ ઉઠે એ બે ચીજ તદ્દન જુદી છે. ૨૦૦૨ સાલની વાત છે. પછી તો ૧૮ ... ૨૦ની સાલમાં આવ્યા હતા ત્યાં મુંબઈ. પણ એટલું કહ્યું ત્યાં તો એણે ઘણું વાંચેલું, ઘણું જોયેલું અને ઘણું અનુભવેલું બહારનું. આ બે અંદર ભિન્ન ચીજ છે. એટલું જ્યાં એને કાને પડતા એ સમિતિનો ઓરડો છેને ત્યાં સોનગઢ. રસોડાના ઓરડામાં ચાલ્યા ગયા. સાંજથી સવાર સુધી (ધ્યાનમાં બેઠા).

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' નામના બે ભાગનું પુસ્તક છે એમનું. પત્રો ભેગા કરેલા લાલચંદભાઈ અને એક શશીભાઈ છે મોઢ ભાવનગરના. એ બહુ આમાં ઉતરેલા છે ઊંડા. આવ્યા હતા. શશીભાઈ મોઢ છે. આ લાલચંદભાઈ. બે એમના પરિચયવાળા છે. .. મોઢા આગળ બેઠા છે. આમ જ્યાં અંદર ગયા અને સાંજથી સવાર સુધી અંતરમાં રાગથી ભિન્ન પાડવાના મંથનમાં આત્માનો નિર્વિકલ્પ અનુભવ અને આનંદ દશા પ્રગટ કરી. એક રાતમાં! સાંજથી સવાર સુધી બેઠા. આત્મા નિર્વિકલ્પ આનંદનું ધામ શુદ્ધ ચૈનત્યનો અનુભવ સમ્યગ્દર્શન પ્રગટ કરીને સવારે ઊભા થઈ ગયા. પણ વાત ન કરે. કોઈને વાત ન કરે. કોઈએ કહ્યું, તમે વાત મહારાજને કહો. મારી પ્રકૃતિમાં એ નથી કે હું કહેવા જાઉં કે મને આમ થયું છે. પછી તો ઘણાં વર્ષ ૨૦ની સાલમાં ત્યાં આવ્યા મુંબઈ. ૨૦-૨૦ ને? ભાઈ આવ્યા ત્યારે. લાલબહાદુર શાસ્ત્રી આવ્યા હતાને અભિનંદન દેવા આવ્યા હતાને. ત્યાં બેસે સામે. સાંભળે. હંમેશા પાંચ-પાંચ કલાક તો એને અંતરના ધ્યાન માટે જોતા. અંતરના અનુભવના મંથન માટે.

એમાં એકવાર લખે છે, આ પર્યાય મારું ધ્યાન કરે તો કરો હું કોનું ધ્યાન કરું? હું તો ધ્રુવ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ પરમસ્વભાવવાળો છું. આ વર્તમાનદશા એ મારું ધ્યાન કરે તો કરો, હું તો ધ્રુવ છું. આવે છે? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ બીજા ભાગમાં આવે છે? બેય ભાગમાં નહિ? ઠીક કાંઈ વાંધો નહિ. ઈ કરીને ... કરે છે. આ ત્રીજો ભાગ બહાર સાધારણને આપતા નથી. માણસને પચવું મુશ્કેલ અત્યારના જીવો બહુ સાધારણ માણસ. એનો ત્રીજો ભાગ તો અજર પ્યાલા છે. બે ભાગ પહેલા નાના છે એ બહાર આવ્યા. એટલે ઈ કરી એને... એમાં એણે કહ્યું, પર્યાય મારું ધ્યાન કરે તો કરો. મેં તો આખો બ્રહ્માંડનો નાથ પૂર્ણાનંદને મેં કબ્જે લઈ લીધો છે. દૃષ્ટિમાં મેં કબજે લઈ લીધો છે હવે. અને કેવળજ્ઞાન પણ એમાં પડ્યું (છે) એ કેવળજ્ઞાન બહાર આવ્યા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! .. મોટા ગૃહસ્થ માણસ. પણ પછી તો ભાન થઈ ગયા પછી તો એણે છોકરાઓને કહ્યું કે મને પંગુ જાણી શરીરના બે વખત ટકવાનો આહાર આપો, બાકી હું હવે કામ નહિ કરું. એ પુસ્તક છે. છેને એમાં મોઢા આગળ પ્રસ્તાવનામાં. પંગુ સમજીને બે વખત શરીર ટકાવવા માટે આહાર આપજો, હું કોઈ કામ નહિ કરું. મેં તો મહારાજે કહ્યું એ વસ્તુ સાધી છે અને

હું તો હવે અલ્પકાળમાં આ સ્થાનમાં રહેવાનો નથી. મારું સ્થાન અલ્પકાળમાં પૂર્ણ થવાનું છે. છે એવી ચીજ હતી. પણ એ તો બાપુ અલૌકિક વાતું છે. એ કાંઈ વાત કરે કાંઈ વળે એવું નથી. પંડિતજી! આહા..હા..!

કહે છે કે અરે! પરમાત્મતત્ત્વ અંદરનું, ભાઈ! એણે સાંભળ્યું નથી શું છે ચીજ? આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એની એક સમયની દશા અને એક સમયનો ધ્રુવ અહીંયાં એવું જે સમ્યગ્જ્ઞાનનું આભૂષણ. સમ્યગ્જ્ઞાનથી શોભાયમાન પરમાત્મતત્ત્વ પોતાનું છે. એ '**સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત છે.**' એ ભેદો અને વિકલ્પથી મુક્ત છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**(આમ) સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી...**' પોતાનો નિજાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ પ્રભુ એમાં આ બધા નયોથી આમ છે અને આ નયથી આમ છે, વ્યવહારથી આમ છે અને નિશ્ચયથી વિકલ્પ ઉઠે એ, આવો આત્મા છે એમ વિકલ્પ ઉઠે એ પણ એનામાં નથી. બિહારીલાલજી! આ તો અલકમલકની વાતું નથી પણ અગમ્યગમ્યની વાતું છે. અગમ્યને ગમ્ય કેમ કરવો? અલખને કેમ ઓળખવો?

કહે છે એ '**સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનવલી આમાં કઈ રીતે ઊપજી...**' આહા..હા..! એક વિસ્મય કર્યું છે કે આ અવસ્થા થઈ એ ક્યાં અંદર ગરી ગઈ છે? એ ધ્રુવમાં ક્યાં ઊપજી છે? એ તો પર્યાયમાં ઊપજી છે. અગમ્યગમ્યની વાતું, બાપા! આ તો મોક્ષના માર્ગની વાતું, ભાઈ! એ સાધારણ વાત ન હોય. સાધારણ હોય તો અનંતકાળમાં અનંતા ભવ થઈ ગયા. મનુષ્યના અનંતા થયા, શાસ્ત્રના ભણીને અનંતા થયા. 'સબ શાસ્ત્રન કે નયધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન વિચારત હૈ મન સે, કછુ ઓર રહ્યા ઉન સાધનસે, બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ કહ બાત કહે.' શ્રીમદ્દે ૨૪ વર્ષે કહ્યું છે. શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાની અનુભવી થઈ ગયા. આ કહીએ છીએ એ દશા હતી એમની પાસે. સમજાણું? એ સદ્‌ગુરુ એટલે આત્મા. વ્યવહારથી બાહ્ય, નિશ્ચયથી આત્મા. એમાં લખ્યું છે. નિશ્ચયથી ગુરુ તે આત્મા છે. નિશ્ચયનો અનુભવ થાય ત્યારે બાહ્ય ગુરુને વ્યવહારે ગુરુ તરીકે કહેવામાં આવે. એવી વાત છે. આહા..હા..! જે પોતે સમજીને સમાય જાય અંદરમાં એ પોતે ગુરુ છે એનો. ત્યારે એને બાહ્યના ગુરુ જેને સમજાવાનું નિમિત્ત હતું એને ગુરુ તરીકે વ્યવહારે ઉપચારથી કહેવાય. અનુપચાર પોતે ગુરુ છે. આહા..હા..! અરે! આ વાતું, બાપુ! એ મોંઘી વાતું છે, ભાઈ! આહા..હા..! ભાઈએ ન કહ્યું? એ આવશે આમાં. આહા..હા..!

કઈ રીતે કહો? '**(અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે)**' આહા..હા..! લ્યો ૧૨૦ થઈ. ૧૨૧ને? ૧૨૧ કળશ. પાનું-૧૭૨. આ તો માલ માલ પીરસાય છે. ઓલા વર પરણેને એની સાથે અણવર હોયને ઓલા પંચોળામાં બેસેને એક થાળીમાં. એને ઘરમાં

સારો સારો માલ હોય એ પીરસે. જાનને બધું ન આપે. જાનને બધું ક્યાંથી દેવા જાય? ઓલી થાળીમાં પીરસેને થાળી હોયને મોટી? વર હોય, અણવર હોય, બીજા બે-ચાર એવા ખાસ હોય છે કે નહિ? અમે તો અનુભવ્યું છેને. એ અમારા ફાવાભાઈ હતાને. ૬૪માં લગન હતા. તો હું થયો હતો અણવર. ૬૪ની વાત છે. એ વખતે ૧૮ વર્ષની ઉંમર હતી. એ પરણ્યા એને ૧૪ની હતી. ૧૪ વર્ષે પરણ્યા હતા અમારા ફાવાભાઈ ધીરજલાલ. જેને મોટી દુકાન છેને છોકરાને ત્યાં સુરતમાં ભંગારની. મોટી પચાસ હજાર, પોણો લાખની પેદાશ છે. ભંગારનો ધંધો પહેલેથી છે, કંસારાનો. છે તો વાણિયા. પછી ફાવાભાઈના લગન હતા ૬૪માં. કહ્યું હતુંને મેં એકવાર નહિ? આપણે તો ભગત માણસ હતા પહેલેથી. એટલે ઓલા ગામમાં લગન. અને પછી ઓલું ધાન રાખે છેને એક, બે, ત્રણ, ચાર, પાંચ એને કાંઈક કહે છે. ગોત્રીજ. હા. કોણે કીધું? એ ગોત્રીજ. બસ સાચી વાત છે. ગોત્રીજ પાસે બેસાડે. એક પછી બે, ત્રણ, ચાર એમ કરીને .. પછી ત્યાંથી એને ગાડામાં બેસાડવાના, ગામમાં લગન. એટલે હું તો ભગત. આપણે તો પછી સીધી વાત. મેં કીધું 'ઉપાડો' એવું નહિ કહેવાતું હોય. 'ઉપાડો' તો મડદાને કહેવાય, આને તેડો કહેવાય. ઠીક ભાઈ હશે. પણ બીજા અમારે એ ફાવાભાઈના બાપ હતા. મારી છાપ જ ભગતની. ભગત બોલે એમાં કાંઈ શંકા કરવી નહિ. એનું જે વચન છે એ મંગળિક આપણું છે, જાવ. મેં કીધું 'ઉપાડો' અપશુકન કહેવાય ત્યાં. ઉપાડો ઓલા મડદાને કહેવાય અને વરને તેડો કહેવાય. ભાષામાં વાંધા. આવા બધા. હવે એ ઉપાડો કહ્યું છતાં એ પછી ૩૬ વર્ષે મારી પાસે બાધા લીધી એણે. ૬૪માં લગન અને ૯૬માં બાધા લીધી ચોથા વર્ષે લ્યો! હવે એ ઉપાડો કહો તો કાંઈ મરી નહોતો ગયો. એ ભાષાને શું છે ત્યાં? આહા..હા..! આ તો એ વખતે આવો એક શબ્દ... અને પછી ખાવા બેસીએને ત્યારે થાળીમાં બધું આપે, બરફી, ફલાણું, ઢીંકણું. કીધું આટલું બધું જાનને આપતા હશે? કહે જાનને નહિ, એ વરને આપે ત્યારે આપે બધું. .. હોય ને. એક કોર વર ખાતો હોય, એક કોર આ ખાતો હોય, એક કોર આમ બે-ચાર માણસ ખાય. એ તે દિ' જોયેલું. આ તો ૬૪ની વાત છે. પછી ક્યાં આપણે કાંઈ...? આહા..હા..! એમ અહીંયાં માલ-માલ પીરસાય છે એકલો.

**શ્રોતા :-** આ ભોજનમાં બધા સામેલ થઈ ગયા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામેલ થયા છે. વાત સાચી હોં. આહા..હા..! અરે! બાપુ! આવી વાતો સાંભળવી પણ મહાભાગ્યવાન છે. એવી વાતું છે. અમારે એ છોકરો કહે છે. ૧૨ વર્ષનો છેને. દિલીપ કરીને છોકરો છે. સંસ્કાર લઈને આવ્યો છે. બગસરાનો છેને. .. દુકાન મોટી. વડીયા તો એણે હમણા ઓલા કરી, મકાન કર્યા છે. મૂળ બગસરાના છે, પણ એની દુકાન કલકત્તામાં છે. ઘણા લાખોપતિ છે, મોટા હૂંડીનો વેપાર. ધીરધારનો ધંધો. બીજો કાંઈ ધંધો નથી. મા-બાપને. બાપને અને એના બાપને. છોકરો આ એકવાર ૧૧મી ગાથા બહુ

ઝીણી છે સમયસારની. ૧૧મી ગાથા હોં. ભૂતાર્થ વસ્તુ તે આત્મા. એ વસ્તુનો આશ્રય કરવો એ ધર્મ. એણે સાંભળી. બોલે. ૧૨ વર્ષ તે દિ' નહોતા પૂરા થયા. ગૃહસ્થ માણસ. .. બેઠો હોય તો પુસ્તક લઈને બેસે સમયસાર. સામે હોં. આહા..હા..! એમ બોલ્યો. વીર્યવાળો માણસ. 'આહા..હા..! આ વસ્તુ! અરે! જગતને આ કેમ બેસતી નથી?' એમ કહ્યું. 'અરે! આ વાત જગતના ભાગ્ય હોય એને મળે' એમ બોલ્યો પાછો. સંસ્કારી છે. અમારા વજુભાઈ તો એમ કહે, આ તે કાંઈ મુમુક્ષુ કોઈ મરીને આવ્યો હશે? છે શું આ? એવો ૧૨ વર્ષની અંદર. વજુભાઈ એમ કહેતા. એ તો આત્મા છે. ત્યાં તૈયાર થઈને ગમે તે સંસ્કાર હોય, એ આત્મા જેટલા છે એ બધા મોક્ષને પામ્યા એ આત્મા હતા કે જડ હતા? એ આત્મા બાળ નથી, વૃદ્ધ નથી, યુવાન નથી, રાગ નથી, વિકલ્પ નથી. એ ધ્રુવમાં એક સમયની પર્યાય નથી. એવો જે વર આત્મા એનું જેણે ધ્યાન કર્યું અને એ ધ્રુવને જેણે આદર્યો, કેવળ લીધા વિના છૂટકો નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! માર્ગ તો કેવો છે, ભાઈ! બીજી રીતે સોંઘો કરીને આપશે તો બધું (બગડશે).

સોંઘાનો દાખલો નહોતો આપ્યો? સોંઘાના બે દાખલા આપીએ છીએ, નહિ? ઓલો એક વાણિયાનો. બે મણ શાક લઈને આવ્યો હોય ગામડામાંથી માણસ. પોણા બે મણ વેચાઈ ગયું હોય, દસ શેર રહ્યું હોય. પછી વાણિયો લેવા આવ્યો હોય કોઈ કંજુસ જરી. કે ભાઈ જુઓ આ આઠ શેર અત્યાર સુધી વેચ્યું. આ દસ શેર છે. હવે ઉપાડીને લઈ જવું અમારે ગામડે એ કરતા લઈ લ્યોને ચાર આના શેર? ઓલો કહે આઠ આનાનું ચાર આનામાં (આપે છે). જરી ટુવો છે થોડો હોં એમ કહે. ટુવો જરી છે. ઘિસોડું, દૂધી. ચાર આના શેર મળે છે. અઢી રૂપિયે ઘરે લઈને ગયા ટુવો સળંગ ટુવો. ટૂકડોય સાચો નહિ એકેય. સોંઘા લેવા ગયા ત્યાં થઈ ગયા મોંઘા. એમ આ ધર્મની રીત જે છે એને સમજ્યા વિના બીજી રીતે લેવા ગયો ત્યાં એનો કાળ વયો ગયો બધો.

અને એક શેરાનો દાખલો આપીએ છીએ. ઘીમાં લોટ શેકાય અને પછી ગોળ અને સાકરના પાણી નખાય ત્યારે શેરા થાય. પણ કોઈ એવી ડાહીની દીકરી વળી નીકળે કે આ તો ઘી પી જાય છે લોટ. ગોળના પાણી નાખવા છે કે નહિ પછી સાકરના. પહેલા ગોળના પાણીએ શેકોને લોટને. પછી ઘી નાખજો દબડીયું જાતુંવળતું કરીને. એ આમાં જાતુંવળતું ન હોય. એ તો પોટિસ કરે ત્યારે જાતુંવળતું હોય. આ ગુમડું હોયને એને જાતુવળતું (ઘી નાખે). બાયું કહે એ સાંભળેલું હોય, આપણે ક્યાં કર્યું હતું? એ કોઈ કહે કે જાતુવળતું નાખજે હોં ઘી. એટલે જાતુવળતું એટલે શું? ઘી પડ્યા વિના ન રહે અને વધારે પડે નહિ. વધારે પડે તો વકરે ગુમડું અને પડે નહિ તો પોટીસ ન થાય. હવે આ કહે કે આપણે ગોળના પાણી પછી નાખવા પહેલો લોટ શેકો જેથી ઘી બચે અને પાછળથી ઘી નાખીએ. તારા ત્રણેય જાશે, ખબર નથી તને. એ ગોળના પાણીએ શેકે એ ગોળ જાશે, લોટ જાશે અને

ઘી પણ જાશે. એ લૂપરા પણ નહિ થાય. કારણ કે એ ઘી થોડું વધારે પડી ગયું છે. પોટિસ નહિ થાય. જે એની મોંઘાની રીત છે એ રીતે કરીશ તો શેરો થાશે.

એમ ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ ધ્રુવ એને જ્ઞાન દ્વારા પહેલો અનુભવ. એ સિવાયની એની બીજી કોઈ રીત છે નહિ. સોંઘુ કરવા જઈશ ત્યાં કરશું તો થાશે, દયા કરશું તો થાશે, વ્રત પાળશું તો થાશે. એ જાશે તારા ત્રણેય. શ્રદ્ધા પણ ખોટી, જ્ઞાન પણ ખોટા અને તારા આચરણ પણ ખોટા. પંડિતજી! આહા..હા..! ભારે! આ સોંઘા કર્યા. ઓલાએ સોંઘે શેરો કર્યો, ઓલાએ સોંઘે શાક કર્યું. એમ આ ધર્મને નામે ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, ભગવાન બસ આમ કહે છે. આમ ભગવાન પ્રસન્ન થઈને દર્શન દેશે. કોણ દર્શન દેતો હતો ભગવાન? ભગવાન તો પરમાત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ, જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ એ તો સાક્ષી જગતના છે. આહા..હા..! અને કાં તમે આમ કરશો ત્યાં એકદમ લગાવો ધ્યાન ભગવાનનું. ભગવાન તો પર છે, એનું ધ્યાન લગાવે એ તો વિકલ્પ છે. એ સોંઘે કરવા જાઈશ (એમાં) તારા અવતાર વયા જાશે. સમજાણું કાંઈ? કહે છે. આહા..હા..!

૧૨૧ કળશ જુઓ હવે.

(मालिनी)

अथ भवजलराशौ मग्नजीवेन पूर्वं<br>
किमपि वचनमात्रं निर्वृत्तेः कारणं यत्।<br>
तदपि भवभवेषु श्रूयते वाह्यते वा<br>
न च न च बत कष्टं सर्वदा ज्ञानमेकम्।।१२१।।

આહા..હા..! '**જે મોક્ષનું કાંઈક કથનમાત્ર કારણ છે તેને પણ (અર્થાત્ વ્યવહાર-રત્નત્રયને પણ) ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વ ભવભવમાં સાંભળ્યું છે અને આચર્યું છે;...**' આહા..હા..! કહે છે કે ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધાનો ભાવ એ પણ એક વિકલ્પ છે. વ્યવહાર સમકિત-દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વ્યવહારસમકિત એ શુભરાગ છે. વ્યવહાર જ્ઞાન-શાસ્ત્રના ભણતર ભણી ભણીને મરી ગયો ગોખીને એ પણ એક વિકલ્પ અને રાગ છે અને પંચમહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવો ભાવ પણ એક વિકલ્પનો રાગ છે. એને અહીંયાં વ્યવહારરત્નત્રય કહે છે. રાગભાગ છે એ વિકલ્પની વૃત્તિ લાગણી છે એ આત્મા નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ પણ રાગ, પંચ મહાવ્રતના પાલનનો ભાવ પણ રાગ અને શાસ્ત્ર પર છે એના તરફના ભણતરનો વિકલ્પ પણ રાગ. એવા વ્યવહારરત્નત્રયને કથનમાત્ર કહેવામાં છે. એ ધર્મ છે અને એ રત્નત્રય છે એ તો કહેવામાત્ર છે. સમજાણું કાંઈ? એને પણ, એમ કે બીજું તો બધું ઘણું કર્યું, રાગના અશુભભાવના પાપના ભવમાં બૂડેલાએ, પણ ચોર્યાસીમાં બૂડેલાએ અનંતભવમાં એણે વ્યવહારરત્નત્રય નામ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની આજ્ઞા પ્રમાણેનો વ્યવહાર

આચરણ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, નગ્ન દિગંબર થઈને એવા વ્યવહારરત્નત્રયના આચરણ પણ અનંતવાર કર્યા. છે?

તેને પણ '**ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવભવમાં** (-ઘણા ભવોમાં) **સાંભળ્યું છે**...' એ વાત એણે સાંભળી છે. આ વાત સાંભળી નથી. વ્યવહારના વિકલ્પ અને પર્યાયથી ભિન્ન તત્ત્વ ભગવાન આત્મા એ વાત એણે સાંભળી નથી. '**અને આચર્યું (-અમલમાં મૂક્યું) છે;...**' વ્યવહાર. અનંતવાર શ્રદ્ધા વ્યવહારની બહારની. અનંતવાર દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા, અનંતવાર નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધાની માન્યતા, નિશ્ચય તો એકલો આત્મા માને ત્યારે એ તત્ત્વ કહેવાય. નવ તત્ત્વનો અનુભવ પણ મિથ્યાદૃષ્ટિમાં જાય છે. સમજાણું કાંઈ? એવો ભાવ પણ એણે અનંતવાર કર્યો છે. આહા..હા..! ભવભ્રમણમાં સાંભળ્યું છે, અમલમાં પણ મૂક્યું છે.

'**પરંતુ અરેરે! ખેદ છે કે...**' જુઓ આવ્યું. '**बत**' છેને '**बत**'? એ છેને પંડિતજી? '**बत**'નો અર્થ છેને અરેરે. સંસ્કૃતમાં '**बत**' પડ્યું છે. '**न च न च बत**' ખેદ અરેરે! આહા..હા..! ભાઈએ નાખ્યું છેને, આ રમણિકભાઈએ નહિ? 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ. દોડે હાંફી ઝાંઝવા જળની રે માંય, અરેરે એને સાચા પાણી રે મળવા દોહ્યલા રે લોલ. એને સાચા પાણી રે મળવા દોહ્યલા રે લોલ.' દોડીને, હાંફીને ઝાંઝવા જળ (લેવા દોડે છે). આવા વ્યવહારરત્નત્રયના વિકલ્પો ઝાંઝવાના જળ છે. ભારે આકરું કામ, 'પણ વ્યવહાર પહેલો હોય પછી નિશ્ચય થાય. એમ ને એમ થવાતું હશે?' દુનિયા એમ કહે છે. ભગવાન! તું પહેલો પછી રાગને કહેવાય વ્યવહાર. રાગ પહેલો અને પછી તું એમ ન હોય ત્રણકાળમાં. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે આવા વ્યવહારરત્નત્રયને પણ આચર્યું છે જીવે અનંતવાર ભવસાગરમાં બૂડેલા પ્રાણી. આહા..હા..! સ્વર્ગમાં અનંતવાર ગયો. નવમી ગ્રૈવેયક છે. આ ચૌદ બ્રહ્માંડ છે પુરુષને આકારે. પછી ખાલી ભાગ છે અલોક ખાલી આકાશ એનો અંત નથી. પણ પુરુષ આકારે આમ ઊભો હોય એનો .. એવો ચૌદ બ્રહ્માંડનો આકાર છે. અસંખ્ય યોજનમાં છે. એમાં આ ગ્રીવાને ઠેકાણે આ ગ્રીવા ઠેકાણે અત્યારે સ્વર્ગના દેવો છે. નવ પાઠડા છે. એમાં ૩૧ સાગરની સ્થિતિ છે. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવી જેની ૩૧ સાગરની સ્થિતિએ અનંતવાર જીવ ઉપજેલો છે ત્યાં. પણ એ વ્યવહારના રાગની મંદતાના ફળે પણ મિથ્યાત્વ ભર્યું હતું. આહા..હા..! સમજાણું કાંઈ?

'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો.' અમારે પહેલું આવતું. દુકાન ઉપર વાંચતાને. ચાર સજ્ઝાયમાળા છે. સજ્ઝાયમાળા ચાર છે. એ દુકાન ઉપર ચારેય વાંચેલી હોં પહેલાં. .. દુકાને. એક એકમાં સેંકડો ૨૦૦-૨૦૦, ૩૦૦-૩૦૦ સજ્ઝાય છે. એવા ચાર ભાગ છે.

ચારેય ત્યાં મગાવેલા. દુકાન ઉપર બધું વાંચેલું ઘણું. આચારાંગ, સૂયગડાંગ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન એ બધું દુકાન ઉપર વાંચેલું. ધંધો પણ ચાલતો અને આ પણ વાંચતા. બેય. નાની ઉંમરની વાત છે હોં ૧૮-૧૯ વર્ષની. એમાં એ આવતું સજ્ઝાયમાં. તે દિ'ની વાત છે હોં. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' બહારની ક્રિયાકાંડના વ્રત ને નિયમ ને બ્રહ્મચર્યને આ પાળી પાળીને સાધુ થઈને, નગ્ન મુનિ થઈને નવમી ગ્રૈવેયક ગયો. 'ફેર પીછો પટક્યો.' મિથ્યાત્વના ભાવ ભ્રમણાના રહી ગયેલા, આવી ક્રિયા વડે ઊંચે ગયો પણ હેઠે પડ્યો પાછો, ચાર ગતિમાં રખડ્યો.

એમ અહીં કહે છે, ભવભવમાં ભમતા એ વ્યવહારને પાળ્યું. '**અરેરે! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને...**' જીવે સાંભળ્યું નથી અને આચર્યું નથી. આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ જ ચૈતન્ય છે. એમાં વિકલ્પ નથી, ભેદ નથી. એવી જે જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ જીવે અનંતકાળમાં સાંભળ્યું નથી. આહા..હા..! એમ કહે છે. સાંભળ્યું એને કહીએ કે જેને આ જ્ઞાનસ્વરૂપ આ છું, રાગ પણ નહિ, ભેદ પણ નહિ, એને જ્યારે એ વાત બેસે ત્યારે એને સાંભળ્યું કહેવામાં આવે. સાંભળ્યું નથી અને આચર્યું પણ નથી. નથી, નથી. એમ બે ન છેને. 'ન ચ ન ચ' સંસ્કૃત. નથી, નથી. આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગુરુવાર, તા. ૧૧-૦૫-૧૯૭૧, ગાથા-૧૦૫, ૧૦૭, પ્રવચન નં. ૭૫૯

**णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।**
**संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।**
**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે. તે જીવને પચખાણ સુખમય હો? છે. ૧૦૫.**

આ પ્રત્યાખ્યાનનો અધિકાર નિયમસારમાં ચાલે છે. પ્રત્યાખ્યાન એટલે? ત્યાગ. નાસ્તિથી એને ત્યાગ કહેવાય છે. અસ્તિથી એને સ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એનો જેને પ્રથમ અનુભવ થયો છે,... વસ્તુ આત્મા જે છે એ તો અતીન્દ્રિય અમૃતના સાગરથી ડોલી રહ્યો એવું તત્ત્વ છે ઈ, એવા સ્વભાવની એને અનંતકાળથી ખબર નથી. એ તો પુણ્ય-પાપની ક્રિયાઓ અને કાં વર્તમાન પ્રગટ અંશ જે વસ્તુનો છે એટલામાં રોકાઈને બધું જ એ માની રહ્યો છે. પણ અંતર વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ શાશ્વત નિત્ય દ્રવ્ય વસ્તુ

નિત્ય દળ એમાં તો અનંત શાંતિ, અનંત જ્ઞાન, અનંત આનંદ, એમાં તો અનંત અમૃત અતીન્દ્રિય આકુળતા રહિત અમૃત ભર્યું છે. આહા..હા..! એવું જે નિજ આત્માનું નિજપદ, નિજસ્વરૂપનું સ્થાન એવું જ એનું છે. એવું જેને પ્રથમ સંયોગની ઉપરથી લક્ષ, દૃષ્ટિ છોડી, રાગના વિકલ્પની જાળ જે દયા, દાન, વ્રતાદિ હોય એ પણ રાગ અને એના ઉપરથી લક્ષ છોડી વર્તમાન એક અંશ પ્રગટ છે જ્ઞાનનો, એ અંશ ઉપરથી પણ રુચિ અને દૃષ્ટિ છોડી અને ત્રિકાળ જ્ઞાયકપ્રભુ શુદ્ધ ધ્રુવ ચૈતન્યદળ એનામાં દૃષ્ટિને પ્રસરાવીને અનુભવના આનંદની દશા પર્યાયમાં-અવસ્થામાં પ્રગટ થાય એને પ્રથમ સમ્યગ્દર્શનની ધર્મદશા કહે છે. ... સમજાણું કાંઈ? એવો આત્મા પ્રથમ શ્રદ્ધા અને વર્તમાન જ્ઞાનની દશામાં આખો પરિપૂર્ણ પ્રભુ શાશ્વત આનંદ સાગર ધ્રુવ એની જેને અંતરની દૃષ્ટિમાં કિંમત થઈને અનુભવ થયો છે એને પ્રથમ ધર્મની સમ્યગ્દૃષ્ટિવાળી દશાવાળો એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એની કિંમતું એ દૃષ્ટિ ટાંકે ત્યારે એને ખબર પડે.

કહે છે કે એવા નિશ્ચય ભાનસહિત હવે ચારિત્ર પ્રત્યાખ્યાન કોને કહેવું એ વાત ચાલે છે. આહા..હા..! બીજી લીટીથી છે આજ. ૧૦૫ ગાથા પાછળ છેને ૨૦૪ પાને. '**તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન અતિ આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે;...**' શું કહ્યું ઈ? કે પહેલું એમ કહ્યું હતું કે જેને આત્મા અતીન્દ્રિય આનંદનો અનુભવ ઉપરાંત જેની અંતરમાં લીનતા, સ્થિરતા જામી ગઈ છે અને અરાગી પરિણામ અને રાગરહિત ઘણા ઉગ્ર શાંતરસની દશાઓ પ્રગટ થઈ છે એને સાચું પ્રત્યાખ્યાન અથવા સાચું ચારિત્ર કહીએ. એવા ચારિત્રવંતને, મુનિની દશાનું વર્ણન છેને અહીંયાં તો, એને કહે છે કે દિવસમાં એકવાર આહાર હોય છે. એ જ્યારે ચાર આહારનો ત્યાગ કરે છે. આહાર એકવાર લે, વિકલ્પ આવે ચોવીસ કલાકમાં. એવું ચારિત્ર. જેને જામી ગઈ છે દશા અંદર. એને એક ફક્ત વિકલ્પ ચોવીસ કલાકે અમુક જાતના આહારનો આવે. એને નગ્નદશા બાહ્યમાં થઈ જાય. એને આહારનો વિકલ્પ જે આવ્યો હતો એકવાર, ભાન તો અંદરમાં હતું જે આનંદની દશાઓ ઉભરાઈ ગઈ છે દશામાં, દૂધ જેમ ઉભરાય પછી એ પૂરું થઈને ઉભરાય છે. પાંચ શેર દૂધ હોય અને અગ્નિ (ઉપર) મૂકે તો આમ એ કાંઈ ઉભરાય છે તો કળવાળું થઈને ઉભરાતું નથી. તો તો દ્રવ્ય જાજું થઈ જાય તો તોલ વધવો જોઈએ. તોલ તો એટલોને એટલો રહે છે. સમજાય છે કાંઈ? એમ આ નહિ. આહા..હા..! આ તો જેમ અગ્નિના નિમિત્તે દૂધ ઉભરાઈને આમ ફાળ મારે છે ઉપરથી એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર દરિયો એનું જેને સમ્યક્ અનુભવ દર્શન થયું છે એ એમાં લીનતાના ફાલ મારતો એની દશામાં અતીન્દ્રિય આનંદના ઉભરા આવે છે. પણ એ કસદાર ઉભરા છે, ઓલા દૂધના જેવા નહિ. ન્યાય સમજાય છે?

એવો જે ભગવાન આત્મા જેમ દરિયાના મધ્યમાંથી જ્યારે ભરતી આવે કાંઠે... પંડિતજી! શું કહે છે બાઢ? તમારે બાઢ કહે છે, અમારે ભરતી કહે છે ગુજરાતીમાં. ક્યાં ગયા, પંડિતજી?

ભરતી આવે છેને દરિયામાં? ક્યાંથી આવે છે? ઉપરથી? ૨૫ ઈંચ વરસાદ હોય, ૫૦ ઈંચ વરસાદ હોય અને ૫૦ ઈંચના પાણી પડે દરિયામાં, તેથી ઓટનો કાળ હોય એ પાણી ભરતી લાવી શકે? બહારના પાણી ભરતી લાવી શકે? અને ૧૧૮ ડિગ્રી તડકો હોય કદાચિત્ બહાર, પણ દરિયો જ્યાં મધ્યમાંથી ઉછળીને ભરતી આવે છે એને કોઈ રોકી શકે નહિ. એમ ભગવાન આત્મા અંતરના ધ્રુવના ધામની દૃષ્ટિ વિના એકલા જાણપણા અને એકલા રાગની મંદતાની ક્રિયાઓ એ કંઈ આત્મામાં શાંતિ અને સમકિતની અને ચારિત્રની બાઢ લાવી શકે નહિ, ભરતી ન લાવી શકે ઈ. સમજાણું કાંઈ? જે સમજાય એ થોડું (સમજો), (આ તો) પરમસત્ય છે. એક અક્ષર પણ કાઢી નાખે તો ન્યાય મળે એવું નથી એવી ચીજ છે આ. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા અંદરમાં ભરછક (ભરેલો છે). ભરિત અવસ્થા ભાઈ શબ્દ પડ્યો છેને શાસ્ત્રમાં? આ આપણે કાલે શક્તિમાં પણ આવ્યું હતું. અનંત શક્તિઓથી ભરપૂર ભરેલો પ્રભુ છે આમ. એક સમયની દશા વ્યક્ત પ્રગટ છે એને છોડી દ્યો તો આખી ચીજ અનંત-અનંત શક્તિઓ અને સ્વભાવના ગુણના સામર્થ્યથી ભરેલું તત્ત્વ છે. ધ્રુવ તત્ત્વ શાશ્વત તત્ત્વ, નિત્ય દળ એનું જ્યાં જેને અનુભવ સ્વસન્મુખની દૃષ્ટિથી વિકલ્પની એકતા તૂટીને નિર્વિકલ્પ તત્ત્વનો અનુભવ થયો એને સમ્યગ્દર્શનની ધર્મદશા પહેલી કહેવામાં આવે છે. એના ઉપરાંતની હવે આ વાત આવે છે. જે પ્રત્યાખ્યાન થાય ચારિત્ર એ કોને અને કઈ રીતે થાય? રતિભાઈ! આ બધા ચારિત્ર-બારિત્ર માની લે છેને. લૂગડા ફેરવ્યા અને આ કર્યું, જય નારાયણ. પોતાને જાણે ત્યાગનું કાંઈ આવડે નહિ એટલે બહારનો ત્યાગ કરે તો જય નારાયણ. ચારિત્રવંત છે આ. ધૂળમાંય નથી. ચારિત્ર કોને કહેવા એની ખબરું નથી. સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે કે અંતરના આનંદની છોળું જ્યાં ઉછળે છે એવું ભાન થઈને, પછી એમાં લીન થાય છે. ચરવું, ચારિત્ર એટલે ચરવું. ચરવું એટલે રમવું, રમવું એટલે આનંદનું જમણ કરવું. અતીન્દ્રિય (આનંદનું જમવું). આ હરખજમણ નથી કહેતા તમારે? ત્રીજે દિ'એ અને ચોથે દિ'. પહેલાં ત્રણ દિ'ના લગન હતા પહેલાં નહિ? સાત ટંકનું જમણ હતું. ચોથે દિ'એ હરખજમણ કરતા. હવે તો એક દિ' સવારમાં સાંજ ઉકલી જાય. મુંબઈ તો દોઢ કલાક... સાંભળ્યું હતું આપણે. પહેલાં તો સાત ટંકના લગન. સાત ટંક હતું આ વાણિયાનું જમણ અને ચોથે દિ' ઓલું હરખજમણ કરે તો ચાર દિ' પાછા એક નવ ટંક. અને અમારે કેવા કહેવાય? શ્રીમાળી બ્રાહ્મણ ભાઈ. ઉમરાળામાં શ્રીમાળી બ્રાહ્મણ એની જાન એક મહિનો રહે. એક મહિનો જાન રહે. જયંતિભાઈ! આ બધી જૂની વાત છે. એક મહિનો રહે. ઓલી તો બરાબર ખબર નથી, પણ એક મહિનો રહે એટલો ખ્યાલ (છે). આ તો ત્યાં અમારે શ્રીમાળી બ્રાહ્મણ છેને ગામમાં ઉમરાળામાં ઘણા. એક મહિનો જાન હોં. સુવડાવે બરાબર લાડવા સરખાઈના ટેકવીને. .. હોય અને બોઘરે ઘી નાખે. લાડવા વાળીને નાખે તો એના

પ્રમાણમાં એણે નાખ્યું હોય. અહીં તો છૂટું ચુરમું. હેઠે શું કહેવાય એ? પતરાવળી. એમાં ચુરમું છૂટું પછી બોઘરે ઘી (નાખે). તમારા નામ પણ ભૂલી જઈએ છીએ. બોઘરું-બોઘરું. આમ છૂટા ઘી નાખે અને પછી આમ (ખવડાવે). એમ અહીં આત્મામાં... ઓલી તો ધૂળની વાતું છે. ભગવાન આત્મા... આહા..હા..! એ અતીન્દ્રિય અનંતઆનંદનું દળ પડ્યું છે એ પ્રભુ. એની કિંમત નથી એને. આહા..હા..!

દાખલો આપ્યો હતો કે નહિ અહીં? મોતીનો આપ્યો હતો કે નહિ એક ફેરી અહીં? મોતી મોતી હતું નહિ વાણિયાનું? પાણી. ... વાણિયો. વાણિયો ગયેલો ગામમાં. પહેલાં તો ઉઘરાણીએ જાતે જાતા. બે-પાંચ હજારની ઉઘરાણી હોય તો જાતે જાય. બે ગાઉ હોય, ત્રણ ગાઉ જાય. હવે તો ઘોડાગાડી ને મોટરું થઈ ગઈ. પટેલે એને ખાટલો આપ્યો. પધારો પધારો શેઠ. પાણી લઈ આવો પાણી. પહેલાં પાણી નહોતા પીતા. હવે તો પીવે છે બધાનું. પહેલાં બ્રાહ્મણનું પાણી લ્યે. ઓલો પાણી લેવા ગયો તો એક મોતી પડ્યું હતું એના ઓલામાં છેડે બાંધેલું. મોટો વેપારી. ઊંચું રહી ગયું. આમ જોવે ત્યાં ટક... ટક.. ટક.. અંદર ઉછળે. પાણી તેજ ઉછળે એટલા તેજ, એટલા તેજ. રૂપિયે હજારનું મોતી થાય. એય..! ચીમનભાઈ! એ તમારા બાપ કહેતા વીરજીભાઈ! કલકત્તા એકફેરી ગયો હતો. બહુ ઊંચું મોતી. ત્યાં જાતાને કલકત્તા વીરજીભાઈ એમના બાપ. વીરજી વકીલ જામનગરવાળા. બધા અમારે જૂના માણસ હતાને. ૯૦ વર્ષ. એ કહે, ગયા તો મોતી બહુ ઊંચું.

અમથા આપણે છેને ત્યાં મૂડબિદ્રી? મોટી મૂર્તિ છે. આવડી મોટી મૂર્તિ એની કિંમત જ કેટલી. પચાસ લાખનું તો એક નિલમણિની મૂર્તિ છે. એવી ૩૮ મૂર્તિઓ છે ત્યાં. .. એ બહાર વયા ગયા. ત્યાં મૂકીને વયા ગયા છે અત્યારે. ૨૭ રૂપિયા લે દર્શન કરવાના ફક્તિ દર્શન કરવાના હોં! એ પાછો ક્યાંથી લાવે અને ક્યાં મૂકે એ કોઈને પત્તો ન ખાય. નહિતર કોઈ ચોરી જાય તો? અમે અંદર ગયેલા, બતાવ્યું પણ એ બહાર આવીને બતાવે. અંદરથી બે-ત્રણ જણા હોય એ ક્યાંકથી લઈ આવે અને બતાવે. પાછા બારણા બંધ કરીને અને ક્યાં મૂકી આવે એ કોઈને પત્તો ન ખાય. મૂડબિદ્રી છે ત્યાં. એવી કિંમતના મોતી. એવું મોતી હતું ઓલા વાણિયા પાસે. પટેલ પાણી લઈને આવ્યા. એ કહે કે આમાં પાણી બહુ છે. ત્યારે (પટેલ કહે), પાણી હોય તો પાણી મગાવ્યું શું કરવા? ત્યારે તો ઓલો ઠગ વાણિયો કહે આમાં તો દરિયો ભર્યો છે. આ નથી આવતા? વાયલ. ભાઈ આ વાયલ નથી થાતું વાયલ. આ વાયલ નથી કપડા થતા? એમાં એક દોરાવાર હોય. ત્યાં ક્યાં તાણાવાણા હતા? પણ આમ દરિયો ઉછળે એમ દેખાય.

એમ મોતીમાં એટલું પાણીનું તેજ હતું મોટી કિંમતનું. એટલે વાણિયો કહે કે આમાં તો દરિયો ભર્યો છે પાણીનો. ત્યારે ઓલો કહે, પણ મારો છેડો પલાળું અને જો પલળે તો માનું પાણી. એય..! પટેલ! છેડે પલળે પાણી એવા પાણી નહિ. આ તો જેની દૃષ્ટિમાં

કિંમત હોય એને આ પાણી દેખાય. ભાઈ! આપણે છેને અત્યારે આ જુઓને. જયપુર. આ શેઠ નહોતા આવ્યા? ગોદિકાની નજરમાં કોણ જાણે કેવી ... નજરું પડી છે. શેઠ આવ્યા હતાને. હમણા જવાના છેને ત્યાં. કાલે કાંપ અને પરમ દિ' ત્યાં. પૂનમચંદજી ગોદિકા. એવી નજર કોણ જાણે. છોકરાને આવડતું નથી. એવી નજર કે એક એક પચ્ચીસ હજારનું હોય તો એક લાખ ઉપજાવે. .. ઘરે લાવ્યો છે. બતાવ્યો હતો મને એક ફેરી. .. મુંબઈમાં. બશેરમાંથી કેટલા ૨૫, ૩૦, ૪૦ લખ ઊપજાવે. એવી એની નજર છે કે કોણ જાણે કામ કરે. એ નજરમાં એના પાણી અને કિંમત થાય. બડથોલ જેવાને મૂકે કે આમાં હું પાણી લગાવું.

એમ ચૈતન્યરત્ન મહાપ્રભુ ભગવાન એને આ દયા, દાન અને વિકલ્પથી એની કિંમતું કરવા જાય પાણી બોળીને પછેડી, એ કિંમતું ન થાય. એનામાં દૃષ્ટિ અંદર સમ્યગ્દૃષ્ટિ મૂકે, જેના વલણમાં આખું પરથી વલણ છૂટીને અંતર ધ્રુવમાં વલણ જાય એને દૃષ્ટિમાં એની કિંમત થાય. સમજાય છે કાંઈ? બીજા બધા થોથા કરીને ઊભા રહે ત્યાં. બાપ હુશિયાર છે અને છોકરાને આવડતું નથી. એ જાતનો પુણ્યનો યોગ હોય તો બે-ચાર લાખ પેદા કરી આવે. અને ત્યાં જાય છે તો ૨૦ દિ'માં સવા બે લાખ તો નક્કી કર્યા છે એણે ખર્ચવાના. તે દિ' ચાર વર્ષ પહેલાં ગયા હતા તો ૧૧ દિ'માં ૧૬ લાખ ખર્ચ્યા હતા. બહુ ઉદાર માણસ છે. પૈસા દેખાડતા નથી. કરોડો હોય.. એમ કહેતા હતા. .. વાત છે. કિંમત છે મારું એમ કહેવું છે, આંખમાં એને કિંમત છે. એમ જેની દૃષ્ટિમાં આત્માની કિંમત હોય...

સમ્યગ્દર્શન એટલે શું ચીજ છે? જેમાં ભગવાન આખો ચૈતન્યરત્નાકર પૂર્ણાનંદનો નાથ, જેના જ્ઞાનના અનુભવમાં આવે અને પ્રતીત થાય તે સમ્યગ્દૃષ્ટિને એની કિંમત આવે. અજ્ઞાનીને તત્ત્વની કિંમત આવતી નથી. સમજાણું કાંઈ? માટે અંતરમાં સમ્યક્ શ્રદ્ધા કરીને અંતરમાં જવું ત્યારે આત્માની કિંમત, આત્માની મોટપ અને આત્માની મહિમા જણાય, એ વિના જણાય એવી નથી. સમજાણું કાંઈ?

અહીં તો એ ઉપરાંત હવે પ્રત્યાખ્યાનની વાત અહીં તો ચાલે છે. આહા..હા..! કહે છે કે એને તો આમ સ્વરૂપમાં લીનતા ને બધું આવી ગયું છેને. ઇન્દ્રિયદમન છે, અણીન્દ્રિયમાં જામી ગયો છે, કષાયનો કાદવનો અભાવ છે, જેની શૂરવીરતા ફાટી નીકળી છે, જેની પ્રતિકૂળતામાં બિલકુલ અંશ પણ વિકલ્પ ઉઠતો નથી એટલી જેની દશા ચારિત્રમાં વીતરાગતા, નિર્દોષતા છોલમ છોલ ભરીને દશા પ્રગટ થઈ છે અંદરમાંથી. અંદરમાં શક્તિરૂપે જે હતી એને અંતર લીનતા કરીને, એ કાંઠે જેમ દરિયાને કાંઠે ભરતી મધ્યમાંથી આવે એ અંદરમાંથી મધ્યમાં બિંદુમાં જોર દેતાં જે અંદરની સ્થિરતા અને ચારિત્ર અને વીતરાગતા આવે આ એને ચારિત્ર અને એને પચ્ચખાણ કહેવામાં આવે છે. બાકી બધી વાતું છે. આ પચ્ચખાણ કર્યા .. હાથ જોડ્યા. ધૂળેય નથી. હાથ જોડ્યા છેને, આત્મા જોડ્યો નથીને? સમજાણું કાંઈ? હવે આ સમકિતની વ્યાખ્યા ઘણા દિ' ચાલી. આ પ્રત્યાખ્યાનની વળી અમારે લાલચંદભાઈ

કહે કે.. થોડું સાંભળે તો ખરા. કહો, સમજાણું કાંઈ?

કહે છે '**તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન...**' અંતર આનંદની જમવટ જામી ગઈ છે, અતીન્દ્રિય આનંદ ઉછળી ગયો છે. આહા..હા..! મધ્યબિંધુમાંથી જેમ દરિયો ભરતીમાં આવે એને કોઈ રોકવા સમર્થ નથી. એમ મધ્યબિંદુમાં જે પૂર્ણ આનંદ અને શક્તિ આખી પડી છે ધ્રુવમાં એમાં જોર દઈને સ્થિરતા (પ્રગટ થાય). સમકિત તો થયું છે. હવે જોર દઈને એમાં જામી ગયો છે. આહા..હા..! અને એ જામતા જે અનંત આનંદની લહેરની જે મજા ઉઠે, કહે છે કે એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન...**' સાચું પ્રત્યાખ્યાન આ કીધું એ. '**અતિ-આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે;...**' આસન્નભવ્ય નામ નજીક જેને મુક્તિ છે, મોક્ષ જેને નજીક થવાનો, સંસારનો કાંઠો આવી ગયો છે હવે. ચોર્યાસીના અવતાર કરવાની હવે હદ થઈ ગઈ છે. પૂરું થઈ ગયું. પૂર્ણાનંદનો નાથ આત્મા મુક્તિને પામવાને તૈયાર થયો છે. અનંત સિદ્ધપદ, અનંત કેવળજ્ઞાન આદિ આનંદની (પ્રાપ્તિ થવાની છે). એવા દશાવંતને અતિ-આસન્નભવ્ય એટલે નજીક છે જેને મુક્તિ. આસન્ન એટલે નજીક. અતિ નજીક ભવ્ય જીવોને હિતરૂપ, આવું પ્રત્યાખ્યાન હિતરૂપ છે. ઓલો વ્યવહાર એ નહિ એમ કહ્યું છે, ભાઈ!

પહેલાં કહ્યું હતુંને કે આત્માના ભાનસહિત પ્રત્યાખ્યાન છે એ જીવને આહારનો ત્યાગ છે તો એકવાર આહાર લઈને, બીજી વાર આહાર મુનિને હોય જ નહિ. નગ્ન મુનિ હોય, દિગંબર હોય, જંગલમાં વસતા હોય, એકવાર ભોજન લેવા આવે. એને અંદર ચારિત્રની રમણતા એટલી હોય કે એ આહાર લઈને ત્યાંને ત્યાં ચાર આહારનો ત્યાગ કરે એ વ્યવહાર. એ વ્યવહાર વિકલ્પ પ્રત્યાખ્યાન. નિશ્ચય ઓલી સ્થિરતા. એ વિનાના સ્થિરતા વિનાના કુદૃષ્ટિને પણ પ્રત્યાખ્યાન હોય છે. એ દાખલો આપ્યો વચમાં. મિથ્યાદૃષ્ટિ રાગને મંદ કરીને પ્રત્યાખ્યાન કરે છે એ કુદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિનો ત્યાગ છે, એને કાંઈ આત્માનો લાભ નથી. પણ જેને આત્માના ભાનસહિત, અનુભવસહિત અંતર જામી ગયેલી દશાસહિત, જેને રાગની મંદતાનો, તીવ્રતાનો ત્યાગ અને મંદતા, આહારનો ત્યાગ કે વગેરે વ્યવહાર હોય છે એ એને હિતરૂપ છે ઓલું નિશ્ચય.

'**કારણ કે જેમ સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે...**' હવે દૃષ્ટાંત આપે છે. સુવર્ણપાષાણ હોય છે. જે પત્થર અને સોનું બે ભેગા હોય નીકળે ખાણમાંથી ત્યારે. તો એ સુવર્ણપાષાણ ઉપાદેય છે. કારણ કે સુવર્ણ છે એ આદરણીય છે અને જોડે પત્થરો છે એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ મોટા છેને જેઠાલાલ સંઘવી મુંબઈમાં સોનાના (વેપારી). એ બધા પથરા લઈ આવે બહારથી. એમાં સોનું ભેગું હોય. ઓગાળીને સોનું જુદું કરે અને પથરા જુદાં પડી જાય. ગિરનારમાં પણ સોનું છે, પણ એ સો રૂપિયા ખર્ચે ત્યારે ૬૦નું નીકળે એવો પહેલો પ્રયોગ કર્યો હતો. આ ગિરનારમાં ઝળક મારે છે ત્યાંના પથરામાં. ઝળક

મારે છે આમ ઝીણી-ઝીણી, પણ સો રૂપિયા ખર્ચે ત્યારે ૬૦ નીકળે. એ કોણ કાઢે?

આત્મામાં તો એકલો પૂર્ણાનંદ પ્રભુ આનંદ ભર્યો છે. એને જે આનંદના ભાનવાળાને જે નિશ્ચયસ્વરૂપની રમણતા જામી ગઈ છે એવું પ્રત્યાખ્યાન તેને હિતરૂપ છે અને '**જેમ સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે, તેમ અંધપાષાણ નથી.**' એટલે શું કહે છે? '**માટે (યથોચિત્ શુદ્ધતા સહિત)...**' ઓલું ભાન છે જેને દૃષ્ટિ અને સ્થિરતા ચારિત્રની રમણતા અતીન્દ્રિય આનંદની એ સહિત વ્યવહારત્યાગનો વિકલ્પ આહાર આદિનો હોય તો એ હોય છે વ્યવહાર એ વખતે, પણ આવા નિશ્ચયના અનુભવના ભાન વિના જે ત્યાગ છે એ વ્યવહારત્યાગ એ તો આંધળા પથરા જેવા છે. આંધળો પથરો એટલે એમાં સોનું છે નહિ. ઓલો સોનાનો પત્થર છે એમાં સોનું છે. લાલચંદભાઈ! એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એવા આનંદના જેણે સ્વાદ લીધા છે અને એ સ્વાદની ઉગ્રતા ચારિત્રની એટલે પ્રત્યાખ્યાનની દશા અતીન્દ્રિય જેને પ્રચુર સ્વસંવેદન કહે છે શાસ્ત્રમાં, પ્રચુર આનંદ, સંવેદન, આત્માનું વેદન એવી દશાને સાચું પ્રત્યાખ્યાન અને સાચું ચારિત્ર કહે છે. એવા ચારિત્રવંતને સુવર્ણપાષાણ (કહે છે). એટલે ઓલું શુદ્ધ છે એ સુવર્ણ છે અને વ્યવહાર આહાર આદિનો ત્યાગ છે એ તો પત્થર વિકલ્પ છે. એને વ્યવહાર આવો હોય છે. અજ્ઞાનીને એકલા વ્યવહાર એ આંધળા પથરા જેવા છે. પચ્ચખાણ કર્યા છે ને અમારે મહાવ્રત છે. ધૂળેય નથી સાંભળને. ચારિત્ર તો પાળે છેને બિચારા. નગ્ન ઉઘાડે પગે ચાલે છે, લોચ કરાવે છે, .. કરાવે છે છ મહિને. એમાં શું થયું? ઉઘાડે પગે ચાલે છે. ઢોરને કે દિ' જોડા હતા? સમજાણું કાંઈ? રાતે આહાર કરતા નથી. પંખીને કે દિ' રાતે આહાર હોય છે? પંખી આહાર કરે રાતે? બગલા ને પોપટ આહાર કરે? આહાર હોય નહિ એને. ચાર પહોર બેસી રહે. ઝાડ તળે, ઝાડ ઉપર. એમ બહારના ત્યાગ રાગની મંદતાનો વ્યવહાર એ આંધળો પથરો છે. અને આત્માના અંતરની દૃષ્ટિનું સ્વાદનું ભાન થઈને ઉગ્ર સ્વસંવેદનની જેની ચારિત્રદશા થઈ ગઈ છે એવી છઠ્ઠી ભૂમિકા મુનિની હોય છે. એને આ વ્યવહારનો આહારનો આદિ ત્યાગ કહેવાય, કહ્યુંને પહેલું કહ્યું હતુંને એને વ્યવહાર કહેવામાં આવે છે. એ સોનામાં સુવર્ણપાષાણ છે એ. અને અજ્ઞાનીનો રાગનો ત્યાગ અને પ્રત્યાખ્યાન એ બધો આંધળો પાષાણ છે. પંડિતજી! ભારે વાતું, ભાઈ! હજી સાધુ કોને કહેવા એની ખબર ન મળે અને પાછું કહે કે સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો (મિથ્યાત્વ). ગડિયા બોલે સાંજના પડિક્કમણામાં. માને પાછું એવું ને એવું. ભાન ન મળે.

કહે છે કે બાપુ! સાધુપદ તો, ચારિત્રપદ તો કોઈ અલૌકિક છે. 'મનુષ્ય હોના મુશ્કેલ હૈ તો સાધુ કહાં સે હોય? અરે! સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કરણી ન રહી કોઈ.' આહા..હા..! શ્રીમદ્ પણ ભાવના ભાવે છેને જુઓને! અંદર ચારિત્ર નહોતું. અનુભવ હતો. સમ્યગ્દર્શનનું ભાન થઈ ગયું. ચારિત્ર નહોતું. ત્યારે ભાવના કરેને. 'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.'

અપૂર્વ અવસરમાં આવે છે. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો. સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્‌પુરુષને પંથ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આહા..હા..! બાહ્યાંતર નિર્ગ્રંથ. બાહ્યમાં વસ્રનો તાણો નહિ, અભ્યંતરમાં રાગની તીવ્રતાનો અભાવ અને શાંતિની ઉગ્રતાનો સદ્‌ભાવ. એને બાહ્ય અભ્યાંતર નિગ્રંથ-ગ્રંથમાંથી નીકળી ગયો છે. રાગની ગાંઠમાંથી અંદરમાં નીકળી ગયો છે, રાગની અસ્થિરતામાંથી નીકળીને ઘણી જ અંદર શાંતિ અને વીતરાગતા ચારિત્ર વર્તે છે. છઠ્ઠે ગુણસ્થાનની વાત છે મુનિને. સમજાણું કાંઈ? અને બાહ્યમાં નગ્નદશા, શરીર માત્ર એક હોય. આહા..હા..! ધન્ય અવતાર એના! સમજાણું કાંઈ? જેણે જન્મીને અવતાર સફળ કર્યા, પણ આ રીતે હોય તો હોં. એકલા નાગા થઈને ફરે એની વાત નથી, પ્રભુ! આ તો વાત અંતરની છે, નાથ! આહા..હા..!

જેને આત્મા અંદર પહેલો સમ્યગ્દર્શનમાં સાક્ષાત્કાર આત્માનો થયો છે એ જીવ જ્યારે વસ્તુમાં સ્થિરતાની જમવટમાં જામી જાય છે એને સાચું પ્રત્યાખ્યાન અને સાચું ચારિત્ર અને એનો જે વ્યવહાર ત્યાગ, ચાર આહારનો ત્યાગ કે પછી દૂધ-દહીં ન ખપે એવો વકિલ્પ હોય તો એને વ્યવહારપ્રત્યાખ્યાન પુણ્યબંધનું કારણ છે. આ નિશ્ચયપ્રત્યાખ્યાન એ ધર્મ શુદ્ધતાનું કારણ છે. ઓલી અશુદ્ધતા એ પુણ્યબંધનું કારણ છે. અજ્ઞાનીને આત્માના ભાન વિના સમ્યગ્દર્શનના અનુભવના સ્વાદ વિના જેટલા ત્યાગ કરે, સાચો હોં વ્યવહાર ત્યાગ એ આંધળા પથરા છે, કહે છે. એમાં જરીએ કંઈ લાભ નથી. ભારે વાત!

કહે છે '**સુવર્ણપાષાણ નામનો પાષાણ ઉપાદેય છે, તેમ અંધપાષાણ નથી. માટે (યથોચિત્ શુદ્ધતાસહિત)...**' યથા ઉચિત એટલે? જે મુનિને યોગ્ય નિર્મળતા, શુદ્ધતા, વીતરાગતા જોઈએ એ યથા ઉચિત શુદ્ધતા કહેવાય છે. યથા ઉચિત શુદ્ધતા. ચારિત્રની આનંદની દશા જ્યાં છોળુ મારે છે અંદરથી. આહા..હા..! અરે! ચારિત્ર કોને કહેવા? મુનિપણા કોને કહેવા, બાપુ! એ વાતું બહુ અલૌકિક છે. સમજાણું કાંઈ? એની અહીં સમજણ બતાવે છે. સમજણ તો કર સાચી હજી. તારા ખોટા અંદરમાં ગોટા વાળે છો, ખોટી (શ્રદ્ધાના) અંદરમાં ગોટા વાળે છો. આહા..હા..! સેવતો હોય મિથ્યાત્વને અને માનતો હોય કે મારી શ્રદ્ધા સાચી છે. આહા..હા..! ભાઈ! તને ખબરું નથી, બાપા! આવા મનુષ્યપણામાં સત્યતા જો હાથ ન લીધી તો છેતરાઈ જઈશ, બાપુ! અવતાર ચાલ્યો જશે, ભાઈ! ચોર્યાસીના અવતાર. આહા..હા..! કોઈ શરણ નથી. ત્યાં માશીબા બેઠી નથી કે પાંજરાપોળ કે આવ બાપા! આંખ મીંચીને જ્યાં અજ્ઞાનપણું હશે, મિથ્યાત્વના વાયરા વાયા એ જઈને ક્યાંય પડશે. બાપુ! કોઈ શરણ નથી ત્યાં. તેથી કહે છે કે એકવાર આત્માને સમ્યગ્દર્શનથી પોષી લે. સમજાય છે? અને પછી ચારિત્ર કેવું હોય એની સમજણ તો કર. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**(યથોચિત્ શુદ્ધતાસહિત)...**' યથોચિત્ શુદ્ધતાસહિત અમારે પંડિતજીએ ખુલાસો કર્યો

છે. આ હિંમતભાઈ પંડિત ટાઢા લાગે છે. બહુ હુશિયાર છે હોં! બહુ મગજ બહુ મગજ. અમારા આખા મંડળમાં એનો નંબર પહેલો. બોલે નહિ. શાંત ... આ બધા એણે અર્થ કર્યા છે સંસ્કૃતમાંથી. એય..! વજુભાઈ! એમના ભાઈ થાય છે નાના. આહા..હા..!

**શ્રોતા :-** આપની કૃપાનું ફળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે કર્યું એણે.

'(યથોચિત્ શુદ્ધતાસહિત)...' એવી ભાષા મૂકી છે. '**સંસાર અને શરીર સંબંધી ભોગની નિર્વેગતા...**' આહા..હા..! જેને ઉદયભાવનો નિર્વેગ વર્તે છે કહે છે. થોડો વ્યવહાર વિકલ્પ છે એનાથી પણ નિર્વેગતા વર્તે છે. વેગ એમાં નથી, ગતિ આત્મામાં છે. આહા..હા..! થોડું પણ જેમ છે તેમ સમજવું પડશે, પ્રભુ! ઊંધે કાંધે ચડ્યો છે અનાદિથી. સાધુ નામ ધરાવીને પણ ઊંધા રસ્તા માન્યા છે. બાપુ! એમાં પંથ નહિ હાથ આવે, ભાઈ! સત્યના પંથ તો સત્યથી હાથ આવશે. સમજાણું કાંઈ? આહા..હા..! દુનિયાને ભારે કઠણ વાત,

અરે! જન્મ-મરણના વમળમાં વમાતો જન્મ અને મરણના ચક્રાવામાં પડ્યો પ્રભુ, અરે! એને છોડવો પડશે. એને છોડવાનો ઉપાય અંતરમાં ડુબકી માર એકવાર. રાગ અને પુણ્યના વિકલ્પના પ્રેમમાં પડ્યો એ છોડી દે અને અંતર સ્વરૂપમાં પ્રેમમાં જા, અંતર આનંદમાં જા, ત્યાં તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે, પ્રભુ! તને ખાતરી થશે કે હવે મને આત્મા પ્રાપ્ત થયો અને હવે જન્મ-મરણના અંતના પ્રસંગ છે મારે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ જ્યારે ચારિત્રમાં આવે છે ત્યારે તો આહા..હા..! ગજબ કહે છે. નિયમસારમાં ભાઈ કહ્યુંને? કે આપણે તો જડ છીએ કે એને કેવળી અને વીતરાગથી જુદાં માનીએ છીએ. મુનિ છે એને જરી વિકલ્પ રાગ રહ્યો થોડો. કેટલો? કે વ્યવહાર ત્યાગનો, મહાવ્રતનો રાગ. બાકી તો અંતરદશામાં કેવળી જેવી વીતરાગતા છે. નિયમસારમાં કહેશે આગળ એક શ્લોકમાં કે આ દશાવંત ચારિત્ર હોય એને આપણે પૂર્ણ પરમાત્મા સર્વજ્ઞથી જુદાં માનીએ એ જડ છીએ, એમ કહેશે. છે? લાલચંદભાઈ! એ કળશ છે આમાં. આ તો ગાથા ૧૮૭ અને કળશ કેટલા છે? ૩૦૦ ઉપર નહિ? ૩૧૧ કેટલા છે? ખબર નથી. ૩૧૧ શ્લોક છે. ગાથા ૧૮૭ છે, કળશ છે ૩૧૧. છેલ્લા છેને છેલ્લા. આંકડો છે. ૩૧૧ યાદ રહ્યું વળી. નહિતર ભૂલી જવાય. ૩૧૧ છે. ૧૮૭ ગાથા અને કળશ એના ૩૧૧. દરિયો ભર્યો છે અંદર. મુનિઓએ જંગલમાં રહી અનુભવમાં બોળી-બોળીને આ બધું લખાણું છે. પરમસત્યના રજીસ્ટર મારેલા આ બધા શબ્દો છે. પણ જગતને કાને પડવા પણ મહાદુર્લભ છે અને પ્રાપ્તિ તો મહાદુર્લભમાં દુર્લભ છે.

કહે છે, એવા મુનિને સંસાર નામ રાગભાવ અને શરીર સંબંધીનો ભોગ રાગ એની નિર્વેગતા હોય છે. એનો વેગ રાગ ઉપર હોતો નથી. અંતરમાં વેગ આનંદમાં... આનંદમાં... આનંદમાં જામતો જાય છે. આહા..હા..! ઘી જેમ શિયાળાનું (જામે), એમાં માગશર મહિનાનું ઘી શરદ ઋતુનું બહુ ઊંચું કહેવાય ગાયનું. અમને તો બધી ખબર હોયને. એવો આ ભગવાન શુક્લ

પ્રભુ અકષાય શાંતરસનો દરિયો પ્રભુ છે એકલો શાંત શાંત. જેમાં પુણ્ય-પાપના વિકલ્પના કષાયની ગંધ નથી. એવો શાંતરસનો સાગર પરના વેગથી વેગળો થઈ ગયો, પોતાના સ્વરૂપમાં વેગમાં આવ્યો છે, કહે છે. ઝડપ મારે છે અંદર ક્યારે સ્થિર થવું? ક્યારે પૂર્ણ થાઉં? ક્યારે પૂર્ણ થઈ જાઉં? આહા..હા..! એને ચારિત્રદશા અને એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

તે '**નિશ્ચયપ્રત્યાખ્યાનનું કારણ છે...**' નાસ્તિ છેને નિર્વેગતા. '**ભવિષ્ય કાળે થનારા સમસ્ત મોહરાગદ્વેષાદિ વિવિધ વિભાવોનો પરિહાર...**' પ્રત્યાખ્યાન છેને? ભવિષ્યમાં પણ વિકલ્પ જે થાય તેનો ત્યાગ છે અત્યારે. '**તે પરમાર્થ પ્રત્યાખ્યાન છે...**' વિકલ્પ ઉઠે પુણ્યનો એનો પણ ત્યાગ છે અનુભવમાં. વર્તમાનમાં ત્યાગ છે તો ભવિષ્યમાં પણ એનો ત્યાગ છે. રાગનો અભાવ. આહા..હા..! આ તે વાતું! વીતરાગતાની જમવટમાં જામી ગયેલો પ્રભુ, 'ભવિષ્યનો વિકલ્પ મારે છે જ નહિ. વર્તમાનમાં નથી, ભૂતમાં નહોતો, ભવિષ્યમાં પણ નથી. એવો પરમાનંદનો નાથ હુ' એમ ચારિત્રવંત પોતાના શાંતિને પરમ શાંતરસને અનુભવે છે.

'**અથવા અનાગત કાળે ઉત્પન્ન થનારા વિવિધ અંતર્જલ્પોનો પરિત્યાગ તે શુદ્ધ નિશ્ચયપ્રત્યાખ્યાન છે.**' લ્યો! શુદ્ધ પરમાત્મા આનંદમાં, હજી ભલે પરમાત્મદશા થઈ નથી, સર્વજ્ઞ થયો નથી પણ સર્વજ્ઞને હવે નજીકમાં (પામવાના છે). આહા..હા..! શાસ્ત્રમાં તો એવું છે નિશ્ચય જ્યાં મતિ અને શ્રુતજ્ઞાન આનંદમાં પડ્યું છે એ મતિશ્રુત કેવળને બોલાવે છે. એવો પાઠ છે. બોલાવે એટલે? પૂર્ણ જ્ઞાનને ઝડપ મારે છે કે અલ્પકાળમાં આવ, કેવળજ્ઞાન થા. એક માર્ગે માણસ જાતો હોય એને બોલાવેને એય..! ઊભો રહે અહીં આવ. એમ ભગવાન આત્મા આ તો અંદરની રમતુંની વાતું છે. અંતર સ્વરૂપમાં પૂર્ણાનંદમાં જ્યાં જાય છે અને એનો અનુભવ થઈને જ્યાં સ્થિરતા જામે છે, કહે છે કે એ મતિ અને શ્રુતજ્ઞાન જે સ્વરૂપમાં લીન થયું છે એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સમ્યક્ આનંદના અનુભવવાળું એ કેવળજ્ઞાનને બોલાવે છે. એવો પાઠ છે. ભાઈ! ધવલમાં છેને? બોલાવે છે, 'એય! આવ-આવ! પૂર્ણ જ્ઞાન પ્રગટ થા જગતમાં! પૂર્ણ જ્ઞાન પ્રગટ થા અલ્પકાળમાં. હું અલ્પજ્ઞાનમાં રહી શકું નહિ.' આ તો યોગીઓની .. રમતું છે, ભાઈ! અને આ દશા આવ્યા વિના એની મુક્તિ નથી. સમજાણું કાંઈ? યોગ એટલે યોગી એટલે સ્વરૂપમાં જેણે જોડાણ કર્યું છે. એ યોગી હોં! આમ ને આમ કરે ઉં..આ.. રેચક ને કુંભક એ બધી જડ ક્રિયાઓ એમાં હતો ક્યાં આત્મા? આહા..હા..! નાગા ફરે અને ધૂણે. હવે ઢોરમાં જઈશ. એમાં આત્મા ક્યાં આવ્યો? આહા..હા..!

પ્રભુ! તારી રમતું અંદરમાં જુદી છે. કહે છે જેને ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ અનંત આનંદનો સાગર. ત્રણલોકનો નાથ એટલે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણવાની તાકાતવાળો, .. એનો સ્વામી નથી. પણ ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણવાવાળો પ્રભુ એવી અનંતી શક્તિનો ધણી જ્યાં પ્રતીત અને અનુભવમાં આવે છે અને એમાં ઠરે

છે ત્યારે કેવળજ્ઞાન પરમાત્મદશા અલ્પકાળમાં આવશે. એ કેવળજ્ઞાનને બોલાવે છે એવો એનો અર્થ છે. અરે.. ભારે! જગતથી વાતું બધી જુદી. એ પાંચ થઈ. સાતમી બાકી છેને તમારે? ભાઈ!

૧૦૭ ગાથા. ૧૦૭. આલોચનાનો અધિકાર. ઓલો પ્રત્યાખ્યાનનો હતો. હવે આલોચના એટલે અંતરમાં વર્તમાન શુદ્ધ દશાનું પ્રગટવું. એવો ભવિષ્યના રાગનો ત્યાગ, વર્તમાન રાગના ત્યાગસહિત. આ વર્તમાનમાં રાગના અભાવ સ્વભાવરૂપ આલોચના કરવી એટલે આત્માને જોવો. આમ પડિક્કમણામાં આવે છે. ગયા કાળનું પડિક્કમણું, વર્તમાનકાળનો સંવર, આવતા કાળના પ્રત્યાખ્યાન. પણ એ બધી ભાષાના ગડીયા. અહીં તો વાત તો હોય એમ આવે ત્યાં. એવા અમે પણ બધા ઘણા કરેલા હોં ભાન વિનાના. ત્યાં દુકાન ઉપર અમે કરતા. દુકાન ચાલતી હતી. દુકાનમાં ધંધો કરતા. પાંચ વર્ષ ધંધો કર્યો. અમારા પિતાશ્રીની દુકાન હતી. પાલેજ-પાલેજ. દુકાન ચાલે છેને અત્યારે. મોટી દુકાન છે. અઢી લાખની પેદાશ છે વર્ષની. મોટી દુકાન ચાલે છે. હજી દુકાન ચાલે છે. અમારે તો ૫૮ વર્ષ થયા છોડ્યા.

**શ્રોતા :-** બીજી દુકાન શરૂ કરી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો હવે આત્મ-વેપારની દુકાન છે. આહા..હા..! ત્યાં આગળ પણ ઘણું રહેતા, અપવાસ કરતા હોં! પર્યુષણ હોયને ત્યારે આઠ દિ' ચાર અપવાસ ચોવિહારા હોં! ૧૮-૧૯ વર્ષની ઉંમરે. પાણીનું બિંદુ નહિ. એવું તો પહેલેથી કરતાં પણ બધું ભાન વિનાનું. દીક્ષાને તો ... ચાલે છે અને ચાર-પાંચ વર્ષથી પહેલેથી ચોવિહાર છે. ૬૨ વર્ષથી પાણીનો બિંદુ રાતે નથી (લીધો). આહાર અને પાણી ૬૨-૬૩ વર્ષથી હોં! એ તો પહેલેથી સહજ જ એવો ભાવ હતો, એમાં કાંઈ કષ્ટનું કોઈ કારણ હતું નહિ. સહેજે જ એવો ભાવ. પહેલેથી દુકાન ઉપર રહેતા ચાર-પાંચ વર્ષથી. દુકાન ચાલે, રાતે આહાર-પાણી નહિ. પાણીનો બિંદુ નહિ હોં! એવી સહેજ જ અંદર દશા હતી. એથી ભગત કહેતા અમને, પણ એ બધું અજ્ઞાન. એય..! જયંતિભાઈ!

અહીં તો કહે છે, પ્રભુ! આહા..હા..! એ આત્માના અંતરદૃષ્ટિ વિનાનો ત્યાગ એ તો બધો આંધળો પથરો છે. એ આંધળા પથરામાં કાંઈ સોનું નીકળે નહિ. આંધળા પથરા એટલે આ તમારા બેલાર છેને ધોળા લ્યોને. એમાં છે સોનું જરીએ? આહા..હા..! ભારે ભાઈ આવી વાતું. ભગવાન! તારામાં એવું સ્વરૂપ છેને, પ્રભુ! શું કહે? વાણી શું કહે? વાણી જ્યાં પોગે નહિ, વિકલ્પ જ્યાં પોગે નહિ એની કરવી વાતું. વાણીનો વિલાસ નહિ, વિકલ્પનું જ્યાં સ્થાન નહિ, એવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એનું જ્યાં ભાન થયું અને ઉછળ્યો આહા..હા..! સ્વરૂપમાં જ્યાં જામી ગયો ઢીમ ચારિત્ર થઈ ગયું. ચર્યો આનંદનો ભોગવટો કર્યો એણે. અતીન્દ્રિય આનંદનો ખોરાક. હંસલા જેમ મોતીના ચારા ચરે એમ રાગથી ભિન્ન પડેલો ભગવાન હંસ વિવેક કરીને, રાગથી ભિન્ન પડીને આનંદને અનુભવે છે, એનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન.

એ.. મણિભાઈ! સમજાય છે? મણિભાઈ સાંભળે છે કે નહિ? સમજાય છે આ? એ.. ન્યાલભાઈ! બેય ભાઈઓ છે. હજી કોને કહેવા પચ્ચખાણ ને... આહા..હા..!

કહે છે આલોચના. ૧૦૭ છેને. '**હવે આલોચનાનો અધિકાર કહેવામાં આવે છે.**' પા કલાક છેને. એક વ્યાખ્યાન બપોરે છે. ...

**णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं वदिरित्तं।**
**अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि।।१०७।।**

માલ-માલ માગ્યો છે આમાં. લાલચંદભાઈ માલ ખાનારા છેને તો માલ-માલ માગ્યો છે આમાંથી. સમજાણું કાંઈ? એય..! આ તો પરમાત્મા નામ આવશે હોં આમાં. જુઓ, અંદર નામ પરમાત્મા છે, ભાઈ! '**શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા...**' એમ શબ્દ. ટીકામાં પરમાત્મા જ કહ્યો છે આત્માને. ત્રીજી લીટીનો અર્થ ટીકાનો છેલ્લો છેને, પરમાત્મા. પરમસ્વરૂપ ભગવાન આત્મા અંદર. કહેશે ઈ આવશે અર્થમાં હોં! એ શ્લોક થઈ ગયો. આ નીચે અમારે પંડિતજીએ મૂળ શ્લોકનું સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય બધાનું મૂળ શ્લોકને અડીને હરિગીત કર્યું છે. આ હરિગીત એનું કરેલું છે.

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.**

'**ટીકા :- આ, નિશ્ચય-આલોચના...**' આલોચવું એટલે જોવું. રાગ અને પુણ્યથી ભિન્ન આત્માના આનંદમાં અંતરમાં વર્તમાનમાં શુદ્ધતામાં રહેવું અને એ શુદ્ધતાની દશાને વધારવી એને અહીંયાં આલોચના કહેવામાં આવે છે. આહા..હા..! વ્યાખ્યા જુદી, શબ્દકોષ જુદાં. '**આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.**' છેને ટીકા. નિશ્ચય એટલે સાચું. સાચી આલોચના, સાચી શુદ્ધદશા, સાચી સંવર. આલોચનાને સંવર કહે છે. ભૂતકાળનું પ્રતિક્રમણ, ભવિષ્યનું પ્રત્યાખ્યાન, વર્તમાનમાં આલોચના એટલે સંવર. સંવર એટલે પુણ્ય-પાપના આસ્રવ અને મિથ્યાત્વભાવનું અટકી જવું અને સમ્યગ્દર્શન અને શાંતિ અને ચારિત્રનું ઉત્પન્ન થવું એનું નામ આલોચના કહેવામાં આવે છે. આરે..! મનસુખભાઈ! આવું તો કોઈ દિ' સાંભળવા નવરા પણ ક્યાં છે? ઓલા ધૂળના ધંધા ચાલે. ઓહો..હો..! મનસુખભાઈ આવે છે. કો'ક દિ' આવે. કાલે રાતે હતા. અત્યારે નહિ હોય. આ એમના .. છે. પરિચય નહિ.

ઓલી કોર એનો અર્થ. ૨૧૦ અર્થ. કહે છે કે આલોચના એટલે શુદ્ધિ ધર્મની શુદ્ધિ. પુણ્ય-પાપના વિકલ્પરહિત નિર્વિકલ્પ વર્તમાન શુદ્ધિ એને આલોચના કહે છે. એ કોને હોય? અને કેમ હોય? આહા..હા..! પાંચ શરીર કીધા પહેલા. આ ઔદારિક શરીર છેને આ શરીર? આ શરીર ઔદારિક કહેવાય છે આ. એ પહેલો શબ્દ છેને. '**ઔદારિક...**' શરીર. આને ઔદારિક કહેવાય છે. ઉદાર શરીર. ઉદાર એટલે? જે શરીરમાં કેવળજ્ઞાન થઈ શકે એથી એ શરીરને ઔદારિક કહેવામાં આવે છે. શરીરને લઈને નહિ. ઘણી વ્યાખ્યા છે શાસ્ત્રમાં ઔદારિકને

માટે. દરેક શાસ્ત્રમાં એક એક વાતને સ્પષ્ટ કરેલું છે. સર્વજ્ઞે જાણેલું. ત્રણકાળ, ત્રણલોક દેખેલા. આ ઔદારિક શરીર જડ એ આત્મામાં નથી.

વૈક્રિયક શરીર. નારકી જીવો અને દેવને વૈક્રિયક શરીર હોય છે. જે બહુ માંસ ખાય, દારૂ પીવે એ મરીને નરકે જાય છે, એને એ વૈક્રિયક શરીર હોય છે. વૈક્રિયક એટલે આવું શરીર ન હોય. એને શું કહેવાય? પારો. પારો હોય છેને પારો. એ આમ છૂટો પડી જાયને પારો, વળી ભેગો થઈ જાય એવું એનું શરીર હોય છે. આ છૂટું પડીને જેવું છે એવું ન થાય, આનો ... જુદો કર્યો હોય તો ભેગું ન થઈ જાય, પણ એને એવું શરીર હોય છે નારકીને. આ રાજા, મહારાજા હોય છેને મોટા એ ત્યાં જાય છે. પાર્લામેન્ટ એની ભરાય છે ત્યાં. માંસ ખાય, દારૂ પીવે કાળાકેર. કન્યાને સુવડાવે અને લંપટીઓ પરસ્ત્રીઓને પણ જ્યાં તાબે કરીને આમ ચાલતી હોય, રૂપાળી હોય તો નાખે મોટરમાં, લઈ જાય ઘરે. કાળા કેર. અત્યારે ચાલે છે બધું. એ બધા હેઠે જવાના છે. જેમ પથરા ભારે પાણી ઉપર મૂકતા એ પથરો, લોઢાનો ગોળો ભારે પાણી ઉપર મૂકતા તળિયે જાય, એ અધવચ્ચ અટકે નહિ. એમ જેણે આકરા પાપ મહા કર્યા છે એ લોકને તળિયે નીચે જાય નરકમાં. એ અધવચ્ચે અટકે નહિ. એવા નારકી જીવને વૈક્રિયક શરીર હોય છે. વૈક્રિયક એટલે વિક્રિયાવાળું. છૂટું પડી જાય, ભેગું થઈ જાય એવું. એવું દેવને પણ હોય છે. પણ એને બહુ .. હોય. સ્વર્ગના દેવો હોય છે. અહીં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ કર્યા હોય તો દેવ થાય અને આત્મજ્ઞાનીને પણ અધૂરું સ્વરૂપ રહી ગયું હોય, ધર્મી જીવને આત્માનું ધ્યાન અંદર પ્રગટ્યું હોય છતાં હજી પૂર્ણ ન પ્રગટ્યું હોય અને પુણ્ય રહી ગયા બાકી તો એ સ્વર્ગમાં જાય. એની ગતિ સ્વર્ગમાં છે. તો સ્વર્ગમાં વૈક્રિયક શરીર હોય છે. એ દેવો લાખો વૈક્રિયક કરી શકે, બનાવી શકે આમ. વળી સંકેલી લે. એવા શરીરને વૈક્રિયક (શરીર કહે છે). પણ એ આત્મામાં નથી એમ કહેવું છે અહીં. એ બધી જડની ૠદ્ધિઓ, જડની સંપદા જડમાં છે, ભગવાન આત્મામાં છે નહિ.

'આહારક...' શરીર એક છે. આ બધી વ્યાખ્યા કર્યા વિના (સમજાય નહિ). એક મુનિ થાય છે ધર્માત્મા ચારિત્રવંત કહ્યાને. એને કોઈને એવી લબ્ધિ પ્રગટે છે કે એમાંથી કોઈ શંકા પડે સૂક્ષ્મ તત્ત્વની, બહુ સૂક્ષ્મ તત્ત્વની. ઝીણવટમાં ઝીણવટ વિચાર કરતાં... કરતાં... કરતાં... કરતાં... કરતાં... કાંઈક સમાધાન ન થાય ત્યારે એને લબ્ધિ-પ્રાપ્તિ હોય છે. તો એક આહારક શરીર બનાવે હાથ જેટલું અને જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હોય કે શ્રુતકેવળી હોય ત્યાં પોતે જાય. ભગવાન તીર્થંકર આદિ .. બસ, જાય ત્યાં એનું સમાધાન થઈ જાય. એવા શરીરને આહારક કહે છે.

'તૈજસ...' આ અંદર જે આમ ઘસે છેને ગરમી થાય છેને એ અંદર તૈજસ શરીર છે રજકણો. જુઓ, આમ નહિ ... પણ ઘસો ત્યારે ગરમી થાય છેને. અંદર .. છે. રજકણો

છે. આ જઠરાગ્નિ જે થાય છે એ તૈજસ શરીરને લઈને. સમજાણું કાંઈ? થોડી-થોડી વાત કરીએ છીએ હોં. બધું લાંબુ તો ઘણું શાસ્ત્રમાં વિસ્તાર (આવે છે). આ તો શબ્દ થોડા આવ્યા એટલે (સ્પષ્ટ કરીએ છીએ). '**કાર્મણ શરીરો...**' આ આઠ કર્મના રજકણો. જેવું એ કર્મ બાંધે છે રજકણો એ કર્મના રજકણના થોકને, કોઠારને કાર્મણ શરીર કહીએ. કર્મનો કોઠાર છે એક અંદર. જેને કાર્મણ શરીર કહે છે, બીજામાં એને કારણ શરીર તરીકે કહે છે, પણ એ રજકણોનું દળ છે. એવા '**શરીરો તે નોકર્મો છે;...**' એને નોકર્મ કહેવામાં આવે છે. એ આત્માના નથી એમ કહે છે.

'**જ્ઞાનાવરણ, દર્શનાવરણ,...**' આઠ કર્મના નામ લીધા. આ દ્રવ્યકર્મ. ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ હોવા છતાં આત્મા પોતાની હીણી દશા કરે જ્ઞાનની ત્યારે એ કર્મ એવું છે નિમિત્ત એને જ્ઞાનાવરણીય કહેવામાં આવે છે. એમ '**દર્શનવાવરણ,...**' દર્શનની હીણી દશા કરે ત્યારે નિમિત્ત છે એ દર્શનાવરણીય. '**અંતરાય,...**' આત્મા વીર્ય આદિની દશા હીણી કરે ત્યારે એક કર્મ છે એને અંતરાય કહેવાય. '**મોહનીય,...**' આત્મા મિથ્યાભ્રાંતિ કરે અને રાગ-દ્વેષ કરે એમાં નિમિત્ત થાય એને મોહનીય કર્મ કહે છે. '**વેદનીય,...**' આ સુખ-દુઃખના પ્રતિકૂળ-અનુકૂળ સંયોગો મળે એ વેદનીય કર્મને લઈને. પૂર્વે શાતા-અશાતા પડી હોય એને લઈને આ સંયોગો અનુકૂળ, પ્રતિકૂળ મળે. વેદનીય.

'**આયુ,...**' આ દેહની સ્થિતિ. દેહની સ્થિતિ એને આયુષ્યકર્મ કહે છે. પૂર્વનું આયુષ્ય કર્મ એવું હોય છે એ એટલા પ્રમાણે જ અહીં આત્મા રહે અને આત્માની યોગ્યતા પણ એટલો કાળ રહેવાની હોય છે. આયુષ્યકર્મ જે છે એની સ્થિતિ-મુદત પાકી હોય છે. એમાં સમય ફેરફાર થાય નહિ. આહા..હા..! આ તો નામ આવ્યા એટલે થોડો-થોડો ખુલાસો કરીએ. બાકી બહુ ખુલાસો આમાં ઘણો માગે છે. '**નામ...**' કર્મ છે એક. આ શરીરના રૂપ, કંઠ એ બધું થાય છે એ નામ કર્મને લઈને. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કંઠની ધ્વનિ, અવાજ, આબરૂ નીકળે એ બધી નામકર્મની પ્રકૃતિઓ છે ૯૩. કર્મ એક છે, પ્રકૃતિ તેર કોઠાના પેટા ભેદ છે. એ આઠમાં આઠેય કર્મની ૧૪૮ પેટા ભેદ પ્રકૃતિ છે. એક-એક પ્રકૃતિમાં અનંતા પરમાણુ છે, એક એક પરમાણુમાં અનંતી શક્તિ છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે સર્વજ્ઞે જોયેલું, કહેલું અને વસ્તુ યુક્તિ અને લોજિકથી અને ન્યાયથી સિદ્ધ થાય એવું. '**ગોત્ર...**' કર્મ. આ ઊંચ-નીચ ગોત્ર અવતરે છેને. બહુ હલકા કૂળમાં જેમાં વેપાર હલકા હોય એ નીચ ગોત્ર કહેવાય. જેની પરંપરામાં હલકો નીચ વેપાર હોય. આ માંસનો, દારૂનો વગેરે. એમાં અવતરે એ નીચગોત્ર કહેવાય. એ કર્મ જ એવું હોય અને જે સારા કૂળની પરંપરમાં અવતરે એને ઊંચ ગોત્ર કહેવાય. એ નામના દ્રવ્યકર્મ છે જડ આઠ.

હવે કહે છે, '**કર્મોપાધિનિરપેક્ષ...**' એ નોકર્મ અને કર્મની અપેક્ષા વિનાનું '**સત્તાગ્રાહક શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્મા...**' અંદર આત્મા. આહા..હા..! વસ્તુ જે

વસ્તુ છે દ્રવ્ય. દ્રવ્ય એટલે પદાર્થ. પરમાત્મા પૂર્ણાનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ. એ પરમાત્મા કર્મોપાધિની અપેક્ષા લક્ષમાં છોડી દે તો એની સત્તા છે એને ગ્રહનારી, જાણનારી શુદ્ધનિશ્ચયદ્રવ્યાર્થિક. શુદ્ધ પવિત્ર નિશ્ચય એટલે સત્ય, દ્રવ્ય એટલે વસ્તુ, અર્થ એટલે પ્રયોજન. જેનું પ્રયોજન સત્ શુદ્ધ પરમાત્મા શુદ્ધ છે તેને જાણવાનું જે નયનું પ્રયોજન છે, જે જ્ઞાનનું પ્રયોજન પૂર્ણ સત્તા(ને ગ્રહવાનું છે). ભાષા એવી લીધી છે. આ બધું લાંબુ કરવા જાય તો ચાલે નહિ. થોડું થોડું કરીને બપોરે એક વ્યાખ્યાન છે. આમાંથી ને આમાંથી ચાલશે. કાલે તો હવે વિહાર છે.

કર્મ ઉપાધિ અપેક્ષા વિનાનો ભગવાન એકલો. જે જ્ઞાનનો અંશ, શુદ્ધ વસ્તુ જેનું પ્રયોજન છે જાણવાનું અને મહાસત્તાનો જેમાં સ્વીકાર છે એવી નયે એ નયની અપેક્ષાએ પરમાત્મા... આહા..હા..! પોતે પરમસ્વરૂપ ભગવાન છે અંદર. એનું એન્લાર્જ થાય ત્યારે વ્યક્તિમાં-પર્યાયમાં પરમાત્મા થાય છે. શક્તિરૂપે પરમાત્મા પોતે છે. મોરના ઈંડામાં ઓલું હોયને ઈંડું, એમાં આખો મોર છે. એ મોર પોતે વધી-વધીને મોર થાય છે. એના ઈંડામાં બધી તાકાત છે. કે બહારથી થાતું હશે? સેવવાથી થાય? કુકડીના ઈંડાને સેવેને? એ તો એનામાં તાકાત છે ઈંડામાં આખા મોર થવાની. સોળ કળાએ ખીલે એવા પીંછા સહિત થવાની એનામાં તાકાત છે. એમ ભગવાન આત્મામાં સોળ કળાએ એટલે જેમ ચંદ્ર સોળ કળાએ ખીલે એમ આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ પૂર્ણ પરમાત્મદશાને ખીલવવાને લાયક છે. સમજાણું કાંઈ? એવો **'અપેક્ષાએ પરમાત્મા આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે.'** લ્યો! નોકર્મ પહેલાં કહ્યાને? પાંચ શરીર, આઠ કર્મ દ્રવ્યકર્મ એનાથી ભગવાન તો અંદર રહિત છે. એથી વિશેષ વાત હજી સૂક્ષ્મ છે એ બપોરે આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૧૩-૫-૧૯૭૧, ગાથા-૧૦૫, પ્રવચન નં. ૭૬૦

... સ્પષ્ટીકરણ છે જરી. ૧૦૫. સાચો ત્યાગ કહેવો. અનાદિ ખોટો ત્યાગ અને ખોટા ચારિત્રને એ ચારિત્ર માને છે એનું અહીંયાં સ્પષ્ટિકરણ છે જરી. ૧૦૫.

णिक्कसायस्स दंतस्स सूरस्स ववसायिणो।
संसारभयभीदस्स पच्चक्खाणं सुहं हवे।।१०५।।

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.**

'**ટીકા :- જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય...**' એટલે? જેને સાચો ચારિત્રભાવ અને રાગના અભાવસ્વરૂપ એની દશા હોય એની લાયકાત કેવી હોય એનું આ વર્ણન છે. દર્શનશુદ્ધિનું તો વર્ણન ઘણું આવી ગયું. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેનું ધ્રુવ શાશ્વત તત્ત્વ જે જ્ઞાયકભાવ આત્મા એમાં અનંત શક્તિઓ અને અનંત સંપદા આનંદ આદિની પડી છે એવા ધ્રુવતત્ત્વને વર્તમાન જે દશા છે હાલત એ પણ એમાં નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ ધ્રુવસ્વરૂપ શાશ્વત ચૈતન્યદળ એમાં શરીર, કર્મ આદિ તો નથી પણ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ..વિકલ્પો જે રાગ છે બધા એ પણ એ ચીજમાં નથી. એ તો નથી પણ એની એક સમયની જે દશા જ્ઞાનની, શ્રદ્ધાની અવસ્થા-હાલત વર્તે એ પણ ધ્રુવ ચૈતન્યબિંબ પ્રભુ શાશ્વત ચૈતન્યદળ એમાં એ અવસ્થા નથી. એવા ધ્રુવતત્ત્વના અંતરની દૃષ્ટિ કરીને... જયંતિભાઈ! આ તમારો પ્રશ્ન હતોને કાલનો ધર્મધ્યાનનો.

**શ્રોતા :-** એ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પ્રશ્ન પર્યાયનો હતો. બહુ ઝીણું તત્ત્વ, ભગવાન! એવો વિષય છે. મૂળ વિષય હોં! બાકી ઉપરથી તો બધાં ડાળા અને પાંખડા તોડે છે, પણ ઝાડનું મૂળ તોડ્યા વિના ઝાડ ફાલ્યા વિના રહે નહિ.

એમ આત્મા વસ્તુ એના બે ભાગ—એક ધ્રુવ શાશ્વત ભાગ જે આદિ-અંત વિનાનું તત્ત્વ નિત્ય શાશ્વત દળ અને એક એની દશાની હાલત વર્તમાન વિચારધારા આદિ બદલે છે એ પરિણમન એટલે અવસ્થા. અહીં તો ત્યાં કહેવું છે કે, ભગવાન! જેને આત્મા આવો ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્ય છે એમાં જેની દૃષ્ટિ જાય ત્યારે તેને એ વસ્તુમાં વર્તમાન દશાનો પણ અભાવ અને તારા સંસારના વિકલ્પનો પણ એમાં અભાવ. એવા તત્ત્વને દૃષ્ટિમાં લેવું એને પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆતનો સમ્યગ્દર્શન ધર્મ કહે છે. સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ હોં એ.

ભગવાન એક સમયમાં નિત્યાનંદ પ્રભુ પોતે છે. છે... છે... છે... છે... શાશ્વત દળ એની દૃષ્ટિ કરવી, પર્યાયની વર્તમાન દશા જે ચાલે છે, ભલે રાગની કે અરાગની હો, પણ એ અંશદૃષ્ટિમાંથી દૃષ્ટિ ઉઠાવી અને ત્રિકાળી ધ્રુવમાં દૃષ્ટિ મૂકવી એ જ પહેલામાં પહેલો શરૂઆત આત્માના ધર્મના ભાવ માટે શરૂઆત એ છે અને એ શરૂઆત જ પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય છે. ભારે વાતું! હવે અહીં એ વાત તો ઘણાં દિ'થી ચાલી. ભાઈએ આ માગ્યું છેને.

હવે પ્રત્યાખ્યાન કોને કહેવું? એ તો સમ્યગ્દર્શન થયું. જેણે ભગવાન આત્મા પૂર્ણ અનંત શક્તિ અને અનંત સ્વભાવ ગુણનું તત્ત્વ આખું અભેદ એકરૂપ વસ્તુ પોતે શાશ્વત એને અવલંબીને, એની સન્મુખ થઈને, એમાં વલણ કરીને, એનો આશ્રય કરીને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન દશા ધર્મનો પહેલો અંશ પ્રગટ થાય એને અહીંયાં સમકિત, ધર્મનું પહેલું પગથિયું કહે છે. સમજાણું કાંઈ? હવે એ જીવને ચારિત્ર શું? પ્રત્યાખ્યાન શું? આ પચ્ચખાણ-પચ્ચખાણ કરે

છે કે નહિ માણસ? ..ના પચ્ચખાણ કરો... આના પચ્ચખાણ કરો. આ તો બીજા નંબરની વાત આવી છે. બે દિ' છે હવે, આજ અને કાલે. આટલા દિ'માં તો આ ચાલ્યું છે. ભાઈએ માંગી છેને લાલચંદભાઈએ માંગી છે. ૧૦૫ ગાથા માંગી.

કહે છે, ભાઈ! પ્રભુ! તારી પ્રભુતાની અનંત શક્તિઓનો સંગ્રહ તારા ધ્રુવમાં પડ્યો છે. એવા ધ્રુવમાં દૃષ્ટિને પ્રસરાવી વર્તમાન દશાને ત્રિકાળમાં જોડી દઈને જે ત્રિકાળી સ્વભાવ સાથે એકતા થાય એને ધર્મની પહેલી દશા શાસ્ત્ર ભાષાએ એને સમકિત કહેવામાં આવે છે. જયંતિભાઈ! આ બધું ઝીણું છે. આ બધું સાંભળ્યું ન હોય, ઓલા ધંધા આડે નવરાશ ક્યાં છે! બહારના પૈસા મળે પાંચ-પચાસ હજાર, લાખ, બે લાખ એટલે થઈ રહ્યું, હા હો. ધૂળેય નથી ત્યાં કાંઈ. આહા..હા..! અહીં તો કહે છે, ભગવાન! બીજી ચીજનો સંયોગ થવો એ કાંઈ તને લાભદાયક નથી, એ તો બીજી ચીજ છે. આહા..હા..! તારામાં રાગની મંદતાના શુભભાવ થાય એ પણ તને કાંઈ લાભદાયક નથી, એ તો વિકાર પરિણામ બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારામાં રાગના મંદ પરિણામ દાનના અને દયાના અને વ્રતના અને પૂજાના અને ભક્તિના અને પરોપકારના, ...ના એવા વિકલ્પો જે ઉઠે છે એ પણ એક રાગની લાગણીની વૃત્તિનું ઉત્થાન છે, એ પણ જીવને આત્માના સ્વભાવને નુકસાનકર્તા છે.

અંતરમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્‌શાશ્વત આત્મા જ્ઞાન અને આનંદ, સચ્ચિદાનંદ એટલે જ્ઞાન અને આનંદનું શાશ્વતતત્ત્વ છે એને એનો આશ્રય કરતાં, એને અવલંબતા પર તરફની સન્મુખતા છે તેને પાછી વાળીને અંતર સન્મુખતા ધ્રુવમાં કરવી, અનંતો પુરુષાર્થ છે પ્રભુ ત્યાં. એ વાત કાંઈ સાધારણ નથી. એ આત્માના ધ્રુવતત્ત્વમાં જામી જવું એને જ પ્રથમ ધર્મની શરૂઆતના અંશો કહે છે. સમજાય છે કાંઈ? બાકી બધા સંસાર રખડવાના ભાવ છે. મોહનભાઈ! એ બધા પુણ્ય અને પાપના ભાવ બધા રખડવાના. સાચું હશે આ? પણ ગળે ઉતરવું ભારે કઠણ. સાંકડુ ગળુ થઈ ગયું છેને અનાદિનું. એને મૂળ તત્ત્વ શું છે એની ખબરું ન મળે. મહા ભગવાન ચૈતન્ય આનંદનો નાથ સુખકંદ અનંત શાંતિ અને આનંદનો સાગર પ્રભુ આત્મા વસ્તુસ્વભાવે ધ્રુવ તરીકે છે ઈ. આહા..હા..! એ ધ્રુવના ધમણમાં એના તરફના વલણમાં જે કાંઈ દશા સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિનો અંશ પ્રગટ થાય એને ધર્મ સર્વજ્ઞો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરો એને ધર્મ કહે છે. સમજાણું કાંઈ?

હવે એ ભાન થયા પછી કહે છે કે ચારિત્ર કોને કહેવું હવે? આ લોકો કહે કે પ્રત્યાખ્યાન કરો, પચ્ચખાણ કરો.. પચ્ચખાણ કરો... એ પચ્ચખાણ શું ચીજ હશે? અને પચ્ચખાણ થવાલાયક જીવની દશા કેવી હોય? એમ પૂછે છે. છે ટીકા? '**જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય...**' સંસ્કૃત છે. '**निश्चयप्रत्याख्यानयोग्यजीवस्वरूपाख्यानमेतत्‌।**' સંસ્કૃત છે. સંસ્કૃત છે, પંડિતજી! પહેલી લીટી. તમે તો સંસ્કૃતના પ્રોફેસર છો. છે અંદર? નિશ્ચય સાચો ત્યાગ, પ્રત્યાખ્યાનને યોગ્ય જીવ એનું સ્વરૂપ કેવું હોય? એ વાત કરે છે.

'**જે સમસ્ત કષાયકલંકરૂપ કાદવથી વિમુક્ત છે,...**' આહા..હા..! જેને પુણ્ય અને પાપની લાગણીઓ એ કષાયો વિકાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કોમળતાના પરિણામ પણ એ રાગ અને કષાય (છે). કષાય એટલે જેમાં સંસારની પ્રાપ્તિ થાય. કષ એટલે સંસાર અને આય એટલે લાભ—કષાય. આ કષાય એટલે એ કસાઈ નહિ. કષાય—કષ એટલે સંસાર અને આય એટલે લાભ. જે ભાવ પુણ્ય અને પાપના વિકલ્પો છે એ કષાય છે. એમાં દુઃખદાયકભાવ પોતે છે, એ સંસારભાવ છે અને એનાથી સંસારમાં રખડવાનો લાભ મળે છે—રખડવાનો, દુઃખી થવાનો. કહે છે કે એ જીવ સંસારથી એટલે સંસાર એને કહીએ.. બાયડી, છોકરા, શરીર એ કાંઈ સંસાર નથી, એ તો પરચીજ છે. સંસાર એક જીવની ભૂલ છે. એ ભૂલ એટલે શું? કે ભગવાન આત્મા શુદ્ધ આનંદનો ધામ અનાકુળ શાંતરસ જ્ઞાતા-દૃષ્ટાનું એનું સ્વરૂપ છે. એને ન માનતા સંસરણ—એમાંથી ખસી જઈને પુણ્ય અને પાપની લાગણીઓની વૃત્તિઓને પોતાની માનવી અને તે હું છું એમ માનવું એનું નામ મિથ્યાત્વરૂપી સંસાર કહેવામાં આવે છે. એ સંસાર જીવનો આત્માની દશાથી બહાર હોય નહિ. આ સંસાર સમજવો પણ કઠણ. સમજાણું કાંઈ?

અરીસામાં મોઢું જોવે. અહીં તલ હોય અને આ દેખાય આમ અંદર. હવે તલ ત્યાં ઘસવા માંડે એટલે કાંઈ આ તલ નીકળે? અહીં મેલ હોય એ અરીસામાં દેખાય. ત્યાં ઘસવા માંડે તો અરીસો ઘસાઈ જાય, કાંઈ મેલ ઘસાય નહિ. એમ આ બાયડી, છોકરા ને શરીર ને કુટુંબને છોડું તો મને ત્યાગ થાય. એમ માનનારા એ અરીસામાં દેખાય મેલ અને ઘસવા માંગે છે. સમજાય છે કાંઈ? એની દશામાં, એની અવસ્થામાં ત્રિકાળી અખંડાનંદ પ્રભુ આત્મા એનો સ્વીકાર નહિ થઈને, હું એ પુણ્ય-પાપ જેટલો અને પુણ્ય-પાપ મારા અને વર્તમાન દશા જે વિકાસરૂપ અંશ જે દેખાય છે, વ્યક્ત અંશ જે જ્ઞાનની પર્યાય કહેવાય શાસ્ત્ર (ભાષાએ) એ અંશ એટલો હું એ માન્યતા મિથ્યાત્વ છે અને એ સંસાર છે કે જે મરતા, દેહ છોડતા પણ એ મિથ્યાત્વ સાથે લઈને રખડવા જાય છે. આ સંસાર જો બાયડી, છોકરા અને શરીર સંસાર હોય તો મરતા તો શરીરનો ટૂકડો પણ સાથે આવશે નહિ અને બાયડી, છોકરા તો ક્યાંય પડ્યા રહ્યા એના ધૂળ ને પૈસા ને આબરૂ ને હજીરા (ક્યાંથી સાથે આવવાના)? હજીરા એટલે આ મકાન. એ જો સંસાર હોય તો દેહ છૂટતા સંસાર છૂટી ગયો. થઈ ગઈ મુક્તિ એને. સમજાણું કાંઈ? એમ સંસાર નથી. સંસાર એને કહીએ (કે) સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ અને જ્ઞાનની મૂર્તિ એમાંથી ખસી, સંસરણ ઈતિ સંસાર. ખસીને અલ્પજ્ઞ વર્તમાન દશા અને પુણ્ય-પાપના વિકલ્પને પોતાને માનવા અને એ હું છું એ માન્યતાને સંસાર ભગવાન કહે છે કે જે સંસાર અનાદિકાળમાં એક સમય પણ એણે છોડ્યો નથી. ભારે વાતું.

એ અહીં કહે છે કે સંસાર અથવા રાગનો ત્યાગ અથવા પ્રત્યાખ્યાન કોને કહેવું? તો કહે છે '**સમસ્ત કષાયકલંક કાદવથી વિમુક્ત છે,...**' એ શુભ અને અશુભ રાગ એનાથી

રહિત થઈને આત્માના આનંદમાં લીન થાય એને ત્યાગ કહેવામાં આવે અને એને ચારિત્ર કહેવામાં આવે. આહા..હા..! **'સર્વ ઇન્દ્રિયોના વ્યાપાર ઉપર વિજય મેળવ્યો હોવાથી...'** જેણે પાંચ ઇન્દ્રિયો આ માટી, જડ અને ખંડ ઇન્દ્રિય એક-એક જ્ઞાનનો અંશ એક એક વિષયને જાણે. આ આંખ તો આ રૂપને જાણે, પણ અંદર ખંડ ઇન્દ્રિય જ્ઞાન એ રૂપના તરફનું લક્ષ કરે એવી ભાવેન્દ્રિય એટલે જ્ઞાનના એક અંશનો ભાવેન્દ્રિય ભાવ અને આ જડ ઇન્દ્રિયો, એનાથી વલણ છોડીને અતીન્દ્રિય જ્ઞાયકમૂર્તિ ભગવાન એનો જેને સ્વીકાર અતીન્દ્રિયનો કર્યો એણે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો એમ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આંખ ફોડી નાખે અને કાનમાં લાકડા નાખે માટે ઇન્દ્રિય જીતી એમ નથી. ઇન્દ્રિયો આ જે પાંચ માટી, જડ, માટી, ધૂળ અજીવતત્ત્વરૂપે રહેલી, અજીવરૂપે રહેલી આ ઇન્દ્રિયો એના અને અંદરમાં ભાવેન્દ્રિય એટલે જ્ઞાનનો અંશ વર્તમાન પ્રગટ એક-એક વિષયને જાણે ખંડ-ખંડ એને ભાવેન્દ્રિય કહીએ અને આ દ્રવ્યેન્દ્રિય અને તેના વિષયો, એ ત્રણેથી લક્ષ છોડી દઈને અણીન્દ્રિય ભગવાન આત્મા ચિદાનંદની મૂર્તિ પ્રભુ પોતે અણીન્દ્રિય અનાકુળ શાંતરસનો સ્કંધ-નાથ છે ઈ... આહા..હા..! એના ઉપર દૃષ્ટિમાં ઠરવું એણે ઇન્દ્રિયોને જીતી અને અણીન્દ્રિય દશા પ્રગટ કરી એમ કહેવામાં આવે છે. આહા..હા..! ૧૦૫. ઝીણી વાત છે. એની મેળે ગજનો આંકો સૂઝે એવું નથી. સમજાણું કાંઈ?

**'જેણે પરમ દાન્તરૂપતા પ્રાપ્ત કરી છે,...'** એટલે? ખંડ ઇન્દ્રિય અને જડ અને એના વિષયો શબ્દ-રૂપ આદિ એના તરફથી જેનું વલણ પાછું ફરી ગયું છે અને અંતર ચિદાનંદ ધ્રુવ ભગવાન એમાં જેના આશ્રય જેમાં વલણ જેમાં તત્ત્વના ભાવ સ્વભાવમાં વલણ થઈ ગયું છે, એવા જીવને જીવે ઇન્દ્રિયો જીતી એમ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! **'સકળ પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી...'** કહે છે, પ્રતિકૂળતા વાઘ અને સિંહ આદિનો સંયોગ હો તોપણ જેમાં તેની પ્રતિકૂળતા લક્ષમાં આવતી નથી. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છેને, અપૂર્વ અવસરમાં, 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન અને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' શ્રીમદ્ આત્મજ્ઞાન પામેલા. આ સમ્યગ્દર્શન કહીએ છીએ એ પામી ગયેલા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, લાખોના મોતીના વ્યાપાર હોવા છતાં. વ્યાપાર-વ્યાપારને ઘરે, વિકલ્પને ઘરે વિકલ્પ (રહ્યો) એનાથી ભિન્ન ભાનમાં રહેતા હતા, આ જે કહ્યું પહેલું એ ધ્રુવનો આશ્રય કરીને.

હવે ચારિત્રની ભાવના ભાવે છે. અહો! અમને પ્રત્યાખ્યાન અને રાગના ત્યાગરૂપી અને સ્વરૂપની સ્થિરતારૂપી ચારિત્ર ક્યારે અમને આવે? આહા..હા..! કે 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં' વાઘ અને પર્વતના સંયોગમાં ગિરી ગુફામાં પડ્યા હોય અને વાઘ અને સિંહનો સંયોગ હોય. અડોલ આસન. શરીર તો હલે નહિ પણ મનમાં નહિ ક્ષોભતા. વિકલ્પની વૃત્તિ

ન ઉઠે જ્યાં આનંદના ધામમાં રમતા. આહા..હા..! જ્યાં અતીન્દ્રિયના પ્યાલા નિર્વિલ્પ શાંતિના પીતો હોય એને ત્યાગી અને એને ચારિત્રવંત કહેવામાં આવે છે. બહારના ત્યાગી અને બહારના ભોગ છોડ્યા માટે ત્યાગી છે એમ નથી. સમજાય છે કાંઈ? જેણે અંતરમાં મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષની લાગણીઓનો અભાવ કરીને જેણે આત્માની અંતર આનંદદશાની છોળું ઉછળે અંદરમાં. આહા..હા..! સાંભળવું આ શું છે ઈ. આકરું પડે કે ન પડે વસ્તુ આ છે. એના આ પામ્યે અને પ્રાપ્ત કર્યે છૂટકો. નહિતર મરી જઈશ બીજું કરીને. લાખ ક્રિયા, કરોડ કરે અનંતવાર વ્રત ને નિયમ ને તપસ્યાઓ કરીને મરી જાય તોપણ એ જન્મ-મરણ મટે એવા નથી. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા આનંદનું ધામ એનું ભાન (થાય) પછી સ્વરૂપમાં સ્થિરતા (થાય), એને રાગનો ત્યાગ અને એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાય એવું છે હોં! ન સમજાય એવું નથી. સાદી ભાષા છે આ તો, વસ્તુ ભલે ગમે તેવી ઊંચી હોય. પણ એને કોઈ દિ' અભ્યાસ ન મળે અનંતકાળમાં. આહા..હા..! સાધુ થયો, બાવો થયો, મુનિ થયો, હજારો રાણીઓ છોડી ત્યાગી થયો, પણ એ ત્યાગી નહિ, એ તો ભોગી (છે). કેમ? કે અંદર જે વિકલ્પ ઉઠે છે રાગનો, મહાવ્રતનો કે દયા, દાનનો એ વિકલ્પની સાથે જેને એકતા પડી છે એ ધર્મનો ત્યાગી છે અને પરનો ભોગી છે. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે વાત, ભાઈ!

અહીં તો કહે છે, 'મનમાં નહિ ક્ષોભતા' આહા..હા..! અને જ્યારે સિંહ આવે શરીરને લેવા ત્યારે શરીર તો મારું નથી એમ તો પહેલેથી અનુભવ કર્યો છે. એ જે શરીર જતું થાય અને ઓલો લેવા આવે, જતું કરવું છે અને ઓલો લેવા એ તો મારો મિત્ર છે. એવી આનંદની દશા જ્યાં ઉછળે છે અંદર એને ચારિત્ર અને એને પ્રત્યાખ્યાન અને રાગનો ત્યાગ એને કહેવામાં આવે છે. ભારે વાતું, ભાઈ!

કહે છે '**સકળ પરિષહરૂપી મહા સુભટોને...**' આહા..હા..! શરીરમાં કરોડો વીંછી ઠાકરિયા (ડંખ મારતા હોય). ઠાકરિયા વીંછી સાંભળ્યા છે? અમે તો બધું જોયું હોયને. મોટા વીંછી થાય છે આવડા લાંબા. અમારે જંગલમાં જાવું હોય .. દરરોજ કાયમ વર્ષોથી એટલે અમે તો ઘણું જોયું. એક ફેરી આવડો મોટો વીંછી જાતો હતો. આવડો હોં. એ તો જાણે રેલના ડબા સાથે બાંધ્યો એવો કાળો ... આવડો લાંબો. એ ઠાકરિયો વીંછી કહેવાય. ઠાકરિયો એટલે વીંછીમાં ઠાકોર. એ કરડ્યો હોય તો મરી જાય માણસ. મરી જ જાય, જીવે નહિ. ગઢડામાં એક વીંછી એવો કરડ્યો હતો એક છોકરાને બિચારાને ૧૨-૧૩ વર્ષનાને. મરી ગયો તરત મરી ગયો. એવા આકરા વીંછી. એ આકરા વીંછી અહીં ડંખ મારે, પણ જે અંતરમાં સહજાનંદની મૂર્તિ એવો પ્રભુ આત્મા એને પડખે ચડી ગયો છે પ્રભુ અને રાગના પડખેથી છૂટી ગયો છે એટલે સ્વરૂપમાં રમણતામાં એને આનંદનો દશા ઉછળે છે, એને ચારિત્ર અને પરિષહ એણે જીત્યો એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા છે. સમકિતીની

વ્યાખ્યા બીજી, વળી પંચાધ્યાયની વ્યાખ્યા બીજી. એય..! ચંદુભાઈ! વાતે વાતે ફેર. ઓલા કહે છેને 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ પ્રભુ કહે છે તારે અને મારે વાતે વાતે ફેર. તારી માન્યતા જે અનાદિની અજ્ઞાનીની અને જે માર્ગની માન્યતા, ક્ષણે-ક્ષણે બધામાં ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત, ભાઈ!

કહે છે, બે વાત કરી, પહેલો તો કષાયનો અંશ જ જેને છૂટી ગયો છે. કાદવ કીધોને? કષાયનો કાદવ કીધો. પુણ્ય-પાપના વિકલ્પો એ કષાય કાદવ છે. આહા..હા..! એનાથી સ્વરૂપનો આશ્રય કરીને છૂટી ગયો છે એ પ્રત્યાખ્યાન. સ્વરૂપ અંદર આનંદકંદમાં જામી જઈ અવિકારી સ્વભાવમાં રમતા એ વિકારની ઉત્પત્તિ થતી નથી એને વિકાર કષાયને જીત્યો એમ કહેવામાં આવે છે અને ઇન્દ્રિયનો વેપાર જેને અટકી ગયો છે. અતીન્દ્રિય આનંદના રસકંદમાં મુનિઓ આદિને વાઘ, સિંહ કરડતા હોય. દુનિયા એમ દેખે કે અરે! આ દુઃખી છે. તને એને જોતા નથી આવડતું. સમજાણું કાંઈ? ઈ આવે છેને. એની માતા હતી મા. પોતે જુવાન હતો દીક્ષા લઈ લીધી. મા હતી ક્રોધી. મા મરીને સિંહણ થઈ. આ મુનિ હતો મહા અંતર આનંદની ભરતી લાવતો. આહા..હા..! દરિયો જે અંદર અતીન્દ્રિય આનંદનો મધ્યબિંદુ છે પ્રભુ એમાં લીન થઈને, કાંઠે જેમ દરિયામાં ભરતી આવે એમ ધર્માત્મા ચારિત્રવંતને એને કાંઠે એટલે દશામાં અંતરના આનંદની ભરતી આવે છે. આહા..હા..! એને ચારિત્ર કહીએ અને એને પ્રત્યાખ્યાન કહીએ. આહા..હા..! એક-એક વાતમાં ફેર પણ હોં!

કહે છે એ '**પરિષહરૂપી મહા સુભટોને જીત્યા હોવાથી જેણે નિજ શૂરગુણ પ્રાપ્ત કર્યો છે,...**' આહા..હા..! જેનું વીર્ય નિજબળ ભગવાન આનંદનો નાથ પ્રભુ એમાં જેના વીર્ય (જોડાઈ ગયા છે). આપણે આવી ગયું શક્તિમાં કે એનામાં એક વીર્ય નામનો ગુણ છે પ્રભુમાં આ આત્મા. આત્માને પ્રભુ કહીએ છીએ હોં! ભગવાન આત્માનું જે ચોસલું ધ્રુવ શાશ્વતતત્ત્વ ભાવ અને એની એક દશા, અવસ્થા બે થઈને આખો આત્મા. એનું ધ્રુવ તત્ત્વ જે છે, શાશ્તવ દળ છે એમાં એક વીર્ય નામનો ગુણ છે કે જે ગુણને ધરનાર આત્મા વસ્તુ એનો જ્યાં આશ્રય કર્યો તો એ વીર્યગુણ શું કરે છે? એ આનંદ અને શાંતિ આદિ નિર્મળદશાને રચે એને વીર્ય કહીએ. આ દુનિયાના કામ કરી દે. ધૂળમાંય કરતો નથી. અભિમાની છે મોટો. એય..! જયંતિભાઈ! પણ આ મોટા માણસો તમારા જેવા મોટા કલેક્ટર થાય. ક્યાં ગયા? વયા ગયા. હમણાં નથી આવ્યા. ગોવિંદસિંહ એ કલેક્ટર હતા. કાંપમાં હતા. પહેલા દીવાન હતા, ચુડામાં. અમને તો ૯૯ની સાલથી ઓળખાણ છે આ ગોવિંદસિંહની. દરબાર છે. પાલિતાણા છે. બધે ઠેકાણે આવે, જ્યાં જઈએ ત્યાં આવે. આહા..હા..!

કહે છે, ભગવાન! તારા સ્વરૂપમાં શાંતિનો સાગર અનંત આનંદ ઉછળે છે. એવી વસ્તુનો અનુભવ થઈને એમાં જ્યાં સ્થિરતા જામે છે એ સ્થિરતાને પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહેવામાં

આવે છે. ભાઈ! ૩૪મી ગાથામાં આવે છેને. ૩૪ સમયસારની. રાગ અને વિકલ્પ જે છે પુણ્ય-પાપનો વિકલ્પ રાગ, એનો કર્તા તો આત્મા નહિ, પણ એનો ત્યાગ કર્તા કહેવો એ આત્મા નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! છે આમાં? સમયસાર જુઓ. આ તો બધું ચાલી ગયું છે આપણે. અહીં તો ૩૬ વર્ષથી ચાલે છે. શું કીધું? પેઢી ૩૬ વર્ષથી ચાલે છે. આંક બરાબર છે. ધીકતી પેઢી ચાલે છે. ૩૪-૩૪ છેને? જુઓ!

**'આ ભગવાન...'** એમ શબ્દ ઉપાડ્યો છે સંસ્કૃત ટીકાકારે. સંસ્કૃત જુઓ, પંડિતજી! સંસ્કૃતના પ્રોફેસર છે એ. જયપુરના પ્રોફેસર છે મોટા સંસ્કૃતના. જુઓ, **'यतो हि द्रव्यान्तरस्वभावभाविनो ऽन्यानखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं स्वस्वभावभावाव्याप्तया परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे,'** આ સંસ્કૃત. એનું ગુજરાતી. **'આ ભગવાન આત્મા...'** આહા..હા..! ભગ એટલે લક્ષ્મી આનંદ અને જ્ઞાનની, એનું વાન એનું રૂપ છે પ્રભુ આત્માનું તો. એવો જે ભગવાન આત્મા. **'જ્ઞાતા-દ્રવ્ય...'** એ જ્ઞાતા દ્રવ્ય છે, જાણનાર-દેખનાર વસ્તુ છે પ્રભુ. **'તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...'** એટલે કે સંયોગના લક્ષે પુણ્ય અને પાપની દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો થાય તે **'અન્ય સમસ્ત પરભાવોને,...'** એ બધા પરભાવ છે, એ વિકારીભાવ છે. **'તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...'** આહા..હા..! ભગવાન આત્મા! સૂક્ષ્મ વાત છે, ભાઈ! દર્શનશુદ્ધિ કરતાં ચારિત્રની વાત એથી પણ મહામોંઘી છે. એ ચારિત્ર કાંઈ લૂગડા ફેરવ્યા અને નાગા થઈને બાવા થઈ ગયા અને ચારિત્ર થયું (એ) હરામ ચારિત્ર (છે). એ વ્યાખ્યા ચારિત્રની જુદી ચીજ છે. સમજાણું કાંઈ? અહીંયાં બે રોટલી ખાતો, ચાર પૂરી, પાછળ દૂધ પીતો હોય. બહુ ત્યાગી છે. ધૂળેય ત્યાગી નથી સાંભળને. ત્યાગી કોને કહેવું એની ખબર નથી તને. અંતર વસ્તુના સ્વરૂપના આનંદના ધામમાં આવતા એને રાગની ઉત્પત્તિ ન થાય અને અરાગી દશાની ઉત્પત્તિ થાય તેને ત્યાગ અને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. ભારે વાતું, ભાઈ! પંડિતજી!

અહીં તો હવે એ કહે છે, ભગવાન આત્મા એનો તો જાણવા, દેખવા અને આનંદનો સ્વભાવ પ્રભુનો છે. એવો જે પ્રભુ એ વિકારના ભાવે નહિ વ્યાપ્ત હોવાથી. વિકારના ભાવમાં પ્રસરતો નથી. ૩૪ છે. ૩૪ ગાથા છે. **'સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી...'** કહે છે કે ભાષા.. સંસ્કૃત-બંકૃત કામ ન આવે ત્યાં. આ તો સંસ્કાર કામ આવે અંદરના. .. બોલે. નરમ માણસ છે. એને આટલા ... કાંઈ નહોતું આવડતું. ભાન પણ નહોતું, સાંભળ્યું પણ નહોતું. કેમ પંડિતજી? વાત એવી છે. આહા..હા..! ભગવાન! તારા ઘરની વાતું દર્શનની અને ચારિત્રને એ વાતું અલૌકિક છે, પ્રભુ! આહા..હા..! કહે છે, ભગવાન આત્મા એવો છે કે પોતાના આનંદ અને જ્ઞાન સ્વભાવ વડે એ પુણ્ય-પાપની લાગણીમાં પ્રસરે અને વ્યાપે એવું એનું સ્વરૂપ નથી. સમજાય છે? તેથી **'પરપણે જાણીને, ત્યાગે છે;...'** રાગાદિ વિકલ્પ ચાહે તો દયા, દાન અને વ્રતનો હો એ રાગને પહેલાં જાણે છે કે મારામાં નથી,

પછી ત્યાગે છે. એટલે? કે એના રાગમાં તેનું પરિણમન થતું નથી, એનું પરિણમન એ અરાગી દશામાં થાય છે.

'**બીજો તો કોઈ ત્યાગનાર નથી—એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ...**' પુણ્ય અને પાપની લાગણીઓ એ પરભાવ, વિકાર, દુઃખ, અશાંતિ છે. આહા..હા..! એ '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ...**' કહે છે કે એ રાગનો ઉપાધિભાવ છોડે છે એમ કહેવું એ પણ ઉપાધિ છે. ભાઈ! ભારે આકરું, બાપા! એ તારા મારગડા કોઈ અલૌકિક જુદાં પ્રભુ તેં સાંભળ્યા નથી હોં! અને સુખને રસ્તે કેમ જવાય (એનું ભાન નથી). દુઃખના રસ્તે બિચારા ગડબડ કરીને દોડી રહ્યા છે. આહા..હા..! કહે છે, એ '**ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' શું ઉપાધિમાત્રથી? રાગ હો દયા, દાન, વિકલ્પ એનો ત્યાગ એ પણ ઉપાધિમાત્ર છે, **નામમાત્ર** છે. ત્યાગ કોને કરે? વસ્તુ જ્યાં આનંદમૂર્તિ દ્રવ્યદૃષ્ટિ જ્યાં વસ્તુમાં દૃષ્ટિ આવી અને એમાં જ્યાં ઠર્યો ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી એને રાગ ત્યાગ કર્યો એમ કહેવું એ તો **નામમાત્ર** કથન છે. વાતે વાતે ન્યાય બીજો છે, ભાઈ! આહા..હા..!

પરનો ત્યાગ તો નહિ, શરીર, વાણી તો ત્યાગરૂપ જ છે. આત્મા શરીર, વાણી, મનના તો અભાવસ્વરૂપ છે. અભાવસ્વરૂપ છે એને વળી છોડવું એ તો કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? એનામાં થતા પુણ્ય અને પાપના મલિન વિકારભાવ હવે એનો ત્યાગ એટલે શું? કે વસ્તુમાં એ નથી એવો અનુભવ પહેલો થાય ત્યારે જે જ્ઞાનમાં આવ્યું કે આ રાગ હું નહિ. પછી જ્ઞાન જ્ઞાનમાં ઠરે, સ્વરૂપમાં ઠરે, આનંદમાં જામી જાય ચોસલું આમ. શિયાળાના ઘી જામી ગયેલા હોય. જેમાં અંગુઠા, આંગળી તો ન પેસે પણ તાવેથો પેસે નહિ, વળી જાય, એવા ઘી પહેલાં હતા. આ તો હવે બધું ગડબડ થઈ ગયું છેને કાળાબજાર, બધું ચારેકોર જોઈએ છીએ. નીતિના જીવન જ હેઠે ઉતરી ગયા છે બધા. પહેલાં તો ઘી એવા હતા. જોયેલા અમે બધા. ૫૦ વર્ષ પહેલાં ... હતાને. જામનગર પાસે. વીરજીભાઈ કહેતા. એય..! ચીમનભાઈ ક્યાં ગયા? તમારા .. ગયા? ગયા હશે. એ વીરજીભાઈ વકીલ હતાને. એ કહેતા કે અમારા બાપના ..ને? એ કહે ભેંસોને કપાસિયાની ઓલી હોય વખારમાં છૂટી મૂકી દે. કપાસિયા ખાય, પછી એમાં એના થાય દૂધ, એના થાય દહીં એમાંથી ઉપર ઓલો અધમણ .. એમાંથી પાશેર, દોઢ પા શેર અમને આપે. પહેલાંની બાયડી એવી હતી. અત્યારની બાયું બધી સમજવા જેવી. માલ માલ આપી દેવાય કાંઈ? કારણ કે ઉપરનો કસ. અધમણ પોણા મણ હોયને દૂધ અને દહીં થઈ ગયું અને ઉપરની મલાઈ. એમાંથી આપે. વીરજીભાઈ કહેતા હતા. એય..! ...ભાઈ! મારે તો બીજું કહેવું હતું. એના જે ઘી થાય જામી ગયેલા તાવેથા વળી જાય.

એમ ભગવાન આત્મા ઠંડી શીતળ દશા એવો ભગવાન પ્રભુ એમાં જ્યાં અનુભવ કરીને

જામી જાય છે એમાં વિકલ્પનો પ્રવેશ નથી, પણ વિકલ્પની ઉત્પત્તિ નથી. એ વિકલ્પની ઉત્પત્તિ નથી એ આત્માએ તે વિકલ્પનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર છે, પરમાર્થે આત્મા રાગનો ત્યાગકર્તા નથી. કર્તા તો નથી પણ ત્યાગકર્તા નથી. કેમ? કે જે આત્મા... આ તો અંતરની રમતું છે બધી. એણે અનંતકાળમાં કોઈ દિ' આત્માની રમતું શું એ સાંભળી નથી. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું જ્યાં ભાન થયું સમ્યગ્દર્શનમાં શરૂઆતમાં પહેલું, ત્યારે એણે જાણ્યું કે આ રાગ જે વિકલ્પ છે શુભ-અશુભ એ તો પર છે, એ મારો નહિ. છેને આ પરભાવને જાણે. એમાં વ્યાપ્યો નથી. કારણ કે એનાથી ભિન્ન એનું પરિણમન છે. રાગથી, વિકલ્પથી ભિન્ન દશા અંદર પરિણમે છે વસ્તુ તરફની દૃષ્ટિને લઈને. એને રાગની ઉત્પત્તિ, સ્વરૂપમાં ઠરતા રાગની ઉત્પત્તિ થતી નથી એનો એણે ત્યાગ કર્યો એમ કહેવું. કારણ કે રાગ જે છે એનો ત્યાગ શી રીતે કરવો? રાગ નથી એનો ત્યાગ શી રીતે કરવો? પણ રાગ છે, દૃષ્ટિનો અનુભવ હોવા છતાં રાગ છે. પછી આ સ્થિરતા જ્ઞાનમાં જામી અંદરમાં ત્યારે ઓલા રાગની ઉત્પત્તિ ન થઈ, ત્યારે આત્માને રાગના ત્યાગ કર્તા કહ્યો એ નામમાત્ર છે, વસ્તુ તરીકે રાગનો ત્યાગકર્તા પણ આત્મા છે નહિ. ભારે વાતું ભાઈ આ!

હવે એને આ ન ખાવું, આ ન ખાવું, આ છોડું, આ છોડું—એ બધો પરનો ત્યાગનું અભિમાન મિથ્યાદૃષ્ટિને છે. સમજાણું કાંઈ? જ્યાં રાગનો ત્યાગ કરી શકતો નથી છે તેનો, આ તો એનામાં છે જ નહિ. પરચીજ તો એની દશામાં પણ નથી એને છોડું, એને છોડું અને હું ધર્મનો ત્યાગી થાવ, ધર્મનો ત્યાગી છે. આહા..હા..! વાતું આકરી ભાઈ બહુ! ભગવાન આત્મા પોતાના આનંદ ધામ સચ્ચિદાનંદ પ્રભુ એનો જ્યાં એણે પ્રથમ અનુભવ કર્યો ત્યારે જાણવામાં આવ્યું કે રાગ અને વકિલ્પ જેટલા થાય તે પરવસ્તુ છે. એમાં વ્યાપવું, પ્રસરવું એ મારું સ્વરૂપ નથી, એમ જાણીને જ્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે. વસ્તુસ્વરૂપ ભાનમાં છે અને એમાં ઠરે છે. છેલ્લે એ કહે છે જુઓ, '**કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે—**' એટલે? જાણનાર જણાઈ ગયો, જણાણો એમાં ઠર્યો, એમાં જામ્યો અતીન્દ્રિય આનંદની દશામાં એને રાગની ઉત્પત્તિ સમ્યગ્દર્શન હતું છતાં ઉત્પત્તિ તો હતી, છતાં ભિન્ન ભાવ હતો, છતાં જ્યારે સ્વરૂપમાં ઠરે છે ત્યારે એ ભિન્નના ભાવની ઉત્પત્તિ થતી નથી. આ રીત છે. આડીઅવળી કાંઈ કરે તો ઘરમાં .. પડશે. વસ્તુનું સ્વરૂપ આ જ રીતે હોય, બીજી રીતે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? બધી વ્યાખ્યામાં ફેર.

કહે છે, '**પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' આ ૩૪ ગાથા. '**પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી,...**' આનંદમૂર્તિ છે એમાંથી ખસ્યો નથી, રાગમાં આવ્યો નથી. આહા..હા..! કેવો રાગ પણ એ રાગની વ્યાખ્યામાં ઝીણું છે. ગુણી-ગુણનો ભેદ પાડીને વિકલ્પ ઉઠે એ રાગ છે. પરની દયા ને ભક્તિ ને પૂજા ને નામસ્મરણ ને બધો વિકલ્પ અને રાગ છે. રાગને

ઓળખવો એ કઠણ છે. સમજાણું કાંઈ? આમ બાયડી સાથે, છોકરા સાથે રાગ કરો તો રાગ એમ નહિ. અહીંયાં ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્મા એની સાથે પ્રેમ રાગ કરે તોપણ એ વિકાર છે.

**શ્રોતા :-** ગુણગુણીના (ભેદને) રાગ કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણગુણીનો વિકલ્પ ઉઠે એ ભેદ થયોને. ગુણી વસ્તુ છે અનંત આનંદ અને આ ગુણ જ્ઞાનાનંદ ગુણ. બે થયા તો વિકલ્પ થયો. એક અભેદ હોય તો વિકલ્પ નથી ઉઠતો, બે આવ્યા તો વિકલ્પ ઉઠ્યો. એકડે એક અને બગડે બે. બે થયું તો બગડે. અભેદ ચૈતન્યમૂર્તિ છું એકાકાર એ દૃષ્ટિમાં આત્માને સમ્યગ્દર્શન થાય અને એને બગડે નહિ. ઝીણી વાતું છે. અમારે પંડિતજીએ પ્રશ્ન કર્યો. એમ કે આ ગુણગુણીમાં ક્યો વિકલ્પ? એમ. એ ક્યો? વસ્તુ છે આમ ત્રિકાળ ધ્રુવ આનંદ પ્રભુ અનંત શક્તિનું એકરૂપ એને એમ ભેદ પાડ કે આ જ્ઞાન છે અને આ આનંદ છે એ ભેદ પડ્યો એ જ વિકલ્પ છે. રાગની વૃત્તિ ઉઠી છે. એ રાગની વૃત્તિ પણ દુઃખદાયક છે. પંડિતજી!

આહા..હા..! ભગવાન અભેદ પ્રભુ છે, પ્રભુ! એકરૂપ ચૈતન્ય ધ્રુવ એનામાં ભાગલા પાડવા (એ ભેદ થઈ ગયો). જુઓ, આ એક લાકડી છે આ સુખડ. હવે આ સુખડ છે. સુખડ નાખે છેને આ .. આવે છેને. આ સુંવાળું, તોલ, સુગંધ એ વગેરે શક્તિઓ ગુણ છે શક્તિઓ અને આ એનો શક્તિનો આધાર એ દ્રવ્ય વસ્તુ છે, પણ વસ્તુમાં બધું અભેદ છે. એને જુદું પાડવું કે આ .. છે એ છૂટું પડતું તો નથી. જુદું પાડવું એ વિકલ્પ છે. એમ ભગવાન આત્મા અનંતગુણનો પિંડ એકરૂપ છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે અભેદ. જેના ઉપર ઘણું આવી ગયું છે. જેમાં ધ્યાનની પર્યાયો પણ નથી. આહા..હા..! એવો જે ભગવાન એકરૂપ ચૈતન્ય દ્રવ્ય એની દૃષ્ટિ થતાં એ રાગાદિ વિકલ્પો ચાહે તો ભગવાનના સ્મરણનો હો કે ગુણગુણીના ભેદનો હો, એ બધો વિકલ્પ મારા સ્વરૂપમાં છે નહિ. એવું જે પ્રથમ જ્ઞાનમાં આવ્યું હતું એ જ્ઞાને જ્ઞાનમાં ઠરવાનું કામ કર્યું ત્યારે વિકલ્પ ઉઠ્યો નહિ, એ રાગનો ત્યાગ કર્યો એમ વ્યહારે એ રીતે કહેવામાં આવે છે. સમજાય એટલું સમજવું ભાઈ! આ તો પરમસત્યના સિદ્ધાંતો સત્ય આ છે. એમાંથી કાંઈ આડુઅવળું કરવા જાય કે ભાષા કે ભાવ થાય છે એમાં સત્ય નહિ રહે. સમજાણું કાંઈ? કહે છે એ ત્યાગ નહિ. આહા..હા..! '**પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી છૂટ્યો નથી,...**' '**આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે.**' ભાવાર્થમાં નાખ્યું. સમયસાર.

કહે છે '**નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે...**' આપણે ચાલતા અધિકારમાં. એને ચારિત્ર અને પ્રત્યાખ્યાન હોય કે જેને વિકલ્પમાત્રથી, રાગથી ભિન્ન પડી ગયો છે આત્મા અને જેને ઇન્દ્રિયોના વલણથી ખસીને અતીન્દ્રિય પ્રભુ આત્મામાં લીન થયો છે અને જેણે શૂરવીરતા, પ્રતિકૂળતાના પ્રસંગમાં વીરતા જગાડીને જેણે સહનશીલતા

પ્રતિકૂળતામાં પ્રતિકૂળ છે એવો જેને વિકલ્પ ઉઠતો નથી. અને જેણે સહનશીલતા અંદરમાં પ્રગટ કરી છે. અને **'નિશ્ચય-પરમ-તપશ્ચરણમાં નિરત...'** વળી તપસ્યામાં નિશ્ચય. આ અપવાસ કરવા અને રોટલા ઓછા ખાવા અને ઢીંકણું કરવું એ બધી સાચી તપસ્યા નથી. **'विजयंती तप्यन्ति इति तपः'** જેમાં આનંદના ધામનો વિજય થાય અને રાગના કણનો જેમાં અભાવ થાય એવો ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પોતાના શરણમાં જતાં, પોતાની શાંતિ અને આનંદનો જ્યાં વિજયનો ડંકો વાગે અને ઈચ્છાની જ્યાં ઉત્પત્તિનો ભાવ ન થાય આ એને તપસ્યા કહેવામાં આવે છે. જયંતિભાઈ! વ્યાખ્યા બધી જુદી.

ત્યાં ગોંડલ ગયા હતાને ૮૮માં. ત્યાં ચંદુભાઈ નહિ? કેળવણી અધિકારી. ... વાળા. પટેલ-પટેલ. .. એના બાપ. ચંદુભાઈ આવતા. સોનગઢ બધે આવતા. પછી દરબારે પૂછ્યું, ક્યાં ગયા હતા? કે મહારાજ આવ્યા હતા. એ બધી આવી વ્યાખ્યા કરે ત્યાં જઈને. એ બધી શબ્દની વ્યાખ્યા જ બીજી કરી છે. .. ત્યારે કહે, આપણા શબ્દકોષમાં નાખજો એ થોડું. ઓલા છેને શબ્દકોષ. ભગવત.. નાખ્યું છે હોં એમાં બધું. આ નિદ્ધત કોને કહેવું, નિકાચિત કોને કહેવું. બધી વ્યાખ્યા નવી કરતા એ બધું નાખ્યું છે. આ વસ્તુની (ખબર જ નથી). એણે તો શબ્દકોષ બનાવવાનો હતો એમ કીધું હતું. શબ્દકોષ બનાવવો હતો પછી આ તમારે બધાના શબ્દકોષ નવો છે આ તો. શબ્દકોષ જ નવો છે આ.

ભાઈ! આ વસ્તુનું સ્વરૂપ એવું છે, ભગવાન! તને તેની જાતની ઝાંખી આવી નથી એટલે તને આ શું કહે છે અંદર લાગે બફમ-બફમ વાત. શું કહે છે આ? ગ્રીક-લેટિન જેવું લાગે એને. આહા..હા..! જે રસ્તે ગયો નથી, જે રસ્તાના જાવા અંદરમાં વલણ કર્યું નથી, એની હવા શું છે એ પણ જેને આવી નથી. વ્યવહારુ શ્રદ્ધા, 'આવો આત્મા નિર્વિકલ્પ આનંદકંદ છે.' સમજાણું કાંઈ? એ વ્યવહાર શ્રદ્ધા હોં હજી. આહા..હા..! એને આવો નિર્વિકલ્પ પ્રભુ પ્રતીતમાં, અનુભવમાં આવી અને સ્વરૂપમાં જામે ત્યારે કહે છે કે એને રાગના પુણ્ય-પાપની લાગણીઓની ઉત્પત્તિ ન થાય અને આનંદની ઉત્પત્તિ શાંતિની છોળું જ્યાં ઉછળે એને ચારિત્ર અને એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'નિરત એવો શુદ્ધભાવ જેને વર્તે છે...'** જોયુંને? **'નિશ્ચય-પરમ-તપશ્ચરણ...'** અંતર સ્વભાવની ઉગ્રતા. ઉગ્રતાના વીર્યથી શાંતિની છોળું જ્યાં અંદર ઉછળે શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... એકલો અવિકારી ભાવ વીતરાગસ્વભાવભાવ જ્યાં ઘોલનમાં આવે એવી તપસ્યામાં જે નિરત છે એ શુદ્ધભાવ જેને વર્તે છે. એ શુદ્ધભાવ છે. તપસ્યા કરું ને અપવાસ કરું એ તો વિકલ્પ છે, એ તો શુભરાગ છે. સમજાણું કાંઈ? આરે..આરે..! **'અને જે સંસારદુઃખથી ભયભીત છે,...'** આહા..હા..! ચાર ગતિના દુઃખો. ચારિત્રવંત પ્રત્યાખ્યાન જીવો અંતરમાં ચાર ગતિના પરિભ્રમણ(થી ભયભીત છે). આહા..હા..! એ વનસ્પતિમાં રખડવું, પૃથ્વીમાં રખડવા ભવ કરવા, અગ્નિમાં, વાયુમાં, વનસ્પતિમાં, કીડીના, કાગડાના, કૂતરાના ભવો કર્યા.

એવી ચાર ગતિના ભવનો જેને ત્રાસ વર્તે છે અંદર. ચાર ગતિમાં દેવના દુઃખનો પણ ત્રાસ છે. દેવને સુખ નથી. આહા..હા..! પુણ્યના ઢગલા દેખાય મોટા. ઈન્દ્રાણીઓ હજારો હોય એ બધા દુઃખી છે. એ રાગની કષાયની અગ્નિએ બળી રહ્યા છે બધા. આ શેઠિયાઓ જે કહેવાય, કરોડોપતિ અને અબજોપતિ એ બધા વિકલ્પની જાળે સળગી રહ્યા છે, દુઃખી છે. રતિભાઈ! ભાઈ આ દુનિયા તો સુખી બહુ કહે છે. ધૂળેય નથી. સુખ તે પ્રભુ આત્મામાં છે કે સુખ તે બહારમાં છે? વિકલ્પ ઉઠાવ્યો કે પર પ્રત્યેનો એ વિકલ્પ પોતે દુઃખ છે. આહા..હા..! ભગવાન! તારા સુખનું ક્યાં સ્વરૂપ છે સત્તા, ક્યાં સુખનું હોવાપણું છે એની તને ખબર નથી. સુખ તો તારા સત્તાના સ્વભાવમાં પડ્યો છે આનંદ. એવા આનંદની સત્તાનો સ્વીકાર થયા પછી પણ આનંદમાં જામી જાય, ઢીમ થઈ જાય અંદરમાં. આહા..હા..! એ સંસારથી ભયભીત છે. વિકલ્પ ઉઠે તેને દુઃખ લાગે છે.

**શ્રોતા :-** ...ભયભીત?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ રીતે. ભયભીતનો અર્થ. એમ કે શૂરવીર કીધુંને વળી ભયભીત કેમ નાખે છે? એમ પ્રશ્ન કરે છે. ભયભીતનો અર્થ કે રાગથી પાછા વળવા માગે છે, રાગમાં રહેવા માગતા નથી, એમ. કોઈ ચીજ દેખીને ભાગે છેને? સર્પ દેખીને ભાગે છેને? એમ રાગ દેખીને ભાગે છે, અંદરમાં આવે છે એને ભયભીત કહેવામાં આવે છે. જયંતિભાઈ! આવું છે, બાપા! પ્રભુ! તારી રમતું એવી છે. આત્મરામ. 'નિજપદ રમે સો રામ કહીએ.' આહા..હા..!

કહે છે, આવા જીવને નિશ્ચયપ્રત્યાખ્યાન હોય છે. સાચો ત્યાગ એને હોય છે અને **'વ્યવહારથી ચાર આહારના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન છે.'** નિશ્ચયકર્મ કીધું ભાઈ ઓલું. નિશ્ચય પરમતપસ્યા અને વ્યવહારથી મુનિ હોય છે સાચા એ જંગલમાં રહે, નગ્ન હોય છે, એને એકવાર આહાર માટેની વૃત્તિ ઉઠે એની વાત છે અહીં. ચારિત્રવંત પ્રત્યાખ્યાની સંત હોય છે જે સાચા ચારિત્રવંત એ તો તદ્દન નગ્ન (હોય). વસ્ત્રનો ટૂકડો પણ ન હોય એના ઉપર. એટલી મમતા છૂટી ગઈ હોય છે અને એવી ચારિત્રની રમણતા... શ્રીમદ્દે કહ્યુંને એમાં? 'દેહમાત્ર સંયમ હેતુ' દેહ સિવાય કાંઈ એને હોય નહિ. અપૂર્વ અવસરમાં આવે છે. એવા જીવો એકવાર આહાર લેવા આવે. આહાર કરે પછી ચાર આહારનો ૨૪ કલાક ત્યાગ. એ વ્યવહાર પ્રત્યાખ્યાન કહેવાય. નિશ્ચય સ્વરૂપની રમણતામાં રાગનો ત્યાગ હોય અને સ્વરૂપ રમણતા થઈ હોય એના ચાર આહારનો ત્યાગ એ વ્યવહારપચ્ચખાણ કહેવામાં આવે છે. વ્યવહાર એટલે વિકલ્પ છે.

કહે છે કે એ **'(શુદ્ધતા વિનાનું) વ્યવહારપ્રત્યાખ્યાન તો કુદૃષ્ટિને (-મિથ્યાત્વી) પુરુષને પણ...'** હોય છે. જરી એમ નાખે છે. આત્મા અખંડાનંદ પ્રભુ એના આનંદનો જ્યાં અનુભવ નથી અને જ્યાં શુદ્ધતાના ભાવ પ્રગટ્યા નથી એવા કુદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ **'પુરુષને**

**પણ ચારિત્રમોહના ઉદયના હેતુભૂત દ્રવ્યકર્મ-ભાવકર્મના ક્ષયોપશમ વડે ક્વચિત્ સંભવે છે.'** રાગની મંદતારૂપી એને વ્યવહારપ્રત્યાખ્યાન પુણ્યબંધનું કારણ હોય છે. એ વાત મોટી લાંબી છે. એ ચર્ચા મોટી ૮૪માં ચાલી ગઈ. ૮૪. ૧૬ ને ૨૭. ૪૩ વર્ષ પહેલાં રાણપુરમાં ચાલી હતી. અમારે તો અંદરથી વાતું પહેલેથી બધા સાથે ખૂબ ચાલતી હતી. હેઠે વાત ચાલતી હતી કે આ અનાદિથી બધા રાગ મંદ કરીને નવમી ગ્રૈવેયકે ગયા એ એનો ક્ષયોપશમભાવ હતો, એમ ચાલતી હતી. એમાં તમારા હતા. આ વનુભાઈના બાપ પણ હતા ભેગા. ચોમાસુ હતુંને ત્યાં લીંબડી. ૭૯નું. ખબર છે કે નહિ? ગયા હતા? ગયા હતા કે નહિ? ગયા જ હોયને એનો બાપ હતોને. રામજીભાઈના સાસરા, આનો બાપ. .. નિશાની કરીને. પણ ખબર નહિ કાંઈ હોં. એય..! વાતો નીચે કરતા મૂળચંદજી અને ઈ. હું હતો ઉપર. આવું કરે તો તો એ ક્ષયોપશમભાવ છે ક્ષયોપશમભાવ. નીચે ઉતર્યો તો મને કહે. કીધું એ ક્ષયોપશમભાવ સાચો નથી. ક્ષયોપશમ એટલે કાંઈ શુદ્ધિ આવે છે એમ. એ ખોટું, બિલકુલ ખોટી વાત છે એમ કીધું. અનંતવાર ત્યાગી થયો, વ્રત લીધા, નિયમ લીધા એ ખરો ક્ષયોપશમભાવ નહિ, આ વ્યવહારે ક્ષયોપશમભાવ અહીં કહ્યો છે.

કહે છે કે ક્ષયોપશમ એટલે શું? કાંઈક આત્માની શુદ્ધિ અંતરથી પ્રગટ થાય એ વાસ્તવિક ક્ષયોપશમ કહેવાય અને રાગની મંદતા મિથ્યાત્વસહિત થાય એને દ્રવ્યનિક્ષેપે ક્ષયોપશમ કહેવાય, એ વાસ્તવિક ક્ષયોપશમ છે નહિ. પંચાસ્તિકાયમાં આવે છેને, ભાઈ! ૧૩૮ ગાથા. આ પ્રમાણે છે. પંચાસ્તિકાયમાં ૧૩૮માં આવે છે. રાગની મંદતા કાંઈક દેખાય અને એને લઈને ત્યાગી દેખાય એ વ્યવહારત્યાગ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નામ આપે શું કરે? અકલુશિતતાની વ્યાખ્યા છે ત્યાં ૧૩૮માં પંચાસ્તિકાયમાં અકલુષિત. એવો ભાવ મિથ્યાદૃષ્ટિને પણ હોય છે. રાગની મંદતા થાય, એમાં ઉદાસ દેખાય, એવું હોય છે, એ પુણ્યબંધ છે, પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ.

અહીં તો ધર્મ જેને પ્રગટ્યો છે એવા જીવને ચાર આહારનો ત્યાગ તો વ્યવહારે પ્રત્યાખ્યાન (કહેવાય). અજ્ઞાનીને વ્યવહાર પ્રત્યાખ્યાને એ દ્રવ્યનિક્ષેપે વ્યવહાર છે. નિશ્ચયની દૃષ્ટિનું ભાન નથી. તેથી મિથ્યાદૃષ્ટિને આત્માના ભાન વિના જે કાંઈ રાગની મંદતા દેખાય એ બધો ત્યાગ ખોટો છે, સાચો છે નહિ. '**તેથી જ નિશ્ચયપ્રત્યાખ્યાન અતિ-આસન્નભવ્ય જીવોને હિતરૂપ છે;...**' એ વિશેષ કહેશે હવે. જેને આત્માનું ભાન છે એને પ્રત્યાખ્યાન હિતરૂપ છે એની વ્યાખ્યા કરશે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગુરુવાર, તા. ૧૩-૦૫-૧૯૭૧, ગાથા-૧૦૭, કળશ-૨૦૮-૨૦૯, પ્રવચન નં. ૭૬૧

આ નિયમસાર, પરમ-આલોચના અધિકાર. એટલે શું? વર્તમાન શુદ્ધિ આત્માની. પુણ્ય-પાપના રાગરહિત સ્વભાવ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એને અવલોકતા, તેનું ધ્યાન કરતા જે શુદ્ધ દશા પ્રગટ થાય તેને અહીંયાં શાસ્ત્રભાષાએ સંવર અથવા એને આલોચના કહે છે. આવે છેને શબ્દ? ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાનકાળનો સંવર. ભાષા તો બહુ આવે છે. ભવિષ્યના પચ્ચખાણ. પણ કોને કહેવા? અને કોને હોય? એ આ વાત ચાલે છે. પહેલી ગાથા છેને ૧૦૭. કહે છે, પરમાત્મા પોતે અંદર સ્વરૂપ છે આત્મા. અહીં પરમાત્માથી જ વાત લીધી છે. ભગવાન આત્મા અંદરમાં પરમસ્વરૂપ સહજભાવરૂપ શાસ્ત્રભાષાએ કહીએ તો પરિણામિકભાવસ્વભાવસ્વરૂપ, સહજસ્વભાવ ત્રિકાળ એવો જે ધ્રુવ શાશ્વતભાવ એને અહીંયાં પરમાત્મા કહેવામાં આવ્યો છે. એ પરમાત્મા પાંચ શરીરથી રહિત છે, આઠ કર્મથી રહિત છે. એ આવ્યું છે. છેને ત્યાં?

**'શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમાત્માને આ નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત છે.'** સવારે વાત થોડી આવી ગઈ હતી. વસ્તુ જે શાશ્વત ચૈતન્યદળ સત્ ધ્રુવ ભાગ, એક સમયની દશા એનું લક્ષ છોડીને ધર્મી જીવ ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવીને... ભાષા પણ જુદી જાતની, એ ધ્રુવ વસ્તુ નિત્ય-નિત્ય એને અંતર્મુખમાં જોવા, જાણવા, ઠરવા જાય છે, તે દશાનું ધ્યેય વસ્તુ જે છે એને અહીં પરમાત્મા કહે છે. આહા..હા..! એ પરમાત્મા પોતે શરીરથી એટલે પાંચ શરીર નોકર્મથી રહિત, આઠ કર્મથી રહિત. હવે અહીંયાં આવ્યું છે જરી.

**'મતિજ્ઞાનાદિક તે વિભાવગુણો છે...'** એનાથી રહિત. શું કહે છે? કે જે જ્ઞાનની મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન એ જ્ઞાન સમ્યક્ થાય, ચિદાનંદ ધ્રુવ સ્વરૂપને અવલંબીને આશ્રય અને વલણ કરીને સન્મુખ થઈને જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન સમ્યક્ થાય તેને અહીંયાં વિભાવગુણો કહેવામાં આવે છે. આ જુદી જાતનું છે, મનસુખભાઈ! આ તો નવરા થઈને કાંઈક વાંચે વિચારે તો બેસે એવું છે. પણ ખજૂરમાં ને ખજૂરમાં ખોવાઈ જાય તો હાથ આવે એવું નથી આ. શું કીધું? આવું કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. વાંચ્યું, ઘરે પુસ્તક તો પડ્યું હશે. પુસ્તક તો પડ્યું છેને. કહે છે, ભગવાન શાશ્વત ચૈતન્યદળ જે ધ્રુવ, જે પરમ આત્મા એટલે પરમસ્વરૂપ એ સિવાય પર્યાયો આવી અપરમસ્વરૂપ. આહા..હા..! સમજાય છે કાંઈ? એક સમયમાં નિત્ય ધ્રુવ ભગવાન આત્મા એ પરમસ્વરૂપ અને એ સિવાય એની મતિજ્ઞાન આદિ દશાઓ થાય એ પણ અપરમસ્વરૂપ છે, એ આશ્રય કરવાલાયક નથી.

પણ તેને અહીંયાં છે એવી દશાઓ એને અહીંયાં વિભાવગુણ તરીકે કહેવામાં આવ્યા છે. કેમકે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય થાય એ અપૂર્ણદશા છે. એમાં હજી કર્મના નિમિત્તની અપેક્ષા રહે છે. તેથી તે જ્ઞાનની સમ્યક્ દશાને (અપરમસ્વરૂપ કહી છે). મિથ્યાદષ્ટિની વાત તો નથી અહીંયાં.

ભગવાન આત્મા અંદરમાં ચૈતન્યની શક્તિનું નૂર પડ્યું છે પૂર આખું અંતર. આહા..હા..! એવો જે ભગવાન પરમસ્વરૂપ પોતાનું ત્રિકાળી એમાં મતિજ્ઞાન આદિને વિભાવિક ગુણો કહ્યા છે. છે પર્યાય, પણ એ સ્વભાવિક કેવળજ્ઞાન આદિ પર્યાય નથી. મતિ, શ્રુત, અવધિ, આદિ મનઃપર્યયને વિભાવગુણ એટલે વિભાવિક પર્યાય કહેવામાં આવી છે, એનાથી પણ વસ્તુરહિત છે. હજી તો અહીં દયા, દાન ને વ્રતના પરિણામથી ધર્મ થાય એમ માનનારા. એય..! પ્રાણભાઈ! આ બધા મોઢા આગળ બેસનારા. એને તો ક્યાંય (મિથ્યાત્વ) કહે છે અહીં. એય..! રતિભાઈ! આહા..હા..! અહીં તો પરમસ્વરૂપ જે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે જે કેવળજ્ઞાનમાં જોયું (એની વાત છે).

સ્તુતિમાં આવે છે, કહ્યું હતું એકવાર, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' સર્વજ્ઞ પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવ્યા છે, એની સ્તુતિ કરતા કહે છે 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ! હે પરમાત્મા! પૂર્ણસ્વરૂપ પ્રભુ! આપે પૂર્ણતા પ્રગટ કરી અને એમાં આપે બધા આત્માને એ નિજ સત્તાએ શુદ્ધ છે એમ આપે જોયું છે. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા જે પોતાના હોવાપણે તદ્દન પવિત્રનું ધામ એવો જે પરમસ્વભાવ આત્મા એને આત્મા કહીએ. રાગ, પુણ્ય, દયા, દાન તો અણાત્મા છે, આસ્રવ છે. એક સમયની પર્યાય પણ વ્યવહાર આત્મા છે, એ (પરમસ્વરૂપ) નહિ. એથી અહીંયાં મતિજ્ઞાન આદિ નિર્મળ પર્યાયોને પણ વિભાવગુણ કરીને એનાથી પ્રભુ રહિત છે. સમજાણું કાંઈ? પાછા સ્વભાવિક ગુણ અને સ્વભાવિક પર્યાય આવશે એમાં શબ્દ. ઓલો સ્વભાવિક ગુણ અને સ્વભાવિક જુદું અને આ જુદું. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન જે ચૈતન્યના ધ્રુવને અવલંબીને પ્રગટ થયું. જેણે ભગવાન આત્માના પરમસ્વભાવસન્મુખ જોઈને જેણે સમ્યગ્જ્ઞાન—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય આદિ થયું, જ્ઞાનની પાંચ દશાઓ છે એમાં ચાર દશાઓને વિભાવગુણ તરીકે અહીંયાં કહેવામાં આવ્યા છે. એવી ચાર દશાથી ભગવાન પરમાત્મસ્વરૂપ પોતાનું રહિત છે. સમજાય એવું છે. ભાષા એવી કાંઈ આકરી નથી. મનસુખભાઈ! પણ અભ્યાસ ન મળે કોઈ દિ'. આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકની શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ. જાણવાની હતી એ થઈ. એની વાણીમાં અને એના જ્ઞાનમાં એમ આવ્યું કે તું પૂર્ણ શુદ્ધ ચૈતન્યસત્તાવાળું તત્ત્વ છો. વાણીમાં પણ એમ આવ્યું, ભાવમાં

પણ એમ આવ્યું. એવો જે ભગવાન ધ્રુવ અંદર એ કહે છે, '**મતિજ્ઞાનાદિક તે વિભાવગુણો છે અને નર-નારકાદિ વ્યંજનપર્યાયો...**' મનુષ્યનો દેહ નહિ, પણ અંદર મનુષ્યદેહની વ્યંજનપર્યાય એટલે વિભાવિકપર્યાય. મનુષ્યના આકારે આત્માના પ્રદેશોની આકૃતિ અંદર થવી, નારકીમાં નારકીના શરીર પ્રમાણે આત્માના પ્રદેશની આકૃતિ થવી એને અહીંયાં વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. જેમ પાણીનો લોટો હોય કાશીના ઘાટનો અને એમાં પાણી હોય તો લોટાનો આકાર એના પ્રમાણે પાણીનો આકાર, પણ એ પાણીનો આકાર પોતાને કારણે થયેલો છે એ આકારને અહીંયાં વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક તો અસ્તિ આવું છે એમ સિદ્ધ કરે છે અને એ અસ્તિ કહીને (પછી) નિષેધ કરે છે. આવી સ્થિતિ છે એની દશામાં. મનુષ્યપણું, નારકીપણું, દેવપણું, કીડી, કાગડાની આત્માની તે શરીરમાં રહેવાની યોગ્યતાનો આકાર એને અહીંયાં વ્યંજનપર્યાય કહે છે.

'**તે જ વિભાવપર્યાયો છે;...**' એ નરકગતિ, મનુષ્યગતિ, દેવગતિ એ શરીરની નહિ. આ તો માટી છે, આની નહિ, આની વાત નથી. એમાં આત્માનો જે અસંખ્ય પ્રદેશ છે, એનો જે આકાર એના શરીર પ્રમાણે પોતાને કારણે જે થયો છે એવી દશાને અહીંયાં વ્યંજન-પ્રગટ બાહ્યાકાર છે માટે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. એય..! રતિભાઈ! આમાં તો કાંઈ ઘરે યાદ કરે તો યાદ આવે. ઓલો સટ્ટાનો ભાવ (પૂછે તો) ફડાક... ફડાક... ફડાક... કરે. આહા..હા..! ભગવાન તારા ઘરની વાતું કરે છે અહીંયાં. તારી દશામાં આ છે, પણ તારા ધ્રુવમાં એ નથી એમ સિદ્ધ કરે છે. જુઓ, પાછું જેવું વ્યવહારનું પર્યાયનયનું સ્વરૂપ છે એવું અસ્તિપણે છે એમ સ્થાપતા જાય છે. આ સ્થિતિ સર્વજ્ઞે વ્યવહારની આ દશા આત્માની પર્યાયની નિર્મળ આદિની કે વ્યંજનપર્યાયની સ્થિતિ છે એમ છે એમ સ્થાપતા જાય છે, ઓળખાવતા જાય છે, પણ તે ધ્રુવતત્ત્વમાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ એમ અંદર સ્થાપતા જાય છે.

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જેને પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની દશા પૂર્ણ પ્રગટ થઈ એમણે ત્રણકાળ, ત્રણલોકનું થવું જોયું એણે સમય-સમયના અનંત દ્રવ્યની દશાઓને પણ જેણે જ્ઞાનમાં જાણી. એના ત્રિકાળી દ્રવ્ય-ગુણો તો જાણ્યા, પણ એની દશાઓને પણ એણે (જાણી). એ દશાઓ કહેતા જાય છે કે આવી દશા છે, આવી દશા છે. એ '**નર-નારકાદિ વ્યંજનપર્યાયો તે વિભાવપર્યાયો છે;...**' છે તો એ પણ પર્યાય અને મતિજ્ઞાન પણ પર્યાય (છે), પણ મતિજ્ઞાન આદિ નિર્મળ છે એથી એને ગુણ કરીને, કર્મની અપેક્ષા (આવે છે) માટે વિભાવ કહીને એ વિભાવગુણો કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આ એની મેળાએ વાંચે તો કાંઈ સૂઝે નહિ હોં, મનહરભાઈ! તેથી વાંચવું નહિને એમને? પણ વાંચે તો ખબર પડેને કે આ સમજાણું નહિ, તો કાંઈક સમજવા માટે પૂછાય. એય..! દરબાર! તમે વાંચો છો કોઈ દિ' નિયમસાર? આ શું કીધું સમજાય છે આ? ત્યાં નહિ બોલે.

કહે છે, પ્રભુ! તારી દશામાં... અહીં તો સમ્યગ્દર્શનની દશાની વાત છે હોં! મિથ્યાત્વની વાત છે નહિ, ભાઈ! અહીં તો મતિજ્ઞાનની વાત લીધી છેને. સમ્યગ્દષ્ટિનું જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ પણ વિભાવગુણ કહેવાય. કેમકે અપૂર્ણ અવસ્થા છે અને જેમાં કર્મના નિમિત્તની અપેક્ષા રહે છે. અને વ્યંજનપર્યાય એટલે અસંખ્યપ્રદેશી ભગવાન એનો આકાર. શરીર પ્રમાણે આકાર, કીડીમાં કીડી પ્રમાણે આકાર, ઊંટમાં ઊંટ પ્રમાણે આકાર. જુઓને, એના કેટલા અવયવો એ પ્રમાણે આત્માના પ્રદેશો એ પ્રમાણે આકારે થયા છે એ આકારને અહીંયાં વ્યંજનપર્યાય, કેમકે બાહ્ય પ્રગટ આકૃતિ છે એટલે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે.

એ '**ગુણો સહભાવી હોય છે...**' ઓલી વાત જુદી સહભાવી ગુણો. આપણે વ્યાખ્યા કરી હતી ૧૦મી ગાથાની પ્રવચનસારની. કે દ્રવ્ય.. પોપટભાઈ! પોપટભાઈ કહેતા હતા, દ્રવ્ય કહે તો ઓલા પૈસા સમજી જાય. પણ આ દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા દ્રવ્ય, પરમાણુ દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી. એને એમ કહ્યું શાસ્ત્રકારે, ભગવાને કે ત્રિકાળી ઊર્ધ્વપ્રવાહસામાન્ય તેને દ્રવ્ય કહીએ. દ્રવ્ય એટલે વસ્તુ આત્મા વસ્તુ દ્રવ્ય કોને કહીએ? કે ત્રિકાળી રહેનાર ઊર્ધ્વ એમને એમ... એમ... છે... છે... છે... એ ઊર્ધ્વ અને પ્રવાહ. છે... છેને ધ્રુવનો પ્રવાહ સામાન્ય એકરૂપતા. સમજાય છે કાંઈ? અરે..! એ તો વાત થઈ ગઈ છે આપણે. પ્રવચનસારની ૧૦મી ગાથા. સમજાણું કાંઈ? છે કે નહિ અહીં? આ પ્રવચનસાર છેને? કેટલામી કીધી? ૧૦મી. જુઓ આવ્યું. '**વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.**' દરેક આત્મા, દરેક રજકણ આ પોઈન્ટ. આ કાંઈ મૂળ ચીજ નથી. આના તો ટૂકડા કરતાં છેલ્લો પોઈન્ટ રહે એ દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુ. જેમાં અનંત શક્તિઓ અને ગુણો વસેલા (છે) તેને વસ્તુ કહીએ, તેને દ્રવ્ય કહીએ. ત્યાં ત્રિકાળી ઊર્ધ્વપ્રવાહસામાન્ય તે દ્રવ્ય છે. મહાસિદ્ધાંતો ગણધરના મુખેથી નીકળેલા. સમજાય છે કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી કોને કહીએ? કે જે ત્રિકાળ રહે અને એ આમ ઊર્ધ્વ-ઊર્ધ્વ એટલે એમ ને એમ છે... છે... છે... છે... છે... છે... રહ્યા કરે અને પ્રવાહ એ ઊર્ધ્વનો પ્રવાહ એમ ને એમ પ્રવાહ સામાન્ય એકરૂપ (રહે). એ વસ્તુ દ્રવ્યની વ્યાખ્યા છે આ. ભારે વ્યાખ્યા! પંડિતજી! આ પંડિતોએ પણ હજી બરાબર સાંભળ્યું ન હોય કેટલાકે તો. એક વાત.

'**સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે...**' આ ગુણની વ્યાખ્યા. સાથે સાથે રહેનારા એટલે કે આત્મા વસ્તુ કીધી. ત્રિકાળી ઊર્ધ્વપ્રવાહસામાન્ય. હવે એમાં જે કાયમ રહેનારા ગુણો એક સાથે. દ્રવ્યની સાથે નહિ, પણ જ્ઞાન, દર્શન, આદિ અનંત ગુણો સાથે રહે છે. ક્રમે નહિ, અક્રમે રહે છે. એ સાથે સાથે રહેનારા ભેદો, પ્રકારો તેને ગુણો કહે છે. સર્વજ્ઞના સિદ્ધાંતથી તેને આ ભાષા કહીને ભગવાને એને ગુણ વર્ણવ્યા છે. એ ગુણ અહીં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વિભાવિક જે ગુણ કહે છે એ આ નહિ. અને સહભાવી કહ્યા એ આ નહિ. ખુલાસો આવશે હોં! '**સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે અને ક્રમે**

**ક્રમે થતા ભેદો તે પર્યાયો છે.'** ત્રણે મહાસિદ્ધાંત વસ્તુના. ક્રમે ક્રમે વસ્તુમાં ક્રમે ક્રમે દશાઓ થાય એના ક્રમે ક્રમે થતાંના ભેદો નામ પ્રકાર એને પર્યાય-અવસ્થાઓ કહે છે. એવી દ્રવ્ય-ગુણની પર્યાય, ભાઈ! આ ૧૦માં (આવ્યું) એ અહીં ન લેવું.

અહીંયાં તો કહે છે કે **'ગુણો સહભાવી હોય છે...'** એટલે કે ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય દળમાં જે મતિ-શ્રુતજ્ઞાન થયા એ જ્ઞાનની દશાઓ સાથે રહે છે. મતિજ્ઞાન થાય અને શ્રુત ન હોય, શ્રુત હોય ને મતિ ન હોય એમ નથી. માટે તે જ્ઞાનની દશાઓ એને વિભાવગુણ કહીને એ ગુણો એટલે પર્યાયો સાથે રહે છે એને અહીંયાં સહભાવી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ અગમ્યગમ્યની વાતું છે. એવું સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જાણી અને ૐ ધ્વનિ દ્વારા પરમાગમ આવ્યા એ આ વાત છે. એ વાત બીજા શાસ્ત્રોમાં આવી વાત હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમાત્મા હોયા વિના અને એના કથનોની પરંપરા આવ્યા વિના આ વાત હોઈ શકે નહિ. એવી ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? **'ગુણો સહભાવી હોય છે...'** એટલે શું કહ્યું અહીંયાં? કે મતિ, શ્રુતજ્ઞાન, અવધિ એક સાથે હોય છે.

**'અને પર્યાયો ક્રમભાવી હોય છે.'** નારકીગતિની આકૃતિ વખતે, મનુષ્યગતિની આકૃતિ ન હોય. મનુષ્યગતિની આકૃતિ વખતે દેવગતિની આકૃતિ ન હોય. એટલે એ વ્યંજનપર્યાય ક્રમે ક્રમે એક.. એક.. એક... ભિન્ન-ભિન્ન હોય છે અને મતિજ્ઞાન આદિ દશાઓ વિભાવગુણો એક સાથે હોય છે. સમજાણું કાંઈ? **'ક્રમભાવી...'** અને પર્યાયો એટલે નરકગતિ, મનુષ્ય... નરકગતિ વખતે મનુષ્યગતિ હોય? મનુષ્યગતિ વખતે દેવગતિ હોય? દેવગતિ વખતે મનુષ્ય ગતિ હોય? ગતિ તો એક જ હોય. એટલે એ ગતિ ક્રમે ક્રમે એક જ હોય એને અહીંયાં ક્રમવર્તી, ક્રમભાવી પર્યાયો કહેવામાં આવે છે ઓલા વ્યંજન પર્યાયની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આ ગતિની અપેક્ષાની વાત છે. ઓલા અનંતગુણો જે સાથે છે એની પર્યાયો થાય ક્રમે એ અત્યારે વાત નથી. અરે..! ક્યાં કહેવું શું? સમજાણું કાંઈ?

અહીંયાં તો પરમાત્મા ત્રિકાળી પ્રભુ. સચ્ચિદાનંદ આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ શક્તિઓનો સંગ્રહાત્મક મોટો ભંડાર છે. સમજાણું કાંઈ? ગોદામ છે મોટું. અમારે વળી ત્યાં પાલેજ યાદ આવી ગયું. ત્યાં ગોદામ છેને એને મોટા. ધંધાના ૧૩ તો મોટી વખાર છે ગોદામ-ગોદામ. સમજાણું કાંઈ? આ મોટી ગોદામ છે. ધૂળમાં કેટલું સમાતું હશે ત્યાં? આહા..હા..! ભગવાન! તારામાં તો થપ્પીની થપ્પી, ગુણની થપ્પીની થપ્પી પડી છે. પણ ફેર એટલો કે ઓલી એક ગુણ ઉપર બીજી ગુણ (હોય) એમ આમાં નથી. આમાં બધા ગુણો એક સાથે અવિનાભાવી વ્યાપક છે. જેમ સોનામાં પીળાશ, ચીકાશ, વજન એક સાથે વ્યાપેલું રહેલ છે એમ ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શક્તિ એક સાથે આમ વ્યાપેલી છે. એને ગુણ કહીએ, પણ એની અહીં વાત નથી. અહીં તો પ્રગટેલી દશાઓ જે ઊણી અને અધૂરી છે અને એક સાથે દશાઓ છે મતિ, શ્રુત આદિ એને વિભાવગુણ

કહ્યા અને વ્યંજનપર્યાયને ક્રમભાવી-એક ગતિ વખતે બીજી ગતિ ન હોય આવું સ્થાપન કર્યું, છતાં '**પરમાત્મા આ બધાથી વ્યતિરિક્ત છે.**' આહા..હા..!

ભગવાન અંદર ચૈતન્ય ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દષ્ટિનું ધ્યેય, જે ધર્માત્મનું લક્ષ અને સ્વજ્ઞેય આહા..હા..! એ પૂર્ણ ધ્રુવ પરમાત્મસ્વરૂપ એમાં આ વિભાવિક ગુણો અને વિભાવીક ક્રમભાવી પર્યાયો નથી. ઈન્દ્રજાળ આવ્યું નહોતું? હે ભગવાન! એકકોર ધ્યાનાવળી છે એમ કહો અને વસ્તુમાં નથી એમ કહો, ઈન્દ્રજાળ છે પ્રભુ તારા કથનની શૈલી! એ અનેકાંતની શૈલી જ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું! કહે છે એ પરમાત્મા.. જુઓને ભાષા પરમાત્મા જ અહીં વાપરી છે. વસ્તુ જે ત્રિકાળ છે એને પરમાત્મા શબ્દ વાપર્યો છે. આહા..હા..! અને એ પરમાત્મા થવાની કળા શું એ અહીં સમજાવાય છે. આહા..હા..! ઓલા કહે છેને ભગવાન થવાની આ રીત છે. ભગવાન શી રીતે થાય? ધૂણીને થાતા હશે? નાગા થઈને થાતા હશે? અરે! અહીં તો દયા, દાન અને વ્રતના પરિણામથી પણ ભગવાન થવાતું નથી. કેમકે ભગવાનમાં એ નથી અંદરમાં. જેમાં નથી એનાથી દશા થાય (એમ) બની શકે નહિ ત્રણકાળમાં. સમજાણું કાંઈ?

કહે છે ચાર વાત થઈ. '**પરમાત્મા આ બધાથી વ્યતિરિક્ત છે.**' એટલે ભિન્ન છે. ધ્રુવસ્વરૂપ તો આ ચાર આ વિભાવગુણ અને આ વિભાવવ્યંજનપર્યાય એનાથી રહિત છે. હવે સરવાળો કરે છે. '**ઉપરોક્ત...**' ઉપર કહ્યા જે શરીર '**નોકર્મ...**' આઠ કર્મ કર્મ, એ '**નોકર્મો અને દ્રવ્યકર્મોથી રહિત...**' જોયું! બે કહ્યા હતા અને દ્રવ્ય '**તથા ઉપરોક્ત સમસ્ત વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત...**' ભિન્ન છે ભગવાન અંદર. આહા..હા..! ત્રણલોકનો નાથ સ્વભાવિક સાગર ચૈતન્યના આનંદનો સાગર ભગવાન અંદર. આહા..હા..! પામર પ્રાણીને કેમ બેસે આવો, પ્રભુ! હું આવો પરમાત્મા બેસવું એને ગળે ઉતરવું કઠણ. તેથી બીજા પરમાત્માને ઠરાવીને (એમ કહે), હે ભગવાન! તું કરજે કાંઈ કરવું હોય તો. પોતાની શક્તિની પરમસ્વરૂપતા પરમાત્મદશા બેઠી નહિ એટલે ક્યાંક નાખવું તો પડે. હે ધણી! તારજે તું હવે. એલા પણ તારજે ત્યારે એ તારે તને અને કોક બીજાને ન તારે એનો અર્થ શું? પક્ષપાત છે ત્યાં? બાપુ! તું તારા સ્વભાવનું ભાન કર અને તું તર એમ ભગવાને કહ્યું છે. આહા..હા..! શું થાય? એવા જગતને પરાધીન માની-માનીને સ્વતંત્ર પરમાત્મા ખોવાઈ ગયો એને અંદરમાંથી. સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..! '**ઉપરોક્ત...**' ઉપરોક્ત છેને? ઉપર ઉક્ત, ઉપર જે કહ્યું એવા ચાર શરીર, આઠ કર્મ એટલે નોકર્મો અને કર્મ એનાથી રહિત છે ધ્રુવ. પરમાત્મસ્વરૂપ જે ધ્રુવ છે એ એનાથી રહિત છે, એમ વિભાવગુણપર્યાયોથી રહિત છે. બેય ભેગા કરી નાખ્યા. વિભાવગુણપર્યાયોથી. વિભાવગુણ ઓલા મતિજ્ઞાન આદિ અને વ્યંજનપર્યાય એ વિભાવવ્યંજનપર્યાય એનાથી જુદું તત્ત્વ છે. '**તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,...**' ભગવાન સ્વભાવિક

ગુણના ભેદોથી તો સહિત છે. સમજાણું કાંઈ? આ શું કીધું? ઓલી ગુણપર્યાય કીધી હતી. અનંતા અનંતા સ્વભાવ ગુણોનો જે પ્રકાર એનાથી ભગવાન સહિત છે.

અથવા સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ જ્યારે ધ્યાન કરે ધ્યેયનું ત્યારે એની દશામાં ગુણની પર્યાયો જે નિર્મળ છે અને ગુણો જે છે એ ગુણ અને નિર્મળ પર્યાયસહિત ભગવાન છે. પ્રમાણનો આખો વિષય બતાવે છે. સમજાણું કાંઈ? આ ગાથાઓ લાલચંદભાઈએ એવી મૂકી છે માલ-માલ મૂક્યો છે. એ.. મનસુખભાઈ! તમને તો કાઢતા પણ ન આવડે અંદરથી. કઈ ગાથા વાંચવી? તો કહે, તમને ઠીક પડે એ વાંચો એમ કહે ત્યાં જઈને. કાંઈક કહ્યું હતું ખરું નહિ શું? શું વાંચ્યું હતું આપણે ત્યાં? કર્તાકર્મ. કઈ ગાથાઓ? ૭૨-૭૩. એ તમારા શેઠે કહ્યું હતું નેમિદાસભાઈએ. નેમિદાસભાઈએ કહ્યું ૭૨-૭૩ રાખો, અમારે ગામ સાધારણ છે, અનુકૂળ રહે. પછી બે વખત વાંચ્યું હતુંને? બીજું શું વાંચ્યું હતું? બધું એ જ વાંચ્યું હતું આપણે. સાંજ-સવાર એ જ. ત્યાં પણ લોકો બહુ હોં. બહુ માણસ ઉભરાય. આહા..હા..! ૩-૩ હજાર, ૪-૪ હજાર. બહારમાં છાપ પડી જાય. કાંઈક કહે છે કાંઈક. સાંભળો. પોરબંદર પણ એટલું માણસ અને આ લોકોનો ઉત્સાહ અને પ્રેમ ઘણો.

કહે છે... આહા..હા..! ભગવાન! તારા જે સ્વભાવિક ગુણો છે સહજ અને એની નિર્મળદશાઓ અથવા સ્વભાવિક ગુણોના પ્રકારો એનાથી પ્રભુ સહિત છે. આનાથી રહિત છે, આનાથી સહિત છે. અનેકાંત કર્યું. આ શું કહે છે? ધર્મને સમજવા માટે આવા બધા પ્રકારો જાણવા પડતા હશે? પણ એનામાં શું છે અને શું નથી એ જાણ્યા વિના ક્યાંથી ખસવું અને ક્યાં જવું એની ખબર શી રીતે પડશે? સમજાણું કાંઈ? ક્યાંથી ખસવું અને ક્યાં જવું? તો કહે છે કે રાગાદિ પર્યાય, વિકારાદિ પર્યાયો કે વિભાવગુણ આદિ પર્યાયો છે એમાંથી ખસવું છે અને જાવું છે ધ્રુવસ્વભાવમાં. ધર્મીની દૃષ્ટિ સમ્યક્ થતાં તેને ધ્રુવ સ્વભાવમાં જાવું છે અને પછી પણ શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન આદિ થવા છતાં એની દૃષ્ટિ સદા નિરંતર ધ્રુવ ઉપર વર્તતી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ આવે છેને? બધું સમજે તો તો ન્યાલ થઈ જાય.

'**તેમ જ સ્વભાવગુણપર્યાયોથી સંયુક્ત,..**' છે. કેવો છે ભગવાન ત્રિકાળ? હવે દ્રવ્ય લે છે. ગુણ-પર્યાયથી સહિત કીધો પણ વસ્તુ? એકરૂપ '**ત્રિકાળ-નિરાવરણ...**' આહા..હા..! એ ધ્રુવને આવરણ નથી કોઈ દિ'. આહા..હા..! એવા તત્ત્વની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. અહીં દેવ-ગુરુ-શાસ્ત્રને માનો અને અમને માનો માટે તમારે થઈ ગયું સમકિત. રખડી મરશો. ધૂળેય સમકિત નથી એને. એય..! પ્રાણભાઈ! અહીં તો આ છે. .. કાયમ આવતા હોં મુંબઈમાં. ત્યાં અગ્રેસર કહેવાય છે સંપ્રદાયના. મૂકીને આવે ખરા. ત્યાં પણ રાખે પાછા. સમજાણું કાંઈ? કહે છે.. આહા..હા..! ભારે વાતું, ભાઈ! ત્રિકાળ નિરાવરણ ભગવાન પ્રભુ અરે! એને આવરણ શા? વસ્તુને આવરણ શું? કર્મનું નિમિત્તપણું તો પર્યાયમાં હોય છે

અને હીણી દશા પણ પર્યાયમાં હોય છે. વસ્તુને હીણું અને આવરણ કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શનનું ધ્યેય બનાવવું છે, જેને ધર્મની દશા પહેલી પ્રગટ કરવી હોય અને પછી પણ પ્રગટ કરવી હોય એને ધ્રુવ ઉપર નજર નાખ્યે પ્રગટ થાય એવું છે કે જ્યાં મોટી ખાણ ગોદામ પડ્યા છે ગુણના. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**નિરંજન પરમાત્માને...**' હવે આવો જે ભગવાન એને '**ત્રિગુપ્તિગુપ્ત (-ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત એવી)...**' એને મન, વચન, કાયાના વિકલ્પથી રહિત થઈ. '**પરમસમાધિ વડે...**' પરમ શાંતિ (વડે). રાગ અને વિકલ્પ એ અશાંતિ છે, એનાથી રહિત છે તો રહિતની દશા પરમસમાધિવાળી દશા એને પહોંચી વળે છે. આહા..હા..! હજી તો વાત પકડવી કઠણ પડે. કહે છે કે '**પરમસમાધિ વડે જે પરમશ્રમણ...**' પરમ મુનિઓ ધર્માત્મા. અહીં આલોચનાની વ્યાખ્યા છેને? ચારિત્રની વ્યાખ્યા છેને? કે જે ચારિત્રવંત સંત હોય એની અંતર દશા ધ્રુવમાં જવા માટે મન, વચન અને કાયાથી ખસીને, વિકલ્પથી ખસીને ત્રણ ગુપ્તિથી અંદરમાં ધ્યાનમાં જાય છે. એવો જે ભગવાન આત્મા '**પરમશ્રમણ સદા અનુષ્ઠાનસમયે...**' દેખો! એ આવ્યું. ભાઈ! શું કહે છે જોયું આ? કે ધ્યાનમાં આચરણને સમયે આ માને ત્યારે એનું આચરણ સાચું છે. આમ શુદ્ધ છે અને ત્રિકાળ નિરાવરણ છે એમ નહિ, પણ ત્રિકાળ નિરાવરણ એને વિકલ્પરહિત થઈ અને નિર્વિકલ્પસમાધિ દ્વારા '**સદા અનુષ્ઠાનસમયે...**' એ ચારિત્રના આચરણને કાળે. આહા..હા..! '**વચનરચનાના પ્રપંચથી પરાઙ્મુખ વર્તતો થકો...**' વાણી અને વિકલ્પથી રહિત થઈને આવા સ્વરૂપને જે '**ધ્યાવે છે,...**' એ ધ્યાનમાં લઈને એમાં ધ્યાન એનું ધ્યાવન કરે છે, ધ્યાવે છે, આ વસ્તુના ધ્રુવને ધાવે છે. ધાવે છે એટલે ધ્યાન કરે છે. ધ્યાવે છે એટલે એમાંથી ચુસે છે આનંદનો રસ. '**તે ભાવશ્રમણને...**' તે સાચા સંતને '**સતત નિશ્ચયઆલોચના છે.**' એને નિરંતર આલોચના.. સાંજે કરવા બેસે આલોચના ત્યારે છે એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી.

કહે છે.. ભાષા કેટલી છે? પરમસાધુ મહામુનિ ચારિત્રવંત જેને આનંદદશાની ઉગ્રતા વધી ગઈ છે સમાધિ. સમાધિ એટલે? આધિ, વ્યાધિ અને ઉપાધિરહિત આનંદની દશાને સમાધિ કહે છે. આધિ એટલે મનના સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ એટલે શરીરનો રોગ, ઉપાધિ એટલે સંયોગી ચીજ. સંયોગી ચીજ, વ્યાધિ, ઉપાધિ, વ્યાધિ અને આધિ. સંકલ્પ-વિકલ્પ દયા, દાન આદિના પણ છોડી દઈને જે શ્રમણ પોતાના અનુષ્ઠાનના આચરણને કાળે આવા આત્માને ધ્યાનમાં લે છે તે સાધુને સંવર અને નિર્જરા અથવા ચારિત્ર હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સતત નિશ્ચયઆલોચના છે.**' નિરંતર આલોચના ચોવીસ કલાક એમ કહે છે. 'સદા' છેને. જેણે અંતર ધ્યાનમાં ભગવાન પૂર્ણાનંદને લીધો છે અને એના આચરણના કાળે તે સ્વરૂપમાં ઠરવાના ચારિત્રના કાળમાં એટલે શુદ્ધિના સંવર અને આલોચનના કાળમાં જે આ સ્વરૂપને

ધ્યાવે છે એને ચારિત્ર અને સાચું આલોચન અને સંવર એટલે વિકાર અટકી ગયેલા એને કહેવામાં આવે છે. વાત યાદ રાખવી કઠણ પડે. બાપા! તારી .. તારી તો ચીજ એવી છે કે ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી ... કરવાની છે. એવી તારી ચીજ છે. પણ એને સાંભળવા મળે નહિ, સમજવામાં દરકાર નહિ, વિચારમાં બીજે રસ્તે ચડી ગયો એને આ રસ્તે આવવું, ગુલાંટ ખાઈને ચૈતન્યના દ્રવ્ય ઉપર આવવું ઘણું એને મુશ્કેલ અને મોંઘુ પડી ગયું છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! ગાથા પૂરી થઈને હવે, ભાઈ!

બે કળશ છે એમના હજી એમની માગણીમાં. ૨૦૮ અને ૨૦૯. આવા ધર્માત્માને નિરંતર સંવર અને નિર્જરા ધર્મની દશા આલોચના નિરંતર વર્તતી હોય છે. સમજાણું કાંઈ? હવે ૨૦૮ કળશ, ૨૫૬ પાનું. એમાં ૨૦ મિનિટ રહી. લાલચંદભાઈએ.. બે શ્લોક. પણ અહીંયાં વ્યાખ્યાન હવે આ ફેરીનું છેલ્લું છે. ઠીકને રતિભાઈ! આ ફેરીનું છેલ્લું છેને. વળી ક્યારે અવાય અને શું થાય એ જુદી વાત છે. .. એમાં શું કીધું? ના, ના, એમ નથી કહ્યું. આ તો આ ફેરી એટલે અત્યારે છેલ્લું છે. વખત ફરીને અવાય અને જ્યારે શરૂ થાય એ વળી જુદી વાત છે એમ. કહો, સમજાણું કાંઈ? એક જણો કહેતો હતો, થઈ રહ્યું પછી અહીંયાં કોઈ આવવાનું છે નહિ એમ થઈ ગયું.

૨૦૮ કળશ છેને.

(शिखरिणी)

विकल्पोपन्यासैरलमलममीभिर्भवकरैः
अखंडानन्दात्मा निखिलनयराशेरविषयः।
अयं द्वैताद्वैतो न भवति ततः कश्चिदचिरात्
तमेकं वन्देऽहं भवभयविनाशाय सततम्।।२०८।।

**'શ્લોકાર્થ :- ભવના કરનારા એવા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ,... '** આહા..હા..! કહે છે કે શુભ અને અશુભના વિકલ્પોના ભાવ એ તો ભવના કરનારા છે. એ વ્રત ને નિયમ ને અપવાસ ને આ બધા વિકલ્પ જે ઉઠે છે એ તો ભવના કરનારા છે, એમ કહે છે. એ ભવના કરનારા આ વિકલ્પ-કથનોથી બસ થાઓ. બે વાર છેને? **'अलमलम'** **'બસ થાઓ, બસ થાઓ.'** આહા..હા..! ભગવાન આત્મા અનંત-અનંતગુણનો ધણી એમ જે ભેદ પાડીને વિકલ્પ ઉઠે એનાથી બસ થાઓ હવે. સમજાણું કાંઈ? આત્મા આવો છે ને અભેદ છે અને સામાન્ય છે અને પ્રવાહરૂપ છે ને ધ્રુવ છે ને ઊર્ધ્વ છે ને ત્રિકાળી છે એવા વિકલ્પથી પણ બસ થાઓ હવે. સમજાણું કાંઈ?

ઓલામાં આવે છે, 'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં, કાહુકે કહે કબહુ ન સૂજે નાથ લોકલાજ સબ ડારી. કાહુકે કહે અબ કબહુ ન સૂજે લોકલાજ સબ ડારી. જૈસે અમલી અમલ કરત સુને લાગ રહી જે ખુમારી.' અફીણ પીવેને એ વખતે એની ખુમારી

ચડી જાય, એમ પ્રભુ તારા ધ્યાનમાં અમને અંદર ખુમારી ચડી જાય છે, એ ખુમારી આગળ અમને બધું બસ થઈ જાઓ હવે. એ વિકલ્પો જે ભાવ શુભ-અશુભ બેય સંસારના કરનારા બસ થાઓ. આહા..હા..! ભવના કરનારા એવા વિકલ્પના કથનથી બસ થાઓ. કથન શબ્દે તો વાણી છે, પણ વિકલ્પનો ભાવ છે એમાં. જે અખંડાનંદ સ્વરૂપ છે... એ ચોપાનીયું નીકળે છે અમદાવાદમાં એક અખંડાનંદ. એ નહિ, અહીં તો અખંડાનંદ આત્મા પોતે એકલો છે અખંડાનંદ. સમજાણું કાંઈ? બધા થઈને નહિ. અખંડાનંદ સ્વરૂપ પ્રભુ છે. કેમ એમ કહે છે? કે જે અતીન્દ્રિય આનંદ અખંડ આનંદસ્વરૂપ (છે). ખંડ નથી, ભેદ નથી એવો અખંડ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ જેનો અખંડ છે એવો ભગવાન આત્મા છે. આહા..હા..! ઈન્દ્રિયના વિષયોની કલ્પના બસ થાઓ હવે બસ થાઓ. એ અમારામાં નથી. સમજાણું કાંઈ? આ સમાધિનો અધિકાર છેને. ઓલો આલોચનાનો હતો. સમાધિ છેને, પરમસમાધિ.

**શ્રોતા** :- ધારાવાહી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધારાવાહી. ડુંગરમાંથી પાણીના ઝરણા ઝરે એ ધારાવાહી થાય કે નહિ? કે રોકાય? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ એની જ્યાં દૃષ્ટિ અને સમ્યક્ થયું, અનુભવની ધારા સદાય વહે. બાપુ! ધર્મ કોઈ બીજી ચીજ. દુનિયા ક્યાંય માનીને બેઠી છે. મિથ્યાત્વને સેવતા હોય અને માને કે અમે ધર્મ કરીએ છીએ. આહા..હા..! કહે છે એવો અખંડાનંદ પ્રભુ ધ્રુવધારા. પ્રવાહ આનંદનો પ્રવાહ ઊર્ધ્વસામાન્યરૂપ એક અખંડ ત્રિકાળ, એવો આ આત્મા જોયું! આહા..હા..!

'**તે સમસ્ત નયરાશિનો અવિષય છે;...**' એ વિકલ્પથી જે નય આ નિશ્ચય આવો છે અને વ્યવહારે આવો છે, પૂર્ણ શુદ્ધ તે આમ છે, એ આત્મા અબદ્ધ છે એવો જે નિશ્ચયનયનો વિકલ્પ અને આ રાગ છે અને વ્યંજનપર્યાય છે અને આ મતિજ્ઞાનના વિભાવગુણ છે એવો જે વિકલ્પ, એવા વિકલ્પનો એ વિષય નથી. એવા વિકલ્પે તે આત્મા ધ્યેયમાં આવતો નથી. આહા..હા..! '**સમસ્ત નયરાશિનો અવિષય છે; માટે આ કોઈ આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી...**' એટલે? આ ગુણપર્યાયવાળો દ્વૈત છે એવો જે વિકલ્પ અને ગુણપર્યાયરહિત દ્રવ્ય એકલું છે અદ્વૈત એવો વિકલ્પ એ બેય જેનામાં નથી. શું કીધું સમજાણું? આત્મા દ્વૈત કે અદ્વૈતરૂપ નથી. દ્વૈત અને અદ્વૈતના વિકલ્પથી પર છે. 'હું એક અખંડાનંદ છું' એવો પણ એક વિકલ્પ થાય અને 'મારી દશામાં અપૂર્ણતા છે' એવો પણ એક વ્યવહારનો વિકલ્પ, બેય વિકલ્પથી રહિત છે ઈ. સમજાણું કાંઈ?

'**કોઈ આત્મા દ્વૈત કે અદ્વૈત નથી. તેને એકને હું...**' ઓહો..! મુનિ પોતાની વાત કરતા જાય છે અને જગતને સમજાવે છે. મુનિ છે આ ટીકા કરનાર. વિકલ્પ પંચમહાવ્રતનો હોય છે, પણ નિશ્ચય અંતરના આનંદની દશામાં રમતા હોય છે. સવારે કહ્યું હતુંને, સુવર્ણપાષાણ.

અંતરના આનંદદશાનું નિશ્ચયતત્ત્વ એ અનુભવે છે. જોડે વિકલ્પ પણ થોડો છે એને વ્યવહાર કહેવામાં આવે છે. સુવર્ણપાષાણ શુદ્ધતા પ્રગટી છે એને વિકલ્પ બાકી રહી ગયા એને વ્યવહાર કહેવામાં આવે છે. એની દશા પ્રમાણે એને પંચમહાવ્રતના વિકલ્પ આદિ હોય. મુનિની દશા પ્રમાણે એને નગ્નદશા હોય, છ આવશ્યકની ક્રિયાનો વિકલ્પ, પણ એ બધો વ્યવહાર બંધનું કારણ વચમાં આવે, પણ ઓલો નિશ્ચય અનુભવ અને દૃષ્ટિની સ્થિરતા હોય એને.

એ અહીં કહે છે. અરે! આવો જે ભગવાન એક એને **'હું અલ્પ કાળમાં...'** 'अचिरात्' છેને? **'અલ્પ કાળમાં...'** વળી ક્રમબદ્ધમાં અલ્પકાળ ક્યાંથી આવ્યો પાછો? ક્રમબદ્ધમાં મોક્ષ જાયને. ક્રમે તો મોક્ષ જાય. ક્રમે તો જ્યારે થવાનું હોય ત્યારે થાય. વળી અલ્પકાળ ક્યાંથી આવ્યો ત્યાં? અરે! સાંભળને. ક્રમે-ક્રમે પર્યાય થવાની તે થવાની, પણ એ ક્રમે-ક્રમે થનારની દૃષ્ટિ જ્ઞાયક ધ્રુવ ત્રિકાળી નિરાવરણ ઉપર દૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? અને તે દૃષ્ટિ અને એમાં સ્થિરતા જામી ગઈ સમાધિની એને અલ્પકાળમાં જ કેવળ હોય એને 'अचिरात्' કહેવામાં આવે છે. ક્રમબદ્ધમાં ફરતું નથી એમાં, પણ આવી જેને અંતરની સમાધિ લાગી ગઈ છે એને અલ્પ કાળે કેવળજ્ઞાન નજીકમાં છે એમ બતાવે છે. આરે.. આરે.. ભારે વાતું! એક-એક વાતમાં ફેર પડે મોટો ઉગમણો, આથમણો ફેર પડી જાય. સમજાણું કાંઈ? ક્રમબદ્ધના વાંધા છેને. પંડિતજી! 'એમ ન હોય, જે સમયે જે થાય એ તો નિયતવાદ થઈ જાય, એ એકાંતવાદ છે' હવે સાંભળને તને નિયતવાદની ખબર નથી. એકાંતવાદ કોને કહેવો? અનેકાંતનું અંતર જ્ઞાન થયા વિના ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ક્રમબદ્ધ જ થાય છે. જે સમયે જે અવસ્થા જે દ્રવ્યની જ્યાં થવાનો તે કાળે હોય, પણ એની પ્રતીતિ કોને હોય? જેણે ત્રિકાળી નિરાવરણ આનંદ ધ્રુવને ધ્યેય બનાવીને ભાન કર્યું હોય તે ક્રમસર થાય એનો એ જાણનાર રહે છે અને આવા જાણનારને અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય એને 'अचिरात्' કહેવામાં આવ્યું છે. અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ?

**'ભવભયનો નાશ કરવા માટે...'** આહા..હા..! અરે! ચોર્યાસીના ભવના હારલા અનંતા કર્યા. એના અભાવ માટે હું **'સતત વંદું છું.'** આવા ધ્રુવને હું આદર કરું છું એમ કહે છે. નિત્યાનંદ પ્રભુ એને વંદન કરું છું. આહા..હા..! સમજાય છે કાંઈ? પરમાત્મા ત્રિલોકનાથને પણ વંદન કરવું એ વિકલ્પ છે. આહા..હા..! પુણ્યબંધનું કારણ છે અને એમાં ધર્મ માને તો મિથ્યાત્વસહિતનું પુણ્ય એને બંધાય. અહીંયાં તો કહે છે કે આવો જે ભગવાન નિત્યાનંદનો નાથ હું પોતે છું એક સ્વરૂપે એ અલ્પકાળમાં મારે કેવળજ્ઞાન લેવા માટે, ભવભયનો નાશ કરવા માટે આને સતત વંદું છું. એવા તત્ત્વને નિરંતર મારો તત્ત્વ ઉપર આદર છે. પર્યાયના ગુણભેદનો આદર મને નથી. ભારે વાતું આવી!

**શ્રોતા :-** નિષેધ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અદ્વૈત વિકલ્પ. જેમ એક છું, અદ્વૈત છું એવો વિકલ્પ. ૧૪૩ ગાથામાં આવે છેને? ૧૪૩. હું અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું, અભેદ છું એ વિકલ્પ એનો નિષેધ છે. નિશ્ચયનયનો વિષય છે એ તો વિષય છે. સમજાણું કાંઈ? **'અલ્પ કાળમાં ભવભયનો નાશ કરવા માટે સતત વંદું છું.'** એ ૨૦૮ થયો. હવે ૨૦૯.

(शिखरिणी)

सुखं दुःखं योनौ सुकृतदुरितव्रातजनितं
शुभाभावो भूयोऽशुभपरिणतिर्वा न च न च।
यदेकस्याप्युच्चैर्भवपरिचयो बाढमिह नो
य एवं संन्यस्तो भवगुणगणैः स्तौमि तमहम्।।२०९।।

નવમો શ્લોક છે આ. ૨૦૯મો છેને. અફર આંકડો નવ. કહે છે, **'યોનિમાં સુખ અને દુઃખ સુકૃત અને દુષ્કૃતના સમૂહથી થાય છે...'** આહા..હા..! ચોર્યાસીની યોનિમાં ઊપજવું. ચાહે તો દેવમાં ઊપજે અને ચાહે તો નરકમાં ઊપજે. એ બહારના સંસારી સ્વર્ગના સુખો એ સુકૃત નામ પુણ્યથી થાય છે અને નરક આદિના દુઃખો તે દુષ્કૃત નામ પાપથી થાય છે. **'(અર્થાત્ ચાર ગતિના જન્મોમાં સુખદુઃખ શુભાશુભ કૃત્યોથી થાય છે). વળી બીજી રીતે (–નિશ્ચયનયે), આત્માને શુભનો પણ અભાવ છે...'** ભગવાન આત્મા એને એ દયા, દાન, વ્રતના વિકલ્પનો પણ અંદરમાં અભાવ છે. વસ્તુ તો વસ્તુ આવી ગઈ, હવે બીજી રીતે એને સ્પષ્ટ કરે છે. શુભ-અશુભભાવ છે એ તો ચાર ગતિના બંધનું જ કારણ છે, ભવભ્રમણનું જ કારણ છે. અને નિશ્ચયથી જોઈએ તો આત્માને એ શુભનો પણ અભાવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ તત્ત્વમાં છે નહિ. આહા..હા..! ભારે વાતું પણ!

**'તેમ જ અશુભ પરિણતિ પણ નથી–નથી,...'** એ ભગવાન આત્મામાં અશુભભાવ, પાપભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ વસ્તુમાં છે નહિ. **'કારણ કે આ લોકમાં એક આત્માને (અર્થાત્ આત્મા સદા એકરૂપ હોવાથી તેને) ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** આહા..હા..! પ્રભુ ચૈતન્યદળ આનંદનો નાથ એવી ચીજ એને ભવના કારણ અને ભવનો પરિચય નથી. આહા..હા..! એને તો મોક્ષના સ્વભાવનો પરિચય છે અંદરમાં એમ કહે છે. સમજાણું કાંઈ? **'આ લોકમાં એક આત્માને...'** ભગવાન એકરૂપે ત્રિકાળી આનંદસ્વરૂપ ધ્રુવ, એને તો **'ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.'** આહા..હા..! એટલે કે જેણે ધ્રુવસ્વરૂપમાં ધ્યેય કરીને ધ્યાન કર્યું એને ભવનો અભાવ થાય છે, એને ભવ હોઈ શકે નહિ. કારણ કે વસ્તુમાં ભવનો પરિચય નથી. વસ્તુમાં ભવ અને ભવના કારણો નથી. એટલે ભવ અને ભવના કારણરહિત એવો ભગવાન એને દૃષ્ટિમાં અને અનુભવમાં લે એને ભવનો અભાવ થઈ અને નિર્મળાનંદ આત્માની દશા પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

**'આ રીતે જે ભવના ગુણોથી—વિભાવોથીરહિત છે)...'** લ્યો ભાષા! ચાર ગતિ જે ભાવે થાય એ ભવના ગુણો કહેવાય. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એ બધા વિકલ્પો ભવના ગુણ કહેવાય, ભવને આપનારા કહેવાય. ભવનો ગુણ બતાવે. ભવના ગુણોના સમૂહથી (રહિત) પ્રભુ છે. તેનો તે ત્યાગી છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'શુભ-અશુભ, રાગ-દ્વેષ વગેરે ભવના ગુણોથી—વિભાવોથીરહિત છે)...'** પ્રભુ. **'તેને (નિત્ય શુદ્ધ આત્માને)...'** જેમાં ભવનો અને ભવના ભાવનો સંગ નથી દ્રવ્યને, વસ્તુને. આહા..હા..! એવો રાગથી રહિત અસંગ પ્રભુ (એને) **'હું સ્તવું છું.'** 'હું એની સ્તવના કરું છું, હું એના વખાણ કરું છું એટલે એમાં એકાગ્ર થાઉં છું.' એનું નામ સ્તુતિ અને એનું નામ વંદન કહેવામાં આવે છે. બીજાની સ્તુતિ હવે હું કરતો નથી એમ કહે છે. લ્યો, 'હું સ્તવન કરું છું' એ સ્તુતિ છે એની. પુણ્ય-પાપના ભવના ભાવથી રહિત એવું તત્ત્વ એમાં અનુભવ કરવાથી એને વંદુ અને સ્તુતિ કરું છું એમ કહેવામાં આવે છે અને ભવનો અભાવ ત્યાં થવાનો પ્રસંગ નજીકમાં છે. કારણ કે ભવના અભાવવાળો આત્મા, જેને ભવનો પરિચય નથી એનો જ્યાં આદર કરીને અનુભવ કર્યો એને ભવ રહેતા નથી. એને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈને મુક્તિ થાય છે. એ છેલ્લો બોલ આવ્યો તમારે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭૬૨

.... જે ભાવને આલંબન છે એને દયા, દાન, વ્રતના વિકલ્પ નહિ. કારણ કે એમાં તો પરનું આલંબન... આવે છે. એ વિભાવ છે, એ ધર્મથી ઊલ્ટી દશા છે. અધર્મ ન કહેતા ઊલ્ટી દશા કીધી. કઠણ ન લાગે. સમજાણું કાંઈ? જેનાથી જન્મ-મરણના અંત આવે એવો જે ધર્મભાવ નિર્વિકલ્પ શાંતિ અને આનંદ અને સ્વચ્છતા અને રાગરહિત વીતરાગદશા એ મુક્તિનું કારણ. એ વીતરાગદશાના ભાવને આલંબન આત્માનું-આત્માના સ્વભાવનું એમ કહેવું છે. આત્માના સ્વભાવનું એ વીતરાગી ધર્મભાવને આલંબન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મસ્વરૂપ જેનું આલંબન છે.'** આત્મસ્વપરૂપ જેનું આલંબન છે. પુણ્ય-પાપના રાગભાવ એનું આલંબન કાંઈ આત્મા નથી. એ તો બધો પરલક્ષી વિભાવ સંસારભયમય દુઃખમય એનું એ કારણ છે. ચાહે તો શુભ હો કે અશુભ હો, સંસારના ભયને ઉત્પન્ન કરનાર એવો એ ભાવ છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભભાવ પોતે સંસાર છે, દુઃખ દાવાનળ છે. ભાઈ! એને ખબર નથી. એને ઓલવવાનું સાધન એ

ભગવાન આત્મા પોતાની વીતરાગી દશા એવો જે ભાવ એ રાગને ઓલવવાનું સાધન છે. એ સાધનને આલંબન આત્માના સ્વરૂપનું છે. સમજાણું? છેને? આત્મસ્વરૂપ આલંબનભાવેન. પર્યાય અને દ્રવ્ય બેય એક પદમાં મૂકી દીધા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કાલે તો આ .. ત્રણ અત્યારે જ હતું લ્યો. નેમિદાસભાઈને ઘરે ગયા. રાડ પાડે. સાત-આઠ લાખ રૂપિયા છે, બંગલા છે, લાખ-દોઢ લાખનો તો દાગીનો હીરાનો પડ્યો હશે ઘરે. ધૂળેય નથી ત્યાં. આહા..હા..! રાડ પાડે. પરમ દિ' એના માટે ગયા હતા. પરમ દિ' આમ ગયા હતા અડધો કલાક, કલાક. કાલે અડધો કલાક સવારે. બપોરે અત્યારે ગયા ત્રણ વાગે ત્યારે 'ઓ..મા.. ઓ..મા.. સહન થાતું નથી.' અંદરમાં કેન્સર. આ દશા. ભગવાનસ્વરૂપ પ્રભુ એને આ આપદાની દશા, એ આપદાનો નાશ કરનાર વીતરાગી પર્યાય છે અને એ વીતરાગી પર્યાયનો આધાર અને આલંબન આત્મા છે એટલે આત્માનો સ્વભાવ છે. આહા..હા..! અરે! એને ક્યાં જવું છે? અને ક્યાં જોવે છે? જોવું છે એને અંતરમાં, એને ઠેકાણે એ જોવે છે બહાર. છેતરાઈ રહ્યો છે એ અનાદિથી. સમજાણું કાંઈ?

અરેરે! જન્મ-જરા-મરણના ચોર્યાસીના આપદાની ઘાણીમાં એ પિલાઈ રહ્યો છે. સમજાણું કાંઈ? આ કરોડપતિ, અબજોપતિ, રાજા શેઠિયાઓ એ બધા દુઃખના દાવાનળમાં સળગી રહ્યા છે. કેમકે એ બધો અશુભભાવ જે છે—રળવું, કમાવું, ભોગવાસના એ મોટી અગ્નિ ભઠ્ઠી છે કષાયની. એમાંથી કદાચિત્ મંદ રાગ કરે દયા, દાન, ભક્તિ, પૂજા એ પણ અગ્નિની ભઠ્ઠી છે. ભગવાન, એ કષાય અગ્નિને ઓલવવા માટે અકષાય વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ ઓલવવાને સમર્થ છે, પણ એ ભાવનું આલંબન આત્મસ્વરૂપ છે. જેની ખાણમાં અનંત આનંદ પડ્યો છે, અરે! એને ક્યાં બેસે છે? જેના સ્વભાવમાં અનંત-અનંત જ્ઞાન અને શાંતિ છે. જેના એક શાંતિના અંશ આગળ જેની પ્રતીત થઈ કે આ આત્મા અખંડાનંદ પ્રભુ છે, એવી પોતાને અનુભવમાં પ્રતીત થાય એના અતીન્દ્રિય આનંદનો અંશનો સ્વાદ આવે એની આગળ ધર્મી જીવને ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા અને સડેલા કૂતરા ને મીંદડાની ગંધ આવે એવી એને ગંધ લાગે. એય..! રતિભાઈ!

આ દુનિયા તો કહે છેને ગાંડી (કે) પૈસા કાંઈક પાંચ-પચ્ચીસ લાખ હોય તો સુખી છે. ભગવાન તો કહે છે, ભગવાન! તને ખબર નથી. કષાય અગ્નિથી તું સળગી રહ્યો છો. આહા..હા..! રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ બેય કષાય અગ્નિ છે. એ કષાય અગ્નિથી દાવાનળની પેઠે બળી રહ્યો છે. ખબર નથી, ખબર નથી કે આ મને દુઃખ છે કે હું સુખી છું? ખબર નથી. સનેપાતિયો વાત અને પિત્ત અને કફ જ્યારે વકરે ત્યારે એ દાંત કાઢે ને જાણે હસે. શું એ સુખી છે? એ હસે છે એ સુખમાં હસે છે? દુઃખની પરાકાષ્ઠા વધી ગઈ છે એમાં એને ભાન નથી એમાં એ હસે છે. રતિભાઈ! આહા..હા..!

એમ આત્મા બહારની કોઈ અનુકૂળતા, પાંચ-પચ્ચીસ લાખ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ,

આ માંસ હાડકા રૂપાળા કાંઈક (મળે), ભગવાન! એ તો બધા હજીરા જડના છે એમાં જેને ઉત્સાહ અને હરખ આવે છે એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યારાગ એનો સનેપાત છે એને. એને લઈને મને ઠીક છે એમ મૂઢ અજ્ઞાની પોતાના સ્વરૂપમાં અજાણ (સુખી માને છે). પોતાની શાંતિ અને આનંદનો કંદ પ્રભુ છે. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન એની વાણીમાં ઈચ્છા વિના વાણી ચાલી એમાં આ આવ્યું. એ મુનિ કહે છે. ભગવાન! તારો આનંદસ્વભાવ ત્રિકાળ અતીન્દ્રિય એ આનંદ સ્વભાવ, જેને વર્તમાન આનંદની દશા ધર્મરૂપ એવા ભાવને ત્રિકાળી આનંદસ્વભાવ એ અવલંબન અને આધાર છે. આહા..હા..! એ વિના ધર્મ ક્યાંય થાતો નથી. આહા..હા..! ભારે આકરું કામ.

એ **'આત્મસ્વરૂપ જેનું આલંબન છે એવા ભાવથી...'** એ ધર્મભાવ કહ્યો. **'જે સર્વભાવનો પરિહાર કરી શકે છે.'** એટલે? કે ત્રિકાળી ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ, જે ભાવને એનું આલંબન મળે એની એને આવશ્યકતા મળે, મોક્ષનો જેનો ભાવ છે એને ધર્મધ્યાનની આવશ્યકતા છે, એની એને જરૂરિયાત છે. એ ધર્મધ્યાનને આવશ્યકતા કોની છે? સમજાણું કાંઈ? આહા..હા..! આત્માની પૂર્ણ આનંદદશા એવી જે મુક્તદશા સિદ્ધ ભગવાન સિદ્ધપર્યાય એને જરૂરિયાત એને મોક્ષના માર્ગની છે. મોક્ષને મોક્ષના માર્ગની જરૂરિયાત છે અને મોક્ષના માર્ગને ત્રિકાળી સ્વભાવ ભગવાન આત્મા એની એને જરૂરિયાત છે, એની એને આવશ્યકતા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અરે! નિજઘરમાં શું છે? કહ્યું હતું સવારમાં, નહિ? ૨૨૭. કહ્યું હતું કે નહિ ત્યાં તમારા ઘરે. ૨૨૭ છેને. ૨૨૭ કળશ-કળશ. ત્યાં બહેનને સંભળાવ્યું હતું. બિચારા ઘેરાઈ ગયા છે. પોકાર-પોકાર કરે. ધણી અને ધણિયાણી બે. આ હવે મરવાની તૈયારી. ડૉક્ટરોએ હાથ ઊંચા કર્યા. બંગલા મોટા અઢી-અઢી લાખના બે. એક દોઢ લાખનો રહેવાનો. ધૂળેય નથી બાપા! એ તો જડની ચીજ છે, ભાઈ! અને એને રાખવાનો ભાવ એ પાપ, એને ખર્ચવાનો ભાવ એ પુણ્યની અગ્નિ છે. આહા..હા..! ગજબ વાત છે. એ.. રતિભાઈ! કોઈ તને શરણ નથી, બાપુ! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ શરણ તો પ્રભુ અંદર સત્ શાશ્વત જેનું સત્ત્વ આનંદ અને જ્ઞાન જેનું સત્ત્વ, જેનું સ્વરૂપ, જેનો સ્વભાવ એવા ધર્મના ભાવને એની આવશ્યકતા છે. એ અહીં કહ્યું. જુઓ એમાં આવ્યું છેને ૨૨૭ જુઓ,

**'આ અવિચલિત-મહાશુદ્ધ-રત્નત્રયવાળા, મુક્તિના હેતુથી, નિરુપમ-સહજ-જ્ઞાનદર્શનચારિત્ર, નિત્ય આત્મામાં આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને,... '** ભગવાન! તારું ઘર તો અંદર છેને નાથ! આહા..હા..! કહે છે **'આ આત્મા ચૈતન્યચમત્કારની ભક્તિ વડે...'** ભગવાન આત્મા એને કહીએ કે જેમાં ચૈતન્ય અને આનંદ ચમત્કાર સ્વભાવ અનંત પડ્યો છે. એવા આત્મા ચૈતન્યસ્વરૂપ આવ્યું. ચૈતન્યચમત્કાર એનું સ્વરૂપ. અહીં જે

સ્વરૂપ કીધું ઈ, એની ભક્તિ. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર કહે છે, મારી ભક્તિ પણ શુભભાવ છે. આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકર જેને સો ઈન્દ્ર પૂજે, જેને અર્ધલોકના ઈન્દ્રો, દક્ષિણનો શક્રેન્દ્ર અને ઉત્તરનો ઈશાન ઈન્દ્ર, ૩૨ લાખ વિમાન જેને ઘરે. એક-એક વિમાનમાં કેટલાકમાં અસંખ્ય દેવ એના લાડા, કૂતરાના ગલુડિયાની જેમ ભગવાન પાસે (સાંભળવા બેસે છે). પ્રભુ! શરણભૂત અમને આત્મા શું છે સમજાવો. આહા..હા..! એ અસંખ્ય દેવના સ્વામી એની ઋદ્ધિ એને તુચ્છ દેખાય છે અને આત્માની ઋદ્ધિ શું છે એ સમજેલા છે શક્રેન્દ્ર.

પહેલા દેવલોકનો ઈન્દ્ર છે સુધર્મ અને એની રાણી શચી છે ઈન્દ્રાણી. બેય એકભવતારી છે. ત્યાંથી છેલ્લો મનુષ્યનો દેહ કરીને મુક્તિએ જવાના છે. ત્રણ જ્ઞાનના ધણી છે, પણ એને (અંદર એમ છે), પ્રભુ! આ અમારું નહિ. અમારી ચીજ અમારી પાસે (છે). એની પૂર્ણતાની પ્રાપ્તિનો પોકાર એને હોય છે. સમજાણું કાંઈ? આ નહિ હોં, આ નહિ. અરે! અમે જ્યાં છીએ ત્યાં આ નહિ અને આ છે ત્યાં અમે નહિ. અરે! પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે, ભગવાન! એ આસ્રવતત્ત્વમાં અમે નહિ અને અમારામાં આસ્રવભાવ નહિ. અમે તો પ્રભુ ચૈતન્યચમત્કારી પ્રભુ આત્મા એની જે ભક્તિ કરે એટલે એનું આલંબન લઈને સ્થિર થાય એ નિરતિશય ઘર, નિરતિશય ઘર-વિશેષ શોભિત નિજઘર ભગવાન આત્મા કે '**જેમાંથી વિપદાઓ દૂર થઈ છે...**' આહા..હા..! અરે! નિજઘર ભગવાન આત્મા પૂર્ણાનંદનો સનાથ પ્રભુ, જેમાં ચાર ગતિ સ્વર્ગ એ પણ દુઃખ જ છે, ભાઈ! એ આકુળતા છે, એ વિપદા છે, એ વિપદાનો અભાવ જેમાં છે અને આનંદનું શોભિત છે. આ એ ઘર. આ ઘરને શોભાવે છેને આ ધોળ દઈને ધૂળ દઈને. ધોળ કહો કે ધૂળ કહો બધું એક જ છે.

આ નિજઘર. અરે! જ્યાં ઘર પડ્યું છે ત્યાં નજર કરી નથી અને જ્યાં ઘર નથી ત્યાં નજરું કરીને રોકાઈ ગયો, ભાઈ! ચોર્યાસીના અવતારમાં એ દુઃખી થયો. એના દુઃખ એણે જાણ્યા અને વેદ્યા (અને) ભગવાન જાણે. પણ એને જ્યાં મનુષ્યપણું કાંઈક આવે અને કાંઈક શરીર ને બાયડી, છોકરા અને ધૂળ સરખાય દેખાય. થઈ રહ્યું. ગરી ગયો એમાં. આહા..હા..! નાની લાંબી ઈયળો હોય પાતળી ઝીણી ઈયળું થાય છેને. એના ઉપર મણિકુ પડે એક બાજુના ભાગમાં, તરફડિયા મારે બહાર નીકળવા નીકળી ન શકે. આ તો બધું નજરે જોયેલું છેને. નાની ઈયળું થાય છેને પાતળી લાલ. બહુ લાંબી હોય છે. ઉપરથી પથરો-બથરો પડ્યો હોય એના ઉપર મણ, બે મણનો કે ચાર તોલનો. હોય બાર તોલની લાંબી. હવે એમાંથી નીકળવું એને. આ તો બધા જોયેલા અમે નજરે જોયેલા. અમારે તો બહાર ... એમ આ અનાદિનો ભગવાન નિત્યાનંદ પ્રભુ એ રાગ-દ્વેષની શીલામાં પકડાઈ ગયો છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓમાં પકડાઈ ગયો છે ઈ. એમાંથી સળવળીને નીકળવું એને ગોઠતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'નિરતિશય ઘર...' વિશેષ શોભિત ઘર પ્રભુ તારું છે, હોં! એ આનંદના જ્યાં ઘર એ અતીન્દ્રિય આનંદના લીપણ પડ્યા છે અંદર. આહા..હા..! એવા ઘરને કે જે ઘરમાં અંદરમાં વિપદાનો અભાવ છે અને આનંદનું શોભિતું તત્ત્વ છે. આહા..હા..! એવા ભાવનો જેણે અનંતકાળમાં એક સેકન્ડ પણ જેણે વિશ્વાસ કર્યો નથી. કરવા જેવું આ એ કર્યું નહિ. સમજાણું કાંઈ? અહીં કહે છે એવું જે આત્મસ્વરૂપ જે ભાવને આવશ્યકપણે આલંબન મળે, જરૂરિયાત એની છે. એ ભાવ સર્વ ભાવનો પરિહાર કરી શકે છે. એટલે? કે પુણ્ય-પાપના વિકલ્પને ઉત્પન્ન થવા ન દે જો આત્માનો આશ્રય લે તો. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણું પણ હોં! અજાણ્યા માણસને તો આ બધું ગ્રીક લેટિન જેવું લાગે. ભગવાન! તારા ઘરની વાત છે, હોં! તેં કોઈ દિ' સાંભળી ન હોય, જોઈ ન હોય. ભગવાન ત્રણલોકના નાથ અનાદિથી આમ કહી રહ્યા છે. સમજાણું કાંઈ? ભાઈ! તારા સ્વરૂપની શું વાત કરવી?

શ્રીમદ્દે કહ્યું નહિ? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો. તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' પણ આ વાત એવી લાગે એને હોં કે આ તો બધી બહુ ઉંચી અને એલ.એલ.બી.ની વાતું છે. ભગવાન! એલ.એલ.બીની નથી, તારા હિતની એકડાની વાત છે, ભાઈ! આહા..હા..! એ દુઃખના પ્રસંગો આવે, એ રોતા નહિ છૂટે, ભાઈ! સમજાય છે કાંઈ? એ બાઈને દેખીને લોકો ... ડૉક્ટર પહેલાં આવ્યા હતા. ઓલા ચીમનભાઈ ડૉક્ટર છેને. ઓલા છેને વઢવાણવાળા નહિ? જજના ભાઈ. વજુભાઈ જજ છેને અમદાવાદમાં, એના ભાઈ આવ્યા હતા. બાંધ્યા કર્મ ભોગવો એમ કહે. એ પીડા ભોગવે છે શરીરની? આ તો જડ છે. એનો રોગ એ જડ છે. ભગવાન અરૂપી ચૈતન્ય એ જડને સ્પર્શતો પણ નથી. ફક્ત એની માન્યતામાં અહીં કાંઈક ફેરફાર થાય તો 'મને થઈ ગયું' એવી જે વિપરીત માન્યતા અને રાગ-દ્વેષનો ભાવ એને એ આકુળતાને વેદે છે. એણે નથી જડને કોઈ દિ' વેદ્યું, નથી કોઈ દિ' જડનો ભોગ લીધો એણે. નથી કોઈ દિ' એણે આત્મા સિવાય જડનું કાંઈ કર્યું. કર્યું હોય તો એ પુણ્ય અને પાપના અજ્ઞાનભાવે ભાવ, ભોગવ્યું હોય તો એ રાગ અને દ્વેષનો વિકારી દુઃખરૂપભાવ. અહીં કહે છે કે એ દુઃખરૂપભાવને ટાળવો હોય તો, પરભાવનો પરિહાર કરવો હોય તો એમ. છેને?

એ '**ધ્યાન તે સર્વસ્વ છે.**' આહા..હા..! દૃષ્ટિમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને ધ્યેય બનાવીને એનું લક્ષ કરીને જે ધ્યાન થાય એ ધ્યાન એટલે આ બધા દુઃખની દશાને નાશ કરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? એ '**નિજ આત્મા જેનો આશ્રય છે.**' ટીકા. ભગવાન આશ્રય છે એ નહિ. ભગવાન તો પરવસ્તુ છે. સાક્ષાત્ સર્વજ્ઞ તીર્થંકર હો એ પણ પરવસ્તુ છે. એનું ધ્યાન તે રાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ ભગવાન પોતે ફરમાવે છે. મારા સામું જોઈને મને તું રાજી કરવા ભક્તિ કર, તો અહીં તો રાજી થાય એવું નથી.

એ તો વીતરાગ છે, પણ તને શુભરાગ થશે, પુણ્ય બંધાશે, અબંધસ્વરૂપ ભગવાન આત્માનો બંધ પડશે તને, ભાઈ! એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવરંગભાઈ! આહા..હા..! નિજ આત્મા જેનો આશ્રય છે. પોતાનું સ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્યાનંદ અવિનાશી ભાવ જેવો આત્મા અનાદિ-અનંત, આદિ અને અંત વિનાનું તત્ત્વ એવો એનો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પણ અનાદિ અનંત એનો ભાવ છે. એવો આત્મા જેનો આશ્રય. અહીં પાછો આત્મા લીધો જોયું! સ્વરૂપને અને આત્માને અભેદ કરી નાખ્યો છે. ... આત્મસ્વરૂપ લીધું છે. એ સ્વરૂપ તે જ આત્મા છે આનંદકંદ પ્રભુ. આહા..હા..! જેની નજરું નાખ્યે નિધાન પ્રાપ્ત થાય અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એવા સ્વાદનો આધાર તે આત્મા છે. સમજાણું કાંઈ? પણ એને કિંમત આત્માની (નહિ), આવો આત્મા વળી ક્યાં (હશે)? એક ફેરી કહેતા હતા અહીંયા આપણે ભગવાનજીભાઈ વકીલ હતાને. આવો આત્મા તમે કહો છો તો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? ૯૯માં. અરે! ભાઈ! જ્યાં છે ત્યાં છે, પણ તેં જોયું નહિ એટલે શું કરવું હવે? જોયા વિના આ ચીજ છે એ કેમ નજરે પડે? વસ્તુ તો એવી જ છે અંદર ભગવાન અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય અનંત જ્ઞાનનો ભંડાર છે. આહા..હા..!

અરે! **'જે નિજ આત્મા જેનો આધાર છે.'** જેનો આશ્રય છે, જેને આલંબન છે. **'એવું નિશ્ચય ધર્મધ્યાન જ.'** લ્યો આ ધર્મધ્યાન આ. સમજાણું કાંઈ? સાચો ધર્મ પોતાની વીતરાગી પર્યાય એનો ધ્યેય આત્મા. એવો આત્મા ધ્યેય બનાવીને શાસ્ત્રમાં એનો અર્થ એવો લીધો છે કે પોતાની નિર્મળ પર્યાયને ત્રિકાળીનો વિષય બનાવીને, ત્રિકાળી ચીજને ધ્યેય બનાવીને તેના ઉપર મીટ માંડીને. આહા..હા..! ભારે ભાઈ આ. સમજાણું કાંઈ? **'એવું નિશ્ચય ધર્મધ્યાન જ...'** 'ભઈ! અનેકાંત જોઈએને. આમ પણ થાય અને આમ પણ થાય?' ના, ભાઈ! એમ નથી. એ પોતાનો ભગવાન જેને દૃષ્ટિમાં, જ્ઞાનમાં એના માહાત્મ્ય આવ્યા અને એની અધિકતા ભાસી એની પાસે વર્તમાન નિર્મળપર્યાય ક્ષાયિકસમકિતની પણ અધિકતા જ્યાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્ષાયિકસમ્યગ્દર્શન થાય એ પણ એક સમયની દશા છે. એનો આધાર અને આશ્રય તો આત્મા છે. નવી વીતરાગી નિર્દોષ ધર્મની દશા થાય એનો આધાર કાંઈ ધર્મદશા પ્રગટી એ આધાર નથી. આહા..હા..! જુદી જાતનો આ સટ્ટો છે, રતિભાઈ! આહા..હા..! અરેરે! આ વસ્તુ આ છે, ભાઈ! અરે! જેના ઉત્સાહ કોઈ દિ' આવ્યા નહિ એને. મોટા પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના પગારદાર અને એમ જાણે આહા..હા..! અમે શું વધી ગયા. સમજાણું કાંઈ?

એક હમણાં આવ્યું હતું લખાણ .. એક ..નું શરીર .. સારું એમ દેખાણું. ડૉક્ટરને પૂછે કે શું છે ભાઈ આ? સોજા છે, ભાઈ! આહા..હા..! જાણે અમે વધ્યા ત્યાં ભારે થઈ, સમજાણું કાંઈ? છોડીનું સગપણ કરવા કોલેજની કન્યા હતી એના મા-બાપ સગપણ ગોતતા હતા. ત્યાં છોડી આવી. બાપા! આશીર્વાદ આપો અમે પરણી ચૂક્યા છીએ. ભારે કરી! છોકરો

એક કોલેજનો ભણેલો હુશિયાર એનું સગપણ સારે ઠેકાણે કર્યું. જ્યાં ઘરે આવે ત્યાં કહે એણે તોડ્યું. ભારે થઈ! સમજાણું કાંઈ? અને એક પ્રધાન હતો મોટો .. મને જ વોટ બધા મળશે. જ્યાં એની પેટી ખોલી ત્યાં મીંડા વોટના. ભારે થઈ! ભાઈ! એમ આ દુનિયામાં બધી આ ભારે થઈ એ આવી ભારે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! તેં ભારે કરી હોં. અરેરે! નિજઘરને ભૂલી અને નરક અને નિગોદના પંથે પડ્યો, ભારે કરી તેં, ભાઈ! આહા..હા..!

કહે છે, '**જેનો આશ્રય એવો નિશ્ચયધર્મધ્યાન સર્વ ભાવોનો અભાવ કરવા.**' એટલે? જે પર્યાય-દશામાં રાગ દયા, દાન આદિ હો, એ ભાવને પણ અભાવ કરવાને સમર્થ તો નિજ આત્માના આશ્રયનો ભાવ જ અભાવ કરવાને સમર્થ છે. કોઈ ક્રિયાકાંડ કે કોઈ પ્રવૃત્તિમાં એને અભાવ કરવાની તાકાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

બહેનને તો જાતિસ્મરણ હમણાં ઘણું નિર્મળ થઈ ગયું. બહુ થયું છે. બહેન નથી એટલે ચર્ચા કરીએ છીએ હોં. હમણાં બહુ જ નિર્મળ થયું છે. એના જ્ઞાનમાં નર્ક, સ્વર્ગ ભાસે છે બધું. પહેલાં જાતિસ્મરણ તો ૩૪ વર્ષથી થયું છે. ચાર ભવનું બહેનને, પણ અત્યારે એમને .. બહુ નિર્મળ થઈ ગયું છે ઘણું. આમ નરકને ભાળે છે અંદર. જ્ઞાનની એટલી નિર્મળતા કે નરક ભાળે, સ્વર્ગ ભાળે. ત્રિલોકનાથ તીર્થંકર સીમંધર ભગવાન ભળાય છે અંદરમાં આમ આ ભગવાન, આ સમવસરણ. નરકના દુઃખો દેખીને. આહા..હા..! 'આવા દુઃખો બિચારાને!' એમ થઈ જાય. ભગવાનને દેખીને એમ થઈ જાય 'અરર! ક્યાં અમે હતા? પ્રભુ! તારા વિરહ પડ્યા અમને અહીંયાં.' એનો ખેદ થઈ જાય છે. સમજાણું કાંઈ? ક્યાં અમે હતા, પ્રભુ! અમે ક્યાં આવ્યા? તારા અમને વિરહ પડ્યા. સમજાણું કાંઈ? આત્માને અંદરમાં શુદ્ધતા ભાસતા એને અશુદ્ધતાનો ત્રાસ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો જેને પંથડા મોક્ષના લેવા હોય, પંથ કહો કે માર્ગ કહો, એ માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ ચારિત્ર એટલે આ ક્રિયા કરવી અને લૂગડા ફેરવવા એ ચારિત્ર નહિ. ચારિત્ર તો આત્મા જે ભાવને ત્રિકાળી આનંદનો આશ્રય મળે એવી ભાવદશાને ચારિત્ર કહે છે. આમ પાળું અને આમ ન કરું, એ તો બધો વિકલ્પ અને રાગ છે.

અહીં એ કહે છે કે '**નિશ્ચયધર્મધ્યાન જ મહાવ્રત છે...**' આ ન પાળવું, આમ કરવું એ તો બધી વિકલ્પની જાત રાગની છે. સમજાણું કાંઈ? જુઓ, એ કહે છે. '**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ નિત્ય નિરાવરણ સહજ પરમપારિણામિક પ્રભુ...**' વસ્તુના ત્રિકાળી સત્‌નું સત્ત્વ, સત્ એવો આત્મા તેનું સત્ત્વ. સત્ત્વ એટલે ભાવ. એની ભાવના. છેને? ભાવના એટલે અંદરમાં એકાગ્રતા. જેવો અનાદિથી પુણ્ય અને પાપના ભાવમાં એકાગ્ર છે એ સંસારના પંથ નરક અને નિગોદના છે. આહા..હા..! એનાથી ભગવાન આત્મામાં જેની એકાગ્રતા, ભાવના એટલે એકાગ્રતા. ભાવના એટલે વિકલ્પ ને ચિંતવન એમ નહિ. પોતાનો

નિજ ભગવાન આત્મા એ ભાવ. એની એકાગ્રતા તે ભાવના. આહા..હા..!

એ '**ઉદય, ઔપશમિક, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર ભાવાંતરો,...**' ભાવાંતરો. એટલે શું કહ્યું? કે વસ્તુ જે ભગવાન આત્મા એ તો પરમસ્વભાવભાવની મૂર્તિ છે. એ ભાવની અપેક્ષાએ વર્તમાન દયા, દાન, વ્રતના વિકલ્પો એ પણ અનેરો ભાવ છે. આ ભાવથી અનેરો ભાવ છે. અરે! ઉપશમ, ક્ષાયિકસમકિત આદિ પડે એ પણ આ ભાવથી અનેરો ભાવાંતર- આ ભાવથી અનેરો ભાવ છે. આહા..હા..! શરીર, વાણી, આનું તો ધૂળનું તો શું કહેવું? આ તો માટી જગતની છે. એને કારણે આવ્યા અને એને કારણે રહે છે અને એને કારણે ટળી જશે. આત્માનો એમાં કાંઈ અધિકાર છે નહિ. આહા..હા..! પણ અહીં તો કહે છે એ ભાવાંતરો. આ તો અનેરી ચીજ છે જ, પણ અંદર પુણ્ય-પાપના ભાવ પણ ત્રિકાળી સ્વભાવથી અનેરો ભાવ છે. આહા..હા..! અરે! ત્રિકાળી સ્વભાવનો આશ્રય લઈને જેને ધર્મધ્યાન નિર્મળ નિશ્ચય પ્રગટ્યું એ પણ ત્રિકાળી ભાવની અપેક્ષાએ અનેરો ભાવ છે. નવરંગભાઈ! આહા..હા..! અનેરી નાતનો, જાતનો ભાવ છે એ. ભારે વાત, ભાઈ! આહા..હા..! બાપુ! જન્મ-મરણ મૂકાવાના રસ્તા અલૌકિક છે.

**શ્રોતા :-** શુભભાવ કઈ જાતનો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનેરી અનેરી જાતનો ભાવ છે. કેવળજ્ઞાન પણ આ ભાવથી અનેરી જાતનો ભાવ છે. કેમકે એક સમયની પર્યાય છે. આહા..હા..! અને આ તો ત્રિકાળી કંદ પ્રભુ છે, આનંદનો નાથ કંદ સચ્ચિદાનંદ પ્રભુ, એના ત્રિકાળની અપેક્ષાએ એના એક સમયનો નિર્મળ પર્યાય અન્ય દ્રવ્ય છે. અન્યભાવ અહીંયાં કીધો, બીજે અન્ય દ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? આહા..હા..!

એને ભેદજ્ઞાન ક્યાં સુધી કરવાનું છે? કે શરીર, વાણી, મન અને કર્મ તો મારામાં નહિ, પુણ્ય-પાપના વિકલ્પ મારામાં નહિ, પણ એક સમયની પ્રગટ અવસ્થા પણ મારામાં નહિ. આમ ભેદ પાડવો છે અહીં સુધી જવા. એ હજી નીચે અટકીને બેસે (કે) અમારે ધર્મ થઈ ગયો. બાપુ! એ મારગડા જુદાં છે, ભાઈ! જેના ફળ સાદિઅનંત અનંત સુખ, એના કારણ પણ કોઈ અલૌકિક છે. અને એ કારણનો આધાર અલૌકિક ભગવાન આત્મા છે. આહા..હા..! કહે છે '**ભાવાતંરોનો પરિહાર કરવાને અતિઆસન્નભવ્ય જીવ,...**' અતિઆસન્ન ભવ્ય જીવ. અરે! જેને સંસાર કિનારા અંત આવ્યા છે. મોક્ષના પાટણે પગ મૂકવા જેની તૈયારી થઈ ગઈ છે. સમજાણું કાંઈ? દુનિયા કેમ કહેશે? કેમ માનશે? એ દુનિયા દુનિયાને ઘરે રહી. એ તારા વેદનમાં દુનિયા કાંઈ મદદ કરે એવું નથી. રતિભાઈ! કાલે જોઈને આવ્યા હતા. આમ જુઓ તો આહા..! મોટા ધુરંધર અને એ રાડ પાડે. ઓ..મા... ઓ..મા.. મોટી કાકી કહેવાય ગામમાં. આ કાકો કહેવાય. નવરા ખરાને.. રાડે રાડ પાડે. આહા..હા..! બાપુ! કોને સંભળાવે છે, ભાઈ? પોકાર તારો આત્મામાં જાવો જોઈએ. અરે! નાથ! તું આવો પડ્યો

અને મારે આ દુઃખમાં રહેવું! સમજાય છે કાંઈ? એ દુઃખને સ્પર્શ્યો પણ નથી ભગવાન આત્મા. આહા..હા..! પહેલાં આવી ગયું છે નહિ? આવ્યા તે દિ'. ભવનો જેને પરિચય નથી. આહા..હા..! ભાઈ! શાંતિથી આ તો વાત છે પરમસત્ય પરમસત્ય. સર્વજ્ઞના પેટનું પરમસત્ય આ છે. ખુલ્લુ પડી ગયું.

ભાઈ! તું કોણ છો? ભાઈ! તું તો ભવના પરિચય વિનાનો છો. આહા..હા..! ભવનો પરિચય તો રાગ-દ્વેષ અને અણાત્માની સાથે છે. આત્માને ભવનો પરિચય નથી. આહા..હા..! ગજબ વાત છેને. એય..! રતિભાઈ! આવ્યું હતું પહેલાં. નહિ? .. આવ્યા .. રાજકોટમાં. ત્યાં ચાલ્યું હતું. '**ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.**' ૨૦૯ કળશ, ૨૫૬ પાનું. એય..! રતિભાઈ! ગજબ છેને. ત્રણલોકના નાથ જેને સો-સો ઇન્દ્રો જેના ગલુડિયાની જેમ તળિયા ચાટે છે. એ ભગવાનના મુખમાં આવ્યું છે, ભાઈ! તારું સ્વરૂપ એવું ત્રિકાળી છે. એ ત્રિકાળી દ્રવ્ય વસ્તુને તો ભવનો પરિચય, ભવની ખબર નથી, કહે છે. આહા..હા..! રતિભાઈ! આહા..હા..! ભગવાન! તું પૂર્ણાનંદનો નાથ અનાદિઅનંત અવિનાશી તત્ત્વ (છો). એવા અવિનાશી તત્ત્વને ચોર્યાસીના અવતારનો પરિચય નથીને, અડ્યો નથીને. આહા..હા..! જે કાંઈ ભવના ભાવને લઈને ભવમાં છે એ તો અનાત્મા છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દુઃખનું વેદન કર્યું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, દુઃખને અડ્યો જ નથીને. એ અડ્યો છે એ અનાત્મા દુઃખને વેદે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**ચોક્કસ ભવનો પરિચય બિલકુલ નથી.**' આહા..હા..! ૨૦૯. છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! તું બાદશાહ ત્રણલોકનો નાથ છો અંદર. આહા..હા..! કેમ બેસે? બીડી વિના ચાલે નહિ. એક અડદની દાળ સદડી સરખી ન થઈ હોય, ઢીંચણિયું ઉડે એને કહે આવો આત્મા! અરે! આંખ આમ થઈ જાય. માગો ત્યારે ધાન આપીએ છીએ અને આ ધાનનું ધૂળ કરીને આવું કરો? અરે! બાપા! તું તો ત્રણલોકનો નાથ છો, ભાઈ! એ વિકલ્પ પણ તને શોભતો નથી, પ્રભુ! એ કલંક છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સચ્ચિદાનંદ પ્રભુ એને પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠાવવા એ કલંક છે કહે છે. એનો પરિચય વસ્તુને નથી. એ તો પર્યાયમાં રાગની બુદ્ધિ એકત્વની (કરે છે) એ તો અનાત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત, ભાઈ! ભગવાન! આ તો ભગવાન થવાની વાત છે. ભવભ્રમણ ભૂલીને ભગવાન થવું એની વાત છે આ. બાકી તો રખડ્યા કરીને મરી ગયો એમાં ચોર્યાસીના અવતારમાં. આહા..હા..!

કહે છે, આવ્યુંને? અરે! '**અતિ આસન્નભવ્ય જીવ સમર્થ છે.**' એમ કહેતા શું કહે છે? જેનો ભવ્યભાવ પરિપાક થઈ ગયો છે. આહા..હા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદધામ અનાદિ-અનંત છે... છે... છે.. છે... છે... છે... છે... છે... છે... એને દ્રવ્યનો હયાતીવાળો ભાવ કહીએ. એક સમયની પર્યાય એ પણ કાંઈ દ્રવ્યનો હયાતીવાળો ભાવ

નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવો અતિ આસન્નભવ્ય. આહા..હા..! એ જીવ ભગવાન આત્માનો આશ્રય લઈ અને આ ચાર ભાવનો આશ્રય છોડે છે. આશ્રય છોડે છે એનો અર્થ એ છે. ભારે વાતું ભાઈ આવી. માણસને મોંઘી પડે છે. અરે! ભગવાન! તારી પાસે મોંઘી હોય? આહા..હા..! તારા કેવળજ્ઞાનની એક પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ, તને મોંઘી કેમ પડે? સમજાણું કાંઈ? પણ એને કિંમતું ચૈતન્ય હીરાની ન મળે. એ હીરાની કિંમત કરે તો કહે આહા..હા..! હીરાની ખાણ લીધી ફલાણે, અબજ રૂપિયા થયા. લ્યો! ફલાણાએ આમ કર્યું. એય..! મોરબી ગયા હતાને? મોરબીના નહિ ઓલા? મોરબીના છોને તમે? ... ઝવેરી. ત્યાં રહે છેને, જયપુર એના છોકરા. આપણે અહીંના છે. જાણીતા, ઓળખીતા છે. એ કોકને પૂછયું કે કેટલા રૂપિયા એની પાસે? બે અબજ. એક અબજ તો હશે. ૭૦-૮૦ કરોડની ઊપજ છે. આ જયપુર ગયા હતાને હમણા. .. મહારાજ! પધારો. દીકરો છે. એ તો સ્થાનકવાસી. એને એમ છે કે મહારાજના પગલા થાય તો દીકરો સારો રહે, પૈસા અને બધી... આહા..હા..! અહીં તો ધર્મની વાત છે, બાપા! પણ સૌને ઊંડી મીઠાશ છે અંદર. પહેલેથી છેને. સંપ્રદાયમાંથી છે. વજુભાઈ! ગયા હતા એકવાર. ગોદિકાને બોલાવ્યા હતા. એને ૧૮ વર્ષે છોકરો આવ્યો હતો. ત્યાં દસ મિનિટ બેઠા હતા. એક હજાર રૂપિયા મૂક્યા. કાંઈક સંભળાવો. અહીં વખત ન મળે. છોકરાને પૂછ્યું પૈસા કેટલા એની પાસે? બે લાખ. બે લાખ નહિ બે અબજ. ૩૫ લાખનું તો એણે ઓલું બનાવ્યું હતું વહુનું, હોસ્પિટલ. જ્યાં ઉતર્યા હતાને સામે દેખાતી હતી. ૩૫ લાખ રૂપિયા ખર્ચ્યા છે તો પૈસા કેટલા હશે? લોકો તો સાંભળીને બે અબજ ઓહો..હો..! શું છે ઓહો..! પોક મૂકવાની છે ઓહો..હો..! તારામાં અખૂટ ખજાના પડ્યા છે. આહા..હા..! ખૂટે નહિ એટલો ખજાનો તારામાં છે. એ ખૂટેલ થઈને તું કોકને માને અને આને ન માન. સમજાણું કાંઈ? રતિભાઈ! અહીં તો આ છે, ભાઈ! સાચું હશે?

અરે! અખૂટ ખજાના તારી પાસે પડ્યા, પ્રભુ! અને તું ખુટેલ થઈને ખજાનાને ઓળખ નહિ, ખજાનાની કિંમત નહિ અને પુણ્ય અને પાપના વિકલ્પ આવ્યા એની તને કિંમત અને કાં એના ઢગલા દેખાય આમ બહાર ધૂળના. પાંચ-પચ્ચીસ લાખ થયા. હું પહોળો અને શેરી સાંકડી. મરી ગયો અનાદિથી. સાંભળને. જીવને મારી નાખ્યો તેં. તારી જાતને મારી નાખી. આહા..હા..! જેને આવો આત્મા અંદર માન્યતામાં નથી એને તો પરમાત્મા કહે છે કે એ ચાલતા મડદા છે. અષ્ટપાહુડમાં કહે છે, ચાલતા શબ. ઓલાને ઠાઠડીમાં લઈને ઉપાડી જાય. આ ચાલીને (જાય), મડદું છે. ભગવાન ત્રણલોકનો નાથ ચિદાનંદ પ્રભુ જેની વાણીમાં તારું સ્વરૂપ પૂર્ણ આવ્યું નહિ વીતરાગની વાણીમાં એની તને કિંમત નહિ અને આ જગતની કિંમત ધૂળની. અને કાં બહુ પુણ્યના ભાવ કરે ત્યાં એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે શું કર્યું જાણે! સમજાણું કાંઈ? અરે! ખૂટેલ! અખૂટ ખજાનાને ભૂલીને અહીં ગયો

તું. પણ તારો ભાવ એવો છે કે જે કોઈ દિ' ખૂટે નહિ એટલી અંદર શક્તિ પડી છે. એવી જેણે પ્રતીત અને અનુભવ કર્યો એ અનુભવનો આધાર ભગવાન ત્રિકાળી છે. એને આધારે બધા ભાવને છોડી શકે છે. આહા..હા..!

તેથી '**તે જીવને પાપાટવી...**' પાપ અટવીરૂપી આ પાપ એટલે? પુણ્ય અને પાપ બેય પાપાટવી છે. '**પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ કહ્યો.**' આહા..હા..! '**આમ હોવાથી પાંચ મહાવ્રત...**' એ આ મહાવ્રત આ આત્માના આનંદસ્વરૂપમાં લીનતાની આનંદદશા પ્રગટે એને મહાવ્રત કહીએ. સમજાણું કાંઈ? આ બધા લૂગડા ફેરવીને કહે, અમે દયા પાળીએ અને વ્રત પાળીએ છીએ. ધૂળેય નથી. વ્રત કર્યા અજ્ઞાન છે બધું. બાળવ્રત અને બાળતપ છે. રતિભાઈ! અરે! ભારે! આ મહાવ્રત છે. આત્મા આનંદનો ધામ પ્રભુ એમાં સ્થિર થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ દશા મહાવ્રત છે, એને મહાવ્રત કહેવામાં આવે છે, એને સમિતિ કહેવામાં આવે છે. છેને? પાંચ સમિતિ. જોઈને ચાલવું આદિ. બહારની વાત નથી. આ તો જોઈને અંદરમાં રહેવું એ સમિતિ છે. આહા..હા..! એને પંચમહાવ્રત કહીએ કે જે આત્માનો આશ્રય લઈને જે દશા પ્રગટી એને. એને સમિતિ કહીએ, એને ગુપ્તિ કહીએ, એને પચ્ચખાણ કહીએ, એને પ્રાયશ્ચિત કહીએ, એને આલોચના વગેરે બધું ધ્યાન જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ તો એક વિસામાનું વાક્ય છે. વિસામાનું વાક્ય હોયને તમારે એક એક બોલમાં. એમ સમજાય એ વિસામો છે, બાકી ન સમજાય તો ધૂળધાણી છે ચારગતિની. બિહારીલાલજી! આહા..હા..!


કહે છે, એ આત્મા પરમસ્વરૂપ ભગવાન. અરે! એ પણ શું ચીજ છે ઈ, સત્સમાગમે કોઈ દિ' સાંભળ્યું ન હોય, વિચાર્યું ન હોય. બહારના માહાત્મ્યમાં ખૂચી ગયો અનાદિથી. કહે છે એવું જેટલા ભગવાને ધર્મધ્યાનના પ્રકારો વર્ણવ્યા એ બધા આત્માના આનંદમાં એકાગ્રતાની દશા છે એને વર્ણવ્યા છે. બાહ્યની ક્રિયાકાંડને ભગવાને મહાવ્રત કહ્યા એ તો ઉપચારથી આરોપથી ખોટી દૃષ્ટિએ કહ્યા છે. વ્યવહાર કહો કે અસત્ય કહો. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે અરે! નીચે ઘણો ખુલાસો છે. 'માત્ર પારિણામિકભાવનું શુદ્ધાત્મતત્ત્વનું આલંબન લેવું.' નીચે છે. 'તેને આલંબનારો ભાવ મહાવ્રત સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત વગેરે .. છે.' આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય બધું એક જ ચીજ છે. ભગવાન આત્મસ્વરૂપ પ્રત્યે સન્મુખતા અંદરમાં, વિકલ્પ અને પર્યાયથી વિમુખ થઈને દ્રવ્યસન્મુખ આત્મસ્વરૂપ પ્રત્યે વલણ. લ્યો, આ વલણ આવ્યું તમારે. આવે છેને વલણ ચૂકવે છેને સટ્ટામાં? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ ધ્રુવ એના પ્રત્યેનું વલણ, અંતર વલણ એ ધર્મધ્યાન અને મોક્ષનો માર્ગ છે. અમૃતલાલભાઈ! આ તો બધી જુદી જાત છે. આહા..હા..!


'આત્મસ્વરૂપનો આશ્રય, આત્મ પ્રત્યે જોક' પૂર્ણાનંદના નાથ પ્રત્યે જોક અંદરમાં જુકી

જવું. પુણ્ય-પાપના ભાવથી ખસી જવું. એ બધા એક ભાવ છે એમ કહેવું છે. '**આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના...**' એ ભાવના કહો કે ધર્મધ્યાન કહો બધું એક છે. મહાવ્રત પણ આ હોં. લોકો માને એ નહિ. આહા..હા..! '**હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્ય સામાન્ય છું.**' 'ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ અવિનાશી હું છું' એવો જે ભાવ એ બધું મહાવ્રત અને ધર્મધ્યાન બધું એમાં જાય છે. '**એવી પરિણતિ તે બધાનો એક અર્થ છે.**' લ્યો! આહા..હા..! આ બાર અંગનો સાર. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાનની વાણીમાં આ આવ્યું છે. એને અર્થ કરતા આવડે નહિ, અર્થ પ્રગટ કરતા આવડે નહિ. શાસ્ત્રના અર્થ કરતા આવડે નહિ અને અર્થ આત્માને પ્રગટ કરતા આવડે નહિ. સમજાણું કાંઈ? પોતાની કલ્પનાએ નવમી ગ્રૈવેયક અનંતવાર 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,' નવમી ગ્રૈવેયક ગયો ત્યારે પંચમહાવ્રતના વિકલ્પ જે પાળ્યા એ બધું દુઃખ હતું. કેમકે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આ આત્મા આનંદનું વેદન એના આનંદના વેદન વિના આવી ક્રિયાકાંડમાં જરીએ સુખ નથી. પંચમહાવ્રતની બહારની ક્રિયાઓ બધી દુઃખરૂપ છે. આહા..હા..! ગજબ વાત છે! આહા..હા..! સમજાણું કાંઈ?


ભગવાન આનંદનો નાથ પ્રભુ, એની અંતરની એકાગ્રતા થઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એ સર્વસ્વ ધર્મધ્યાન છે. એ આવ્યા વિના એકલા પાંચ મહાવ્રતની ક્રિયાઓ આદિ (પાળે એ) એકલું દુઃખરૂપ, રાગની અગ્નિ સળગે છે ત્યાં, કહે છે. સમજાણું કાંઈ? એટલે આત્મામાં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય અવિનાશી સ્વભાવની ધ્યાનદશા, એકાગ્રદશા એમાં સારો વીતરાગમાર્ગનો માર્ગ એમાં સમાઈ જાય છે. વિકલ્પમાં અને નિમિત્તમાં વીતરાગનો માર્ગ છે નહિ.


(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


દૃષ્ટિનાં નિધાન


पाहुड-दोहा


મહાવીર પુરાણ


બોધિ-સમાધિ-નિધાન


ભાગવત શાસ્ત્ર


પાંડવ પુરાણ
જૈન મહાભારત


મહાપુરાણ ભાગ-૧